

# ધર્મકથાનુયોગ

[ ગુજરાતી અનુવાદ ]


સંકલન કર્તા~

અનુયોગ પ્રવર્તક

મુનિશ્રી કન્હૈયાલાલજી 'કમલ'

પંડિત દલસુખભાઈ માલવણિયા



પ્રકાશક~

આગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ अर्हं

श्री फतेह-प्रताप-गुरुदेव स्मृतिपुष्प
આગમ અનુયોગ ગ્રંથ-૨

# ધર્મકથાનુયોગ

ગુજરાતી ભાષાન્તર

ભાગ-૨

[ તૃતીયથી ષષ્ઠ સ્કંધ સુધી ]

: સંકલનકર્તા :
અનુયોગપ્રવર્તક મુનિશ્રી કન્હૈયાલાલ 'કમલ'
અને
પંડિત દલસુખભાઈ માલવણિયા

: અનુવાદક :
ડૉ. રમણીકલાલ મનસુખભાઈ શાહ
અધ્યક્ષ, પ્રાકૃત-પાલિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

: પ્રકાશક :
શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ
પ્રમુખ, આગમ અનુયોગ ટ્રસ્ટ,
અમદાવાદ-૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

□ **પ્રકાશક**

બળદેવભાઈ ડોસાભાઈ પટેલ
પ્રમુખ, આગમ અનુયોગ ટ્રસ્ટ,
૧૫, સ્થાનકવાસી સોસાયટી,
નારણપુરા ક્રોસિંગ,
અમદાવાદ-૩૮૦ ૦૧૩

□ **પ્રથમ આવૃત્તિ**

વીર નિર્વાણ સંવત ૨૫૧૭
વિક્રમ સંવત ૨૦૪૭
ઈસ્વીસન ૧૯૯૧

□ મૂલ્ય

રૂા. ૧૨૫/-

□ **મુદ્રક**

ઉમિયા પ્રિન્ટરી,
નારણપુરા ગામ,
અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન : ૪૭૧૬૨૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Published in memory of
Rev. Gurudeva Fateh-Pratap
Agama Anuyoga No. 2

# DHARMAKATHĀNUYOGA

## GUJARATI TRANSLATION

Part-2

**[Skandha 3 to 6]**

*Compilers*

**Anuyoga-Pravartaka Muni Sri Kanhaiyalal 'Kamal'**
**&**
**Pandit Dalsukhbhai Malvania**

*Translator*

**Dr. Ramaniklal Mansukhlal Shah**
Head, Prakrit-Pali Department,
Gujarat University, Ahmedabad.

*Publishers*

**Agama Anuyoga Trust**

**AHMEDABAD-13**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**Agama Anuyoga Publication No. 2**

*Compilers* :
Anuyoga-Pravartaka Muni Sri Kanhaiyalal 'Kamal'
Pandit Dalsukhbhai Malvania

*Translator* :
Prof. Dr. Ramaniklal Mansukhbhai Shah
Head, Prakrit-Pali Department,
Gujarat University, Ahmedabad-9.

*First Edition* :
Vira Nirvana Samvat 2517
Vikrama Samvat 2047
A. D. 1991

*Price* :
Rs. 125/-

*Publishers* :
Baldevbhai Dosabhai Patel, President,
Agama Anuyoga Trust,
15, Sthanakvasi Society,
Naranpura Crossing,
Ahmedabad-380 013.

*Printers* :
Umiya Printery,
Naranpura Village,
Ahmedabad-380 013.
Phone : 471627

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અર્હમ્ ॥

# સમર્પણ

મારી શ્રુત-સેવામાં,

જેમનો સતત સહયોગ, માર્ગદર્શન

તથા ઉત્સાહ-સંવર્ધન મળતાં રહ્યાં

જેમનું જીવન

એક અક્ષયવટ સમાન સદા આશ્રયદાતા રહ્યું

સત્સાહસ, શુભ સંકલ્પ અને અનંત ઉત્સાહનો સ્રોત રહ્યું,

તેવા

જિનશાસન પ્રભાવક, યુગપુરુષ
શ્રમણ-સૂર્ય, સ્વ. પ્રવર્તક,
મરુધરકેસરી
**શ્રી મિશ્રીમલજી મ. ને**

માધુર્યમૂર્તિ, મહામનીષી, સરળ,
સૌમ્ય, શ્રુત-સમુપાસક, બહુશ્રુત,
સ્વ. યુવાચાર્ય
**શ્રી મિશ્રીમલજી મ. 'મધુકર'ને**

આબૂ પર્વત (રાજસ્થાન)
૨૧ માર્ચ ૧૯૮૪

સાદર સવિનય
—મુનિ કન્હૈયાલાલ 'કમલ'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ નમો જિનાણં ॥

# પ્રકાશકીય

ધર્મકથાનુયોગ (ગુજરાતી અનુવાદ) ભાગ–૨ વાચકોની સેવામાં ઉપસ્થિત કરતાં અમે પ્રસન્નતા અનુભવીએ છીએ. આગમ ગ્રંથોમાંની ધર્મકથાઓને આ રીતે ધર્મકથાનુયોગના બે ભાગોમાં ગુજરાતી ભાષામાં સંપૂર્ણપણે પ્રગટ કરવામાં આવી છે.

પરમ ઉપકારી આગમરત્નાકર અનુયોગ–પ્રવર્તક પૂ. શ્રી. કન્હૈયાલાલજી 'કમલ' મુનિ મહારાજ સાહેબે પ્રચંડ પુરુષાર્થ દ્વારા આગમોનું અનુયોગોમાં વિભાજન કર્યું. તેમાં ચાર સોપાનમાં હિન્દી અનુવાદ સહ ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ અને ચરણાનુયોગ પ્રકાશિત થઈ ચૂક્યા છે, દ્રવ્યાનુયોગનું કાર્ય અત્યારે ચાલી રહ્યું છે. જ્યારે ગુજરાતીમાં ધર્મકથાનુયોગ ભાગ–૧ ૧૯૮૭માં પ્રકાશિત થયેલ છે. પ્રસ્તુત ભાગ–૨ સાથે ધર્મકથાનુયોગનું ભાષાન્તર પૂર્ણ થાય છે. ચરણાનુયોગનું ભાષાન્તર પ્રેસમાં જઈ ચૂક્યું છે, અમને આશા છે થોડા જ સમયગાળામાં અમે તે પ્રકાશિત કરી શકીશું. ગણિતાનુયોગનું ગુજરાતી ભાષાન્તર કાર્ય પણ ચાલુ છે.

સ્વાસ્થ્યની અત્યંત પ્રતિકૂળતા છતાં પૂજ્ય ગુરુદેવ મુનિ શ્રી કન્હૈયાલાલજી મ. સા. અનુયોગના કાર્યમાં સતત કાર્યશીલ રહ્યા છે. તેઓશ્રીના અમાપ પુરુષાર્થનાં સુફળ હવે દેખાઈ રહ્યાં છે. તેઓશ્રીના સત્પુરુષાર્થને વંદન. પૂજ્ય ગુરુદેવની સાથે જ તેમના અંતેવાસી બ્રા. બ્ર. પૂ. શ્રી વિનયમુનિ 'વાગીશ' તથા અન્ય સહાયક મુનિ–ગણની પણ અમે ભાવપૂર્વક વંદના કરીએ છીએ. પ્રસિદ્ધ વિદ્વાન પદ્મભૂષણ પં. શ્રી દલસુખભાઈ માલવણિયાના માર્ગદર્શન બદલ અમે તેમના આભારી છીએ. સેવામૂર્તિ શ્રી હિંમતલાલ શામળભાઈ શાહ જૈફ ઉંમરે પણ અનુયોગ પ્રકાશનમાં જે વિશેષ રુચિ દાખવીને કાર્ય કરી રહ્યા છે તેમના પણ અમે આભારી છીએ. ગુજરાતી અનુવાદનું કાર્ય ગુજરાત યુનિવર્સિટીના પ્રાકૃત–પાલિ વિભાગના વડા પ્રો. ડૉ. રમણીકભાઈ શાહે કુશળતાપૂર્વક સંપન્ન કર્યું છે તે બદલ તેમનો પણ અત્ર આભાર માનીએ છીએ. ઉમિયા પ્રિન્ટરીના શ્રી દશરથભાઈ પટેલને સુઘડ અને સુંદર છાપકામ માટે ધન્યવાદ.

આગમ અનુયોગના આ વિરાટ કાર્યમાં કોઈને કોઈ સ્વરૂપે સહકાર આપનાર સૌ નામી અનામી મહાનુભાવોનો આભાર માનવાની સાથે આશા રાખીએ છીએ કે સૌનો સતત સહકાર અમને મળ્યા કરશે.

ચારે અનુયોગોમાં વહેલી ભગવાન વર્ધમાનની વાણી સૌનું કલ્યાણ કરો.

આગમ અનુયોગ ટ્રસ્ટ,
અમદાવાદ

વીનિત
બળદેવભાઈ ડોસાભાઈ પટેલ (પ્રમુખ)
જયંતિલાલ ચંદુલાલ સંઘવી (મંત્રી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુયોગની સાર્થકતા : એક ચિંતન*

જૈન આગમોની વિષયાનુસારી વ્યાખ્યા શૈલીને 'અણુઓગ' કહેવાયેલ છે.

'અણુ'નો અર્થ 'સૂક્ષ્મ' છે. 'સૂત્ર' સૂક્ષ્મ હોય છે, આથી તાત્પર્ય એ નીકળ્યું કે સૂત્રનો અભિધેય (અર્થ)ની સાથે યોગ-સંબંધ જોડવો, સૂત્રાનુસારી અર્થની વ્યાખ્યા, અન્વેષણા તથા અનુયોજના કરવી તે 'અનુયોગ' કહેવાય છે.

પ્રાચીન કાળમાં શાસ્ત્ર-સ્વાધ્યાયની એક વિશેષ પરિપાટી હતી, કે ગુરુ-ગમથી જે શાસ્ત્રો શીખવામાં આવતાં તેમનો અર્થ વિશેષ નય, નિક્ષેપ શૈલી (અનેકાન્ત શૈલી)થી સમજાવવામાં આવતો. દૃષ્ટિવાદ(બારમું અંગ)ની વ્યાખ્યા કરતી વેળાએ સાતે નયોની યોજના કરવામાં આવતી, પ્રત્યેક નય-દૃષ્ટિથી તેની વ્યાખ્યા કે ચિંતન કરવામાં આવતું. કાલિક શ્રુત (૧૧ અંગ આગમ)ની વ્યાખ્યા કરતી વખતે પણ ઓછામાં ઓછું નૈગમ, સંગ્રહ અને વ્યવહાર-આ ત્રણ નય શૈલીઓ વડે વિચાર કરવામાં આવતો.

કાળના પ્રભાવે મતિજ્ઞાન શ્રુતજ્ઞાનની વિશેષ નિર્મળતા ઓછી થવા લાગી, શાસ્ત્રોના અર્થ અનુસંધાનમાં પ્રમાદ થવા લાગ્યો ત્યારે મહાન શ્રુતધર આર્ય વજ્રના શિષ્ય આર્યરક્ષિતસૂરિએ આગમોની વ્યાખ્યા માટે અનુયોગ શૈલીનું પ્રચલન કર્યું. અનુયોગ બીજ રૂપે તો મૂળ સૂત્રોમાં વિદ્યમાન છે જ, પરંતુ જ્યાં સુધી નય-નિક્ષેપ શૈલીનું પ્રવર્તન રહ્યું ત્યાં સુધી અનુયોગનું વિશેષ પ્રચલન થઈ શક્યું નહીં. આર્યરક્ષિતસૂરિએ આવનાર યુગના આગમ-અભ્યાસીઓની બૌદ્ધિક ક્ષમતા (ક્ષયોપશમ)ને ધ્યાનમાં રાખી અનુયોગ શૈલીથી આગમોની વ્યાખ્યા કરી; તે યુગમાં આ શૈલી અત્યંત સુગમ ગણાઈ, એટલે અધિક લોકપ્રિય બની.

આર્યરક્ષિતસૂરિએ સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ ખગોળ-ભૂગોળ વિષયક આગમોનો 'ગણિતાનુયોગ'માં સમાવેશ કર્યો. તેમણે આત્મા, દ્રવ્ય, પુદ્ગલ, કર્મ આદિનું ગહન વર્ણન કરતાં આગમોને 'દ્રવ્યાનુયોગ'માં અને શ્રમણાચાર, શ્રાવકાચાર સંબંધી વિષયોને 'ચરણકરણાનુયોગ'માં સમાવ્યા. આ બધા પછી જે ધર્મકથા, રૂપક, દૃષ્ટાંત આદિ વિષયો વધ્યા તે બધાં 'ધર્મકથાનુયોગ' (ધમ્મકહાણુઓગ)માં સમાવિષ્ટ માનવામાં આવ્યાં.

વર્તમાન યુગના માનવોની બૌદ્ધિક ક્ષમતા, જ્ઞાનનો ક્ષયોપશમ તથા આગમ વિષયોની રુચિ જોતાં આ 'વર્ગીકરણ' અત્યંત સરળ અને ઉપયોગી જણાય છે. આની વિશેષ ઉપયોગિતા જણાતાં જ 'અનુયોગ વર્ગીકરણ'નો સંકલ્પ મારા મનમાં દૃઢ થયો અને હું આ શ્રુત-સમુપાસનામાં ઉદ્યત થયો.

સર્વ પ્રથમ ગણિતાનુયોગનું કાર્ય ઉપાડ્યું. કંઈક અંશે માર્ગદર્શકોનો અભાવ, સાધનોની અલ્પતા તથા પોતાને નવો નવો જ અનુભવ હોવાના કારણે આ કાર્યમાં અનેક મુશ્કેલીઓ આવી પડી, શ્રમ અધિક અને ફળ અલ્પ-અતિ અધિક શ્રમ કર્યા પછીય જ્યારે લાગતું કે આ કામ ઠીક રીતે નથી થયું કે આટલી ખામી રહી ગઈ છે તો તે બધાંને રદ કરીને ફરી નવેસરથી સંકલન કરવાનું શરૂ કરતો. આમ પ્રથમ કાર્યમાં અતિ અધિક શ્રમવ્યય થયો, સમય પણ અધિક લાગ્યો, પરંતુ કાર્ય જ્યારે મૂર્ત સ્વરૂપમાં વિદ્વાનો સમક્ષ રજૂ થયું ત્યારે બધાએ પસંદ કર્યું અને મુક્તકંઠે તેની ઉપયોગિતા બધાએ સ્વીકારી.

'ધર્મકથાનુયોગ'નું કાર્ય શરૂ કર્યાને લગભગ પાંચ વર્ષ થયાં છે, સર્વ પ્રથમ મૂળ સૂત્ર માત્ર તૈયાર થયું. મૂળ સંપાદનમાં પણ અનેક બાધાઓ અને સમસ્યાઓ ઉપસ્થિત થઈ જેની ચર્ચા મેં 'ધમ્મકહાણુઓગ મૂલ'ના મારા વક્તવ્યમાં કરી છે. સહુથી વિકટ સમસ્યા એ હતી કે આગમ-પાઠોનું સર્વ સંમત કે શુદ્ધ સંસ્કરણ હજી સુધી ઉપલબ્ધ નથી, સર્વત્ર પાઠ-ભિન્નતા, સૂત્રાંક ભિન્નતા તથા પાઠોની વિવિધતા, 'જાવ' વગેરે પ્રયોગોની વિચિત્રતા નજરે પડે છે. આ સમસ્યાના સમાધાનનો ટૂંકો માર્ગ એવો વિચાર્યો કે કોઈ એક કે બે સંસ્કરણોને માન્ય રાખી તેમાંનો મૂળપાઠ સ્વીકારવો જેથી કરીને કાર્ય કરવામાં અનાવશ્યક દીર્ઘ વિલંબ ન થાય. આ નિર્ણય પ્રમાણે શ્રી પુપ્ફ ભિક્ખૂના 'સુત્તાગમે' તથા

---

* ધર્મકથાનુયોગ – હિન્દી, ભાગ-૨ માંથી ઉદ્ધૃત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યશ્રી તુલસીના 'અંગસુત્તાણિ'ના પાઠો 'ધર્મકથાનુયોગ' માટે આધારભૂત ગણવામાં આવ્યા. જો કે આ બન્ને સંસ્કરણોની પૂર્ણ શુદ્ધતા તથા એકરૂપતા બારામાં મને અને અન્ય વિદ્વાનોને પૂર્ણ સંતોષ નથી, પરંતુ 'કંઈ નહીં તેના કરતાં કંઈક સારું'' નીતિનું અનુગમન કરી આનો સ્વીકાર કરવામાં આવ્યો.

ધર્મકથાનુયોગનો પ્રથમ ભાગ, જેનાં બે સ્કંધ છે, તે ગયા વર્ષે પ્રકાશિત થઈ ચુકયો છે. તેમાં શ્રી દેવેન્દ્ર મુનિ શાસ્ત્રીએ વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખી છે. હવે આ બીજો ભાગ–જેમાં ૩ થી ૬ સુધીના સ્કંધો છે–વાચકો સમક્ષ રજૂ કરાય છે. આમ ધર્મકથાનુયોગ સંપૂર્ણ થઈ ગયો છે. તેની વિસ્તૃત જાણકારી વાચક વિષયસૂચિ જોઈને મેળવી શકશે.

આ ભાગની સુંદર પ્રસ્તાવના જૈન કથા–સાહિત્યના વિશેષજ્ઞ ડૉ. પ્રેમસુમન જૈને લખી છે, જેમાં અનેક જ્ઞાનવર્ધક તથા સંશોધનાત્મક ચર્ચા છે, વાચક તે મનોયોગપૂર્વક વાંચે. પં. શ્રી દલસુખભાઈ માલવણિયાનો સૌજન્યપૂર્ણ સહયોગ માર્ગદર્શક નીવડયો છે. અનુવાદ કર્યો છે શ્રી દેવકુમાર જૈને તથા મુદ્રણ આદિની દષ્ટિએ બધી વ્યવસ્થા શ્રીચંદજી સુરાણાએ સંભાળી છે.

શારીરિક અસ્વસ્થતાને કારણે હું અનુવાદ આદિનું પૂર્ણ નિરીક્ષણ કરી શક્યો નથી, આથી જો કોઈ સ્થાન શંકાસ્પદ કે વિવાદાસ્પદ જણાય તો વાચક વિવેકબુદ્ધિપૂર્વક તેનું સમ્યક્ સંશોધન કરવાનો પ્રયાસ કરે.

મારા અંતેવાસી શ્રી વિનયમુનિ 'વાગીશ'નો શારીરિક અને માનસિક સહયોગ મારા આ કાર્યમાં આધારભૂત બન્યો છે. શ્રી મહેન્દ્ર ઋષિજીનો સહકાર પણ મને મળતો રહ્યો છે. આથી હું બધા જ સહયોગદાતાઓનું પ્રમોદભાવ-પૂર્વક સ્મરણ કરું છું અને આશા રાખું છું કે વાચકો આ મહાન ગ્રંથોનો સ્વાધ્યાય કરી જીવનને સફળ બનાવશે.

શ્રી વર્ધમાન મહાવીર કેન્દ્ર
આબૂ પર્વત

—મુનિ કન્હૈયાલાલ 'કમલ'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

## આગમ કથા–સાહિત્ય મીમાંસા

ડૅા. પ્રેમ સુમન જૈન

(અધ્યક્ષ, જૈનવિદ્યા અને પ્રાકૃત વિભાગ, સુખાડિયા વિશ્વ-વિદ્યાલય, ઉદયપુર)

**આગમ પરિચય —**

પ્રાકૃત ભાષામાં જે સાહિત્ય રચાયું છે તેમાં આગમ સાહિત્યનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. જૈન પરમ્પરામાં ભગવાન મહાવીર દ્વારા ઉપદિષ્ટ જ્ઞાન માટે આગમ શબ્દ અધિક પ્રચલિત થઈ ગયો છે, જેને પ્રાચીન કાળમાં શ્રુત અથવા સમ્યક્ શ્રુત કહેવામાં આવતું. આપ્તવચન, પ્રવચન, જિનવચન, ઉપદેશ આદિ અનેક શબ્દો આગમ માટે પ્રયુક્ત થયા છે.[1] મહાવીરનો ઉપદેશ તત્કાલીન લોક ભાષા અર્ધમાગધીમાં પ્રચલિત થયો હતો. આથી આગમોની ભાષા પણ મુખ્યત્વે અર્ધ-માગધી છે.[2] મહાવીર પાસેથી તેમના શિષ્ય ગણધરોએ જેવો સાંભળ્યો હતો તેવા અર્થને પોતાના શબ્દોમાં નિબદ્ધ કરી લીધો હતો. પછી તે શબ્દ અને અર્થરૂપ ઉપદેશ પોતાના શિષ્યોને કહ્યો હતો. આ રીતે શ્રુત પરંપરા વડે મહાવીરના ઉપદેશને આગમ રૂપે સુરક્ષિત રાખવામાં આવ્યો છે. વર્તમાન સમયમાં ઉપલબ્ધ આગમોમાં માત્ર મહાવીરના જ શબ્દો નથી, પરંતુ તેમાં ગણધરો અને તેમના શિષ્યોનું પ્રસ્તુતીકરણ પણ સંમિલિત છે. છતાં પણ આગમોના વિષય વસ્તુના અવલોકનથી એ સ્પષ્ટ છે કે આગમોના મૂળ રૂપમાં ઘણું થોડું પરિવર્તન થયું છે. આગમો વર્તમાન યુગને મહાવીરની વાણી સાથે જોડવામાં એક સેતુનું કામ કરે છે.

આગમોના સંકલનમાં તેમ જ તેમને સુનિશ્ચિત સ્વરૂપ પ્રાપ્ત કરવામાં લગભગ ૧૦૦૦ વર્ષનો સમય લાગ્યો હતો.[3] આ વિશે દિગમ્બર અને શ્વેતામ્બર પરંપરામાં બે વિચારધારાઓ પ્રવર્તે છે. દિગમ્બર પરંપરા અનુસાર ભગવાન મહાવીરના નિર્વાણ પછી બસો વર્ષ બાદ શ્રુતકેવળી ભદ્રબાહુ થયા. તેઓ મહાવીરના સમસ્ત શ્રુતજ્ઞાનના અંતિમ ઉત્તરાધિકારી હતા. ચન્દ્રગુપ્ત મૌર્યના સમયમાં ભીષણ દુકાળ પડવાના કારણે શ્રમણસંઘ અસ્તવ્યસ્ત થઈ ગયો. આથી દેશકાળની સ્થિતિના કારણે મહાવીર દ્વારા કથિત આગમોનું જ્ઞાન ક્રમશઃ ક્ષીણ થઈ ગયું. વીર–નિર્વાણના ૬૮૩ વર્ષ પછી બારમા અંગ દૃષ્ટિવાદનો કેટલોક અંશ જ બાકી બચ્યો હતો. તેના આધારે ધરસેન આચાર્યના તત્ત્વાવધાનમાં ષટ્ખંડાગમ અને ગુણધર આચાર્યના તત્ત્વાવધાનમાં કષાયપ્રાભૃત નામક આગમસૂત્ર ગ્રંથો રચવામાં આવ્યા.[4] આ ગ્રંથોની ભાષા શૌરસેની પ્રાકૃત છે. આગળ જતાં આ જ ગ્રંથોના આધારે આચાર્ય કુન્દકુન્દ આદિ દિગમ્બર પરંપરાના આચાર્યોએ જૈન દર્શનના સ્વતંત્ર ગ્રંથો રચ્યા. આ ગ્રંથોને શૌરસેની આગમ તરીકે ઓળખવામાં આવે છે.

શ્વેતામ્બર સંપ્રદાયની પરંપરા અનુસાર ભગવાન મહાવીરના ઉપદેશને મૂળ રૂપમાં સુરક્ષિત રાખવા માટે જૈન મુનિઓએ અનેક વાચનાઓ કરી છે. મહાવીરના નિર્વાણ પછી ૧૬૦ વર્ષ બાદ પાટલિપુત્રમાં સ્થૂલભદ્ર આચાર્યની સ્મૃતિના આધારે અગિયાર અંગોનું સંકલન કરવામાં આવ્યું. પરંતુ ત્યાં ઉપસ્થિત આચાર્યોને બારમાં અંગ ગ્રંથ દૃષ્ટિવાદનું સ્મરણ ન હોવાથી તેનું સંકલન થઈ શક્યું નહીં. આ પ્રથમ વાચનામાં વ્યવસ્થિત આગમ સાહિત્ય જ્યારે ફરી છિન્ન-ભિન્ન થવા લાગ્યું ત્યારે વીરનિર્વાણ વર્ષ ૮૨૭–૮૪૦ વચ્ચે આચાર્ય સ્કંદિલે મથુરામાં મુનિસંઘનું એક સંમેલન બોલાવ્યું, જેમાં તે જ અગિયારે આગમોને ફરી વ્યવસ્થિત કરવામાં આવ્યા. વીર–નિર્વાણ વર્ષ ૯૮૦ માં વલભીનગરમાં દેવાર્દ્ધ ગણિના

---

१. सुयसुत्तगंथ सिद्धंतपवयणे आणवयण उवएसे ।
पण्णवण आगमे या एगट्ठा पज्जवा सुरो ॥
—अनुयोगद्वार ४, विशेषावश्यकमाष्य गाथा ८/९७.

२. मगवं च णं अद्धमागहीए भासाए धम्ममाइक्खइ ।—समवायांगसूत्र, पृ ६०.

३. दोशी, पं. बेचरदास : जैन साहित्यका बृहद ईतिहास, भा. ३, पृ. ५१.

४. जैन, डो. हीरालाल : भारतीय संस्कृतिमें जैन धर्म का योगदान.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્યક્ષપણા નીચે એક મુનિસંમેલન ફરી બોલાવવામાં આવ્યું. આ સંમેલનમાં વિભિન્ન વાચનાઓનો સમન્વય કરીને આગમોને પ્રથમ વાર જ લિપિબદ્ધ કરવામાં આવ્યા. શ્વેતામ્બર સમ્પ્રદાય દ્વારા માન્ય વર્તમાન સમયે ઉપલબ્ધ અર્ધમાગધી આગમો આ સંમેલનના પ્રયત્નોનું પરિણામ છે.[1] આ સમય સુધીમાં અગિયાર મુખ્ય અંગ ગ્રંથો ઉપરાંત આગમ સાહિત્યના અન્ય ગ્રંથો પણ સંકલિત થઈ ચૂકયા હતા. કુલ આગમ ગ્રંથોની સંખ્યા ૪૫ થઈ ગઈ હતી. આ રીતે સ્થૂળ દૃષ્ટિએ તો આગમોનો રચનાકાળ મહાવીરનો સમય છે, પરંતુ તેમનો લેખન કાળ ઈસુની ૪ થી–૫ મી શતાબ્દી છે. આ એક હજાર વર્ષના ગાળાની સંસ્કૃતિ આગમોમાં સમાઈ છે.[2]

અર્ધમાગધી આગમ સાહિત્ય કેટલાક ભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. તેમાં અંગ ગ્રંથ ૧૧ છે જેમાં આચારાંગસૂત્ર, સૂત્રકૃતાંગસૂત્ર આદિ છે. ૧૨ ઉપાંગ ગ્રંથો છે જેમાં ઔપપાતિક સૂત્ર, રાજપ્રશ્નીય આદિ છે. છેદસૂત્ર ૬ છે —નિશીથસૂત્ર, આવશ્યકસૂત્ર વ. મૂળ સૂત્ર ૪ છે–ઉત્તરાધ્યયન સૂત્ર, દશવૈકાલિકસૂત્ર આદિ. તથા ૧૦ પ્રકીર્ણક અને ૨ ચૂલિકા ગ્રંથ છે. આગમગ્રંથોનું આ વિભાજન કોઈ એક જ સમયે નિર્ધારિત નથી કરવામાં આવ્યું, પરંતુ ઈસુની ૫ મી શતાબ્દીથી ૧૫ મી શતાબ્દી સુધી વિષયવસ્તુ અનુસાર આ વિભાજન થતું રહ્યું છે. ઉપરાંત આગમ સાહિત્યનું મુખ્ય વિષયોની દૃષ્ટિએ અનુયોગોમાં પણ વિભાજન થયું છે. આ વિભાજન પ્રાચીન છે. આર્યરક્ષિતસૂરિએ આગમ સાહિત્યના જે ચાર ભાગ કર્યા છે તે આ પ્રમાણે છે[3]—

૧. ચરણકરણાનુયોગ —આચાર, વ્રત, ચારિત્ર, સંયમ આદિનું વિવેચન.
૨. ધર્મકથાનુયોગ —ધર્મનું પ્રરૂપણ કરતી કથાઓનું વિવેચન.
૩. ગણિતાનુયોગ —ગણિત સંબંધી વિષયોનું વિવેચન.
૪. દ્રવ્યાનુયોગ —દ્રવ્યો અને નવ પદાર્થોનું વિવેચન.

દિગંબર પરંપરામાં આગમ સાહિત્યના અનુયોગોના નામ થોડાં જુદા છે.[4] જેમ કે,

૧. પ્રથમાનુયોગ — મહાપુરુષોના જીવન ચરિત્ર આદિ.
૨. કરણાનુયોગ — લોકનું સ્વરૂપ તથા ગણિત આદિ.
૩. ચરણાનુયોગ — આચારશાસ્ત્રનું નિરૂપણ.
૪. દ્રવ્યાનુયોગ — દ્રવ્ય અને પદાર્થોનું વિવેચન.

આગમ–સાહિત્યના વિષયવસ્તુનું આ સ્થૂળ વિભાજન છે, કારણ કે કરણાનુયોગના ગ્રંથોમાં પણ ધર્મકથા અને દ્રવ્યોનું વિવેચન મળી આવે છે, તેમ જ દ્રવ્યાનુયોગના ગ્રંથોમાં પણ કેટલાંક દૃષ્ટાંતો અને કથાઓના સંકેતો પ્રાપ્ત થાય છે. છતાં પણ વિષયના અધ્યયનની દૃષ્ટિથી આ વિભાજનમાં સગવડ રહેલી છે. આ વર્ગીકરણના આધારે અર્ધમાગધી આગમ સાહિત્યના ગ્રંથોનું વિભાજન આ રીતે કરી શકાય—

૧. **ચરણકરણાનુયોગ** — આમાં આચારાંગસૂત્ર, પ્રશ્નવ્યાકરણ, દશવૈકાલિકસૂત્ર, નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ તથા આવશ્યકસૂત્ર આદિ ગ્રંથોનો સમાવેશ કરી શકાય.
૨. **ધર્મકથાનુયોગ** — આમાં જ્ઞાતાધર્મકથા, ઉપાસક દશા, અન્તકૃત્દશા, અનુત્તરોપપાતિકદશા, વિપાકસૂત્ર, ઔપપાતિક, રાજપ્રશ્નીય, નિરયાવલિકા, કલ્પાવતંસિકા, પુષ્પિકા તથા ઉત્તરાધ્યયનસૂત્ર આદિ આગમ ગ્રંથોને મૂકી શકાય.
૩. **ગણિતાનુયોગ**— આમાં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, ચન્દ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ વગેરે આવે.
૪. **દ્રવ્યાનુયોગ** — આમાં સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, પ્રજ્ઞાપના, નન્દી, અનુયોગ દ્વાર વ. ગ્રંથોનો સમાવેશ થાય છે.

અનુયોગોમાં આગમોનું આ વિભાજન પણ સ્થૂળ જ છે. કેમ કે એક જ ગ્રંથમાં અનેક વિષય મળી આવે છે. આગમ સાહિત્યના વિષયોને આ ચાર અનુયોગોમાં વિભાજિત કરવા માટે પ્રત્યેક આગમનું અંતરંગ અધ્યયન કરીને તેના વિષયોને આ ચાર અનુયોગોમાં વિભાજિત કરવા પડે, દરેક ગ્રંથની વિભાજિત સામગ્રીને અલગ–અલગ અનુયોગોમાં

---

१. शास्त्री, देवेन्द्रमुनि : जैन आगम साहित्य : मनन और मीमांसा, पृ. ३५.
२. जैन. डो. जगदीशचन्द्र : जैन आगमों में भारतीय समाज.
३. आवश्यकनिर्युक्ति, ३६३–३७७.
४. रत्नकरण्ड श्रावकाचार, अधिकार १, श्लोक ४३–४६.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંકલિત કરવી પડે. ત્યારે જ આગમ ગ્રંથોની સામગ્રીનું વિભાજન અનુયોગ પ્રમાણે થઈ શકે. આગમ સાહિત્યના મર્મજ્ઞ મુનિ કન્હૈયાલાલજી 'કમલ'એ આ મહત્ત્વપૂર્ણ તથા ઐતિહાસિક કાર્ય સંપન્ન કર્યું છે. તેમણે પોતાના ગ્રંથ **ગણિતાનુયોગમાં** આગમ સાહિત્યની ગણિત સંબંધી સઘળી સામગ્રી એકત્ર કરી મૂકી છે.[1] આ **ગણિતાનુયોગ** ગ્રંથનો વિદ્વદ્જગતમાં સારો આદર થયો છે.

પંડિતરત્ન મુનિ કમલજીએ વિગત વર્ષોમાં આગમ સાહિત્યમાંથી ધર્મકથાનુયોગની સામગ્રી સંકલિત કરી છે, જેને તેમણે 'ધમ્મકહાણુઓગો' નામ આપ્યું છે. આ સંકલનમાં નિમ્નલિખિત આગમ ગ્રંથોની સામગ્રી લેવામાં આવી છે—

**અંગ-ગ્રંથ** — આચારાંગસૂત્ર, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતીસૂત્ર, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અન્તકૃતદશા, અનુત્તરોપપાતિક દશા, વિપાકસૂત્ર.

**ઉપાંગગ્રંથ** — ઔપપાતિક, રાજપ્રશ્નીય, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, નિરયાવલિકા, પુષ્પિકા, વૃષ્ણિદશા, પુષ્પચૂલિકા.

**મૂળસૂત્ર** — ઉત્તરાધ્યયનસૂત્ર, નન્દિસૂત્ર.

**છેદસૂત્ર** — દશાશ્રુતસ્કંધ, કલ્પસૂત્ર,

આ રીતે 'ધમ્મકહાણુઓગો'માં આગમ સાહિત્યના પ્રાયઃ તે બધા ગ્રંથોની સામગ્રી સંકલિત કરી લેવામાં આવી છે જેમાં ધર્મકથા વિદ્યમાન હોય. આ ધર્મકથાઓ પર વિવેચન કરતાં પહેલાં પ્રયુક્ત ગ્રંથોનો પરિચય પ્રાપ્ત કરવો જરૂરી છે.

**આચારાંગસૂત્ર** —

અર્ધમાગધી આગમ સાહિત્યમાં અંગ ગ્રંથોમાં આચારાંગસૂત્ર પ્રથમ અંગ ગ્રંથ છે. જૈન પરંપરાની માન્યતા તથા આગમ સાહિત્યના સંશોધક વિદ્વાનોની શોધ અનુસાર એ ઘણું કરીને નિશ્ચિત છે કે ભગવાન મહાવીરે સૌ પ્રથમ આચારાંગ-સૂત્રમાં સંગ્રહીત વિષયનો જ ઉપદેશ આપ્યો હતો. આથી તેઓની વાણી તેમાં સુરક્ષિત છે. જૈન આચારશાસ્ત્રનો આદ્યઆધારભૂત ગ્રંથ છે.[2] તેમાં પ્રકારાન્તરે સમ્યક્ દર્શન, જ્ઞાન અને ચારિત્રનો મૂળભૂત ઉપદેશ સંકલિત છે. ભગવાન મહાવીરની સાધના-પદ્ધતિના જ્ઞાન માટે આચારાંગ સૌથી પ્રાચીન ગ્રંથ છે. તેમાં અર્ધમાગધી ભાષાનું પ્રાચીન રૂપ સુરક્ષિત છે. તેની સૂત્રશૈલી બ્રાહ્મણ ગ્રંથોની સૂત્રશૈલી સાથે મળતી છે. આચારાંગસૂત્રના વાક્યો કેટલાક સ્થળે પરસ્પર સંબંધિત નથી તથા કેટલાંક પદ અને પદ્યો ઉદ્ધૃત અંશ જેવાં પણ પ્રતીત થાય છે.[3] આથી વિદ્વાનોએ અનુમાન કર્યું છે કે આચારાંગની પહેલાં પણ જૈન પરંપરાનું કોઈ સાહિત્ય હતું, જેને પૂર્વસાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે.

આચારાંગ સૂત્ર કથા-સાહિત્યની દૃષ્ટિએ પણ ઉપયોગી છે. તેમાં એવા કેટલાક ઉપમાનો કે રૂપકો દૃષ્ટિગોચર થાય છે જે પ્રાકૃત કથાઓ માટે કથાબીજ છે. છઠ્ઠા અધ્યયનના પહેલા ઉદ્દેશકમાં એક કાચબાનું ઉદાહરણ આપેલું છે.[4] આ કાચબાને શેવાળની વચમાં રહેલ એક છિદ્રમાંથી ચાંદનીનું સૌન્દર્ય દેખાયું. એ મનોહર દૃશ્યને દેખાડવા માટે જ્યારે એ કાચબો પોતાના સાથીઓને બોલાવી લાવ્યો ત્યારે તેને એ છિદ્ર જ જડયું નહિ કે જેમાંથી ચાંદની દેખાઈ હતી. આ રૂપક આત્મજ્ઞાનના પોતાના અનુભવ માટે પ્રયોજવામાં આવે છે. જેમકે—

> एवं पेगे महावीरा विप्परक्कमंति ।
> पासह एगेऽवसीयमाणे अणत्तपण्णे ।
>
> से बेमि—से जहा वि कुम्मे हरए विणिविट्ठचित्ते पच्छण्णपलासे
> उम्मुग्गं से णो लभति । भंजगा इव संनिवेसं नो चयंति ।
>
> एवं पेगे अणेगरूवेहिं कुलेहिं जाता ।
> रूवेहिं सत्ता कलुणं थणंति, णिदाणतो ते ण लभंति मोक्खं ।

આ રૂપકને આચારાંગના વ્યાખ્યા સાહિત્યમાં સમજાવવામાં આવેલ છે.[5]

---

१. मुनि श्री कन्हैयालाल 'कमल' : गणिताणुयोग, आगम अनुयोग प्रकाशन, सांडेराव.
(નોંધ-તેનું સંશોધિત પરિવર્ધિત દ્વિતીય સંસ્કરણ પ્રકાશિત થઈ ચૂક્યું છે.)

२. आचारांगसूत्र-सं. श्रीचन्द सुराना 'सरस', आगम प्रकाशन समिति, ब्यावर, १९८० ।

૩. હર્મન જેકોબી : ધી સેક્રેડ બુક્સ ઓફ ધી ઈસ્ટ, ભા. ૨૨, ભૂમિકા પૃ. ૪૮.

૪. આચારાંગસૂત્ર; સંપા. જંબૂવિજયજી, મુંબઈ, અ. ૬, ઉ. ૧.

૫. આચારાંગ ચૂર્ણિ અને ટીકા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૌદ્ધ આગમોમાં પણ કાચબાના રૂપકના આધારે ભગવાન બુદ્ધે ભિક્ષુઓને મનુષ્યજન્મની દુર્લભતાનો ઉપદેશ આપ્યો છે.[1] આ રૂપકે પરવર્તી પ્રાકૃત કથા-સાહિત્યને પણ અનુપ્રાણિત કર્યું છે. ગીતામાં પણ સ્થિતપ્રજ્ઞનું સ્વરૂપ કાચબાના રૂપક દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે.[2]

આચારાંગમાં આ જ પ્રકારનાં બીજા રૂપકો પણ મળે છે. એક જગ્યાએ કહેવામાં આવેલું છે કે જેમ બળવાન યોદ્ધો યુદ્ધભૂમિમાં સૌની આગળ રહીને શત્રુઓ સાથે ઘમસાણ યુદ્ધ કરીને વિજય મેળવે છે એ જ પ્રમાણે સાધકે મહાન ઉપસર્ગો સહન કરીને પણ આત્મ-ચિંતનમાં અંતિમ સમય પર્યન્ત સ્થિરભાવે લીન રહેવું જોઈએ.[3] આ ગ્રંથના નવમા અધ્યયનમાં મહાવીરની તપશ્ચર્યાનું વર્ણન છે. મહાવીર સ્વામીના આ ચરિત્રમાં પણ કેટલાય કથાતત્ત્વો સમાયેલ છે, જેનાથી મહાપુરુષોના ચરિત્ર લખવાનો પાયો નંખાયો.

**સૂત્રકૃતાંગ—**

સૂત્રકૃતાંગમાં જૈનદર્શન અને બીજા દાર્શનિક મતોનું પ્રતિપાદન છે. અન્ય દર્શનોના સિદ્ધાંતોની સમીક્ષા ઉપરાંત જૈન દર્શનના તત્ત્વો વગેરેનું નિરૂપણ કરવું તે આ ગ્રંથનો મુખ્ય વિષય છે.[4] છઠ્ઠા અધ્યયનમાં ભગવાન મહાવીરની સ્તુતિનું વર્ણન છે. તેમાં જુદા જુદા ઉપમાનોનો પ્રયોગ કરવામાં આવેલ છે. ઐરાવત, સિંહ, ગંગા, ગરુડ, વગેરેની માફક મહાવીર પણ લોકમાં સર્વોત્તમ હતા.[5] આવા પ્રકારની ઉપમાઓએ કથાના નાયકના સ્વરૂપ નિર્ધારણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા પ્રદાન કરી છે.

આ જ સૂત્રના બીજા શ્રુતસ્કંધના છઠ્ઠા સાતમા અધ્યયનોમાં આર્દ્રકુમાર અને ગોશાલક તથા ઉદક અને ગૌતમસ્વામી વચ્ચે થયેલ સંવાદોનો ઉલ્લેખ છે. આ સંવાદોએ પરવર્તી કથાઓના કથોપકથનોના ગઠનમાં ફાળો આપ્યો છે.

આ જ સૂત્રના બીજા શ્રુતસ્કંધમાં પુંડરીકનું દૃષ્ટાંત આપેલ છે. આગમિક કથાઓમાં આવતું આ અનુપમ ઉદાહરણ છે.

એક સરોવર પાણી અને કાદવથી ભરેલ છે. તેમાં કેટલાંક કમળો ખીલ્યાં છે. તેમની વચ્ચે એક શ્વેત કમળ છે. ચારે દિશાઓમાંથી આવનાર મોહિત પુરુષો એ શ્વેત કમળ મેળવવાનો પ્રયાસ કરતાં કાદવમાં ફસાઈ જાય છે પરંતુ વીતરાગ પુરુષ સરોવરના કિનારે ઊભા રહીને જ કમળને પોતાની પાસે બોલાવી લે છે.[6] જેમકે—

से जहाणामए पोक्खरणी सिया बहुसेया बहुपुक्खला लद्धट्ठा पुण्डरीगिणी पासादिया दरिसणीया अभिरूवा पडिरूवा ।

से बमि–लोयं च खलु मए अप्पाहट्टु समणाउसो !

से उप्पाते बुइते, एवमेयं च खलु मए अप्पाहट्टु समणाउसो !

से एवमेयं बुइतं ।

આ રૂપકમાં સરોવર સંસાર સમાન છે. તેમાં પાણી કર્મરૂપ છે તથા કાદવ વિષયભોગનું પ્રતીક છે. સાધારણ કમળો જનસમૂહનાં પ્રતીક છે અને શ્વેત કમળ રાજાનું. ચારે મોહિત પુરુષો ચાર મતાવલંબીઓ છે અને વીતરાગ શ્રમણ સદ્ધર્મનું પ્રતીક છે. સૂત્રકૃતાંગના આ રૂપકનું વિશ્લેષણ કરતાં ડૉ. એ. એન. ઉપાધ્યેએ કહ્યું છે કે—"આ રૂપકમાં નિશ્ચિત આશયથી વિશેષ પણ એક વાત મને બિલકુલ સ્પષ્ટ રોતે એ જણાય છે કે રાજાની છત્રછાયામાં જ ધર્મ પ્રચાર પામે છે અને એથી રાજાશ્રય પ્રાપ્ત કરવામાં પૂરેપૂરી પ્રતિદ્વન્દ્વિતા થતી હતી.[7] સૂત્રકૃતાંગના સંદર્ભમાં આ રૂપકના અધ્યયનમાં વિશેષ પ્રયત્નની આવશ્યકતા છે, કેમકે રાજા અને કમળ ભારતીય કથા–સાહિત્યમાં પ્રસિદ્ધ પ્રતીકો છે.

સૂત્રકૃતાંગમાં શિશુપાલ, દ્વૈપાયન, પારાશર વગેરેના પ્રાસંગિક ઉલ્લેખો છે. પરંતુ આર્દ્રકુમારની કથા વિસ્તૃત છે. આ કથાનો પરવર્તી કાળમાં પર્યાપ્ત વિકાસ થયો છે. એ જ પ્રમાણે પેઢાલપુત્ર ઉદક અને ગૌતમસ્વામીનો સંવાદ પણ

---

૧. મજ્ઝિમનિકાય, ભાગ–૩, બાલપંડિત સુત્ત, પૃ. ૨૩૯–૪૦

૨. यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः । इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥

—શ્રીમદ્ ભગવદ્ગીતા, ૨.૫૮.

૩. कायस्स वियावाए एस संगामसीसे वियाहिए । से हु पारंगमे मुणी । —આચારાંગ, ૬.૫.

૪. સૂત્રકૃતાંગસૂત્ર, સંપા. અમરમુનિ, માતેસમંડી, ૧૯૭૯, ભૂમિકા

૫. સૂત્રકૃતાંગસૂત્ર, અ.૬, ગાથા ૧૫–૨૪.

૬. સૂત્રકૃતાંગ, દ્વિતીય શ્રુત સ્કંધ, પ્રથમ અધ્યયન, સૂત્ર–૬૩૮ થી ૬૪૪

૭. ઉપાધ્યે, ડૉ. એ. એન. : બૃહત્કથા કોશ, ભૂમિકા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનોરંજક છે. આ રીતે આ ગ્રંથ ઐતિહાસિક તેમ જ દાર્શનિક કથાતત્ત્વોની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે.[1]

**સ્થાનાંગસૂત્ર—**

સ્થાનાંગસૂત્રમાં તત્ત્વો તેમ જ લોક સ્થિતિ આદિનું વર્ણન સંખ્યાની મુખ્યતાથી કરવામાં આવ્યું છે. તેથી આમાં કથાતત્ત્વ ન્યૂન છે. મહાપદ્મ ભાવિ તીર્થંકરની કથા આ ગ્રંથમાં ઉપલબ્ધ છે.[2] શ્રમણી પોટ્ટિલાની કથા આમાં આવેલ છે.[3] તથા સાત નિન્હવોનું વર્ણન પણ આ ગ્રંથમાં છે. આ સામગ્રીમાં તથા કેટલીક ઉપમાઓ અને પ્રતિકોમાં આમાં આવેલ કથાબીજની શોધ કરી શકાય છે.

**સમવાયાંગ—**

સમવાયાંગ સૂત્રમાં દાર્શનિક તત્ત્વોનું નિરૂપણ સંખ્યાના ક્રમથી કરવામાં આવેલ છે.[4] જેમ કે—લોક એક છે, દંડ અને બંધ બે છે. શલ્ય ત્રણ છે. ચાર કષાય છે. પાંચ ક્રિયાઓ, વ્રત, સમિતિ આદિ છે. આ સાથે જ તીર્થંકરો, ગણધરો, ચક્રવર્તીઓ, વાસુદેવો વગેરે ધાર્મિક મહાનુભાવોના જીવનની કેટલીક ઘટનાઓ આ પુસ્તકમાં વર્ણિત છે. તેથી આ ગ્રંથમાં કથાતત્ત્વો કરતાં ચરિત્ર તત્ત્વોનો સમાવેશ વિશેષ છે.

**વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર)—**

ભગવતીસૂત્ર વિશાળકાય ગ્રન્થ છે. એમાં સેંકડો વિષયો છે. ધર્મ, દર્શન ઉપરાંત આધુનિક વિજ્ઞાન સંબંધી સામગ્રી પણ આમાં પર્યાપ્ત માત્રામાં છે. આ ગ્રન્થમાં મહાવીર સાથે વાર્તાલાપ કરનાર કેટલાક પુરુષો અને સ્ત્રીઓની કથાઓ છે. શિવરાજ ઋષિ, જમાલિ, ઉદયન રાજા, જયન્તિ શ્રમણોપાસિકા, શંખ, સોમિલ, સુદર્શન વગેરે અનેક વ્યક્તિઓના જીવનની મહત્ત્વપૂર્ણ ઘટનાઓ આ ગ્રન્થમાં વર્ણવવામાં આવેલ છે. "સૂત્ર ૨.૧ માં આવેલ કાત્યાયન સ્કંદની કથા સુંદર છે. તેની ઘટનાઓમાં રસમત્તા છે. અને આ ઘટનાઓ કથાતત્ત્વનું સર્જન કરવામાં પૂર્ણ સક્ષમ છે."[5] સામાન્ય વ્યક્તિઓની કથાઓ માટે તથા મહાવીરની સાથે તેમના સંપર્કની જાણકારી માટે ભગવતીસૂત્રમાં સારી એવી સામગ્રી છે.

ગોશાલક સંબંધમાં સર્વાધિક પ્રામાણિક જાણકારી આ જ ગ્રન્થમાં છે. રાજા ચેટક અને કૂણિકના મહાયુદ્ધોનાં વર્ણન આમાં છે. મંગલાચરણની પરંપરાનો નિર્વાહ આ જ આગમગ્રન્થમાં છે.[6] મહામંત્ર નવકારનો સર્વપ્રથમ ઉલ્લેખ આ જ ગ્રન્થમાં મળે છે.[7] વસ્તુત: આ ગ્રન્થ જીજ્ઞાસાઓ અને તેમના સમાધાનોનો ગ્રન્થ છે. આને તત્કાલીન સંસ્કૃતિનો વિશ્વકોશ કહી શકાય.[8]

**જ્ઞાતાધર્મ કથા—**

આગમગ્રન્થોમાં કથાતત્ત્વના અધ્યયનની દૃષ્ટિએ જ્ઞાતાધર્મકથામાં સારી એવી સામગ્રી છે. આમાં જુદા જુદા દૃષ્ટાંતો અને ધર્મકથાઓ છે જેના માધ્યમથી જૈન તત્ત્વ દર્શનને સહજરૂપે જનમાનસ સુધી પહોંચાડવામાં આવેલ છે. જ્ઞાતાધર્મકથા આગમિક કથાઓનો પ્રતિનિધિ ગ્રન્થ છે.[9] આમાં કથાઓની વિવિધતા અને પ્રૌઢતા છે. મેઘકુમાર (અ. ૧) થાવચ્ચાપુત્ર (૫) મલ્લી (૮) તથા દ્રૌપદી (૧૬) ની કથાઓ ઐતિહાસિક વાતાવરણ રજૂ કરે છે. પ્રતિબુદ્ધ રાજા, અર્હન્નક વેપારી, રાજા રુકમી, સુવર્ણકારની કથા, ચિત્રકાર કથા, ચોકખા પરિવ્રાજિકા વગેરે કથાઓ મલ્લીની કથાની અવાન્તર કથાઓ છે. મૂળ કથાની સાથે અવાન્તર કથાની પરંપરાને જાણવા માટે જ્ઞાતાધર્મકથા આધારભૂત સ્રોત છે. આ કથાઓ કલ્પનાપ્રધાન અને ઉદ્દેશયુક્ત છે. આ જ પ્રમાણે જિનપાલ અને જિનરક્ષિતની કથા (૯), તેતલીપુત્ર (૧૪), સુષમાની કથા (૧૮) પુંડરીક અને કંડરીકની કથા (૧૯) કલ્પના પ્રધાન કથાઓ છે.

---

૧. સૂત્રકૃતાંગ, સં. શ્રીચંદ સુરાણા, 'સરસ', બ્યાવર, ૧૯૮૨
૨. સ્થાનાંગસૂત્ર, સ્થાન-૮, સૂત્ર ૬૨૫.
૩. એજન, સ્થાન ૮, સૂત્ર ૬૨૬
૪. સમવાયાંગ-ગુજરાતી અનુવાદ, પં. દલસુખ માલવણિયા, અમદાવાદ
૫. શાસ્ત્રી, ડૉ. નેમિચંદ્ર : હરિભદ્ર કે પ્રાકૃત કથા સાહિત્યકા પરિશિલન, વૈશાલી, પૃ. ૭.
૬. શાસ્ત્રી, દેવેન્દ્રમુનિ : જૈન આગમ સાહિત્ય-મનન ઔર મીમાંસા, પૃ. ૧૨૫.
૭. ભગવતીસૂત્ર-મંગલ પદ.
૮. સિકદર, ડૉ. જે. સી. : એ ક્રીટીકલ સ્ટડી ઑફ ભગવતીસૂત્ર, વૈશાલી.
૯. જ્ઞાતાધર્મકથા, સં. પં. શોભાચન્દ્ર ભારિલ્લ, બ્યાવર, ૧૯૮૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાતા ધર્મ કથામાં દ્દષ્ટાંત અને રૂપક કથાઓ પણ છે. મયૂરીનાં ઈંડાનું દ્દષ્ટાંત શ્રદ્ધા અને સંશયના ફળને પ્રગટ કરે છે. (૩), બે કાચબાના ઉદાહરણથી સંયમી અને અસંયમી સાધકના પરિણામોને ઉપસ્થિત કરવામાં આવેલ છે. (૪), તુંબડાના દ્દષ્ટાંતથી કર્મવાદને સ્પષ્ટ કરેલ છે. (૬), ચંદ્રમાના ઉદાહરણથી આત્માની જ્યોતિની સ્થિતિ સ્પષ્ટ કરવામાં અવી છે. (૧૦), દાવદ્રવ નામના વૃક્ષના ઉદાહરણ દ્વારા આરાધક અને વિરાધકના સ્વરૂપને સ્પષ્ટ કરવામાં આવેલ છે (૧૧). આ દષ્ટાંત કથાઓ પરવર્તી કથાસાહિત્ય માટે પ્રેરણા પ્રદાન કરે છે. તેમની મૌલિકતા અસંદિગ્ધ છે.

આ ગ્રન્થમાં કેટલીક રૂપક કથાઓ પણ છે.[1] બીજા અધ્યયનના કથા ધન્ના સાર્થવાહ અને વિજય ચોરની કથા છે. આ આત્મા અને શરીર વિશેના સંબંધનું રૂપક છે (૨). સાતમા અધ્યયનની રોહિણી કથા પાંચ વ્રતોની રક્ષા અને વૃદ્ધિને રૂપક દ્વારા પ્રસ્તુત કરે છે. ઉદકજ્ઞાત નામની કથા સંક્ષિપ્ત છે પરંતુ તેમાં જળશુદ્ધિની પ્રક્રિયા દ્વારા એક જ પદાર્થના શુભ અને અશુભ બન્ને રૂપોને પ્રગટ કરવામાં આવ્યા છે. અનેકાન્તના સિદ્ધાંતને સમજાવવા માટે આ ઘણી જ ઉપયોગી કથા છે (૧૨). નંદીફળની કથા જો કે અર્થ કથા છે, પરંતુ આમાં રૂપકની પ્રધાનતા છે. ધર્મગુરુના ઉપદેશો પ્રત્યે શ્રદ્ધા રાખવાનો સંકેત આ કથાથી તીવ્ર થયેલ છે (૧૫). સમુદ્રી અશ્વોના રૂપક દ્વારા લોભાવનાર વિષયોના સ્વરૂપને સ્પષ્ટ કરવામાં આવેલ છે (૧૭).

જ્ઞાતાધર્મકથા પશુકથાઓ માટે પણ ઉદ્દગમગ્રન્થ માની શકાય. આ એક જ ગ્રન્થમાં હાથી, અશ્વ, સસલો, કાચબા, મોર, દેડકા, શિયાળ વગેરેને કથાઓના પાયારૂપે ચિત્રિત કરેલ છે. મેરુપ્રભ હાથીએ અહિંસાનું જે ઉદાહરણ પૂરું પાડેલું છે, તે ભારતીય કથાસાહિત્યમાં અન્યત્ર દુર્લભ છે. જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કંધમાં મૂળ તો ૨૦૬ સાધ્વીઓની કથા છે, પરંતુ તેમનાં સ્વરૂપ, નામ, ઉપદેશ વગેરે એક જેવા છે. કેવળ કાલીની કથા પૂર્ણ કથા છે. નારીકથાની દૃષ્ટિએ આ કથા મહત્ત્વપૂર્ણ છે.

### ઉપાસકદશા—

ઉપાસકદશાંગમાં મહાવીરના મુખ્ય દસ શ્રાવકોના જીવન–ચરિત્રનું વર્ણન છે.[2] આ કથાઓમાં જો કે વર્ણકોનો પ્રયોગ છે, તો પણ દરેક કથાનું સ્વતંત્ર મહત્ત્વ પણ છે. વ્રતોના પાલનમાં અથવા ધર્મની આરાધનામાં ઉપસ્થિત થનાર વિઘ્નો, સમસ્યાઓનો સામનો સાધકે કેવી રીતે કરવો તે પ્રતિપાદિત કરવાનું જ આ કથાઓનું મુખ્ય ધ્યેય છે. કથાતત્ત્વોની બહુલતા ન હોવા છતાં આ કથાઓનું વર્ણન વાચકોને આકર્ષિત કરે છે. સમાજ તેમજ સંસ્કૃતિ સંબંધી સામગ્રી ઉપાસકદસાઓની કથાઓમાં પર્યાપ્ત માત્રામાં છે.[3] આ કથાઓ આજે પણ શ્રાવકધર્મના ઉપાસકો માટે આદર્શરૂપ બની રહી છે. પરંતુ એ શ્રાવકોની સાધના પદ્ધતિ પ્રત્યે વાચકોનું આકર્ષણ કમ છે, તેમાં વર્ણવેલ સામગ્રી પ્રત્યે તેમનો વિશેષ ભાવ છે.

### અન્તકૃતદશા સૂત્ર—

જન્મ-મરણની પરંપરાનો પોતાની સાધનાથી અંત કરનાર દશ વ્યક્તિઓની કથાઓનું આમાં વર્ણન હોવાથી આ ગ્રન્થને અન્તકૃતદ્દશાંગ કહેવામાં આવેલ છે.[4] આ ગ્રન્થમાં વર્ણવેલ કેટલીક કથાઓનો સંબંધ અરિષ્ટનેમિ અને કૃષ્ણ-વાસુદેવના યુગ સાથે છે. ગજસુકુમાલની કથા લૌકિક કથાને અનુરૂપ વિકસિત થઈ છે. દ્વારિકાનગરીના વિનાશનું વર્ણન કથા-યાત્રામાં કુતૂહલપ્રેરક છે. ગ્રન્થના અંતિમ ત્રણ વર્ગોની કથાઓનો સંબંધ મહાવીર તથા રાજા શ્રેણિક સાથે છે. આમાં અર્જુન માળાની કથા તથા સુદર્શન શેઠની અવાન્તર-કથા વાંચકોનું ધ્યાન વિશેષ આકર્ષિત કરે ઠ. અતિમુક્તકુમારની કથા બાલકથાની ઉત્સુકતા ધરાવે છે. આ કથાઓ સાથે રાજકીય પરિવારોની વ્યક્તિઓના સંબંધ છે. સાધનાના અનુભવોનું સામાન્યીકરણ કરવામાં આ કથાઓ કંઈક અંશે સફળ થઈ છે.

### અનુત્તરોપપાતિકદશા—

આ ગ્રન્થમાં એવા લોકોની કથા છે, કે જેમણે તપઃસાધના દ્વારા અનુત્તર વિમાનો (દેવલોક)ની પ્રાપ્તિ કરેલ છે.[5] આમાં કુલ તેત્રીસ કથાઓ છે. જેમાંની ત્રેવીસ કથાઓ રાજકુમારોના અને દસ કથાઓ સામાન્ય પાત્રોના છે. આમાં ધન્યકુમાર સાર્થવાહના પુત્રની કથા વિશેષ હૃદયગ્રાહી છે.

---

૧. જ્ઞાતાધર્મકથા, ગુજરાતી અનુવાદ, ભૂમિકા–ગોપાળદાસ પટેલ
૨. ઉવાસગદસાઓ–સં. ડૉ. છગનલાલ શાસ્ત્રી, બ્યાવર, ૧૯૮૧.
૩. ઉપાસકદશાસૂત્ર–અંગ્રેજી અનુવાદ, ડૉ. એ. એફ. હર્નલે, કલકત્તા
૪. અન્તકૃતદશા–સંપા. ડૉ. સાધ્વી દિવ્ય પ્રભા, બ્યાવર, ૧૯૮૧.
૫. અનુત્તરોપપાતિક દશા–સંપા. ડૉ. સાધ્વી મુક્તિપ્રભા, બ્યાવર, ૧૯૮૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિપાકસૂત્ર —

વિપાકસૂત્રમાં કર્મના પરિણામોની કથાઓ છે.[1] પહેલા સ્કંધમાં ખરાબ કર્મોના દુઃખદાયી પરિણામોને પ્રગટ કરનારી દશ કથાઓ છે. મૃગાપુત્રની કથામાં કેટલીક અવાન્તર કથાઓ ગૂંથાયેલી છે. ઉદ્દેશ્યની પ્રધાનતા હોવાથી કથાતત્ત્વ વિશેષ વિકસિત થયેલ નથી. પરંતુ વર્ણનો આકર્ષક બની રહ્યા છે. અતિપ્રાકૃત તત્ત્વોનો સમાવેશ આ કથાઓને સમાજ સાથે જોડે છે. વેપારી, કસાઈ, પુરોહિત, કોટવાલ, વૈદ્ય, પારધી, રસોઈઆ, વેશ્યા વગેરે પાત્રો સાથે સંબંધિત હોવાથી આ પ્રાકૃત કથાઓમાં લોકતત્ત્વોનો સમાવેશ વિશેષ થયેલ છે. બીજા સ્કંધની કથાઓ સુકર્મોના પરિણામને દર્શાવે છે. સુબાહુની કથા વિસ્તૃત છે. બીજી કથાઓમાં પ્રાયઃ વર્ણકો છે. આ ગ્રન્થની કથાઓ કથોપકથનની દૃષ્ટિએ વિશેષ સમૃદ્ધ છે. તેની આ શૈલીથી પરવર્તી કથા સાહિત્ય પણ પ્રભાવિત થયું છે. હિંસા, ચોરી, મૈથુનના ખરાબ પરિણામોને આ કથાઓ દર્શાવે છે. પરંતુ આમાં અસત્ય અને પરિગ્રહના પરિણામોને જણાવતી કથાઓ નથી. સંભવ છે કે આ ગ્રન્થની કેટલીક કથાઓનો લોપ થયો હોય. કારણ કે નન્દી અને સમવાયાંગસૂત્રમાં વિપાકસૂત્રની જે કથાવસ્તુ વર્ણવેલ છે તેમાં અસત્ય અને પરિગ્રહના ખરાબ પરિણામોને લગતી કથાઓ હોવાનો ઉલ્લેખ મળે છે.[2]

ઉપાંગ આગમ સાહિત્ય —

ઔપપાતિક સૂત્રમાં ભગવાન મહાવીરની વિશેષ ઉપદેશવિધિનું નિરૂપણ છે. ગૌતમ ઇન્દ્રભૂતિના પ્રશ્નો અને મહાવીરના ઉત્તરોમાં જે સંવાદતત્ત્વ વિકસેલ છે, તે કેટલીય કથાઓ માટે આધાર બને છે. નગર-વર્ણન, શરીરવર્ણન વગેરેમાં આલંકારિક ભાષા તથા શૈલીનો પ્રયોગ આ ગ્રન્થમાં છે. રાજપ્રશ્નીય સૂત્રમાં રાજા પ્રદેશી અને કેશી શ્રમણની વચ્ચે થયેલ સંવાદ વિશેષ મહત્ત્વનો છે. આમાં કેટલાંય કથાસૂત્રો વિદ્યમાન છે. આ પ્રસંગમાં ધાતુના વ્યાપારીઓનો કથા મનોરંજક છે. તેને લોકકથામાંથી જ ઉઠાવીને રજૂ કરવામાં આવી છે.

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં જો કે ભૂગોળ સંબંધી વિવરણ છે, પરંતુ આમાં નાભિ કુલકર, ઋષભદેવ તીર્થંકર તેમ જ ભરત-ચક્રવર્તીની કથાઓનું પણ વિવરણ છે. પૌરાણિક કથાતત્ત્વો માટે આ ગ્રન્થની સામગ્રી ઉપયોગી છે. નિરયાવલિયા તેમ જ કપ્પિયા વગેરે સૂત્રોમાં રાજા શ્રેણિક, રાણી ચેલણા, રાજકુમાર કુણિકની કથા વિસ્તારપૂર્વક આપેલી છે, આમાં સોમિલ બ્રાહ્મણ અને સાર્થવાહ-પત્ની સુભદ્રાની બે સ્વતંત્ર કથાઓ પણ છે. વધુ સંતાનની ઇચ્છા અને તેનાથી થનારા દુઃખને આ કથામાં રેખાંકિત કરવામાં આવ્યું છે, પુપ્ફિકા ઉપાંગમાં પોતાના સિદ્ધાંતનું મહત્ત્વ પ્રતિપાદિત કરતી કથાઓ છે. આમાં કુતૂહલ તત્ત્વની પ્રધાનતા છે. પુષ્પચૂલામાં દશ દેવીઓનું વર્ણન છે, તેમાં પૂર્વભવનું પણ વર્ણન છે. વૃષ્ણિદશામાં કૃષ્ણકથાનું વિસ્તરણ છે, જેમાં નિષધકુમારની કથા આકર્ષક છે.

મૂલસૂત્ર—

મૂલસૂત્રોમાં કથા-સાહિત્યની દૃષ્ટિથી ઉત્તરાધ્યયનસૂત્ર વિશેષ મહત્ત્વનું છે, તેમાં શિક્ષાપ્રદ તેમ જ ભાવનાપ્રદ કથાઓનો સમાવેશ થયેલ છે. રાજર્ષિ સંજય (૧૮), મૃગાપુત્ર (૧૯), રથનેમિ (૨૧) વગેરે આમાં વૈરાગ્ય પ્રધાન કથાઓ છે. નમિ-કરકંડુ, દ્વિમુખ વગેરે (૧૮) પ્રત્યેક બુદ્ધોની કથા છે. કેટલીક દૃષ્ટાંત કથાઓ આમાં આપેલ છે. કૂતરી, સુવર, મૃગ, બકરો, બિલાડો વગેરેના દૃષ્ટાંતો પશુ-કથાઓની દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ છે. ચોર, ગાડીવાન, ગોવાળ વગેરેના દૃષ્ટાંત લોકકથા-ઓનું પ્રતિનિધિત્વ કરે છે. એ જ જાતના અન્ય કેટલાક દૃષ્ટાંતો કથાબીજ રૂપે પ્રસ્તુત થયાં છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં જો કે પ્રાકૃત ગાથાઓમાં કથાસંકેત જ વિશેષ છે, પરંતુ તેમનો વિકાસ આ ગ્રન્થના વ્યાખ્યાસાહિત્યમાં સારી રીતે થયેલ છે. તેથી કથાઓના વિકાસને સમજવાની દૃષ્ટિએ ઉત્તરાધ્યયન સૂત્રનું વિશેષ મહત્ત્વ છે. આ ગ્રન્થની કથાઓનું સામ્ય બૌદ્ધ સાહિત્યમાં અને બ્રાહ્મણ સાહિત્યમાં પ્રાચીન આખ્યાનો સાથે જણાય છે. તેથી કથાઓના તુલનાત્મક અધ્યયનને પણ આ ગ્રન્થની સામગ્રી દ્વારા વેગ મળે છે.

ધમ્મકહાણુઓગો —

ધમ્મકહાણુઓગોમાં મુનિ શ્રી કમલજીએ આગમ સાહિત્યના પ્રાયઃ આ સઘળા ગ્રન્થોમાંથી કથાત્મક સામગ્રીનું ચયન કરીને તેને એક સ્થાન પર એકત્ર કરેલ છે. આ એકત્રીકરણમાં એ પણ દૃષ્ટિ જોવા મળે છે કે કોઈ એક કથાની સામગ્રી જુદા જુદા આગમગ્રન્થોમાં પ્રાપ્ત થાય તો પુનરાવૃત્તિ કર્યા વિના તેને એક સાથે જ સંકલિત કરવામાં આવી છે. કથા-

---

૧. વિપાકસૂત્ર – સંપા. ડૉ. પી. એલ. વૈદ્ય, પૂના.
૨. શાસ્ત્રી, દેવેન્દ્રમુનિ – જૈ. આ. સા. પૃષ્ઠ–૧૯૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રમ તૂટે નહિં તેનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. આ રીતે "ધમ્મકહાણુઓગો" આગમ સાહિત્યનો વ્યવસ્થિત કથા-કોષ કહી શકાય. આ ગ્રન્થમાં કથાઓનું પાત્રોની પ્રધાનતાની દષ્ટિએ આ પ્રમાણે વિભાજન કરવામાં આવ્યું છે—

(ક) ઉત્તમ પુરુષોના કથાનકો (મૂળ પૃ. ૧—૧૪૪) (હિન્દી સંસ્કરણ—પૃ. ૧-૨૫૭) પ્રથમ સ્કંધ

૧. કુલકર, ૨. ઋષભચરિત્ર, ૩. મલ્લી–ચરિત્ર, ૪. અરિષ્ટનેમિ, ૫. પાર્શ્વચરિત્ર, ૬. મહાવીર ચરિત્ર, ૭. મહાપદ્મચરિત્ર, ૮. તીર્થંકરોની દીક્ષા, ૯. ભરત ચક્રવર્તીચરિત્ર, ૧૦. ચક્રવર્તી–દીક્ષા, ૧૧. બળદેવ–વાસુદેવ.

(ખ) શ્રમણ કથાનકો (મૂળ પૃ. ૧-૧૭૬) (હિન્દી સંસ્કરણ, બીજો સ્કંધ પૃ. ૧-૩૭૬)

૧. મહાબલ, ૨. કાર્તિક શ્રેષ્ઠિ વગેરેના કથાનકો, ૩. ગંગદત્ત, ૪. ચિત્તસમ્ભૂતિ, ૫. નિષધ, ૬. ગૌતમ અને અન્ય શ્રમણો, ૭. અનીયશકુમાર વગેરે, ૮. ગજસુકુમાલ, ૯. સુમુખ વગેરે, ૧૦. જાલિ વગેરે શ્રમણો, ૧૧. થાવચ્ચાપુત્ર વગેરે, ૧૨. રથનેમિ, ૧૩. અંગતિ, પૂર્ણભદ્ર વગેરે, ૧૪. જિતશત્રુ અને સુબુદ્ધિ કથાનક, ૧૫. નમિરાજર્ષિ, ૧૬. ઋષભદત્ત અને દેવાનંદાનું ચરિત્ર, ૧૭. મૌર્યપુત્ર તપસ્વી, ૧૮. આર્દ્રક અને અન્ય તીર્થિકો, ૧૯. અતિમુક્તકકુમાર, ૨૦. અલક્ષ-રાજા, ૨૧. મેઘકુમાર, ૨૨. મકાતિ શ્રમણ, ૨૩. અર્જુન માલાકાર, ૨૪. કસ્યપ શ્રમણ, ૨૫. શ્રેણિકપુત્ર જાલક વગેરે, ૨૬. ધન્ના સાર્થવાહ, ૨૭. સુનક્ષત્ર, ૨૮. સુબાહુકુમાર, ૨૯. ભદ્રનન્દી આદિ શ્રમણ, ૩૦. પદ્મ શ્રમણ, ૩૧. હરિકેશબલ, ૩૨. જયઘોષ–વિજયઘોષ, ૩૩. અનાથી મહાનિર્ગ્રન્થ, ૩૪. સમુદ્રપાલીય, ૩૫. મૃગાપુત્ર, ૩૬. સંજય રાજા, ૩૭. ઈષુકુમાર રાજા, ૩૮. સ્કંદક, ૩૯. મોદ્ગલ, ૪૦. શિવરાજર્ષિ, ૪૧. ઉદાયન રાજા, ૪૨. જિનપાલ–જિનરક્ષિત, ૪૩. કાલાસવેસિયપુત્ર, ૪૪. ઉદક પેઢાલપુત્ર, ૪૫. નંદીફલજ્ઞાત, ૪૬. ધન્ય સાર્થવાહ, ૪૭. કાલોદાઈ, ૪૮. પુંડરીક–કંડરીક અને, ૪૯. સ્થવિરાવલી.

(ગ) શ્રમણી કથાનકો (મૂળ પૃ. ૧૭૭–૨૪૦) (હિન્દી સંસ્કરણ, ભાગ ૨, ત્રીજો સ્કંધ, પૃ. ૧–૧૨૪)

૧. દ્રૌપદી કથાનક, ૨. પદ્માવતી વગેરે, ૩. પોટ્ટિલા કથાનક, ૪. કાલી શ્રમણી વગેરે, ૫. રાજી શ્રમણી ૬. ભૂતા-શ્રમણી, ૭, સુભદ્રા કથાનક, ૮. નંદા વગેરે શ્રમણી અને ૯. જયન્તી કથાનક.

(ઘ) શ્રમણોપાસક કથાનક (મૂળ પૃ. ૨૪૧–૩૭૮) (હિન્દી સંસ્કરણ, ભાગ ૨, ચોથો સ્કંધ.)

૧. સોમિલ બ્રાહ્મણ, ૨. પ્રદેશી કથાનક, ૩. તુંગિયા નગરીના શ્રમણોપાસકો, ૪. નંદ મણિયાર, ૫. આનંદ ગાથાપતિ, ૬. કામદેવ, ૭. ચૂલનીપિતા, ૮. સુરાદેવ, ૯. ચુલ્લશતક, ૧૦. કુંડકોલિય, ૧૧. સદ્દાલપુત્ર, ૧૨. મહાશતક, ૧૩. નન્દિનીપિતા, ૧૪. સાલિહીપિતા ૧૫. ઋષભદ્રપુત્ર, ૧૬. શંખ શ્રમણોપાસક, ૧૭. વરુણ-નાગ, ૧૮. સોમિલ બ્રાહ્મણ, ૧૯. શ્રમણોપાસકોની દેવલોકમાં સ્થિતિ, ૨૦. કૂણિક, ૨૧. અંબડ પરિવ્રાજક, ૨૨. ઉદાયી, ભૂતાનંદ અને હસ્તિરાજા તથા, ૨૩. મદ્દુય શ્રમણોપાસક.

(ઙ) નિન્હવ કથાનકો (મૂળ પૃ. ૩૭૯-૪૧૮) હિન્દી સંસ્કરણ, ભાગ ૨, પાંચમો સ્કંધ, પૃ. ૧–૮૦

૧. સાત નિન્હવો, ૨. જમાલિ, ૩. ગોશાલક.

(ચ) ધર્મકથાનુયોગના પ્રકીર્ણક કથાનકો (મૂળ પૃ. ૪૧૯–૫૦૨) હિન્દી સંસ્કરણ, ભાગ ૨, છઠ્ઠો સ્કંધ.

૧. શ્રેણિક–ચેલણા, ૨. રથમૂસલ-સંગ્રામ, ૩. કાલ વગેરેની મરણ કથા, ૪. મહાશિલાકંટક સંગ્રામ, ૫. વિજયચોર, ૬. મયૂરીના ઇંડા, ૭. કાચબાની કથા, ૮. રોહિણી કથા, ૯. અશ્વકથા, ૧૦. મૃગાપુત્ર, ૧૧. ઉજ્ઝિતક કથા, ૧૨. અભગ્નસેન, ૧૩. શકટકથા, ૧૪. બૃહસ્પતિદત્ત કથા, ૧૫. નંદીવર્ધનકુમાર, ૧૬. અંબડદત્તકથા, ૧૭. સોરિયદત્ત, ૧૮. દેવદત્તા કથાનક, ૧૯. અંજૂકથાનક, ૨૦. બાળતપસ્વી પૂરણ અને ૨૧. મહાશુક્લ દેવની કથા.

આ પ્રમાણે ધમ્મકહાણુઓગોના મૂળ સંસ્કરણના લગભગ ૬૫૦ પૃષ્ઠોમાં આગમોના મૂળ ગ્રંથોમાં પ્રાપ્ત થતી ધર્મ-કથાઓના મૂળ પ્રાકૃત પાઠનું સંકલન છે. કથાઓનો કયો અંશ કયા આગમમાંથી લેવામાં આવેલ છે, તેમના સંદર્ભ પણ આપેલ છે. કથાઓને ભિન્ન-ભિન્ન શીર્ષકો આપી વિભાજિત કરવામાં આવી છે, જેથી મૂળપાઠના આધારે જ કથાનકને સમજી શકાય. આ સામગ્રીનું સંકલન, સંશોધન અને તેને વ્યવસ્થિત કરીને આ સ્વરૂપે પ્રસ્તુત કરવામાં મુનિશ્રીનો અથાગ પરિશ્રમ અને આગમ-અધ્યયનનું અગાધ જ્ઞાન સ્પષ્ટ રૂપે ઝળકે છે. (હવે આનો મૂળ અને હિન્દી અનુવાદ પ્રકાશિત થઈ રહેલ છે. પહેલો ભાગ છપાઈ ગયેલ છે તથા બીજો ભાગ પાઠકોના હાથમાં છે. આમાં મૂળ પ્રાકૃત પાઠની સામે જ હિન્દી અનુવાદ આપવામાં આવેલ છે. જેથી હિન્દી પાઠકોને મૂળાનુસારી ભાવ સમજવામાં ઘણી જ સુગમતા થશે.)

કથાનકોનું મૂલ્યાંકન—

અર્ધમાગધીના આગમ સાહિત્યમાં જે કથા બીજ, રૂપક અથવા સૂક્ષ્મ કથાઓ ઉપલબ્ધ છે, તેમનું વિશ્લેષણ તેમ જ વિસ્તાર આગમના વ્યાખ્યા–સાહિત્યમાં થયેલ છે. જે રીતે રામાયણ અને મહાભારત પરવર્તી સંસ્કૃત સાહિત્ય માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધારભૂત ગ્રન્થો મનાય છે, એ જ પ્રમાણે સંસ્કૃત, પ્રાકૃત વગેરે ભાષાઓમાં લખાયેલ જૈન સાહિત્યે આગમ સાહિત્યમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી છે. આગમ સાહિત્યમાં પ્રાપ્ત થતી કથાઓના મૂળરૂપને જો કે શ્રદ્ધેય 'કમલ' મુનિજીએ 'ધમ્મકહાણુઓગો'માં વ્યવસ્થિત કરેલ છે. પરંતુ તો પણ આમાં કેટલાય રૂપકો, દૃષ્ટાંતો, લૌકિક કથાઓ વગેરેનું સંકલન કરવું રહી ગયેલ છે. તે તમામનો એકી સાથે સમાવેશ સંભાવિત પણ નથી. પરંતુ ભવિષ્યમાં આ પ્રમાણેનું એક સંકલન હોવું જોઈએ.

આગમોમાં જે આ કથાઓ ઉપલબ્ધ છે તેમને પૂર્ણ રીતે અહિં આપવી તથા તેમની ઉત્ક્રાંતિ અને વિકાસ વિશે અહિં વિસ્તારપૂર્વક વિશ્લેષણ કરવું સંભાવિત નથી. એ એક સ્વતંત્ર અધ્યયનનો વિષય છે. ડૉ. જગદીશચંદ્ર જૈને પ્રાકૃત કથાઓના ઉદ્ભવ અને વિકાસ પર મહત્ત્વપૂર્ણ પ્રકાશ નાખેલ છે.[1] એ અધ્યયનમાં તેઓએ આગમની કથાઓ ઉપર પણ કેટલોક વિચાર કરેલ છે. ડૉ. એ. એન. ઉપાધ્યેએ પણ પોતાની પ્રસ્તાવનાઓમાં આ સંબંધમાં કેટલીક સામગ્રી પૂરી પાડેલ છે.[2] આગમ ગ્રન્થોના ભારતીય તેમ જ કેટલાક વિદેશી વિદ્વાન સંપાદકોએ પણ પોતાની ભૂમિકાઓમાં કથાઓની થોડી તુલના કરેલ છે, પરંતુ જૈન આગમોમાં પ્રાપ્ત થતી સઘળી કથાઓનું તુલનાત્મક અધ્યયન હજી સુધી થઈ શકેલ નથી. શોધકાર્ય માટે આ ઉપયોગી અને સમૃદ્ધ ક્ષેત્ર છે. ધમ્મકહાણુઓગોની કેટલીક કથાઓની સંક્ષિપ્ત કથા વસ્તુ આપતાં તેમનાં વિષયમાં કંઈક તુલનાત્મક ટિપ્પણી પ્રસ્તુત કરવાથી આગમના અધ્યયન માટે કંઈ માર્ગ નીકળી શકે છે.

### કુલકર—

ભારતીય ઇતિહાસની પૌરાણિક પરંપરામાં કુલકર સંસ્થાનું વર્ણન છે. માનવસંસ્કૃતિના પ્રાથમિક ચરણમાં જીવન-વૃત્તિનું માર્ગદર્શન તેમ જ મનુષ્યોને કુળની જેમ એકઠા રહેવાનો ઉપદેશ આપનારને કુલકર કહેવામાં આવે છે.[3] આગમ ગ્રન્થોમાં એવા ૧૫ કુલકરોનો ઉલ્લેખ છે. इमे पण्णरस कुलगरा समुप्पज्जित्था — (જંબૂ. વ. ૨ સૂ. ૨૮) કેટલાક ગ્રન્થોમાં તેમની સંખ્યા ૧૪ છે.[4] મરુદેવ, નાભિ, ઋષભદેવ આ કુલકરોમાંના હતા. આ કુલકરોએ સમાજ અને રાજનીતિ બન્ને ક્ષેત્રોને વ્યવસ્થિત કર્યા હતા. એમની હાકાર માકાર અને ધિક્કારની નીતિમાં સમાજના બધા જ નિયમો સમાવિષ્ટ હતા.[5] હાલના સંવિધાનની ચાવી કુલકરોની આ નીતિમાં છે. જૈન પરંપરાના કુલકરો અને વૈદિક પરંપરાના મનુઓનું કાર્ય મોટે ભાગે સમાન છે.[6] સમવાયાંગ તેમ જ સ્થાનાંગ સૂત્રમાં કેવળ કુલકરોના નામોનો ઉલ્લેખ છે. પરંતુ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં કુલકરોની નીતિઓનો પણ સંકેત છે.[7] કુલકરોની આ જ પરંપરામાં ઋષભદેવ થયેલ છે.[8]

### ઋષભ —

ઋષભદેવ જૈન પરંપરામાં પ્રથમ તીર્થંકર થઈ ગયા છે. તેમના જીવન સંબંધમાં વિશાળ સાહિત્ય રચાયેલું મળે છે.[9] પરંતુ આગમોમાં ઋષભદેવનું જીવન ઘણું જ સંક્ષિપ્ત અને સરળ છે. તેમાં એમના પૂર્વજન્મોનો ઉલ્લેખ નથી. સ્થાનાંગસૂત્ર વગેરેમાં જુદા જુદા પ્રસંગોમાં ઋષભનો ઉલ્લેખ માત્ર જ છે. પરંતુ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રમાં તેઓનું વિસ્તૃત વિવરણ છે. તેમના ચરિતબિન્દુઓ આ પ્રમાણે છે—

૧. જન્મમહિમા, ૨. દેવો દ્વારા અભિષેક, ૩. રાજ્યકાળ, ૪. કળાઓનો ઉપદેશ, ૫. પ્રવ્રજ્યાગ્રહણ, ૬. તપશ્ચર્યા, ૭. સાધુસ્વરૂપ, ૮. સંયમી જીવનની ઉપમાઓ, ૯. કેવળજ્ઞાન, ૧૦. તીર્થપ્રવર્તન, ૧૧. આધ્યાત્મિક પરિવાર, (ગણ, ગણધર વગેરે), ૧૨. નિર્વાણનો મહિમા,

---

૧. જૈન, ડૉ. જગદીશચન્દ્ર : પ્રાકૃત નેરેટીવ લીટરેચર–ઓરિજીન એન્ડ ગ્રોથ, દિલ્હી, ૧૯૮૧

૨. ઉપાધ્યે, ડૉ. એ. એન. – બૃહત્ કથાકોશ – ભૂમિકા.

૩. प्रजानां जीवनोपायमननान्मनवो मताः । आर्याणां कुलसंस्त्यायकृतेः कुलकरा इमे ॥ — આદિપુરાણ–જિનસેન, સર્ગ – ૩, શ્લોક–૨૧૧.

૪. હરિવંશપુરાણ, સર્ગ–૭, શ્લોક ૧૨૪ આદિ.

૫. શાસ્ત્રી, ડૉ. નેમિચન્દ્ર–આદિપુરાણમેં પ્રતિપાદિત ભારત, પૃ. ૧૩૬.

૬. ડૉ. ફતેહસિંહ : ભારતીય સમાજશાસ્ત્ર કે મૂલાધાર, પૃ. ૧૩૭.

૭. ધમ્મકહાણુઓગો, મૂલ, પૃ. ૪.

૮–૯. શાસ્ત્રી. દેવેન્દ્રમુનિ–ઋષભદેવ : એક પરિશીલન, પૃ. ૧૧૮ આદિ.

૧૦. ધમ્મકહાણુઓગો, મૂલ, પૃ. ૬–૨૩.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષભદેવનું કથાનક જૈન, બૌદ્ધ તેમ જ વૈદિક એ ત્રણે પરંપરાઓમાં સારી રીતે પ્રચલિત છે. વૈદિક પરંપરાના શિવ અને જૈન પરંપરાના ઋષભનું વ્યક્તિત્વ પ્રાયઃ એક સમાન છે. બન્ને આદિદેવરૂપે સર્વમાન્ય છે. તેમના જીવનની ઘટનાઓમાં ઘણી સમાનતા છે.[1] એ સંભવિત છે કે શિવ અને ઋષભનું સ્વરૂપ કોઈ આદિમ લોકદેવતાના સ્વરૂપ પરથી વિકસિત થયું હોય. પરંપરા ભેદથી પછી તેમાં ભિન્નતા આવતી ગઈ. ઋષભના સંયમી જીવનની જે ઉપમાઓ આપવામાં આવી છે તે ઘણી સટીક છે અને કાવ્યજગતમાં ઘણી પ્રચલિત પણ છે. જેમ કે—

૧. કમલપત્રની જેમ નિર્લિપ્ત
૨. પૃથ્વીની માફક સહનશીલ
૩. શરદ સમયના પાણીની જેમ શુદ્ધ હૃદયવાળા
૪. આકાશ જેવા નિરાવલંબી
૫. પક્ષીની જેમ દરેક રીતે મુક્ત વગેરે.

આ ઉપમાઓને ધ્યાનપૂર્વક જોવાથી ખાત્રી થાય છે કે આનો ઘનિષ્ટ સંબંધ પ્રકૃતિના મુક્ત વાતાવરણ સાથે છે, જનજીવન સાથે છે. ઋષભ પ્રકૃતિની જ દેન હતા, અને જન-જીવન માટે તેમનું વ્યક્તિત્વ સમર્પિત હતું.

**મલ્લી-ચરિત્ર —**

શ્વેતાંબર-પરમ્પરા અનુસાર સ્ત્રી પણ તીર્થંકર થઈ શકે છે, આ માન્યતાનો મૂળ આધાર જ્ઞાતાધર્મકથામાં વર્ણવેલ મલ્લીચરિત્ર છે. કથાત્મક દૃષ્ટિથી આ કથાના મુખ્ય કથા ઘટકો આ પ્રમાણે છે—

૧. મહાબલ અને તેમના અચલ વગેરે છ મિત્રોની ઘનિષ્ટતા તથા તેમણે કરેલો સુખ દુઃખ અને ધર્મ સાધનામાં પણ સાથે રહેવાનો નિશ્ચય.

૨. સાતેમાં મહાબળે કરેલી વિશેષ તપસ્યા અને તેના ફળ સ્વરૂપે તેનો તીર્થંકર-નામકર્મ બંધ.

૩. મિથિલા નગરીમાં મહાબળનો રાજકુમારી મલ્લીરૂપે જન્મ. તેના છ સાથીઓની પણ અલગ-અલગ પ્રદેશોમાં રાજકુમારો રૂપે ઉત્પત્તિ.

૪. અલગ-અલગ નિમિત્તે એ છએ રાજકુમારોનું મલ્લી રાજકુમારીના સૌન્દર્ય પર આસક્ત થવું અને વિવાહ માટે એક સાથે મિથિલા પર સૈન્ય સાથે આગમન.

૫. મલ્લીના પિતા રાજા કુમ્ભનું આ છએ રાજકુમારોના આક્રમણથી દુઃખી થવું. તેમની આ ચિંતાનું પુત્રી મલ્લી દ્વારા નિવારણ કરવાની પ્રતિજ્ઞા અને પિતાને આશ્વાસન.

૬. મલ્લી દ્વારા પહેલેથી તૈયાર કરવામાં આવેલ પોતાની સુવર્ણપ્રતિમામાં ભરેલા સડેલા ભોજનથી દુર્ગન્ધ દ્વારા એ છએ રાજકુમારોને પ્રતિબોધ આપવો.

૭. પ્રતિબોધથી જાતિ-સ્મરણ જ્ઞાન અને વૈરાગ્ય પ્રાપ્તિ દ્વારા મલ્લીની સાથે જ છએ રાજકુમારોની પણ દીક્ષા.

૮. મલ્લીની ચૈત્ર શુકલ ચતુર્થીએ નિર્વાણપ્રાપ્તિ.

ભારતીય કથા-સાહિત્યના સંદર્ભમાં જોવામાં આવે તો મલ્લીની કથાનો મૂળ અભિપ્રાય છે "સ્ત્રીના રૂપ પર આસક્ત થયેલા પુરુષોને કોઈ પ્રભાવશાળી ઉપાય દ્વારા જાગ્રત કરવા." આ અભિપ્રાય પ્રાચીન સમયથી કથા-સાહિત્યમાં પ્રયુક્ત થતો રહેલ છે.[2] બૌદ્ધ સાહિત્યમાં ભિક્ષુણી શુભાની કથા પણ આ જ પ્રકારની છે. તેના પર એક પુરુષ આસક્ત બન્યો. તે શુભાના નેત્રોની ઘણી જ પ્રસંશા કરતો હતો. એક દિવસે તેનાથી હેરાન થઈને શુભાએ પોતાના નખોથી પોતાના નેત્રો કાઢીને તે કામુક વ્યક્તિના હાથમાં મૂકી દીધાં અને કહ્યું કે "જે આંખો પર તું મોહિત થયો છે, તેને લઈ જા" આ જ પ્રમાણેની બીજી પણ કથાઓ પ્રાપ્ત થાય છે.[3]

ઉત્તરાધ્યયન સૂત્રમાં રાજીમતીએ રથનેમિને વમનના ઉદાહરણ દ્વારા પ્રતિબોધિત કર્યો હતો.[4] આખ્યાનમણિકોષની રોહિણી નામની કથામાં રોહિણી શીલવતીએ પોતાના પર આસક્ત થયેલ રાજાને જુદા-જુદા દૃષ્ટાંતો કહીને જાગ્રત કર્યો.[5]

---

૧. શાસ્ત્રી, કૈલાશચન્દ્ર—જૈન સાહિત્ય કે ઇતિહાસ કી પૂર્વ પીઠિકા.
૨. જુઓ—પેન્ઝર—'ધી ઓશન ઓફ સ્ટોરી'—ભૂમિકા.
૩. જૈન, શિવચરણલાલ : આચાર્ય બુદ્ધઘોષ ઔર ઉનકી અટ્ઠકથાયેં, દિલ્હી, ૧૯૬૯.
૪. ઉત્તરાધ્યયન સૂત્ર, અ. ૨૨, ગા. ૪૧-૫૨.
૫. આખ્યાનકમણિકોશ, કથાનક સંખ્યા—૧૫, પૃ. ૬૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રયણચૂડરાયચરિયંમાં પણ આ પ્રકારની કથાઓ છે.[1] કથાસરિત્સાગરમાં પણ આ કથાઘટકને વ્યક્ત કરતી કથાઓ પ્રાપ્ત થાય છે. પરંતુ આ કથાઓના અવલોકનથી સ્પષ્ટ થાય છે કે મલ્લીની કથા વિશેષ વ્યાપક અને પ્રભાવશાળી છે. આમાં પ્રતિકોની યોજના વિશેષ સંવેદનશીલ છે. સુવર્ણ પ્રતિમાનું રૂપ નારી સૌન્દર્ય અને તેની અભિજાત સ્થિતિનું પ્રતીક છે. મૂર્તિની ઉપરના છેદ પર ઢાંકેલ કમળ બાહ્યસૌન્દર્યના આકર્ષણને વ્યક્ત કરે છે તથા પ્રતિમાના અંદરના ભોજનની દુર્ગંધ નારીના શરીરની અંદરની અશુચિતાને વ્યક્ત કરવાની સાથે સાથે કમળની નીચે રહેનાર કાદવને પણ દેખાડી દે છે.[2] આ દુર્ગન્ધથી રાજાઓ મુખ ઢાંકીને, મુખ ફેરવીને,[3] ઊભા થઈ જાય છે તે ઘટના, સંયમિત થઈને આસક્તિથી વિમુખ થઈ જવાની વૃત્તિને પ્રગટ કરે છે.

## તીર્થંકર ચરિત્ર—

આગમ ગ્રન્થોમાં ચોવીસ તીર્થંકરોના સંબંધમાં તેમના જીવન સંબંધી કોઈ વિશેષ માહિતી નથી. પરવર્તી ગ્રન્થોમાં તીર્થંકરોના ચરિત્રનો વિકાસ થયેલ છે. 'અરિષ્ટનેમિ' અને પાર્શ્વનાથનું સંક્ષિપ્ત ચરિત્ર કલ્પસૂત્રમાં છે.[4] અરિષ્ટનેમિના આ ચરિત્રમાં રાજીમતી સાથેનો વિવાહપ્રસંગ તેમ જ પશુહિંસા પ્રત્યે કરુણાર્દ્રભાવ દર્શાવતો પ્રસંગ કલ્પસૂત્રમાં નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં આનો ટૂંકો ઉલ્લેખ મળે છે.[5] પરંતુ વ્યાખ્યા સાહિત્યમાં આનો વિસ્તાર થયો છે.[6] આ જ સ્થિતિ પાર્શ્વનાથના ચારિત્ર વિશે પણ છે.[6] આ વિષયમાં ઘણું જ લખાઈ ચૂક્યું છે.[7]

ભગવાન મહાવીરનું ચરિત્ર કંઈક વિસ્તારપૂર્વક આગમોમાં પ્રાપ્ત થાય છે. આચારાંગના બીજા શ્રુતસ્કંધ અને કલ્પસૂત્રમાં મહાવીર સ્વામીના જીવનનો વિશેષ ભાગ વર્ણવેલ છે. કેટલીક ઘટનાઓ ભગવતી સૂત્ર અને ઔપપાતિક સૂત્રથી જાણી શકાય છે.[8] સ્થાનાંગ સૂત્રથી જણાય છે કે મહાવીરના નિર્વાણના અવસરે દેવતાઓ દ્વારા પ્રકાશ કરવામાં આવ્યો હતો,[9] જે વર્તમાન કાળમાંના દિવાળી ઉત્સવનું મૂળ મનાય છે. મહાવીરના જીવન પર વિશેષ પ્રકાશ પડી ચૂકેલ છે.[10]

## ભરત ચક્રવતી—

આગમગ્રન્થોમાં ભરત ચક્રીની કથા જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં કંઈક વિસ્તારપૂર્વક છે. સ્થાનાંગ અને સમવાયાંગસૂત્રમાં આ કથાના છૂટાછવાયા સંદર્ભો જ આવેલા છે.[11] ભરત ચક્રવર્તી સંબંધમા જો કે સમવાયાંગ અને પરવર્તી જૈન સાહિત્યમાં ઉલ્લેખ છે કે—તેઓ ઋષભદેવના પુત્ર હતા, તથા બાહુબલી તેમના ભાઈ હતા, જેની સાથે તેમનું યુદ્ધ પણ થયું હતું.[12] પરંતુ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના આ અંશમાં આવો ક્યાય ઉલ્લેખ નથી કે ભરત ઋષભદેવના પુત્ર હતા, તથા તેમને ઋષભદેવે પોતાનું રાજ્ય સોંપ્યું હતું. એ જ પ્રમાણે બાહુબલીની સાથે ભરતનું જે અહિંસક યુદ્ધ થયું હતું તેનું વર્ણન પણ આગમના આ કથાંશમાં નથી. ૩જી–૪થી શતાબ્દીના વિમલસૂરિકૃત 'પઉમચરિય'' નામના પ્રાકૃત ગ્રન્થમાં પણ ભરત અને બાહુબલીને બે પ્રતિપક્ષી રાજાઓ સ્વરૂપે ચિત્રિત કરવામાં આવ્યા છે, બે ભાઈઓના સ્વરૂપે નહીં.[13] તેથી અહીં એ વિચારણીય છે કે—ઋષભ, ભરત અને બાહુબલી આ ત્રણ પ્રભાવશાળી વ્યક્તિઓનો પારસ્પરિક

---

૧. રયણચૂડરાયચરિયં–સં. શ્રી વિજયકુમુદસૂરિ, પૃ. ૫૪.
૨. तीसे कणगपडिमाए मत्थयाओ तं पउमं अवणेइ । —ધમ્મકહાણુઓગો, મૂળ, પૃ. ૪૩.
૩. विहेत्ता परम्मुहा चिट्ठंति । —ધમ્મકહાણુઓગો, મૂળ, પૃ. ૪૩.
૪. કલ્પસૂત્ર–સં. મ. વિનયસાગર, જયપુર.
૫. ઉત્તરાધ્યયન સૂત્ર–અ. ૨૨.
૬. શાસ્ત્રી, દેવેન્દ્ર મુનિ : ભગવાન અરિષ્ટનેમિ ઔર કર્મયોગી શ્રી કૃષ્ણ : એક અનુશીલન.
૭. એ જ, ભગવાન પાર્શ્વ : એક સમીક્ષાત્મક અધ્યયન.
૮. ધમ્મકહાણુઓગો–મૂળ, પૃ. ૫૪–૮૫.
૯. ધમ્મકહાણુઓગો–પેરા૦ ૩૫૮, સ્થાનાંગ–અ૦ ૧, સૂ. ૭૬.
૧૦. શાસ્ત્રી, દેવેન્દ્ર મુનિ : ભગવાન મહાવીર–એક અનુશીલન, આદિ.
૧૧. ધમ્મકહાણુઓગો–મૂલ, પૃ. ૧૧૪–૧૩૮.
૧૨. આવશ્યક ચૂર્ણિ, પૃ. ૨૧૦. આદિ તથા ત્રિશષ્ટિશલાકાપુરુષચરિત આદિમાં.
૧૩. પઉમચરિયં, ૪. ૩૫–૫૫ ગાથા તથા જુઓ લેખકનો નિબંધ–'બાહુબલી સ્ટોરી ઇન પ્રાકૃત લિટરેચર' ગોમ્મટેશ્વર કોમેમોરેશન વોલ્યૂમ, ૧૯૮૧ પૃ. ૭૬–૮૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધ સંભવ છે કે ચોથી શતાબ્દીની પછીના સાહિત્ય જગતમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે.[૧] વૈદિક સાહિત્યમાં ઋષભ અને ભરતના પારિવારિક સંબંધની સૂચનાઓ પણ પૌરાણિક યુગના સાહિત્યમાં જ મળે છે. પ્રાચીન બૌદ્ધ સાહિત્યમાં આવા પ્રકારનો ઉલ્લેખ જ નથી. તેથી આ સંશોધનનો વિષય છે કે— ઋષભ, ભરત અને બાહુબલીનો પારિવારિક સંબંધ કયારથી અને કયા કારણોથી ભારતીય સાહિત્યમાં પ્રવિષ્ટ થયો છે.[૨]

'ધમ્મકહાણુઓગો'માં ભરત ચક્રવર્તીનું વર્ણન ચક્રરત્નની ઉત્પત્તિથી શરૂ થાય છે. આગળ તેના દિગ્વિજયનું આમાં વિસ્તારપૂર્વક વર્ણન છે. માગધતીર્થ, દક્ષિણ દિશા, પ્રભાસતીર્થ (પશ્ચિમ) પર્યન્ત સિન્ધુ નદીના તટવર્તી પ્રદેશો પર્યન્ત ભરતે વિજયયાત્રા કરી, વૈતાઢય પર્વત પર ભરતની કિરાતરાજની સાથે જે લડાઈ થઈ તેનું આમાં સવિસ્તાર વર્ણન છે. કિરાત અને નાગકુમારના પારસ્પરિક સહયોગનું પણ આમાં વર્ણન છે. વળતાં અયોધ્યા તરફ પાછાં ફરતાં નમિ–વિનમીની સાથે થયેલ ધમસાણ યુદ્ધનું વર્ણન સાહિત્યિક પ્રાકૃતમાં કરવામાં આવ્યું છે. અયોધ્યા પાછા ફર્યા પછી ભરતનો મહારાજ્યાભિષેક કરવામાં આવ્યો[૩] અને વિજય મહોત્સવ ઉજવવામાં આવ્યો.[૪] તે પછી ભરતના શાસનનું વર્ણન છે. તદુપરાંત દીક્ષા લઈને નિર્વાણ પ્રાપ્ત કરવાનું વર્ણન છે.[૫] અહીં પણ ભરતે ઋષભ પાસેથી દીક્ષા પ્રાપ્ત કરી કે તેમને કયાં જઈને તે મળ્યો તેનો કોઈ ઉલ્લેખ નથી. જ્યારે પરવર્તી સાહિત્યમાં ભરતની કથા ઘણી જ વિકસિત થઈ ચૂકી છે.[૬] આ દેશનું નામ આ જ ભરત ચક્રવર્તીના નામથી ભારતવર્ષ એમ પ્રચલિત થયું છે. આ સંબંધમાં મોટા ભાગના વિદ્વાનો સહમત છે,[૭] કારણ કે પ્રાચીન કાળથી જ આવા પ્રકારનો ઉલ્લેખ મળે છે. ભરત ચક્રવર્તીની દિગ્વિજય યાત્રાનું ઐતિહાસિક અને રાજનૈતિક દષ્ટિએ પણ મહત્ત્વ છે. કાલિદાસ દ્વારા વર્ણવેલ રાજા રઘુની દિગ્વિજય-યાત્રા સાથે આ પ્રસંગનું તુલનાત્મક અધ્યયન કેટલાય સાંસ્કૃતિક તથ્યોને પ્રકાશમાં લાવી શકે.

**શ્રમણ કથાનકો—**

આગમ ગ્રન્થોની સામગ્રીના આધાર પર ધમ્મકહાણુઓગોમાં લગભગ ૪૮ શ્રમણોના કથાનકો સંગ્રહીત થયાં છે. આમ તો હજારોની સંખ્યામાં વ્યક્તિઓએ દીક્ષા સ્વીકારીને શ્રમણ જીવનનો સ્વીકાર કર્યો હતો, પરંતુ આગમ ગ્રન્થોમાં કેટલાક મુખ્ય મુખ્ય શ્રમણોની કથાઓ જ ઉદાહરણરૂપે પ્રસ્તુત કરવામાં આવી છે. તેમાં અરિષ્ટનેમિ અને મહાવીર તીર્થંકરના તીર્થમાં દીક્ષા પ્રાપ્ત કરેલ શ્રમણોની કથાઓ વિશેષ પ્રમાણમાં અંકિત થઈ છે. આ કથાઓ જુદા જુદા આગમોમાં મળે છે. જેને મુનિ કમલજીએ તીર્થંકરના ક્રમપૂર્વક વ્યવસ્થિત કરેલ છે. આ સઘળા શ્રમણોની કથાઓનું ઝીણવટથી મૂલ્યાંકન કરવાનું અહીં સંભવિત નથી. કેટલાંક કથાનકો પર કેવળ દૃષ્ટિપાત કરી શકાય.

વિમલનાથ તીર્થંકરના તીર્થમાં બલરાજા અને પ્રભાવતી રાણીને મહાબલ નામના પુત્રનો જન્મ થાય છે. સ્વપ્નદર્શન, ગર્ભરક્ષા, જન્મોત્સવ, મહાબલનું શિક્ષણ વગેરેનું વર્ણન વર્ણક અનુસાર છે. ધર્મઘોષ સાધુ પાસે દીક્ષા લઈને મહાબલ આગલા જન્મમાં વાણિય ગામમાં શેઠ કુળમાં જન્મ લે છે, જ્યાં તેનું નામ સુદર્શન રાખવામાં આવે છે. એ સુદર્શન સમય આવતાં મહાવીર તીર્થમાં દીક્ષિત થાય છે અને તપશ્ચર્યા કરીને મુક્તિ મેળવે છે.[૮] સુદર્શન નામના શેઠની કથા જૈન સાહિત્યમાં ઘણી પ્રચલિત છે. જ્ઞાતાધર્મકથામાં સુદર્શન ગૃહસ્થ એક જૈનાચાર્ય પાસેથી દીક્ષા સ્વીકારે છે.[૯] સ્થાનાંગ સૂત્રમાં પાંચમા અંતકૃત્ કેવલીરૂપે સુદર્શનનો ઉલ્લેખ છે.[૧૦] પ્રાકૃત અને અપભ્રંશના કથા ગ્રન્થોમાં પણ સુદર્શન નામ નાયક રૂપે પ્રસિદ્ધ જણાય છે.[૧૧]

---

૧. વસુદેવહિંડી, પ્રથમ ખંડ, પૃ. ૧૮૬.
૨. માલવણિયા, પં. દલસુખ : 'ધી સ્ટોરી ઑફ બાહુબલી', સંબોધિ, વૉ. ૬, ભા. ૩–૪, ૧૯૭૮.
૩. ધમ્મકહાણુઓગો–મૂળ, પેરા. ૫૭૦–૫૭૨, પૃ. ૧૩૪.
૪. એજન, પેરા. ૫૭૮, પૃ. ૧૩૬ તથા જૈનાગમ-નિર્દેશિકા પૃ. ૬૮૫ આદિ.
૫. એજન, પેરા. ૫૮૩, ૫૮૪, પૃ. ૧૩૭.
૬. જુઓ–શાસ્ત્રી, દેવેન્દ્ર મુનિ : ઋષભદેવ–એક પરિશીલન, પૃ. ૧૮૧–૨૨૪.
૭. જુઓ–મુનિ મહેન્દ્રકુમાર 'પ્રથમ' : તીર્થંકર ઋષભ ઔર ચક્રવર્તી ભરત, કલકત્તા,૧૯૭૪, પૃ. ૧૪૯ વ.
૮. ભગવતી સૂત્ર, શતક ૧૧, ઉ. ૧૧
૯. ણાયાધમ્મકહા, અ. ૫
૧૦. સ્થાનાંગસૂત્ર, સ્થાન–૧૦, સૂ. ૧૧૩
૧૧. જૈન, ડૉ. હીરાલાલ : સુદંસણચરિઉ, ભૂમિકા, પૃ. ૨૪–૨૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિ સુવ્રતનાથ તીર્થંકરના તીર્થમાં કાર્તિક શેઠ અને ગંગદત્ત ગાથાપતિની દીક્ષા સંબંધી કથાનક સામાન્ય રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું છે. એક હજાર આઠ વણિક પુત્રોની સાથે કાર્તિક શેઠની દીક્ષાનું વર્ણન પ્રભાવોત્પાદક છે.[1]

અરિષ્ટનેમિના તીર્થમાં ચિત્ત અને સંભૂતિની કથાનું વર્ણન ઉત્તરાધ્યયનમાં થયેલ છે. કુલ ૩૫ ગાથાઓમાં આ કથા સંક્ષેપમાં કહેવાઈ છે, આ કથાનો વિસ્તાર ઉત્તરાધ્યયન સૂત્રની સુખબોધા ટીકામાં થયો છે. આ બે ભાઈઓના અતૂટ પ્રેમની કથા છે. પરસ્પરના આ અનુરાગના કારણે એ બન્ને છ ભવ સુધી એકબીજાના હિતની ચિંતા કર્યા કરે છે. વારાણસીમાં ભૂતદત્ત નામના ચંડાળને ચિત્ત અને સંભૂતિ નામના બે પુત્રો હતા. તેઓ સંગીતકળામાં પ્રવીણ હતા, તથા રૂપ અને લાવણ્યના પણ ધણી હતા, પરંતુ ચંડાલ જાતિના હોવાથી તેમને સમાજમાં તિરસ્કૃત થવું પડતું હતું. છેવટે તેઓ દીક્ષા સ્વીકારીને સ્વર્ગ મેળવે છે. ત્યારપછી તેમના આગલા ભવની પરંપરા ચાલે છે.

બે ભાઈઓનો સ્નેહ અને નીચા કુળમાં ઉત્પન્ન થવાથી નિરાદર—આ કથા ઘટકને લઈને પ્રાચીન સમયથી જ કથાઓ કહેવા સાંભળવામાં આવી રહી છે. ઉત્તરાધ્યયનમાં આ કથાને જે સંક્ષિપ્ત શૈલીથી કહેવામાં આવી છે, તેથી ખાત્રી થાય છે કે આ કથા જનમાનસમાં ઘણી જ પ્રચલિત હતી. બૌદ્ધ કથાઓમાં પણ આ કથાને સ્થાન મળ્યું છે. ચિત્ત-સંભૂત નામની જાતક કથામાં આ કથા વર્ણિત છે.[2] બંને કથાઓને તુલનાત્મક દૃષ્ટિથી જોતાં નીચેની બાબતો દૃષ્ટિગોચર થાય છે.

| ઉત્તરાધ્યયન સૂત્ર | જાતક કથા |
|---|---|
| ૧. કથા મૂળમાં પદ્યમાં હતી જે ટીકામાં ગદ્યમાં લખાઈ છે. | ગદ્ય-પદ્ય મિશ્રિત શૈલીમાં કથા છે. |
| ૨. બંને ભાઈઓમાં અતુટપ્રેમ | એ જ |
| ૩. પૂર્વ ભવમાં સરખાપણું | એ જ |
| (ક) યુગલ મૃગ | એ જ |
| (ખ) હંસયુગલ | બાજયુગલ |
| (ગ) ચિત્તસંભૂત્ત | ચિત્તસંભૂત |
| (ઘ) દેવલોક પ્રાપ્તિ | બ્રહ્મલોક પ્રાપ્તિ |
| (ડ) શેઠ-પુત્ર અને રાજપુત્ર રૂપે જન્મ | શેઠ-પુત્ર અને રાજપુત્ર રૂપે જન્મ. |
| ૪. સંભૂતના જીવ બ્રહ્મદત્તને નરકનું નિદાન (આ કર્મ સિદ્ધાંતની પરંપરામાં ભેદને કારણે છે.) | સંભૂતનો જીવ બ્રહ્મલોકગામી |

૫. માત્ર કથાનકમાં જ નહીં ગાથાઓમાં પણ પર્યાપ્ત સમાનપણું છે.[3] જેમ કે—

| | |
|---|---|
| उवणिज्जई जीवियमप्पमायं, | उपनीयती जीवितं अप्पमायु, |
| वण्णं जरा हरइ नरस्स रायं। | वण्णं जरा हन्ति नरस्स जीवितो। |
| पंचालराया! वयणं सुणाहि, | करोहि पंचाल मम एत वाकयं, |
| मा कासि कम्माइं महालयाइं॥ | मा कासि कम्मं निरयूप पत्तिया॥ |
| (उत्त. १३/२६) | (जातक ४९८ गा. २०) |

ઉત્તરાધ્યયન સૂત્રની કથાવસ્તુનું ગઠન જાતકની કથાવસ્તુની અપેક્ષાએ વિશેષ સંક્ષિપ્ત છે. તથા ઉત્તરાધ્યયનની ભાષા પણ પ્રાચીન છે, તેથી વિદ્વાનો એ તારણ પર આવ્યા છે કે ઉત્તરાધ્યયનની આ કથા પ્રાચીન છે,[4] ભલે આ કથા તેણે લોકકથામાંથી લીધી હોય. આ કથાનો મૂળ ઉદ્દેશ પ્રારંભમાં તો નીચી જાતિના લોકોને પણ ધર્મ અને શિક્ષણનો અધિકાર આપવાનો હતો, પરંતુ બાદમાં કથાનો વિસ્તાર થવાથી તેમાં અન્ય કેટલાય ઉદ્દેશો ભળી ગયેલા છે.

---

૧. ધમ્મકહાણુઓગો, મૂળ, શ્રમણ કથાનક, પૃ. ૧૩, પેરા. ૫૮

૨. જાતક, ખંડ-૪ (હિન્દી અનુવાદ), સં. ૪૯૮

૩. શર્પેન્ટિયર, 'ધી ઉત્તરાધ્યયન સૂત્ર', પૃ. ૪૫૧.

૪. ઘાટગે, એ.એમ. : 'એ ફ્યુ પેરેલલ્સ ઈન જૈન એન્ડ બુદ્ધિસ્ટ વર્ક્સ', નામક નિબંધ, એનલ્સ ઓફ ધી ભાંડારકર ઓરિ. રી. ઇન્સ્ટી. વો. ૧૭ (૧૯૩૫-૩૬) પૃ. ૩૪૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરિષ્ટનેમિના તીર્થમાં દીક્ષા લેનાર શ્રમણોમાં શ્રીકૃષ્ણના કનિષ્ટ બંધુ ગજસુકુમારનું કથાનક ઘણું જ રુચિકર છે. દેવકીને છ શ્રમણોને પોતાને ત્યાં જોઈને તેમની સુંદરતા સંબંધમાં જીજ્ઞાસા થાય છે. તેને ખબર પડે છે કે—તેઓ પોતાના પુત્રો છે, જેમનું હરણ કરીને હરિણૈગમેષી નામના દેવે સુલસા ગાથાપત્નીને આપી દીધા હતા. આથી દેવકીના મનમાં પુનઃ બાલક્રીડા જોવાની લાલચ થાય છે. હરિણૈગમેષી દેવની આરાધનાથી દેવકીને ગજસુકુમાર નામના પુત્રની પ્રાપ્તિ થાય છે.

ગજસુકુમારની યુવાવસ્થામાં શ્રીકૃષ્ણ તેનો વિવાહ સોમિલ બ્રાહ્મણની કન્યા સાથે કરવા ઇચ્છે છે. પરંતુ અરિષ્ટનેમિની ધર્મદેશનાથી ગજસુકુમાર મુનિ બની જાય છે. તે પછી અપમાનિત થયેલ સોમિલ બ્રાહ્મણ દ્વારા ગજસુકુમાર મુનિ પર ઉપસર્ગ કરવામાં આવે છે. પરંતુ મુનિ એ ઉપસર્ગને સહન કરીને મુક્તિ મેળવે છે.[1]

ગજસુકુમારની આ કથા બૌદ્ધ સાહિત્યમાં વર્ણિત યશની પ્રવ્રજ્યા સાથે તુલનીય છે.[2] આ કથામાં કેટલાય તથાતત્ત્વો ભળેલાં છે જેમ કે—

(૧) હરિણૈગમેષી દ્વારા સંતાનનું અપહરણ અને પ્રદાન.
(૨) માતા દ્વારા પુત્ર પ્રાપ્તિની આકાંક્ષા અને તે માટે પ્રયત્ન.
(૩) પુત્રનો જન્મ અને તેનું લાલન-પાલન.
(૪) ધર્મદેશના દ્વારા ગૃહસ્થ જીવનનો ત્યાગ.
(૫) પૂર્વજન્મના વેરી દ્વારા મુનિ-જીવનમાં ઉપસર્ગ.
(૬) ઉપસર્ગો સહન કરતાં મળતી મુક્તિ.

સંતાન પ્રાપ્ત અને તેના અપહરણના સંબંધમાં હરિણૈગમેષી નામના દેવનો ભારતીય સાહિત્યમાં વારંવાર ઉલ્લેખ મળે છે.[3] ડૉ. જગદીશચંદ્ર જૈને આ વિષયમાં વિશેષ પ્રકાશ પાડયો છે.[4] ભગવાન મહાવીરના જીવનકાળમાં પણ આ ઘટના પ્રાપ્ત થાય છે. દેવકીના પુત્રોનું અપહરણ મહાભારતના એ ઘટનાથી પ્રભાવિત છે, જેમાં કંસ દ્વારા તેના પુત્રોનું હરણ કરીને તેમનો વધ કરવામાં આવે છે.[5] જૈન કથામાં વધની ઘટનાને મહત્ત્વ નથી આપવામાં આવ્યું.

પૂર્વ-જન્મના વેરી દ્વારા મુનિ-જીવનમાં ઉપસર્ગ કરવામાં આવ્યાની ઘટના કેટલીય પ્રાકૃત કથાઓમાં મળે છે. પાર્શ્વનાથના જીવન સાથે પણ કમઠનો ઉપસર્ગ જોડાયેલ છે. પરંતુ કલ્પસૂત્રમાં આનો ઉલ્લેખ નથી. તે પછીના ગ્રન્થોમાં છે.[6] અવન્તિ સુકુમાલ નામના કથામાં સુકુમાલ મુનિની સાથે તેના પૂર્વજન્મના ભાભી શિયાળવી રૂપે ઘોર ઉપસર્ગ કરે છે.[7] ગજસુકુમાલના ઉપસર્ગના ઘટનાનો આ વિકાસ જણાય છે.[8] થાવચ્ચાપુત્રની કથાના બે ઉદ્દેશ જણાય છે. પહેલાં તો તેમાં એ ઘોષિત કરવામાં આવે છે કે જો કોઈ વ્યક્તિ ઘરબાર ત્યજીને દીક્ષા ગ્રહણ કરશે તો શ્રીકૃષ્ણ તેના પરિવારનું ભરણપોષણ કરશે. આ વાતનું પોતાનું ઘણું મહત્ત્વ છે. રાજાનું ધર્મના પ્રચાર માટે આથી વિશેષ શું યોગદાન હોઈ શકે? આ કથામાં બાજી ઘટના સુદર્શનના શૌચમૂલક ધર્મની સમીક્ષા પ્રસ્તુત કરવી તે છે. આવી કથાઓથી જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ઉત્તરાધ્યયન સૂત્ર (અ. ૨૨) માં વર્ણિત રથનેમિ-રાજીમતીની કથા અરિષ્ટનેમિના જીવનનું મહત્ત્વપૂર્ણ અંગ છે. જો કે આ કથા અત્યંત સંક્ષિપ્ત શૈલીમાં કહેવામાં આવી છે, પરંતુ તેનું મહત્ત્વ વિશેષ છે. આ કથામાં નીચેના ઉદ્દેશો સ્પષ્ટ છે :

---

૧. ધમ્મકહાણુઓગો-મૂળ, શ્રમણ કથા, પૃ. ૨૩ આદિ.
૨. મહાવગ્ગ પબ્બજ્જા કથા, નાલંદા સંસ્કરણ, પૃ. ૧૮-૨૧.
૩. કુમારસ્વામી, એ. કે. : ધી યક્ષાઝ, પૃ. ૧૨
૪. જૈન, ડૉ. જગદીશચંદ્ર : જૈન આગમ સાહિત્ય મેં ભારતીય સમાજ, પૃ. ૪૪૦.
૫. શ્રીમદ્ ભાગવત, ૧૦-૩૪.
૬. પાસણાહચરિયં, ૩, ૯, ૧૯૪; ઉત્તરપુરાણ ૭૩, ૧૩૬-૩૭ વ.
૭. સુકુમાલસામિ ચરિઉ (શ્રીધર) અપ્રકાશિત (લેખક દ્વારા સંપાદિત અને પ્રકાશ્ય)
૮. જુઓ લેખકનો નિબંધ-'સુકુમાલસ્વામિ કથા-એક અધ્યયન', પ્રાચ્ય વિદ્યા સમ્મેલન, ધારવાર, ૧૯૭૬ માં પ્રસ્તુત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) અરિષ્ટનેમિની પશુઓ પ્રત્યે અપાર કરુણા પ્રગટ કરવી. માંસાહારનો પ્રકારાન્તરથી નિષેધ.
(૨) અરિષ્ટનેમિની વૈરાગ્યભાવના અને અનાસક્તિભાવ પ્રગટ કરવો.
(૩) રાજીમતીનો ભાવી પતિ પ્રત્યેનો પ્રેમ અને અતૂટ સંબંધ સ્થાપિત કરવો. પ્રકારાન્તરથી શીલવ્રતને મજબૂત કરવું.
(૪) રથનેમિને બ્રહ્મચર્યભાવથી પતિત થવાની સ્થિતિમાં રાજીમતી દ્વારા જાગ્રત કરીને ફરીથી શ્રમણચર્યામાં દૃઢ કરવા.

આ કથાનકનો પરવર્તી સાહિત્યમાં સારો એવો વિકાસ થયેલ છે.[૧] તેમાં શ્રીકૃષ્ણની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે.[૨] પરંતુ આગમ ગ્રંથના આ કથાનકમાં શ્રીકૃષ્ણના નામનો ઉલ્લેખ પણ નથી અને અરિષ્ટનેમિની કોઈ ક્રિયામાં તેમના સહયોગનો ઉલ્લેખ પણ નથી.

જિતશત્રુ રાજા અને સુબુદ્ધિ મંત્રીની કથા સ્પષ્ટ રીતે ઉપદેશ કથા છે.[૩] કથાકારને અહીં જૈન દર્શનની દૃષ્ટિથી વસ્તુના અનેક પ્રકારના સ્વરૂપનું પ્રતિપાદન કરવું હતું, સમ્યક્ દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિના અંતરને સ્પષ્ટ કરવું હતું. આ કથામાં પ્રકારાન્તરથી એ પણ કહ્યું છે કે — જે પ્રમાણે મંત્રીએ અશુદ્ધ જળને વિશેષ શોધનની પ્રક્રિયા દ્વારા શુદ્ધ જળ બનાવ્યું એ જ પ્રમાણે જૈનદર્શનની દૃષ્ટિએ અનેક કર્મોથી દૂષિત થયેલ આત્મા પણ વિશેષ તપશ્ચર્યા દ્વારા શુદ્ધ આત્મા બનીને અનુપમ સુખ મેળવી શકે છે. આમ આ કથા એક રૂપક કથાનું પણ ઉદાહરણ છે.

નમિ રાજર્ષિની કથા ઉત્તરાધ્યયનસૂત્રની એક મહત્ત્વપૂર્ણ કથા છે.[૪] જો કે આ કથામાં નમિની પ્રવ્રજ્યાના નિર્ણયની પૂર્વકથા કહેવામાં આવી નથી, પરંતુ નમિ અને ઈન્દ્રની વચ્ચે થયેલ સંવાદનું વિવરણ છે. નમિની પ્રવ્રજ્યાની કથા ભારતીય સાહિત્યમાં સારી રીતે પ્રચલિત હતી. સંભવિત છે કે તે કારણે તેના ઉપદેશાત્મક અંશને જ ઉત્તરાધ્યયન સૂત્રમાં વિશેષ પસિદ્ધ કરવામાં આવ્યો છે. ટીકા સાહિત્યમાં આ કથા પૂરેપૂરી આપેલ છે.[૫] તેથી જણાય છે કે —

૧. મદનરેખાના પુત્રને જંગલમાંથી લઈ આવીને પદ્મરથરાજાએ તેનું નામ 'નમિ' એ પ્રમાણે રાખ્યું. તે મિથિલાનો રાજા બન્યો.

૨. નમિને એક વાર દાહજવરની પીડા ઉપડી. તે સમયે તેણે રાણીઓના હાથના કંકણોના જોડામાંથી શિક્ષા ગ્રહણ કરીને એકાકી જીવન જીવવાનો નિશ્ચય કર્યો.

૩. નમિ જ્યારે પ્રવ્રજ્યા સ્વીકારવા માટે નીકળી રહ્યો હતો ત્યારે ઈન્દ્રે બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને તેની દૃઢતાની પરીક્ષા કરી.

૪. મિથિલાનો વૈભવ બળી રહ્યો છે, આ સૂચનાથી પણ નમિ રાજા અનાસક્ત જ રહ્યા.

ઉત્તરાધ્યયન સૂત્રની આ કથા બૌદ્ધ સાહિત્યમાં પણ મળે છે. મહાજનક જાતકમાં આ જ પ્રમાણેની કથા છે.[૬] જો કે તેમાં કથાવસ્તુ કંઈક ભિન્ન છે. છતાં પણ બન્ને કથાઓનો પ્રતિપાદ્ય વિષય એક જ છે. કેટલીક સમાનતાઓ જોવા જેવી છે. —

| ઉત્તરાધ્યયનસૂત્ર | મહાજનકજાતક |
|---|---|
| ૧—પ્રતિબુદ્ધ થવાના કારણો | |
| (ક) કંકણોની દ્વંદ્વતાના દુઃખથી થતો બોધ | (ક) ફળયુક્ત વૃક્ષની દુર્દશાથી બોધ<br>(ખ) કંકણના દ્વંદ્વથી બોધ<br>(ગ) બન્ને આંખોથી જોવાને કારણે થતા ભ્રમમાંથી મેળવેલ બોધ. |
| ૨—'એકલા રહેવામાં સુખ છે'—નિષ્કર્ષ | એ જ |
| ૩—સમૃદ્ધ મિથિલાનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા-લેવાનો નિર્ણય | એ જ |

૧. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત, સુખબોધા ટીકા આદિ.
૨. હરિવંશપુરાણ, સર્ગ ૫૫, શ્લોક—૨૯—૪૪ વ૦
૩. ધમ્મકહાણુઓગો, મૂળ, શ્રમણકથા, પૃ. ૫૧.
૪. ઉત્તરાધ્યયનસૂત્ર, અધ્યયન—૨૨.
૫. ઉત્તરાધ્યયન સૂત્ર—સુખબોધા ટીકા.
૬. મહાજનક જાતક (હિન્દી અનુવાદ, સં. ૫૩૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૪–નમિના નિશ્ચયની પરીક્ષા<br>(ક) ઇન્દ્ર દ્વારા | દેવી સીવલી દ્વારા |
| ૫–"મિથિલા બળી રહી છે" એ કથન દ્વારા<br>રાજાને લોભાવવો. | એ જ |
| ૬–મિથિલાના બળવા છતાં પણ<br>નમીનું કંઈ જ નથી બળતું[1] | એ જ |
| ૭. જૈન કથાનકમાં ઉપદેશતત્ત્વ વિશેષ છે. | કંઈક ન્યૂન છે. |

સોનક જાતક (સં. ૫૨૯) સાથે પણ આ કથાની કંઈક સમાનતા છે. પ્રત્યેકબુદ્ધ સોનક એ જ કહે છે કે–સાધુ માટે નગરમાં જો આગ પણ લાગી જાય તો તેમાં તેનું કંઈ જ બગડતું નથી.[2] મહાભારતના માંડવ્યમુનિ અને જનકના સંવાદમાં પણ રાજા જનકે એ જ કહ્યું છે કે મિથિલા બળી રહી હોવા છતાં મારું કંઈ જ બળતું નથી.[3] આ ઉપરથી જણાય છે કે મિથિલાના રાજા નમિ અથવા જનકનો અનાસક્તિ ભાવ પ્રાચીન ભારતની વિચારધારાઓમાં પ્રસિદ્ધ હતો. વિષ્ણુપુરાણમાં પણ કહ્યું છે કે મિથિલાના બધા જ રાજા આત્મવાદી હોય છે.[4] નમિ રાજાની કથાની આ ત્રણે પરંપરાઓમાં જાતક કથા વિશેષ પ્રાચીન હોવાની પ્રતીતિ થાય છે. કારણ કે તેમાં કથાતત્ત્વ વિશેષ છે, ઉપદેશતત્ત્વ ન્યૂન છે. જ્યારે જૈન કથાનકમાં કથાનું નિર્માણ ટીકા સાહિત્યમાં થયું છે.

ઉત્તરાધ્યયનસૂત્રમાં બે નમિ રાજાઓની પ્રવ્રજ્યાનું વર્ણન છે. એક નમિ તીર્થંકર છે, બીજા નમિ પ્રત્યેકબુદ્ધ છે.[5] નવમું અધ્યયન પ્રત્યેકબુદ્ધ સંબંધિત છે. એ આશ્ચર્યકારક છે કે—જૈન પરંપરામાં ઋષિભાષિત પ્રકીર્ણકમાં ૪૫ પ્રત્યેકબુદ્ધોનું જીવન સંકલિત છે,[6] પરંતુ આમાં નમિ પ્રત્યેકબુદ્ધનું નામ નથી. એથી પણ સંકેત મળે છે કે આ કથા બૌદ્ધ પરંપરામાંથી જૈન પરંપરામાં ગ્રહણ કરાઈ છે.

શ્રમણ કથાનકોમાં મેઘકુમારની કથા ઘણી જ પ્રસિદ્ધ છે. આ કથા સાંસ્કૃતિક દૃષ્ટિએ મહત્ત્વની છે.[7] જ્ઞાતાધર્મકથામાં મેઘકુમારની પ્રવ્રજ્યા વગેરેનું જે વર્ણન છે, તેથી કથાનો મુખ્ય ભાગ[8] નીચે પ્રમાણે જ્ઞાત થાય છે—

૧. રાજા શ્રેણિક, રાણી ધારિણી અને અભયકુમારની કથા.
૨. મેઘકુમારનો જન્મ, શિક્ષણ, વિવાહ વગેરે.
૩. મહાવીરના ઉપદેશથી વૈરાગ્ય ભાવના.
૪. માતા–પિતા અને મેઘકુમાર વચ્ચે વૈરાગ્ય વિશે વાર્તાલાપ.
૫. મેઘની દીક્ષાનો મહોત્સવ.
૬. મેઘ મુનિને રાત્રે શય્યા પરીષહ તેમ જ તેનાથી શ્રમણ જીવન પ્રત્યે ઉત્પન્ન થયેલી ઉદાસીનતા.
૭. મહાવીર દ્વારા મેઘકુમારને પૂર્વભવ સંભળાવીને તેને ફરીથી દીક્ષામાં દૃઢ કરવો.
૮. પૂર્વભવોમાં સુમેરુપ્રભ હાથી અને સસલાની કથા.

---

૧. सुहं वसामो जीवामो जेसिं मो नत्थि किंचण ।
मिहिलाए डज्झमाणीए न मे डज्झई किंचण ॥ उत्तरा. ९.१४.
એ જ ગાથા મહાજનક જાતકમાં, ૧૨૫ મી ગાથા.
૨. पंचम भद्दं अधनस्य अनागारस्स भिक्खुनो ।
नगम्हि डय्हमानम्हि नास्स किंचि अडय्हथ ॥ સોનક જાતક ૫૨૯.
૩. મહાભારત, શાન્તિપર્વ, અ. ૨૭૬, શ્લોક–૪.
૪. આચાર્ય તુલસી : ઉત્તરાધ્યયન—એક સમીક્ષાત્મક અધ્યયન, પૃ. ૩૫૫.
૫. दुन्निवि नमी विदेहा रज्जाइं पयहिऊण पव्वइया ॥
एगो नमि तित्थयरो एगो पत्तेयबुद्धो ॥ ઉત્તરાધ્યયન નિર્યુક્તિ ગા. ૨૬૭
૬. ઇસિભાસિયાઇં, પ્રથમ સંગ્રહણી ગાથા.
૭. જ્ઞાતાધર્મકથાસૂત્ર, બ્યાવર, ૧૯૮૧ : ભૂમિકા પૃ. ૧૪ વ.
૮. ધમ્મકહાણુઓગો, મૂળ, શ્રમણકથા પૃ. ૯૩ વ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કથા કંઈક અંશે ગજસુકુમાલની કથા સાથે મળતી આવે છે. જેને આનું વિકસિત રૂપ માની શકાય. જે કાર્ય આ કથામાં અભયકુમારે કરેલ છે તે કાર્યો તેમાં શ્રીકૃષ્ણ દ્વારા કરવામાં આવે છે. વૈરાગ્ય-પ્રાપ્તિ માટે માતાપિતાની આજ્ઞા લેવી અને તેમની વચ્ચે તે અંગે વાર્તાલાપ થવો તે એક પ્રચલિત કથાઘટક છે.[1] બૌદ્ધ સાહિત્યમાં પણ આનો ઉલ્લેખ છે.[2] મેઘકુમારની કથાની જેમ બૌદ્ધ સાહિત્યમાં નંદની દીક્ષાનું વિવરણ પ્રાપ્ત થાય છે. જો કે કથાના ગ્રંથનમાં બન્નેમાં કેટલીક ભિન્નતા છે. જેમ કે—

૧. મેઘકુમાર પોતાના ગૃહસ્થ જીવનની પ્રતિષ્ઠા અને સુખ-સામગ્રીને ધ્યાનમાં રાખીને મુનિસંઘમાં રાત્રે થયેલ અપમાન અને સુવાના કષ્ટને કારણે શ્રમણચર્યાથી ઉદાસીન થાય છે.

૨. મહાવીર મેઘકુમારને તેના પૂર્વજન્મમાં સહન કરેલા કષ્ટો યાદ કરાવીને તેને પુનઃ શ્રમણ જીવન પ્રત્યે વિશ્વસ્ત કરે છે. જ્યારે બુદ્ધ નંદને કદરૂપી વાંદરી તથા સ્વર્ગની અપ્સરાઓનાં સૌન્દર્યને બતાવીને તેને ભિક્ષુજીવનમાં ફરીથી સ્થાપિત કરે છે. આ પ્રકારે સાધનાથી ચલિત થવાનો અને તેમાં પુનઃ પ્રતિષ્ઠિત થવાનો અભિપ્રાય આ બંને કથામાં છે.

૩. આ કથાઓના અધ્યયનથી એવું જણાય છે કે—સમાજના પ્રતિષ્ઠિત વર્ગના યુવાનોને મુનિ સંઘમાં દીક્ષિત કરવા એ મહાવીર અને બુદ્ધ બંનેને માટે આવશ્યક બન્યું હતું, કે જેથી અન્ય વર્ગના લોકો પણ આ ધર્મ પ્રતિ આકર્ષાય.

૪. બન્ને કથાઓના નાયકોની તુલના કરતાં મેઘકુમારનું જીવન વિશેષ પ્રભાવિત કરે છે. કેમ કે—તેનામાં પૂર્વજન્મમાં પણ અત્યંત કરુણા અને સહનશીલતા હતી તથા મુનિ-જીવનમાં પણ તે પ્રતિષ્ઠા અને અભિમાનથી પર થઈ ગયો હતો. જો કે નંદ પણ પોતાના પૂર્વજન્મમાં હાથી હતો તથા તેની ઘટના પણ લગભગ સરખી જ છે.[4]

અર્જુન માળીની કથા મૂળ તો એક યક્ષ કથા છે. યક્ષની આરાધના અને તેના પ્રભાવની સાથે સાથે ક્રૂરમાં ક્રૂર વ્યક્તિ કેવી રીતે સંયમ અને અધ્યાત્મમાર્ગમાં આવી શકે એ વાતને પ્રગટ કરવી એ જ કથાનો મૂળ ઉદ્દેશ છે.[5] જંગલમાં રહેનાર ક્રૂર દસ્યુ વાલ્મીકિના હૃદય-પરિવર્તનની કથા રામાયણમાં મળે છે.[6] બૌદ્ધ સાહિત્યમાં અંગુલિમાલની કથા લોકપ્રિય હતી.[7] એ જ શ્રેણીમાં આ અર્જુન માળીનું કથાનક આવે છે. આ કથાનકમાં જે પરકાયામાં પ્રવેશ કરીને પોતાના પ્રભાવને દેખાડવાની વાત યક્ષે કરી છે, એ કથાઘટક ભારતીય કથા સાહિત્યમાં ખૂબ જ લોકપ્રિય થયેલ છે.[8] વિદ્વાનોએ આ ઉદાહરણનું વિશેષ અધ્યયન કરેલ છે.[9] આ કથામાં સુદર્શન નામના સાધકની દૃઢતાને પણ પ્રગટ કરવામાં આવી છે.

સાર્થવાહપુત્ર ધન્ય અનગારની કથા ઉત્તમ તપસ્યાનું ઉદાહરણ છે. તપશ્ચર્યામાં શરીરની અવસ્થાનું વર્ણન અનેક ઉપમાઓ રૂપકો દ્વારા કરવામાં આવ્યું છે. બૌદ્ધ સાહિત્યમાં ભગવાન બુદ્ધની તપશ્ચર્યાનું પણ વર્ણન પ્રાપ્ત થાય છે.[10] પરંતુ જૈન કથાનું આ વર્ણન વિશેષ સજીવ છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં વર્ણવેલ હરિકેશી મુનિની કથા તે વખતના જાતિવાદની ઉગ્રતા પ્રત્યે વિરોધ પ્રગટ કરવા માટે રજૂ કરવામાં આવેલ છે.[11] ચાંડાલ અને બ્રાહ્મણ આ બંને જાતિનું શ્રમણ જીવનમાં કંઈ જ મહત્ત્વ હોતું નથી. ત્યાં

---

૧. જૈન, જગદીશચન્દ્ર: જૈન આગમ સાહિત્યમાં ભારતીય સમાજ, પૃ. ૩૮૫–૮૬.
૨. મહાવગ્ગ ૧.૪૬. ૧૦૫: પૃ. ૮૬
૩. સુત્તનિપાત–અટ્ઠકથા, પૃ. ૨૭૨, જાતક કથા (સં. ૧૮૨), ધમ્મપદ અટ્ઠકથા, ખં. ૧, પૃ. ૫૯–૧૦૫, તથા થેરગાથા–૧૫૭.
૪. સંગમાવતાર જાતક, સં. ૧૦૨ (હિન્દી અનુવાદ)
૫. ધમ્મકહાણુઓગો–મૂળ, પૃ. ૯૩ વ.
૬. રામાયણ (વાલ્મીકિ)–ક્રૌંચ પક્ષીના વધની ઘટના.
૭. મજ્ઝિમનિકાય, ૨, પૃ. ૧૦૨ વ.
૮. પેન્જર–કથાસરિત્સાગર, ભાગ–૧, અ. ૪, પૃ. ૩૭.
૯. બ્લૂમ ફીલ્ડ—'ઓન ધ આર્ટ ઓફ એન્ટરીંગ એન અધર્સ બોડી' નામક નિબંધ, પ્રોસીડીંગ્ઝ અમેરિકન ફિલોસોફિકલ સોસાયટી, ૫૬.
૧૦. મજ્ઝિમનિકાય—મહાસિંહનાદસુત્ત આદિ.
૧૧. ધ. ક. શ્રમણકથા, પૃ. ૧૧.

૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહત્ત્વ હોય છે કેવળ સાધનાનું. એ જ પ્રમાણે આ કથામાં હિંસક યજ્ઞોની વ્યર્થતા પ્રગટ કરવામાં આવી છે. આ માટે એક યક્ષને માધ્યમ બનાવવામાં આવ્યો છે. પ્રકારાન્તરથી દાનનો મહિમા અને તેના ઉપયુક્ત ક્ષેત્રનું પ્રતિપાદન પણ આ કથાના માધ્યમથી થયું છે.[1] આ જ પ્રમાણેની કથા માતંગ જાતકમાં પણ વર્ણવાઈ છે.[2] બન્ને કથાઓનું તુલનાત્મક અધ્યયન કરવાથી જણાય છે કે બ્રાહ્મણો દ્વારા યજ્ઞનું આયોજન, ચાંડાલ મુનિઓની ઉપેક્ષા અને તેમના પ્રત્યેની ઘૃણા, જાતિવાદનું નિરર્થકપણું તથા દાનની વાસ્તવિક જરૂરિયાત બંનેમાં સમાન છે.[3] તો પણ કથાના સંઘટનમાં ભેદ છે. વિદ્વાનોનો મત એ છે કે—બૌદ્ધ કથામાં બે કથાઓ મળેલી છે અને તે મિશ્રિત છે. તેથી તે પાછળથી રચાઈ છે. જૈન કથા પ્રાચીન છે.[4] જૈન કથામાં બ્રાહ્મણો પ્રત્યે એટલી કટુતા અને ઉગ્ર દષ્ટિકોણ નથી જેટલો બૌદ્ધ કથામાં છે.

ધમ્મકહાણુઓગોના શ્રમણ કથાનક ખંડમાં આ કથાઓ સિવાય બીજી પણ કેટલીક કથાઓ સંગ્રહીત છે. તેમાં શિવરાજ ઋષિ (પૃ. ૧૩૩), જિનપાલિત–જિનરક્ષિત[5] (પૃ. ૧૪૦), ઉદક પેઢાલપુત્ર (પૃ. ૧૪૮), ધન સાર્થવાહ કથાનક (પૃ. ૧૫૯) વગેરે કથાનકો મહત્ત્વપૂર્ણ છે. આથી પ્રાકૃત કથા સાહિત્યના કેટલાય રૂપો પ્રગટ થાય છે. આ શ્રમણ કથાનકો જૈન પરંપરામાં શ્રમણોની દીક્ષા, પરીષહ–જય, તપશ્ચર્યા તેમ જ જ્ઞાન-ધ્યાન તથા ચારિત્ર વગેરે કેટલીય બાજુઓ પ્રગટ કરે છે. પરંતુ આની સાથે જ તેનું કથાનક મહત્ત્વ પણ ઓછું નથી. તેના પર હજુ ખૂબ ઓછું અધ્યયન થયું છે. એ કથાઓનું ઉદ્ગમ સ્થાન તથા વિકાસક્રમ શોધવાની પણ જરૂર છે. બૌદ્ધ કથાઓની સાથે તેની તુલના કરવી જરૂરી છે.[6]

**શ્રમણી કથાનકો—**

ધમ્મકહાણુઓગોમાં મુખ્ય નવ શ્રમણીઓની કથા સંકલિત થઈ છે. તેમાં દ્રૌપદીનું કથાનક સૌથી મોટું છે. તેમાં નીચે જણાવેલ કથા-ઘટકો સમ્મિલિત છે—

૧. નાગશ્રી બ્રાહ્મણીની કથા (મુનિઆહારમાં દોષ)
૨. ધર્મરુચિ અનગારની કરુણા.
૩. સુકુમાલિકાનું દુર્ભાગ્ય અને નિદાન.
૪. દ્રૌપદીની કથા (પાંચ પાંડવો સાથે વિવાહ)
૫. કચ્છુલ્લ નારદની ભૂમિકા
૬. શ્રીકૃષ્ણ અને પાંડવોની મૈત્રી
૭. પાંડવોનું યુદ્ધ
૮. દ્રૌપદી પુત્ર પાંડુસેનનું રાજ્ય
૯. દ્રૌપદીની પ્રવ્રજ્યા અને સાધના દ્વારા નિર્વાણ.

આ કથાનકમાં મહત્ત્વપૂર્ણ વાત નિદાનની છે. મુનિને ઝેરી આહાર આપવાથી નાગશ્રી આગલા જન્મમાં સુકુમાલિકા થાય છે. જ્યાં તેને પરિવાર, પતિ વગેરે સૌની ઉપેક્ષા સહેવી પડે છે. સુકુમાલિકાને સાધક જીવનની તક મળી તો પણ તેણે ભૌતિક સુખોના આકર્ષણમાં એવું નિદાન કર્યું કે તેને આગલા જન્મ (દ્રૌપદી)માં પાંચ પતિઓનું દાસત્વ સ્વીકારવું પડ્યું. પરંતુ તો પણ તે સાધનામગ્ન રહી. જેના અંતિમ પરિણામરૂપે તે નિર્વાણ પામી. જેથી આ કથા એ સ્ત્રીની સતત સાધના દ્વારા અંતિમ લક્ષ્ય પ્રાપ્ત કરવાની કથા છે. આ કથાનો પરવર્તી જૈન સાહિત્યમાં સારો એવો વિકાસ થયેલ છે. ડૉ. હીરાલાલ જૈને આ કથાના વિકાસ પર પ્રકાશ નાખ્યો છે.[7] પ્રકારાન્તરે આ કથામાં શ્રીકૃષ્ણના નરસિંહ અવતારનું વર્ણન પણ છે.[8] શ્રી કૃષ્ણ સાથે આ પ્રસંગ ક્યારે અને કયા આધાર પર જોડાયો એ સંશોધનનો વિષય છે.

---

૧. ઉત્તરાધ્યયનસૂત્ર—સુખબોધા ટીકા, પત્ર–૧૭૩-૧૭૫
૨. માતંગ જાતક (સં. ૪૯૭) ખં. ૪, પૃ. ૫૮૩-૯૭
૩. ઉત્તરાધ્યયન : એક સમીક્ષાત્મક અધ્યયન પૃ. ૨૮૦.
૪. ઘાટગે, એ. એમ.—'એ ફ્યુ પેરેલલ્સ ઈન જૈન એન્ડ બુદ્ધિસ્ટ વર્ક્સ'.
૫. તુલના માટે જુઓ—બલાહસ્સ જાતક (સં. ૧૯૬) તથા દિવ્યાવદાન વ.
૬. જૈન જગદીશચંદ્ર : પ્રાચીન ભારતકી શ્રેષ્ઠ કહાનિયાં (બૌદ્ધ કહાનિયાં), દિલ્હી, ૧૯૭૭.
૭. જૈન, ડૉ. હીરાલાલ : સુગન્ધદશમી કથા, ભૂમિકા, પૃ. ૮.
૮. ધમ્મકહાણુઓગો, મૂળ, શ્રમણી કથા, પૃ. ૨૦૨, પેરા ૧૧૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુભદ્રા શ્રમણીની કથાના પ્રસંગમાં જણાય છે કે—તેના મનમાં અનેક બાળકોની માતા થવાની લાલસા હતી. તેનું નામ બહુપુત્રિકા તરીકે જ પ્રચલિત થઈ ગયું હતું. સોમા નામની યુવતીના જન્મમાં તેણે ૧૬ વારની પ્રસૂતિમાં ૩૨ બાળકોને જન્મ આપ્યો. પરંતુ તે એ બાળકોની સંભાળ રાખતાં ઘણી જ દુઃખી થઈ ગઈ. છેવટે તેણે પ્રવ્રજ્યાનો સ્વીકાર કરીને એ દુઃખથી છુટકારો મેળવ્યો અને સાધના કરીને સિદ્ધિ મેળવી.[1] શ્રમણી કથાઓમાં જયન્તીની કથા પણ ધ્યાન ખેંચે છે. ભગવાન મહાવીરને પહેલી વસતિ આપનાર આ જ જયન્તી અને ભગવાન મહાવીર વચ્ચે પરસ્પર તત્ત્વચર્ચા પણ થઈ છે.

આગમ ગ્રન્થોમાં શ્રમણીની કથાઓના વિવરણને જોવાથી જણાય છે કે—તેનું અંકન અપેક્ષાએ આગમોમાં ઓછું થયું છે. મહાવીરની શિષ્યપરંપરામાં સાધ્વીઓની સંખ્યા વધારે માનવામાં આવે છે. એ દૃષ્ટિથી કથાનકોમાં તેનું પ્રતિનિધિત્વ ઓછું જણાય છે. સાધ્વીસંઘમાં મુખ્ય અને મહાવીરની પહેલી શિષ્યા ચંદના સતીનો તો આગમ ગ્રંથોમાં કથારૂપે ઉલ્લેખ પણ મળતો નથી. કેવળ પ્રથમ શિષ્યારૂપે નામોલ્લેખ છે.[2] જ્યારે વ્યાખ્યા સાહિત્યમાં જણાય છે કે—ચંદનાનું મહાવીરના જીવનમાં મહત્ત્વનું સ્થાન છે. ચંદનાનું કથાનક આગમોમાં કેમ નથી એ પર વિચાર કરવો જોઈએ. વર્ણનોમાં 'જાવ'ની પરંપરા રહેલ છે. ક્યાંક આ સંક્ષિપ્તિકરણમાં ચંદનાની કથા ખોવાઈ ગઈ ન હોય એ જોવાની જરૂર છે. આગમોમાં વર્ણવેલ શ્રમણી-કથાઓનાં બૌદ્ધ ભિક્ષુણીના જીવન સાથે તુલના કરવાથી બન્નેના ઉજ્જ્વલ ચારિત્રો પર પ્રકાશ પડી શકે છે.[3]

**શ્રમણોપાસક કથાનકો—**

આગમ ગ્રંથોમાં પાર્શ્વનાથના તીર્થમાં બે શ્રમણોપાસકો અને મહાવીરના તીર્થમાં ૨૧ શ્રમણોપાસકોના કથાનક અંકિત થયા છે. મૂળ તો આ તીર્થંકરોના અનુયાયીઓની સંખ્યા હજારોની હતી, પરંતુ જે શ્રાવકોએ પોતાની સાધના કે ચિંતનધારા દ્વારા પ્રભાવ ઉત્પન્ન કર્યો હતો તેમના ઉદાહરણો તીર્થંકરો દ્વારા પોતાના ઉપદેશોમાં આપવામાં આવ્યા છે. તેથી તેઓ આદર્શ શ્રમણોપાસક છે, જેમના જીવન પરથી અન્ય લોકો પણ બોધપાઠ ગ્રહણ કરી શકે.

પાર્શ્વનાથના તીર્થમાં સોમિલ બ્રાહ્મણે તેમની પાસેથી બોધ મેળવ્યો પરંતુ અન્ય તીર્થંકરોના પ્રભાવથી તે પાછો જૈન ધર્મથી પતિત થઈ ગયો અને તાપસ-ચર્યાની સાધના કરવા લાગ્યો. ત્યારે એક દેવે આવીને સોમિલને પ્રવ્રજ્યાનો સાચો અર્થ સમજાવ્યો. સોમિલે ફરીથી અણુ વ્રત વગેરેનો સ્વીકાર કર્યો.[4] પાર્શ્વનાથ તીર્થમાં પ્રદેશી રાજા દ્વારા શ્રાવક ધર્મનો સ્વીકાર કરવાની કથા વિસ્તારપૂર્વક વર્ણવાઈ છે.[5] આ કથાના પ્રારંભમાં સૂર્યાભ નામનો દેવ ભગવાન મહાવીર સમીપે ઉપસ્થિત થઈને નૃત્ય વગેરેની વ્યવસ્થા કરે છે, તે ઉપરાંત રાજા પ્રદેશીનો પરિચય છે. પ્રદેશી અને કેશી કુમાર શ્રમણ વચ્ચે જીવના અસ્તિત્વ અને નાસ્તિત્વના વિષયમાં વિશદ ચર્ચા થાય છે.[6] કથામાં આવતા સંવાદતત્ત્વના અધ્યયન માટે આ કથા ઉપયોગી છે. આ કથાનું તુલનાત્મક અધ્યયન 'મિલિન્દપન્હો'ની કથાવસ્તુ સાથે કરી શકાય.[7] આત્માના અસ્તિત્વની સમસ્યા પાર્શ્વ, મહાવીર અને બુદ્ધના સમયમાં મુખ્ય સમસ્યા હતી.

મહાવીરના તીર્થમાં થયેલા કેટલાક શ્રમણોપાસકો પ્રસિદ્ધ હતા. જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ અને ભગવતીસૂત્ર વગેરેમાં કેટલાક શ્રમણોપાસકોની કથા પ્રાપ્ત થાય છે. નંદ મણિયારે એક સાર્વજનિક વાવનું નિર્માણ કરાવ્યું હતું. એ વાવમાં નંદની ઘણી જ આસક્ત હતી. તેથી મૃત્યુ પછી તે એ વાવમાં દેડકો બન્યો. દેડકો થવા છતાં પણ તેને મહાવીરને વંદન કરવાનો ભાવ થયો. પરંતુ ઘોડાની લાતથી ઘાયલ થઈને તે દેડકો મરણ પામ્યો. વંદનની ભાવનાના કારણે તે દેવ બન્યો.[8] આ કથા જંતુ-કથાના અધ્યયન માટે ઉપયોગી છે.

---

૧. ધમ્મકહાણુઓગો, શ્રમણી કથા પૃ. ૨૩૩

૨. (ક) અંગસુત્તાણિ (આ. તુલસી) પ્રથમ, પૃ. ૯૪૬.
जक्खिणी पुप्फचूला य चंदणज्जा य आहिया ।
(ખ) अज्ज चंदणा—ભગવતી, ૯-૧૫૩

૩. જૈન, ડૉ. કોમલચંદ : બૌદ્ધ એવં જૈન આગમોં મેં નારીજીવન, બનારસ, ૧૯૬૭.

૪. पञ्चाणुव्वए सत्तसिक्खावए दुवालसविहे सावयधम्मे पडिवन्ने ।

૫. રાજપ્રશ્નીય સૂત્ર.

૬. શાસ્ત્રી, દેવેન્દ્ર મુનિ : જૈન આગમ સાહિત્ય : મનન ઔર મીમાંસા પૃ. ૨૦૬ વ.

૭. જુઓ—રાયપસેણીયસુત્ત આદિકા સાર, પં. બેચરદાસ દોશી.

૮. ધમ્મકહાણુઓગો, મૂળ પૃ. ૨૯૦-૯૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાસક દશાંગ સૂત્રમાં દસ ઉપાસકોના કથાનકો વર્ણવાયાં છે. આનંદ ઉપાસકની કથાની જેમ જ બાકી નવ ઉપાસકોની કથા પ્રસ્તુત કરવામાં આવી છે. આ કથાઓ ઉદ્દેશપૂર્ણ છે. આ કથાઓના માધ્યમથી મહાવીરના ધર્મશાસન પ્રત્યે લોકોને આકર્ષિત કરવા તથા ગૃહસ્થ-જીવન પણ સાધનાની ભૂમિકા છે એ વાત સિદ્ધ કરવી એ વર્ણનોનું પ્રતિપાદ્ય છે. આનંદના પ્રસંગથી જ જણાય છે કે એક ગૃહસ્થ સાધક પણ સારો તત્ત્વ-ચિંતક બની શકે છે. ગૌતમ જેવા શ્રમણ પણ તેની પાસે પોતાના અજ્ઞાનના પ્રમાદ માટે ક્ષમાની યાચના કરે છે. મહાવીરની નિષ્પક્ષતાનો ઉદ્‌ઘોષ પણ આ પ્રસંગથી થાય છે. આ દસે કથાનકોનું કથા-વસ્તુ પ્રાયઃ એકસરખું છે.[1] એટલે કે કથાતત્ત્વનો અહીં અભાવ છે. તેથી એ જાણી શકાય છે કે-ઉપાસક દશાંગની કથાઓ સંભવ છે કે મૂળ સ્વરૂપે નથી, ગ્રંથના વિષયનું ધ્યાન રાખીને ઘડવામાં આવેલ છે.

ઔપપાતિક સૂત્રમાં મહાવીરના બે શ્રાવકોનું મુખ્યત્વે વર્ણન છે. કૂણિક રાજાએ મહાવીરનો ઉપદેશ સાંભળવા માટે ચંપાનગરીને શણગારી હતી અને તેમનો ઉપદેશ સાંભળવા ગયો હતો. આ પ્રસંગમાં ચંપાનગરી અને મહાવીરનું જે વર્ણન કરવામાં આવેલ છે, તે સાહિત્યિક વર્ણન કેવી રીતે ઉપસ્થિત કરવામાં આવે છે તેનું મુખ્ય ઉદાહરણ છે.[2] કૂણિક રાજા જૈન અને બૌદ્ધ બન્ને પરંપરામાં સારી રીતે ચર્ચાયેલ છે.[3] બીજી કથા અંબડ પરિવ્રાજકની છે કે જેણે પોતાના શિષ્યો સાથે મહાવીરનો ઉપદેશ સાંભળ્યો હતો. અંબડના દઢ સમ્યક્ત્વનું પ્રતિપાદન આ કથાની વિશેષતા છે.

આગમ ગ્રન્થોમાંથી શ્રમણ, શ્રમણી અને શ્રમણોપાસકોના કથાનકોની સાથે જ શ્રમણોપાસિકાઓના કથાનકોનો ધમ્મકહાણુઓગોમાં જુદો સંગ્રહ કરવામાં આવ્યો નથી. સંભવ છે કે શ્રમણોપાસકોના કથાનકોની સાથે તેમની પત્નીઓનો ઉલ્લેખ થઈ જવાથી આગમ ગ્રન્થોમાં તેમના જુદા કથાનકો ઓછા પ્રમાણમાં અંકિત થયા છે. બની શકે છે કે નારીઓ પ્રત્યેનો સામાજિક દષ્ટિકોણ પણ આમાં એક કારણ હોય, નહીંતર તે સમયની શીલવતી અને ધાર્મિક સ્ત્રીઓનું મહાવીરના શાસનને ઉન્નત કરવામાં કંઈ ઓછું યોગદાન નથી.

### નિહ્નવ કથાનકો —

ભગવતી સૂત્રમાં વર્ણવેલ જમાલિ અને ગોશાલક વગેરે સાત નિહ્નવોની કથાઓ પણ આગમ કથા-સાહિત્યમાં પોતાનું વિશેષ મહત્ત્વ ધરાવે છે. કારણ કે પ્રતિપક્ષનું પ્રતિનિધિત્વ તેના દ્વારા જ થાય છે. મહાવીરના જીવન અને ચિંતનને સમજવા માટે આ નિહ્નવોની કથા સમજવી જરૂરી છે.[4] બૌદ્ધ સાહિત્યમાં પણ ગોશાલકનું કથાનક છે. તેમાં તેને મક્ખલી ગોશાલ કહેવામાં આવ્યો છે.[5] વિદ્વાનોએ આ વિષયમાં પર્યાપ્ત સંશોધન કર્યું છે, જેથી એ પ્રમાણિત થાય છે કે ગોશાલક આજીવક સંપ્રદાયનો અગ્રણી હતો.[6]

### પ્રકીર્ણક કથાનકો —

ધમ્મકહાણુઓગોના છઠ્ઠા પ્રકીર્ણક ખંડમાં આગમોમાં મળતી છૂટીછવાઈ કથાઓ એકઠી કરવામાં આવી છે. તેમાંથી ઘણી ખરી જ્ઞાતાધર્મકથા અને વિપાકસૂત્રમાં મળે છે. આ કથાઓને દષ્ટાંત-કથાઓ કહી શકાય. જુદા જુદા અવસરે આ કથાઓના ઉદાહરણો આપીને કર્મ સિદ્ધાંત અને અન્ય તત્ત્વદર્શન સ્પષ્ટ કરવામાં આવ્યું છે. રથમૂસલસંગ્રામના વર્ણન દ્વારા યુદ્ધને કારણે થતી હાનિ દર્શાવવામાં આવી છે અને બોધ કરવામાં આવ્યો છે કે યુદ્ધમાં મરવાથી બધાને સ્વર્ગ મળતું નથી.[7] આ કથામાં રાજા શ્રેણિક, રાણી ચેલણા અને કૂણિકના જીવનની મુખ્ય ઘટનાઓનું વર્ણન કરવામાં આવેલ છે.[8]

વિજય ચોરની કથા એક પ્રતીક કથા છે. તેમાં બે વિરોધી શક્તિઓનું એકીકરણ બતાવીને જૈન દર્શનના અનેકાન્તવાદને પ્રકારાન્તરથી સ્પષ્ટ કરવામાં આવ્યો છે. આત્મા અને શરીરના સંબંધને પણ કથાકારે પ્રતીકોના માધ્યમથી પ્રગટ કર્યો છે. મયૂરી-અંડક નામની કથા કુતૂહલ-વર્ધક કથા છે. શ્રદ્ધા તેમ જ શંકાશીલ મનના સ્વરૂપને બતાવવા માટે

---

૧. તુલનાત્મક કોષ્ટક માટે જુઓ—ઉવાસગદસાઓ, બ્યાવર, સંપા. ડૉ. છગનલાલ શાસ્ત્રી, પૃ. ૧૯૪-૯૫.

૨. ધમ્મ. મૂળ, પૃ. ૩૬૩ વગેરે.

૩. મુનિ, નગરાજ : આગમ ઔર ત્રિપિટક-એક અનુશીલન પૃ. ૩૩૦ વ.

૪. શાસ્ત્રી, દેવેન્દ્ર મુનિ : ભગવાન મહાવીર-એક અનુશીલન, પૃ. ૩૨૫ વ.

૫. મજ્ઝિમનિકાય અટ્ઠકથા, ૧.૪૨૨ વ.

૬. ડૉ. બરુઆ - 'ધ આજીવકાઝ' દ્રષ્ટવ્ય.

૭. ધમ્મકહાણુ. મૂળ, પૃ. ૪૨૫, પેરા. ૯૫

૮. નિરયાવલી, અ. ૨.૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કથા વિશેષ મહત્ત્વની છે. પશુ-પક્ષીના પ્રશિક્ષણની સૂચના પણ આ કથામાંથી મળે છે. બે કાચબાની વાર્તાથી ચંચળ પ્રકૃતિ અને સંયમિત પ્રકૃતિવાળા સાધકોને થતા લાભાલાભની માહિતી મળે છે. શિયાળની ચાલાકી તકસાધુ વ્યક્તિઓની મનોવૃત્તિ પ્રગટ કરે છે.

જ્ઞાતાધર્મકથાની રોહિણી કથા આગમ કથા સાહિત્યની ઉત્તમ કથાઓ પૈકીની છે. એક પરિવારના સભ્યોના અલગ-અલગ સ્વભાવને આમાં દર્શાવ્યા છે. ચાર વહુઓની કથાના નામથી આ કથાએ પરવર્તી કથા સાહિત્યમાં સારું એવું સ્થાન મેળવેલ છે. આ કથાએ વિદેશી કથા સાહિત્યને પણ પ્રભાવિત કર્યું છે. અશ્વોને પકડવાની કથા પણ એક પ્રતીક કથા છે. જે અશ્વ લોભામણા પદાર્થ તરફ આકર્ષિત થયા તેઓ પરાધીન બની ગયા, બાકીના સ્વાધીન બની રહ્યા. વિષયોની આસક્તિ પ્રત્યે જાગ્રત રહેવાની વાત આ કથામાં કહી છે. આ જ વિષયની સાથે સંબંધિત કથા કુવલયમાલામાં પણ આવેલ છે.[1]

વિપાકસૂત્રની કથાઓ કર્મફળને પ્રતિપાદિત કરતી કથાઓ છે. પરંતુ તેના વિષય વસ્તુના આધારે તેને સામાજિક કથાઓ કહી શકાય. તેમાં સમાજની એ બધા જ પ્રકારની વ્યક્તિઓની વૃત્તિઓનું વર્ણન છે, જે હિંસા, ચોરી, માંસ-વિક્રય, કઠોર દંડ, દોષયુક્ત ચિકિત્સા, ઈર્ષ્યા, દ્વેષ, માંસાહાર, ક્રૂરશાસન, મદ્યપાન, વેશ્યાગમન વગેરે અનેક સમાજવિરોધી કાર્યોમાં લીન હતી. તેઓએ તેનાં ખરાબ પરિણામો ઘણા જન્મો સુધી ભોગવ્યાં. આ સંદેશ આપવો એ આ કથાઓનો ઉદ્દેશ છે. આ કથાઓમાં એક વાત સમાન રીતે જોવા મળે છે કે દરેક અપરાધી વ્યક્તિ જુદા જુદા પ્રકારના ફળોને ભોગવીને જ્યારે સદ્ગતિ તરફ જાય છે, ત્યારે તેને શેઠના ઘેર જન્મ જરૂર લેવો પડે છે, તે પછી જ તેની દીક્ષા વગેરે થાય છે.[2] આવા પ્રકારના વર્ણનોથી કથાતત્ત્વમાં રૂઢપણું આવી જાય છે, પરંતુ આનાથી કથાઓની સમકાલીન માન્યતાઓ વિશે પણ જાણકારી મળે છે. વિપાક સૂત્રના બીજા શ્રુત-સ્કંધની કથાઓમાં કેવળ સુબાહુની કથા વર્ણવેલ છે. બાકીની કથાઓ સંક્ષિપ્ત છે. તેમાં દાનનું ફળ અને પાંચસો કન્યાઓ સાથે વિવાહ બધે જ સમાન છે.

### આગમિક કથાઓનું વૈશિષ્ટ્ય —

જૈન આગમોમાં પ્રાપ્ત થતી ઉપરોક્ત બધા જ પ્રકારની કથાઓના અવલોકનથી જણાય છે કે — કોઈ પણ વાર્તાને સમજવા માટે કથા કાન્તા-સમ્મત પદ્ધતિ છે. તેથી જ નાની નાની કથાઓ કેટલીય ગંભીર વાતો કહી જતી હોય છે. આગમોમાં સિદ્ધાંતના ગૂઢ વિષયો સમજવા માટે પ્રતીક, દૃષ્ટાંત, રૂપક અને કથાની સહાય લેવામાં આવી છે. ઉપમાનો, પ્રતીકો વગેરેથી કથાનો વિકાસ સાધવાની પરંપરા વેદો, મહાભારત અને બૌદ્ધ સાહિત્યના ગ્રંથોમાં પણ છે, પરંતુ જૈન સાહિત્યે તેમાં વિશેષ રુચિ દર્શાવી છે.

આગમિક કથાઓનો વિકાસ મનોવૈજ્ઞાનિક ઢબે થયો છે. કથાના વિકાસનું પ્રથમ સ્તર અસંભવથી દુર્લભ તરફ જવાનું છે. આગમ કથા કહે છે કે—સંસારમાં રહીને મુક્તિ પ્રાપ્ત કરવી અસંભવિત છે. તેથી મુક્તિ પ્રત્યે ઉત્કંઠા જાગે છે ત્યારે કથા સાંભળનાર પૂછે છે કે—શું સાચે સાચ સંસારીને મુક્તિ મળતી નથી? તેના ઉત્તરમાં કથાકાર કહે છે કે—ના, એ વ્યક્તિ (તીર્થંકર) જેવું કોઈ તપ કરે તો તેને મુક્તિનો અનુભવ થાય છે. આથી મુક્તિ અસંભવિત સ્થિતિમાંથી દુર્લભ સ્થિતિમાં આવી જાય છે. આ જિનોનું આદર્શ જીવન પ્રસ્તુત કરવાની ભૂમિકા છે.

આ ઉપરાંત અપૂર્વ વૈભવનો ત્યાગ, કષ્ટપ્રદ વ્રતોનું પાલન, તપશ્ચર્યા, ધ્યાન અને યોગ દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિની કથા મુક્તિના માર્ગને દુર્લભથી સંભવિતની કોટિમાં લાવે છે. આ કથાના વિકાસનું બીજું સ્તર છે. આને મુનિધર્મના વિવેચન માટેની ભૂમિકાની સંજ્ઞા આપી શકાય.

મુક્તિ તપશ્ચર્યાથી સંભવિત છે, આ વાત સમજવામાં આવ્યા પછી એ તપશ્ચર્યાને સંભવિતમાંથી સુલભ દર્શાવવા માટે બીજી કથાઓ કહેવામાં આવે છે. નૈતિક આચરણ, શ્રાવક ધર્મ, દૈનિક અનુષ્ઠાન, કર્મ સિદ્ધાંત વગેરે કથાઓ મુક્તિને સંભવિતમાંથી સુલભ બનાવીને તેમાં જનસમુદાયની રુચિ ઉત્પન્ન કરે છે. આને કથાના વિકાસની ત્રીજી અવસ્થા કહી શકાય.

---

૧. દૃષ્ટવ્ય-લેખકનો શોધનિબંધ : કુવલયમાલાકહાકા સાંસ્કૃતિક અધ્યયન, વૈશાલી, પૃ. ૨૧૦.

૨. सेट्ठिकुलंसि पुत्तत्ताए पच्चाइस्सइ ।

— વિપાક. ૧, ધ. ૬. મૂળ, પૃ. ૪૬૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કથાના વિકાસની ચોથી અવસ્થા પ્રતિપાદ્ય વિષયને સુલભમાંથી અનુકરણીય બનાવવાની પ્રવૃત્તિની સાથે સંબંધિત છે. આ ભૂમિકા પર કથાકાર કહે છે કે—તમે જુઓ, આ શ્રાવકે આ પ્રમાણે કર્યું, અને તેનું આ ફળ મેળવ્યું. તમે પણ જો આમ કરશો તો તમને પણ આ રીતનું ફળ મળશે. જૈન આગમોમાં અધિકાંશ કથાઓ આ જ પ્રકારની છે. આ વિકાસક્રમમાં અન્ય કથા સાહિત્ય અને તત્કાલીન જન–સમાજજીવનનો પણ પ્રભાવ પડયો છે.

આગમ કાળની કથાઓની પ્રવૃત્તિઓના વિશ્લેષણના સંબંધમાં ડૉ. એ. એન. ઉપાધ્યેનું આ કથન યોગ્ય જ જણાય છે "આરંભમાં, જે માત્ર ઉપમાઓ હતી તેને બાદમાં વ્યાપક રૂપ આપવા અને ધાર્મિક મતાવલંબિયોના લાભ માટે તેમની પાસેથી ઉપદેશ લેવા માટે તેને કથાત્મક રૂપ આપવામાં આવ્યું છે. આ જ આધાર પર ઉપદેશપ્રધાન કથાઓ વર્ણનાત્મકરૂપે અથવા જીવન્ત વાર્તાઓ રૂપે વિકસાવવામાં આવી છે."[१] તથા આગમિક કથાઓના મુખ્ય વિશેષતા તેની ઉપદેશાત્મક અને આધ્યાત્મિક પ્રવૃત્તિ છે. પરંતુ ક્રમશઃ તેમાં વિકાસ થતો રહ્યો છે. ઉપદેશ, અધ્યાત્મ, ચારિત્ર, નીતિથી આગળ વધીને કેટલાક આગમોના કથાઓ શુદ્ધ લૌકિક અને સાર્વભૌમિક બની ગઈ છે. એ જ કારણ છે કે આ કથાઓને જો સ્વરૂપ–મુક્ત કહેવામાં આવે તો તે વિશેષ ન્યાયયુક્ત કહેવાશે. આલ્સડોર્ફે આગમિક કથાઓની શૈલીને "ટેલિગ્રાફિક સ્ટાઇલ" કહી છે.[२] પરંતુ આ વાત બધે જ લાગું પડતી નથી.

આગમ ગ્રન્થોના કથાઓની વિષય વસ્તુ વિવિધ પ્રકારની છે. તેથી આ કથાઓનો સંબંધ પરવર્તી કથા સાહિત્ય સાથે લાંબા સમયથી રહ્યો છે.[३] સાથે સાથે વેદોના અન્ય કથાઓ સાથે પણ આગમોના કથાઓનો સંબંધ કેટલાક કારણોથી બની રહ્યો છે. ડૉ. વિન્ટરનિત્સે કહ્યું છે – કે "શ્રમણસાહિત્યનો વિષય માત્ર બ્રાહ્મણ, પુરાણ અને ચરિત્ર-કથાઓમાંથી જ લેવામાં આવ્યો નથી, પરંતુ લોકકથાઓ અને પારકથાઓ વગેરેમાંથી પણ ગ્રહણ કરાયો છે."[४] પ્રો. હર્ટલ પણ જૈન કથાઓના વિવિધતાથી પ્રભાવિત થયા છે. તેમનું કહેવું છે કે — "જૈનોનું કથા સાહિત્ય મૂલ્યવાન છે. તેમના સાહિત્યમાં જુદા જુદા પ્રકારના કથાઓ પ્રાપ્ત થાય છે. જેમ કે પ્રેમાખ્યાન, ઉપન્યાસ, દૃષ્ટાંત, ઉપદેશપ્રદ પશુકથાઓ વગેરે. કથાઓના માધ્યમથી તેમણે પોતાના સિદ્ધાંતો જન સાધારણ સુધી પહોંચાડયા છે."[५]

આગમ ગ્રન્થોની કથાઓની એક વિશેષતા એ પણ છે કે એ પ્રાયઃ યથાર્થ સાથે સંકળાયેલી છે. તેમાં અલૌકિક તત્ત્વો અને ભૂતકાળના ઘટનાઓના ઉલ્લેખો ઓછા છે. કોઈ પણ કથા વર્તમાન કથાનાયકના જીવનની સાથે શરૂ થાય છે. પછી તેને બતાવવામાં આવે છે કે — તેના વર્તમાન જીવનનો સંબંધ ભૂત અને ભવિષ્યકાળ સાથે કેવી રીતે છે. આવી સ્થિતિમાં શ્રોતા કથાના પાત્રો સાથે આત્મીય બની જાય છે. જ્યારે વૈદિક કથાઓની અલૌકિકતા ચમત્કારિક લાગે છે, પણ તેના સાથે નિકટતાનો ભાવ અનુભવાતો નથી.[६] બૌદ્ધ કથાઓમાં પણ વર્તમાન કથાઓનો અભાવ ખટકે છે. તેમાં બોધિસત્ત્વના માધ્યમથી બૌદ્ધ સિદ્ધાંતનું ભારણ વિશેષ પ્રમાણમાં છે.[७] જો કે આ બન્ને પરંપરાઓમાં કોઈ પ્રાચીન સામાન્ય સ્રોતમાંથી પણ કથાઓ ગ્રહણ કરવામાં આવી છે. જેને વિન્ટરનિત્સે "શ્રમણકાવ્ય" કહ્યું છે.[८]

### સાંસ્કૃતિક મૂલ્યાંકન —

પ્રાકૃત આગમગ્રન્થોમાં મળી આવતી કથાઓ કેવળ તત્ત્વ–દર્શનને સમજવા માટે જ નહીં, પરંતુ તે સમયના સમાજ અને સંસ્કૃતિને જાણવા માટે પણ મહત્ત્વના છે. જો કે આગમગ્રન્થોનો કોઈ એક રચનાકાળ નિશ્ચિત નથી. મહાવીરના નિર્વાણ પછી વલભીમાં સંપન્ન થયેલ આગમના વાચનાના સમય સુધીમાં આ આગમોનું સ્વરૂપ નિશ્ચિત થયું છે,[९] તથા ઈ. સ. પૂર્વે છઠ્ઠી શતાબ્દીથી ઈ. સ. ની ૫ મી શતાબ્દી સુધી લગભગ એક હજાર વર્ષોનું જન–જીવન આ આગમોમાં

१. ઉપાધ્યે, એ. એન. : બૃહત્કથાકોશ – ભૂમિકા, પૃ. ૮
२. પ્રાકૃત જૈન કથા સાહિત્ય, પૃ. ૧૬૮ (ફૂટનોટ)
३. જૈન, જગદીશચન્દ્ર : દો હજાર વર્ષ પુરાની કહાનિયાં.
४. ધી જૈન્સ ઈન ધી હીસ્ટરી ઑફ ઈન્ડિયન લિટરેચર, સં. મુનિ જિનવિજય. પૃ. ૫
५. પ્રો. હર્ટલ : ઑન ધી લિટરેચર ઑફ ધી શ્વેતામ્બરાઝ ઑફ ગુજરાત પૃ. ૬
६. જૈન, જગદીશચન્દ્ર : પ્રાકૃત જૈન કથા સાહિત્ય, પૃ. ૮
७. પ્રો. હર્ટલ : એજન પૃ. ૭–૮
८. જુઓ–'સમ પ્રોબ્લેમ્સ ઑફ ઈન્ડિયન લિટરેચર,' પૃ. ૨૧–૪૦
९. માલવણિયા, પં. દલસુખ : જૈન સાહિત્ય કા બૃહત્ ઈતિહાસ, ભા–૧,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંકિત થયું છે. આગમોના વ્યાખ્યાસાહિત્યમાં જુદા જુદા સાંસ્કૃતિક સંદર્ભો વિશેષરૂપે સ્પષ્ટ કરવામાં આવ્યા છે.[૧] આગમ ગ્રન્થોમાં પ્રાપ્ત થતી સમાજ, સંસ્કૃતિ અને રાજનીતિ વગેરેની સામગ્રીનું મહત્ત્વ એ માટે વિશેષ છે કે આ યુગના અન્ય ઐતિહાસિક સાધનો ઓછાં પ્રાપ્ત થાય છે. તેથી આ જ સાહિત્યિક પુરાવા પર આધાર રાખવો પડે છે. જૈન–મુનિઓ દ્વારા લખવામાં આવેલ અથવા સંકલિત કરવામાં આવેલ આ આગમગ્રન્થોમાં અતિશયોક્તિઓ હોવા છતાં પણ યથાર્થ ચિત્રણ વિશેષ છે, જે સંસ્કૃતિના મૂલ્યાંકન માટે જરૂરી છે. આ આગમ કથાઓમાં પ્રાપ્ત થતી સાંસ્કૃતિક સામગ્રીના મૂલ્યાંકન માટે સૂક્ષ્મ અધ્યયનની જરૂર છે, તથા સમકાલીન અન્ય પરંપરાના સાહિત્યની જાણ રાખવી પણ જરૂરી છે. અહીં કેટલાંક સાંસ્કૃતિક સંદર્ભોનું માત્ર દિગ્દર્શન જ કરી શકાય.

ભાષાત્મક-દૃષ્ટિ —

મહાવીરના ઉપદેશોની ભાષાને અર્ધમાગધી કહેવામાં આવી છે.[૨] તેથી તેમનો ઉપદેશ જે આગમોમાં સંકલિત થયો છે તેમની ભાષા પણ અર્ધમાગધી પ્રાકૃત છે. પરંતુ આ ભાષામાં મહાવીરના સમયની જ અર્ધમાગધી ભાષાનું સ્વરૂપ સુરક્ષિત રહ્યું નથી, કિન્તુ ઈ. સ. ની ૫ મી શતાબ્દી પર્યન્ત પ્રચલિત રહેલી સામાન્ય પ્રાકૃત મહારાષ્ટ્રીના રૂપો પણ આમાં મળી આવે છે. કેટલાંક આગમ ગ્રન્થોમાં અર્ધમાગધીમાં વૈદિક ભાષાના તત્ત્વો પણ મળે છે. 'गच्छिंसु' વગેરે ક્રિયાઓમાં 'ઈંસુ' પ્રત્યય અને ગ્રહણના અર્થમાં 'घेप्पइ' ક્રિયાઓનું પ્રચલન વગેરે આગમોમાં વૈદિક ભાષાનો પ્રભાવ દર્શાવે છે.[૩] માગધી અને શૌરસેની પ્રાકૃતના કેટલાક છૂટાછવાયા પ્રયોગો પણ આમાં મળે છે.[૪] સંભવ છે કે અર્ધમાગધી ભાષાના ગઠનની પ્રવૃત્તિના કારણે આમ થયું હશે. આગમોની ભાષાને સમજવા માટે કેટલાક ભાષાત્મક સૂત્ર આગમોમાં જ મળે છે, જે સમજવાની જરૂર છે.[૫]

આ આગમિક-ક્રિયાઓની ભાષાનું સ્વરૂપ અને તેના સ્તરને સમજવા માટે વ્યાખ્યાસાહિત્યમાં કરવામાં આવેલ વ્યુત્પત્તિઓને પણ જોવી જરૂરી છે. પ્રકાશિત સંસ્કરણોની સાથે જ ગ્રન્થોની પ્રાચીન પ્રતોમાં અંકિત ટિપ્પણ પણ આગમોની ભાષાને સ્પષ્ટ કરે છે. પાઠ ભેદોનું તુલનાત્મક અધ્યયન પણ આમાં મદદરૂપ થશે.

આ કથાઓના કેટલાય નાયકોને બહુભાષાવિદ્ કહેલા છે. જ્ઞાતાધર્મકથામાં મેઘકુમારની કથામાં તેને અઢાર જુદા જુદા પ્રકારની દેશી ભાષાઓનો વિશારદ કહ્યો છે.[૬] પરંતુ આ ભાષાઓના નામ આગમગ્રન્થોમાં મળતા નથી. તે વ્યાખ્યા-સાહિત્યમાં છે. કુવલયમાલાકહામાં આ ભાષાઓના નામની સાથે સાથે તેમનાં ઉદાહરણ પણ આપ્યાં છે.[૭] આ કથાઓમાં જુદા જુદા પ્રસંગોમાં કેટલાય દેશી શબ્દોનો પણ પ્રયોગ થયો છે. આગમ શબ્દકોશ[૮]માં એવા શબ્દોનું સંકલન કરીને સ્વતંત્ર રૂપે વિચાર થવો જોઈએ.

णिंदू, उल्लपडसाडया, वरइ, जाळुमणा, रत्तबंधुजीवग, सरस, महेलियावज्जं, थंडिल्लं, अवओडय–बंधगय, डिंभय, इंददट्ठाण વગેરે શબ્દો અંતકૃદ્દશાની કથાઓમાં આવેલા છે'.[૯] આ જ પ્રમાણે બીજી કથાઓમાં પણ શોધી શકાય. કેટલાક શબ્દો વ્યાકરણની દૃષ્ટિએ નિયમિત નથી તથા તેમાં કારકોની વ્યાખ્યા નથી.[૧૦] આ તમામ દૃષ્ટિએ આ કથાઓ ભાષાત્મક અધ્યયનમાં પ્રવૃત્ત થવામાં મદદરૂપ થઈ શકે છે. પાલિ, સંસ્કૃત શબ્દોના આ કથાઓમાં પ્રયોગો પણ ઉપયોગી સામગ્રી પૂરી પાડશે.

---

૧. જૈન, જગદીશચંદ્ર : જૈન આગમ સાહિત્ય મેં ભારતીય સમાજ

૨. ઘાટગે : ઈન્ટ્રોડક્શન ટુ અર્ધમાગધી.

૩. પિશેલ : પ્રાકૃત ભાષાઓં કા વ્યાકરણ

૪. મિશ્રા, એસ. એન : ધી ગ્રામર ઓફ અર્ધમાગધી, વારાણસી.

૫. મહાપ્રજ્ઞ નથમલ મુનિ : 'આર્ષ પ્રાકૃત, સ્વરૂપ ઔર વિશ્લેષણ' નામક નિબંધ, સંસ્કૃત–પ્રાકૃત જૈન વ્યાકરણ ઔર કોશકી પરંપરા, ૧૯૮૧.

૬. अट्ठारसविहिप्पगार-देसीभासाविसारए – ધમ્મકહાણુ૦ શ્રમણ કથા, મૂળ પૃ. ૭૮, પેરા ૩૨૬

૭. જૈન, પ્રેમ સુમન : કુવલયમાલા કહા કા સાંસ્કૃતિક અધ્યયન, પૃ. ૨૫૬

૮. આચાર્ય, તુલસી : આગમ શબ્દકોશ, લાડનૂં. ૧૯૮૨.

૯. સાધ્વી દિવ્યા પ્રભા : અન્તકૃદ્દશા, બ્યાવર, વિવેચન.

૧૦. મુનિ નથમલ : ઉત્તરાધ્યયન—એક સમીક્ષાત્મક અધ્યયન, પૃ. ૪૭૮ વ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાવ્યતત્ત્વ —

આગમગ્રન્થોની કથાઓમાં ગદ્ય અને પદ્ય બન્નેનો પ્રયોગ થયો છે. કથાકારોના અધિકાંશ વર્ણનો જો કે વર્ણકરૂપે સ્થિર થઈ ગયા હતા. નગરવર્ણન, સૌન્દર્યવર્ણન વગેરે જુદી જુદી કથાઓમાં એક સરખા મળે છે. તેથી સ્મરણની સુવિધાના કારણે તેની પુનરાવૃત્તિ ન કરતાં 'જાવ' પદ્ધતિ દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવતો રહ્યો. પરંતુ કેટલાક વર્ણનો વિશુદ્ધ રૂપે સાહિત્યિક છે. સંસ્કૃતના ગદ્યસાહિત્યની સૌન્દર્ય-સુષમા તેમાં જોઈ શકાય છે. પ્રાચીન ભારતીય ગદ્ય-સાહિત્યના ઉદ્ભવ અને વિકાસના અધ્યયન માટે આ કથાઓના ગદ્યાંશને મૌલિક આધાર માની શકાય.

મેઘકુમારની કથામાં આવેલ આ પ્રાસાદવર્ણન જોવાલાયક છે—

अब्भुग्गयमूसियपहसिए विव मणि–कणग–रयणभत्ति–चित्ते वाउद्धयविजय–वेजयंती–पडाग–छत्ताइछत्त–कलिए तुंगे गगणतल-मभिलंघमाणसिहरे जालंतर–रयणपंजरुम्मिलिएव्व मणि–कणगथूभियाए वियसिय–सतवत्त–पुण्डरीए तिलय–रयणद्ध–चंदच्चिए नाणामणिमय–दामालंकिए अंतो बहिं च सण्हे तवणिज्ज–रुइल–वालुया–पत्थरे सुहफासे सस्सिरीयरूवे पासाइए जाव पडिरूवे।

ध. क. श्रमणकथा, मूल पृ. ७८

ઉત્પ્રેક્ષાઓનો આમાં ભારોભાર ઉપયોગ થયો છે. એ જ પ્રમાણે ધન્યમુનિની તપશ્ચર્યાના વર્ણનમાં પણ કાવ્યત્વ રહેલું છે. કઠોર તપશ્ચર્યાથી ધન્ય મુનિનું શરીર એટલું સુકાઈ ગયું હતું કે તેમની પાંસળીઓને રુદ્રાક્ષની માળાના મણકાની માફક ગણી શકાતી હતી. તેમના છાતીના હાડકા ગંગાના તરંગોની જેમ સ્પષ્ટ દેખાતા હતા. સૂકા સાપની જેવી ભુજાઓ તથા ઘોડાની લગામની જેમ કાંપતી તેમની હથેળીઓ હતી તથા કંપવાના રોગીની જેમ તેમનું મસ્તક સતત કંપતું રહેતું હતું. જેમ કે—

अक्खसुत्तमाला ति व गणेज्जमाणेहि पिट्ठकरंडगसंधीहिं, गंगातरंगभूएणं उदकडगदेसभाएणं, सुक्कसप्पसमाणाहि बाहाहिं, सिढिल–कडाली विव लंबतेहि य अग्गहत्थेहिं, कंपणवाइओ विव वेवमाणीए सीसघडीए...ध. क. श्रमणकथा, पृ. १०२ पेरा. ४१२

આ કથાઓમાં ઉપમાઓનો અધિક પ્રયોગ થયો છે. ઋષભદેવના મુનિરૂપનું વર્ણન અત્યંત કાવ્યાત્મક છે. તેમાં ૩૯ ઉપમાઓ આપવામાં આવી છે. જેમકે—શુદ્ધ સોનાના જેવા વર્ણવાળા, પૃથ્વીની માફક સઘળા આઘાતોને સહન કરનારા, હાથીની જેમ વીર, આકાશની જેમ આલંબન વિનાના, હવાની જેમ નિર્દ્વન્દ્વ વગેરે.[1]

આ કથાઓના ગદ્યમાં જેટલું કાવ્ય તત્ત્વ છે, પદ્ય ભાગ પણ એટલો જ કાવ્યાત્મક છે. ઉત્તરાધ્યયનની કથાઓ પદ્યમાં જ વર્ણિત છે. તેમાં અનેક અલંકારોનો પ્રયોગ થયો છે.[2] કેટલીક ઉપમાઓ અને દૃષ્ટાંતો અહીં પ્રસ્તુત છે.[3]—

| ઉપમાઓ | દૃષ્ટાંતો |
|---|---|
| आसीविसोवमा (९.५३) | દાવાગ્નિનું દૃષ્ટાંત (૧૪.૪૨) |
| जहेह सीहो व मियं गहाय (१३.२२) | પક્ષીનું દૃષ્ટાંત (૧૪.૪૬) |
| पंखा विहूणो व्व जहेह पक्खी (१४.३०) | મૃગ (૧૯.૭૭) |
| विवन्तसारो वणिओ व्व पोए (१४.३०) | ગોવાળ (૨૨.૪૫) |
| गुरुओ लोह भारो व्व (१९.३५) | ભાથું (૧૯.૧૮) |
| सत्थं जहा परमतिक्खं (२०.२०) | બળતું ઘર (૧૯.૨૨) |
| सिरे चूडामणी जहा (२२.१०) | ત્રણ વાણિક (૭.૧૪) |

આ પ્રમાણેની ઉપમાઓ વગેરે જો બધી જ કથાઓની એકઠી કરી તેનું તુલનાત્મક અધ્યયન કરવામાં આવે તો ભારતીય કાવ્યશાસ્ત્રના ઈતિહાસ માટે કેટલાય નવા ઉપમાનો અને બિંબો મળી શકે.

## કથાનક રૂઢિઓ અને મોટીફ્સ —

કથાઓના તુલનાત્મક અધ્યયન માટે તેના મોટિફ્સ (કથા ઘટકો) અને કથાનકોની રૂઢિઓનું અધ્યયન કરવું ઘણું જ જરૂરી છે. તેનાથી કથાના મૂળ તેમ જ વિકાસને શોધી શકાય.[4] પાલી–પ્રાકૃતના કથાઓમાં કેટલીય સરખી કથાનક રૂઢિઓનો

---

૧. ધમ્મકહાણુ૦ ઉત્તમ કહા૦ પૃ. ૨૦–૨૯.

૨. જૈન સુદર્શનલાલ : ઉત્તરાધ્યયન સૂત્ર—એક પરિશીલન.

૩. વિસ્તાર માટે જુઓ—'ઉત્તરાધ્યયન–એક સમીક્ષાત્મક અધ્યયન' પૃ. ૪૬૧.

૪. સત્યેન્દ્ર : લોક સાહિત્ય વિજ્ઞાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રયોગ થયો છે.[૧] આ એક સ્વતંત્ર અધ્યયનનો વિષય છે. જો કે વિદેશી વિદ્વાનોએ આ દિશામાં પૂરતું કાર્ય કર્યું છે, પરંતુ ભારતીય કથાઓની પૃષ્ઠભૂમિમાં હજી કામ કરવાનું બાકી છે.

ધમ્મકહાણુઓગો માં જો કે કેટલીય કથાઓ પ્રયુક્ત થયેલી છે. તેમના વ્યક્તિવાચક નામોની સંખ્યા હજાર ઉપર હોઈ શકે. પરંતુ તેમાં જે મોટિફ્સ–કથાઘટકોનો પ્રયોગ થયો છે, તે એક સો જેટલા હશે, તેમની જ પુનરાવૃત્તિ કેટલીય કથાઓમાં થતી રહે છે. આ કથાઓના કેટલાક કથાઘટકો જોવાલાયક છે.—

૧. શિષ્યનાં જીજ્ઞાસાનું ગુરુ દ્વારા સમાધાન.
૨. માતા દ્વારા સ્વપ્નદર્શન અને પુત્રજન્મ.
૩. ગર્ભિણી સ્રીનો દોહદ
૪. મુનિ–ઉપદેશથી વૈરાગ્ય
૫. માતા-પિતા અને પુત્ર વચ્ચે વૈરાગ્ય સંબંધી વાર્તાલાપ.
૬. પૂર્વ-ભવ કથન અને જાતિ સ્મરણ
૭. દીક્ષા અને તે પછી સદ્ગતિ
૮. સાધનામાંથી સ્ખલન અને ફરીથી સ્થિરતા
૯. બે પ્રતિપક્ષી ચરિત્રોનું દ્વન્દ્વ
૧૦. વૈરાગ્યની પરીક્ષામાં પાર ઊતરવું.
૧૧. અન્ય ધર્મોથી પોતાના ધર્મની શ્રેષ્ઠતા
૧૨. પુત્ર–પુત્રીઓની બુદ્ધિપરીક્ષા
૧૩. મિત્રોની વચ્ચે માયાચારની ઘટના
૧૪. હિંસા ટાળવા માટે યુક્તિ
૧૫. રૂપવર્ણન વગેરે સાંભળીને આસક્તિ
૧૬. બીજાઓ મારફતે સંદેશ અને તેમનું અપમાન
૧૭. સાગરયાત્રામાં નૌકાનું ભગ્ન થવું.
૧૮. નિષિદ્ધ વસ્તુ પ્રત્યે આકર્ષણ
૧૯. અસંભવને સંભવ કરી દેખાડવું.
૨૦. સન્તાનની અદલા-બદલી
૨૧. પુરુષને નારી દ્વારા ઉદ્બોધન
૨૨. સાર્થવાહનો વ્યાપાર
૨૩. મુનિ પ્રત્યે ઘૃણા અને નિંદાથી જન્માન્તરે કલંક અને કલેશ.
૨૪. આપત્તિકાળમાં નિયમોની છૂટ
૨૫. કુટુંબના સભ્યોનો એકબીજા માટે ત્યાગ[૨]
૨૬. અતિવૈભવશાળી નાયકનો વૈભવ ત્યાગ
૨૭. ગુરુના ન્યાય-પ્રિયતાથી ધર્મની પ્રભાવના
૨૮. તપશ્ચર્યામાં દૈવી શક્તિઓ દ્વારા વિઘ્ન
૨૯. સાધકની અડગતા
૩૦. ગુણી અને સાધકની પત્નીનું વિપરીત આચરણ
૩૧. નારી હઠનું દુષ્પરિણામ[૩]
૩૨. મુશ્કેલીથી પ્રાપ્ત થયેલ પુત્રનો ગૃહત્યાગ
૩૩. પૂર્વના વેરી દ્વારા સાધનામાં ઉપસર્ગ

---

૧. જુઓ લેખકનો નિબંધ–'પાલિ–પ્રાકૃત કથાઓમાં પ્રયુક્ત અભિપ્રાય–એક અધ્યયન,' રાજસ્થાન ભારતી, ૧૯૬૯
૧. જ્ઞાતાધર્મકથાની કથાઓના મુખ્ય મોટિફ્સ (કથાઘટક) (૧–૨૫)
૨. ઉવાસગદસાઓની કથાઓના મુખ્ય કથા ઘટકો (૨૬–૩૧)

૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૪. સામૂહિક અનાચાર પ્રત્યે વિદ્રોહ
૩૫. આરાધકની નિષ્ક્રિયતા પ્રત્યે આક્રોશ
૩૬. હિંસક પ્રવૃત્તિની અતિશયતાથી આતંક
૩૭. સાધારણ નાયકનું સાહસિક થવું.
૩૮. ક્રૂર વ્યક્તિનું હૃદય–પરિવર્તન.[1]
૩૯. તપશ્ચર્યામાં શરીરનું સુકાવું.
૪૦. સાધનાની પરાકાષ્ઠાથી ભવ–છેદન.[2]
૪૧. વર્તમાન જન્મના દુઃખોને પૂર્વજન્મના કર્મોનું ફળ માનવું.
૪૨. વિશાળ સંખ્યા ધરાવતા શિષ્યોના નાયકને પોતાના તરફ વાળવા.
૪૩. રાજા દ્વારા અપરાધીને દંડ આપવો.
૪૪. દંડિત થયેલા અપરાધી પ્રત્યે દંડકની દયા.
૪૫. વંધ્ય પુરુષના પૂર્વ ભવનું કથન
૪૬. ભાઈ–બહેન વચ્ચે પતિ–પત્નીનો સંબંધ
૪૭. મિત્ર પત્ની સાથે અયોગ્ય સંબંધ
૪૮. સંતાન પ્રાપ્તિ માટેના અનેક પ્રયત્નો.
૪૯. શોક્ય પ્રત્યે દુર્વ્યવહાર
૫૦. સાસુ–વહુમાં દ્વેષ[3]

આ પ્રમાણે જો આગમની કથાઓનું એક પ્રામાણિક મોટિફ્સ–ઇન્ડેક્સ તૈયાર કરવામાં આવે તો આ કથાઓની મૂળ ભાવનાને સમજવામાં તો સહયોગ મળશે જ, તેમના વિકાસ-ક્રમને પણ સમજી શકાશે.

## સામાજિક જીવન—

આગમ ગ્રન્થોની આ કથાઓમાં મૌર્યયુગ અને પૂર્વ ગુપ્તયુગના ભારતીય જીવનનું ચિત્રણ થયું છે. ત્યાં સુધીમાં ચતુર્વર્ણ વ્યવસ્થા વ્યાપક થઈ ચૂકી હતી. આ કથાઓમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોના પણ કેટલાક ઉલ્લેખો છે. બ્રાહ્મણ માટે 'માહણ' શબ્દનો પ્રયોગ અધિક થયો છે. મહાવીરને પણ 'માહણ' અને 'મહામાહણ' કહેવામાં આવ્યા છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં બ્રાહ્મણોના યજ્ઞોનો પણ ઉલ્લેખ છે, જેને આધ્યાત્મિક યજ્ઞોમાં બદલવાની વાત આ જૈન કથાકારોએ કહી છે.[4] ક્ષત્રિયો માટે 'ખત્તિય' શબ્દનો અહીં પ્રયોગ થયો છે. આ કથાઓમાં અનેક ક્ષત્રિય રાજકુમારોના શિક્ષણ અને દીક્ષાનું પણ વર્ણન છે. વૈશ્યો માટે ઇભ્ય, શ્રેષ્ઠી, કૌટુમ્બિક, ગાહાવઈ વગેરે શબ્દોનો પ્રયોગ થયો છે.[5] હરિકેશ ચાંડાલ અને ચિત્ત-સંભૂત માતંગોની કથાના માધ્યમથી એક તરફ જ્યાં તેમના વિદ્યાપારંગત અને ધાર્મિક હોવાની સૂચના છે, ત્યાં સમાજમાં તેમના પ્રત્યે અસ્પૃશ્યતાનો ભાવ પણ સ્પષ્ટ દેખાય છે.[6] ચાંડાળોના કાર્યોનું વર્ણન પણ અંતકૃત્દશાની એક કથામાં મળે છે.[7]

આ કથાઓના અધ્યયનથી જણાય છે કે તે વખતનું પારિવારિક જીવન સુખી હતું. રોહિણીની કથા સંયુક્ત પરિવારના આદર્શને ઉપસ્થિત કરે છે. જેમાં પિતા મોવડી ગણાતો હતો. (જ્ઞાતા. ૭). પિતાને ઈશ્વર સમાન માનીને પ્રભાતે તેમની ચરણવંદના કરવામાં આવતી. (જ્ઞાતા. ૧). સંકટ ઉપસ્થિત થતાં પુત્રો પોતાના પ્રાણોની આહુતિ પણ પિતા માટે આપવા તૈયાર રહેતા. (જ્ઞાતા. ૧૮) પોતાના સંતાન માટે માતાના અખૂટ પ્રેમના કેટલાક દૃશ્યો આ કથાઓમાં છે. મેઘકુમારની દીક્ષાની વાત સાંભળીને તેની માતા અચેતન બની ગઈ હતી. રાજા પુણ્યનંદીની કથાથી જણાય છે કે તે

૧. અન્તકૃત્દશાની કથાઓના મુખ્ય કથા ઘટકો (૩૨–૩૮)
૨. અનુત્તરોપપાતિક દશાના કેટલાક કથાઘટકો (૩૯–૪૦)
૩. વિપાકસૂત્રની કથાઓના મુખ્ય કથા ઘટકો (૪૧–૫૦)
૪. ઉત્તરાધ્યયન ૧૨–૪૪
૫. જૈન, જગદીશચન્દ્ર : જૈ. આ. સા. મેં ભા. સ. પૃ. ૨૨૯.
૬. ઉત્તરાધ્યયન અ. ૧૨, ૧૩.
૭. અન્તકૃત્દશા, ૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાની માતાનો અનન્ય ભક્ત હતો.[1] ચૂલનીપિતાની કથામાં માતૃ-વધનું વિઘ્ન ઉપસ્થિત કરવામાં આવ્યું છે. તેમાં માતા ભદ્રા સાર્થવાહીના ગુણોનું વર્ણન છે.[2]

આગમોની કથાઓમાં જુદા જુદા સામાજિક લોકોનો ઉલ્લેખ છે. જેમ કે—તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય,[3] શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, મહાસાર્થવાહ, મહાગોપ, સાંયાત્રિક, નૌવણિક, સુવર્ણકાર, ચિત્રકાર, ગાથાપતિ, સેવક[4] વગેરે. ગજસુકુમારની કથા પરથી જાણી શકાય કે– પરિવારના સભ્યોના નામોમાં સમાનતા રહેતી જેમકે—સોમિલ પિતા, સોમશ્રી માતા અને સોમા પુત્રી. જન્મોત્સવ ઉજવવાની પ્રથા પ્રાચીન છે, જેમાં જણાય છે કે તેમાં ઉપહાર પણ આપવામાં આવતા હતા. રાજકુમારી મલ્લીની જન્મગાંઠ પર શ્રીદામકાંડ નામનો હાર આપવામાં આવ્યો હતો. જન્મગાંઠને ત્યાં "संवच्छर पडिलेहणयं" કહેવામાં આવી છે.[5] એ જ પ્રમાણે સ્નાન વગેરે કરવાના ઉત્સવ પણ ઉજવવામાં આવતા હતા, ચાતુર્માસિક સ્નાન-મહોત્સવ પ્રસિદ્ધ હતો.

આ કથાઓથી એ પણ જાણી શકાય છે કે તે સમયે સમાજ સેવાના અનેક કાર્યો કરવામાં આવતા હતા. નંદમણિયારની કથાથી જણાય છે કે તેણે જનતા માટે એક એવી પરબ બનાવરાવી હતી કે જ્યાં છાયાવાળા વૃક્ષોના વનખંડો, મનોરંજક ચિત્રસભા, ભોજનશાળા, ચિકિત્સાશાળા, અલંકાર-સભા વગેરેની વ્યવસ્થા હતી.[6] સમાજકલ્યાણની ભાવના તે સમયે વિકાસ પામી હતી. રાજા પ્રદેશીએ પણ શ્રાવક બનવાનો નિશ્ચય કરીને પોતાની સંપત્તિના ચાર ભાગ કર્યા હતા. તેમાંથી કુટુંબના પોષણ સિવાયનો એક ભાગ સાર્વજનિક હિતકાર્યો માટે હતો, જેનાથી દાનશાળા વગેરેની સ્થાપના કરવામાં આવી હતી.[7] આ કથાઓમાં પાત્રોના અપાર વૈભવનું વર્ણન છે. દેશમાંનો વ્યાપાર ઉપરાંત વિદેશો સાથેનો વ્યાપાર પણ ઉત્કૃષ્ટ રીતે ચાલતો હતો. તેથી સમાજની આર્થિક સ્થિતિ સારી હતી. વાણિજ્ય-વ્યાપાર અને ખેતી વગેરેના ઈતિહાસ માટે આ કથાઓમાં સારી એવી સામગ્રી પ્રાપ્ત થાય છે.[8] સમુદ્રયાત્રા અને સાર્થવાહના જીવનસંબંધી તો આ જૈન કથાઓમાંથી પ્રચૂર માહિતી મળે છે, જે અન્યત્ર ક્યાંય નથી મળતી.[9] બુદ્ધ સમયના સમાજ સાથે સરખામણી માટે પણ આ સામગ્રી મહત્ત્વની છે.[10]

**રાજ્યવ્યવસ્થા—**

પ્રાકૃતની આ કથાઓમાં રાજ્ય વ્યવસ્થા સંબંધી વિવિધ પ્રકારની જાણકારી મળે છે. ચમ્પાના રાજા કૂણિક (અજાતશત્રુ) ની કથાથી તેની સમૃદ્ધિ અને રાજકીય ગુણોની માહિતી મળી શકે છે.[11] રાજગાદી વંશપરંપરાથી મળતી હતી. રાજા દીક્ષિત થતાં પહેલાં પોતાના પુત્રને રાજ્યપદ પર સ્થાપિત કરતો હતો. પરંતુ ઉદાયન રાજાની કથાથી જાણી શકાય છે કે—તેણે પોતાને પુત્ર હોવા છતાં પણ પોતાના ભાણેજને રાજ્યપદ સોંપ્યું હતું.[12] નંદીવર્ધન રાજકુમારની કથાથી જાણવામાં આવે છે કે તે પોતાના પિતા વિરુદ્ધ ષડયંત્ર રચીને રાજ્ય મેળવવા ઈચ્છતો હતો.[13] રાજભવનો અને રાજાના અંતઃપુરના અંદરના જીવનના દૃશ્યો પણ આ કથાઓમાં પ્રાપ્ત થાય છે.[14] અંતકૃતદશા કન્યા અંતઃપુરનો પણ ઉલ્લેખ છે. રાજ્યવ્યવસ્થામાં રાજા, યુવરાજ, મંત્રી, સેનાપતિ, ગુપ્તચર, પુરોહિત, શ્રેષ્ઠી વગેરે વ્યક્તિઓ મુખ્ય ગણાતી. ડૉ. જગદીશચંદ્ર

---

૧. વિપાકસૂત્ર, ૯.
૨. ઉવાસગદસા—૩ (ડૉ. છગનલાલ શાસ્ત્રી) પૃ. ૧૦૮
૩. અન્તકૃતદશા (વિવેચન પૃ. ૧૨)
૪. જ્ઞાતાધર્મકથા (વિવેચન પૃ. ૨૩૦, ૨૩૨, ૨૪૬ આદિ)
૫. જ્ઞાતાધર્મકથા (મલ્લીકથા, પૃ. ૨૩૦, ૨૪૪ આદિ)
૬. જ્ઞાતા. પૃ. ૩૪૨–૪૫
૭. રાયપસેણીય સૂત્ર, ૫૮ (ધમ્મ. મૂળ, શ્રમણોપાસક કથા પૃ. ૨૮૬)
૮. જૈન, જગદીશચન્દ્ર : જૈન આગમ સા. મેં ભા. સ. પૃ. ૧૧૯ વ.
૯. મોતીચન્દ્ર : સાર્થવાહ, અ. ૯, ૧૫૮ વ.
૧૦. સિંહ, મદનમોહન : બુદ્ધકાલીન સમાજ ઔર ધર્મ, પટના, ૧૯૭૨
૧૧. ઔપપાતિક સૂત્ર, ૬.
૧૨. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, ૧૩.૬
૧૩. વિપાકસૂત્ર, ૬
૧૪. જૈ. આ. સા. ભા. સ. પૃ. ૫૨–૫૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન આગમ કથા સાહિત્યના આધાર પર પ્રાચીન રાજ્ય વ્યવસ્થા પર સારો એવો પ્રકાશ પાડ્યો છે.[1] અપરાધ અને દંડ-વ્યવસ્થા માટે આ સાહિત્યમાં એટલી બધી સામગ્રી મળે છે કે તે પરથી પ્રાચીન દંડ વ્યવસ્થા ઉપર સ્વતંત્ર ગ્રંથ લખી શકાય. જૈન કથાકારોએ રાજકુળો અને રાજાઓના ઉલ્લેખો પોતાની કથાઓમાં પ્રભાવ પાડવા માટે કર્યા છે. પરંતુ કેટલાક સ્થળે તો તેનું ઐતિહાસિક મહત્ત્વ પણ છે.

**ધાર્મિક મતમતાંતર —**

આગમોની આ કથાઓમાં જૈન ધર્મ અને દર્શનના જુદા જુદા પાસા પ્રદર્શિત થયાં જ છે. સાથે સાથે અન્ય ધર્મો અને મતોના વિષયમાં આનાથી વિવિધ પ્રકારની જાણકારી પ્રાપ્ત થાય છે. આર્દ્રકુમારની કથાથી શાક્ય શ્રમણોના વિષયમાં સૂચના મળે છે. ધન્ય સાર્થવાહની કથામાં જુદા જુદા પ્રકારની વિચારધારાઓને માનનારા પરિવ્રાજકોનો ઉલ્લેખ છે. જેમકે— ચરક, ચૌરિક, ચર્મખંડિક, ભિચ્છુંડ, પાંડુરંગ, ગૌતમ, ગોવ્રતી, ગૃહધર્મી, ધર્મચિંતક, અવિરુદ્ધ, બુદ્ધ, શ્રાવક, રક્તપટ આદિ.[2] વ્યાખ્યા સાહિત્યમાં તો આ સંખ્યા વિશેષ વધી જાય છે.[3] આ સઘળાની માન્યતાઓને જો વ્યવસ્થિત રીતે રજૂ કરવામાં આવે તો કેટલીક નવી ધાર્મિક અને દાર્શનિક વિચારધારાઓની માહિતી મળી શકે તેમ છે. સંકટ-સમયે કેટલાંક દેવતાઓનું લોકો સ્મરણ કરતા, તેમના નામો આ કથાઓમાં મળે છે.[4] આગળ જતાં તો એક જ પ્રાકૃત કથામાં જુદા-જુદા ધાર્મિક લોકો તેમ જ તેમના મતો એક સ્થળે જ મળવા લાગે છે.[5] પ્રાકૃતની આ કથાઓનો લોકજીવન સાથે ગાઢ સંબંધ હતો. તેથી આમાં લોકદેવતાઓ અને લૌકિક ધાર્મિક અનુષ્ઠાનોની પણ યથેચ્છ સામગ્રી પ્રાપ્ત થાય છે.[6]

જો કે આગમ સાહિત્યમાં પ્રાપ્ત થતાં જૈન દર્શનના સ્વરૂપ પર પં. માલવણિયાજીએ પ્રકાશ પાડચો છે,[7] પરંતુ આ કથાઓની પણ ધર્મ દર્શનની દષ્ટિએ સમીક્ષા કરવી જોઈએ.

**સ્થાપત્ય અને કળા —**

આગમોની આ કથાઓમાં કેટલાક કથાનાયકોના ગુરુકુળ-શિક્ષણનું વર્ણન છે. મેઘકુમારની કથામાં ૭૨ કળાઓના નામો આપ્યા છે. અન્ય કથાઓમાં પણ એમનો ઉલ્લેખ આવે છે. શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રીએ આ તમામ કળાઓનો પરિચય પોતાની ભૂમિકામાં આપ્યો છે.[8] આ ૭૨ કળાઓમાં પણ સંગીત, વાદ્ય, નૃત્ય, ચિત્રકળા વગેરે મુખ્ય કળાઓ છે, જેમનો જીવનમાં અનેક પ્રકારે ઉપયોગ થતો હતો. આ દષ્ટિએ રાજા પ્રદેશીની કથા વિશેષ મહત્ત્વપૂર્ણ છે. તેમાં ૩૨ પ્રકારની નાટચવિધિઓનું વર્ણન છે.[9] ટીકા સાહિત્યમાં તેમના સ્વરૂપ વગેરે પર વિચાર કરવામાં આવ્યો છે.[10] જ્ઞાતા ધર્મકથામાં મલ્લિની કથા ચિત્રકળાની વિશેષ સામગ્રી રજૂ કરે છે. મલ્લિની સુવર્ણ પ્રતિમાનું નિર્માણ મૂર્તિકળાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સ્થાપત્યકળાની પ્રચૂર સામગ્રી રાજા પ્રદેશીની કથામાંથી પ્રાપ્ત થાય છે. રાજપ્રાસાદના વર્ણનો અને શ્રેષ્ઠીઓના વૈભવના દશ્યોની રજૂઆત વગેરેમાં પણ પ્રાસાદો અને ક્રીડાગૃહોના સ્થાપત્યનું વર્ણન કરવામાં આવ્યું છે. આ તમામ સામગ્રીને એક સ્થળે એકઠી કરીને તેને પ્રાચીન કળાના સંદર્ભમાં મૂલવવી જોઈએ.[11] યક્ષપ્રતિમાઓ અને યક્ષગૃહોના સંબંધમાં તો જૈન કથાઓ એવી સામગ્રી રજૂ કરે છે કે જે બીજે ક્યાંય પ્રાપ્ત થતી નથી.

**ભૌગોલિક વિવરણ —**

પ્રાકૃતની આ કથાઓનો વિસ્તાર માત્ર ભારતમાં જ નહીં, પરંતુ બહારના દેશો સુધી થયો છે. આ કથાઓના કથાકારો સ્વયં સમગ્ર દેશમાં પગપાળા ફરતા રહ્યા છે. તેથી તેઓએ જુદા જુદા જનપદો, નગરો, ગામો, વનો અને જંગલોની

---

૧. એજન, પૃ. ૬૦–૬૨
૨. જ્ઞાતાધર્મકથા (ભૂમિકા પૃ. ૩૫–૩૮)
૩. ડૉ. જૈન : જૈ. આ. સા. પૃ. ૪૧૩–૨૦.
૪. જ્ઞાતાધર્મકથા પૃ. ૨૩૭
૫. કુવલયમાલા કહાકા સાંસ્કૃતિક અધ્યયન. પૃ. ૩૮૨
૬. જૈન, જગદીશચન્દ્ર : જૈ. આ. સા. ભા. સં. પૃ. ૪૨૯ વ.
૭. (ક) આગમ યુગકા જૈન દર્શન, આગરા, ૧૯૬૬ (ખ) જૈન દર્શનકા આદિકાલ, અહમદાબાદ, ૧૯૮૦
૮. જ્ઞાતાધર્મકથા, ભૂમિકા, પૃ. ૧૪ આદિ.
૯. ધમ્મકહાણુ૦ મૂ૦, શ્રમણોપાસક કથા, પૃ. ૨૫૩, પેરા. ૨૧, ૨૩ આદિ
૧૦. જૈન, જગદીશચન્દ્ર : એજન પૃ. ૩૨૫
૧૧. ડૉ. ઘોષ : જૈન સ્થાપત્ય એવં કલા (ભા. ૧–૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યક્ષ જાણકારી મેળવી છે અને તેને પોતાની કથાઓમાં રજૂ કરી છે. કેટલુંક પૌરાણિક ભૂગોળનું પણ વર્ણન છે. પરંતુ વિશેષરૂપે દેશની પ્રાચીન રાજધાનીઓ, પ્રદેશો, જનપદો, નગરો વગેરે સંબંધી વર્ણન છે.[1] અંગદેશ, કાશી, ઇક્ષ્વાકુ, કુણાલ, કુરુ. પાંચાલ, કોશલ વગેરે જનપદો; અયોધ્યા, ચંપા, વારાણસી, શ્રાવસ્તી, હસ્તિનાપુર, દ્વારિકા, મિથિલા, સાકેત, રાજગૃહ વગેરે નગરોના ઉલ્લેખોને જો બધી કથાઓમાંથી એકઠા કરવામાં આવે તો પ્રાચીન ભારતના નગરો અને નાગરિક જીવન પર નવો જ પ્રકાશ પડી શકે. આધુનિક ભારતના કેટલાક ભૌગોલિક સ્થાનોના ઇતિહાસમાં આનાથી પરિવર્તન આવવાની શક્યતા છે. આ દિશામાં કેટલાક વિદ્વાનોએ કાર્ય પણ કર્યું છે. પરંતુ તેમાં આ કથાઓની સામગ્રીનો પણ ઉપયોગ થવો જોઈએ.[2] જૈન કથાઓની ભૂગોળ પર સ્વતંત્ર પુસ્તક પણ લખી શકાય તેમ છે.

## જૈન આગમ કથાકોશ–યોજના—

શ્રદ્ધેય મુનિશ્રી કનૈયાલાલજી 'કમલ' દ્વારા સંકલિત ધમ્મકહાણુઓગોની કથાઓના માધ્યમ દ્વારા આગમકથાસાહિત્યના મૂલ્યાંકનની આ ભૂમિકા માત્ર છે. શ્રી મુનિશ્રીએ આ કથાકોશમાં જે પરિશ્રમ કર્યો છે, તેની તુલનામાં આ ભૂમિકાના લેખનમાં કંઈ જ વિશેષ મહેનત થઈ શકી નથી. અન્યથા આ કથાઓનો આંતરિક પક્ષ વિશેષ પ્રકટ થઈ શકત, પરંતુ એ વાતનો સંતોષ છે કે આ બહાને આગમોની કથાઓને એક સાથે વાંચવાનો અવસર મળ્યો. અને તેનાથી ઘણી વાતો શીખવા મળી. અધ્યયન કરવાની કેટલીય દિશાઓ આ કથાઓ ખોલે છે. તે પૈકી કેટલીક તરફ આ ભૂમિકામાં સંકેત કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. કથા-સાહિત્યનો વિદ્યાર્થી હોવાને કારણે કથાત્મક પક્ષ પર જ નજર વિશેષ રાખી છે, જો કે તે પણ સૂક્ષ્મ અધ્યયન સુધી તો પહોંચી શકી નથી. કથાઓના અન્ય પાસાઓ પ્રગટ કરી શકાશે. પ્રાકૃત અને જૈનવિદ્યા પર શોધકાર્ય કરતાં શોધ છાત્રો અને વિદ્વાનો માટે ધમ્મકહાણુઓગો મહત્ત્વપૂર્ણ સામગ્રી પ્રસ્તુત કરે છે. જૈન વિદ્યાના અન્ય વિદ્વાનોએ પણ આ દિશામાં આધારભૂત અધ્યયનો પ્રસ્તુત કર્યા છે. તેમના માર્ગદર્શનથી આગમિક કથાસાહિત્ય, વ્યાખ્યા કથા સાહિત્ય અને પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ વગેરે ભાષાઓના સ્વતંત્ર કથા સાહિત્ય પર વિશેષ અધ્યયન થવું જોઈએ. જૈન કથા કોશના અનેક ભાગોના પ્રકાશનની યોજના આ કાર્યને આગળ વધારી શકશે.

અમારા જૈન વિદ્યા અને પ્રાકૃત વિભાગમાં હાલમાં મુખ્યત્વે બે જ પ્રવૃત્તિઓ ઉપર વિશેષ ભાર આપવામાં આવી રહ્યો છે— પ્રાકૃત ભાષાનું સ્વતંત્ર ભાષારૂપે આધુનિક શૈલીમાં શિક્ષણ અને પઠનપાઠનની વ્યવસ્થા કરવી તે વિભાગનું પહેલું કાર્ય છે. આ દિશામાં કેટલાક પ્રકાશનો પણ કરવામાં આવ્યાં છે. બીજું કાર્ય જૈન કથા સાહિત્યનાં અધ્યયન અને શોધકાર્યને ગતિ આપવાનું છે. વિભાગના શોધછાત્રો હાલમાં પ્રાકૃત કથાગ્રંથો અને આગમગ્રંથો પર કાર્યરત છે. થોડા વિદ્વાનો તૈયાર થઈ જાય ત્યારે જૈન કથાકોશના નિર્માણના કાર્યને વિભાગ પોતાના હાથમાં લેવા વિચારશે. આ ઘણું લાંબુ અને શ્રમસાધ્ય કાર્ય છે પરંતુ શ્રદ્ધેય કમલમુનિજી જેવી વ્યક્તિ જ્યારે ધમ્મકહાણુઓગો જેવા વિશાળ અને મહત્ત્વપૂર્ણ કાર્યમાં એકલા જ લાગી શકે છે અને તેમાં સફળતા મેળવી શકે છે. તો પછી જો તેમના માર્ગદર્શનમાં વિદ્વાનોની એક મંડળી આ કાર્યમાં પ્રવૃત્તિશીલ થાય તો જૈન કથા કોશ તૈયાર થઈ શકે તેમ છે, જો કે કેટલાક વિદ્વાન મુનિઓએ આ દિશામાં પ્રયત્ન પણ આરંભી દીધો છે,[3] પરંતુ તેમાં આધુનિક શૈલી અને વ્યવસ્થિત રૂપરેખાની ખાસ આવશ્યકતા છે.

આ ભૂમિકામાં આરંભથી અંતપર્યંત ગુરુવર્ય શ્રદ્ધેય પં. દલસુખભાઈ માલવણિયા, અમદાવાદ તરફથી પૂરું માર્ગદર્શન મને પ્રાપ્ત થયું છે. કાર્યને ત્વરિત પૂરું કરવા માટે તેઓ મને હંમેશાં પ્રેરણા આપતા રહ્યા હતા. તે માટે હું હૃદયથી તેમનો કૃતજ્ઞ છું. પરંતુ, તેમનો ક્ષમાપ્રાર્થી પણ છું કે હું તેમની ઇચ્છા પ્રમાણે આ ભૂમિકાને એટલી સારગર્ભિત બનાવી શક્યો નથી જેટલી તેઓ ઇચ્છતા હતા. તેમાં કેટલુંક તો મારું અજ્ઞાન કારણભૂત છે અને કેટલુંક ઉદયપુરમાં આગમિક સામગ્રીનો અભાવ પણ. આ ભૂમિકાને હું સમયસર લખીને પૂરી કરી શક્યો નથી તે કારણે પુસ્તકના

---

૧. ડૉ. જૈન : એજન, પૃ. ૪૫૬–૪૬૦

૨. ઉત્તરાધ્યયનસૂત્ર : એક સમીક્ષાત્મક અધ્યયન, પૃ. ૩૭૧ આદિ.

૩. (ક) ઉપાધ્યાય પુષ્કર મુનિ : જૈન કથાએં; ભા–૧–૯૦, ઉદયપુર
(ખ) મુનિ મહેન્દ્રકુમાર : જૈન કહાનિયાં, ભા–૧–૩૦, દિલ્લી.
(ગ) યુવાચાર્ય શ્રી મધુકર મુનિ : જૈન કથામાલા, ભા–૧–૩૮, બ્યાવર.
(ઘ) મુનિ છત્રમલ : જૈન કથા કોશ, નઈ દિલ્લી, ૧૯૮૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશનમાં જે વિલંબ થયો છે તે માટે હું મુનિશ્રી અને શ્રધ્ધેય પંડિતજી પાસે ફરીને ક્ષમા ઇચ્છું છું. તેમનો સ્નેહ અને માર્ગદર્શન આ દિશામાં હંમેશા મળતાં રહેશે તેવી આશા રાખું છું.

ભૂમિકાના લેખનમાં આગમ ગ્રંથોના જુદા જુદા સંપાદકોની ભૂમિકાઓ અને વિવેચનોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. કેટલાક સ્વતંત્ર ગ્રંથો પણ જોવામાં આવ્યા છે. તે બધાના લેખકોનો હું આભારી છું. શ્રધ્ધેય ડૉ. જગદીશચંદ્ર જૈન, મુંબઈનો હું ખાસ આભારી છું જેમના દ્વારા વ્યક્તિગતરૂપે કેટલીયવાર મને પ્રાકૃત કથા સાહિત્યના લેખન વગેરે વિશે માર્ગદર્શન પ્રાપ્ત થતું રહ્યું છું. તેમના વિદ્વત્તાપૂર્ણ પુસ્તકોએ પણ આ કાર્યમાં મને મદદ કરી છે. ઉદયપુરના મારા અગ્રજ જેવા ડૉ. કમલચંદ સોગાણી સા.નો પણ હું આ અવસરે આભાર માનું છું કે જેમણે મને અને મારા આ વિભાગને પ્રાકૃત ભાષા અને સાહિત્યના આધુનિક મૂલ્યાંકનની દિશામાં હંમેશાં દિશાસૂચન કર્યું છે અને કરા રહ્યા છે. વિભાગના સઘળા સહકાર્યકર્તા વિદ્વાનો અને શોધછાત્રો પ્રત્યે હું ધન્યવાદ વ્યક્ત કરું છું કે મને તેમનો સહયોગ હંમેશા સુલભ રહ્યો છે. ધમ્મકહાણુઓગોના સૂક્ષ્મ અધ્યયન પ્રત્યે જો વિદ્વાનોનું ધ્યાન આકર્ષિત થાય અને જૈન કથાઓના અધ્યન પ્રકાશનની પ્રવૃત્તિમાં સમાજ સક્રિય થાય તો હું મારી આ ભૂમિકાને સાર્થક માનીશ. સાધુ પુરુષે ક્ષેત્ર, કાળ, વ્યક્તિ તથા પોતાના સામર્થ્યને સમજીને પ્રાકૃતની નિર્દોષ કથાઓ કહેતાં રહેવું જોઈએ.

खेत्तं कालं पुरिसं सामत्थं अप्पणो वियाणेत्ता ।
समणेण उ अणवज्जा पगयंमि कहा कहेयव्वा ॥

—દશવૈકાલિક નિર્યુક્તિ ગા૦ ૨૧૫

□ □ □

# વિષય-સૂચી

## ધર્મકથાનુયોગ : તૃતીય સ્કંધ


| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| | **તૃતીય સ્કંધ [શ્રમણી કથાનક]** | **૧-૨૮૪** | **૧-૮૧** |
| ૧. | **અરિષ્ટનેમિ તીર્થમાં-દ્રૌપદી કથાનક** | **૧-૧૪૬** | **૪-૪૨** |
| | દ્રૌપદીના પૂર્વભવો | ૧ | ૪ |
| | નાગશ્રી કથાનક | ૨ | ૪ |
| | નાગશ્રી દ્વારા કડવા તુંબડાનું શાક રાંધવું અને એકાંતમાં છુપાવવું | ૩ | ૪ |
| | ધર્મરુચિને કડવા તુંબડાનું ભિક્ષાદાન | ૫ | ૫ |
| | ધર્મરુચિ વડે કડવા તુંબડાનું પરઠવવું અને કીડીઓનું મરી જવું | ૮ | ૫ |
| | ધર્મરુચિ દ્વારા અહિંસા માટે કડવા તુંબડાનું ભક્ષણ | ૧૦ | ૬ |
| | ધર્મરુચિનું સમાધિકરણ | ૧૧ | ૬ |
| | સાધુઓ દ્વારા ધર્મરુચિની શોધ | ૧૨ | ૬ |
| | શ્રમણો દ્વારા ધર્મરુચિના સમાધિમરણનું નિવેદન | ૧૩ | ૬ |
| | ધર્મરુચિનો અનુત્તર દેવરૂપે ઉપપાદ અને નાગશ્રીની ગર્હા | ૧૪ | ૭ |
| | નાગશ્રીનું ગૃહનિર્વાસન | ૧૬ | ૭ |
| | નાગશ્રીનું ભવભ્રમણ | ૧૮ | ૮ |
| | નાગશ્રીનો સુકુમાલિકાભવ | ૨૦ | ૯ |
| | સુકુમાલિકાનો સાગર સાથે વિવાહ | ૨૧ | ૯ |
| | સાગરનું પલાયન થવું | ૨૭ | ૧૦ |
| | સુકુમાલિકાને ચિંતા | ૩૧ | ૧૧ |
| | સાગરદત્તનો જિનદત્તને ઠપકો | ૩૩ | ૧૨ |
| | લોકાપવાદ છતાં સાગરનો સુકુમાલિકા સાથે રહેવા ઇન્કાર | ૩૪ | ૧૨ |
| | સુકુમાલિકાનાં એક દરિદ્ર ભિખારી સાથે પુનર્લગ્ન | ૩૫ | ૧૨ |
| | દરિદ્ર ભીખારીનું નાશી જવું | ૩૯ | ૧૩ |
| | સુકુમાલિકાની પુનઃ ચિંતા | ૪૨ | ૧૪ |
| | સુકુમાલિકા માટે દાનશાળાનું નિર્માણ | ૪૪ | ૧૪ |
| | આર્યા સંઘાટકનું ભિક્ષાર્થે સાગરદત્તના ગૃહે આગમન | ૪૫ | ૧૪ |
| | સુકુમાલિકા દ્વારા સાગરને પ્રસન્ન કરવા માટેના ઉપાયની પૃચ્છા | ૪૬ | ૧૫ |
| | આર્યા-સંઘાટક દ્વારા ધર્મોપદેશ | ૪૭ | ૧૫ |
| | સુકુમાલિકાનું શ્રમણોપાસકત્વ | ૪૮ | ૧૫ |
| | સુકુમાલિકા દ્વારા પ્રવ્રજ્યા ગ્રહણ | ૪૯ | ૧૬ |
| | સુકુમાલિકાની ચંપાનગરીની બહાર આતાપના | ૫૦ | ૧૬ |
| | ગણિકાનો ભોગ જોઈ સુકુમાલિકાનું નિદાન | ૫૧ | ૧૬ |
| | સુકુમાલિકાનું બકુશ-નિર્ગ્રંથિત્વ | ૫૩ | ૧૭ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| સુકુમાલિકાનો જુદો વિહાર અને દેવલોકમાં ઉત્પાદ (જન્મ) | ૫૫ | ૧૭ |
| દ્રૌપદીભવ કથાનકમાં દ્રૌપદીનો તારુણ્ય ભાવ | ૫૭ | ૧૮ |
| દ્રુપદરાજાનો દ્રૌપદીના સ્વયંવરનો સંકલ્પ | ૫૯ | ૧૮ |
| દ્વારાવતીમાં દૂત–પ્રેષણ | ૬૦ | ૧૮ |
| કૃષ્ણનું પ્રસ્થાન | ૬૨ | ૧૯ |
| હસ્તિનાપુરમાં દૂત–પ્રેષણ | ૬૪ | ૨૦ |
| ચંપા આદિ નગરોમાં દૂત–પ્રેષણ | ૬૬ | ૨૦ |
| હજારો રાજાઓનું પ્રસ્થાન | ૬૭ | ૨૧ |
| દ્રુપદકૃત વાસુદેવ આદિનો સત્કાર | ૬૮ | ૨૧ |
| દ્રૌપદીનો સ્વયંવર | ૭૦ | ૨૨ |
| દ્રૌપદી દ્વારા પાંડવ–વરણ | ૭૭ | ૨૪ |
| પાણિગ્રહણ | ૭૮ | ૨૪ |
| પાંડુરાજકૃત વાસુદેવ આદિનું નિમંત્રણ | ૭૯ | ૨૪ |
| પાંડુ દ્વારા વાસુદેવ આદિનો સત્કાર | ૮૧ | ૨૪ |
| કલ્યાણકારી ઉત્સવ | ૮૩ | ૨૫ |
| નારદનું આગમન | ૮૪ | ૨૫ |
| દ્રૌપદીનો નારદ પ્રતિ અનાદર | ૮૬ | ૨૬ |
| નારદનું અપરકંકા–ગમન અને પદ્મનાભ રાજા સાથે મિલાપ | ૮૭ | ૨૬ |
| પદ્મનાભનો પોતાના અંતઃપુર માટે ગર્વ | ૮૯ | ૨૭ |
| કૂપમંડૂકના દૃષ્ટાન્ત કથન સાથે નારદે કરેલ દ્રૌપદીરૂપની પ્રશંસા | ૯૦ | ૨૭ |
| પદ્મનાભ માટે દેવે કરેલ દ્રૌપદીનું અપહરણ | ૯૨ | ૨૭ |
| દ્રૌપદીને ચિંતા | ૯૫ | ૨૮ |
| પદ્મનાભ દ્વારા આશ્વાસન | ૯૬ | ૨૮ |
| યુધિષ્ઠિરે પાંડુરાજા સમક્ષ કરેલ દ્રૌપદી–હરણનું નિવેદન | ૯૮ | ૨૯ |
| પાંડુરાજા દ્વારા પ્રેષિત કુંતીનું કૃષ્ણને દ્રૌપદીની શોધ કરવા નિવેદન | ૯૯ | ૨૯ |
| કૃષ્ણનો દ્રૌપદીની શોધ માટેનો આદેશ | ૧૦૨ | ૩૦ |
| નારદ પાસેથી મળેલ દ્રૌપદીના સમાચાર | ૧૦૩ | ૩૦ |
| પાંડવ સહિત કૃષ્ણનું દ્રૌપદીને લાવવા માટે ધાતકીખંડ પ્રતિ પ્રયાણ | ૧૦૪ | ૩૧ |
| કૃષ્ણનું દેવ આરાધન | ૧૦૫ | ૩૧ |
| કૃષ્ણના નિર્દેશથી સુસ્થિતદેવે લવણ સમુદ્રમાં કરેલ માર્ગ | ૧૦૬ | ૩૧ |
| પદ્મનાભ સમીપે કૃષ્ણ દ્વારા દૂત–પ્રેષણ | ૧૦૮ | ૩૨ |
| પદ્મનાભ દ્વારા દૂતનું અપમાન | ૧૧૦ | ૩૩ |
| દૂતનું કૃષ્ણ સમીપે આગમન | ૧૧૧ | ૩૩ |
| પદ્મનાભનું પાંડવો સાથે યુદ્ધ | ૧૧૨ | ૩૩ |
| પાંડવોનો પરાજય | ૧૧૪ | ૩૩ |
| કૃષ્ણ દ્વારા પરાજય કારણ કથન અને યુદ્ધ | ૧૧૫ | ૩૩ |
| પદ્મનાભનું પલાયન થવું | ૧૧૮ | ૩૪ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| | કૃષ્ણની નરસિંહરૂપ-વિકુર્વણા | ૧૧૯ | ૩૫ |
| | પદ્મનાભનું કૃષ્ણ શરણે જવું | ૧૨૦ | ૩૫ |
| | દ્રૌપદી સહિત કૃષ્ણ અને પાંડવોનું પ્રત્યાગમન | ૧૨૨ | ૩૫ |
| | ધાતકી ખંડના ભરતક્ષેત્રના કપિલ વાસુદેવ અને કૃષ્ણ વાસુદેવના યુગલનું શંખધ્વનિ દ્વારા મિલન | ૧૨૩ | ૩૫ |
| | કપિલ દ્વારા પદ્મનાભનું નિર્વાસન | ૧૨૮ | ૩૭ |
| | અપરીક્ષણીય કૃષ્ણની પાંડવો દ્વારા પરીક્ષા | ૧૨૯ | ૩૭ |
| | કૃષ્ણ દ્વારા પાંડવોને દેશનિકાલની આજ્ઞા | ૧૩૩ | ૩૮ |
| | પાંડુમથુરા સ્થાપન | ૧૩૮ | ૩૯ |
| | પાંડુસેનનો જન્મ | ૧૩૯ | ૩૯ |
| | પાંડવો અને દ્રૌપદીની પ્રવ્રજ્યા | ૧૪૦ | ૩૯ |
| | અરિષ્ટનેમિનું નિર્વાણ | ૧૪૨ | ૪૦ |
| | પાંડવોનું નિર્વાણ | ૧૪૪ | ૪૧ |
| | દ્રૌપદીની દેવગતિ | ૧૪૫ | ૪૨ |
| ૨ | **અરિષ્ટનેમિ-તીર્થમાં પદ્માવતી આદિ શ્રમણીઓનાં કથાનકો** | **૧૪૭-૧૬૦** | **૪૨-૪૬** |
| | કૃષ્ણ વસુદેવની રાણી પદ્માવતી | ૧૪૭ | ૪૨ |
| | અર્હન્ત અરિષ્ટનેમિ દ્વારા ચાતુર્યામ ધર્મની દેશના | ૧૪૮ | ૪૨ |
| | કૃષ્ણ દ્વારા દ્વારિકાના વિનાશકારણની પૃચ્છા | ૧૪૯ | ૪૨ |
| | દ્વારિકાના વિનાશની વાત સાંભળતાં કૃષ્ણની ચિંતા | ૧૫૦ | ૪૨ |
| | નિદાનના કારણે વાસુદેવો બધા પ્રવ્રજ્યા નથી લેતા તેની સ્પષ્ટતા | ૧૫૧ | ૪૩ |
| | અનંતર ભવમાં કૃષ્ણની નરકગતિ | ૧૫૨ | ૪૩ |
| | આગામી ઉત્સર્પિણીમાં કૃષ્ણનું અમમરૂપે તીર્થંકરપણું | ૧૫૩ | ૪૩ |
| | અન્ય જનોને પ્રવ્રજ્યાગ્રહણમાં સહાયની કૃષ્ણની ઘોષણા | ૧૫૪ | ૪૩ |
| | પદ્માવતી રાણીનો પ્રવ્રજ્યા-સંકલ્પ | ૧૫૫ | ૪૪ |
| | પદ્માવતીની પ્રવ્રજ્યા | ૧૫૬ | ૪૪ |
| | પદ્માવતી દેવીની સિદ્ધિ | ૧૫૮ | ૪૫ |
| | ગૌરી આદિના કથાનકોનો સંક્ષેપ | ૧૫૯ | ૪૫ |
| | મૂલશ્રી, મૂલદત્તાનાં કથાનકો | ૧૬૦ | ૪૬ |
| ૩. | **પોટ્ટિલા કથાનક** | **૧૬૧-૧૯૩** | **૪૬-૫૬** |
| | તેતલીપુરમાં તેતલીપુત્ર અમાત્ય | ૧૬૧ | ૪૬ |
| | કલાદની પુત્રી પોટ્ટિલા | ૧૬૨ | ૪૬ |
| | તેતલીપુત્રની પોટ્ટિલામાં આસક્તિ | ૧૬૩ | ૪૬ |
| | પોટ્ટિલાનું માગું | ૧૬૪ | ૪૬ |
| | પોટ્ટિલાનું પાણિગ્રહણ | ૧૬૭ | ૪૭ |
| | કનકરથની રાજ્યાસક્તિ અને પુત્રાંગછેદન | ૧૬૮ | ૪૭ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| પદ્માવતીના પુત્રના રક્ષણ માટે તેતલીપુત્રની અનુમતિ | ૧૬૯ | ૪૮ |
| પદ્માવતીના પુત્ર અને પોટ્ટિલાની પુત્રીના જન્મ બાદ અન્યોન્ય પરાવર્તન | ૧૭૦ | ૪૮ |
| બાલિકાની ઉત્તરક્રિયા | ૧૭૧ | ૪૯ |
| અમાત્યને ત્યાં પુત્ર-જન્મ-ઉત્સવ અને કનકધ્વજનામકરણ | ૧૭૨ | ૪૯ |
| અમાત્યનો પોટ્ટિલા પ્રત્યે વિરાગ | ૧૭૩ | ૪૯ |
| પોટ્ટિલા માટે દાનશાળાનિર્માણ | ૧૭૪ | ૪૯ |
| આર્યા-સંઘાટકનું ભિક્ષાર્થે આગમન | ૧૭૫ | ૫૦ |
| પોટ્ટિલા દ્વારા અમાત્યને પ્રસન્ન કરવાના ઉપાયની પૃચ્છા | ૧૭૬ | ૫૦ |
| આર્યા-સંઘાટક દ્વારા ધર્મોપદેશ | ૧૭૭ | ૫૦ |
| પોટ્ટિલા દ્વારા શ્રાવિકાધર્મનો સ્વીકાર | ૧૭૮ | ૫૦ |
| પોટ્ટિલાનો પ્રવ્રજ્યા-સંકલ્પ | ૧૭૯ | ૫૧ |
| તેતલીપુત્ર પ્રતિ ધર્મબોધકરણ પ્રતિબદ્ધતા પૂર્વક પોટ્ટિલાનું પ્રવ્રજ્યા ગ્રહણ અને દેવલોકમાં ઉત્પત્તિ | ૧૮૦ | ૫૧ |
| કનકરથનું મૃત્યુ | ૧૮૨ | ૫૨ |
| કનકધ્વજનો રાજ્યાભિષેક | ૧૮૩ | ૫૨ |
| તેતલીપુત્રનું સન્માન | ૧૮૪ | ૫૨ |
| તેતલીપુત્ર માટે પોટ્ટિલ દેવે કરેલ ધર્મસંબોધઉપાય | ૧૮૫ | ૫૩ |
| તેતલીપુત્રના આત્મઘાત માટે નિષ્ફળ પ્રયત્નો | ૧૮૭ | ૫૪ |
| તેતલીપુત્રને થયેલ આશ્ચર્ય | ૧૮૮ | ૫૪ |
| પોટ્ટિલદેવ સાથે સંવાદ | ૧૮૯ | ૫૪ |
| તેતલીપુત્રને જાતિસ્મરણ અને પછી પ્રવ્રજ્યાગ્રહણ | ૧૯૦ | ૫૫ |
| તેતલીપુત્ર અનગારને કેવળજ્ઞાન | ૧૯૧ | ૫૫ |
| કનકધ્વજ દ્વારા શ્રાવકધર્મ-ગ્રહણ | ૧૯૨ | ૫૫ |
| તેતલીપુત્ર કેવળીનું સિદ્ધિગમન | ૧૯૩ | ૫૬ |
| **૪. પાર્શ્વનાથ-તીર્થમાં શ્રમણી કાલીનું કથાનક** | **૧૯૪-૨૦૭** | **૫૬-૬૧** |
| ચમરચંચામાં કાલીદેવી | ૧૯૫ | ૫૬ |
| કાલીદેવી દ્વારા ભગવાન મહાવીર સમીપે નૃત્યવિધિ | ૧૯૬ | ૫૬ |
| ગૌતમ દ્વારા કાલીદેવીના પૂર્વભવની પૃચ્છા | ૧૯૮ | ૫૭ |
| કાલીદેવીનો કાલી નામે પૂર્વભવ | ૧૯૯ | ૫૭ |
| કાલી દ્વારા-પાર્શ્વદર્શન અને ધર્મશ્રવણ | ૨૦૦ | ૫૭ |
| કાલીનો પ્રવ્રજ્યા સંકલ્પ | ૨૦૨ | ૫૮ |
| કાલીની પ્રવ્રજ્યા | ૨૦૩ | ૫૯ |
| કાલીનું બાકુશિકત્વ | ૨૦૪ | ૬૦ |
| કાલીનો પૃથક્ વિહાર | ૨૦૫ | ૬૦ |
| કાલીનું મૃત્યુ અને દેવીપણું | ૨૦૬ | ૬૦ |
| કાલીદેવીની સ્થિતિ અને સિદ્ધિ | ૨૦૭ | ૬૧ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| **૫. પાર્શ્વનાથ તીર્થમાં રાજી આદિનાં કથાનકો** | **૨૦૮–૨૩૨** | **૬૧–૬૫** |
| રાજી કથાનકમાં રાજીદેવીનું નૃત્ય | ૨૦૮ | ૬૧ |
| રાજીનો પૂર્વભવ | ૨૦૯ | ૬૧ |
| રજની કથાનક | ૨૧૦ | ૬૨ |
| વિદ્યુત કથાનક | ૨૧૧ | ૬૨ |
| મેઘા કથાનક | ૨૧૨ | ૬૨ |
| શુંભા કથાનક | ૨૧૩ | ૬૨ |
| નિશુંભા, રંભા, નિરંભા અને મદનાનાં કથાનકો | ૨૧૪ | ૬૨ |
| ઈલા કથાનક | ૨૧૫ | ૬૨ |
| સતેરા, સૌદામિની, ઈન્દ્રા, ઘનવિદ્યુતાનાં કથાનકો | ૨૧૬ | ૬૩ |
| શેષ દાક્ષિણાત્ય ઈન્દ્રની અગ્રમહિષીના કથાનકની સૂચના | ૨૧૭ | ૬૩ |
| રૂપા આદિ ઉત્તરાર્ધ-ઈન્દ્રોની અગ્રમહિષીઓનાં કથાનકો | ૨૧૯ | ૬૪ |
| દાક્ષિણાત્ય પિશાચ કુમારેન્દ્રની કમલા આદિ અગ્રમહિષીઓનાં કથાનકો | ૨૨૨ | ૬૪ |
| મહાકાલી આદિ ઉત્તરાર્ધ પિશાચેન્દ્રોની અગ્રમહિષીઓનાં કથાનકો | ૨૨૫ | ૬૪ |
| સૂર્યની અગ્રમહિષીઓનાં કથાનકો | ૨૨૬ | ૬૪ |
| ચન્દ્રની અગ્રમહિષીઓનાં કથાનકો | ૨૨૮ | ૬૪ |
| પદ્માવતી આદિ શક્રની અગ્રમહિષીઓનાં કથાનકો | ૨૩૦ | ૬૪ |
| કૃષ્ણા આદિ ઈશાનેન્દ્રની અગ્રમહિષીઓનાં કથાનકો | ૨૩૧ | ૬૪ |
| **૬. પાર્શ્વનાથ-તીર્થમાં ભૂતા આદિ શ્રમણીઓનાં કથાનકો** | **૨૩૩–૨૪૦** | **૬૫–૬૭** |
| મહાવીર-સમવસરણમાં શ્રીદેવીની નાટ્યવિધિ | ૨૩૪ | ૬૫ |
| શ્રીદેવીના પૂર્વભવમાં ભૂતા-કથાનક | ૨૩૫ | ૬૫ |
| ભૂતાનું પાર્શ્વ-સમવસરણમાં જવું | ૨૩૬ | ૬૫ |
| ભૂતાની પ્રવ્રજ્યા | ૨૩૭ | ૬૬ |
| ભૂતા નિર્ગ્રંથિનીનું શરીરપ્રાદ્વેષિકત્વ-બાકુશત્વ | ૨૩૮ | ૬૭ |
| ભૂતાનું દેવીપણું | ૨૩૯ | ૬૭ |
| પાર્શ્વ ભગવંતની હ્રી આદિ શ્રમણીઓના કથાનકો | ૨૪૦ | ૬૭ |
| **૭. પાર્શ્વસ્થા શ્રમણી સુભદ્રાનું કથાનક** | **૨૪૧–૨૬૩** | **૬૭–૭૫** |
| મહાવીર-સમવસરણમાં બહુપુત્રિકા દેવીની નાટ્યવિધિ | ૨૪૧ | ૬૭ |
| બહુપુત્રિકા દેવીના પૂર્વભવરૂપે સુભદ્રા કથાનકો | ૨૪૨ | ૬૮ |
| સુભદ્રાને પોતાના વંધ્યત્વની ચિંતા | ૨૪૩ | ૬૮ |
| આર્યા સમીપે પુત્રોપાય-પૃચ્છા | ૨૪૪ | ૬૮ |
| આર્યાઓ દ્વારા ધર્મકથન | ૨૪૫ | ૬૯ |
| સુભદ્રા દ્વારા શ્રાવક ધર્મ-ગ્રહણ | ૨૪૬ | ૬૯ |
| સુભદ્રાનો પ્રવ્રજ્યા-સંકલ્પ | ૨૪૭ | ૬૯ |
| સુભદ્રાની પ્રવ્રજ્યા | ૨૪૮ | ૭૦ |
| બાલ-આસક્ત સુભદ્રા નિર્ગ્રંથિનીની વિવિધ પ્રકારે બાળકો સાથે ક્રીડા | ૨૪૯ | ૭૦ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| આર્યાઓ દ્વારા સુભદ્રાને બાળકો રમાડવાની મનાઈ | ૨૫૦ | ૭૧ |
| સુભદ્રાનો પૃથક્ વાસ | ૨૫૧ | ૭૧ |
| સુભદ્રાની સંલેખના અને બહુપુત્રિકા દેવીરૂપે ઉપપાત | ૨૫૨ | ૭૧ |
| બહુપુત્રિકા નામનું રહસ્ય | ૨૫૩ | ૭૨ |
| બહુપુત્રિકા દેવીની સ્થિતિ અને ભાવિ જન્મ વિશે કથન | ૨૫૪ | ૭૨ |
| બહુપુત્રિકા દેવીનો સોમાભવ | ૨૫૫ | ૭૨ |
| બહુ બાળકોના કારણે સોમાની મનોવેદના | ૨૫૬ | ૭૨ |
| સોમા દ્વારા વંધ્યત્વ-પ્રશંસા | ૨૫૭ | ૭૩ |
| સોમા દ્વારા ધર્મશ્રાવણ | ૨૫૮ | ૭૩ |
| સોમાનો પ્રવ્રજ્યા-સંકલ્પ | ૨૫૯ | ૭૩ |
| રાષ્ટ્રકૂટ દ્વારા પ્રવ્રજ્યા-નિષેધ | ૨૬૦ | ૭૪ |
| સોમા દ્વારા શ્રાવકધર્મ-ગ્રહણ | ૨૬૧ | ૭૪ |
| સોમાની પ્રવ્રજ્યા | ૨૬૨ | ૭૪ |
| સોમાનું દેવત્વ અને ત્યાર બાદ સિદ્ધિ | ૨૬૩ | ૭૪ |
| **૮. મહાવીર-તીર્થમાં નંદા આદિનાં કથાનકો** | **૨૬૪-૨૬૫** | **૭૫** |
| સંગ્રહણી-ગાથાદ્વય | ૨૬૪ | ૭૫ |
| શ્રેણિક રાજાની નંદા આદિ રાણીઓનું શ્રમણીપણું અને સિદ્ધિ | ૨૬૫ | ૭૫ |
| **૯. મહાવીર-તીર્થમાં કાલિ આદિ શ્રમણીઓનાં કથાનકો** | **૨૬૬-૨૮૦** | **૭૫-૭૮** |
| સંગ્રહણી ગાથા | ૨૬૬ | ૭૫ |
| કાલીની પ્રવ્રજ્યા અને રત્નાવલી તપ | ૨૬૮ | ૭૫ |
| કાલીની સંલેખના અને સિદ્ધિ | ૨૬૯ | ૭૬ |
| સુકાલીનું કનકાવલી તપ અને સિદ્ધિ | ૨૭૦ | ૭૬ |
| મહાકાલીનું લઘુ સિંહનિષ્ક્રીડિત તપ અને સિદ્ધિ | ૨૭૧ | ૭૭ |
| કૃષ્ણા દ્વારા મહા સિંહનિષ્ક્રીડિત તપ અને સિદ્ધિ | ૨૭૨ | ૭૭ |
| સુકૃષ્ણા દ્વારા ભિક્ષુપ્રતિમા ગ્રહણ અને સિદ્ધિ | ૨૭૩ | ૭૭ |
| મહાકૃષ્ણા દ્વારા ક્ષુલ્લક સર્વતોભદ્ર પ્રતિમા ગ્રહણ અને સિદ્ધિ | ૨૭૫ | ૭૭ |
| વીરકૃષ્ણા વડે મહા સર્વતોભદ્ર પ્રતિમા-ગ્રહણ અને સિદ્ધિ | ૨૭૬ | ૭૭ |
| રામકૃષ્ણ દ્વારા ભદ્રોત્તર પ્રતિમા અને સિદ્ધિ | ૨૭૭ | ૭૭ |
| પિતૃસેન કૃષ્ણા દ્વારા મુક્તાવલી તપ અને સિદ્ધિ | ૨૭૮ | ૭૭ |
| મહાસેનકૃષ્ણા દ્વારા આયંબિલ વર્ધમાન તપ અને સિદ્ધિ | ૨૭૯ | ૭૭ |
| સંગ્રહણી ગાથા | ૨૮૦ | ૭૮ |
| **૧૦. મહાવીર-તીર્થમાં જયંતિ કથાનક** | **૨૮૧-૨૮૪** | **૭૮-૭૯** |
| કૌશામ્બી નગરીમાં ઉદયનાદિકનું ધર્મશ્રાવણ | ૨૮૧ | ૭૮ |
| પરિશિષ્ટ ૧ : તપોવિધિ | | ૭૯-૮૧ |
| રત્નાવલી તપ | | ૭૯ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| કનકાવલી તપ | | ૮૦ |
| મુક્તાવલી તપ | | ૮૦ |
| લઘુ સિંહનિષ્ક્રીડિત તપ | | ૮૧ |
| મહા સિંહનિષ્ક્રીડિત તપ | | ૮૧ |
| લઘુ સર્વતોભદ્ર પ્રતિમા તપ | | ૮૧ |
| મહા સર્વતોભદ્ર પ્રતિમા તપ | | ૮૧ |
| ભદ્રોત્તર પ્રતિમા તપ | | ૮૧ |
| આયંબિલ વર્દ્ધમાન તપ | | ૮૧ |


## ચતુર્થ સ્કંધ


| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| **ચતુર્થ સ્કન્ધ [શ્રમણોપાસક કથાનક]** | **૧-૩૪૬** | **૧-૨૦૯** |
| **૧. પાર્શ્વતીર્થમાં સોમિલ બ્રાહ્મણ કથાનક** | **૧-૧૨** | **૩-૮** |
| શુક્ર મહાગ્રહદેવ દ્વારા મહાવીર-સમવરણમાં નૃત્યવિધિ | ૧ | ૩ |
| શુક્ર દેવના પૂર્વ ભવ વર્ણનમાં સોમિલ બ્રાહ્મણનું કથાનક | ૨ | ૩ |
| પાર્શ્વનાથ-સમીપે સોમિલ દ્વારા શ્રાવકધર્મ ગ્રહણ | ૩ | ૩ |
| સોમિલનું મિથ્યાત્વ | ૪ | ૩ |
| સોમિલ દ્વારા આમ્રારામનું નિર્માણ | ૫ | ૩ |
| વિવિધ પ્રકારના તાપસોનું વર્ણન અને સોમિલનું દિશાપ્રોક્ષક તાપસપણું | ૬ | ૪ |
| દિશાપ્રોક્ષક તાપસચર્યા | ૭ | ૪ |
| સોમિલનું કાષ્ઠમુદ્રા દ્વારા મુખબંધન કરી મહાપ્રસ્થાન | ૮ | ૫ |
| 'તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે' એવું દેવે કહ્યાં છતાં સોમિલને બોધ ન થવો | ૯ | ૬ |
| દેવ દ્વારા પુનઃ પુનઃ સંબોધ કરાતાં સોમિલ દ્વારા અણુવ્રતાદિ-ગ્રહણ | – | ૭ |
| સોમિલને સંબોધ થવો | ૧૦ | ૭ |
| સોમિલની સંલેખના, શુક્ર મહાગ્રહદેવત્વ | ૧૧ | ૮ |
| શુક્ર દેવલોકમાંથી ચ્યવીને સોમિલના જીવનનું સિદ્ધિગમન-પ્રરૂપણ | ૧૨ | ૮ |
| **૨. પાર્શ્વતીર્થમાં પ્રદેશી કથાનક** | **૧૩-૬૧** | **૮-૮૧** |
| આમલકલ્પામાં મહાવીર સમવસરણ | ૧૩ | ૮ |
| સૂર્યાભદેવનો ભ. મહાવીરના વંદનનો સંકલ્પ અને ઉચિત કાર્ય કરવા માટે આભિયોગિક દેવની રવાનગી | ૧૪ | ૮ |
| આભિયોગિક દેવો દ્વારા મહાવીરની વંદના વગેરે | ૧૬ | ૧૦ |
| આભિયોગિક દેવો દ્વારા મહાવીર-સમવસરણ ભૂમિની સંપ્રમાર્જના આદિ | ૧૮ | ૧૦ |
| સૂર્યાભદેવના આદેશથી તે વિમાનવાસી દેવ-દેવીઓનું તેની પાસે આગમન | ૧૯ | ૧૨ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| સૂર્યાભદેવના આદેશથી આભિયોગિક દેવકૃત દિવ્ય યાન-વિમાનનું નિર્માણ અને દિવ્ય યાન-વિમાનનું વર્ણન | ૨૦ | ૧૩ |
| સૂર્યાભદેવનું ભગવાન મહાવીર પાસે આગમન અને દિવ્ય વિમાનારોહણ વગેરેનું વર્ણન | ૨૧ | ૧૮ |
| સૂર્યાભ દ્વારા નૃત્યવિધિનું ઉપદર્શન | ૨૨ | ૨૦ |
| નૃત્યવિધિનું વર્ણન | ૨૩ | ૨૨ |
| નૃત્યની સમાપ્તિ અને સૂર્યાભનું પાછા ફરવું | ૨૪ | ૨૫ |
| સૂર્યાભદેવની દેવઋદ્ધિ વગેરેનું શરીરાન્તર્ગતત્વ નિરૂપણ | ૨૫ | ૨૫ |
| સૂર્યાભ-વિમાનમાં સ્થાન વગેરેનું વિસ્તારથી વર્ણન | ૨૬ | ૨૬ |
| વિસ્તારપૂર્વક સૂર્યાભદેવના અભિષેકનું વર્ણન | ૨૭ | ૩૭ |
| સૂર્યાભદેવ અને તેમના સામાનિક દેવોની સ્થિતિનું પ્રરૂપણ | ૨૮ | ૪૫ |
| પ્રદેશીરાજા-દૃઢ પ્રતિજ્ઞચરિત્ર-સૂર્યાભદેવનો પૂર્વભવ અનંતર ભવ પ્રરૂપણ, પ્રદેશી રાજા સૂર્યકાન્તાદેવી અને સૂર્યકાન્તકુમાર અને ચિત્ત-સારથી-નામ નિરૂપણ | ૨૯ | ૪૬ |
| પ્રદેશી રાજા દ્વારા જિતશત્રુ રાજા પાસે ચિત્તસારથીને મોકલવો | ૩૦ | ૪૭ |
| શ્રાવસ્તી નગરીમાં કેશીકુમાર શ્રમણનું આગમન | ૩૧ | ૪૮ |
| વૃત્તાંત જાણીને ચિત્તસારથીનું કેશીકુમાર શ્રમણના વંદનાર્થે ગમન, ધર્મશ્રવણ અને ગૃહસ્થધર્મ સ્વીકાર | ૩૨ | ૪૯ |
| શ્વેતામ્બી નગરીએ જતાં ચિત્ત સારથી દ્વારા કેશીકુમાર શ્રમણને શ્વેતામ્બી નગરીમાં પધારવાની પ્રાર્થના અને કેશીકુમાર શ્રમણની અનુમતિ | ૩૬ | ૫૨ |
| ચિત્ત સારથીનું સેયવિયા (શ્વેતામ્બી) નગરીમાં આગમન | ૩૭ | ૫૩ |
| ઉદ્યાનપાલકે કહેલાં વૃત્તાંતાનુસાર ચિત્તસારથીનું કેશીકુમાર શ્રમણના વંદનાર્થે ગમન અને ધર્મશ્રવણ | ૩૯ | ૫૪ |
| ધર્મના લાભ-અલાભ વિષયક ચાર સ્થાનો | ૪૨ | ૫૬ |
| અશ્વ-પરીક્ષાર્થે નીકળેલા પ્રદેશી રાજાનું ચિત્તસારથી સહિત કેશીકુમાર શ્રમણ પાસે આવવું- | ૪૩ | ૫૭ |
| પ્રદેશી રાજાને પ્રતિબોધનાર્થ કેશી મુનિની પ્રરૂપણામાં પંચવિધ જ્ઞાનનું નિરૂપણ | ૪૪ | ૫૮ |
| કેશીકુમાર શ્રમણના વક્તવ્યમાં જીવ-શરીરનું અન્યત્વ પ્રરૂપણ | ૪૫-૫૨ | ૫૯-૬૭ |
| ૧. અધુનોત્પન્ન નૈરયિકથી મનુષ્ય-લોકગમન વિષયમાં નિષેધ પ્રરૂપક ચાર સ્થાન-(કારણ) | ૪૫ | ૫૯ |
| ૨. અધુનોત્પન્ન દેવના મનુષ્ય લોકાગમનના વિષયમાં નિષેધ નિરૂપક ચાર સ્થાન-કારણ | ૪૬ | ૬૧ |
| ૩-૪. કેશીકુમાર શ્રમણના વક્તવ્યમાં જીવની અપ્રતિહત ગતિનું સમર્થન | ૪૭ | ૬૩ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| | ૫–૬. કેશી કુમાર શ્રમણના વક્તવ્યમાં જીવશરીરના અન્યત્વના સમર્થનમાં અપર્યાપ્તોપકરણ હેતુ નિરૂપણ | ૪૯ | ૬૫ |
| | ૭. કેશી કુમાર શ્રમણના વક્તવ્યમાં જીવનું અગુરુ લઘુત્વ | ૫૧ | ૬૬ |
| | ૮. કેશી કુમાર શ્રમણના વક્તવ્યમાં કાષ્ઠગત અગ્નિના દૃષ્ટાંત દ્વારા જીવના અદર્શનીયત્વનું સમર્થન | ૫૨ | ૬૭ |
| | કેશી કુમાર શ્રમણ દ્વારા નિર્દિષ્ટ પ્રદેશી રાજાનું વ્યવહારિત્વ | ૫૩ | ૬૮ |
| | કેશી કુમાર શ્રમણ નિર્દિષ્ટ જીવનું આદર્શનીયત્વ | ૫૪ | ૭૦ |
| | કેશી કુમાર શ્રમણ દ્વારા નિર્દિષ્ટ જીવદેશોનું શરીર સપ્રમાણાવગાહિત્વ | ૫૫ | ૭૧ |
| | કેશી કુમાર શ્રમણના વક્તવ્યમાં લોહભારવાહકના દૃષ્ટાન્ત દ્વારા પશ્ચાનુતાપ નિષેધ પ્રરૂપણ | ૫૬ | ૭૧ |
| | પ્રદેશી રાજાનો ગૃહસ્થધર્મ સ્વીકાર અને રમણીય–અરમણીય વિષયમાં વનખંડનું દૃષ્ટાંત | ૫૭ | ૭૩ |
| | સૂર્યકાન્તાએ કરેલો વિષપ્રયોગ, પ્રદેશી રાજાનું સમાધિપૂર્વક મૃત્યુ અને સૂર્યાભદેવના રૂપમાં ઉપપાદ | ૫૯ | ૭૫ |
| | સૂર્યાભદેવ ભવ પછી પ્રદેશી રાજાના જીવનું દૃઢપ્રતિજ્ઞ–ભવમાં મોક્ષગમન | ૬૧ | ૭૭ |
| **૩.** | **મહાવીર તીર્થમાં તુંગિકાનગરી નિવાસી શ્રમણોપાસક** | **૬૨–૬૪** | **૮૧–૮૩** |
| | શ્રમણોપાસકનું વર્ણન | ૬૨ | ૮૧ |
| | તુંગિકામાં પાર્શ્વાપત્યીય સ્થવિરોનું આગમન | ૬૩ | ૮૨ |
| | શ્રમણોપાસકો દ્વારા સ્થવિરોની પર્યુપાસના | ૬૪ | ૮૨ |
| **૪.** | **મહાવીર–તીર્થમા નંદ મણિયાર કથાનક** | **૬૫–૮૩** | **૮૩–૮૯** |
| | દર્દુર દેવ દ્વારા મહાવીર–સમવસરણમાં નાટ્યવિધિ | ૬૫ | ૮૩ |
| | ગૌતમની પૃચ્છાના ઉત્તરમાં ભગવાન મહાવીર દ્વારા દર્દુરદેવના પૂર્વભવનિબદ્ધ નન્દ મણિયારની કથાનું પ્રરૂપણ | ૬૬ | ૮૩ |
| | નંદને ધર્મપ્રાપ્તિ થવી | ૬૮ | ૮૪ |
| | નંદને મિથ્યાત્વ થવું | ૬૯ | ૮૪ |
| | નંદ દ્વારા પુષ્કરિણીનું નિર્માણ | ૭૦ | ૮૪ |
| | નંદ દ્વારા વનખંડ—નિર્માણ | ૭૧ | ૮૫ |
| | નંદ દ્વારા ચિત્રશાળાનું નિર્માણ | ૭૨ | ૮૫ |
| | નંદ દ્વારા ભોજન શાળાનું નિર્માણ | ૭૩ | ૮૫ |
| | નંદ દ્વારા ચિકિત્સાલયનું નિર્માણ | ૭૪ | ૮૫ |
| | નંદ દ્વારા અલંકાર સભાનું નિર્માણ | ૭૫ | ૮૫ |
| | અનેક માણસો દ્વારા નંદની પ્રશંસા અને નંદનો આનંદ | ૭૬ | ૮૬ |
| | નંદને રોગોત્પત્તિ | ૭૭ | ૮૬ |
| | નંદના રોગોની વૈદ્યોએ કરેલ ચિકિત્સાની નિષ્ફળતા | ૭૮ | ૮૬ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| | નંદ મણિયારનો દર્દુરભવ | ૭૯ | ૮૭ |
| | દર્દુરને જાતિસ્મરણ જ્ઞાન અને શ્રાવકવ્રત પાલન | ૮૦ | ૮૭ |
| | ભગવાન મહાવીરનું રાજગૃહમાં સમવસરણ | ૮૧ | ૮૮ |
| | દર્દુરનું સમવસરણ પ્રતિ ગમન | ૮૨ | ૮૮ |
| | દર્દુરનો મહાવ્રત-ગ્રહણનો સંકલ્પ | ૮૩ | ૮૮ |
| | દર્દુરની દેવતારૂપે ઉત્પત્તિ | ૮૩ | ૮૯ |
| ૫. | **મહાવીર—તીર્થમાં આનંદ ગાથાપતિ કથાનક** | **૮૪-૧૦૮** | **૮૯-૧૦૨** |
| | વાણિજ્યગ્રામમાં આનંદ ગાથાપતિ | ૮૪ | ૮૯ |
| | મહાવીર-સમવસરણ | ૮૫ | ૯૦ |
| | આનંદનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રાવણ | ૮૬ | ૯૦ |
| | આનંદે ગૃહસ્થધર્મ સ્વીકાર્યો | ૮૭ | ૯૦ |
| | આનંદ ગૃહપતિના ગૃહસ્થ ધર્મ-શ્રાવક ધર્મનું વિવરણ | ૮૮ | ૯૦ |
| | સમ્યક્ત્વ આદિના અતિચારો | ૮૯ | ૯૨ |
| | આનંદનો અભિગ્રહ અને શિવાનંદાને શ્રાવિકા ધર્મના પાલન વિષયે પ્રેરણા | ૯૦ | ૯૫ |
| | શિવાનંદાનું ભગવંત વંદનાર્થગમન અને ધર્મશ્રાવણ | ૯૧ | ૯૫ |
| | શિવાનંદાએ ગ્રહણ કરેલ શ્રાવક ધર્મ | ૯૨ | ૯૬ |
| | આનંદના પ્રવ્રજ્યાગ્રહણ વિશે ગૌતમની પૃચ્છા અને ભગવાનનું સમાધાન | ૯૩ | ૯૬ |
| | ભગવાનનો જનપદવિહાર | ૯૪ | ૯૬ |
| | આનંદની શ્રમણોપાસક ચર્યા | ૯૫ | ૯૬ |
| | શિવાનંદાની શ્રમણોપાસિકા-ચર્યા | ૯૬ | ૯૬ |
| | આનંદની ધર્મજાગરિકા અને ગૃહસ્થવ્યવહાર ત્યાગ | ૯૭ | ૯૬ |
| | આનંદ દ્વારા ઉપાસક પ્રતિમા ગ્રહણ | ૧૦૦ | ૯૮ |
| | આનંદનું અનશન | ૧૦૧ | ૯૮ |
| | આનંદને અવધિજ્ઞાનની ઉત્પત્તિ | ૧૦૨ | ૯૮ |
| | ગોચરચર્યા હેતુ નીકળેલા ગૌતમનું આનંદ સમક્ષ ગમન | ૧૦૩ | ૯૮ |
| | અવધિજ્ઞાનવિષયક આનંદ-ગૌતમ સંવાદ | ૧૦૪ | ૯૯ |
| | ભગવાન દ્વારા ગૌતમની શંકાનું નિવારણ | ૧૦૫ | ૧૦૦ |
| | ગૌતમ દ્વારા ક્ષમાયાચના | ૧૦૬ | ૧૦૧ |
| | ભગવાનનો જનપદ વિહાર | ૧૦૭ | ૧૦૧ |
| | આનંદનું સમાધિમરણ, દેવલોકમાં ઉત્પત્તિ અને ત્યાર બાદ સિદ્ધિગમન નિરૂપણ | ૧૦૮ | ૧૦૧ |
| ૬. | **કામદેવ ગાથાપતિ કથાનક** | **૧૦૯-૧૨૯** | **૧૦૧-૧૧૩** |
| | ચંપામાં કામદેવ ગાથાપતિ | ૧૦૯ | ૧૦૨ |
| | મહાવીર સમવસરણ | ૧૧૦ | ૧૦૨ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| | કામદેવનું સમવસરણમાં જવું અને ધર્મ શ્રવણ | ૧૧૧ | ૧૦૨ |
| | કામદેવનો ગૃહસ્થ ધર્મ સ્વીકાર | ૧૧૨ | ૧૦૨ |
| | ભગવાનનો જનપદ વિહાર | ૧૧૩ | ૧૦૩ |
| | કામદેવની શ્રમણોપાસક ચર્યા | ૧૧૪ | ૧૦૩ |
| | ભદ્રાની શ્રમણોપાસિકા ચર્યા | ૧૧૫ | ૧૦૩ |
| | કામદેવની ધર્મજાગરણા અને ગૃહવ્યવહાર ત્યાગ | ૧૧૬ | ૧૦૩ |
| | પિશાચરૂપે ઉદ્ભવેલ મારણાંતિક ઉપસર્ગનો કામદેવ દ્વારા સમ્યક્પણે પ્રતિકાર | ૧૧૭ | ૧૦૪ |
| | કામદેવ દ્વારા હસ્તીરૂપકૃત ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો | ૧૧૮ | ૧૦૫ |
| | કામદેવ દ્વારા સર્પરૂપે કરેલા ઉપસર્ગનું સમભાવપૂર્વક સહન કરવું | ૧૧૯ | ૧૦૭ |
| | સ્વાભાવિક રૂપમાં આવીને દેવ દ્વારા કામદેવની પ્રશંસા અને ક્ષમા યાચના | ૧૨૦ | ૧૦૮ |
| | કામદેવે કરેલું પ્રતિમાનું પારણ | ૧૨૧ | ૧૦૯ |
| | કામદેવે કરેલી ભગવાનની પર્યુપાસના | ૧૨૨ | ૧૦૯ |
| | ભગવાન દ્વારા કામદેવના ઉપસર્ગનું વિવેચન | ૧૨૩ | ૧૦૯ |
| | ભગવાન દ્વારા કામદેવની પ્રશંસા | ૧૨૪ | ૧૧૨ |
| | કામદેવનું પ્રતિગમન | ૧૨૫ | ૧૧૨ |
| | ભગવાનનો જનપદમાં વિહાર | ૧૨૬ | ૧૧૨ |
| | કામદેવ દ્વારા ઉપાસક પ્રતિમા–ગ્રહણ | ૧૨૭ | ૧૧૩ |
| | કામદેવનું અનશન | ૧૨૮ | ૧૧૩ |
| | કામદેવનું સમાધિમરણ, દેવલોકમાં ઉત્પત્તિ ને તદનન્તર સિદ્ધિગતિનું નિરૂપણ | ૧૨૯ | ૧૧૩ |
| ૭ | **ચુલનીપિતા ગાથાપતિ કથાનક** | **૧૩૦–૧૪૭** | **૧૧૪–૧૨૦** |
| | વારાણસીમાં ચુલનીપિતા ગાથાપતિ | ૧૩૦ | ૧૧૪ |
| | ભગવાન મહાવીરનું સમવસરણ | ૧૩૧ | ૧૧૪ |
| | ચુલનીપિતા ગાથાપતિનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રવણ | ૧૩૨ | ૧૧૪ |
| | ચુલનીપિતાનો ગૃહસ્થધર્મ સ્વીકાર | ૧૩૩ | ૧૧૫ |
| | ભગવાન મહાવીરનો જનપદ વિહાર | ૧૩૪ | ૧૧૫ |
| | ચુલનીપિતાની શ્રમણોપાસક ચર્યા | ૧૩૫ | ૧૧૫ |
| | શ્યામાની શ્રમણોપાસિકા ચર્યા | ૧૩૬ | ૧૧૫ |
| | ચુલનીપિતાએ કરેલ ધર્મ જાગરણ અને ગૃહ વ્યવહાર ત્યાગ | ૧૩૭ | ૧૧૫ |
| | ચુલનીપિતા દ્વારા દેવકૃત પોતાના જ્યેષ્ઠ પુત્રના મારણરૂપ ઉપસર્ગને સમભાવ પૂર્વક સહન કરવો | ૧૩૮ | ૧૧૬ |
| | ચુલનીપિતા દ્વારા દેવકૃત પોતાના મધ્યમ પુત્રના મારણરૂપ ઉપસર્ગનું સમભાવપૂર્વક સહન કરવું | ૧૩૯ | ૧૧૬ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| | ચુલનીપિતા દ્વારા દેવકૃત પોતાના કનિષ્ઠપુત્ર મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો | ૧૪૦ | ૧૧૭ |
| | ચુલનીપિતા દ્વારા દેવ કથિત પોતાની માતા ભદ્રાને મારવાની વાત સાંભળી તે સહન ન થવાથી કોલાહલ કરવો અને માયાવિકુર્વિત દેવનું આકાશમાં ઊડવું | ૧૪૧ | ૧૧૭ |
| | ભદ્રાનો પ્રશ્ન | ૧૪૨ | ૧૧૮ |
| | ચુલનીપિતાનો ઉત્તર | ૧૪૩ | ૧૧૮ |
| | ચુલનીપિતાએ કરેલું પ્રાયશ્ચિત્ત | ૧૪૪ | ૧૧૯ |
| | ચુલનીપિતા દ્વારા ઉપાસક–પ્રતિમાઓ ગ્રહણ કરવી | ૧૪૫ | ૧૧૯ |
| | ચુલનીપિતાએ કરેલ અનશન | ૧૪૬ | ૧૨૦ |
| | ચુલનીપિતાનું સમાધિમરણ, દેવલોકમાં ઉત્પત્તિ અને તદનન્તર સિદ્ધિગમન નિરૂપણ | ૧૪૭ | ૧૨૦ |
| ૮ | **સુરાદેવ ગાથાપતિ કથાનક** | **૧૪૮–૧૬૫** | **૧૨૦–૧૨૮** |
| | વારાણસીમાં સુરાદેવ ગાથાપતિ | ૧૪૮ | ૧૨૦ |
| | ભગવાન મહાવીરનું આગમન | ૧૪૯ | ૧૨૧ |
| | સુરાદેવ ગાથાપતિનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રવણ | ૧૫૦ | ૧૨૬ |
| | સુરાદેવની ગૃહિધર્મ–પ્રતિપત્તિ | ૧૫૧ | ૧૨૧ |
| | ભગવાનનો જનપદવિહાર | ૧૫૨ | ૧૨૨ |
| | ધન્ના ભાર્યાની શ્રમણોપાસિકા ચર્યા | ૧૫૪ | ૧૨૨ |
| | સુરાદેવનું ધર્મજાગરણ અને ગૃહવ્યવહારનો ત્યાગ | ૧૫૫ | ૧૨૨ |
| | સુરાદેવ દ્વારા દેવકૃત પોતાના જયેષ્ઠ પુત્રના મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો. | ૧૫૬ | ૧૨૨ |
| | સુરાદેવ દ્વારા દેવકૃત પોતાના વચલા પુત્રના મારણરૂપ ઉપસર્ગને સમ્યક્ પ્રકારે સહન કરવો | ૧૫૭ | ૧૨૩ |
| | સુરાદેવ દ્વારા દેવકૃત પોતાના કનિષ્ઠ પુત્રના મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો | ૧૫૮ | ૧૨૪ |
| | સુરાદેવ દ્વારા દેવકથિત રોગાંતક ઉપસર્ગને સહન ન કરી શકવાથી કોલાહલ કરવો અને માયાવિકુર્વિત દેવનું આકાશમાં ઊડવું | ૧૫૯ | ૧૨૫ |
| | ધન્નાનો પ્રશ્ન | ૧૬૦ | ૧૨૫ |
| | સુરાદેવનો ઉત્તર | ૧૬૧ | ૧૨૫ |
| | સુરાદેવ દ્વારા પ્રાયશ્ચિત્ત કરવું | ૧૬૨ | ૧૨૬ |
| | સુરાદેવ દ્વારા ઉપાસક પ્રતિમા સ્વીકાર | ૧૬૩ | ૧૨૭ |
| | સુરાદેવે કરેલ અનશન | ૧૬૪ | ૧૨૭ |
| | સુરાદેવનું સમાધિમરણ, દેવલોકમાં ઉત્પત્તિ અને તદનન્તર સિદ્ધિગતિ નિરૂપણ | ૧૬૫ | ૧૨૭ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૯ | ચુલ્લશતક ગાથાપતિ કથાનક | ૧૬૬-૧૮૪ | ૧૨૮-૧૩૪ |
| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
| | આલભિકામાં ચુલ્લશતક ગાથાપતિ | ૧૬૬ | ૧૨૮ |
| | ભગવાન મહાવીરનું સમવસરણ | ૧૬૭ | ૧૨૮ |
| | ચુલ્લશતકનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રવણ | ૧૬૮ | ૧૨૮ |
| | ચુલ્લશતકનો શ્રાવક ધર્મ સ્વીકાર | ૧૬૯ | ૧૨૯ |
| | ભગવાનનો જનપદ વિહાર | ૧૭૦ | ૧૨૯ |
| | ચુલ્લશતકની શ્રમણોપાસક ચર્યા | ૧૭૧ | ૧૨૯ |
| | બહુલાની શ્રમણોપાસિકા ચર્યા | ૧૭૨ | ૧૨૯ |
| | ચુલ્લશતકે કરેલી ધર્મજાગરિકા | ૧૭૩ | ૧૨૯ |
| | ચુલ્લશતક દ્વારા દેવકૃત પોતાના જયેષ્ઠ પુત્રના મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો | ૧૭૫ | ૧૩૦ |
| | મધ્યમ પુત્ર મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો | ૧૭૬ | ૧૩૦ |
| | કનિષ્ઠ પુત્ર મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો | ૧૭૭ | ૧૩૧ |
| | દેવકથિત નિજ સર્વ હિરણ્ય-કોટિઓના વિકીર્ણ કરવારૂપ ઉપસર્ગને સહન ન કરી શકવાથી કોલાહલ કરવો ને માયાવિકુર્વિત દેવનું આકાશમાં ઊડવું | ૧૭૮ | ૧૩૧ |
| | બહુલાનો પ્રશ્ન | ૧૭૯ | ૧૩૨ |
| | ચુલ્લશતકનો ઉત્તર | ૧૮૦ | ૧૩૨ |
| | ચુલ્લશતકે કરેલું પ્રાયશ્ચિત્ત | ૧૮૧ | ૧૩૩ |
| | ચુલ્લશતકની ઉપાસક પ્રતિમા પ્રતિપત્તિ | ૧૮૨ | ૧૩૪ |
| | ચુલ્લશતકનું અનશન | ૧૮૩ | ૧૩૪ |
| | ચુલ્લશતકનું સમાધિમરણ, દેવલોકમાં ઉત્પત્તિ અને તદન્તર સિદ્ધિગમનનું નિરૂપણ | ૧૮૪ | ૧૩૪ |
| ૧૦ | કુંડકૌલિક ગાથાપતિ કથાનક | ૧૮૫-૨૦૪ | ૧૩૫-૧૪૦ |
| | કાંપિલ્યપુરમાં કુન્ડકૌલિક ગાથાપતિ | ૧૮૫ | ૧૩૫ |
| | ભગવાન મહાવીરનું સમવસરણ | ૧૮૬ | ૧૩૫ |
| | કુન્ડકૌલિક ગાથાપતિનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રવણ | ૧૮૭ | ૧૩૫ |
| | કુન્ડકૌલિકનો શ્રાવક ધર્મ સ્વીકાર | ૧૮૮ | ૧૩૬ |
| | ભગવાનનો જનપદવિહાર | ૧૮૯ | ૧૩૬ |
| | કુન્ડકૌલિકની શ્રમણોપાસક ચર્યા | ૧૯૦ | ૧૩૬ |
| | પૂષાની શ્રમણોપાસિકા ચર્યા | ૧૯૧ | ૧૩૬ |
| | દેવ દ્વારા નિયતિવાદનું સમર્થન | ૧૯૨ | ૧૩૬ |
| | કુન્ડકૌલિક દ્વારા નિયતિવાદનું નિરસન | ૧૯૩ | ૧૩૭ |
| | દેવ દ્વારા નિયતિવાદ સમર્થન | ૧૯૪ | ૧૩૭ |
| | કુન્ડકૌલિક દ્વારા નિયતિવાદ નિરસન | ૧૯૫ | ૧૩૭ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| | દેવનું પ્રતિગમન | ૧૯૬ | ૧૩૭ |
| | મહાવીર સમવસરણમાં કુન્ડકૌલિકનું ગમન અને ધર્મશ્રવણ | ૧૯૭ | ૧૩૭ |
| | મહાવીર દ્વારા પૂર્વવૃત્તાન્તનું નિરૂપણ | ૧૯૮ | ૧૩૮ |
| | મહાવીર દ્વારા કુન્ડકૌલિકની પ્રશંસા | ૧૯૯ | ૧૩૯ |
| | ભગવાનનો જનપદ વિહાર | ૨૦૦ | ૧૩૯ |
| | કુન્ડકૌલિકે કરેલી ધર્મજાગરિકા | ૨૦૧ | ૧૩૯ |
| | કુન્ડકૌલિકની ઉપાસક પ્રતિમા પ્રતિપત્તિ | ૨૦૨ | ૧૩૯ |
| | કુન્ડકૌલિકનું અનશન | ૨૦૩ | ૧૪૦ |
| | કુન્ડકૌલિકનું સમાધિમરણ, દેવલોકોત્પત્તિ અને તદન્તર સિદ્ધિગમન નિરૂપણ | ૨૦૪ | ૧૪૦ |
| ૧૧ | **સદ્દાલપુત્ર કુંભકાર કથાનક** | **૨૦૫-૨૩૧** | **૧૪૦-૧૫૫** |
| | પોલાસપુરમાં સદ્દાલપુત્ર | ૨૦૫ | ૧૪૦ |
| | સદ્દાલપુત્રની સામે દેવે કરેલી મહાવીરની પ્રશંસા | ૨૦૬ | ૧૪૧ |
| | સદ્દાલપુત્રે કરેલ ગોશાલકને વંદન કરવાનો સંકલ્પ | ૨૦૭ | ૧૪૧ |
| | ભગવાન મહાવીરનું સમવસરણ અને સદ્દાલપુત્રનુ ધર્મશ્રવણ | ૨૦૮ | ૧૪૨ |
| | મહાવીર દ્વારા દેવે કરેલી પ્રશંસાનું નિરૂપણ | ૨૦૯ | ૧૪૨ |
| | સદ્દાલપુત્રનું નિવેદન | ૨૧૦ | ૧૪૩ |
| | મહાવીર દ્વારા સદ્દાલપુત્રને સંબોધન | ૨૧૧ | ૧૪૩ |
| | સદ્દાલપુત્રની ગૃહિધર્મ–પ્રતિપત્તિ (ગૃહસ્થધર્મ સ્વીકાર) | ૨૧૨ | ૧૪૪ |
| | અગ્નિમિત્રાનું મહાવીર–વંદનાર્થ ગમન અને ધર્મશ્રવણ | ૨૧૩ | ૧૪૫ |
| | અગ્નિમિત્રાની ગૃહિધર્મ–પ્રતિપત્તિ | ૨૧૪ | ૧૪૬ |
| | ભગવાનનો જનપદ વિહાર | ૨૧૫ | ૧૪૬ |
| | સદ્દાલપુત્રની શ્રમણોપાસક ચર્યા | ૨૧૬ | ૧૪૬ |
| | અગ્નિમિત્રાની શ્રમણોપાસિકા ચર્યા | ૨૧૭ | ૧૪૬ |
| | ગોશાલકનું આગમન | ૨૧૮ | ૧૪૬ |
| | ગોશાલક દ્વારા મહાવીરનાં ગુણગાન | ૨૧૯ | ૧૪૭ |
| | મહાવીર સાથે વિવાદ કરવામાં ગોશાલકનું અસામર્થ્ય તેમજ પ્રતિગમન | ૨૨૦ | ૧૪૮ |
| | સદ્દાલપુત્રની ધર્મજાગરિકા | ૨૨૧ | ૧૪૯ |
| | સદ્દાલપુગ દ્વારા દેવરૂપકૃત નિજ જયેષ્ઠ પુત્ર મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો | ૨૨૨ | ૧૫૦ |
| | સદ્દાલપુત્ર દ્વારા દેવકૃત નિજ મધ્યમપુત્રના મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો | ૨૨૩ | ૧૫૦ |
| | સદ્દાલપુત્ર દ્વારા દેવકૃત નિજ કનિષ્ઠપુત્રના મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો | ૨૨૪ | ૧૫૧ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| | સદ્દાલપુત્ર દ્વારા દેવ કથિત નિજ ભાર્યા મારણરૂપ ઉપસર્ગ સહન ન થતાં કોલાહલ કરવો અને માયા વિકુર્વિત દેવનું આકાશમાં ઊડવું | ૨૨૫ | ૧૫૧ |
| | અગ્નિમિત્રાનો પ્રશ્ન | ૨૨૬ | ૧૫૨ |
| | સદ્દાલપુત્રને ઉત્તર | ૨૨૭ | ૧૫૨ |
| | સદ્દાલપુત્રકૃત પ્રાયશ્ચિત્ત | ૨૨૮ | ૧૫૪ |
| | સદ્દાલપુત્ર શ્રમણોપાસકની ઉપાસક પ્રતિમા પ્રતિપત્તિ | ૨૨૯ | ૧૫૪ |
| | સદ્દાલપુત્રે કરેલું અનશન | ૨૩૦ | ૧૫૪ |
| | સદ્દાલપુત્રનું સમાધિમરણ, દેવલોકોત્પત્તિ અને તદનન્તર સિદ્ધિગમન નિરૂપણ | ૨૩૧ | ૧૫૫ |
| **૧૨** | **મહાશતક ગાથાપતિ કથાનક** | **૨૩૨-૨૫૬** | **૧૫૫-૧૬૫** |
| | રાજગૃહમાં મહાશતક ગાથાપતિ | ૨૩૨ | ૧૫૫ |
| | ભગવાન મહાવીરનું સમવસરણ | ૨૩૩ | ૧૫૫ |
| | મહાશતકનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રાવણ | ૨૩૪ | ૧૫૫ |
| | મહાશતકની ગૃહીધર્મ પ્રતિપત્તિ | ૨૩૫ | ૧૫૬ |
| | મહાશતકની શ્રમણોપાસક ચર્યા | ૨૩૬ | ૧૫૭ |
| | ભગવાનનો જનપદ વિહાર | — | ૧૫૭ |
| | ભોગાભિલાષિણી રેવતીની ચિંતા | ૨૩૭ | ૧૫૭ |
| | રેવતી દ્વારા સપત્ની (શોક્ય) વિનાશ | ૨૩૮ | ૧૫૭ |
| | રેવતી દ્વારા માંસ-મદ્ય આદિ સેવન | ૨૩૯ | ૧૫૭ |
| | અમારી ઘોષણા થયા પછી પણ રેવતી દ્વારા માંસ-મદ્ય સેવન | ૨૪૦ | ૧૫૭ |
| | મહાશતકની ધર્મજાગરિકા | ૨૪૧ | ૧૫૮ |
| | મહાશતક પર રેવતીએ કરેલો અનુકૂળ ઉપસર્ગ | ૨૪૨ | ૧૫૮ |
| | મહાશતકે કરેલી ઉપાસક પ્રતિમાની પ્રતિપત્તિ | ૨૪૩ | ૧૫૯ |
| | મહાશતકનું અનશન | ૨૪૪ | ૧૫૯ |
| | મહાશતકને થયેલી અવધિજ્ઞાનોત્પત્તિ | ૨૪૫ | ૧૫૯ |
| | મહાશતક પર રેવતી દ્વારા પુનઃ અનુકૂળ ઉપસર્ગ | ૨૪૬ | ૧૬૦ |
| | મહાશતકને થયેલો વિક્ષેપ અને તેથી રેવતીનું મરણાન્તર નરકમાં ગમન કથન | ૨૪૨ | ૧૬૦ |
| | ભગવાન મહાવીરનું સમવસરણ | ૨૪૮ | ૧૬૦ |
| | મહાશતક પાસે ગૌતમને મોકલવા | ૨૪૯ | ૧૬૦ |
| | ગૌતમનું મહાશતક સમક્ષ આગમન | ૨૫૦ | ૧૬૧ |
| | મહાશતક કૃત ગૌતમ વંદન | ૨૫૧ | ૧૬૧ |
| | મહાશતક સમક્ષ ગૌતમે કરેલું ભગવાનના પ્રાયશ્ચિત્ત કરવા રૂપ કથનનું નિરૂપણ | ૨૫૨ | ૧૬૧ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| | મહાશતક દ્વારા પ્રાયશ્ચિત કરવું | ૨૫૩ | ૧૬૨ |
| | ગૌતમનું પ્રતિનિષ્ક્રમણ | ૨૫૪ | ૧૬૨ |
| | ભગવાને કરેલો જનપદવિહાર | ૨૫૫ | ૧૬૨ |
| | મહાશતકની દેવલોકોત્પત્તિ અને તદનન્તર સિદ્ધિગમન નિરૂપણ | ૨૫૬ | ૧૬૨ |
| ૧૩ | **નંદિનીપિતા ગાથાપતિ કથાનક** | **૨૫૭-૨૬૮** | **૧૬૨-૧૬૫** |
| | શ્રાવસ્તીમાં નંદિનીપિતા ગાથાપતિ | ૨૫૭ | ૧૬૨ |
| | ભગવાન મહાવીરનું સમવસરણ | ૨૫૮ | ૧૬૩ |
| | નંદિનીપિતાનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રવણ | ૨૫૯ | ૧૬૩ |
| | નંદિનીપિતાની ગૃહીધર્મ પ્રતિપત્તિ | ૨૬૦ | ૧૬૩ |
| | ભગવાનનો જનપદવિહાર | ૨૬૧ | ૧૬૪ |
| | નંદિનીપિતાની શ્રમણોપાસક ચર્યા | ૨૬૨ | ૧૬૪ |
| | અશ્વિનીની શ્રમણોપાસિકા ચર્યા | ૨૬૩ | ૧૬૪ |
| | નંદિનીપિતાની ધર્મ-જાગરિકા | ૨૬૪ | ૧૬૪ |
| | નંદિનીપિતાની ઉપાસક પ્રતિમા પ્રતિપત્તિ | ૨૬૬ | ૧૬૪ |
| | નંદિનીપિતાએ કરેલું અનશન | ૨૬૭ | ૧૬૫ |
| | નંદિનીપિતાનું સમાધિમરણ, દેવલોકોત્પત્તિ અને તદનન્તર સિદ્ધિગમન નિરૂપણ | ૨૬૮ | ૧૬૫ |
| ૧૪ | **લેતિકાપિતા ગાથાપતિ કથાનક** | **૨૬૯-૨૭૯** | **૧૬૫-૧૬૯** |
| | શ્રાવસ્તીમાં લેતિકાપિતા ગાથાપતિ | ૨૬૯ | ૧૬૫ |
| | ભગવાન મહાવીરનું સમવસરણ | ૨૭૦ | ૧૬૬ |
| | લેતિકાપિતાનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રવણ | ૨૭૧ | ૧૬૬ |
| | લેતિકાપિતાની ગૃહીધર્મ-પ્રતિપત્તિ | ૨૭૨ | ૧૬૬ |
| | ભગવાનનો જનપદ વિહાર | ૨૭૩ | ૧૬૭ |
| | લેતિકાપિતાની શ્રમણોપાસક ચર્યા | ૨૭૪ | ૧૬૭ |
| | ફાલ્ગુનીનો શ્રમણોપાસિકા ચર્યા | ૨૭૫ | ૧૬૭ |
| | લેતિકાપિતાની ધર્મજાગરિકા | ૨૭૬ | ૧૬૭ |
| | લેતિકાપિતાની ઉપાસક પ્રતિમા પ્રતિપત્તિ | ૨૭૭ | ૧૬૮ |
| | લેતિકાપિતાનું અનશન | ૨૭૮ | ૧૬૮ |
| | લેતિકાપિતાનું સમાધિમરણ, દેવલોકોત્પત્તિ અને તદન્તર સિદ્ધિગમન નિરૂપણ | ૨૭૯ | ૧૬૮ |
| ૧૫ | **ઋષિભદ્રપુત્રાદિ શ્રમણોપાસક** | **૨૮૦-૨૮૪** | **૧૬૯-૧૭૧** |
| | આલભિકાના ઋષિભદ્રપુત્રાદિ શ્રમણોપાસકો | ૨૮૦ | ૧૬૯ |
| | દેવ-સ્થિતિવિષયક વિવાદ | ૨૮૧ | ૧૬૯ |
| | ભગવાન મહાવીરનું પદાર્પણ | ૨૮૨ | ૧૬૯ |
| | મહાવીર દ્વારા સમાધાન | ૨૮૩ | ૧૭૦ |
| | ઋષિભદ્રપુત્ર વિષયક ગૌતમના પ્રશ્ન અને મહાવીરનો ઉત્તર | ૨૮૪ | ૧૭૧ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| **૧૬** | **શંખ અને પુષ્કલી શ્રમણોપાસક** | **૨૮૫–૨૯૭** | **૧૭૧–૧૭૫** |
| | શ્રાવસ્તીમાં શંખ અને પુષ્કલી | ૨૮૫ | ૧૭૧ |
| | ભગવાન મહાવીરનું પદાર્પણ | ૨૮૬ | ૧૭૧ |
| | શંખનો પૌષધ | ૨૮૭ | ૧૭૨ |
| | શંખના કથનાનુસાર શ્રાવસ્તીના શ્રમણોપકો દ્વારા પૌષધહેતુ વિપુલ અશનાદિકરણ | ૨૮૮ | ૧૭૨ |
| | અશનાદિ ભોગાર્થે પુષ્કલીનું શંખને નિમંત્રણ | ૨૮૯ | ૧૭૨ |
| | શંખ દ્વારા નિષેધ | ૨૯૦ | ૧૭૩ |
| | અન્ય શ્રમણોપાસકો દ્વારા પૌષધનિમિત્ત અશનાદિનો ભોગ | ૨૯૧ | ૧૭૩ |
| | શંખ દ્વારા પારણાર્થ ભગવાન મહાવીરની પર્યુપાસના | ૨૯૨ | ૧૭૩ |
| | શ્રમણોપાસકો દ્વારા શંખનો તિરસ્કાર | ૨૯૬ | ૧૭૪ |
| | મહાવીર દ્વારા શંખ-હીલના-નિવારણ | ૨૯૪ | ૧૭૪ |
| | મહાવીર-કૃત જાગરિકા વિવરણ | ૨૯૫ | ૧૭૪ |
| | કષાયનું ફળ કર્મબંધન જાણી શ્રમણોપાસકો દ્વારા શંખ પાસે ક્ષમાયાચના | ૨૯૬ | ૧૭૫ |
| | શંખની દેવગતિ અને સિદ્ધિ | ૨૯૭ | ૧૭૫ |
| **૧૭** | **નાગ પૌત્ર વરુણ શ્રમણોપાસક** | **૨૯૮–૩૦૦** | **૧૭૫–૧૭૮** |
| | સંગ્રામમાં મરણ થયા પછી દેવત્વ વિષયક ગૌતમનો પ્રશ્ન | ૨૯૮ | ૧૭૫ |
| | મહાવીર દ્વારા ઉત્તરમાં વરુણ કથાનક | | ૧૭૬ |
| | વરુણનું રથમુસલ સંગ્રામમાં ગમન | | ૧૭૬ |
| | સંગ્રામમાં વરુણનો અભિગ્રહ | | ૧૭૬ |
| | વરુણકૃત સંલેખના | | ૧૭૭ |
| | નાગના પૌત્ર વરુણના મિત્રનું પણ વરુણને અનુસરવું | | ૧૭૮ |
| | વરુણના મૃત્યુ પર દેવકૃત વૃષ્ટિ | | ૧૭૮ |
| | વરુણની દેવલોકમાં ઉત્પત્તિ અને ત્યાર બાદ સિદ્ધિગતિ નિરૂપણ | ૨૯૯ | ૧૭૮ |
| | વરુણના મિત્રની પણ સુકુલ-ઉત્પત્તિ વગેરે | ૩૦૦ | ૧૭૮ |
| **૧૮** | **સોમિલ બ્રાહ્મણ શ્રમણોપાસક** | **૩૦૧–૩૦૪** | **૧૭૯–૧૮૧** |
| | વાણિજ્યગ્રામમાં સોમિલ બ્રાહ્મણ અને ભગવાન મહાવીરનું સમવસરણ | ૩૦૧ | ૧૭૯ |
| | સોમિલ બ્રાહ્મણનું સમવસરણમાં ગમન | ૩૦૨ | ૧૭૯ |
| | સોમિલના યાત્રાદિ પ્રશ્નોનું ભગવાન દ્વારા સમાધાન | ૩૦૩ | ૧૭૯ |
| | સોમિલની શ્રાવક ધર્મ પ્રતિપત્તિ | | ૧૮૧ |
| | સોમિલની દેવગતિ-સિદ્ધિગમન નિર્દેશ | ૩૦૪ | ૧૮૧ |
| **૧૯** | **ભગવાન મહાવીરના શ્રમણોપાસકોની દેવલોકસ્થિતિનું નિરૂપણ** | **૩૦૫** | **૧૮૨** |
| | શ્રમણોપાસકોની સૌધર્મકલ્પમાં સ્થિતિ | ૩૦૫ | ૧૮૨ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૨૦ | **કોણિકનું મહાવીર-સમવસરણમાં જવું અને ધર્મશ્રવણ** | **૩૦૬-૩૨૭** | **૧૮૨-૧૯૯** |
| | ચંપા નગરી વર્ણન | ૩૦૬ | ૧૮૨ |
| | પૂર્ણભદ્ર ચૈત્ય | ૩૦૭ | ૧૮૨ |
| | વનખંડ | ૩૦૮ | ૧૮૩ |
| | ઉત્તમ અશોક વૃક્ષ | ૩૦૯ | ૧૮૪ |
| | પૃથ્વી-શિલાપટ્ટક | ૩૧૦ | ૧૮૫ |
| | ચંપામાં કોણિક રાજા | ૩૧૧ | ૧૮૫ |
| | કોણિકની રાણી ધારિણી દેવી | ૩૧૨ | ૧૮૬ |
| | કોણિકનું સુખપૂર્વક વિચરણ | ૩૧૪ | ૧૮૭ |
| | ભગવંત-પ્રવૃત્તિ-નિવેદક પુરુષ દ્વારા કોણિક સમક્ષ ભગવાન મહાવીરના ચંપાનગરીમાં આગમનનું નિવેદન | ૩૧૫ | ૧૮૭ |
| | ભગવાન પ્રતિ કોણિકના નમસ્કાર | ૩૧૬ | ૧૮૭ |
| | ચંપામાં ભગવાન મહાવીરનું સમવસરણ | ૩૧૭ | ૧૮૮ |
| | ચંપાનગરી-નિવાસીજનોનું સમવસરણ ગમન અને પર્યુપાસના | ૩૧૮ | ૧૮૮ |
| | ભગવંત-પ્રવૃત્તિ-નિવેદન દ્વારા કોણિક સમક્ષ ભગવાનના આગમનનું નિવેદન | ૩૧૯ | ૧૯૦ |
| | કોણિકનો ભગવાન મહાવીરના દર્શનાર્થે જવા સંકલ્પ અને સર્વઋદ્ધિ સહિત સમવસરણ તરફ પ્રસ્થાન | ૩૨૦ | ૧૯૦ |
| | કોણિકનું સમવસરણ પ્રતિગમન | ૩૨૧ | ૧૯૦ |
| | કોણિકનું સમવસરણમાં આગમન અને ભગવાનની પર્યુપાસના | ૩૨૨ | ૧૯૬ |
| | સુભદ્રા આદિ કોણિકની રાણીઓનું સમવસરણમાં આગમન અને પર્યુપાસના | ૩૨૩ | ૧૯૭ |
| | ભગવાન મહાવીરની ધર્મ-દેશના | ૩૨૪ | ૧૯૮ |
| | પરિષદની ધર્મ પ્રતિપત્તિ અને સ્વગૃહ-ગમન | ૩૨૫ | ૧૯૮ |
| | કોણિકકૃત ધર્મદેશના-પ્રશંસા અને સ્વગૃહ-ગમન | ૩૨૬ | ૧૯૮ |
| | સુભદ્રા આદિ કોણિકની રાણીઓ દ્વારા ધર્મદેશનાની પ્રશંસા અને સ્વગૃહ-ગમન | ૩૨૭ | ૧૯૯ |
| ૨૧ | **અંબડ પરિવ્રાજક કથાનક** | **૩૨૮-૩૩૬** | **૧૯૯-૨૦૪** |
| | સાતસો અંબડ-શિષ્યોએ અટવીમાં સંગ્રહેલ પાણીનો નાશ | ૩૨૮ | ૧૯૯ |
| | અદત્ત-અગ્રહણનું વ્રત પાળનાર સાતસો પરિવ્રાજકોનું સંલેખના-પૂર્વક સમાધિમરણ અને દેવલોકમાં ઉત્પત્તિ | ૩૨૯ | ૧૯૯ |
| | અંબડનો શતગૃહ-વાસ અને આહાર-નિરૂપણ | ૩૩૦ | ૨૦૦ |
| | અંબડનું શ્રમણોપાસકત્વ | ૩૩૧ | ૨૦૧ |
| | અંબડનો દેવભવ | ૩૩૨ | ૨૦૨ |
| | અંબડના દૃઢપ્રતિજ્ઞભવ-નિરૂપણમાં દૃઢપ્રતિજ્ઞનો જન્મ | ૩૩૩ | ૨૦૨ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| | અંબડનો દૃઢપ્રતિજ્ઞ ભવ | ૩૩૩ | ૨૦૨ |
| | દૃઢપ્રતિજ્ઞનું કલાગ્રહણ | ૩૩૪ | ૨૦૩ |
| | યુવાન દૃઢપ્રતિજ્ઞનો વૈરાગ્ય | ૩૩૫ | ૨૦૩ |
| | દૃઢપ્રતિજ્ઞની પ્રવજ્યા અને સિદ્ધિગમન નિરૂપણ | ૩૩૬ | ૨૦૪ |
| ૨૨ | **હસ્તીરાજ ઉદાયી અને ભૂતાનન્દ** | **૩૩૭–૩૩૮** | **૨૦૪–૨૦૫** |
| | રાજગૃહમાં હસ્તીરાજ ઉદાયી અને ભૂતાનન્દ | ૩૩૭ | ૨૦૪ |
| | હસ્તીરાજ ભૂતાનન્દ | ૩૩૮ | ૨૦૫ |
| ૨૩ | **મર્દુક શ્રમણોપાસક કથા** | **૩૩૯–૩૪૬** | **૨૦૫–૨૦૯** |
| | રાજગૃહમાં અન્યતીર્થિક અને મર્દુક શ્રામણોપાસક | ૩૩૯ | ૨૦૫ |
| | ભગવાન મહાવીરનું રાજગૃહ નગરમાં સમવસરણ | ૩૪૦ | ૨૦૫ |
| | સમવસરણમાં જઈ રહેલા મર્દુકનો અન્યતીર્થિકોની સાથે અસ્તિકાય વિષયમાં વાર્તાલાપ | ૩૪૧ | ૨૦૫ |
| | ભગવાન મહાવીર વડે મર્દુકની પ્રશંસા | ૩૪૨ | |
| | મુર્દુકનો ભવ નિરૂપણ | ૩૪૬ | ૨૦૬ |
| | પરિશિષ્ટ : પ્રતિમા સંલેખના વિધિ | | |


**ચતુર્થ સ્કંધ સમાપ્ત**

## પંચમ સ્કંધ


| | | | |
|---|---|---|---|
| | **પંચમ સ્કંધ (નિહ્નવ-કથાનકો)** | **૧–૧૧૭** | **૧–૫૧** |
| ૧ | **સાત પ્રવચન-નિહ્નવોનાં નામ-ધર્માચાર્ય-નગર નિર્દેશ** | **૧** | **૪** |
| ૨ | **જમાલિ નિહ્નવ કથાનક** | **૧–૪૩** | **૪–૨૨** |
| | ક્ષત્રિય કુંડમાં જમાલિ કુમાર | ૨ | ૪ |
| | બ્રાહ્મણ કુંડગ્રામમાં મહાવીરનો વિહાર | ૩ | ૪ |
| | જમાલિકુમાર દ્વારા મહાવીર પર્યુપાસના | ૫ | ૫ |
| | મહાવીરની ધર્મકથા | ૬ | ૬ |
| | જમાલીકુમારનો પ્રવ્રજ્યા સંકલ્પ | ૭ | ૬ |
| | માતા-પિતા દ્વારા પ્રવ્રજ્યા-ગ્રહણ-નિવારણ અને જમાલિ દ્વારા સમર્થન | ૮ | ૭ |
| | માતા-પિતા દ્વારા પ્રવ્રજ્યા-અનુમોદન | ૧૩ | ૧૧ |
| | પ્રવ્રજ્યાની પૂર્વનાં કાર્યો | ૧૪ | ૧૧ |
| | માતા-પિતા દ્વારા ભગવાન મહાવીરને શિષ્ય-ભિક્ષાદાન | ૨૬ | ૧૬ |
| | જમાલિની પ્રવ્રજ્યા | ૨૭ | ૧૬ |
| | જમાલિ દ્વારા જનપદ વિહારની પ્રાર્થના | | |
| | ભગવાન મહાવીરનું મૌન | ૨૯ | ૧૭ |
| | જમાલિનો જનપદ વિહાર અને શ્રાવસ્તી આગમન | ૩૦ | ૧૭ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| | ભગવાન મહાવીરનું ચંપામાં આગમન | ૩૧ | ૧૮ |
| | જમાલિને રોગાંતક-પીડા અને શય્યા-સંસ્તરણની આજ્ઞા | ૩૨ | ૧૮ |
| | જમાલિ અને તેમના શિષ્યો વચ્ચે શૈય્યા કરવામાં 'કૃત-ક્રિયમાણ' ના વિષમાં પ્રશ્નોત્તર | ૩૩ | ૧૮ |
| | 'ચલમાન ચલિત' ઈત્યાદિ ભગવાનની પ્રરૂપણાથી જમાલિનો વિપરીત મત | ૩૪ | ૧૮ |
| | જમાલિની પ્રરૂપણામાં શ્રદ્ધા નહીં કરવાવાળા કેટલાક શ્રમણોનું ભગવાન સમીપે આગમન | ૩૫ | ૧૯ |
| | જમાલિ દ્વારા ચંપામાં ભગવાન મહાવીર સમક્ષ પોતાના કેવલીપણાની ઘોષણા | ૩૬ | ૧૯ |
| | ગૌતમકૃત લોક-જીવવિષયક પ્રશ્ન પર જમાલિનું મૌન | ૩૭ | ૧૯ |
| | ભગવન્ત પ્રરૂપિત લોક-જીવનું શાશ્વતત્વ-અશાશ્વતત્વ | ૩૮ | ૨૦ |
| | જમાલિની અશ્રદ્ધા અને મરણાંતે લાંતક કલ્પમાં કિલ્વિષિક દેવપણું | ૩૯ | ૨૦ |
| | કિલ્વિષિક દેવોના ભેદ વગેરેનું નિરૂપણ | ૪૧ | ૨૧ |
| | જમાલિના અન્ય ભવ અને સિદ્ધિ | ૪૩ | ૨૨ |
| ૩ | **આજીવક તીર્થંકર ગોશાલક કથાનક** | **૪૪-૧૧૭** | **૨૨-૫૧** |
| | શ્રાવસ્તી નગરીમાં હાલાહલાની કુંભકારાપણમાં ગોશાલ | ૪૪ | ૨૨ |
| | દિશાચરોનું પૂર્વગત નિર્યૂહણ | ૪૫ | ૨૨ |
| | ગોશાલકૃત છ અનતિક્રમણીયની પરૂપણા | ૪૬ | ૨૩ |
| | ગોશાલનું જિનત્વ | ૪૭ | ૨૩ |
| | ભગવાન મહાવીરનું સમવસરણ અને ગૌતમનું ગોચરી માટે નિર્ગમન | ૪૮ | ૨૩ |
| | ગૌતમનો ગોશાલચરિત્ર જાણવા માટે પ્રશ્ન | ૪૯ | ૨૩ |
| | મહાવીર દ્વારા ગોશાલચરિત્ર વર્ણનનો પૂર્વભાગ | ૫૦ | ૨૩ |
| | મંખલિ-ભદ્રાનો ગૌશાળામાં નિવાસ | ૫૧ | ૨૩ |
| | મંખલિ-ભદ્રા દ્વારા પુત્રનું ગોશાલક નામકરણ | ૫૨ | ૨૪ |
| | ગોશાલકની મંખચર્યા | ૫૩ | ૨૪ |
| | ભગવાનનું નાલંદાની વણકર શાળામાં વિહરણ | ૫૪ | ૨૪ |
| | ગોશાલકનું પણ વણકર શાળામાં આગમન | ૫૫ | ૨૪ |
| | ભગવાનના પ્રથમ માસક્ષમણના પારણામાં પાંચ દિવ્યો પ્રગટવા | ૫૬ | ૨૪ |
| | ગોશાલકૃત શિષ્યત્વ પ્રાર્થના પ્રતિ ભગવાનની ઉદાસીનતા | ૫૭ | ૨૫ |
| | ભગવાનના દ્વિતીય માસક્ષમણના પારણા વેળાએ પાંચ દિવ્ય | ૫૮ | ૨૫ |
| | ભગવાનના તૃતીય માસક્ષમણના પારણા વેળાએ પાંચ દિવ્ય | ૫૯ | ૨૬ |
| | ભગવાનના ચતુર્થ માસક્ષમણના પારણા વેળાએ પાંચ દિવ્ય | ૬૨ | ૨૬ |
| | પુનઃ ગોશાલકકૃત શિષ્યત્વ પ્રાર્થનાની ભગવાન દ્વારા અનુમતિ અને ગોશાલ સાથે વિહરણ | ૬૩ | ૨૬ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| તલછોડ ફળવા વિશે ભગવાનના વચનમાં ગોશાલકની અશ્રદ્ધા | ૬૪ | ૨૭ |
| ગોશાલકના વચનથી ગુસ્સે થયેલા તપસ્વી વૈશ્યાયન વડે ગોશાલક પર તેજોલેશ્યા મૂકવી | ૬૫ | ૨૭ |
| મહાવીર દ્વારા ગોશાલના રક્ષણ માટે શીતલેશ્યા પ્રયોગ | ૬૬ | ૨૮ |
| તેજોલેશ્યા મેળવવાના ઉપાય | ૬૭ | ૨૮ |
| મહાવીર દ્વારા કથિત તલછોડના ફળવાની વાત જાણીને ગોશાલનું છૂટા પડવું | ૬૮ | ૨૯ |
| ગોશાલકની તેજોલેશ્યા પ્રાપ્તિ | ૬૯ | ૨૯ |
| મહાવીર કથિત ગોશાલકનું અજિનત્વ | ૭૦ | ૩૦ |
| ગોશાલકનો અમર્ષ | ૭૧ | ૩૦ |
| ગોશાલકનું આનંદ સ્થવિર સમક્ષ અર્થલુબ્ધ વણિકોના દૃષ્ટાન્ત દ્વારા આક્રોશ પ્રદર્શન | ૭૩ | ૩૦ |
| આનંદ સ્થવિર દ્વારા ભગવાન સમક્ષ ગોશાલક-કથન નિવેદન અને ભગવાન દ્વારા સમાધાન | ૭૫ | ૩૨ |
| ભગવાન મહાવીર સૂચિત ગોશાલક પ્રતિકાર નિષેધ | ૭૬ | ૩૩ |
| ગોશાલક દ્વારા ભગવાન પ્રતિ આક્રોશપૂર્વક સ્વસિદ્ધાન્ત નિરૂપણ | ૭૭ | ૩૩ |
| ભગવાન દ્વારા ગોશાલકના વચનનો પ્રતિવાદ | ૭૮ | ૩૬ |
| ભગવાન પ્રતિ ગોશાલકને પુનઃ આક્રોશ | ૭૯ | ૩૬ |
| ગોશાલક દ્વારા સર્વાનુભૂતિ મુનિનું ભસ્મરાશિકરણ | ૮૦ | ૩૬ |
| ગોશાલક દ્વારા સુનક્ષત્ર મુનિનું પરિતાપન | ૮૨ | ૩૬ |
| ગોશાલકને ભગવાન દ્વારા શીખામણ અને પ્રતિક્રુદ્ધ ગોશાલક દ્વારા મુક્ત તેજોલેશ્યા વડે પોતાનું જ અનુદહન | ૮૩ | ૩૭ |
| ગોશાલક અને મહાવીર દ્વારા પરસ્પરની મરણકાળ મર્યાદાનું નિરૂપણ | ૮૪ | ૩૭ |
| શ્રાવસ્તીમાં જનપ્રવાહ | ૮૫ | ૩૮ |
| ભગવાન દ્વારા આદેશ થતાં નિર્ગ્રન્થો દ્વારા ગોશાલકની પ્રતિચોદના | ૮૬ | ૩૮ |
| ગોશાલકના સંઘમાં ભેદ | ૮૭ | ૩૮ |
| અંગદાહના કારણે ગોશાલકની મદ્યપાન આદિ ચેષ્ટાઓ | ૮૮ | ૩૮ |
| ભગવાન દ્વારા ગોશાલકની તેજોલેશ્યાના સામર્થ્ય અને તેના સિદ્ધાન્ત વિશે નિરૂપણ | ૮૯ | ૩૯ |
| આજીવિક સ્થવિરો દ્વારા અયંપુલનું આજીવિક ઉપાસકપણામાં સ્થિરીકરણ | ૯૦ | ૪૦ |
| ગોશાલક દ્વારા પોતાના મરણાન્તર નીહરણ અંગે નિર્દેશ | ૯૪ | ૪૧ |
| સમ્યક્ત્વ-પરિણામ પૂર્વક ગોશાલકનો કાળધર્મ | ૯૫ | ૪૧ |
| ગોશાલકના શરીરનું નિહરણ | ૯૬ | ૪૨ |
| ભગવાનના શરીરમાં રોગાંતક-પ્રાદુર્ભાવ | ૯૭ | ૪૨ |
| સિંહ અનગારને થયેલું માનસિક દુઃખ | ૯૮ | ૪૩ |
| ભગવાન દ્વારા સિંહ મુનિને આશ્વાસન | ૯૯ | ૪૩ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| સિંહ મુનિ દ્વારા રેવતી પાસેથી ઔષધ લાવવું | ૧૦૧ | ૪૪ |
| ભગવાનનું નીરોગી થવું | ૧૦૫ | ૪૪ |
| સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર મુનિઓની દેવલોકમાં ઉત્પત્તિ, તદનન્તર સિદ્ધિ ગમન નિરૂપણ | ૧૦૬ | ૪૫ |
| ગોશાલક જીવની દેવલોકોત્પત્તિ | ૧૦૮ | ૪૫ |
| વિમલવાહનનું નિર્ગ્રન્થો પ્રત્યે પ્રતિકૂળ આચરણ | ૧૧૨ | ૪૬ |
| સુમંગલ અનગાર પ્રતિ વિમલવાહનકૃત ઉપસર્ગ | ૧૧૩ | ૪૭ |
| સુમંગલ મુનિના તેજ દ્વારા વિમલવાહનનું મરણ | ૧૧૪ | ૪૮ |
| સુમંગલ મુનિનું દેવલોક-સિદ્ધિગમન નિરૂપણ | ૧૧૫ | ૪૮ |
| ગોશાલક-જીવ વિમલવાહનના અનેક દુઃખપ્રચુર ભવ, તદનન્ત દેવભાવ | ૧૧૬ | ૪૮ |
| ગોશાલજીવનું દૃઢ પ્રતિજ્ઞ કેવળી રૂપમાં સિદ્ધિગમન નિરૂપણ | ૧૧૭ | ૫૦ |


**પંચમ સ્કંધ સમાપ્ત**

## ષષ્ઠ સ્કન્ધ


| | | |
|---|---|---|
| **ષષ્ઠ સ્કન્ધ [પ્રકીર્ણક કથાનક]** | **૧-૩૫૯** | **૧-૧૧૬** |
| **૧. શ્રેણીક-ચેલણાના અવલોકનથી સાધુ-સાધ્વીઓ દ્વારા કરાયેલ નિદાનનો પ્રસંગ** | **૧-૧૨** | **૩-૭** |
| રાજગૃહમાં શ્રેણિક રાજા | ૧ | ૩ |
| ભગવાન મહાવીરનો આગમન-વૃત્તાન્ત જાણવા માટે શ્રેણિકરાજાએ કૌટુમ્બિક પુરુષોને આપેલો આદેશ | ૨ | ૩ |
| ભગવાન મહાવીરનું સમવસરણ | ૪ | ૩ |
| શ્રેણિક રાજા સમક્ષ ભગવાનના આગમનનું મહત્તરોએ કરેલું નિવેદન | ૫ | ૩ |
| શ્રેણિકે આપેલો રાજગૃહનગરને શણગારવાનો આદેશ અને યાનાદિ આનયન આદેશ | ૬ | ૪ |
| ચેલણા સહિત શ્રેણિકનું સમવસરણમાં જવું અને ભગવાનની પર્યુપાસના કરવી | ૭ | ૫ |
| ભગવાનની ધર્મદેશના અને શ્રેણિક આદિ પરિષદાનું પ્રતિગમન | ૧૦ | ૬ |
| સાધુ-સાધ્વીઓનું નિદાનકરણ | ૧૧ | ૬ |
| ભગવાન દ્વારા નિદાનકરણ-નિષેધરૂપ ઉપદેશ સાંભળીને સાધુ-સાધ્વીઓનું પ્રાયશ્ચિત્તકરણ | ૧૨ | ૬ |
| **૨. રથમુસલ-સંગ્રામ** | **૧૪-૨૦** | **૭-૮** |
| રથમુસલમાં વજ્જી (રાજાઓ)ના 'જય'નું નિરૂપણ | ૧૪ | ૭ |
| કોણિકનું યુદ્ધસ્થાન | ૧૫ | ૭ |
| કોણિકને ઈન્દ્ર-સહાય | ૧૬ | ૮ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| કોણિક રાજાનો જય | ૧૭ | ૮ |
| રથમુસલ-સંગ્રામનું સ્વરૂપ | ૧૮ | ૮ |
| સંગ્રામમાં મનુષ્યોની મરણ સંખ્યા અને ગતિ | ૧૯ | ૮ |
| કોણિકને ઇન્દ્ર-સહાયનો હેતુ | ૨૦ | ૮ |
| **૩. રથમુસલ સંગ્રામમાં કાલાદિની મરણ કથા** | **૨૧-૬૪** | **૯-૨૨** |
| કાલાદિક દસ નામનો નિર્દેશ | ૨૧ | ૯ |
| ચંપા નગરમાં શ્રેણિક પુત્ર કાલ | ૨૨ | ૬ |
| કોણિકની સાથે કાલનું રથમુસલ સંગ્રામમાં ગમન | ૨૩ | ૯ |
| મહાવીરના સમવસરણમાં કાલીની પૃચ્છા | ૨૪ | ૯ |
| કાલીના પૂછવાથી ભગવાને કરેલું કાલીપુત્ર-કાલકુમારના મરણનું નિરૂપણ અને કાલીનું સ્વસ્થાને ગમન | ૨૭ | ૧૦ |
| કાલની નરકગતિ | ૨૯ | ૧૦ |
| કાલકુમારની નરકગતિ-ગમન નિરૂપણ માટે ભગવાને કરેલું કોણિક-ચરિત્રાન્તર્ગત પ્રરૂપણ | ૩૦ | ૧૧ |
| ચેલણા રાણીને થયેલો માસ-ભક્ષણ કરવાનો દોહદ અને શ્રેણિકની ચિંતા | ૩૧ | ૧૧ |
| અભયકુમારે કરેલી યુક્તિથી ચેલણાની દોહદ પૂર્તિ | ૩૨ | ૧૨ |
| ચેલણા દ્વારા ગર્ભપાતનો નિષ્ફળ પ્રયાસ | ૩૩ | ૧૩ |
| ચેલણાએ બાળકને ઉકરડા પર ફેંકાવ્યું | ૩૪ | ૧૪ |
| શ્રેણિકરાજાએ ઉપાલંભ આપ્યા પછી ચેલણાએ કરેલું પુત્ર સંરક્ષણ-પાલન | ૩૫ | ૧૪ |
| શ્રેણિક દ્વારા બાળકની વેદનાનું નિવારણ | ૩૬ | ૧૪ |
| બાળકનું 'કોણિક' નામકરણ અને કોણિકને પ્રાપ્ત થયેલું તારુણ્ય આદિ | ૩૭ | ૧૫ |
| શ્રેણિકને કેદમાં નાંખી કોણિક દ્વારા રાજ્યશ્રીની પ્રાપ્તિ | ૩૮ | ૧૫ |
| કોણિકને ચેલણા દ્વારા શ્રેણિકના પોતાના તરફના સ્નેહનું જ્ઞાન | ૩૯ | ૧૫ |
| કોણિકનું શ્રેણિકના બંધન છોડવા જવું | ૪૦ | ૧૬ |
| શ્રેણિકે કરેલું તાલપુટ વિષભક્ષણ અને તેનું મરણ | ૪૧ | ૧૬ |
| કોણિકનો શોક, શોકાપગમ અને નિજ ભ્રાતાઓમાં રાજ્ય વિભાજન | ૪૨ | ૧૬ |
| કોણિકના સહોદર વેહલ્લની સેચનક ગંધહસ્તિ-ક્રીડાનું વર્ણન | ૪૩ | ૧૭ |
| નિજભાર્યા પદ્માવતીના અનુરોધથી કોણિક દ્વારા ફરી ફરીને વેહલ્લ પાસેથી હાથ અને હાર માગવા | ૪૪ | ૧૭ |
| કોણિક રાજાથી ડરેલા વેહલ્લનું વૈશાલીમાં ચેટકના આશ્રય નીચે રહેવું | ૪૫ | ૧૮ |
| કોણિક દ્વારા ચેટક પાસે સેચનક ગંધહસ્તી આદિ પ્રેષણાર્થ દૂત-પ્રેષણ | ૪૬ | ૧૮ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| ચેટક દ્વારા વેહલ્લ માટે અર્ધ રાજ્યની માગણી | ૪૮ | ૧૮ |
| કોણિક દ્વારા પુનઃ દૂત–પ્રેષણ | ૪૯ | ૧૯ |
| ચેટક દ્વારા ફરીથી અર્ધ રાજ્યની માગણી | ૫૦ | ૧૯ |
| સંગ્રામાર્થે કોણિક દ્વારા ફરીથી દૂત મોકલવો | ૫૧ | ૧૯ |
| ચેટક દ્વારા યુદ્ધ માટેની તૈયારીઓ | ૫૨ | ૨૦ |
| કોણિકના અનુચિત સંગ્રામાર્થે કાલ આદિ કુમારોનું મિલન | ૫૩ | ૨૦ |
| કાલ આદિ કુમાર સહિત કોણિકનું યુદ્ધાર્થે વૈશાલી પ્રતિ પ્રસ્થાન | ૫૫ | ૨૦ |
| મલ્લકી લેચ્છકિ આદિ સહિત ચેટકનું યુદ્ધાર્થે નિજ દેશ–સીમા પર અવસ્થાન | ૫૬ | ૨૧ |
| કોણિક–ચેટકનો સંગ્રામ | ૫૯ | ૨૧ |
| સંગ્રામમાં કાલનું મરણ | ૬૧ | ૨૨ |
| નરકભવાન્તર કાલનું સિદ્ધિ–ગમન નિરૂપણ | ૬૨ | ૨૨ |
| કાલને અનુરૂપ સુકાલ આદિ નવકુમારોની કથાનો નિર્દેશ | ૬૩ | ૨૨ |
| **૪. મહાશિલા કંટક સંગ્રામ કથાનક** | **૬૫–૭૦** | **૨૩–૨૪** |
| ભગવાન દ્વારા કોણિકની જય–પ્રરૂપણા | ૬૫ | ૨૩ |
| શક્ર સહિત કોણિકનું સંગ્રામમાં આગમન | ૬૬ | ૨૩ |
| મલ્લકિ–લેચ્છકિનો પરાજય | ૬૮ | ૨૪ |
| મહાશિલકંટક સંગ્રામનો શબ્દાર્થ અને સંગ્રામમાં થયેલી મનુષ્યોની ગતિ | ૬૯ | ૨૪ |
| **૫. વિજય તસ્કર જ્ઞાત** | **૭૧–૧૦૫** | **૨૪–૩૪** |
| રાજગૃહમાં ધન્ય સાર્થવાહ અને ભદ્રાભાર્યા | ૭૧ | ૨૪ |
| રાજગૃહ નગરમાં વિજય તસ્કર | ૭૩ | ૨૫ |
| ભદ્રાનો સંતાન–પ્રાપ્તિનો મનોરથ | ૭૪ | ૨૬ |
| ભદ્રાએ કરેલી નાગ આદિ દેવોની પૂજા | ૭૫ | ૨૭ |
| ભદ્રાના દોહદની પૂર્તિ | ૭૬ | ૨૭ |
| પુત્રજન્મ અને 'દેવદત્ત' નામકરણ | ૭૮ | ૨૮ |
| દેવદત્તની ક્રીડા | ૭૯ | ૨૮ |
| દેવદત્તનું વિજય ચોર દ્વારા અપહરણ | ૮૦ | ૨૯ |
| દેવદત્તની શોધખોળ | ૮૧ | ૨૯ |
| વિજય ચોરનું પકડાવું | ૮૪ | ૩૦ |
| દેવદત્તના અંતિમ સંસ્કાર | ૮૫ | ૩૧ |
| ધન્યનું કેદ પકડાવું | ૮૬ | ૩૧ |
| ધન્યના ઘરેથી ભોજન આવવું | ૮૭ | ૩૧ |
| વિજય ચોર દ્વારા ભોજનની માગણી | ૮૮ | ૩૧ |
| ધન્ય દ્વારા ઈન્કાર | ૮૯ | ૩૧ |
| મળ–મૂત્ર બાધા માટે સાથે જવા ધન્યની માગણી | ૯૦ | ૩૧ |
| વિજય ચોરનો ઈન્કાર | ૯૧ | ૩૨ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| ધન્યના ફરી કહેવા પર વિજય દ્વારા ભોજનની ફરી માગણી | ૯૨ | ૩૨ |
| ધન્ય દ્વારા વિજયને ભોજનમાં ભાગ આપવો | ૯૩ | ૩૨ |
| પંથક વડે ભદ્રાને વાતની જાણ | ૯૪ | ૩૨ |
| ભદ્રાનો રોષ | ૯૫ | ૩૨ |
| ધન્યની કારાગારમાંથી મુક્તિ | ૯૬ | ૩૨ |
| ધન્યનું સન્માન | ૯૭ | ૩૩ |
| ભદ્રાના રોષનું શમન અને પુનઃ સન્માન | ૯૮ | ૩૩ |
| વિજય જ્ઞાતનું નિગમન | ૧૦૦ | ૩૩ |
| ધન્ય જ્ઞાતનું નિગમન | ૧૦૧ | ૩૩ |
| રાજગૃહમાં સ્થવિરનું આગમન | ૧૦૨ | ૩૪ |
| ધન્યની પ્રવ્રજ્યા | ૧૦૩ | ૩૪ |
| ધન્યની મહાવિદેહમાં સિદ્ધિ | ૧૦૪ | ૩૪ |
| ધન્ય જ્ઞાતનું પુનઃ નિગમન | ૧૦૫ | ૩૪ |
| **૬. મયૂરી-અંડકજ્ઞાત** | **૧૦૬-૧૨૧** | **૩૫-૩૯** |
| ચંપા નગરીમાં મયૂરી દ્વારા ઈંડાનું સેવન | ૧૦૬ | ૩૫ |
| ચંપામાં જિનદત્તપુત્ર અને સાગરપુત્ર નામે સાર્થવાહ પુત્રો | ૧૦૭ | ૩૫ |
| ચંપામાં દેવદત્તા ગણિકા | ૧૦૮ | ૩૫ |
| સાર્થવાહપુત્રોની ગણિકા સાથે ઉદ્યાનક્રીડા | ૧૦૯ | ૩૬ |
| સાથવાહપુત્રો દ્વાડા મયૂરીના ઈંડાં લેવા | ૧૧૩ | ૩૭ |
| સંદેહગ્રસ્ત સાગરપુત્ર દ્વારા ઈંડાંનો વિનાશ અને ઉપનય | ૧૧૫ | ૩૮ |
| શ્રદ્ધાયુક્ત જિનદત્તપુત્રને મયૂરની પ્રાપ્તિ અને ઉપનય | ૧૧૮ | ૩૮ |
| **૭. કૂર્મ જ્ઞાત** | **૧૨૨-૧૩૧** | **૩૯-૪૧** |
| વારાણસીમાં મૃતગંગા દ્રહ સમીપ માલુકા કચ્છતીરે પ્રાપ્ત શિયાળો | ૧૨૨ | ૩૯ |
| મૃતગંગાતીરના કૂર્મ | ૧૨૪ | ૪૦ |
| પાપી શિયાળોની આહાર માટે શોધ | ૧૨૫ | ૪૦ |
| શિયાળોને જોઈને કાચબાઓ દ્વારા કાયાસંહરણ | ૧૨૬ | ૪૦ |
| શિયાળો દ્વારા અગુપ્ત કૂર્મનો ઘાત | ૧૨૭ | ૪૦ |
| અગુપ્ત કૂર્મ વિષયક ઉપનય | ૧૨૯ | ૪૧ |
| ગુપ્ત કૂર્મને સુખ | ૧૩૦ | ૪૧ |
| ગુપ્ત કૂર્મ સંબંધી ઉપનય | ૧૩૧ | ૪૧ |
| **૮. રોહિણી જ્ઞાત અધ્યયન** | **૧૩૨-૧૫૩** | **૪૧-૪૭** |
| રાજગૃહમાં ધન્ય સાર્થવાહ | ૧૩૨ | ૪૧ |
| ધન્ય સાર્થવાહ દ્વારા ચારે પુત્રવધૂઓની પરીક્ષા | ૧૩૩ | ૪૨ |
| ઉજ્ઝિકા દ્વારા ચોખાનું ઉજ્ઝણ (ફેંકી દેવાવું) | ૧૩૪ | ૪૩ |
| ભોગવતી દ્વારા ચોખાનો ભોગ (ખાઈ જવું) | ૧૩૫ | ૪૩ |
| રક્ષિકા દ્વારા ચોખાનું રક્ષણ | ૧૩૬ | ૪૩ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| રોહિણી દ્વારા ચોખાનું રોહણ (વાવવું) અને વર્ધન | ૧૩૭ | ૪૩ |
| પાંચ વર્ષ પછી ધન્ય સાર્થવાહ દ્વારા શાલિની માગણી | ૧૪૨ | ૪૪ |
| ઉજ્ઝિકાને બહારનું સેવા કાર્ય કરવાનો આદેશ | ૧૪૩ | ૪૫ |
| ઉજ્ઝિકા સંબંધી કથાનો ઉપનય | ૧૪૫ | ૪૫ |
| ભોગવતીને ઘરની અંદરનું સેવા કાર્ય કરવા આદેશ | ૧૪૬ | ૪૫ |
| ભોગવતી સંબંધી દૃષ્ટાંતનો ઉપનય | ૧૪૭ | ૪૬ |
| રક્ષિતાને ભંડારના રક્ષણનું કાર્ય કરવા આદેશ | ૧૪૮ | ૪૬ |
| રક્ષિતાના દૃષ્ટાંતનો ઉપનય | ૧૫૦ | ૪૬ |
| રોહિણીને સર્વાધિકાર સંભાળવા આદેશ | ૧૫૧ | ૪૬ |
| રોહિણીના દૃષ્ટાંતનો ઉપનય | ૧૫૩ | ૪૭ |
| **૯. અશ્વજ્ઞાત** | **૧૫૪-૧૭૨** | **૪૭-૫૩** |
| હસ્તિશીર્ષ નગરમાં સાંયત્રિક નૌકાવણિકો | ૧૫૪ | ૪૭ |
| સાંયાત્રિક નૌકાવણિકોને સમુદ્ર વચ્ચે વિઘ્ન | ૧૫૫ | ૪૭ |
| નૌકા નિર્યામકની મૂઢતા અને પુનઃ ભાન | ૧૫૬ | ૪૭ |
| સાંયાત્રિક નૌકાવણિકોનો કાલિક દ્વીપમાં પ્રવેશ | ૧૫૮ | ૪૮ |
| સાંયાત્રિક વણિકોનું પુનરાગમન. | ૧૬૦ | ૪૯ |
| કનકકેતુના આદેશથી અશ્વો આણવા | ૧૬૧ | ૪૯ |
| અમૂર્છિત અશ્વોનો સ્વાયત્ત વિહાર | ૧૬૪ | ૫૧ |
| અમૂર્છિત અશ્વો સંબંધી ઉપનય | ૧૬૫ | ૫૧ |
| મૂર્છિત અશ્વોનો પરાયત્ત-પરાધીન વિહાર | ૧૬૬ | ૫૧ |
| મૂર્છિત અશ્વો સંબંધી ઉપનય | ૧૭૧ | ૫૧ |
| સમ્યગ્ દૃષ્ટાંત ઉપનય-ગાથાઓ | ૧૭૨ | ૫૨ |
| **૧૦. મૃગાપુત્ર કથાનક** | **૧૭૩-૨૦૨** | **૫૩-૬૩** |
| મૃગગ્રામમાં વિજયરાજ પુત્ર મૃગાપુત્ર | ૧૭૩ | ૫૩ |
| મૃગાપુત્રનું જન્માન્ધત્વ વગેરે | ૧૭૪ | ૫૩ |
| મહાવીર-સમવસરણમાં ગૌતમની જન્માન્ધ પુરુષ વિષયક પૃચ્છા | ૧૭૫ | ૫૩ |
| ભગવાન દ્વારા મૃગાપુત્રના સ્વરૂપનું નિરૂપણ | ૧૮૦ | ૫૫ |
| ગૌતમની મૃગાપુત્રને જોવાની અભિલાષા | ૧૮૧ | ૫૫ |
| ગૌતમ દ્વારા મૃગાપુત્રના પૂર્વભવની પૃચ્છા | ૧૮૯ | ૫૬ |
| મૃગાપુત્રની ઈક્કાઈ નામક રાષ્ટ્રકૂટ કથા | ૧૯૦ | ૫૭ |
| ઈક્કાઈનામક રાષ્ટ્રકૂટ દ્વારા પ્રજાને પીડા | ૧૯૧ | ૫૮ |
| ઈક્કાઈને અસાધ્ય રોગાતંક | ૧૯૨ | ૫૮ |
| ઈક્કાઈનું નરક ગમન | ૧૯૪ | ૬૦ |
| મૃગાપુત્રના વર્તમાન ભવનું વર્ણન : મૃગાદેવીની વેદના અને ગર્ભ-શાતન વિચારણા | ૧૯૫ | ૬૦ |
| ગર્ભગત મૃગાપુત્રના રોગાંતક | ૧૯૭ | ૬૧ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સુત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| મૃગાપુત્રના જાત્યન્ધાદિ રૂપ જોઈને મૃગાવતીને ઉકરડે ફેંકવાનો સંકલ્પ | ૧૯૮ | ૬૧ |
| મૃગાપુત્રનું ભૂમિગૃહમાં સ્થાપન | ૨૦૦ | ૬૧ |
| મૃગાપુત્રના નવા ભવનું વર્ણન | ૨૦૨ | ૬૨ |
| **૧૧. ઉજ્ઝિતક કથાનક** | **૨૦૩–૨૨૯** | **૬૩–૭૧** |
| વાણિજ્યગ્રામમાં સાર્થવાહપુત્ર ઉજ્ઝિતક | ૨૦૩ | ૬૩ |
| ભગવાન મહાવીરનું સમવસરણ | ૨૦૬ | ૬૪ |
| ગૌતમ દ્વારા ઉજ્ઝિતકના પૂર્વભવની પૃચ્છા | ૨૦૭ | ૬૪ |
| ઉજ્ઝિતકનું ગોત્રાસભવ કથાનક | ૨૧૦ | ૬૬ |
| હસ્તિનાપુરમાં ભીમ કૂટગ્રાહ | ૨૧૧ | ૬૬ |
| ભીમની પત્ની ઉત્પલાને થયેલો માંસભક્ષણનો દોહદ | ૨૧૩ | ૬૬ |
| ભીમ દ્વારા દોહદ–પૂર્તિ | ૨૧૫ | ૬૭ |
| દારકનો જન્મ | ૨૧૬ | ૬૭ |
| બાળકનું ગોત્રાસ નામકરણ | ૨૧૭ | ૬૮ |
| ભીમના મરણ પછી ગોત્રાસનું કૂટગ્રાહત્વ | ૨૧૮ | ૬૮ |
| ગોત્રાસનું માંસભક્ષણ અને નરકાદિભવ | ૨૧૯ | ૬૮ |
| ઉજ્ઝિતકના વર્તમાનભવનું વર્ણન | ૨૨૦ | ૬૮ |
| બાળકનું ઉજ્ઝિતક નામકરણ | ૨૨૧ | ૬૮ |
| વિજયમિત્રનું લવણ સમુદ્રમાં મરણ | ૨૨૨ | ૬૯ |
| સુભદ્રા સાર્થવાહીના મરણ પછી ઉજ્ઝિતકનું ઘરેથી નિષ્કાસન | ૨૨૩ | ૬૯ |
| ઉજ્ઝિતકનો ગણિકા સહવાસ | ૨૨૪ | ૭૦ |
| ગણિકાસક્ત મિત્રરાજાકૃત ઉજ્ઝિતક વિડંબના | ૨૨૫ | ૭૦ |
| ઉપસંહાર | ૨૨૬ | ૭૦ |
| ઉજ્ઝિતકના આગામીભવનું વર્ણન | ૨૨૭ | ૭૦ |
| **૧. અભગ્નસેન કથાનક** | **૨૩૦–૨૫૫** | **૭૧–૮૦** |
| પુરિમતાલમાં ચોર સેનાપતિ વિજયપુત્ર અભગ્નસેન | ૨૩૦ | ૭૧ |
| મહાવીરના સમવસરણમાં ગૌતમ દ્વારા અભગ્નસેનના પૂર્વભવ વિષે પૃચ્છા | ૨૩૪ | ૭૨ |
| અભગ્નસેનની નિર્ણયભવ કથા | ૨૩૬ | ૭૩ |
| નિર્ણયનો ઈંડા વેચવાનો વેપાર, ભક્ષણ અને નરકોપપાદ | ૨૩૮ | ૭૪ |
| અભગ્નસેનના વર્તમાનભવનું વર્ણન | ૨૩૯ | ૭૪ |
| સ્કન્દશ્રીને ઉત્પન્ન થયેલ દોહદ | ૨૪૦ | ૭૪ |
| વિજય દ્વારા દોહદપૂર્તિ | ૨૪૧ | ૭૫ |
| બાળકનું અભગ્નસેન નામકરણ અને યૌવન | ૨૪૩ | ૭૫ |
| વિજયનું મરણ, અભગ્નસેનનું ચોર સેનાપતિત્વ | ૨૪૪ | ૭૬ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| મહાબળ રાજાની અભગ્નસેનને જીવિત પકડવાની આજ્ઞા | ૨૪૫ | ૭૬ |
| અભગ્નસેન દ્વારા રાજસેનાનું નિવારણ | ૨૪૯ | ૭૭ |
| રાજા દ્વારા દશરાત્રિક પ્રમોદ ઘોષણા | ૨૫૦ | ૭૮ |
| અભગ્નસેનનું પુરિમતાલનગરમાં રાજાના અતિથિરૂપે જવું | ૨૫૧ | ૭૯ |
| રાજા દ્વારા અભગ્નસેન જીવિત પકડવો | ૨૫૨ | ૭૯ |
| ઉપસંહાર | ૨૫૪ | ૮૦ |
| અભગ્નસેનની આગામી ભવની કથા | ૨૫૫ | ૮૦ |
| **૧૩. શકટ કથાનક** | **૨૫૬–૨૬૯** | **૮૦–૮૩** |
| સાહંજનીમાં સાર્થવાહ પુત્ર શકટ | ૨૫૬ | ૮૦ |
| મહાવીર સમવસરણમાં શકટની પૂર્વભવ કથા | ૨૫૭ | ૮૦ |
| શકટના છણ્ણિક છાગલિક ભવનું વર્ણન | ૨૫૮ | ૮૧ |
| છણ્ણિકનું માંસભક્ષણ તેમજ માંસનો વેપાર | ૨૬૦ | ૮૧ |
| છણ્ણિકનું મરણ અને નારકરૂપે ઉત્પન્ન થવું | ૨૬૧ | ૮૧ |
| શકટની વર્તમાનભવ કથા | ૨૬૨ | ૮૧ |
| બાળકનું શકટ નામકરણ, ઘરમાંથી ભાગી જવું અને વેશ્યાદિ ગમન | ૨૬૩ | ૮૨ |
| ગણિકાના ગૃહથી કાઢી મુકાયેલા શકટની અમાત્યકૃત વિડંબના | ૨૬૫ | ૮૨ |
| ઉપસંહાર | ૨૬૮ | ૮૩ |
| શકટની આગામી ભવ કથા | ૨૬૯ | ૮૩ |
| **૧૪. બૃહસ્પતિદત્ત કથાનક** | **૨૭૦–૨૭૯** | **૮૪–૮૬** |
| કોશાંબીમાં પુરોહિતપુત્ર બૃહસ્પતિદત્ત | ૨૭૦ | ૮૪ |
| મહાવીર સમવસરણમાં ગૌતમ દ્વારા બૃહસ્પતિદત્તના પૂર્વભવની પૃચ્છા | ૨૭૧ | ૮૪ |
| બૃહસ્પતિદત્તની મહેશ્વરદત્તભવ કથા | ૨૭૨ | ૮૪ |
| મહેશ્વરદત્તકૃત શાંતિહોમમાં બ્રાહ્મણાદિના બાળકોની હિંસા | ૨૭૩ | ૮૪ |
| મહેશ્વરદત્તનો નરક ઉપપાદ | ૨૭૪ | ૮૫ |
| બૃહસ્પતિદત્તના વર્તમાન ભવનું વર્ણન | ૨૭૫ | ૮૫ |
| બૃહસ્પતિદત્ત વડે ઉદયન રાજાની રાજમહિષી સાથે ભોગો ભોગવવા | ૨૭૬ | ૮૫ |
| રાજા દ્વારા બૃહસ્પતિદત્તની વિડંબના | ૨૭૭ | ૮૫ |
| ઉપસંહાર | ૨૭૮ | ૮૬ |
| બૃહસ્પતિદત્તની આગામી ભવ કથા | ૨૭૯ | ૮૬ |
| **૧૫. નન્દીવર્ધનકુમાર કથાનક** | **૨૮૦–૨૯૦** | **૮૬–૮૯** |
| મથુરામાં નન્દીવર્ધનકુમાર | ૨૮૦ | ૮૬ |
| ભગવાન મહાવીરના સમવસરણમાં ગૌતમ દ્વારા નન્દીવર્ધનના પૂર્વભવની પૃચ્છા | ૨૮૧ | ૮૬ |
| નન્દીવર્ધનની દુર્યોધનભવકથા | ૨૮૨ | ૮૭ |
| ચારકપાલ દુર્યોધન | ૨૮૩ | ૮૭ |
| દુર્યોધનની ચર્યા | ૨૮૪ | ૮૭ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| નન્દીવર્ધનની વર્તમાન ભવકથા | ૨૮૫ | ૮૮ |
| નન્દીવર્ધનનો પિતૃમારણ સંકલ્પ | ૨૮૬ | ૮૯ |
| રાજા દ્વારા નન્દીવર્ધનને દંડ | ૨૮૭ | ૮૯ |
| ઉપસંહાર | ૨૮૮ | ૮૯ |
| નન્દીવર્ધનના આગામી ભવનું નિરૂપણ | ૨૮૯ | ૮૯ |
| **૧૬. ઉમ્બરદત્ત કથાનક** | **૨૯૦–૩૦૬** | **૯૦–૯૫** |
| પાટલીખંડમાં ઉમ્બરદત્ત | ૨૯૦ | ૯૦ |
| ભગવાન મહાવીરના સમવસરણમાં ગૌતમ દ્વારા ઉમ્બરદત્તના પૂર્વભવવિષયક પૃચ્છા | ૨૯૧ | ૯૦ |
| ઉમ્બરદત્તની ધન્વન્તરિ વૈદ્ય ભવકથા | ૨૯૬ | ૯૧ |
| ધન્વન્તરિ વૈદ્ય દ્વારા માંસાશન ચિકિત્સા | ૨૯૭ | ૯૧ |
| નરકોપપાત | ૨૯૮ | ૯૨ |
| ઉમ્બરદત્તની વર્તમાનભવ કથા | ૨૯૯ | ૯૨ |
| ગંગદત્ત દ્વારા ઉમ્બરદત્તયક્ષ–પૂજા | ૩૦૦ | ૯૩ |
| ગંગાદત્તાનો દોહદ | ૩૦૧ | ૯૩ |
| દારકનું ઉમ્બરદત્ત નામકરણ અને યૌવન | ૩૦૩ | ૯૪ |
| પિતૃ–માતૃમરણાનન્તર ઉમ્બરદત્તનું ઘરથી નિષ્કાસન | ૩૦૪ | ૯૪ |
| ઉપસંહાર | ૩૦૫ | ૯૫ |
| ઉમ્બરદત્તના આગામી ભવનું નિરૂપણ | ૩૦૬ | ૯૫ |
| **૧૭. શૌરિકદત્ત કથાનક** | **૩૦૭–૩૧૭** | **૯૫–૯૮** |
| શૌરિકપુરમાં શૌરિકદત્ત | ૩૦૭ | ૯૫ |
| ભગવાન મહાવીરના સમવસરણમાં ગૌતમ દ્વારા શૌરિકદત્તના પૂર્વભવ વિશે પૃચ્છા | ૩૦૮ | ૯૫ |
| શૌરિકદત્તની શ્રીયક ભવ કથા | ૩૦૯ | ૯૬ |
| શૌરિકદત્તની વર્તમાનભવ કથા | ૩૧૩ | ૯૬ |
| શૌરિકદત્તની દુશ્ચર્યા | ૩૧૪ | ૯૭ |
| ઉપસંહાર | ૩૧૬ | ૯૮ |
| શૌરિકદત્તના આગમી ભવનું નિરૂપણ | ૩૧૭ | ૯૮ |
| **૧૮. દેવદત્તા કથાનક** | **૩૧૮–૩૩૪** | **૯૮–૧૦૫** |
| રોહિતકમાં દેવદત્તા | ૩૧૮ | |
| ભગવાન મહાવીરના સમવરણમાં ગૌતમ દ્વારા દેવદત્તાના પૂર્વભવની પૃચ્છા | ૩૧૯ | ૯૮ |
| દેવદત્તાની સિંહસેન ભવ કથા | ૩૨૦ | ૯૮ |
| સિંહસેન રાજાની શ્યામામાં મૂર્છા (આસક્તિ) | ૩૨૧ | ૯૯ |
| શ્યામાનો કોપગૃહ–પ્રવેશ | ૩૨૨ | ૯૯ |
| સિંહસેન દ્વારા શ્યામાની સપત્નીઓની માતાઓનો અગ્નિ દ્વારા વધ | ૩૨૩ | ૧૦૦ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| સિંહસેનનો નરકોપપાત | ૩૨૪ | ૧૦૧ |
| દેવદત્તાના રૂપમાં વર્તમાન ભવ | ૩૨૫ | ૧૦૧ |
| વૈશ્રમણદત્ત દ્વારા યુવરાજાર્થ દેવદત્તાની માંગણી | ૩૨૬ | ૧૦૧ |
| દેવદત્તા પુષ્પનન્દી યુવરાજનું પાણિગ્રહણ | ૩૨૯ | ૧૦૩ |
| પિતાનું મરણ અને પુષ્પનન્દીનું રાજ્યારોહણ | ૩૩૦ | ૧૦૩ |
| દેવદત્તા દ્વારા પુષ્પનન્દીની માતાની હત્યા | ૩૩૧ | ૧૦૪ |
| પુષ્પનન્દી દ્વારા દેવદત્તાને દંડ | ૩૩૨ | ૧૦૪ |
| ઉપસંહાર | ૩૩૩ | ૧૦૪ |
| દેવદત્તાના આગામી ભવનું નિરૂપણ | ૩૩૪ | ૧૦૪ |
| **૧૯. અંજૂ કથાનક** | **૩૩૫-૩૪૧** | **૧૦૫-૧૦૭** |
| વર્ધમાનપુરમાં અંજૂ | ૩૩૫ | ૧૦૫ |
| અંજૂના પૂર્વભવની પૃચ્છા | ૩૩૬ | ૧૦૫ |
| અંજૂની પૃથ્વીશ્રી-ભવ-કથા | ૩૩૭ | ૧૦૫ |
| અંજૂની વર્તમાન ભવ કથા | ૩૩૮ | ૧૦૫ |
| ઉપસંહાર | ૩૪૦ | ૧૦૬ |
| અંજૂના આગળના ભવની કથા | ૩૪૧ | ૧૦૬ |
| **૨૦. પૂરણ બાલ-તપસ્વી કથાનક** | **૩૪૨-૩૫૬** | **૧૦૭-૧૧૫** |
| બેભેલ સન્નિવેશમાં પૂરણ ગાથાપતિ | ૩૪૨ | ૧૦૭ |
| પૂરણની દાનામા પ્રવ્રજ્યા | ૩૪૩ | ૧૦૭ |
| પૂરણની સંલેખના | ૩૪૪ | ૧૦૮ |
| મહાવીરનો છદ્મસ્થ કાળમાં સુંસુમારપુરમાં વિહાર | ૩૪૫ | ૧૦૮ |
| પૂરણનો ચમરચંચામાં અસુરેન્દ્રના રૂપમાં ઉપપાદ | ૩૪૬ | ૧૦૯ |
| ચમરેન્દ્રને શક્રેન્દ્રના ભોગદર્શનથી ક્રોધ | ૩૪૭ | ૧૦૯ |
| ચમરેન્દ્ર દ્વારા મહાવીરની નિશ્રામાં શક્રેન્દ્રનું અપમાન | ૩૪૮ | ૧૧૦ |
| શક્ર દ્વારા વજ્-નિસ્સારણ | ૩૪૯ | ૧૧૧ |
| અસુરેન્દ્રનું ભગવાન મહાવીરના પગે પડવું | ૩૫૦ | ૧૧૧ |
| શક્રેન્દ્રનું પણ ભગવાન મહાવીર સમીપ આગમન અને વજ્ર પ્રતિસંહરણ | ૩૫૧ | ૧૧૧ |
| શક્રેન્દ્ર દ્વારા ક્ષમાયાચના અને અસુરેન્દ્ર નિર્ભયકરણ | ૩૫૨ | ૧૧૨ |
| શક્રાદિ વિષયક ગૌતમના પ્રશ્નોનું ભગવાન દ્વારા સમાધાન | ૩૫૩ | ૧૧૨ |
| ચમરેન્દ્રનું ભગવાન મહાવીર સમીપ પુનરાગમન | ૩૫૪ | ૧૧૪ |
| **૨૧. મહાશુક્ર-દેવોના ભગવાન મહાવીર પાસે આગમન-પ્રસંગ** | **૩૫૭-૩૫૯** | **૧૧૫-૧૧૬** |
| દેવોએ મન દ્વારા પ્રશ્ન પૂછવો અને મહાવીરે મનથી જ ઉત્તર આપવો | ૩૫૭ | ૧૧૫ |
| મહાવીર દ્વારા ગૌતમ-મનોગત કથન | ૩૫૮ | ૧૧૬ |
| ગૌતમનું દેવોની સમીપે ગમન | ૩૫૯ | ૧૧૬ |


**ધર્મકથાનુયોગ સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધર્મકથાનુયોગ

(ભાષાન્તર)

તૃતીય સ્કન્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધર્મકથાનુયોગ

## (અનુવાદ)

તૃતીય સ્કંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાથમિક

- ધર્મકથાનુયોગ — આગમોમાં વિકીર્ણ ચરિત્ર, કથાનક, ઇતિવૃત્ત આદિ ચરિતાનુયોગની સમસ્ત સામગ્રીનું એકત્ર વિશાળ સંકલન છે.
- ધર્મકથાનુયોગ છ સ્કંધો( બે ખંડ )માં વિભક્ત છે. પ્રથમ સ્કંધ(ખંડ પ્રથમ)માં ઉત્તમ પુરુષો — તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ આદિનું વર્ણન તથા દ્વિતીય સ્કંધમાં — તીર્થંકર તીર્થ-કાલક્રમાનુસાર શ્રમણોનાં ચરિત્રો સંકલિત કરાયેલ છે.
- તૃતીય સ્કંધ(દ્વિતીય ખંડ)માં તીર્થંકર તીર્થ-કાલાનુક્રમથી શ્રમણીઓ આદિનાં ચરિત્રો સંકલિત કરવામાં આવ્યાં છે.
- ચતુર્થ સ્કંધમાં ઉક્ત ક્રમાનુસાર શ્રમણોપાસકો(શ્રાવક–શ્રાવિકા)નાં ચરિત્રો સંકલિત છે. એ જ રીતે પંચમ સ્કંધમાં સાત પ્રવચન-નિહ્નવોનું વર્ણન, જમાલી પ્રકરણ અને આજીવક–આચાર્ય ગોશાલકનું પ્રકરણ સંકલિત છે.
- છઠ્ઠા સ્કંધમાં પ્રકીર્ણક કથાનકોનો સંગ્રહ છે. તેમાં ભગવાન મહાવીર-તીર્થના તથા અન્ય ઉપદિષ્ટ/ઘટિત લગભગ ૨૧ કથા-ચરિત્રો સંકલિત છે.

આ રીતે ધર્મકથાનુયોગનું આ સંકલન તૃતીય સ્કંધથી ષષ્ઠ સ્કંધ પર્યંત પ્રસ્તુત ખંડમાં આપવામાં આવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તૃતીય સ્કંધ

## શ્રમણી-કથાનકો

અધ્યયન


૧. અરિષ્ટનેમિ તીર્થમાં – દ્રૌપદી કથાનક

૨. અરિષ્ટનેમિ તીર્થમાં – પદ્માવતી આદિ શ્રમણીઓનાં કથાનકો

૩. અરિષ્ટનેમિ તીર્થમાં – પોટ્ટિલા કથાનક

૪. પાર્શ્વનાથ તીર્થમાં – કાલી શ્રમણીનું કથાનક

૫. પાર્શ્વનાથ તીર્થમાં – રાજી આદિનાં કથાનકો

૬. પાર્શ્વનાથ તીર્થમાં – ભૂતા આદિ શ્રમણીઓનાં કથાનકો

૭. પાર્શ્વનાથ તીર્થમાં – શ્રમણી સુભદ્રાનું કથાનક

૮. મહાવીર તીર્થમાં – નન્દાદિનાં કથાનકો

૯. મહાવીર તીર્થમાં – કાલી આદિ શ્રમણીઓનાં કથાનકો

૧૦. મહાવીર તીર્થમાં – જયંતીનું કથાનક


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અરિષ્ટનેમિ-તીર્થમાં દ્રૌપદી કથાનક

**દ્રૌપદીના પૂર્વભવો—**

૧. તે કાળે તે સમયે ચંપા નામે નગરી હતી. તે ચંપા નગરીની બહાર ઉત્તર-પૂર્વ દિશા(ઈશાન કોણ)માં સુભૂમિભાગ નામે ઉદ્યાન હતો.

**નાગશ્રી કથાનક—**

૨. તે ચંપા નગરીમાં ત્રણ બ્રાહ્મણ ભાઈઓ રહેતા હતા, તેમનાં નામ આ પ્રમાણે હતાં — સોમ, સોમદત્ત અને સોમભૂતિ. તે ધનાઢચ યાવત્ કોઈથીય ગાંજ્યા ન જાય તેવા હતા, વળી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદથી લઈને સઘળા બ્રાહ્મણધર્મનાં શાસ્ત્રોમાં પારંગત હતા. તે ત્રણે બ્રાહ્મણોની ત્રણ ભાર્યાઓ હતી, જેમનાં નામ આ પ્રમાણે હતાં—નાગશ્રી, ભૂતશ્રી, યક્ષશ્રી. તે બધી સુકોમળ હાથપગવાળી યાવત્ તે બ્રાહ્મણોને પ્રિય હતી અને તે બ્રાહ્મણો સાથે વિપુલ માનુષી કામભોગો ભોગવતી રહેતી હતી.

**નાગશ્રી દ્વારા કડવા તુંબડાનું શાક રાંધવું અને એકાંતમાં છુપાવવું—**

૩. ત્યાર પછી કોઈ એક વખત તે બ્રાહ્મણો એકઠા મળીને વાર્તાલાપ કરતા હતા ત્યારે યાવત્ આવા પ્રકારની વાત નીકળી પડી કે—'હે દેવાનુપ્રિયો ! આપણી પાસે આ વિપુલ ધન, સુવર્ણ, રત્ન, મણિ, મોતી, શંખ, પ્રવાળ, માણેક આદિ શ્રેષ્ઠ સારરૂપ દ્રવ્ય છે, જે સાત પેઢી સુધી ખૂબ દાન કરવામાં આવે, બહુ ભોગવવામાં આવે કે બહુ વહેંચવામાં આવે તોપણ ખૂટે તેમ નથી. તો હે દેવાનુપ્રિયો ! આપણા માટે એ શ્રેયસ્કર છે કે આપણે વારાફરતી એક એકના ઘરે એક એક દિવસ વિપુલ અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્યરૂપ ભોજનસામગ્રી બનાવીને ભોજન કરીએ.'

અન્યોન્ય આવા વિચારનો બધાએ સ્વીકાર કર્યો અને પછી વારાફરતી એકેકના ઘરે વિપુલ અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય ભોજન રંધાવીને ભોજન કરતા તેઓ રહેવા લાગ્યા.

૪. ત્યાર પછી કોઈ એક દિવસ તે નાગશ્રી બ્રાહ્મણીને ત્યાં ભોજનનો વારો આવ્યો.

ત્યારે તે નાગશ્રી બ્રાહ્મણીએ વિપુલ અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય ભોજન તૈયાર કર્યું, ભોજન તૈયાર કરીને એક મોટા, શરદ ઋતુમાં ઉગેલા રસદાર કડવા તુંબડાનું શાક ખૂબ સંભાર ભરીને તેલથી લથબથતું એવું બનાવ્યું. પછી તેમાંથી એક ટીપું હથેળીમાં લઈને ચાખ્યું તો તે ખારું, કડવું, અખાદ્ય અને ઝેર જેવું લાગ્યું એટલે તે [મનોમન] આમ બોલી—

'મને અધન્ય, અપુણ્ય, અભાગિની, સત્ત્વહીન, દુર્ભાગી, લીંબોળી જેવી નાગશ્રીને ધિક્કાર હો કે મેં શરદઋતુમાં ઉગેલા સરસ પણ કડવા તુંબડાને ખૂબ સંભાર ભરીને અને તેલથી તરબોળ કરીને રાંધ્યું. અનેક દ્રવ્યોથી વઘાર્યું અને આમ કરી કેટલાય મસાલા અને તેલનો નાશ કર્યો. તો જો મારી દેરાણીઓ આ જાણી જશે તો મને ઉતારી પાડશે. માટે જ્યાં સુધી મારી દેરાણીઓ જાણી ન જાય ત્યાં સુધીમાં આ શરદઋતુમાં ઉગેલા, ખૂબ સંભાર ભરીને ને તેલથી તરબોળ કરીને પકાવેલા કડવા તુંબડાના શાકને મારે કોઈ એકાંત સ્થળે છુપાવવું જોઈએ અને બીજું શરદઋતુમાં ઉગેલ સરસ મધુર તુંબડું લઈને, ખૂબ સંભાર ભરી, તેલથી તરબોળ કરી રાંધવું જોઈએ'

તે નાગશ્રીએ આવો વિચાર કર્યો અને વિચાર કરીને તે શરદઋતુમાં ઉગેલા રસદાર કડવા તુંબડાના બહુ મસાલા અને તેલથી ભરેલા શાકને એકાંતમાં છુપાવી દીધું, છુપાવીને બીજા શરદઋતુમાં ઉગેલ મધુર તુંબડાનું ખૂબ મસાલા ભરીને અને તેલથી તરબોળ કરીને શાક કર્યું, શાક બનાવીને પછી સ્નાન કરી ભોજન-મંડપમાં ઉત્તમ સુખાસન પર બેઠેલા તે બ્રાહ્મણોને તે વિપુલ અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય ભોજન તેણે પીરસ્યું.

ત્યાર પછી તે બ્રાહ્મણો ભોજન કરી, આચમન કરી સ્વચ્છ અને પરમ શુચિભૂત બની પોતપોતાના કામમાં લાગી ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી સ્નાન કરીને યાવત્ સુંદર વેશભૂષા ધારણ કરીને તે બ્રાહ્મણીઓએ તે વિપુલ અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય આહારનું ભોજન કર્યું, ભોજન કરીને જ્યાં પોતપોતાના ઘર હતાં ત્યાં ગઈ, જઈને પોતપોતાનાં કામ કરવા લાગી.

**ધર્મરુચિને કડવા તુંબડાનું ભિક્ષાદાન—**

૫. તે કાળે તે સમયે ધર્મઘોષ નામે સ્થવિર યાવત્ મોટા શિષ્યપરિવાર સાથે જ્યાં ચંપા નગરી હતી, જ્યાં સુભૂમિભાગ ઉદ્યાન હતો ત્યાં આવ્યા, આવીને યથાયોગ્ય(નિયમાનુસાર) અવગ્રહ ધારણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. [તેમના દર્શન માટે અને ધર્મશ્રમણ માટે] સભા એકત્ર થઈ. તેમણે ધર્મોપદેશ કર્યો. સભા પાછી ફરી.

ત્યારે તે ધર્મઘોષ સ્થવિરના અંતેવાસી ધર્મરુચિ નામે અનગાર હતા તે અતિ ઉદાર વિપુલ ગુણવાળા, ઘોર અતિઘોર તપસ્વી, અતિદઢ બ્રહ્મચર્યવ્રતધારી, શરીરભાન છોડેલ (આત્મધ્યાનમાં લીન) અને સંક્ષિપ્ત-વિપુલ તેજોલેશ્યાને ધારણ કરનાર હતા. તે માસ માસના ઉપવાસ કરતા હતા.

૬. ત્યાર પછી તે ધર્મરુચિ અનગારે માસખમણના પારણાના દિવસે પહેલી પોરિસીમાં સ્વાધ્યાય કર્યો, બીજી પોરિસીમાં ધ્યાન કર્યું ઈત્યાદિ ગૌતમ સ્વામીના પ્રસંગમાં જે વર્ણન છે તે પ્રમાણે સઘળું કરી પાત્રો લીધાં, અને પછી ધર્મઘોષ સ્થવિરની આજ્ઞા લઈને યાવત્ ચંપા નગરીના ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળોમાં ગૃહ-સામુદાનિક ભિક્ષાચર્યા માટે ફરતાં ફરતાં જ્યાં નાગશ્રી બ્રાહ્મણીનું ઘર હતું ત્યાં પહોંચ્યા.

ત્યારે તે નાગશ્રી બ્રાહ્મણીએ તે ધર્મરુચિ અનગારને આવતા જોયા, જોઈને પેલાં શરદઋતુમાં ઉગેલા કડવા તુંબડાના બહુ મસાલા અને તેલ ભરી પકાવેલા શાકનો નિકાલ કરવા હૃષ્ટતુષ્ટ થઈને ઊભી થઈ, ઊઠીને જ્યાં ભોજનઘર હતું ત્યાં ગઈ, જઈને તે શરદઋતુવાળા કડવા તુંબડાના બહુ સંભાર અને તેલ ભરેલા શાકને લઈને ધર્મરુચિ અનગારના પાત્રમાં તે બધુંય ઠાલવી દીધું.

૭. ત્યાર પછી તે ધર્મરુચિ અનગાર 'આ આહાર પૂરતો છે' એમ સમજી નાગશ્રી બ્રાહ્મણીના ઘરેથી બહાર નીકળ્યા, બહાર નીકળીને ચંપા નગરીની વચ્ચોવચ્ચ થઈને પાછા વળ્યા, પાછા ફરી જ્યાં સુભૂમિભાગ ઉદ્યાન હતો, જ્યાં ધર્મઘોષ સ્થવિર બિરાજી રહ્યા હતા ત્યાં આવ્યા, આવીને ધર્મઘોષ સ્થવિર સમક્ષ અન્નપાનની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરી અન્નપાન હથેળીમાં લઈ દેખાડયાં.

**ધર્મરુચિ વડે કડવા તુંબડાનું પરઠવવું અને કીડીઓનું મરી જવું—**

૮. ત્યારે ધર્મઘોષ સ્થવિરે તે શરદઋતુના કડવા તુંબડાના ખૂબ સંભાર અને તેલ ભરેલા શાકની ગંધથી અભિભૂત થઈને (ગંધ ખરાબ લાગવાથી) તે શરદઋતુજન્ય કડવા તુંબડાના ખૂબ સંભાર અને તેલ ભરેલા શાકનું એક ટીપું હથેળીમાં લઈ ચાખ્યું, તો તે કડવું, ખારું, અખાદ્ય, અભોજ્ય, વિષ જેવું જણાયું. આથી તેમણે ધર્મરુચિ અનગારને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! જો તું આ શરદઋતુના કડવા તુંબડાના બહુ સંભાર અને તેલ ભરેલા શાકનું ભોજન કરીશ તો તું અકાળે જ જીવનરહિત થઈ જઈશ. આથી હે દેવાનુપ્રિય! તું આ શરદઋતુજન્ય કડવા તુંબડાના બહુ સંભાર અને તેલ ભરેલા શાકને ખાઈશ નહીં, જેથી કરીને અકાળે જ તું જીવનરહિત ન બને (મૃત્યુ ન પામે.) આથી હે દેવાનુપ્રિય! તું જા અને આ શરદઋતુજન્ય કડવા તુંબડાના ખૂબ સંભાર અને તેલથી ભરેલા શાકને આવાગમન રહિત એકાંત અચિત્ત સ્થંડિલભૂમિમાં પરઠવ અને પરઠવીને બીજો પ્રાસુક, એષણીય અશન–પાન–ખાદ્ય–સ્વાદ્ય આહાર લાવી તેનું ભોજન કર'.

૯. ત્યારે તે ધર્મરુચિ અનગાર ધર્મઘોષ સ્થવિરે આમ કહ્યું કે તરત જ ધર્મઘોષ સ્થવિર પાસેથી નીકળ્યા, નીકળીને સુભૂમિભાગ ઉદ્યાનથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન અતિ દૂર કે ન અતિ નજીક એવા સ્થળે સ્થંડિલ-ભૂમિની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને પછી તે શરદઋતુજન્ય કડવા તુંબડાના બહુ સંભાર અને તેલ ભરેલ શાકનું એક ટીપું લઈને તે સ્થંડિલભૂમિ પર નાખ્યું.

ત્યારે તે બહુ સંભાર અને તેલ ભરેલા શરદઋતુજન્ય કડવા તુંબડાની ગંધથી અનેક હજારો કીડીઓ ત્યાં આવી પહોંચી. તેમાંથી જે જે કીડીએ તે ટીપાનો આહાર લીધો તે તે અકાળે જ જીવનરહિત બની અર્થાત્ મૃત્યુશરણ થઈ.

**ધર્મરુચિ દ્વારા અહિંસા માટે કડવા તુંબડાનું ભક્ષણ—**

૧૦. ત્યારે તે ધર્મરુચિ અનગારને આવો, આ પ્રકારનો આંતરિક ભાવ યાવત્ વિચાર આવ્યો કે—'જો આ શરદઋતુજન્ય કડવા તુંબડાના ખૂબ સંભાર અને તેલ ભરેલા શાકનું એક ટીપું નીચે નાખવાથી અનેક હજારો કીડીઓ મરણ પામી તો જો હું આ શરદઋતુજન્ય કડવા તુંબડાનું બહુ સંભાર અને તેલ ભરેલ બધું જ શાક નીચે નાખું તો તો તે અનેક ગણા પ્રાણો યાવત્ જીવોના નાશનું કારણ બનશે.

આથી મારા માટે એ જ ઉચિત છે કે આ શરદઋતુમાં ઉગેલા કડવા તુંબડાનું બહુ સંભાર અને તેલ ભરેલું શાક હું પોતે જ ખાઈ જાઉં, તે મારા આ શરીરમાં જ નષ્ટ થાઓ'. આ પ્રમાણે તેણે વિચાર્યું, વિચારીને મુહપત્તિની પ્રતિલેખના કરી, મસ્તક સહિત શરીરના ઉપરિ ભાગનું પ્રમાર્જન કર્યું, પ્રમાર્જન કરીને પછી તે શરદઋતુના કડવા તુંબડાના બહુ સંભાર અને તેલથી ભરેલા બધા શાકને, સાપ જેમ દરમાં પેસે તેની જેમ, પોતાના શરીરરૂપી કોઠામાં ઠાલવી દીધું.

**ધર્મરુચિનું સમાધિમરણ—**

૧૧. ત્યાર પછી તે ધર્મરુચિ અનગારને તે શરદઋતુના કડવા તુંબડાનું ખૂબ સંભાર અને તેલથી ભરેલું શાક ખાતાંવેંત મુહૂર્તમાત્રમાં જ શરીરમાં વેદના પેદા થઈ, અતિ ઉત્કટ યાવત્ અસહ્ય વેદના પેદા થઈ.

તે પછી તે ધર્મરુચિ અનગાર સ્થામ(બેસવા-ઊઠવાની શક્તિ) રહિત, બળરહિત, વીર્યરહિત, પુરુષાર્થ–પરાક્રમ રહિત બની ગયા, હવે આ શરીર ધારણ કરવું–ટકાવવું મુશ્કેલ છે એમ સમજીને તેમણે પોતાનાં પાત્ર-ઉપકરણો એકાંતમાં મૂક્યા, મૂકીને સ્થંડિલ ભૂમિભાગની પ્રતિલેખના કરી, દર્ભનો સંથારો પાથર્યો, દર્ભના સંથારા પર બેઠા અને પૂર્વાભિમુખ પર્યંકાસને બેસી બે હાથ જોડી શિરસાવર્ત અંજલિ રચી આ પ્રમાણે બોલ્યા—

'અરહંતો યાવત્ સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત કરનારા [સિદ્ધ] ભગવંતોને નમસ્કાર હો. મારા ધર્માચાર્ય ધર્મોપદેષ્ટા ધર્મઘોષ સ્થવિરને નમસ્કાર હો. પહેલાં પણ મેં ધર્મઘોષ સ્થવિર પાસે સમસ્ત પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહનું જીવનપર્યંત પ્રત્યાખ્યાન કર્યું હતું, અત્યારે પણ હું તે ભગવંતો પાસે સમસ્ત પ્રાણાતિપાત યાવત પરિગ્રહનું જીવનપર્યંત પ્રત્યાખ્યાન કરું છું.' આદિ સ્કન્દક મુનિના પ્રસંગમાં જે વર્ણન છે તે પ્રમાણે સઘળું જાણવું યાવત્ 'અંતિમ શ્વાસોચ્છ્વાસ સુધી હું શરીરનો પણ ત્યાગ કરું છું.' આ પ્રમાણે બોલી તે આલોચના અને પ્રતિક્રમણ કરી, સમાધિમાં લીન બની કાળધર્મ પામ્યા.

**સાધુઓ દ્વારા ધર્મરુચિની શોધ—**

૧૨. ત્યાર પછી ધર્મરુચિ અનગારને બહુ લાંબો સમય ગયો જાણીને ધર્મઘોષ સ્થવિરે શ્રમણ નિર્ગ્રંથોને બોલાવ્યા, બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! ધર્મરુચિ અનગારને આજ માસખમણના પારણામાં શરદઋતુજન્ય બહુ સંભાર અને તેલ ભરેલ કડવા તુંબડાનું શાક મળેલ તે પરઠવવા ગયાને ઘણો સમય થયો છે. આથી હે દેવાનુપ્રિયો! તમે જાઓ અને ચારે બાજુ ધર્મરુચિ અનગારની શોધ કરો.'

**શ્રમણો દ્વારા ધર્મરુચિના સમાધિમરણનું નિવેદન**

૧૩. ત્યાર પછી તે શ્રમણ નિર્ગ્રંથો ધર્મઘોષ સ્થવિરની યાવત્ 'ભલે' એમ વિનયપૂર્વ આજ્ઞા સ્વીકારી ધર્મઘોષ સ્થવિર પાસેથી બહાર નીકળ્યા, બહાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીકળી ધર્મરુચિ અનગારની બધી જગ્યાએ ચોપાસ શોધ કરતાં કરતાં જ્યાં સ્થંડિલભૂમિ હતી ત્યાં આવ્યા, ત્યાં આવીને તેમણે ધર્મરુચિ અનગારનો નિષ્પ્રાણ નિશ્ચેષ્ટ અને નિર્જીવ દેહ જોયો અને જોઈને 'હા હા! અહો! અકાર્ય' એમ કહી ધર્મરુચિ અનગારના પરિનિર્વાણ નિમિત્તે કાયોત્સર્ગ કર્યો, ધર્મરુચિનાં આચાર-ઉપકરણો લીધાં, લઈને જ્યાં ધર્મઘોષ સ્થવિર વિરાજી રહ્યા હતા ત્યાં આવ્યા, આવીને ગમનાગમન સંબંધી પ્રતિક્રમણ કર્યું, પ્રતિક્રમણ કરી આ પ્રમાણે કહ્યું—

'હે આર્ય! આપની આજ્ઞાથી આપની પાસેથી નીકળી અમે સુભૂમિભાગ ઉદ્યાનની ચોપાસ ધર્મરુચિ અનગારની બધી રીતે તપાસ કરતાં જ્યાં સ્થંડિલભૂમિ હતી ત્યાં ગયા-યાવત્ તરત જ અહીં આવ્યા છીએ. હે ભંતે! તે ધર્મરુચિ અનગાર આ પ્રમાણે કાળધર્મ પામ્યા છે. આ તેમનાં આચાર-ઉપકરણો છે.'

**ધર્મરુચિનો અનુત્તર દેવરૂપે ઉપપાદ અને નાગશ્રીની ગર્હા—**

૧૪. ત્યાર પછી ધર્મઘોષ સ્થવિરે પૂર્વગત ઉપયોગ મૂક્યો અને શ્રમણ નિર્ગ્રંથો તથા નિર્ગ્રંથિનીઓને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે આર્યો! મારા અંતેવાસી ધર્મરુચિ અણગાર સ્વભાવથી ભદ્ર યાવત્ વિનીત હતા તે માસ માસના નિરંતર તપકર્મથી આત્માને ભાવિત કરતા યાવત્ નાગશ્રી બ્રાહ્મણીના ઘરમાં પ્રવેશ્યા ત્યારે તે નાગશ્રી બ્રાહ્મણીએ યાવત્ જે શરદઋતુમાં ઉત્પન્ન થયેલ તિક્ત તુંબડાનું ખૂબ મસાલા અને તેલ નાખીને શાક બનાવ્યું હતું તે ધર્મરુચિ અનગારના પાત્રમાં બધું નાખી દીધું.

ત્યારે તે ધર્મરુચિ અનગાર પોતાને આટલાનો જ ખપ છે તેમ માની નાગશ્રી બ્રાહ્મણીના ઘરેથી બહાર નીકળ્યા, યાવત્ સમાધિપૂર્વક કાળ પામ્યા.

તે ધર્મરુચિ અનગાર ઘણાં વર્ષ સુધી શ્રમણપર્યાય પાળીને અને આલોચના-પ્રતિક્રમણ કરીને સમાધિપૂર્વક કાળસમયે કાળ પામીને ઉપર યાવત્ સર્વાર્થસિદ્ધિ મહાવિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા છે. તે વિમાનમાં અજઘન્ય અનુત્કૃષ્ટ એટલે કે જઘન્ય ઉત્કૃષ્ટ એવા ભેદથી રહિત એક સમાન તેત્રીસ સાગરોપમનું આયુષ્યપ્રમાણ હોય છે. ત્યાં ધર્મરુચિ દેવની આયુસ્થિતિ પણ તેત્રીસ સાગરોપમની થશે. તે ધર્મરુચિ દેવ તે દેવલોકમાંથી આયુક્ષય, સ્થિતિક્ષય અને ભવક્ષય થતાં ચ્યુત થઈને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધિ મેળવશે યાવત્ સંપૂર્ણ દુઃખોનો અંત કરશે.

૧૫. હે આર્યો! તે અધન્ય, પુણ્યહીન, નિર્ભાગી, નિર્ભાગી સત્ત્વવાળી, દુર્ભાગી લિંબોળી જેવી નાગશ્રી બ્રાહ્મણીને ધિક્કાર હો કે જેણે આવા પ્રકારના સાધુ, સાધુરૂપ ધર્મરુચિ અનગારને માસ-ખમણના પારણામાં શરદઋતુજન્ય કડવા તુંબડાનું ખૂબ મસાલા અને તેલભરેલું શાક આપી અકાળે જ તેમના પ્રાણ લીધા".

ત્યાર પછી ધર્મઘોષ સ્થવિર પાસેથી આવો વૃત્તાંત સાંભળીને, જાણીને તે નિર્ગ્રંથ શ્રમણો ચંપા નગરીના શૃંગાટક-ત્રિક-ચતુષ્ક-ચત્વર-ચતુર્મુખો તથા મહામાર્ગો અને સામાન્ય માર્ગો પર જઈ અનેક લોકોને આ પ્રમાણે કહેવા લાગ્યા, બોલવા લાગ્યા, સમજાવવા લાગ્યા—

'હે દેવાનુપ્રિયો! તે નાગશ્રીને ધિક્કાર છે યાવત્ દુર્ભગ લિંબોળી જેવી જેણે આવા પ્રકારના સાધુ, સાધુરૂપ ધર્મરુચિ અનગારને શરદઋતુજન્ય કડવા તુંબડાના બહુ સંભાર અને તેલ ભરેલા શાક દ્વારા અકાળે જ જીવનથી રહિત કરી દીધા."

ત્યાર પછી તે શ્રમણો પાસેથી આવી વાત સાંભળીને અને જાણીને અનેક લોકો એકબીજાને એ વાત કહેવા લાગ્યા, બોલવા લાગ્યા, સમજાવવા લાગ્યા અને પ્રતિપાદિત કરવા લાગ્યા કે 'નાગશ્રી બ્રાહ્મણીને ધિક્કાર છે યાવત્ પ્રાણથી રહિત કર્યા.'

**નાગશ્રીનું ગૃહનિર્વાસન—**

૧૬. ત્યાર પછી તે બ્રાહ્મણો ચંપા નગરીમાં અનેક લોકો પાસે આ વાત સાંભળી અને જાણીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોપાયમાન થયા યાવત્ ક્રોધથી દાંત કચકચાવીને જ્યાં નાગશ્રી બ્રાહ્મણી હતી ત્યાં આવ્યા, ત્યાં આવીને નાગશ્રી બ્રાહ્મણીને આ પ્રમાણે કહેવા લાગ્યા—

"અરે નાગશ્રી! અનિચ્છિત(મરણ)ની ઈચ્છા કરનારી! દુષ્ટ કુલક્ષણી! કાળી ચૌદશના દિવસે જન્મ લેનારી પુણ્યહીન! શ્રી–હ્રી–ધૃતિ–કીર્તિથી ત્યજાયેલી! ધિક્કાર છે તને અધન્યને, પુણ્યહીનને, અભાગિનીને, દુર્ભાગિનીને, દુર્ભગ સત્ત્વાળી અને દુર્ભગ લિંબોળી જેવીને! તેં તથારૂપ, સાધુ, સાધુઆત્મા ધર્મરુચિ અનગારને માસક્ષમણના પારણામાં શરદઋતુમાં પાકેલા કડવા તુંબડાના શાકથી યાવત્ જીવનરહિત કર્યા–મારી નાખ્યા."

આમ કહી તે બ્રાહ્મણોએ હળવા ભારે એવા અનેક પ્રકારના આક્રોશપૂર્વકનાં વચનો કહ્યાં, હળવો-ભારે ઠપકો આપ્યો, હળવી-ભારે નિંદા કરી, હળવી-ભારે ભર્ત્સના કરી, તિરસ્કાર કર્યો, માર માર્યો અને માર અને અપમાન સાથે તેને પોતાના ઘર બહાર કાઢી મૂકી.

૧૭. ત્યાર પછી પોતાના ઘરેથી બહિષ્કૃત થયેલ તે નાગશ્રી ચંપાનગરીના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક (ચોક), ચત્વર (ચોતરા), ચૌટા, રાજમાર્ગ અને નાના માર્ગોમાં અનેક લોકો દ્વારા અવહેલના પામતી, તિરસ્કાર પામતી, નિંદાપાત્ર બનતી, ધિક્કાર પામતી, અપમાન કરાતી, થૂથૂકાર કરાતી, ક્યાંય પણ આશ્રયસ્થાન કે નિવાસ ન મેળવતી, ફાટેલ તૂટેલ ચીંથરાં પહેરેલી, તૂટેલા શકોરા અને ઘડાનાં ઠીકરાં હાથમાં લઈને, માથા પર જટાજૂટ જીંથરાવાળી, ચોપાસ બણબણતી માખીઓ સાથે, ઘરે ઘરે દેહની ભૂખ મટાડવા માટે ભીખ માગતી ભટકવા લાગી.

**નાગશ્રીનું ભવભ્રમણ—**

૧૮. ત્યાર પછી તે નાગશ્રી બ્રાહ્મણીને તે જ ભવમાં સોળ ભયંકર રોગો પેદા થયા, જેવા કે—

૧. શ્વાસ (દમ), ૨. કાસ (ખાંસી), ૩. જ્વર, ૪. દાહ, ૫. યોનિશૂળ, ૬. ભગંદર, ૭. અર્શ, ૮. અજીર્ણ, ૯. નેત્રશૂળ, ૧૦. શિરોવેદના, ૧૧. અરુચિ, ૧૨. અક્ષિવેદના (નેત્રરોગ), ૧૩. કર્ણરોગ (બહેરાપણું આદિ), ૧૪. કંડુ (ખૂજલી), ૧૫. જલોદર અને ૧૬. કોઢ.

૧૯. તત્પશ્ચાત્ તે નાગશ્રી બ્રાહ્મણી આ સોળ ભયંકર રોગોથી અતિ પીડા પામીને, અત્યંત દુઃખથી રીબાઈને, મરણ આવી લાગતાં મરણ પામી અને મરીને છઠ્ઠી પૃથ્વી(નરકભૂમિ)માં ઉત્કૃષ્ટ બાવીશ સાગરોપમના આયુષ્યવાળાં નારકોમાં નારકીરૂપે ઉત્પન્ન થઈ.

ત્યાર પછી તે નરકમાંથી નીકળીને તે મત્સ્યયોનિમાં પેદા થઈ. ત્યાં પણ શસ્ત્ર દ્વારા હણાઈને દાહની વેદનાથી દુઃખી થઈ મરણ આવી લાગતાં મૃત્યુ પામી અને મરીને નીચેની સાતમી પૃથ્વી (સાતમી નરકભૂમિ)માં ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની આયુસ્થિતિવાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થઈ.

તદનંતર ફરી બીજી વાર પણ તે મત્સ્યયોનિમા ઉત્પન્ન થઈ. ત્યાં પણ શસ્ત્રથી વીંધાઈ, દાહવેદના ભોગવીને મરણ-સમયે મરણ પામીને ફરીથી બીજી વાર પણ નીચેની સાતમી નારકીમાં ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થઈ.

ત્યાર પછી તે ત્યાંથી નીકળીને ફરીથી પણ મત્સ્યરૂપે જ ઉત્પન્ન થઈ અને ત્યાં પણ શસ્ત્રથી વીંધાઈને, દાહવેદનાથી રીબાઈને મરણ સમયે મરણ પામી ફરી છઠ્ઠી નરકભૂમિમાં ઉત્કૃષ્ટ બાવીશ સાગરોપમની આયુસ્થિતિવાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થઈ.

ત્યાર પછી ત્યાંથી નીકળી તે સર્પયોનિમાં ઉત્પન્ન થઈ ઈત્યાદિ જેમ ગોશાલકના વૃત્તાંતમાં તેમ વર્ણન યાવત્ રત્નપ્રભા આદિ પૃથ્વીઓ-(નરકભૂમિઓ)માં ઉત્પન્ન થઈ પછી સંજ્ઞી જીવોમાં ઉત્પન્ન થઈ.

ત્યાર બાદ ત્યાંથી નીકળી અસંજ્ઞી જીવોમાં તે ઉત્પન્ન થઈ. ત્યાં પણ શાસ્ત્ર દ્વારા વીંધાઈને, દાહવેદનાથી પીડાઈને મરણ સમયે મરણ પામી ફરી બીજી વાર પણ રત્નપ્રભા નરકભૂમિમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિવાળા નારકોમાં નારક તરીકે ઉત્પન્ન થઈ.

ત્યાંથી નીકળીને તે ખેચર-આકાશમાં વિહરનાર પક્ષીવર્ગની યોનિઓમાં ઉત્પન્ન થઈ યાવત્ ત્યાર બાદ ખર (કઠિન) બાદર પૃથ્વીકાયરૂપે અનેક લાખવાર ઉત્પન્ન થઈ.

**નાગશ્રીનો સુકુમાલિકા-ભવ—**

૨૦. ત્યાર પછી તે પૃથ્વીકાયમાંથી નીકળી આ જ જંબૂદ્વીપ નામે દ્વીપમાં, ભારત વર્ષમાં, ચંપા નગરીમાં, સાગરદત્ત સાર્થવાહની ભદ્રા નામે ભાર્યાની કુક્ષિમાં બાલિકારૂપે ગર્ભમાં આવી.

ત્યાર બાદ તે ભદ્રા સાર્થવાહીએ પૂરા નવ મહિના જતાં હાથીના તાળવા જેવી સુકોમળ બાલિકાને જન્મ આપ્યો.

ત્યાર પછી તે બાલિકા બાર દિવસની થઈ ત્યારે તેનાં માત-પિતાએ આવું-આ પ્રકારનું ગુણવાળું-ગુણનિષ્પન્ન નામ પાડયું, કેમ કે અમારી આ પુત્રી હાથીના તાળવાની જેમ અત્યંત સુકોમળ છે તેથી આ બાલિકાનું નામ હો 'સુકુમાલિકા'-'સુકુમાલિકા.'

આ રીતે તે બાલિકાના માતાપિતાએ તેનું સુકુમાલિકા એવું નામ રાખ્યું.

ત્યાર બાદ પાંચ ધાવ માતાઓએ તેની સંભાળ રાખવાનું શરૂ કર્યું. તે ધાવમાતાઓ જેવી કે— ૧. દૂધ પીવડાવનારી ધાવ, ૨. સ્નાન કરાવનારી, ૩. ઘરેણાં પહેરાવનારી, ૪. રમાડનારી અને ૫. ખોળામાં ઊંચકનાર. આમ એકના ખોળામાંથી બીજીના ખોળામાં લેવાતી, રમ્ય મણિજડિત ભૂમિ પર તે વાત-વિહીન બાધારહિત ગિરિકંદરામાં ઊછરતી ચંપકલતાની જેમ અતિ સુખપૂર્વક ઊછરવા લાગી.

**સુકુમાલિકાનો સાગર સાથે વિવાહ—**

૨૧. ત્યાર પછી તે સુકુમાલિકા બાલિકા બાલ્યાવસ્થા પસાર કરીને યૌવનાસ્થાને પ્રાપ્ત કરી રૂપ, યૌવન અને લાવણ્યમાં ઉત્કૃષ્ટ તથા ઉત્કૃષ્ટ શરીરવાળી-સર્વાંગસુંદરી બની ગઈ.

૨૨. તે જ ચંપાનગરીમાં જિનદત્ત નામે એક સાર્થવાહ રહેતો હતો-ધનાઢ્ય યાવત્ કોઈથીય પરાભવ ન પામે તેવો.

તે જિનદત્તની ભદ્રા નામે ભાર્યા હતી-જે સુકોમળ, ઇષ્ટ હતી અને માનુષી કામભોગો ભોગવતી તેની સાથે રહેતી હતી. તે જિનદત્તને તે ભદ્રા ભાર્યાથી જન્મેલો સાગર નામે પુત્ર હતો, તે હાથપગ આદિ સુકોમળ અંગોવાળો યાવત્ અત્યંત સુંદર હતો.

૨૩. ત્યાર બાદ કોઈ એક વખત તે જિનદત્ત સાર્થવાહ પોતાને ઘેરથી નીકળ્યો, નીકળીને સાગરદત્ત સાર્થવાહના ઘરની નજીકથી પસાર થઈ રહ્યો હતો, એવામાં બાલિકા સુકુમાલિકા સ્નાનાદિ કરીને દાસીઓના વૃંદથી વીંટળાઈને પોતાના આવાસગૃહની અટારીમાં સોનાના દડાથી રમત રમી રહી હતી.

ત્યારે તે જિનદત્ત સાર્થવાહે સુકુમાલિકા બાલિકાને જોઈ, જોઈને સુકુમાલિકા બાલિકાના રૂપ, યૌવન અને લાવણ્યથી વિસ્મિત થઈને કૌટુંબિક સેવકોને બોલાવી આ પ્રમાણે પૂછ્યું—

"અરે દેવાનુપ્રિયો! આ કોની પુત્રી છે? અને તેનું નામ શું છે?"

ત્યારે તે કૌટુંબિક પુરુષો જિનદત્ત સાર્થવાહના આ પ્રશ્નથી હૃષ્ટતુષ્ટ થઈ, બન્ને હાથ મસ્તકે અડાડી અંજલિ રચી આ પ્રમાણે બોલ્યા—

"હે દેવાનુપ્રિય! આ સાગરદત્ત સાર્થવાહની ભદ્રા ભાર્યા દ્વારા જન્મેલી સુકુમાલિકા નામની કન્યા છે-સુકોમળ હાથપગ આદિ અંગોવાળી યાવત્ રૂપ, યૌવન અને લાવણ્યથી ઉત્કૃષ્ટ'.

૨૪. ત્યાર બાદ જિનદત્ત સાર્થવાહ તે કૌટુંબિક પુરુષોની આ વાત સાંભળી-જાણીને જ્યાં પોતાનું નિવાસસ્થાન હતું ત્યાં આવ્યો, આવીને સ્નાન કરી મિત્રો, જ્ઞાતિજનોથી વીંટળાઈને ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઈને જ્યાં સાગરદત્ત સાર્થવાહનું નિવાસસ્થાન હતું ત્યાં આવ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે સાગરદત્ત સાર્થવાહે જિનદત્ત સાર્થવાહને આવતો જોયો, જોઈને પોતાના આસન પરથી તે ઊઠયો, ઊઠીને જિનદત્તને આસન ગ્રહણ કરવા નિમંત્રણ આપ્યું, નિમંત્રણ આપી આશ્વસ્ત વિશ્વસ્ત બનેલા અને ઉત્તમ સુખાસન પર બેઠેલા જિનદત્તને આ પ્રમાણે પૂછયું–"હે દેવાનુપ્રિય ! કહો કેમ પધાર્યા છો ?"

ત્યાર પછી તે જિનદત્તે સાગરદત્તને આ પ્રમાણે કહ્યું–"હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે તમારી પુત્રી, ભદ્રાની આત્મજા, સુકુમાલિકાનું હું સાગરની પત્ની તરીકે માગું કરું છું. હે દેવાનુપ્રિય ! જો તમને યોગ્ય જણાય, યોગ્ય પાત્ર લાગે, પ્રશંસનીય સંબંધ જણાય તો સુકુમાલિકા મારા પુત્ર સાગરને આપો. તો હે દેવાનુપ્રિય ! કહો કે સુકુમાલિકાને માટે શું રકમ (કન્યા–શુલ્ક) આપું ?"

ત્યારે સાગરદત્ત સાર્થવાહે જિનદત્ત સાર્થવાહને આ પ્રમાણે કહ્યું–

"હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે પુત્રી સુકુમાલિકા અમારે એક માત્ર સંતાન હોઈ અતિ ઈષ્ટ યાવત્ મનગમતી યાવત્ ઉંબરાના ફૂલ જેવી સાંભળવામાંય દુર્લભ છે તો જોવાની તો વાત જ શું ? આથી હું સુકુમાલિકા પુત્રીનો ક્ષણમાત્ર પણ વિયોગ થાય તેમ ઇચ્છતો નથી. તો હે દેવાનુપ્રિય ! જો સાગર પુત્ર અમારો ઘરજમાઈ બને તો હું સાગરને સુકુમાલિકા આપું."

૨૫. ત્યાર પછી તે જિનદત્ત સાર્થવાહ સાગરદત્ત સાર્થવાહે આમ કહ્યું એટલે તરત જ્યાં પોતાનુ ઘર હતું ત્યાં પાછો આવ્યો, આવીને પુત્ર સાગરને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું–

"હે પુત્ર ! એવું છે કે સાગરદત્ત સાર્થવાહે મને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિય ! સુકુમાલિકા કન્યા મારી ઈષ્ટ-પ્રિય યાવત્ મનગમતી પુત્રી છે. ઉંબરાના પુષ્પની જેમ જેનું નામ સાંભળવુંય દુર્લભ છે તો પછી તેના દર્શનની તો વાત જ શી ? એવી દુર્લભ છે. એટલે હું ક્ષણમાત્ર પણ પુત્રી સુકુમાલિકાનો વિયોગ થાય તેમ ઇચ્છતો નથી. તો પુત્ર સાગર જો મારો ઘરજમાઈ બને તો તેને હું પુત્રી આપું."

ત્યારે તે પુત્ર સાગર જિનદત્ત સાર્થવાહની આવી વાત સાંભળીને મૌન રહ્યો.

૨૬. ત્યાર પછી જિનદત્ત સાર્થવાહે કોઈ એક દિવસે શુભ તિથિ–કરણ–નક્ષત્ર અને મુહૂર્તમાં વિપુલ અશન-પાન-ખાદ્ય–સ્વાદ્ય ચારે પ્રકારનું ભોજન તૈયાર કરાવ્યું, કરાવીને મિત્ર, જાતિભાઈઓ, પોતાનાં સ્વજન–સબંધી અને પરિજનોને આમંત્ર્યા યાવત્ તેમનું સન્માન–બહુમાન કરીને પછી પુત્ર સાગરને સ્નાન યાવત્ સર્વાલંકાર-વિભૂષિત કરીને હજાર પુરુષો દ્વારા વહન કરાતી પાલખીમાં બેસાડયો. પછી તે જ્ઞાતિજનો, મિત્રો, સ્વજન–સંબંધીઓ પરિજનો વડે વીંટળાઈને પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઈને જ્યાં સાગરદત્તનું નિવાસગૃહ હતું ત્યાં ગયો, જઈને પાલખીથી પુત્ર સાગરને નીચે ઉતાર્યો, ઉતારીને સાગરદત્ત સાર્થવાહ સમક્ષ ઉપસ્થિત કર્યો.

તે પછી સાગરદત્ત સાર્થવાહે વિપુલ અશન-પાન–ખાદ્ય–સ્વાદ્ય વાનગીઓ તૈયાર કરાવી, કરાવીને યાવત્ મિત્રાદિ વર્ગને આમંત્રણ આપી સત્કાર કરીને પુત્ર સાગરને કન્યા સુકુમાલિકા સાથે પાટ પર બેસાડયો, બેસાડીને શ્વેત-પીત (સોના–ચાંદીના) કળશોથી સ્નાન કરાવ્યું, સ્નાન કરાવીને અગ્નિહોમ કરાવ્યો, હોમ કરાવીને યુવક સાગરને કન્યા સુકુમાલિકાનું પાણિગ્રહણ (લગ્ન) કરાવ્યું.

**સાગરનું પલાયન થવું—**

૨૭. ત્યારે તે યુવક સાગરને કન્યા સુકુમાલિકાના હાથના સ્પર્શથી આવો–આવા પ્રકારનો ભાવ થયો, જેમ કે– તે સ્પર્શ કોઈ તરવારનો સ્પર્શ હોય, અથવા કરવતનો સ્પર્શ હોય, અથવા જાણે છરીનો સ્પર્શ હોય, અથવા જાણે ધારદાર કદંબચીરિકા(એક પ્રકારનું ઘાસ)ના પાનનો સ્પર્શ હોય, અથવા શક્તિ(ત્રિશૂળ)નો સ્પર્શ હોય, અથવા ભાલાની અણીનો સ્પર્શ હોય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા તોમર(બાણ)ની અણીનો સ્પર્શ હોય, અથવા ભિંડીમાલશસ્ત્રની અણીનો સ્પર્શ હોય, અથવા સોયના ઢગલાનો સ્પર્શ હોય, અથવા વીંછીનો ડંખ હોય, અથવા કૌંચાનો સ્પર્શ હોય, અથવા અંગારાનો સ્પર્શ હોય, અથવા ગરમ રાખનો સ્પર્શ હોય, અથવા અગ્નિ-જ્વાળાનો સ્પર્શ હોય, અથવા ધગધગતા શુદ્ધ અગ્નિનો સ્પર્શ હોય.

શું એ સ્પર્શ એવો હતો ?

ના, એટલું પૂરતું નથી. એનાથી પણ અધિક અનિષ્ટકર, એકાંતરૂપે અણગમતો, અપ્રિયતર, અમનોહર, અમનોજ્ઞતર, અમનામતર એવો તેનો હસ્તસ્પર્શ સાગરે અનુભવ્યો.

ત્યારે તે સાગર અનિચ્છાપૂર્વક અવશપણે મુહૂર્તભર ત્યાં બેઠો રહ્યો.

ત્યાર બાદ સાગરદત્ત સાર્થવાહે સાગરનાં માતા–પિતા તથા મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિચારકોને વિપુલ અશન–પાન–ખાદ્ય–સ્વાદ્ય ભોજનપદાર્થો તથા પુષ્પ-વસ્ત્ર-અત્તર-માળા-આભૂષણોથી સત્કારી સન્માન કરી વિસર્જિત કર્યા.

૨૮. ત્યાર પછી સાગર સુકુમાલિકા સાથે જ્યાં વાસ-ગૃહ (શયનકક્ષ) હતું ત્યાં આવ્યો, આવીને કન્યા સુકુમાલિકા સાથે શય્યા પર સૂતો. ત્યારે તે યુવક સાગરે કન્યા સુકુમાલિકાના અંગસ્પર્શનો એવો અનુભવ કર્યો કે તે સ્પર્શ જાણે કોઈ તરવારનો સ્પર્શ હોય યાવત્ અમનામતર સ્પર્શ અનુભવ્યો.

ત્યાર પછી તે સાગર સુકુમાલિકાનો અંગ-સ્પર્શ સહન ન કરી શકવા છતાં અવશપણે મુહૂર્તભર ત્યાં રહ્યો.

૨૯. ત્યાર બાદ તે યુવક સાગર સુકુમાલિકાને સુખે સૂઈ ગયેલી જાણી તેની પાસેથી ઊભો થઈ ગયો, ઊઠીને જ્યાં પોતાની શૈય્યા હતી ત્યાં આવ્યો, આવીને પોતાની શૈયા પર સૂઈ ગયો.

ત્યારે તે પતિવ્રતા અને પતિમાં અનુરાગવાળી સુકુમાલિકા જેવી મુહૂર્ત બાદ જાગી કે તરત જ પતિને પાસે ન જોતાં શૈયામાંથી ઊઠી, ઊઠીને જ્યાં પતિની શૈયા હતી ત્યાં આવી, ત્યાં આવીને સાગર પાસે સૂઈ ગઈ.

ત્યારે તે યુવક સાગરે પુનઃ સુકુમાલિકાના અંગસ્પર્શનો એવો અનુભવ કર્યો કે જાણે યાવત્ અવશપણે મુહૂર્તભર પડી રહ્યો.

૩૦. તે પછી યુવક સાગર કન્યા સુકુમાલિકાને સુખ-પૂર્વક સૂઈ ગયેલી જાણી શૈય્યામાંથી ઊઠ્યો, ઊઠીને શયનગૃહનું બારણું ખોલ્યું, બારણું ખોલીને જાણે કે શિકારી પાસેથી છટકી ગયેલ કાગડો હોય તેમ જે દિશામાંથી તે આવ્યો હતો તે જ દિશામાં ભાગી છૂટ્યો.

**સુકુમાલિકાને ચિંતા—**

૩૧. ત્યાર બાદ તે પતિવ્રતા પતિમાં અનુરાગવાળી કન્યા સુકુમાલિકા મુહૂર્ત બાદ જાગી ગઈ તો પતિને પાસે ન જોતાં શૈય્યામાંથી ઊભી થઈ, ચારે બાજુ સાગરની શોધ કરવા લાગી, શોધ કરતાં તેણે શયનગૃહનું બારણું ખુલ્લું જોયું, જોઈને આમ બોલી–'તે સાગર તો ચાલ્યો ગયો.' આમ કહી ખિન્ન ઉદાસ મનવાળી તે બે હાથમાં મોં રાખી આર્તધ્યાનમાં ડૂબી ગઈ.

૩૨. ત્યાર પછી બીજે દિવસે સવારે સૂર્યોદય થયો અને સહસ્રરશ્મિ સૂર્યનો પ્રકાશ ઝળહળ્યો ત્યારે ભદ્રા શેઠાણીએ દાસીને બોલાવી, બોલાવીને આમ કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તું જા અને વર–વધૂ માટે દાતણપાણી લઈ આવ.'

ત્યારે તે દાસીએ ભદ્રા શેઠાણીની એ આજ્ઞા સાંભળી–સ્વીકારી અને દાતણ–પાણી લીધાં, લઈને જ્યાં શયનગૃહ હતું ત્યાં આવી, આવીને કન્યા સુકુમાલિકાને હથેળીમાં મોં ઘાલી ઉદાસ ખિન્ન મનવાળી, આર્તધ્યાનમાં પડેલી જોઈ, જોઈને તે આ પ્રમાણે કહેવા લાગી—

'હે દેવાનુપ્રિયા ! એવું શું છે કે જેથી તું આમ ખિન્ન મનવાળી થઈ બે હાથમાં મોં રાખી આર્તધ્યાનમાં ડૂબી ગઈ છે ?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે સુકુમાલિકાએ દાસીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયા! વાત એમ છે કે સાગર મને સુખે સૂતેલી જોઈને મારી બાજુમાંથી ઊઠ્યો, ઊઠીને શયનગૃહનાં બારણાં ખોલ્યાં, ખોલીને જેવી રીતે મારા પાસેથી છટકી ગયેલ કાગડો ભાગે તેમ જે દિશામાંથી તે આવ્યો હતો તે દિશામાં જ ભાગી છૂટ્યો. ત્યારે ઘડીભર પછી જાગીને, પતિવ્રતા પતિમાં અનુરક્ત એવી મેં જોયું તો તે ન હતો. તેને ન જોતાં હું શૈય્યામાંથી ઊઠી અને ચારે બાજુ તેની શોધ કરવા લાગી, શોધ કરતાં શયનગૃહનાં બારણાં ઊઘાડાં જોયાં તેથી 'તે સાગર તો ગયો' એમ માની ખિન્ન હૃદયે હાથમાં મોં ઘાલી આર્તધ્યાનમાં પડી ગઈ.'

ત્યાર પછી તે દાસી સુકુમાલિકાની આવી વાત સાંભળીને–જાણીને જ્યાં સાગરદત્ત સાર્થવાહ હતો ત્યાં આવી, આવીને તેણે સાગરદત્તને આ વાત જણાવી.

**સાગરદત્તનો જિનદત્તને ઠપકો—**

૩૩. ત્યાર પછી દાસીની આવી વાત સાંભળી–જાણી સાગરદત્ત ગુસ્સે થયો યાવત્ દાંત કચકચાવતો જ્યાં જિનદત્ત સાર્થવાહનું ઘર હતું ત્યા આવ્યો, આવીને જિનદત્ત સાર્થવાહને આમ કહેવા લાગ્યો—

'હે દેવાનુપ્રિય! શું આ યોગ્ય છે? ઉચિત છે? તમારા કુળને યોગ્ય છે? કુળને અનુરૂપ છે? કે નિર્દોષ પતિવ્રતા સુકુમાલિકાને ત્યજીને સાગર અહીં ભાગી આવ્યો? આમ અનેક પ્રકારના કચવાટવાળાં અને ખેદભર્યા વચનોથી તેણે ઠપકો આપ્યો.

**લોકાપવાદ છતાં સાગરનો સુકુમાલિકા સાથે રહેવા ઇન્કાર—**

૩૪. ત્યાર પછી જિનદત્ત સાગરદત્ત સાર્થવાહ પાસેથી આવો વૃત્તાંત સાંભળી જ્યાં સાગર હતો ત્યાં ગયો, જઈને પુત્ર સાગરને આ પ્રમાણે કહ્યું— 'હે પુત્ર! તેં સાગરદત્તના ઘરેથી તરત ભાગી આવીને ખોટું કર્યું છે. તો હે પુત્ર! તું ગમે તમે હોય તો પણ સાગરદત્તના ઘેર પાછો જા.'

ત્યારે તે યુવાન સાગરે જિનદત્ત સાર્થવાહને આવો ઉત્તર વાળ્યો—

'હે પિતાજી! તમે જો આજ્ઞા કરો તો હું પર્વત પરથી પડવા, વૃક્ષ પરથી કૂદવા, ભૃગુપાત કરવા, જળસમાધિ લેવા, અગ્નિપ્રવેશ કરવા, વિષ-ભક્ષણ કરવા, શસ્ત્રઘાત સહન કરવા, ફાંસીએ ચડવા, સંન્યાસ લેવા કે વિદેશ ચાલ્યા જવા માટે પણ તૈયાર છું, પરંતુ ગમે તે થાય હું સાગરદત્તના ઘેર જઈશ નહીં.'

**સુકુમાલિકાનાં એક દરિદ્ર ભિખારી સાથે પુનર્લગ્ન—**

૩૫. ત્યારે દીવાલની આડશે રહેલા સાગરદત્ત સાર્થવાહે સાગરની આવી વાત સાંભળી, સાંભળીને લજ્જિત થઈ શરમીંદો બની, વિલખો થઈ તે જિનદત્ત સાર્થવાહના ઘરેથી નીકળ્યો, નીકળીને જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવ્યો, આવીને પુત્રી સુકુમાલિકાને બોલાવી, બોલાવીને ખોળામાં બેસાડી આ પ્રમાણે કહ્યું—

'હે પુત્રી! સાગર ન હોય તો તારું શું બગડ્યું છે? હું તને એવાની સાથે પરણાવીશ કે જેની તું ઈષ્ટ યાવત્ મનગમતી બને.' આમ કહી સુકુમાલિકાને તેણે મીઠી વાણીથી આશ્વાસન આપી વિસર્જિત કરી.

૩૬. ત્યાર પછી કોઈ એક વાર અટારીમાં બેઠેલ સાગરદત્ત સાર્થવાહ રાજમાર્ગનું અવલોકન કરી રહ્યો હતો ત્યારે તેણે એક અત્યંત દરિદ્ર પુરુષને જોયો. તે દરિદ્ર પુરુષ જીર્ણશીર્ણ વસ્ત્રોવાળો, હાથમાં ફૂટેલ શકોરા અને તૂટેલ ઘડાનાં ઠીકરાં સાથે જતો હતો, તેના માથે જટાજૂટ વાળ વધ્યા હતા અને તેની ચોપાસ હજારો માખીઓ બણ-બણતી હતી.

ત્યારે સાગરદત્ત સાર્થવાહે પોતાના સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! પેલા દરિદ્ર પુરુષને વિપુલ અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય ભોજન વડે લલચાવો, લલચાવીને ઘરમાં લઈ આવો, ઘરે લાવી તેના શકોરા અને ઘડાનાં ઠીકરાં એક બાજુ ફેંકી દો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફેંકીને તેની દાઢી-હજામત કરી પછી સ્નાન કરાવો, બલિકર્મ કૌતુકમંગળ કરી તેને સર્વાલંકાર-વિભૂષિત કરો, આમ કરી પછી તેને મનહર અશન–પાન–ખાદ્ય-સ્વાદ્ય વાનગીઓ ખવરાવો, ખવરાવીને પછી મારી પાસે હાજર કરો.'

૩૭. ત્યાર બાદ તે કૌટુંબિક સેવકોએ આજ્ઞા સ્વીકારી, આજ્ઞા મુજબ તે દરિદ્ર ભીખારી પાસે ગયા, જઈને તે ભીખારીને અશન-પાન-ખાદ્ય-સ્વાદ્યની લાલચ આપી, લલચાવીને પોતાના ઘેર લઈ આવ્યા, ઘેર લઈ આવીને તેના ફૂટેલ શકોરા અને ફૂટેલ ઘડાનાં ઠીકરાં એકાંતમાં ફેંકી દીધાં.

ત્યારે પોતાના ફૂટેલ શકોરા અને ઘડાનાં ટૂકડાને ફેંકી દેવાતાં જોઈ તે ભીખારી જોરજોરથી રડવા-બૂમો પાડવા લાગ્યો.

ત્યાર પછી તે સાગરદત્ત સાર્થવાહે તે ભીખારીને જોરજોરથી ઊંચા અવાજે રડતો સાંભળ્યો અને જાણ્યો એટલે કૌટુંબિક સેવકોને આ પ્રમાણે પૂછયું–'હે દેવાનુપ્રિયો! આ ભીખારી જોરજોરથી શા માટે રડી રહ્યો છે?'

ત્યારે તે કૌટુંબિક પુરુષોએ આ પ્રમાણે કહ્યું–'હે સ્વામી! એ પોતાનાં ફૂટેલા શકોરા અને ઘડાનાં ઠીકરાંને એક બાજુ નાખી દેવાતાં જોઈને જોરજોરથી રડી રહ્યો છે.'

૩૮. ત્યારે તે સાગરદત્ત સાર્થવાહે તે કૌટુંબિક સેવકોને આમ કહ્યું– 'હે દેવાનુપ્રિયો! તમે તે ભીખારીના ફૂટેલા શકોરાને અને ઠીકરાંને એક બાજુ ન ફેંકી દો, તેની પાસે જ રહેવા દો કે જેથી તેને અવિશ્વાસ ન થાય.'

આ સાંભળી તેઓએ તે ઠીકરાં તેની પાસે જ મૂકયાં, મૂકીને તે ભીખારીની હજામત આદિ કરી, શતપાક અને સહસ્રપાક તેલથી તેના શરીરે માલીશ કરી, માલીશ કરીને ગરમ અને સુવાસિત પાણીથી તેને સ્નાન કરાવ્યું, પછી ઠંડા પાણીથી તેને સ્નાન કરાવ્યું, સુંવાળા રુંવાટીદાર ટુવાલથી તેનાં અંગો લૂછયાં. લૂછીને હંસ જેવાં શ્વેત વસ્ત્રો પહેરાવ્યાં, સર્વ અલંકારથી તેને શણગાર્યો, વિપુલ અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય પદાર્થોનું તેને ભોજન કરાવ્યું, અને ભોજન પછી તેને સાગરદત્ત પાસે હાજર કર્યો.

ત્યારે તે સાગરદત્ત સાર્થવાહે પુત્રી સુકુમાલિકાને સ્નાન યાવત્ સર્વાલંકાર–વિભૂષિત કરી, તે ભીખારીને આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિય! આ મારી ઈષ્ટ અને મનગમતી પુત્રી છે. એ હું તને ભાર્યા રૂપે આપું છું (પરણાવું છું). એ કલ્યાણી સાથે તારું પણ કલ્યાણ થશે'.

**દરિદ્ર ભીખારીનું નાશી જવું—**

૩૯. ત્યાર પછી તે ભીખારીએ સાગરદત્તની આ માગણી સ્વીકારી, સ્વીકારીને તેની પુત્રી સુકુમાલિકા સાથે તે વાસગૃહમાં પ્રવેશ્યો અને સુકુમાલિકા સાથે એક શય્યા પર સૂતો.

ત્યારે તે દરિદ્ર ભીખારીને સુકુમાલિકાના અંગસ્પર્શનો એવો અનુભવ થયો કે જેવી રીતે કોઈ તરવારનો સ્પર્શ અનુભવ્યો હોય યાવત્ એનાથી પણ અણગમતો અંગસ્પર્શ તે અનુભવી રહ્યો.

ત્યારે તે ભીખારી સુકુમાલિકાના આવા સ્પર્શને સહી ન શકયો, પરંતુ વિવશ થઈ ઘડી ભર ત્યાં પડી રહ્યો.

ત્યાર પછી સુકુમાલિકાને સુખપૂર્વક સૂઈ ગયેલી જાણીને તે તેની પાસેથી ઊઠયો, ઊઠીને જ્યાં પોતાની શય્યા હતી ત્યાં આવ્યો, આવીને તે શય્યા પર સૂઈ ગયો.

૪૦. ત્યાર બાદ તે સુકુમાલિકા ઘડી પછી જાગી તો પતિવ્રતા અને પતિમાં અનુરક્ત એવી તેણે પતિને પાસે ન જોયો તેથી શય્યામાંથી ઊઠી; ઊઠીને જ્યાં પતિની શય્યા હતી ત્યાં આવી, આવીને તે ભીખારીની પાસે સૂઈ ગઈ.

ત્યારે ફરીથી પણ તે ભીખારીએ સુકુમાલિકાના એવા પ્રકારના અંગસ્પર્શનો અનુભવ કર્યો યાવત્ અનિચ્છા છતાં વિવશ થઈ તે ઘડીભર પડયો રહ્યો.

૪૧. ત્યાર પછી તે ભીખારી સુકુમાલિકાને બરાબર સૂઈ ગયેલી જાણીને પથારીમાંથી ઊભો થયો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊભો થઈને વાસગૃહમાંથી નીકળ્યો, નીકળીને તેણે પોતાનાં ફૂટેલાં શકોરાં–ઠીકરાં લીધાં, લઈને મારાના હાથમાંથી છટકેલા કાગડાની જેમ જ્યાંથી પોતે આવ્યો હતો તે રસ્તે પાછો ભાગી નીકળ્યો.

**સુકુમાલિકાની પુનઃ ચિંતા—**

૪૨. ત્યાર પછી પતિવ્રતા અને પતિની અનુરાગી તે સુકુમાલિકા થોડા સમય પછી જ્યારે જાગી ત્યારે પતિને પોતાની પાસે ન જોતાં શય્યામાંથી ઊઠી, ચારે બાજુ તે દરિદ્રની શોધ કરવા લાગી, શોધ કરતાં તેણે વાસગૃહનું દ્વાર ખુલ્લું જોયું, જોઈને આમ બોલી— 'તે ભીખારી ય ગયો.' આમ કહી ભગ્નમનોરથ એવી તે હથેળીમાં મોં રાખી આર્તધ્યાનમાં પડી ગઈ.

૪૩. પછી તે ભદ્રા શેઠાણીએ બીજે દિવસે સવાર થતાં અને સહસ્રરશ્મિ સૂર્યનો પ્રકાશ પ્રસરતાં દાસીને બોલાવી, બોલાવીને આ પ્રમાણે આજ્ઞા કરી–'હે દેવાનુપ્રિયે ! જા અને દંપતિ માટે દાતણપાણી હાજર કર.'

ત્યારે તે દાસી ભદ્રા સાર્થવાહીની આવી આજ્ઞા સાંભળી, 'જેવી આજ્ઞા' એમ કહી દાતણ-પાણી લઈ આવી, લઈને જ્યાં વાસગૃહ હતું ત્યાં આવી, આવીને જોયું તો સુકુમાલિકા પુત્રીને હથેળીમાં મોં રાખી ચિંતા-દુર્ધ્યાનમાં ડૂબેલી જોઈ, જોઈને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયે ! તું શા કારણે શૂન્યમનસ્ક થઈ હથેળીમાં મોં રાખી દુર્ધ્યાનમાં ડૂબી છે?'

ત્યારે તે સુકુમાલિકા પુત્રીએ તે દાસીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયે ! વાત એમ છે કે તે દરિદ્ર પુરુષ મને સુખે સૂતી જાણીને મારી પાસેથી ઉઠ્યો, ઉઠીને વાસગૃહનું દ્વાર ખોલ્યું, ખોલીને મારાના હાથમાંથી છટકેલા કાગડાની જેમ જ્યાંથી આવ્યો હતો તે રસ્તે ભાગી છૂટ્યો છે. તે પછી ઘડી પછી મેં પતિવ્રતા, પતિ પ્રતિ અનુરક્તાએ જાગીને જોયું તો તેને પાસે જોયો નહીં, પાસે ન જોતાં શય્યામાંથી ઉઠીને તપાસ કરી તો મેં વાસગૃહનું દ્વાર ઉઘાડું જોયું, જોઈને વિચાર્યું કે 'તે દરિદ્ર પુરુષ ભાગી ગયો' એમ વિચારી હું શૂન્ય-મનસ્ક બની હથેળીમાં મોં રાખી દુર્ધ્યાનમાં ડૂબી છું.'

ત્યારે તે દાસી પુત્રી સુકુમાલિકાની આવી વાત સાંભળી જ્યાં સાગરદત્ત સાર્થવાહ હતો ત્યાં આવી, આવીને તેણે સાગરદત્તને આ વાત જણાવી.

**સુકુમાલિકા માટે દાનશાળાનું નિર્માણ—**

૪૪. ત્યાર પછી તે સાગરદત્ત પહેલાંની જેમ ફરી ખિન્ન થઈને જ્યાં વાસગૃહ હતું ત્યાં આવ્યો, આવીને પુત્રી સુકુમાલિકાને ગોદમાં બેસાડી આ પ્રમાણે કહેવા લાગ્યો—

'હે પુત્રી ! તું પૂર્વે કરેલા દુષ્પરાક્રાંત (ભોગવ્યા વિના છૂટે નહીં તેવાં) પાપકર્મોનાં અશુભ ફળ ભોગવી રહી લાગે છે. માટે હે પુત્રી ! તું શૂન્ય-મનસ્ક થઈ હથેળીમાં મોં રાખી દુર્ધ્યાનમાં ડૂબ નહીં. પરંતુ હે પુત્રી ! મારા રસોડે વિપુલ અશન–પાન–ખાદ્ય–સ્વાદ્ય પદાર્થો તૈયાર કરાવ અને તૈયાર કરાવી અનેક શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણો અને ભીખારીઓને તેનું દાન આપ, અપાવ અને આમ વહેંચણી કરી રાજી થા.'

ત્યારે તે સુકુમાલિકાએ તે વાત સાંભળી, સ્વીકારી અને પ્રતિદિન તે ભોજનશાળામાં વિપુલ અશન–પાન–ખાદ્ય–સ્વાદ્ય પદાર્થો રંધા-વવા લાગી, રંધાવીને અનેક શ્રમણ, બ્રાહ્મણ, અતિથિઓ, કૃપણો અને માગણોને આપતી, અપાવતી, વહેંચતી રહેવા લાગી.

**આર્યા સંઘાટકનું ભિક્ષાર્થે સાગરદત્તના ગૃહે આગમન—**

૪૫. તે કાળે તે સમયે ગોપાલિકા નામે વિદુષી આર્યા (સાધ્વી) અનેક શિષ્યાઓ સાથે ક્રમાનુક્રમે ગામોગામ વિહાર કરતાં જ્યાં ચંપા નગરી હતી ત્યાં આવી, આવીને યથાયોગ્ય અવગ્રહ ધારણ કરી, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતી વિચરવા લાગી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે ગોપાલિકા આર્યાનું એક સંઘાટક (સાધ્વી યુગલ) જ્યાં ગોપાલિકા આર્યા હતાં ત્યાં આવ્યું, આવીને ગોપાલિકા આર્યાને વંદન-નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું—

'આપની આજ્ઞા મેળવીને અમે ચંપાનગરીનાં ઊંચ-નીચ-મધ્યમ કુળોમાં સામુદાયિક ભિક્ષા-ચર્યા માટે જવા ઇચ્છીએ છીએ."

'હે દેવાનુપ્રિયો! તમને અનુકૂળ હોય તે પ્રમાણે જાઓ, વિલંબ કરો નહીં.'

ત્યાર પછી તે આર્યાઓ ગોપાલિકા આર્યા પાસેથી આજ્ઞા મળતાંવેંત ભિક્ષાચર્યા કરતી સાગરદત્તના ઘરે આવી પહોંચી.

**સુકુમાલિકા દ્વારા સાગરને પ્રસન્ન કરવા માટેના ઉપાયની પૃચ્છા—**

૪૬. ત્યાર પછી સુકુમાલિકાએ તે આર્યાઓને આવતી જોઈ, જોઈને હૃષ્ટ-તુષ્ટ થઈ તે આસનથી ઉઠી, ઉઠીને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમન કરી વિપુલ અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય પદાર્થો દ્વારા તેમનો સત્કાર કર્યો, સત્કાર-પ્રતિલાભ કરી આ પ્રમાણે કહ્યું—

'હે આર્યાઓ! વાત એમ છે કે સાગરને હું અનિષ્ટ યાવત્ અણગમતી છું. યુવાન સાગર મારું નામ ગોત્ર સાંભળવાય રાજી નથી, પછી મને જોવા કે મારી સાથે ભોગ ભોગવવાની તો વાત જ શું કરવી? જેને જેને હું લગ્નમાં આપવામાં આવી તેને તેને હું અનિષ્ટ યાવત્ અણગમતી બનું છું.

હે આર્યાઓ! આપ તો બહુ જ્ઞાની છો, બહુશ્રુત છો, બહુ જાણકાર છો, અનેક ગામ-આકર-નગર-ખેટક-કર્બટ-દ્રોણમુખ-મડંબ-પાટણ-આશ્રમ-નિગમ-સંવાહ-સન્નિવેશોમાં ઘૂમ્યા છો, અનેક રાજા-રઈસ-તલવર-માડંબિક-કૌટુંબિક-ઇભ્ય-શ્રેષ્ઠિ-સેનાપતિ-સાર્થવાહ આદિનાં ઘરો આપે જોયાં છે.

તો હે આર્યાઓ! તમે કોઈ જગ્યાએ કંઈ ચૂર્ણયોગ, મંત્રયોગ, કામર્ણયોગ, કર્મયોગ અથવા હૃદયાકર્ષણ કે કાયાકર્ષણની યુક્તિ અથવા કોઈ વશીકરણ કે કૌતુકકર્મ અથવા કંઈ ભભૂતિ, મૂળ, કંદ, છાલ, વેલી કે તૃણની પ્રક્રિયા અથવા ગોળી, ઔષધ કે ભેષજ જોયું- જાણ્યું છે કે જેના વડે હું સાગરને ઇષ્ટ, કાંત યાવત્ મન-ગમતી બની શકું?'

**આર્યા-સંઘાટક દ્વારા ધર્મોપદેશ—**

૪૭. ત્યાર બાદ તે આર્યાઓએ સુકુમાલિકાની આવી વાત સાંભળી પોતાના બન્ને કાન ઢાંકી દીધા, કાન ઢાંકીને સુકુમાલિકાને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયે! અમારે નિર્ગ્રંથ સાધ્વીઓને યાવત્ ગુપ્તિધારી બ્રહ્મચારિણીઓને આવા પ્રકારના શબ્દો કાનેથી સાંભળવા પણ કલ્પે નહીં, તો પછી તેનો ઉપદેશ કે આચરણ તો કરી જ કેમ શકાય? હે દેવાનુપ્રિયે! અમે તો તને કેવળજ્ઞાનીઓએ પ્રરૂપેલ સુંદર ધર્મની વાત કરીશું.'

ત્યાર પછી તે સુકુમાલિકાએ તેમને આમ કહ્યું- 'હે આર્યાઓ! તો હું આપની પાસેથી કેવળજ્ઞાનીઓએ પ્રરૂપેલ ધર્મ સાંભળવા ઇચ્છું છું.'

ત્યારે તે આર્યાઓએ સુકુમાલિકાને કેવળી-પ્રણીત સુંદર ધર્મોપદેશ સંભળાવ્યો.

**સુકુમાલિકાનું શ્રમણોપાસકત્વ—**

૪૮. ત્યાર પછી તે સુકુમાલિકા ધર્મશ્રવણ કરીને અને સમજીને હર્ષિત બની આ પ્રમાણે બોલી—

'હે આર્યાઓ! હું નિર્ગ્રંથ-પ્રવચનમાં શ્રદ્ધાળુ બની છું યાવત્ તે ધર્મ તમે જેવો કહ્યો તેવો જ છે. હું તમારી સમક્ષ પાંચ અણુવ્રત અને સાત શિક્ષા વ્રતવાળા દ્વાદશવ્રતના બનેલા શ્રાવક ધર્મનો સ્વીકાર કરવા ઇચ્છુ છું.'

'હે દેવાનુપ્રિયે! જે ઉચિત લાગે તે જરૂર કર.'

ત્યાર પછી તે સુકુમાલિકાએ તે આર્યાઓ પાસે પાંચ અણુવ્રત યાવત્ શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો, ત્યાર બાદ તે આર્યાઓને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમન કરી તેમને વિદાય આપી.

ત્યાર પછી તે સુકુમાલિકા શ્રમણોપાસિકા-શ્રાવિકા બની ગઈ યાવત્ નિર્ગ્રંથોને પ્રાસુક-એષણીય અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય આહાર તથા વસ્ત્ર-પાત્ર-કંબલ પાદપુચ્છણ-ઔષધ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૈષજ્ય અને પ્રાતિહારિક (પાછા આપી શકાય તેવા) પીઠ–ફલક–શય્યા – સંસ્તારક આદિનો પ્રતિલાભ કરવા લાગી.

**સુકુમાલિકા દ્વારા પ્રવ્રજ્યાગ્રહણ–**

૪૯. ત્યાર પછી તે સુકુમાલિકાને કોઈ વખતે મધ્યરાત્રિ સમયે પોતાના કૌટુંબિક જાગરણના પ્રસંગે આવો–આવા પ્રકારનો અધ્યવસાય–ભાવ થયો– 'હું સાગરને પહેલાં ઇષ્ટ યાવત્ મનગમતી હતી અને અત્યારે અનિષ્ટ–અણગમતી છું. સાગર મારું નામ અને ગોત્ર સાંભળવાનુંય ચાહતો નથી તો પછી મને જોવા કે સાથે રાખવાની તો વાત જ ક્યાંથી થાય ? જેને જેને હું પરણી તેને તેને હું અપ્રિય યાવત્ અણગમતી થઈ છું. તો મારા માટે એ જ શ્રેયસ્કર છે કે હું આર્યા ગોપાલિકા પાસે દીક્ષા અંગીકાર કરું.'

તેણે આવો વિચાર કર્યો, વિચાર કરીને બીજે દિવસે પ્રભાત થયું અને સહસ્રરશ્મિ દિનકરનો પ્રકાશ ઝળહળ્યો ત્યારે જ્યાં સાગરદત્ત હતો ત્યાં તે ગઈ, જઈને બે હાથ જોડી મસ્તકાવર્ત કરી અંજલિ રચી આ પ્રમાણે કહેવા લાગી—

'હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે મેં ગોપાલિકા આર્યા પાસે ધર્મઉપદેશ સાંભળ્યો છે અને તે ધર્મ મને ઇચ્છિત, અભિપ્રેત અને રુચિકર છે. તો આપની આજ્ઞાપૂર્વક હું પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઇચ્છુ છું'. યાવત્ ગોપાલિકા આર્યા પાસે તે પ્રવ્રજિત બની.

ત્યાર બાદ તે સુકુમાલિકા આર્યા–સાધ્વી બની અને ઇર્યાસમિતિ યાવત્ ગુપ્તિ અને બ્રહ્મચર્યનું પાલન કરતી, અનેક ચતુર્થ–છઠ્ઠ–અઠ્ઠમ–દશમ-દ્વાદશ તથા માસ–અર્ધમાસ ક્ષમણની તપશ્ચર્યા કરતી, આત્માને ભાવિત કરતી વિચરવા લાગી.

**સુકુમાલિકાની ચંપાનગરીની બહાર આતાપના**

૫૦. ત્યાર પછી કોઈ એક વખત તે સુકુમાલિકા આર્યા જ્યાં ગોપાલિકા આર્યા વિરાજમાન હતાં ત્યાં આવી, આવીને વંદન–નમસ્કાર કર્યાં, વંદન–નમન કરી આ પ્રમાણે કહેવા લાગી—

'હે આર્યે ! આપની આજ્ઞાપૂર્વક હું ચંપાનગરીની બહાર સુભૂમિભાગ ઉદ્યાનથી અતિ દૂર કે અતિ નિકટ નહીં તેવી રીતે રહી નિરંતર છઠ્ઠ છઠ્ઠ તપકર્મ સાથે સૂર્ય સામે આતાપના લેતી વિચરવા માગું છું.'

ત્યારે તે ગોપાલિકા આર્યાએ સુકુમાલિકા આર્યાને આ પ્રમાણે કહ્યું–'હે આર્યા ! આપણે નિર્ગ્રંથ શ્રમણીઓ, ઇર્યાસમિતિ યાવત્ ગુપ્તિ-પાલક અને બ્રહ્મચારિણીઓ છીએ. આથી ગામ બહાર અથવા યાવત્ સંનિવેશ બહાર નિરંતર છઠ્ઠ તપ સાથે સૂર્યાતાપના લેવી આપણને કલ્પે નહીં. આપણને તો વાડથી રક્ષિત ઉપાશ્રયમાં જ સાધ્વીસંઘાટક મધ્યે રહી સમતલ ભૂમિ પર આતાપના લેવી જ કલ્પે.'

ત્યારે તે સુકુમાલિકા આર્યાને ગોપાલિકા આર્યાની આવી વાત રુચી નહીં, તે પર વિશ્વાસ ન બેઠો અને તે વાતને ન માનતી, તેમાં વિશ્વાસ ન કરતી તે સુભૂમિભાગ ઉદ્યાનથી થોડા અંતરે નિરંતર છઠ્ઠ છઠ્ઠના તપ સાથે સૂર્યની આતાપના લેતી વિચરવા લાગી.

**ગણિકાનો ભોગ જોઈ સુકુમાલિકાનું નિદાન—**

૫૧. તે ચંપાનગરીમાં લલિતા નામે એક ગોષ્ઠી (સ્વેચ્છાચારીઓની મંડળી) હતી, જેને રાજાએ બેરોકટોક બધે આવવા–જવાની છૂટ આપેલી હતી. તેના સભ્યો માતા–પિતાદિ સ્વજનોથી વિમુખ અને વેશ્યાવાસમાં પડ્યાપાથર્યા રહેનારા હતા તથા અનેક પ્રકારના અવિચારી કાર્યો કરનાર તથા ધનાઢ્ય યાવત્ માથાભારે હતા.

તે ચંપાનગરીમાં દેવદત્તા નામે ગણિકા રહેતી હતી–જે સુકોમળ હતી, તેનું વર્ણન અંડકજ્ઞાત પ્રમાણે સમજવું.

ત્યાર પછી કોઈ એક સમયે તે લલિતા ગોષ્ઠીના પાંચે સભ્યો દેવદત્તા ગણિકા સાથે સુભૂમિભાગ ઉદ્યાનની શોભાનો ઉપભોગ કરતા વિચરી રહ્યા હતા.

ત્યારે તેમાંના એક ગોષ્ઠિક પુરુષે દેવદત્તા ગણિકાને પોતાની ગોદમાં બેસાડી, બીજાએ પાછળ રહી છત્રી ધરી, ત્રીજાએ ફૂલોનો મુકુટ રચ્યો, ચોથાએ તેના પગની શોભા કરી અને પાંચમો ચામર ઢોળવા લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૨. ત્યારે તે સુકુમાલિકા આર્યાએ દેવદત્તા ગણિકાને પેલા ગોષ્ઠિકો સાથે ઉત્તમ માનુષી કામભોગો ભોગવતી જોઈ, જોઈને તેના મનમાં આ પ્રકારનો વિચાર પેદા થયો–'અહો ! આ સ્ત્રી પૂર્વે સારી રીતે આચરેલ ને સારી રીતે પાર પાડેલ શુભ કર્મોના શુભ વિપાકથી આવાં ફળ ભોગવી રહી છે. એટલા માટે આ સારી રીતે આચરવામાં આવેલ તપ, નિયમ, બ્રહ્મચર્યવાસનું કંઇ પણ શુભ ફળ હોય તો હું પણ આગામી જન્મમાં આવા પ્રકારના ઉત્તમ માનુષી ભોગો ભોગવું એમ થાઓ'. આમ કરી તેણે નિદાન કર્યું અને નિદાન કરી આતાપનાભૂમિથી પાછી ફરી.

**સુકુમાલિકાનું બકુશ–નિર્ગ્રંથિત્વ—**

૫૩. ત્યાર પછી તે સુકુમાલિકા આર્યા શરીર-બાકુશિકા બની ગઈ—ઘડી ઘડી હાથ ધોવા લાગી, પગ ધોવા લાગી, માથું ધોવા લાગી, મુખ ધોવા લાગી, સ્તનાન્તર (છાતી) ધોવા લાગી, કક્ષાંતર (બગલ) ધોતી, ગુહ્ય અંગ ધોતી, જે જગાએ બેસતી, ઊઠતી, સૂતી કે સ્વાધ્યાય કરતી ત્યાં પહેલાં જમીન પર પાણી છાંટતી અને પછી જ ત્યાં બેસતી, ઉઠતી, સૂતી કે સ્વાધ્યાય કરતી.

૫૪. ત્યાર પછી તે ગોપાલિકા આર્યાએ સુકુમાલિકા આર્યાને આ પ્રમાણે કહ્યું— 'હે આર્યે ! આપણે નિર્ગ્રન્થ સાધ્વીઓ છીએ, ઈર્યાસમિતિયુક્ત યાવત્ બ્રહ્મચર્ય ધારિણી છીએ. આપણે શરીર–બાકુશિક થવું કલ્પે નહીં. પણ આર્યા! તું શરીર-બાકુશિકા બની ગઈ છે. ઘડીએ-ઘડીએ હાથ ધુએ છે, પગ ધુએ છે, માથું ધુએ છે, મુખ ધુએ છે, સ્તનાન્તર ધુએ છે, કક્ષાન્તર ધુએ છે, ગુહ્યાંગ ધુએ છે, જે સ્થાને બેસે છે, સૂએ છે કે સ્વાધ્યાય કરે છે, તે સ્થાન પહેલાં જ પાણીથી સાફ કરે છે અને પછી જ ત્યાં બેસે છે, સૂએ છે કે સ્વાધ્યાય કરે છે. તો હે દેવાનુપ્રિયે ! આવા બકુશ વર્તનની આલોચના કર યાવત્ આવા અકાર્યને માટે યથાયોગ્ય તપરૂપી પ્રાયશ્ચિત્ત અંગીકાર કર.'

ત્યાર તે સુકુમાલિકાએ ગોપાલિકા આર્યાના આવા વચન પ્રતિ ન આદર કર્યો, ન તેનો સ્વીકાર કર્યો, પણ તેનો અનાદર કરતી અને અસ્વીકાર કરતી (પૂર્વવત્) રહેવા લાગી.

ત્યારે બીજી આર્યાઓ સુકુમાલિકા આર્યાની વારંવાર અવજ્ઞા, નિંદા, હીલના, ગર્હા, અપમાન કરવા લાગી અને વારંવાર તેને પોતાના અકાર્યથી અટકાવવા લાગી.

**સુકુમાલિકાનો જુદો વિહાર અને દેવલોકમાં ઉત્પાદ (જન્મ)—**

૫૫. ત્યાર પછી તે સુકુમાલિકાને નિર્ગ્રંથ સાધ્વીઓએ અપમાનિત કરી યાવત્ અકાર્યથી અટકાવી ત્યારે તેને આવા પ્રકારનો વિચાર યાવત્ સંકલ્પ થયો—

'જ્યારે હું ગૃહસ્થાવાસમાં હતી ત્યારે હું સ્વાધીન હતી, જ્યારે હું મુંડિત થઈ પ્રવ્રજિત થઈ છું ત્યારથી હું પરાધીન બની ગઈ છું. પહેલાં આ સાધ્વીઓ મારો આદર કરતી હતી, મારું માન રાખતી હતી, પરંતુ હવે તો ન આદર કરે છે ન માને છે. આથી મારા માટે એ શ્રેયસ્કર છે કે રાત વીતે અને સવાર પડે, પ્રકાશથી ઝળહળતા સહસ્રરશ્મિ સૂર્યનો ઉદય થાય એટલે ગોપાલિકા આર્યાની પાસેથી નીકળી હું અલગ ઉપાશ્રયમાં આશ્રય લઈ રહેવા લાગું.' તેણે આમ વિચાર કર્યો, વિચાર કરીને બીજા દિવસે રાત વીતીને પ્રભાત થયું, સહસ્રરશ્મિ સૂર્ય તેજથી ઝળહળવા લાગ્યો ત્યારે તે ગોપાલિકા આર્યા પાસેથી નીકળી, નીકળીને અલગ ઉપાશ્રયમાં આશ્રય લઈ રહેવા લાગી.

ત્યાર પછી તે સુકુમાલિકા આર્યા કોઈ ઠપકો આપનાર કે રોકનાર ન રહેવાથી સ્વચ્છંદચારિણી બનીગઈ–વારંવાર હાથ ધોવા લાગી યાવત્ જે સ્થળે બેસતી, સૂતી કે સ્વાધ્યાય કરતી ને સ્થળને પહેલાં પાણી છાંટી સ્વચ્છ કરી પછી ત્યાં બેસવા, સૂવા કે સ્વાધ્યાય કરવા લાગી.

૫૬. ત્યાર પછી તો તે પાસત્થ-શિથિલાચારિણી, પાસત્થ-વિહારિણી બની ગઈ, કુશીલ અને કુશીલ-વિહારિણી બની ગઈ અર્થાત્ દુરાચારિણી બની, સંસક્ત અને સંસક્તવિહારિણી બની ગઈ અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી રીતે ઘણાં વર્ષ સુધી શ્રામણ્યપર્યાય પાળ્યો, પાળીને અર્ધમાસિક સંલેખના દ્વારા આત્મારાધના કરી, અનશન દ્વારા ત્રીસ ભક્ત(ભોજન)નો ત્યાગ કરી, અનુચિત આચરણની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના જ, કાળસમયે કાળ કરી ઈશાનકલ્પમાં કોઈ દેવવિમાનમાં દેવગણિકારૂપે ઉત્પન્ન થઈ. ત્યાં ઉત્પન્ન થનાર કેટલીક દેવીઓની નવ પલ્યોપમની આયુસ્થિતિ હોય છે. ત્યાં સુકુમાલિકા દેવીની પણ નવ પલ્યોપમની આયુસ્થિતિ કહેવાઈ છે.

**દ્રૌપદીભવ કથાનકમાં દ્રૌપદીનો તારુણ્ય ભાવ—**

૫૭. તે કાળે તે સમયે આ જંબૂદ્વીપ નામે દ્વીપમાં, ભારત વર્ષમાં, પાંચાલ જનપદમાં, કામ્પિલ્યપુર નામે નગર હતું—વર્ણન.

ત્યાં દ્રુપદ નામે રાજા હતો—વર્ણન.

તેની ચુલણી નામે પટરાણી હતી અને ધૃષ્ટદ્યુમ્ન નામે યુવરાજ હતો. પેલી સુકુમાલિકા દેવી આયુક્ષય થવાથી, સ્થિતિક્ષય થવાથી અને ભવક્ષય થવાથી તે પછી [દેવલોકમાંથી] ચ્યવીને અહીં જંબૂદ્વીપ દ્વીપમાં, ભારત વર્ષમાં, પાંચાલ જનપદમાં, કામ્પિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની ચુલણી રાણીની કુક્ષિમાં પુત્રી રૂપે ગર્ભમાં આવી.

ત્યારે તે ચુલણી દેવીએ નવ માસ અને સાડા સાત રાત્રિ-દિવસ બરાબર પૂરાં થતાં, સુકોમળ હાથપગ યાવત્ પુત્રીને જન્મ આપ્યો. તે પછી બાર દિવસ પૂરા થતાં તે બાલિકાનું આવી રીતે નામકરણ કરવામાં આવ્યું કે આ બાલિકા દ્રુપદ રાજાની પુત્રી અને ચુલણી દેવીની આત્મજા છે તેથી અમારી આ બાલિકાનું નામ 'દ્રૌપદી' હો.

તે રીતે તેના માતા-પિતાએ તેનું આવું ગુણનિષ્પન્ન સાર્થક એવું નામ પાડ્યું—દ્રૌપદી, દ્રૌપદી.

ત્યાર પછી પાંચ ધાવમાતાઓ દ્વારા ઉછેરવામાં આવતી તે દ્રૌપદી બાલિકા યાવત્ નિર્વાત પર્વત-કંદરામાં રહેલી ચંપકલતાની પેઠે નિરાબાધપણે સુખપૂર્વક વધવા લાગી.

૫૮. ત્યાર પછી તે શ્રેષ્ઠ રાજકન્યા દ્રૌપદી બાલ્યાવસ્થા વીતાવીને યુવાવસ્થામાં આવી અને રૂપ, યૌવન અને લાવણ્યમાં ઉત્કૃષ્ટ બની તથા ઉત્કૃષ્ટ શરીરવાળી થઈ ગઈ.

ત્યાર બાદ કોઈ એક વાર તે ઉત્તમ રાજકન્યાને અંતઃપુરની સ્ત્રીઓએ સ્નાન કરાવી યાવત્ સર્વ અલંકારોથી વિભૂષિત કરી, સર્વ અલંકારવિભૂષિત કરીને તેને દ્રુપદ રાજાના પાયવંદન માટે મોકલી.

ત્યારે તે શ્રેષ્ઠ રાજકન્યા દ્રૌપદી જયાં રાજા દ્રુપદ હતો ત્યાં આવી, આવીને દ્રુપદ રાજાના પગે પડી.

**દ્રુપદ રાજાનો દ્રૌપદીના સ્વયંવરનો સંકલ્પ—**

૫૯. ત્યારે તે દ્રુપદ રાજાએ દ્રૌપદી કન્યાને પોતાના ખોળામાં બેસાડી, બેસાડીને તે શ્રેષ્ઠ રાજકન્યાના રૂપ, યૌવન અને લાવણ્ય જોઈને વિસ્મિત થઈ તેને આ પ્રમાણે કહ્યું—

'હે પુત્રી ! જો હું જાતે જ તને કોઈ રાજા કે યુવરાજને ભાર્યારૂપે સોંપીશ અને તું ત્યાં સુખી કે દુ:ખી થઈશ તો મારા હૃદયમાં આજીવન બળતરા થશે. તેથી હે પુત્રી ! હું આજે જ તારા સ્વયંવરની ગોઠવણ કરુ છું. આજથી તું સ્વયંવરથી વરીશ તેમ નક્કી કરું છું. તેથી તું જાતે જ રાજા કે યુવરાજ વરજે અને તે જ તારો ભર્તાર બનશે.'

આમ કહી તેને ઇષ્ટ યાવત્ મનહર વચનોથી આશ્વસ્ત કરી અને આશ્વસ્ત કરીને વિદાય કરી.

**દ્વારાવતીમાં દૂત-પ્રેષણ—**

૬૦. ત્યાર પછી દ્રુપદ રાજાએ દૂતને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તું દ્વારાવતી (દ્વારિકા) નગરીમાં જા. ત્યાં તું કૃષ્ણ વાસુદેવને, સમુદ્રવિજય પ્રમુખ દશારોને, બળદેવ પ્રમુખ પાંચ મહાવીરોને, ઉગ્રસેન પ્રમુખ સોળ હજાર રાજાઓને, પ્રદ્યુમ્ન પ્રમુખ સાડા ત્રણ કરોડ કુમારોને, શાંબ આદિ સાઠ હજાર દુર્દાન્ત મહારથીઓને, વીરસેન આદિ એકવીસ હજાર વીરોને, મહાસેન વગેરે છપ્પન હજાર યોદ્ધાઓને તથા બીજા પણ રાજા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંડલિક તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાની, સાર્થવાહ વગેરેને બે હાથ જોડી મસ્તકે અંજલિ રચીને, જય-વિજય શબ્દોથી વધાવજે, વધાવીને આ પ્રમાણે કહેજે—

'હે દેવાનુપ્રિય! કામ્પિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી, ચુલણી રાણીની આત્મજા ધૃષ્ટ-દ્યુમ્નની બહેન, રાજકન્યા દ્રૌપદીનો સ્વયંવર થશે. તો આપ સહુ દ્રુપદ રાજા પર કૃપા કરી કાળક્ષેપ કર્યા વિના—અવિલંબ કાંપિલ્ય નગરમાં પધારો.'

ત્યાર પછી તે દૂતે બે હાથની દસે આંગળીઓ મસ્તક પાસે એકઠી કરી અંજલિ રચીને દ્રુપદ રાજાની આવી આજ્ઞા સાંભળી, સ્વીકારી અને પછી જ્યાં પોતાનું ઘર હતું ત્યાં ગયો, જઈને કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તરત જ ચાર ઘંટાઓવાળો અશ્વરથ જોડીને લાવો.' તે કૌટુમ્બિક પુરુષોએ તે પ્રમાણે રથ ઉપસ્થિત કર્યો.

ત્યાર બાદ તે દૂતે સ્નાન કર્યું યાવત્ અલ્પ પરંતુ અતિ મૂલ્યવાળાં આભૂષણોથી શરીરને અલંકૃત કર્યું અને ચાર ઘંટાવાળા અશ્વરથ પર તે આરૂઢ થયો, આરૂઢ થઈને કવચથી ઢંકાયેલ શરીરવાળા, જેમણે બાણના પટ્ટા શરીરે કસીને બાંધ્યા છે તેવા, ગળામાં ગ્રૈવેયકો પહેરેલા, પોતપોતાના પદના બોધ કરનાર ચિહ્નોરૂપી પટ્ટાઓ બાંધેલા, આયુધો અને પ્રહરણો ધારણ કરેલા અનેક પુરુષોથી વીંટળાઈને કામ્પિલ્યપુર નગરની વચ્ચોવચ્ચ થઈને તે નીકળ્યો, પાંચાલ જનપદની વચ્ચે થઈને દેશના સીમાભાગ સુધી આવી પહોંચ્યો, ત્યાં આવીને સૌરાષ્ટ્ર જનપદની વચ્ચોવચ્ચ થઈને જ્યાં દ્વારવતી નગરી હતી ત્યાં આવ્યો, આવીને દ્વારવતી નગરીની અંદર પ્રવેશી જ્યાં કૃષ્ણ વાસુદેવની બાહ્ય રાજસભા હતી ત્યાં આવ્યો, ત્યાં આવી ચાર ઘંટાઓવાળો રથ ઊભો રાખ્યો, રથ ઊભો રાખી રથમાંથી તે નીચે ઊતર્યો, નીચે ઉતરીને મનુષ્યસમૂહથી ઘેરાઈને, પગે ચાલીને જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં ગયો, ત્યાં જઈને કૃષ્ણ વાસુદેવ, સમુદ્રવિજય આદિ દશ દશારો યાવત્ છપ્પન હજાર બળવાન વીરો સમક્ષ બે હાથ જોડી મસ્તક પર આવર્તન કરી અંજલિ રચીને જય-વિજય શબ્દો વડે વધાવીને આ પ્રમાણે કહેવા લાગ્યો—

'હે દેવાનુપ્રિયો! વાત એમ છે કે કામ્પિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી, ચુલણી રાણીની આત્મજા, ધૃષ્ટદ્યુમ્ન કુમારની બહેન, શ્રેષ્ઠ રાજકન્યા દ્રૌપદીનો સ્વયંવર છે. તો આપ સહુ દ્રુપદ રાજા પર કૃપા કરી વિના વિલમ્બ કાંપિલ્ય-પુર નગરમાં પધારો.'

૬૧. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ તે દૂતના મુખેથી આવા સમાચાર સાંભળી અને જાણીને અત્યંત હૃષ્ટ-તુષ્ટ આનંદિત બન્યા યાવત્ હૃદયમાં હર્ષ સાથે તેમણે તે દૂતનો સત્કાર કર્યો, સન્માન કર્યું અને સત્કાર—સન્માન કરી તેને વિદાય આપી.

**કૃષ્ણનું પ્રસ્થાન—**

૬૨. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! તમે જાઓ, જઈને સુધર્મ સભામાં રહેલ સામુદાયિક ભેરી વગાડો.'

ત્યારે કૌટુંબિક સેવકોએ બન્ને હાથ જોડી શિરસાવર્ત અંજલિપૂર્વક કૃષ્ણ વાસુદેવની આ આજ્ઞા સ્વીકારી, સ્વીકારીને જ્યાં સુધર્મ સભા હતી અને તેમાં સામુદાયિક ભેરી હતી ત્યાં ગયા, ત્યાં જઈને સામુદાયિક ભેરી જોર જોરથી વગાડવા લાગ્યા.

ત્યારે તે સામુદાયિક ભેરી વગાડવામાં આવી કે તરત સમુદ્રવિજય પ્રમુખ દશ દશારો યાવત્ મહાસેન પ્રમુખ છપ્પન હજાર બળવંતો સ્નાન યાવત્ સર્વાલંકારવિભૂષિત થઈને યથાવૈભવ અર્થાત્ પોતપોતાની ઋદ્ધિ-સમૃદ્ધિ-માનસત્કાર-પૂર્વક, કેટલાક અશ્વસવાર થઈને તો કેટલાક હાથી પર સવારી કરીને એમ રથ, પાલખી, બગી પર સવાર થઈને, તો કોઈ પગે ચાલતા ચાલતા જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં આવી પહોંચ્યા, આવીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બે હાથ જોડી શિરસાવર્ત અંજલિ રચી કૃષ્ણ વાસુદેવને જય-વિજય શબ્દથી વધાવવા લાગ્યા.

૬૩. તદનંતર કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક સેવકોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તરત જ અભિષેક કરેલ હસ્તીરત્નને સજાવો, અશ્વ-ગજ-રથ-યોદ્ધાઓની બનેલી ચતુરંગિણી સેના સજ્જ કરો અને આ બધું તૈયાર કરી આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો.'

તે સેવકોએ પણ તેમ કરી આજ્ઞાપૂર્તિની જાણ કરી.

ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવ જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં ગયા, જઈને ચારે બાજુ જાળીઓથી શોભતા, સુંદર મણિ–રત્નોથી જડેલ ભૂમિતળવાળા રમણીય સ્નાનમંડપમાં વિવિધ પ્રકારના મણિ-રત્નોથી શોભાયમાન સ્નાનપીઠ પર સુખપૂર્વક બેસીને પવિત્ર સુગંધીદાર શુદ્ધ જળથી પુનઃ પુનઃ કલ્યાણકર શ્રેષ્ઠ સ્નાનવિધિપૂર્વક તેમણે સ્નાન કર્યું યાવત્ અંજનગિરિના શિખર જેવા ગજપતિ પર તે નરપતિ આરૂઢ થયા.

ત્યાર બાદ સમુદ્રવિજય પ્રમુખ દશ દશારો યાવત્ અનંગસેનાપ્રમુખ અનેક સહસ્ર ગણિકાઓથી વીંટળાઈને, સમસ્ત ઋદ્ધિ યાવત્ દુંદુભિનાદ સાથે કૃષ્ણ વાસુદેવ દ્વારવતી–દ્વારિકા નગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યા, નીકળીને સૌરાષ્ટ્ર જનપદ મધ્યે થઈને દેશના સીમાપ્રદેશે પહોંચ્યા, ત્યાં પહોંચી પછી પંચાલ જનપદની વચ્ચે થઈને જ્યાં કાંપિલ્યપુર નગર હતું ત્યાં જવા ઉદ્યત થયા.

**હસ્તિનાપુરમાં દૂત-પ્રેષણ—**

૬૪. તે દરમિયાન તે દ્રુપદ રાજાએ બીજા દૂતને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! તું હસ્તિનાપુર નગર જા. ત્યાં તું પાંડુ રાજા તથા તેના પુત્રો—યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુળ અને સહદેવ તથા સો ભાઈઓ સાથે દુર્યોધનને, ગાંગેય ભીષ્મ, વિદુર, દ્રોણ, જયદ્રથ, શકુનિ, કલીવ (કર્ણ) અને અશ્વત્થામાને બન્ને હાથ જોડી મસ્તક પર આવર્તપૂર્વક અંજલિ રચી જય–વિજય શબ્દોથી વધાવજે, વધાવીને આ પ્રમાણે કહેજે કે હે દેવાનુપ્રિયો! કામ્પિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી, ચુલણી રાણીની આત્મજા, ધૃષ્ટદ્યુમ્ન કુમારની ભગિની શ્રેષ્ઠ રાજકન્યા દ્રૌપદીનો સ્વયંવર યોજાયેલ છે, તો આપ દ્રુપદ રાજા પર અનુગ્રહ કરી અવિલંબ–વેળાસર કામ્પિલ્યપુર નગરમાં પધારજો.'

૬૫. ત્યાર પછી તે દૂત જ્યાં હસ્તિનાપુર નગર હતું. જ્યાં પાંડુ રાજા હતો ત્યાં આવ્યો, ત્યાં આવીને પાંડુરાજા તથા તેના પુત્રો–યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુળ અને સહદેવ તથા સો ભાઈઓ સાથે દુર્યોધનને તથા ગાંગેય ભીષ્મ, વિદુર, દ્રોણ, જયદ્રથ, શકુનિ અને કર્ણ તથા અશ્વત્થામાને સંબોધીને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિયો! કાંપિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી, ચુલણી દેવીની આત્મજા, ધૃષ્ટદ્યુમ્ન રાજકુમારની બહેન, શ્રેષ્ઠ રાજકન્યા દ્રૌપદીનો સ્વયંવર યોજાયેલ છે. તો આપ સહુ દ્રુપદ રાજા પર કૃપા કરી વિના વિલંબ કાંપિલ્યપુર નગરમાં પધારજો.'.

ત્યારે તે પાંડુ રાજાએ જેવી રીતે કૃષ્ણ વાસુદેવે તેવી રીતે–માત્ર અહીં ભેરી નથી–યાવત્ જ્યાં કાંપિલ્યપુર નગર હતું ત્યાં જવા તે ઉદ્યત થયો.

**ચંપા આદિ નગરોમાં દૂત–પ્રેષણ—**

૬૬. એ જ ક્રમે—

ત્રીજા દૂતને બોલાવી આમ કહ્યું–'હે દેવાનુપ્રિય! તું ચંપા નગરીમાં જા. ત્યાં તું અંગરાજ કર્ણને, શલ્યને, નંદિરાજને આમ કહેજે–કાંપિલ્ય નગરમાં પધારજો.'

ચોથા દૂતને આમ કહ્યું–'હે દેવાનુપ્રિય! તું શુક્તિમતી નગરીમાં જા. ત્યાં તું દમઘોષના પુત્ર શિશુપાલને અને તેના પાંચસો ભાઈઓને આ પ્રમાણે કહેજે–કાંપિલ્યપુર નગરમાં પધારજો.'

પાંચમા દૂતને બોલાવી આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિય! તું હસ્તિશીર્ષ નગરમાં જા. ત્યાં તુ દમદંત રાજાને આમ કહેજે, કાંપિલ્યપુર નગરમાં પધારજો.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છઠ્ઠા દૂતને આમ કહ્યું-'હે દેવાનુપ્રિય! તું મથુરા નગરીમાં જા, ત્યાં તું ધર રાજાને આ પ્રમાણે કહે જે કે-કાંપિલ્યપુર નગરમાં પધારજો.'

સાતમા દૂતને આ પ્રમાણે કહ્યું- 'હે દેવાનુપ્રિય! તું રાજગૃહ નગરમાં જા. ત્યાં તું જરાસંધના પુત્ર સહદેવને આ પ્રમાણે કહેજે કે કાંપિલ્યપુર નગરમાં પધારજો.'

આઠમા દૂતને આ પ્રમાણે કહ્યું- 'હે દેવાનુપ્રિય! તું કૌંડિન્ય નગરમાં જા. તું ત્યાં ભીષ્મક રાજાના પુત્ર રુકિમને આમ કહેજે-કાંપિલ્યપુર નગરમાં પધારજો.'

નવમા દૂતને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિય! તું વિરાટનગરમાં જા અને ત્યાં સો ભાઈઓ સાથે કીચક રાજાને આમ કહેજે-કામ્પિલ્યપુર નગરમાં પધારજો.'

દસમા દૂતને આમ કહ્યું-'હે દેવાનુપ્રિય! તું હવે બાકી રહેલા ગામ, આકર, નગરોમાં જા. ત્યાં ત્યાં તું અનેક હજારો રાજાઓને આ પ્રમાણે કહેજે કે-કાંપિલ્યપુર નગમાં પધારજો.'

**હજારો રાજાઓનું પ્રસ્થાન—**

૬૭. ત્યાર પછી તે આમંત્રિત અનેક સહસ્ર જુદા જુદા રાજાઓ સ્નાન કરી, રક્ષાકવચ આદિથી સજ્જ થઈ, ઉત્તમ હાથીની ખાંધે આરૂઢ થઈ હાથી, ઘોડા, રથ અને યોદ્ધાઓની બનેલી ચતુરંગિણી સેનાથી વીંટાળાઈ, મહાન સુભટો, રથો, પાયદળવૃંદ સહિત પોતપોતાનાં નગરોમાંથી નીકળ્યા, નીકળીને જ્યાં પંચાલ જનપદ હતું ત્યાં જવા ઉદ્યત થયા.

**દ્રુપદકૃત વાસુદેવ આદિનો સત્કાર—**

૬૮. ત્યાર પછી દ્રુપદ રાજાએ કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો! તમે જાઓ અને કાંપિલ્યપુર નગરની બહાર ગંગા મહાનદીથી ન અતિ દૂર કે ન અતિ નિકટ એવા યોગ્ય સ્થાને એક સ્વયંવર-મંડપ રચાવો-જે અનેક સેંકડો સ્તંભોવાળો, લીલા કરતી અનેક શાલભંજિકાઓ યુક્ત યાવત્ પ્રાસાદિક, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ અર્થાત્ અત્યંત સુંદર હોય, રચીને મારી આ આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો.'

તેઓએ પણ તે જ પ્રમાણે કરી આજ્ઞાપૂર્તિની જાણ કરી.

ત્યાર બાદ દ્રુપદ રાજાએ તે કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો! તમે તરત જ વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓ માટે આવાસસ્થાન બનાવો, બનાવીને મારી આ આજ્ઞા પૂરી કર્યાની જાણ કરો.' તેઓએ પણ તે પ્રમાણે આજ્ઞાપાલન કર્યું.

ત્યાર પછી દ્રુપદ રાજા વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓનું આગમન થયું તે જાણીને પ્રત્યેકના સ્વાગત માટે ઉત્તમ હાથી પર બેસી કોરંટ પુષ્પોની માળાઓ યુક્ત છત્ર ધારણ કરી, શ્રેષ્ઠ શ્વેત ચામરોના વીંજણા સાથે હાથી-ઘોડા-રથ અને શ્રેષ્ઠ યોદ્ધાઓની બનેલી ચતુરંગિણી સેનાથી વીંટળાઈને, મહાન સુભટો, રથો, પાયદળથી ઘેરાઈને, સત્કારપૂજાને યોગ્ય સામગ્રી અને પાદપ્રક્ષાલન માટે પાણી લઈને, સમસ્ત ઋદ્ધિ વૈભવ સાથે કાંપિલ્યપુર નગરથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં તે વાસુદેવ પ્રમુખ અનેક હજાર રાજાઓ હતાં ત્યાં આવ્યો, આવીને તે વાસુદેવ પ્રમુખ રાજાઓનો અર્ઘ્ય અને પાદ્યથી સત્કાર કર્યો, સન્માન કર્યું, સત્કાર-સન્માન કરી તે વાસુદેવ પ્રમુખ દરેકને જુદા જુદા આવાસ આપ્યા.

૬૯. ત્યાર પછી તે વાસુદેવ પ્રમુખ રાજાઓ જ્યાં પોતપોતાના આવાસ હતા ત્યાં ગયા, ત્યાં જઈને હાથીના સ્કંધ પરથી નીચે ઊતર્યા, ઊતરીને પોતપોતાની અલગ અલગ છાવણીઓ કરી, છાવણીઓ કર્યા પછી પોતપોતાના આવાસમાં પ્રવેશ્યા, પ્રવેશીને પોતપોતાના આવાસોમાં આસનો પર કે શૈયા પર બેઠા અને અનેક ગંધર્વ-ગવૈયાઓ પાસે ગીત ગવડાવતા અને નટો પાસે નાટક કરાવતા વિચરવા લાગ્યા.

ત્યાર પછી દ્રુપદ રાજા કાંપિલ્યપુર નગરમાં પાછો ફર્યો, પાછા આવી વિપુલ અશન-પાન-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખાદ્ય-સ્વાદ્ય પદાર્થો તૈયાર કરાવ્યા, તૈયાર કરાવીને કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે આ વિપુલ અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય પદાર્થો, સુરા, મદ્ય, માંસ, સીધુ, પ્રસન્ના તથા પ્રચુર પુષ્પ-વસ્ત્ર સુગંધિ પદાર્થ-માળા અલંકાર લઈને વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓના આવાસોમાં જાઓ.' તેઓએ તે પ્રમાણે કર્યું.

ત્યારે તે વાસુદેવ પ્રમુખ સર્વે તે વિપુલ અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય ભોજન તથા સુરા, મદ્ય, માંસ, સીધુ અને પ્રસન્નાનો આસ્વાદ લેવા, અતિ સ્વાદ લેવા, અન્યોન્ય પીરસવા અને ખાવા-પીવા લાગ્યા. ભોજન લઈને પછી આચમન કરી સ્વચ્છ, પરમ શુચિભૂત થઈને આરામદાયક આસનો પર બેસી ગંધર્વો અને નટો દ્વારા રજૂ કરાતા ગીત—નાટકને માણવા લાગ્યા.

**દ્રૌપદીનો સ્વયંવર—**

૭૦. ત્યાર બાદ દ્રુપદ રાજાએ મધ્યાહ્ન સમય પછી કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

"હે દેવાનુપ્રિયો ! તમે જાઓ શ્રેષ્ઠ હાથીના સ્કંધ પર સવાર થઈ કાંપિલ્યપુર નગરના શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, ચતુર્મુખો, રાજમાર્ગો અને સામાન્ય માર્ગો પર તેમ જ વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓના આવાસોમાં જઈને ઉચ્ચાતિઉચ્ચ અવાજે ઉદ્‌ઘોષણા કરતાં આ પ્રમાણે બોલો—'હે દેવાનુપ્રિયો ! કાલ રાત્રિનું પ્રભાત થતાં, સૂર્યોદય થતાં અને જાજવલ્યમાન તેજ સહિત સહસ્રરશ્મિ દિનકર પ્રકાશિત થતાં દ્રુપદ રાજાની પુત્રી, ચુલણી રાણીની આત્મજા, ધૃષ્ટદ્યુમ્નની બહેન, ઉત્તમ રાજકન્યા દ્રૌપદીનો સ્વયંવર થશે. તો હે દેવાનુપ્રિયો ! તમે દ્રુપદ રાજા પર કૃપા કરી સ્નાન યાવત્ સર્વાલંકાર-વિભૂષિત થઈ હાથીના સ્કંધ પર બિરાજમાન થઈ, કોરંટપુષ્પની માળાઓનાં છત્ર ધારણ કરી, શ્રેષ્ઠ ધવલ ચામરોના વીંજણા સાથે, અશ્વ-ગજ-રથ અને ઉત્તમ યોદ્ધાઓની બનેલી ચતુરંગિણી સેનાથી ઘેરાઈ, મહાન સુભટો, રથો અને પદાતિઓના સમૂહથી ઘેરાઈ, જ્યાં સ્વયંવર મંડપ છે ત્યાં પધારજો અને આવીને પોતપોતાનાં નામ જેના પર અંકિત છે તેવાં આસનો પર બેસજો, બેસીને રાજકન્યા દ્રૌપદીની પ્રતીક્ષા કરજો'. આવા પ્રકારની ઘોષણા કરો અને ઘોષણા કરી પછી મારી આ આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરજો.'

ત્યાર પછી તે કૌટુંબિક સેવકોએ તે પ્રમાણે ઘોષણા કરી અને યાવત્ આજ્ઞાપૂર્તિની જાણ કરી.

૭૧. ત્યાર પછી ફરી દ્રુપદ રાજાએ કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને સ્વયંવર મંડપમાં જળ છંટકાવ કરો, તેને વાળી ચોળી સ્વચ્છ કરો, લીંપી-ધોળી તેને પંચરંગી ફૂલોથી સજાવો, કાલાગરુ-કુન્દુરુ-તુરુષ્ક ધૂપ સળગાવી તેની સુગંધથી મઘમઘતો અને અભિરામ બનાવી દો, જાણે કે તે ઉત્તમ સુંગધીદાર ધૂપસળી હોય તેવો સુંગધમય બનાવી દો, મંચાતિમંચ–ઉંચા-નીચા મંચની ગોઠવણી તેમાં કરી દો અને તેમાં વાસુદેવ પ્રમુખ અનેક સહસ્ર રાજાઓના દરેકના નામથી અંકિત આસનો મૂકો, તે આસનોને શ્વેત સ્વચ્છ વસ્ત્રોથી આચ્છાદિત કરો, આવી રચના કરી મારી આજ્ઞા પૂરી કર્યાની જાણ કરો.' તેઓએ પણ આજ્ઞા પ્રમાણે રચના કરીને રાજાને જાણ કરી.

૭૨. ત્યાર પછી બીજા દિવસે રાત્રિ પૂરી થતાં, પ્રભાત થતાં અને સહસ્રરશ્મિ દિનકર સૂર્ય તેજથી ઝળહળ પ્રકાશિત થતાં વાસુદેવ પ્રમુખ અનેક સહસ્ર રાજાઓ સ્નાન યાવત્ સર્વાલંકારવિભૂષિત થઈને, હાથીની ખાંધે બેસીને, કોરંટ પુષ્પોની માળાઓવાળાં છત્રો ધારણ કરીને, ઉત્તમ શ્વેત ચામરોના વીંજણા વડે વીંજાતા, હાથી-ઘોડા-રથ-યોદ્ધાઓની બનેલી ચતુરંગિણી સેના સાથે, મોટા આડંબર સહિત, સુભટો, રથો અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદાતિઓથી ઘેરાઈને પોતાની સર્વ ઋદ્ધિ યાવત્ દુંદુભિના ઘોષ સાથે જ્યા સ્વયંવરમંડપ હતો ત્યાં પહોચ્યા, ત્યાં જઈને સ્વયંવરમંડપમાં પ્રવેશ્યા, પ્રવેશીને પોતપોતાનાં નામ અંકિત હતાં તેવાં આસનો પર બેઠા અને રાજવરકન્યા દ્રૌપદીના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા.

૭૩. ત્યાર પછી દ્રુપદ રાજા પણ રાત્રિ જતાં અને પ્રભાત થતાં, સૂર્યોદય થતાં અને સહસ્રરશ્મિ દિનકર જાજવલ્યમાન તેજથી ઝળહળ થતાં, સ્નાન યાવત્ સર્વાલંકારવિભૂષિત થઈને, ઉત્તમ હાથીના સ્કંધ પર બેસી, કોરંટ પુષ્પોની માળાઓવાળું છત્ર ધારણ કરીને, ઉત્તમ શ્વેત ચામરના વીંજણા સાથે, હાથી-ઘોડા-રથ-યોદ્ધાઓની બનેલી ચતુરંગિણી સેના સાથે, મહાન દમામપૂર્વક સુભટ-રથ-પદાતિઓના સમૂહથી ઘેરાઈને કાંપિલ્યપુર નગરની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યો અને જ્યાં સ્વયંવરમંડપ હતો, જ્યાં વાસુદેવ પ્રમુખ અનેક સહસ્ર રાજાઓ હતા, ત્યાં આવ્યો, આવીને વાસુદેવ પ્રમુખ રાજાઓને બન્ને હાથ જોડી શિરસાવર્ત અંજલિ રચી જય-વિજય શબ્દોથી વધાવ્યા અને પછી કૃષ્ણ વાસુદેવને શ્વેત ચામર ઢોળવા લાગ્યો.

૭૪. ત્યાર તે શ્રેષ્ઠ રાજકન્યા દ્રૌપદી રાત્રિ જતાં અને પ્રભાત થતાં, સૂર્યોદય થતાં અને સહસ્રરશ્મિ દિનકર જાજવલ્યમાન તેજથી ઝળહળ થતાં, જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવી, આવીને સ્નાનગૃહમાં પ્રવેશી, પ્રવેશીને સ્નાન કર્યું, પછી બલિ–નૈવેદ્ય આદિ કરી કૌતુક–મંગળ (નજર ન લાગે તે માટે મસીતિલક વ.) કર્યું, પછી શુદ્ધ, પ્રવેશ યોગ્ય, મંગળ, શ્રેષ્ઠ વસ્ત્રો પહેરી સ્નાનગૃહમાંથી બહાર નીકળીને જિનમંદિરમાં ગઈ, જિનમંદિરમાં પ્રવેશી જિનપ્રતિમાની પૂજાઅર્ચના કરી, પછી જિનમંદિરમાંથી નીકળી જ્યાં અંતઃપુર હતું ત્યાં ગઈ.

૭૫. ત્યાર પછી તે વર રાજકન્યા દ્રૌપદીને અન્તઃપુરની સ્ત્રીઓએ સર્વાલંકારવિભૂષિત કરી. કેવી રીતે ? પગમાં શ્રેષ્ઠ નૂપુર પહેરાવ્યાં યાવત્ દાસીઓના સમૂહથી ઘેરાઈને તે અંતઃપુરમાંથી નીકળી, નીકળીને, જ્યાં બાહ્ય સભા હતી, જ્યાં ચાર ઘંટાવાળો રથ હતો ત્યાં આવી, ત્યાં આવી ક્રીડા કરાવનાર અને માર્ગદર્શિકા ધાવમાતા સાથે ચાર ઘંટાવાળા અશ્વરથ પર સવાર થઈ.

ત્યારે તેના તે અશ્વરથનું સારથીપણું ધૃષ્ટદ્યુમ્નકુમારે કર્યું અર્થાત્ ધૃષ્ટદ્યુમ્નકુમારે તે રથ ચલાવ્યો.

ત્યાર બાદ તે રાજકન્યા દ્રૌપદી કાંપિલ્યપુર નગરની વચ્ચે થઈને જ્યાં સ્વયંવરમંડપ હતો ત્યાં આવી, આવીને રથ ઊભો રખાવ્યો, રથથી તે નીચે ઊતરી અને માર્ગદર્શિકા ધાવમાતા સાથે સ્વયંવરમંડપમાં પ્રવેશી, પ્રવેશ કરી બે હાથ જોડી શિરસાવર્ત અંજલિ રચી વાસુદેવ પમુખ અનેક હજારો રાજાઓને પ્રણામ કર્યા.

૭૬. ત્યાર પછી તે શ્રેષ્ઠ રાજકન્યા દ્રૌપદીએ એક મોટો ભવ્ય શ્રીદામગંડ (માળાઓનો સમૂહ–મોટી પુષ્પમાળા) લીધો. તે કેવો હતો ? પાટલ, મલ્લિકા, ચંપક યાવત્ સપ્તપર્ણ આદિ પુષ્પોથી ગૂંથેલ, સુગંધી, તૃપ્તિકારક પરમ સુખદાયક સ્પર્શવાળો અને દર્શનીય એવો.

ત્યાર બાદ તે સુરૂપ માર્ગદર્શિકા ધાવમાતાએ પોતાના ડાબા હાથમાં એક ચકચકતું, તરુણ જનોને (પોતાનું રૂપ તેમાં જોવા) ઉત્સુક કરે તેવું, સુંદર મણિ–રત્ન–જડિત હાથાવાળું, નાનું દર્પણ લીધું અને જમણા હાથથી તે દર્પણમાં પ્રતિબિંબિત થતા શ્રેષ્ઠ રાજસિંહોનો લીલાપૂર્વક પરિચય આપવા લાગી. તેમના વંશ, માહાત્મ્ય, રૂપ, કુળ અને શીલની જાણનાર હોવાથી સ્ફુટ, વિશદ, વિશુદ્ધ ગંભીર અને મધુર ભાષા દ્વારા તે સઘળા રાજાઓના માતૃ–પિતૃ વંશ, સત્ત્વ, સામર્થ્ય, ગોત્ર, પરાક્રમ, કાન્તિ, આદિ વિશે વિવરણ કરવા લાગી.

સર્વ પ્રથમ તેણે વૃષ્ણિ (યાદવ) વંશના શ્રેષ્ઠ પુરુષ, દશારોના શ્રેષ્ઠ વીર, ત્રણ લોકમાં બળવંત, લાખ શત્રુઓનું માન મર્દન કરનાર, ભવસિદ્ધ જીવોમાં ઉત્તમ કમળ સમાન(સમુદ્રવિજય)નું રૂપ–યૌવન–ગુણ અને લાવણ્યની પ્રશંસા દ્વારા વર્ણન કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી તેણે ઉગ્રસેન આદિ યાદવોના (ગુણો)ના વર્ણન પછી કહ્યું કે 'આ ઉત્તમ પુરુષ ગંધહસ્તીઓમાંથી જે કોઈ તારા હૃદયને ગમ્યો હોય તેવા સૌભાગ્ય-રૂપ-યુક્ત પુરુષનું વરણ કર.'

**દ્રૌપદી દ્વારા પાંડવ-વરણ—**

૭૭. ત્યાર બાદ તે શ્રેષ્ઠ રાજકન્યા દ્રૌપદી અનેક સહસ્ર શ્રેષ્ઠ રાજાઓ વચ્ચેથી પસાર થતી, પૂર્વકૃત નિદાન વડે પ્રેરિત થતી, જ્યાં પાંચ પાંડવો હતા ત્યાં આવી, ત્યાં આવીને તેણે પાંચે પાંડવોને પંચરંગી પુષ્પમાળાઓ પહેરાવી દીધી, માળાઓ પહેરાવીને આ પ્રમાણે કહ્યું–'હું આ પાંડવોને વરી છું.'

ત્યાર પછી તે વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓએ મોટે મોટેથી ઘોષણા કરી કહ્યું કે—અહો! રાજકન્યા દ્રૌપદીએ સારું વરણ કર્યું છે.' આમ કહી તે બધા સ્વયંવર મંડપમાંથી બહાર નીકળ્યા અને જ્યાં પોત પોતાના આવાસ હતા ત્યાં ગયા.

ત્યાર બાદ ધૃષ્ટદ્યુમ્નકુમારે પાંચે પાંડવો અને શ્રેષ્ઠ રાજકન્યા દ્રૌપદીને ચાર ઘંટાવાળા અશ્વરથ પર બેસાડયાં અને બેસાડીને કાંપિલ્યપુર નગરની વચ્ચોવચ્ચ થઈને પોતાના રાજભવનમાં પ્રવેશ કરાવ્યો.

**પાણિગ્રહણ—**

૭૮. ત્યાર પછી દ્રુપદ રાજાએ પાંચે પાંડવો અને રાજકન્યા દ્રૌપદીને પાટ પર બેસાર્યાં, બેસારીને શ્વેત અને પીત (ચાંદી અને સોનાના) કળશો વડે તેમને સ્નાન કરાવ્યું, સ્નાન કરાવીને અગ્નિ હોમ કરાવ્યો અને પાંચે પાંડવો સાથે દ્રૌપદીનું પાણિગ્રહણ (લગ્ન) કરાવ્યું.

ત્યાર પછી દ્રુપદ રાજાએ રાજકન્યા દ્રૌપદીને આ પ્રમાણે પ્રીતિદાન (કરિયાવર) આપ્યું–આઠ કોટિ હિરણ્ય યાવત્ સેવિકા દાસીઓ તથા બીજું પણ વિપુલ માત્રામાં ધન, સુવર્ણ, રત્ન, મણિ, મોતી, શંખ, પ્રવાળ, રાતા માણેક આદિ રૂપ સારભૂત ધન આપ્યું કે જે સાત પેઢી સુધી ઇચ્છા મુજબ દાન કરે, ભોગવે કે વહેંચે તો પણ ખૂટે નહીં તેટલું હતું.

ત્યાર પછી તે દ્રુપદ રાજાએ વાસુદેવ પ્રમુખ અનેક સહસ્ર રાજાઓનું વિપુલ અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય પદાર્થો, પુષ્પ-વસ્ત્ર-સુગંધ-માળા-અલંકારો દ્વારા સન્માન-બહુમાન કર્યું, સન્માન બહુમાન કરી તેમને વિદાય આપી.

**પાંડુરાજકૃત વાસુદેવ આદિનું નિમંત્રણ—**

૭૯. ત્યાર બાદ પાંડુ રાજાએ તે વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓને બે હાથ જોડી શિરસાવર્ત-પૂર્વક અંજલિ રચી આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! હસ્તિનાપુર નગરમાં પાંચ પાંડવો અને દેવી દ્રૌપદીનો કલ્યાણકારી સ્વાગત ઉત્સવ થશે. તો હે દેવાનુપ્રિયો! મારા પર અનુગ્રહ કરી તમે બધા તે પ્રસંગે અવિલંબ પધારજો.'

૮૦. ત્યાર પછી તે વાસુદેવ પ્રમુખ હજારો રાજાઓ સ્નાન કરી, શરીરે કવચ આદિ બાંધી ઉત્તમ હાથી પર બિરાજમાન થઈ દરેક યાવત્ જ્યાં હસ્તિનાપુર નગર હતું ત્યાં જવા ઉદ્યત થયા.

**પાંડુ દ્વારા વાસુદેવ આદિનો સત્કાર—**

૮૧. ત્યાર બાદ તે પાંડુ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! તમે હસ્તિનાપુર નગરમાં જાઓ અને ત્યાં પાંચે પાંડવો માટે શ્રેષ્ઠ પ્રાસાદો બનાવો જે અત્યંત ઊંચા યાવત્ સુંદર હોય.'

ત્યારે તે કૌટુંબિક પુરુષોએ તે આજ્ઞા સ્વીકારી અને તે પ્રમાણે કર્યું.

ત્યાર બાદ પાંડુ રાજા પાંચે પાંડવો અને દ્રૌપદી દેવી સાથે, હાથી-ઘોડા-રથ-યોદ્ધાઓ યુક્ત ચતુરંગિણી સેના સાથે અને મહાન સુભટો, રથો અને પદાતિઓથી પરિવૃત્ત થઈ કાંપિલ્યપુર નગરમાંથી નીકળ્યો, નીકળીને જ્યાં હસ્તિનાપુર નગર હતું ત્યાં આવ્યો.

ત્યાર બાદ તે પાંડુ રાજાએ તે વાસુદેવ પ્રમુખ રાજાઓનાં આગમનના સમાચાર જાણીને કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિયો! તમે જાઓ અને હસ્તિનાપુર નગર બહાર વાસુદેવ આદિ હજારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજાઓ માટે અનેક સેંકડો સ્તંભોવાળા આવાસો તૈયાર કરાવો, કરાવીને મારી આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો.'

તેઓએ પણ તે પ્રમાણે કરી આજ્ઞાપૂર્તિની જાણ કરી.

૮૨. ત્યાર બાદ તે વાસુદેવ પ્રમુખ અનેક રાજાઓ જ્યાં હસ્તિનાપુર નગર હતું ત્યાં આવ્યા.

ત્યારે તે પાંડુ રાજાએ વાસુદેવ આદિ અનેક હજાર રાજાઓનું આગમન થયું જાણી હૃષ્ટ તુષ્ટ થઈ સ્નાન કર્યું, બલિનૈવેદ્ય કર્યું અને જેવી રીતે દ્રુપદ રાજાએ તે બધાનું સન્માન કર્યું હતું તે રીતે કરી યાવત્ યથાયોગ્ય આવાસો આપ્યા.

ત્યાર પછી તે વાસુદેવ આદિ હજારો રાજાઓ જ્યાં પોતપોતાના આવાસ હતા ત્યાં ગયા અને પૂર્વવર્ણન મુજબ યાવત્ વિચરવા લાગ્યા.

ત્યાર બાદ પાંડુ રાજા હસ્તિનાપુર નગરમાં પાછો ફર્યો અને પોતાના કૌટુંબિક સેવકો બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો ! તમે વિપુલ પ્રમાણમાં અશન–પાન–ખાદ્ય–સ્વાદ્ય પદાર્થો આવાસોમાંના મહેમાનોને પહોંચાડો.' તેઓએ તે પ્રમાણે કર્યું.

ત્યાર પછી તે વાસુદેવ પ્રમુખ અનેક હજારો રાજાઓએ સ્નાન કર્યું, બલિકર્મ કરી કૌતુક-મંગલ ક્રિયા કરી અને પછી વિપુલ અશન-પાન–ખાદ્ય–સ્વાદ્યનું આસ્વાદન કરતા યાવત્ પૂર્વવર્ણનાનુસાર વિચરવા લાગ્યા.

**કલ્યાણકારી ઉત્સવ—**

૮૩. ત્યાર બાદ પાંડુ રાજાએ પાંચે પાંડવો અને દ્રૌપદી દેવીને પાટ પર બેસાર્યાં, બેસાડીને શ્વેત (ચાંદીના) અને પીત (સોનાના) કળશો વડે તેમને સ્નાન કરાવ્યું, સ્નાન કરાવી તેમનો મંગળ ઉત્સવ ઊજવ્યો, ઉત્સવ ઊજવી તે વાસુદેવ આદિ હજારો રાજાઓનું વિપુલ અશન-પાન–ખાદ્ય–સ્વાદ્ય પદાર્થો તથા પુષ્પ–ગંધ-વસ્ત્ર–માળા–અલંકાર આદિ સામગ્રી વડે સન્માન–બહુમાન કર્યું અને સન્માન–બહુમાન કરી વિદાય આપી.

ત્યાર પછી તે વાસુદેવ પ્રમુખ અનેક હજારો રાજાઓ પાંડુ રાજા પાસેથી વિદાય થઈ જ્યાં પોતપોતાનાં રાજ્ય હતાં, જ્યાં પોતપોતાનાં નગર હતાં ત્યાં પાછા ગયા.

ત્યાર બાદ તે પાંચે પાંડવો દ્રૌપદી સાથે પ્રતિદિન વરાફરતી ઉત્તમ ભોગો ભોગવતા રહેવા લાગ્યા.

**નારદનું આગમન—**

૮૪. ત્યાર પછી કોઈ એક વખત પાંડુ રાજા પાંચે પાંડવો, રાણી કુન્તી, દ્રૌપદી તથા અન્તઃપુરના પારિવારિક જનો વડે ઘેરાઈ શ્રેષ્ઠ સિંહાસન પર બિરાજી રહ્યા હતા.

ત્યારે દેખાવમાં અતિ ભદ્ર અને વિનીત, પરંતુ અંદરથી કલુષિત હૃદયવાળા, ઉપરથી માધ્યસ્થ ભાવધારી, દર્શકો અને આશ્રિતોને જેમનું દર્શન આહ્લાદક અને પ્રીતિજનક છે તેવા, સુંદર રૂપ ધારી, સંપૂર્ણ નિર્મળ વસ્ત્ર પરિધાનવાળા, વક્ષસ્થળ પર કૃષ્ણ મૃગચર્મનું ઉત્તરાસંગ કરેલ (કૃષ્ણમૃગચર્મને ખેશની માફક ધારણ કરેલ), હાથમાં દંડ અને કમંડળ ધારણ કરેલ, જટારૂપી મુકુટથી દીપ્તિમાન મસ્તકવાળા, યજ્ઞોપવીત–ગણેત્રિકા–મુંજનો કંદોરો અને વલ્કલ ધારણ કરેલ, એક હાથમાં કચ્છપી વીણા ધારણ કરેલ, સંગીતપ્રિય, ધરણીગોચરમાં પ્રધાન, સંચરણી (ચાલવાની) આવરણી (ઢાંકવાની), અવતરણી (નીચે ઊતરવાની), ઉત્પતની (ઊંચે ઊડવાની), શ્લેષણી (ચોંટી જવાની), સંક્રામણી (પરકાયાપ્રવેશની), અભિયોગિની (સુવર્ણસિદ્ધિની), પ્રજ્ઞપ્તિ (દૂરદર્શનની), ગમની (દુર્ગમ સ્થળે જઈ શકવાની) અને સ્તંભિની (સ્તબ્ધ કરવાની) આદિ વિદ્યાધરોને પ્રાપ્ત વિદ્યાઓમાં પ્રવીણ હોવાથી જેમની કીર્તિ પ્રસરી હતી તેવા, બલદેવ અને વાસુદેવના સ્નેહપાત્ર, પ્રદ્યુમ્ન, પ્રદીપ, શાંબ, અનિરુદ્ધ, નિષધ, ઉન્મુખ, સારણ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગજસુકુમાલ, સુમુખ, દુર્મુખ આદિ સાડા ત્રણ કરોડ યાદવ કુમારોના મનગમતા અને પ્રશંસાના પાત્ર, કલહ, યુદ્ધ અને કોલાહલના ચાહક, ચાડી–ચુગલીના અભિલાષી અને અનેક સેંકડો યુદ્ધ અને લડાઈઓ જોવાના રસિક, સામેથી દક્ષિણા આપી કલહ ઊભો કરનાર, દશારોના શ્રેષ્ઠ બળવંતો અને ત્રણ લોકમાં વીર પુરુષોમાં અશાંતિ ઊભી કરનાર, એવા કચ્છુલ્લ નારદ તે ભગવતી પ્રક્રમણી વિદ્યાનું આહ્‌વાન કરીને ઊડયા અને આકાશ ઓળંગી હજારો ગામ, આકર, નગર, ખેટક, કર્બટ, મડંબ, દ્રોણમુખ પાટણ, સંવાહ આદિથી શોભિત અને જનપદોથી વ્યાપ્ત વસુંધરાનું અવલોકન કરતાં કરતાં રમણીય હસ્તિનાપુરમાં આવી ચડયા અને પાંડુ રાજાના ભવનમાં ખૂબ વેગ સાથે ઊતરી પડયા.

૮૫. ત્યારે પાંડુ રાજાએ કચ્છુલ્લ નારદને આવતા જોયા, જોઈને પાંચે પાંડવો તથા કુંતી દેવી સાથે તે આસનથી ઊભો થયો, ઊઠીને સાત આઠ ડગલાં કચ્છુલ્લ નારદની સામે ગયો, સામે જઈ ત્રણ વાર આદક્ષિણા–પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમન કર્યાં, વંદન-નમન કરી મહાન પુરુષને યોગ્ય અર્ધ્ય, પાદ્ય અને આસન ધર્યાં.

ત્યાર પછી તે કચ્છુલ્લ નારદે પાણી છાંટી અને દર્ભાસન પાથરી તે પર પોતાનું આસન બિછાવ્યું અને તે પર બેઠા, બેસીને પાંડુ રાજાને તેના રાજ્ય, રાષ્ટ્ર, કોષ, કોષ્ઠાગાર, સેના, વાહન, પુર અને અન્તઃપુરના કુશળ સમાચાર પૂછયા.

તે સમયે પાંડુ રાજાએ, કુંતી રાણીએ અને પાંચે પાંડવોએ કચ્છુલ્લ નારદનો સત્કાર કર્યો, તેમના આગમનને વધાવ્યું અને તેમના માનમાં ઊભા થઈ તેમની પર્યુપાસના કરી.

**દ્રૌપદીનો નારદ પ્રતિ અનાદર—**

૮૬. તે સમયે દ્રૌપદી દેવીએ કચ્છુલ્લ નારદને અસંયમી, અવ્રતી અને પાપકર્મોનું પ્રત્યાખ્યાન ન કરનાર જાણીને તેમનો આદર ન કર્યો, ન તેમનું સ્વાગત કર્યું, ન તેમના માટે ઊઠી કે ન તેમની પર્યુપાસના કરી.

ત્યારે તે કચ્છુલ્લ નારદને આવા પ્રકારનો અધ્યવસાય, મનોભાવ, વિચાર વિકલ્પ થયો—

'અહો ! આ દ્રૌપદી દેવીએ પોતાના રૂપ, યૌવન, લાવણ્ય અને પાંચે પાંડવના સંબંધને કારણે અભિમાની બનીને મારો આદર કર્યો નહીં, મારો સત્કાર કર્યો નહીં, મારું સ્વાગત કર્યું નહીં અને મારી સેવાઉપાસના કરી નહીં. તો દ્રૌપદીનું અપ્રિય–અનિષ્ટ કરવું એ મારે ઇષ્ટ છે.' આમ વિચાર કર્યો, વિચાર કરીને પાંડુ રાજાની રજા લીધી, રજા લઈને ઉત્પતની વિદ્યાનું સ્મરણ કર્યું, સ્મરણ કરીને ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપલ, ચંડ, શીઘ્ર વેગભરી વિદ્યાધર જેવી ગતિથી લવણ સમુદ્રની વચ્ચોવચ્ચ થઈને પૂર્વાભિમુખ જવા માટે પ્રવૃત્ત થયા.

**નારદનું અપરકંકા–ગમન અને પદ્મનાભ રાજા સાથે મિલાપ—**

૮૭. તે કાળે તે સમયે ધાતકી ખંડ નામક દ્વીપમાં પૂર્વ દિશામાં સ્થિત દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રમાં અપરકંકા નામે રાજધાની હતી.

તે અપરકંકા રાજધાનીમાં પદ્મનાભ નામે રાજા હતો–જે મહા હિંમતવાન, મલય અને મંદર તથા મહેન્દ્ર સમાન સત્ત્વશાળી હતો —વર્ણન.

તે પદ્મનાભ રાજાના અંતઃપુરમાં સાત સો રાણીઓ હતી.

તે પદ્મનાભ રાજાને સુનાભ નામે પુત્ર હતો, તે યુવરાજ પણ હતો.

તે વખતે તે પદ્મનાભ રાજા અંતઃપુરમાં પોતાની રાણીઓ વચ્ચે શ્રેષ્ઠ સિંહાસન પર બિરાજી રહ્યો હતો.

૮૮. ત્યારે તે કચ્છુલ્લ નારદ જ્યાં અપરકંકા રાજધાની હતી, જ્યાં પદ્મનાભ રાજાનો મહેલ હતો ત્યાં આવ્યા, ત્યાં આવીને અત્યંત વેગપૂર્વક પદ્મનાભ રાજાના મહેલમાં ઊતર્યા.

ત્યારે પદ્મનાભ રાજાએ કચ્છુલ્લ નારદને આવતા જોયા, જોઈને આસન પરથી તે ઊભો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયો, ઊભો થઈને અર્ધ્ય, પાદ્ય અને આસન ધર્યાં.

ત્યારે કચ્છુલ્લ નારદ પાણીનો છંટકાવ કરી દર્ભ ઉપર બિછાવેલા આસને બેઠા, બેસીને પદ્મનાભ રાજાને તેના રાજ્ય, રાષ્ટ્ર, કોષ, કોષ્ઠાગાર, સેના, વાહન, પુર અને અંતઃપુરના કુશળ સમાચાર પૂછ્યા.

**પદ્મનાભનો પોતાના અંતઃપુર માટે ગર્વ**

ત્યાર પછી પોતાના અંતઃપુર માટે અહોભાવ અનુભવતા પદ્મનામ રાજાએ કચ્છુલ્લ નારદને આ પ્રમાણે કહ્યું—

૮૯. 'હે દેવાનુપ્રિય! તમે ઘણા ગામ-આકર-નગર ખેટક–કર્બટ– દ્રોણમુખ–મડંબ–પાટણ–આશ્રમ નિગમ–સંબાધ–સન્નિવેશોમાં ઘૂમો છો, ઘણા રાજા–તલવર–માડંબિક–કૌટુંબિક–ઇભ્ય–શ્રેષ્ઠિ સેનાપતિ-સાર્થવાહ આદિના ઘરોમાં જાઓ છો. તો હે દેવાનુપ્રિય! મારા અંતઃપુર જેવું કોઈનુંય અંતઃપુર તમે પહેલાં જોયું છે ખરું?

**કૂપમંડૂકના દૃષ્ટાન્ત કથન સાથે નારદે કરેલ દ્રૌપદીરૂપની પ્રશંસા**

૯૦. ત્યારે પદ્મનાભની આ વાત સાંભળીને કચ્છુલ્લ નારદ સહેજ હસ્યા, હસીને આ પ્રમાણે બોલ્યા—

'હે પદ્મનાભ! તું પેલા કૂપમંડૂક જેવો છે.'

'હે દેવાનુપ્રિય! તે કૂપમંડૂક વળી કોણ?'

'હે પદ્મનાભ! એક કૂવામાં એક દેડકો હતો. તે તેમાં જ જન્મેલ, તેમાં જ ઊછરેલ, તેણે બીજો કૂવો, તળાવ, ધરો, સરોવર કે સમુદ્ર જોયેલ જ નહીં, આથી તે એમ સમજતો હતો કે આ જ કૂવો છે, તળાવ છે, ધરો છે, સરોવર છે કે સમુદ્ર છે.

ત્યાર પછી તે કૂવામાં કોઈ બીજો દરિયાઈ દેડકો આવી ચડયો. ત્યારે પેલા કૂવાના દેડકાએ તે દરિયાઈ દેડકાને પૂછ્યું–'હે દેવાનુપ્રિય! તું કોણ છે અને અહીં અચાનક કયાંથી આવ્યો છે?'

ત્યારે પેલા દરિયાના દેડકાએ કૂવાના દેડકાને કહ્યું—'હે દેવાનુપ્રિય! હું સામુદ્રિક–સમુદ્રમાં રહેનાર દેડકો છું.'

ત્યારે તે કૂપમંડૂકે સમુદ્રમંડૂકને પૂછ્યું–'હે દેવાનુપ્રિય! તે સમુદ્ર કેટલો મોટો છે?'

તે દરિયાના દેડકાએ કૂવાના દેડકાને કહ્યું–'હે દેવાનુપ્રિય! તે સમુદ્ર ઘણો મોટો છે.'

ત્યારે કૂવાના દેડકાએ પગ વડે એક લીટી દોરી, લીટી દોરીને પછી પૂછ્યું–'દેવાનુપ્રિય! શું સમુદ્ર આટલો મોટો છે?'

'એટલાથી સમજાય તેમ નથી. સમુદ્ર તો ઘણો મોટો છે.'

ત્યારે તે કૂવાનો દેડકો કૂવાના પૂર્વ કાંઠેથી કૂદકો મારી પશ્ચિમ કિનારા પર પહોંચ્યો અને પછી બોલ્યો–'દેવાનુપ્રિય! સમુદ્ર આટલો મોટો છે?'

'એટલું પણ પર્યાપ્ત નથી.' [સમુદ્રના દેડકાએ કહ્યું.]

એવી રીતે તું પણ હે પદ્મનાભ! બીજા અનેક રાજા યાવત્ સાર્થવાહ વગેરેની ભાર્યા ભગિની કે પુત્રી કે બહેન આદિને જોયાં ન હોવાથી એમ માને છે કે જેવું મારું અંતઃપુર છે તેવું બીજા કોઈનું નથી.

૯૧. હે દેવાનુપ્રિય! વાત એમ છે કે જંબૂદ્વીપ નામક દ્વીપમાં, ભારત ક્ષેત્રમાં, હસ્તિનાપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી, ચુલણી રાણીની આત્મજા, પાંડુ રાજાની પુત્રવધૂ, પાંચ પાંડવોની ભાર્યા દ્રૌપદી દેવી રૂપ, યૌવન અને લાવણ્યમાં ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટ શરીરવાળી છે. તારું આ અંતઃપુર તો તે દ્રૌપદી દેવીના પગના કપાયેલ અંગૂઠાની સોમી કળા બરાબર પણ નથી."

આમ વાત કરી, પદ્મનાભની રજા લઈ ને (નારદ) જે દિશામાંથી આવ્યા હતા તે જ દિશામાં પાછા ગયા.

**પદ્મનાભ માટે દેવે કરેલ દ્રૌપદીનું અપહરણ**

૯૨. ત્યાર પછી તે પદ્મનાભ રાજા કચ્છુલ્લ નારદ પાસેથી આવી વાત સાંભળી અને મનમાં વિચારી દ્રૌપદી દેવીના રૂપ, યૌવન અને લાવણ્યમાં મોહિત, ગૃદ્ધ, આસક્ત અને તન્મય બની જ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૌષધશાળા હતી ત્યાં ગયો, જઈને પૌષધશાળામાં પ્રવેશ્યો, પ્રવેશીને પોતાના પૂર્વના સાથી દેવનું મનમાં ધ્યાન કરતો બેઠો.

ત્યારે તે પદ્મનાભ રાજાનો અષ્ઠમ ભકત (અઠ્ઠમ) પૂર્ણ થયો ત્યારે પૂર્વપરિચિત દેવ યાવત્ આવ્યો.

'હે દેવાનુપ્રિય ! મારા યોગ્ય કાર્ય કહો.' [દેવે કહ્યું.]

ત્યારે તે પદ્મનાભે પૂર્વપરિચિત દેવને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે જંબૂદ્વીપ નામક દ્વીપના ભારતવર્ષમાં હસ્તિનાપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી, ચુલણી રાણીની આત્મજા, પાંડુ રાજાની પુત્રવધૂ, પાંચ પાંડવોની ભાર્યા દ્રૌપદી દેવી રૂપ, યૌવન અને લાવણ્યમાં ઉત્કૃષ્ટ છે અને ઉત્કૃષ્ટ શરીરવાળી છે. તો હે દેવાનુપ્રિય ! હું ઈચ્છું છું કે તરત જ તે દ્રૌપદી દેવીને અહીં લાવવામાં આવે.'

૯૩. ત્યાર પછી તે પૂર્વના સાથી દેવે પદ્મનાભને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! એવું કદી થયું નથી, થતું નથી, થશે નહીં કે દ્રૌપદી દેવી પાંચ પાંડવોને છોડી બીજા કોઈ પુરુષ સાથે ઉદાર માનુષી ભોગો ભોગવતી વિચરણ કરે. તો પણ હું તારી ઈચ્છા પૂરી કરવા દ્રૌપદી દેવીને અહીં તરત લઈ આવું છું.' એમ કહી તે દેવે પદ્મનાભની રજા માગી, રજા લઈને ઉત્કૃષ્ટ યાવત્ દેવગતિપૂર્વક લવણ સમુદ્રની વચ્ચોવચ્ચ થઈને જ્યાં હસ્તિનાપુર નગર હતું ત્યાં જવા ઉદ્યત થયો.

૯૪. તે કાળે તે સમયે હસ્તિનાપુર નગરમાં યુધિષ્ઠિર રાજા દ્રૌપદી દેવી સાથે મહેલની અગાસીમાં સુખપૂર્વક સૂતો હતો. તે વખતે તે પૂર્વસંગી દેવ જ્યાં રાજા યુધિષ્ઠિર હતો, જ્યાં દ્રૌપદી દેવી હતી ત્યાં આવ્યો, આવીને દ્રૌપદી દેવી પર અવસ્વાપિની (ઘોરનિદ્રામાં પાડવાની) વિદ્યાનો પ્રયોગ કર્યો, એમ કરી દ્રૌપદી દેવીને ઉપાડી, ઉપાડીને ઉત્કૃષ્ટ દેવગતિપૂર્વક યાવત્ જ્યાં અપરકંકા નગરી હતી, જ્યાં પદ્મનાભનું નિવાસસ્થાન હતું ત્યાં આવ્યો, આવીને આ પ્રમાણે પદ્મનાભને કહ્યું—

'હે દેવાનુપ્રિય ! હું હસ્તિનાપુરથી દ્રૌપદી દેવીને તરત જ અહીં લઈ આવ્યો છું, તે તારી અશોકવાટિકામાં છે. હવે શું કરવું તે તું જાણ.' આમ કહી તે જે દિશામાંથી આવ્યો હતો તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.

### દ્રૌપદીને ચિંતા

૯૫. ત્યાર પછી ઘડી પછી જેવી તે દ્રૌપદી દેવી ભાનમાં આવી કે તે ભવન અને અશોકવાટિકાને અજાણ્યાં જાણી બોલી ઊઠી—

'અરે ! આ અમારું ભવન નથી, આ અમારી અશોકવાટિકા નથી. તો ન જાણે કોઈ દેવ કે દાનવ કે કિંનર કે કિંપુરુષ કે મહોરગ કે ગંધર્વ કોઈ બીજા જ રાજાની અશોકવાટિકામાં મને લાવી મૂકી છે.' આમ કહી, ભગ્નમનોરથ બની, બે હથેળીઓમાં મોં રાખી આર્તધ્યાનમાં ડૂબી ગઈ.

### પદ્મનાભ દ્વારા આશ્વાસન

૯૬. ત્યાર બાદ પદ્મનાભ રાજાએ સ્નાન કર્યું યાવત્ સર્વાલંકાર-વિભૂષિત થઈને, અન્તઃપુર-પરિવારથી પરિવૃત્ત થઈને જ્યાં અશોકવાટિકા હતી, જ્યાં દ્રૌપદી દેવી હતી ત્યાં આવ્યો, આવીને દ્રૌપદી દેવીને ભગ્નમનોરથ થઈ હથેળીઓમાં મુખ રાખી આર્તધ્યાનમાં ડૂબેલી જોઈ, જોઈને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયે ! તું ચિંતામગ્ન થઈને હથેળીઓમાં મુખ રાખી આર્તધ્યાનમાં શા માટે ડૂબી છે ? દેવાનુપ્રિયે ! તને જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાંથી હસ્તિનાપુર નગરથી, યુધિષ્ઠિર રાજાના ભવનમાંથી મારો પૂર્વસંગી દેવ અપહરણ કરીને અહીં લઈ આવેલ છે. આથી હે દેવાનુપ્રિયે ! તું ચિંતામગ્ન થઈ બે હથેળીમાં મુખ રાખી આર્તધ્યાનમાં ડૂબ નહીં. તું હવે મારી સાથે વિપુલ ભોગોપભોગ ભોગવતી અહીં રહે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૭. ત્યારે તે દ્રૌપદી દેવીએ પદ્મનાભને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! વાત એમ છે કે જંબૂદ્વીપના ભારતવર્ષની દ્વારવતી નગરીમાં મારા પ્રિય બંધુ કૃષ્ણ નામના વાસુદેવ રહે છે. તે જો છ માસની અવધિમાં મને પાછી લેવા આવી ન પહોંચે તો દેવાનુપ્રિય! જેમ તમે કહો છો તેમ તમારી આજ્ઞા, આશ્રય અને વચનમાં રહીશ.'

ત્યારે પદ્માનાભે તે દ્રૌપદી દેવીની આ વાતનો સ્વીકાર કર્યો અને સ્વીકાર કરીને દ્રૌપદી દેવીને કન્યા-અંતઃપુરમાં રાખી.

ત્યાર બાદ તે દ્રૌપદી દેવી નિરંતર છઠ્ઠ તપ અને છઠ્ઠના પારણે આયંબિલ કરતી કરતી તપથી આત્માને ભાવિત કરતી રહેવા લાગી.

**યુધિષ્ઠિરે પાંડુ રાજા સમક્ષ કરેલ દ્રૌપદી-હરણનું નિવેદન**

૯૮. ત્યારે [દ્રૌપદીનું અપહરણ થઈ ગયા પછી] ઘડી પછી યુધિષ્ઠિરે જાગીને જોયું તો દ્રૌપદી દેવીને બાજુમાં ન જોઈ, તેને ન જોતાં પથારીમાંથી તે ઊભો થયો, ઊભો થઈ બધી તરફ ચારે દિશામાં દ્રૌપદી દેવીની તેણે તપાસ કરી, તપાસ કરતાં પણ તેને ક્યાંય દ્રૌપદી દેવીના અણસાર, અવાજ કે હલનચલન જાણવા ન મળતાં તે જ્યાં પાંડુ રાજા હતો ત્યાં આવ્યો, આવીને પાંડુ રાજા પાસે આ પ્રમાણે નિવેદન કર્યું—

'હે તાત! વાત એમ છે કે અગાસી પર અમે સુખે સુતાં હતાં ત્યારે મારી બાજુમાંથી દ્રૌપદી દેવીનું કોણ જાણે કોઈ દેવ કે દાનવ કે કિન્નર કે કિંપુરુષ કે મહોરગ કે ગાંધર્વે હરણ કર્યું છે, ઉપાડી ગયેલ છે કે ક્યાંક તેને નાખી દીધેલ છે. તો હે તાત! હું ઇચ્છું છું કે ચારે દિશામાં દ્રૌપદી દેવીની શોધખોળ કરવામાં આવે.'

ત્યારે પાંડુ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

"હે દેવાનુપ્રિયો! તમે જાઓ અને હસ્તિનાપુર નગરના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, રાજમાર્ગ અને સામાન્ય માર્ગોમાં ખૂબ જોર જોરથી ઘોષણા કરીને આમ બોલો—'હે દેવાનુપ્રિયો! મહેલની અગાસી પર સુખપૂર્વક સૂતેલા રાજા યુધિષ્ઠિરની પાસેથી દ્રૌપદી દેવીનું કોણ જાણે કોઈ દેવ, દાનવ, કિન્નર, કિંપુરુષ, મહોરગ અથવા ગંધર્વે અપહરણ કર્યું છે કે ઉપાડી ગયેલ છે કે ક્યાંક ફેંકી દીધેલ છે. તો હે દેવાનુપ્રિયો! જે કોઈ દ્રૌપદી દેવીના અણસાર, અવાજ કે હાલચાલના સમાચાર આપશે તેને પાંડુ રાજા વિપુલ ધન-સંપત્તિ આપશે.' આવી ઘોષણા કરો, અને ઘોષણા કરીને મારી આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો."

તે કૌટુંબિક પુરુષોએ તે પ્રમાણે ઘોષણા કરીને યાવત્ આજ્ઞાપૂર્તિની જાણ કરી.

**પાંડુ રાજા દ્વારા પ્રેષિત કુંતીનું કૃષ્ણને દ્રૌપદીની શોધ કરવા નિવેદન**

૯૯. ત્યાર પછી ઘોષણા કરવા છતાં જ્યારે પાંડુ રાજાને ક્યાંયથી પણ દ્રૌપદી દેવીના હાલચાલ કે સમાચાર ન મળ્યા ત્યારે તેણે કુન્તા દેવીને બોલાવી, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયે! તું દ્વારવતી નગરી જા અને જઈને કૃષ્ણ વાસુદેવને આ સમાચાર આપ, કૃષ્ણ વાસુદેવ જ દ્રૌપદી દેવીની શોધ કરી શકશે, નહીં તો દ્રૌપદી દેવીના સમાચાર કે હાલચાલ પણ જાણી શકાશે નહીં.'

૧૦૦ ત્યારે તે કુંતી દેવી પાંડુ રાજાની આ વાત સાંભળી યાવત્ સ્વીકારીને સ્નાન કરી, બલિકર્મ કરી શ્રેષ્ઠ હાથીની ખાંધે બેસી, હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચ થઈને નીકળી, નીકળીને કુરુ જનપદ વચ્ચેથી પસાર થઈ જ્યાં સૌરાષ્ટ્ર જનપદ હતું, જ્યાં દ્વારવતી નગરી હતી અને જ્યાં તે નગરીનો મુખ્ય ઉદ્યાન હતો ત્યાં આવી, આવીને હાથી પરથી નીચે ઊતરી, ઊતરીને કૌટુંબિક સેવકોને બોલાવી કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તમે દ્વારવતી નગરીમાં જાઓ, જ્યાં કૃષ્ણ વાસુદેવનો મહેલ છે ત્યાં જાઓ, જઈને તેમાં પ્રવેશી કૃષ્ણ વાસુદેવને બે હાથ જોડી શિરસાવર્તપૂર્વક અંજલિ રચી આ પ્રમાણે કહો—"હે સ્વામી! આપનાં ફઈ હસ્તિનાપુરથી અત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં આવ્યાં છે અને તમારા દર્શનની ઇચ્છા રાખે છે."

ત્યારે તે કૌટુંબિક પુરુષોએ યાવત્ કૃષ્ણ વાસુદેવને યાવત્ સમાચાર આપ્યા.

ત્યારે કૃષ્ણ વાસુદેવ કૌટુંબિક સેવકો પાસેથી આ સમાચાર સાંભળી જાણીને હૃષ્ટતુષ્ટ યાવત્ શ્રેષ્ઠ હાથી પર બેસી દ્વારિકા નગરી વચ્ચેથી પસાર થઈ જ્યાં કુંતી દેવી હતી ત્યાં આવ્યા, આવી હાથી પરથી નીચે ઊતર્યા, ઊતરીને કુંતી દેવીનો ચરણસ્પર્શ કર્યો, ચરણસ્પર્શ કરી કુંતી દેવીને સાથે લઈ હાથી પર બેઠા, બેસીને દ્વારવતી નગરીની વચ્ચોવચ્ચ થઈ જ્યાં પોતાનો મહેલ હતો ત્યાં આવ્યા, આવીને પોતાના મહેલમાં પ્રવેશ કર્યો.

૧૦૧. ત્યાર પછી જ્યારે કુંતી દેવી સ્નાન, બલિકર્મ અને ભોજન કરી, આચમન કરી પરમ શૂચિભૂત સ્વચ્છ થઈ શ્રેષ્ઠ આસન પર બિરાજમાન થયાં ત્યારે કૃષ્ણ વાસુદેવ આ પ્રમાણે બોલ્યા—

'હે ફઈબા ! આપના આગમનનું પ્રયોજન શું છે તે હવે કહો.'

ત્યારે કુંતી દેવીએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું—'હે પુત્ર ! વાત એમ છે કે હસ્તિનાપુર નગરીમાં મહેલની અગાસી પર નિરાંતે સૂતેલા યુધિષ્ઠિરની બાજુમાંથી કોણ જાણે કોઈએ દ્રૌપદી દેવીનું અપહરણ કર્યું છે, ઉપાડી ગયેલ છે કે પછી ક્યાંક તેને છૂપાવી દીધેલ છે. આથી હે પુત્ર ! હું ઇચ્છું છું કે તું ચારે દિશામાં દ્રૌપદી દેવીની શોધ કરી પત્તો મેળવ.'

ત્યારે કૃષ્ણ વાસુદેવે ફઈ કુંતીને કહ્યું—હે ફઈબા ! વધુ તો શું કહું, પરંતુ દ્રૌપદી દેવી વિશે જરા જેટલાય સમાચાર કે અણસાર પણ મેળવીશ તો હું ચાહે તે પાતાળમાં હો કે દેવલોકમાં કે અર્ધભરત ક્ષેત્રમાં હો હું તેને પોતાના હાથે જ તમારી સામે લઈ આવીશ.' આમ કહી પોતાની ફઈ કુંતીનું સન્માન–બહુમાન કર્યું, સન્માન કરી તેમને વિદાય આપી.

ત્યાર બાદ તે કુંતી દેવી જે દિશામાંથી આવેલ તે જ રસ્તે પાછી વળી ગઈ.

**કૃષ્ણના દ્રૌપદીની શોધ માટેના આદેશ**

૧૦૨. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને દ્વારિકા નગરીના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહામાર્ગ અને સામાન્ય માર્ગો પર જઈ, જોર જોરથી આવી ઘોષણા કરો–"હે દેવાનુપ્રિયો ! મહેલની અગાસી પર નિરાંતે સૂતેલા યુધિષ્ઠિર રાજાની પાસેથી કોઈ અણજાણ દેવ કે દાનવે, યા કોઈ કિન્નર, કિંપુરુષ, મહોરગ કે ગંધર્વે દ્રૌપદી રાણીનું હરણ કર્યું છે યા ઉપાડી ગમેલ છે. તો દેવાનુપ્રિયો ! જે કોઈ દ્રૌપદી દેવીના સમાચાર કે ભાળ આપશે તેને કૃષ્ણ વાસુદેવ વિપુલ ધનસંપત્તિ આપશે." આવી ઘોષણા કરાવો, કરાવીને મારી આજ્ઞા પૂર્ણ કર્યાની મને જાણ કરો.'

ત્યારે તે કૌટુંબિક સેવકોએ યાવત્ જાણ કરી.

ત્યાર પછી કોઈ એક વખત અંતઃપુરમાં રાણીઓ સાથે વાર્તાલાપ કરતા કૃષ્ણ વાસુદેવ શ્રેષ્ઠ સુખાસન પર બેઠા હતા.

**નારદ પાસેથી મળેલ દ્રૌપદીના સમાચાર**

૧૦૩. તે સમયે કચ્છુલ્લ નારદ યાવત્ અત્યંત વેગપૂર્વક ઊતરી આવ્યા.

ત્યારે કૃષ્ણ વાસુદેવે કચ્છુલ્લ નારદને આવતા જોયા, જોઈને આસન પરથી તે ઊઠયા, ઊઠીને તેમનો અર્ધ્ય, પાદ્ય દ્વારા સત્કાર કર્યો અને પછી આસન ગ્રહણ કરવા કહ્યું.

ત્યાર પછી કચ્છુલ્લ નારદ જળસિંચન કરી, દર્ભાસન બિછાવી તે પર બેઠા, બેસીને કૃષ્ણ વાસુદેવને કુશળ સમાચાર પૂછવા લાગ્યા.

ત્યારે કૃષ્ણ વાસુદેવે કચ્છુલ્લ નારદને કહ્યું—'હે દેવાનુપ્રિય ! તમે તો અનેક ગામ, આકર યાવત્ ગૃહોમાં જાઓ છો, તો ત્યાં ક્યાંય દ્રૌપદી દેવીના સમાચાર જાણ્યા સાંભળ્યા છે ખરા ?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે કચ્છુલ્લ નારદે કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય! એક વખત હું ધાતકી ખંડમાંના દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રની અપરકંકા નામે રાજધાનીમાં ગયો હતો. ત્યાં મેં પદ્મનાભ રાજાના મહેલમાં દ્રૌપદી દેવી જેવી કોઈ રાણી જોઈ હોય તેવું યાદ છે.'

ત્યારે કૃષ્ણ વાસુદેવે કચ્છુલ્લ નારદને કહ્યું—'હે દેવાનુપ્રિય! આ તમારું જ કામ લાગે છે!'

કૃષ્ણ વાસુદેવે આમ કહ્યું કે તરત જ કચ્છુલ્લ નારદે ઉત્પતનની વિદ્યાનું આહ્વાન કર્યું અને ઉત્પતનની વિદ્યાના બળે જે દિશામાંથી તે આવ્યા હતા તે દિશામાં પાછા ચાલી ગયા.

**પાંડવ સહિત કૃષ્ણનું દ્રૌપદીને લાવવા માટે ધાતકીખંડ પ્રતિ પ્રયાણ**

૧૦૪. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે દૂતને બોલાવ્યો, બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય! તું હસ્તિનાપુર નગરમાં જા અને જઈને ત્યાં પાંડુ રાજાને આ પ્રમાણે સંદેશ આપ કે, "હે દેવાનુપ્રિય! ધાતકી ખંડ દ્વીપના પૂર્વ દિશાવર્તી દક્ષિણાર્ધ ભારત વર્ષમાં અપરકંકા રાજધાનીમાં પદ્મનાભ રાજાના મહેલમાં દ્રૌપદી દેવી છે તેવી ભાળ મળી છે, તો પાંચે પાંડવો ચતુરંગિણી સેના સાથે લઈને પૂર્વ દિશાના વૈતાલિક-સમુદ્ર કિનારે જઈ મારી પ્રતીક્ષા કરે."

ત્યાર પછી તે દૂતે જઈને યાવત્ પ્રતીક્ષા કરવા કહ્યું. તેઓ પણ તે પ્રમાણે યાવત્ પૂર્વ દિશાના સમુદ્ર કિનારે જઈ કૃષ્ણની પ્રતીક્ષા કરવા લાગ્યા.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે તેમને કહ્યું—'હે દેવાનુપ્રિયો! તમે જાઓ અને યુદ્ધનું નગારું વગાડો.' તેઓએ જઈને તે પ્રમાણે કર્યું.

ત્યારે તે યુદ્ધભેરીનો અવાજ સાંભળીને સમુદ્રવિજય પ્રમુખ દશે દશાર્હ યાવત્ છપ્પન હજાર બળવાન યોદ્ધાઓ યુદ્ધ સજ્જ થઈ, કવચ બાંધી, ખભે બાણ અને ભાથા બાંધી, ગળે ગ્રૈવેયક પહેરી, પોતાના હોદ્દાના ચિહ્નરૂપ પટ્ટા બાંધી, આયુધ-પ્રહરણો લઈ, કોઈ ઘોડા પર સવાર થઈને તો કોઈ હાથી પર સવાર થઈને યાવત્ સુભટસમૂહ સાથે જ્યાં સુધર્મસભા હતી, જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં આવ્યા, આવીને બન્ને હાથ જોડી શિર પર આવર્ત કરી અંજલિ રચી જય-વિજય શબ્દોથી કૃષ્ણને વધાવવા લાગ્યા.

**કૃષ્ણનું દેવ આરાધન**

૧૦૫. ત્યાર પછી તે કૃષ્ણ વાસુદેવ શ્રેષ્ઠ હાથી પર બિરાજમાન થઈ, કોરંટ પુષ્પોની માળાઓવાળા છત્રને ધારણ કરી, શ્વેત ચામરોના વીંજણા સાથે, હાથી-ઘોડા-રથ-યોદ્ધાઓની બનેલ ચતુરંગિણી સેના સાથે, મહાન સુભટો, ઉત્તમ રથો અને પદાતિઓથી ઘેરાઈને, દ્વારિકા નગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યા, નીકળીને જ્યાં પૂર્વ દિશાનો સમુદ્ર કિનારો હતો ત્યાં ગયા, જઈને પાંચે પાંડવોની સાથે જોડાયા, સાથે મળીને સ્કંધાવાર(છાવણી)ની સ્થાપના કરી, સ્કંધાવાર રચ્યા પછી પૌષધશાળામાં પ્રવેશ્યા, પ્રવેશીને મનોમન સુસ્થિત દેવનું સ્મરણ (જપ) કરવા લાગ્યા.

ત્યાર પછી કૃષ્ણ વસુદેવને તે રીતે અઠ્ઠમ તપ પૂરું થયું ત્યારે સુસ્થિત દેવ યાવત્ આવ્યો [અને કહ્યું]–'હે દેવાનુપ્રિય! કહો મારું શું કામ છે?'

**કૃષ્ણના નિર્દેશથી સુસ્થિતદેવે લવણસમુદ્રમાં કરેલ માર્ગ**

૧૦૬ ત્યારે કૃષ્ણ વાસુદેવે સુસ્થિત દેવને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય! દ્રૌપદી દેવીને હરી જઈ ધાતકી ખંડદ્વીપના પૂર્વ દિશાવર્તી દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં અપરકંકા રાજધાનીમાં પદ્મનાભ રાજાના મહેલમાં રાખવામાં આવી છે. એટલે હે દેવાનુપ્રિય! તું પાંડવોના પાંચ અને છઠ્ઠો મારો એમ છયે રથોને માટે લવણસમુદ્ર વચ્ચે માર્ગ કરી આપ, જેથી હું અપરકંકા રાજધાનીમાં દ્રૌપદીની વહારે જઈ શકું.'

ત્યારે તે સુસ્થિત દેવે કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિય! જેવી રીતે પદ્મનાભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજાના પૂર્વસંગી દેવે જંબૂદ્વીપના ભારતવર્ષમાં રહેલા હસ્તિનાપુર નગરમાંથી રાજા યુધિષ્ઠિરના મહેલમાંથી દ્રૌપદી દેવીનું અપહરણ કર્યું હતું તેવી જ રીતે હું પણ ધાતકી ખંડ દ્વીપના ભારતવર્ષમાંથી અપરકંકા રાજધાનીમાંના પદ્મનાભ રાજાના મહેલમાંથી દ્રૌપદી દેવીને હસ્તિનાપુર ઉપાડી લાવું ? કે પછી સૈન્ય અને વાહનો સાથે પદ્મનાભ રાજાને લવણસમુદ્રમાં ફેંકી દઉં ?'

૧૦૭. ત્યારે કૃષ્ણ વાસુદેવ સુસ્થિત દેવને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! જેવી રીતે પદ્મનાભ રાજાના પૂર્વસંગી દેવે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં રહેલ હસ્તિનાપુર નગરમાં યુધિષ્ઠિર રાજાના ભવનમાંથી દ્રૌપદી દેવીનું અપહરણ કર્યું છે તેવી રીતે ધાતકી ખંડમાં ભારતવર્ષની અપરકંકા રાજધાનીમાંથી પદ્મનાભ રાજાના મહેલમાંથી દ્રૌપદી દેવીને ઉપાડીને હસ્તિનાપુર લાવવાની નથી, પરંતુ હે દેવાનુપ્રિય ! તમે માત્ર પાંચ પાંડવ સહિત છઠ્ઠા મારા—એમ છયે રથોને જવા માટે લવણસમુદ્રમાં માર્ગ કરી દો. એટલે હું પોતે જ દ્રૌપદી દેવીની વહારે જઈશ.'

ત્યારે તે સુસ્થિત દેવે કૃષ્ણ વાસુદેવને આમ કહ્યું—'ભલે, એમ હો,' અને આમ કહી તેણે પાંચ પાંડવો અને છઠ્ઠા કૃષ્ણ વાસુદેવના રથને જવા માટે લવણસમુદ્રમાં માર્ગ કરી આપ્યો.

**પદ્મનાભ સમીપે કૃષ્ણ દ્વારા દૂત-પ્રેષણ**

૧૦૮. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ ચતુરંગિણી સેનાને વિદાય કરીને પાંચ પાંડવો અને છઠ્ઠા પોતે છ રથમાં બેસીને લવણસમુદ્રની વચ્ચોવચ્ચ થઈને પસાર થયા, પસાર થઈને જ્યાં અપરકંકા રાજધાનીનો મુખ્ય ઉદ્યાન હતો ત્યાં જઈને પહોંચ્યા, ત્યાં જઈને રથો ઊભા રાખ્યા, ઊભા રાખીને સારથિ દારુકને બોલાવ્યો, બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! તુ જા અને અપરકંકા નગરીમાં પ્રવેશ કર, પ્રવેશ કરી પદ્મનાભ રાજાના પાદપીઠને ડાબા પગે દબાવીને ભાલાની અણી વડે આ લેખ (પત્ર) તેને પહોંચાડ, પહોંચાડીને લલાટમાં ત્રણ વળ પાડી, ભમર ચડાવી, ક્રોધથી લાલ આંખો કરી, ગુસ્સે થઈ, કોપાયમાન બની ચંડરૂપ ધારણ કરી આ પ્રમાણે કહે—'અરે ઓ પદ્મનાભ ! અપ્રાર્થિત(મૃત્યુ)ની પ્રાર્થના કરનાર ! બૂરી રીતે મરવાનાં લક્ષણ ધરાવનાર ! અભાગી ચૌદશીઆ ! શ્રી-હ્રી-ધૃતિ અને કીર્તિ દ્વારા ત્યજી દેવાયેલા ! આજ તું જીવતો રહેવાનો નથી. શું તું નથી જાણતો કે તું અહીં ઉપાડી લાવ્યો છે તે દ્રૌપદી દેવી કૃષ્ણ વાસુદેવની ભગિની છે ? આટલું થયા છતાં હજુ તું કૃષ્ણ વાસુદેવને દ્રૌપદી દેવી પાછી સોંપી દે, નહીં તો યુદ્ધ માટે તૈયાર થઈ બહાર નીકળ. એ કૃષ્ણ વાસુદેવ પાંચ પાંડવો સાથે છઠ્ઠા પોતે દ્રૌપદી દેવીની વહારે હવે આવી ચડયા છે.'

૧૦૯ ત્યાર પછી તે દારુક સારથિએ કૃષ્ણ વાસુદેવના આવા વચનથી હૃષ્ટપુષ્ટ થઇ તેમની આજ્ઞા સ્વીકારી, આજ્ઞા સ્વીકારીને અપરકંકા રાજધાનીમાં પ્રવેશ્યો, પ્રવેશીને જ્યાં પદ્મનાભ હતો ત્યાં આવ્યો, આવીને બે હાથ જોડી મસ્તક પર આવર્તન કરી અંજલિ રચી જય-વિજય શબ્દો વડે તેને વધાવ્યો, વધાવીને આ પ્રમાણે બોલ્યો—'હે સ્વામિ ! આ મારો આપના તરફ શિષ્ટાચાર છે, પરંતુ મારા સ્વામીના મુખે કહેવામેલ આ આજ્ઞા જુદી જ છે.' આમ કરી તેણે ક્રોધથી આંખો રાતી કરીને ડાબા પગથી પાદપીઠ દબાવીને ભાલાની અણીએ પત્ર આપ્યો, આપીને કપાળમાં ત્રણ વળ પાડીને ભમર ખેંચીને, કોપાયમાન થઈ, ચંડરૂપ ધારણ કરી આ પ્રમાણે કહ્યું—'અરે ઓ પદ્મનાભ ! અકાળમરણની ઇચ્છા કરનાર ! બૂરી રીતે મરવાનાં લક્ષણ ધરાવનાર ! અભાગી ! ચૌદશીઆ ! શ્રી-હ્રી-ધૃતિ-કીર્તિ દ્વારા ત્યક્ત ! આજ તું હતો ન હતો થઇ જઈશ. શું તું નથી જાણતો કે તું જેને અહીં ઉપાડી લાવ્યો છે તે દ્રૌપદી દેવી કૃષ્ણ વાસુદેવની ભગિની છે ? હજુ તું આટલું થવા છતાં દ્રૌપદી દેવીને પાછી સોંપી દે, નહીં તો યુદ્ધ માટે તૈયાર થઈ બહાર નીકળ. કૃષ્ણ વાસુદેવ પાંચે પાંડવો સહિત છઠ્ઠા પોતે દ્રૌપદી દેવીને પાછી લેવા આવી પહોંચ્યા છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પદ્મનાભ દ્વારા દૂતનું અપમાન—**

૧૧૦. ત્યાર પછી તે પદ્મનાભે દારુક સારથીએ આ પ્રમાણે કહેતાવેંત ક્રોધથી લાલપીળો થઈને, રુષ્ટ થઈને, પ્રચંડ કોપ કરીને, કપાળ પર ત્રણ વળ પાડીને, ભ્રમર ખેંચીને આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિય ! હું કૃષ્ણ વાસુદેવને દ્રૌપદી પાછી નહીં આપું. આ હું યુદ્ધ માટે તૈયાર છું અને બહાર આવું છું.' આમ કહી ફરી દારુક સારથીને આ પ્રમાણે તેણે કહ્યું–

'હે દૂત ! રાજનીતિ અનુસાર દૂત અવધ્ય છે [એટલે હું તને મારતો નથી-જીવતો જવા દઉં છું.]' એમ કહી અસત્કાર, અપમાન, તિરસ્કાર કરી તેને પાછલા બારણેથી કાઢી મૂક્યો.

**દૂતનું કૃષ્ણ સમીપે આગમન—**

૧૧૧. ત્યાર બાદ તે દારુક સારથી પદ્મનાભ રાજા દ્વારા અસત્કારિત, અપમાનિત અને તિરસ્કૃત કરાઈને પાછલા બારણેથી કાઢી મુકાયો એટલે તે પાછો ફરી જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં આવ્યો, આવીને બે હાથ જોડી શિરસાવર્ત અંજલિ રચીને જય-વિજય શબ્દો દ્વારા વધામણી આપીને કૃષ્ણ વાસુદેવને આમ કહેવા લાગ્યો—

'હે સ્વામિ ! આપની આજ્ઞા અનુસાર હું અપરકંકા રાજધાનીમાં ગયો હતો યાવત્ પાછલા બારણેથી પાછો કાઢી મૂક્યો.'

**પદ્મનાભનું પાંડવો સાથે યુદ્ધ—**

૧૧૨. ત્યારપછી પદ્મનાભે પોતાના સેનાપતિને બોલાવ્યો, બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિય ! તરત જ અભિષેક-હસ્તી સજ્જ કરો.' અને પછી કલાચાર્યના ઉપદેશથી પ્રાપ્ત મતિકલ્પનાથી ઉત્પન્ન થયેલા વિકલ્પો દ્વારા નિષ્ણાતોએ ઉજ્જવલ વેશભૂષા આદિથી હસ્તીરત્નને સજ્જ કર્યો અને સજ્જ કરી પદ્મનાભની સમક્ષ ઉપસ્થિત કર્યો.

ત્યાર બાદ પદ્મનાભ યુદ્ધ માટે સજ્જ થઈ કવચ આદિ બાંધી યાવત્ આભિષેક્ય હસ્તીરત્ન પર સવાર થયો, સવાર થઈ અશ્વ, હાથી, રથ અને પ્રવર યોદ્ધાઓની બનેલી ચતુરંગિણી સેના સાથે અને મહાન સુભટો, રથો અને પદાતિઓના સમૂહથી ઘેરાઈને જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં જવા ઉદ્યત થયો.

૧૧૩. ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવે પદ્મનાભ રાજાને આવતો જોયો, જોઈને તેમણે પાંચે પાંડવોને કહ્યું–'અરે બાળકો ! તમે પદ્મનાભ રાજા સાથે યુદ્ધ કરશો કે [હું યુદ્ધ કરું તે] જોશો ?

ત્યારે તે પાંચે પાંડવોએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું—'હે સ્વામિ ! અમે યુદ્ધ કરીશું, તમે યુદ્ધ જોજો.'

ત્યારે તે પાંચે પાંડવો યુદ્ધ-સજ્જ થઈ કવચાદિ બાંધીને યાવત્ શસ્ત્રાસ્ત્રો લઈને રથ પર આરૂઢ થયા, રથારૂઢ થઈને જ્યાં પદ્મનાભ રાજા હતો ત્યાં આવ્યા, આવીને આ પ્રમાણે બોલ્યા–'આજ કાં તો અમે છીએ કાં પદ્મનાભ રાજા છે.' આમ કહી પદ્મનાભ રાજા સાથે યુદ્ધ કરવા લાગ્યા.

**પાંડવોનો પરાજય—**

૧૧૪. ત્યાર બાદ તે પદ્મનાભ રાજાએ પાંચે પાંડવોને તરત જ યુદ્ધમાં થકવીને પરાજિત કર્યા, તેમના વીર યોદ્ધાઓને હણી નાખ્યા, તેમના ધ્વજ-પતાકા અને વિજયચિહ્નો નષ્ટ કરી દીધાં, તેમની સેનાને કંઠે પ્રાણ આવી જાય એવી હતોત્સાહ કરી છિન્ન ભિન્ન કરી ચારે દિશામાં ભગાડી લીધી.

ત્યારે તે પાંચે પાંડવો પદ્મનાભ રાજા દ્વારા યુદ્ધમાં થાકી ગયા, હારી ગયા, તેમના યોદ્ધાઓ ઘાયલ થયા-હણાયા, તેમનાં ધ્વજા-પતાકાઓ નાશ પામ્યાં અને તેમની સેના કંઠે પ્રાણ લઈ ચારે દિશામાં છિન્ન ભિન્ન થઈ ભાગી ગઈ ત્યારે શત્રુસેનાનો સામનો કરવામાં અસમર્થ, બળ-વીર્યહીન થઈને, પુરુષાર્થ-પરાક્રમહીન થઈને, યુદ્ધમાં ટકી રહેવું મુશ્કેલ સમજીને જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં પાછા આવ્યા.

**કૃષ્ણ દ્વારા પરાજય કારણ કથન અને યુદ્ધ—**

૧૧૫. ત્યારે કૃષ્ણ વાસુદેવે તે પાંચે પાંડવોને પૂછ્યું–'હે દેવાનુપ્રિયો ! તમે કેવી રીતે પદ્મનાભ રાજા સાથે યુદ્ધ કરવા લાગ્યા હતા ?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે તે પાંચે પાંડવોએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિય! અમે આપની આજ્ઞા લઈને યુદ્ધસજ્જ થયા અને કવચ આદિ બાંધી યાવત્ રથ પર આરૂઢ થયા, રથારૂઢ થઈને જ્યાં પદ્મનાભ હતો ત્યાં તેની સામે ગયા, જઈને આ પ્રમાણે બોલ્યા–"આજ કાં તો અમે છીએ, કાં પદ્મનાભ રાજા છે." આમ કહી યુદ્ધ કરવા લાગ્યા. ત્યારે તે પદ્મનાભ રાજાએ તરત જ અમને થકવી દીધા, અમારા વીરોને ઘાયલ કર્યા. અમારી ધ્વજાઓ-પતાકાઓ નષ્ટ ભ્રષ્ટ કરી નાખી અને અમારી સેના જીવ હાથમાં લઈ ચારે દિશામાં છિન્ન ભિન્ન થઈ ભાગી ગઈ.

૧૧૬. ત્યારે કૃષ્ણ વાસુદેવે તે પાંચે પાંડવોને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિયો! જો તમે આમ બોલ્યા હોત કે "અમે છીએ, પદ્મનાભ રાજા આજ નથી." અને એમ બોલીને પદ્મનાભ સાથે યુદ્ધ કર્યું હોત તો પદ્મનાભ તમને હતાશ ન કરી શકત, ન તમારા યોદ્ધાઓને હણી શકત, ન તમારી ધ્વજ-પતાકાઓ તોડી ફોડી શકત, અને ન તમારું સૈન્ય જીવ હાથમાં લઈ ચારે દિશામાં ભાગી જાત.'

'હે દેવાનુપ્રિયો! હવે તમે જુઓ. "આજે હું છું, પદ્મનાભ રાજા નથી." એમ કહી પદ્મનાભ રાજા સાથે યુદ્ધ કરીશ.' આમ કહી કૃષ્ણ વાસુદેવ રથારૂઢ થયા, રથારૂઢ થઈ જ્યાં પદ્મનાભ રાજા હતો ત્યાં તેની સામે ગયા, જઈને શ્વેત, ગાયના દૂધના ફીણ સમાન ને મોતીના હાર સમાન, ધવલ મલ્લિકા, નિર્ગુન્ડી અને કુન્દ પુષ્પ સમાન શ્વેત, ચન્દ્ર સમાન ઉજ્જવળ અને પોતાની સેનામાં હર્ષ ઉત્પન્ન કરનાર અને શત્રુસૈન્યનો વિનાશ કરનાર પંચજન્ય શંખ હાથમાં લીધો, હાથમાં લઈ મુખવાયુથી પૂર્યો-વગાડ્યો.

ત્યારે તે શંખના અવાજથી જ પદ્મનાભની સેનાનો ત્રીજો ભાગ તો હતાશ, હારેલા જેવો થઈ ગયો, તેના વીર યોદ્ધાઓ હતપ્રાણ થયા, તેનાં ધ્વજ–નિશાનો નષ્ટ થયાં અને કંઠે પ્રાણ વાળી તે ત્રીજા ભાગની સેના ચારે દિશાઓમાં વીખરાઈ ગઈ.

૧૧૭. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે—

તત્કાળ ઉદય પામેલ બાલ ચંદ્ર અને ઈન્દ્ર-ધનુષ્યના જેવા આકારવાળું,

અહંકારથી ગર્વિષ્ઠ શ્રેષ્ઠ મહિષ(પાડા)ના સઘન સિંગના અગ્ર ભાગ જેવું મજબૂત,

શ્રેષ્ઠ નાગ, પ્રવર મહિષ, ઉત્તમ કોકિલા, ભ્રમરસમૂહ અને ગળીની ગુટિકા જેવું સ્નિગ્ધ, શ્યામ કાંતિવાળું,

તેજથી જાજવલ્યમાન, અને નિર્મળ પૃષ્ઠ ભાગવાળું, નિપુણ શિલ્પીઓ દ્વારા નિર્મિત, દેદીપ્યમાન મણિરત્નોની ઘંટડીઓની હારથી વીંટળાયેલ,

વીજળી જેવાં ચમકદાર રક્તવર્ણ કિરણોવાળા સુવર્ણના ચિહ્નોથી બાંધેલ,

સઘન મલયગિરિના શિખરવાસી સિંહની કેશવાળી, ચમરી ગાયની પૂંછડીના વાળ, અને અર્ધ ચન્દ્રનાં ચિહ્નોવાળું,

કૃષ્ણ, હરિત, રક્ત, પીત અને શુકલ વર્ણના સ્નાયુઓથી જેની પ્રત્યંચા બાંધી છે એવું,

[શત્રુઓના] જીવનનો અંત કરનાર ધનુષ્ય હાથમાં લીધું, હાથમાં લઈ તેની પ્રત્યંચા ચઢાવી, પ્રત્યંચા ચડાવી ટંકાર કર્યો.

ત્યારે તે પદ્મનાભની સેનાનો ફરી ત્રીજો ભાગ તે ધનુષ્યના ટંકારથી હત, મથિત, અને જેના શ્રેષ્ઠ વીરો નાશ પામ્યા છે તેવો, ધ્વજ–પતાકા અને સૈન્યચિહ્નો રહિત થઈને જીવ બચાવીને ચારે દિશામાં ભાગી છૂટ્યો.

**પદ્મનાભનું પલાયન થવું—**

૧૧૮. ત્યાર પછી સેનાનો ત્રીજો ભાગ બાકી રહી ગયો એટલે તે પદ્મનાભ રાજા સામર્થ્યહીન, બળહીન, વીર્યહીન, પુરુષાર્થ-પરાક્રમહીન થઈને અને હવે જીવ બચાવવો મુશ્કેલ છે એમ વિચારી શીઘ્ર, ત્વરિત, ચપળ, પ્રચંડ વેગથી જ્યાં અપરકંકા રાજધાની હતી ત્યાં આવ્યો, આવીને રાજધાનીમાં પ્રવેશ્યો, પ્રવેશીને નગરના દરવાજા બંધ કરાવ્યા, દરવાજા બંધ કરાવીને નગર પરના આક્રમણનો સામનો કરવા તૈયાર થઈને રહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કૃષ્ણની નરસિંહરૂપ-વિકુર્વણા—**

**૧૧૯.** ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ જ્યાં અપરકંકા નગરી હતી ત્યાં પહોંચ્યા, ત્યાં પહોંચી રથને અટકાવ્યો, રથ ઊભો રાખી રથમાંથી નીચે ઊતર્યા, રથમાંથી નીચે ઊતરી વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો, વૈક્રિય સમુદ્‌ઘાત કરી એક વિશાળ નરસિંહના રૂપની વિકુર્વણા કરી, વિકુર્વણા કરી ભયંકર ગર્જના સાથે જમીન પર પગ પટકયા.

ત્યારે કૃષ્ણ વાસુદેવે આવી ભયંકર ગર્જના સાથે જમીન પર પગ પટકયા તેના અવાજથી અપરકંકા રાજધાનીના પ્રાકાર (કોટ), ગોપુર (દરવાજા), અટ્ટાલિકાઓ (ઝરુખા), ચારિકા (કોટ અને નગર વચ્ચેનો ભાગ), તોરણો અને શ્રેષ્ઠ ભવનો તથા શ્રીગૃહ (ભંડાર) તડ તડ કરતાં તૂટીને જમીન પર પડયાં.

**પદ્મનાભનું કૃષ્ણ શરણે જવું—**

**૧૨૦.** ત્યારે તે પદ્મનાભ રાજા અપરકંકા નગરીના પ્રાકાર, ગોપુર, અટ્ટાલિકાઓ, ચારિકા, તોરણ, ઉત્તમ ભવનો અને ભંડારગૃહને તડતડ તૂટી નીચે પડેલાં જોઈ ભયભીત બની દ્રૌપદી દેવીના શરણે ગયો.

ત્યારે દ્રૌપદી દેવીએ પદ્મનાભ રાજાને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! શું તું નહોતો જાણતો કે કૃષ્ણ વાસુદેવ જેવા શ્રેષ્ઠ પુરુષને અપ્રિય એવું કાર્ય તેં મને અહીં લાવીને કર્યું છે ? ખેર. તેમ છતાં હે દેવાનુપ્રિય ! તું જઈને સ્નાન કરી ભીનાં વસ્ત્રો પહેરી અને તે વસ્ત્રોના છેડા નીચા રાખી તથા અંતઃપુરની રાણીઓ આદિ પરિવાર સાથે લઈને, ઉત્તમ રત્નોની ભેટ લઈને, મને આગળ કરીને કૃષ્ણ વાસુદેવ સમીપે જઈ બે હાથ જોડી મસ્તક પાસે અંજલિ રચી, પગમાં પડી તેમનું શરણ માગ. હે દેવાનુપ્રિય ! ઉત્તમ પુરુષો શરણાગત-વત્સલ હોય છે.'

**૧૨૧.** ત્યાર બાદ તે પદ્મનાભે દ્રૌપદી દેવીની આ વાત સાંભળી તરત સ્નાન કરી ભીંજાયેલાં વસ્ત્રો પહેરી અને તે વસ્ત્રોના છેડા નીચા રાખી, અંતઃપુર સહિત, ઉત્તમ રત્નોની ભેટ સાથે લઈ, દ્રૌપદી દેવીને આગળ રાખી, કૃષ્ણ વાસુદેવ પાસે જઈ દશે આંગળીઓ એકઠી કરી (બે હાથ જોડી) મસ્તકે અંજલિ રચીને, પગમાં પડી શરણ માગ્યું, શરણ માગતાં આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિય ! મેં આપની ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય, પુરુષાર્થ અને પરાક્રમ જોયાં. હે દેવાનુપ્રિય ! હું આપની ક્ષમા માગું છું. હે દેવાનુપ્રિય ! મને ક્ષમા કરો. હે દેવાનુપ્રિય ! આપ ક્ષમા કરવા સમર્થ છો. હુ ફરી કદી આમ કરીશ નહીં.' આમ કહી અંજલિપૂર્વક પગે પડી તેણે કૃષ્ણ વાસુદેવને દ્રૌપદી દેવીની સોંપણી કરી.

**દ્રૌપદી સહિત કૃષ્ણ અને પાંડવોનું પ્રત્યાગમન—**

**૧૨૨.** ત્યારે તે કૃષ્ણ વાસુદેવે પદ્મનાભને આ પ્રમાણે કહ્યું—'અરે ઓ પદ્મનાભ ! અનિચ્છિત (મૃત્યુ)-ની ઈચ્છાવાળા ! દુર્લક્ષણ ! હીનપુણ્ય ! ચતુર્દશીના જન્મનાર ! શ્રી-હ્રી-ધૃતિ-કીર્તિએ ત્યજેલા ! શું તું મને ઓળખતો ન હતો કે જેથી મારી ભગિની દ્રૌપદી દેવીને અહીં હરી લાવ્યો ? તો પણ એ બધું હું જતું કરું છું અને તને હવે મારા તરફથી કોઈ ભય નથી.' આમ કહી તેમણે પદ્મનાભને વિદાય કર્યો અને દ્રૌપદી દેવીને સાથે લીધાં, સાથે લઈ રથારૂઢ થયા, રથારૂઢ થઈ જ્યાં પાંચ પાંડવો હતા ત્યાં આવ્યા, આવી પાંચે પાંડવોને દ્રૌપદી દેવીની સોંપણી કરી.

ત્યાર પછી પાંચે પાંડવો અને છઠ્ઠા કૃષ્ણ પોતે છ રથોમાં બેસી લવણસમુદ્રની વચ્ચોવચ્ચ થઈને જ્યાં જંબૂદ્વીપનું ભરતક્ષેત્ર હતું ત્યાં જવા રવાના થયા.

**ધાતકી ખંડના ભરતક્ષેત્રના કપિલ વાસુદેવ અને કૃષ્ણ વાસુદેવના યુગલનું શંખધ્વનિ દ્વારા મિલન—**

**૧૨૩.** તે કાળે તે સમયે ધાતકી ખંડના દ્વીપના પૂર્વાર્ધ ભાગમાં આવેલા ભરતક્ષેત્રમાં ચંપા નામે નગરી હતી. પૂર્ણભદ્ર નામે ચૈત્ય હતું.

તે ચંપા નગરીમાં કપિલ નામે વાસુદેવ રાજા હતો, જે રાજાઓમાં મહાન હિમવંત, મહાન મલય અને મંદરાચલ જેવો શ્રેષ્ઠ રાજા હતો—વર્ણન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે કાળે ને સમયે અર્હંન્ મુનિસુવ્રત પ્રભુનું ચંપા નગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં આગમન થયું, સમોસરણ રચાયું, કપિલ વાસુદેવે ધર્મ શ્રવણ કર્યું.

૧૨૪. તે સમયે મુનિસુવ્રત તીર્થંકરના ઉપદેશનું શ્રવણ કરતી વેળાએ કપિલ વાસુદેવે કૃષ્ણ વાસુદેવના શંખનો ધ્વનિ સાંભળ્યો.

૧૨૫. ત્યારે તે કપિલ વાસુદેવને આવો, આવા પ્રકારનો આંતરિક, માનસિક, મનોગત સંકલ્પ-વિચાર થયો—'શું ધાતકી ખંડ દ્વીપના ભારત વર્ષમાં બીજો વાસુદેવ ઉત્પન્ન થયો છે કે જેના શંખનો અવાજ એવો જણાય છે કે જાણે તે મારા મુખના વાયુથી વગાડાતો હોય ?' આમ કપિલ વાસુદેવે શંખધ્વનિ સાંભળ્યો.

ત્યાર બાદ મુનિસુવ્રત અર્હંતે કપિલ વાસુદેવને આ પ્રમાણે પૂછ્યું—'હે કપિલ વાસુદેવ ! મારી પાસે ધર્મશ્રવણ કરતાં કરતાં શંખધ્વનિ સાંભળીને તને આવા પ્રકારનો આંતરિક ભાવ-વિચાર વિકલ્પ ઉત્પન્ન થયો કે—શું ધાતકી ખંડના ભારત વર્ષમાં બીજો વાસુદેવ પેદા થયો છે કે જેના શંખનો ધ્વનિ જાણે કે મારા મુખના વાયુથી થતા ધ્વનિ જેવો જ છે ? હે કપિલ વાસુદેવ ! આ વાત સાચી ?'

'હા સાચી છે' (કપિલ વાસુદેવે ઉત્તર આપ્યો.)

ત્યારે મુનિસુવ્રત અર્હંતે ફરી કહ્યું – 'હે કપિલ વાસુદેવ ! એવું ક્યારે પણ થયું નથી, થતું નથી કે થશે પણ નહીં કે એક જ ક્ષેત્રમાં, એક યુગમાં અને એક જ સમયમાં બે તીર્થંકર, બે ચક્રવર્તી, બે બળદેવ કે બે વાસુદેવ ઉત્પન્ન થયા હોય કે ઉત્પન્ન થતા હોય કે ઉત્પન્ન થશે.

પરંતુ હે વાસુદેવ ! વાત એમ છે કે જંબૂદ્વીપના ભરતક્ષેત્રના હસ્તિનાપુર નગરના પાંડુ રાજાની પુત્રવધૂ, પાંચ પાંડવોની ભાર્યા દ્રૌપદી દેવીને તમારો પદ્મનાભ રાજા પોતાના પૂર્વના સાથી દેવની મદદથી અપહરણ કરી અપરકંકા નગરીમાં લઈ આવ્યો હતો. એટલા માટે કૃષ્ણ વાસુદેવ પાંચ પાંડવો સહિત છઠ્ઠા પોતે રથારૂઢ થઈ દ્રૌપદી દેવીને છોડાવવા માટે અપરકંકા રાજધાનીમાં આવ્યા છે. એટલે પદ્મનાભ રાજા સાથે યુદ્ધ કરતી વેળાએ કૃષ્ણ વાસુદેવ દ્વારા વગાડાયેલા શંખનો અવાજ જાણે કે તેં જ વગાડેલ શંખ હોય તેવો સંભળાઈ રહ્યો છે.'

૧૨૬. ત્યાર પછી કપિલ વાસુદેવે મુનિસુવ્રત અર્હંતને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું – 'હે ભગવંત ! હું જાઉં અને પુરુષોત્તમ તથા સમાન પુરુષ એવા કૃષ્ણ વાસુદેવને જોઉં.'

ત્યારે મુનિસુવ્રત અર્હંતે તે કપિલ વાસુદેવને આ પ્રમાણે કહ્યું – 'હે દેવાનુપ્રિય ! એવું ક્યારેય બન્યું નથી, બનતું નથી, બનશે નહિ કે એક તીર્થંકર બીજા તીર્થંકરને જુએ, એક ચક્રવર્તી બીજા ચક્રવર્તીને જુએ, બળદેવ બીજા બળદેવને જુએ કે વાસુદેવ બીજા વાસુદેવને જોઈ શકે. તો-પણ તું લવણસમુદ્રની મધ્યેથી પસાર થતા કૃષ્ણ વાસુદેવની શ્વેત-પીત ધ્વજાઓના ઉપરના ભાગને જોઈ શકીશ.'

૧૨૭. ત્યાર પછી તે કપિલ વાસુદેવે મુનિસુવ્રત અર્હંતને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી તે હાથી પર સવાર થયો, સવાર થઈ શીઘ્રતાથી, ઝડપથી, ત્વરાથી, પ્રચંડ વેગપૂર્વક જ્યાં સમુદ્ર-કિનારો હતો ત્યાં ગયો, ત્યાં જઈને તેણે લવણ-સમુદ્રની વચ્ચે થઈને જઈ રહેલા કૃષ્ણ વાસુદેવની શ્વેત-પીત ધ્વજાઓના ઉપરના ભાગને જોયા, જોઈને તે આ પ્રમાણે બોલ્યો—'આ મારા સમાન પુરુષ પુરુષોત્તમ કૃષ્ણ વાસુદેવ લવણસમુદ્રની વચ્ચોવચ્ચ થઈને જઈ રહ્યા છે.' આમ કહી તેણે પંચજન્ય શંખ હાથમાં લીધો, લઈને પોતાના મુખવાયુથી પૂર્યો-ફૂંક્યો.

ત્યારે કૃષ્ણ વાસુદેવે કપિલ વાસુદેવના શંખનો અવાજ સાંભળ્યો, સાંભળીને પોતાનો પંચજન્ય શંખ હાથમાં લીધો, લઈને મુખવાયુથી પૂર્યો અર્થાત્ ફૂંકીને વગાડ્યો.

ત્યારે આ રીતે બન્ને વાસુદેવના શંખધ્વનિ દ્વારા સામાચારી થઈ અર્થાત્ શંખધ્વનિના માધ્યમથી બન્નેનું મિલન થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કપિલ દ્વારા પદ્મનાભનું નિર્વાસન—

૧૨૮. ત્યાર પછી કપિલ વાસુદેવ જ્યાં અપરકંકા રાજધાની હતી ત્યાં આવ્યો, ત્યાં આવી અપરકંકા રાજધાનીને પૂર્ણપણે નાશ પામેલ તથા તેના કોટ, દરવાજા, અટ્ટાલિકાઓ, ચારિકા, તોરણ, આસન અને ભંડારો તડનડ કરીને જમીન પર તૂટી પડેલ જોયાં, જોઈને પદ્મનાભ રાજાને તેણે આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિય ! આ અપરકંકા રાજધાની ભગ્ન કોટ, ગોપુર, અટ્ટાલિકા, ચારિકા, તોરણ, આસન, શ્રેષ્ઠ ભવન અને ભંડારોવાળી, ધરતીગ્રસ્ત કેવી રીતે થઈ ?'

ત્યારે પદ્મનાભ રાજાએ કપિલ વાસુદેવને આ પ્રમાણે કહ્યું-હે સ્વામી ! જંબૂદ્વીપ નામક દ્વીપના ભરત ક્ષેત્રના કૃષ્ણ વાસુદેવે અહીં હમણાં જ આવીને તમારું અપમાન કરી અપરકંકા રાજધાનીના ગોપુર, અટ્ટાલય, ચારિકા, તોરણ, આસન, શ્રેષ્ઠ ભવનો અને ભાંડાગાર ધ્વસ્ત કરી સરસર કરતા જમીન પર પછાડી દીધાં અર્થાત્ તોડી પાડયા છે.'

ત્યારે કપિલ વાસુદેવે પદ્મનાભનો આવો ઉત્તર સાંભળીને આમ કહ્યું-'અરે ઓ પદ્મનાભ ! અપ્રાર્થિતની પ્રાર્થના કરનાર ! દુરંતપ્રાંતલક્ષણ ! હીનપુન્ય ચાતુર્દશિક ! શ્રી-હ્રી-ધૃતિ-કીર્તિ દ્વારા ત્યક્ત ! શું તું નથી જાણતો કે તેં મારા જેવા જ સમાન પુરુષ કૃષ્ણ વાસુદેવનું અનિષ્ટ કર્યું હતું ?' આમ કહી પ્રચંડ ક્રોધથી ધમધમતા તેણે કપાળ પર ત્રણ વળ પાડીને, ભૃકુટિ ચડાવીને પદ્મનાભને દેશનિકાલની આજ્ઞા કરી, અને પદ્મનાભના પુત્રનો અપરકંકા નગરીના રાજ્યાસન પર ધામધૂમપૂર્વક રાજ્યાભિષેક કર્યો, રાજ્યાભિષેક કરી જે દિશામાંથી તે આવેલા ત્યાં અર્થાત્ સ્વસ્થાને પાછા ફર્યા.

અપરીક્ષણીય કૃષ્ણની પાંડવો દ્વારા પરીક્ષા—

૧૨૯. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ લવણસમુદ્રની મધ્યે થઈને પસાર થતા ગંગા મહાનદીની પાસે આવ્યા ત્યારે તેમણે પાંચે પાંડવોને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો ! તમે લોકો આગળ ચાલો અને જ્યાં સુધી ગંગા મહાનદીને પાર કરશો ત્યાં સુધીમાં હું લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત દેવને મળી લઉં".

ત્યારે તે પાંચે પાંડવો કૃષ્ણ વાસુદેવની આ આજ્ઞા સાંભળી જ્યાં ગંગા મહાનદી હતી ત્યાં આવ્યા, આવીને એક નૌકાની શોધ કરી, નૌકા શોધીને તે દ્વારા ગંગા મહાનદી પાર કરી, ગંગા મહાનદી પાર કર્યા પછી અન્યોન્ય કહેવા લાગ્યા-'હે દેવાનુપ્રિયો ! કૃષ્ણ વાસુદેવ પોતાની ભુજાઓ દ્વારા ગંગા મહાનદી પાર કરવા સમર્થ છે કે નહીં ?' આમ [કૃષ્ણ વાસુદેવની પરીક્ષા કરવાનું] નક્કી કરી તેમણે તે નૌકાને છુપાવી દીધી, નૌકા છુપાવીને તેઓ કૃષ્ણ વાસુદેવની પ્રતીક્ષા કરવા લાગ્યા.

૧૩૦. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ લવણસમુદ્રાધિપતિ સુસ્થિત દેવને મળ્યા, મળીને પછી જ્યાં ગંગા મહા નદી હતી ત્યાં આવ્યા, આવીને ચારે બાજુ નૌકાની શોધખોળ કરી, શોધખોળ કરતાં પણ નૌકા મળી નહીં એટલે પોતાની એક ભુજા પર ઘોડા અને સારથી સહિતનો રથ ઊચક્યો અને બીજા હાથથી સાડી બાસઠ યોજન પહોળાઈવાળી ગંગા મહા નદીને તરવા ઉદ્યત બન્યા.

ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવ જ્યારે ગંગા મહા નદીની વચ્ચોવચ્ચ પહોંચ્યા તો થાકી ગયા, હતાશ થઈ ગયા, ખિન્ન બની ગયા અને મનોમન નૌકાની ઇચ્છા કરતાં તેમને પરસેવો છૂટયો.

૧૩૧. તે સમયે તે કૃષ્ણ વાસુદેવને મનોમન આ પ્રકારનો વિચાર વિતર્ક યાવત્ સંકલ્પ થયો-'અહો ! આ પાંચે પાંડવો અતિ બળવાન છે કે જેઓ સાડા બાસઠ યોજન પહોળાઈની ગંગા મહા નદીને પોતાના ભુજબળથી તરી ગયા. પાંચે પાંડવોએ જાણીબૂઝીને જ પદ્મનાભને હરાવીને, તેના સૈન્યના યોદ્ધાઓને હત મથિત કરી ભગાડીને, તેમની ધજાપતાકાઓ તોડી ફોડીને તેમને ચારે દિશામાં ખદેડી મૂકી તેના પ્રાણ ગળે લાવી દીધા નહીં.'

ત્યારે ગંગા દેવીએ કૃષ્ણ વાસુદેવનો આવો મનોગત ભાવ જાણીને થાહ દીધી-જમીન ખુલ્લી કરી આપી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી થોડો સમય કૃષ્ણ વાસુદેવે વિશ્રામ કર્યો, વિશ્રામ લઈને પછી સાડી બાસઠ યોજન પહોળાઈવાળી ગંગા મહા નદી ભુજબળથી પાર કરી, પાર કરીને જ્યાં પાંચે પાંડવો હતા ત્યાં પહોંચ્યા, પહોંચીને પાંચે પાંડવોને આ પ્રમાણે કહેવા લાગ્યા–'અહો દેવાનુપ્રિયો ! તમે બધા અત્યંત બળવાન છો કે જેમણે સાડી બાસઠ યોજન પહોળાઈવાળી ગંગા મહાનદી ભુજાઓ વડે પાર કરી. તમે જાણીબૂઝીને જ પદ્મનાભ રાજાના સૈન્યને હત, મથિત, ઘાતિત કરીને અને ધ્વાજાપતાકાઓ છિન્ન ભિન્ન કરીને ચો દિશામાં ભગાડીને તેના કંઠે પ્રાણ લાવી દીધા નહીં.'

૧૩૨. ત્યારે તે પાંચે પાંડવોએ કૃષ્ણ વાસુદેવની આવી વાત સાંભળી તરત જ આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! આપના પાસેથી છૂટા પડી જ્યાં ગંગા મહાનદી હતી ત્યાં અમે આવ્યા. આવીને નૌકાની શોધખોળ કરી, શોધખોળ કરી નૌકામાં બેસી ગંગા મહાનદી પાર કરી, પાર કર્યા પછી અમે અન્યોન્ય વિચાર કર્યો કે કૃષ્ણ વાસુદેવ પોતાની ભુજાઓથી ગંગા મહાનદી પાર કરવા સમર્થ છે કે નહીં ? આમ [કસોટી કરવાનું] નક્કી કરી નૌકા છુપાવી દીધી અને પછી તમારી પ્રતીક્ષા કરતા અહીં રહ્યા છીએ.'

**કૃષ્ણ દ્વારા પાંડવોને દેશનિકાલની આજ્ઞા—**

૧૩૩. ત્યારે કૃષ્ણ વાસુદેવે, પાંડવોનો આવો ઉત્તર સાંભળી સમજી ક્રોધથી રાતાચોળ થઈ યાવત્ દાંત કચકચાવીને, લલાટ પર ત્રણ વળ પાડીને ભૃકુટિ ચડાવીને આ પ્રમાણે કહ્યું–

'અહો ! જ્યારે મેં બે લાખ યોજન વિસ્તારવાળા લવણ સમુદ્રને પાર કરીને પદ્મનાભના સૈન્યને હત, મથિત, નષ્ટ કરી, તેમની ધ્વજાપતાકાઓ તોડી નાખીને, ચારે દિશામાં ભગાડીને તેને કંઠે પ્રાણ લાવી દીધો અને અપરકંકા ભાંગી તથા દ્રૌપદીને પોતાના હાથે જ લાવીને તમને સોંપી ત્યારે તમને મારું માહાત્મ્ય ન જણાયું ! હવે તમે મારું મહાત્મ્ય જાણશો.' આમ કહી તેમણે એક લોહદંડ હાથમાં લીધો, હાથમાં લઈને પાંચે પાંડવોના રથના ટુકડે ટુકડા કરી નાખ્યા અને રથના ટુકડે ટુકડા કરી નાખી પાંચે પાંડવોને દેશનિકાલની આજ્ઞા કરી. તે સ્થાને પણ તેમણે રથમર્દન નામે કોટ સ્થાપ્યો.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ જ્યાં પોતાની છાવણી હતી ત્યાં આવ્યા, આવીને પોતાની સેનાને મળ્યા.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ જ્યાં દ્વારકા નગરી હતી ત્યાં આવ્યા, આવીને નગરીમાં પ્રવેશ કર્યો.

૧૩૪. ત્યાર પછી તે પાંચે પાંડવો જ્યાં હસ્તિનાપુર નગર હતું ત્યાં આવ્યા, આવીને જ્યાં પાંડુ રાજા હતા ત્યાં પહોંચ્યા, ત્યાં જઈને બન્ને હાથ જોડી મસ્તક પર આવર્ત કરી અંજલિપૂર્વક બોલ્યા–'હે તાત ! વાત આમ બની છે કે કૃષ્ણ વાસુદેવે અમને દેશનિકાલની આજ્ઞા કરી છે.'

ત્યારે પાંડુ રાજાએ તે પાંચે પાંડવોને પૂછ્યું –'હે પુત્રો ! શા કારણે કૃષ્ણ વાસુદેવે તમને દેશનિકાલની આજ્ઞા કરી છે ?'

ત્યારે તે પાંચે પાંડવોએ પાંડુ રાજાને આ પ્રમાણે કહ્યું–"હે તાત ! જ્યારે અમે બધા અપરકંકા નગરીથી પાછા ફર્યા અને બે લાખ યોજન વિસ્તારવાળા લવણ સમુદ્રને પાર કરી ચૂક્યા ત્યારે કૃષ્ણ વાસુદેવે અમને કહ્યું કે–'હે દેવાનુપ્રિયો ! તમે આગળ જાઓ અને ગંગા મહાનદી પાર કરો ત્યાં સુધીમાં હું લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત દેવને મળીને આવું છું, તમે ત્યાં સુધી મારી પ્રતીક્ષા કરજો.' [એટલે અમે આગળ વધી ગંગા મહાનદી પાર કરી, નૌકા છૂપાવીને] તેમની રાહ જોતા ત્યાં રહ્યા.

ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવ લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત દેવને મળીને જ્યાં ગંગા મહાનદી હતી ત્યાં આવ્યા'–આમ કૃષ્ણના મનમાં આવેલ વિચાર સિવાયનું સઘળું વર્ણન કરી તેમણે કહ્યું–'આ રીતે કૃષ્ણ વાસુદેવે અમને દેશનિકાલની આજ્ઞા કરી.'

૧૩૫. ત્યારે પાંડુ રાજાએ પાંચે પાંડવોને કહ્યું–'હે પુત્રો ! તમે કૃષ્ણ વાસુદેવનું અપ્રિય કરીને બહુ ખોટું કર્યું છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી પાંડુ રાજાએ કુંતી દેવીને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિયે! તું દ્વારિકા નગરી જા અને જઈને કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે નિવેદન કર કે "હે દેવાનુપ્રિય! આપે પાંડવોને દેશનિકાલની આજ્ઞા કરી છે. પરંતુ આપ દેવાનુપ્રિય સમગ્ર દક્ષિણાર્ધ ભરતના સ્વામી છો. એટલે હે દેવાનુપ્રિય! તમે જ આદેશ આપો કે પાંચે પાંડવો કયા દેશમાં કે કઈ દિશામાં કે કયા પ્રદેશમાં જાય?"

૧૩૬. ત્યારે પાંડુ રાજાની આ વાત સાંભળી તરત જ કુંતી દેવી તૈયાર થઈ હાથીની ખાંધે બેસી દ્વારિકા પહોંચી યાવત્ [પૂર્વ વર્ણન પ્રમાણે જ] કૃષ્ણ વાસુદેવે કહ્યું–'હે ફઈ! આદેશ આપો, આપનું કયા પ્રયોજનથી અહીં આવવાનું થયું છે?'

ત્યારે કુંતી દેવીએ કૃષ્ણ વાસુદેવને કહ્યું–'હે પુત્ર! વાત એમ છે કે તેં પાંચે પાંડવોને દેશનિકાલની આજ્ઞા કરી છે. પરંતુ સમગ્ર દક્ષિણાર્ધ ભરતનો તું જ સ્વામી છે, તો હે દેવાનુપ્રિય! તું જ કહે કે પાંચે પાંડવો કયા દેશમાં કે કઈ દિશામાં કે કયા પ્રદેશમાં જાય?'

૧૩૭. ત્યારે કૃષ્ણ વાસુદેવે કુંતી દેવીને કહ્યું–'હે ફઈ! ઉત્તમ પુરુષો જેવા કે વાસુદેવ, બલદેવ, ચક્રવર્તીઓ અમોઘવચન હોય છે—એમનાં વચન મિથ્યા નથી થતાં. તો તે પાંચે પાંડવો દક્ષિણ સમુદ્ર કિનારે જાય અને ત્યાં જઈને પાંડુમથુરા નામે નવી નગરી વસાવે. ત્યાં રહી અદૃષ્ટપણે મારી સેવા કરે—મારી નજરે ન આવે તે રીતે મારી સેવા કરે.' આમ કહી તેમણે કુંતી દેવીની આગતા-સ્વાગતા કરી અને આગતા-સ્વાગતા કરી તેમને વિદાય આપી.

ત્યાર પછી તે કુંતી દેવી જ્યાં હસ્તિનાપુર નગર હતું ત્યાં ગઈ, જઈને પાંડુ રાજા સમીપે એ પ્રમાણે નિવેદન કર્યું.

ત્યારે તે પાંડુ રાજાએ પાંચે પાંડવોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું–'હે પુત્રો! તમે દક્ષિણ સમુદ્ર કિનારે જાઓ અને ત્યાં તમે પાંડુમથુરા નગરી વસાવીને રહો.'

**પાંડુમથુરા સ્થાપન—**

૧૩૮. ત્યાર પછી તે પાંચે પાંડવો પાંડુ રાજાની આજ્ઞા 'જેવી આપની આજ્ઞા' કહીને સ્વીકારી અને સૈન્ય-વાહનો સાથે, અશ્વો, હાથીઓ, રથો અને શ્રેષ્ઠ વીરો સાથેની ચતુરંગિણી સેના સાથે, મહાન સુભટો, ઉત્તમ રથો અને પદાતિઓથી ઘેરાઈને હસ્તિનાપુર નગરમાંથી નીકળ્યા અને નીકળીને જ્યાં દક્ષિણ દેશનો સમુદ્રકિનારો હતો ત્યાં પહોંચ્યા, ત્યાં પહોંચી પાંડુમથુરા નગરીની સ્થાપના કરી ત્યાં વિપુલ ભોગોપભોગ ભોગવતા રહેવા લાગ્યા.

**પાંડુસેનનો જન્મ—**

૧૩૯. ત્યાર બાદ કેટલાક સમય પછી દ્રૌપદી દેવી ગર્ભવતી બની.

પછી નવ માસ અને સાડા સાત દિવસ બરાબર વ્યતીત થયા ત્યારે યાવત્ સુંદર રૂપવાળા, હાથીના તાળવા જેવા સુકોમળ પુત્રને તેણે જન્મ આપ્યો.

તે બાળકના જન્મને બાર દિવસ પૂરા થયા ત્યારે તેના માતાપિતાએ આવું–આવા પ્રકારનું ગુણયુક્ત–ગુણનિષ્પન્ન નામ પાડ્યું કે આ દ્રૌપદીનો આત્મજ, પાંચ પાંડવોનો પુત્ર છે એટલે તેનું નામ હો 'પાંડુસેન'–'પાંડુસેન.' આમ તે બાળકનું નામ માતાપિતાએ 'પાંડુસેન' એવું પાડ્યું.

ત્યાર બાદ બાળક પાંડુસેન આઠ વર્ષથી થોડો મોટો થઈ ગયો ત્યારે માતા-પિતાએ શુભ તિથિ, કરણ અને મુહૂર્તમાં તેને કલાચાર્ય પાસે ભણવા મૂક્યો.

ત્યારે તે કલાચાર્યે બાળક પાંડુસેનને લેખન અને ગણિતથી લઈને શકુનરુત (પક્ષીઓની બોલી) સુધીની બોંતેર કળાઓ સૂત્ર, અર્થ અને પ્રયોગ દ્વારા શીખવી, સિદ્ધ કરાવી યાવત્ તે ભોગ ભોગવવા સમર્થ એટલે કે યુવાન બની ગયો યાવત્ યુવરાજ થયો.

**પાંડવો અને દ્રૌપદીની પ્રવ્રજ્યા—**

૧૪૦. તે કાળ તે સમયે ત્યાં ધર્મઘોષ સ્થવિર પધાર્યા, પરિષદ એકઠી થઈ, પાંડવો પણ ધર્મશ્રાવણાર્થે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયા. ધર્મશ્રવણ કરી, સમજી તેમણે આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય! [અમે આપે પ્રતિબોધેલા ધર્મમાં પ્રવ્રજિત થવા ઇચ્છીએ છીએ, પરંતુ] દ્રૌપદી દેવીને પૂછી લઈએ અને પાંડુસેન કુમારનો રાજ્યાભિષેક કરીએ પછી આપ દેવાનુપ્રિયની પાસે મુંડિત થઈને ગૃહવાસ છોડી અનગારદીક્ષા લઈશું.'

[સ્થવિર ભગવંતે કહ્યું—] 'હે દેવાનુપ્રિયો! જેમ તમને સુખ ઊપજે તેમ કરો.'

ત્યાર પછી તે પાંચે પાંડવો જ્યાં પોતાનું નિવાસસ્થાન હતું ત્યાં ગયા, જઈને દ્રૌપદી દેવીને બોલાવી, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયે! અમે સ્થવિર ભગવંત પાસે ધર્મશ્રવણ કર્યું છે યાવત્ પ્રવ્રજ્યા લેવા માગીએ છીએ. હે દેવાનુપ્રિયે! તું શું કરવા માગે છે?'

ત્યારે તે દ્રૌપદીએ પાંચે પાંડવોને આ પ્રમણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! જો તમે સંસાર-ભયથી ઉદ્વેગ પામીને યાવત્ દીક્ષા ગ્રહણ કરવા ઇચ્છો છો તો મારા માટે બીજો કયો આધાર કે આલંબન કે સ્નેહસ્થાન રહેશે? હું પણ સંસાર-ભયથી ઉદ્વિગ્ન છું અને આપ દેવાનુપ્રિયોની સાથે જ પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ.'

૧૪૧. ત્યાર પછી તે પાંચે પાંડવોએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તરત જ પાંડુસેન કુમારના રાજ્યાભિષેક માટે મહામૂલ્ય, મહાર્થ, વિપુલ શ્રેષ્ઠ સામગ્રી સજ્જ કરો.'

આ રીતે પાંડુસેનનો રાજ્યાભિષેક થયો યાવત્ તે રાજા બની રાજ્યનું પાલન કરવા લાગ્યો.

ત્યાર પછી એક દિવસ તે પાંચે પાંડવો અને દ્રૌપદી દેવીએ પાંડુસેન રાજાની અનુમતિ માગી.

ત્યારે પાંડુસેન રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને તેમને આમ કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તમે જઈને તરત જ નિષ્ક્રમણાભિષેકની તૈયારી કરો યાવત્ હજાર પુરુષો દ્વારા વહન કરાતી શિબિકાઓ ઉપસ્થિત કરો.'

યાવત્ [એ પ્રમાણે નિષ્ક્રમણાભિષેકની તૈયારી થઈ અને પછી પાંચે પાંડવો તથા દ્રૌપદી દેવી] શિબિકાઓમાં સવાર થયાં, જ્યાં સ્થવિર ભગવંતો હતા ત્યાં આવ્યાં, આવીને સ્થવિર ભગવંતોની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—'હે ભદંત! આ સંસાર સળગી રહ્યો છે,...' યાવત્ પાંચે પાંડવો શ્રમણ બન્યા, ચૌદ પૂર્વોનું અધ્યયન કર્યું, પછી અનેક વર્ષ સુધી ષષ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશભક્ત, અર્ધમાસ અને માસક્ષમણ તપકર્મ વડે આત્માને ભાવિત કરતા વિચારવા લાગ્યા.

ત્યારે તે દ્રૌપદી દેવી પણ શિબિકામાંથી ઊતરી યાવત્ પ્રવ્રજિત થઈ. તેને સુવ્રતા આર્યાને શિષ્યા રૂપે ગુરુએ સોંપી. તેણે અગિયાર અંગોનું અધ્યયન કર્યું, અનેક વર્ષ ષષ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશમ, અર્ધમાસ અને માસક્ષમણ તપ વડે આત્માને ભાવિત કરતી તે વિચરવા લાગી

ત્યાર બાદ કોઈ એક વાર તે સ્થવિર ભગવંતો પાંડુમથુરા નગરીના સહસ્રામ્રવન નામે ઉદ્યાનમાંથી નીકળ્યા, નીકળીને બાહ્ય જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

અરિષ્ટનેમિનું નિર્વાણ—

૧૪૨. તે કાળે તે સમયે અર્હંત અરિષ્ટનેમિ જ્યાં સુરાષ્ટ્ર (સૌરાષ્ટ્ર) જનપદ હતું ત્યાં પધાર્યા, ત્યાં આવીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા સુરાષ્ટ્ર જનપદમાં વિચરવા લાગ્યા.

તે વખતે અનેક લોકો પરસ્પરને આ પ્રમાણે કહેવા લાગ્યા, જાણ કરવા લાગ્યા, સમાચાર આપવા લાગ્યા કે 'હે દેવાનુપ્રિય! અર્હત્ અરિષ્ટનેમિ સુરાષ્ટ્ર જનપદમાં સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા છે.'

૧૪૩. ત્યારે યુધિષ્ઠિર આદિ તે પાંચે અણગારોએ અનેક વ્યક્તિઓ પાસેથી આ સમાચાર જાણ્યા એટલે એકબીજાને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહેવા લાગ્યા—

'હે દેવાનુપ્રિય! વાત એમ છે કે અર્હન્ત ભગવંત અરિષ્ટનેમિ પરિપાટિપૂર્વક-ક્રમથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરતા ફરતા, ગામેગામ સુખપૂર્વક વિહાર કરતા હાલ સુરાષ્ટ્ર જનપદમાં સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા છે. આથી આપણા માટે આ કલ્યાણકર અવસર છે કે સ્થવિર ભગવંતની અનુજ્ઞા લઈને તીર્થંકર ભગવંત અરિષ્ટનેમિની વંદના માટે જઈએ.' આમ એકબીજા સાથે વાત કરી, પરસ્પર સંમત થઈ જ્યાં સ્થવિર ભગવંત બિરાજમાન હતા ત્યાં આવ્યા, આવીને સ્થવિર ભગવંતને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમન કરીને આ પ્રમાણે નિવેદન કર્યું—

'હે ભગવન્! આપ આજ્ઞા કરો તો અમે અર્હન્ત અરિષ્ટનેમિ ભગવંતની વંદના અર્થે જવા ઈચ્છીએ છીએ.'

[સ્થવિર ભગવંતે કહ્યું–] 'હે દેવાનુપ્રિયો! સુખેથી તેમ કરો.'

ત્યાર પછી યુધિષ્ઠિર પ્રમુખ તે પાંચે અણગારોએ સ્થવિરની આજ્ઞા મળતાં જ સ્થવિર ભગવંતને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમસ્કાર કરીને સ્થવિર ભગવંત પાસેથી નીકળ્યા, નીકળીને નિરંતર માસક્ષમણની તપશ્ચર્યાપૂર્વક આત્માને ભાવિત કરતા કરતા, એક ગામથી બીજા ગામ જતા, સુખપૂર્વક વિહાર કરતા કરતા તેઓ જ્યાં હસ્તીકલ્પ નગર હતું ત્યાં પહોંચ્યા, ત્યાં પહોંચીને હસ્તીકલ્પનગરની બહાર આવેલા સહસ્રામ્રવન નામે ઉદ્યાનમાં, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા રહેવા લાગ્યા.

ત્યારે યુધિષ્ઠિર સિવાયના બાકી ચારે અણગારો માસક્ષમણના પારણાના દિવસે પ્રથમ પોરીસીમાં સ્વાધ્યાય કરે છે, બીજી પોરીસીમાં ધ્યાન,—એ પ્રમાણે શેષ વર્ણન ગૌતમ સ્વામીના પ્રસંગના વર્ણન મુજબ–માત્ર એટલું વિશેષ કે તેઓ યુધિષ્ઠિર અણગારને પૂછે છે–યાવત્ ભિક્ષા માટે પરિભ્રમણ કરતાં તેઓ અનેક વ્યક્તિઓને આમ બોલતાં સાંભળે છે કે 'હે દેવાનુપ્રિય! અર્હત્ અરિષ્ટનેમિ ભગવંત ઉજ્જયંત શૈલ(અર્થાત્ ગિરનાર પર્વત)ના શિખર પર એક માસના નિર્જળ ઉપવાસ કરીને પાંચસો છત્રીસ અણગારો સહિત કાળધર્મ પામ્યા છે—યાવત્ સર્વ દુઃખોનો ક્ષય કરી મુક્ત થયા છે.'

**પાંડવોનું નિર્વાણ—**

**૧૪૪.** ત્યારે યુધિષ્ઠિર સિવાયના તે ચારે અણગારો અનેક વ્યક્તિઓ પાસેથી આ સમાચાર સાંભળીને અને હૃદયમાં ધારીને હસ્તીકલ્પ નગરમાંથી બહાર નીકળ્યા, નીકળીને જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું, જ્યાં યુધિષ્ઠિર અણગાર હતા ત્યાં આવ્યા, ત્યાં આવીને ભોજનપાનની પ્રત્યુપેક્ષણા કરી, પ્રત્યુપેક્ષણા કરીને ગમનાગમનનું પ્રતિક્રમણ કર્યું, પ્રતિક્રમણ કરી એષણા–અનેષણાની આલોચના કરી, આલોચના કરી ભોજનપાન [યુધિષ્ઠિર અનગારને] દેખાડયાં, દેખાડીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય! અર્હન્ત ભગવંત અરિષ્ટનેમિ ઉજ્જયંતગિરિના શિખર પર, એક માસના નિર્જળ ઉપવાસ કરીને, પાંચસો છત્રીસ અણગારો સાથે કાળધર્મ પામ્યા છે. આથી હે દેવાનુપ્રિય! આપણે માટે એ શ્રેયસ્કર છે કે આ સમાચાર જાણ્યા પૂર્વે ભિક્ષામાં પ્રાપ્ત કરેલ આહારપાણીને પરઠવી દઈને ધીરે ધીરે શત્રુંજય પર્વત પર ચઢીને, સંલેખનાપૂર્વક ઝોષણા-(કર્મનિર્જરા)નું સેવન કરીને અને કાલમરણની આકાંક્ષા ન રાખીને વિચરણ કરીએ.' આ પ્રમાણે એકબીજા સાથે સંમત થઈ તેમણે પૂર્વ-ગૃહીત આહારપાણીને એકાંતમાં પરઠવી દીધો, પરઠવીને પછી જ્યાં શત્રુંજય પર્વત હતો ત્યાં ગયા, ત્યાં જઈને ધીરે ધીરે શત્રુંજય પર્વત પર ચઢયા, ચઢીને સંલેખનાપૂર્વક ઝોષણાનું સેવન કરીને મરણની આકાંક્ષા ન રાખતાં વિચરવા લાગ્યા.

ત્યાર પછી યુધિષ્ઠિર પ્રમુખ તે પાંચે અણગારો સામાયિકથી લઈને ચૌદ પૂર્વોનો અભ્યાસ કર્યા પછી અનેક વર્ષનો શ્રામણ્યપર્યાય પાળીને, બે માસની સંલેખના વડે આત્માની ઝોષણા કરીને, જે હેતુથી નગ્નભાવ—નિર્ગ્રન્થપણું—



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધારણ કરેલ તે હેતુની સિદ્ધિ કરીને, અનંત અને ઉત્તમ એવા કેવળજ્ઞાન–કેવળદર્શનની સંપ્રાપ્તિ કરીને ત્યાર પછી સિદ્ધ થયા–યાવત્ સર્વે દુઃખોથી મુક્ત બન્યા.

**દ્રૌપદીની દેવગતિ—**

૧૪૫. ત્યારે તે દ્રૌપદી આર્યા સુવ્રતા આર્યા સમીપે સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કરીને, અનેક વર્ષોનો શ્રામણ્યપર્યાય પાળીને, માસિક સંલેખના દ્વારા આત્માને શુદ્ધ કરીને, આલોચના-પ્રતિક્રમણ કરીને, કાલસમયે કાળ કરીને બ્રહ્મલોકમાં ઉત્પન્ન થઈ. ત્યાં કેટલાક દેવોની સ્થિતિ દશ સાગરોપમની કહેવાય છે ત્યાં દ્રુપદ દેવરૂપે રહેલ(દ્રૌપદી દેવી)ની સ્થિતિ પણ દશ સાગરોપમની કહેવાઈ છે.

૧૪૬. 'હે ભગવંત ! તે દ્રુપદ દેવ તે દેવલોકમાંથી આયુક્ષય, સ્થિતિક્ષય અને ભવક્ષય થયા પછી ચ્યવીને ક્યાં જન્મશે ?' [એવા ગૌતમ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું—] 'ત્યાંથી ચ્યવીને યાવત્ મહાવિદેહ વર્ષમાં જન્મ ધારણ કરી સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.'

☆

## ૨. અરિષ્ટનેમિ–તીર્થમાં પદ્માવતી આદિ શ્રમણીઓનાં કથાનકો

**સંગ્રહણી-ગાથાર્થ—**

૧૪૭. ૧. પદ્માવતી, ૨. ગૌરી, ૩. ગંધારી, ૪. લક્ષ્મણા, ૫. સુસીમા, ૬. જાંબવતી, ૭. સત્યભામા, ૮. રુકિમણી, ૯. મૂલશ્રી અને ૧૦. મૂલદત્તા.

**કૃષ્ણ વાસુદેવની રાણી પદ્માવતી—**

તે કાળે તે સમયે દ્વારિકા નામે નગરી હતી. ત્યાં કૃષ્ણ વાસુદેવ અધિપતિ હતા—યાવત્ રાજ્ય કરતા હતા અને પ્રજાનું પાલન કરતા હતા. તે કૃષ્ણ વાસુદેવની પદ્માવતી નામની રાણી હતી–વર્ણન.

**અર્હન્ત અરિષ્ટનેમિ દ્વારા ચાતુર્યામ ધર્મની દેશના—**

૧૪૮. તે કાળે તે સમયે અર્હત્ અરિષ્ટનેમિ સમોસર્યા –યાવત્ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. કૃષ્ણ વાસુદેવ [દર્શનાર્થ] નીકળ્યા યાવત્ પર્યુપાસના કરવા લાગ્યા.

તે સમયે તે પદ્માવતી દેવી આ સમાચાર સાંભળીને હૃદયમાં આનંદિત હર્ષિત થતી, દેવકી દેવીની જેમ જ, દર્શનાર્થ નીકળી યાવત્ પર્યુપાસના કરવા લાગી.

ત્યારે અર્હન્ત અરિષ્ટનેમિ ભગવંતે કૃષ્ણ વાસુદેવ, પદ્માવતી રાણી અને એકત્ર થયેલ અતિ મહા પરિષદને ચાતુર્યામ ધર્મનો ઉપદેશ આપ્યો, જેમ કે સંપૂર્ણ પ્રાણાતિપાત-વિરમણ, સંપૂર્ણ મૃષાવાદ-વિરમણ, સંપૂર્ણ અદત્તાદાન-વિરમણ, સંપૂર્ણ પરિગ્રહવિરમણ. ત્યાર બાદ પરિષદ વિસર્જિત થઈ.

**કૃષ્ણ દ્વારા દ્વારિકાના વિનાશકારણની પૃચ્છા—**

૧૪૯. ત્યારે કૃષ્ણ વાસુદેવે અર્હત્ અરિષ્ટનેમિને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે પૂછ્યું—'હે ભંતે ! આ નવયોજનના વિસ્તારવાળી યાવત્ દેવલોક જેવી દ્વારિકા-નગરીનો વિનાશ કયા કારણે થશે ?'

'હે કૃષ્ણ !' એમ કૃષ્ણ વાસુદેવને સંબોધીને અર્હત્ અરિષ્ટનેમિએ આમ કહ્યું–'વાત એમ છે કૃષ્ણ ! કે નવયોજનના વિસ્તારવાળી યાવત્ દેવલોક સમાન આ દ્વારકાનગરી સુરા, અગ્નિ અને દ્વૈપાયનના કારણે વિનાશ પામશે.'

**દ્વારિકાના વિનાશની વાત સાંભળતાં કૃષ્ણની ચિંતા—**

૧૫૦. અર્હત્ અરિષ્ટનેમિના મુખેથી આવી વાત સાંભળી કૃષ્ણ વાસુદેવને આવો અધ્યવસાય યાવત્ વિચાર આવ્યો–'ધન્ય છે તે જાલિ, મયાલિ, ઉપયાલિ, પુરુષસેન, વારિષેણ, શાંબ, અનિરુદ્ધ, દઢનેમિ, સત્યનેમિ આદિ કુમારો કે જેમણે સુવર્ણ આદિ સંપત્તિનો ત્યાગ કરીને યાવત્ યાચકોને દાન આપીને અર્હત્ અરિષ્ટનેમિ ભગવંત સમીપે મુંડિત બની ગૃહસ્થવાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યજીને અનગાર વ્રત ગ્રહણ કર્યું. હું અધન્ય છું, અકૃતપુણ્ય છું કે જેણે રાજ્યનો, રાષ્ટ્રનો, કોષનો, કોષ્ઠાગારનો, સૈન્યનો, વાહનનો, પુરનો, અંતઃપુરનો અને માનુષી કામભોગોનો મોહ રાખ્યો યાવત્ આસક્ત થઈને અરહંત અરિષ્ટનેમિ પાસે મુંડિત બની ગૃહવાસ ત્યજી અનગાર વ્રત લેવા હું શક્તિમાન ન બન્યો.'

**નિદાનના કારણે વાસુદેવો બધા પ્રવ્રજ્યા નથી લેતા તેની સ્પષ્ટતા—**

૧૫૧. 'હે કૃષ્ણ!' એમ અર્હત્ અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવને સંબોધન કરીને કહ્યું—'એ વાત સાચી છે કૃષ્ણ? કે તમને આવો અધ્યવસાય યાવત્ વિચાર આવ્યો કે તે જાલિ આદિ કુમારો ધન્ય છે યાવત્ અનગાર વ્રત ગ્રહણ કર્યું અને હું ખરે જ અધન્ય કે યાવત્ અર્હત્ અરિષ્ટનેમિ પાસે મુંડિત બની ગૃહવાસ ત્યજી અનગાર વ્રત ગ્રહણ કરવા સમર્થ ન બન્યો?

'હે કૃષ્ણ! આ વાત સાચી?'

'હા ભગવાન! આપનું કથન સાચું છે.' [કૃષ્ણ વાસુદેવે ઉત્તર આપ્યો.]

'હે કૃષ્ણ! એવું કદિ બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહીં કે સુવર્ણ આદિ સંપત્તિનો ત્યાગ કરીને યાવત્ વાસુદેવ પ્રવ્રજ્યા ગ્રહણ કરે.'

'હે કૃષ્ણ!' એમ કૃષ્ણને અર્હત્ અરિષ્ટનેમિએ કહેવાનું ચાલુ રાખ્યું 'વાત એમ છે કે સર્વ વાસુદેવો પોતાના પૂર્વભવમાં નિદાન કરે છે—નિદાન કરનારા હોય છે. આ કારણથી એમ કહેવાય છે કે ભૂત, ભાવિ કે વર્તમાન કોઈ વાસુદેવ સુવર્ણ આદિ ત્યજીને યાવત્ પ્રવ્રજ્યા લેતા નથી.'

**અનંતર ભવમાં કૃષ્ણની નરકગતિ—**

૧૫૨. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે અર્હત્ અરિષ્ટનેમિને આ પ્રમાણે પૂછ્યું—

'હે ભદંત! હું કાળસમયે કાળ પામી અહીંથી ક્યાં જઈશ? ક્યાં ઉત્પન્ન થઈશ?'

ત્યારે અર્હત્ અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું—

'હે કૃષ્ણ! વાત એમ છે કે તમે સુરા, અગ્નિ અને દ્વૈપાયનના ક્રોધને કારણે દ્વારિકા નગરી ભસ્મ થઈ ગયા પછી માતા-પિતા અને સ્વજનો વિનાના રામ બલદેવની સાથે દક્ષિણ સમુદ્રતટની તરફ, પાંડુ રાજાના પુત્રો યુધિષ્ઠિર આદિ પાંચ પાંડવોની પાસે, પાંડુમથુરા નગરીમાં જવા નીકળશો ત્યારે માર્ગમાં કોશાંબવન નામે વનમાં વટવૃક્ષ નીચે પૃથ્વી શિલાપાટ પર, પીતામ્બરવસ્ત્ર પહેરેલ શરીરે બેઠા હશો ત્યારે જરાકુમારે ધનુષ્યમાંથી છોડેલા તીક્ષ્ણ બાણથી ડાબા પગે વીંધાઈને કાળસમયે કાળ કરીને ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીમાં ઉજ્વલિત નરકભૂમિમાં નારકી રૂપે ઉત્પન્ન થશો.'

ત્યારે કૃષ્ણ વાસુદેવે અર્હત્ અરિષ્ટનેમિ પાસેથી આવા અર્થની વાત સાંભળી, જાણી એટલે તે ભગ્નાશ થઈ બે હથેળીમાં મોં ઘાલી આર્તધ્યાનમાં પડી ગયા.

**આગામી ઉત્સર્પિણીમાં કૃષ્ણનું અમમરૂપે તીર્થંકરપણું—**

૧૫૩. 'હે કૃષ્ણ!' એમ અર્હત્ અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવને સંબોધીને કહ્યું—

'હે દેવાનુપ્રિય! તમે હતાશ થઈને યાવત્ આર્તધ્યાન ન કરો. કેમ કે હે દેવાનુપ્રિય! વાત એમ છે કે તમે ત્રીજી પૃથ્વીની ઉજ્વલિત નરકભૂમિમાંથી નીકળી પછી તરત જ અહીં જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં, પૌંડ્ર જનપદના શતદ્વાર નામક નગરમાં બારમા અમમ નામના અરહિંત–તીર્થંકર–બનશો. ત્યારે તમે ત્યાં અનેક વર્ષ સુધી કેવળીપર્યાય પાળીને પછી સિદ્ધ થશો યાવત્ સર્વ દુઃખોનો અંત કરશો.'

**અન્ય જનોને પ્રવ્રજ્યાગ્રહણમાં સહાયની કૃષ્ણની ઘોષણા—**

૧૫૪. ત્યાર બાદ તે કૃષ્ણ વાસુદેવે અર્હંત અરિષ્ટનેમિની આવી વાત સાંભળીને હૃષ્ટતુષ્ટ થઈ યાવત્ તાલ ઠોકી, તાલ ઠોકી હુંકાર કર્યો, હુંકાર કરી ત્રિપદીનું છેદન કર્યું અર્થાત્ ત્રણ વાર પૃથ્વી પર પાદન્યાસ કર્યો, ત્રણ વાર પૃથ્વી પર પાદન્યાસ કરી સિંહનાદ કર્યો, સિંહનાદ કરી પછી અર્હત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરિષ્ટનેમિને વંદન નમસ્કાર કર્યા, વંદન–નમન કરી તે જ (પહેલાં જેના પર બેસીને આવેલ તે) અભિષેક હસ્તી પર આરૂઢ થઈ જ્યાં દ્વારિકા નગરી હતી, જ્યાં પોતાનો આવાસ હતો ત્યાં આવ્યા, અભિષેક હસ્તીરત્ન પરથી નીચે ઊતર્યા, નીચે ઊતરીને બાહ્ય ઉપસ્થાન શાળામાં, બાહ્ય સભામંડપમાં ગયા, ત્યાં પોતાના સિંહાસન પાસે ગયા, જઈને તે શ્રેષ્ઠ સિંહાસન પર પૂર્વાભિમુખ થઈને બેઠા, બેસીને કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને દ્વારિકા નગરીના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, રાજમાર્ગ અને સામાન્ય માર્ગોમાં, હાથી પર બેસીને જોર જોરથી ઊંચા અવાજે આવી ઘોષણા કરતા બોલો કે "હે દેવાનુપ્રિયો ! નવ યોજન વિસ્તારવાળી યાવત્ દેવલોક સમાણી દ્વારિકા નગરીનો સુરા, અગ્નિ અને દ્વૈપાયનના કારણે વિનાશ થવાનો છે. તો હે દેવાનુપ્રિયો ! દ્વારિકામાં વસતા જે કોઈ રાજા, યુવરાજ, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠિ યા રાણી કે કુમાર કે કુમારિકા – જો અર્હંત અરિષ્ટનેમિ પાસે મુંડિત થઈને ગૃહસ્થવાસ ત્યજીને આનગારિક પ્રવ્રજ્યા લેવા ઇચ્છે તો કૃષ્ણ વાસુદેવ તેને તેમ કરવા દેશે અને તેના પાછળ રહેતા પરિવારને પણ યથાયોગ્ય જીવિકાની જોગવાઈ કરશે, અને દીક્ષા લેનારનો અભિનિષ્ક્રમણ મહોત્સવ ખૂબ માનસન્માન સાથે તે કરશે." બીજી વાર અને ત્રીજી વાર પણ આવી ઘોષણા કરો અને પછી મારી આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો.'

ત્યાર પછી તે કૌટુંબિકોએ યાવત્ આજ્ઞાપૂર્તિની જાણ કરી.

**પદ્માવતી રાણીનો પ્રવ્રજ્યા–સંકલ્પ—**

૧૫૫. ત્યાર પછી તે પદ્માવતી રાણીએ અર્હંત્ અરિષ્ટનેમિ ભગવંત પાસે ધર્મકથા સાંભળી, અવધારી અને હૃષ્ટતુષ્ટ આનંદિત બની યાવત્ હર્ષથી વિકસિત હૃદયવાળી બની અર્હંત્ અરિષ્ટનેમિને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી તે આ પ્રમાણે બોલી–'હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા રાખું છું. તે જેવું આપ કહો છો તેવું જ છે. [વધુમાં તે કહે છે—] હે દેવાનુપ્રિય ! હું કૃષ્ણ વાસુદેવની આજ્ઞા લઈશ અને ત્યાર પછી આપ દેવાનુપ્રિય પાસે મુંડિત થઈ ગૃહત્યાગ કરી અનગાર પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ.'

'હે દેવાનુપ્રિયે ! જેમ તને સુખ થાય તેમ કર, પરંતુ વિલંબ કરીશ નહિ.' [–અર્હંત્ અરિષ્ટનેમિએ કહ્યું.]

ત્યાર પછી તે પદ્માવતી રાણી શ્રેષ્ઠ ધાર્મિક રથ પર સવાર થઈ, સવાર થઈને જ્યાં દ્વારિકા નગરી હતી અને જ્યાં પોતાનું નિવાસસ્થાન હતું ત્યાં આવી, ત્યાં આવીને ધાર્મિક શ્રેષ્ઠ રથમાંથી નીચે ઊતરી, નીચે ઊતરીને જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં આવી, ત્યાં આવી બે હાથ જોડી અંજલિ રચી મસ્તક પર આવર્ત કરી કૃષ્ણ વાસુદેવ પ્રતિ આ પ્રમાણે બોલી—'હે દેવાનુપ્રિય ! આપ અનુમતિ આપો તો હું અર્હંત અરિષ્ટનેમિ ભગવંત પાસે મુંડિત બની, અનગાર પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઇચ્છું છું.'

'હે દેવાનુપ્રિયે ! જેમ સુખ થાય તેમ કર, પરંતુ વિલંબ કરીશ નહીં.'– [કૃષ્ણ વાસુદેવે જવાબ આપ્યો.]

ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! તરત જ જઈને પદ્માવતી દેવી માટે અમૂલ્ય, મહામૂલ્ય, મહાપુરુષયોગ્ય અભિનિષ્ક્રમણ અભિષેકની સામગ્રી ઉપસ્થિત કરો અને તેમ કરી મારી આજ્ઞા પૂરી થયાની મને જાણ કરો.'

ત્યારે તે કૌટુંબિક સેવકોએ યાવત્ આજ્ઞાપૂર્તિની જાણ કરી.

**પદ્માવતીની પ્રવ્રજ્યા—**

૧૫૬ ત્યાર પછી તે કૃષ્ણ વાસુદેવે પદ્માવતી રાણીને પાટ પર બેસાડી, પાટ પર બેસાડીને એક સો આઠ સુવર્ણકળશોથી યાવત્ મહાનિષ્ક્રમણ અભિષેક કર્યો, અભિષેક કરીને સર્વ અલંકારોથી તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભૂષિત કરી, વિભૂષિત કરીને એક હજાર પુરુષો દ્વારા ઊંચકી શકાય તેવી શિબિકામાં તેને બેસાડી, બેસાડીને દ્વારિકા નગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યા, નીકળીને જ્યાં રૈવતક પર્વત હતો, જ્યાં સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું ત્યાં આવ્યા, ત્યાં આવીને શિબિકા ત્યાં ઊભી રખાવી, શિબિકા ઊભી રખાવીને પદ્માવતી દેવીને નીચે ઉતારી, નીચે ઉતારીને જ્યાં અર્હંત અરિષ્ટનેમિ ભગવંત બિરાજમાન હતા ત્યાં આવ્યા, ત્યાં આવીને અર્હંત અરિષ્ટનેમિ ભગવંતની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—'હે ભગવંત ! આ મારી પટ્ટરાણી પદ્માવતી નામે દેવી જે મને મનગમતી યાવત્ મનોભિરામ છે યાવત્ ઉંબરાના પુષ્પની જેમ જેનું નામ સાંભળવું પણ દુર્લભ છે તો પછી જોવાની તો વાત જ કેવી ?–(એવી અનુપમ છે)–તેને હું આપ દેવાનુપ્રિયને શિષ્યારૂપે ભિક્ષાદાનમાં આપું છું. તો હે દેવાનુપ્રિય ! આપ તેને શિષ્યાભિક્ષા તરીકે ગ્રહણ કરો.'

'હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કરો, પરંતુ સત્કાર્યમાં વિલંબ ન કરશો.' [ભગવંત અરિષ્ટનેમિએ ઉત્તર આપ્યો.]

ત્યાર પછી તે પદ્માવતી રાણી ઉત્તરપૂર્વ દિશા (ઈશાન કોણ)માં ગઈ, ત્યાં જઈને પોતાની જાતે જ પોતાના આભરણ-અલંકારો ઉતાર્યા, ઉતારીને પોતાની જાતે જ પંચમુષ્ટિક લોચ કર્યો, લોચ કરી જ્યાં અર્હંત અરિષ્ટનેમિ ભગવંત વિરાજ્યા હતા ત્યાં આવી, ત્યાં આવી અર્હંત અરિષ્ટનેમિ ભગવંતને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—'હે ભગવંત ! આ સંસાર દુઃખોથી તપ્ત છે યાવત્ હે દેવાનુપ્રિય ! હું આપ પાસે ધર્મ શ્રવણ કરવા ઈચ્છું છું.'

૧૫૭. ત્યાર પછી અર્હંત અરિષ્ટનેમિએ સ્વયં પદ્માવતી દેવીને દીક્ષા આપી, દીક્ષા આપીને પોતે જ તેને યક્ષિણી આર્યાને શિષ્યારૂપે સોંપી.

ત્યાર પછી તે યક્ષિણી આર્યાએ પોતે જ પદ્માવતી દેવીને પ્રવ્રજ્યા આપી, પોતે જ મુંડિત કરાવી અને પોતે જ ધર્મપાલનની શિક્ષા આપી—'હે દેવાનુપ્રિયે ! આ રીતે ચાલવું જોઈએ યાવત્ આ રીતે યત્નપૂર્વક સંયમ પાળવો જોઈએ.'

ત્યારે તે પદ્માવતી રાણીએ તેમની આજ્ઞા પ્રમાણે વર્તવાનું શરૂ કર્યું યાવત્ સંયમપાલન કરવા લાગી.

ત્યારે તે પદ્માવતી આર્યા બની, ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિઓથી સમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી બની ગઈ.

ત્યાર બાદ તે પદ્માવતી આર્યાએ યક્ષિણી આર્યા પાસે સામાયિક આદિથી પ્રારંભ કરીને અગિયાર અંગો સુધીનો અભ્યાસ કર્યો અને અનેક ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશ, માસ અને અર્ધમાસ ક્ષમણરૂપ વિવિધ પ્રકારનો તપશ્ચર્યા વડે આત્માને ભાવિત કરતી તે વિચરવા લાગી.

**પદ્માવતી દેવીની સિદ્ધિ—**

૧૫૮. ત્યાર પછી તે પદ્માવતી આર્યાએ પૂરાં વીસ વર્ષ સુધી શ્રામણ્ય-પર્યાયનું પાલન કર્યું, પછી માસિક સંલેખના દ્વારા આત્માની શુદ્ધિ કરી, આત્મશુદ્ધિ કરી સાઠ ભક્તના ત્યાગપૂર્વક અનશન કર્યું, અનશન કરી જે હેતુ માટે નગ્નભાવ અને મુંડિતપણું સ્વીકાર્યાં હતાં યાવત્ તે હેતુની આરાધના કરી અને અંતિમ શ્વાસ સાથે જ તે સિદ્ધ થઈ યાવત્ સર્વ દુઃખોથી મુક્ત બની.

**ગૌરી આદિના કથાનકોનો સંક્ષેપ—**

૧૫૯. તે કાળે તે સમયે દ્વારિકા નામે નગરી હતી, રૈવતક નામક પર્વત હતો, નંદનવન નામે ઉદ્યાન હતું.

તે દ્વારિકા નગરીમાં કૃષ્ણ વાસુદેવ રાજ્ય કરતા હતા.

તે કૃષ્ણ વાસુદેવની ગૌરી નામે રાણી હતી—વર્ણન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્હંત અરિષ્ટનેમિનું આગમન, કૃષ્ણનું દર્શનાર્થે જવું, પદ્માવતીની જેમ જ ગૌરીનું પણ દર્શનાર્થ જવું, અર્હંત ભગવંતનો ધર્મોપદેશ, પરિષદનું પાછા ફરવું, કૃષ્ણ પણ પાછા ફર્યા.

ત્યાર બાદ પદ્માવતીની જેમ જ ગૌરીનું નિષ્ક્રમણ-યાવત્-સિદ્ધ થવું-યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થવું.

એ જ પ્રમાણે-ગંધારી, લક્ષ્મણા, સુસીમા, જાંબવતી, સત્યભામા અને રુકિમણી આ આઠે રાણીઓ વિશે પણ પદ્માવતીની જેવું જ વર્ણન.

**મૂલશ્રી, મૂલદત્તાનાં કથાનકો—**

૧૬૦. તે કાળે તે સમયે દ્વારિકા નામે નગરી હતી, રૈવતક પર્વત હતો, નંદનવન નામે ઉદ્યાન હતો અને ત્યાં કૃષ્ણ વાસુદેવ રાજ્ય કરતા હતા.

તે દ્વારિકા નગરીમાં કૃષ્ણ વાસુદેવનો પુત્ર, જાંબવતી રાણીનો આત્મજ, શાંબ નામે રાજકુમાર હતો-જે પૂર્ણ પાંચે ઇન્દ્રિયયુક્ત શરીરવાળો હતો.

તે રાજકુમારની મૂલશ્રી નામે ભાર્યા હતી—વર્ણન.

ત્યાં અર્હંત અરિષ્ટનેમિનું આગમન, કૃષ્ણનું દર્શનાર્થ જવું, જેવી રીતે પદ્માવતી તેવી જ રીતે, મૂલશ્રી પણ દર્શનાર્થ નીકળી, વિશેષમાં આટલું કે તેણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! કૃષ્ણ વાસુદેવની આજ્ઞા લઈને...' પછી યાવત્ તે સિદ્ધ થઈ યાવત્ સર્વ દુઃખોથી મુક્ત બની.

એ જ પ્રમાણે મૂલદત્તાનું કથાનક પણ જાણવું.

☆

## ૩. પોટ્ટિલા કથાનક

**તેતલીપુરમાં તેતલીપુત્ર અમાત્ય—**

૧૬૧. તે કાળે તે સમયે તેતલીપુર નામે નગર હતું. તે તેતલીપુર નગરની બહાર ઉત્તરપૂર્વ દિશા (ઈશાન કોણ) માં પ્રમદવન નામે ઉદ્યાન હતો. તે તેતલીપુરમાં કનકરથ નામે રાજા હતો.

તે કનકરથ રાજાની પદ્માવતી નામે રાણી હતી.

તે કનકરથ રાજાનો તેતલીપુત્ર નામે અમાત્ય હતો—જે સામ, દામ, દંડ અને ભેદની નીતિમાં અતિકુશળ અને ન્યાય નીતિનો જાણકાર હતો.

તે તેતલીપુર નગરમાં કલાદ નામે સુવર્ણકારપુત્ર (સોનીનો પુત્ર) હતો—જે ધનાઢ્ય યાવત્ કોઈથીય ગાંજ્યો જાય તેવો ન હતો.

તેની ભાર્યા ભદ્રા નામે હતી.

**કલાદની પુત્રી પોટ્ટિલા—**

૧૬૨. તે સુવર્ણકારપુત્ર કલાદની પુત્રી, ભદ્રાની આત્મજા પોટ્ટિલા નામની કન્યા હતી જે રૂપ, યૌવન અને લાવણ્યમાં ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટ શરીરવાળી હતી.

ત્યાર પછી કોઈ એક વાર તે પોટ્ટિલા કન્યા સ્નાન કરીને, સર્વ અલંકારોથી વિભૂષિત થઈને, દાસીઓના સમૂહથી ઘેરાઈને, ઉત્તમ પ્રાસાદની અગાસીમાં સોનાના દડાથી રમી રહી હતી.

**તેતલીપુત્રની પોટ્ટિલામાં આસક્તિ—**

૧૬૩. એ વખતે તેતલીપુત્ર અમાત્ય સ્નાન કરીને, ઉત્તમ અશ્વ પર સવાર થઈને, સુભટોના વિશાળ સમૂહથી ઘેરાઈને અશ્વક્રીડા માટે જતો હતો ત્યારે સુવર્ણકારપુત્ર કલાદના ઘરની પાસેથી પસાર થયો.

ત્યારે તે સમયે સુવર્ણકારપુત્ર કલાદના ઘરની નજીકથી પસાર થતા તે તેતલીપુત્ર અમાત્યે કન્યા પોટ્ટિલાને પ્રાસાદના ઉપરના ભાગમાં સોનાના દડાથી રમતી જોઈ, જોઈને પોટ્ટિલા કન્યાના રૂપ, યૌવન અને લાવણ્યમાં આસક્ત યાવત્ અત્યન્ત આસક્ત થઈ તેણે પોતાના કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! આ કોની પુત્રી છે અને તેનું શું નામ છે ?'

ત્યારે કૌટુંબિક સેવકોએ તેતલીપુત્રને કહ્યું—'હે સ્વામી ! આ કલાદ સુવર્ણકારની પુત્રી, ભદ્રાની આત્મજા, પોટ્ટિલા નામે કન્યા છે—જે રૂપ, યૌવન અને લાવણ્યમાં ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટ શરીરવાળી છે.'

**પોટ્ટિલાનું માગું—**

૧૬૪. ત્યાર પછી તે તેતલીપુત્ર અશ્વક્રીડા કરી પાછો ફર્યો ત્યારે તેણે પોતાના રહસ્યસચિવ (ખાનગી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવક)ને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! તું જા અને સુવર્ણકાર કલાદની પુત્રી, ભદ્રાની આત્મજા, પોટ્ટિલાનું મારી ભાર્યા રૂપે માગું કર.'

ત્યારે તે રહસ્યસચિવ તેતલીપુત્રે આમ કહ્યું એટલે હૃષ્ટ તુષ્ટ યાવત્ બે હાથ જોડી શિરસાવર્ત અંજલિ રચી 'હે સ્વામી ! જેવી આપની આજ્ઞા' એમ વિનયપૂર્વક આજ્ઞા સ્વીકારી, તેતલીપુત્ર પાસેથી નીકળ્યો, નીકળીને જ્યાં સુવર્ણકાર કલાદનું ઘર હતું ત્યાં આવ્યો.

૧૬૫. ત્યારે તે સુવર્ણકાર કલાદે તેને આવતો જોયો, જોઈને તે હૃષ્ટ તુષ્ટ થઈ આસનેથી ઊઠયો, ઊઠીને સાત-આઠ પગલાં સામે ગયો, સામે જઈને તેને આવકાર આપ્યો, આવકાર આપી આસન આપ્યું, આસન પર તે સુખપૂર્વક બેઠો ત્યારે આ પ્રમાણે પૂછયું—'હે દેવાનુપ્રિય ! આપના આગમનનું કારણ કહો.'

ત્યારે તે રહસ્યસચિવે સુવર્ણકારપુત્ર કલાદને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! હું તમારી પુત્રી અને ભદ્રાની આત્મજા કન્યા પોટ્ટિલાનું તેતલીપુત્ર માટે માગું લઈને આવ્યો છું. હે દેવાનુપ્રિય ! જો તમે આ સંબંધ યોગ્ય, પાત્ર, પ્રશંસનીય અને સમાન સમજતા હો તો પોટ્ટિલાને તેતલીપુત્રને આપો. અને હે દેવાનુપ્રિય ! તેમ હોય તો તેને માટે શું શુલ્ક (કન્યાધન) અમે આપીએ તે કહો.'

ત્યારે કલાદ સુવર્ણકારપુત્રે તે રહસ્યસચિવને આમ કહ્યું—'હે દેવાનુપ્રિય ! તેતલીપુત્ર મારી પુત્રી નિમિત્તે મારા પર અનુગ્રહ કરે તે જ મારા માટે કન્યાધન છે.'

ત્યાર પછી તેણે તે રહસ્યસચિવનું વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય પદાર્થો અને પુષ્પ, ગંધ, વસ્ત્ર, અલંકારો વડે બહુમાન-સન્માન કર્યું, બહુમાન-સન્માન કરી તેને વિદાય આપી.

૧૬૬. ત્યાર પછી તે રહસ્યસચિવ કલાદ સુવર્ણકારના ઘેરથી નીકળ્યો, નીકળીને જ્યાં તેતલીપુત્ર અમાત્ય હતો ત્યાં આવ્યો, આવીને તેણે તેતલીપુત્ર અમાત્યને થયા પ્રમાણેની બધી વાત નિવેદિત કરી.

**પોટ્ટિલાનું પાણિગ્રહણ—**

૧૬૭. ત્યાર પછી કોઈ એક શુભ તિથિ, નક્ષત્ર, કરણ, મુહૂર્તવાળા દિવસે સુવર્ણકાર કલાદ કન્યા પોટ્ટિલાને સ્નાન કરાવી, સર્વ અલંકારોથી વિભૂષિત કરી, પાલખીમાં બેસાડી, પોતાના સ્વજન-સંબંધીઓ અને પરિજનોને સાથે લઈને, પોતાના ઘેરથી નીકળી સર્વ વૈભવ સહિત વાજતેગાજતે તેતલીપુર નગરની વચ્ચોવચ્ચ થઈ જ્યાં તેતલીપુત્ર અમાત્યનું ઘર હતું ત્યાં આવ્યો, આવીને કન્યા પોટ્ટિલાનું પોતાની જાતે જ તેતલીપુત્રને ભાર્યા રૂપે દાન કર્યું.

ત્યારે તે તેતલીપુત્રે કન્યા પોટ્ટિલાને ભાર્યારૂપે લવાયેલી જોઈ, જોઈને હૃષ્ટતુષ્ટ થઈ પોટ્ટિલાને પોતાની સાથે પાટ પર બેસાડી, બેસાડીને શ્વેત-પીત (સોના-રૂપાના) કળશો વડે પોતાનું સ્નાન કરાવરાવ્યું, સ્નાન કરાવી અગ્નિહોમ કર્યો, અગ્નિહોમ કરાવી પાણિગ્રહણવિધિ કરાવ્યો, પાણિગ્રહણ કરી પોટ્ટિલા ભાર્યાના સ્વજન, સંબંધી, પરિજનોનું વિપુલ અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય તથા પુષ્પ-વસ્ત્ર-અત્તર-માળાદિ પદાર્થોથી સન્માન-બહુમાન કર્યું, સન્માન-બહુમાન કરી બધાને વિદાય આપી.

ત્યાર પછી તે તેતલીપુત્ર પોટ્ટિલા ભાર્યામાં અનુરક્ત, આસક્ત થઈ વિપુલ માનુષી ભોગો તેની સાથે ભોગવતો રહેવા લાગ્યો.

**કનકરથની રાજ્યાસક્તિ અને પુત્રાંગછેદન—**

૧૬૮. ત્યારે તે કનકરથ રાજા રાજ્ય, રાષ્ટ્ર, સેના, વાહન કોષ, કોષ્ઠાગાર, નગર અને અંતઃપુરમાં ગાઢપણે મુચ્છિત, ગૃદ્ધ, આસક્ત થઈને પોતાને ત્યાં જન્મતા પુત્રને પેદા થતાં જ વિકલાંગ કરતો હતો—કોઈના હાથની આંગળીઓ કાપી નાખતો, કોઈના હાથના અંગૂઠા કાપી નાખતો, કોઈના પગની આંગળીઓ કાપી નાખતો, તો કોઈના પગના અંગૂઠા કાપી નાખતો, કોઈના કાન અને કોઈનું વળી નાક કાપી નાખતો, આ રીતે અંગોપાંગો છેદી વિકલાંગ બનાવી દેતો. [જેથી કોઈ શક્તિશાળી બની તેનું રાજ્ય પડાવી શકે નહીં.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પદ્માવતીના પુત્રના રક્ષણ માટે તેતલીપુત્રની અનુમતિ—**

૧૬૯. ત્યારે તે પદ્માવતી દેવીને કોઈ એક વાર મધ્યરાત્રિસમયે આવા પ્રકારનો, આવો માનસિક યાવત્ ભાવ ઉત્પન્ન થયો—'કનકરથ રાજા ચોક્કસ રાજ્ય, રાષ્ટ્ર, સેના, વાહન, કોષ, કોષ્ઠાગાર, પુર અને અંતઃપુરમાં ગાઢપણે મુચ્છિત, ગૃદ્ધ અને અતિ આસક્ત થયો છે અને તેથી જ જન્મનાર દરેક પુત્રને વિકલાંગ બનાવી દે છે—કોઈના હાથની આંગળીઓ કાપી નાખે છે, કોઈના હાથના અંગૂઠા કાપી નાખે છે, કોઈના પગની આંગળીઓ કાપી નાખે છે, તો કોઈના પગના અંગૂઠા કાપી નાખે છે. કોઈના કાન છેદી નાખે છે તો કોઈનાં નાક વાઢી નાખે છે, આમ અંગોપાંગો કાપી નાખે છે. તો જો હું પુત્રને જન્મ આપું તો મારા માટે એ શ્રેયસ્કર છે કે કનકરથથી તે બાળકને છુપાવીને તેનુ રક્ષણ કરું, તેનું સંગોપન કરું.' આમ કરી તેણે વિચાર કર્યો, વિચાર કરીને તેતલીપુત્ર અમાત્યને બોલાવ્યો, બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું.

'હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે કનકરથ રાજા રાજ્ય, રાષ્ટ્ર, સેના, વાહન, કોષ, કોષ્ઠાગાર, નગર અને અંતઃપુરમાં પ્રગાઢ મુચ્છિત, ગૃદ્ધ અને અત્યાસક્ત બનીને પુત્ર જન્મ થતાં જ પુત્રને અપંગ બનાવી દે છે–કોઈના હાથની આંગળીઓ કાપી નાખે છે, કોઈના હાથના અંગૂઠા કાપી નાખે છે, કોઈના પગની આંગળીઓ કાપી નાખે છે, તો કોઈના પગના અંગૂઠા કાપી નાખે છે, કોઈના કાન અને કોઈનું નાક કાપી નાખે છે અને આમ બધાને વિકલાંગ કરી દે છે. એટલે જો હું પુત્રને જન્મ આપું તો હે દેવાનુપ્રિય ! તું એને કનકરથથી છુપાવીને, સાચવીને અને સંરક્ષણ કરીને ક્રમે ક્રમે તેને મોટો કરજે. આમ જ્યારે તે બાળક બાળપણ છોડી જ્ઞાન-વિજ્ઞાનમાં કુશળ પરિપૂર્ણ યુવાન બને ત્યાર તે આપણે બન્નેને માટે ભિક્ષાપાત્રરૂપ નીવડશે અર્થાત્ તે મારા અને તારા ભરણપોષણનો આધાર બનશે.'

ત્યારે તે તેતલીપુત્ર અમાત્યે પદ્માવતી રાણીની આ વાત સ્વીકારી, સ્વીકારીને તે પાછો ફર્યો.

**પદ્માવતીના પુત્ર અને પોટ્ટિલાની પુત્રીના જન્મ બાદ અન્યોન્ય પરાવર્તન—**

૧૭૦. ત્યાર પછી પદ્માવતી રાણી અને અમાત્યપત્ની પોટ્ટિલાએ એકસાથે જ ગર્ભ ધારણ કર્યો, સાથે જ ગર્ભ વહન કર્યો અને સરખા કાળ સુધી–સાથે જ ગર્ભ ઉછેર્યો.

ત્યાર પછી તે પદ્માવતી દેવીએ પૂરા નવ માસ વીતતા યાવત્ જેના દર્શનથી આનંદ થાય તેવા સુંદર બાળકને જન્મ આપ્યો. જે રાત્રીએ પદ્માવતી રાણીએ પુત્રને જન્મ આપ્યો તે જ રાત્રીએ અમાત્યપત્ની પોટ્ટિલાએ પણ નવ માસ પૂરા થતાં મૃત પુત્રીને જન્મ આપ્યો.

ત્યાર પછી પદ્માવતી રાણીએ પોતાની ધાવમાતાને બોલાવી, બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું—'હે મા ! તું જા અને તેતલીપુત્રને છૂપી રીતે અહીં બોલાવી લાવ.'

ત્યારે તે ધાવમાતાએ 'ભલે' એમ કહી પદ્માવતીની વાત માની અને અંતઃપુરના પાછલા રસ્તેથી તે નીકળી, નીકળીને જ્યાં તેતલીપુત્રનું ઘર હતું, જ્યાં તેતલીપુત્ર હતો ત્યાં આવી, આવીને બે હાથ જોડી શિરસાવર્ત અંજલિ રચી આ પ્રમાણે બોલી—'હે દેવાનુપ્રિય ! આપને પદ્માવતી રાણી બોલાવે છે.'

ત્યારે તેતલીપુત્ર ધાવમાતાની આ વાત સાંભળી–સમજી હૃષ્ટ–તુષ્ટ થઈ ધાવમાતા સાથે પોતાના ઘરથી નીકળ્યો, નીકળીને અંતઃપુરનાં પાછલા દ્વારેથી ગુપ્ત રીતે અંતઃપુરમાં પ્રવેશ્યો, પ્રવેશીને જ્યાં પદ્માવતી રાણી હતી ત્યાં ગયો, જઈને બે હાથ જોડી શિરસાવર્ત અંજલિ રચી આ પ્રમાણે બોલ્યો—'હે દેવાનુપ્રિયે ! મારે શું કરવાનું છે–આજ્ઞા આપો.'

ત્યારે પદ્માવતી રાણીએ તેતલીપુત્રને કહ્યું–'હે દેવાનુપ્રિય ! કનકરથ રાજા યાવત્ પુત્રને વિકલાંગ કરી નાખે છે. તો હે દેવાનુપ્રિય ! મેં પુત્રને જન્મ આપ્યો છે. એટલે હે દેવાનુપ્રિય ! તું એ બાળકને લઈ જા યાવત્ તારું અને મારું એ આધારસ્થાન બનશે.' આમ કહી તેણે નવજાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુત્ર તેતલીપુત્ર અમાત્યના હાથમાં આપ્યો.

ત્યાર પછી તેતલીપુત્રે પદ્માવતીના હાથમાંથી બાળકને લીધો, લઈને પોતાના ઉત્તરીય વસ્ત્રથી તેને ઢાંકયો અને અંતઃપુરના પાછલા દ્વારથી છૂપી રીતે તે નીકળ્યો, નીકળીને જ્યાં પોતાનું ઘર હતું, જ્યાં ભાર્યા પોટ્ટિલા હતી ત્યાં આવ્યો, આવીને પોટ્ટિલાને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિયે! વાત એમ છે કે કનકરથ રાજા યાવત્ પુત્રોને અપંગ કરી દે છે. આ બાળક કનકરથનો પુત્ર અને પદ્માવતી દેવીનો આત્મજ છે. તો હે દેવાનુપ્રિયે! કનકરથથી છૂપી રીતે આ બાળકને તું બચાવ, તેની રક્ષા કર અને તેને ઉછેર. ત્યાર પછી જ્યારે આ બાળક બાળપણ છોડી યુવાન બનશે ત્યારે તારો, મારો અને પદ્માવતીનો આધાર બનશે.' આમ કહી તે બાળકને તેણે પોટ્ટિલા પાસે રાખ્યો અને પોટ્ટિલા પાસેથી મૃત બાળકી લીધી, લઈને ઉત્તરીય વસ્ત્રથી ઢાંકી, ઢાંકીને અંતઃપુરમાં પાછલા બારણેથી પ્રવેશ્યો, પ્રવેશીને જ્યાં પદ્માવતી દેવી હતી ત્યાં ગયો, ત્યાં જઈને તે બાળકીને પદ્માવતી દેવી પાસે મૂકી યાવત્ પાછો ફર્યો.

**બાલિકાની ઉત્તરક્રિયા—**

૧૭૧. ત્યાર પછી તે પદ્માવતી રાણીની અંગપરિચારિકાઓએ પદ્માવતી રાણી અને તેની મૃત બાળકીને જોયાં, જોઈને તેઓ જ્યાં કનકરથ રાજા હતો ત્યાં આવી અને આવીને બે હાથ જોડી શિરસાવર્તપૂર્વક અંજલિ રચી આ પ્રમાણે બોલી–'હે સ્વામી! પદ્માવતી દેવીએ મૃત બાલિકાને જન્મ આપ્યો છે.'

ત્યાર બાદ કનકરથ રાજાએ તે મૃત બાલિકાનો અગ્નિસંસ્કાર કર્યો, અને પછી અનેક પ્રકારની લૌકિક ઉત્તરક્રિયા કરી, ઉત્તરક્રિયા કરી પછી સમય જતાં તે શોકરહિત બન્યો.

**અમાત્યને ત્યાં પુત્ર–જન્મ–ઉત્સવ અને કનકધ્વજ-નામકરણ—**

૧૭૨. ત્યાર પછી બીજા દિવસે તેતલીપુત્રે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિયો! તરત જ જેલોમાંથી કેદીઓની બંધનમુક્તિ કરો યાવત્ દશ દિવસ ઉત્સવ જાહેર કરો, કરાવો અને એમ કરી મારી આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો.'

તેઓએ પણ આજ્ઞાનુસાર આજ્ઞાપૂર્તિની જાણ કરી.

'અમારો આ બાળક કનકરથ રાજાના રાજ્યમાં જન્મ્યો છે તેથી આ બાળકનું નામ કનકધ્વજ હો' [આમ તેનું નામકરણ કર્યું.] યાવત્ ભોગો ભોગવવા સમર્થ એવો યુવાન તે બન્યો.

**અમાત્યનો પોટ્ટિલા પ્રત્યે વિરાગ—**

૧૭૩. ત્યાર પછી કોઈ એક કાળે તેતલીપુત્રને પોટ્ટિલા અણગમતી, અપ્રિય, અનિષ્ટ, અણમાનીતી થઈ ગઈ–તેતલીપુત્રને તેનું નામ અને ગોત્ર સાંભળવું પણ ગમતું ન હતું, પછી તેના દર્શન કે તેની સાથેના ભોગની તો વાત જ શું?

ત્યારે કોઈ વખત મધ્યરાત્રિ સમયે પોટ્ટિલાના મનમાં આવો ભાવ, આવા પ્રકારનો વિચાર, વિકલ્પ કે સંકલ્પ થયો–'ખરેખર હું પહેલાં તો તેતલીપુત્રને ઇષ્ટ, કાંત, પ્રિય, મનગમતી, માનીતી હતી અને અત્યારે અનિષ્ટ, અકાંત, અપ્રિય, અણગમતી, અણમાનીતી બની ગઈ છું. તેતલીપુત્ર જ્યારે મારું નામ-ગોત્ર સાંભળવાય રાજી નથી ત્યારે પછી મને જોવા કે મારી સાથે ભોગ ભોગવવાની તો વાત જ ક્યાં રહી?' આમ વિચારી તે હતાશ થઈ, બે હથેળીમાં મોં મૂકી આર્તધ્યાનમાં ડૂબી ગઈ.

**પોટ્ટિલા માટે દાનશાળાનિર્માણ—**

૧૭૪. ત્યાર બાદ તેતલીપુત્રે હતાશ થયેલી અને હથેળીમાં મોં છુપાવી આર્તધ્યાનમાં ડૂબેલી પોટ્ટિલાને જોઈ, જોઈને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય! તું હતાશ થઈ હથેળીઓમાં મોં રાખી આર્તધ્યાનમાં ન પડ. તું મારી ભોજનશાળામાં વિપુલ પ્રમાણમાં અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય આહાર તૈયાર કરાવ અને તૈયાર કરાવી પછી અનેક શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ભીખારીઓને દાન આપતી અપાવતી વિચરણ કર.'

ત્યારે તે પોટ્ટિલાએ તેતલીપુત્ર અમાત્યનું આ કથન સાંભળી હૃષ્ટ તુષ્ટ થઈ તેતલીપુત્રના આવા પ્રસ્તાવનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને પ્રતિદિન ભોજનશાળામાં વિપુલ માત્રામાં અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય આહાર તે તૈયાર કરાવવા લાગી અને તેમ કરી અનેક શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ અને ભીખારીઓને આપતી અને અપાવતી રહેવા લાગી.

**આર્યા-સંઘાટકનું ભિક્ષાર્થે આગમન—**

**૧૭૫.** તે કાળે તે સમયે ઈર્યાસમિતિ આદિ સમિતિઓથી યુક્ત યાવત્ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત અને બ્રહ્મચર્યધારિણી, બહુશ્રુત અને અનેક શિષ્યાઓના પરિવારવાળી સુવ્રતા નામની આર્યા ક્રમાનુક્રમથી વિહાર કરતી જ્યાં તેતલીપુર નગર હતું ત્યાં આવી, આવીને યથાયોગ્ય વ્રતો ધારણ કરતી, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતી વિચરવા લાગી.

ત્યાર પછી તે સુવ્રતા આર્યાના એક સંઘાટકે (સાધ્વી યુગલે) પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કર્યો યાવત્ ભિક્ષાર્થ ભ્રમણ કરતી કરતી તે તેતલીપુત્રના ઘેર આવી.

**પોટ્ટિલા દ્વારા અમાત્યને પ્રસન્ન કરવાના ઉપાયની પૃચ્છા—**

**૧૭૬.** ત્યાર પછી પોટ્ટિલાએ તે સાધ્વીઓને આવતી જોઈને હૃષ્ટ તુષ્ટ થઈને આસનેથી ઊઠી, વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી વિપુલ અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય આહારથી સાધ્વીઓને પ્રતિલાભિત કરી, પ્રતિલાભિત કરી આ પ્રમાણે કહ્યું—

'હે આર્યાઓ ! વાત એમ છે કે હું અમાત્ય તેતલીપુત્રને પહેલાં તો ઇષ્ટ યાવત્ માનીતી હતી, હવે અનિષ્ટ યાવત્ અણમાનીતી બની ગઈ છું. તેતલીપુત્ર મારું નામ-ગોત્ર સાંભળવાય રાજી નથી, તો પછી મને જોવા કે મારી સાથે ભોગ ભોગવવાની તો વાત જ ક્યાં રહી ! તમે તો હે આર્યાઓ ! બહુ જાણકાર છો, બહુ શિક્ષિત છો, બહુ ભણેલ છો, અનેક ગામ-આકર યાવત્ ફરો છો, અનેક રાજાદિ યાવત્‌ના ગૃહોમાં જાવ-આવો છો. તો હે આર્યાઓ ! જો તમે ક્યાંય કંઈ ચૂર્ણયોગ, મંત્રયોગ, કામણટૂમણ, હૃદય-આકર્ષણક્રિયા, કાયાકર્ષણક્રિયા, અભિયોગક્રિયા, વશીકરણક્રિયા, કૌતુક કર્મ, ભસ્મભભૂતિ, મૂળ, કંદ, છાલ, વેલ, તૃણ, ગોળી, ઔષધિ કે ભૈષજ પૂર્વે જોયું-જાણ્યું હોય તો મને બતાવો કે જેના વડે હું તેતલીપુત્રની ફરીથી ઈષ્ટ યાવત્ માનીતી બની શકું.'

**આર્યા-સંઘાટક દ્વારા ધર્મોપદેશ—**

**૧૭૭.** ત્યારે તે આર્યાઓએ પોટ્ટિલાની આવી વાત સાંભળીને પોતાના બન્ને કાન આડા હાથ ધરી ઢાંકી દીધા, કાન ઢાંકીને પોટ્ટિલાને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયે ! અમે નિર્ગ્રંથ સાધ્વીઓ યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી છીએ. એટલે આવાં વચનો અમને કાનથી સાંભળવાં પણ ન કલ્પે, તો પછી એ વિષયમાં સલાહ આપવી કે આચરણ કરવું કઈ રીતે કલ્પે ? આથી હે દેવાનુપ્રિયે ! અમે તો તને કેવળજ્ઞાની પ્રરૂપિત સુંદર ધર્મનો ઉપદેશ માત્ર આપી શકીએ.'

ત્યારે તે પોટ્ટિલાએ તે આર્યાઓને કહ્યું—'તો હે આર્યાઓ ! હું તમારી પાસેથી કેવળજ્ઞાનીઓએ પ્રરૂપેલ ધર્મ શ્રવણ કરવા ઇચ્છું છું.'

ત્યારે તે આર્યાઓએ પોટ્ટિલાને સુંદર કેવલિપ્રરૂપિત ધર્મનો ઉપદેશ કર્યો.

**પોટ્ટિલા દ્વારા શ્રાવિકાધર્મનો સ્વીકાર—**

**૧૭૮.** ત્યાર પછી ધર્મશ્રવણ કરીને અને હૃદયમાં ધારણ કરીને તે પોટ્ટિલા હૃષ્ટ તુષ્ટ થતી બોલી—'હે આર્યાઓ ! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરું છું—યાવત્ તે આપ જેવું પ્રરૂપણ કરો છો તેવું જ છે. આથી હું આપની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર વ્રતનો શ્રાવકધર્મ ગ્રહણ કરવા ઇચ્છું છું.'

'હે દેવાનુપ્રિયે ! યથાસુખ કર.' [આર્યાઓએ ઉત્તર આપ્યો.]

ત્યાર પછી તે પોટ્ટિલાએ તે આર્યાઓ પાસે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ અણુવ્રત યાવત્ શ્રાવક ધર્મ સ્વીકાર કર્યો, પછી તે આર્યાઓને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમન કરી તેમને વિદાય આપી.

હવે તે પોટ્ટિલા શ્રમણોપાસિકા બની ગઈ યાવત્ સાધુ-સાધ્વીઓને પ્રતિલાભિત કરતી વિચરવા લાગી.

**પોટ્ટિલાનો પ્રવ્રજ્યા-સંકલ્પ—**

૧૭૯. ત્યાર પછી એક વખત કોઈ દિવસ મધ્યરાત્રિસમયે કુંટુંબવિષયક ચિંતામાં જાગરણ કરતાં કરતાં તે પોટ્ટિલાના મનમાં આવો વિચાર—આ પ્રકારનો મનોભાવ થયો—'પહેલાં હું તેતલીપુત્રને મનગમતી યાવત્ માનીતી હતી પરંતુ હવે અનિષ્ટ યાવત્ અણમાનીતી બની ગઈ છું. તેતલીપુત્રને મારું નામ-ગોત્ર સાંભળવું પણ ગમતું નથી, પછી મારાં દર્શન અને મારી સાથે ભોગ ભોગવવાની તો વાત જ કયાં રહી ? એટલે મારા માટે સુવ્રતા આર્યા પાસે દીક્ષા લેવી તે જ શ્રેયસ્કર છે.' આમ તેણે વિચાર્યું, વિચારીને બીજા દિવસે પ્રભાત થયું અને જાજ્વલ્યમાન પ્રકાશ સહિત સહસ્રરશ્મિ સૂર્યનો ઉદય થયો ત્યારે તે જ્યાં તેતલીપુત્ર હતો ત્યાં ગઈ, જઈને બે હાથ જોડી મસ્તક સમીપે અંજલિ રચી આ પ્રમાણે બોલી—'હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે સુવ્રતા આર્યા પાસે મેં ધર્મનો ઉપદેશ સાંભળ્યો છે, હું તે ધર્મ પાળવા માગું છું, મારી તેમાં રુચિ છે, અભિરુચિ છે. આથી હું તમારી પાસેથી તે ધર્મમાં પ્રવ્રજિત થવાની અનુમતિ માગું છું.'

**તેતલીપુત્ર પ્રતિ ધર્મબોધકરણ પ્રતિબદ્ધતાપૂર્વક પોટ્ટિલાનું પ્રવ્રજ્યા-ગ્રહણ અને દેવલોકમાં ઉત્પત્તિ—**

૧૮૦. ત્યારે તેતલીપુત્રે પોટ્ટિલાને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયે ! તું મુંડિત અને પ્રવ્રજિત થઈને કાળસમયે મૃત્યુ પામી અન્ય દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થઈશ. તો હે દેવાનુપ્રિયે ! જો તું તે દેવલોકમાંથી આવીને મને કેવલિપ્રરૂપિત ધર્મનો બોધ કરાવવાનું સ્વીકારે તો હું તને અનુમતિ આપું. જો તેમ ન કરવું હોય તો હું તને રજા આપીશ નહીં.'

ત્યારે તે પોટ્ટિલાએ તેતલીપુત્રની વાત-શરત સ્વીકારી.

૧૮૧. ત્યાર પછી તેતલીપુત્રે વિપુલ પ્રમાણમાં અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય આહાર બનાવરાવ્યો, આહાર બનાવરાવી પછી મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજનોને આમંત્રણ આપી બોલાવ્યા યાવત્ સત્કાર-સન્માન કર્યું, સન્માન કરી પોટ્ટિલાને સ્નાન કરાવ્યું, સર્વ અલંકારોથી વિભૂષિત કરી અને પછી સહસ્ર પુરુષો દ્વારા ઊંચકાતી શિબિકામાં બેસાડી મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજનોથી ઘેરાઈને, સમસ્ત ઋદ્ધિપૂર્વક-ઠાઠમાઠથી યાવત્ દુંદુભિઘોષપૂર્વક અર્થાત્ વાજતે ગાજતે તેતલીપુર નગરની વચ્ચોવચ્ચ થઈને પસાર થઈ જ્યાં સુવ્રતા આર્યાનો ઉપાશ્રય હતો ત્યાં આવી પહોંચ્યો, ત્યાં આવીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયે ! આ મારી ભાર્યા પોટ્ટિલા મને ઇષ્ટ યાવત્ મનગમતી છે. તે આ સંસારના ભયથી ઉદ્વિગ્ન અને જન્મ, જરા અને મરણથી ભયભીત થઈને આપ દેવાનુપ્રિયની પાસે મુંડિત થઈને, ગૃહસ્થવાસ છોડી અનગાર પ્રવ્રજ્યા લેવા ઇચ્છે છે. તો હે દેવાનુપ્રિયે ! આપ આ શિષ્યા-દાન ગ્રહણ કરો.'

[આર્યાએ કહ્યું—] 'જેમ સુખ થાય તેમ કરો, વિલંબ ન કરો.'

ત્યાર પછી તે પોટ્ટિલા સુવ્રતા આર્યાનું આવું વચન સાંભળી હૃષ્ટ તુષ્ટ થઇ ઉત્તરપૂર્વ દિશા-(ઈશાન કોણ)માં ગઈ, ત્યાં જઈને પોતાની જાતે જ પોતાનાં આભરણ-અલંકારો ઉતાર્યા, ઉતારીને પોતાની જાતે જ પંચમુષ્ટિ કેશલોચ કર્યો, પછી જ્યાં સુવ્રતા આર્યા હતાં ત્યાં ગઈ, જઈને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરીને આ પ્રમાણે કહ્યું—'હે આર્યા ! આ લોક સળગી રહ્યો છે....' —યાવત્ દેવાનંદાની જેમ જ—યાવત્ અગિયાર અંગોનું અધ્યયન કર્યું, અનેક વર્ષોનો શ્રામણ્ય-પર્યાય પાળ્યો અને પછી એક માસની સંલેખના દ્વારા આત્મશુદ્ધિ કરી, અનશન વડે સાઠ ભક્તનું છેદન કરી, આલોચના અને પ્રતિક્રમણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી, કાળસમયે સમાધિપૂર્વક કાળ કરી, કોઈ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થઈ.

**કનકરથનું મૃત્યુ—**

૧૮૨. ત્યાર બાદ કોઈ સમયે કનકરથ રાજા કાળધર્મને વશ થયો અર્થાત્ મૃત્યુ પામ્યો.

ત્યારે તેના સામંતાદિકોએ યાવત્ અગ્નિ-સંસ્કાર આદિ ઉત્તરક્રિયા કરી પછી અન્યોન્ય આ પ્રમાણે કહેવા લાગ્યા—

'હે દેવાનુપ્રિયો! કનકરથ રાજાએ રાજ્ય યાવત્ અંતઃપુરમાં મુચ્છિંત થઈને પોતાના પુત્રોને વિકલાંગ કરી દીધા છે. અને આપણે તો હે દેવાનુપ્રિયો! રાજાને અધીન છીએ, રાજાથી અધિષ્ઠત થઈને રહેનાર છીએ અને રાજાની આજ્ઞા પ્રમાણે કાર્ય કરનાર છીએ. આથી તેતલી-પુત્ર અમાત્ય કે જે રાજાનો સર્વસ્થાનોમાં, સર્વ કાર્યોમાં વિશ્વાસપાત્ર, સલાહ લેવાનું પાત્ર અને સર્વ કાર્યો આગળ વધારનાર છે તેની પાસે આપણે જઈએ અને કુમારની યાચના કરીએ તે આપણા માટે શ્રેયસ્કર છે.' આ પ્રમાણે વિચાર કરીને અન્યોન્ય આ વાત સ્વીકારી, સ્વીકારીને જ્યાં તેતલીપુત્ર અમાત્ય હતો ત્યાં આવ્યા, આવીને તેતલીપુત્ર અમાત્યને સંબોધી આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય! વાત એમ છે કે કનકરથ રાજાએ રાજ્ય યાવત્ અંતઃપુરમાં મુચ્છિંત થઈને પુત્રોને વિકલાંગ કરી દીધા છે. અને હે દેવાનુપ્રિય! અમે તો રાજાને અધીન છીએ, રાજાજ્ઞાથી અધિષ્ઠત અને રાજાની આજ્ઞા મુજબ કામ કરનાર છીએ. તો હે દેવાનુપ્રિય! આપ તો કનકરથ રાજાનાં બધાં સ્થાનોમાં, બધી બાબતોમાં વિશ્વાસપાત્ર રહ્યા છો, સલાહકાર રહ્યા છો, બધાં કાર્યો આગળ વધારનાર અને રાજ્યધુરાના વાહક છો. આથી હે દેવાનુપ્રિય! કોઈ રાજલક્ષણોથી યુક્ત અને રાજ્યાભિષેકને યોગ્ય કુમાર હોય તો અમને આપો, જેથી અમે તેનો મહોત્સવપૂર્વક રાજ્યાભિષેક કરીએ.'

**કનકધ્વજનો રાજ્યાભિષેક—**

૧૮૩. ત્યાર પછી તેતલીપુત્રે તે સામંત આદિની આવી વિનંતિ સાંભળી અને સ્વીકારી, સ્વીકારીને કનકધ્વજ કુમારને સ્નાન કરાવી યાવત્ સુશોભિત કર્યો, સુશોભિત કરીને તેને સામંતાદિ પાસે ઉપસ્થિત કર્યો, ઉપસ્થિત કરી આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! આ કનકરથ રાજાનો પુત્ર અને પદ્માવતી દેવીનો આત્મજ કનક-ધ્વજ નામે કુમાર રાજ્યાભિષેકને યોગ્ય અને રાજલક્ષણોથી સંપન્ન છે. કનકરથ રાજાથી છુપાવીને મેં તેને પાળી પોષી ઉછેર્યો છે. તમે લોકો મહાન ધામધૂમપૂર્વક એનો રાજ્યા-ભિષેક કરો.' આમ કહી તેણે તે કુમારનો જન્મથી લઈને સમસ્ત વૃત્તાંત કહી સંભળાવ્યો.

ત્યાર પછી તે સામંતો વગેરેએ કનકધ્વજ કુમારનો અત્યંત ઠાઠમાઠપૂર્વક રાજ્યાભિષેક કર્યો.

ત્યારે તે કનકધ્વજ કુમાર રાજા બની ગયો —મહા હિમવંત, મલય, મેરુ અને મહેન્દ્રના જેવો સત્ત્વશાળી યાવત્ રાજ્યશાસન ચલાવતો રહેવા લાગ્યો.

**તેતલીપુત્રનું સન્માન—**

૧૮૪. ત્યાર પછી પદ્માવતી દેવીએ કનકધ્વજ રાજાને બોલાવ્યો, બોલાવીને તેને કહ્યું—'હે પુત્ર! તારું આ રાજ્ય, સૈન્ય, વાહન, કોષ, કોષ્ઠાગાર, પુર અને અંતઃપુર તથા સ્વયં તું પણ તેતલીપુત્ર અમાત્યના પ્રભાવે સુરક્ષિત રહેલ છે. આથી તું તેતલીપુત્ર અમાત્યનો આદર કરજે, તેમને પોતાના હિતેચ્છુ જાણજે, એમનું સન્માન-બહુમાન કરજે, એમને આવતા જોઈ ઊભો થજે, આવીને ઊભા રહે એટલે એમની સેવા ઉપાસના કરજે અને પાછા જતાં તેની પાછળ પાછળ ચાલજે, બોલે ત્યારે તેમનાં વચનોની પ્રશંસા કરજે, સમીપમાં હોય ત્યારે પોતાના અર્ધા આસન પર બેસાડજે અને તેમના ભોગો-(વેતનભથ્થા-જમીનજાગીર આદિ)ની વૃદ્ધિ કરજે.'

ત્યારે તે કનકધ્વજ રાજાએ 'જેવી આજ્ઞા' કહી પદ્માવતીનું તે વચન સ્વીકાર્યું, સ્વીકારીને તેતલીપુત્ર અમાત્યનો તે આદર કરવા લાગ્યો, તેમને પોતાના હિતેચ્છુ ગણવા લાગ્યો, તેમનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સન્માન કરવા લાગ્યો, તેમને આવતા જોઈને ઊઠીને આસન આપવા લાગ્યો, તે પાછા જતા ત્યારે પાછળ પાછળ ચાલતો, ઊભા રહે તો તેમની સેવા કરતો, તેમનાં વચનોની પ્રશંસા કરવા લાગ્યો, પોતાના અર્ધા આસન પર બેસાડતો અને તેમના ભોગોની વૃદ્ધિ કરવા લાગ્યો.

**તેતલીપુત્ર માટે પોટ્ટિલ દેવે કરેલ ધર્મસંબોધ-ઉપાય—**

૧૮૫. ત્યાર પછી તે પોટ્ટિલ દેવે તેતલીપુત્રને વારંવાર કેવલિપ્રણીત ધર્મનો બોધ કર્યો, પરંતુ તેતલીપુત્ર પ્રતિબોધ પામ્યો નહિ.

ત્યારે તે પોટ્ટિલ દેવને મનમાં આવા પ્રકારનો ભાવ યાવત્ સંકલ્પ થયો—'કનકધ્વજ રાજા તેતલીપુત્રનો આદર કરે છે યાવત્ તેના ભોગોમાં અભિવૃદ્ધિ કરે છે એટલે જ તેતલીપુત્રને વારંવાર ધર્મબોધ કરાવવા છતાં તે ધર્મબોધ પામતો નથી. તો હવે મારા માટે એ શ્રેયસ્કર છે કે કનકધ્વજને તેતલીપુત્રથી વિમુખ કરી દઉં.' એમ તેણે વિચાર્યું, વિચારીને કનકધ્વજને તેતલીપુત્રથી વિમુખ–વિરુદ્ધ ભાવવાળો કરી દીધો.

ત્યાર પછી બીજે દિવસે પ્રભાત થતાં અને જાજ્વલ્યમાન સહસ્રરશ્મિ દિનકર પ્રકાશમાન થયો ત્યારે તેતલીપુત્ર સ્નાન કરી, કૌતુક–મંગળક્રિયા કરી, બલિકર્મ કરી, ઉત્તમ અશ્વપર સવાર થઈ, અનેક પુરુષો સાથે પોતાના ઘેરથી નીકળ્યો અને નીકળીને જ્યાં કનકધ્વજ રાજા હતો ત્યાં જવા ઉદ્યત થયો.

ત્યારે માર્ગમાં તેતલીપુત્ર અમાત્યને જે જે અનેક સામંત, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ આદિએ જોયો તેણે તેણે હંમેશની જેમ જ તેનો આદર કર્યો, માન આપ્યું, ઊભા થયા, હાથ જોડ્યા અને ઇષ્ટ યાવત્ મધુર વાણીથી તેની સાથે વાત કરતા આગળ, પાછળ અને આજુબાજુમાં રહી તેને અનુસરતા ચાલવા લાગ્યા.

૧૮૬. ત્યાર પછી તે તેતલીપુત્ર અમાત્ય જ્યાં કનકધ્વજ રાજા હતો ત્યાં આવ્યો.

ત્યારે તે કનકધ્વજે તેતલીપુત્રને પોતાની સમીપ આવતો જોયો, પરંતુ તેને જોઈને પણ તેનો આદર ન કર્યો, સત્કાર ન કર્યો, તે ઊભો થયો નહીં, અનાદર કરતો, ઉપેક્ષા કરતો તે પરાઙ્મુખ થઈને—પીઠ ફેરવીને બેઠો રહ્યો.

ત્યારે તે તેતલીપુત્ર અમાત્યે કનકધ્વજ રાજાને અંજલિપૂર્વક પ્રણામ કર્યાં તો પણ તે કનકધ્વજ રાજાએ આદર ન કર્યો, ઉપેક્ષા કરતો તે ઊભો પણ ન થયો અને સામે જોયા વિના મૌન બેઠો રહ્યો.

ત્યારે તેતલીપુત્ર કનકધ્વજ રાજાને પોતાની વિરુદ્ધ ભાવવાળો થયેલ જાણીને ભયભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન અને ભયાક્રાન્ત થઈ આ પ્રમાણે (મનોમન) બોલ્યો—'કનકધ્વજ રાજા મારા પર રુઠ્યો લાગે છે, કનકધ્વજ રાજા મારા પર રિસાયો લાગે છે, કનકધ્વજ રાજા મારી વિરુદ્ધ થયો લાગે છે. તો કોણ જાણે તે મને કેવાય કુમોતથી મારશે.' આમ વિચારી ભીત, ત્રસ્ત યાવત્ ધીરે ધીરે તે પાછો હટ્યો, પાછો ફરીને એ જ અશ્વ પર સવાર થયો, સવાર થઈને તેતલીપુર વચ્ચેથી પોતાના આવાસગૃહે જવા ઉદ્યત થયો.

તે વખતે પેલા સામંત યાવત્ સાર્થવાહ આદિએ તેને જોઈને પણ તેનો પહેલાંની જેમ આદર ન કર્યો, સન્માન ન કર્યું, ઊભા ન થયા, હાથ જોડીને પ્રણામ કર્યાં નહીં, મધુર યાવત્ ઇષ્ટ વચનોથી તેની સાથે વાતચીત કરી નહીં કે આગળ–પાછળ ને સાથે સાથે તેને અનુસરતા ચાલ્યા નહીં.

ત્યાર પછી તેતલીપુત્ર અમાત્ય જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવ્યો, ત્યાં પણ બાહ્ય પરિષદ હતી તે, જેમ કે—દાસ, નોકર, ખેતીકામ કરનાર નોકર ઇત્યાદિએ પણ ન તેનું બહુમાન કર્યું, ન ધ્યાન આપ્યું, ન કોઈ ઊભું થયું. તેના નિવાસના અંદર રહેનારા, જેવા કે—પિતા, માતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી, પુત્રવધૂ આદિ—તેમણે પણ તેના તરફ ધ્યાન આપ્યું નહીં, ન આદર દર્શાવ્યો, ન કોઈ ઊભું થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તેતલીપુત્રના આત્મઘાત માટે નિષ્ફળ પ્રયત્નો–**

૧૮૭. ત્યાર પછી તે તેતલીપુત્ર જ્યાં પોતાનું શયનાગાર હતું, જ્યાં શૈયા હતી ત્યાં આવ્યો, આવીને શૈયા પર બેઠો, બેસીને (મનોમન) આ પ્રમાણે બોલ્યો–'જ્યારે હું પોતાના ઘરથી નીકળ્યો—યાવત્—અંદરના માણસોએ પણ ન મને આવકાર્યો, ન મારા તરફ ધ્યાન આપ્યું, ન કોઈ ઊભું થયું. તો હવે મારા માટે પ્રાણત્યાગ કરવા એ શ્રેયસ્કર છે.' આમ વિચાર્યું, વિચારીને પછી તાલપુટ વિષ મોંમાં નાખ્યું. પરંતુ તે વિષની પણ કોઈ અસર થઈ નહીં અર્થાત્ તે મર્યો નહીં.

ત્યારે તે તેતલીપુત્ર અમાત્યે નીલકમળ સમાન, પાડાના સીંગડાં જેવી, અળસીના ફૂલ જેવી શ્યામ, તીક્ષ્ણ ધારવાળી તરવારથી પોતાની કાંધપર પ્રહાર કર્યો. તો તે તરવારની ધાર પણ નિરર્થક સિદ્ધ થઈ અર્થાત્ તેને વાગી નહીં.

ત્યાર પછી તે તેતલીપુત્ર જ્યાં અશોકવાટિકા હતી ત્યાં ગયો, ત્યાં જઈને તેણે પોતાના ગળે ફાંસો નાખ્યો, વૃક્ષ પર ચઢ્યો, વૃક્ષ સાથે ફાંસો બાંધ્યો, અને પછી પોતાનું શરીર લટકાવ્યું. પરંતુ ફાંસાની દોરી તૂટી ગઈ અર્થાત્ તે બચી ગયો.

ત્યાર પછી તે તેતલીપુત્રે એક મોટી શિલા પોતાના ગળામાં બાંધી, બાંધીને અથાગ, તરીને નીકળી ન શકાય તેવા, અપૌરુષ (અર્થાત કેટલાં માથોડાં પાણી છે તે જાણી ન શકાય તેટલું) એવા પાણીમાં પડ્યો. પરંતુ તે અથાગ પાણી પણ છીછરું બની ગયું અર્થાત્ તે ડૂબ્યો નહીં.

ત્યાર પછી તે તેતલીપુત્રે સૂકા ઘાસના ઢગલામા આગ લગાડી, આગ લગાડીને પોતે તેમાં કૂદી પડ્યો. તો તે આગ પણ બુઝાઈ ગઈ.

**તેતલીપુત્રને થયેલ આશ્ચર્ય—**

૧૮૮. ત્યાર પછી તે તેતલીપુત્ર (મનોમન) આ પ્રમાણે બોલ્યો—'અરે ! આશ્ચર્ય છે કે શ્રમણો જે બોલે છે તે શ્રદ્ધેય છે, બ્રાહ્મણો જે બોલે છે તે શ્રદ્ધેય છે, શ્રમણ-બ્રાહ્મણ જે બોલે તે શ્રદ્ધેય છે, એક હું જે બોલું તે અશ્રદ્ધેય છે! ખરેખર આમ છે—

હું પુત્રોવાળો હોવા છતાં અપુત્ર છું—કોણ મારી વાતમાં શ્રદ્ધા રાખશે ?

હું મિત્રોવાળો હોવા છતાં અમિત્ર છું—કોણ મારી આ વાતમાં શ્રદ્ધા કરશે ?

હું ધનવાળો હોવા છતાં નિર્ધન છું–કોણ મારી આ વાતનો વિશ્વાસ કરશે ?

હું પત્નીવાળો હોવા છતાં અપત્નીક છું–કોણ મારી આ વાતનો વિશ્વાસ કરશે ?

હું દાસવાળો હોવા છતાં દાસહીન છું–કોણ મારી આ વાતનો વિશ્વાસ કરશે ?

હું પ્રેષ્ય–સેવકવાળો હોવા છતાં અપ્રેષ્ય છું–કોણ મારી આ વાતમાં શ્રદ્ધા કરશે ?

હું પરિજનવાળો હોવા છતાં અપરિજન છું–કોણ મારી આ વાત સાચી માનશે ?

અને વળી કનકધ્વજ રાજા વિમુખ બની જતાં તેતલીપુત્ર અમાત્યે પોતાના મોંમાં તાલપુટ વિષ નાખ્યું, પણ તે પણ અસર કરી શક્યું નહીં. કોણ મારી આ વાતમાં વિશ્વાસ કરશે ? તેતલીપુત્રે નિલકમળ, પાડાનાં સીંગ અને અળસીના ફૂલ જેવી શ્યામ, તીક્ષ્મ ધારવાળી તરવાર ગર્દન પર મારી, તો તેની ધાર ખંડિત થઈ ગઈ. કોણ મારી આ વાતમાં શ્રદ્ધા કરશે ?

તેતલીપુત્ર ગળામાં ફાંસો નાખી વૃક્ષ પર ચઢ્યો, વૃક્ષ પર ફાંસો બાંધી નીચે લટકી પડ્યો, તો ત્યાં દોરડું તૂટી ગયું. કોણ આ વાતમાં વિશ્વાસ કરશે ?

તેતલીપુત્ર એક મોટી શિલા ગળામાં બાંધી અથાગ, તરવું અશક્ય અને અપૌરુષ—અમાપ પાણીમાં પડ્યો, તો ત્યાં પાણી છીછરું બની ગયું. કોણ મારી આ વાતમાં શ્રદ્ધા ધરશે ?

તેતલીપુત્રે સૂકા ઘાસના ઢગલામાં આગ લગાડી, પોતે તેમાં કૂદી પડ્યો—તો ત્યાં તે આગ જ બુઝાઈ ગઈ. કોણ મારી આ વાત માનશે ?

—આમ તેતલીપુત્ર હતાશ થઈ હથેળીઓમાં મોં છુપાવીને આર્તધ્યાનમાં ડૂબી ગયો.

**પોટ્ટિલ દેવ સાથે સંવાદ—**

૧૮૯. ત્યાર પછી પોટ્ટિલ દેવે પોટ્ટિલાના રૂપની વિકુર્વણા કરી અર્થાત્ પોટ્ટિલાનું રૂપ ધારણ કર્યું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોટ્ટિલાનું રૂપ વિકુર્વીને તેતલીપુત્રથી ન અતિ દૂર કે ન અતિ નજીક એવી રીતે રહી આ પ્રમાણે કહ્યું—

'હે તેતલીપુત્ર ! આગળ પ્રપાત છે અને પાછળ હાથીનો ભય ! ચોપાસ ઘોર અંધારુ છે, આંખોથી કંઈ દેખાતું નથી અને તે વચ્ચે બાણોની વર્ષા વર્ષી રહી છે! ગામમાં આગ લાગી છે અને વન ભડકે બળે છે અને વનમાં આગ લાગી છે અને ગામ ભડકે બળે છે ! આયુષ્માન તેતલીપુત્ર ! અમે ક્યાં જઈએ ?'

ત્યારે તે તેતલીપુત્રે પોટ્ટિલ દેવને આ પ્રમાણે કહ્યું—'અરે ! જેમ ઉત્કંઠિત વ્યક્તિ માટે સ્વદેશગમન, ભૂખ્યા માણસને અન્ન, તરસ્યાને પાણી, રોગીને ઔષધ, માયાવીને રહસ્ય, અભિયુક્ત-શત્રુથી ઘેરાયેલાને પ્રતીતિ, માર્ગથી થાકેલાને વાહન, પાર જવા ઇચ્છનારને વહાણ, શત્રુને હરાવવાની ઇચ્છાવાળાને સહાય શરણ છે તેમ ભયભીતને માટે પ્રવ્રજ્યા શરણરૂપ છે. પરંતુ ક્ષાન્ત, દાન્ત અને જિતેન્દ્રિયને આમાંનું એકે જરૂરી નથી.'

ત્યારે તે પોટ્ટિલ દેવે તેતલીપુત્ર અમાત્યને આ પ્રમાણે કહ્યું—'હે તેતલીપુત્ર! તું ઠીક કહે છે. એટલે આ જ વાતને બરાબર સમજ—' (અર્થાત્ તું પોતે જ ભયગ્રસ્ત છે એટલે તારે માટે પણ પ્રવ્રજ્યા જ શરણ છે એ સમજ.) આમ બીજી વાર અને ત્રીજી વાર પણ કહ્યું, અને કહીને પછી જે દિશામાંથી આવેલ તે જ દિશામાં તે દેવ પાછો ફર્યો.

**તેતલીપુત્રને જાતિસ્મરણ અને પછી પ્રવ્રજ્યા-ગ્રહણ—**

૧૯૦. ત્યાર પછી તે તેતલીપુત્રને શુભ અધ્યવસાયો—ભાવો થતાં જાતિસ્મરણ જ્ઞાન થયું.

ત્યારે તેતલીપુત્રને આવા પ્રકારનો માનસિક ભાવ યાવત્ સંકલ્પ થયો—'હું સાચે જ જંબૂદ્વીપનામક દ્વીપમાં, મહાવિદેહ ક્ષેત્રમાં, પુષ્કલાવતી વિજયમાં, પુંડરીકિણી રાજધાનીમાં મહાપદ્મનામે રાજા હતો. ત્યાં મેં સ્થવિર મુનિરાજ પાસે મુંડિત થઈ દીક્ષા લીધી હતી. અને સામાયિકથી શરૂ કરીને ચૌદ પૂર્વ સુધીનું અધ્યયન કરી, અનેક વર્ષ સુધી શ્રામણ્યપર્યાય પાળી અંતમાં એક માસની સંલેખના કરી મહાશુક્ર કલ્પમાં દેવ રૂપે ઉત્પન્ન થયો હતો.

ત્યાર પછી આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થતાં તરત તે દેવલોકમાંથી ચ્યવીને આ જ તેતલીપુરમાં તેતલી અમાત્યની ભાર્યા ભદ્રાની કુક્ષિમાં પુત્રરૂપે જન્મ્યો. તો મારા માટે પૂર્વે ગ્રહણ કરેલાં મહાવ્રતો પોતાની મેળે જ અંગીકાર કરીને વિચરવું શ્રેયસ્કર છે.' —આમ વિચાર્યું, વિચારીને પછી પોતાની મેળે જ મહાવ્રતો અંગીકાર કર્યાં, મહાવ્રતો અંગીકાર કરીને જ્યાં પ્રમદવન નામે ઉદ્યાન હતું ત્યાં આવ્યો, આવીને શ્રેષ્ઠ અશોક વૃક્ષની નીચે પૃથ્વીશિલાપટ્ટ પર સુખપૂર્વક બેસીને ચિંતન કરતાં, પહેલાં જેનું અધ્યયન પોતે કરેલ તે સામાયિકથી લઈ ચૌદ પૂર્વનું તેને સ્મરણ થયું.

**તેતલીપુત્ર અનગારને કેવળજ્ઞાન—**

૧૯૧. ત્યાર પછી તે તેતલીપુત્ર અનગારનો શુભ પરિણામ, પ્રશસ્ત અધ્યવસાય અને વિશુદ્ધ થયેલ લેશ્યાઓના કારણે તદાવરણીય કર્મોના ક્ષયોપશમથી, કર્મરજનો નાશ કરનાર અપૂર્વકરણમાં પ્રવેશ થયો અને પછી તેને ઉત્તમ કેવળજ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયાં.

ત્યારે તેતલીપુર નગરની સમીપ વસતા વાનવ્યંતર દેવો અને દેવીઓએ દેવદુંદુભીઓ વગાડી, પાંચ રંગનાં પુષ્પોની વૃષ્ટિ કરી, વસ્ત્રોની વૃષ્ટિ કરી, દિવ્ય ગીત-સંગીતનો નિનાદ કર્યો—આમ કેવળજ્ઞાનોત્પત્તિની ઉજવણી કરી.

**કનકધ્વજ દ્વારા શ્રાવકધર્મ-ગ્રહણ—**

૧૯૨. ત્યાર પછી કનકધ્વજ રાજાએ આ વૃત્તાંત સાંભળી આમ (મનોમન) કહ્યું—'જરૂર મેં અપમાન કર્યું તેથી તેતલીપુત્રે મુંડિત બની પ્રવ્રજ્યા ગ્રહણ કરી તો હું તેતલીપુત્ર અણગારને જઈને વંદન-નમસ્કાર કરું, વંદન-નમન કરી મારા આવા કાર્યની વારંવાર વિનયપૂર્વક ક્ષમા માગું.' આમ તેણે વિચાર્યું, વિચારીને સ્નાન કરી ચતુરંગિણી સેના સાથે જ્યાં પ્રમદવન હતું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં તેતલીપુત્ર અણગાર હતા, ત્યાં તે આવ્યો, આવીને તેતલીપુત્ર અણગારને તેણે વંદન-નમસ્કાર કર્યાં, વંદન નમન કરીને પોતાના કાર્ય માટે વિનયપૂર્વક વારંવાર ક્ષમા યાચી, ક્ષમા યાચીને અતિ દૂર નહીં તેમ—યાવત્—પર્યુપાસના કરવા લાગ્યો.

ત્યાર પછી તે તેતલીપુત્ર અણગારે કનકધ્વજ રાજા અને ત્યાં ઉપસ્થિત વિશાળ જનસભાને ધર્મોપદેશ આપ્યો.

ત્યાર પછી તે કનકધ્વજ રાજાએ તેતલીપુત્ર કેવળી પાસેથી ધર્મ શ્રવણ કરી અને હૃદયમાં ધારણ કરી, પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત મળી બાર વ્રતરૂપ શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. શ્રાવક ધર્મ સ્વીકારી તે જીવ-અજીવ આદિ તત્ત્વોનો જ્ઞાતા શ્રમણોપાસક બની ગયો.

**તેતલીપુત્ર કેવળીનું સિદ્ધિગમન—**

**૧૯૩.** ત્યાર બાદ તેતલીપુત્ર કેવળી અનેક વર્ષોનો કેવળીપર્યાય પાળીને યાવત્ સિદ્ધ થયા.

★

## ૪. પાર્શ્વનાથ-તીર્થમાં શ્રમણી કાલીનું કથાનક

**૧૯૪.** તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું, ત્યાં ગુણશિલક નામે ચૈત્ય હતું. ત્યાં શ્રેણિક નામે રાજા હતો, તેની ચેલ્લણા નામે રાણી હતી. ભગવાન મહાવીર ત્યાં પધાર્યા. પરિષદ યોજાઈ યાવત્ પરિષદ પર્યુપાસના કરવા લાગી.

**ચમરચંચામાં કાલીદેવી—**

**૧૯૫.** તે કાળે તે સમયે ચમરચંચા રાજધાનીમાં કાલાવતંસક ભવનમાં કાલ નામક સિંહાસન પર કાલી નામે દેવી બિરાજતી હતી. તે ચાર હજાર સામાનિક દેવીઓ, સપરિવાર ચાર મહત્તરિકા દેવીઓ, ત્રણ પરિષદો, સાત સેનાઓ, સાત સેનાધિપતિઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો અને અનેક કાલાવતંસક ભવનવાસી અસુરકુમાર દેવ-દેવીઓથી વીંટળાઈને, જોરશોરથી વાગતા તંત્રી-તલ-તાલ ત્રુટિત-ઘન-મૃદંગ-પટહ અને ગીત-નાટ્ય આદિના ધ્વનિ વચ્ચે દિવ્ય ભોગોપભોગો ભોગવતી વિચરતી હતી અને આ કેવળકલ્પ-સંપૂર્ણ જંબૂદ્વીપ નામક દ્વીપને પોતાના વિપુલ અવધિજ્ઞાનથી જોઈ રહી હતી.

**કાલીદેવી દ્વારા ભગવાન મહાવીર સમીપે નૃત્યવિધિ—**

**૧૯૬.** આ તરફથી શ્રમણ ભગવાન મહાવીર જંબૂદ્વીપ નામક દ્વીપના ભરત ક્ષેત્રમાં રાજગૃહ નગરના ગુણશિલક ચૈત્યમાં યથાયોગ્ય અવગ્રહ ધારણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા હતા તે તેણે જોયા, જોઈને હૃષ્ટ તુષ્ટ આનંદિત ચિત્તવાળી, પ્રીતિવાળી અને પરમ સૌમનસા બની, હર્ષથી વિકસિત હૃદયવાળી બની તે સીંહાસન પરથી ઊઠી, ઊઠીને પાદપીઠથી નીચે ઊતરી, ઊતરીને પાદુકાઓ ઉતારી, પાદુકાઓ ઉતારી પછી તીર્થંકર ભગવંતની દિશામાં મુખ કરી સાત આઠ પગલાં ચાલી, ચાલીને ડાબો ઘૂંટણ ઊંચો કર્યો અને જમણો ઘૂંટણ જમીન પર ટેકવી ત્રણ વાર મસ્તકને જમીન પર નમાવ્યું, પછી સહેજ ઊંચું કર્યું, ઊંચું કરીને કડા અને બાજુબંધોથી સ્તંભિત ભુજાઓ એકઠી કરી, ભુજાઓ એકત્ર કરી બે હથેળીઓ ભેગી કરી દશ નખ સાથે જોડી મસ્તક પર આવર્તપૂર્વક અંજલિ રચી આ પ્રમાણે કહેવા લાગી—

'અરિહંત ભગવંતોને નમસ્કાર—યાવત્—સિદ્ધિગતિ નામક સ્થાનમાં પહોંચેલા ભગવંતોને નમસ્કાર.

શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર—યાવત્—સિદ્ધિગતિ નામક સ્થાન પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાઓને નમસ્કાર.

અહીં રહેલી હું ત્યાં રહેલ ભગવંતને વંદન કરું છું. ત્યાં રહેલ શ્રમણ ભગવાન મહાવીર અહીં રહેલી મને જુએ.' એમ કહી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી પૂર્વ દિશામાં મુખ રાખી ફરી તે શ્રેષ્ઠ સિંહાસન પર બેઠી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯૭. ત્યાર પછી તે કાલી દેવીના મનમાં આવો વિચાર યાવત્ સંકલ્પ થયો- 'મારા માટે એ શ્રેયસ્કર છે કે કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવ અને ચૈત્યરૂપ શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર, સત્કાર-સન્માન કરીને પર્યુપાસના કરું.' આવો તેણે વિચાર કર્યો, વિચાર કરીને પોતાના આભિયોગિક દેવોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવાન મહાવીર વિચરી રહ્યા છે...' ઇત્યાદિ જેવી રીતે સૂર્યાભદેવે પોતાના આભિયોગિક દેવોને આજ્ઞા કરી હતી તેવી રીતે કાલીદેવીએ પણ આજ્ઞા આપી—યાવત્ —'દિવ્ય અને શ્રેષ્ઠ, દેવોને ગમનયોગ્ય વિમાન બનાવો—બનાવરાવો, બનાવી—બનાવરાવી તરત જ મારી આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો.'

તેમણે પણ આજ્ઞા અનુસાર કાર્ય કરીને આજ્ઞાપૂર્તિની જાણ કરી.-વિશેષમાં-એક હજાર યોજન વિસ્તારવાળું વિમાન બનાવ્યું. બાકી બધું સૂર્યાભદેવના પ્રસંગમાં આવતા વર્ણન અનુસાર જ સમજવું. સૂર્યાભદેવની જેમ જ પોતાનું નામ —ગોત્ર કહ્યું, તેની જેમ જ નાટ્યવિધિ દર્શાવી— યાવત્ પાછી ફરી.

**ગૌતમ દ્વારા કાલીદેવીના પૂર્વભવની પૃચ્છા—**

૧૯૮. 'હે ભગવંત !' એમ સંબોધન કરી ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન—નમસ્કાર કર્યા, વંદન—નમન કરી આ પ્રમાણે પૂછયું—

'હે ભગવંત ! કાલીદેવીની તે દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવઋદ્ધિ ક્યાં ગઈ ? ક્યાં પ્રવિષ્ટ થઈ ?'

'હે ગૌતમ ! તેના શરીરમાં ગઈ, શરીરમાં જ સમાઈ ગઈ. કૂટાકાર શાળાના દૃષ્ટાંત જેવું આ છે.'

'અહો ભગવંત ! કાલીદેવી મહાન ઋદ્ધિ વાળી મહાન દ્યુતિવાળી, મહાન સેનાવાળી, મહાન યશવાળી, મહાન સૌભાગ્યવાળી અને મહાન પ્રભાવવાળી જણાય છે !

હે ભગવન્ ! કાલી દેવીને આવી દિવ્ય દેવ-ઋદ્ધિ, દ્યુતિ, દિવ્ય પ્રભાવ, કેવી રીતે પ્રાપ્ત થયા ? કેવી રીતે મળ્યા ? કેવી રીતે અધિગત થયા ?'

**કાલીદેવીનો કાલી નામે પૂર્વભવ—**

૧૯૯. 'હે ગૌતમ !' એમ શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમને સંબોધિત કરીને આ પ્રમાણે કહ્યું—'હે ગૌતમ ! તે કાળે તે સમયે આજ જંબૂદ્વીપના ભારતવર્ષમાં આમલકલ્પા નામક નગરી હતી— વર્ણન ત્યાં આમ્રશાલવન નામક ચૈત્ય હતું. જિતશત્રુ નામક રાજા હતો.

તે આમલકલ્પા નગરીમાં કાલ નામે ગાથાપતિ (ગૃહસ્થ) રહેતો હતો—જે ધનાઢ્ય યાવત્ કોઈનાથી ગાંજ્યો ન જાય તેવો હતો.

તે કાલ ગથાપતિની કાલશ્રી નામે ભાર્યા હતી જે સુકુમાલ અંગોપાંગવાળી યાવત્ રૂપવંતી હતી.

તે કાલ ગાથાપતિની પુત્રી અને તેની ભાર્યા કાલશ્રીની આત્મજા કાલી નામે કન્યા હતી—જે મોટી ઉંમરની થઈ છતાં કુમારિકા હતી, વૃદ્ધ થઈ છતાં કુમારિકા હતી, તેના સ્તન નિતંબ સુધી લટકી ગયા હતા અને એને વરવા કોઈ વર તૈયાર ન હોવાથી વરરહિત અર્થાત્ અવિવાહિતા રહી ગઈ હતી.

**કાલી દ્વારા પાર્શ્વદર્શન અને ધર્મશ્રવણ—**

૨૦૦. તે કાળે તે સમયે ધર્મના આદિકર, તીર્થંકર, સ્વયંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષોમાં ઉત્તમ પુંડરીક, પુરુષોમાં ઉત્તમ ગંધહસ્તી, અભયદાતા, [જ્ઞાનરૂપી] ચક્ષુદાતા, માર્ગદર્શક, શરણદાતા, જીવદાતા, [ભવસાગરમાં] દ્વીપ, ત્રણ—શરણ—ગતિ—આધારરૂપ ધર્મના ચાતુરંત ચક્રવર્તી, અપ્રતિહત ઉત્તમ કેવળ જ્ઞાન—દર્શન ધારક, ઘાતીકર્મોના ક્ષયકારક, અર્હત્, જિન, જ્ઞાનદાતા, તરી ગયેલ અને તારક, મુક્ત અને મુક્તિદાતા, બુદ્ધ અને બોધદાતા, સર્વજ્ઞ, સર્વદર્શી, નવ હાથ ઊંચા શરીરવાળા, સમચતુરસ્ર શરીરસંસ્થાનવાળા, વજ્રઋષભનારાચ સંહનનવાળા, જલ્લ—મલ—કલંક—પ્રસ્વેદરહિત શરીરવાળા, શિવ, અચલ, રોગરહિત, અક્ષય, અવ્યાબાધ-વિઘ્નરહિત અને અપુનરાવર્તન એટલે કે જ્યાંથી પાછા ફરવાનું હોતું નથી એવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધિગતિ નામે સ્થાને પહોંચવા ઉત્સુક એવા પુરુષાદાનીય ભગવાન પાર્શ્વનાથ અર્હત્ સોળ હજાર શ્રમણો અને આડત્રીસ હજાર શ્રમણીઓના પરિવાર સાથે પૂર્વાનુપૂર્વી વિહાર કરતા કરતા, ગામોગામ ફરતા ફરતા, સુખપૂર્વક વિહાર કરતા કરતા આમલકલ્પા નગરીની બહાર આમ્રશાલ વનમાં પધાર્યા, ધર્મસભા ભરાઈ–યાવત્–પર્યુપાસના કરવા લાગી.

૨૦૧. ત્યારે તે કાલી કુમારિકા આ સમાચાર સાંભળી હૃષ્ટ, તુષ્ટ, ચિત્તમાં આનંદવાળી, મનમાં પ્રીતિવાળી, ઉત્તમ મનોભાવવાળી અને હર્ષથી વિકસિત હૃદયવાળી બની જ્યાં તેનાં માતા-પિતા હતાં ત્યાં આવી, આવીને બે હાથ જોડી શિરસાવર્ત કરી આ પ્રમાણે કહેવા લાગી–'હે માતા-પિતા! વાત એમ છે કે આદિકર તીર્થંકર પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ અહીં પધાર્યા છે, અહીં સમોસર્યા છે, અહીં આમલકલ્પા નગરીના આમ્રશાલવનમાં જ યથાયોગ્ય અવગ્રહ ધારણ કરીને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે.

આથી હે માત–તાત! આપ અનુમતિ આપો તો હું પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વનાથ ભગવાનના પાદવંદન માટે જઉં.'

'હે દેવાનુપ્રિયે! તને સુખ થાય તેમ કર, સત્કાર્યમાં વિલંબ કરીશ નહીં.' [માતા-પિતાએ એ પ્રમાણે અનુમતિ આપી.]

ત્યારે તે કુમારિકા કાલી માતા-પિતાની આજ્ઞા મળતાં હૃષ્ટ તુષ્ટ આનંદિત, પ્રીતિવાળી, પરમ ઉત્તમ મનોભાવવાળી અને હર્ષવશ વિકસિત હૃદયવાળી થઈ અને સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુકમંગળ કરી, અલ્પ પરંતુ શુદ્ધ અને મંગળ વસ્ત્રો પહેરી, અલ્પ પરંતુ મહામૂલ્ય આભૂષણોથી શરીરને અલંકૃત કરી, દાસીઓના વૃંદથી ઘેરાઈ, પોતાના ઘરેથી નીકળી, નીકળીને જ્યાં બહારની ઉપસ્થાનશાળા હતી, જ્યાં ઉત્તમ ધાર્મિક રથ હતો ત્યાં ગઈ, જઈને ઉત્તમ ધાર્મિક રથ પર આરૂઢ થઈ.

ત્યારે તે કાલી કુમારિકા શ્રેષ્ઠ ધાર્મિક યાન પર આરૂઢ થઈ દ્રૌપદીની જેમ યાવત્ પર્યુપાસના કરવા લાગી.

ત્યાર પછી પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વ પ્રભુએ કુમારિકા કાલી અને બીજી વિશાળ જનસભાને ધર્મોપદેશ કર્યો.

**કાલીનો પ્રવ્રજ્યા સંકલ્પ—**

૨૦૨. ત્યાર પછી તે કુમારિકા કાલીએ પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ પાસે ધર્મ શ્રવણ કરી અને હૃદયમાં ધારણ કરી હૃષ્ટ, તુષ્ટ, આનંદિતચિત્ત–યાવત્ વિકસિતહૃદયા થઈને પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવંતની ત્રણવાર આદક્ષિણા–પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન–નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું – 'હે ભગવંત! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરું છું. તે આપે જેવું કહ્યું તેવું જ છે.' [સર્વ પૂર્વવત્] વધુમાં કહ્યું કે– 'હે દેવાનુપ્રિય! હું માતા-પિતાની આજ્ઞા લઈશ અને પછી આપ દેવાનુપ્રિયની પાસે મુંડિત બની ગૃહસ્થવાસ ત્યજી અનગાર પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ.'

'હે દેવાનુપ્રિયે! સુખ થાય તેમ કર.' [ભગવાને ઉત્તર આપ્યો.]

ત્યાર પછી તે કુમારિકા કાલીએ પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વનાથનો આવો ઉત્તર સાંભળી, હૃષ્ટ તુષ્ટ આનંદિત યાવત્ વિકસિત હૃદયવાળી થઈને અર્હંત પાર્શ્વને વંદન-નમસ્કાર કર્યા.

વંદન–નમન કરી તે જ શ્રેષ્ઠ ધાર્મિક રથ પર સવાર થઈ.

સવાર થઈને પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વ પાસેથી અને આમ્રશાલવન ચૈત્યમાંથી બહાર નીકળી.

નીકળીને જ્યાં આમલકલ્પા નગરી હતી ત્યાં આવી.

ત્યાં આવીને આમલકલ્પા નગરીના મધ્યભાગમાં થઈને જ્યાં પોતાની બાહ્ય ઉપસ્થાન શાળા હતી ત્યાં પહોંચી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં પહોંચીને ઉત્તમ ધાર્મિક રથને ઊભો રાખ્યો, ઊભો રાખીને તે ઉત્તમ ધાર્મિક રથમાંથી નીચે ઊતરી.

નીચે ઊતરીને જ્યાં માતા-પિતા હતાં ત્યાં આવી,

ત્યાં આવીને બે હાથ જોડીને શિરસાવર્તપૂર્વક અંજલિ રચીને આ પ્રમાણે કહેવા લાગી–

'હે માત-તાત ! વાત એમ છે કે મેં અર્હંત પાર્શ્વ પાસે ધર્મશ્રવણ કર્યો છે, હું તે ધર્મનું પાલન કરવા ઇચ્છું છું, તે ધર્મ હું સ્વીકારવા ઇચ્છું છું, તે ધર્મમાં મારી રુચિ થઈ છે. તો હે માતા-પિતા ! સંસારભયથી ઉદ્વિગ્ન અને જન્મ-મરણથી ભયભીત હું આપની આજ્ઞા લઈને અર્હંત્ પાર્શ્વ ભગવંત પાસે મુંડિત થઈ ગૃહવાસ છોડી અનગાર–પ્રવ્રજ્યા લેવા ચાહું છું"

'હે દેવાનુપ્રિયે ! જેમ તને સુખ થાય તેમ કર. પણ સત્કાર્યમાં વિલંબ કરીશ નહીં.' [માતા–પિતાએ અનુમતિ આપતાં કહ્યું.]

**કાલીની પ્રવ્રજ્યા**

૨૦૩. ત્યાર પછી તે કાલ ગાથાપતિએ વિપુલ અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય પદાર્થો તૈયાર કરાવ્યા.

ખાદ્ય સામગ્રી તૈયાર કરાવીને તેણે મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજનોને ભોજન માટે આમંત્ર્યા, આમંત્રીને પછી સ્નાન કરીને યાવત્ વિપુલ અશન–પાન–ખાદ્ય-સ્વાદ્ય આહાર તથા વસ્ત્ર, અત્તર, ફૂલહાર, અલંકારો આદિથી બધાનું સન્માન–બહુમાન કર્યું, સન્માન કરી તે બધા મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજનોની સમક્ષ કુમારિકા કાલીને શ્વેત-પીત (સોના–ચાંદીના) કળશો વડે સ્નાન કરાવ્યું, સ્નાન કરાવી સર્વ અલંકારો વડે શણગારી, શણગારીને તેને હજાર માણસો વડે ઊંચકાતી પાલખીમાં બેસાડી.

પાલખીમાં બેસાડીને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજનોના સમૂહ સાથે, સર્વ સમૃદ્ધિપૂર્વક યાવત્ દુંદુભિના ઘોષ સાથે, આમલકલ્પા નગરીની વચ્ચોવચ થઈને નીકળ્યો, નીકળીને જ્યાં આમ્રશાલવન ચૈત્ય હતું ત્યાં પહોંચ્યો, પહોંચીને છત્રાતિછત્ર આદિ તીર્થંકરનાં અતિશયો ત્યાં જોયા, જોઈને પાલખી અટકાવીને કાલી કુમારિકાને પાલખીમાંથી નીચે ઉતારી.

ત્યાર પછી માતા–પિતા કન્યા કાલીને આગળ કરીને જ્યાં પુરુષાદાનીય તીર્થંકર પાર્શ્વનાથ હતા ત્યાં પહોંચ્યા, ત્યાં જઈને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યા—'હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે આ કાલી નામની કુમારિકા અમારી પુત્રી છે, અમને ઇષ્ટ, કાંત, પ્રિય યાવત્ ઉંબરાના ફૂલ જેમ જેનું નામ સાંભળવું પણ દુર્લભ છે તો પછી તેના દર્શનની તો વાત જ શી ? એવી તે હે દેવાનુપ્રિય ! આ સંસારથી ઉદ્વિગ્ન થઈને આપ દેવાનુપ્રિય પાસે મુંડિત થઈને ગૃહવાસ ત્યજી અનગાર પ્રવ્રજ્યા લેવા ઇચ્છે છે. આથી અમે આપ દેવાનુપ્રિયને તેનું શિષ્યારૂપે દાન આપીએ છીએ. હે દેવાનુપ્રિય ! આપ તેને શિષ્યારૂપે સ્વીકારો.'

'હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કરો. પરંતુ સત્કાર્યમાં વિલંબ કરશો નહીં.' [–ભગવંત પાર્શ્વનાથે ઉત્તર આપ્યો.]

ત્યાર પછી કુમારી કાલીએ પાર્શ્વનાથ ભગવંતને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી તે ઈશાન દિશાકોણમાં ગઈ,

ત્યાં જઈને પોતાની જાતે જ આભૂષણ અલંકારો દૂર કર્યા, દૂર કરીને પોતાની જાતે જ કેશલોચ કર્યો.

લોચ કરીને જ્યાં પુરુષાદાનીય ભગવંત પાર્શ્વનાથ હતા ત્યાં આવી,

ત્યાં જઈને ભગવાન પાર્શ્વનાથની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી અને વંદન–નમસ્કાર કર્યા,

વંદન–નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું—'હે ભગવંત ! આ લોક સળગી રહ્યો છે અર્થાત્ જન્મ-જરા-મરણથી સંતપ્ત છે યાવત્ હું ઇચ્છું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छुं के आप देवानुप्रिय जाते मने दीक्षा आपो यावत् धर्मबोध करो.'

त्यार पछी पुरुषादानीय पार्श्व भगवंते पोते जाते ज कुमारिका कालीने पुष्पचूला आर्याने शिष्यारूपे सोंपी.

त्यारे पुष्पचूला आर्याए जाते ज काली कुमारीने प्रव्रजित करी यावत् धर्मोपदेश कर्यो.

त्यार पछी ते काली पुष्पचूला आर्या पासे एवा प्रकारनो धार्मिक उपदेश सम्यक् रीते ग्रहण करीने विचरवा लागी.

त्यारे ते काली ईर्यासमिति आदि समितिओथी युक्त यावत् गुप्त ब्रह्मचारिणी आर्या बनी गई.

त्यार पछी ते काली आर्याए पुष्पचूला आर्यानी पासे सामायिकथी लईने अगियार अंगोनुं अध्ययन कर्युं अने अनेक चतुर्थ, षष्ठ, अष्टम, दशम, द्वादश, अर्धमास अने मास क्षमणनी तपश्चर्याथी आत्माने भावित करती विचरवा लागी.

**कालीनुं बाकुशिकत्व—**

२०४ त्यार पछी अन्यदा क्यारेक ते काली आर्या शरीर-बाकुशिका थई गई, घडी घडीमां ते हाथ धोवा लागी, घडीए घडीए पग धोवा लागी, माथुं धोवा लागी, मुख धोवा लागी, कांख धोवा लागी, गुह्यांतर धोवा लागी, ज्यां ज्यां कायोत्सर्ग, स्वाध्याय करती ते स्थाने पहेलां ज पाणी छांटी साफ करीने पछी बेसती के सूती.

त्यारे पुष्पचूला आर्याए काली आर्याने कह्युं —'हे देवानुप्रिये ! निर्ग्रंथ श्रमणीओए शरीर-बाकुशिका थवुं कल्पे नहीं. ज्यारे हे देवानुप्रिये ! तुं तो शरीर-बाकुशिका थई गई छे—घडीए घडीए हाथ धुवे छे, पग धुवे छे, मस्तक धुवे छे, मों धुवे छे, स्तनांतर धुवे छे, कांखो धुवे छे, गुह्यांतर धुवे छे, जे जे स्थान के शैया के आसन पर बेसे छे के सूवे छे तेने पहेलां ज पाणी छांटी साफ करे छे. तो हे देवानुप्रिये ! आ पापस्थाननी आलोचना कर यावत् प्रायश्चित्त कर.'

त्यार ते काली आर्याए पुष्पचूला आर्यानी आ आज्ञानो आदर न कर्यो, स्वीकार न कर्यो अने मौन बेठी रही.

त्यारे ते पुष्पचूला आदि आर्याओ काली आर्यानी वारंवार अवहेलना करवा लागी, निंदा करवा लागी, तिरस्कार करवा लागी, अवगणना करवा लागी, अपमान करवा लागी अने वारंवार एना निषिद्ध आचरणथी एने अटकाववा लागी.

**कालीनो पृथक् विहार—**

२०५. त्यार पछी निर्ग्रंथ श्रमणीओ द्वारा वारंवार अवहेलना करातां यावत् निषिद्ध आचरणथी अटकावातां ते काली आर्याना मनमां आवो भाव यावत् संकल्प पेदा थयो—'ज्यारे हुं गृहस्थवासमां हती त्यारे हुं स्वतंत्र हती, परंतु ज्यारथी में मुंडित थई गृहवास छोडी अनगार प्रव्रज्या ग्रहण करी छे त्यारथी हुं परतंत्र बनी गई छुं. आथी आजनी रात पूरी थाय अने प्रभात थाय, सूर्योदय थाय अने जाज्वल्यमान तेज साथे सहस्रररश्मि दिनकर प्रकाशे एटले अलग उपाश्रयमां रहेवुं मारा माटे श्रेयस्कर छे.' आम तेणे विचार्युं, विचारीने रात वीती प्रभात थतां, सूर्योदय थयो अने जाज्वल्यमान तेज साथे सहस्ररश्मि दिनकर प्रकाश्यो एटले ते अलग उपाश्रयमां चाली गई अर्थात् एकली रहेवा लागी. त्यां ते कोईनीय रोकटोक के अटकाव विना स्वच्छंद बनीने घडी घडी हाथ धोती, पग धोती, मुख धोती, स्तनांतर धोती, कांख धोती, गुह्यांतर धोती, ज्यां ज्यां बेसती के सूती के स्वाध्याय करती ते ते स्थानमां पहेलेथी पाणी छांटी पछी बेसती के सूती.

**कालीनुं मृत्यु अने देवीपणुं—**

२०६. त्यार पछी काली आर्या पासत्था (आचारहीन) पासत्थविहारिणी, अवसन्ना (प्रमादी), अवसन्नविहारिणी, कुशीला, कुशीलविहारिणी, स्वच्छंद, स्वच्छंदविहारिणी, संसक्त (व्रतादिनी विराधक), अने संसक्तविहारिणी बनी अनेक

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષો સુધી શ્રામણ્યપર્યાય પળી, અર્ધમાસિક સંલેખના દ્વારા આત્મશુદ્ધિ કરી, ત્રીસ ભક્તનું અનશન દ્વારા છેદન કરી, પોતાના પાપસ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના જ, કાળસમયે કાળ કરીને ચમરચંચા રાજધાનીમાં કાલાવતંસક ભવનમાં ઉપપાત સભામાં, દેવશય્યામાં દેવદૂષ્યમાં અંતરિત થઈને આંગળીના અસંખ્યાતમા ભાગની અવગાહના વડે કાલી દેવી રૂપે ઉત્પન્ન થઈ.

ત્યાર પછી તે કાલીદેવી તત્કાળ, ઉત્પન્ન થતાં વેંત પાંચ પ્રકારની પર્યાપ્તિઓથી પર્યાપ્તભાવને પ્રાપ્ત થઈ.

ત્યાર પછી તે કાલી દેવી ચાર હજાર સામાનિક દેવો યાવત્ સોળ હજાર આત્મરક્ષક દેવો તથા બીજા પણ અનેક કાલાવતંસક ભવનવાસી અસુરકુમાર દેવો અને દેવીઓનું આધિપત્ય કરતી યાવત્ વિચરવા લાગી.

આ રીતે હે ગૌતમ! તે કાલીદેવીને એવી દિવ્ય ઋદ્ધિ, દેવદ્યુતિ અને દેવાનુભાવ મળેલ છે, પ્રાપ્ત થયેલ છે, આવી મળેલ છે.

**કાલીદેવીની સ્થિતિ અને સિદ્ધિ—**

૨૦૭. 'હે ભગવન્! કાલીદેવીની કેટલા કાળની સ્થિતિ કહેવાઈ છે?' [ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો.]

'હે ગૌતમ! અઢી પલ્યોપમની સ્થિતિ કહેવાઈ છે.' [ભગવાને ઉત્તર આપ્યો.]

[ગૌતમ સ્વામીએ પુનઃ પ્રશ્ન કર્યો—] 'હે ભગવન્! કાલીદેવી તે દેવલોકમાંથી ચ્યવન કરી બાદમાં ક્યાં અવતરશે? ક્યાં ઉત્પન્ન થશે?'

[ભગવાને ઉત્તર આપ્યો—] 'હે ગૌતમ! તે મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને સિદ્ધિ પ્રાપ્ત કરશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.'

☆

## ૫. પાર્શ્વનાથ તીર્થમાં રાજી આદિનાં કથાનકો

**રાજી કથાનકમાં રાજીદેવીનું નૃત્ય—**

૨૦૮. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું અને ગુણશિલક નામે ચૈત્ય હતું. ભગવાન મહાવીર સ્વામી ત્યાં સમોસર્યા. ધર્મસભા ભરાઈ—યાવત્ પર્યુપાસના કરવા લાગી.

તે કાળે, તે સમયે રાજી નામે દેવી ચમરચંચા રાજધાનીમાંથી—કાલી દેવીની જેમ જ—ભગવાન સમીપે આવી અને નાટ્યવિધિ દર્શાવી પાછી ચાલી ગઈ.

**રાજીના પૂર્વભવ—**

૨૦૯. 'હે ભગવંત!' એમ સંબોધન કરી ભગવાન ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી તેના (અર્થાત્ રાજી દેવીના) પૂર્વભવ અંગે પ્રશ્ન પૂછયો.

'હે ગૌતમ!' એમ શ્રમણ ભગવાન મહાવીરે ભગવાન ગૌતમને સંબોધીને આ પ્રમાણે કહ્યું —'વાત એમ છે ગૌતમ! કે, તે કાળે તે સમયે આમલકલ્પા નગરી હતી, આમ્રશાલવન નામે ચૈત્ય હતું. જિતશત્રુ રાજા હતો. રાજ નામક ગાથાપતિ હતો, રાજશ્રી તેની ભાર્યા હતી. તેમની રાજી નામે પુત્રી હતી. ભગવાન પાર્શ્વનાથ કોઈ વાર તે નગરમાં સમોસર્યા. કાલીની જેમ જ કન્યા રાજી પણ દર્શનાર્થે ગઈ.

ત્યાર પછી તે રાજી આર્યા—સાધ્વી બની ગઈ.

ત્યાર બાદ તે રાજી આર્યાએ પુષ્પચૂલા આર્યા પાસેથી સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું.

ત્યાર પછી કોઈ સમયે તે રાજી આર્યા શરીરબકુશિકા બની ગઈ.

ત્યાર પછી તે પાસત્થા રાજી આર્યા પોતાના પાપસ્થાનકની આલોચના કે પ્રતિક્રમણ કર્યા વિના જ મૃત્યુસમયે મૃત્યુ પામી, ચમરચંચા રાજધાનીમાં, રાજઅવતંસક ભવનમાં, ઉપપાત સભામાં, દેવશય્યામાં દેવદૂષ્યથી અંતરિત થઈને અર્થાત્ ઢંકાઈને આંગળીના અસંખ્યાતમા ભાગની અવગાહના દ્વારા રાજી દેવી રૂપે ઉત્પન્ન થઈ—યાવત્ દુઃખોનો અંત કરશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**રજની કથાનક—**

**૨૧૦** રાજગૃહ નગર હતું. ગુણશિલક ચૈત્ય હતું. ભગવાન મહાવીર સ્વામી ત્યાં સમોસર્યા.

તે કાળે તે સમયે રજની દેવી ચમરચંચા રાજધાનીમાંથી ભગવાન સમીપે આવી [નાટ્યવિધિ દર્શાવી, પાછી ચાલી ગઈ ઇત્યાદિ પૂર્વ કાલીદેવી કથાનક અનુસાર].

'હે ભદંત !' એમ ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને સંબોધી વંદન-નમન કર્યાં, વંદન-નમસ્કાર કરી રજનીદેવીના પૂર્વભવની પૃચ્છા કરી.

'હે ગૌતમ !' એમ શ્રમણ ભગવાન મહાવીરે ભગવાન ગૌતમને સંબોધીને આ પ્રમાણે કહ્યું—'હે ગૌતમ ! તે કાળે તે સમયે આમલકલ્પા નામે નગરી હતી, આમ્રશાલવન નામે ચૈત્ય હતું. જિતશત્રુ નામે રાજા હતો. રજન નામે ગાથાપતિ હતો. તેની રજનશ્રી નામે ભાર્યા હતી. તેમની રજની નામે પુત્રી હતી. શેષ વૃત્તાંત પૂર્વવત્ યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.

**વિદ્યુત કથાનક—**

**૨૧૧.** એ જ રીતે વિદ્યુત્‌દેવીની કથા પણ જાણવી—આમલકલ્પા નગરી, વિદ્યુત્ નામે ગાથાપતિ, તેની વિદ્યુત્‌શ્રી નામે ભાર્યા, તેમની વિદ્યુત્ નામે પુત્રી. બાકીની કથા પૂર્વવત્.

**મેઘા કથાનક—**

**૨૧૨.** એ જ રીતે મેઘાદેવીનું કથાનક પણ સમજવું—આમલકલ્પા નગરી, મેઘ ગાથાપતિ, મેઘશ્રી ભાર્યા, તેમની મેઘા નામની પુત્રી—બાકીનું વર્ણન પૂર્વવત્ સમજવું.

**શુંભા કથાનક—**

**૨૧૩.** તે કાળે તે સમયે રાજગૃહ નગર હતું. ગુણશિલક ચૈત્ય હતું. ભગવાન મહાવીર સ્વામી સમોસર્યા. ધર્મસભા ભરાઈ યાવત્ પર્યુપાસના કરવા લાગી.

તે કાળે તે સમયે બલિચંચા રાજધાનીમાં શુંભાવતંસક ભવનમાં શુંભ નામે સિંહાસન પર શુંભાદેવી બિરાજતી હતી. શેષ વર્ણન કાલીદેવીના કથાનક પ્રમાણે સમજવુ—યાવત્—નાટ્યવિધિ દર્શાવી પાછી ચાલી ગઈ.

ગૌતમ સ્વામીએ શુંભાદેવીના પૂર્વભવ વિશે ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યો. ભગવાન મહાવીરે જવાબ આપ્યો તે અનુસાર—

શ્રાવસ્તી નગરી, કોષ્ઠક ચૈત્ય, જિતશત્રુ રાજા, શુંભ ગાથાપતિ, તેની શુંભશ્રી ભાર્યા, તેમની શુંભા નામક પુત્રી. શેષ વર્ણન કાલીદેવી અનુસાર જ, કિંતુ વિશેષ એટલું કે શુંભા દેવીની સ્થિતિ સાડા ત્રણ પલ્યોપમની છે.

**નિશુંભા, રંભા, નિરંભા અને મદનાનાં કથાનકો—**

**૨૧૪.** એ જ રીતે બાકીના ચાર (નિશુંભા, રંભા, નિરંભા અને મદના) કથાનકો જાણવાં. બધામાં નગરી શ્રાવસ્તી. વિશેષમાં એટલું કે આ દેવીઓના પૂર્વભવનાં માતા-પિતાનાં નામ તેમનાં નામ જેવાં જ સમજવાં.

**ઇલા કથાનક—**

**૨૧૫.** તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. ગુણશિલક નામે ચૈત્ય હતું. ભગવાન મહાવીર સ્વામી સમોસર્યા. ધર્મસભા ભરાઈ યાવત્ પર્યુપાસના કરવા લાગી.

તે કાળે તે સમયે ધરણી રાજધાનીમાં ઇલાવતંસક ભવનમાં ઇલ નામક સિંહાસન પર ઇલા નામે દેવી બિરાજતી હતી—કાલીદેવીના કથાનક અનુસાર જ બધું વર્ણન યાવત્ નાટ્યવિધિ દર્શાવી પાછી ચાલી ગઈ.

ગૌતમ સ્વામી દ્વારા પૂર્વભવપૃચ્છા.

ભગવાન મહાવીર દ્વારા ઉત્તર—વારાણસી નગરીમાં કામમહાવન નામે ચૈત્ય. ઇલ નામે ગાથાપતિ, તેની ઇલશ્રી નામે ભાર્યા, તેમની ઇલા નામે પુત્રી. બાકીનું વર્ણન કાલીદેવી સમાન જ જાણવું. વિશેષમાં એટલું કે ઇલા ધરણેન્દ્રની અગ્રમહિષી રૂપે ઉત્પન્ન થઈ, તેની સ્થિતિ અર્ધ પલ્યોપમથી કંઈક વધુ જાણવી. બાકી બધું પૂર્વવત્.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સતેરા, સૌદામિની, ઇન્દ્રા, ઘનવિદ્યુતાનાં કથાનકો—**

૨૧૬. એ જ રીતે ક્રમથી સતેરા, સૌદામિની, ઈન્દ્રા અને ઘનવિદ્યુતાનાં કથાનકો પણ જાણવાં. એ સર્વ ધરણેન્દ્રની અગ્રમહિષીઓ જાણવી.

**શેષ દાક્ષિણાત્ય ઇન્દ્રની અગ્રમહિષીના કથાનકની સૂચના—**

૨૧૭. એ જ રીતે વેણુદેવનાં છ અધ્યયનો એકસરખાં જાણવાં.

૨૧૮. એ જ પ્રમાણે હરિ, અગ્નિશિખ, પૂર્ણ, જલકાંત, અમિતગતિ, વેલંબ, અને ઘોષ એ છ ઇન્દ્રોનાં છ અધ્યયનો જાણવાં. એ રીતે દક્ષિણ દિશાના ઇન્દ્રોનાં ચોપન કથાનકો થાય છે. એ બધામાં વારાણસી નગરી અને કામમહાવન નામે ચૈત્ય કહેવું.

**રૂપા આદિ ઉત્તરાર્ધ-ઇન્દ્રોની અગ્રમહિષીઓનાં કથાનકો—**

૨૧૯. તે કાળે તે સમયે રાજગૃહ નગરમાં ભગવાન મહાવીર સમોસર્યા-યાવત્-પરિષદા પર્યુપાસના કરવા લાગી.

તે કાળે તે સમયે રૂપાનંદા નામે રાજધાનીમાં રૂપકાવતંસક ભવનમાં રૂપક નામના સિંહાસન પર રૂપા નામે દેવી વિરાજતી હતી—ઇત્યાદિ સઘળું વર્ણન કાલીદેવીનાં કથાનક અનુસાર સમજવું. વિશેષમાં એટલું કે—

પૂર્વભવમાં ચંપા નગરી, પૂર્ણભદ્ર ચૈત્ય, રૂપક ગાથાપતિ, તેની રૂપકશ્રી નામે ભાર્યા, તેમની રૂપા નામે પુત્રી. બાકીનું બીજું બધું પૂર્વવત્, અંતમાં ભૂતાનન્દા નામે ઇન્દ્રની અગ્રમહિષી તરીકે ઉપપાત, એક પલ્યોપમમાં કંઈક ઓછી એટલી સ્થિતિ.

૨૨૦. એ જ પ્રમાણે સુરૂપા, રૂપંશા, રૂપકાવતી, રૂપકાન્તા અને રૂપપ્રભા નામે દેવીઓનાં કથાનકો જાણવાં.

૨૨૧. એ જ પ્રમાણે ઉત્તર દિશાના ઇન્દ્રો વેણુદાલિ, હરિસ્સહ, અગ્નિમાણવ, વિશિષ્ટ, જલપ્રભ, અમિતવાહન, પ્રભંજન અને મહાઘોષની અગ્રમહિષીઓનાં કથાનકો કહેવાં.

**દાક્ષિણાત્ય પિશાચ કુમારેન્દ્રની કમલા આદિ અગ્રમહિષીઓનાં કથાનકો—**

૨૨૨. ગાથાર્થ—

૧. કમલા ૨. કમલપ્રભા ૩. ઉત્પલા ૪. સુદર્શના ૫. રૂપવતી ૬. બહુરૂપા ૭. સુરૂપા ૮. સુભગા ૯. પૂર્ણા ૧૦. બહુપુત્રિકા ૧૧. ઉત્તમા ૧૨. ભારિકા ૧૩. પદ્મા ૧૪. વસુમતી ૧૫. કનકા ૧૬. કનકપ્રભા ૧૭. અવતંસા ૧૮. કેતુમતી ૧૯. વજ્રસેના ૨૦. રતિપ્રિયા ૨૧. રોહિણી ૨૨. નવમિકા ૨૩. હ્રી ૨૪. પુષ્પવતી ૨૫. ભુજગા ૨૬. ભુજગવતી ૨૭. મહાકચ્છા ૨૮. અપરાજિતા ૨૯. સુઘોષા ૩૦. વિમલા ૩૧. સુસ્વરા અને ૩૨. સરસ્વતી

—એ બત્રીસ અધ્યયનો છે.

૨૨૩. તે કાળે તે સમયે રાજગૃહ નગર હતું, ભગવાન મહાવીર સ્વામી ત્યાં સમોસર્યા-યાવત્-પરિષદા પર્યુપાસના કરવા લાગી.

તે કાળે તે સમયે કમલા રાજધાનીમાં કમલાવતંસક ભવનમાં કમલ નામક સિંહાસન પર કમલા નામે દેવી વિરાજતી હતી. તેનું કથાનક કાલીદેવીની સમાન જ સમજવું, વિશેષ આટલું કે એના પૂર્વભવમાં નાગપુર નગર હતું. સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતો. કમલ ગાથાપતિ હતો, તેની કમલશ્રી નામે ભાર્યા હતી. તેમની કમલા નામે પુત્રી હતી. તે પાર્શ્વનાથ ભગવાન પાસે દીક્ષિત થઈ. [શેષ વર્ણન કાલીદેવી સમાન] અંતે કાલ પિશાચકુમારેન્દ્રની અગ્રમહિષી બની. તેની સ્થિતિ અર્ધ પલ્યોપમની કહેવાય છે.

૨૨૪. એ જ પ્રમાણે બાકી રહેલા બીજા દક્ષિણ દિશાના વાનવ્યંતર ઇન્દ્રોની અગ્રમહિષીઓના કથાનકો કહેવાં. બધીએ પૂર્વભવમાં નાગપુર નગરમાં સહસ્રામ્રવન ઉદ્યાનમાં દીક્ષા લીધી, માતા-પિતા અને પુત્રીઓનાં નામ સરખાં જ અને સ્થિતિ અર્ધ પલ્યોપમની.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાકાલી આદિ ઉત્તરાર્ધ પિશાચેન્દ્રોની અગ્રમહિષીઓનાં કથાનકો—**

૨૨૫. છઠ્ઠો વર્ગ પણ પાંચમા વર્ગની સમાન જ સમજવો; વિશેષમાં ઉત્તર દિશાના આઠ મહાકાલ આદિ ઇન્દ્રોની બત્રીસ અગ્રમહિષીઓ હતી. પૂર્વભવમાં સાકેત નગરમાં જન્મ અને ઉત્તરકુરુ નામક ઉદ્યાનમાં બધીની દીક્ષાવિધિ. તે કુમારિકાઓનાં નામ અને તેમનાં માતા-પિતાનાં નામ સમાન. બાકીનું વર્ણન પૂર્વવત્.

**સૂર્યની અગ્રમહિષીઓનાં કથાનકો—**

૨૨૬. તે કાળે તે સમયે રાજગૃહ નગરમાં ભગવાન મહાવીર સમોસર્યા–યાવત્ પરિષદ પર્યુપાસના કરવા લાગી.

તે કાળે તે સમયે સૂર્યવિમાનમાં સૂર્યપ્રભ નામે સિંહાસન પર સૂર્યપ્રભા નામે દેવી વિરાજમાન હતી. તેની કથા કાલીદેવીની જેમ જ સમજવી, વિશેષમાં એટલું કે પૂર્વભવમાં તે અરાક્ષરી નગરીમાં સૂર્યપ્રભ ગાથાપતિ અને તેની સૂર્યશ્રી ભાર્યાની પુત્રી સૂર્યપ્રભા નામે હતી, અંતે સૂર્યની અગ્રમહિષી બની. તેની સ્થિતિ અર્ધપલ્યોપમ ઉપર પાંચસો વર્ષની જાણવી. બાકીની બધી વિગતો કાલીદેવીની સમાન.

૨૨૭. એ જ રીતે આતપા, અર્ચિમાલી અને પ્રભંકરા એ ત્રણે અગ્રમહિષીઓનાં કથાનકો પણ જાણવાં. તે બધી અરાક્ષરી નગરીમાં ઉત્પન્ન થઈ હતી ઈત્યાદિ.

**ચન્દ્રની અગ્રમહિષીઓનાં કથાનકો—**

૨૨૮. તે કાળે તે સમયે રાજગૃહ નગરમાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા–યાવત્ પરિષદ પર્યુપાસના કરવા લાગી.

તે કાળે તે સમયે ચન્દ્રપ્રભ વિમાનમાં ચંદ્રપ્રભ નામે સિંહાસન પર ચન્દ્રપ્રભા નામે દેવી વિરાજતી હતી. શેષ કથાનક કાલીદેવીના કથાનક પ્રમાણે જ સમજવું, વિશેષમા એટલું કે તે પૂર્વભવમાં મથુરા નગરીની નિવાસી હતી. મથુરા નગરીમાં ચંદ્રાવતંસક નામે ઉદ્યાન હતો. ચન્દ્રપ્રભ નામે ગાથાપતિ અને તેની ભાર્યા ચંદ્રશ્રીની ચન્દ્રપ્રભા નામે તે પુત્રી હતી. પછીના ભવમાં તે ચન્દ્રની અગ્રમહિષી બની. તેની સ્થિતિ અર્ધપલ્યોપમથી પચાસ હજાર વર્ષ અધિક જેટલી જાણવી. બાકી વૃત્તાન્ત કાલીદેવી સમાન જ.

૨૨૯. એ જ પ્રમાણે દોશિનામા, અર્ચિમાલી અને પ્રભંકરાનાં કથાનકો જાણવા. એ ત્રણે મથુરા નગરીમાં પૂર્વભવમાં જન્મી હતી અને માતા-પિતાના નામ સમાન સમજવાં.

**પદ્માવતી આદિ શક્રની અગ્રમહિષીઓના કથાનકો—**

૨૩૦. તે કાળે તે સમયે રાજગૃહનગરમાં ભગવાન મહાવીર સ્વામી સમોસર્યા યાવત્ પરિષદા પર્યુપાસના કરવા લાગી.

તે કાળે તે સમયે સૌધર્મકલ્પમાં પદ્માવતંસક વિમાનમાં સુધર્મા સભામાં પદ્મ નામે સિંહાસન પર પદ્માવતી નામે દેવી વિરાજતી હતી. તેની શેષ કથા કાલીદેવીની કથા જેવી જ સમજવી.

એ રીતે કાલીદેવીના ગમથી આઠે અધ્યયનો જાણવા જોઈએ, માત્ર વિશેષ એટલું કે પૂર્વભવમાં બે દેવીઓ શ્રાવસ્તી નગરીમાં, બે હસ્તીનાપુર નગરમાં, બે કાંપિલ્યપુર નગરમાં અને બે સાકેત નગરમાં જન્મી હતી. બધીના પિતાનું નામ પદ્મ અને માતાનું નામ વિજયા હતું. બધી અર્હત્ પાર્શ્વનાથ પાસે પ્રવ્રજિત થઈ હતી. બધી પછીના ભવે શક્રની અગ્રમહિષીઓ બની. બધીની સ્થિતિ સાત પલ્યોપમની જાણવી અને અંતે બધી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સર્વ દુઃખોના ક્ષય કરશે.

**કૃષ્ણા આદિ ઇશાનેન્દ્રની અગ્રમહિષીઓનાં કથાનકો—**

૨૩૧. તે કાળે તે સમયે રાજગૃહ નગરમાં શ્રમણ ભગવાન મહાવીર સમોસર્યા–યાવત્ પરિષદા પર્યુપાસના કરવા લાગી.

તે કાળે તે સમયે ઇશાનકલ્પમાં કૃષ્ણાવતંસક વિમાનમાં સુધર્મા સભામાં કૃષ્ણનામે સિંહાસન પર કૃષ્ણા નામે દેવી વિરાજે છે. બાકીનું વર્ણન કાલી દેવીના કથાનક સમાન જ સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ રીતે આઠે અધ્યયન કાલીદેવીના અધ્યયન અનુસાર સમજવાં, માત્ર વિશેષતા એટલી કે-પૂર્વ ભવમાં બે દેવીઓ વારાણસી નગરીમાં જન્મી હતી, બે દેવીઓ રાજગૃહમાં, બે દેવીઓ શ્રાવસ્તી નગરીમાં અને બે દેવીઓ કૌશામ્બી નગરીમાં જન્મી હતી. બધીના પિતાનું નામ રામ અને માતાનું નામ ધર્મા હતું. એ બધી પાર્શ્વનાથ ભગવંત પાસે પ્રવ્રજિત થઈ હતી અને પુષ્પચૂલા આર્યાને શિષ્યારૂપે સોંપવામાં આવી હતી. એ બધી ઈશાનેન્દ્રની અગ્રમહિષીઓ બની. બધીની સ્થિતિ નવ પલ્યોપમની કહેવાઈ છે. બધી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ પછી સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

૨૩૨. ગાથાર્થ—૧. કૃષ્ણા ૨. કૃષ્ણરાજી ૩. રામા ૪. રામરક્ષિતા ૫. વસુ ૬. વસુગુપ્તા ૭. વસુમિત્રા અને ૮. વસુંધરા—એ આઠ ઈશાનેન્દ્રની અગ્રમહિષીઓ છે.

☆

## ૬. પાર્શ્વનાથ-તીર્થમાં ભૂતા આદિ શ્રમણીઓનાં કથાનકો

૨૩૩. [ગાથાર્થ]—૧. શ્રીદેવી ૨. હ્રીદેવી ૩. ધૃતિદેવી ૪. કીર્તિદેવી ૫. બુદ્ધિદેવી ૬. લક્ષ્મીદેવી ૭. ઈલાદેવી ૮. સુરાદેવી ૯. રસદેવી અને ૧૦. ગંધદેવી—એ દશનાં દશ અધ્યયનો જાણવાં.

**મહાવીર-સમવસરણમાં શ્રીદેવીની નાટ્યવિધિ—**

૨૩૪. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું, ગુણશિલક નામે ચૈત્ય હતું, શ્રેણિક રાજા હતો. ભગવાન મહાવીર સ્વામી સમોસર્યા, પરિષદા એકત્ર થઈ.

તે કાળે તે સમયે સૌધર્મકલ્પના શ્રીઅવતંસક વિમાનમાં સુધર્માસભામાં શ્રી નામક સિંહાસન પર શ્રી નામે દેવી વિરાજતી હતી. ચાર હજાર સામાનિક દેવીઓ અને ચાર મહત્તરિકાના પરિવાર સાથે, જેવી રીતે બહુપુત્રિકા દેવી તેવી રીતે, દર્શનાર્થ આવી—યાવત્—નાટ્યવિધિ દર્શાવી પાછી ચાલી ગઈ. વિશેષતા એટલી જ કે બહુપુત્રિકાદેવીની જેમ તેણે કુમાર-કુમારિકાઓની વિકુર્વણા ન કરી.

ગૌતમ સ્વામી દ્વારા પૂર્વભવ-પૃચ્છા અને ભગવાન દ્વારા ઉત્તર.

**શ્રી દેવીના પૂર્વભવમાં ભૂતા-કથાનક—**

૨૩૫. તે કાળે તે સમયે રાજગૃહ નગર હતું, ગુણશિલક ચૈત્ય હતું, જિતશત્રુ રાજા હતો. તે રાજગૃહ નગરમાં સુદર્શન નામે ગાથાપતિ રહેતો હતો, તે ધનાઢ્ય યાવત્ કોઈથી ય ગાંજ્યો ન જાય તેવો હતો. તે સુદર્શન ગાથાપતિની ભાર્યાનું નામ પ્રિયા હતું, તે અત્યંત સુકોમળ શરીરવાળી હતી. તે સુદર્શન ગાથાપતિની પુત્રી, ભાર્યા પ્રિયાની આત્મજા ભૂતા નામે કન્યા હતી. તે મોટી ઉમરની, મોટી ઉમરે પણ અવિવાહિતા, વૃદ્ધ દેખાતી અને જીર્ણ શરીરવાળી, શિથિલ સ્તન અને નિતંબવાળી અને જેને કોઈ વરે પસંદ ન કરેલી તેવી હતી.

**ભૂતાનું પાર્શ્વ-સમવસરણમાં જવું—**

૨૩૬. તે કાળે તે સમયે પુરુષાદાનીય નવહાથની અવગાહનાવાળા અર્હત્ પાર્શ્વનાથ ભગવાન ત્યાં સમોસર્યા—પૂર્વવત્ વર્ણન. પરિષદ એકત્ર થઈ.

ત્યારે તે કન્યા ભૂતા પણ આ વૃત્તાંત સાંભળી હૃષ્ટ તુષ્ટ થઈ જ્યાં પોતાનાં માતા-પિતા હતાં ત્યાં આવી, આવીને માતા-પિતાને આમ કહેવા લાગી—'હે માત-તાત ! પુરુષાદાનીય તીર્થંકર પાર્શ્વનાથ ભગવાન ક્રમાનુક્રમથી વિહાર કરતા કરતા યાવત્ પોતાના ગણ સાથે વિચરી રહ્યા છે. આથી હે માતા-પિતા ! આપ અનુમતિ આપો તો હું અર્હત્ પુરુષાદાનીય પાર્શ્વનાથની ચરણ-વંદના માટે જવા ઈચ્છું છું."

[માતા-પિતાએ અનુમતિ આપતાં કહ્યું—] 'હે દેવાનુપ્રિયે ! તને જેમ સુખ થાય તેમ કર, પણ પ્રતિબંધ-વિલંબ કરીશ નહીં.'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી તે ભૂતા કુમારીએ સ્નાન કર્યું—યાવત્ શરીર–શણગાર સજી દાસીવૃંદ સાથે પોતાના ઘેરથી નીકળી. નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી ત્યાં આવી, આવીને શ્રેષ્ઠ ધાર્મિક યાન–રથ પર આરૂઢ થઈ.

ત્યાર પછી તે ભૂતા કુમારી પોતાના પરિજનોથી પરિવૃત્ત થઈને રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને નીકળી, નીકળીને જ્યાં ગુણશિલક ચૈત્ય હતું ત્યાં આવી, ત્યાં આવી છત્રાદિ તીર્થંકરનાં અતિશયો જોયા, જોઈને શ્રેષ્ઠ ધાર્મિક યાનમાંથી નીચે ઊતરી, ઊતરીને દાસીવૃંદ વચ્ચે રહીને જ્યાં અર્હત્ પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવંત હતા ત્યાં પહોંચી, ત્યાં આવીને તેમની ત્રણવાર આદક્ષિણા–પ્રદક્ષિણા યાવત્ પર્યુપાસના કરવા લાગી.

ત્યાર બાદ અર્હત્ પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવંતે ભૂતા કુમારી તથા ઉપસ્થિત મહાન જનસભાને સંબોધી ધર્મોપદેશ સંભળાવ્યો. ધર્મ તત્ત્વ સાંભળીને અને હૃદયમાં અવધારીને હૃષ્ટ તુષ્ટ થઈ તે ભૂતા કુમારીએ ભગવંતને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમન કરી આ પ્રમાણે કહ્યું—

'હે ભંતે ! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું–યાવત્ ઉદ્યત છું. ભગવંત ! આપે જેવું કહ્યું તેવું જ નિર્ગ્રંથ પ્રવચન છે. માત્ર હે ભગવંત ! હું મારા માતા–પિતાની અનુમતિ લઈશ અને ત્યાર પછી હું આપની પાસે પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.'

'હે દેવાનુપ્રિયે ! જેમ તને સુખ થાય તેમ કર.'—ભગવાને કહ્યું.

**ભૂતાની પ્રવ્રજ્યા—**

૨૩૭. ત્યાર પછી તે ભૂતા કુમારી તે જ શ્રેષ્ઠ ધાર્મિક રથ પર આરૂઢ થઈ યાવત્–જ્યાં રાજગૃહ નગર હતું ત્યાં આવી, રાજગૃહ નગરની વચ્ચે થઈને જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવી, રથમાંથી નીચે ઊતરી જ્યાં માતા-પિતા હતા ત્યાં આવી અને જમાલીની જેમ જ બે હાથ જોડી માતા-પિતાની આજ્ઞા માગી.

માતા-પિતાએ અનુમતિ આપતાં કહ્યું—'હે દેવાનુપ્રિયે ! તને સુખ થાય તેમ કર.'

ત્યાર બાદ તે સુદર્શન ગાથાપતિએ વિપુલ અશન–પાન–ખાદ્ય–સ્વાદ્ય ભોજન રંધાવ્યું, રંધાવીને મિત્રો જ્ઞાતિજનો આદિને આમંત્ર્યા-યાવત્–ભોજન કરીને હાથ-મોં ધોઈ દીક્ષાવિધિની તૈયારી માટે કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! તરત જ ભૂતા કુમારી માટે એક હજાર પુરુષો દ્વારા વહન કરાતી શિબિકાની ગોઠવણ કરો–યાવત્–ગોઠવણ કરીને આજ્ઞાપૂર્તિની જાણ કરો.' ત્યારે તેઓએ તે પ્રમાણે કરી–યાવત્–જાણ કરી.

ત્યાર પછી તે સુદર્શન ગાથાપતિ સ્નાન કરાવી, સર્વ અલંકારાદિથી વિભૂષિત કરાવી ભૂતા કુમારીને એક હજાર પુરુષો દ્વારા ઊંચકાતી પાલખીમાં બેસાડીને મિત્રો–જ્ઞાતિજનો યાવત્ વાજતે ગાજતે રાજગૃહ નગરીની વચ્ચોવચ્ચ થઇને જ્યાં ગુણશિલક ચૈત્ય હતું ત્યાં આવ્યો, આવીને છત્રાદિ તીર્થંકરનાં અતિશયો જોયા, જોઈને પાલખી ઊભી રખાવી, ઊભી રખાવીને ભૂતા કુમારીને પાલખીમાંથી ઉતારી.

ત્યાર પછી માતા-પિતા તે ભૂતા કુમારીને આગળ કરીને જ્યાં અર્હત્ પુરુષાદાનીય પાર્શ્વનાથ હતા ત્યાં આવ્યા, આવીને ત્રણ વાર ભગવાનની આદક્ષિણા પ્રદક્ષિણા કરી, પછી વંદન-નમસ્કાર કર્યા, વંદન–નમન કરી આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! આ ભૂતા કુમારિકા અમારી એકની એક વહાલી પુત્રી છે. હે દેવાનુપ્રિય ! સંસારના ભયથી તે ઉદ્વિગ્ન બની છે યાવત્ આપ દેવાનુપ્રિયની પાસે મુંડિત બની–યાવત્ પ્રવ્રજિત થવા ઇચ્છે છે. તો એને અમે આપને શિષ્યારૂપમાં દાન કરીએ છીએ. આપ દેવાનુપ્રિય આ શિષ્યારૂપી દાન સ્વીકારો.'

'હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કરો, પરંતુ વિલંબ કરશો નહીં.' [ભગવાને ઉત્તર આપ્યો.]

ત્યાર પછી અર્હત્ પાર્શ્વનાથ ભગવાને અનુમતિ આપતાં તે ભૂતા કુમારી હૃષ્ટ તુષ્ટ થઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈશાન કોણમાં ગઈ અને પોતાની જાતે જ આભરણ-અલંકારો ઉતાર્યા, જેવી રીતે દેવાનંદા તેવી જ રીતે તે પણ પુષ્પચૂલા આર્યા સમીપે યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી બની ગઈ.

**ભૂતા નિર્ગ્રંથિનીનું શરીરપ્રાદ્રોષિકત્વ—બાકુશત્વ—**

૨૩૮. ત્યાર પછી કોઈક સમયે તે ભૂતા આર્યા શરીર-બાકુશિકા બની ગઈ—ઘડીએ ઘડીએ પોતાના હાથ ધોતી, પગ ધોતી, મસ્તક ધોતી, મુખ ધોતી, સ્તનાંતર ધોતી, કાંખ ધોતી, ગુહ્યાંતર ધોતી, જે જે સ્થાને બેસતી, સૂતી કે સ્વાધ્યાય કરતી તે તે સ્થાન પર પહેલાં જ પાણી છાંટતી અને પછી તે સ્થાને બેસતી, સૂતી કે સ્વાધ્યાય કરતી.

ત્યારે તે પુષ્પચૂલા આદિ આર્યાઓએ ભૂતા આર્યાને આમ કહ્યું—'હે દેવાનુપ્રિયે! આપણે ઈર્યાસમિતિ આદિ સમિતિધારી યાવત્ ગુપ્તિ-યુક્ત બ્રહ્મચારિણી નિર્ગ્રંથ શ્રમણીઓ છીએ, આપણને શરીર-બાકુશ બનવું (શરીરની આળ-પંપાળ કરનાર થવું) કલ્પે નહીં. પરંતુ હે દેવાનુ-પ્રિયે! તું શરીર-બાકુશિકા થઈને વારંવાર હાથ ધુવે છે—યાવત્—સ્વાધ્યાય કરે છે. તો હે દેવાનુપ્રિયે! તું એ પાપસ્થાનની આલોચના કર.' શેષવર્ણન અહીં સુભદ્રા આર્યાની કથા મુજબ જાણવું—યાવત્ અલગ ઉપાશ્રયમાં તે વિચરવા લાગી. આમ તે ભૂતા આર્યા નિરંકુશ, નિયમ મુક્ત અને સ્વચ્છંદાચારી થઈને વારંવાર હાથ ધોતી-યાવત્—સ્વાધ્યાય કરવા લાગી.

**ભૂતાનું દેવીપણું—**

૨૩૯. ત્યાર પછી તે ભૂતા આર્યા અનેક ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ, આદિ તપશ્ચર્યા વડે આત્માને ભાવિત કરતી, અનેક વર્ષોનો શ્રામણ્ય-પર્યાય પાળીને, પોતાના તે પાપસ્થાનની આલોચના કે પ્રતિ-ક્રમણ કર્યા વિના, કાળસમયે કાળ કરીને, સૌધર્મ-કલ્પના શ્રી અવતંસ નામક વિમાનમાં ઉપપાત સભામાં દેવશય્યામાં યાવત્ અવગાહના દ્વારા શ્રીદેવી રૂપે ઉત્પન્ન થઈ અને પાંચ પર્યાપ્તિઓ યાવત્ ભાષા-મન-પર્યાપ્તિથી પર્યાપ્ત થઈ. એ પ્રકારે હે ગૌતમ! શ્રીદેવીએ આ દિવ્ય દેવઋદ્ધિ પ્રાપ્ત કરી છે, ઉપલબ્ધ કરી છે. તેની આ દેવ-લોકમાં એક પલ્યોપમની સ્થિતિ કહેવાઈ છે.

'હે ભગવન્! આ શ્રીદેવી ત્યાંથી ચ્યવન કરી ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?'—[ગણધર ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો.]

'મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધ થશે-યાવત્—સર્વ દુઃખોનો ક્ષય કરશે.' [ભગવંત મહાવીર સ્વામીએ ઉત્તર આપ્યો.]

**પાર્શ્વ ભગવંતની હ્રી આદિ શ્રમણીઓના કથાનકો—**

૨૪૦. એવી જ રીતે અર્થાત્ ઉપરોક્ત કથાનક અનુ-સાર જ બાકીના નવે અધ્યયનોની કથાઓ સમજવી. આ નવેના વિમાનોના નામ સમાન છે. બધી સૌધર્મ કલ્પમાં ઉત્પન્ન થયેલ છે. તેમનાં પૂર્વભવનાં નગર, ચૈત્ય, પિતા-માતા તથા પોતાનાં નામ આદિ સંગ્રહણી ગાથામાં આપેલ નામ સમાન સમજવાં. આ બધી જ ભગવાન પાર્શ્વનાથ પાસે પ્રવ્રજિત થઈ, પુષ્પ-ચૂલા આર્યાની શિષ્યાઓ બની, શરીર-બાકુશિકા બની અને બધી જ દેવલોકથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી સિદ્ધ થશે-યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.

☆

## ૭. પાર્શ્વસ્થા શ્રમણી સુભદ્રાનું કથાનક

**મહાવીર-સમવસરણમાં બહુપુત્રિકા દેવીની નાટ્યવિધિ—**

૨૪૧. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. ગુણ-શિલક ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતો. ભગવાન મહાવીર સ્વામી સમોસર્યા. દર્શનાર્થ પરિષદા નીકળી.

તે કાળે તે સમયે બહુપુત્રિકા દેવી સૌધર્મ-કલ્પમાં બહુપુત્રિક વિમાનમાં સુધર્મા સભામાં બહુપુત્રિક નામે સિંહાસન પર, ચાર હજાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાનિક દેવીઓ અને ચાર મહત્તરિકાઓથી વીંટળાઈને, સૂર્યાભ દેવની જેમ–યાવત્–વિચરી રહી હતી. તે આ સંપૂર્ણ જંબૂદ્વીપ નામક દ્વીપને પોતાના વિપુલ અવધિજ્ઞાન વડે જોઈ રહી હતી. તેણે શ્રમણ ભગવાન મહાવીરને જોયા, જોઈને–યાવત્–સૂર્યાભ દેવની જેમ જ નમસ્કાર કરીને પૂર્વદિશાભિમુખ થઈ પોતાના શ્રેષ્ઠ સિંહાસન પર પુનઃ બેઠી. સૂર્યાભદેવીની જેમ જ તેણે આભિયોગિક દેવોને બોલાવ્યા, સુસ્વરા ઘંટા વગડાવી, ફરી આભિયોગિક દેવોને તેડાવ્યા. તેનું યાનવિમાન એક હજાર યોજન વિસ્તીર્ણ હતું, યાનવિમાન–વર્ણન–યાવત્ સૂર્યાભદેવની જેમ તે બહુપુત્રિકા દેવી ઉત્તરવર્તી નિર્યામ–માર્ગથી, એક હજાર યોજનનું વૈક્રિય શરીર બનાવીને નીચે ઊતરી. ધર્મકથા સમાપ્ત થઈ. પછી તે બહુપુત્રિકા દેવીએ પોતાનો જમણો હાથ પ્રસાર્યો, પ્રસારીને એક સો આઠ દેવકુમારોની તેમાંથી વિકુર્વણા કરી, ડાબો હાથ પ્રસાર્યો અને તેમાંથી એક સો આઠ દેવકુમારીઓની વિકુર્વણા કરી, પછી અનેક કિશોર–કિશોરીઓ તથા નાનાં નાનાં બાળક–બાળકીઓની વિકુર્વણા કરી. પછી સૂર્યાભદેવની જેમ નાટ્યવિધિ દર્શાવીને પાછી ચાલી ગઈ.

**બહુપુત્રિકા દેવીના પૂર્વભવરૂપે સુભદ્રા–કથાનક—**

૨૪૨. 'હે ભદંત!' એમ ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીરને સંબોધીને વંદન–નમસ્કાર કર્યા પછી પૂછ્યું—'હે ભગવાન્! આ બહુપુત્રિકા દેવીની દિવ્ય ઋદ્ધિ, દ્યુતિ અને દિવ્ય દેવાનુભાવ ક્યાં સમાઈ ગયા?' ત્યારે ભગવાન મહાવીરે 'હે ગૌતમ! તે ઋદ્ધિ તેના શરીરમાંથી નીકળી અને શરીરમાં વિલીન થઈ ગઈ – કૂટાકારશાળાના દૃષ્ટાંત અનુસાર–(જેમ કોઈ ઉત્સવ આદિમાં એકત્રિત થયેલ હજારો સ્ત્રી-પુરુષો કૂટ એટલે કે પર્વત શિખરના આકારવાળા ઊંચા અને વિશાળ સભાગૃહમાં સમાઈ જાય તેમ) બહુપુત્રિકા દેવીની ઋદ્ધિ આદિ પણ તેના જ શરીરમાં સમાઈ ગઈ.' એ રીતે ગૌતમ સ્વામીની શંકાનું સમાધાન કર્યું.

ગૌતમ સ્વામીએ ફરી પૂછ્યું—'હે ભંતે! બહુપુત્રિકા દેવીને આ બધી ઋદ્ધિ કઈ રીતે પ્રાપ્ત થઈ ?'

[ભગવાન મહાવીર સ્વામીએ ઉત્તર આપ્યો] —'હે ગૌતમ! તે કાળે તે સમયે વારાણસી નામે નગરી હતી, આમ્રશાલ નામે ચૈત્ય હતું. તે વારાણસી નગરીમાં ભદ્ર નામે સાર્થવાહ હતો–જે ધનધાન્યથી સમૃદ્ધ યાવત્ કોઈથીય ગાંજ્યો ન જાય તેવો હતો. તેની સુભદ્રા નામે ભાર્યા હતી–જે સુકોમળ હાથપગવાળી પરંતુ વંધ્યા હતી–માત્ર જાનુકૂર્પર માતા હતી (એટલે કે જેના સ્તનોને સંતાનનો નહીં પરંતુ માત્ર પોતાના ઘૂંટણ અને કોણીઓનો જ સ્પર્શ મળ્યો હતો– જેનો ખોળો ખાલી હતો.)

**સુભદ્રાને પોતાના વંધ્યત્વની ચિંતા—**

૨૪૩. ત્યાર પછી તે સુભદ્રા સાર્થવાહીને ક્યારેક મધ્યરાત્રિસમયે કુટુંબ-જાગરણમાં જાગતી વેળાએ આવો યાવત્ સંકલ્પ થયો–'ખરેખર હું ભદ્ર સાર્થવાહ સાથે વિપુલ ભોગોપભોગો ભોગવતી વિચરું છું, પરંતુ આજ સુધી મેં એક પણ બાળક કે બાલિકાને જન્મ આપ્યો નથી. તે માતાઓ ધન્ય છે–યાવત્–તે માતાઓનાં મનુષ્ય-જન્મ અને જીવન સફળ છે કે જે માતાઓ પોતાની કુખે જન્મેલા, પોતાના સ્તનના દૂધના લોભી, મધુર સંભાષણ કરતા, કાલું કાલું બોલતા, સ્તનમૂળ અને કાંખ વચ્ચે સરકતા સંતાનોને સ્તનપાન કરાવે છે, વળી ફરી કમળ જેવા કોમળ હાથ વડે ઊંચકીને ખોળામાં બેસાડે અને કાલી કાલી વાણીમાં 'મા' 'મા' એવા મધુર શબ્દો સાંભળે છે. પણ હું જ અધન્ય છું, પુણ્યહીન છું, કે જે આમાંનું કંઈ ન પામી શકી.' આમ વિચારતી તે ભગ્નમનોરથ યાવત્–આર્તધ્યાનમાં ડૂબી ગઈ.

**આર્યા સમીપે પુત્રોપાય–પૃચ્છા—**

૨૪૪. તે કાળે તે સમયે ઈર્યાસમિતિ આદિ સમિતિઓથી સમિત–યાવત્–ગુપ્ત બ્રહ્મચારિણી, બહુશ્રુત અને અનેક શિષ્યાઓના પરિવારવાળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુવ્રતા આર્યા ક્રમાનુક્રમથી વિહાર કરતી કરતી ગામોગામ વિહરતી વિહરતી, જ્યાં વારાણસી નગરી હતી ત્યાં આવી, ત્યાં આવી યોગ્ય અવગ્રહ ધારણ કરી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતી વિચરવા લાગી.

ત્યાર પછી તે સુવ્રતા આર્યાનો એક સંઘાડો વારાણસી નગરીના ઊંચ- નીચ-મધ્યમ કુળોમાં ગૃહ-સામુદાનિક ભિક્ષાચર્યા માટે ભ્રમણ કરતા કરતા ભદ્ર સાર્થવાહના ઘરમાં જઈ પ્રવેશ્યો. ત્યારે સુભદ્રા સાર્થવાહીએ તે આર્યાઓને આવતી જોઈ, જોઈને હૃષ્ટ તુષ્ટ થતી તે તરત જ આસનેથી ઊઠી, ઊઠીને સાત આઠ ડગલાં સામે જઈને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી ઉત્તમ અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય ભોજન વડે પ્રતિલાભિત કરી આ પ્રમાણે બોલી-'હે આર્યાઓ! વાત એમ છે કે હું ભદ્ર સાર્થવાહ સાથે વિપુલ ભોગોપભોગો ભોગવતી વિચરું છું, પરંતુ હજી સુધી મેં એક પણ બાલક કે બાલિકાને જન્મ આપ્યો નથી. તે માતાઓ ધન્ય છે-યાવત્-આમાંનું હું એક પણ પામી શકી નથી. હે આર્યાઓ! આપ તો બહુ જ્ઞાની છો, બહુ જાણકાર છો, બહુ ઘણા ગામ-આકર-નગર યાવત્ સન્નિવેશોમાં ફરો છો, અનેક રાજા-સામંત-તલવર યાવત્ સાર્થવાહ આદિના ઘરોમાં જાઓ છો તો આપને ક્યાંય કોઈ વિદ્યાપ્રયોગ, મંત્ર-પ્રયોગ, વમન, વિરેચન કે બસ્તિકર્મ, ઔષધ કે ભૈષજ્ય મળ્યું છે કે જેનાથી હું પુત્ર કે પુત્રી મેળવી શકું ?'

**આર્યાઓ દ્વારા ધર્મકથન—**

૨૪૫. ત્યારે તે આર્યાઓએ સુભદ્રા સાર્થવાહીને આ પ્રમાણે ઉત્તર આપ્યો - 'હે દેવાનુપ્રિયે! અમે તો ઈર્યાસમિતિ આદિ સમિતિયોથી સમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણીઓ છીએ. આવા પ્રકારની વાત અમારાથી સાંભળી પણ શકાય નહીં તો પછી તેના ઉપદેશ કે આચરણની તો વાત જ શું કરવી? પરંતુ હે દેવાનુપ્રિયે! અમે તો માત્ર તને કેવલિપ્રણીત વિવિધ પ્રકારના સુંદર ધર્મનો ઉપદેશ આપીશું.'

**સુભદ્રા દ્વારા શ્રાવક ધર્મ-ગ્રહણ—**

૨૪૬. ત્યારે તે સુભદ્રા સાર્થવાહીએ તે આર્યાઓ પાસેથી ધર્મોપદેશ સાંભળ્યો, સાંભળીને હૃષ્ટ તુષ્ટ બની. તે આર્યાઓની ત્રણ વાર પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું- 'હે આર્યાઓ! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું, નિર્ગ્રંથ પ્રવચન મને રુચ્યું છે, નિર્ગ્રંથ પ્રવચનમાં મને વિશ્વાસ છે. તે નિર્ગ્રંથ પ્રવચન આપે જેવું કહ્યું તેવું જ છે.' - યાવત્ તે શ્રાવકધર્મ સ્વીકારીને વિચરવા લાગી.

ત્યાર પછી તે સુભદ્રા સાર્થવાહીએ તે આર્યાઓ પાસેથી-યાવત્-શ્રાવકધર્મ સ્વીકાર્યો. સ્વીકારીને તે આર્યાઓને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને વિદાય આપી. ત્યાર પછી તે સુભદ્રા સાર્થવાહી શ્રમણોપાસિકા બની-યાવત્ વિચરવા લાગી.

**સુભદ્રાનો પ્રવ્રજ્યા-સંકલ્પ—**

૨૪૭. ત્યાર પછી તે સુભદ્રા શ્રમણોપાસિકાને કોઈ એક વાર મધ્યરાત્રિ સમયે કુટુંબ-જાગરણમાં જાગતી વેળાએ - કુટુંબવિષયક વિચાર કરતાં કરતાં આવો માનસિક ભાવ-યાવત્-સંકલ્પ થયો - 'હું ભદ્ર સાર્થવાહ સાથે વિપુલ ભોગોપભોગો ભોગવતી-યાવત્ વિચરું છું, પરંતુ મેં એક પણ બાળક કે બાલિકાને જન્મ આપ્યો નથી... તો મારા માટે એ શ્રેયસ્કર છે કે કાલ સવાર થતાં યાવત્ સૂર્યોદય સમયે ભદ્રને પૂછીને સુવ્રતા આર્યા પાસે સાધ્વી બની ગૃહવાસ છોડી યાવત્ પ્રવ્રજ્યા લેવી જોઈએ.' તેણે આમ વિચાર્યું, વિચારીને જ્યાં ભદ્ર સાર્થવાહ હતો ત્યાં આવી, આવીને બે હાથ જોડી-યાવત્-આ પ્રમાણે કહ્યું- 'હે દેવાનુપ્રિય! તમારી સાથે ઘણાં વર્ષો સુધી વિપુલ ભોગોપભોગો ભોગવતી-યાવત્-વિચરું છું. પરંતુ મેં એક પણ બાળક કે બાલિકાને જન્મ આપ્યો નથી. તો હે દેવાનુપ્રિય! તમે અનુમતિ આપો તો હું સુવ્રતા આર્યા પાસે-યાવત્-પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે ભદ્ર સાર્થવાહે સુભદ્રા સાર્થવાહીને આ પ્રમાણે કહ્યું- 'હે દેવાનુપ્રિયે ! તું મુંડિત ન થા–યાવત્–પ્રવ્રજ્યા ન લે. પરંતુ હે દેવાનુપ્રિયે ! હજુ મારી સાથે વિપુલ ભોગોપભોગો ભોગવ, ભુક્તભોગી થઈને પછી સુવ્રતા આર્યા પાસે–યાવત્–પ્રવ્રજ્યા લેજે.'

ભદ્ર સાર્થવાહની આ વાત સુભદ્રા સાર્થવાહીએ માની નહીં, સ્વીકારી નહીં અને બીજી વાર પણ તે સુભદ્રા સાર્થવાહીએ ભદ્ર સાર્થવાહને આ પ્રમાણે કહ્યું – 'હે દેવાનુપ્રિય ! તમે અનુમતિ આપો જેથી હું–યાવત્–પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.'

ત્યારે તે ભદ્ર સાર્થવાહે જ્યારે અનેક પ્રકારની આખ્યાપનાઓ, પ્રજ્ઞાપનાઓ, સંજ્ઞાપનાઓ અને વિજ્ઞાપનાઓ દ્વારા પોતાની વાત સમજાવવા યાવત્ વીનવવા સમર્થ ન થયો ત્યારે અનિચ્છાપૂર્વક સુભદ્રાને દીક્ષાની અનુમતિ આપી.

**સુભદ્રાની પ્રવ્રજ્યા—**

૨૪૮. ત્યાર પછી તે ભદ્ર સાર્થવાહે વિપુલ અશન–યાવત્–સ્વાદ્ય આહાર બનાવરાવ્યો અને મિત્રો, જ્ઞાતિજનો... આમંત્રિત કરી પછી ભોજનવેળાએ યાવત્ મિત્રો, જ્ઞાતિજનો યાવત્ સત્કાર-સન્માન કર્યું. સુભદ્રા સાર્થવાહીને સ્નાન-યાવત્–મંગળ પ્રાયશ્ચિત્ત કરાવી, સર્વ અલંકારોથી વિભૂષિત કરી, સહસ્ર પુરુષો દ્વારા વહન કરાતી શિબિકામાં બેસાડી. પછી તે સુભદ્રા સાર્થવાહી મિત્રો, જ્ઞાતિજનો યાવત્ સંબંધીઓથી ઘેરાઈને ઠાઠમાઠપૂર્વક યાવત્ વાજતે ગાજતે વારાણસી નગરીની વચ્ચોવચ્ચ થઈ જ્યાં સુવ્રતા આર્યાનો ઉપાશ્રય હતો ત્યાં આવી. ત્યાં આવી, હજાર પુરુષો દ્વારા વહન કરાતી પાલખી ઊભી રખાવી તે સુભદ્રા સાર્થવાહી નીચે ઊતરી.

ત્યાર બાદ તે ભદ્ર સાર્થવાહ સુભદ્રા સાર્થવાહીને આગળ કરીને જ્યાં સુવ્રતા આર્યા હતી ત્યાં આવ્યો, આવીને સુવ્રતા આર્યાને વંદન–નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યો– 'હે દેવાનુપ્રિયે ! મારી ભાર્યા આ સુભદ્રા સાર્થવાહી મને પ્રિય અને ઇષ્ટ છે– યાવત્–મેં એની એવી સંભાળ રાખી છે કે એને વાત-પિત્ત-કફજન્ય વિવિધ સંનિપાતાદિક રોગો કે રોગાતંકો લાગુ ન પડે. હવે હે દેવાનુપ્રિયે ! તે સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈને અને જન્મ-મરણથી ભયભીત થઈને આપ દેવાનુપ્રિયની પાસે મુંડિત બની–યાવત્–પ્રવ્રજ્યા લેવા ઇચ્છે છે. તો હું તેને આપને શિષ્યાદાનરૂપે આપું છું. આપ દેવાનુપ્રિય એને શિષ્યા ભિક્ષારૂપે સ્વીકારો.'

ભદ્ર સાર્થવાહની આ વાત સાંભળી સુવ્રતા આર્યાએ જવાબ આપ્યો–

'હે દેવાનુપ્રિય ! યથાસુખ કરો, સત્કાર્યમાં વિલંબ ન કરો.'

ત્યાર પછી સુવ્રતા આર્યાની અનુમતિ જાણીને તે સુભદ્રા સાર્થવાહી હૃષ્ટ તુષ્ટ થઈ, પોતાના હાથેથી જ તેણે આભરણ–અલંકારો ઉતાર્યા, ઉતારીને પોતાના હાથે જ પંચમુષ્ટિક લોચ કર્યો, લોચ કરીને જ્યાં સુવ્રતા આર્યા હતી ત્યાં આવી, આવીને સુવ્રતા આર્યાની ત્રણ વાર પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી પછી આ પ્રમાણે બોલી– 'હે ભંતે ! આ સંસાર સળગી રહ્યો છે...' ઇત્યાદિ દેવાનંદાની જેમ જ તે પ્રવ્રજિત બની યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી આર્યા બની ગઈ.

**બાલ-આસક્ત સુભદ્રા નિર્ગ્રંથિનીની વિવિધ પ્રકારે બાળકો સાથે ક્રીડા—**

૨૪૯. ત્યાર પછી તે સુભદ્રા આર્યા કોઈ એક વાર ગૃહસ્થોનાં બાળક-બાળકીઓમાં સમ્મોહિત–યાવત્–આસક્ત બની અને તે બાળકો માટે અભ્યંગન (શરીરે માલીશ કરવાનું તેલ), ઉબટન, પ્રાસુક જળ, અળતો (બાળકોના હાથ-પગ રંગવા), કંકણો (હાથમાં પહેરવા), અંજન (આંખોમાં લગાવવા), વર્ણક (શરીરે લગાવવાનું ચૂર્ણ), સુગંધી ચૂર્ણ, રમકડાં, ખાજાં, ખીર અને ફૂલો વગેરે મેળવવા લાગી, મેળવીને પછી ગૃહસ્થોનાં બાળકો-બાળકીઓ, કિશોર–કિશોરીઓ કે નાનકડાં ભૂલકાંઓને બોલાવી કોઈને તેલનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માલીશ કરી આપતી, કોઈને શરીરે ઉબટન લગાવી આપતી, કોઈને પ્રાસુક પાણીથી નવરાવતી, તો કોઈને પગ રંગી આપતી, કોઈને હોઠ રંગી આપતી, તો કોઈને આંખો આંજી આપતી, કોઈને ત્રિપુંડ તાણી આપતી, કોઈને કપાળમાં તિલક કરી આપતી, કોઈને રેખાઓ દોરી આપતી, કોઈને પત્રચ્છેદ અર્થાત્ પાન જેવા આકારનાં ચિતરામણ કરી આપતી, કોઈને શરીરે વર્ણક-અંગરાગ લગાડી આપતી, તો કોઈને ચંદન-આદિ ચૂર્ણ લગાડી આપતી, કોઈને રમકડાં આપતી તો કોઈને ખાવાનું આપતી, કોઈને ખીર ખવડાવતી તો કોઈને ફૂલોથી શણગારતી, કોઈને પોતાના પગ પર બેસાડતી તો કોઈને જાંઘ પર બેસાડતી, કોઈને સાથળ પર, ખોળામાં, કમર પર, પીઠ પર, છાતી પર, કાંધ પર કે માથા પર બેસાડતી, કોઈને હાથમાં લઈને હિલોળા ખવરાવતી ખવરાવતી, હાલરડાં ગાતી ગાતી પુત્ર-પિપાસા, પુત્રી-પિપાસા, પૌત્ર-પિપાસા કે પૌત્રી-પિપાસાનો અનુભવ કરતી કરતી વિચરવા લાગી.

**આર્યાઓ દ્વારા સુભદ્રાને બાળકો રમાડવાની મનાઈ—**

૨૫૦. ત્યારે સુભદ્રા આર્યાનું આવું વર્તન જોઈ, સુવ્રતા આર્યાએ તેને આમ કહ્યું– 'હે દેવાનુપ્રિયે ! આપણે ઈર્યાદિસમિતિઓથી સમિત–યાવત્–ગુપ્ત બ્રહ્મચારિણી નિર્ગ્રંથ શ્રમણીઓ છીએ, આપણને આવી બાળકોના પાલનની ચેષ્ટાઓ કરવી ન કલ્પે. હે દેવાનુપ્રિયે ! તું ગૃહસ્થોનાં બાળકોમાં મોહાસક્ત–યાવત્–પ્રેમાસક્ત બનીને અભ્યંગ-તેલમાલીશ યાવત્ પૌત્રાદિની લાલસાનો ભાવ રાખતી વિચરી રહી છે. તો હે દેવાનુપ્રિયે ! આ સાવદ્ય સ્થાન (સાધુઓ માટે પાપરૂપ કાર્ય)ની વિશુદ્ધિ માટે આલોચના–યાવત્ પ્રાયશ્ચિત્ત કર.'

સુવ્રતા આર્યાએ આવી રીતે નિષેધ કરવા છતાં પણ સુભદ્રા આર્યાએ તે સુવ્રતા આર્યાની આજ્ઞા માની નહીં, સ્વીકારી નહીં, અને તે આજ્ઞાનો આદર ન કરતી, સ્વીકાર ન કરતી વિચરવા લાગી. ત્યારે નિર્ગ્રંથ શ્રમણીઓ તે સુભદ્રા આર્યાની નિંદા કરવા લાગી, અવહેલના કરવા લાગી, તિરસ્કાર કરવા લાગી, અપમાન કરવા લાગી અને વારંવાર તેનાં તે કાર્યને રોકવા લાગી.

**સુભદ્રાનો પૃથક્ વાસ—**

૨૫૧. ત્યાર પછી તે નિર્ગ્રંથ શ્રમણીઓ સુભદ્રા આર્યાની આ પ્રકારે નિંદા કરવા લાગી યાવત્ વારંવાર તેને આવા અપકૃત્યથી રોકવા લાગી એટલે તે સુભદ્રા આર્યાને આવા પ્રકારનો માનસિક ભાવ યાવત્ સંકલ્પ થયો– 'જ્યારે હું ગૃહસ્થાવાસમાં હતી ત્યારે હું સ્વતંત્ર હતી, પરંતુ જ્યારથી હું મુંડિત બનીને ગૃહવાસ ત્યજી અનગારવાસમાં પ્રવ્રજિત થઈ છું ત્યારથી હું પરવશ –પરાધીન બની ગઈ છું. પહેલાં તો નિર્ગ્રંથ શ્રમણીઓ મારો આદર કરતી, મને માન આપતી હવે નથી તે આદર કરતી, નથી મારી વાત માનતી. તો મારે માટે એ શ્રેયસ્કર છે કે હું કાલ પ્રભાત થતાં જ–યાવત્–સૂર્યપ્રકાશ ફેલાતાંવેંત સુવ્રતા આર્યા પાસેથી નીકળીને જુદા આશ્રય-સ્થાનમાં–ઉપાશ્રયમાં રહેવા ચાલી જાઉં.' તેણે આમ વિચાર કર્યો, વિચાર કરી કાલ–યાવત્–સૂર્ય પ્રકાશતાં જ સુવ્રતા આર્યા પાસેથી તે છૂટી પડી, છૂટી પડીને અલગ ઉપાશ્રયમાં જઈ રહેવા લાગી. ત્યાર બાદ તે સુભદ્રા આર્યા બીજી આર્યાઓ દ્વારા ન અટકાવાતી, અનિવારિત, સ્વચ્છંદપણે ગૃહસ્થોનાં બાળકોમાં સંમોહિત–યાવત્–અભ્યંગ આદિ–યાવત્–પૌત્રી-પિપાસા અનુભવતી વિચરવા લાગી.

**સુભદ્રાની સંલેખના અને બહુપુત્રિકા દેવીરૂપે ઉપપાત—**

૨૫૨. ત્યાર બાદ તે સુભદ્રા પાર્શ્વસ્થા, પાર્શ્વસ્થવિહારિણી (આચારવિરુદ્ધ વર્તનારી), અવસન્ના, અવસન્નવિહારિણી (આચારપાલનમાં ખિન્ન થનારી), કુશીલા, કુશીલવિહારિણી, સંસક્ત, સંસક્તવિહારિણી, સ્વચ્છંદ અને સ્વછંદવિહારિણી બની ગઈ અને તે રીતે અનેક વર્ષનો શ્રામણ્યપર્યાય પાળી અંતમાં અર્ધમાસિક સંલેખના વડે આત્મશુદ્ધિ કરી, ત્રીશ ભક્તનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનશન દ્વારા છેદન કરી, પોતાના પાપસ્થાનની આલોચના-પ્રતિક્રમણ કર્યા વિના જ, કાળમાસે કાળ કરીને સૌધર્મકલ્પમાં બહુપુત્રિકા વિમાનમાં ઉપપાત સભામાં દેવશયનમાં દેવદૂષ્યથી ઢંકાઈને આંગળીના અસંખ્યાતમા ભાગની અવગાહના- વાળી બહુપુત્રિકા દેવી રૂપે ઉત્પન્ન થઈ

ત્યાર બાદ ઉત્પન્ન થતાંવેંત તરત તે બહુ- પુત્રિકા દેવી પંચવિધ પર્યાપ્તિઓ-યાવત્- ભાષા અને મન પર્યાપ્તિઓથી સંપન્ન બની ગઈ. એ રીતે હે ગૌતમ! બહુપુત્રિકા દેવીએ તે દિવ્ય દેવઋદ્ધિ-યાવત્-પ્રાપ્ત કરી છે.

**બહુપુત્રિકા નામનું રહસ્ય—**

૨૫૩. 'હે ભગવંત! શા માટે તે બહુપુત્રિકા દેવી- બહુપુત્રિકા દેવી એવા નામે ઓળખાય છે ?' [ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો.]

'હે ગૌતમ! આ બહુપુત્રિકા દેવી જ્યારે જ્યારે દેવેન્દ્ર દેવરાજ શક્રની સમક્ષ ઉપસ્થિત થાય છે, ત્યારે ત્યારે તે અનેક છોકરા-છોકરીઓ, બાળક-બાળકીઓની વિકુર્વણા કરે છે, વિકુર્વણા કરીને જ્યાં દેવેન્દ્ર દેવરાજ શક્ર હોય છે ત્યાં આવે છે, ત્યાં આવી દેવરાજ દેવેન્દ્ર શક્રને દિવ્ય દેવઋષિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવઅનુભાવ દર્શાવે છે. તે કારણે હે ગૌતમ! તે બહુપુત્રિકા દેવી તરીકે ઓળખાય છે.'

**બહુ પુત્રિકાદેવીની સ્થિતિ અને ભાવિ જન્મ વિશે કથન—**

૨૫૪. 'હે ભદંત! બહુપુત્રિકા દેવીની કેટલા કાળની સ્થિતિ કહેવાઈ છે ?'

'હે ગૌતમ! બહુપુત્રિકા દેવીની ચાર પલ્યો- પમની સ્થિતિ કહેવાઈ છે.'

'હે ભગવન્! તે બહુપુત્રિકા દેવી આયુક્ષય, સ્થિતિક્ષય અને ભવક્ષય પછી તે દેવલોકમાંથી ચ્યવન કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?'

'હે ગૌતમ! તે બહુપુત્રિકા દેવી આ જ જંબૂદ્વીપના ભારત વર્ષમાં વિન્ધ્યગિરિની તળેટીમાં બેભેલ સન્નિવેશમાં બ્રાહ્મણકુળમાં પુત્રી રૂપે અવતરશે.'

**બહુપુત્રિકા દેવીના સોમાભવ—**

૨૫૫. ત્યાર પછી તે બાલિકાનાં માતા-પિતા અગિયાર દિવસ પૂરા થતાં-યાવત્-બારમા દિવસે આવા પ્રકારે નામકરણ કરશે—'અમારી આ બાળકીનું નામ સોમા હો.'

ત્યાર પછી તે સોમા બાળપણ છોડી, જ્ઞાન- વિજ્ઞાનમાં નિપુણ થઈ યૌવનાવસ્થામાં પ્રવેશશે અને રૂપ, યૌવન અને લાવણ્યમાં ઉત્કૃષ્ટ- યાવત્-ઉત્કૃષ્ટ શરીરવાળી બનશે.

ત્યાર પછી માતા-પિતા તે સોમા બાલિકાને બાલ્યાવસ્થા વટાવી યૌવનાવસ્થામાં પ્રવેશેલી અને જ્ઞાનવિજ્ઞાનમાં કુશળ બનેલી જોઈને, યથાયોગ્ય કન્યાશુલ્ક લઈને પોતાના ભાણેજ રાષ્ટ્રકૂટને ભાર્યારૂપે આપશે અર્થાત્ રાષ્ટ્રકૂટ સાથે પરણાવશે. તે સોમા તેની ઈષ્ટ વલ્લભા બનશે- યાવત્-આભૂષણની પેટીની જેમ તે તેની સાચવણી કરશે, રત્નકરંડકની જેમ તેનું સંગો- પન, રક્ષણ કરશે-યાવત્-તેને કોઈ પ્રકારના રોગો સ્પર્શી પણ ન જાય તેનું ધ્યાન રાખશે.

**બહુ બાળકોના કારણે સોમાની મનોવેદના—**

૨૫૬. ત્યાર પછી તે સોમા બ્રાહ્મણી રાષ્ટ્રકૂટ સાથે વિપુલ ભોગોપભોગો ભોગવતી પ્રતિવર્ષ સંતાન- યુગલને જન્મ આપતી, સોળ વર્ષમાં બત્રીસ બાળકોને જન્મ આપશે.

ત્યારે તે સોમા બ્રાહ્મણી તે અનેક છોકરા- છોકરીઓ, કિશોર-કિશોરીઓ, બાળક-બાળકી- ઓમાં કોઈના પથારીમાંથી પડી જવાથી, કોઈના રોવા-ચીલ્લાવાથી, કોઈને બાળાગોળીઆદિ પીવડાવવામાં, કોઈના ભાખોડિયાંભર ચાલવાથી, કોઈના આમતેમ ભટકવાથી, કોઇના પડી જવાથી, કોઈના ધાવવા માગવાથી, કોઈની દૂધની માગ- ણીથી, કોઈના રમકડાં માગવાથી, કોઈ વળી ખાવાનું માંગતું તેથી, કોઈ ભાત માંગતું તેથી, કોઈના પાણીના પોકારથી, કોઈના હસવાથી, કોઈના રીસાવાથી, કોઈના ગુસ્સાથી, કોઈના ઝઘડાથી, કોઈનાં મારામારીથી, કોઈની ભાગં- ભાગથી, કોઈના પાછળ પડવાથી, કોઈના રડ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાથી, કોઈના વિલાપથી, કોઈના કૂદવાથી, કોઈના ફૂકવાથી, કોઈનાં ઝોકાં ખાવાથી, કોઈના બકબકાટથી, કોઈના દાઝવાથી, કોઈના વમન કરવાથી, કોઈના ઝાડે જવાથી, કોઈના પેશાબ-કરવાથી, કોઈના ઝાડો-પેશાબ-વમન-આદિથી રગદોળાઈને બગડેલા કપડાથી-યાવત્-અસ્વચ્છ, બીભત્સ, અત્યંત દુર્ગંધી બનેલી રાષ્ટ્રકૂટ સાથે વિપુલ ભોગોપભોગો ભોગવવા અશક્તિમાન બનશે.

**સોમા દ્વારા વંધ્યત્વ-પ્રશંસા—**

૨૫૭. ત્યારે તે સોમા બ્રાહ્મણીને કયારેક મધ્યરાત્રિએ કુટુંબચિંતામાં જાગરણ કરતી વેળાએ આવો-યાવત્-વિચાર થશે—'હું ખરેખર આ અનેક છોકરાંથી-યાવત્-બાળકીઓથી, એમાંથી કોઈના થી-યાવત્ કોઈના સુઈ રહેવાથી, આવાં જન્મનાં અભાગિયાં, જન્મનાં દુર્ભાગી, હતભાગી અને અલ્પકાળમાં પેદા થયેલાં છોકરાંથી-યાવત્-મળ-મૂત્ર-વમન આદિથી ખરડાયેલ વસ્ત્રોવાળી-યાવત્-અત્યંત દુર્ગંધ-વાળી બનેલી હું રાષ્ટ્રકૂટ સાથે ભોગોપભોગો ભોગવવા શક્તિમાન થતી નથી.

તે માતાઓ ધન્ય છે-યાવત્-તેમણે જન્મ અને જીવનનું ફળ પ્રાપ્ત કરી લીધું છે કે જેઓ વન્ધ્યા છે, જેમને બાળકો નથી, જે જાનુકૂર્પર માતાઓ છે અર્થાત્ જેમનો ખોળો ખાલી છે, જે સુગંધી દ્રવ્યોથી સુવાસિત બની વિપુલ માનુષી ભોગોપભોગો ભોગવતી વિચરે છે. હું તો અધન્ય છું, પુણ્યહીન છું, અભાગણી છું જે રાષ્ટ્રકૂટ સાથે વિપુલ-યાવત્-અશક્તિમાન છું.'

**સોમા દ્વારા ધર્મશ્રવણ—**

૨૫૮. તે કાળે તે સમયે ઈર્યાસમિતિ આદિથી સમિત-યાવત્-અનેક શિષ્યાઓના પરિવારવાળી સુવ્રતા નામે આર્યા પૂર્વાનીપૂર્વી વિહાર કરતી કરતી બેભેલ સન્નિવેશમાં આવી પહોંચી અને યથાયોગ્ય અવગ્રહ ધારણ કરીને વિચરવા લાગી.

ત્યાર બાદ તે સુવ્રતા આર્યાનો એક સંઘાડો બેભેલ સન્નિવેશમાં ઊંચ-નીચ-મધ્યમ કુળોમાં ભિક્ષાચર્યા ફરતા ફરતા રાષ્ટ્રકૂટના ઘેર પ્રવેશ્યો.

ત્યારે તે સોમા બ્રાહ્મણીએ તે આર્યાઓને આવતી જોઈ, જોઈને હૃષ્ટ તુષ્ટ યાવત્ તરત આસન પરથી ઊઠી, ઊઠીને સાત-આઠ ડગલાં સામે ચાલી, સામે જઇ વંદન-નમન કર્યાં, વંદન-નમન કરી વિપુલ અશન-યાવત્-સ્વાદ્ય પદાર્થોથી પ્રતિલાભિત કરી આ પ્રમાણે કહ્યું—'હે આર્યાઓ ! હું રાષ્ટ્રકૂટ સાથે વિપુલ ભોગો-યાવત્-વર્ષે વર્ષે યુગલને જન્મ આપતી, સોળ વર્ષમાં બત્રીસ બાળકોની મા બની છું-હવે આટલાં ઝાઝાં છોકરાંથી-યાવત્-છોકરીઓથી, કેટલાકના પથારીમાંથી પડી જવાથી-યાવત્-કેટલાંક સુનાં રહે છે તેથી, આમ જન્મના દુર્ભાગી-યાવત્-ભોગ કરવા અશક્તિમાન બની છું. તો હે આર્યાઓ ! હું તમારી પાસે ધર્મો-પદેશ સાંભળવા ઇચ્છું છું.'

ત્યારે તે આર્યાઓએ સોમા બ્રાહ્મણીને સુંદર-યાવત્-કેવલિપ્રરૂપિત ધર્મનો ઉપદેશ કર્યો.

**સોમાનો પ્રવ્રજ્યા-સંકલ્પ—**

૨૫૯. ત્યાર પછી તે સોમા બ્રાહ્મણીએ તે આર્યાઓ પાસે ધર્મશ્રવણ કરીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ તુષ્ટ થઈ-યાવત્-આનંદિત હૃદયે તે આર્યાઓને વંદન-નમન કર્યાં, વંદન-નમન કરીને આ પ્રમાણે કહ્યું—

'હે આર્યાઓ ! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું-યાવત્-સન્માન કરું છું. હે આર્યાઓ ! નિર્ગ્રંથ પ્રવચન આપ કહો છો તેવું જ છે. પરંતુ હે આર્યાઓ ! પહેલાં હું રાષ્ટ્રકૂટની અનુમતિ લઈ લઉં, પછી આપ દેવાનુપ્રિયો સમીપે મુંડિત થઈ-યાવત્ પ્રવ્રજિત થઈશ.'

'હે દેવાનુપ્રિયે ! જેમ તને સુખ થાય તેમ કર, પરંતુ તેમાં પ્રમાદ કરીશ નહીં.'-આર્યાઓએ ઉત્તર આપ્યો

ત્યાર પછી તે સોમા બ્રાહ્મણીએ તે આર્યાઓને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમસ્કાર કરી વિદાય આપી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાષ્ટ્રકૂટ દ્વારા પ્રવ્રજ્યા-નિષેધ—

२६०. ત્યાર પછી તે સોમા બ્રાહ્મણી જ્યાં રાષ્ટ્રકૂટ હતો ત્યાં આવી, આવીને બે હાથ જોડી આ પ્રમાણે બોલી—'હે દેવાનુપ્રિય ! મેં આર્યાઓ પાસે ધર્મનો ઉપદેશ સાંભળ્યો છે. તે ધર્મ મને ગમે છે–યાવત્–તે ધર્મમાં મારી અભિરુચિ થઈ છે. તો હે દેવાનુપ્રિય ! તમે અનુમતિ આપો તો હું સુવ્રતા આર્યા સમીપે–યાવત્–પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.'

ત્યારે તે રાષ્ટ્રકૂટે સોમા બ્રાહ્મણીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! હમણાં તું મુંડિત થઈને–યાવત્–પ્રવ્રજ્યા ન લઈશ. મારી સાથે પહેલાં વિપુલ ભોગોપભોગો ભોગવ અને પછી ભુક્તભોગી બની સુવ્રતા આર્યા સમીપે મુંડિત થઈ–યાવત્–પ્રવ્રજ્યા અંગીકાર કરજે.'

સોમા દ્વારા શ્રાવકધર્મ-ગ્રહણ—

२६१. ત્યાર પછી તે સોમા બ્રાહ્મણીએ સ્નાન કર્યું–યાવત્–અલંકારોથી વિભૂષિત શરીરવાળી, દાસીઓના સમૂહથી ઘેરાઈને પોતાના ઘેરથી નીકળી, નીકળીને બેભેલક સન્નિવેશની વચ્ચોવચ્ચ થઈને જ્યાં સુવ્રતા આર્યાનો ઉપાશ્રય હતો ત્યાં આવી, આવીને સુવ્રતા આર્યાને વંદન–નમસ્કાર કરી પર્યુપાસના કરવા લાગી. ત્યારે તે સુવ્રતા આર્યાએ સોમા બ્રાહ્મણીને સુંદર કેવલિપ્રણીત ધર્મનો ઉપદેશ કર્યો–યાવત્–જીવો કેવી રીતે કર્મ બંધનમાં બંધાય છે અને કેવી રીતે મુક્ત થાય છે.

ત્યાર પછી તે સોમા બ્રાહ્મણીએ સુવ્રતા આર્યા પાસેથી–યાવત્–બારવ્રતનો શ્રાવક ધર્મ સ્વીકાર્યો, સ્વીકારીને સુવ્રતા આર્યાને વંદન–નમસ્કાર કર્યાં, વંદન–નમસ્કાર કરી જ્યાંથી આવી હતી તે દિશામાં અર્થાત્ ઘરે પાછી ફરી.

ત્યાર બાદ તે સોમા બ્રાહ્મણી શ્રમણોપાસિકા બની ગઈ અને જીવાજીવ આદિ તત્ત્વોની જ્ઞાતા થઈ આત્માને ભાવિત કરતી રહેવા લાગી.

ત્યાર બાદ તે સુવ્રતા આર્યા કોઈ સમયે બેભેલ સંનિવેશમાંથી નીકળી બહારના જનપદમાં વિહાર કરવા લાગ્યા.

સોમાની પ્રવ્રજ્યા—

२६२. ત્યાર પછી તે સુવ્રતા આર્યા ફરી કોઈ વાર પૂર્વાનુપૂર્વી વિહાર કરતી કરતી ત્યાં આવી.

ત્યારે તે સોમા બ્રાહ્મણી આ સમાચાર સાંભળી હૃષ્ટ તુષ્ટ થઈ સ્નાન કરી પૂર્વવત્ દર્શનાર્થ નીકળી –યાવત્–વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી, ધર્મશ્રવણ કરી યાવત્ [પ્રવ્રજ્યા લેવા ઉત્સુક થઈ] વિશેષમાં તેણે કહ્યું—'રાષ્ટ્રકૂટને પૂછી પછી પ્રવ્રજ્યા લઈશ.'

'જેમ સુખ થાય તેમ કર'—[આર્યાએ કહ્યું.]

ત્યાર બાદ તે સોમા બ્રાહ્મણીએ સુવ્રતા આર્યાને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી સુવ્રતા આર્યા પાસેથી નીકળીને જ્યાં પોતાનું ઘર હતું, જ્યાં રાષ્ટ્રકૂટ હતો ત્યાં આવી, આવીને હાથ જોડી પહેલાંની જેમ જ પૂછ્યું–યાવત્–'પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.'

'હે દેવાનુપ્રિયે ! યથા-સુખ કર, વિલંબ ન કરીશ.' તેને રાષ્ટ્રકૂટે આ રીતે અનુમતિ આપી.

ત્યાર પછી રાષ્ટ્રકૂટે વિપુલ અશન-પાન આદિ ભોજન તૈયાર કરાવી, મિત્ર–બંધુ-સ્વજનોને આમંત્રી ભોજન આદિ સત્કાર કર્યો–ઇત્યાદિ પ્રવ્રજ્યાગ્રહણ સુધીનું વર્ણન પૂર્વ-કથાનકોની જેમ સમજવું.

જેવી રીતે પૂર્વ ભવમાં સુભદ્રા આર્યા તેવી જ રીતે સોમા આર્યા બની–ઈર્યાસમિતિ આદિથી સમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી.

સોમાનું દેવત્વ અને ત્યાર બાદ સિદ્ધિ—

२६३. ત્યાર પછી તે સોમા આર્યા સુવ્રતા આર્યા પાસે સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કરી, અનેક ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશ આદિ તપશ્ચર્યા–યાવત્–આત્માને ભાવિત કરતી અનેક વર્ષનો શ્રામણ્ય–પર્યાય પાળી પછી માસિક સંલેખના વડે સાઠ ભક્તોનું છેદન કરી –અનશન કરી, આલોચના–પ્રતિક્રમણ કરી, સમાધિપૂર્વક કાળમાસે કાળ કરી દેવેન્દ્ર દેવરાજ શક્રના સામાનિક દેવરૂપે ઉત્પન્ન થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં કેટલાક દેવોની બે સાગરોપમની સ્થિતિ કહેવામાં આવી છે, તે દેવલોકમાં સોમ દેવની પણ બે સાગરોપમની સ્થિતિ કહેવાઈ છે.

'હે ભગવંત ! તે સોમદેવ તે દેવલોકમાંથી આયુક્ષય થતાં-યાવત્-ચ્યવિત થઈને કયાં જશે ? કયાં ઉત્પન્ન થશે ?' —ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો.

'હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે—યાવત્-સર્વ દુ:ખોનો અંત કરશે.'—ભગવાન મહાવીર સ્વામીએ ઉત્તર આપ્યો.

☆

## ૮. મહાવીર-તીર્થમાં નંદા આદિનાં કથાનકો

**સંગ્રહણી-ગાથાદ્વય—**

૨૬૪. ૧. નંદા ૨. નંદવતી ૩. નંદોત્તરા ૪. નંદશ્રેણિકા ૫. મરુતા ૬. સુમરુતા ૭. મહામરુતા ૮. મરુદેવા ૯. ભદ્રા ૧૦. સુભદ્રા ૧૧. સુજાતા ૧૨. સુમનાયિકા અને ૧૩. ભૂતદત્તા-આ બધાં શ્રેણિક રાજાની ભાર્યાઓ-રાણીઓનાં નામ જાણવાં.

**શ્રેણિક રાજાની નંદા આદિ રાણીઓનું શ્રમણીપણું અને સિદ્ધિ—**

૨૬૫. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. ગુણશિલક નામે ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતો—વર્ણન.

તે શ્રેણિક રાજાની નંદા નામે રાણી હતી—વર્ણન. ભગવાન મહાવીર સ્વામી સમોસર્યા, પરિષદા દર્શનાર્થ નીકળી.

ત્યારે તે નંદા રાણીએ પણ આ સમાચાર સાંભળી હૃષ્ટ તુષ્ટ થઈ, પોતાના કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને યાન-રથ પર આરૂઢ થઈ, જેવી રીતે પદ્માવતી-યાવત્ અગિયાર અંગોનું અધ્યયન કર્યું, વીશ વર્ષનો શ્રામણ્યપર્યાય પાળ્યો-યાવત્-સિદ્ધ થઈ-યાવત્-સર્વ દુ:ખોનો અંત કર્યો.

આ જ રીતે તેરે રાણીઓનાં કથાનકો નંદાના કથાનક જેમ જ સમજવાં.

☆

## ૯. મહાવીર-તીર્થમાં કાલી આદિ શ્રમણીઓનાં કથાનકો

**સંગ્રહણી ગાથા—**

૨૬૬. ૧. કાલી ૨. સુકાલી ૩. મહાકાલી ૪. કૃષ્ણા ૫. સુકૃષ્ણા ૬. મહાકૃષ્ણા ૭. વીરકૃષ્ણા ૮. રામકૃષ્ણા ૯. પિતૃસેન કૃષ્ણા અને ૧૦. મહાસેનકૃષ્ણા—એ દશનાં દશ અધ્યયનો જાણવાં.

**કોણિક રાજાની વિમાતા કાલી—**

૨૬૭. તે કાળે તે સમયે ચંપા નામે નગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય હતું.

તે ચંપા નગરીમાં કોણિક નામે રાજા હતો—વર્ણન.

તે ચંપા નગરીમાં શ્રેણિક રાજાની ભાર્યા, કોણિક રાજાની લઘુ અપરમાતા કાલી નામે રાણી હતી—વર્ણન.

**કાલીની પ્રવ્રજ્યા અને રત્નાવલી તપ—**

૨૬૮. નંદા રાણીની જેમ જ કાલી રાણીએ પણ દીક્ષા લીધી-યાવત્-સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. તે અનેક વર્ષ સુધી ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશમ, માસક્ષમણ અને અર્ધમાસ ક્ષમણ આદિ વિવિધ પ્રકારના તપોકર્મથી આત્માને ભાવિત કરતી વિચરતી હતી.

ત્યારે કોઈ એક વાર તે કાલી આર્યા જ્યાં ચંદના આર્યા વિરાજી રહી હતી ત્યાં ગઈ, ત્યાં જઈને આ પ્રમાણે બોલી—'હે આર્યે ! હું આપની આજ્ઞા હોય તો રત્નાવલી તપ અંગીકાર કરીને વિચરવા ઈચ્છું છું.'

'હે દેવાનુપ્રિયે ! સુખ થાય તેમ કર, પરંતુ વિલંબ કરીશ નહીં.'—[એમ ચંદના આર્યાએ આજ્ઞા આપી.]

ત્યારે તે કાલી આર્યા ચંદના આર્યાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજ્ઞા મળવાથી રત્નાવલી[1] તપ અંગીકાર કરી વિચરવા લાગી.

ત્યાર પછી તે કાલી આર્યાએ પાંચ વર્ષ, બે માસ અને અઠયાવીસ દિવસ સુધી સૂત્રાનુસાર અર્થાત્ શાસ્ત્રીય વિધિપૂર્વક રત્નાવલી તપની આરાધના કરી–યાવત્–આરાધના કરીને જ્યાં ચંદના આર્યા હતી ત્યાં તે આવી, આવીને આર્યા ચંદનાને વંદન–નમસ્કાર કર્યા, વંદન-નમન કરી પુનઃ અનેક ચતુર્થ યાવત્ આત્માને ભાવિત કરતી વિહરવા લાગી.

ત્યારે તે કાલી આર્યા તેવા પ્રકારના ઉદાર, પ્રધાન, શ્રેષ્ઠ, ગંભીર, વિધિસંમત, સમ્યક્ રીતે ગ્રહણ કરેલ, કલ્યાણકારી, શિવ, ધન્ય, મંગળ, સશ્રીક, ઉદગ્ર, ઉદાત્ત, ઉત્તમ, મુખ્ય અને મહા-પ્રભાવક તપોકર્મથી શુષ્ક, રુક્ષ, નિર્માંસ, હાડ-ચામના માળા જેવા, કડકડ અવાજ કરતા કૃશ અને લુહારની ધમણ જેવા શરીરવાળી થઈ ગઈ, પોતાની આત્મબળથી જ તે ચાલી શકતી–યાવત્–ભસ્મથી ઢાંકેલા અગ્નિ જેમ તપથી, તેજથી અને તપના તેજની શોભાથી અતિ અતિ શોભી રહી હતી.

**કાલીની સંલેખના અને સિદ્ધિ—**

૨૬૯. ત્યાર પછી તે કાલી આર્યાને કોઈ એક વાર મધ્યરાત્રિ સમયે આવો મનોભાવ–યાવત્–સંકલ્પ થયો જેવો સંકલ્પ ખંદકને થયેલો– કે– 'જ્યાં સુધી શરીરમાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાર્થ–પરાક્રમની શક્તિ છે ત્યાં સુધી મારે માટે એ શ્રેયસ્કર છે કે કાલ પ્રભાત થતાં યાવત્ સહસ્ર-રશ્મિ દિનકર જાજ્વલ્યમાન પ્રકાશથી પ્રકાશિત થતાં વેંત હું આર્યા ચંદનાને પૂછીને, આર્યા ચંદનાની આજ્ઞા મેળવીને સંલેખનાપૂર્વક આત્મશુદ્ધિ કરતી, ભક્તપાનનો ત્યાગ કરતી, મૃત્યુની આકાંક્ષા રાખ્યા વિના વિચરણ કરું.' તેણે આમ વિચાર કર્યો, વિચાર કરીને રાત વીતી પ્રભાત થતાં અને સૂર્યોદય થતાં જ્યાં આર્યા ચંદના હતી ત્યાં તે ગઈ, જઈને આર્યા ચંદનાને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– 'હે આર્યે! આપ આજ્ઞા આપો તો હું સંલેખનાપૂર્વક આત્મશુદ્ધિ કરતી ભક્તપાનનો ત્યાગ કરતી, મૃત્યુની આકાંક્ષા રાખ્યા વિના અનશન સ્વીકારી વિચરવા ઇચ્છું છું.'

આર્યા ચંદનાએ આજ્ઞા આપતાં કહ્યું– 'યથાસુખ કર, વિલંબ કરીશ નહીં.'

ત્યારે તે કાલી આર્યા ચંદના આર્યા પાસેથી આજ્ઞા મળતાં વેંત સંલેખનાપૂર્વક આત્મશુદ્ધિ કરતી–યાવત્–વિચરવા લાગી.

ત્યાર બાદ તે કાલી આર્યાએ ચંદના આર્યા પાસે આ રીતે સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કરીને, પૂરા આઠ વર્ષ સુધી શ્રામણ્ય–પર્યાયનું પાલન કરીને, માસિક સંલેખના દ્વારા આત્મશુદ્ધિ કરીને, સાઠ ભક્તપાનના ત્યાગપૂર્વક અનશન કરીને, જે હેતુ માટે નગ્નત્વ –અપરિગ્રહત્વ–અકિંચનત્વ અંગીકાર કર્યું હતું –યાવત્–અંતિમ શ્વાસોચ્છ્વાસ સુધી પૂર્ણપણે આરાધીને સિદ્ધ થઈ–યાવત્–સર્વ દુઃખોથી રહિત બની ગઈ.

**સુકાલીનું કનકાવલી તપ અને સિદ્ધિ—**

૨૭૦. તે કાળે તે સમયે ચંપા નામે નગરી હતી. પૂર્ણભદ્ર નામે ચૈત્ય હતું. કોણિક રાજા હતો.

ત્યાં શ્રેણિક રાજાની રાણી, કોણિક રાજાની લઘુ અપરમાતા, સુકાલી નામે રાણી હતી. કાલીની જેમ જ સુકાલી પણ દીક્ષિત થઈ–યાવત્–અનેક ઉપવાસ–યાવત્–તપોકર્મથી આત્માને ભાવિત કરતી વિચરવા લાગી.

ત્યાર પછી તે સુકાલી આર્યા કોઈ એક વાર જ્યાં ચંદના આર્યા હતી ત્યાં આવી, આવીને આ પ્રમાણે બોલી – 'હે આર્યે! આપ આજ્ઞા કરો તો હું કનકાવલી તપની આરાધના કરવા ઇચ્છું છું.'–યાવત્–નવ વર્ષનો શ્રામણ્ય–પર્યાય પાળી-યાવત્–સિદ્ધ થઈ—યાવત્–સર્વ દુઃખોનો અંત કર્યો.

૧. રત્નાવલી આદિ તપવિશેષ માટે જુઓ સ્કંધાન્તે પરિશિષ્ટ પૃ. ૭૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાકાલીનું લઘુ સિંહનિષ્ક્રીડિત તપ અને સિદ્ધિ—**

૨૭૧. તે જ રીતે મહાકાલી રાણીનું કથાનક-વિશેષમાં એટલું કે તે લઘુ સિંહનિષ્ક્રીડિત તપ કર્મ અંગીકાર કરી વિચરવા લાગી. બાકી પૂર્વવત્-યાવત્ સિદ્ધ થઈ-યાવત્-સર્વ દુઃખોનો અંત કર્યો.

**કૃષ્ણા દ્વારા મહા સિંહનિષ્ક્રીડિત તપ અને સિદ્ધિ—**

૨૭૨. તે જ રીતે કૃષ્ણા રાણીનું કથાનક વર્ણવવું. વિશેષમાં તે મહા સિંહનિષ્ક્રીડિત તપ કર્મ ગ્રહણ કરી વિચરવા લાગી શેષ વર્ણન પૂર્વવત્-યાવત્ સિદ્ધ થઈ-યાવત્-સર્વ દુઃખોનો અંત કર્યો.

**સુકૃષ્ણા દ્વારા ભિક્ષુપ્રતિમા ગ્રહણ અને સિદ્ધિ—**

૨૭૩. તે જ રીતે સુકૃષ્ણાનું પણ કથાનક સમજવું. વિશેષતા માત્ર એટલી કે તે સપ્તસપ્તમી ભિક્ષુ-પ્રતિમા ગ્રહણ કરી વિચરવા લાગી, એ જ રીતે દશમ-દશમી ભિક્ષુપ્રતિમાની એક સો રાત્રિ-દિવસમાં યાવત્ આરાધના કરી, આરાધના કરીને અનેક ચતુર્થ, ષષ્ઠ, દશમ, દ્વાદશ માસાર્ધ, માસના ઉપવાસની વિવિધ તપશ્ચર્યાઓપૂર્વક આત્માને ભાવિત કરતી વિચરવા લાગી.

૨૭૪. ત્યાર પછી તે સુકૃષ્ણા આર્યા તે ઉદાર-શ્રેષ્ઠ તપોકર્મ વડે-યાવત્-સિદ્ધ થઈ—યાવત સર્વ દુઃખોનો ક્ષય કર્યો.

**મહાકૃષ્ણા દ્વારા ક્ષુલ્લક સર્વતોભદ્ર પ્રતિમા-ગ્રહણ અને સિદ્ધિ—**

૨૭૫. એ જ પ્રમાણે મહાકૃષ્ણાના કથાનકમાં સમજવું. વિશેષતા એટલી કે તે ક્ષુલ્લક સર્વતોભદ્ર પ્રતિમાની આરાધના કરતી વિચરવા લાગી. શેષ વર્ણન પૂર્વવત્-યાવત્-સિદ્ધ થઈ-યાવત્-સર્વ દુઃખોનો ક્ષય કર્યો.

**વીરકૃષ્ણા વડે મહા સર્વતોભદ્ર પ્રતિમા-ગ્રહણ અને સિદ્ધિ—**

૨૭૬. એ જ રીતે વીરકૃષ્ણાના કથાનકનું વર્ણન. પરંતુ વિશેષતામાં એટલું કે તે મહા સર્વતોભદ્ર પ્રતિમાની આરાધના કરતી વિચરવા લાગી. શેષ વર્ણન પૂર્વવત્-યાવત્-સિદ્ધ થઈ-યાવત્-સર્વ દુઃખોનો અંત કર્યો.

**રામકૃષ્ણા દ્વારા ભદ્રોત્તર પ્રતિમા અને સિદ્ધિ—**

૨૭૭. તે જ રીતે રામકૃષ્ણાનું કથાનક. વિશેષ આટલું કે તે ભદ્રોત્તર પ્રતિમા ગ્રહણ કરી વિહરવા લાગી-યાવત્ સિદ્ધિ યાવત્-સર્વ દુઃખ ક્ષય.

**પિતૃસેન કૃષ્ણા દ્વારા મુક્તાવલી તપ અને સિદ્ધિ—**

૨૭૮. એ જ રીતે પિતૃસેન કૃષ્ણાનું અધ્યયન. પરંતુ વિશેષમાં તે મુક્તાવલી તપ અંગીકાર કરી વિચરવા લાગી. શેષ વર્ણન પૂર્વવત્-યાવત્-સિદ્ધ થઈ-યાવત્-સર્વ દુઃખોનો અંત કર્યો.

**મહાસેનકૃષ્ણા દ્વારા આયંબિલ વર્ધમાન તપ અને સિદ્ધિ—**

૨૭૯. એ જ રીતે મહાસેનકૃષ્ણાનું કથાનક સમજવું. પરંતુ વિશેષતા એ કે તે આયંબિલ વર્ધમાન તપની આરાધના કરતી વિચરવા લાગી.

ત્યારે તે મહાસેન કૃષ્ણા આર્યાએ ચૌદ વર્ષ, ત્રણ માસ અને વીસ અહોરાત્ર સૂત્રાનુસાર અર્થાત્ શાસ્ત્રીય વિધિ પ્રમાણે આયંબિલ વર્ધમાન તપની-યાવત્-આરાધના કરીને જ્યાં આર્યા ચંદના હતી ત્યાં આવી, આવીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી અનેકવિધ ચતુર્થ ષષ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશ, માસ, અર્ધમાસની તપશ્ચર્યાઓ દ્વારા આત્માને ભાવિત કરતી વિચરવા લાગી.

ત્યારે તે મહાસેનકૃષ્ણા આર્યા તે શ્રેષ્ઠ-યાવત્-તપ, તેજ અને તપતેજ શ્રીથી અતીવ અતીવ શોભતી વિચરવા લાગી.

ત્યાર બાદ કોઈ એક વખત મધ્યરાત્રિ સમયે તે મહાસેનકૃષ્ણા આર્યાને આવો મનોભાવ-યાવત્-સંકલ્પ થયો, જેવો સંકલ્પ ખંદકને થયેલ તેવો-યાવત્ આર્યા ચંદનાની આજ્ઞા માગી.

ત્યાર પછી તે મહાસેનકૃષ્ણા આર્યા ચંદના આર્યાની આજ્ઞા મળતાંવેંત સંલેખના દ્વારા આત્મસાધના કરતી, ભક્તપાનનું પ્રત્યાખ્યાન કરીને, કાળની આકાંક્ષા રાખ્યા વિના વિચરવા લાગી.

ત્યાર પછી તે મહાસેનકૃષ્ણા આર્યા-જેણે આર્યા ચંદના પાસે સામાયિક આદિ અગિયાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંગોનું અધ્યયન કર્યું હતું, પરિપૂર્ણ સત્તર વર્ષ સુધી ચારિત્ર્ય-પર્યાય પાળી, માસિક સંલેખના વડે આત્મશુદ્ધિ કરી, અનશન વડે સાઠ ભક્તપાનનો ત્યાગ કરી, જે હેતુ માટે નગ્નભાવ-સંયમ સ્વીકાર્યો હતો-યાવત્ તે હેતુની આરાધના કરી અંતિમ શ્વાસોચ્છ્‌વાસ સાથે જ સિદ્ધ થઈ-યાવત્-સર્વ દુઃખોનો અંત કર્યો.

**સંગ્રહણી ગાથા—**

૨૮૦. શ્રેણિક રાજાની રાણીઓમાંથી પ્રથમ અર્થાત્ કાલીને આઠ વર્ષનો દીક્ષાપર્યાય જાણવો અને બાકીની બધીનો એક એક વર્ષ વધારતાં જતાં અંતિમનો સત્તર વર્ષનો દીક્ષા-પર્યાય જાણવો.

☆

## ૧૦. મહાવીર-તીર્થમાં જયંતી-કથાનક

**કૌશામ્બી નગરીમાં ઉદયનાદિકનું ધર્મ-શ્રવણ—**

૨૮૧. તે કાળે તે સમયે કૌશામ્બી નામની નગરી હતી-વર્ણન. ચન્દ્રાવતરણ ચૈત્ય હતું-વર્ણન.

તે કૌશામ્બી નગરીમાં સહસ્રાનીક રાજાનો પૌત્ર, શતાનીક રાજાનો પુત્ર, ચેટક રાજાની પુત્રીનો પુત્ર, મૃગાવતી દેવીનો આત્મજ અને જયંતી શ્રમણોપાસિકાનો ભત્રીજો ઉદાયન નામે રાજા હતો-વર્ણન.

તે કૌશામ્બી નગરીમાં સહસ્રાનીક રાજાની પુત્રવધૂ, શતાનીક રાજાની પત્ની, ચેટક રાજાની પુત્રી, ઉદયન રાજાની માતા, જયંતી શ્રમણોપાસિકાની ભોજાઈ મૃગાવતી નામે દેવી રાણી હતી-વર્ણન. તે સુકુમાર હાથ-પગવાળી-યાવત્-સુરૂપ, શ્રમણોપાસિકા, જીવાજીવ આદિ તત્ત્વોની જ્ઞાતા હતી-યાવત્-વિધિપૂર્વક તપ-વિધાનને ગ્રહણ કરી આત્માને ભાવિત કરતી વિચરતી હતી.

તે કૌશામ્બી નગરીમાં સહસ્રાનીક રાજાની પુત્રી, શતાનીક રાજાની ભગિની, ઉદયન રાજાની ફોઈ, મૃગાવતી રાણીની નણંદ અને શ્રમણ ભગવાન મહાવીરના સાધુઓની પ્રથમ શય્યાતર (વસતિ આપનાર), જયંતી નામની શ્રમણોપાસિકા-શ્રાવિકા-હતી-જે સુકુમાર હાથપગવાળી-યાવત્-સુંદર રૂપવાળી અને જીવાજીવ આદિ તત્ત્વોને જાણનારી-યાવત્-વિધિપૂર્વક તપકર્મથી આત્માને ભાવિત કરતી વિચરતી હતી.

૨૮૨. તે કાળે તે સમયે ભગવાન મહાવીર સ્વામી સમવસર્યા-યાવત્-પરિષદ પર્યુપાસના કરવા લાગી.

ત્યારબાદ તે ઉદાયન રાજા આ વાત સાંભળી હૃષ્ટ તુષ્ટ થયો. અને કૌટુંબિક પુરુષોને બોલાવી આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! તમે શીઘ્ર જ કૌશામ્બીમાં બહારથી અને અંદરથી પાણીનો છંટકાવ કરો, લીંપાવો, સાફ-સ્વચ્છ કરો અને કરાવો અને કરીને અને કરાવીને પછી આજ્ઞા અનુસાર કાર્ય પૂર્ણ કર્યાની મને જાણ કરો.' ઇત્યાદિ સમગ્ર વર્ણન કોણિક રાજાના કથાનકની જેમ કરવું-યાવત્-તે પર્યુપાસના કરવા લાગ્યો.

૨૮૩. ત્યાર બાદ આ વૃત્તાન્ત સાંભળી તે જયન્તી શ્રમણોપાસિકા હૃષ્ટ-તુષ્ટ થતી જ્યાં મૃગાવતી રાણી હતી ત્યાં આવી, ત્યાં આવી મૃગાવતી દેવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયે ! તીર્થની આદિ કરવાવાળા-યાવત્-સર્વજ્ઞ, સર્વદર્શી શ્રમણ ભગવાન મહાવીર આકાશમાં રહેલ ચક્ર દ્વારા-યાવત્-સુખપૂર્વક વિહાર કરતા કરતા ચન્દ્રાવતરણ ચૈત્યમાં યથાયોગ્ય અવગ્રહને ધારણ કરીને અને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા છે. હે દેવાનુપ્રિયે ! આવા અર્હન્ત ભગવન્તનું નામ અને ગોત્રનું માત્ર શ્રવણ કરવું પણ મહાફળદાયી છે-યાવત્-આ ભવ અને પરભવમાં-હિતકારી, સુખકારી, શાંતિકારી, નિઃશ્રેયસ અને શુભ અનુબંધને માટે શ્રેયસ્કર થશે.'

ત્યારબાદ તે મૃગાવતી રાણીએ જયન્તી શ્રમણોપાસિકાનાં આ વચનો સાંભળી હૃષ્ટ-તુષ્ટ, આનંદિત ચિત્તવાળી, પ્રીતિમના, પરમ સૌમનસ, હર્ષાતિરેકથી વિકસિત હૃદયવાળી બની,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંને હાથો વડે મસ્તક સમીપે અંજલિ રચી, જયન્તી શ્રમણોપાસિકાના આ કથનનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

ત્યાર બાદ તે મૃગાવતી રાણીએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું —'હે દેવાનુપ્રિયો ! અતિશીઘ્ર તમે વેગવાન અશ્વોથી યુક્ત-યાવત્-ધાર્મિક શ્રેષ્ઠ યાનને જોડીને લાવો અને લાવીને મને જાણ કરો.'

ત્યાર બાદ કૌટુંબિક પુરુષો મૃગાવતી રાણીની આ આજ્ઞા સાંભળી ધાર્મિક શ્રેષ્ઠ યાન-રથ જોડીને લાવ્યા, લાવીને આજ્ઞા પાછી પહોંચાડી અર્થાત્ આજ્ઞા અનુસાર રથ લાવ્યાની જાણ કરી.

ત્યાર બાદ તે મૃગાવતી રાણીએ જયન્તી શ્રમણોપાસિકા સાથે સ્નાન કર્યું, બલિકર્મ કર્યું-પૂજા કરી યાવત્-અલ્પ પરંતુ મહા મૂલ્યવાન વસ્ત્રાભૂષણોથી શરીરને અલંકૃત કરી અનેક કુબ્જા દાસીઓ-યાવત્-ચેટિકાઓ, અંતઃપુર-રક્ષકો, વૃદ્ધ કંચુકીઓ, મહત્તરકોના સમૂહથી વીંટળાઈને તે અંતઃપુરથી બહાર નીકળી, નીકળીને જ્યાં બહારની ઉપસ્થાનશાલા હતી, જ્યાં ધાર્મિક શ્રેષ્ઠ રથ ઊભો હતો ત્યાં આવી, ત્યાં આવીને તે ધાર્મિક શ્રેષ્ઠ યાન-રથ ઉપર ચઢી.

ત્યારબાદ મૃગાવતી રાણી જયન્તી શ્રમણોપાસિકાની સાથે ધાર્મિક શ્રેષ્ઠ યાન પર આરુઢ પોતાના પરિવાર યુક્ત-યાવત્-ઋષભદત્ત બ્રાહ્મણની જેમ ધાર્મિક શ્રેષ્ઠ રથથી નીચે ઊતરી.

ત્યારબાદ જયન્તી શ્રમણોપાસિકાની સાથે તે મૃગાવતી રાણી ઘણી કુબ્જા વગેરે દાસીઓ સહિત દેવાનંદાની જેમ-યાવત્-વંદન નમસ્કાર કર્યાં, વંદન-નમસ્કાર કરીને ત્યાંજ ઊભી રહી, નમસ્કાર કરતી, સામે વિનયપૂર્વક અંજલિ રચી પર્યુપાસના કરવા લાગી.

૨૮૪. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે ઉદયન રાજાને, મૃગાવતી દેવીને, જયન્તી શ્રમણોપાસિકાને અને તે વિશાળ સભાને-યાવત્-ધર્મોપદેશ કર્યો-યાવત્-પરિષદ પાછી ફરી. ઉદયન રાજા અને મૃગાવતી પણ પાછા ગયા. [જયન્તીએ ભગવાનને જીવનું ગુરુત્વ-લઘુત્વ, પરિત્ત-સંસારિત્વ, દીર્ઘ-સંસારિત્વ, સુપ્ત-જાગૃત, બલિત્વ-દુર્બલત્વ આદિ અનેક પ્રશ્નો કર્યા, જેનું સમાધાન પ્રાપ્ત કરી તે પ્રતિબુદ્ધ થઈ.]

ત્યારબાદ તે જયન્તી શ્રમણોપાસિકા શ્રમણ ભગવાન મહાવીર પાસેથી આ વાત સાંભળી અને હૃદયમાં ધારણ કરી હર્ષિત અને સંતુષ્ટ થઈ. બાકીનું બધું વર્ણન દેવાનંદાની જેમ જાણવું. એ જ પ્રમાણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી-યાવત્-સર્વ દુઃખોથી મુક્ત થઈ.

'હે ભગવન્ ! તે એ જ પ્રમાણે છે. હે ભગવન્ ! તે એ જ પ્રમાણે છે.'

★

## પરિશિષ્ટ ૧ : તપોવિધિ

[કાલી આદિ શ્રમણીઓ દ્વારા આરાધિત રત્નાવલી આદિ તપશ્ચર્યાઓની આગમવિહિત વિધિ નીચે પ્રમાણે છે.]

**રત્નાવલી તપ—**

રત્નાવલી તપની વિધિ આ પ્રમાણે છે—

ગળામાં પહેરવાની ખાસ પ્રકારની માળાને રત્નાવલી કહે છે. આવી માળાના મણકાની ગોઠવણની જેમ જ જેની ગોઠવણ છે તેવા તપને રત્નાવલી નામ આપવામાં આવ્યું છે. આ માળા ઉપર બન્ને બાજુએ પાતળી હોય છે, થોડું આગળ વધતાં બન્ને તરફ ફૂલ હોય છે, નીચે મધ્ય ભાગે મોટા મોટા મણિઓવાળો પાનનો આકાર હોય છે. તેવી રીતે આ તપમાં—

સર્વ પ્રથમ એક ઉપવાસ, એક છઠ્ઠ અને એક અઠ્ઠમ કરીને પછી એક સાથે આઠ અઠ્ઠમ કરવાનાં હોય છે, તે પછી ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ વગેરે કરતાં સોળ ઉપવાસ સુધી ચઢવાનું. પછી એક સાથે ચોત્રીસ છઠ્ઠ કરવા જોઈએ.[1] ચોત્રીસ

૧. ચોત્રીસ છઠ્ઠ કરવાથી માળાનો મધ્ય ભાગ મોટો બની જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છઠ્ઠ પછી પાછા સોળ ઉપવાસ[2], પંદર ઉપવાસ એમ એક એક ઘટાડીને ઉપવાસ કરતાં કરતાં એક ઉપવાસ સુધી ઊતરવાનું. ત્યાર પછી એકી સાથે આઠ છઠ્ઠ અને અંતે એક અઠ્ઠમ, એક છઠ્ઠ અને એક ઉપવાસ કરી સાધક રત્નાવલી તપ પૂર્ણ કરે છે.

આ તપની ચાર પરિપાટી છે. પહેલી પરિપાટીમાં પારણાના દિવસે દૂધ, દહીં આદિ વિગઈઓનો ત્યાગ નથી કરવાનો હોતો, સાધક ઇચ્છાનુસાર તેમનો ઉપયોગ કરી શકે છે. બીજી પરિપાટીમાં એક પણ વિગઈ લેવામાં નથી આવતી. ત્રીજી પરિપાટીમાં નિર્લેપ (જેનો લેપ ન લાગે તેવો) આહાર લેવામાં આવે છે. ચોથી પરિપાટીમાં આયંબિલ[3] કરવામાં આવે છે. એની એક પરિપાટીમાં પંદર મહિના અને બાવીશ દિવસ એટલે કે કુલ ૪૭૨ દિવસ લાગે છે. તેમાં અઠ્યાસી પારણાં હોય છે, અને ૩૮૪ દિવસ તપના હોય છે. ચારે પરિપાટી ૫ વર્ષ, ૨ માસ અને ૨૮ દિવસમાં પૂર્ણ થાય છે.

**કનકાવલી તપ—**

આ તપની વિધિ આ પ્રમાણે છે—

આ તપ મોટા ભાગે રત્નાવલી તપ જેવું જ છે. રત્નાવલી તપમાં બન્ને ફૂલોની જગ્યાએ આઠ આઠ છઠ્ઠ અને મધ્યમાં પાનની જગ્યાએ ચોત્રીસ છઠ્ઠ કરવાના હોય છે, જ્યારે કનકાવલીમાં આઠ આઠ અને ચોત્રીસ અઠ્ઠમ કરવાના હોય છે. એની એક પરિપાટીમાં સત્તર મહિના અને બાર દિવસ લાગે છે. તેમાં અઠ્યાસી પારણા અને ૪૩૪ દિવસનું તપ હોય છે. ચારે પરિપાટીઓ પાંચ વર્ષ, નવ માસ અને અઢાર દિવસમાં પૂરી થાય છે. પારણાની વિધિ પૂર્વવત્ જ છે.

**મુક્તાવલી તપ—**

આ તપની વિધિ નીચે પ્રમાણે છે—

આ તપમાં એક ઉપવાસથી પંદર ઉપવાસ સુધીના ઉપવાસ કરવાના હોય છે. વચ્ચે વચ્ચે એક એક ઉપવાસ હોય છે તથા મધ્યમાં સોળ ઉપવાસ કરી ફરી ક્રમશઃ ઊતરતા જતાં એક ઉપવાસ સુધી પહોંચવાનું હોય છે. જેમ કે, એક ઉપવાસ, તેના પારણે છઠ્ઠ. છઠ્ઠના પારણે ઉપવાસ, પછી અઠ્ઠમ અને એક ઉપવાસ, એમ પંદર સુધી ચડી એક ઉપવાસ અને તેના પારણે સોળ ઉપવાસનો થોકડો કરવામાં આવે છે, પૂર્વવિધિ મુજબ ઘટાડતાં જવાનું હોય છે. આ તપની એક પરિપાટીમાં અગિયાર મહિના, પંદર દિવસ એટલે કુલ ૩૪૫ દિવસ લાગે છે. તેમાં ઓગણસાઠ પારણા અને ૨૮૬ દિવસની તપસ્યા હોય છે. ચારે પરિપાટીઓ પૂરી કરતાં ત્રણ વર્ષ, દસ માસ લાગે છે. પારણાની વિધિ પૂર્વવત્ સમજવાની છે.

**લઘુ સિંહનિષ્ક્રીડિત તપ—**

આ તપની વિધિ નીચે પ્રમાણે છે—

જેમ ક્રીડા કરતો સિંહ પોતે વટાવી ગયેલ સ્થાનને જોતો જોતો આગળ વધે છે, અર્થાત્ બે ડગલાં આગળ ચાલી એક ડગલું પાછળ રાખતો જાય છે, તેવી રીતે આ પ્રકારના તપમાં સાધક પૂર્વ પૂર્વ આચરિત તપનું ફરી ફરી સેવન કરતો કરતો આગળ વધે છે. આ તપમાં એકથી માંડી નવ સુધીના ઉપવાસ કરવાના હોય છે અને વચ્ચે આચરિત તપનું પુનઃ આરાધન કરી આગળ વધતા જવાનું હોય છે, અને એ જ રીતે આખી શ્રેણી પાછી ઊતરવાનું હોય છે. જેમ કે ઉપવાસના પારણે છઠ્ઠ, છઠ્ઠના પારણે ઉપવાસ, અને તેના પારણે અઠ્ઠમ, અઠ્ઠમના પારણે પાછો છઠ્ઠ—આ રીતે નવ ઉપવાસ સુધી ચડી પાછું ઊતરવાનું. આ તપની પરિપાટીમાં છ મહિના સાત દિવસ અર્થાત્ ૧૮૭ દિવસ લાગે છે. આમાં ૩૩ પારણા અને ૧૫૪ દિવસની તપસ્યા હોય છે. ચારે પરિપાટીઓ પૂરી કરતાં બે વર્ષ અને અઠ્ઠાવીશ દિવસ લાગે છે. પારણાની વિધિ પૂર્વવત્ છે.

---

૨. સોળનો સમૂહ—એક સાથે સોળ.

૩. કોઈ એક પ્રકારનું ભૂંજેલું ધાન પાણી સાથે ખાવું તે આયંબિલ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહા સિંહનિષ્ક્રીડિત તપ—**

આ તપની વિધિ આ પ્રમાણે છે–

આ તપ લઘુ સિંહનિષ્ક્રીડિત તપની જેવું જ છે. લઘુ સિંહનિષ્ક્રીડિતમાં નવ ઉપવાસ સુધી ચઢવાનું હોય છે, જ્યારે આમાં સોળ ઉપવાસ સુધી ચઢવાનું હોય છે. બાકીની વિધિ અને સાધનાક્રમ પૂર્વવત્ છે. આની એક પરિપાટીમાં અઢાર મહિના અને અઢાર દિવસ–કુલ ૫૫૮ દિવસ લાગે છે. આમાં ૬૧ પારણાં હોય છે, ૪૯૭ દિવસની તપસ્યા હોય છે. ચારે પરિપાટીઓ પૂરી કરતાં છ વર્ષ, બે માસ અને બાર દિવસ લાગે છે.

**લઘુ સર્વતોભદ્ર પ્રતિમા તપ—**

આમાં પાંચ પાંચ પદોની પાંચ પંક્તિઓ બને છે, એટલે કે પચ્ચીસ ખાનાવાળા યંત્રની સ્થાપના કરવાની હોય છે. આની એક પરિપાટીમાં એક સો દિવસ લાગે છે. પચ્ચીસ પારણા અને પંચોતેર દિવસની તપસ્યા હોય છે. ચારે પરિપાટીઓ પૂર્ણ કરતાં ચારસો દિવસ અર્થાત્ તેર મહિના અને દસ દિવસ લાગે છે.

**મહા સર્વતોભદ્ર પ્રતિમા તપ—**

આ તપની વિધિ આ પ્રમાણે છે—

આમાં એક પરિપાટીમાં આઠ મહિના પાંચ દિવસ લાગે છે. ૧૯૬ દિવસ તપસ્યાના અને ૪૯ દિવસ પારણાના હોય છે. ચાર પરિપાટીઓમાં બે વર્ષ, આઠ માસ અને વીસ દિવસ લાગે છે. આમાં સાત સાત પદોની સાત પંક્તિઓ બને છે અર્થાત્ ૪૯ ખાનાનું યંત્ર બને છે.

**ભદ્રોત્તર પ્રતિમા તપ—**

આની વિધિ આ પ્રમાણે છે—

આની સ્થાપના પણ ૨૫ ખાનામાં થાય છે. આ તપ પાંચ ઉપવાસથી શરૂ થાય છે અને સાત ઉપવાસથી પૂર્ણ થાય છે. આની એક પરિપાટીમાં છ માસ, વીશ દિવસ–કુલ બસો દિવસ લાગે છે. આમાં પચ્ચીસ પારણાં હોય છે અને ૧૭૫ દિવસની તપસ્યા હોય છે.

**આયંબિલ વર્ધમાન તપ—**

આની વિધિ નીચે પ્રમાણે છે—

આ તપમાં ક્રમશઃ આયંબિલ વધારવામાં આવે છે, જેમ કે–એક આયંબિલ કરી પછી ઉપવાસ, પછી બે આયંબિલ, ફરી એક ઉપવાસ. આ રીતે વચ્ચે વચ્ચે ઉપવાસ કરતાં કરતાં સો આયંબિલ સુધી ચડવાનું હોય છે. આ તપમાં એક સો ઉપવાસ અને ૫૦૫૦ આયંબિલ હોય છે. ચૌદ વર્ષ, ત્રણ માસ અને વીશ દિવસમાં આ તપ પૂર્ણ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધર્મકથાનુયોગ

(ભાષાન્તર)

ચતુર્થ સ્કન્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધર્મકથાનુયોગ

## ચતુર્થ સ્કંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચતુર્થ સ્કંધ

## શ્રમણોપાસક કથાનકો

**અધ્યયન**

૧. પાર્શ્વતીર્થમાં સોમિલ બ્રાહ્મણ કથાનક
૨. પાર્શ્વતીર્થમાં પ્રદેશી કથાનક
૩. મહાવીર તીર્થમાં તુંગિયાનગરી નિવાસી શ્રમણોપાસક
૪. મહાવીર તીર્થમાં નંદન મણિયાર કથાનક
૫. મહાવીર તીર્થમાં આનંદ ગાથાપતિ કથાનક
૬. મહાવીર તીર્થમાં કામદેવ ગાથાપતિ કથાનક
૭. મહાવીર તીર્થમાં ચુલનીપિતા ગાથાપતિ કથાનક
૮. મહાવીર તીર્થમાં સુરાદેવ ગાથાપતિ કથાનક
૯. મહાવીર તીર્થમાં ચુલ્લશતક ગાથાપતિ કથાનક
૧૦. મહાવીર તીર્થમાં કુંડકોલિક ગાથાપતિ કથાનક
૧૧. મહાવીર તીર્થમાં સદ્દાલપુત્ર કુંભકાર કથાનક
૧૨. મહાવીર તીર્થમાં મહાશતક ગાથાપતિ કથાનક
૧૩. મહાવીર તીર્થમાં નંદિનીપિતા ગાથાપતિ કથાનક
૧૪. મહાવીર તીર્થમાં લેતિકાપિતા ગાથાપતિ કથાનક
૧૫. મહાવીર તીર્થમાં ઋષિભદ્રપુત્રાદિ શ્રમણોપાસક
૧૬. મહાવીર તીર્થમાં શંખ અને પુષ્કલિ શ્રમણોપાસકો
૧૭. મહાવીર તીર્થમાં નાગપૌત્ર વરુણ શ્રમણોપાસક
૧૮. મહાવીર તીર્થમાં સોમિલ બ્રાહ્મણ શ્રમણોપાસક
૧૯. મહાવીર તીર્થમાં ભગવાન મહાવીરના શ્રમણોપાસકોની દેવલોકસ્થિતિનું પ્રરૂપણ
૨૦. મહાવીર તીર્થમાં કોણિકનું મહાવીર–સમવરણમાં જવું અને ધર્મ-શ્રવણ–પ્રસંગ
૨૧. મહાવીર તીર્થમાં અંબડ પરિવ્રાજક કથાનક
૨૨. મહાવીર તીર્થમાં ઉદાયી અને ભૂતાનંદ હસ્તીરાજ
૨૩. મહાવીર તીર્થમાં મધુક શ્રમણોપાસક કથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧. પાર્શ્વતીર્થમાં સોમિલ બ્રાહ્મણ કથાનક

**શુક્ર મહાગ્રહદેવ દ્વારા મહાવીર-સમવસરણમાં નૃત્યવિધિ—**

૧. રાજગૃહ નગર હતું. ગુણશિલક ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતો. ભગવાન મહાવીર સ્વામી સમોસર્યા. પરિષદા ધર્મશ્રવણાર્થે નીકળી.

તે કાળે તે સમયે શુક્રાવતંસક વિમાનમાં શુક્ર નામે સિંહાસન પર શુક્ર મહાગ્રહ ચાર હજાર સામાનિક દેવોથી પરિવૃત્ત એવો વિરાજી રહ્યો હતો. ચન્દ્ર ગ્રહ દેવની જેમ જ તે શુક્ર દેવ પણ ભગવાન મહાવીર સમીપે આવ્યો અને નાટ્યવિધિ દર્શાવી પાછો ચાલ્યો ગયો.

'હે ભદંત !' એમ ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને સંબોધી શુક્ર મહાગ્રહની ઋદ્ધિ વિશે પ્રશ્ન કર્યો, ભગવાન મહાવીર સ્વામીએ કૂટાકાર શાળાના દૃષ્ટાંતદ્વારા સમાધાન કર્યું. ફરી ગૌતમ સ્વામીએ તે શુક્ર ગ્રહના પૂર્વ ભવ વિશે પૃચ્છા કરી. ઉત્તરમાં ભગવાન મહાવીરે કહ્યું—'હે ગૌતમ ! —

**શુક્ર દેવના પૂર્વ ભવ વર્ણનમાં સોમિલ બ્રાહ્મણનું કથાનક—**

૨. તે કાળે તે સમયે વારાણસી નામે નગરી હતી. તે નગરીમાં સોમિલ નામે બ્રાહ્મણ રહેતો હતો, તે ધનાઢ્ય–યાવત્ કોઈથીય ગાંજ્યો ન જાય તેવો હતો, વળી ઋગ્વેદ–યાવત્–અથર્વવેદાદિમાં નિપુણ હતો. તે નગરીમાં ભગવાન પાર્શ્વ અર્હત્ પધાર્યા. પરિષદા એકત્ર થઈ–યાવત્–ઉપાસના કરવા લાગી.

**પાર્શ્વનાથ-સમીપે સોમિલ દ્વારા શ્રાવકધર્મ-ગ્રહણ—**

૩. ત્યારે તે સોમિલ બ્રાહ્મણને આ સમાચાર સાંભળી આવો, આવા પ્રકારનો મનોભાવ–યાવત્–સંકલ્પ થયો—'ભગવાન પુરુષાદાનીય પાર્શ્વનાથ ક્રમાનુક્રમથી વિહાર કરતા કરતા–યાવત્–આમ્રશાલવનમાં આવી રહ્યા છે. તો હું અર્હત્ ભગવાન પાર્શ્વ પાસે જાઉં અને આવા પ્રકારના અર્થો અને હેતુઓ પૂછું' ઇત્યાદિ જે ભગવતીસૂત્રમાં વર્ણન છે તે અહીં બધું સમજી લેવું. પછી તે સોમિલ બ્રાહ્મણ શિષ્યો વિના જ નીકળ્યો અને–યાવત્–આવો પ્રશ્ન પૂછ્યો—'હે ભદંત ! આપના ઉપદેશમાં યાત્રા છે ? યાપનીય છે ?' વળી सरिसवय, मास, कुलत्थ આદિ દ્વિઅર્થી શબ્દો વિશે પ્રશ્નો તથા 'આપ એક છો ?' વગેરે કૂટ પ્રશ્નો પૂછ્યા–યાવત્–બોધ મેળવીને શ્રાવક ધર્મ સ્વીકારીને પાછો ફર્યો.

**સોમિલનું મિથ્યાત્વ—**

૪. ત્યાર પછી કોઈ સમયે અર્હત્ પાર્શ્વ ભગવાન વારાણસી નગરીના આમ્રશાલવનમાંથી નીકળ્યા, નીકળીને બાહ્ય જનપદમાં વિહાર કરવા લાગ્યા.

ત્યાર પછી કોઈ વાર તે સોમિલ બ્રાહ્મણ અસાધુઓનો સંસર્ગ થતાં અને સાધુઓની સેવા છોડી દેતાં તથા મિથ્યાત્વપર્યાયોની વૃદ્ધિ થતાં અને સમ્યક્ત્વપર્યાયો હીન થતાં જતાં મિથ્યાત્વી બની ગયો.

**સોમિલ દ્વારા આમ્રારામનું નિર્માણ—**

૫. ત્યાર પછી તે સોમિલ બ્રાહ્મણને કોઈવાર મધ્યરાત્રિએ કુટુંબ ચિંતામાં જાગરણ કરતાં કરતાં આવો મનોવિકલ્પ–યાવત્–સંકલ્પ થયો—'ખરે જ હું વારાણસી નગરીનો નિવાસી સોમિલ નામનો બ્રાહ્મણ અત્યંત ઊંચા બ્રાહ્મણકુળમાં જન્મ્યો છું. વળી મેં વ્રતો પાળ્યાં, વેદાધ્યયન કર્યું, વિવાહ કરી પત્ની લાવ્યો, પુત્રોને જન્મ આપ્યો, સમૃદ્ધિ એકઠી કરી, પશુવાડા કર્યા, યજ્ઞો કર્યા, દક્ષિણાઓ આપી, અતિથી પૂજ્યા, અગ્નિહોમ કર્યા, સ્તૂપો–યજ્ઞસ્તંભો રોપ્યા. તો હવે મારે માટે એ શ્રેયસ્કર છે કે કાલ–યાવત્–સૂર્યોદય થતાં વારાણસી નગરીની બહાર અનેક આંબાવાડીઓ કરાવું, અનેક માતુલિંગ–બિજોરા, બીલ્વ, કોઠા, આમલી અને ફૂલઝાડોની વાડીઓ બનાવું.'—તેણે આવો વિચાર કર્યો, વિચાર કરીને બીજા દિવસે–યાવત્–સૂર્ય પ્રકાશિત થતાં વારાણસી નગરીની બહાર આંબાવાડીઓ–યાવત્–ફૂલોની વાડીઓ બનાવી. ત્યાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી તે અનેક આંબાવાડીઓ–યાવત્–ફૂલોની વાડીઓ યથા યોગ્ય રીતે ઊછેરવાથી, રક્ષણ કરવાથી ફળીફૂલીને મોટા ઉદ્યાન બની ગયા, શ્યામ અને શ્યામકાંતિવાળા–યાવત્–મહા મેઘસમૂહ જેવા પત્રિત, પુષ્પિત, ફલિત થઈ હરિયાળા અને રમ્ય બની અતીવ અતીવ શોભવા લાગ્યા.

**વિવિધ પ્રકારના તાપસોનું વર્ણન અને સોમિલનું દિશાપ્રોક્ષક તાપસપણું—**

૬. ત્યાર પછી કોઈ વાર મધ્યરાત્રિ સમયે કુટુંબ-ચિંતામાં જાગરણ કરતાં તે સોમિલ બ્રાહ્મણને આવો મનોભાવ–યાવત્–સંકલ્પ થયો કે, 'હું સોમિલ નામે બ્રાહ્મણ વારાણસીમાં અત્યંત ઊંચા બ્રાહ્મણ કુળમાં જન્મ્યો છું. મેં વ્રતો કર્યાં–યાવત્–યશસ્તંભો રોપાવ્યા. ત્યાર પછી મેં વારાણસી નગરીની બહાર અનેક આંબાવાડીઓ–યાવત્–ફૂલવાડીઓ બનાવી. તો હવે મારા માટે એ શ્રેયસ્કર છે કે કાલે–યાવત્–સૂર્ય-પ્રકાશ ફેલાતાં અનેક લોઢાની કડાઈઓ, કડછા, તાંબાનાં તાપસ-પાત્રો ઘડાવીને, વિપુલ અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય પદાર્થો તૈયાર કરાવી, મિત્રો-જ્ઞાતિજનો વગેરેને આમંત્રણ આપીને તે મિત્રો-જ્ઞાતિજનો–પોતાનાં સ્વજનો વગેરેનું વિપુલ અશન–યાવત્–સન્માન કરીને, તે બધા મિત્રો––યાવત્–કુટુંબનો ભાર મોટા પુત્રને સોંપીને, મિત્રો–જ્ઞાતિજનો યાવત્–અનુમતિ લઈને, ઘણી લોઢાની કડાઈઓ, કડછા અને તાંબાના તાપસો માટેનાં પાત્રો લઈને, ગંગાતટે જે વાનપ્રસ્થ તાપસો, જેવા કે–હોત્રી, પોત્રિક અર્થાત્ વસ્ત્રધારી, કૌત્રિક અર્થાત્ ભૂમિ-શયન કરનારા, યજ્ઞયાજી અર્થાત્ યજ્ઞ કરનારા, શ્રાદ્ધકી–શ્રાદ્ધ કરનારા, સ્થાલકી–થાળીઆદિ પાત્રવાળા, હુંબઉટ્ઠા તાપસો, દન્તોક્ષાલિક–માત્ર દાંતથી ચાવીને ખાનારા, ઉન્મજ્જક તાપસો, સંમજ્જક તાપસો, નિમ્મજ્જક તાપસો, સંપ્રક્ષાલિક– દક્ષિણ તટવાસી, ઉત્તર તટવાસી શંખધ્મા–શંખ ફૂંકનારા, કુલધમા, મૃગલુબ્ધક, હસ્તીતાપસ–એક જ હાથીને મારી તેના માંસથી વર્ષ ભર પેટ ભરનારા, ઉદ્દંડ–દંડ ઊંચો રાખનારા, દિશા પ્રોક્ષકો–દિશાની પૂજા કરનારા, વલ્કલ–વસ્ત્રો પહેરનારા, બિલવાસીઓ–દર જેવા આવાસ કરી તેમાં રહેનારા, જલવાસી–જળમાં જ રહેનારા, વૃક્ષમૂલક–વૃક્ષનીચે જ રહેનારા, જળભક્ષકો–પાણી ઉપર જ જીવનારા, વાયુ ભક્ષકો–હવા ખાઈને જ રહેનારા, શેવાલભક્ષકો–શેવાળ ખાઈને જ રહેનારા, મૂલભક્ષકો-મૂળ ખાઈને જ રહેનારા, કંદાહારી-કંદનો જ આહાર કરનારા, ત્વચાહારી–છાલનો જ આહાર કરનારા, પત્રાહારી–પાંદડાં ખાઈને જ રહેનારા પુષ્પા-હારી–ફૂલો ખાઈને જીવનારા, ફલાહારી–ફળનો જ આહાર કરનારા, બીજાહારી–બીજનો આહાર કરનારા, પરિશટિત–કંદ–મૂલ–ત્વચા–પત્ર-પુષ્પ-ફલાહારીઓ અર્થાત્ સડેલાં કંદ, મૂળ, છાલ, પાંદડાં, ફૂલ અને ફળ જ ખાનારાં, જળાભિષેકથી કઠણ ગાત્રોવાળા બની ગયેલા, સૂર્યની આતાપના લેવાથી અને પંચાગ્નિ તપ કરવાથી પોતાના શરીરને અંગારા પર પકાવાતા માંસની જેવું કે ચોખા વગેરે જેમાં પકાવવામાં આવે છે તેવા કંદુ નામક પાત્રમાં પકાવાતાં માંસની જેવું બનાવી કષ્ટ આપનાર–આવા અનેક પ્રકારના તાપસો વસી રહ્યા છે.

તેમાંથી જે દિશાપ્રોક્ષક તાપસો છે તેમની સમીપે જઈ હું દિશાપ્રોક્ષક તાપસ તરીકે પ્રવ્રજિત થાઉં, પ્રવ્રજિત થઈને પણ આવા પ્રકારનો અભિગ્રહ–પ્રતિજ્ઞા ગ્રહણ કરું કે 'આજીવન નિરંતર છઠ્ઠના તપ સાથે દિશાચક્રવાલ તપ કરતો હું બે હાથ ઊંચા રાખી સૂર્યની સામે રહી આતાપનાભૂમિ પર આતાપના લઈને વિચરીશ.' તેણે આવોવિચાર કર્યો, વિચાર કરીને બીજા દિવસે સવારે યાવત્–સૂર્ય-પ્રકાશ થતાં અનેક લોઢાની કડાઈઓ–યાવત્–દિશાપ્રોક્ષક તાપસ તરીકે દીક્ષા લીધી. દીક્ષા લઈને એવા પ્રકારનો અભિગ્રહ–યાવત્–ગ્રહણ કરીને પ્રથમ છઠ્ઠની તપશ્ચર્યા સ્વીકારીને વિચરવા લાગ્યો.

**દિશાપ્રોક્ષક તાપસચર્યા—**

૭. ત્યાર પછી તે સોમિલ બ્રહ્મર્ષિ પ્રથમ છઠ્ઠખમણના પારણાના દિવસે આતાપના ભૂમિ પરથી નીચે ઊતર્યો, ઊતરીને વલ્કલવસ્ત્રધારી તે જ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાની પર્ણકુટિ હતી ત્યાં આવ્યો, આવીને પોતાના કઠિન (ટોપલા જેવું પાત્ર) અને કાવડ લીધાં, લઈને પૂર્વ દિશામાં જળસિંચન કરી આમ કહ્યું—'હે પૂર્વ દિશાના અધિપતિ સોમ મહારાજ ! પ્રસ્થાન માર્ગ અર્થાત્ પરલોકની સાધનાના માર્ગ પર પ્રસ્થિત–ઉદ્યત એવા મને સોમિલ બ્રાહ્મણ ઋષિને રક્ષણ આપો, રક્ષણ આપો, અને તે દિશામાં રહેલાં કંદ, મૂળ, છાલ, પાંદડાં, ફળો, બીજો, ભાજી આદિ લેવાની મને આજ્ઞા આપો.' આમ કહી પછી પૂર્વ દિશામાં ગયો, જઈને ત્યાં રહેલા કંદ–યાવત્–લીલી ભાજી વગેરે લીધી, લઈને કઠિનમાં ભર્યું, ભરીને દર્ભ, કુશ, વૃક્ષની કુંપળો, અને સમિધકાષ્ઠ પણ લીધાં, લઈને જ્યાં પોતાની કુટિ હતી ત્યાં આવ્યો. આવીને કઠિનવાળી કાવડ નીચે ઉતારી, ઉતારીને વેદી બનાવવાની જગ્યા તપાસી, જગ્યા તપાસીને ત્યાં જમીન વાળી–લીંપી, વાળી–લીંપીને દર્ભ અને કળશ લઈને જ્યાં ગંગા મહા નદી હતી ત્યાં ગયો, ત્યાં જઈને ગંગા મહાનદીમાં ઊતર્યો, ઊતરીને પાણીમાં ડૂબકી મારી, પછી જળક્રીડા કરી, કરીને પછી જળાભિષેક કર્યો, અભિષેક કરી અત્યંત સ્વચ્છ, પરમશુચિભૂત બનીને દેવ–પિતૃ–કૃત્ય માટે દર્ભ અને કળશ હાથમાં લઈ ગંગા મહાનદીમાંથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં પોતાની પર્ણકુટિ હતી ત્યાં આવ્યો, આવીને દર્ભ, કુશ અને વાલુકા–રેતીમાંથી વેદી બનાવી, વેદી બનાવીને શરક (અગ્નિ સળગાવવા માટે ચકમક જેવું સાધન) તૈયાર કર્યું, શરક બનાવી અરણીનું કાષ્ઠ લીધું, અરણીનું કાષ્ઠ લઈ શરક દ્વારા તેનું મથન કર્યું—અરણી અને શરકને ઘસ્યાં, મથન કરી ચિનગારી પેટાવી, ચિનગારી પેટાવીને અગ્નિ પેટાવ્યો, અગ્નિ પ્રજ્વલિત કરી તેમાં સમિધ કાષ્ઠ નાખ્યાં, કાષ્ઠ નાખી અગ્નિને સંકોર્યો, પછી અગ્નિની જમણી બાજુએ રહી સાત અંગો–વસ્તુઓની સ્થાપના કરી, જેમ કે—

સકથ (તાપસોનું ઉપકરણ વિશેષ), વલ્કલ, સ્થાન, શય્યાભાંડ, કમંડલુ, લાકડાનો દંડ અને પોતાની જાતને સ્થાપિત કરી.

ત્યાર બાદ મધ, ઘી અને તંદુલ (ચોખા)થી હવન કર્યો, હવન કરી ચરુ પકાવ્યો–ઘીથી ભીંજેલા ચોખાને પકાવ્યા, પકાવીને બલિ વૈશ્વદેવ (નિત્ય યજ્ઞ) કર્યો, કરીને અતિથિપૂજા કરી, ત્યાર પછી પોતે ભોજન કર્યું.

ત્યાર પછી તે સોમિલ બ્રાહ્મણ ઋષિએ બીજા ષષ્ઠક્ષમણની તપશ્ચર્યા સ્વીકારી. ત્યારે બીજા ષષ્ઠક્ષમણના પારણા વખતે પણ સોમિલ બ્રાહ્મણ ઋષિએ પૂર્વોક્ત પ્રકારની બધી વિધિ કરી–યાવત્–ભોજન કર્યું. અહીં વિશેષમાં એટલું કે 'હે દક્ષિણ દિશાના અધિપતિ યમ મહારાજ ! પ્રસ્થાન માર્ગમાં ઉદ્યત એવા મારી સોમિલ બ્રાહ્મણ ઋષિની રક્ષા કરજો. અને દક્ષિણ દિશામાં જે કંદ આદિ–યાવત્–ફૂલ છે તે લેવાની અનુમતિ આપજો.' આવું કહી તે દક્ષિણ દિશામાં ગયો.

એ જ રીતે પશ્ચિમ દિશાના વરુણ મહારાજની પ્રાર્થના કરી–યાવત્–પશ્ચિમ દિશામાં ગયો.

એ જ રીતે ઉત્તર દિશાના અધિપતિ વૈશ્રમણની પ્રાર્થના કરી–યાવત્–તે ઉત્તર દિશામાં ગયો.

આમ પૂર્વ આદિ ચાર દિશાઓની જેમ જ ચારે વિદિશા(ખૂણાઓ)નું પણ જાણવું–યાવત–તે પછી તે આહાર કરતો.

**સોમિલનું કાષ્ઠમુદ્રા દ્વારા મુખબંધન કરી મહાપ્રસ્થાન—**

૮. ત્યાર પછી કોઈ એક વાર તે સોમિલ બ્રહ્મર્ષિને અનિત્ય જાગરણ કરતાં મધ્યરાત્રિ-સમયે આવા પ્રકારનો આંતરિક ભાવ–યાવત્ સંકલ્પ થયો કે, 'વારાણસી નગરીનો હું સોમિલ નામે બ્રાહ્મણ અત્યંત કુલીન બ્રાહ્મણકુળમાં જન્મ્યો, મેં અનેક વ્રતો આદિની આરાધના કરી–યાવત્–યજ્ઞ સ્તંભ રોપાવ્યો, પછી મેં વારાણસી નગરીની બહાર–યાવત્–ફૂલવાડીઓ કરાવી, ત્યાર પછી મેં અનેક લોઢાની કડાઈઓ–યાવત્–ઘડાવીને યાવત્–જયેષ્ઠ પુત્રને કારભાર સોંપી યાવત્ જયેષ્ઠ પુત્રની અનુમતિ લઈને, અનેક લોઢાની કડાઈઓ–યાવત્–લઈને મુંડિત–યાવત્–પ્રવ્રજ્યા સ્વીકારી. પ્રવ્રજ્યા લઈને પણ છટ્ઠ–છટ્ઠનું તપ કરતો–યાવત્–વિચરું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છું. હવે મારા માટે એ શ્રેયસ્કર છે કે કાલ–યાવત્–સૂર્યોદય થતાં, અનેક દિશાભ્રષ્ટ પૂર્વના સોબતી તથા દીક્ષાના સાથીદાર પરિચિત તાપસો વગેરેની અનુમતિ લઈ, આશ્રમના આશ્રયે રહેનાર બીજા પણ સેંકડો મનુષ્યો–પ્રાણીઓને રાજી કરી, વલ્કલ વસ્ત્રો પહેરી, કાવડમાં પાત્રો-ઉપકરણો લઈને, કાષ્ઠમુદ્રાથી મુખબંધન કરીને, ઉત્તરાભિમુખ બની ઉત્તર દિશામાં મહાપ્રસ્થાન (દેહત્યાગ) માટે નીકળું.'—તેણે આમ વિચાર્યું, વિચારીને સવારે–યાવત્–સૂર્યોદય થતાં તેણે પોતાના પૂર્વ પરિચિત દષ્ટિભ્રષ્ટ તાપસો આદિની અનુમતિ લીધી, તે બધું પૂર્વ વર્ણન–યાવત્–કાષ્ઠમુદ્રાથી મુખબંધન કર્યું. મુખબંધન કરીને તેણે આવા પ્રકારનો અભિગ્રહ લીધો—'હું જળમાં કે સ્થળમાં, દુર્ગમ સ્થાનમાં કે ઊંચા સ્થાને પર્વતાદિ પર, નીચા સ્થાને કે વિષમ સ્થાનમાં, ખાડામાં કે ગુફામાં સ્ખલિત થાઉં, પડી જાઉં તોપણ ત્યાંથી ઊઠવું મારે હવે કલ્પે નહીં'–અર્થાત્ હું તે જ અવસ્થામાં મરણ ભલે પામું પણ શરીરને સાચવીશ નહીં.' આમ આવો અભિગ્રહ તેણે લીધો.

ત્યાર પછી ઉત્તર દિશા તરફ મુખ રાખી, ઉત્તર દિશામાં મહાપ્રસ્થાન માટે ઉદ્યત તે સોમિલ બ્રાહ્મણ ઋષિ અપરાહ્નકાળે (બપોરે ત્રીજા પહોરે) જ્યાં ઉત્તમ અશોક વૃક્ષ હતું ત્યાં આવી પહોંચ્યો, ત્યાં આવી ઉત્તમ અશોક વૃક્ષ નીચે પોતાની કાવડ ઉતારી, કાવડ ઉતારીને વેદી માટે સ્થાન નક્કી કર્યું, વેદીનું સ્થાન નક્કી કરી ત્યાં વાળ્યું–ચોળ્યું અને લીંપણ કર્યું, એમ કરીને કળશ અને દર્ભ હાથમાં લઈ જ્યાં ગંગા મહાનદી હતી ત્યાં આવ્યો, અને શિવ રાજર્ષિના કથાનક પ્રમાણે બધી વિધિ કરી–યાવત્–ગંગા મહાનદીમાંથી બહાર નીકળ્યો. પછી તે જ્યાં અશોકનું ઉત્તમ વૃક્ષ હતું ત્યાં પાછો આવ્યો, આવીને દર્ભ, કુશ અને માટીથી યજ્ઞવેદીની રચના કરી, વેદીની રચના કરીને–યાવત્–બલિવૈશ્વદેવ (નિત્યપૂજા) કરી, બલિકર્મ કરી કાષ્ઠમુદ્રાથી મુખબંધન કર્યું અને મુખબંધન કરી મૌન ધારણ કર્યું.

**'તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે' એવું દેવે કહ્યાં છતાં સોમિલને બોધ ન થવો—**

૯. ત્યાર પછી તે સોમિલ બ્રાહ્મણ ઋષિ સમક્ષ મધ્યરાત્રિ સમયે એક દેવ પ્રગટ થયો. તે દેવે સોમિલ બ્રાહ્મણને આ પ્રમાણે કહ્યું– 'હે સોમિલ બ્રાહ્મણ! તું પ્રવ્રજિત થયો છે, પણ તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે!'

દેવે બીજી વાર અને ત્રીજી વાર પણ એ જ વાત કહી, પરંતુ તે સોમિલ બ્રાહ્મણે તેની વાત સાંભળી નહીં, તે તરફ ધ્યાન આપ્યું નહીં–યાવત્–તે મૌન રહ્યો. ત્યારે તે દેવ જ્યાંથી આવ્યો હતો ત્યાં પાછો ચાલ્યો ગયો.

ત્યાર પછી તે સોમિલે સવારે–યાવત્–સૂર્યપ્રકાશ થતાં જ, વલ્કલવસ્ત્રો પહેરી, કાવડ ઉપાડી, પોતાના અગ્નિહોત્રનાં પાત્ર-ઉપકરણો સાથે લઈ, કાષ્ઠમુદ્રા વડે મુખ બાંધી ઉત્તર દિશા તરફ પ્રસ્થાન કર્યું.

ત્યાર પછી બીજા દિવસે અપરાહ્નકાળે તે સોમિલ જ્યાં સપ્તપર્ણ વૃક્ષ હતું ત્યાં આવ્યો, સપ્તપર્ણ વૃક્ષ નીચે પોતાની કાવડ રાખી, વેદીને યોગ્ય સ્થાન જોયું, સ્થાન જોઈને જેવી રીતે અશોક વૃક્ષ નીચે વિધિ કરેલ તે બધું કરીને–યાવત્ અગ્નિહોમ કર્યો, પછી કાષ્ઠમુદ્રાથી મોં બાંધી મૌન સ્વીકાર્યું.

તે પછી તે સોમિલ બ્રાહ્મણ સમક્ષ ફરી મધ્યરાત્રિએ એક દેવ પ્રગટ થયો, અંતરિક્ષમાં રહી તે દેવે પૂર્વે આવેલા દેવે અશોક વૃક્ષ નીચે જે કહ્યું હતું તે કહ્યું–યાવત્–પાછો ચાલ્યો ગયો.

ત્યાર બાદ સવારે–યાવત્–સૂર્ય પ્રકાશિત થતાં તે સોમિલ બ્રાહ્મણે વલ્કલ વસ્ત્રો પહેરીને કાવડ લીધી, કાવડ લઈને કાષ્ઠમુદ્રાથી મુખ બાંધ્યું, મુખ બાંધીને ઉત્તર દિશામાં ઉત્તરાભિમુખ થઈને પ્રસ્થાન કર્યું.

ત્યાર પછી ત્રીજા દિવસે અપરાહ્નકાળે જ્યાં શ્રેષ્ઠ અશોક વૃક્ષ હતું ત્યાં તે સોમિલ બ્રાહ્મણ આવ્યો, આવીને તે અશોકવૃક્ષ નીચે કાવડ મૂકી, કાવડ મૂકી વેદીને યોગ્ય સ્થાન નિર્ધાર્યું–યાવત્–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગંગા મહાનદીમાંથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં શ્રેષ્ઠ અશોક વૃક્ષ હતું ત્યાં આવ્યો, ત્યાં આવી વેદીની રચના કરી, વેદીની રચના કરી હવન કર્યો, હવન કરી કાષ્ઠમુદ્રા મુખે બાંધી મૌન ધારણ કરી રહ્યો.

ત્યાર બાદ તે સોમિલ બ્રાહ્મણ પાસે મધ્યરાત્રિએ એક દેવ પ્રકટ થયો, પહેલાંની જેમ જ તેણે કહ્યું–યાવત્–પાછો ચાલ્યો ગયો. ત્યાર પછી પ્રભાતે–યાવત્–સૂર્ય પ્રકાશતાં વલ્કલ વસ્ત્રો પહેરી, કમંડલુ–કાવડ હાથમાં લઈ–યાવત્–કાષ્ઠમુદ્રાથી મુખબંધન કરી ઉત્તરાભિમુખ થઈ ઉત્તર દિશામાં તે ચાલવા લાગ્યો.

**દેવ દ્વારા પુનઃ પુનઃ સંબોધ કરાતાં સોમિલ દ્વારા અણુવ્રતાદિ–ગ્રહણ–**

ત્યાર બાદ ચોથા દિવસે અપરાહ્નકાળે તે સોમિલ જ્યાં વટવૃક્ષ હતું ત્યાં આવ્યો, વટવૃક્ષ નીચે કાવડ રાખી પછી સ્થાન તપાસી, લીંપણ-ગુંપણ કરી વેદી બનાવી, વેદી બનાવીને–યાવત્–કાષ્ઠમુદ્રાથી મુખ બાંધ્યું અને મૌન ધારણ કરી લીધું.

ત્યારે મધ્યરાત્રિએ તે સોમિલ બ્રાહ્મણ પાસે વળી એક દેવ પ્રગટ થયો અને પૂર્વવત્ કથન કરી–યાવત્–પાછો ચાલ્યો ગયો. ત્યારે પ્રભાત થતાં યાવત્–સૂર્ય પ્રકાશિત થતાં વલ્કલ વસ્ત્રો પહેરી, કઠિન–કાવડ લઈ–યાવત્–કાષ્ઠમુદ્રાથી મુખ બાંધી ઉત્તર દિશામાં ઉત્તરાભિમુખ થઈ તે ચાલવા લાગ્યો.

ત્યાર પછી પાંચમા દિવસે અપરાહ્નકાળે તે સોમિલ બ્રાહ્મણ જ્યાં ઉદુમ્બર (ઉંબરાનું) વૃક્ષ હતું. ત્યાં આવ્યો, ત્યાં આવી ઉદુમ્બર વૃક્ષ નીચે કાવડ મૂકી, વેદીનું સ્થાન જોયું–યાવત્–કાષ્ઠમુદ્રા વડે મુખબંધન કરી મૌન ધારણ કર્યું.

તે વખતે મધ્યરાત્રિ સમયે તે સોમિલ બ્રાહ્મણ પાસે પુનઃ એક દેવ આવ્યો–યાવત્–આમ કહ્યું–'હે સોમિલ ! તું પ્રવ્રજિત થયો છે, પણ તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે !' પહેલી વાર આમ કહ્યું ત્યારે તે સોમિલ મૌન રહ્યો. દેવે ફરી બીજી વાર અને ત્રીજી વાર પણ આમ કહ્યું– 'હે સોમિલ ! તું પ્રવ્રજિત થયો છે, પણ તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે.'

**સોમિલને સંબોધ થવો—**

૧૦. ત્યાર પછી તે સોમિલે તે દેવ દ્વારા બીજી વાર અને ત્રીજી વાર પણ આ જ વાત કરાતાં આ પ્રમાણે પૂછયું– 'હે દેવાનુપ્રિય ! મારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા કઈ રીતે અને શા માટે છે?' ત્યારે તે દેવે સોમિલ બ્રાહ્મણને આ પ્રમાણે કહ્યું– 'હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે તેં પુરુષાદાનીય પાર્શ્વ અર્હત્ પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બાર વ્રતોવાળો શ્રાવક ધર્મ સ્વીકાર્યો હતો. ત્યાર બાદ કોઈ વાર મધ્યરાત્રિએ કુટુંબચિંતામાં જાગરણ કરતાં તને... યાવત્–પહેલાં કરેલા વિચારો તે દેવે કહી બતાવ્યા અને પછી આગળ કહ્યું... યાવત્–જ્યાં અશોક વૃક્ષ હતું ત્યાં તું ગયો, કાવડ નીચે મૂકી યાવત્–તેં મૌન ધારણ કર્યું.

ત્યારે મધ્યરાત્રિ સમયે મેં તારી સમક્ષ પ્રગટ થઈ તને આ પ્રમાણે કહ્યું– 'હે સોમિલ ! તું પ્રવ્રજિત થયો છે. પણ તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે.' આ રીતે દેવે બધી વાત કરી–યાવત્–પાંચમા દિવસે અપરાહ્નકાળે તું આ ઉદુમ્બર વૃક્ષ નીચે આવ્યો, કાવડ મૂકી, વેદીનું સ્થાન જોયું, લીંપણ-ગુંપણ કર્યું... કાષ્ઠમુદ્રાથી મુખબંધન કરી મૌન થઈ બેસી ગયો.

એ રીતે હે દેવાનુપ્રિય ! તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે.'

ત્યારે તે સોમિલ બ્રાહ્મણે તે દેવને પૂછયું–'હે દેવાનુપ્રિય ! હવે તમે જ બતાવો કે હું સુપ્રવ્રજિત કઈ રીતે બનું ?' ત્યારે તે દેવે સોમિલને આ પ્રમાણે કહ્યું– 'હે દેવાનુપ્રિય ! જો તું પહેલાં ગ્રહણ કરેલા પાંચ અણુવ્રતાદિ પોતાની જાતે જ પાળે તો તારી આ પ્રવ્રજ્યા સુપ્રવ્રજ્યા બની જશે.' ત્યાર પછી તે દેવે સોમિલને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી જે દિશામાંથી તે આવ્યો હતો તે દિશામાં પાછો ચાલ્યો ગયો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર બાદ તે સોમિલ બ્રહ્મર્ષિ તે દેવના કથન અનુસાર પૂર્વસ્વીકૃત પાંચ અણુવ્રતાદિનું પાલન કરતો વિચરવા લાગ્યો.

**સોમિલની સંલેખના, શુક્ર મહાગ્રહદેવત્વ—**

૧૧. ત્યાર બાદ તે સોમિલ અનેક ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ, યાવત્ માસાર્ધમાસ ક્ષમણ રૂપે વિવિધ તપ-ઉપધાનો દ્વારા પોતાના આત્માને ભાવિત કરતો, અનેક વર્ષ સુધી શ્રમણોપાસક–પર્યાય અર્થાત્ શ્રાવકધર્મનું પાલન કરતો રહ્યો અને પછી અર્ધમાસિક સંલેખના દ્વારા આત્માની શુદ્ધિ કરી, ત્રીસ ભક્તનું અનશન દ્વારા છેદન કરી, પોતાના પૂર્વકૃત પાપસ્થાનની આલોચના-પ્રતિક્રમણ કર્યા વિના અને સમ્યકત્વની વિરાધના જે કરેલી તે સાથે જ કાળ સમયે કાળ કરી તે શુક્રાવતંસક વિમાનમાં ઉપપાતસભામાં દેવશય્યામાં–યાવત્–અવગાહનાથી શુક્ર મહાગ્રહ દેવરૂપે ઉત્પન્ન થયો.

**શુક્ર દેવલોકમાંથી ચ્યવીને સોમિલના જીવનું સિદ્ધિગમન-પ્રરૂપણ—**

૧૨. તે શુક્ર મહાગ્રહદેવ જેવો ઉત્પન્ન થયો કે તરત જ પાંચ પર્યાપ્તિ-યાવત્–ભાષા–મન–પર્યાપ્તિથી પરિપૂર્ણ બન્યો. હે ગૌતમ! આ રીતે તે શુક્ર મહાગ્રહ દેવે તે દિવ્ય ઋદ્ધિ મેળવી–યાવત્–પ્રાપ્ત કરી છે. આ દેવની એક પલ્યોપમની સ્થિતિ છે.

'હે ભદંત! તે શુક્ર મહાગ્રહ આયુક્ષય–યાવત્ –ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી તે દેવલોકમાંથી ચ્યવીને ક્યાં જશે ?'– [ગૌતમ સ્વામીએ પૂછ્યું.]

'હે ગૌતમ! તે શુક્ર મહાગ્રહદેવ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધ થશે–યાવત્–સર્વ દુઃખોનો ક્ષય કરશે.' ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને ઉત્તર આપ્યો.

–સોમિલ બ્રાહ્મણ કથાનક સમાપ્ત–

☆

## ૨. પાર્શ્વતીર્થમાં પ્રદેશી કથાનક

**આમલકલ્પામાં મહાવીર સમવસરણ–**

૧૩. તે કાળે તે સમયે આમલકલ્પા નામે નગરી હતી, તે નગરી ધન-ધાન્ય આદિ ઋદ્ધિથી ભરપૂર અને સ્વચક્ર કે પરચક્રના ભયથી રહિત યાવત્ પ્રસન્નતાદાયક, દર્શનીય અને સુંદર હતી.

તે આમલકલ્પા નગરીની બહાર ઉત્તર–પૂર્વ દિશામાં (ઈશાન કોણમાં) 'આમ્રશાલવન' નામે ઉદ્યાન હતું– જે ખૂબ જ પ્રાચીન, યાવત્ સુંદર હતું. જેમાં ઉત્તમ અશોક વૃક્ષ અને તેની નીચે એક વિશાળ શિલાપાટ હતી–જેનું વર્ણન 'ઔપપાતિક સૂત્ર'માંથી જાણવું. તે નગરીમાં સેય નામ રાજા હતો, તેની ધારિણી નામે પટરાણી હતી. એક વખત ત્યાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા અને તેમનું સમવસરણ રચાયું, ત્યારે તેમને સાંભળવા જન-પરિષદ થઈ યાવત્ રાજાએ ભગવાનની પર્યુપાસના કરી.

**સૂર્યાભદેવનો ભ. મહાવીરના વંદનનો સંકલ્પ અને ઉચિત કાર્ય કરવા માટે આભિયોગિક દેવની રવાનગી—**

૧૪. તે કાળે તે સમયે સૌધર્મકલ્પમાં સૂર્યાભ વિમાનમાં સુધર્મા નામની સભામાં સૂર્યાભ સિંહાસન ઉપર બેઠેલો સૂર્યાભદેવ પોતાના વિપુલ અવધિજ્ઞાન વડે સમગ્ર જંબૂદ્વીપ તરફ નજર નાખી તેને બરાબર નિરખી રહ્યો હતો. એ સૂર્યાભદેવના પરિવારમાં ચાર હજાર સામાનિક દેવો, પોત-પોતાના પરિવારથી વિંટળાએલી તેની ચાર પટ્ટરાણીઓ, ત્રણ સભાઓ, સાત સેનાઓ, સાત સેનાધિપતિઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો અને સૂર્યાભવિમાનમાં રહેનારા બીજા પણ ઘણા દેવો અને દેવીઓ હતાં. સૂર્યાભસિંહાસન ઉપર બેઠેલો તે સપરિવાર સૂર્યાભદેવ–નાટ્ય, ગીત, વાદ્ય, તંત્રી, તલ, તાલ, બીજાં વિવિધ વાજાંઓ અને મેઘની પેઠે ગાજતા મૃદંગ – એ બધામાંથી નીકળતા મધુર સ્વરો સાંભળતો સાંભળતો દિવ્ય ભોગોને ભોગવતો રહેતો હતો.

ત્યારે તેણે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આમલકલ્પા નગરીની બહાર આમ્રશાલવન ચૈત્યમાં આવી રહેલા અને યોગ્ય અવગ્રહપૂર્વક સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા શ્રમણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરને જોયા. ભગવાનનું દર્શન કરીને તે હર્ષવાળો, સંતોષવાળો આનંદિત ચિત્તવાળો થયો તથા ભગવાન તરફ એના મનમાં પ્રીતિ થઈ—પરમ સૌમનસ્ય થયું. હર્ષના આવેગથી તેનું હૃદય ધબકવા લાગ્યું, એનાં કમળ જેવાં ઉત્તમ કડાં, બેરખાં, કેયૂર, મુગટ, બન્ને કુંડલો અને સુંદર હારથી સુશોભિત છાતી – એ બધું ચલાયમાન થઈ ગયું અને નીચે સુધી લટકતા પ્રલંબને અને કંપાયમાન થયેલાં બીજાં આભૂષણોને ધારણ કરતો તે શ્રેષ્ઠ દેવ ભગવાન મહાવીરને જોતાં જ સંભ્રમ સાથે, ત્વરા અને ચપળતાપૂર્વક સિંહાસનેથી ઊભો થયો, ઊભો થઈ પાદપીઠથી નીચે ઊતર્યો, નીચે ઊતરી પાદુકાઓ–મોજડીઓ ઉતારી, પાદુકાઓ ઉતારીને એકશાટક ઉત્તરાસંગ કર્યું (ખભે ખેસ ધર્યો), ઉત્તરાસંગ કરીને તીર્થંકરની સામે સાત આઠ પગલાં જઈ ડાબો ઘૂંટણ ઊંચો કરી જમણો ઘૂંટણ ધરતી ઉપર ઢાળી મસ્તકને ત્રણ વાર ધરતી ઉપર નમાવ્યું, નમાવીને પછી જરાક મસ્તકને ઊંચું કર્યું, ઊંચું કરીને કડાં અને બેરખાંથી સ્તબ્ધ થયેલી ભુજાઓને ભેગી કરી દશે નખ એકબીજાને અડે એ રીતે બન્ને હથેળીઓ સાથે રાખી, શિરસાવર્તપૂર્વક મસ્તકે અંજલિ જોડી તે આ આ પ્રમાણે બોલ્યો–'અરિહંતોને–યાવત્–અજરઅમર સ્થાનને પ્રાપ્ત કરેલને નમસ્કાર'–યાવત્ 'અજરઅમર સ્થાનને પ્રાપ્ત કરવાની વૃત્તિવાળા શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર થાઓ. અહીં રહેલો હું ત્યાં રહેલા શ્રમણ ભગવાન મહાવીરને વાંદું છું, ત્યાં રહેલ શ્રમણ ભગવાન મહાવીર અહીં રહેલા મને જુઓ.' એમ કરીને તે સૂર્યાભદેવ ભગવાનને વાંદી નમી પાછો પૂર્વાભિમુખ થઈ ઉત્તમ સિંહાસન ઉપર બેસી ગયો.

૧૫. ત્યાર બાદ તે સૂર્યાભદેવને આ આવા પ્રકારનો આધ્યાત્મિક–યાવત્–મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો—

"યોગ્ય અવગ્રહપૂર્વક સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા શ્રમણ ભગવાન મહાવીર જંબૂદ્વીપના ભારત વર્ષમાં આમલકલ્પા નગરીની બહાર આમ્રશાલવન ચૈત્યમાં આવીને વિહરી રહ્યા છે. તેવા પ્રકારના અરહંત ભગવંતોનાં નામ–ગોત્ર કાને પડે તો પણ તે મહાફલરૂપ છે, તો પછી તેમની સામે જવાનું તેમને વંદન, નમસ્કાર કરવાનું તેમની પાસેથી કેટલાક પ્રશ્નોનું સમાધાન કરવાનું અને તેમની ઉપાસના કરવાનું મળે તો તો કહેવું જ શું ? આર્યપુરુષનું માત્ર એક ધાર્મિક સુવચન કાને પડે તો પણ તે મહાફલરૂપ છે, તો પછી તેમની પાસેથી વિપુલ અર્થ–ઉપદેશ મેળવવાનો પ્રસંગ સાંપડે તો તો કહેવું જ શું ? એટલા માટે હું શ્રમણ ભગવાન મહાવીરને વાંદવા, નમસ્કાર કરવા–યાવત્–પર્યુપાસના કરવા જાઉં.

તે મારે માટે પ્રેત્ય–જન્મજન્માંતરમાં હિતકર–યાવત્–કલ્યાણકારી થશે.' એ પ્રમાણે વિચાર કરીને તેણે આભિયોગિક દેવોને બોલાવી તેમને આ પ્રમાણે કહ્યું—

"હે દેવાનુપ્રિયો ! વાત એમ છે કે, યોગ્ય અવગ્રહને ગ્રહણ કરી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા શ્રમણ ભગવાન મહાવીર જંબૂદ્વીપના ભારતવર્ષમાં આમલકલ્પા નગરીની બહાર આમ્રશાલવન ચૈત્યમાં આવીને વિહરે છે. માટે હે દેવાનુપ્રિયો ! તમે ત્યાં જાઓ અને જંબૂદ્વીપના ભારતવર્ષમાં આમલકલ્પા નગરીના આમ્રશાલવન ચૈત્યમાં બિરાજતા શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણા કરો, પ્રદક્ષિણા કરીને વંદન–નમસ્કાર કરો, વંદન–નમસ્કાર કરીને તમારાં નામ અને ગોત્રો તેમને કહી સંભળાવો તથા શ્રમણ ભગવાન મહાવીરના ઉતારાની આસપાસ ચારે બાજુ એક યોજન પ્રમાણ જમીનમાં અપવિત્ર, સડેલાં, દુર્ગંધી તણખલાં, લાકડાં, પાંદડાં કે કચરો વગેરે જે કાંઈ પદાર્થ પડેલાં હોય, વિખરાયેલાં હોય તે ત્યાંથી ઉઠાવી દૂર કરો, દૂર કરી, પાણી છંટાવી ભૂમિને તદ્દન સ્વચ્છ કરો, અને તેટલી જમીન ઉપર સુગંધી પાણીનો છંટકાવ એવી રીતે કરો જેથી ત્યાંની ઊડતી બધી ધૂળ બેસી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાય, બહુ પાણીપાણી ન થાય અને વધારે કિચ્ચડ પણ ન થાય, અને રજકણો પણ ઊડતી રોકાઈ જાય. જળછંટકાવ કરીને જેની રજ જરા પણ ઊડતી નથી, નષ્ટ થઈ ગઈ છે–ઉપશાંત થઈ ગઈ છે, પ્રશાંત થઈ ગઈ છે એવી જમીન કરી દો, એવી જમીન ઉપર જલજ અને સ્થલજ એવાં પાંચ પ્રકારનાં સુગંધી પુષ્પોનો વરસાદ એવી રીતે વરસાવો કે ત્યાં બધાં પુષ્પો ચત્તાં જ પડે, તેમનાં ડિંટિયાં નીચે રહે અને એ પુષ્પો બધી જમીનથી ઊંચે એક એક જાનુ–હાથ સુધી ઉપરાઉપરી ખીચોખીચ પથરાયેલાં રહે. તે પ્રમાણે કરીને તે જમીનને કાળો અગર, ઉત્તમ કુંદરુ અને તુરુક્કના સુગંધી ધૂપથી મઘમઘિત કરો અને એ રીતે ભૂમિને ઉત્તમ ધૂપસળી જેવી કરો–જ્યાં ઉત્તમ દેવ આવી શકે એવી સુંદરમાં સુંદર, સુગંધીમાં સુગંધી અને પવિત્રમાં પવિત્ર અને દિવ્ય બનાવો. તે પ્રમાણે કરી અને બીજા પાસે કરાવીને, પછી શીઘ્ર મારી આજ્ઞા મને પાછી આપો.'

**આભિયોગિક દેવો દ્વારા મહાવીરની વંદના વગેરે—**

૧૬. ત્યાર બાદ તે આભિયોગિક દેવો સૂર્યાભદેવનું આ કથન સાંભળી હૃષ્ટ થયા–તુષ્ટ થયા–યાવત્–પુલકિત થઈને દશે નખ એક બીજાને અડે એ રીતે બન્ને હથેળીઓ સાથે રાખી શિરસાવર્ત-પૂર્વક મસ્તકે અંજલિ રચીને 'આપ જે કહો છો તે પ્રમાણે જ થશે.' તેમ આજ્ઞા–વચનનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો, વિનયપૂર્વક આજ્ઞા–વચનનો સ્વીકાર કરી તેઓ ઈશાન કોણ તરફ ગયા, ઈશાન કોણ તરફ જઈ વૈક્રિયસમુદ્ઘાત કર્યો, સમુદ્ઘાત કરીને તેમણે સંખ્યેય યોજન લાંબો દંડ કાઢ્યો–તે એવી રીતે કે રત્ન, વજ્ર, વૈદૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતિરસ, અંજન, અંજનપુલક, રજત, જાતરૂપ, અંક, સ્ફટિક અને રિષ્ટરત્નનાં મોટાં–જાડાં પુદ્ગલો દૂર કરી સૂક્ષ્મ પુદ્ગલોને ગ્રહણ કર્યાં, ગ્રહણ કરીને ફરીથી વૈક્રિયસમુદ્ઘાત કરીને તેમણે પોતાનાં ઉત્તર વૈક્રિયરૂપોની વિકુર્વણા કરી, વિકુર્વણા કરીને તે આભિયોગિક દેવો પ્રચંડ–યાવત્–દિવ્ય દેવગતિથી તીરછી દિશામાં અસંખ્ય દ્વીપ અને સમુદ્રોની વચ્ચોવચ્ચ થતા તેઓ જ્યાં જંબૂદ્વીપ હતો, જ્યાં ભરતક્ષેત્ર હતું, જ્યાં આમલકલ્પા નગરી હતી, જ્યાં આમ્રશાલ-વન ચૈત્ય હતું, અને તેમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજ્યા હતા ત્યાં આવ્યા, ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરની આદક્ષિણા –પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન–નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું—

"હે ભગવાન! અમે સૂર્યાભદેવના આભિયોગિક દેવો આપ દેવાનુપ્રિયને વંદન કરીએ છીએ, નમસ્કાર કરીએ છીએ, સત્કારીએ છીએ, સન્માનીએ છીએ અને કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ અને ચૈત્યરૂપ એવા આપ દેવાનુપ્રિયની પર્યુપાસના કરીએ છીએ."

૧૭. 'હે દેવો!' એ પ્રમાણે સંબોધીને શ્રમણ ભગવાન મહાવીરે તે દેવોને આ પ્રમાણે કહ્યું—

'હે દેવો! એ પુરાતન છે, હે દેવો! એ કૃત્યરૂપ છે, હે દેવો! એ કરણીયરૂપ છે, હે દેવો! એ આચીર્ણ છે, અને હે દેવો! એ સંમત મનાએલું છે કે ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો અરહિંત ભગવંતોને વાંદે છે, નમન કરે છે, અને તેમ કરી પોતપોતાનાં નામ–ગોત્રો કહી સંભળાવે છે. હે દેવો! એ પુરાતન પદ્ધતિ છે અને સમ્મત થયેલી છે.'

**આભિયોગિક દેવો દ્વારા મહાવીર–સમવસરણ-ભૂમિની સંમાર્જના આદિ—**

૧૮. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરે જેમને આ રીતે કહેલું હતું એવા તે આભિયોગિક દેવો શ્રમણ ભગવાન મહાવીરનું આ કથન સાંભળી હર્ષિત થયા, સંતુષ્ટ થયા–યાવત્–પ્રફુલ્લ હૃદય-વાળા થઈ શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કર્યા. વંદન, નમન કરી ઉત્તરપૂર્વના (ઇશાન) ખૂણા તરફ ગયા, ત્યાં જઈને વૈક્રિય-સમુદ્ઘાત કરીને સંખ્યેય યોજન લાંબો દંડ કાઢ્યો અર્થાત્–રત્નોવાળા–યાવત્–રિષ્ટરત્નોનાં બાદર પુદ્ગલોને દૂર કર્યા અને સૂક્ષ્મ પુદ્ગલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રહણ કર્યા, પછી ફરી પણ વૈક્રિયસમુદ્ઘાત કરી સંવર્તક વાયુની રચના કરી અને જેમ કોઈ તરુણ નોકર બળવાન, યુગવાન અર્થાત્ સમય-કસમયે થતી રોગપીડાથી રહિત યુવાન, નિરોગી, મજબૂત શરીરાકૃતિધારી, મજબૂત કાંડાવાળો, દૃઢ હાથ-પગ-પીઠ-જાંઘ-કટિવાળો, અત્યંત ઘન નક્કર મજબૂત અને ગોળ સ્કંધપ્રદેશવાળો, વારંવાર મુષ્ટિપ્રહારોથી અત્યંત મજબૂત બનાવેલ ગાત્રોવાળો, બળ-વીર્ય અને પરાક્રમવાળો, તાડવૃક્ષના યુગલ જેવા અને સ્ફટિકની કાંતિવાળા બાહુયુગલવાળો, પવન જેવો ચપળ અને કઠણમાં કઠણ કાર્ય કરવામાં સમર્થ, દક્ષ, નિપુણ, કુશળ, મેધાવી, કારીગરીમાં કુશળ એવો હોય-તે એક મોટી સલાકાવાળી કે દંડવાળી સાવરણી કે વાંસની સળીઓવાળી સાવરણી લઈને રાજ્યાંગણ કે રાજાનું અંતઃપુર કે દેવકુળ (દેવમંદિર) કે સભા, પરબ કે આરામ કે ઉદ્યાનને ઉતાવળ વિના, આકુળતા વિના, ગભરાટ વિના, ચપળતાપૂર્વક ચારે બાજુ સારી રીતે વાળીચોળી સ્વચ્છ કરી દે તેવી રીતે તે સૂર્યાભદેવના આભિયોગિક દેવોએ સંવર્તક વાયુની વિકુર્વણા કરીને શ્રમણ ભગવાન મહાવીર જ્યાં બિરાજમાન હતા તે સ્થાનની ચારે બાજુ એક એક યોજનના ઘેરાવામાં જે કંઈ તણખલાં, પાંદડાં, કે એવું બીજું સઘળું હતું તે લઈ લઈને એકાંત સ્થાનમાં ફેંકી દીધું અને તેમ કરી તરત જ તે ભૂમંડળને શાંત-સ્વચ્છ બનાવી દીધું અને ફરીથી પાછો વૈક્રિય સમુદ્ઘાત કર્યો, સમુદ્ઘાત કરી આભમાં વાદળોની વિકુર્વણા કરી.

જેમ કોઈ તરુણ-યાવત્-કાર્યકુશળ શ્રમિક (છંટકાવ કરવાવાળો નોકર) પાણી ભરેલો મોટો ઘડો અથવા સામાન્ય ઘડો અથવા જળકુંભ અથવા જળથાળ અથવા જળકળશ હાથમાં લઈને બગીચાને-યાવત્-પરબને ઉતાવળ વિના -યાવત્-ચોપાસ સારી રીતે પાણી છાંટે—

તે પ્રમાણે તે સૂર્યાભદેવના આભિયોગિક દેવોએ આભમાં વાદળોની વિકુર્વણા કરીને ચારે તરફ તે વાદળો ફેલાવ્યા, ફેલાવીને તરત જ વિદ્યુત્-વીજળી ચમકાવી અને શ્રમણ ભગવાન મહાવીરનો જે સ્થળે ઉતારો હતો તે સ્થળની આસપાસ ચારે બાજુ એક યોજન સુધીમાં, ખૂબ વધારે નહીં એવી પાણીની ધારાઓથી, ત્યાં કીચડ પણ ન થાય અને ધૂળ ઊડતી પણ રોકાય તે રીતે, ફુવારાની જેમ ત્યાં ઝરમર ઝરમર વરસાદ વરસાવ્યો, પછી સુગંધી પાણી વરસાવી તે ભૂમંડળને રજ વગરની, નાશ કરેલ રજવાળી, ધૂળ વગરની, પ્રશાંત રજવાળી, શાંત-સ્વચ્છ બનાવી અને તેમ કરીને તુરત જ મેઘવર્ષા સમેટી લીધી. મેઘવર્ષાને સમેટીને ત્રીજી વાર વૈક્રિયસમુદ્ઘાત કર્યો અને સમુદ્ઘાત કરી તે દેવોએ ફૂલભરેલાં વાદળોની રચના કરી.

જેમ કોઈ તરુણ-યાવત્-કોઈ માળીનો કુશળ યુવાન પુત્ર-માળી ફૂલોથી ભરેલી છાબડી અથવા પુષ્પ-પટલક-ફૂલોની પોટલી અથવા ફૂલ ભરેલી ટોપલીઓ લઈને રાજસભાને-યાવત્-દરેક જગ્યાએ ચારે દિશામાં કામિનીના કેશપાશની જેમ હાથેથી છોડામેલા પંચરંગી ફૂલોથી પરિવ્યાપ્ત કરી દે છે, તે રીતે તે સૂર્યાભદેવના આભિયોગિક દેવોએ શીઘ્ર પુષ્પ-મેઘની રચના કરી અને રચના કરીને પુષ્પોની વર્ષા કરી-યાવત્-એક યોજન પ્રમાણ ભૂમંડલને સુંદર જલજ અને સ્થલજ એવાં પાંચ પ્રકારનાં પુષ્પો વરસાવી ચારે બાજુ મ્હેક મ્હેક કરી મૂક્યું, તે પુષ્પો પણ તેમણે એવી રીતે વરસાવ્યાં કે દરેક પુષ્પનું ડિંટિયું નીચું અને કળીઓવાળો ભાગ ઉપર રહે અને જમીનથી ઊંચે એકએક જાનુ-હાથ સુધી ઉપરાઉપર પુષ્પોથી ખીચોખીચ ભરી દીધું. પછી કાળો અગર, ઉત્તમ કુંદરૂ અને તુરુક્કનો સુગંધી ધૂપ જલાવીને તેને ઘણું જ સુગંધિત કરી દીધું. તેની ઊડતી ગંધ મનમોહક હતી, ઉત્તમ સુગંધથી તેને ગંધ-વર્તિકા-ધૂપસળી જેવું બનાવી દીધું અને તે સ્થળને દેવોના આગમન યોગ્ય કરી, કરાવી અને તે પ્રમાણે કરી તુરત જ તે પુષ્પમેઘોને સમેટી લીધા.

ત્યાર બાદ તેઓ જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજી રહ્યા હતા ત્યાં આવ્યા, ત્યાં આવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ વાર વંદન, નમસ્કાર કર્યા—યાવત્-વંદન-નમન કરી શ્રમણ ભગવાન મહાવીરની પાસેથી નીકળી, આમ્રશાલવન ચૈત્યથી નીકળ્યા, નીકળીને પોતાની ઉત્કૃષ્ટ—યાવત—વેગવાળી પ્રચંડ ગતિથી જ્યાં સૌધર્મકલ્પ હતું, જ્યાં સૂર્યાભવિમાન હતું અને સુધર્માસભામાં જે સ્થાને સૂર્યાભદેવ બિરાજેલો હતો ત્યાં આવ્યા, ત્યાં જઈ તેમણે સૂર્યાભદેવ તરફ વિનયપૂર્વક બે હાથ જોડી માથું નમાવી 'સૂર્યાભદેવનો જય થાઓ—વિજય થાઓ' એવો પ્રઘોષ કર્યો અને તેની આજ્ઞા પ્રમાણેનું કાર્ય પૂર્ણ થયાની જાણ કરી.

**સૂર્યાભદેવના આદેશથી તે વિમાનવાસી દેવ-દેવીઓનું તેની પાસે આગમન—**

૧૯. ત્યાર પછી તે સૂર્યાભદેવ, એ આભિયોગિક દેવો પાસેથી આ વાત સાંભળીને અવધારીને હર્ષિત થયો, તુષ્ટ થયો—યાવત્—પ્રફુલ્લ હૃદયવાળો થઈ તેણે પોતાના સેનાપતિ દેવને બોલાવ્યો અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

"હે દેવાનુપ્રિય! સૂર્યાભવિમાનમાં આવેલી સુધર્મા સભામાં એક મોટી સારા રણકારાવાળી ઘંટા ટાંગેલી છે, જેનો ઘેરાવો યોજન પ્રમાણ છે અને જે મેઘની પેઠે ગંભીર અને મધુર રણકો કરે છે તે ઘંટાને તું જઈને તરત ઉલાળતો ઉલાળતો ઉંચા ઊંચા ઘોષથી ઉદ્‌ઘોષણ કરતો કરતો આ હકીકત જાહેર કર :

'હે દેવો! સૂર્યાભદેવ આજ્ઞા કરે છે કે જંબૂદ્વીપના ભારતવર્ષમાં આવેલી આમલકલ્પા નગરીના આમ્રશાલવન ચૈત્યમાં શ્રમણ ભગવાન મહાવીર સમોસર્યા છે, તેમને વાંદવા માટે સૂર્યાભદેવ જનાર છે તો હે દેવાનુપ્રિયો! તમે પણ સર્વ શોભા—ઋદ્ધિ—સમૃદ્ધિ સાથે અને પોતપોતાના પરિવાર સાથે વાજતે—ગાજતે પોતપોતાના યાન—વિમાન ઉપર ચડી તેની સાથે જવા તૈયાર થાઓ. આ માટે વિલંબ ન કરતાં સમયસર તમે બધા સૂર્યાભદેવની સમક્ષ હાજર થાઓ.'

ત્યારપછી એ પ્રકારની આજ્ઞા કરવાની સૂર્યાભદેવની સૂચના સાંભળી તે સેનાપતિદેવ હર્ષિત થયો અને તે આજ્ઞા કરવાની સૂચનાને તેણે વિનયપૂર્વક સ્વીકારી, સ્વીકાર કરીને તે સેનાપતિદેવ સૂર્યાભવિમાનમાં આવેલી સુધર્મા સભામાં આવ્યો અને જ્યાં તે મોટી સારા રણકારવાળી અને વગાડતાં જ મેઘની પેઠે ગાજતી એવી યોજનપ્રમાણ ઘેરાવાવાળી ઘંટા ટાંગેલી હતી ત્યાં જઈ તેને તેણે ત્રણવાર વગાડી.

ત્યારબાદ તે મેઘગર્જના સમાન ગંભીર મધુર ધ્વનિવાળી અને એક યોજન પ્રમાણ સુસ્વર ઘંટાને ત્રણ વાર વગાડતાં જ સૂર્યાભવિમાનમાં એક મોટો જબરદસ્ત મેઘગર્જના જેવો અવાજ થયો, તે અવાજ થતાં જ તે વિમાનમાં રહેલા બધા મહેલો અવાજના પડઘાથી ગાજી ઊઠ્યા.

ત્યારબાદ તે રણકતા ઘંટના મોટા અવાજથી એકાંત રતિક્રીડામાં લગ્ન, મદોન્મત્ત અને વિષયસુખમાં મુચ્છિત એવા તે સૂર્યાભવિમાનવાસી અનેક દેવીઓ તત્કાળ પ્રતિબોધિત—સાવધાન થઈ ગયા અને ઘોષણા પ્રત્યે કુતુહલપૂર્વક કાન માંડી, એકાગ્રચિત્ત થઈ, મનને કેન્દ્રિત કરી સાંભળવા લાગ્યા ત્યારે તે સેનાપતિ દેવે તે ઘંટાનો અવાજ શાંત થયો એટલે મોટા મોટા અવાજે ઉદ્‌ઘોષણા કરતા કરતા આ પ્રમાણે કહ્યું 'ઓ સૂર્યાભવિમાનવાસી દેવો અને દેવીઓ! તમે બધા સૂર્યાભવિમાનના અધિપતિ સૂર્યાભદેવના આ હિતકર અને સુખકર આજ્ઞાવચનોને સાંભળો, કે, સૂર્યાભદેવ જંબૂદ્વીપના ભારતવર્ષના આમલકલ્પા નગરીના આમ્રશાલવન ચૈત્યમાં બિરાજેલ શ્રમણ ભગવાન મહાવીરને વાંદવા જાય છે. એટલા માટે હે દેવાનુપ્રિયો! તમે પણ તમારી સર્વ શોભા—ઋદ્ધિ—સમૃદ્ધિ સહિત વિલંબ ન કરતાં વખતસર સૂર્યાભદેવની સમક્ષ હાજર થાઓ.'

ત્યારે તે સૂર્યાભવિમાનવાસી બધા દેવ અને દેવીઓ સેનાપતિ દેવના આ કથનને સાંભળી અને અવધારી હર્ષિત, સંતુષ્ટ—યાવત્—પ્રફુલ્લ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હૃદયવાળા થયા અને તેમાંથી કેટલાંક દેવ-દેવીઓ વંદનના ભાવથી, કેટલાંક નમન કરવાની ભાવનાથી, કેટલાંક સત્કાર, સન્માન કરવાના વિચારથી, કેટલાંક માત્ર કુતૂહલવૃત્તિથી, કેટલાંક આજ સુધી ન સાંભળ્યું હોય તેવું નવું સાંભળવાની ભાવનાથી, કેટલાંક પહેલા સાંભળેલ અર્થોને, હેતુઓને, પ્રશ્નોને, કારણોને અને વિવચનોને જાણવાના હેતુથી, વળી કેટલાંક માત્ર સૂર્યાભદેવની આજ્ઞા સ્વીકારીને, કેટલાંક પહેલાં ન સાંભળ્યા હોય તેમને સાંભળવાની ભાવનાથી, કેટલાંકે જે સાંભળ્યું હતું તે વિશે શંકાનું સમાધાન કરી નિઃશંક થવાની ભાવનાથી, વળી કેટલાંક પરસ્પર એકબીજાનું અનુકરણ કરીને, કેટલાંક જિનભક્તિના રાગને લીધે અને કેટલાંક ભગવાન પાસે જવાનો પોતાનો ધર્મ-કર્તવ્ય છે એ વિચારથી અને કેટલાંક આ અમારો પરંપરાગત વ્યવહાર છે એમ સમજીને પોતપોતાની સર્વ ઋદ્ધિ-વૈભવ સહિત–યાવત્–વિલંબ કર્યા વિના, સમયસર સૂર્યાભદેવની સમક્ષ ઉપસ્થિત થયા.

**સૂર્યાભદેવના આદેશથી આભિયોગિક દેવકૃત દિવ્યયાન–વિમાનનું નિર્માણ અને દિવ્યયાન–વિમાનનું વર્ણન—**

૨૦. ત્યારબાદ તે સૂર્યાભદેવે કરેલા સૂચન અનુસાર વિલંબ કર્યા વિના સમયસર હાજર થએલાં તે દેવો અને દેવીઓને જોઈને તે સૂર્યાભદેવ હૃષ્ટ, તુષ્ટ–યાવત્–આનંદિત હૃદયવાળો થયો અને આભિયોગિક દેવોને બોલાવ્યા, અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

"હે દેવાનુપ્રિયો ! એક લાખ યોજનના વિસ્તારવાળું એક મોટું યાન વિમાન તમે જલદી તૈયાર કરો. એ મોટા વિસ્તારવાળા યાનમાં સેંકડો સ્તંભો રચો, તેમાં જાત જાતના હાવભાવવાળી વિલાસ કરતી કાષ્ઠપૂતળીઓ ગોઠવો, અને તેમાં જ્યાં શોભે એ રીતે વરુ, વૃષભ, ઘોડા, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ કે વાઘ, કિન્નર, શરભ, ચમરી ગાય, હાથી, વનવેલો અને કમળવેલો એ બધું ચિતરાવો, સ્થંભમાં વજ્રની વેદિકાઓ બનાવો, વિદ્યાધર અને વિદ્યાધરીનું જોડલું જેમાં ફરતું દેખાય એવાં અનેક યંત્રો ને વિમાનમાં ગોઠવો, પોતાનાં હજારો કિરણોથી સૂર્યની પેઠે ઝગારા મારે એવું હજારો રૂપકોથી યુક્ત એવું તે વિમાન રચાવો, અને જોનારની આંખને શીતળ કરે એવું, અડકનારના હાથે સુખ ઉપજાવનારું, દેદીપ્યમાન, સુંદર, દેખાવડું, સુખદ સ્પર્શવાળું, સશ્રીક, રૂપસંપન્ન, ટાંગેલી અનેક ચંચળ ઘંટડીઓના મધુર રણકારવાળું, શુભ, કાંત, દર્શનીય, પ્રમાણસર અર્થાત્ નિપુણતાથી બનાવેલું, ચારે તરફ ઝગમગતા મણિ-રત્નોની માળાઓ લટકાવેલું, દિવ્ય પ્રભાવવાળું અને વેગવાળી ગતિવાળું–એવું એ યાન વિમાન શીઘ્ર તૈયાર કરી મારી આજ્ઞાનું પાલન કર્યાની જાણ કરો.'

ત્યારબાદ તે આભિયોગિક દેવોએ સૂર્યાભદેવની આ આજ્ઞા સાંભળીને હૃષ્ટ, સંતુષ્ટ–યાવત્–આનંદિત થઈ બંને હાથ જોડી–યાવત્–આજ્ઞાનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને તેઓ ઉત્તરપૂર્વ દિશા અર્થાત્ ઈશાન ખૂણા તરફ ગયા, ત્યાં જઈને તેમણે વૈક્રિયસમુદ્ઘાત કરીને સંખ્યેય યોજન લાંબો દંડ કાઢ્યો–યાવત્–જાડાં પુદ્ગલોને હટાવી સૂક્ષ્મ પુદ્ગલોને ગ્રહણ કર્યાં, ગ્રહણ કરીને ફરીથી વૈક્રિયસમુદ્ઘાત કરીને તે સેંકડો સ્થંભોથી પરિપૂર્ણ–યાવત્–દિવ્ય એવું તે વિમાન બનાવવાની પ્રવૃત્તિમાં લાગી ગયા.

તે પછી તે આભિયોગિક દેવોએ દિવ્ય યાન વિમાનની ત્રણે બાજુએ ત્રણ મોટાં સુંદર સોપાન ગોઠવ્યાં; આ રીતે–એક સોપાન પૂર્વમાં, એક દક્ષિણમાં અને એક ઉત્તરમાં. તે સુંદર સોપાનોનું વર્ણન આ પ્રમાણે છે : તે સોપાનોની ભોંય વજ્રમય બનાવી, તેનાં પ્રતિષ્ઠાનો–પગથિયાંઓ રિષ્ટરત્નોનાં બનાવ્યાં હતાં, તેનાં સ્તંભો વૈડૂર્યરત્નોનાં રચવામાં આવ્યાં હતાં, સોપાનોમાં પાટિયાં સોનારૂપામય બનાવ્યાં હતાં, કઠેડામાં આવેલા સળિયાઓ લોહિતાક્ષ રત્નોમાંથી બનાવ્યા હતા, સાંધાના ભાગો વજ્રથી જડ્યા હતા, અવલંબનો(ટેકાઓ)ને અનેક પ્રકારના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મણિઓમાંથી બનાવ્યા અને અવલંબન–બાહુઓને–ટેકાઓના હાથાઓ પણ મણિઓથી રચ્યા હતા જે પ્રસન્નકર–યાવત્–સુંદર હતા.

તે ત્રણે સુંદર સોપાનોની આગળ સુંદર તોરણો બાંધ્યાં હતાં.

તે તોરણોનું વર્ણન આ પ્રમાણે છે:–તે તોરણો અનેક પ્રકારના મણિઓથી બનાવ્યાં હતાં. તે વિવિધ પ્રકારના મણિમય સ્થંભો ઉપર ગોઠવેલાં હોવાથી નિશ્ચલ હતાં, તેમાં વિવિધ પ્રકારનાં મોતીઓથી અનેક પ્રકારની ભાતોના વેલબૂટા ભરેલા હતા, વિવિધ પ્રકારના તારાના આકારથી તે ખચિત હતા,–યાવત્–જોનારની આંખને સુખ ઉપજાવે તેવાં પ્રાસાદિક હતાં.

તે તોરણોની ઉપર અષ્ટ મંગલ સ્થાપિત કરવામાં આવ્યાં હતાં. તેમનાં નામ આ પ્રમાણે છે:–૧. સ્વસ્તિક, ૨. શ્રીવત્સ, ૩. નંદાવર્ત, ૪. વર્ધમાનક, ૫. ભદ્રાસન, ૬. કલશ, ૭. મત્સ્ય અને ૮. દર્પણ–જે સ્વચ્છ–યાવત્–સુંદર હતાં.

તે તોરણોની ઉપર ઘણાં શ્યામ ચામર–યાવત્–સફેદ ચામર વગેરે અને રંગ-બેરંગી ધ્વજાઓ લટકાવી હતી જે સ્વચ્છ–યાવત્–સુંદર હતી.

તે તોરણો ઉપર છત્રાતિછત્રો છત્ર ઉપર છત્ર હોય તેવા અનેક છત્રો, એ પ્રમાણે અનેક ઘંટડીઓ, પતાકાઓ, સર્વ રત્નમય ઉત્પલ, કુમુદ, નલિન, સુંદર સુગંધી પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્રના ઝુમખાં લટકાવ્યાં હતાં જે સર્વરત્નમય, સ્વચ્છ–યાવત્–સુંદર હતાં.

ત્યારબાદ (સોપાનો વગેરેની બહારની રચના કર્યા બાદ) તે આભિયોગિક દેવોએ તે દિવ્યયાન–વિમાનની અંદરના ભૂમિભાગની સુંદરમાં સુંદર રચના કરી, તે દિવ્યયાન વિમાનનો અંદરનો ભૂમિભાગ સર્વ પ્રકારે એવી રીતે સમ બનાવવામાં આવ્યો હતો કે જાણે તે આલિંગ વાદ્યવિશેષનો ઉપરનો ભાગ હોય, અથવા મૃદંગનો ઉપરનો ભાગ હોય, અથવા સરોવરનો ઉપર તળનો ભાગ હોય, અથવા ચંદ્રના મંડળનો ભાગ હોય, અથવા સૂર્યના મંડળનો ભાગ હોય, અથવા દર્પણનો ઉપરનો ભાગ હોય અથવા સર્વ બાજુઓથી શંકુ આકારના લાકડાના ખીલાઓ ભરાવી ખેંચી ખેંચીને સમ બનાવવામાં આવેલ ઘેટાના, બળદના, કે વરાહના કે સિંહના, કે વાઘના, કે હરણના, કે બકરાના, અથવા દીપડાના ચામડાનો ઉપરનો ભાગ હોય–આ રીતે વિમાનનો અંદરનો ભૂમિભાગ સમ બનાવવામાં આવ્યો હતો. તે ભૂભાગમાં, કાળા, નીલા, રાતા, પીળા અને ધોળા એવા અનેક મણિઓ જડેલા હતા. તેમાંના કેટલાક આવર્તવાળા, પ્રત્યાવર્તવાળા, શ્રેણિ અને પ્રશ્રેણિવાળા હતા, કેટલાક વળી સ્વસ્તિક જેવા, પુષ્પમાણવ જેવા, વર્દ્ધમાનક–શરાવસંપુટ જેવા, માછલીના ઇંડાં જેવા અને મગરનાં ઇંડાં જેવા જણાતા હતા. કેટલાક મણિઓમાં ફૂલવેલ, કમળપત્ર, સમુદ્રતરંગ, વાસંતીલતા, કમળવેલ વગેરે જેવાં ઘણાં બીજાં સુંદર ચિત્રો કોરેલાં હોય એમ દેખાતું હતું. આ રીતે તે ભૂમિભાગમાં જડેલા તે પંચરંગી મણિઓ ભારે ઝગમગાટવાળા, ઉત્કટ પ્રભાવાળા અને તેજના અંબારથી શોભી રહ્યા હતા.

તેમાં જે કાળા રંગના મણિ હતા તે મેઘ જેવા, આંજણ જેવા, ખંજન પક્ષી જેવા, કાજળ જેવા, પાડાના શિંગડા જેવા, પાડાના શિંગડામાંથી બનાવેલી ગોળી જેવા, ભમરા જેવા, ભમરાની હાર જેવા, ભમરાની પાંખના સારભાગ જેવા, જાંબુડાં જેવા, કાગડાનાં નાનાં બચ્ચાં જેવા, કોયલ જેવા, હાથી જેવા, હાથીના બચ્ચા જેવા, કાળા સાપ જેવા, કાળા બકુલ જેવા, શરદઋતુના વાદળ જેવા, કાળા અશોકવૃક્ષ જેવા, કાળી કણેર જેવા અથવા બાંધુજીવ–બપોરીયાનાં ફૂલ જેવા લાગતા હતા. આ પ્રમાણે તે કાળા મણિઓનો રંગ હતો. શું તે કાળા મણિઓ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર કાળા હતા ? હે આયુષ્માન્ શ્રમણો ! એ અર્થ સમર્થ નથી અર્થાત્ એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે કાળા મણિઓ તો તે બધી ઉપમાઓ કરતાં ક્યાંય વધારે ઇષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ કાળા વર્ણવાળા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે મણિયોમાં જે નીલવર્ણ મણિ હતા તેનું વર્ણન આ પ્રમાણે હતું—ભૃંગ જેવા, ભૃંગની પાંખ જેવા, પોપટ જેવા, પોપટની પાંખ જેવા, ચાષ પક્ષી જેવા, ચાષના પીંછા જેવા, ગળી જેવા, ગળીના અંદરના ભાગ જેવા, ગળીની ગોળી જેવા, નીલદુર્વા જેવા, ઉચ્ચંનક-દંતરાગ જેવા, વનરાઈ જેવા, બળદેવે પહેરેલાં લીલાં કપડાં જેવા, મોરની ડોક જેવા, અળસીફૂલ જેવા, બાણનાં ફૂલ જેવા, અંજનકેશીના ફૂલ જેવા, નીલા કમળ જેવા, નીલા અશોક જેવા, નીલા બંધુજીવ (બપોરીયાનાં ફૂલ) જેવા, અને નીલી કણેર જેવા નીલા હતા. શું તે મણિઓ, એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર નીલા હતા ? એ અર્થ સમર્થ નથી અર્થાત્ એ નીલ-મણિઓ તો તે ઉપમાઓ કરતાં કયાય વધારે ઇષ્ટતર–યાવત્–વર્ણવાળા હતા.

એ મણિઓમાં જે રાતારંગના મણિ હતા તેનું વર્ણન આ પ્રમાણે છે—ઘેટાનાં લોહી જેવા, સસલાના લોહી જેવા, માણસના લોહી જેવા, વરાહનાં લોહી જેવા, પાડાનાં લોહી જેવા, નાના ઈંદ્રગોપ જેવા, ઊગતા સૂર્ય જેવા, સંધ્યાના લાલ રંગ જેવા, ચણોઠીના અડધા-લાલ ભાગ જેવા, જાસુદના ફૂલ જેવા, કેસુડાના ફૂલ જેવા, પારિજાતકના ફૂલ જેવા, ઊંચા હિંગળોક જેવા, પરવાળા જેવા, પરવાળાના અંકુર જેવા, લોહિ-તાક્ષ મણિ જેવા, લાખના રસ જેવા, કૃમિના રંગથી રંગેલા કામળા જેવા, ચીણાના લોટના ઢગલા જેવા, રાતા કમળ જેવા, લાલ અશોક ફૂલ જેવા, રાની કણેર જેવા અને લાલ બંધુજીવ (બપોરીયા) ફૂલ જેવા હતા. શું તે આપેલી ઉપમાઓ જેવાં જ ખરેખર તે રાતા મણિઓ રાતા હતા ? એ અર્થ સમર્થ નથી અર્થાત્ તે રાતા મણિઓ તો તે બધી ઉપમાઓ કરતાં કયાંય વધારે ઇષ્ટતર–યાવત્–વર્ણવાળા હતા.

એ મણિઓમાં પીળા રંગના મણિ હતા તેનું વર્ણન આ પ્રમાણે છે– જાણે કે સોનચંપા જેવા, ચંપાની છાલ જેવા, ચંપાની અંદરના ભાગ જેવા, હળદર જેવા, હળદરની અંદરના ભાગ જેવા, હળદરની ગોળી જેવા, હરતાલ જેવા, હરતાલની અંદરના ભાગ જેવા, હરતા-લની ગોળી જેવા, ચિકુર જેવા, ચિકુરના રંગ જેવા, ઉત્તમ સોના જેવા, ઉત્તમ સોનાની કસોટી-રેખા જેવા, [સોનેરી ઘાસ જેવા], વાસુદેવે પહે-રેલાં પીળાં કપડાં જેવા, અલ્લકીનાં ફૂલ જેવા, ચંપાના ફૂલ જેવાં, કેળના ફૂલ જેવા, આવળના ફૂલ જેવા, ઘીંસોડીના ફૂલ જેવા, સોનેરી જૂઇનાં ફૂલ જેવા, સુહિરણ્યનાં ફૂલ જેવા, કોરંટક ફૂલની ઉત્તમ માળા જેવા, બીયાના ફૂલ જેવા, પીળા અશોક જેવા, પીળી કણેર જેવા અને પીળા બંધુજીવ (બપોરીયા) જેવા પીળા હતા. આ અર્થ તે પીળા મણિઓનું વર્ણન કરવા સમર્થ નથી, કારણકે તે પીળા મણિ આ બધી ઉપમાઓ કરતાં કયાંય વધારે ઇષ્ટતર–યાવત્–વર્ણવાળા હતા.

એ મણિઓમાં જે શ્વેતવર્ણના મણિ હતા તેમનું વર્ણન આ પ્રમાણે હતું–તે અંક રત્ન જેવા, શંખ જેવા, ચંદ્ર જેવા, કમળ ઉપરના પાણીના મોતીબિંદુ જેવા, શુદ્ધ પાણીના બિંદુ જેવા, દહીં જેવા, કપૂર જેવા, ગાયના દૂધ જેવા, હંસોની શ્રેણી જેવા, ક્રૌંચોની શ્રેણી જેવા, મોતીના હારની શ્રેણી જેવા, બગલાની શ્રેણી જેવા, ચંદ્રોની શ્રેણી જેવા, શરદ ઋતુના મેઘ જેવા, શુદ્ધ ચાંદીની પાટ જેવા, ચોખાના લોટના ઢગલા જેવા, કુંદના ફૂલના ઢગલા જેવા, કુમુદના ઢગલા જેવા, વાલની સૂકી શિંગો જેવા, મોર-પીંછની વચ્ચે આવેલા ચંદ્રક જેવા, બિસતંતુ જેવા, મૃણાલિકા જેવા, હાથીદાંત જેવા, લવંગના ફૂલ જેવા, પુંડરીક કમળ જેવા, ધોળા અશોક જેવા, ધોળી કણેર જેવા અથવા ધોળા બંધુજીવ (બપોરીયા) જેવા ઊજળા હતા. શું તે સફેદ મણિઓ, એ આપેલી ઉપમાઓ જેવા જ ખરે-ખર ઊજળા હતા ? એ અર્થ સમર્થ નથી અર્થાત્ એ માત્ર ઉપમાઓ છે, તે શ્વેત મણિઓ તો તે બધી ઉપમાઓ કરતાં કયાંય વધારે ઇષ્ટતર –યાવત્–શ્વેત વર્ણવાળા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ મણિઓની આવા પ્રકારની સુગંધ હતી–જાણે કે કૂઠની, તગરની, ઇલાયચીની, સુગંધી ચૂઆની, ચંપાની, દમણાની, કુંકુમની, ચંદનની, સુગંધી વાળાની, મરવાની, જાઈની, જૂઈની, મલ્લિકાની, સ્નાન-મલ્લિકાની, કેતકીની, પાટલની, નવમાલિકાનાં ફૂલની, અગરની, લવિંગની, કપૂરની, વાંસકપૂરની પડીઓ અનુકૂળ હવામાં ચારે બાજુ ગંધ ફેલાય એ રીતે ખુલ્લી પડેલી ન હોય, અથવા ત્યાં એ સુગંધી દ્રવ્યોમાંનાં ખાંડવા જેવા દ્રવ્ય ખંડાતાં ન હોય, વેરાતાં ન હોય, એક વાસણમાંથી કાઢી બીજા વાસણમાં ભરાતાં ન હોય એ જાતની ઉદાર, આકર્ષક, મનોજ્ઞ, મનહર અને ઘ્રાણને તથા મનને શાંતિ આપનારી સુગંધ એ ભૂભાગમાંથી ચારે બાજુ ફેલાતી હતી. શું તે સુગંધી મણિઓ, એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર સુગંધી હતા ? એ અર્થ સમર્થ નથી, એ તો માત્ર ઉપમાઓ જ છે; તે સુગંધી મણિઓ તો તેના કરતાં ક્યાંય વધારે ઇષ્ટતર મનોજ્ઞ સુગંધવાળા બનાવવામાં આવ્યા છે.

તે મણિઓનો રંગ અને ગંધ જેવો ઉત્તમ હતો તેવો જ તેમનો સ્પર્શ પણ ઉત્તમોત્તમ હતો. જાણે કે મૃગચર્મ જેવો, રૂ જેવો, માખણ જેવો, હંસગર્ભ રૂથી ભરેલી તળાઈ પાથરેલી હોય તેવો, શિરીષ પુષ્પોના ઢગલા જેવો, કોમળ કમળોનાં પાંદડાં વેરેલાં હોય એવો તે મણિઓનો કોમળકોમળતર સ્પર્શ હતો. શું તે મણિઓને આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર તે કોમળ હતા ? એ અર્થ સમર્થ નથી. તે મણિઓ તો તે આપેલી ઉપમાઓ કરતાં પણ વધારે ઇષ્ટતર પ્રિય–યાવત્–કોમળ સ્પર્શવાળા બનાવવામાં આવ્યા છે.

ત્યારબાદ તે આભિયોગિક દેવોએ પૂર્વવર્ણિત દિવ્ય યાન–વિમાનની અંદર બરાબર વચ્ચેના ભાગમાં એક મોટા પ્રેક્ષાગૃહમંડપની રચના કરી. તે પ્રેક્ષાગૃહમંડપ અનેક સેંકડો સ્તંભો પર ઊભો કરવામાં આવ્યો હતો. તે ઊંચી અને સુઘડતાવાળી વેદિકાઓ, તોરણો અને સુંદર પુતળીઓથી સુશોભિત બનાવવામાં આવ્યો હતો. તે સુંદર, વિશિષ્ટ, રમણીય આકારવાળા, પ્રશસ્ત અને વિમળ વૈડૂર્યરત્નો જડેલાં સ્તંભોથી સુશોભિત હતો અને તેનો ભૂમિભાગ વિવિધ પ્રકારના ખીચોખીચ ભરેલા ચળકતા મણિઓથી બનાવવામાં આવ્યો હતો જે જુદા જુદા પ્રકારના અને અત્યંત સુંદર હતા. તેમાં ઈહામૃગ, વૃષભ, અશ્વ, નર, મગર, પક્ષી, સર્પ, કિન્નર, કસ્તૂરીમૃગ, અષ્ટાપદ, ચામરગાય, હાથી, વનલતા, પદ્મલતા, વગેરેનાં ચિત્રો કોર્યાં વા ચીતર્યાં હતાં. સ્થંભનો ઉપરનો ભાગ વજ્રરત્નોથી બનેલી વેદિકાને લીધે સુંદર દેખાતો હતો, જાણે કે યંત્રસંચાલિત વિદ્યાધર યુગલોથી સુશોભિત હોય, સૂર્યની જેમ હજારો કિરણોથી દેદીપ્યમાન અતિ દર્શનીય, નેત્રોને આકૃષ્ટ કરનાર, પ્રસન્નતાવર્ધક, સુખદ સ્પર્શવાળો અને શોભાયમાન હતો. તેની ઉપર સુવર્ણમય અને રત્નમય સ્તૂપો ઊભા કરવામાં આવ્યા હતા. તેના શિખરનો ઉપરનો ભાગ નાના પ્રકારની ઘંટડીઓ અને પંચરંગી પતાકાઓથી શોભતો હતો. એ મંડપ એટલો ચકચકતો હતો કે જોનારને તે જાણે ચાલતો હોય તેવો ચપલ જણાતો. તેમાંથી કિરણોની ધારા છૂટતી હોય એમ લાગતું. તેનું આંગણું અને દિવાલો છાણ અને સફેદ માટીથી લીંપેલા હતા. મંડપની બહાર અને અંદર રક્તચંદન વગેરે અનેક સુગંધી દ્રવ્યોના થાપા મારેલા હતા, અને ચંદનના કલશો ગોઠવેલ હતા, બધા બારણા ચંદનના કળશોથી શોભાયમાન અને તોરણોથી સુશોભિત કરેલા હતા, દીવાલો પર ઉપરથી નીચે સુધી લાંબી લાંબી સુગંધી માળાઓ લટકાવેલી હતી, જ્યાં ત્યાં સરસ સુગંધી પંચરંગી પુષ્પોના ઢગલા કરવામાં આવ્યા હતા, ઉત્તમ કાલાગુરુ, કુન્દરુક, તુરુષ્ક જેવા મનમોહક ધૂપની સુગંધથી મંડપ મઘમઘી રહ્યો હતો, જાણે કે ઉત્તમ સુગંધથી ગંધવર્તિકા (અગરબત્તી) જેવી પ્રતીતિ થઈ રહી હતી. મંડપમાં ચારે તરફ દિવ્ય વાજિંત્રોના સૂર ગુંજી રહ્યા હતા અને તે અપ્સરાઓના સમૂહથી વ્યાપ્ત હતો. તે સ્વચ્છ–યાવત્–અતિ મનોહર હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પ્રેક્ષાગૃહ મંડપની અંદર સમતલ અને અત્યંત સુંદર એવા ભૂમિભાગની વિકુર્વણા કરી–યાવત્–મણિઓના સ્પર્શ સુધીનું તે ભૂમિભાગનું સમસ્ત વર્ણન પૂર્વવત્ અહીં સમજી લેવું.

તે સમતલ એવા રમણીય પ્રેક્ષાગૃહ મંડપના ઉપરના ભાગમાં પદ્મલતા વગેરેનાં ભીંતચિત્રો ભરેલો સુંદર–યાવત્ અસાધારણ સુંદર ચંદરવો બાંધેલ હતો.

તે પ્રેક્ષાગૃહ મંડપના અત્યન્ત સુંદર ભૂમિભાગના મધ્ય ભાગમાં વજ્રરત્નોથી બનેલા એક વિશાળ અક્ષપાટ(અખાડા)ની રચના કરવામાં આવી હતી.

તે અખાડાના મધ્યભાગમાં આઠ યોજન લાંબી પહોળી અને ચાર યોજન જાડી એવી એક મોટી સ્વચ્છ સુંવાળી મણિપીઠિકાની વિકુર્વણા કરવામાં આવી જે સ્વચ્છ–યાવત્–દેખવા યોગ્ય હતી.

તે મણિપીઠિકા ઉપર એક વિશાળ સિંહાસન સ્થાપિત કર્યું, તે સિંહાસન આવા પ્રકારનું હતું—

તે સિંહાસનના ચારે પાયાના નીચેના ગોળ ભાગ તપનીય–સુવર્ણના, સિંહાકૃતિવાળા હાથા રત્નોના, પાયા સોનાના, પાયાના કાંગરા અનેક પ્રકારના મણિઓના, વચ્ચેના ભાગો જાંબૂનદનાં, તેના સાંધાઓ વજ્રરત્નોથી ભરેલા અને તેની મધ્યભાગમાં વણવામાં આવેલું વાણ અનેક પ્રકારના મણિઓથી બનાવવામાં આવ્યું હતું, તે સિંહાસન પર ઈહામૃગ, વૃષભ, અશ્વ, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, કિન્નર, કુંજર (હાથી), વનલતા, પદ્મલતા વગેરેની આકૃતિઓ બનાવવામાં આવી હતી. સિંહાસન આગળનું પાદપીઠ સર્વશ્રેષ્ઠ મૂલ્યવાન મણિઓ અને રત્નોનું બનાવવામાં આવ્યું હતું. તે પાદપીઠ પર નવા તૃણ, કુશની કુંપળો, અને કેશરના તંતુઓ જેવા અત્યંત સુકોમળ સ્પર્શવાળા સુંદર ઓશીકાં મૂકવામાં આવ્યાં હતાં, બેસવાના સ્થાને મૃગચર્મ, રૂ, નવનીતના સ્પર્શ જેવું મૃદુ આસન પાથરેલું હતું, તેના પર રાતી રમણીય ચાદર બીછાવેલી હતી. તે સિંહાસન અત્યંત રમ્ય, પ્રાસાદિક–યાવત્–પ્રતિરૂપ હતું.

તે સિંહાસનના ઉપરના ભાગમાં શંખ, અર્કરત્ન, કુન્દપુષ્પ, ઝાકળબિંદુ, મંથન કરેલ સાગરના ફીણના ઢગલા જેવા, સર્વરત્નમય, સ્વચ્છ, સુંવાળા, પ્રાસાદિક, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ એવા વિજય દૂષ્યની વિકુર્વણા કરી.

તે સિંહાસનના ઉપરના ભાગમાં લગાડેલ વિજયદૂષ્યની બરોબર વચ્ચોવચ્ચ એક મોટા વજ્રરત્નમય અંકુશની રચના કરવામાં આવી.

તે વજ્રરત્નમય અંકુશમાં કુંભ જેવડું અને તેવા આકારવાળું એક મોટું મુક્તાદામ–(મોતીનું ઝૂમર) લટકાવવામાં આવ્યું. તે કુંભ પ્રમાણવાળા મુક્તાદામની ચારે બાજુ અધઘડા જેવડાં બીજા ચાર મોતીદામ પરોવવામાં આવ્યાં હતાં. તે બધા મુક્તાદામ સોનાના લંબૂસગો (લટકણિયાં) અને સુવર્ણપત્રો (સોનાની પાંદડીઓ)થી શોભતાં હતાં, અનેકવિધ મણિઓ, જાતજાતના હારો, અધહારોના સમુદાયથી શોભતા હતા, પરસ્પરમાં સહેજ માત્ર સ્પર્શ થાય તેમ લટકી રહ્યા હતા. તેથી જ્યારે પૂર્વનો, પશ્ચિમનો, દક્ષિણનો કે ઉત્તરનો વાયુ ચાલતો ત્યારે તે મંદ મંદ હલતાં, એક બીજાની સાથે ટકરાતાં ત્યારે તેમાંથી કાનને મધુર લાગે તેવો અને મનને શાંતિ પમાડે તેવો મનોજ્ઞ, મનોહર રુમઝુમ રુમઝુમ શબ્દધ્વનિ નીકળતો તે સમસ્ત પ્રદેશને વ્યાપ્ત કરતો. આવા મુક્તાદામો શ્રી-શોભાથી ઘણાજ શોભાયમાન લાગતા હતા.

ત્યારબાદ તે આભિયોગિક દેવોએ વાયવ્ય ખૂણામાં, ઉત્તરમાં અને ઇશાન ખૂણામાં સૂર્યાભદેવના ચાર હજાર સામાનિક દેવોને બેસવા માટે ચાર હજાર ભદ્રાસનોની વિકુર્વણા કરી.

તે સિંહાસનની પૂર્વ દિશામાં તે સૂર્યાભદેવની ચાર પટ્ટરાણીઓ અને તેના પરિવારને બેસવા માટે ચાર હજાર ભદ્રાસનોની રચના કરવામાં આવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે સિંહાસનની દક્ષિણ–પૂર્વ દિશામાં સૂર્યાભદેવની આભ્યંતર સભાના આઠ હજાર દેવોને માટે આઠ હજાર ભદ્રાસનોની વિકુર્વણા કરવામાં આવી.

એ જ પ્રમાણે દક્ષિણ દિશામાં વચલી સભાના દસ હજાર દેવોને બેસવા માટે દસ હજાર ભદ્રાસનોની વિકુર્વણા કરવામાં આવી.

દક્ષિણ–પશ્ચિમ દિશામાં બાહ્ય સભાના બાર હજાર દેવોને બેસવા માટે બાર હજાર ભદ્રાસનોની રચના કરવામાં આવી.

પશ્ચિમ દિશામાં સાત સેનાપતિઓને માટે સાત ભદ્રાસનોની રચના કરવામાં આવી.

તે સિંહાસનની ચારે બાજુ સૂર્યાભદેવના આત્મરક્ષણ માટેના સોળ હજાર આત્મરક્ષક દેવોને બેસવા સોળ હજાર ભદ્રાસનોની વિકુર્વણા કરવામાં આવી. જે આ પ્રમાણે હતી.—

પૂર્વ દિશામાં ચાર હજાર, દક્ષિણ દિશામાં ચાર હજાર, પશ્ચિમ દિશામાં ચાર હજાર અને ઉત્તર દિશામાં ચાર હજાર.

તે દિવ્યયાન-વિમાનના રૂપ સૌંદર્યનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે—જેમ કે તેનો રંગ તરત જ ઉગેલા હેમંત ઋતુના બાળસૂર્ય જેવો, અથવા અંધારી રાતે સળગાવેલ ખેરના લાકડાના અંગારા જેવો, અથવા પૂર્ણપણે વિકસિત થયેલ જપાપુષ્પ–જાસુદના વન, અથવા કેસુડાંના વન અથવા પારિજાતકના વન જેવો લાલ હતો. શું તે યાન–વિમાન આવા પ્રકારના રૂપ સૌંદર્યવાળું હતું ? એ અર્થ સમર્થ નથી, તે દિવ્યયાન વિમાન તો બધી ઉપમાઓ કરતાં ક્યાંય વધારે ઈષ્ટતર–યાવત્–મનોહર લાલ વર્ણવાળું હતું. એ જ પ્રમાણે તેનાં ગંધ અને સ્પર્શ પણ પૂર્વોક્ત મણિઓના વર્ણનમાં વર્ણવેલ પદાર્થોની જેમ અધિક ઈષ્ટતર અને રમણીય હતાં.

આવા પ્રકારના દિવ્યયાન-વિમાનની વિકુર્વણા કર્યા બાદ તે આભિયોગિક દેવો જ્યાં સૂર્યાભદેવ હતા ત્યાં આવ્યા અને સૂર્યાભદેવ સમક્ષ વિનયપૂર્વક બંને હાથ જોડી દિવ્યયાન–વિમાન તૈયાર થઈ ગયાની જાણ કરી–યાવત્–આજ્ઞા તેને પાછી સોંપી.

**સૂર્યાભદેવનું ભગવાન મહાવીર પાસે આગમન અને દિવ્ય વિમાનારોહણ વગેરેનું વર્ણન—**

૨૧. ત્યારબાદ તે આભિયોગિક દેવો દ્વારા તે દિવ્યયાન –વિમાન તૈયાર થઈ ગયાના સમાચાર જાણી અને હૃદયમાં ધારણ કરીને તે સૂર્યાભદેવ હૃષ્ટ થયો–યાવત્–આનંદિત થઈ જિનેન્દ્ર પાસે જવા યોગ્ય દિવ્ય ઉત્તરવૈક્રિય રૂપ ધારણ કર્યું, પછી પોતાની ચાર પટ્ટરાણી અને બે અનીકો–સેનાઓ, ગાંધર્વો તથા નાટકકારોથી વીંટળાયેલ એ સૂર્યાભદેવે તે દિવ્યયાન વિમાનની પ્રદક્ષિણા કરી, પૂર્વ દિશાના સોપાન દ્વારા તે એ યાન વિમાન પર ચડ્યો અને ચડીને તેમાં ગોઠવેલ શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈ બેઠો.

ત્યાર બાદ સૂર્યાભદેવના ચાર હજાર સામાનિક દેવો તે દિવ્યયાન–વિમાનની પ્રદક્ષિણા કરી ઉત્તર દિશાના સોપાન દ્વારા તેના ઉપર ચઢ્યા, અને પહેલાંથી જ નક્કી થયેલ પોતપોતાનાં આસનો ઉપર બેઠા. અને બાકી રહેલ દેવ અને દેવીઓ પણ તે દિવ્યયાન–વિમાનની પ્રદક્ષિણા કરી–યાવત્–દક્ષિણ દિશાના સોપાન દ્વારા તેના ઉપર ચડ્યા અને બધા પોતપોતાના પૂર્વનિર્ધારિત કરેલ ભદ્રાસનો પર બેઠા.

ત્યાર બાદ તે દિવ્યયાન–વિમાન પર તે સૂર્યાભદેવ ચડી ગયા પછી તેની આગળ પૂર્વે નક્કી કરેલ ક્રમથી આઠ મંગળ ચાલવા લાગ્યા, તે મંગળનાં નામ આ પ્રમાણે છે–સ્વસ્તિક, શ્રીવત્સ–યાવત્–દર્પણ.

ત્યાર પછી પૂર્ણ કલશ, ભૃંગાર (ઝારી), દિવ્ય છત્ર, ચામર અને દેખતાં અનુરાગ ઉત્પન્ન કરે તેવી અતિશય સુંદર, ગગનતલનો સ્પર્શ કરતી અને વાયુથી ફરફરતી એક મોટી ઊંચી વિજયવૈજયંતી નામની પતાકા અનુક્રમથી આગળ ચાલવા લાગી.

ત્યાર બાદ વૈડૂર્ય રત્નોથી બનાવેલ દેદીપ્યમાન ચકચકતા દાંડાવાળુ, કોરંટ પુષ્પોની માળાઓથી સુશોભિત, ચંદ્ર જેવું ઉજ્જવળ, શ્વેત, નિર્મળ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊંચા આતપત્રછત્રથી યુક્ત, મણિરત્નોથી બનેલ, વેલ-બુટાથી સુશોભિત, પાવડીઓની જોડી અને પાદપીઠ સહિત અનેક દાસ દેવો દ્વારા વહન કરાતું એવું એક શ્રેષ્ઠ સિંહાસન અનુક્રમે આગળ ચાલવા લાગ્યું.

ત્યારબાદ વજ્રમાંથી બનાવેલો, દેદીપ્યમાન, ચકચકતો, ઘસીને સુંવાળો કરેલો, વર્તુલાકાર દાંડાવાળો, શેષ ધ્વજાઓની અપેક્ષાથી વિશિષ્ટ એટલેકે અન્યોઅન્ય હજારો નાનીમોટી અનેક પ્રકારની સુંદર રંગબેરંગી–પંચરંગી ધ્વજાઓથી વીંટળાએલ, સુંદર, વાયુના વેગથી લહેરાતી, છત્રાતિછત્ર યુક્ત, વિજયવૈજયંતી પતાકાથી યુક્ત, આકાશને અડકતો, હજાર યોજન ઊંચો એક ખૂબ જ મોટો ઈન્દ્રધ્વજ નામનો ધ્વજ અનુક્રમે આગળ ચાલવા લાગ્યો.

ત્યાર પછી સુંદર વેષભૂષાવાળા, સજધજ થયેલા, સર્વ પ્રકારના અલંકારોથી વિભૂષિત અને વિશેષ પ્રભાવશાળી લાગતા પાંચ સેનાધિપતિઓ તેમના મોટા સુભટસમુદાય સાથે અનુક્રમે આગળ ચાલ્યા.

ત્યારબાદ પોતપોતાને યોગ્ય વિશિષ્ટ વેશભૂષા સાથે એટલે કે પોતપોતાના વિશેષતાદર્શક પ્રતીક-ચિહ્નોથી સુસજ્જ થઇ, પોતપોતાના પરિવાર સાથે, પોતપોતાના નેજા સાથે, કાર્યોપયોગી સાધનો લઈને અનેક આભિયોગિક દેવો અને દેવીઓ અનુક્રમથી આગળ ચાલવા લાગ્યા.

ત્યારબાદ તે સૂર્યાભવિમાનમાં રહેતા અનેક વૈમાનિક દેવ અને દેવીઓ પોતપોતાની સર્વ પ્રકારની ઋદ્ધિ–યાવત્–વાજતે ગાજતે સૂર્યાભદેવની આગળ-પાછળ અને બન્ને બાજુએ સાથે સાથે ચાલવા લાગ્યા.

ત્યાર પછી પાંચ સેનાધિપતિઓ દ્વારા વીંટળાયેલ, વજ્રરત્નોથી બનેલ ગોળ સુંદર આકારવાળો–યાવત્–એક હજાર યોજન ઊંચો અતિવિશાળ ઇંદ્રધ્વજ આગળ રાખી તે સૂર્યાભદેવ ચાર હજાર સામાનિક દેવો–યાવત્–સોળ હજાર આત્મરક્ષક દેવો અને બીજા અનેક સૂર્યાભવિમાનમાં રહેતા દેવો અને દેવીઓને સાથે લઈ પોતાની સમસ્ત ઋદ્ધિ–યાવત્–વાજિંત્રોના અવાજ સાથે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ–પ્રભાવનો અનુભવ, પ્રદર્શન અને અવલોકન કરતો જ્યાં સૌધર્મકલ્પથી ઉત્તરમાં નીચે આવવાનો નિર્યાણમાર્ગ–નીકળવાનો માર્ગ હતો ત્યાં આવ્યો અને એક લાખ યોજન પ્રમાણ વેગવાળી ગતિથી નીચે ઊતર્યો અને તેજ ઉત્કૃષ્ટ ગતિથી ગમન કરી યાવત્ તિર્યક્‌રૂપમાં રહેલા અસંખ્યાત દ્વીપ-સમુદ્રોની વચ્ચોવચ્ચ થઈને જ્યાં નન્દીશ્વર દ્વીપ હતો, જ્યાં અગ્નિકોણમાં આવેલ રતિકર પર્વત હતો ત્યાં આવ્યો, ત્યાં આવીને તે સૂર્યાભદેવે પોતાની દિવ્ય દેવઋદ્ધિ–યાવત્–દિવ્ય દેવપ્રભાવને સંકેલી જ્યાં જમ્બૂદ્વીપ નામનો દ્વીપ હતો, જ્યાં ભારતવર્ષ હતું, તે ભારતવર્ષમાં જ્યાં આમલકલ્પા નગરી હતી, આમ્રશાલવન ચૈત્ય હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજ્યા હતા ત્યાં આવ્યો, ત્યાં આવી તેણે તે દિવ્ય યાનવિમાન સાથે શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર પ્રદક્ષિણા કરી અને ભગવાનથી ઉત્તર પૂર્વના ભાગમાં–ઈશાન ખૂણામાં તેણે એ યાન વિમાનને ધરતીથી ચાર આંગળ અધ્ધર રાખી ઊભું રાખ્યું અને પરિવારસહ પોતાની ચાર પટ્ટરાણીઓને, ગાંધર્વોને અને નાટકીયાઓને સાથે લઇ પૂર્વદિશાના સોપાન દ્વારા તે દિવ્યયાન–વિમાન ઉપરથી નીચે ઊતર્યો.

ત્યારબાદ તે સૂર્યાભદેવના ચાર હજાર સામાનિક દેવો ઉત્તર દિશાના સોપાન દ્વારા તે દિવ્યયાન–વિમાનથી નીચે ઊતર્યા અને ત્યાર પછી શેષ રહેલ અન્ય દેવ અને દેવીઓ દક્ષિણ દિશાના સોપાન દ્વારા તે દિવ્ય યાન-વિમાનથી નીચે ઊતર્યા.

ત્યારબાદ તે સૂર્યાભદેવ ચાર પટ્ટરાણીઓ–યાવત્–સોળ હજાર આત્મરક્ષક દેવો તથા અન્ય અનેક સૂર્યાભવિમાનવાસી વૈમાનિક દેવો અને દેવીઓથી વીંટળાએલો, પોતાની સર્વ પ્રકારની દિવ્ય ઋદ્ધિ–યાવત્–દેવ વાદ્યોના મધુર ઘોષ સાથે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજ્યા હતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં આવ્યો અને આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી તેમને આ પ્રમાણે નિવેદન કર્યું—

'હે ભગવન્! હું સૂર્યાભદેવ આપ દેવાનુપ્રિયને વંદન નમસ્કાર કરું છું–યાવત્–આપની પર્યુપાસના કરું છું.'

'હે સૂર્યાભ!' એ પ્રમાણે સંબોધન કરી શ્રમણ ભગવાન મહાવીરે સૂર્યાભદેવને આ પ્રમાણે કહ્યું: 'હે સૂર્યાભ! એ પુરાતન પરંપરા છે, હે સૂર્યાભ! એ જીત–પ્રાચીન રીત છે, હે સૂર્યાભ! એ કૃત્ય છે, હે સૂર્યાભ! એ કરવા યોગ્ય છે. હે સૂર્યાભ! એ પૂર્વપરંપરાથી આચરાએલું છે, અને હે સૂર્યાભ! એ સંમત થયેલું છે કે 'ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક વર્ગના દેવો અરહંત ભગવંતોને વંદન નમસ્કાર કરે છે અને પછી પોતપોતાનાં નામ-ગોત્રો કહે છે.' માટે હે સૂર્યાભદેવ! તું જે કરે છે તે પુરાતન છે–યાવત્–સંમત થયેલું છે."

શ્રમણ ભગવાન મહાવીરનું આ કથન સાંભળી તે સૂર્યાભદેવ બહુ હર્ષિત થયો–યાવત્–પ્રફુલ્લ થયો, સંતુષ્ટ થયો અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરી તેમનાથી બહુ નજીક નહીં, તેમજ બહુ દૂર નહીં, પરંતુ યોગ્ય સ્થાન પર બેસીને તેમની શુશ્રૂષા કરતો, સામે રહી વિનયપૂર્વક હાથ જોડી શ્રમણ ભગવાન મહાવીરની પર્યુપાસના કરવા લાગ્યો.

**સૂર્યાભ દ્વારા નૃત્યવિધિનું ઉપદર્શન—**

૨૨. તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ તે સૂર્યાભદેવને અને અતિ વિશાળ પરિષદને–સભાને ધર્મદેશના સંભળાવી–યાવત્–દેશના સાંભળી તે સભાના માણસો જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ફર્યા.

ત્યારબાદ તે સૂર્યાભદેવ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મસંદેશ સાંભળીને હૃદયમાં ઉતારીને હર્ષિત, સંતુષ્ટ–યાવત્–આહ્લાદિત હૃદયવાળો થયો અને પોતાના આસન પરથી ઊઠીને તેણે શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કરી આ પ્રમાણે પૂછ્યું—

'હે ભગવંત! હું સૂર્યાભદેવ ભવસિદ્ધિક–ભવ્ય છું કે અભવ્યસિદ્ધિક–અભવ્ય છું? સમ્યગ્દષ્ટિવાળો છું કે મિથ્યાદષ્ટિવાળો છું? સંસારમાં પરિમિતપણે ભમનારો છું, કે અનંત કાળ સુધી ભમનારો છું? બોધિની પ્રાપ્તિ થવી મારા માટે સુલભ છે કે દુર્લભ છે? હું આરાધક છું કે વિરાધક છું? ચરમશરીરી છું કે અચરમશરીરી છું?'

'હે સૂર્યાભ!' એ પ્રમાણે સંબોધન કરી શ્રમણ ભગવાન મહાવીરે તે સૂર્યાભદેવને આ પ્રમાણે કહ્યું—

'હે સૂર્યાભ! તું ભવસિદ્ધિક છો, અભવસિદ્ધિક નથી–યાવત્–તું ચરમશરીરી છે, અચરમશરીરી નથી.'

શ્રમણ ભગવાન મહાવીરનું આ કથન સાંભળીને તે સૂર્યાભદેવનું ચિત્ત આનંદિત થયું, હૃષ્ટ થયું, સંતુષ્ટ થયું, પરમ સૌમનસ્ય-યુક્ત થયું અને તેણે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે નિવેદન કર્યું કે–

'હે ભગવન્! આપ બધું જાણો છો અને જુઓ છો, જ્યાં જ્યાં જે છે તે બધું આપ જાણો છો અને જુઓ છો, સર્વકાળના બનાવોને જાણો છો અને જુઓ છો, સર્વ ભાવોને આપ જાણો છો અને જુઓ છો; અને એટલા માટે હે દેવાનુપ્રિય! મારી દિવ્ય ઋદ્ધિસિદ્ધિને, મેં પ્રાપ્ત કરેલી દિવ્ય દેવદ્યુતિને અને દિવ્ય દેવાનુભાવને પણ પહેલાં અને પછી આપ જાણો છો અને જુઓ છો; તો હે ભગવન્! આપ દેવાનુપ્રિય તરફની મારી ભક્તિને લીધે હું એવી ઇચ્છા કરું છું કે મારી દિવ્ય ઋદ્ધિસિદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ અને દિવ્ય દેવપ્રભાવ તથા બત્રીશ પ્રકારની દિવ્ય નાટ્ય કળા આ ગૌતમ વગેરે શ્રમણ-નિર્ગ્રન્થોને દેખાડું."

ત્યારે સૂર્યાભદેવની આ વિનંતી સાંભળી શ્રમણ ભગવાન મહાવીરે સૂર્યાભદેવની આ વિનંતીનો આદર ન કર્યો, અનુમતિ ન આપી પરંતુ તે મૌન રહ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારબાદ બીજીવાર, ત્રીજીવાર પણ તે સૂર્યાભદેવે આવા પ્રકારનું નિવેદન કર્યું—

'હે ભગવન્! આપ બધું જાણો છો—યાવત્—નાટ્યકળા દેખાડવા ઇચ્છું છું.' એ પ્રમાણે કહી શ્રમણ ભગવાન મહાવીરની ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી ઉત્તર-પૂર્વની દિશા તરફ-ઇશાન કોણમાં ગયો, ત્યાં જઈ વૈક્રિયસમુદ્ઘાત કર્યો, વૈક્રિયસમુદ્ઘાત કરી તેણે સંખ્યેય યોજન લાંબો દંડ બહાર કાઢ્યો, દંડ કાઢીને જાડાં મોટાં પુદ્ગલોને તજી દીધાં અને જોઈએ તેવાં યથાસૂક્ષ્મ પુદ્ગલોનો સંચય કર્યો, સંચય કરીને બીજીવાર સમુદ્ઘાત કર્યો—યાવત્—સર્વ પ્રકારે સર્વ બાજુથી એકસરખો એવો એક ભૂભાગ સજર્યો, તે ભૂમિભાગ પૂર્વે વર્ણવેલાં મૃદંગ અને પુષ્કર વાદ્યના ઉપરના ભાગ જેવો સમતલ—યાવત્—રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળા મણિઓથી સુશોભિત હતો. તે સર્વ બાજુથી એકસરખા અને સુંદર ભૂમિભાગની વચ્ચોવચ્ચ તેણે એક પ્રેક્ષકગૃહની રચના કરી, જે અનેક સેંકડો સ્થંભો પર આધારિત હતું. અહીં પૂર્વે કરેલ મંડપનું વર્ણન સમજવું. તે પ્રેક્ષકગૃહ મંડપની અંદર તેમાં બાંધેલ ચંદરવો, અખાડો, મણિપીઠિકા અને સર્વ બાજુથી સમતલ એવા ભૂમિભાગની વિકુર્વણા કરવામાં આવી.

તે મણિપીઠિકાની ઉપર પાદપીઠ, છત્ર વગેરે સહિત એક સિંહાસનની રચના કરી—યાવત્—તેનો ઉપરનો ભાગ મુક્તાદામ—મોતીના ઝુમખાથી સુશોભિત થઇ રહ્યો હતો.

ત્યારબાદ તે સૂર્યાભદેવે શ્રમણ ભગવાન મહાવીરની તરફ જોઇ પ્રણામ કરી 'હે ભગવન્! મને અનુજ્ઞા આપો' એમ કહી તીર્થંકર તરફ મુખ કરી તે ઉત્તમ સિંહાસન પર બેઠો.

ત્યારબાદ સૌથી પહેલાં તે સૂર્યાભદેવે નિપુણ શિલ્પીઓ દ્વારા બનાવેલ અનેક પ્રકારના મણિમય, કનકમય, રત્નમય વિમલ અને ચકચકનાં ત્રુટિત-બાજુબંધ વગેરે શ્રેષ્ઠ આભૂષણોથી દીપતો, ઊજળો, પુષ્ટ અને લાંબો એવો પોતાનો જમણો હાથ પ્રસાર્યો, ત્યારે એના એ જમણા હાથમાંથી સમાન શરીર—આકાર, સમાન રંગ, સમાન વય, સમાન લાવણ્ય, રૂપ-યૌવન અને ગુણ યુક્ત, સરખાં નાટકીય ઉપકરણો અને વસ્ત્રાભૂષણોથી સજ્જેલા, ખભાની બન્ને બાજુમાં લટકતા ઉત્તરીય વસ્ત્રથી યુક્ત, તિલક અને શિરોભૂષણ બાંધેલ, ગળામાં ગ્રૈવેયક અને શરીરે કંચુકવસ્ત્ર પહેરેલા, ચિત્ર—વિચિત્ર પટ્ટાવાળાં અને કુદકી ફરતાં જેના છેડા ફીણની જેમ ઉંચા થાય એવી છેડે—કોરે મૂકેલી ઝાલરવાળાં રંગબેરંગી નાટકીય પરિધાન પહેરેલા, છાતી અને કંઠમાં પડેલા એકાવલી આદિ હારોથી શોભાયમાન અને નૃત્ય કરવાને તત્પર એકસો ને આઠ દેવકુમારો નીકળ્યા.

ત્યારબાદ અનેક પ્રકારના મણિઓ વગેરે આભૂષણોથી શોભતો—યાવત્—પુષ્ટ અને લાંબો એવો ડાબો હાથ પસાર્યો ત્યારે તેમાંથી સમાન શરીરાકૃતિવાળી, સમાન રંગ, સમાન વય, સમાન લાવણ્ય, રૂપ, યૌવન અને ગુણયુક્ત, સરખા નાટકીય-ઉપકરણો અને વસ્ત્રાભૂષણોથી તૈયાર થયેલી, ખભાની બંને બાજુએ લટકતા ઉત્તરીય વસ્ત્રવાળી, મસ્તકે તિલક વાળી અને શિરોભૂષણ બાંધેલી, ગળામાં ગૈવેયક અને શરીરે કંચુક પહેરેલી, અનેક પ્રકારના મણિઓ અને રત્નોના આભૂષણોથી શોભાયમાન અંગોપાંગવાળી, ચંદ્ર સમાન લલાટપટ્ટવાળી, ચંદ્રથી પણ અધિક સૌમ્ય દર્શનવાળી, ખરતા તારાની જેમ ચમકતી, ચારુ શૃંગારથી શોભતી, હાસ્ય, વાણી, ગતિ અને વિવિધ વિલાસમાં તથા લલિત સંલાપ અને યોગ્ય ઉપચારમાં કુશળ, હાથમાં પોતપોતાના વાદ્યો લઇ નૃત્ય કરવાની પૂરી તૈયારીવાળી એવી એક સો ને આઠ દેવકુમારિકાઓ નીકળી.

ત્યારબાદ તે સૂર્યાભદેવે એક સો આઠ શંખો, એક સો આઠ શંખવાદકો, એક સો આઠ રણશિંગા અને એક સો આઠ રણશિંગાવાદકો, એક સો આઠ શંખલીઓ, એક સો આઠ શંખલીવાદકો, એક સો આઠ ખરમુખીઓ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક સો આઠ ખરમુખીવાદકો, એક સો આઠ પેય (નગારા) એક સો આઠ પેયવાદકો, એક સો આઠ પિરિપિરિકાઓ અને એક સો આઠ પિરિપિરિકા-વાદકોની વિકુર્વણા કરી.

આ પ્રમાણે કુલ મળીને ઓગણપચાસ જાતનાં એક સો ને આઠ આઠ વાજાઓ અને એક સો ને આઠ આઠ તે દરેક વાજાના વગાડનારની વિકુર્વણા કરી

પછી તેમણે તે દેવકુમારો અને દેવકુમારિકાઓને બોલાવ્યાં.

ત્યારે તે બધા દેવકુમારો અને દેવકુમારિકાઓ સૂર્યાભદેવ દ્વારા બોલાવવાને કારણે હર્ષિત થયા—યાવત્—જ્યાં સૂર્યાભદેવ હતો ત્યાં આવ્યા અને આવીને બન્ને હાથ જોડી—યાવત્—વધાવી સૂર્યાભદેવને આ પ્રમાણે નિવેદન કર્યું—

'હે દેવાનુપ્રિય! અમારે જે કરવા યોગ્ય કામ છે તેની આજ્ઞા આપો અથવા અમારે જે કામ કરવાનું છે તેની આજ્ઞા આપો.'

ત્યારે તે સૂર્યાભદેવે તે બધાં દેવકુમારો અને દેવકુમારિકાઓને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તમે બધા શ્રમણ ભગવંત મહાવીર પાસે જાઓ અને તેમની ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરો, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કરો, વંદન—નમન કરી ગૌતમ વગેરે શ્રમણનિર્ગ્રંથોને તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ અને દિવ્ય બત્રીસ પ્રકારની નાટ્યવિધિ દેખાડો અને દેખાડીને તરતજ મારી આજ્ઞાનું પાલન થયાની જાણ કરો.'

**નૃત્યવિધિનું વર્ણન—**

૨૩. ત્યારબાદ તે બધાં દેવકુમારો અને દેવકુમારીઓ તે સૂર્યાભદેવની આ આજ્ઞા સાંભળી હૃષ્ટ તુષ્ટ-યાવત્—પ્રસન્ન થઈ બંને હાથ જોડી—યાવત્—આજ્ઞાનો સ્વીકાર કરી જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજ્યા હતા ત્યાં આવ્યા, આવીને તેઓ શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરી, જ્યાં ગૌતમ વગેરે શ્રમણ-નિર્ગ્રંથો હતા તે તરફ આવ્યા. ત્યારબાદ તે બધાં દેવકુમારો અને દેવકુમારિકાઓ એક સાથે જ એક હારમાં ઊભાં રહ્યાં, સાથે જ નીચે નમ્યાં, વળી સાથે જ તેઓ પોતાનાં મસ્તક ઉંચા કરી ટટ્ટાર ઊભા રહ્યાં, એ જ પ્રમાણે સાથે સાથે જ સંગતપણે નીચે નમ્યાં અને પાછાં ટટ્ટાર ઊભાં રહ્યાં, ઊભાં રહી ધીમેથી થોડા નમ્યાં અને પછી ફરીથી મસ્તક ઊંચા કરી એક સાથે જ અલગ અલગ ફેલાઈ ગયાં, ફેલાઈને એક સાથે પોતપોતાનાં વાદ્યોને લઈ ફરી એક સાથે મળી પોતપોતાના વાદ્યો વગાડવા લાગ્યા, ગાવા લાગ્યા અને નાચવા લાગ્યા. તેમનું તે સંગીત-નૃત્ય કેવું હતું ?

તેમનું સંગીત ઉરથી શરૂ થતાં ઉઠાવમાં ધીરુ—મંદ મંદ, મૂર્ધામાં આવતાં તારસ્વરવાળું અને કંઠમાં આવતાં વિશેષ તારસ્વરવાળું એમ ત્રિસ્થાન-સમુદ્ગત તે સંગીત ત્રિસમય-રેચકથી રચિત હોવાથી ત્રિવિધરૂપવાળું હતું. તેવા સંગીતના મધુરસ્વરથી સમસ્ત પ્રેક્ષકગૃહ ગુંજી રહ્યુ હતું. જે જાતના રાગનું ગીત હતું તેને જ અનુકૂળ એમનું સંગીત હતું. ગાનારાઓનાં ઉર, મૂર્ધા અને કંઠ એ ત્રણે સ્થાનો અને એ સ્થાનોનાં કરણો વિશુદ્ધ હતાં. વળી ગુંજતી વાંસળી અને વીણાના સ્વર સાથે એકરૂપ, એક બીજાની વાગતી હથેળીના અવાજને અનુસરતું, મુરજ અને કાંસીઓના ઝણઝણાટના તથા નાચનારાઓના પગના ઠમકાના તાલને બરાબર મળતું, વીણાના લયને બરાબર બંધબેસતું, વીણા વગેરે વાદ્યોની ધૂનને અનુરૂપ, કર્ણપ્રિય, સર્વ પ્રકારે સમ, લલિત, કાનને કોમળ, મનોહર, મૃદુ, રિભિત, પદસંચારી, શ્રોતાઓને રતિકર, અંતમાં પણ સુખકારી એવું તે નૃત્યકારોનું શ્રેષ્ઠ નૃત્ય-સજ્જ વિશિષ્ટ પ્રકારનું ઉત્તમોત્તમ સંગીત હતું. તેની સાથે જ તેમણે શું કર્યું ? તો કહે છે કે—

જ્યારે એ મધુરું મધુરું સંગીત ચાલતું હતું ત્યારે શંખ, રણશિંગું, શંખલો, ખરમુખી, પેયા, પિરિપિરિકાને વગાડનારા તે દેવો તેમને ફૂંકતા; પણવ, પટહના વગાડનાર તેના ઉપર આઘાત કરતા, એ જ પ્રમાણે કોઈ ભંભા અને મોટી ઢાકો પર ટંકાર મારતા; ભેરી, ઝાલર, દુંદુભીઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર તાડન કરતા, મુરજ, મૃદંગ અને નંદી-મૃદંગોનો આલાપ લેતા, આલિંગ, કુસ્તુંબ, ગોમુખી અને માદલ ઉપર ઉત્તાડન કરતા, વીણા, વિપંચી અને વલ્લકીઓને મૂર્છાવતા, સો તારની મોટી વીણા, કાચબી વીણા અને ચિત્ર વીણાને કૂટતા, બદ્ધીસ, સુઘોષા અને નંદીઘોષાનું સારણ કરતા, ભ્રામરી, ષડ્ભ્રામરી અને પરિવાદની વીણાનું સ્ફોટન કરતા, તૂણ અને તુંબવીણાને છબછબાવતા, આમોટ (ઝાંઝ), કુંભ અને નકુલોનું આમોટન કરતા—પરસ્પર અફળાવતા, મૃદંગ, હુડુક્કી અને વિચિક્કીઓને છેડતા, કરટી, ડિંડિમ, કિણિત અને કડવાંને બજાવતા; દર્દરક, દર્દરિકા, કુસ્તંબુરુ, કલશીઓ અને મહુઓ ઉપર અતિશય તાડન કરતા; તલ, તાલ અને કાંસાના તાલો ઉપર થોડું થોડું તાડન કરતા—પરસ્પર ઘસતા, રિંગિરિસિકા, લત્તિકા, મકરિકા અને શિશુમારિકાનું ઘટ્ટન કરતા અને બંસી, વેણુ, બાલી, પરિલ્લી તથા બદ્ધકોને ફૂંકતા હતા. આ પ્રમાણે બધાં પોતપોતાના વાદ્યો વગાડી રહ્યા હતા.

તે દિવ્ય સંગીત, દિવ્ય વાદન અને દિવ્ય નૃત્ય આવા પ્રકારનું અદ્ભુત, શૃંગારરસથી તરબોળ, મનોહર, ઉદાર, મનોજ્ઞ હતું કે તે મનમોહક ગીત, મનમોહક નૃત્ય અને મનમોહક વાદ્યસંગીતને સાંભળનાર અને નૃત્યને જોનારના મનમાં સ્પર્ધા ઉત્પન્ન કરતું હતું. દર્શકોના વાહવાહના શબ્દોથી તે નાટ્યશાળા ગુંજી રહી હતી. આ પ્રમાણે તે સર્વ દેવકુમારિકાઓ દિવ્ય દેવક્રીડા (રમત)માં પ્રવૃત્ત થયેલા હતા.

ત્યારબાદ તે બધા દેવકુમારો અને દેવકુમારિ-ઓએ શ્રમણ ભગવાન મહાવીર અને ગૌતમ વગેરે નિર્ગ્રંથ શ્રમણો સમક્ષ ૧. સ્વસ્તિક, ૨. શ્રીવત્સ, ૩. નંદ્યાવર્ત, ૪. વર્ધમાનક, ૫. ભદ્રાસન ૬. કલશ, ૭. મત્સ્યયુગલ અને ૮. દર્પણ, એ આઠ મંગલ દ્રવ્યોના આકાર અને રૂપ દિવ્ય અભિનયો વડે દેખાડયાં. (૧)

ત્યારબાદ મંગલ દ્રવ્યાકાર નૃત્યવિધિ દેખાડયા બાદ બીજા નૃત્યની તૈયારી માટે તે બધાં દેવકુમારો અને દેવકુમારિકાઓ એકત્રિત થયાં, એકત્રિત થયાં ત્યારથી છેક દિવ્ય દેવ-રમણમાં પ્રવૃત્ત થઇ ગયાં ત્યાં સુધીનું બધું વર્ણન અહીં સમજવું.

ત્યારબાદ તે બધા દેવકુમારો અને દેવકુમારિ-કાઓએ શ્રમણ ભગવાન મહાવીર સમક્ષ આવર્ત, પ્રત્યાવર્ત, શ્રેણિ, પ્રશ્રેણિ, સ્વસ્તિક, સૌવસ્તિક, પૂસમાણવક, વર્ધમાનક, મત્સ્યાંડક, મકરાંડક, જાર, ચાર, પુષ્પાવલી, પદ્મપત્ર, સાગર-તરંગ, વસંતલતા, પદ્મલતાની આકૃતિ રચી દિવ્ય નૃત્યવિધિનું પ્રદર્શન કર્યું. (૨)

આવી રીતે એક એક નૃત્યવિધિ દેખાડયા પછી બીજી શરૂ કરવા દરમિયાન તે દેવકુમારો અને દેવકુમારિકાઓના એકત્રિત થવાથી લઇને દિવ્ય દેવક્રીડા સુધીના સમગ્ર કથનનું પૂર્વવત્ વર્ણન કરવું.

ત્યારબાદ તે બધાં દેવકુમારો અને દેવકુમારિ-કાઓએ શ્રમણ ભગવાન મહાવીર સમક્ષ ઇહામૃગ, બળદ, ઘોડો, માનવ, મગર, વિહગ-પક્ષી, વ્યાલક (સર્પ), કિન્નર, રુરુમૃગ, સરભ (અષ્ટાપદ), ચમર, કુંજર, વનલતા અને પદ્મ-લતાની આકૃતિઓ અભિનય દ્વારા રચી દિવ્ય-નૃત્યવિધિનું પ્રદર્શન કર્યું (૩)

તે ઉપરાંત તે દેવકુમારો અને દેવકુમારિકા-ઓએ શ્રમણ ભગવાન મહાવીર સમક્ષ એકતઃ ચક્રવાલ (જે નૃત્યમાં એક બાજુ ધનુષાકારની શ્રેણી બનાવવામાં આવે છે), દ્વિધાચક્રવાલ, ચક્રાર્ધચક્રવાલ એમ ચક્રાર્ધ અને ચક્રવાલનો દિવ્ય અભિનય બતાવ્યો. (૪)

પછી ચન્દ્રાવલિ-પ્રવિભક્તિ, સૂર્યાવલિ પ્રવિ-ભક્તિ, વલયાવલિ પ્રવિભક્તિ, હંસાવલિ પ્રવિ-ભક્તિ, એકાવલિ પ્રવિભક્તિ, તારાવલિ પ્રવિ-ભક્તિ, મુક્તાવલિ પ્રવિભક્તિ, કનકાવલિ પ્રવિ-ભક્તિ અને રત્નાવલિ પ્રવિભક્તિ નામની દિવ્ય નૃત્યવિધિઓનું પ્રદર્શન કર્યું (૫)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પછી તેમણે ચન્દ્રોદ્દ્ગમ પ્રવિભક્તિ, સૂર્યોદ્દ્ગમ પ્રવિભક્તિ અને ઉદ્દ્ગમનોદ્દ્ગમ પ્રવિભક્તિ નામની દિવ્ય નૃત્યવિધિઓ બતાવી. (૬)

ત્યાર પછી તેમણે ચન્દ્રાગમન પ્રવિભક્તિ, સૂર્યાગમન પ્રવિભક્તિ, અને આગમનાગમન પ્રવિભક્તિ નામે દિવ્ય નૃત્યવિધિનું પ્રદર્શન કર્યું (૭)

તે પછી તેમણે ચન્દ્રાવરણ પ્રવિભક્તિ, સૂર્યાવરણ પ્રવિભક્તિ અને આવરણાવરણ પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી. (૮)

ત્યાર પછી તેમણે ચન્દ્રાસ્તમન પ્રવિભક્તિ, સૂર્યાસ્તમન પ્રવિભક્તિ એટલે કે ચન્દ્ર અને સૂર્યના અસ્ત થવાના દશ્યની સૂચક દિવ્ય નૃત્ય વિધિઓ બતાવી. (૯).

ત્યાર પછી ચન્દ્રમંડલ પ્રવિભક્તિ, સૂર્યમંડલપ્રવિભક્તિ, નાગમંડલ પ્રવિભક્તિ, યક્ષમંડલપ્રવિભક્તિ, ભૂતમંડલ પ્રવિભક્તિ, રાક્ષસમંડલપ્રવિભક્તિ, મહોરગમંડલ પ્રવિભક્તિ તથા ગંધર્વમંડલ પ્રવિભક્તિ અને મંડલમંડલપ્રવિભક્તિ નામની દિવ્ય નૃત્યવિધિઓ પ્રદર્શિત કરી. (૧૦)

ત્યાર પછી તેમણે વૃષભમંડલ પ્રવિભક્તિ, સિંહમંડલપ્રવિભક્તિ, અશ્વવિલંબિતગતિ, ગજવિલંબિતગતિ, અશ્વવિલસિત, ગજવિલસિત, મત્તઅશ્વવિલંસિત, મત્તગજવિલસિત, મત્તઅશ્વવિલંબિત, મત્તગજવિલંબિત અને દ્રુતવિલંબિત નૃત્યવિધિઓ દેખાડી. (૧૧)

ત્યારબાદ સાગરપ્રવિભક્તિ અને નાગરપ્રવિભક્તિ અર્થાત્ સમુદ્ર અને નગર સંબંધી નૃત્યવિધિઓનો અભિનય કરી બતાવ્યો. (૧૨)

ત્યારબાદ નંદા પ્રવિભક્તિ, ચંપા પ્રવિભક્તિ અર્થાત્ નંદા પુષ્કરિણી અને ચંપકવૃક્ષની રચનારૂપ નંદા-ચંપાપ્રવિભક્તિ નામની દિવ્ય નૃત્યવિધિનું પ્રદર્શન કર્યું. (૧૩)

ત્યારબાદ મત્સ્યાંડપ્રવિભક્તિ, મકરાંડપ્રવિભક્તિ, જારપ્રવિભક્તિ, મારપ્રવિભક્તિની સુંદર આકૃતિઓથી યુક્ત મત્સ્યાંડ-મકરાંડ-જાર-માર-પ્રવિભક્તિ નામની દિવ્ય નૃત્યવિધિઓનો અભિનય કર્યો. (૧૪)

ત્યારબાદ તે દેવકુમારો અને દેવકુમારિકાઓએ ક્રમશઃ 'ક' અક્ષરની રચના કરી 'ક'કારપ્રવિભક્તિ, 'ખ' અક્ષરની રચના કરી 'ખ'કારપ્રવિભક્તિ, 'ગ' અક્ષરની રચના કરી 'ગ'કારપ્રવિભક્તિ, 'ઘ' અક્ષરની રચના કરી 'ઘ'કારપ્રવિભક્તિ, અને 'ઙ' અક્ષરની રચના કરી 'ઙ'કાર પ્રવિભક્તિ, આ પ્રમાણે કકાર, ખકાર, ગકાર, ઘકાર, ઙકારપ્રવિભક્તિ નામની દિવ્ય નૃત્યવિધિઓનું પ્રદર્શન કર્યું. (૧૫)

એ જ પ્રમાણે ચકાર વર્ગના 'ચ', 'છ', 'જ', 'ઝ', 'ઞ' અક્ષરોની રચના કરી, ચકારવર્ગ પ્રવિભક્તિ નામની દિવ્ય નૃત્યવિધિનું પ્રદર્શન કર્યું. (૧૬)

એ જ પ્રમાણે 'ટ, ઠ, ડ, ઢ, ણ'–ટકારવર્ગના અક્ષરોની આકૃતિ બનાવી ટકારવર્ગ પ્રવિભક્તિ નામની નૃત્યવિધિનું પ્રદર્શન કર્યું. (૧૭)

ત્યારબાદ તકારવર્ગના અક્ષરો 'ત, થ, દ, ધ, ન'ની આકૃતિ બનાવી તકારવર્ગ-પ્રવિભક્તિ નામની નૃત્યવિધિનું પ્રદર્શન કર્યું. (૧૮)

ત્યાર પછી 'પ, ફ, બ, ભ, મ' આ પકારવર્ગના અક્ષરોના આકાર બનાવી પકારવર્ગ પ્રવિભક્તિ નામની નૃત્યવિધિનો અભિનય કર્યો. (૧૯)

તે ઉપરાંત અશોક પલ્લવ (અશોકવૃક્ષના પાંદડાં), આમ્રપલ્લવ, જાંબુપલ્લવ, કોશાંબ પલ્લવ જેવી આકૃતિની રચના કરી પલ્લવપ્રવિભક્તિ નામની દિવ્યવિધિનું પ્રદર્શન કર્યું. (૨૦)

ત્યારબાદ પદ્મલતાપ્રવિભક્તિ–યાવત્–શ્યામલતા પ્રવિભક્તિ દ્વારા લતાપ્રવિભક્તિ નામની દિવ્ય નૃત્યવિધિ દેખાડી. (૨૧)

પછી દ્રુત નામની દિવ્ય નૃત્યવિધિનું પ્રદર્શન કર્યું. (૨૨)

ફરી વિલંબિત નામની દિવ્ય નૃત્યવિધિનું પ્રદર્શન કર્યું. (૨૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર બાદ દ્રુત-વિલંબિત નામની દિવ્ય નૃત્ય-વિધિ દેખાડી. (૨૪)

ત્યારબાદ અંચિત નામની દિવ્ય નૃત્યવિધિનું પ્રદર્શન કર્યું. (૨૫)

ત્યારપછી રિભિત નામની દિવ્ય નૃત્યવિધિનું પ્રદર્શન કર્યું. (૨૬)

તે ઉપરાંત અંચિત-રિભિત નામની દિવ્ય નૃત્યવિધિ પ્રદર્શિત કરી. (૨૭)

ત્યારબાદ આરભટ નામની દિવ્ય નૃત્યવિધિનું પ્રદર્શન કર્યું. (૨૮)

ત્યારબાદ ભસોલ નામની દિવ્ય નૃત્યવિધિ દેખાડી. (૨૯)

ત્યારપછી આરભટ-ભસોલ નામની દિવ્ય નૃત્યવિધિનો અભિનય પ્રદર્શિત કર્યો. (૩૦)

ત્યારબાદ ઉત્પાત-નિપાત પ્રવૃત્ત, સંકુચિત, પ્રસારિત, રયારઈય, ભ્રાંત અને સંભ્રાંતની ક્રિયાઓને લગતી દિવ્ય નૃત્યવિધિઓ દેખાડી. (૩૧)

ત્યારબાદ તે બધાં દેવકુમારો અને દેવકુમારિકાઓ એક સાથે ભેગા થયા-યાવત્-દિવ્ય દેવ-રમણમાં તલ્લીન થયાં.

ત્યારબાદ તે બધા દેવકુમારો અને દેવકુમારિકાઓએ શ્રમણ ભગવાન મહાવીરના પૂર્વભવ સંબંધી ચરિત્ર-નિબદ્ધ, ચ્યવનચરિત્રનિબદ્ધ, ગર્ભસંહરણચરિત્રનિબદ્ધ, જન્મચરિત્રનિબદ્ધ, અભિષેકચરિત્રનિબદ્ધ, બાલ્યભાવ (બાલ્યાવસ્થા) ચરિત્રનિબદ્ધ, યૌવનચરિત્રનિબદ્ધ, કામભોગ-ચરિત્રનિબદ્ધ, નિષ્ક્રમણચરિત્રનિબદ્ધ, તપશ્ચરણ-ચરિત્રનિબદ્ધ, જ્ઞાનોત્પાદચરિત્રનિબદ્ધ, તીર્થ-પ્રવર્તનચરિત્રનિબદ્ધ, પરિનિર્વાણચરિત્રનિબદ્ધ અને ચરમચરિત્રનિબદ્ધ નામની દિવ્ય નૃત્ય-વિધિઓનું પ્રદર્શન કર્યું. (૩૨)

**નૃત્યની સમાપ્તિ અને સૂર્યાભનું પાછા ફરવું—**

૨૪. ત્યારે તે દેવકુમારો અને દેવકુમારિકાઓએ ઢોલ નગારા વગેરે તત, વીણા વગેરે વિતત-તાંતવાળાં, ઝાંઝ વગેરે ઘન-નક્કર અને શંખ વગેરે શુષિર-પોલાં એમ ચાર પ્રકારનાં વાજિંત્રો વગાડયાં.

ત્યારબાદ તે બધાં દેવકુમાર અને દેવકુમારિકાઓએ ઉત્ક્ષિપ્ત, પાદાન્ત, મંદ અને રોચિત એમ ચાર પ્રકારનું સંગીત ગાયું.

ત્યારબાદ તે બધાં દેવકુમારો અને દેવકુમારિકાઓએ દર્ષ્ટાંતિક, પ્રાત્યંતિક, સામાન્યતોપનિપાતનિક અને અંતર્મધ્યાવસાનિક-એ ચાર પ્રકારના અભિનયોને અભિનય વડે પ્રદર્શિત કર્યા.

ત્યારપછી તે બધા દેવકુમારો અને દેવ-કુમારિકાઓએ ગૌતમ વગેરે શ્રમણ નિર્ગ્રંથોને એ બત્રીશ પ્રકારની દિવ્ય નાટયવિધિ, દિવ્ય દેવઋદ્ધિ, દિવ્યદેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ દેખાડયા બાદ શ્રમણ ભગવાન મહાવીરની ત્રણવાર પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી તેઓ જ્યાં સૂર્યાભદેવ હતો ત્યાં આવ્યા, ત્યાં આવી બંને હાથ જોડી આવર્ત-પૂર્વક મસ્તક પર અંજલિ રચી સૂર્યાભદેવને જય-વિજય શબ્દોથી વધાવ્યો અને આજ્ઞા પૂર્ણ કર્યાની જાણ કરી અર્થાત્ નૃત્યવિધિ વગેરે પ્રદર્શિત કર્યાની જાણ કરી.

ત્યારબાદ તે સૂર્યાભદેવે પોતાની તે દિવ્ય દેવ-ઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવને સંકેલી લીધો, સંકેલી લઈને એક ક્ષણમાં પૂર્વવત્ એકલો હતો તેવો એકાકી બની ગયો.

ત્યારપછી તે સૂર્યાભદેવ તે શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કરી, પોતાના પરિવારને સાથે લઈ, દિવ્ય યાન-વિમાન ઉપર ચડી જે દિશામાંથી આવ્યો હતો તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.

**સૂર્યાભદેવની દેવઋદ્ધિ વગેરેનું શરીરાન્તર્ગતત્વ નિરૂપણ—**

૨૫. 'હે ભગવંત!' એ પ્રમાણે ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે નિવેદન કર્યું—

'હે ભગવન્! તે સૂર્યાભદેવની એ દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, અને દિવ્ય દેવાનુભાવ કયાં ગયો? કયાં સમાઈ ગયો?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે ગૌતમ ! શરીરમાં ચાલી ગઈ, શરીરમાં સમાઈ ગઈ.'–ભગવાન મહાવીરે ઉત્તર આપ્યો.

ગૌતમસ્વામીએ ફરી પૂછ્યું—'હે ભગવંત ! શા કારણથી આપ એમ કહી શકો છો કે શરીરમાં ચાલી ગઈ ? શરીરમાં સમાઈ ગઈ ?'

ભગવાને ઉત્તર આપ્યો—'હે ગૌતમ ! જેમ કોઈ એક શિખરબંધી મકાન બહાર અને અંદર છાણ વગેરેથી લીંપેલું ગુંપેલું, બહારથી ફરતી દીવાલવાળું, મજબૂત બારણાથી યુક્ત, ગુપ્ત દ્વારવાળું, ઊંડું અને હવા જેમાં ભરાઈ ન શકે તેવું હોય, એ મકાનની નજીક એક વિશાળ જનસમુદાય બેઠો હોય અને તે જ સમયે આકાશમાં એક મોટું પાણીભર્યું વાદળું અથવા જળવૃષ્ટિ થવા યોગ્ય વાદળ, અથવા પ્રચંડ આંધીને આવતી જુવે તો તે જોતાં જ તે વિશાળ જનસમુદાય શિખરબંધી મકાનની અંદર પ્રવેશી જાય છે, તો હે ગૌતમ ! તે જ પ્રમાણે સૂર્યાભદેવની તે સર્વ દેવઋદ્ધિ વગેરે તેના શરીરમાં પ્રવેશી ગઈ—અંતર્લીન થઈ ગઈ છે એ પ્રમાણે મેં કહ્યું છે.'

**સૂર્યાભ-વિમાનનાં સ્થાન વગેરેનું વિસ્તારથી વર્ણન—**

૨૬. ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછ્યો—'હે ભગવન્ ! તે સૂર્યાભદેવનું સૂર્યાભવિમાન ક્યાં બતાવ્યું છે?'

ઉત્તર આપતા ભગવાને કહ્યું—'હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર (સુમેરુ) પર્વતથી દક્ષિણે આ રત્નપ્રભા નામની પૃથ્વીના અત્યંત સમતલ અને રમણીય ભૂભાગથી ઊંચે ઊર્ધ્વ દિશામાં ચન્દ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારામંડલથી આગળ અનેક સેંકડો યોજનો, હજાર યોજનો, લાખો યોજનો, કરોડો યોજનો અને કરોડો કરોડો યોજન ઊંચે ઊંચે દૂર જઈએ ત્યારે ત્યાં સૌધર્મકલ્પ નામનો કલ્પ–વૈમાનિક દેવોને રહેવાનું સ્થાન–સ્વર્ગલોક છે. જે પૂર્વ પશ્ચિમ લાંબો અને ઉત્તર–દક્ષિણ દિશામાં પહોળો, અર્ધચંદ્રજેવા આકારવાળો છે, પોતાનાં કિરણોનાં પ્રકાશથી ઝગમગતો છે, અસંખ્ય કોટા–કોટી યોજન લંબાઈ પહોળાઈવાળો તથા અસંખ્ય કોટા-કોટી યોજન પ્રમાણે પરિધિવાળો છે. અહીં (સૌધર્મ કલ્પમાં) સૌધર્મ દેવોનાં બત્રીશ લાખ વિમાનાવાસો બતાવ્યાં છે. એ બધા વિમાનાવાસો સર્વરત્નમય, દર્શનીય અને અસાધારણ સુંદરતાવાળા છે.

તે વિમાનોની અતિમધ્યભાગમાં ચારે દિશામાં પાંચ અવતંસક (ભવનો) જણાવેલાં છે. જે આ પ્રમાણે—અશોક અવતંસક, સપ્તપર્ણ અવતંસક, ચંપક અવતંસક, ચૂતક અવતંસક અને વચ્ચે સૌધર્માવતંસક. એ પાંચે અવતંસકો પણ સર્વરત્નમય, સ્વચ્છ–યાવત્–સુંદરતમ છે.

તેમાં તે સૌધર્માવતંસક મહાવિમાનથી પૂર્વે તીરછું અસંખ્ય લાખ યોજન આગળ વધીએ ત્યારે ત્યાં સૂર્યાભદેવનું સૂર્યાભ નામનું વિમાન જણાવેલું છે, જેની લંબાઈ પહોળાઈ સાડાબાર લાખ યોજન અને પરિધ ઓગણચાલીસ લાખ બાવન હજાર આઠ સો અડતાલીસ યોજન પ્રમાણ છે.

તે વિમાનની ચારે બાજુ ફરતો એક મોટો પ્રાકાર–ગઢ છે. ગઢ ત્રણસો યોજન ઊંચો છે, મૂળમાં તેની પહોળાઈ સો યોજન, વચ્ચે પચાસ યોજન અને છેક ઉપર પચીસ યોજન છે. આ પ્રકારની પહોળાઈવાળો હોવાથી તેનો ગાયના પૂંછડા જેવો આકાર છે. તથા તે આખો ગઢ સર્વરત્નમય, સ્ફટિકમણિના જેવો નિર્મળ–યાવત્–અસાધારણ સુંદરતાવાળો છે.

તે ગઢના કાંગરા અનેક પ્રકારના કાળા રંગના, નીલા રંગના, રાતા રંગના, પીળા રંગના અને ધોળા રંગના, એમ પાંચે રંગોથી સુશોભિત છે.

તે પ્રત્યેક કાંગરો લંબાઈમાં એક યોજન, પહોળાઈમાં અડધો યોજન અને એક યોજનથી થોડી ઓછી ઊંચાઈનો છે. તે સર્વ કાંગરા સર્વ પ્રકારનાં રત્નોમાંથી બનાવેલાં છે, નિર્મળ–યાવત્–બહુ રમણીય છે.

સૂર્યાભદેવના તે વિમાનની એક-એક બાજુએ હજાર હજાર દ્વાર છે એમ કહેવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે દ્વાર પાંચસો–પાંચસો યોજન ઊંચા, અઢીસો યોજન પહોળા અને તેટલા જ પ્રવેશ (જવા-આવવા માટે પ્રવેશ સ્થાનની જગ્યા)વાળા છે તે બધાં દ્વાર સફેદ રંગના છે અને તેમની ઉપરનાં શિખરો ઉત્તમ સુવર્ણનાં છે. તેની પર વૃષભ, ઈહા-મૃગ, અશ્વ, મનુષ્ય, મકર, પક્ષી, સર્પ, કિન્નર, રુરુમૃગ, અષ્ટાપદ, ચમર, હાથી, વનલતા, પદ્મ-લતા વગેરેનાં ચિત્રો દોરેલાં છે. તેનાં સ્તંભો ઉપરની વેદિકાઓ વજ્રરત્નોથી યુક્ત હોવાને કારણે સુંદર દેખાય છે. ત્યાં સમશ્રેણીમાં રહેલા વિદ્યાધરયુગલ યંત્ર દ્વારા ચાલતા હોય તેવા દેખાય છે. હજારો કિરણોથી ઝળહળતાં અને હજારો રૂપકો–ચિત્રોથી યુક્ત હોવાને કારણે તે દ્વાર દેદીપ્યમાન અને અતિશય સુંદર દેખાય છે, અને જોનારની આંખોને આકર્ષિત કરી લે છે. તેનો સ્પર્શ સુખકર અને રૂપાકૃતિ શોભાયમાન છે. તે દ્વારોનું સ્વરૂપવર્ણન આ પ્રમાણે કહ્યું છે—

તે દરેક બારણાની નેમો વજ્રમય, મૂળ પાયા રિષ્ટરત્નના, સ્થંભો વૈડૂર્ય મણિઓના તથા તેનું તળ પંચરંગી ઉત્તમ મણિઓમાંથી બનેલું છે. ઉમરા હંસગર્ભરત્નના, ઈંદ્રકીલો ગોમેદરત્નોનાં, બારસાખો લોહિતાક્ષરત્નની, ઓતરંગો જ્યોતિ-રસરત્નના, ખીલીઓ લોહિતાક્ષરત્નની અને સાંધાઓ વજ્રરત્નોથી ભરેલા છે, ખીલીઓની ટોપીઓ વિવિધ પ્રકારના મણિઓની છે, આગ-ળિયા અને તેનું અટકણ વજ્રરત્નનાં છે, આવર્તનપીઠ–ઉલાળાનું ટેકણ રજતનું, બાર-ણાનાં ઉત્તર પડખાં અંકરત્નનાં છે. તેનાં કમાડ સહેજ પણ આંતરા વિનાનાં–ચપોચપ ભીડાય તેવાં મજબૂત છે. પ્રત્યેક દ્વારની બંને બાજુએ દિવાલોમાં કુલ મળીને ત્રણસો છપ્પન ભીંત-ગોળીઓ (ગોળ ગુપ્ત ઝરૂખા) છે અને તેટલી જ ગોમાણસીઓ એટલે બેઠકો છે. દ્વારો પર વિવિધ પ્રકારના મણિરત્નોથી બનાવેલ સર્પ આકારે ક્રીડા કરતી પૂતળીઓ બનાવવામાં આવી છે. તેનો માઢ–માડભાગ વજ્રરત્નનો અને માડભાગનું શિખર રૂપાનું છે. અને તેની ઉપરનો ભાગ સોનાનો છે. દ્વારોના જાળીવાળા ઝરૂખા અનેક પ્રકારના મણિરત્નોથી બનેલા છે. છાપરાના વાંસ મણિઓના અને વાંસને બાંધવાની ખપાડો લોહિતાક્ષરત્નની છે. ભૂમિ ચાંદીની છે. પડખાં અને પડખાંની બાજુએ અંકરત્નમય છે. છાપરાની નીચે સીધી અને આડી વળીઓ તથા નળિયાં જ્યોતિરસરત્નમય છે. તેની પાટીઓ રૂપાની, નળિયાંનાં ઢાંકણ સુવર્ણમય અને ટાટીઓ વજ્રમય છે. ટાટીઓની ઉપર અને નળિયાની નીચેનું ઢાંકણ સફેદ અને ચાંદીનું બનેલ છે. તેનો ઉપરનો ભાગ અંક રત્નનો અને ચાંદીનો છે. તેનું શિખર અંક-રત્નોનું અને ચાદીનું છે અને ઉપરની સ્તુપિ-કાઓનો રંગ તપેલા સોનાની જેવો છે. તે દરવાજા શંખના જેવા સ્વચ્છ, દહીં દૂધ અને ચાંદીના ઢગલા જેવા સફેદ લાગે છે. તે દરવાજાના ઉપરના ભાગમાં અનેક પ્રકારના તિલકો–ટીલાં અને રત્નોથી બનેલા અનેક પ્રકારના અર્ધ-ચંદ્રો કોતરેલા છે, વળી અનેક પ્રકારની મણિ-માળાઓથી અલંકૃત કરવામાં આવ્યા છે. તે દરવાજા અંદર અને બહાર અત્યંત સ્નિગ્ધ અને સુકોમળ છે, સોનાની જેવી પીળી ભૂકીથી લીપેલાં છે, સુખદ સ્પર્શવાળા અને સુંદર શોભાવાળાં, પ્રસન્નતા પમાડે તેવાં દર્શનીય અને અસાધારણ રમણીય છે.

તે દરવાજામાં બન્ને બાજુની બેઠકોમાં ચંદનના સોળ સોળ કળશોની હારો છે. તે ચંદનકલશો શ્રેષ્ઠ ઉત્તમ કમળો ઉપર રાખવામાં આવ્યા છે, ઉત્તમ સુગંધી જળોથી ભરેલાં છે, ચંદનનો લેપ લગાડેલા છે, તેમના કાંઠાઓમાં રાતાં સૂતરના દોરા છે અને તેનું મુખ પદ્મોત્પલનાં ઢાંકણોથી ઢંકાયેલું છે. હે આયુષ્યમાન્ શ્રમણ! એ બધા જ કળશો સર્વરત્નમય છે. નિર્મળ–યાવત્–મોટામાં મોટા ઈન્દ્રકુંભના જેવા વિશેષ રમણીય જણાવેલા છે.

વળી તે દરવાજાઓની બન્ને બાજુની બેઠકોમાં સોળ સોળ નાગદંતોની–ખીલાઓની હારો આવેલી છે. તે બધા નાગદંતો ઉપર નાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાની રણઝણતી ઘંટડીઓ લટકતી હતી, એ બધા ભીંતમાં બરાબર બેઠેલા હતા, એમનો આગલો ભાગ ભીંતથી સારી રીતે બહાર પડતો હતો–એવા એ સાપના અડધા ભાગ જેવા દેખાતા વજ્રમય સીધા લાંબા નાગદંતો, હે આયુષ્યમન્ શ્રમણ! મોટા મોટા ગજદંતના આકાર જેવા સ્વચ્છ અને શોભાજનક છે.

વળી, એ નાગદંતોમાં કાળા, નીલા, રાતા, પીળા અને ધોળા સૂતરથી પરોવેલી લાંબી લાંબી માળાઓ લટકાવેલી છે, એ માળાઓના ઉપરનાં ફુમતાં સોનાનાં છે, એ ફુમતાંની અડખેપડખે સોનાના પતરાની પાંદડીઓ જડેલી છે; વળી, હે આયુષ્યમાન્ શ્રમણ! એ નાગદંતોની ઉપર બીજા સોળ સોળ નાગદંતોની હારો આવેલી છે, તે પણ ગજદંતના આકાર જેવા ઘાટીલા અને અતિરમણીય છે.

આ નાગદંતો પર અનેક રજતમય શીકાં ટાંગેલાં છે, એ દરેક શીકા પર વૈડૂર્યની ધૂપઘડીઓ મૂકેલી છે, એ ધૂપઘડીઓમાં ઉત્તમ કાલાગરુ, કુંદુરુક્ક અને તુરુષ્કનો સુગંધી ધૂપ મઘમઘી રહ્યો છે, એવી એ સુગંધી ધૂપસળી જેવી મઘમઘતી ધૂપઘડીઓમાંથી નીકળતી મનોહારી સુગંધ નાક અને મનને શાંતિ આપતી તે પ્રદેશમાં ચારે કોર ફેલાતી રહે છે.

વળી, એ દરવાજાઓની બન્ને પડખેની બેઠકોમાં સોળ સોળ પૂતળીઓની હારો જણાવેલી છે. તે પૂતળીઓ વિવિધ પ્રકારની લીલાઓવાળી, સુપ્રતિષ્ઠિત, સારી રીતે શણગારેલી, રંગબેરંગી વિવિધ પ્રકારનાં વસ્ત્રો પહેરેલી અને અનેક જાતની માળાઓ વડે શોભાયમાન છે. એમનો કટિભાગ મૂઠીમાં આવી જાય એવો પાતળો, અંબોડો ઊંચો અને પયોધરો સહવર્તી ઊંચા ગોળ કઠણ પુષ્ટ, આંખના ખૂણા રાતા, વાળ મૃદુ, કાળા, સઘન, ગુંચળાવાળા અને શોભનીય છે. અશોક વૃક્ષ ઉપર, તેની ડાળને ડાબે હાથે પકડીને એ પૂતળીઓ ઊભેલી છે. અધખુલી આંખે નેત્રકટાક્ષ કરતી એ, જાણે દેવોનાં મનને હરી ન લેતી હોય તેવી, એક-બીજા સામું જોતી એ જાણે પરસ્પર ખીજાતી ન હોય એવી જણાય છે. એ બધી પૃથ્વીમાંથી–માટીમાંથી બનેલ છતાં પણ નિત્ય રહેનારી છે. એમનું મુખ ચંદ્ર જેવું, લલાટ અર્ધચંદ્ર જેવું અને દેખાવ ચંદ્ર જેવો મનોહર છે અને ચંદ્રથીએ અધિક સૌમ્ય છે. ખરતા તારાની જેમ એ બધી ઝગમગ્યા કરે છે, મેઘની વીજળીના ઝબકારા અને પ્રખર સૂર્યના પ્રકાશ કરતાંય તેઓ વધુ ઝબકે છે–ચમકે છે. એવી એ પૂતળીઓ શૃંગારે આકારે અને વેશે પ્રસાદ ઉપજાવે એવી દેખાવડી અને મનોહર છે.

એ દરવાજાઓની બન્ને બેઠકોમાં સર્વરત્નમય સુંદર જાળીવાળાં સોળ સોળ રમણીય સ્થાનો છે.

એ દરવાજાઓની બન્ને પડખેની બેઠકોમાં સોળ સોળ ઘંટાની હારો ટાંગેલી જણાવેલી છે. એ ઘંટાઓ ઉચ્ચ સુવર્ણમય, તેમનાં લોલકો વજ્રમય, ઘંટાનાં બન્ને પડખાં વિવિધ મણિમય, ઘંટાની સાંકળો સોનાની અને દોરીઓ રૂપાની છે. તેમનો અવાજ મેઘના ગડગડાટ જેવો, સિંહની ત્રાડ જેવો, દુંદુભિના નાદ જેવો, વાદ્યવૃંદનાં નાદ જેવો, નંદિઘોષ જેવો, હંસના સ્વર જેવો અને ક્રૌંચના સ્વર જેવો મંજુલ છે. એવા કાન અને મનને ઠારે–સુખ આપે તેવા રણકાર વડે તે ઘંટાઓ આસપાસના પ્રદેશને પણ ભરી દે છે.

એ દરવાજાઓની બન્ને બાજુની બેઠકોમાં સોળ સોળ વનરાજીઓ જણાવેલી છે. એ વનરાજીઓમાં વૃક્ષો, વેલો, કુંપળો અને પાંદડાં મણિમય છે, એમનાં ઉપર ભમરાઓ ગુંજતા રહે છે. એવી એ વનરાજીઓ શોભાથી ભરપૂર, દર્શનીય અને પ્રાસાદિક છે. તે દરવાજાઓની બન્ને પડખેથી બેઠકોમાં સોળ સોળ પ્રકંઠકો–ઓટલાઓ જણાવેલા છે. તે દરેકની લંબાઈ–પહોળાઈ અઢીસો યોજન અને જાડાઈ સવાસો યોજન છે. તે તે એક એક પ્રકંઠક ઉપર એક એક મોટો ઊંચો પ્રાસાદ આવેલો જણાવેલો છે, તે દરેક પ્રાસાદ અઢી સો યોજન ઊંચો અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સવા સો યોજન પહોળો છે. જાણે પ્રભાના પુંજ ન હોય એવા એ પ્રાસાદો વિવિધ મણિઓ અને રત્નોથી ખીચોખીચ જડેલા છે. ઉપરા-ઉપર છત્રોથી શોભાયમાન છે. વિજય વૈજયંતી પતાકાઓ એ પ્રાસાદો ઉપર પવનથી ફરફરતી રહે છે. એનાં મણિકનકમય શિખરો ઊંચા આભને અડે છે. એ પ્રાસાદોની ભીંતોમાં વચ્ચે વચ્ચે રત્નોવાળાં જાળિયાંઓ મૂકેલાં છે. બારણામાં પેસતાં જ વિકાસમાન શતપત્ર પુંડરીક કમળો અને ભીંતોમાં વિવિધ તિલકો તથા અર્ધચંદ્રકો કોરેલા છે. મહેલો અંદર અને બહાર સુંવાળી રેતીથી લીંપેલા અને સુખદ સ્પર્શવાળા, દર્શનીય-યાવત્-માળાઓવાળા છે.

એ પ્રાસાદોના દરવાજાઓની બન્ને બાજુ સોળ સોળ તોરણો જણાવેલાં છે. એ મણિમય તોરણો મણિમય થાંભલાઓ ઉપર સારી રીતે બેસાડેલાં છે-યાવત્-તેમના ઉપર પદ્મ વગેરેના ગુચ્છાઓ ટાંગેલા છે.

તે એક એક તોરણની આગળ પૂર્વ વર્ણવેલા એવા નાગદંતો તથા એવી જ બબ્બે પૂતળીઓ ઊભેલી છે.

તે જ રીતે દરેક તોરણની આગળ એક એક બાજુ સર્વરત્નમય ઘોડા, હાથી, માનવ, કિંનર, કિંપુરુષ, મહોરગ, ગાંધર્વ અને વૃષભનાં યુગલો આવેલાં છે.

તે જ પ્રકારે દરેક તોરણની આગળ નિત્ય પુષ્પવાળી સર્વરત્નમય પદ્મલતા વગેરેની શ્રેણિઓ આવેલી છે.

એ રીતે, હે આયુષ્મન્ શ્રમણ! તે તોરણોની સામે બે બે દિશાસ્વસ્તિક, બે બે ચંદનકલશ અને મત્તગજના મુખ જેવા ભૃંગાર-ઝારીની બે બે હારો ગોઠવેલી છે.

વળી, તે તોરણની આગળ બબ્બે બબ્બે દર્પણો હોવાનું જણાવેલું છે. એ દર્પણોનાં ચોકઠાં સુવર્ણમય, મંડળો અંકરત્નમય અને એમાં પડતાં પ્રતિબિંબો નિર્મલાતિનિર્મળ છે. હે દીર્ઘજીવી શ્રમણ! ચદ્રમંડળ જેવાં એ નિર્મળ દર્પણો અર્ધકાય પ્રમાણ જણાવેલા છે.

વળી, એ તોરણોની આગળ વજ્રના બે બે થાળો જણાવેલા છે. એ થાળો જાણે કે ત્રણ વાર છડેલા આખા ચોખાથી ભરેલા ન હોય એવા ભાસે છે. હે આયુષ્યમન્ શ્રમણ! એ થાળો જાંબુનદ સુવર્ણના બનેલા છે-યાવત્-રથનાં પૈડાં જેવા મોટા છે.

વળી, એ તોરણોની આગળ સ્વચ્છ પાણી અને તાજાં લીલાં ફળોથી ભરેલી બે બે પાત્રીઓ મૂકેલી જણાવેલી છે.

હે ચિરંજીવ શ્રમણ! એ બે બે પાત્રીઓ ગાયને ખાણ આપવાના મોટા ગોળ સુંડલા જેવડી મોટી સર્વરત્નમય અને અતિ સુંદર છે.

વળી, એ તોરણોની આગળ નાનાવિધ ભાંડોથી ભરેલા સર્વરત્નમય બે બે સુપ્રતિષ્ઠકો છે-શરાવો છે, બે બે મનોગુલિકાઓ-પેઢલીઓ છે. એ પેઢલીઓમાં સોનાનાં અને રૂપાનાં અનેક પાટિયાંઓ જણાવેલાં છે. તે સોનારૂપાનાં પાટિયાંઓમાં વજ્રમય નાગદંતો જડેલા છે, એ નાગદંતો ઉપર વજ્રમય શીકાં છે, એ શીકાં ઉપર કાળા નીલા રાતા પીળા અને ધોળા સૂતરના જાળીદાર પડદાવાળા, પવનથી ભરેલા ઘડાઓ છે; એ બધા પવનપૂર્ણ ઘટો વૈડૂર્યમય -યાવત્-સુંદર છે.

વળી, એ તોરણોની આગળ રત્નો ભરેલા બબ્બે કરંડિયાઓ છે. ચતુરંત ચક્રવર્તી રાજાના રત્નપૂર્ણ કરંડિયાની જેમ એ કરંડિયાઓ પોતાના પ્રકાશથી એ જગ્યાને ચારે બાજુથી પ્રકાશિત, ઝગમગતી કરી દે છે.

વળી, એ તોરણોની આગળ વજ્રમય બબ્બે હયકંઠો, ગજકંઠો, નરકંઠો, કિન્નરકંઠો, કિંપુરુષકંઠો, મહોરગકંઠો, ગાંધર્વકંઠો અને વૃષભકંઠો રાખેલ છે.

વળી એ તોરણોની આગળ સર્વરત્નમય બબ્બે ચંગેરીઓ છે. તેમાં સર્વરત્નમય પુષ્પ, માળા, ચૂર્ણ, વસ્ત્ર, આભરણ, સરસવ અને પીંછીઓ મૂકેલી છે. તે બધી સ્વચ્છ-યાવત્-સુંદર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી, એ તોરણની આગળ બબ્બે સિંહાસનો હોવાનું કહ્યું છે. તેમનું વર્ણન પૂર્વવત્ સમજવું.

વળી, તે તોરણોની આગળ બબ્બે રજતમય છત્રો હોવાનું જણાવેલું છે. એ છત્રોના દાંડા વૈડૂર્યના, કર્ણિકા–ઝૂલ સોનાની, સાંધા વજ્રના છે. તેમાં મોતીથી પરોવેલી સોનાની આઠ હજાર સળીઓ છે અને તેની ચંદન જેવી શીતળ સુગંધી છાયા છે. મંગળરૂપ ચિત્રોથી આલેખેલાં ચંદ્રના ઘાટ જેવાં એ સર્વ છત્રો અતિશોભનીય છે.

વળી, એ તોરણોની આગળ બે બે ચામરો આવેલા છે. એ ચામરોના હાથા વૈડૂર્યના અને એમાં વિવિધ મણિરત્નની કોતરણી કોરેલી છે. શંખ, અંકરત્ન, કુંદપુષ્પ, જળકણ અને મથિત ક્ષીરસાગરના ફીણ જેવાં શ્વેત પાતળા વાળવાળાં સર્વરત્નમય એ ચામરો બહુ સુશોભિત દેખાય છે.

એ જ પ્રમાણે તે તોરણોથી આગળ તેલ, કુઠ–ઉપલેટ, પત્ર–તમાલપત્ર, ચૂઆ, તગર, એલચી, હરતાળ, હિંગળોક, મનસિલ અને અંજનની બબ્બે ડાબલીઓ રાખેલી છે. એ ડાબલીઓ સર્વરત્નમય અને અનુપમ શોભાવાળી છે.

વળી, એ સૂર્યાભવિમાનના એક એક દ્વાર ઉપર ચક્રનાં નીશાનીવાળા એક એક સોને આઠ ધ્વજો છે; એ જ પ્રમાણે મૃગ, ગરુડ, છત્ર, પીંછું, પક્ષી, સિંહ, વૃષભ, ચારદાંતવાળા હાથી અને ઉત્તમ નાગની નિશાનીવાળા એક સો ને આઠ આઠ ધ્વજો છે, અર્થાત્ એ પ્રત્યેક બારણા ઉપર એક હજાર અને એંશી ધ્વજો લહેરી રહ્યા છે એમ જણાવેલું છે.

એ એક એક દ્વાર પર ચંદરવાથી સુશોભિત પાંસઠ પાંસઠ ભૌમો–ભૂમિનાં સ્થાનો જણાવેલાં છે. એ ભૌમોની બરાબર વચ્ચે એક એક સિંહાસન મૂકેલું છે, બાકીના ભૌમો ઉપર એક એક ભદ્રાસન મૂકેલું છે.

વિમાનનાં બારણાંઓનાં ઓતરંગો (ઉપરના ભાગો) રિષ્ટ આદિ સોળ પ્રકારનાં રત્નોથી ઘડેલાં છે. તે બારણાંઓ ઉપર ધજા અને છત્રોથી શોભતાં આઠ આઠ મંગલો આવેલાં છે.

એ રીતે વિમાનની ચારે બાજુનાં તે બધાં બારણાં એવી ઉત્તમોત્તમ શોભાવાળાં છે.

એ સૂર્યાભવિમાનની આસપાસ પાંચસો પાંચસો યોજન મૂકીને ચારે દિશામાં ચાર વનખંડો આવેલા છે. પૂર્વમાં અશોકવન, દક્ષિણમાં સપ્તપર્ણવન, પશ્ચિમમાં ચંપકવન અને ઉત્તરમાં ચૂતકવન. એ વનખંડોની લંબાઈ સાડાબાર લાખ યોજનથી કાંઈક વધારે અને પહોળાઈ પાંચ સો યોજન છે. તે દરેકની ફરતો એક એક કોટ છે. એ ચારે વનખંડો શ્યામ, શ્યામ પ્રભાવાળા, નીલ, નીલ પ્રભાવાળા, હરિત, હરિત પ્રભાવાળા, કૃષ્ણ–યાવત્–હરિત છાયાવાળા, સઘન છાયાવાળા, રમ્ય અને મહામેઘના સમૂહ જેવા છે.

તેમાં આવેલ વૃક્ષો ઊંડા મૂળવાળા છે આદિ વર્ણન. તે વનખંડોનું ભોંયતળ આલિંગ પુષ્કર આદિની જેમ તદ્દન સમ-સપાટ છે. તે ઉપર અનેક પ્રકારના મણિઓ અને તૃણો શોભી રહ્યાં છે, તેમનો સ્પર્શ અને ગંધ મનગમતો આકર્ષક છે, તે પૂર્વવર્ણન મુજબ જાણવો.

'હે ભગવન્! પૂર્વ પશ્ચિમ દક્ષિણ અને ઉત્તરના વાયુ વાય છે ત્યારે મંદ મંદ હલતા પરસ્પર અથડાતા એવા તે તૃણોનો અને મણિઓનો કેવો અવાજ થાય છે?'

'હે ગૌતમ! એમનો અવાજ શ્રમહર, શ્રુતિમધુર અને શ્રુતિને અત્યંત તૃપ્તિ આપનારો થાય છે.

છત્ર, ધજા, ઘંટ, પતાકા અને ઉત્તમ તોરણોથી સુશોભિત એક સુંદર રથ હોય, જેની ચારે બાજુ નાની નાની ટોકરીઓ જડેલી હોય, હિમાલયમાં ઉગેલા મજબૂત તિનિશના લાકડામાંથી બનાવેલો હોય, આરા અને ધોંસરું બરાબર બેસાડેલાં હોય, પૈડાં ઉપરનો લોઢાનો પાટો મજબૂત હોય, શુભ લક્ષણોવાળા કુલીન ઘોડાની જોડ જોડેલી હોય, જેનો સારથિ અતિકુશળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય અને એકસો બાણોવાળાં બત્રીસ ભાથાંઓ, કવચો વગેરે યુદ્ધોપકરણોથી જે ભરેલો હોય, એવો એ રથ, રાજાના મણિઓ જડેલા ભવ્ય આંગણામાં કે અંતઃપુરમાં કે રમણીય પ્રદેશમાં વારંવાર ચાલતો હોય, વારંવાર આવતો જતો હોય, ત્યારે તેનો કર્ણપ્રિય મધુર ધ્વનિ સંભળાય છે.

'હે ભગવન્ ! શું તે રથાદિકનો ધ્વનિ તે તૃણો અને મણિઓના જેવો છે ?'

'ગૌતમ ! ના, એના જેવો એમનો ધ્વનિ નથી પણ તે કરતાંય વિશેષ મધુર છે.'

'હે ભગવંત ! વાદનકુશળ નર વા નારી દ્વારા રાત્રીના છેલ્લે પહોરે વાગતી ચડતી ઊતરતી મૂર્છનાવાળી એવી વૈતાલિક વીણાનો, ચંદનના શ્રેષ્ઠ કાષ્ઠમાંથી બનાવેલા કોણના સ્પર્શથી મંદ મંદ ઘર્ષણથી, કંપિત થવાથી, ક્ષુભિત થવાથી, જે મધુર સુંદર મનહર કર્ણપ્રિય શ્રેષ્ઠ અવાજ સંભળાય છે, તેવો અવાજ શું તે તૃણોનો અને મણિઓનો છે ?'

'ગૌતમ ! ના, એવો પણ નથી—એ કરતાં સવિશેષ મધુર છે !'

'અથવા હે ભગવન્ ! ભદ્રશાલ, નંદન, સૌમનસ કે પાંડકવનમાં અથવા હિમાલય, મલય કે મંદર-ગિરિની ગુફાઓમાં રહેતા, ગાનતાનની સહેલ કરવા સાથે મળેલા, એકત્ર થયેલા, હર્ષોલ્લાસપૂર્વક ક્રીડા કરતા, સંગીત-નાટ્ય-હાસ-પરિહાસના પ્રેમી કિન્નરો, કિંપુરુષો, મહોરગો અને ગાંધર્વોનો ગદ્યમય, પદ્યમય, કથનીય, ગેય, પદબદ્ધ, પાદબદ્ધ, ઉત્થિપ્ત, પાદાંતી, મંદમંદ ઘોલનાત્મક, રોચિતાવસાન, સુખાન્ત, મનમોહક, સાત સ્વરોયુક્ત, છ દોષરહિત, અગિયાર અલંકાર અને આઠ ગુણોવાળો, ગુફાઓ-કંદરાઓમાં ગુંજારવ કરતો, સમ રાગિણીઓથી યુક્ત, આકર્ષક, ત્રિસ્થાન-કરણ-વિશુદ્ધ મધુર ગીત ધ્વનિ ગુંજે છે, શું તેવો ધ્વનિ પરસ્પર અથડાતા એ મણિઓનો અને તૃણોનો છે ?'

'ગૌતમ ! હા, તે મણિઓનો અને તૃણોને એવો મધુરાતિમધુર ધ્વનિ નીકળે છે.'

વળી, એ વનખંડોમાં ઠેકઠેકાણે નાની-મોટી, નાનામાં નાની અને મોટામાં મોટી એવી અનેક ચોરસ વાવો, ગોળ પુષ્કરિણીઓ, સીધી વહેતી નદીઓ, વાંકીચુંકી વહેતી નદીઓ અને ફૂલોથી ઢાંકેલાં એવાં હારબંધ આવેલાં અનેક સરોવરો તથા હારબંધ શોભતા અનેક કૂવાઓ આવેલા છે. એ બધાંના બહારના ભાગ સ્વચ્છ અને કમનીય છે, કાંઠા રજતમય, કાંઠાના ભાગો ખાડાખડિયા વિનાના—એકસરખા છે. એમની અંદરના ભાગો વજ્રમય પાષાણોના અને વેળુ શુદ્ધ સુવર્ણ—રજતમય છે. એ બધાં જલાશયો સુંવાળા સોનાના તળિયાવાળાં છે, એમાં ઊતરવાનાં અને નીકળવાનાં સાધનો સારી રીતે ગોઠવાએલાં છે, એમના ઘાટો અનેક પ્રકારના મણિઓથી જડેલા છે. ચાર ખૂણાવાળાં એ જલાશયોમાં પાણી અગાધ અને અતિશીતળ છે. જેમની ઉપર ભમરાના સમૂહો ગુંજી રહ્યા છે એવાં ઉત્પલ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પૌંડરિક, સો અને હજાર પાંખડીવાળાં ખીલેલાં કમળોથી સુશોભિત અને બિસપત્ર તથા મૃણાલના દંડોથી એ બધાં જલાશયો ઢંકાએલાં છે. જેની અંદર ભમતા મત્સ્યો અને કાચબાઓ કલ્લોલ કરી રહ્યા છે અને જેમને કાંઠે અનેક પ્રકારનાં પક્ષીઓ વિચરી રહ્યાં છે એવાં એ સ્વચ્છાતિસ્વચ્છ જળથી છલકાતાં જલાશયો તે વનખંડોમાં શોભી રહ્યાં છે. તથા એ બધાં જલાશયો એક એક પદ્મવરવેદિકા અને એક એક વનખંડથી ઘેરાયેલાં છે.

એ જલાશયોમાં કેટલાંકમાં આસવ જેવાં પાણી છે. કેટલાકમાં શેરડીના રસ જેવાં, કેટલાંકમાં ઘી જેવાં, કેટલાકમાં દૂધ જેવાં અને કેટલાંકમાં સામાન્ય પાણી જેવાં પાણી ભરેલાં છે.

તે વાવો અને કૂવા વગેરે પ્રત્યેક જલાશયની ફરતાં ચારે દિશામાં ત્રણ ત્રણ સોપાનો છે. તે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિસોપાનનું વર્ણન આવા પ્રકારના વર્ણકથી કરાયેલું છે—

જેમ કે, તે સોપાનની નેમો વજ્રની બનેલી છે, તે સોપાનો પર તોરણો, ધજાઓ અને છત્રાતિછત્રો વગેરે શોભી રહ્યાં છે. તેમાં નાની નાની વાવોની અને કૂવાની હારોમાં વચ્ચે વચ્ચે સ્થળે સ્થળે ઘણા ઉત્પાતપર્વતો, નિયતિપર્વતો, જગતીપર્વતો, દારુપર્વતો આવેલા છે, તથા કોઈ ઊંચા કે નીચા એવા દકમંડપો, દકમંચો, દકમાલકો અને દકપ્રાસાદો ઊભા કરેલા છે. વળી ત્યાં મનુષ્યોને હિંચવાલાયક હિંચકા જેવા કેટલાક હિંચકાઓ ગોઠવાયેલા છે, તેમ પક્ષીઓને ઝૂલવાલાયક ઝૂલા જેવા કેટલાક ઝૂલાઓ ઝૂલી રહ્યા છે. એ બધા હિંચકાઓ અને ઝૂલાઓ સર્વ રત્નમય હોવાથી અધિકાધિક પ્રકાશમાન અને મનોહર છે.

વચ્ચે વચ્ચે આવેલા ઉત્પાતપર્વતો વગેરે પર્વતો ઉપર અને હિંચકાઓ ઉપર સર્વરત્નમય એવાં અનેક હંસાસનો, ક્રૌંચાસનો, ગરુડાસનો, ઉન્નત, ઢળતાં અને લાંબાં આસનો, પક્ષ્યાસનો, મકરાસનો, ભદ્રાસનો, વૃષભાસનો, સિંહાસનો, પદ્માસનો અને દિશાસ્વસ્તિકાસનો સજાવેલાં છે.

વળી, તે વનખંડોમાં સર્વરત્નમય ઝળહળાયમાન એવાં આલિગૃહો, માલિગૃહો, કદલીગૃહો, લતાગૃહો, આસનગૃહો, પ્રેક્ષણગૃહો, મજ્જનગૃહો, પ્રસાધનગૃહો, ગર્ભગૃહો, મોહનગૃહો, શાલાગૃહો, જાળીવાળાં ગૃહો, ચિત્રગૃહો, કુસુમગૃહો, ગંધર્વગૃહો, દર્પણગૃહો શોભી રહ્યાં છે.

તે પ્રત્યેક ગૃહમાં પૂર્વે કહ્યા પ્રમાણે હંસાસનો વગેરે આરામ આપનારાં આસનો માંડેલાં છે. તે બધાં રત્નમય–યાવત્ સુંદર છે.

વળી તે વનખંડોમાં જ્યાં ત્યાં સર્વરત્નમય એવાં ઝળાંઝળાં થતા જાઈની વેલોના મંડપો, જૂઈની વેલોના મંડપો, મલ્લિકા, નવમાલિકા, વાસંતી, દધિવાસુકા, સુરિલ્લિ – સૂરજમુખી, નાગરવેલ, દ્રાક્ષા, નાગલતા, અતિમુક્તક, અપ્ફોયા અને માલુકાની લતાઓના મંડપો ફેલાએલા છે.

હે આયુષ્માન શ્રમણો ! તે પ્રત્યેક મંડપમાં હંસ અને ગરુડ વગેરેના ઘાટના, ઊંચા ઢળતા અને લાંબા એવા કેટલાય સર્વરત્નમય શિલાપટ્ટકો ઢાળેલા છે. તે બધાય શિલાપટ્ટકો મૃગચર્મ, રૂ, બૂર, આંકડાનું રૂ અથવા માખણ જેવા સુંવાળા-કોમળ અને દેદીપ્યમાન છે.

તે સ્થળે અનેક દેવો અને દેવીઓ બેસે છે, સૂએ છે, આરામ કરે છે, વિહરે છે, હસે છે, રમે છે, રતિક્રીડા કરે છે અને એ રીતે પોતે પૂર્વે ઉપાર્જેલાં શુભ કલ્યાણમય મંગળરૂપ પુણ્યકર્મોના ફલવિપાકોને ભોગવતા આનંદપૂર્વક વિચરે છે.

વળી, તે વનખંડોની વચ્ચોવચ્ચ પાંચસો યોજન ઊંચા અને અઢી સો યોજન પહોળા એવા ચાર મોટા પ્રાસાદો શોભી રહ્યા છે. એ પ્રાસાદોનાં ભોંયતળિયાં તદ્દન સપાટ છે અને તેમાં ચંદરવા, સિંહાસનો વગેરે ઉપકરણો યથાસ્થાને ગોઠવાએલાં છે – તેનું વર્ણન પૂર્વવત્ સમજવું.

તેમાંના એક પ્રાસાદમાં અશોકદેવ, બીજામાં સપ્તપર્ણદેવ, ત્રીજામાં ચંપકદેવ અને ચોથામાં ચૂતકદેવ એમ ચાર દેવોનો નિવાસ છે. એ ચારે દેવો મોટી દિવ્ય સમૃદ્ધિવાળા અને પલ્યોપમ પ્રમાણ આયુષ્યવાળા છે.

તે સૂર્યાભનામના દેવવિમાનનો અંદરનો ભૂભાગ તદ્દન સપાટ અને અત્યંત રમણીય છે. ત્યાં પણ ઘણા વૈમાનિક દેવો અને દેવીઓ ફરે છે, બેસે છે, હસે છે, રતિક્રીડા કરે છે–યાવત્ આનંદ માણતા વિચરે છે.

તે વિમાનના એ અત્યંત સમ ભૂભાગની વચ્ચોવચ લાખ યોજન લાંબું પહોળું એવું એક મોટું ઉપકારિકાલયન છે; તેનો ઘેરાવો ત્રણ લાખ સોળ હજાર બસો સત્તાવીસ યોજન, ત્રણ કોશ એક સો અઠ્ઠાવીસ ધનુષ્ય, તેર આંગળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ઉપર ઓછું વધતું અડધું આંગળ છે. એ એવું મોટું લયન આખુંય સુવર્ણમય છે—યાવત્ અત્યંત મનોહર છે.

એ લયનની ચારે બાજુ અડધો યોજન ઊંચી અને પાંચસો ધનુષ પહોળી એવી એક મોટી પદ્મવરવેદિકા છે. તે પદ્મવરવેદિકા ઉપકારિકા લયન જેટલા જ પરિધની છે.

તે પદ્મવરવેદિકાના થાંભલા વજ્રરત્નમય, પાટિયાં સુવર્ણરજતમય, કલેવર વિવિધ મણિરત્નમય, સાંધા પણ વિવિધ મણિરત્નમય, એના પર વિવિધ રત્નમય ચિત્રો, બાજુઓ વજ્રમય અને આચ્છાદન સુવર્ણરજતમય છે. તે વેદિકાની ચોપાસ એક એક હેમજાલ, એક એક મુક્તાજાલ, એક એક ઘંટાજાલ, એક એક મણિજાલ, એક એક રત્નજાલ, એક એક પદ્મજાલ આવેલ છે.

એ બધી જાલો સોનાનાં ફૂમતાં વગેરેથી શોભાયમાન છે. તે વેદિકામાં જ્યાં ત્યાં સર્વ-રત્નમય અશ્વની, વૃષભની અને સિંહ વગેરેની જોડો શોભી રહી છે, જે નિર્મળ—યાવત્ પ્રતિરૂપ છે—યાવત્ વીથીઓ, પંક્તિઓ, મિથુનો આદિ વર્ણન.

'હે ભંતે ! એ વેદિકાને પદ્મવરવેદિકા કહેવાનું શું કારણ ?'

'ગૌતમ ! એ વેદિકાના થાંભલા, પાટીયાં, ખીલીઓ, ખીલીઓની ટોપીઓ, મોભ અને જાળિયાં વગેરે દરેક ભાગમાં, ચોમાસાના પડતા પાણીને રોકી શકે એવાં છત્રાકાર, અનેક પ્રકારનાં સર્વરત્નમય સુંદર ઉત્પલો, કુમુદો, નલિનો, પુંડરીકો વગેરે નાના પ્રકારનાં સુગંધી ખીલેલાં પદ્મા શોભી રહ્યાં છે, માટે હે આયુષ્માન શ્રમણ ! એ વેદિકાને પદ્મવર વેદિકા કહેલી છે.'

'હે ભગવન્ ! એ પદ્મવરવેદિકા શું શાશ્વત છે કે અશાશ્વત છે ?'

'હે ગૌતમ ! શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે.'

'હે ભગવન્ ! આપ કેવી રીતે કહો છો કે શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે ?'

'ગૌતમ ! દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ તો એ વેદિકા શાશ્વત છે, પણ હે ગૌતમ ! તે વેદિકાના વર્ણો, ગંધો, રસો અને સ્પર્શોની દૃષ્ટિએ જોતાં અર્થાત્ વર્ણાદિ પર્યાયોની અપેક્ષાએ તો તે વેદિકા અશાશ્વત છે. માટે તેને શાશ્વત પણ કહી છે અને અશાશ્વત પણ કહી છે.'

'હે ભગવન્ ! તે વેદિકા કાળની અપેક્ષાએ કેટલા કાળ સુધી રહેશે ?'

'હે ગૌતમ ! એ વેદિકા, ત્યાં કોઈ દિવસ ન હતી, નથી કે નહિ હશે એમ તો ન કહેવાય; પણ એ ત્યાં હંમેશાંને માટે હતી, છે અને હશે એમ કહેવાય; માટે તે ત્યાં ધ્રુવ, શાશ્વત, અવ્યય, નિત્ય અને સદા અવસ્થિત છે એમ માનવું જોઈએ.'

તે પદ્મવરવેદિકા ચોપાસ એક વનખંડથી ઘેરાયેલી છે.

ઉપકારિકાલયનની ફરતો તે વનખંડ વર્ણવેલો છે તેનો ચક્રવાલવિષ્કંભ બે યોજનથી કાંઈક ઓછો છે અને તેનો ઘેરાવો તો તે લયનના જેટલો જ છે. એ વનખંડમાં પણ અનેક દેવો અને દેવીઓ ફરે છે, હસે છે, બેસે છે, સૂએ છે યાવત્ રતિક્રીડા કરતાં વિહરે છે.

એ લયનની ફરતાં ચારે દિશામાં ચાર ચાર ત્રિસોપાનો (ત્રણ પગથી) ગોઠવેલાં છે. એ સોપાનો ઉપર તોરણો ધ્વજો અને છત્રો વગેરે ઘણા મનહર પદાર્થો ઝૂલી રહ્યા છે—પૂર્વ વર્ણન પ્રમાણે.

તે લયનનું ભોંયતળ, મણિરત્ન અને વજ્ર વગેરે બહુમૂલ્ય ધાતુઓથી બાંધેલું છે અને વળી તે તદ્દન સપાટ અને ચારે બાજુ ઝગારા મારતું શોભી રહ્યું છે.

લયનના તે સમતળ ભૂભાગની વચ્ચો વચ્ચ પાંચસો યોજન ઊંચો અને અઢીસો યોજન પહોળો એવો વિશાળ મુખ્ય પ્રાસાદ આવેલો છે—વર્ણક.

તે મુખ્ય પ્રાસાદની ફરતા અને તેના કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊંચાઈ અને પહોળાઈમાં અડધા એવા બીજા ચાર પ્રાસાદો આવી રહેલા છે. તેના ભૂમિભાગ, ઉલ્લોક, સિંહાસન, અષ્ટમંગલ, ધ્વજો, છત્રાતિછત્રો વગેરેનું વર્ણન પૂર્વ વર્ણન મુજબ.

વળી, એ આજુબાજુ આવેલા ચાર પ્રાસાદોની આસપાસ તેમને વીંટળાઈને તેમના કરતાં ઊંચાઈમાં અને પહોળાઈમાં અડધા એવા બીજા ચાર મહાલયો સોહામણા આવેલા છે. તેમના પણ ભૂમિભાગ, ઉલ્લોક, સિંહાસન ઇત્યાદિનું પૂર્વવત્ વર્ણન સમજવું.

વળી, સોહામણા એ ચાર મહાલયોને ઘેરીને ઊભેલા પણ માપમાં તેમના કરતાં અડધા એવા બીજા ચાર મહાલયો ત્યાં દીપી રહેલા છે. આ છેલ્લા ચાર મહાલયોની ઊંચાઈ સાડી-બાસઠ યોજન અને પહોળાઈ એકત્રીશ યોજન ઉપર એક કોશ છે. આ પ્રાસાદોના ભૂમિભાગ, ઉલ્લોક, સપરિવાર સિંહાસન, પ્રાસાદો ઉપર આઠ આઠ મંગલ, ધ્વજાઓ, છત્રાતિછત્રો વગેરેનું વર્ણન પણ પૂર્વવત્ સમજવું.

તે મૂળ પ્રાસાદથી ઉત્તર પૂર્વમાં અર્થાત્ ઈશાન ખૂણામાં એક મોટી સુધર્મા સભા આવેલી છે. એની લંબાઈ સો યોજન, પહોળાઈ પચાસ યોજન અને ઊંચાઈ બહોંતેર યોજન છે. જેમની ઉપર અનેક પ્રકારનાં તોરણો પૂતળીઓ અને અપ્સરાઓનાં ઝુંડો કોતરેલાં છે એવા અનેક મનહર સ્તંભો ઉપર એ સભા રચાયેલી છે.

એ સભાને પૂર્વમાં, દક્ષિણમાં અને ઉત્તરમાં એમ ત્રણ દિશાઓમાં ત્રણ દ્વારો મૂકેલાં છે. તે એક એક દ્વાર સોળ યોજન ઊંચું અને આઠ યોજન પહોળું છે, તેમ તે દરેકનો પ્રવેશમાર્ગ પણ તેટલા જ માપનો છે. એ ત્રણે દ્વારો ધોળાં દૂધ જેવાં સુવર્ણમય સ્તૂપવાળાં અને ઉપર આઠ આઠ મંગળોથી અને છત્રાતિછત્રોથી વિરાજિત છે.

તે પ્રત્યેક દ્વારની સામે એક એક મુખ-મંડપ છે. એ મંડપની લંબાઈ સો યોજન, પહોળાઈ પચાસ યોજન અને ઊંચાઈ સોળ યોજન કરતાં વધારે છે. આનું વર્ણન સુધર્મા સભાની જેમ જ સમજવું.

[એ મંડપને પણ પૂર્વમાં દક્ષિણમાં અને ઉત્તરમાં એમ ત્રણ દિશામાં ત્રણ દ્વાર છે. તે પ્રત્યેક દ્વાર ઊંચાઈમાં સોળ યોજન, પહોળાઈમાં આઠ યોજન છે અને તે દરેકનો પ્રવેશમાર્ગ પણ તેટલા જ માપનો છે. તે બધાં દ્વારો ચંદરવા વગેરેથી સુશોભિત છે અને તેમની ઉપર ધજાઓ છત્રાતિછત્રો અને આઠ આઠ મંગલો શોભી રહ્યાં છે. આદિ પૂર્વવત્ વર્ણન.]

વળી, તે પ્રત્યેક મુખમંડપની સામે તેમની જેવા જ સુંદર પ્રેક્ષાગૃહમંડપો આવેલા છે. આ પ્રેક્ષાગૃહમંડપોનું વર્ણન પણ મુખમંડપોની સમાન જાણવું—યાવત્—ભૂમિભાગ, ચંદરવા વગેરેનું વર્ણન.

તે એક એક પ્રેક્ષાગૃહમંડપના અતિ રમણીય અને સમતળ ભૂભાગની વચ્ચે એક એક મોટો વજ્રમય અખાડો શોભી રહ્યો છે. તે એક એક અખાડાની વચ્ચોવચ્ચ આઠ યોજન લાંબી પહોળી, ચાર યોજન જાડી અને નાના પ્રકારનાં મણિરત્નોથી બાંધેલી એવી એક મોટી મણિપીઠિકા સોહી રહી છે.

એ મણિપીઠિકા ઉપર એક એક સિંહાસન વગેરે આરામની સામગ્રી ગોઠવી રાખેલી છે. તેનું વર્ણન યાવત્ ધ્વજા, અષ્ટ મંગળો, છત્રાતિછત્રો.

વળી, જ્યાં પ્રેક્ષાગૃહમંડપો વર્ણવેલા છે ત્યાં તે પ્રત્યેક મંડપની સામે પણ સોળ યોજન લાંબી પહોળી અને આઠ યોજન જાડી એવી સુંદર સર્વરત્નમય સ્વચ્છ, નિર્મળ મણિપીઠિકાઓ ઢાળેલી છે.

તે દરેક મણિપીઠિકાની ઉપર સોળ યોજન લાંબા પહોળા અને તે કરતાં ઊંચાઈમાં કાંઈક વધારે ઊંચા તથા સર્વ પ્રકારનાં રત્નોથી ચણેલા, શ્વેત શંખ અને અંક રત્ન જેવા ઊજળા એવા અનેક સ્તૂપો બાંધેલા છે. એ દરેક સ્તૂપ ઉપર ધજાઓ તોરણો અને આઠ આઠ મંગલો શોભી રહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા, તે એક એક સ્તૂપની ફરતી ચારે દિશામાં વળી બીજી મણિપીઠિકાઓ આવેલી છે. તે પીઠિકાઓની લંબાઈ પહોળાઈ આઠ યોજન અને જાડાઈ ચાર યોજન છે. એ પીઠિકાઓ અનેક પ્રકારના મણિઓથી નિર્મેલી અતિશય રમણીય—યાવત્—પ્રતિરૂપ છે.

એ દરેક મણિપીઠિકા ઉપર અને એ સ્તૂપોની બરાબર સામે ચાર જિનપ્રતિમાઓ વિરાજેલી છે, એ પ્રતિમાઓ જિનની ઊંચાઈ જેટલી ઊંચી અને પર્યંકાસને બેઠેલી છે. તે આ પ્રમાણે છે (૧) ઋષભની (૨) વર્ધમાનની (૩) ચન્દ્રાનનની અને (૪) વારિષેણ જિનની છે.

વળી, તે સ્તૂપોની સામે સોળ યોજન લાંબી પહોળી અને આઠ યોજન જાડી એવી સર્વમણિમય બીજી મણિપીઠિકાઓ બનાવેલી છે—નિર્મળ-યાવત્-પ્રતિરૂપ.

તે દરેક પીઠિકા ઉપર એક એક ચૈત્યવૃક્ષ આવેલું છે. એ બધાં ચૈત્યવૃક્ષો આઠ યોજન ઊંચાં અને અડધો યોજન ઊંડાં (જમીનમાં રહેલાં) છે. બે યોજન ઊંચું તેમનું થડ અડધો યોજન પહોળું છે. થડથી નીકળી ઊંચી ગયેલી વચલી શાખા છ યોજન ઊંચી છે. એમ એ ચૈત્યવૃક્ષોની સર્વાંગ લંબાઈ પહોળાઈ એકંદર આઠ યોજનથી થોડી વધુ છે.

તે ચૈત્યવૃક્ષોનું વર્ણન આ પ્રમાણે કરાયું છે-

તે વૃક્ષોનાં મૂળ વજ્રમય, શાખા રજતમય, કંદો રિષ્ટરત્નમય, સ્કંધો વૈડૂર્યનાં, ડીંટિયાં સુવર્ણમય, કોમળ કુંપળો જાંબુનદસુવર્ણમય અને ફૂલફલભર વિચિત્ર મણિરત્નમય સુરભિત છે. એ ફળોનો રસ અમૃતસમ મધુર છે. એ રીતે સરસ છાયા, પ્રભા, શોભા અને પ્રકાશવાળાં એ ચૈત્યવૃક્ષો વિશેષમાં વિશેષ પ્રાસાદિક છે.

એ વૃક્ષો ઉપર આઠ આઠ મંગળો ધ્વજો અને છત્રો વગેરે શોભી રહેલાં છે.

એ ચૈત્યવૃક્ષોની આગળ આઠ યોજન લાંબી પહોળી અને ચાર યોજન જાડી એવી સર્વમણિમય વળી બીજી અનેક મણિપીઠિકાઓ આવેલી છે—યાવત્—સુંદર.

એ દરેક પીઠિકા ઉપર સાઠ યોજન ઊંચા, એક યોજન ઊંડા (જમીનમાં) અને એક યોજન પહોળા એવા વિશિષ્ટ પ્રકારના વજ્રમય મહેન્દ્રધ્વજો આવેલા છે, તેમની ઉપર પવનથી હાલતી નાની નાની અનેક પતાકાઓ, આઠ આઠ મંગળો, ધ્વજો અને છત્રો વગેરે બધું લહેરી રહેલું છે.

તે દરેક મહેન્દ્રધ્વજની આગળ સો યોજન લાંબી, પચાસ યોજન પહોળી અને દસ યોજન ઊંડી એવી નંદા નામની પુષ્કરિણીઓ આવેલી છે તેનું પૂર્વવત્ વર્ણન સમજવું. એનાં પાણી સામાન્ય પાણી જેવાં મીઠા રસવાળાં છે.

એ પ્રત્યેક પુષ્કરિણીની ચારે કોર પૂર્વે વર્ણવેલાં પદ્મવરવેદિકાઓ અને વનખંડો આવેલાં છે.

એ પુષ્કરિણીઓમાં ત્રણ બાજુ સરસ સોપાનો ગોઠવેલાં છે તથા ઉપર બેસાડેલાં તોરણો, ધ્વજો, આઠ આઠ મંગળો અને છત્રાતિછત્રો વગેરેનું વર્ણન અહીં સમજવું.

એ સુધર્માસભામાં પૂર્વ અને પશ્ચિમમાં સોળ સોળ હજાર તથા દક્ષિણ અને ઉત્તરમાં આઠ આઠ હજાર મળી કુલ અડતાલીસ હજાર પેઢલીઓ બાંધેલી છે.

એ પેઢલીઓ ઉપરનાં પાટિયાં સુવર્ણ રજતમય અને તે ઉપર જડેલા નાગદંતો વજ્રમય છે. તે નાગદંતોમાં કાળા સૂતરની લાંબી લાંબી માળાઓ લટકે છે.

વળી, એ સુધર્માસભામાં એ પેઢલીઓના જેવી જ અને જેના ઉપર સુખે સૂઈ શકાય એવી સુકોમળ સુંદર ગોમાનસીઓ—શય્યાઓ બીછાવેલી છે. એવી અડતાલીસ હજાર ગોમાનસીઓ આવેલી છે. નાગદંત પર્યંત એમનું વર્ણન મનોગુલિકાઓ સમાન સમજવું.

તે ગોમાનસીઓની પાસે જ જડેલા નાગદંતોમાં ટાંગેલાં રજતમય શિકાં ઉપર વૈડૂર્યમય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધૂપઘડીઓ મૂકેલી છે અને એ ધૂપઘડીઓમાંથી નીકળતો સુગંધમય કાળા અગરુ વગેરેનો ધૂપ ચારે કોર મહેંકી રહ્યો છે.

સુધર્માસભાની અંદરના ભાગનું ભોંયતળ તદ્દન સપાટ અને વિવિધ મણિઓથી બાંધેલું છે અને તે ઉપર સિંહાસન ચંદરવા વગેરે સામગ્રી સરસ રીતે સજેલી છે.

વળી, એ ભોંયતળની વચ્ચોવચ્ચ આઠ યોજન લાંબી પહોળી અને ચાર યોજન જાડી એવી સર્વમણિમય એક મોટી મણિપીઠિકા આવેલી છે. તે નિર્મલ—યાવત્—સુંદર છે.

તેના ઉપર એક મોટું સિંહાસન ઢાળેલું છે. ભદ્રાસન સહિત સિંહાસનનું વર્ણન અહીં જાણવું.

વળી, તેની પશ્ચિમે, પૂર્વે આવેલી એવી અને એવડી જ બીજી એક મણિપીઠિકા આવેલી છે, તેના ઉપર એક મોટું અતિશય રમણીય દેવશયનીય ગોઠવેલું છે. તેનું વર્ણન આ પ્રકારે છે—

એ દેવશયનીયના પડવાયા મણિમય, પાયા સોનાના અને પાયાના કાંગરા સોનાના છે. એની ઈંસો અને ઉપળાં વજ્રનાં, સાંધા વિવિધ-મણિમય, તળાઈ રજતમય અને ઓશીકાં લોહિ-તાક્ષ રત્નનાં અને તકિયા સુવર્ણમય છે.

તે દેવશયનીય ગંગાતટના વેળુપટની જેમ બન્ને બાજુથી ઊંચું અને વચ્ચેથી ઢળતું એવું ગંભીર છે, એ મેલું ન થાય એટલા માટે એના ઉપર રાતું વસ્ત્ર ઢાંકેલું છે અને એ આજિનક, રૂ, બૂર, આંકડાના રૂ તથા માખણ જેવું સુવાળું, કોમળ, અતિ સુવાસિત મનોહર છે.

એની ઉત્તર પૂર્વે એટલે ઈશાન ખૂણામાં આઠ યોજન લાંબી પહોળી અને ચાર યોજન જાડી એવી સર્વમણિમય એક મોટી મણિપીઠિકા છે. તેના ઉપર સાઠ યોજન ઊંચો, એક યોજન પહોળો વજ્રરત્નમય, સુંદર, ગોળાકાર, શ્લિષ્ટ એવો એક ક્ષુલ્લક—નાનો મહેન્દ્રધ્વજ રોપેલો છે, એના ઉપર આઠ આઠ મંગળો અને ધ્વજો વગેરે શોભી રહ્યાં છે.

એ નાના મહેન્દ્રધ્વજથી પશ્ચિમે ચોપ્પાલ નામનો એક મોટો હથીયારોનો વજ્રમય ભંડાર છે, એમાં સૂર્યાભદેવનાં રત્નની તરવારો, ગદાઓ અને ધનુષ વગેરે અસ્ત્રશસ્ત્રો સંઘરી રાખ્યાં છે. એ ભંડારમાં સાચવી રાખેલાં સૂર્યાભદેવનાં એ બધાં અસ્ત્રશસ્ત્રો ઊજળાં, પાણીદાર, અણીદાર અને વિશેષમાં વિશેષ તેજવાળાં છે. સુધર્મા સભાની ઉપર આઠ આઠ મંગળો છત્રો અને ધજાઓ વગેરે શોભાજનક પદાર્થો દીપી રહ્યાં છે.

સુધર્માસભાની ઉત્તરપૂર્વે એટલે ઈશાન ખૂણામાં સુધર્માસભા જેવી એક મોટી ઉપપાત સભા આવેલી છે—સુધર્માસભા જેવું વર્ણન.

એ ઉપપાત સભાની ઉત્તરપૂર્વે સો યોજન લાંબો, પચાસ યોજન પહોળો અને દસ યોજન ઊંડો એવો એક મોટો સ્વચ્છ પાણીનો ધરો છે. તે ધરો બધી દિશાઓમાં એક પદ્મવરવેદિકા અને એક એક વનખંડથી ઘેરાયેલ છે.

તે ધરાની ત્રણ બાજુ અતીવ મનોહર ત્રણ સોપાન પંક્તિઓ છે.

તે ધરાની ઉત્તર પૂર્વે સૂર્યાભદેવની એક મોટી અભિષેકસભા આવેલી છે. એ સભામાં અભિષેક કરવાની બધી સામગ્રી ભરેલી છે. તે અભિષેક સભાની ઉત્તરપૂર્વે સૂર્યાભદેવના અલંકારોથી ભરેલી એવી એક મોટી અલંકારસભા આવેલી છે. એ સભાની ઉત્તરપૂર્વે એક મોટી વ્યવસાય-સભાનું સ્થાન આવેલું છે, તેમાં સિંહાસન વગેરે બધાં ઉપકરણો વ્યવસ્થિત રીતે ગોઠવેલાં છે. આ બધી સભાઓનાં વર્ણન પૂર્વવત્ જાણવા—યાવત્—સપરિવાર સિંહાસન, આઠ આઠ મંગળ આદિ.

એ વ્યવસાયસભામાં સૂર્યાભદેવનું એક મોટું શ્રેષ્ઠ પુસ્તકરત્ન મૂકેલું છે. તે પુસ્તકનાં પાનાં રત્નનાં, પાનાં ઉપર રાખવાની કાંબીઓ રિષ્ટ-રત્નની, પાનામાં પરોવેલો દોરો તપનીયનો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોરાની ગાંઠો વિવિધમણિમય, પત્રો રત્નમય, ખડિયો વૈડૂર્યનો, ખડિયાનું ઢાંકણું રિષ્ટરત્નનું, તેની સાંકળ તપનીયની, મષી-શાહી રિષ્ટરત્નની, કલમ વજ્રની અને અક્ષરો રિષ્ટરત્નમય છે. એવા એ રત્નમય પુસ્તકમાંનું બધું લખાણ ધર્મ-સંબંધી છે અથવા બીજી રીતે કહીએ તો એ પુસ્તક એક ધાર્મિક શાસ્ત્ર છે.

તે વ્યવસાયસભાનો ઉપરિભાગ આઠ મંગળો આદિથી શોભે છે. તેની ઉત્તરપૂર્વમાં-ઈશાન કોણમાં એક નંદા પુષ્કરિણી છે, તેનું વર્ણન હ્રદની જેવું જ સમજવું.

તે વ્યવસાયસભાની ઉત્તરપૂર્વે આગળ વર્ણવેલા ધરા જેવડી લાંબી પહોળી અને ઊંડી એવી એક મોટી નંદા પુષ્કરિણી આવેલી છે.

**૨૭. વિસ્તારપૂર્વક સૂર્યાભદેવના અભિષેકનું વર્ણન**

તે કાલે તે સમયે તાજા અવતરેલા સૂર્યાભદેવે ૧. આહાર, ૨. શરીર, ૩. ઇન્દ્રિય, ૪. શ્વાસો-ચ્છ્વાસ અને ૫. ભાષા-મનની પર્યાપ્તિ દ્વારા શરીરની સર્વાંગપૂર્ણતા મેળવી લીધી.

ત્યાર પછી તે સૂર્યાભદેવ દેવશય્યામાંથી તરત જ બેઠો થયો. ત્યાંથી ઉપપાતસભાના પૂર્વદ્વારે નીકળી પેલા સ્વચ્છ પાણીથી ભરેલા મોટા ધરા તરફ ગયો. ધરાને અનુપ્રદક્ષિણા કરતો તે તેમાં પૂર્વદ્વારે પેઠો અને ત્યાં ગોઠવેલ સોપાન દ્વારા તેમાં ઊતર્યો, ત્યાં તેણે જલક્રીડા અને જલ-નિમજ્જન સારી રીતે કર્યાં, પછી તે સ્વચ્છ અને પરમશુચિભૂત પવિત્ર થઈ ધરામાંથી બહાર આવ્યો અને જ્યાં અભિષેકસભા હતી ત્યાં ગયો. ત્યાં આવી અભિષેકસભાને પ્રદક્ષિણા કરીને તે પૂર્વદ્વારે તેમાં પેઠો અને ત્યાં ગોઠવેલા સિંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈને બેઠો.

પછી તેની સામાજિક સભાના દેવસભ્યોએ ત્યાંના કર્મકરરૂપ આભિયોગિક દેવોને બોલાવ્યા અને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે જઈને તરત જ આપણા સ્વામી આ સૂર્યાભદેવના મહામૂલ્ય, મહાવિપુલ, મહાન ઇન્દ્રાભિષેકની તૈયારી કરો.'

ઉક્ત આજ્ઞા સાંભળતાં જ તે આભિયોગિક દેવોએ હૃષ્ટ-તુષ્ટ થઈ આજ્ઞા સ્વીકારી અને ત્યાંથી ઈશાન ખૂણામાં જઈ વૈક્રિય સમુદ્ઘાત કર્યો, વૈક્રિયસમુદ્ઘાત કરી સંખ્યાત યોજનનો દંડ કાઢ્યો, યાવત્ ફરી વૈક્રિયસમુદ્ઘાત કર્યો અને તે દ્વારા અભિષેકની સામગ્રી માટે એક હજાર આઠ, એક હજાર આઠ એવા ઘણા પદાર્થો બનાવી લીધા; જેવા કે—

સોનાના, રૂપાના, મણિના, સોના અને મણિના, રૂપા અને મણિના અને સોના-રૂપા-મણિના કલશો બનાવ્યા, ભૌમેય (માટીના) કલશો ઘડી કાઢ્યા; તે જ પ્રકારે અને તેટલી જ સંખ્યામાં ભૃંગારો, દર્પણો, થાળો, પાત્રીઓ, છત્રો, ચામરો, ધ્વજો, ફૂલની અને મોરપીંછ વગેરેની ચંગેરીઓ, તેલના, હિંગળોકના અને આંજણ વગેરેના ડબાઓ અને ધૂપદાનીઓ એ બધું એક હજાર આઠ એક હજાર આઠની સંખ્યામાં રચી નાખ્યું.

એ બધી સ્વાભાવિક અને કૃત્રિમ સામગ્રી લઈ તે આભિયોગિક દેવો સૂર્યાભ વિમાનમાંથી નીકળ્યા, નીકળીને તિરછા લોક તરફ જવા વેગવાળી ઉત્કૃષ્ટ ગતિથી ઝપાટાબંધ ઊપડ્યા. એ બાજુ અસંખ્ય દ્વીપસમુદ્રોને ઓળંગીને જતાં જતાં તેઓ ક્ષીરસમુદ્ર પાસે આવી પહોંચ્યા, ત્યાં આવી તેમાંથી ક્ષીરોદક અને ત્યાંના પ્રશસ્ત ઉત્પલ, શતપત્ર, સહસ્રપત્ર વગેરે કમળો લઈ ત્યાંથી તેઓ પુષ્કરોદક સમુદ્રે જઈ પહોંચ્યા. ત્યાંનાં પવિત્ર પાણી અને પુષ્પાદિક લઈ તે આભિયોગિક દેવો ભરત ઐરાવત ક્ષેત્રમાં આવેલાં માગધ, વરદામ અને પ્રભાસ તીર્થો તરફ ઊડ્યા. ત્યાં પહોંચી તીર્થજળ અને તીર્થની માટી લઈ તેઓ ગંગા, સિંધુ, રક્તા અને રક્તવતી નદીઓને ઓવારે ઊતર્યા. ત્યાંનાં શુચિ પાણી અને માટી લઈને તેઓ ચુલ્લહિમવંત, શિખરી વર્ષધર વગેરે પર્વતો તરફ જઈ ચડ્યા. ત્યાંથી પાણી, સર્વ ઋતુનાં પુષ્પો અને સર્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારની ઔષધિ, સરસવ વગેરે લીધું. ત્યાંથી તેઓ પદ્મ અને પુંડરીક ધરા તરફ ગયા, ત્યાંનું ચોખ્ખું પાણી કળશોમાં ભરી ત્યાંથી હિમવંત, ઐરાવત, રોહિત, રોહિતાંશા, સુવર્ણકૂલા અને રૂપ્યકૂલા મહા નદીઓ ભણી તેઓ ઊપડયા. તે નદીઓનાં પાણી લઈ બંને કિનારાની માટી લઈ પછી શબ્દાપાતિ, અને વિકટાપાતિ અને વૃત્તવૈતાઢય પર્વત તરફ ગયા. ત્યાં પણ પૂર્વવત્ સર્વઋતુઓનાં પુષ્પો આદિ લીધાં. પછી ત્યાંથી મહાહિમવંત રુકિમ વગેરે વર્ષધર પર્વતો ભણી ઊડયા, ત્યાં પણ પૂર્વવત્ સર્વઋતુઓનાં પુષ્પો આદિ લીધાં, અને ત્યાંથી મહાપદ્મદ્રહ-મહાપુંડરીકદ્રહ તરફ જઈ ત્યાં પણ પૂર્વવત્ સર્વઋતુઓનાં પુષ્પો આદિ લીધાં, પછી તેઓ હરિવર્ષ અને રમ્યકક્ષેત્રની હરિકાંતા અને નારિકાંતા નદીઓ ભણી વળ્યા. ત્યાં પણ પૂર્વવત્ સર્વ-ઋતુઓનાં પુષ્પો આદિ લીધાં, ત્યાંથી ગંધાવતી, માલ્યવંત વૃત્તવૈતાઢય તથા નિષધ, નીલવંત, તિગિંચ્છિ, કેસરિદ્રહ અને મહાવિદેહની સીતા–સીતોદા નદીઓ ભણી તેઓ ગયા. ત્યાં પણ પૂર્વવત્ સર્વઋતુઓનાં પુષ્પો આદિ લીધાં, પછી ત્યાંથી ચક્રવર્તીના બધા વિજયોએ જઈ અને એ રીતે તે તે બધાં સ્થળોનાં પાણી–માટી–પુષ્પાદિક લઈ છેક છેલ્લે તેઓ મંદર (મેરુ) પર્વતે જઈ પહોચ્યા. મંદર પર્વતના ભદ્રશાલ, નંદન, સોમનસ અને પાંડુક વનમાંથી સુંદર ગોશીર્ષચંદન વગેરે સામગ્રી લઈ તેઓ ઝપાટાબંધ પાછા ફર્યા અને ત્વરાવાળી ચાલથી પાછા સૂર્યાભવિમાનમાં–જ્યાં સિંહાસન ઉપર પોતાનો સ્વામી સૂર્યાભદેવ બેઠેલો છે ત્યાં જઈ પહોચ્યા અને જય–વિજય શબ્દોથી તેને વધાવી પેલા સામાનિક સભાના સભ્યો સમક્ષ ઈંદ્રા-ભિષેકની સર્વ સામગ્રી જે તેમણે વિવિધ સ્થળેથી આણી હતી તે હાજર કરી દીધી.

અભિષેકની સર્વ સામગ્રી આવી પહોંચ્યા પછી સૂર્યાભદેવની સામાનિક સભાના ચાર હજાર દેવસભ્યો, તેની ચાર પટ્ટરાણીઓ અને તેમનો પરિવાર, બીજી ત્રણ સભાઓના પોતપોતાના પરિવારવાળા દેવો અને બીજાં પણ ઘણાં દેવ-દેવીઓ એ બધાંએ ત્યાં અભિષેક સભામાં આવી તેને સ્વાભાવિક અને કૃત્રિમ શ્રેષ્ઠ કમળ પુષ્પો પર સ્થાપિત, સુગંધિત શુદ્ધ શ્રેષ્ઠ જળથી ભરેલા ચંદન ચર્ચિત પંચરંગી દોરાથી બાંધેલા, પદ્મોત્પલના ઢાંકણાવાળા,સુકોમળ હાથે ઊંચકાયેલ એક હજાર સુવર્ણ કળશો–યાવત્–એક હજાર માટીના કળશો, સર્વ ઋતુનાં પુષ્પો યાવત્ સમસ્ત ઔષધીઓ આદિ સામગ્રી દ્વારા મોટી ધામધૂમથી વાજતેગાજતે સૂર્યાભદેવનો ઈંદ્રા-ભિષેક કર્યો.

એ મહાવિપુલ ઈંદ્રાભિષેક ચાલતો હતો ત્યારે કેટલાય દેવોએ સૂર્યાભવિમાનમાં સુગંધી પાણીનો ધીમો ધીમો છંટકાવ કર્યો જેથી ત્યાંની ધૂળ દબાઈ ગઈ અને છતાં કાદવ પણ થયો નહીં.

કેટલાક દેવોએ તે સૂર્યાભવિમાનની બધી ધૂળ વાળીચોળીને ઝાડી કાઢી–સાફ કરી નાંખી.

બીજા કેટલાક દેવોએ એ વિમાન અને તેનાં શેરી, બજાર વગેરે ભાગોને પાણીનો છંટકાવ કરી, સાફસૂફ કરી છાણ અને માટીથી લિંપી-ગુંપીને સુંદર બનાવ્યા.

કેટલાક દેવોએ મંચો ઉપર મંચો ઢાળીને તે વિમાનને શણગાર્યું.

કેટલાક દેવોએ વિવિધ પ્રકારની રંગ-બેરંગી ધજા–પતાકાઓ વડે શોભા કરી.

કેટલાક દેવોએ તે વિમાનને લીંપી-ગુંપી, સુગંધી છાંટણાં છાંટી, સરસ ગોરોચન અને રક્ત ચંદનના થાપા માર્યા, બારણે બારણે ચંદન ચર્ચિત પૂર્ણ કળશો અને તોરણો ટાંગ્યાં.

કેટલાક દેવોએ સૂર્યાભવિમાનને ઉપરથી નીચે સુધી લટકતી લાંબી લાંબી ગોળ સુગંધી માળાઓ લટકાવી શણગાર્યું.

કેટલાક દેવોએ પંચરંગી સુવાસિત પુષ્પો વેરી, રંગોળી રચીને સૂર્યાભવિમાનને સુશોભિત કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાક દેવોએ સૂર્યાભવિમાનને સુગંધમય કૃષ્ણાગરુ-કુંદુરુષ્ક–તુરુષ્ક અને ધૂપો વડે મનમોહક બનાવ્યું.

કેટલાક દેવોએ સૂર્યાભવિમાનને ઉત્તમ સુવાસથી જાણે કે ધૂપસળી જેવું બનાવી દીધું.

કેટલાક દેવોએ સોનાનો, કેટલાકે ચાંદીનો, કેટલાકે વજ્રરત્નનો તો કેટલાકે ફૂલોનો, ફળનો, માળાઓનો, સુગંધિત દ્રવ્યોનો, સુગંધિત ચૂર્ણનો, આભરણો અને વસ્ત્રો વગેરેનો વરસાદ વરસાવ્યો.

કેટલાક દેવોએ અંદરો-અંદર એકબીજાને સોનું, તો કેટલાએ રૂપું, તો વળી કેટલાકે રત્નો, પુષ્પો, ફળો, માળાઓ, સુગંધિત ચૂર્ણ, વસ્ત્ર, સુગંધિત દ્રવ્યો, આભૂષણો અને વસ્ત્રો વગેરે ભેટ આપ્યાં.

કેટલાક દેવોએ તત (તંતુવાદ્યો), વિતત (પોલાં વાદ્યો), ઘન (ધાતુનાં) અને શુષિર (મોંથી વગાડવાનાં) એવા ચાર પ્રકારનાં વાદ્યો વગાડયાં.

કેટલાક દેવોએ ઉત્ક્ષિપ્ત, પાદાન્ત, મંદ અને રોચિતાવસાન એવું ચાર પ્રકારનું સંગીત ગાયું.

કોઈ દેવોએ દ્રુત નામે નૃત્યવિધિ દેખાડી, કોઈએ વિલંબિત નામે નૃત્યવિધિ દર્શાવી, કોઈએ દ્રુત–વિલંબિત નામક નૃત્યવિધિનું પ્રદર્શન કર્યું, તો કોઈએ અંચિત નૃત્યવિધિ દેખાડી, કોઈએ આરભટ, ભસોલ, આરભટ–ભસોલ, ઉત્પાતનિપાતપ્રવૃત્ત, સંકુચિતપ્રસારિત, રિતારિત, ભ્રાન્ત સંભ્રાન્ત નામક દિવ્ય નૃત્યવિધિઓ દર્શાવી.

કેટલાક દેવોએ ચાર પ્રકારના અભિનયોનું પ્રદર્શન કર્યું, જેવા કે–દષ્ટાન્તિક, પ્રાત્યાન્તિક, સામન્તોપનિપાતિક અને લોકાન્ત–મધ્યાવસાનિક.

વળી કેટલાક દેવો બકરાની માફક (હર્ષના) બુચકારા કરવા લાગ્યા, કેટલાક દેવો પોતાના શરીરને ફુલાવવા લાગ્યા, કેટલાક નાચવા લાગ્યા-ગાવા લાગ્યા.

કેટલાક દેવો હોંકારા કરવા લાગ્યા, કેટલાક ગણગણવા લાગ્યા, કેટલાક તાંડવ કરવા લાગ્યા, કેટલાક ઊછળવા અને તાલ મીલાવવા લાગ્યા, કેટલાક તાળી પાડી ઊછળવા લાગ્યા, કેટલાક ત્રિપગી દોડ કરવા લાગ્યા, કેટલાક ઘોડાની માફક હણહણાટ કરવા લાગ્યા, કેટલાક હાથીની માફક ગુલગુલાહટ (ગુલ ગુલ અવાજ) કરવા લાગ્યા, કેટલાક રથની માફક ઘનઘનાહટ (ઘન ઘન અવાજ) કરવા લાગ્યા, કેટલાક હણહણાટ, ગુલગુલાહટ અને ઘનઘનાહટ એકી સાથે કરવા લાગ્યા.

કેટલાક દેવો ઊછળવા લાગ્યા, કેટલાક ઊંચી છલાંગો મારવા લાગ્યા, કેટલાક હર્ષનાદ કરવા લાગ્યા, કેટલાક ઊછળ-કૂદ કરવા લાગ્યા, કેટલાક ત્રણે વસ્તુ (ઊછળવું, વધુ ઊછળવું અને હર્ષ-નાદ કરવો) કરવા લાગ્યા, કેટલાક ઉપરથી નીચે કૂદ્યા, કેટલાક નીચેથી ઉપર કૂદ્યા, કેટલાક લાંબા કૂદકા મારવા લાગ્યા, કેટલાક ત્રણ વસ્તુ એક સાથે કરવા લાગ્યા.

કેટલાક સિંહગર્જના કરવા લાગ્યા, કેટલાક એકબીજાને રંગવા લાગ્યા, કેટલાક જમીન ઠોકવા લાગ્યા, કેટલાક ત્રણે વસ્તુ કરવા લાગ્યા.

કેટલાક દેવો મેઘ જેવી ગર્જના કરવા લાગ્યા, કેટલાક વીજળીની જેમ ચમકારા કરવા લાગ્યા. કેટલાક વરસાદ વરસાવવા લાગ્યા, કેટલાક ત્રણે વસ્તુ કરવા લાગ્યા.

કેટલાકે તાપથી વ્યાકુળ થવાનો, કેટલાકે તપવાનો અને કેટલાકે વિશેષ તપવાનો દેખાવ કર્યો, કેટલાકે ત્રણે વસ્તુનો દેખાવ કર્યો.

કેટલાક દેવો હોંકારા કરવા લાગ્યા, કેટલાક થુથુકાર કરવા, લાગ્યા કેટલાક ધક્ ધક્ અવાજ કરવા લાગ્યા, કેટલાક પોતપોતાનાં નામો બોલવા લાગ્યા, જ્યારે કેટલાક એકીસાથે ચારે વસ્તુ કરવા લાગ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાક દેવોએ જૂથો બનાવ્યાં, કેટલાકે દેવો-દ્યોત કર્યો, કેટલાકે દિવ્ય વાયુ-તરંગોનું પ્રદર્શન કર્યું, કેટલાક ખડખડાટ હસવા લાગ્યા, કેટલાક દુહ-દુહ એવો (દુંદુભી જેવો) અવાજ કરવા લાગ્યા, કેટલાક વસ્ત્રોનો વરસાદ વરસાવવા લાગ્યા, કેટલાકે આ બધી વસ્તુઓ સામટી કરી-યાવત્ શતપત્ર, સહસ્રપત્ર કમળો હાથમાં લીધા, કેટલાક કળશો યાવત્ ધ્વજાઓ હાથમાં લઈ હૃષ્ટતુષ્ટ-યાવત્ આનંદથી ખીલેલાં હૃદયવાળા તેઓ આમતેમ ચારેબાજુ દોડાદોડ કરી રહ્યા.

ત્યાર પછી ચાર હજાર સામાનિક દેવો યાવત્ સોળ હજાર આત્મરક્ષક દેવો તથા બીજા પણ અનેક સૂર્યાભ રાજધાની-નિવાસી દેવો અને દેવીઓએ મહા મહિમાવંત ઈન્દ્રાભિષેક મહોત્સવપૂર્વક સૂર્યાભદેવનો અભિષેક કર્યો, અભિષેક કરીને દરેકે બે હાથ જોડી શિર-સાવર્તપૂર્વક અંજલિ રચી આ પ્રમાણે કહ્યું-

'હે નંદ! તમારો જય થાઓ. હે ભદ્ર! તમારો જય થાઓ. હે આનંદકારી, તમારો જય જય કાર થાઓ. તમારું કલ્યાણ થાઓ. ન જીતેલાને તમે જીતો અને જીતેલાંનું પાલન કરો. જીતેલાઓની મધ્યમાં તમારો વાસ થાઓ. દેવોમાં ઈન્દ્રની જેમ, તારાઓમાં ચન્દ્રની જેમ, અસુરોમાં ચમરની જેમ, નાગોમાં ધરણેન્દ્રની પેઠે, મનુષ્યોમાં ભરત ચક્રવર્તીની સમાન, અનેક પલ્યોપમ કાળ સુધી, અનેક સાગરોપમ કાળ સુધી, અનેક પલ્યોપમ-સાગરોપમ કાળ સુધી, ચાર હજાર સામાનિક દેવો યાવત્ સોળ હજાર આત્મરક્ષક દેવો અને સૂર્યાભ-વિમાન નિવાસી અન્ય અનેક દેવી-દેવીઓનું આધિપત્ય યાવત્ ખૂબ ખૂબ અતિશયપૂર્વક પાલન કરતા કરતા વિહરો.' એમ કહીને પુનઃ જય જય કાર કર્યો. ત્યારે અતિશય મહિમાપૂર્વક ઈન્દ્રાભિષેક દ્વારા અભિષિક્ત થતાંવેંત તે સૂર્યાભદેવ અભિષેકસભાના પૂર્વદિશાવર્તી દ્વાર-માંથી બહાર નીકળ્યો અને નીકળીને જ્યાં અલંકાર સભા હતી ત્યાં આવ્યો, ત્યાં આવીને અલંકાર સભાની વારંવાર પ્રદક્ષિણા કરીને પૂર્વદિશાવર્તી દ્વારથી તે અલંકાર સભામાં પ્રવેશ્યો, પ્રવેશીને જ્યાં સિંહાસન હતું ત્યાં આવ્યો, ત્યાં આવીને ઉત્તમ સિંહાસન પર પૂર્વાભિમુખ થઈને બેઠો.

ત્યારે સામાનિક પરિષદના દેવોએ તે સૂર્યાભ-દેવની સમક્ષ અલંકારપાત્રો ઉપસ્થિત કર્યાં.

ત્યાર પછી તે સૂર્યાભદેવે સૌ પ્રથમ સુકોમળ રુંછાવાળા અને સુગંધી ગંધકાષાયવસ્ત્રથી ગાત્રો લૂછ્યાં, ગાત્રો લૂછીને સરસ ગોશીર્ષ ચંદનથી ગાત્રો પર લેપ કર્યો, લેપ કરીને નાકમાંથી નીકળેલા નિ:શ્વાસથી પણ ઊડી જાય તેવું નાજુક, નયનાકર્ષક, સુંદર રંગ અને સ્પર્શવાળું ઘોડાની લાળથી પણ બારીક તારવાળું, શ્વેત, સોનાના જરીકામથી ભરેલી કિનારીવાળું, આકાશ અને સ્ફટિક જેવી પ્રભાવાળું, દિવ્ય દેવ દૂષ્ય યુગલ પહેર્યું, તે પહેરીને પછી ગળામાં હાર, અર્ધહાર, એકાવલી, મુક્તાવલી, રત્નાવલી પહેર્યાં, તે પહેર્યાં પછી બાહુઓ પર અંગદ, કેયૂર (બાજુબંધ), કડાં, ત્રુટિત, કમર પર કટિસૂત્ર (કંદોરો), હાથોની દશે આંગળીઓ પર વીંટીઓ, વક્ષસ્થળ પર વક્ષસૂત્ર, મુરવી, કંઠમુરવી, પ્રાલંબ, કાનોમાં કુંડળો, માથે ચૂડામણિ અને મુકુટ ધારણ કર્યાં. આભૂષણો પછી ગ્રંથિમ પહેર્યાં (ગૂંથેલ), વેષ્ટિમ (વીંટીને કરેલ), પૂરિમ (પરોવેલ) અને સંઘાતિમ (સાંધીને બનાવેલ) એવી ચાર પ્રકારની માળાઓ વડે પોતાની જાતને કલ્પવૃક્ષની માફક શણગાર્યું, શણગારીને પોતાના શરીર પર દર્દર મલય ચંદનનું સુગંધી ચૂર્ણ લગાવ્યું અને પુષ્પમાળાઓ ધારણ કરી.

ત્યાર પછી કેશાલંકારો, માલ્યાલંકારો, આભરણો અને વસ્ત્રાલંકારો એમ ચારે પ્રકારના અલંકારોથી અલંકૃત-વિભૂષિત થઈને, પરિપૂર્ણ અલંકૃત થઈને તે સૂર્યાભદેવ સિંહાસન પરથી ઊઠ્યો, ઊઠીને અલંકાર સભાના પૂર્વદિશાવર્તી દ્વારેથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં વ્યવસાય-સભા હતી ત્યાં આવ્યો, આવીને વ્યવસાય-સભાની અનુપ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને પૂર્વ દિશાના દ્વારમાંથી તેમાં પ્રવેશ્યો, પ્રવેશીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં સિંહાસન હતું ત્યાં ગયો, જઈને યાવત્ બેઠો.

ત્યાર પછી તે સૂર્યાભદેવના સામાનિક પરિષદના દેવો તેની સમક્ષ પુસ્તકરત્ન લઈ આવ્યા. ત્યારે તે સૂર્યાભદેવે પુસ્તકરત્ન લીધું, લઈને પુસ્તક-રત્નનાં બંધનો ખોલ્યાં, ખોલીને પુસ્તક-રત્ન ઉઘાડયું, ઉઘાડીને પુસ્તક-રત્ન વાંચ્યું, વાંચીને ધાર્મિક કાર્ય કરવાનો નિર્ણય કર્યો, નિર્ણય કરીને પુસ્તક-રત્ન પાછું મૂક્યું, પાછું મૂકીને સિંહાસન ઉપરથી ઊભો થયો, ઊભો થઈને વ્યવસાય-સભાના પૂર્વદિશાવર્તી દ્વારેથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં નંદાપુષ્કરિણી હતી ત્યાં આવ્યો, આવીને નંદાપુષ્કરિણીના પૂર્વી તોરણ અને ત્રિ-સોપાનો વડે તેમાં ઊતર્યો, ઊતરીને હાથ પગ ધોયાં, ધોઈને આચમન–મુખશુદ્ધિ કરી ચોખ્ખો, પરમપવિત્ર બન્યો, અને મત્ત ગજરાજની મુખાકૃતિ જેવા આકારવાળી એક મોટી, શ્વેત, રજતમય અને નિર્મળ જળથી ભરેલી ઝારી લીધી, લઈને ત્યાંથી ઉત્પલો યાવત્ શત-પત્ર-સહસ્રપત્ર કમળો લીધાં, લઈને નંદાપુષ્કરિણીમાંથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં સિદ્ધાયતન હતું ત્યાં જવા ઉદ્યત થયો.

ત્યારે તે સૂર્યાભદેવના ચાર હજાર સામાનિક દેવો યાવત્ સોળ હજાર આત્મરક્ષક દેવો તથા બીજા પણ અનેક સૂર્યાભવિમાનવાસી દેવ-દેવીઓ હાથમાં ઉત્પલ યાવત્ શતપત્ર–સહસ્રપત્ર કમળો લઈને સૂર્યાભદેવના પાછળ પાછળ જવા નીકળ્યા.

ત્યારે તે સૂર્યાભદેવના અનેક આભિયોગિક દેવ-દેવીઓ પણ કેટલાંક હાથમાં કળશ લઈને યાવત્ કેટલાક ધૂપદાનીઓ લઈને હર્ષવિભોર યાવત્ સૂર્યાભદેવની પાછળ ચાલ્યા.

ત્યાર પછી તે સૂર્યાભદેવ ચાર હજાર સામાનિક દેવો યાવત્ બીજા પણ અનેક સૂર્યાભ વિમાન-વાસી દેવો અને દેવીઓથી વીંટળાઈને, પોતાના સમસ્ત સમૃદ્ધિ–વૈભવ યાવત્ વાજિંત્રનાદ સાથે જ્યાં સિદ્ધાયતન હતું ત્યાં આવ્યો, ત્યાં આવીને પૂર્વદિશાવર્તી દ્વારમાંથી સિદ્ધાયતનમાં પ્રવેશ્યો, પ્રવેશીને જ્યાં દેવચ્છન્દક હતુ, જ્યાં જિનપ્રતિમાઓ હતી ત્યાં આવ્યો, આવીને જિનપ્રતિમાઓ નજરે પડતાં જ પ્રણામ કર્યા, પ્રણામ કરીને મયૂરપિચ્છની પૂંજણી હાથમાં લીધી, લઈને તે પૂંજણી વડે જિનપ્રતિમાઓની પ્રમાર્જના કરી, પ્રમાર્જન કરીને સુરભિગંધોદક વડે તે પ્રતિમાઓનું પ્રક્ષાલન કર્યું. પ્રક્ષાલન કરીને સરસ ગોશીર્ષ ચંદનનો લેપ કર્યો, લેપ કરીને સુરભિગંધવાસિત કાષાય વસ્ત્રના અંગલૂછણાથી તેમનાં શરીર લૂછ્યાં, લૂછીને તે જિન પ્રતિમાઓને અક્ષત (અખંડ) દેવ દૂષ્ય યુગલ પહેરાવ્યું, પહેરાવીને પુષ્પ, માળા, સુગંધી ચૂર્ણ, વર્ણક, વસ્ત્ર અને આભૂષણોથી શણગાર કર્યો, તેમ શણગારીને પછી ઉપરથી નીચે સુધી લટકતી લાંબી લાંબી ગોળ માળાઓ પહેરાવી, પહેરાવીને પછી કેશપાશની જેમ હાથમાં લઈને વીખેરે તેમ પચરંગી પુષ્પો વેરીને અને રંગોળીઓ રચીને તે સ્થાનને સુશોભિત કર્યું અને પછી તે જિનપ્રતિમાઓની સન્મુખ સ્વચ્છ, શુભ, રજતમય અક્ષત તંદુલો વડે આઠ આઠ મંગળોનું આલેખન કર્યું, તે આ પ્રમાણે સ્વસ્તિક યાવત્ દર્પણ.

ત્યાર પછી કૃષ્ણાગરુ, શ્રેષ્ઠ કુંદુરુક, તુરુષ્ક અને ધૂપની મહેકતી સુગંધથી વ્યાપ્ત, અને અગર-બત્તીની માફક સુરભિગંધને ફેલાવનાર,ચન્દ્રકાન્ત મણિ, વજ્રરત્ન, અને વૈડૂર્યમણિના વિમળ દંડ-વાળી તથા સુવર્ણ અને મણિની વિવિધ ભાતવાળી વૈડૂર્યમય ધૂપદાની લઈને ધૂપ કર્યો અને પછી વિશુદ્ધ, શાસ્ત્રાનુસારી, અપૂર્વ અર્થયુક્ત, અપુન-રુક્ત, મહિમાશાળી, એકસો આઠ વિશુદ્ધ ગ્રંથ-યુક્ત (શ્લોક યુક્ત) સ્તુતિ કરી. સ્તુતિ કરીને સાત આઠ પગલાં પાછો હટયો, પાછળ હટી ડાબો ઘૂંટણ ઊંચો કરી તથા જમણો ઘૂંટણ જમીન પર ટેકવી ત્રણ વાર મસ્તક ભૂમિતળ પર નમાવ્યું, નમાવીને પછી સહેજ ઊંચું કર્યું, ઊંચું કરી બન્ને હાથ જોડી આવર્તપૂર્વક મસ્તક પાસે લઈ જઈ અંજલિ રચી આ પ્રમાણે બોલ્યો—

'અરિહંત ભગવંતોને નમસ્કાર હો, શ્રુત-ચારિત્રરૂપ ધર્મની આદિ કરનાર તીર્થંકરો, સ્વયં-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબુદ્ધો, પુરુષોમાં ઉત્તમ, પુરુષોમાં સિંહ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીક કમળ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન, લોકમાં ઉત્તમ, લોકનાથ, લોકનું હિત કરનાર, લોકમાં પ્રદીપ સમાન, લોકાલોકને પ્રકાશિત કરનાર, અભયદાતા, ચક્ષુ (જ્ઞાન રૂપી આંખ) દાતા, સંયમરૂપી માર્ગ દર્શાવનાર, શરણદાતા, બોધિદાતા, ધર્મદાતા, ધર્મોપદેશક, ધર્મનાયક, ધર્મસારથી, ચતુર્ગતિરૂપ સંસારનો અંત કરનાર શ્રેષ્ઠ ધર્મચક્રવર્તી, અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાનદર્શનના ધારક, કર્માવરણરૂપ છદ્મનો નાશ કરનાર, રાગાદિ શત્રુઓને જીતનાર અને બીજાઓને પણ રાગાદિ શત્રુઓને જીતવા માટે પ્રેરનાર, સંસાર સાગર તરી જનાર અને બીજાઓને સંસારસાગરમાંથી તારનાર, પોતે બોધ મેળવેલ અને બીજાઓને પણ ઉપદેશ દ્વારા બોધ કરાવનાર, પોતે કર્મથી મુક્ત અને બીજાઓને પણ કર્મમુક્તિ અપાવનાર, સર્વજ્ઞ, સર્વદર્શી, શિવ-કલ્યાણરૂપ અચલ, નિરોગી, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાવૃત્તિ (જેમાંથી પાછા આવવાનું હોતું નથી તેવી) રૂપી સિદ્ધગતિ નામક સ્થાનમાં વિરાજમાન સિદ્ધ ભગવંતોને નમસ્કાર.'

સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીને તે સૂર્યાભદેવ જ્યાં દેવચ્છન્દક હતો, જ્યાં સિદ્ધાયતનનો બરાબર મધ્યભાગ હતો ત્યાં આવ્યો, આવીને મયૂરપિચ્છ લઈને સિદ્ધાયતનના મધ્યભાગની પ્રમાર્જના કરી, પ્રમાર્જના કરી દિવ્ય જળધારાનું સિંચન કર્યું, સિંચન કરી સરસ ગોશીર્ષ ચંદનના થાપા કર્યા, રંગોળીઓ રચી અને પછી કેશ ગ્રહણવત્ (હળવા હાથે) યાવત્ પુષ્પોપચાર કર્યો, પછી ધૂપ કર્યો, ધૂપ કરીને જ્યાં સિદ્ધાયતનનું દક્ષિણદિશાવર્તી દ્વાર હતું ત્યાં આવ્યો, આવીને મયૂરપિચ્છની પ્રમાર્જની ઉપાડીને દ્વારવેદિકાઓ, કાષ્ઠ પુતળીઓ તથા વ્યાળરૂપોને પ્રમાર્જ્યા, પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સિંચન કર્યું, સિંચન કરીને સરસ ગોશીર્ષ ચંદનથી તે બધાની ચર્ચા કરી, ચર્ચિત કરીને ધૂપ કર્યો, ધૂપ કરીને ફૂલો ચડાવ્યાં, માળાઓ ચડાવી યાવત્ આભૂષણો ચડાવ્યાં, પછી ઉપરથી નીચે સુધી લટકતી લાંબી લાંબી ગોળ માળાઓ યાવત્ ધૂપપ્રક્ષેપ કર્યો.

ધૂપપ્રક્ષેપ પછી જ્યાં દક્ષિણ દ્વારના મુખમંડપ હતો તે દક્ષિણ દ્વારના મુખમંડપનો બરાબર વચ્ચેનો ભાગ હતો ત્યાં આવ્યો, આવીને મયૂરપીંછી ઊઠાવી તે મધ્યભાગનું પ્રમાર્જન કર્યું, દિવ્ય જળધારાથી સિંચન કર્યું, સરસ ગોશીર્ષ ચંદનના થાપા કર્યા, રંગોળીઓ પૂરી અને પછી કેશગ્રહણવત્ યાવત્ ધૂપ કર્યો.

ધૂપ પ્રક્ષેપ કરીને જ્યાં તે દક્ષિણ દિશાવર્તી મુખમંડપનું પશ્ચિમ દ્વાર હતું ત્યાં આવ્યો, આવીને મયૂરપીંછી લીધી, લઈને દ્વાર ચેટિકાઓ, પુતળીઓ અને વ્યાળરૂપોને પ્રમાર્જિત કર્યાં, પ્રમાર્જન કર્યા પછી દિવ્ય જળધારાથી સિંચન કર્યું, સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચિત કર્યાં, ધૂપપ્રક્ષેપ કર્યો, પુષ્પો ચડાવ્યા યાવત્ આભૂષણોથી શણગાર કર્યો, લાંબી લાંબી ગોળ માળાઓ લટકાવી, કેશગ્રહણવત્ પુષ્પો વેર્યાં, ધૂપપ્રક્ષેપ કર્યો.

ધૂપપ્રક્ષેપ કરીને પછી તે દક્ષિણ દિશાવર્તી મુખમંડપની ઉત્તર દિશાવર્તી સ્તંભપંક્તિ પાસે આવ્યો, આવીને મયૂરપીંછ દ્વારા સ્તંભ, શાલભંજિકાઓ અને વ્યાળરૂપોનું પ્રમાર્જન કર્યું, પ્રમાર્જન કરી જેવી રીતે પશ્ચિમદ્વારે કર્યું હતું તેમ જ યાવત્ ધૂપપ્રક્ષેપ કર્યો.

ધૂપપ્રક્ષેપ કરી જ્યાં તે દક્ષિણ દિશાવર્તી મુખમંડપનું પૂર્વદિશાવર્તી દ્વાર હતું ત્યાં આવ્યો, આવીને મોરપીંછી ઉઠાવીને દ્વાર પરની શાલભંજિકાઓ યાવત્ પૂર્વવત્ સમસ્ત ક્રિયા કરી.

ત્યાર બાદ તે દક્ષિણ દિશાવર્તી મુખમંડપના દક્ષિણ દ્વારે આવ્યો, આવીને મોરપીંછ વડે શાલભંજિકાઓ યાવત્ પૂર્વવત્ સઘળી ક્રિયા કરી.

ત્યાર પછી જ્યાં દક્ષિણ પ્રેક્ષાગૃહમંડપ (નાટ્યગૃહ) હતું અને જ્યાં તે પ્રેક્ષાગૃહમંડપનો બરાબર વચ્ચેનો ભાગ હતો ત્યાં આવ્યો, ત્યાં વજ્રમય અક્ષપાટ (અખાડો) હતો, મણિપીઠિકા હતી, સિંહાસન હતું, ત્યાં આવ્યો, આવીને મોરપીંછની પ્રમાર્જની હાથમાં લીધી, લઈને અક્ષપાટ, મણિપીઠિકા તથા સિંહાસનનું પ્રમા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૅન કર્યું, પ્રમાર્જન કરીને દિવ્ય જળધારા વડે સિંચન કર્યું, સરસ ગોશીર્ષ ચંદન વડે ચર્ચા કરી, પુષ્પાર્ચન કર્યું, લાંબા લાંબી ગોળ માળાઓ લટકાવી યાવત્ ધૂપપ્રક્ષેપ કર્યો.

ધૂપ કરીને પછી જ્યાં દક્ષિણી પ્રેક્ષાગૃહમંડપનું પશ્ચિમ દિશાવતી દ્વાર હતું, ઉત્તર દિશાવતી દ્વાર હતું, પૂર્વ દિશાવતી દ્વાર હતું અને દક્ષિણ દિશાવતી દ્વાર હતું–તે બધાં દ્વારો પર આવી પૂર્વવત્ બધી ક્રિયાઓ કરી.

ત્યાર પછી જ્યાં દક્ષિણ દિશાનો ચૈત્યસ્તૂપ હતો ત્યાં આવ્યો, આવીને સ્તૂપ તથા મણિપીઠિકાને દિવ્ય જળધારાથી અભિસિંચિત કરી, સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચિત કરી, ધૂપપ્રક્ષેપ કરી, પુષ્પો ચડાવી, લાંબી લાંબી માળાઓ લટકાવી યાવત્ ધૂપપ્રક્ષેપ કરી જ્યાં પશ્ચિમ દિશાની મણિપીઠિકા હતી, જ્યાં પશ્ચિમ દિશામાં રહેલી જિનપ્રતિમા હતી ત્યાં આવી પૂર્વવત્ સઘળી ક્રિયા કરી.

જ્યાં ઉત્તર દિશાની મણિપીઠિકા હતી, જ્યાં ઉત્તર દિશા સ્થિત જિનપ્રતિમા હતી, ત્યાં પણ પૂર્વવત્ બધું કર્યું. જ્યાં પૂર્વ દિશાવતી મણિ-પીઠિકા હતી અને જ્યાં પૂર્વદિશાસ્થિત જિન-પ્રતિમા હતી ત્યાં પણ બધી ક્રિયા કરી. એ જ રીતે દક્ષિણ દિશાસ્થિત મણિપીઠિકા અને દક્ષિણવર્તી જિનપ્રતિમા જ્યાં હતી ત્યાં આવી ત્યાં પણ તે જ પ્રકારની બધી ક્રિયા કરી.

ત્યાર પછી તે જ્યાં દક્ષિણ દિશાવર્તી ચૈત્યવૃક્ષ હતું ત્યાં આવ્યો, ત્યાં પણ તે જ સઘળી ક્રિયા કરી.

પછી જ્યાં મહેન્દ્ર ધ્વજ હતો, જ્યાં દક્ષિણ-દિશાની નંદાપુષ્કરિણી હતી ત્યાં આવ્યો, આવીને મોરપીંછી લઈને તોરણ, ત્રિસોપાન પંક્તિ, શાલ-ભંજિકાઓ અને વ્યાળ આકૃતિઓનું પરિમાર્જન કર્યું, દિવ્ય જળધારથી સિંચન કર્યું, સરસ ગોશીર્ષચંદનની ચર્ચા કરી, પુષ્પો ચડાવ્યાં, લાંબી લાંબી માળાઓ ચડાવી, ધૂપપ્રક્ષેપ કર્યો અને પછી સિદ્ધાયતનની પ્રદક્ષિણા કરી જ્યાં ઉત્તર દિશાની નંદાપુષ્કરિણી હતી ત્યાં આવ્યો, ત્યાં આવી પૂર્વવત્ બધી જ ક્રિયા કરી.

ત્યાર બાદ તે જ્યાં ઉત્તરવર્તી ચૈત્યવૃક્ષ હતું ત્યાં આવ્યો, ત્યાં પણ દક્ષિણ દિશાવર્તી સ્તૂપની પેઠે સઘળી વિધિ કરી.

જ્યાં પશ્ચિમ દિશાવતી મણિપીઠિકા હતી, જ્યાં પશ્ચિમ દિશાસ્થિત જિન પ્રતિમા હતી ત્યાં પણ સમગ્ર ક્રિયા પૂર્વવત્ કરી. પછી ઉત્તરદિશા-વર્તી પ્રેક્ષામંડપમાં આવ્યો, ત્યાં પણ પૂર્વવત્ વિધિ કરી. એ જ રીતે પૂર્વદિશાવર્તી દ્વાર માટે પણ. પછી દક્ષિણની સ્તંભપંક્તિ માટે પણ પૂર્વવત્ ક્રિયા કરી.

ત્યાર બાદ ઉત્તર દિશાના મુખમંડપમાં અને તેમાં બરાબર વચ્ચેના પ્રદેશમાં આવી પૂર્વવત્ સર્વ ક્રિયા કરી. પછી પશ્ચિમ દ્વાર પર પણ તેમ જ સમજવું. પછી ઉત્તર દ્વાર અને તેની દક્ષિણ દિશામાં રહેલ સ્તંભપંક્તિ વિશે પણ તે જ પ્રમાણે કર્યું.

ત્યાર પછી જ્યાં સિદ્ધાયતનનું ઉત્તર દ્વાર હતું ત્યાં આવ્યો, ત્યાં પણ પ્રમાર્જનાદિ સર્વ કાર્યો કર્યાં. પછી સિદ્ધાયતનના પૂર્વ દ્વારે આવી બધી જ ક્રિયા કરી.

પછી જ્યાં પૂર્વ દિશાનો મુખમંડપ હતો અને તેનો બરાબર મધ્યભાગ હતો ત્યાં આવ્યો, આવીને પૂર્વવત્ સઘળી ક્રિયા કરી. પછી પૂર્વ દિશાના મુખમંડપના દક્ષિણ દ્વારે આવી પૂર્વ દિશાની સ્તંભપંક્તિ આદિનું પૂર્વવત્ સઘળું કરી તે જ પ્રમાણે પૂર્વ દિશાના દ્વારે આવી બધી વિધિ કરી.

ત્યાર પછી પૂર્વ દિશાના પ્રેક્ષાગૃહમંડપમાં, એ જ રીતે સ્તૂપની, જિનપ્રતિમાઓની, ચૈત્યવૃક્ષોની, મહેન્દ્રધ્વજોની, નંદાપુષ્કરિણીની પૂર્વવત્ સઘળી વિધિપૂર્વક પ્રમાર્જના આદિ કર્યું યાવત્ ધૂપ-પ્રક્ષેપ કર્યો.

ત્યાર પછી જ્યાં સુધર્મા સભા હતી યાં તે આવ્યો અને આવીને પૂર્વદિશાવર્તી દ્વારથી સુધર્મા સભામાં પ્રવેશ્યો, પ્રવેશીને જ્યાં માણવક ચૈત્ય સ્તંભ હતો અને તે સ્તંભમાં જ્યાં વજ્રમય ગોળ સમુદ્ગક (ડબ્બો) રાખ્યો હતો ત્યાં આવ્યો, ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવીને મોરપીંછપ્રમાર્જની લઈને તે વજ્રમય ગોળ સમુદ્ગકનું પ્રમાર્જન કર્યું, પ્રમાર્જન કરીને તે વજ્રમય ગોળ સમુદ્ગકને ઉઘાડયું, ઉઘાડીને તેમાં રાખેલ જિનવરોના અસ્થિનું પ્રમાર્જન કર્યું, પ્રમાર્જન કરીને સુગંધિત ગંધોદકથી તેમનું પ્રક્ષાલન કર્યું, પ્રક્ષાલન કરીને સર્વોત્તમ શ્રેષ્ઠ ગંધ અને પુષ્પો તથા માળાઓથી અર્ચના કરી, ધૂપ કર્યો અને પછી તે જિનઅસ્થિ ફરી તે જ વજ્રમય ગોળ સમુદ્ગકમાં મૂકયા, મૂકીને માણવક ચૈત્યસ્તંભને પ્રમાર્જિત કર્યો, પ્રમાર્જિત કરી દિવ્ય જળધારાનું સિંચન કર્યું, સરસ ગોશીર્ષ ચંદનની ચર્ચા કરી, ધૂપદાન કર્યું, પુષ્પો ચડાવ્યાં–યાવત્ ધૂપપ્રક્ષેપ કર્યો.

ધૂપ પ્રક્ષેપ કરી પછી જ્યાં સિંહાસન હતું ત્યાં આવ્યો, આવીને પૂર્વવત્ બધી ક્રિયા કરી. તે જ રીતે દેવશૈયા પાસે ગયો અને ત્યાં પણ પૂર્વવત્ પ્રમાર્જનથી લઈને ધૂપ સુધીની સઘળી ક્રિયા કરી. તે પછી ક્ષુદ્ર મહેન્દ્રધ્વજ પાસે ગયો અને ત્યાં પણ પ્રમાર્જનાદિ ધૂપક્ષેપ સુધીની સઘળી ક્રિયાઓ કરી.

ત્યાર બાદ તે ચોપાલ નામના પોતાના આયુધગૃહમાં આવી પહોંચ્યો, ત્યાં આવીને મયૂરપિચ્છની પ્રમાર્જની લઈ પ્રમાર્જન કર્યું, પ્રમાર્જન કરી દિવ્ય જળધારાનું સિંચન કર્યું, સરસ ગોશીર્ષ ચંદનની ચર્ચા કરી, ધૂપદાન કર્યું, પુષ્પો ચડાવ્યાં, લાંબી લાંબી માળાઓ લટકવી ધૂપપ્રક્ષેપ કર્યો. પછી જ્યાં સુધર્માસભાનો મધ્યભાગ હતો, તેમાં જ્યાં મણિપીઠિકા હતી અને દેવશૈયા હતી ત્યાં આવ્યો, આવીને મોરપીંછી લઈને દેવશૈયા અને મણિપીઠિકાનું પ્રમાર્જન કર્યું યાવત્ ધૂપક્ષેપ કર્યો, ધૂપક્ષેપ કર્યા પછી ઉપપાત સભાનું દક્ષિણ દિશાવર્તી દ્વાર હતું ત્યાં આવ્યો, ત્યાં આવી અભિષેક સભાની માફક પૂર્વવત્ પૂર્વદિશાની નંદા પુષ્કરિણી સુધી પ્રમાર્જના વગેરે સઘળી ક્રિયા કરી, પછી જ્યાં હ્રદ (ધરો) હતો ત્યાં આવ્યો, ત્યાં આવીને ત્રિસોપાન, કાષ્ઠ પુતળીઓ અને વ્યાળ આકૃતિઓનાં પ્રમાર્જનથી માંડી ધૂપપ્રક્ષેપ સુધીની બધી ક્રિયાઓ કરી.

ત્યાર બાદ જ્યાં અભિષેકસભા હતી ત્યાં આવ્યો અને ત્યાં પણ પૂર્વવત્ સિંહાસન, મણિપીઠિકા વ.ને મોરપીંછથી પ્રમાર્જિત કરી ધૂપક્ષેપ સુધીની બધી વિધિ કરી. ત્યાર બાદ સિદ્ધાયતનની જેમ પૂર્વ દિશાવર્તી નંદાપુષ્કરિણી પર્યંત ધૂપક્ષેપ આદિ બધી ક્રિયા કરી.

ત્યાર પછી તે જ્યાં અલંકારસભા હતી ત્યાં આવ્યો અને અભિષેકસભાની માફક ત્યાં પણ સઘળી ક્રિયા કરી.

ત્યાર પછી તે જ્યાં વ્યવસાયસભા હતી ત્યાં આવ્યો અને મોરપીંછ વડે પુસ્તકરત્નની પ્રમાર્જના કરી, દિવ્ય જળધારાથી સિંચન કર્યું, સર્વોત્તમ સુગંધી માળાઓ આદિથી અર્ચના કરી. ત્યાર બાદ તે જ રીતે મણિપીઠિકા, સિંહાસન વ.ની પણ પ્રમાર્જનાથી ધૂપક્ષેપ સુધીની સમગ્ર વિધિ દ્વારા અર્ચના કરી. તદનંતર ત્યાંથી જ્યાં પૂર્વ દિશાની નંદા પુષ્કરિણી હતી, જ્યાં હ્રદ હતો ત્યાં આવ્યો, આવીને તોરણ, ત્રિસોપાનપંક્તિ, શાલભંજિકાઓ અને વ્યાળાકૃતિઓની પ્રમાર્જનાદિ ધૂપપ્રક્ષેપ પર્યંત સમગ્ર વિધિ કરી.

ત્યાર બાદ જ્યાં બલિપીઠ હતી ત્યાં આવ્યો, ત્યાં આવી બલિવિસર્જન (બલિ આપવા)નું કાર્ય કર્યું અને પછી આભિયોગિક દેવોને બોલાવી આ પ્રમાણે આજ્ઞા કરી–

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ જાઓ અને સૂર્યાભવિમાનના શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચોરાચૌટા, રાજમાર્ગો, પ્રાકારો, અટ્ટાલિકાઓ, ચારિકાઓ, દ્વારો, ગોપુરો, તોરણો, આરામો, ઉદ્યાનો, વનો, વનરાજિઓ, કાનનો, વનખંડોમાં જઈ અર્ચના કરો અને આજ્ઞાપાલન કરી આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે આભિયોગિક દેવોએ સૂર્યાભદેવની આવી આજ્ઞા સાંભળી યાવત્ સ્વીકારી સૂર્યાભ-વિમાનના શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, ચૌટાઓ, મહામાર્ગો, પ્રાકારો, અટ્ટાલિકાઓ, ચરિકાઓ, દ્વારો, ગોપુરો, તોરણો, આરામો, ઉદ્યાનો, વનો, વનરાજિઓ, કાનનો, વનખંડોમાં જઈ અર્ચના કરી અને પછી જ્યાં સૂર્યાભદેવ હતો ત્યાં આવ્યા, આવીને આજ્ઞા પૂર્ણ કર્યાની જાણ કરી.

ત્યાર પછી તે સૂર્યાભદેવ જ્યાં નંદા પુષ્કરિણી હતી ત્યાં આવ્યો, આવીને પૂર્વદિશાવર્તી ત્રિસોપાનો દ્વારા નંદા પુષ્કરિણીમાં ઊતર્યો, ઊતરીને હાથ-પગ ધોયાં, હાથ-પગ ધોઈને નંદા પુષ્કરિણી-માંથી બહાર નીકળ્યો, નીકળીને સુધર્મા સભા પ્રતિ જવા માટે ઉદ્યત થયો.

ત્યાર બાદ તે સૂર્યાભદેવ ચાર હજાર સામાનિક દેવો યાવત્ સોળ હજાર આત્મરક્ષક દેવો તથા બીજા પણ અનેક સૂર્યાભવિમાનવાસી દેવ-દેવી-ઓથી ઘેરાઈને સર્વ ઋદ્ધિ યાવત્ તુમુલ વાજિંત્ર-ઘોષ સાથે જ્યાં સુધર્મા સભા હતી ત્યાં આવ્યો, આવીને સુધર્મા સભામાં પૂર્વદિશાવર્તી દ્વારમાંથી પ્રવેશ્યો, પ્રવેશીને જ્યાં સિંહાસન હતું ત્યાં આવ્યો, ત્યાં આવી પૂર્વાભિમુખ થઈને સિંહાસન પર બેઠો.

ત્યાર બાદ તે સૂર્યાભદેવની પશ્ચિમોત્તર દિશામાં (વાયવ્ય કોણમાં) અને ઉત્તરપૂર્વદિશામાં (ઈશાન કોણમાં) સ્થાપિત ચાર હજાર ભદ્રાસનો પર ચાર હજાર સામાનિક દેવો બેઠા.

ત્યાર બાદ તે સૂર્યાભદેવની પૂર્વદિશામાં ચાર ભદ્રાસનો પર ચાર અગ્રમહિષીઓ—પટ્ટરાણીઓ બેઠી.

ત્યાર બાદ તે સૂર્યાભદેવની દક્ષિણપૂર્વમાં (અગ્નિ ખૂણામાં) આભ્યંતર પરિષદ (અંગત સેવક વર્ગ)ના આઠ હજાર દેવો આઠ હજાર ભદ્રાસનો પર બેઠા.

ત્યાર બાદ તે સૂર્યાભદેવની દક્ષિણ દિશામાં મધ્યમ પરિષદાના દશ હજાર દેવો દશ હજાર ભદ્રાસનો પર બેઠા.

ત્યાર બાદ તે સૂર્યાભદેવના દક્ષિણ-પશ્ચિમદિશા (નૈઋત્ય કોણ)માં બાહ્ય પરિષદના બાર હજાર દેવો બાર હજાર ભદ્રાસનો પર બેઠા.

ત્યાર બાદ તે સૂર્યાભદેવની પશ્ચિમ દિશામાં સાત અનીકાધિપતિઓ સાત ભદ્રાસનો પર બેઠા.

ત્યાર બાદ તે સૂર્યાભદેવની ચારે દિશાઓમાં સોળ હજાર આત્મરક્ષક દેવો સોળ હજાર ભદ્રાસનો પર બેઠા. તે બધા દરેક દિશામાં ચાર ચાર હજાર બેઠા.

તે બધા આત્મરક્ષક દેવો અંગરક્ષણ માટે શરીર પર દઢ કવચ બાંધેલા હતા, દરેકે બાણના ભાથા બાંધેલા હતા, ગળામાં ગ્રૈવેયકો પહેરેલા હતા, પોતપોતાના નિર્મળ શ્રેષ્ઠ સંકેત ચિહ્નોના પટ્ટ ધારણ કરેલા હતા, આયુધો અને પ્રહરણોથી તેઓ સજ્જ હતા, ત્રણ સ્થાનો પર નમેલા અને વજ્રના છેડા (અણી)- વાળાં બાણો અને ધનુષ્ય ધારણ કરેલા હતા, કોઈ નીલરંગના, કોઈ પીતરંગનાં ધનુષ્યો હાથમાં ધારણ કરેલા હતા, કોઈના હાથમાં દંડ, કોઈના હાથમાં ચારુ (શસ્ત્રવિશેષ), કોઈના હાથમાં ચામડાનો ગોફણો, કોઈના હાથમાં ખડ્ગ, કોઈના હાથમાં પાશ— આવી રીતે નીલ, પીત, રક્ત રંગનાં બાણ—ચારુ-ગોફણ-દંડ-ખડ્ગ-પાશ ધારણ કરેલા હતા, બધા એકાગ્ર મનપૂર્વક રક્ષા કરવા તત્પર, સ્વામીની આજ્ઞાનું પાલન કરવામાં સાવધાન, ગુપ્ત આદેશનું પાલન કરનારા, સેવકોને યોગ્ય ગુણો-વાળા, પોતપોતાના કર્તવ્યપાલનમાં ઉદ્યત એવા, વિનયપૂર્વક કિંકર—દાસ બનીને રહેતા હતા.

**સૂર્યાભદેવ અને તેમના સામાનિક દેવોની સ્થિતિનું પ્રરૂપણ—**

૨૮. પ્ર.—હે ભગવન્ ! સૂર્યાભદેવની ભવસ્થિતિ કેટલા કાળની બતાવવામાં આવી છે ?'

ઉ.—'હે ગૌતમ ! સૂર્યાભદેવની ચારપલ્યો પમની સ્થિતિ બતાવવામાં આવી છે.'

પ્ર—'હે ભગવાન ! સૂર્યાભદેવના સામાનિક પરિષદના દેવોની સ્થિતિ કેટલા સમયની બતાવી છે ?'

ઉ.—'હે ગૌતમ ! તેમની પણ ચાર પલ્યો-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પમની સ્થિતિ બતાવવામાં આવી છે.'

હે ગૌતમ ! તે સૂર્યાભદેવ મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાબળ, વિશાળ યશ, અતુલ સુખ અને મહાપ્રભાવવાળો છે.'

ભગવાનનું આવું કથન સાંભળી ગૌતમ પ્રભુએ આશ્ચર્યયુક્ત થઈ પૂછયું—'હે ભગવન્ ! શું સૂર્યાભદેવ આવી મહાન ઋદ્ધિ—યાવત્ મહાપ્રભાવશાળી છે!

**પ્રદેશી રાજા—દૃઢપ્રતિજ્ઞાચરિત્ર-સૂર્યાભદેવનો પૂર્વભવ-અનંતર ભવ પ્રરૂપણ, પ્રદેશી રાજા-સૂર્યકાન્તાદેવી અને સૂર્યકાન્તકુમાર અને ચિત્તસારથી-નામ નિરૂપણ**

૨૯. ગૌતમસ્વામીએ ભગવાનને પુન: પૂછ્યુ—

પ્ર. 'હે ભગવન્ ! સૂર્યાભદેવને તે પ્રકારની દિવ્ય દેવઋદ્ધિ દિવ્ય દેવદ્યુતિ અને દિવ્ય દેવપ્રભાવ એ બધું કેવી રીતે મળ્યુ ? એ બધું તેણે કેવી રીતે પ્રાપ્ત કર્યું ? કેવી રીતે એ બધાનો તે સ્વામી થયો ? તે સૂર્યાભદેવ એના પૂર્વજન્મમાં કોણ હતો ? તેનું નામગોત્ર શું હતું ? એ કયા ગામ, નગર કે સંનિવેશનો નિવાસી હતો ? એણે એવું તે શું દાનમાં દીધું, શું ખાધું, શું સારું કાર્ય કીધું, કે આચરણ કર્યું, તેણે કયા તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણ પાસેથી એવું કયું ધાર્મિક આર્ય સુવચન સાંભળ્યું અને હૃદયમાં ધારણ કર્યું કે જેથી તે સૂર્યાભદેવે આવી દિવ્ય દેવઋદ્ધિ યાવત્ દિવ્ય દેવાનુભાવ ઉપાર્જિત કર્યો, પ્રાપ્ત કર્યો અને અધિગત કર્યો ?'

'હે ગૌતમ !' એમ શ્રમણ ભગવાન મહાવીરે, ભગવાન ગૌતમને સંબોધીને કહ્યું—

ઉ.—"હે ગૌતમ ! તે કાળે ને સમયે આ જ જંબૂદ્વીપ નામના દ્વીપના ભરતક્ષેત્રમાં કેકયાર્ધ નામે જનપદ હતું, જે ભવનાદિ વૈભવથી યુક્ત, સ્તિમિત (સ્વ-પર શત્રુભયથી મુક્ત) અને ધન-ધાન્ય વગેરેની સમૃદ્ધિથી પરિપૂર્ણ હતું,

સર્વ ઋતુઓનાં ફળો-ફૂલોથી સમૃદ્ધ, રમણીય, નંદનવન જેવું મનોરમ, પ્રાસાદિક યાવત્ પ્રતિરૂપ હતું.

તે કેકય-અર્ધ જનપદમાં શ્વેતામ્બી (સેયવિયા) નામની નગરી હતી, તે નગરી પણ ઋદ્ધિ-સંપન્ન, સ્તિમિત-સમૃદ્ધિશાળી યાવત્-પ્રતિરૂપ હતી.

એ શ્વેતામ્બી નગરીની બહાર ઈશાનખૂણામાં મૃગવન નામે ઉદ્યાન હતું. આ ઉદ્યાન રમણીય, નંદનવન જેવી શોભાવાળું, બધી ઋતુઓનાં ફળો ફૂલોથી સમૃદ્ધ, શુભ, સુરભિગંધ, ચારેય દિશાઓમાં શીતળ છાયા ફેલાવતું, પ્રાસાદિક યાવત્ પ્રતિરૂપ અસાધારણ મનોહર હતું.

એ શ્વેતામ્બી નગરીમાં પ્રદેશી નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજા મહાહિમવંત (પર્વત સમાન) યાવત્ પ્રભાવશાળી હતો, પરંતુ એ અધાર્મિક, અધર્મિષ્ટ—અધર્મપ્રેમી, અધર્મ કથન કરનાર, અધર્મનું અનુસરણ કરનાર, બધે અધર્મને જ જોનાર, અધર્મનો જનક, અધર્મમય સ્વભાવ અને આચારયુક્ત અને અધર્મપૂર્વક આજીવિકા ઉપાર્જન કરનાર તથા હંમેશાં 'હણો' 'છેદો' 'ભેદો' જેવી આજ્ઞાઓ આપનાર, સાક્ષાત્ પાપનો અવતાર, પ્રકૃતિએ પ્રચંડ ક્રોધી-રૌદ્ર અને અધમ હતો. એના હાથ હંમેશાં લોહીથી ખરડાયેલા રહેતા હતા. તે વગર વિચારે પ્રવૃત્તિ કરનાર, હલકાઓને ઉત્તેજન આપનાર, વંચક—બીજાઓને ઠગનાર, ધૂર્ત, બદમાશોને પ્રોત્સાહન આપનાર, માયાવી, નિકૃતિ-બગભગત, કૂડ—કપટમાં ચતુર અને અનેક પ્રકારના ટંટા-ફિસાદ કરીને બીજાને દુ:ખ આપનાર તથા શીલરહિત, મર્યાદા વગરનો હતો. તેના મનમાં પ્રત્યાખ્યાન, પૌષધ, ઉપવાસ વગેરે કરવાનો વિચાર પણ ન આવતો. તે હંમેશાં દ્વિપદ, ચતુષ્પદ, મૃગ, પશુ, પક્ષી, સરીસૃપ—સાપ વગેરેની હત્યા કરવામાં, તેમનો વધ કરવામાં છેદન—વિનાશ કરવામાં સાક્ષાત્ અધર્મરૂપી કેતુ ગ્રહ સમાન હતો.

ગુરુજનો (માતા પિતા આદિ)ને જોઈને પણ તેમનો આદર કરવા માટે તે આસન ઉપરથી ઊભો ન થતો, ઊઠતો ન હતો, એમનો આદર ન કરતો, શ્રમણો અને બ્રાહ્મણોને માન ન આપતો અને જનપદના પ્રજાજનોની પાસેથી રાજ-કર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લઈને પણ તેમનું સારી રીતે પાલન અને રક્ષણ કરતો ન હતો.

તે પ્રદેશી રાજાની સૂર્યકાન્તા નામની રાણી હતી. તે રાણી હાથ–પગ આદિ અંગોપાંગોથી સુકુમાર હતી–ઈત્યાદિ ધારિણી રાણી સમાન વર્ણન –યાવત્ તે પ્રદેશી રાજા પ્રતિ અનુરક્ત, અતિ સ્નેહશીલ હતી; ક્યારેય તે એનાથી વિરક્ત–રૂષ્ટ ન થતી હતી અને ઈષ્ટ–પ્રિય શબ્દ-રૂપ આદિ યાવત્ અનેક પ્રકારના મનુષ્ય–સંબંધી કામ-ભોગો ભોગવતી વિચરતી હતી.

તે પ્રદેશી રાજાનો જ્યેષ્ઠ પુત્ર, સૂર્યકાન્તા રાણીનો આત્મજ, સૂર્યકાન્ત નામનો રાજકુમાર હતો, જે સુકોમળ હાથ–પગવાળો યાવત્ પ્રતિરૂપ-અતીવ મનોહર હતો.

તે સૂર્યકાન્ત કુમાર યુવરાજ પણ હતો. તે પ્રદેશી રાજાનું રાજ્ય, રાષ્ટ્ર, બળ–સેના, વાહન–રથાદિ, કોશ, કોઠાર (અન્નભંડાર), પુર, અંતઃ-પુર અને જનપદની સ્વયં દેખભાળ કરતો વિચરણ કરતો હતો.

તે પ્રદેશી રાજાને ઉંમરમાં મોટો, મોટા ભાઈની જેવો, ચિત્ત નામનો સારથી હતો. તે સમૃદ્ધિશાળી યાવત્ કોઈથી ય ગાંજ્યો ન જાય તેવો હતો. તે સામ, દામ, દંડ, ભેદ આદિ નીતિ તેમ જ વિચારપ્રધાન વિષયોમાં વિશારદ હતો. ઔત્પાતિકી યાવત્ પારિણામિકી એવી ચારે પ્રકારની બુદ્ધિથી યુક્ત હતો અને પ્રદેશી રાજાના પોતાનાં ઘણાં કાર્યોમાં યાવત્ લોકવ્યવહારમાં પૂછવા યોગ્ય હતો. તે બધા માટે મેઢો (ખળાના વચલા સ્તંભ જેવો-જેની ચારે બાજુ બળદ ફરીને અનાજનાં કણસલાં પીલે છે) સમાન હતો–પ્રમાણરૂપ હતો–યાવત્ રાજ્યની ધુરાનો સંચાલક તેમ જ શુભચિંતક હતો.

**પ્રદેશી રાજા દ્વારા જિતશત્રુ રાજા પાસે ચિત્ત-સારથીને મોકલવો—**

૩૦. તે કાળે તે સમયે કુણાલ નામનું જનપદ હતું. તે જનપદ વૈભવ-સંપન્ન, સ્વ-પરચક્ર (શત્રુરમો)-ના ભયથી મુક્ત અને ધનધાન્યથી સમૃદ્ધ હતું યાવત્ પ્રતિરૂપ હતું.

તે કુણાલ જનપદમાં શ્રાવસ્તી નામની નગરી હતી, જે ઋદ્ધિવાળી, સ્તિમિત, સમૃદ્ધ યાવત્ પ્રતિરૂપ હતી. તે શ્રાવસ્તી નગરી બહાર ઉત્તર–પૂર્વ દિશામાં (ઈશાનખૂણામાં) કોષ્ઠક નામે ચૈત્ય હતું. તે ચૈત્ય અત્યંત પ્રાચીન યાવત્ પ્રતિ-રૂપ હતું.

તે શ્રાવસ્તી નગરીમાં પ્રદેશી રાજાના અંતેવાસી જેવો અર્થાત્ આજ્ઞાપાલક, આધીન જિતશત્રુ નામે રાજા હતો, જે મહાહિમવંત આદિ પર્વતો સમાન પ્રખ્યાત હતો યાવત્ (સુખપૂર્વક) વિચરતો હતો.

ત્યાર પછી કોઈ એક સમયે પ્રદેશી રાજાએ મહાર્થક —વિશિષ્ટ પ્રયોજનવાળો, મહર્ઘ–બહુ-મૂલ્ય, મહાપુરુષોને આપવા યોગ્ય, રાજાઓને આપવા યોગ્ય, વિપુલ ઉપહાર તૈયાર કર્યો, તૈયાર કરીને ચિત્ત સારથીને બોલાવ્યો, બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું—

'હે ચિત્ત! તું શ્રાવસ્તી નગરીમાં જા અને જિતશત્રુ રાજાને આ મહાર્થક યાવત્ ઉપહાર ભેટ આપી આવ. તેમ જ જિતશત્રુરાજાની સાથે રહીને ત્યાંની રાજ્યવ્યવસ્થા, રાજ્યચર્યા, રાજનીતિ અને રાજવ્યવહારને જાતે જોતો, અનુભવતો ત્યાં સમય વિતાવજે.' આમ કહીને તેને વિદાય કર્યો.

તદનન્તર તે ચિત્તસારથી રાજાની આ આજ્ઞા સાંભળીને હર્ષ પામ્યો–યાવત્–સ્વીકાર કર્યો ને તે મહાર્થક–યાવત્ ભેટ લીધી અને ભેટ લઈને પ્રદેશી રાજા પાસેથી નીકળ્યો, નીકળીને શ્વેતામ્બી નગરીની વચ્ચેથી પસાર થતો તે જ્યાં પોતાનું ઘર હતું ત્યાં ગયો, ત્યાં જઈને તે મહાર્થક યાવત્ ભેટને એક બાજુ પર મૂકી, મૂકીને સેવકજનોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું :

'દેવાનુપ્રિયો! તમે લોકો તરત જ સછત્ર અર્થાત્ જેમાં છત્ર હોય તેવો યાવત્ ચાર ઘંટોવાળો અશ્વરથ જોતરી ઉપસ્થિત કરો–યાવત્ આજ્ઞા-પાલન કર્યાની જાણ કરો.'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી તે કુટુંબીજનોએ ચિત્તસારથીની તે આજ્ઞાનો સ્વીકાર કરીને શીઘ્ર સછત્ર યાવત્ યુદ્ધ માટે સજાવેલો ચાર ઘંટવાળો અશ્વરથ જોતરીને ઉપસ્થિત કર્યો. અને આજ્ઞાનું પાલન કર્યાની જાણ કરી અર્થાત્ રથ લાવવાની સૂચના આપી.

ત્યાર પછી કુટુંબીજનોની આ વાત સાંભળીને યાવત્ આનંદિત હૃદયથી તે ચિત્તસારથીએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત કર્યું અને પછી યુદ્ધ માટે સજ્જ જેવા થઈને સારી રીતે શરીર ઉપર કવચ બાંધ્યું, ધનુષ્યની પ્રત્યંચા ચડાવી, ગળામાં હાર પહેર્યો અને પોતાનો શ્રેષ્ઠ સંકેત–પટ્ટક ધારણ કર્યો, આયુધ અને પ્રહરણ લીધાં, તેમ જ તે મહાર્થક યાવત્ ઉપહાર ગ્રહણ કર્યો, ગ્રહણ કરીને જ્યાં ચાર ઘંટવાળો રથ ઊભો હતો ત્યાં ગયો અને તે ચાર ઘંટવાળા રથ પર આરૂઢ થયો, આરૂઢ થઈને સજ્જ યાવત્ આયુધ અને પ્રહરણોથી સુસજ્જિત ઘણા પુરુષોથી પરિવૃત થઈને, કોરંટ પુષ્પની માળાઓથી વિભૂષિત થઈને, છત્ર ધારણ કરીને, મહાન સુભટો અને રથોનો સમૂહ સાથે લઈને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને સુખપૂર્વક રાતે વિશ્રામ કરતો કરતો તે સવારે નાસ્તા-પાણી કરીને બહુ દૂર નહીં તેમ જ બહુ નજીક નહીં તેવી રીતના સ્થળે દિવસે વિશ્રામ કરતો કરતો કેકય–અર્ધ જનપદની વચ્ચેથી થઈને જ્યાં કુણાલા જનપદ હતું, તેમાં જ્યાં શ્રાવસ્તી નગરી હતી ત્યાં આવ્યો.

આવીને શ્રાવસ્તી નગરીના મધ્ય ભાગમાં પ્રવેશ્યો, પ્રવેશીને જ્યાં જિતશત્રુ રાજાનું ભવન હતું, જ્યાં તે ભવનની બહારની બેઠકસભા હતી, ત્યાં ગયો, ત્યાં જઈને ઘોડાને રોક્યા, રથને ઊભો રાખ્યો, રથ ઊભો રાખીને પછી નીચે ઊતર્યો, ઊતરીને તે મહાર્થક યાવત્ ભેટ લીધી, લઈને જ્યાં આભ્યન્તર ઉપસ્થાનશાળા (આંતરિક બેઠક સભા) હતી, તેમાં જિતશત્રુ રાજા હતો, ત્યાં ગયો અને જઈને બંને હાથ જોડીને યાવત્ અંજલિ રચીને 'જય–વિજય' શબ્દોથી જિતશત્રુ રાજાને વધાવ્યો અને વધાવીને તે મહાર્થક યાવત્ ઉપહાર ભેટ આપ્યો.

ત્યારે તે જિતશત્રુ રાજાએ ચિત્તસારથી દ્વારા ભેટમાં અપાયેલો તે મહાર્થક યાવત્ ઉપહારને સ્વીકાર્યો, સ્વીકારીને ચિત્તસારથીનું સન્માન કર્યું, અને સત્કાર સન્માન કરીને રજા આપી તેમ જ વિશ્રામ કરવા માટે રાજમાર્ગની વચ્ચોવચ્ચ આવાસસ્થાન આપ્યું.

ત્યાર પછી જિતશત્રુ દ્વારા વિદાય પામેલો તે સારથી જિતશત્રુ રાજાની પાસેથી નીકળ્યો અને જ્યાં બહારની ઉપસ્થાનશાળા હતી, જ્યાં ચાર ઘંટવાળો રથ હતો ત્યાં આવ્યો, આવીને તે ચાર ઘંટવાળા રથ પર આરૂઢ થયો, આરૂઢ થઈને શ્રાવસ્તી નગરીની વચ્ચેથી નીકળ્યો, જ્યાં રાજમાર્ગની મધ્યમાં આવેલું પોતાને રહેવા માટેનું આવાસસ્થાન હતું, ત્યાં આવ્યો, આવીને ઘોડાને રોક્યા, રોકીને રથને ઊભો રાખ્યો, ઊભો રાખીને રથની નીચે ઊતર્યો, નીચે ઊતરીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત કર્યું, અને પછી શુદ્ધ અને ઉચિત માંગલિક વસ્ત્રો પહેર્યાં, અલ્પ પરંતુ મૂલ્યવાન આભૂષણોથી શરીરને અલંકૃત કર્યું, ભોજન આદિ કરીને પછી દિવસના ત્રીજા પ્રહરમાં ગંધર્વો, નર્તકો અને નાટ્યકારોના સંગીત, નૃત્ય અને નાટ્યાભિનયો ને સાંભળતો—જોતો ઇષ્ટ-પ્રિય શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધમૂલક પાંચ પ્રકારના મનુષ્ય-સંબંધી કામ-ભોગો ભોગવતો વિચરણ કરવા લાગ્યો.

**શ્રાવસ્તી નગરીમાં કેશીકુમાર શ્રમણનું આગમન—**

૩૧. તે કાળે તે સમયે જાતિસંપન્ન, કુળસંપન્ન, બળસંપન્ન, રૂપસંપન્ન, વિનયસંપન્ન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન સમ્યગ્ચરિત્ર–સંપન્ન, લજ્જાસંપન્ન, પાપકર્મોથી ડરનારા, લાઘવ-સંપન્ન–દ્રવ્યથી અલ્પ ઉપધિવાળા અને ભાવથી ઋદ્ધિ, રસ અને શાતારૂપ ત્રણ ગૌરવોથી રહિત, લજ્જા – લાઘવસંપન્ન, ઓજસ્વી – માનસિક તેજથી સંપન્ન, તેજસ્વી–શારીરિક કાન્તિથી દેદીપ્યમાન, વચસ્વી–સાર્થક વચન બોલવાવાળા, યશસ્વી, ક્રોધને જીતનારા, માનને જીતનાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માયાને જીતનાર, લોભને જીતનાર, નિદ્રાજયી, ઇન્દ્રિયજયી, પરિષહજયી, જીવનની આકાંક્ષા અને મરણના ભયથી મુક્ત, તપપ્રધાન, ગુણ-પ્રધાન, ઉત્કૃષ્ટ સંયમ-ગુણ ધારણ કરનાર, કરણ-પ્રધાન–પિંડશુદ્ધિ આદિ કરણસત્તરીમાં પ્રધાન, ચરણપ્રધાન–મહાવ્રત આદિ ચરણસત્તરીમાં પ્રધાન, નિગ્રહપ્રધાન–મન અને ઇન્દ્રિયોની અનાચાર-પ્રવૃત્તિને રોકવામાં સદૈવ સાવધાન, નિશ્ચયપ્રધાન–તત્ત્વનો નિશ્ચય કરવામાં નિપુણ, આર્જવપ્રધાન–માયાનો નિગ્રહ કરનાર, માર્દવ-પ્રધાન – અભિમાનરહિત, લાઘવપ્રધાન – ક્રિયા કરવાના કૌશલમાં દક્ષ, ક્ષમા-પ્રધાન–ક્રોધનો નિગ્રહ કરવામાં પ્રધાન, ગુપ્તિપ્રધાન–મન-વચન -કાયાના સંયમી, મુક્તિપ્રધાન–નિર્લોભિતાના સાકારરૂપ, વિદ્યાપ્રધાન – દેવતા–અધિષ્ઠિત પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યાઓના જ્ઞાતા, મંત્રપ્રધાન–સાધનાથી પ્રાપ્ત થતી વિદ્યાઓના જ્ઞાતા, બ્રહ્મચર્યપ્રધાન, વેદપ્રધાન–લૌકિક લોકોત્તર આગમોના નિષ્ણાત, નયપ્રધાન–સમસ્ત વચન-અપેક્ષાઓના મર્મજ્ઞ, નિયમપ્રધાન – વિચિત્ર અભિગ્રહોને ધારણ કરવામાં કુશળ, સત્યપ્રધાન, શૌચપ્રધાન–દ્રવ્ય અને ભાવથી મમત્વરહિત, જ્ઞાનપ્રધાન, દર્શનપ્રધાન, ચારિત્રપ્રધાન, ઉદાર, ઘોર પરિષહો, ઇન્દ્રિયો અને કષાયો આદિ આંતરિક શત્રુઓનો નિગ્રહ કરવામાં કઠોર, ઘોરગુણી–અપ્રમત્ત ભાવથી સંયમ–ગુણનું પાલન કરનાર, ઘોર તપસ્વી–મહાન તપસ્વી, ઘોર બ્રહ્મચર્યવાસી–ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યનું પાલન કરનાર, શરીર-સંસ્કારના ત્યાગી, વિપુલ તેજોલેશ્યા પોતાના શરીરમાં સમાવી રાખનાર, ચૌદ પૂર્વોના જ્ઞાતા, મતિજ્ઞાનાદિ–મનઃપર્યાય જ્ઞાન પર્યન્ત ચાર જ્ઞાનોના સ્વામી, પાર્શ્વાપત્ય (પાર્શ્વનાથ તીર્થંકરની શિષ્ય-પરંપરાના) કેશી નામના કુમારશ્રમણ (કુમારાવસ્થામાં દીક્ષિત સાધુ, બાલબ્રહ્મચારી શ્રમણ) પાંચસો અન-ગારોથી પરિવૃત થઈને, પૂર્વાનુપૂર્વી (અનુક્રમ)થી ચાલતા ચાલતા, એક ગામથી બીજે ગામ વિચરણ કરતા કરતા, સુખપૂર્વક વિહાર કરતા કરતા, જ્યાં શ્રાવસ્તી નગરી હતી, તેમાં જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું ત્યાં પધાર્યા અને ત્યાં પધારીને શ્રાવસ્તી નગરીની બહાર કોષ્ઠક ચૈત્યમાં યોગ્ય સ્થાનની યાચના કરી અને પછી અવગ્રહ ગ્રહણ કરીને સંયમ તેમ જ તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

**વૃત્તાંત જાણીને ચિત્તસારથીનું કેશીકુમાર શ્રમણના વંદનાર્થે ગમન, ધર્મશ્રવણ અને ગૃહસ્થધર્મ સ્વીકાર—**

૩૨. ત્યારે શ્રાવસ્તી નગરીના શ્રૃંગાટકોમાં, ત્રિભેટે, ચોકમાં, ચાચરમાં, ચોકઠામાં, રાજમાર્ગમાં અને શેરીએ શેરીએ લોકો અંદરોઅંદર ચર્ચા કરવા લાગ્યા, લોકોનાં ટોળાં એકત્રિત થવા લાગ્યાં, લોકોની વાતોનો અવાજ સંભળાવા લાગ્યો, કોલાહલ થવા લાગ્યો, ભીડને લીધે લોકો અંદરો-અંદર ભટકાવા લાગ્યા, એક પછી એક લોકોનાં ટોળાં આવતાં દેખાવા માંડ્યાં, આમ-તેમથી આવીને લોકો એક જગ્યાએ એકઠા થવા લાગ્યા–યાવત્–પરિષદા પર્યુપાસના કરવા લાગી.

ત્યારે લોકોની વાતચીત અને કોલાહલ સાંભળીને તેમ જ જનસમૂહને જોઈને તે ચિત્ત સારથીને આ પ્રકારનો આંતરિક સંકલ્પ–યાવત્ –વિચાર ઉત્પન્ન થયો—

'શું આજે શ્રાવસ્તી નગરીમાં ઇન્દ્રમહ (ઇન્દ્ર નિમિત્તે ઉત્સવ–ઇન્દ્રમહોત્સવ) અથવા સ્કન્દમહ અથવા રુદ્રમહ, મુકુન્દમહ, શિવમહ, વૈશ્રમણ (કુબેર)–મહ, નાગમહ, ભૂતમહ, યક્ષમહ, ધૂપમહ, ચૈત્યમહ, વૃક્ષમહ, ગિરિમહ, દરિ (ગુફા)–મહ, કૂપમહ, નદીમહ, સરમહ અથવા સાગરમહ છે કે જેથી કરીને આટલા બધા ઉગ્રવંશીય, ભોગવંશીય, ઇક્ષ્વાકુવંશીય, રાજન્ય-વંશીય, ક્ષત્રિય, જ્ઞાતવંશીય, કૌરવવંશીય–યાવત્ ઇભ્ય, ઇભ્યપુત્ર આદિ બધા જ ઇત્યાદિ–શેષ વર્ણન ઔપપાતિક સૂત્ર અનુસાર જાણવું–યાવત્–એમાંના કેટલાક હાથી ઉપર બેસીને, કેટલાક રથમાં, કોઈ પાલખીમાં, કોઈ કોઈ નાના રથમાં બેસીને અને કેટલાય પોત–પોતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમુદાય બનાવીને ચાલતા જ જઇ રહ્યા છે?'—આમ વિચાર કર્યો અને વિચાર કરીને દ્વારપાલને બોલાવીને આ પ્રમાણે તેને પૂછ્યું—

'હે દેવાનુપ્રિય! શું આજે શ્રાવસ્તી નગરીમાં કોઈ ઇન્દ્રમહોત્સવ યાવત્ સાગરોત્સવ છે કે જેથી આટલા બધા ઉગ્રવંશીય, ભોગવંશીય યાવત્ નીકળીને જઈ રહ્યા છે?'

ત્યારે તે કંચુકિ પુરુષે કુમાર શ્રમણના પદાર્પણના નિશ્ચિત સમાચાર જાણીને બંને હાથ જોડીને યાવત્ વધાવીને ચિત્ત સારથીને આ પ્રમાણે નિવેદન કર્યું—

'હે દેવાનુપ્રિય! આજે શ્રાવસ્તી નગરીમાં ઇન્દ્રમહ યાવત્ સાગરમહ આદિ નથી, જેથી આ બધા ઉગ્રવંશીય યાવત્ બધા લોકો પોતાના સમુદાય સાથે જઈ રહ્યા છે, પરંતુ હે દેવાનુપ્રિય! વસ્તુસ્થિતિ એ છે કે આજે જાતિકુળ આદિથી સંપન્ન પાર્શ્વાપત્ય કેશી નામના કુમારશ્રમણ યાવત્ એક ગામથી બીજા ગામ વિહાર કરતા અહીં આવી પહોંચ્યા છે-યાવત્ વિચરણ કરી રહયા છે. તે કારણથી આજે શ્રાવસ્તી નગરીના આ અનેક ઉગ્રવંશીય યાવત્ ઇભ્ય, ઇભ્યપુત્ર આદિ કેટલાય વંદના કરવાના વિચારથી મોટા સમુદાયમાં પોતપોતાના ઘરેથી નીકળી રહ્યા છે.'

૩૩. તદનન્તર કંચુકિ પુરુષ પાસેથી આ વાત સાંભળીને, તેને હૃદયમાં ધારણ કરીને, તે ચિત્ત-સારથીએ હૃષ્ટ-તુષ્ટ યાવત્ વિકસિત હૃદયવાળા થઈને કુટુંબીજનોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! શીઘ્ર ચાર ઘંટવાળો અશ્વરથ જોતરીને લઈ આવો' યાવત્ તેઓ સછત્ર અશ્વરથ જોતરીને લઈ આવ્યા.

ત્યારે તે ચિત્તસારથીએ સ્નાન કર્યું, શુદ્ધ તેમ જ સભોચિત માંગલિક વસ્ત્રો પહેર્યાં, બહુ-મૂલ્ય પરંતુ અલ્પ ભારવાળાં આભૂષણોથી શરીરને અલંકૃત કર્યું અને પછી જ્યાં ચાર ઘંટવાળો રથ હતો ત્યાં આવ્યો, ત્યાં આવીને તે ચાર ઘંટવાળા અશ્વરથ પર આરૂઢ થયો, આરૂઢ થઈને કોરંટ પુષ્પોની માળાથી યુક્ત છત્રને ધારણ કરી ઘણા બધા સુભટોના સમુદાય વચ્ચે ઘેરાઈને શ્રાવસ્તી નગરીની વચ્ચેથી નીકળ્યો, નીકળીને જ્યાં કોષ્ઠક ઉદ્યાન હતું, તેમાં જ્યાં કેશી કુમાર-શ્રમણ બિરાજમાન હતા, ત્યાં પહોંચ્યો.

ત્યાં પહોંચીને કેશી કુમારશ્રમણથી થોડે દૂર ઘોડાને રોકયા, ઘોડાને રોકીને રથને ઊભો રાખ્યો, ઊભો રાખીને રથ પરથી નીચે ઊતર્યો, ઊતરીને જ્યાં કેશી કુમારશ્રમણ આસનસ્થ હતા, ત્યાં આવ્યો, ત્યાં આવીને ત્રણ વાર કેશી કુમાર શ્રમણની આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમસ્કાર કરીને બહુ નજીક કે દૂર નહીં તેવા યથોચિત સ્થાન પર ધર્મોપદેશ સાંભળવાની ઇચ્છાપૂર્વક નમસ્કાર કરતો, સન્મુખ બેસીને વિનયપૂર્વક અંજલિ રચીને પર્યુપાસના કરવા લાગ્યો.

૩૪. તત્પશ્ચાત તે કેશી કુમારશ્રમણે ચિત્તસારથી અને વિશાળ પરિષદને ચાર યામ (જીવન પર્યન્ત માટે સર્વથા ત્યાગ કરવાના વ્રતો)નું કથન કર્યું. તે ચાર યામનાં નામ આ પ્રમાણે છે—૧. સમસ્ત પ્રાણાતિપાત(હિંસા)નું વિરમણ ૨. સમસ્ત મૃષાવાદ(અસત્ય)થી વિરત થવું, ૩. સમસ્ત અદત્તાદાનથી (ચૌર્ય) વિરક્ત થવું, ૪. સમસ્ત બહિદ્ધાદાન (મૈથુન અને પરિગ્રહ)થી વિરક્ત થવું.

તત્પશ્ચાત તે અતિવિશાળ પરિષદ કેશી કુમાર શ્રમણ પાસેથી ધર્મ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને જે દિશામાંથી આવી હતી તે જ દિશામાં પાછી ગઈ.

તદનન્તર તે ચિત્તસારથી કેશી કુમારશ્રમણ પાસેથી ધર્મ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હર્ષિત યાવત્ વિકસિત હૃદય થતો પોતાના આસન પરથી ઊઠ્યો, ઊભો થયો અને ઊભો થઈને તેણે કુમારશ્રમણની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યાં, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે નિવેદન કર્યું—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે દેવાનુપ્રિય ! જે પ્રમાણે તમારી પાસે અનેક ઉગ્રવંશીય-ભોગવંશીય—યાવત્-ઈભ્ય અને ઈભ્યપુત્રો આદિ હિરણ્યનો ત્યાગ કરીને, સુવર્ણને છોડીને તેમ જ ધન, ધાન્ય, સૈન્ય, વાહન, કોશ, કોઠાર, પુર, અંતઃપુરનો ત્યાગ કરીને અને વિપુલ ધન, કનક, રત્ન, મણિ, મોતી શંખ, શિલાપ્રવાલ ( મૂંગા ) આદિ સારભૂત દ્રવ્યોમાં મમત્વ છોડીને, તે બધું દીન–દરિદ્રોમાં વિતરિત કરીને, પુત્રો વગેરેમાં વહેંચીને, મુંડિત થઈને, ગૃહસ્થજીવનનો પરિત્યાગ કરીને, અનગાર ધર્મમાં પ્રવ્રજિત થયા છે; તે પ્રકારે હું હિરણ્યનો ત્યાગ કરીને યાવત્ પ્રવ્રજિત થવા તો સમર્થ નથી, પરંતુ હું આપ દેવાનુપ્રિયની પાસેથી પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપી બાર પ્રકારનો શ્રાવકધર્મ અંગીકાર કરવા માંગું છું.'

ચિત્તસારથીની ભાવના જાણીને કેશી કુમાર શ્રમણે કહ્યું– 'દેવાનુપ્રિય ! જેનાથી તમને સુખ થાય તેમ કરો, પરંતુ તેમાં વિલંબ ન કરો.'

ત્યારે ચિત્તસારથીએ કેશી કુમારશ્રમણની પાસે પાંચ અણુવ્રત યાવત્ બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકાર કર્યો.

તત્પશ્ચાત્ તે ચિત્તસારથી કેશીકુમાર શ્રમણને વંદન નમસ્કાર કરીને જ્યાં ચાર ઘંટવાળો અશ્વરથ ઊભો હતો તે તરફ ચાલવા માટે પ્રવૃત્ત થયો, પછી તે ચાર ઘંટવાળા અશ્વરથ પર આરૂઢ થયો, આરૂઢ થઈને જે દિશામાંથી આવ્યો હતો તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.

૩૫ ત્યાર પછી તે ચિત્તસારથી શ્રમણોપાસક (શ્રાવક) થઈ ગયો, તેણે જીવ–અજીવ પદાર્થોનું સ્વરૂપ સમજી લીધું, પુણ્ય અને પાપના ભેદને જાણી લીધો, તે આશ્રવ, સંવર, નિર્જરા, ક્રિયા, અધિકરણ ( ક્રિયાનો આધાર ), બંધ, મોક્ષના સ્વરૂપને જાણવામાં કુશળ બની ગયો, કુતીર્થિકોના કુતર્કોના ખંડન માટે પણ તેને બીજાની સહાયની જરૂર ન રહી. તે દેવ, અસુર, નાગ, સુવર્ણ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગંધર્વ મહોરગ આદિ દેવગણો દ્વારા પણ નિર્ગ્રન્થ–પ્રવચનથી વિચલિત ન કરી શકાતો, નિર્ગ્રન્થ પ્રવચનમાં નિઃશંક–શંકારહિત બન્યો હતો, આત્મોત્થાન સિવાય અન્યની પ્રતિ આકાંક્ષાથી રહિત હતો, અથવા અન્ય મતોની કાંક્ષા તેના ચિત્તમાં રહી ન હતી, વિચિકિત્સા–ફળ પ્રતિ સંશયરહિત હતો, લબ્ધાર્થ–યથાર્થ તત્ત્વને પ્રાપ્ત કરનાર હતો, ગૃહીતાર્થ હતો, પૃષ્ઠાર્થ–જિજ્ઞાસા દ્વારા તત્ત્વનો મર્મ સમજી લેનાર હતો, અધિગતાર્થ–વાસ્તવિક અર્થનો જાણકાર થઈ ગયો હતો, વિનિશ્ચિતાર્થ–નિશ્ચિત અર્થને આત્મસાત્ કરી લેનાર હતો તેમ જ તેના રોમે રોમમાં નિર્ગ્રન્થ પ્રવચન પ્રતિ અનુરાગ વ્યાપ્યો હતો અને બધાને સંબોધિત કરીને કહેતો–

'હે આયુષ્યમાનો ! આ નિર્ગ્રન્થ પ્રવચન જ અર્થ–પ્રયોજનભૂત છે, આ જ પરમાર્થ છે, આના સિવાય અન્ય–અન્યતીર્થિક કુપ્રવચનાદિ કુગતિ પ્રાપક હોવાથી અનર્થ–અપ્રયોજનભૂત છે.' અસત્ વિચારોથી રહિત થઈ જવાથી તેનું હૃદય સ્ફટિકમણિ જેવું નિર્મળ બની ગયું હતું. નિર્ગ્રંથ શ્રમણોને ભિક્ષાને માટે સરળતા-પૂર્વક પ્રવેશી શકે તે વિચારે તેના ઘરનું બારણું આગળા વગરનું (ખુલ્લું) હતું, બધાં જ ઘરોમાં ત્યાં સુધી કે અંતઃપુરમાં પણ તેનો પ્રવેશ શંકારહિત હોવાથી તે પ્રીતિજનક હતો. તે ચતુર્દશી, અષ્ટમી, અમાવાસ્યા તેમ જ પૂર્ણિમાએ પરિપૂર્ણ પૌષધનું સારી રીતે પાલન કરતો, શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાશુક, એષણીય–સ્વીકાર કરવા યોગ્ય, નિર્દોષ અશન–પાન–ખાદ્ય–સ્વાદ્ય આહાર, પીઠ, ફલક, શૈયા, સંસ્તા-રક–આસન, વસ્ત્ર, પાત્ર, કંબલ, પગલૂછણું, ઔષધ, ભેષજ આપતો અને અનેક પ્રકારના શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસોથી આત્માને ભાવિત–શુદ્ધ કરતો, જિતશત્રુ રાજાની સાથે રહીને સ્વયં તે શ્રાવસ્તી નગરીમાં રાજકાર્યો–યાવત્–રાજ્ય–વ્યવહારોનું અવલોકન અને અનુભવ કરતો વિચરવા લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્વેતામ્બી નગરીએ જતાં ચિત્ત સારથી દ્વારા કેશી કુમાર શ્રમણને શ્વેતામ્બી નગરીમાં પધારવાની પ્રાર્થના અને કેશી કુમાર શ્રમણની અનુમતિ—**

૩૬. તત્પશ્ચાત્ કોઈ એક દિવસ જિતશત્રુ રાજાએ મહાર્થક-યાવત્ ઉપહાર તૈયાર કર્યો અને પછી ચિત્તસારથીને બોલાવ્યો, બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું—

'હે ચિત્ત ! તું પાછો શ્વેતામ્બીનગરી જા અને પ્રદેશી રાજા સન્મુખ આ મહાપ્રયોજન-સાધક યાવત્ ઉપહાર ભેટ આપજે તથા મારા વતી તેમને વિનંતી કરીને કહેજે કે તમે જે મારા યોગ્ય સંદેશો મોકલાવ્યો છે તે એ જ રૂપમાં અવિતથ-સાચો, પ્રામાણિક અને અસંદિગ્ધ છે. તેનો હું એ જ સ્વરૂપમાં સ્વીકાર કરું છું.' એમ કહી ચિત્ત સારથીને સન્માન સહિત વિદાય આપી.

ત્યાર પછી જિતશત્રુ રાજા દ્વારા વિદાય અપાયેલા તે ચિત્ત સારથીએ તે મહાપ્રયોજન-સાધક યાવત્ ઉપહાર ગ્રહણ કર્યો યાવત્ જિનશત્રુ રાજાની પાસેથી નીકળ્યો, નીકળીને શ્રાવસ્તી નગરીની વચ્ચેથી નીકળ્યો, નીકળીને રાજમાર્ગ પર આવેલું પોતાનું નિવાસસ્થાન હતું, ત્યાં ગયો, જઈને તે મહાર્થક યાવત્ ઉપહારને એક બાજુએ મૂક્યો, પછી સ્નાન કર્યું યાવત્ આભૂષણોથી શરીરને વિભૂષિત કર્યું, કોરંટ પુષ્પની માળાઓથી યુક્ત છત્રને ધારણ કરીને વિશાળ સુભટ સમૂહ અને જનસમુદાયને સાથે લઈને ચાલતો જ રાજમાર્ગ પર આવેલા પોતાના આવાસસ્થાનેથી નીકળ્યો, નીકળીને શ્રાવસ્તી નગરીની વચ્ચેથી ચાલતો ચાલતો જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું, તેમાં જ્યાં કેશી કુમાર શ્રમણ વિરાજમાન હતા, ત્યાં પહોંચ્યો, પહોંચીને કેશી કુમારશ્રવણ પાસેથી ધર્મ-શ્રવણ કર્યું, શ્રવણ કરીને-યાવત્ આનંદિત થઈને યાવત્-પોતાના આસન પરથી ઊઠ્યો-યાવત્ આ પ્રમાણે નિવેદન કર્યું—

'હે ભગવાન ! વાત એમ છે કે પ્રદેશી રાજાને આ ઉપહાર ભેટ આપજો એમ કહીને જિતશત્રુ રાજાએ મને વિદાય આપી છે, તો હે ભગવન્ ! હું પાછો શ્વેતામ્બી નગરીમાં જઈ રહ્યો છું. આપ કોઈ વાર જરૂર શ્વેતામ્બી નગરી પધારજો, કેમ કે હે ભગવન્ ! શ્વેતામ્બી નગરી પ્રાસાદિક-મનને આનંદ આપનારી છે. હે ભગવન્ ! શ્વેતામ્બી નગરી દર્શનીય-જોવા લાયક છે, હે ભગવન્ ! શ્વેતામ્બી નગરી પ્રતિરૂપ-અતિ મનોહર છે, તેથી હે ભગવન્ ! આપ શ્વેતામ્બી નગરીમાં પધારજો-પદાર્પણ કરજો.'

ચિત્તસારથી દ્વારા આ પ્રમાણે વિનંતી કરાવા છતાં પણ કેશી કુમારશ્રમણે ચિત્તસારથીના આ કથનનો આદર ન કર્યો-ઉત્સુકતા ન બતાવી, ધ્યાન ન આપ્યું પરંતુ માત્ર મૌન જ રહ્યા.

ત્યારે ચિત્તસારથીએ ફરી ફરી બીજી અને ત્રીજી વાર આ પ્રમાણે વિનંતિ કરી—

'હે ભગવન્ ! પ્રદેશી રાજાને આ મહા-પ્રયોજન-સાધક યાવત્-ઉપહાર આપવાનો જણાવીને જિતશત્રુ રાજાએ મને વિદાય આપી દીધી છે,-વગેરે પૂર્વવત્ કથન યાવત્-હે ભગવન્ ! આપ શ્વેતામ્બી નગરીમાં પધારો.'

ત્યાર પછી ચિત્તસારથી દ્વારા બીજી, ત્રીજી વાર પણ આ જ પ્રમાણે વિનંતી કરાઈ ત્યારે કેશી કુમારશ્રમણે ચિત્તસારથીને આ પ્રમાણે કહ્યું—

'હે ચિત્ત ! જો કોઈ લીલોછમ ઠંડી છાંય-વાળો યાવત્ પ્રતિરૂપ વનખંડ હોય તો હે ચિત્ત ! તે વનખંડ અનેક બેપગા, ચોપગા, મૃગ, પશુ, પક્ષી, સરીસૃપો વગેરેને જવા યોગ્ય-રહેવા લાયક ખરો કે નહીં ?

'હા ભગવન્ ! તે જવા યોગ્ય-રહેવા લાયક છે.' ચિત્તે ઉત્તર આપ્યો.

તે પછી ફરી કેશી કુમારશ્રમણે ચિત્તસારથીને પૂછ્યું 'અને જો તે વનખંડમાં હે ચિત્ત! રહેનાર અનેક બેપગા, ચોપગા, મૃગ, પશુ, પક્ષી અને સરીસૃપ વગેરે પ્રાણીઓનું લોહી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પીનારા, માંસ ખાનારા ભિલુંક જાતિનાં હિંસક પક્ષીઓ રહેતાં હોય તો શું તે વનખંડ તે અનેક બેપગા યાવત્ સરીસૃપોને જવા યોગ્ય-રહેવા યોગ્ય હોઈ શકે ખરો !'

[ ચિત્ત ]–' તે વાત શક્ય નથી.' [ અર્થાત્ એમ હોય તો તે વનખંડ વસવાટ કરવા યોગ્ય ન હોઈ શકે. ] [ કેશી કુમારશ્રમણ ] – ' કેમ શા માટે નહીં ?'

[ ચિત્ત ] – ' હે ભગવન્ ! કેમ કે તે વનખંડ ઉપસર્ગ આપનાર છે – ત્રાસ, દુઃખ અને ભયજનક છે.'

( આ ઉત્તર સાંભળીને પછી કેશી કુમારશ્રમણે ચિત્ત સારથીને સમજાવવા માટે કહ્યું ) – ' તો આ પ્રમાણે હે ચિત્ત ! તારી શ્વેતામ્બી નગરીમાં પ્રદેશી નામે રાજા રાજ્ય કરે છે, જે અધાર્મિક યાવત્ પ્રજા પાસેથી કર લઈને પણ તેમનું સારી રીતે રક્ષણ અને પાલન નથી કરતો. તો હે ચિત્ત ! તે શ્વેતામ્બી નગરીમાં હું કેવી રીતે આવી શકું-કેમ કરીને આવું ?'

ત્યારે ચિત્તસારથીએ કુમારશ્રમણ આગળ આ પ્રમાણે નિવેદન કર્યું –

' હે ભગવન ! તમારે પ્રદેશી રાજા સાથે શું લેવા-દેવા ? કેમકે હે ભગવન્ ! તે શ્વેતામ્બી નગરીમાં બીજા કેટલાય ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ વગેરે રહે છે, જે આપ દેવાનુપ્રિયની વંદના કરશે—યાવત્ પર્યુપાસના કરશે, તેમ જ વિપુલ અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય રૂપ આહારથી પ્રતિલાભિત કરશે, પ્રાતિહારિક, પીઠ, ફલક, શૈયા, સંસ્તારક વગેરે માટે ઉપનિમંત્રિત કરશે.'

ત્યારે કેશી કુમારશ્રમણે ચિત્તસારથીને આ પ્રમાણે કહ્યું—

' હે ચિત્ત ! આ વાત ધ્યાનમાં રાખીશ અને સમય મળશે તો શ્વેતામ્બી નગરીમાં પણ આવીશ.'

**ચિત્ત સારથીનું સેયવિયા ( શ્વેતામ્બી ) નગરીમાં આગમન —**

૩૭. ત્યાર પછી ચિત્તસારથીએ કેશી કુમારશ્રમણને વંદન નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને કેશી કુમારશ્રમણની પાસેથી તેમ જ કોષ્ઠક ચૈત્યમાંથી નીકળ્યો, નીકળીને જ્યાં શ્રાવસ્તી નગરી હતી અને તેમાં જ્યાં રાજમાર્ગ પર આવેલું પોતાનું નિવાસસ્થાન હતું ત્યાં આવ્યો અને આવીને સેવકજનોને બોલાવ્યા, બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું –

' હે દેવાનુપ્રિયો ! શીઘ્ર ચાર ઘંટવાળો અશ્વરથ જોતરીને લઈ આવો.' ત્યાર પછી જેવી રીતે પહેલા શ્વેતામ્બી નગરીમાંથી પ્રસ્થાન કર્યું હતું, તેવી જ રીતે – યાવત્ વિશ્રામ કરતા કરતા, પડાવ નાખતા નાખતા કુણાલા જનપદ વચ્ચેથી ચાલતા ચાલતા, જ્યાં કેકય-અર્ધ જનપદ હતું અને તેમાં જ્યાં તે નગરીનું મૃગવન નામે ઉદ્યાન હતું, ત્યાં આવ્યો, આવીને ઉદ્યાનપાલકો-( માળીઓ )ને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું –

' હે દેવાનુપ્રિયો ! જ્યારે પાર્શ્વાપત્ય કેશી નામક કુમારશ્રમણ એક ગામથી બીજે ગામ વિહાર કરતા કરતા ચાલતા ચાલતા અહીં આવે ત્યારે હે દેવાનુપ્રિયો ! તમે કેશી કુમારશ્રમણને વંદન-નમસ્કાર કરજો અને વંદન નમસ્કાર કરીને પ્રતિરૂપ ( સાધુ-કલ્પાનુસાર ) રહેવા માટેની આજ્ઞા આપજો, તથા પ્રાતિહારિક પીઠ, ફલક વગેરે યાવત્ ઉપનિમંત્રિત કરજો—પ્રાર્થના કરજો અને પછી મારી આજ્ઞાનું પાલન કર્યાની જાણ કરજો અર્થાત્ કેશી કુમારશ્રમણના આગમનની જાણ કરજો.'

ત્યારે તે ઉદ્યાનપાલક ચિત્તસારથીની આ આજ્ઞા સાંભળીને હર્ષિત અને સંતુષ્ટ થયા યાવત્ વિકસિતહૃદય બનીને બે હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહ્યું—' સ્વામી ! તમારી આજ્ઞા શિરોધાર્ય છે.' આ પ્રમાણે કહીને આજ્ઞાનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

૩૮. ત્યાર પછી તે ચિત્તસારથી જ્યાં શ્વેતામ્બી નગરી હતી, ત્યાં આવી પહોંચ્યો, ત્યાં પહોંચીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્વેતામ્બી નગરીના મધ્યભાગમાં પ્રવેશ્યો, પ્રવેશીને જ્યાં પ્રદેશી રાજાનો પ્રાસાદ હતો, જ્યાં તે પ્રાસાદની બહારની ઉપસ્થાનશાળા હતી, ત્યાં ગયો, જઈને ઘોડા રોકયા, રોકીને રથને ઊભો રાખ્યો, રથને ઊભો રાખીને રથની નીચે ઊતર્યો અને નીચે ઊતરીને તે મહાર્થક યાવત્ ઉપહાર લીધો, લઈને જ્યાં પ્રદેશી રાજા હતો, તે બાજુ ગયો, તે બાજુ જઈને બંને હાથ જોડીને યાવત્ વધાવીને પ્રદેશી રાજાની સન્મુખ તે મહાર્થક યાવત્ ભેટ ઉપસ્થિત કરી.

ત્યાર પછી પ્રદેશી રાજાએ ચિત્તસારથીએ આપેલી તે મહાર્થક યાવત્ ભેટનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને ચિત્તસારથીનું સન્માન કર્યું અને સત્કાર સન્માન કરીને વિદાય આપી.

ત્યાર પછી પ્રદેશી રાજા દ્વારા વિદાય અપાયેલો તે ચિત્તસારથી હૃષ્ટ-તુષ્ટ યાવત્ વિકસિત હૃદય બનીને પ્રદેશી રાજા પાસેથી નીકળ્યો, નીકળીને જ્યાં ચાર ઘંટવાળો અશ્વરથ હતો, ત્યાં આવ્યો, ચાર ઘંટવાળા અશ્વરથ પર આરૂઢ થયો અને શ્વેતામ્બી નગરીની વચ્ચેથી નીકળીને જ્યાં પોતાનું ઘર હતું, ત્યાં આવ્યો, આવીને ઘોડાને રોકયા, રથને ઊભો રાખ્યો, પછી નીચે ઊતર્યો અને સ્નાન કરીને યાવત્ શ્રેષ્ઠ પ્રાસાદમાં જોર જોરથી વાગતા મૃદંગના તાલ પર ઉત્તમ તરુણીઓ દ્વારા થતાં બત્રીસ પ્રકારનાં નાટકો, નૃત્ય, ગાયન અને ક્રીડાને સાંભળતો-જોતો તથા હર્ષિત થતો ઇષ્ટ-પ્રિય શબ્દ, સ્પર્શ-યાવત્ કામ-ભોગો ભોગવતો વિચરવા લાગ્યો.

**ઉદ્યાનપાલકે કહેલા વૃત્તાંતાનુસાર ચિત્તસારથીનું કેશી કુમારશ્રમણના વંદનાર્થે ગમન અને ધર્મ-શ્રવણ—**

૩૯. ત્યાર પછી કોઈ સમયે પ્રાતિહારિક પીઠ, ફલક શૈયા, સંસ્તારક આદિ તેમના માલિકને સોંપીને કેશી કુમારશ્રમણ શ્રાવસ્તી નગરી અને કોષ્ઠક ઉદ્યાનની બહાર નીકળ્યા, નીકળીને પાંચસો અનગાર શિષ્યો સાથે યાવત્ વિહાર કરતા કરતા જ્યાં કેકય-અર્ધ જનપદ હતું, શ્વેતામ્બીનગરી હતી, તેમાં જ્યાં મૃગવન ઉદ્યાન હતું, ત્યાં આવ્યા, ત્યાં જઈને યથા-પ્રતિરૂપ અવગ્રહ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

૪૦. ત્યારે શ્વેતામ્બી નગરીના શ્રૃંગાટકો, ત્રિકો, ચોકમાં, ચાચરમાં, ચોકઠામાં અને રાજમાર્ગો પર જનસમુદાયમાં વાતચીત થવા લાગી કે સ્વામી પધાર્યા છે-યાવત્ પરિષદારૂપે ધર્મ શ્રવણ કરવા માટે નીકળવા લાગ્યા.

ત્યાર પછી તે ઉદ્યાનપાલક આ વાતચીત સાંભળીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ પ્રસન્ન-હૃદય થઈને જ્યાં કેશી કુમારશ્રમણ વિરાજમાન હતા, ત્યાં આવ્યો, આવીને તેણે કેશી કુમારશ્રમણને વંદન નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને યથાપ્રતિરૂપ અવગ્રહ પ્રદાન કર્યો, પ્રાતિહારિક પીઠ યાવત્ સંસ્તારક માટે ઉપનિમંત્રિત કર્યા, પ્રાર્થના કરી, નામગોત્ર પૂછયું અને પછી ચિત્તસારથીની આજ્ઞાને સંભારી એકાન્તમાં ગયા અને ત્યાં એકબીજાને આ પ્રમાણે કહેવા લાગ્યા—

'હે દેવાનુપ્રિયો ! ચિત્તસારથી જેના દર્શનની આકાંક્ષા કરે છે-યાવત્ જેના દર્શનની અભિલાષા રાખે છે, અને જેમનું નામ તેમ જ ગોત્ર સાંભળીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ ઉલ્લાસ-પૂર્ણ હૃદયવાળા થાય છે, તે જ કેશી કુમાર-શ્રમણ પૂર્વાનુપૂર્વી (અનુક્રમ)થી ચાલતા ચાલતા, એક ગામથી બીજે ગામ વિહાર કરતા કરતા અહીંયાં આવ્યા છે, અહીંયાં આવી પહોંચ્યા છે, અહીંયાં સમવસૃત થયા છે-પધાર્યા છે અને આ જ શ્વેતામ્બી નગરીની બહાર મૃગવન ઉદ્યાનમાં યથા-પ્રતિરૂપ અવગ્રહ લઈને યાવત્ વિચરણ કરી રહ્યા છે. તેથી હે દેવાનુપ્રિયો ! આપણે લોકો જઈએ અને ચિત્તસારથીને પ્રિય આ વાતનું તેમની આગળ નિવેદન કરીએ, આપણી આ વાત તેમને બહુ પ્રિય લાગશે.'

આ પ્રમાણે એકબીજાના આ વિચારનો સ્વીકાર કરીને પછી જ્યાં શ્વેતામ્બી નગરી હતી, તેમાં જ્યાં ચિત્તસારથીનું ઘર હતું અને જ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિત્તસારથી હતો ત્યાં તેઓ ગયા, જઈને બંને હાથ જોડીને યાવત્ ચિત્તસારથીને વધાવ્યો અને આ પ્રમાણે નિવેદન કર્યું—

'હે દેવાનુપ્રિય! તમને જેના દર્શનની આકાંક્ષા છે યાવત્ અભિલાષા કરો છો અને જેમનું નામ, ગોત્ર સાંભળીને પણ તમે આનંદ પામો છો યાવત્ વિકસિત-હૃદય થાઓ છો તેવા તે કેશી કુમારશ્રમણ પૂર્વાનુપૂર્વી (અનુક્રમ) થી ચાલતા ચાલતા, એક ગામથી બીજે ગામ ફરતા ફરતા અહીં મૃગવન ઉદ્યાનમાં સમવસૃત થયા છે, પધાર્યા છે, યાવત્ વિચરણ કરી રહ્યા છે.'

૪૧. ત્યારે તે ચિત્તસારથી તે ઉદ્યાનપાલકોની આ વાત સાંભળીને અને હૃદયમાં ધારણ કરી હર્ષિત, સન્તુષ્ટ યાવત્ વિકસિત-હૃદય થઈને પોતાના આસનેથી ઊભો થયો, પાદપીઠથી નીચે ઊતર્યો, ઊતરીને પાદુકાઓ ઉતારી, એક ખભે ખેસ નાખ્યો અને મુકુલિત હસ્તાગ્રપૂર્વક અંજલિ રચીને જે દિશામાં કેશી કુમારશ્રમણ ઊતર્યા હતા તે દિશામાં સાત-આઠ પગલાં ચાલ્યો અને ચાલીને બંને હાથ જોડીને આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો—

'અરિહંત ભગવન્ત-યાવત્ સિદ્ધગતિ નામના સ્થાનને પ્રાપ્ત સિદ્ધ ભગવન્તને નમસ્કાર હજો. મારા ધર્માચાર્ય તેમ જ ધર્મોપદેશક કેશી કુમાર શ્રમણને નમસ્કાર હજો. અહીંયાં રહેલો હું ત્યાં બિરાજમાન ભગવન્તની વંદના કરું છું. ત્યાં વિરાજમાન રહેલા તે મને જુએ—આ પ્રમાણે કહીને વંદન નમસ્કાર કર્યા.

ત્યાર પછી ઉદ્યાનપાલકોનું વિપુલ વસ્ત્ર, ગંધ, માળા અને અલંકારોથી સત્કાર-સન્માન કર્યું, સત્કાર સન્માન કરીને પુષ્કળ આજીવિકા-યોગ્ય પ્રીતિદાન (પારિતોષિક) આપ્યું અને પારિતોષિક આપી વિદાય કર્યા, વિદાય કરીને સેવકજનોને બોલાવ્યા તથા બોલાવીને તેમને આ પ્રમાણે આજ્ઞા આપી—

'દેવાનુપ્રિયો! શીઘ્ર ચાર ઘંટવાળો અશ્વરથ જોતરીને હાજર કરો-યાવત્ તે આજ્ઞા પાલન કર્યાની જાણ કરો અર્થાત્ મને તેની સૂચના આપો.'

ત્યાર પછી સેવકજનોએ યાવત્ તરત જ છત્ર અને ધ્વજાથી શોભતા રથને ઉપસ્થિત કર્યો અને આજ્ઞાપાલનની જાણ કરી.

ત્યાર પછી સેવકજનો પાસેથી રથ લાવવાની વાત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ વિકસિત હૃદય થઈને ચિત્તસારથીએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું અને શરીરને વિભૂષિત કર્યું અને પછી જ્યાં શ્રેષ્ઠ ચાર ઘંટવાળો અશ્વરથ હતો ત્યાં આવ્યો, આરૂઢ થયો-યાવત્ આરૂઢ થઈને કોરંટ પુષ્પોની માળાથી શોભિત છત્રને ધારણ કરીને સુભટો આદિ વિશાળ સમુદાય સહિત રવાના થયો, પહોંચ્યો યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો, કેશીકુમાર શ્રમણે ધર્મોપદેશ આપ્યો પર્યન્ત અવશિષ્ટ કથન પહેલાંની જેમ જ અહીં કરવું જોઈએ.

ત્યાર પછી તે ચિત્તસારથી કેશીકુમાર શ્રમણ પાસેથી ધર્મશ્રવણ કરીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ-તુષ્ટ થતો પોતાના આસનેથી ઊઠ્યો, ઊઠીને કેશીકુમાર શ્રમણ પાસે આ પ્રમાણે નિવેદન કર્યું—

'હે ભગવન્ત! અમારો પ્રદેશી રાજા અધાર્મિક છે-યાવત્ રાજકર લઈને પણ પોતાના જનપદનું સારી રીતે રક્ષણ અને પાલન કરતો નથી. તો હે દેવાનુપ્રિય! જો તમે તે પ્રદેશી રાજા પાસે ધર્મ આખ્યાન કરશો-ધર્મોપદેશ કરશો તો તે પ્રદેશી રાજા માટે તેમ જ અનેક બેપગા, ચોપગા, મૃગ, પશુ, પક્ષી, સરીસૃપો આદિ માટે ઉપરાંત ઘણા બધા શ્રમણબ્રાહ્મણો માટે ખૂબ ખૂબ ગુણકારી-હિતાવહ, લાભદાયક થશે. હે દેવાનુપ્રિય! જો તે ધર્મોપદેશ પ્રદેશી રાજા માટે અતીવ હિતકર બની શકશે તો તેના જનપદ-દેશનું પણ ભલું થશે.'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધર્મના લાભ-અલાભ વિષયક ચાર સ્થાનો —**

૪૨ (ચિત્તસારથીની ભાવનાને સાંભળ્યા પછી) કેશી કુમારશ્રમણે ચિત્તસારથીને જણાવ્યું કે—

'હે ચિત્ત! નક્કી છે કે આ ચાર કારણોને લીધે જ જીવ કેવલિભાષિત ધર્મ સાંભળવાનો લાભ નથી મેળવી શકતો. તે ચાર કારણ આ પ્રમાણે છે—

૧. આરામ (બાગ)માં આવેલા અથવા ઉદ્યાનમાં આવેલા શ્રમણ યા બ્રાહ્મણની સામે જે નથી જતો, મધુર વચનોથી જે તેમની સ્તુતિ નથી કરતો, મસ્તક નમાવીને તેમને નમસ્કાર નથી કરતો, તેમનો સત્કાર કે સન્માન નથી કરતો તથા કલ્યાણ, મંગળ, દેવ તેમ જ ચૈત્ય સ્વરૂપ જાણીને જે તેમની પર્યુપાસના નથી કરતો, જે અર્થ—જીવાજીવ આદિ પદાર્થોને, હેતુઓ—મુક્તિ માટેના ઉપાયો જાણવાની ઇચ્છાથી પ્રશ્નો ને, કારણો—સંસાર-બંધનાં કારણોને, વ્યાખ્યાઓ—તત્ત્વોનું પૂર્ણ જ્ઞાન મેળવવા માટે તેના સ્વરૂપ વિશે પૂછતો નથી, હે ચિત્ત! તે જીવ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મને સાંભળવાનો અવસર પ્રાપ્ત નથી કરી શકતો.

૨. ઉપાશ્રયમાં આવેલા શ્રમણો આદિની સન્મુખ નથી જતો યાવત્ એમને પૂછતો નથી, તો કારણથી પણ હે ચિત્ત! તે જીવ કેવલિપ્રજ્ઞપ્ત ધર્મને નથી સાંભળી શકતો.

૩. ગોચરી-ભિક્ષા નિમિત્તે ગામમાં આવેલા શ્રમણ અથવા માહણને વંદન-નમસ્કાર આદિ કરવા માટે તેમની સન્મુખ નથી જતો યાવત્ તેમની પર્યુપાસના નથી કરતો તથા વિપુલ અશન, પાન, ખાદ્ય સ્વાદ્ય રૂપ આહારથી પ્રતિલાભિત નથી કરતો અને અર્થ યાવત્ વ્યાખ્યા વિશે તેમને નથી પૂછતો તો એવો જીવ પણ હે ચિત્ત! કેવલિનિરૂપિત ધર્મને નથી સાંભળી શકતો.

૪. જ્યાં ક્યાંય પણ શ્રમણ અને બ્રાહ્મણને મળવાનો યોગ પ્રાપ્ત થાય ત્યાં પોતાને સંતાડવા માટે અથવા ઓળખાઈ ન જઉં તે વિચારથી પોતાને હાથથી, વસ્ત્રથી, છત્રથી આવૃત્ત કરી લે છે–ઢાંકી લે છે, તેમ જ તેમને અર્થ વગેરે નથી પૂછતો. તો હે ચિત્ત! આ કારણથી પણ તે જીવને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ શ્રવણ કરવાનો અવસર પ્રાપ્ત ન થઈ શકે.

હે ચિત્ત! ઉક્ત ચાર કારણોથી જીવ કેવલિભાષિત ધર્મને સાંભળવાનો લાભ નથી પામતો. પરંતુ—

હે ચિત્ત! આ ચાર કારણોથી જીવ કેવલિભાષિત ધર્મને સાંભળવાનો અવસર પ્રાપ્ત કરી શકે છે. તે ચાર કારણો આ પ્રમાણે છે—

આરામમાં પધારેલા, ઉદ્યાનમાં આવેલા શ્રમણ અથવા બ્રાહ્મણને વંદન-નમસ્કાર કરે છે, યાવત્ પર્યુપાસના કરે છે તથા અર્થો યાવત્ વ્યાખ્યાઓને પૂછે છે. તો હે ચિત્ત! એવો એ જીવ કેવલિપ્રરૂપિત ધર્મને સાંભળવાનો અવસર પ્રાપ્ત કરી શકે છે.

આ પ્રમાણે ઉપાશ્રયમાં વિરાજમાન અને ગોચરી-ભિક્ષા માટે ગામમાં આવેલા શ્રમણ અથવા બ્રાહ્મણની વંદના યાવત્ પર્યુપાસના કરે છે, વિપુલ અશનથી પ્રતિલાભિત કરે છે, અર્થો યાવત્ વ્યાખ્યાઓ પૂછે છે, તો આ કારણોથી હે ચિત્ત! તે જીવ પણ કેવલિપ્રજ્ઞપ્ત ધર્મને સાંભળી શકે છે.

આ પ્રમાણે જે જીવ જ્યાં ક્યાંય પણ શ્રમણ અથવા બ્રાહ્મણનો સુયોગ મળતાં હાથ આદિથી સ્વયંને સંતાડતો નથી, તો તે નિમિત્તથી પણ હે ચિત્ત! તે જીવ કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ સાંભળવાનો લાભ પ્રાપ્ત કરી શકે છે.

પરંતુ હે ચિત્ત! તમારો રાજા પ્રદેશી તો બાગમાં આવેલા શ્રમણ અથવા બ્રાહ્મણની સન્મુખ જ નથી જતો, (ઇત્યાદિ પહેલા ગમ અનુસાર પોતાને આચ્છાદિત કરી લે છે—પર્યન્ત કથન કરવું જોઈએ.) તો પછી હે ચિત્ત! હું પ્રદેશી રાજાને ધર્મોપદેશ કેવી રીતે આપી શકું?'

કેશી કુમારશ્રમણના આ વિચારો જાણીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી ચિત્ત સારથીએ કેશી કુમાર શ્રમણને આ પ્રમાણે વિનંતી કરી—

'હે ભંતે! એક વખત કમ્બોજ દેશવાસીઓએ ઉપહાર રૂપે મને ચાર ઘોડા આપ્યા, મેં તે જ સમયે તેમને પ્રદેશી રાજા પાસે મોકલી આપ્યા હતા. તો હે ભગવન્! તે ઘોડાઓને બહાને હું પ્રદેશી રાજાને તરત જ તમારી પાસે લઈ આવીશ, ત્યારે હે દેવાનુપ્રિય! તમે પ્રદેશી રાજાને ધર્મકથા કહેવામાં લેશમાત્ર પણ સંકોચ ન કરશો, ખેદ ન કરશો, ખિન્ન-ઉદાસ ન થતા, પરંતુ હે ભન્તે! તમે પૂર્વવત્ ગ્લાનિ વગર હર્ષપૂર્વક પ્રદેશી રાજાને ધર્મોપદેશ આપજો. હે ભગવન્! તમે તમારી ઈચ્છાનુસાર પ્રદેશી રાજાને ધર્મકથન કરજો.'

ત્યારે કેશીકુમાર શ્રમણે ચિત્તસારથીને આમ કહ્યું—

'હે ચિત્ત! અવસર ઉપસ્થિત થતાં વિચારી જોઈશ-વિચારીશ.'

ત્યાર પછી ચિત્તસારથીએ કેશીકુમાર શ્રમણને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને જ્યાં ચાર ઘંટવાળો અશ્વરથ હતો, ત્યાં આવ્યો, આવીને ચારઘંટવાળા અશ્વરથ પર આરૂઢ થયો અને આરૂઢ થઈને જે દિશામાંથી આવ્યો હતો તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.

**અશ્વ-પરીક્ષાર્થે નીકળેલા પ્રદેશી રાજાનું ચિત્ત-સારથી સહિત કેશી કુમારશ્રમણ પાસે આવવું-**

૪૩. ત્યાર પછી બીજા દિવસે રાત્રિનું પ્રભાતમાં પરિવર્તન થયા પછી, કોમળ ઉત્પલ—કમળોના ખીલવા પછી અને તડકો નીકળ્યા પછી દૈનિક નિત્યકર્મો પતાવીને, જાજ્વલ્યમાન તેજયુક્ત સહસ્રરશ્મિ સૂર્યના ઊગવા પશ્ચાત્ ચિત્તસારથી પોતાના ઘરેથી નીકળ્યો અને નીકળીને જ્યાં પ્રદેશી રાજાનું ભવન હતું તથા તે ભવનમાં જ્યાં પ્રદેશી રાજા હતો, ત્યાં આવ્યો, આવીને બંને હાથ જોડીને યાવત્ અંજલિ રચીને જય-વિજય શબ્દોથી પ્રદેશી રાજાને વધાવ્યો અને વધાવીને આ પ્રમાણે કહ્યું —

'કમ્બોજ દેશના લોકોએ આપ દેવાનુપ્રિય માટે ચાર ઘોડા ઉપહાર રૂપમાં મોકલ્યા છે, તેમને મેં તે જ દિવસે આપ દેવાનુપ્રિયને સવારી યોગ્ય બનાવવા સારી રીતે શિક્ષિત કર્યા છે. તો હવે હે સ્વામિ! તમે આવો અને તે ઘોડાઓની ચાલ વગેરે ચેષ્ટાઓનું નિરીક્ષણ કરો.'

ત્યારે પ્રદેશી રાજાએ ચિત્તસારથીને આ પ્રમાણે કહ્યું — 'તું જા અને તે ચારે ઘોડાને જોતરીને અહીંયાં લઈ આવ યાવત્ આજ્ઞા-પાલન કર્યાની જાણ કર-રથ લઈ આવ્યાની સૂચના આપ.'

તદનન્તર આ પ્રમાણે પ્રદેશી રાજા દ્વારા આજ્ઞાપિત ચિત્ત સારથીએ રાજાનું આ કથન સાંભળીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ વિકસિત હૃદય થઈને અશ્વરથ ઉપસ્થિત કર્યો યાવત્ આજ્ઞા-પાલનની જાણ કરી,—રથ આવી ગયાની સૂચના રાજાને કરી.

ત્યાર પછી પ્રદેશી રાજા ચિત્તસારથીની આ વાત સાંભળીને, હૃદયમાં અવધારિત કરીને યાવત્ મૂલ્યવાન પરંતુ અલ્પ આભૂષણોથી શરીરને અલંકૃત કરીને પોતાના ભવનથી નીકળ્યો, નીકળીને જ્યાં ચાર ઘંટવાળો અશ્વ-રથ હતો, ત્યાં આવ્યો, આવીને ચાર ઘંટ-વાળા અશ્વરથ પર આરૂઢ થયો અને આરૂઢ થઈને શ્વેતામ્બી નગરીની વચ્ચેથી પસાર થતો નીકળ્યો.

ત્યાર પછી ચિત્તસારથીએ રથને અનેક યોજનો સુધી (ઘણે દૂર સુધી) ખૂબ જ ઝડ-પથી દોડાવ્યો. ત્યારે તે પ્રદેશી રાજાએ ગરમી-તરસ અને રથના ચાલવાથી વાતી ગરમ લૂ અને ઊડતી ધૂળથી વ્યાકુળ, પરેશાન-ખિન્ન થઈને ચિત્તસારથીને આ પ્રમાણે કહ્યું –

'હે ચિત્ત! હું થાકી ગયો છું, તો હવે રથને પાછો વાળ.'

ત્યારે ચિત્તસારથીએ રથને પાછો વાળ્યો અને જ્યાં મૃગવન ઉદ્યાન હતું, ત્યાં આવ્યો અને આવીને પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું —

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે સ્વામિ ! આ મૃગવન ઉદ્યાન છે. આપણે અહીં રથને રોકીને ઘોડાનો અને આપણો થાક સારી રીતે દૂર કરી લઈએ.'

આ સાંભળીને પ્રદેશી રાજાએ ચિત્ત-સારથીને કહ્યું—'હે ચિત્ત ! ઠીક છે, તે પ્રમાણે કર.'

પ્રદેશી રાજાની સ્વીકૃતિ મેળવીને ચિત્ત-સારથીએ જ્યાં મૃગવન ઉદ્યાન હતું, તેમાં પણ જ્યાં કેશી કુમાર શ્રમણ વિરાજી રહ્યા હતા, તેની નજીક આવીને ઘોડા રોક્યા, રોકીને રથને ઊભો રાખ્યો, ઊભો રાખીને રથ પરથી નીચે ઊતર્યો, નીચે ઊતરીને ઘોડાને છોડ્યા અને છોડીને પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું—'હે સ્વામી ! અહીંયાં ઘોડાનો તેમ જ આપણો થાક સારી રીતે દૂર કરી લઈએ.'

ત્યાર પછી તે પ્રદેશી રાજા રથ પરથી નીચે ઊતર્યો અને ચિત્તસારથી સાથે ઘોડાનો અને પોતાનો થાક ઉતારતા તે બાજુ જોયું જ્યાં કેશીકુમાર શ્રમણ અતિવિશાળ પરિષદની વચ્ચે બેસીને ઊંચા અવાજમાં ધર્મોપદેશ આપી રહ્યા હતા. તે જોઈને પ્રદેશી રાજાને આ પ્રમાણે આંતરિક યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો.

'અરે, જડ જ જડની ઉપાસના કરે છે, મુંડ લોકો જ મુંડની પૂજા કરે છે, મૂઢ લોકો જ મૂઢ લોકોનો આશ્રય ખોળે છે, અપંડિત લોકો જ અપંડિતનો આદર કરે છે, પરંતુ આ પુરુષ કોણ છે જે જડ, મુંડ, અપંડિત અને અજ્ઞાની હોવા છતાં પણ શ્રીમાન, ક્રાન્તિમાન અને હૃષ્ટ-પુષ્ટ છે, તેજસ્વી છે?

આ પુરુષ શું ખાય છે? શું પીવે છે? વળી એ લોકોને શું આપે છે જેથી કરીને આટલા બધા લોકો વચ્ચે બેસીને ઊંચા અવાજે બોલી રહ્યો છે?'

એવો વિચાર કર્યો અને વિચાર કરીને ચિત્ત-સારથીને કહ્યું –

'હે ચિત્ત ! જડ પુરુષ જડની પર્યુપાસના કરે છે—યાવત્ જોર જોરથી બૂમો પાડી રહ્યો છે, જેનાથી મારી જ ઉદ્યાનભૂમિમાં હું અહીં-તહીં ઈચ્છા મુજબ ફરી શકતો નથી !'

ત્યારે ચિત્તસારથીએ રાજાને આ પ્રમાણે કહ્યું –

'હે સ્વામિ ! આ પાર્શ્વાપત્ય કેશી કુમાર શ્રમણ છે, જે જાતિસંપન્ન યાવત્ મતિજ્ઞાન આદિ ચાર જ્ઞાનના ધારક છે. તે આધોડાવધિ-જ્ઞાન (પરમાવધિ અવધિજ્ઞાનથી થોડું નિમ્ન કોટિનું અવધિજ્ઞાન)થી સંપન્ન છે તેમ જ અન્નજીવી છે.' ત્યારે પ્રદેશી રાજાએ ચિત્ત-સારથીને આમ કહ્યું –

'હે ચિત્ત ! શું તે પુરુષ આધોડાવધિજ્ઞાનથી સંપન્ન છે? અન્નજીવી છે?'

ચિત્ત – 'હા સ્વામિ ! આ આધોડાવધિ-જ્ઞાન-સંપન્ન તેમ જ અન્નજીવી છે.'

પ્રદેશી—'હે ચિત્ત ! તો શું તે પુરુષ અભિ-ગમનીય છે અર્થાત્ તે પુરુષ પાસે જઈને બેસવું જોઈએ?'

ચિત્ત – 'હા સ્વામિ ! અભિગમનીય છે'

પ્રદેશી – 'તો પછી હે ચિત્ત ! ચાલ આપણે તે પુરુષ પાસે જઈએ.'

ચિત્ત – 'હા સ્વામિ ! આવો, આપણે જઈએ.'

**પ્રદેશી રાજાને પ્રતિબોધનાર્થ કેશી મુનિની પ્રરૂપણામાં પંચવિધ જ્ઞાનનું નિરૂપણ—**

૪૪. ત્યાર પછી ચિત્તસારથીની સાથે પ્રદેશી રાજા જ્યાં કેશીકુમાર શ્રમણ વિરાજમાન હતા, ત્યાં આવ્યો અને આવીને કેશીકુમારશ્રમણથી થોડે દૂર ઊભા રહીને આ પ્રમાણે બોલ્યો —

'હે ભદન્ત ! શું તમે આધોડાવધિજ્ઞાનધારી છો? શું તમે અન્નજીવી છો?'

ત્યારે કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું –

'હે પ્રદેશી ! જેવી રીતે કોઈ અંકવાણિયા (અંક નામે રત્નોના વેપારી) અથવા શંખ-વાણિયા કે દંતવાણિયા, રાજાને કર ન આપવાના વિચારથી કોઈને સાચો રસ્તો પૂછતા નથી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવી જ રીતે હે પ્રદેશી ! તું પણ વિનય-પ્રતિપત્તિ નહીં કરવાની ઈચ્છાથી મને સારી રીતે પૂછતો પણ નથી. હે પ્રદેશી ! મને જોઈને શું તારા મનમાં આ અને આ પ્રમાણે આંતરિક યાવત્ સંકલ્પ નહોતો ઉત્પન્ન થયો કે જડ જ જડની પર્યુપાસના કરે છે યાવત્ હું મારા ઉદ્યાનમાં પણ ઈચ્છાપૂર્વક ફરી શકતો નથી ?' તો હે પ્રદેશી ! શું હું આ સાચું કહું છું ?'

'હા આપનું કથન સત્ય છે.'

આ કહ્યા પછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું—

પ્ર. 'હે ભદન્ત ! તમને એવું તે કયું જ્ઞાન અને દર્શન છે કે જેના દ્વારા તમે આ રીતનો માનસિક યાવત્ સમુત્પન્ન સંકલ્પ જાણ્યો અને જોયો ?'

ત્યારે કેશી કુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું—

ઉ.—'હે પ્રદેશી ! અમારા શ્રમણ નિર્ગ્રંથોના શાસ્ત્રોમાં કહેલું છે કે જ્ઞાનના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે છે—૧. આભિનિબોધિકજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાન, ૪. મનઃપર્યાયજ્ઞાન, અને ૫. કેવળજ્ઞાન.'

પ્ર.—'આભિનિબોધિકજ્ઞાન કેટલા પ્રકારનું છે ?

ઉ.—આભિનિબોધિકજ્ઞાન ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે ૧. અવગ્રહ, ૨. ઈહા, ૩. અવાય, ૪. ધારણા.

પ્ર.—આ અવગ્રહ કેટલા પ્રકારના છે ?

ઉ.—અવગ્રહજ્ઞાનના બે પ્રકાર પ્રતિપાદિત કરવામાં આવ્યા છે. [ઇત્યાદિ ધારણા—પર્યન્ત આભિનિબોધિક જ્ઞાનનું સમસ્ત વર્ણન નન્દી-સૂત્રને અનુરૂપ અહીં પણ જાણવું જોઈએ.]

પ્ર—શ્રુતજ્ઞાનના કેટલા પ્રકાર છે ?

ઉ—શ્રુતજ્ઞાનના બે પ્રકાર પ્રતિપાદિત કરવામાં આવ્યા છે, યથા—અંગપ્રવિષ્ટ, અંગબાહ્ય. (દૃષ્ટિવાદ પર્યન્ત શ્રુતજ્ઞાનના બધા ભેદોનું વર્ણન નન્દીસૂત્ર અનુસાર અહીંયાં કહેવું જોઈએ.)

(ભવપ્રત્યયિક અને ક્ષાયોપશમિકના ભેદથી અવધિજ્ઞાનના બે પ્રકાર છે અને એમનું વિવેચન પણ નન્દીસૂત્ર અનુસાર અહીંયાં કરવું જોઈએ.)

(મનઃપર્યાય જ્ઞાન પણ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, તે આ પ્રમાણે છે—ઋજુમતિ અને વિપુલમતિ. તેમનું વર્ણન પણ નન્દીસૂત્ર પ્રમાણે અહીંયાં કરવું જોઈએ.)

'આ પાંચ જ્ઞાનમાંથી જે આભિનિબોધિક જ્ઞાન છે, તે મને છે, અને જે શ્રુતજ્ઞાન છે, તે પણ મને છે. જે અવધિજ્ઞાન છે, તે પણ મને છે તથા જે મનઃપર્યાય જ્ઞાન છે, તે પણ મને છે, પરંતુ આમાં જે કેવળજ્ઞાન છે તે મને નથી. તે અરિહંત ભગવાનોને હોય છે, એટલે આ ચાર છાદ્મસ્થિક જ્ઞાનોને લીધે હે પ્રદેશી ! મેં તારો આ પ્રકારનો માનસિક યાવત્ સમુત્પન્ન સંકલ્પ જોયો અને જાણ્યો.'

**કેશી કુમારશ્રમણના વક્તવ્યમાં જીવ-શરીરનું અન્યત્વ પ્રરૂપણ—**

**૧. અધુનોત્પન્ન નૈરયિકથી મનુષ્ય-લોકાગમનના વિષયમાં નિષેધ પ્રરૂપક ચાર સ્થાન-(કારણ)-**

૪૫. કેશી સ્વામીનું આ કથન સાંભળીને પછી પ્રદેશી રાજાએ કેશી કુમાર શ્રમણને આ પ્રમાણે વિનંતી કરી—

પ્ર.—'હે ભદન્ત ! શું હું તમારી પાસે બેસી શકું છું ?

કેશી—'હે પ્રદેશી ! આ ઉદ્યાનભૂમિ તારી પોતાની છે, તો પછી અહીંયાં બેસવું કે ન બેસવું તે તારી પોતાની ઈચ્છાની વાત છે.'

ત્યાર પછી પ્રદેશી રાજા ચિત્તસારથીની સાથે કેશી કુમારશ્રમણ પાસે બેસી ગયો અને બેસીને કેશી કુમારશ્રમણને આ પ્રમાણે પૂછ્યું—

પ્ર.—'હે ભદન્ત ! શું તમારા શ્રમણ નિર્ગ્રન્થોમાં એવી કોઈ સમ્યગ્જ્ઞાનરૂપ સંજ્ઞા છે, તત્ત્વનિશ્ચયરૂપ પ્રતિજ્ઞા છે, દર્શનરૂપી દૃષ્ટિ છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રદ્ધાનુસાર રુચિ છે, અર્થનું પ્રતિપાદન કરવા રૂપી હેતુ છે, શિક્ષાવચનરૂપ ઉપદેશ છે, તાત્ત્વિક નિશ્ચયરૂપ સંકલ્પ છે, તુલા—માન્યતા છે, દૃઢ ધારણા છે, દૃષ્ટ તેમ જ ઈષ્ટ પ્રમાણરૂપ મંતવ્ય છે અને આ સ્વીકૃત સિદ્ધાન્ત છે કે જીવ જુદો છે અને શરીર જુદું છે? -જીવ, શરીર ભિન્ન છે? અથવા એવી માન્યતા છે કે જે જીવ છે તે જ શરીર છે અર્થાત્ જીવ અને શરીર બંને એક છે? શરીર જીવરૂપ છે અને જીવ શરીરરૂપ છે?'

પ્રદેશી રાજાનો આ પ્રશ્ન સાંભળીને કેશી કુમારશ્રમણે પ્રત્યુત્તરમાં રાજાને આ પ્રમાણે કહ્યું—

ઉ.—હે પ્રદેશી! અમારા શ્રમણ નિર્ગ્રન્થોમાં એવી સંજ્ઞા યાવત્-સમજ છે કે જીવ જુદો છે અને શરીર જુદું છે, પરંતુ અમારી એવી માન્યતા નથી કે જે જીવ છે તે જ શરીર છે અર્થાત્ જીવ-શરીર બંને એક જ છે.'

ત્યારે તે પ્રદેશી રાજાએ કેશી કુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું—

'હે ભદન્ત! જો તમારા શ્રમણ નિર્ગ્રન્થોની એ સંજ્ઞા યાવત્ સમજ છે કે જીવ ભિન્ન છે અને શરીર ભિન્ન છે, પરંતુ એવી સમજ નથી કે જે જીવ છે, તે જ શરીર છે તો મારા પિતામહ હતા, જે આ જ જમ્બૂદ્વીપ નામે દ્વીપની શ્વેતામ્બી નગરીમાં અધાર્મિક યાવત્ રાજકર લઈને પણ પોતાના જનપદનું સારી રીતે રક્ષણ કરતા ન હતા. તે તમારા કહેવા અનુસાર અત્યન્ત મલિન પાપ કર્મોનું ઉપાર્જન કરીને કાળ આવતાં મરણ પામીને કોઈ એક નરકમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થયા હોવા જોઈએ.

તે પિતામહનો હું ઈષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મણામ (અતિપ્રિય), ધૈર્ય અને વિશ્રામ માટે સ્થાનભૂત, કાર્ય કરવામાં સંમત, ઘણાં કાર્યો કરવામાં માનીતો તથા કાર્ય કર્યા પછી પણ અનુમત, રત્નકરંડિયા (આભૂષણ મંજૂષા-પેટી) સમાન, જીવનના શ્વાસોચ્છ્વાસ સમાન, હૃદયમાં આનંદ ઉત્પન્ન કરનાર, ઉંબરાના ફૂલની જેવો, જેમનું નામ સાંભળીને પણ અહોભાગ્ય માનવામાં આવે તો પછી દર્શનની તો શી વાત જ કરવી? તેવો, હું પૌત્ર છું.

તો તે પિતામહ આવીને મને આ પ્રમાણે કહે કે-હે પૌત્ર! હું તારો પિતામહ હતો અને આ જ શ્વેતામ્બી નગરીમાં હું અધાર્મિક યાવત્ પ્રજા પાસેથી કર લઈને પણ તેમનું સારી રીતે પાલન-રક્ષણ કરતો ન હતો જેથી કરીને અતિ કલુષ પાપકર્મોનું ઉપાર્જન-સંચય કરીને નરકમાં ઉત્પન્ન થયો છું. પરંતુ હે પૌત્ર! તું અધાર્મિક ન થતો-યાવત્ પ્રજા પાસેથી કર લઈને પણ તેમનું પાલન-રક્ષણ કરવામાં પ્રમાદ ન કરીશ અને અતિ કલિ-કલુષ પાપકર્મોનો સંચય-ઉપાર્જન ન કરતો.' જો તે આર્ય (પિતામહ) આવીને મને આ પ્રમાણે કહે તો હું તમારા કહેવા પર શ્રદ્ધા રાખું, પ્રતીતિ કરું અને મારી રુચિનો વિષય બનાવી શકું, કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, પરંતુ જીવ અને શરીર એક જ નથી. પરંતુ જ્યાં સુધી મારા પિતામહ આવીને મને આ પ્રમાણે ન કહે, ત્યાં સુધી હે આયુષ્યમન્ શ્રમણ! મારી આ ધારણા સુપ્રતિષ્ઠિત-સ્થિર છે, કે જે જીવ છે તે જ શરીર છે અને જે શરીર છે તે જ જીવ છે અર્થાત્ જીવ અને શરીર એક જ છે."

પ્રદેશી રાજાની ઉપરની વાત સાંભળીને પછી કેશી કુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું—

પ્ર.-હે પ્રદેશી! તારે સૂર્યકાન્તા નામે રાણી છે ને?

પ્રદેશી—'હા ભદન્ત! છે.'

કેશી કુમારશ્રમણ—'તો હે પ્રદેશી! તું જો સૂર્યકાન્તાદેવીને સ્નાન કરીને-યાવત્ સમસ્ત અલંકારો શરીર પર ધારણ કરીને કોઈ સ્નાન કરેલા યાવત્ સમસ્ત અલંકારોથી વિભૂષિત કોઈ પુરુષની સાથે ઈષ્ટ, શબ્દ, સ્પર્શ, રસ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપ અને ગંધ મૂલક પાંચ પ્રકારના માનવીય કામભોગો ભોગવતી જોઈ લે તો હે પ્રદેશી! તું એ પુરુષને શી શિક્ષા કરીશ?'

પ્રદેશી—'હે ભગવન! હું તે પુરુષના હાથ કાપી નાખીશ, પગ કાપી નાખીશ, શૂળી પર ચઢાવી દઈશ, કાંટાથી છેદી નાખીશ અથવા એક ઘાએ તેને જીવનરહિત કરી નાખીશ—મારી નાખીશ.'

પ્ર—'હે પ્રદેશી! જો તે પુરુષ તને કાલાવાલા કરે કે 'હે સ્વામિ! તમે થોડી ક્ષણો માટે રોકાઈ જાવ, જ્યાં સુધી તમે મારા હાથ ન કાપી નાખો યાવત્ જીવનરહિત ન કરો, ત્યાં સુધીમાં હું મારા મિત્રો, જ્ઞાતિજનો, પોતાના સ્વજન-સંબંધીઓને અને પરિવારજનોને કહીને આવું કે હે, દેવાનુપ્રિયો! હું પાપકર્મોનું આચરણ કરવાને કારણે આ પ્રકારે દંડ ભોગવી રહ્યો છું, તો દેવાનુપ્રિયો! તમારામાંથી કોઈ પણ આવાં પાપકાર્યોમાં પ્રવૃત્ત થશો નહીં, જેના કારણે તમારે આ પ્રકારનો દંડ ભોગવવો પડે, જેવો હું ભોગવી રહ્યો છું'

તો હે પ્રદેશી! તું થોડીવાર માટે તે પુરુષની વિનંતી સ્વીકાર કરી લઈશ – માની લઈશ?'

ઉ.—પ્રદેશી—'હે ભન્તે! એ વસ્તુસ્થિતિ શક્ય નથી, અર્થાત્ હું તે પ્રાર્થના સ્વીકારીશ નહીં.'

પ્ર.—કેશી કુમાર શ્રમણ—'તેની પ્રાર્થના કેમ નહીં સ્વીકારે?'

ઉ.—પ્રદેશી-કેમ કે હે ભદન્ત! તે પુરુષ મહાઅપરાધી છે.' કેશી કુમારશ્રમણ—'તો આ જ પ્રમાણે હે પ્રદેશી! આ જ રીતે તારા પિતામહ છે, જેમણે આ જ શ્વેતામ્બી નગરીમાં અધાર્મિકપણે જીવન વિતાવ્યું – યાવત્ પ્રજા પાસેથી રાજકર લઈને પણ તેમનું સારી રીતે રક્ષણ-પાલન ન કર્યું અને મારા કહેવા પ્રમાણે ઘણાં બધાં—વિપુલ પાપકર્મોનું ઉપાર્જન કરીને યાવત્ નરકમાં ઉત્પન્ન થયા છે. તે પિતામહનો તું ઈષ્ટ કાન્ત, યાવત્ દર્શન માટે પણ દુર્લભ પુત્ર છે. જો તે શીઘ્ર મનુષ્યલોકમાં આવવા ઈચ્છે તો પણ ત્યાંથી આવવા માટે સમર્થ નથી. (કેમકે—)

હે પ્રદેશી! નરકમાં તરત જ આવેલો નૈરયિક રૂપે ઉત્પન્ન થયેલો જીવ નીચેનાં ચાર કારણોને લીધે મનુષ્યલોકમાં આવવાની ઈચ્છા તો કરે છે, પરંતુ અહીંયાં આવી શકતો નથી. તે ચાર કારણો નીચે મુજબ છે :—

૧. નરકમાં ઉત્પન્ન થયેલો નૈરયિક ત્યાંની અત્યંત તીવ્ર વેદનાનો અનુભવ કરતો કરતો મનુષ્યલોકમાં આવવાની આકાંક્ષા તો રાખે છે પરંતુ વિહ્વળતાને કારણે કિંકર્તવ્યમૂઢ બની જવાથી આવવામાં અસમર્થ રહે છે.

૨. નરકમાં નજીકના સમયમાં જ ઉત્પન્ન થયેલો જીવ નરકના કઠોર સંત્રીઓ દ્વારા વારંવાર તાડિત-પ્રતાડિત કરાતો તે તરત જ મનુષ્યલોકમાં આવવાની ઈચ્છા તો કરે છે પણ આવવા માટે સમર્થ થઈ શકતો નથી.

૩–૪ નરકમાં અધુનોત્પન્ન નૈરયિક મનુષ્યલોકમાં આવવાની ઈચ્છા તો કરે છે પરંતુ નારકોને ભોગવવા યોગ્ય અસાતા-વેદનીય કર્મનો ક્ષય નહીં થવાને લીધે, અનનુભૂત તેમ જ અનિર્જીર્ણ નહીં થવાને લીધે મનુષ્યલોકમાં આવવાની અભિલાષા સેવવા છતાં ત્યાંથી આવી શકતો નથી.

આ પ્રમાણેનાં ઉપરનાં ચાર કારણોથી હે પ્રદેશી! તત્કાળ નરકમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થયેલો જીવ તરત જ મનુષ્યલોકમાં પાછો ફરવાની અભિલાષા રાખવા છતાં મનુષ્યલોકમાં આવી શકતો નથી. તો હે પ્રદેશી! તું એ વાત પર વિશ્વાસ રાખ કે જીવ જુદો છે અને શરીર જુદું છે—ભિન્ન છે, પરંતુ તેમ ન માનીશ કે જે જીવ છે, તે જ શરીર છે. અને જે શરીર છે તે જ જીવ છે.:'

**૨. અધુનોત્પન્ન દેવના મનુષ્યલોકાગમનના વિષયમાં નિષેધ નિરૂપક ચાર સ્થાન-કારણ—**

૪૬. તત્પશ્ચાત્ પ્રદેશી રાજાએ કેશી કુમારશ્રમણ સામે તર્ક પ્રસ્તુત કરતાં આ પ્રમાણે કહ્યું –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે ભન્તે ! આ તો તમારી બુદ્ધિ-કલ્પિત વાત છે, કે આ કારણે મારા પિતામહ મનુષ્ય-લોકમાં પાછા ફરતા નથી. પરંતુ હે ભગવન્ ! મારી આજી–દાદી હતી, જે આ જ શ્વેતામ્બી નગરીમાં ધર્મપરાયણ યાવત્ ધાર્મિક આચાર-વિચારપૂર્વક પોતાનું જીવન વ્યતીત કરનારી, જીવાજીવ આદિ તત્ત્વોની જ્ઞાતા, શ્રમણોપાસિકા હતી યાવત્ તપથી આત્માને ભાવિત કરતી પોતાનો સમય વ્યતીત કરતી હતી. (ઈત્યાદિ સમસ્ત વર્ણન અહીંયાં કરવું જોઈએ.) તમારા કહેવા પ્રમાણે તે પુણ્યનું ઉપાર્જન કરીને મરણ સમયે મરણને પ્રાપ્ત કરીને કોઈ એક દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થઈ છે.

તે આર્યિકા(દાદી)નો હું ઈષ્ટ, કાન્ત યાવત્ દુર્લભ દર્શનવાળો પુત્ર છું. તો તે આર્યિકા જો અહીંયાં આવીને મને આ પ્રમાણે કહે, કે 'હે પૌત્ર ! હું તારી દાદી હતી અને આ શ્વેતામ્બી નગરીમાં ધાર્મિક જીવન વ્યતીત કરતી શ્રમણોપાસિકા બનીને યાવત્ મારો સમય વ્યતીત કરતી હતી. જેથી બહુ પુણ્ય ઉપાર્જન કરીને યાવત્ દેવલોકમાં ઉત્પન્ન થઇ છું. હે પૌત્ર ! તું પણ ધાર્મિક આચાર-વિચારપૂર્વક યાવત્ જીવન વ્યતીત કર, જેથી કરીને પુણ્યનું ઉપાર્જન કરીને યાવત્ દેવલોકમાં ઉત્પન્ન થઈશ.' આ વિચારથી જો મારી દાદી આવીને મને કહે તો હે ભદન્ત ! હું તમારા કહેવા પ્રમાણે 'જીવ અન્ય છે અને શરીર અન્ય છે, પરંતુ તે જ જીવ—તે શરીર નથી, અર્થાત્ જીવ અને શરીર ભિન્ન છે' એ વાતમાં વિશ્વાસ કરી શકું, પ્રતીતિ કરી શકું અને મારી રુચિનો વિષય બનાવી શકું છું. પરંતુ જ્યાં સુધી મારી દાદી આવીને આ પ્રમાણે ન કહે, ત્યાં સુધી મારી આ ધારણા સુપ્રતિષ્ઠિત–સ્થિર–નિશ્ચળ છે, કે જે જીવ છે તે જ શરીર છે, પરંતુ જીવ અને શરીર ભિન્ન ભિન્ન નથી.'

પ્રદેશી રાજા દ્વારા પ્રસ્તુત કરાયેલા ઉપર મુજબના તર્કને સાંભળીને પ્રત્યુત્તરમાં કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે પૂછયું –

'હે પ્રદેશી ! સ્નાન કરીને, બલિકર્મ અને કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત કરીને, ભીની ધોતી પહેરીને તેમ જ હાથમાં કળશ તથા ધૂપદાન લઈને મંદિરમાં જતી વખતે જો કોઈ પુરુષ પાયખાનામાં ઊભો રહીને, તને એમ કહે કે 'હે સ્વામિ ! આવો અને ક્ષણ માત્ર માટે અહીંયાં બેસો, ઊભા રહો, સૂવો અને શરીર લાંબું કરો, તો હે પ્રદેશી, શું તું એક ક્ષણ માટે પણ તેની વાત સ્વીકારીશ ?'

પ્રદેશી—'હે ભદન્ત ! આ વાત શકય નથી, અર્થાત્ તે પુરુષની વાતનો સ્વીકાર નહીં કરું.'

કેશી કુમારશ્રમણ–તે પુરુષની વાત કેમ નહીં માને ?

પ્રદેશી— 'કેમ કે હે ભદન્ત ! તે સ્થાન અપવિત્ર છે અને અપવિત્ર વસ્તુઓથી વ્યાપ્ત છે—ભરેલું છે.'

પ્રદેશી રાજાનો આ જવાબ સાંભળીને કેશી કુમાર શ્રમણે તેના તર્કનું પહેલાંની જેમ જ સમાધાન કરવા માટે કહ્યું –

તો તે જ પ્રમાણે હે પ્રદેશી ! તારી દાદી કે જેણે આ જ શ્વેતામ્બી નગરીમાં ધાર્મિક યાવત્ ધર્માનુરાગપૂર્વક જીવન વ્યતીત કરેલ છે અને અમારી માન્યતાનુસાર પુણ્યકર્મોનો સંચય કરીને યાવત્ દેવલોકમાં ઉત્પન્ન થઈ છે તથા તે જ દાદીનો તું ઇષ્ટ યાવત્ દુર્લભ-દર્શન જેવો પૌત્ર છે. તે તારી દાદી પણ જોકે વહેલી તકે મનુષ્યલોકમાં આવવા માટે અભિલાષી છે, પરંતુ આવી શકતી નથી. કેમ કે—

'હે પ્રદેશી ! અધુનોત્પન્ન દેવોની દેવલોક-માંથી મનુષ્યલોકમાં આવવાની આકાંક્ષા હોવા છતાં પણ આ કારણોથી તે આવી શકતા નથી.

૧. તત્કાળ ઉત્પન્ન દેવ દેવલોકમાં દિવ્ય કામભોગોથી મૂર્ચ્છિત, ગૃદ્ધ, આસક્ત અને તલ્લીન બની જવાથી તે મનુષ્ય સંબંધી ભોગો પ્રતિ આકર્ષિત નથી થતા, ધ્યાન નથી આપતા અને ઇચ્છા પણ નથી કરતા. જેથી કરીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યલોકમાં આવવાની આકાંક્ષા રાખવા છતાં પણ આવવામાં સમર્થ નથી બની શકતા.

૨. દેવલોક સંબંધી દિવ્ય કામભોગોથી મૂચ્છિંત યાવત્ તલ્લીન બની જવાથી અધુનોત્પન્ન દેવનો મનુષ્ય સબંધી પ્રેમ છૂટી જાય છે અને તે દિવ્ય ભોગ સંબંધી સંક્રાન્ત થઈ જવાથી મનુષ્યલોકમાં આવવાની અભિલાષા રાખવા છતાં પણ તે અહીં નથી આવી શકતા.

૩. અધુનોત્પન્ન દેવ દેવલોકમાં દિવ્યકામભોગોથી મૂચ્છિંત યાવત્ તલ્લીન બની જાય છે, ત્યારે તેઓ મનમાં વિચારે છે કે હમણાં જઈશ, હમણાં જઇશ, થોડા વખત પછી જઈશ. પરંતુ તેટલા સમયમાં તો મનુષ્ય સંબંધી અલ્પ આયુષ્યવાળા તેમના સ્વજન-સ્નેહી બંધુઓ મરણને પ્રાપ્ત થયા હોય છે, જેના કારણે મનુષ્યલોકમાં આવવાની અભિલાષા રાખવા છતાં તે અહીં આવી શકતા નથી.

૪. તે અધુનોત્પન્ન દેવો દેવલોકમાં દિવ્ય કામભોગોમાં યાવત્ તલ્લીન બની જાય છે અને તેથી તેમને મર્ત્યલોકની અતિશય તીવ્ર દુર્ગંધ પ્રતિકૂળ અને અનિષ્ટ ભાસે છે, અને તે મનુષ્યલોકની અશુભ દુર્ગંધ ઉપર આકાશમાં પણ ચારસો-પાંચસો યોજન સુધી ફેલાયેલી હોય છે, આ કારણે મનુષ્યલોકમાં આવવાની ઇચ્છા રાખવા છતાં તે દુર્ગંધને લીધે આવવામાં અસમર્થ રહે છે.

તો હે પ્રદેશી ! આ ચાર કારણોથી અધુનોત્પન્ન દેવો દેવલોકમાંથી મનુષ્યલોકમાં આવવાની ઇચ્છા રાખવા છતાં અહીં આવી શકતા નથી. તેથી પ્રદેશી ! તું શ્રદ્ધા રાખ કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, જીવ શરીરરૂપ નથી અને શરીર જીવરૂપ નથી."

### ૩-૪ કેશી કુમારશ્રમણના વક્તવ્યમાં જીવની અપ્રતિહત ગતિનું સમર્થન—

૪૭. કેશી કુમારશ્રમણનો ઉપર મુજબનો જવાબ સાંભળીને પછી પ્રદેશી રાજાએ કેશી કુમારશ્રમણને આ પ્રમાણે કહ્યું –

'હે ભગવન્ ! તમારી આ ઉપમા તો બુદ્ધિકલ્પિત દૃષ્ટાન્ત માત્ર છે કે આવાં આવાં કારણોથી દેવો મનુષ્યલોકમાં આવતા નથી. પરંતુ મેં તો નજરે જોયું છે કે હે ભદન્ત ! કોઈ એક દિવસ હું મારા અનેક ગણનાયક, દંડનાયક, રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુમ્બિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, મંત્રી, મહામંત્રી, ગણક, દૌવારિક, અમાત્ય, ચેટ, પીઠમર્દક, નાગરિક, વ્યાપારી, દૂત, સંધિપાલ વગેરેની સાથે વિચરણ કરી રહ્યો હતો, તે જ વખતે મારા નગરના રક્ષકો ચોરેલી વસ્તુના પુરાવા અને સાક્ષી સહિત, ગર્દન અને બંને હાથ બાંધેલા એક ચોરને પકડીને મારી પાસે લાવ્યા. ત્યારે મેં તેને જીવતો જ એક લોઢાની કોઠીમાં પુરાવી દીધો, અને લોઢાના ઢાંકણા વડે તે કોઠીને સજ્જડ રીતે ઢાંકી દીધી, પછી ગરમ લોઢું અને સીસા દ્વારા તેને રેણ કરી દીધું અને ચોકી કરવા માટે મારા વિશ્વાસુ પુરુષોને નિયુક્ત કરી દીધા.

તત્પશ્ચાત્ એક દિવસ હું તે લોઢાની કોઠી પાસે ગયો, ત્યાં જઈને મેં તે લોઢાની કોઠી ખોલાવી, ખોલાવીને મારી નજરે જોઉં છું તો તે પુરુષ મરી ગયો છે, જ્યારે લોઢાની કોઠામાં કોઈ કાણું ન હતું, ન કોઈ દર હતું, ન કોઈ અંતર હતું, ન તો ક્યાંય તિરાડ હતી કે જેમાંથી અંદર પૂરેલા પુરુષનો જીવ બહાર નીકળી ગયો હોય. અને તો હું તમારી વાત પર વિશ્વાસ રાખત, પ્રતીતિ કરી લેત તેમજ મારી રુચિનો વિષય બનાવી લેત કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, પરંતુ જીવ શરીરરૂપ નથી અને શરીર જીવરૂપ નથી. પરંતુ તે લોઢાની કોઠીમાં ક્યાંય છિદ્ર ન હતું યાવત્ જીવ બહાર નીકળી ગયો. તો હે ભદન્ત ! મારું માનવું ઉચિત જ છે કે જે જીવ છે તે જ શરીર છે અને જે શરીર છે તે જ જીવ છે – જીવ અને શરીર જુદા-જુદા નથી."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રદેશી રાજાની આ વાત સાંભળ્યા પછી કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું —

"હે પ્રદેશી! જેવી રીતે કોઈ શિખરના ઘાટની ઘુમ્મટ આકારની એક મોટી ઓરડી હોય અને તે અંદર-બહાર ચારે બાજુથી લીંપેલી હોય, સારી રીતે આચ્છાદિત કરેલી હોય, તેનું દ્વાર પણ ગુપ્ત હોય અને હવા પણ તેમાં ન જઈ શકે તેવી ઊંડી હોય. હવે જો આ શિખર આકારની ઘુમ્મટવાળી ઓરડીમાં કોઈ પુરુષ નગારું અને તેને વગાડવાનો ડંડો લઈને પેસી જાય અને પેસીને તે ઘુમ્મટાકાર ઓરડીને એવી રીતે ચારેબાજુથી બંધ કરી દે કે જેથી તેના બારણા વચ્ચે જરા પણ જગ્યા રહે નહીં અને પછી તે ઘુમ્મટાકાર ઓરડીમાં વચ્ચોવચ્ચ ઊભો રહીને તે નગારું અને ડંડો લઈને જોર જોરથી વગાડે.

તો હે પ્રદેશી! શું અંદરથી અવાજ બહાર આવે કે ન આવે? અર્થાત્ બહાર સંભળાય કે નહીં?"

પ્રદેશી – "હા, સંભળાય."

કેશી કુમારશ્રમણ – "પ્રદેશી! તે ઘુમ્મટાકાર વાળી ઓરડીમાં કોઈ છિદ્ર યાવત્ નિરાડ છે? જેમાંથી અવાજ અંદરથી બહાર નીકળે?"

પ્રદેશી – "હે ભગવન! આ વાત શક્ય નથી, અર્થાત્ ત્યાં કોઈ છિદ્રાદિ નથી, જેમાંથી અવાજ બહાર આવી શકે."

કેશી કુમારશ્રમણ – "તો તે જ પ્રમાણે હે પ્રદેશી! જીવ પણ અપ્રતિહત ગતિવાળો છે, તેથી તે પૃથ્વીનું ભેદન કરી, શિલાનું ભેદન કરીને, પર્વતનું ભેદન કરીને, અંદરથી બહાર નીકળી જાય છે. તેથી હે પ્રદેશી! તું એ શ્રદ્ધા રાખ કે જીવ અને શરીર ભિન્ન-ભિન્ન છે, જીવ શરીર નથી અને શરીર જીવ નથી."

૪૮. આ જવાબ સાંભળ્યા પછી પ્રદેશી રાજાએ આ પ્રમાણે કહ્યું –

'હે ભદન્ત! તમારા દ્વારા પ્રયુક્ત ઉપમા તો બુદ્ધિવિશેષરૂપ છે, તેનાથી મારા મનમાં જીવ અને શરીરની ભિન્નતાની વાત યુક્તિ પુરસ્સરની લાગતી નથી. કેમકે, વાત એમ છે કે હે ભદન્ત! કોઈ એક વખત હું મારી બાહ્ય ઉપસ્થાનશાળામાં ગણનાયક આદિની સાથે બેઠો હતો, ત્યારે મારા નગરરક્ષકોએ સાક્ષી સહિત યાવત્ એક ચોરને હાજર કર્યો. મેં તે પુરુષને જીવરહિત કરી દીધો – મારી નાખ્યો અને મારીને એક લોઢાની કોઠીમાં નખાવી દઈ અને લોઢાના ઢાંકણાથી ઢાંકી દીધો. યાવત્-વિશ્વાસપાત્ર પુરુષોને ચોકી માટે નિયુક્ત કરી દીધા.

ત્યાર પછી કોઈ એક દિવસ જ્યાં તે કોઠી હતી, ત્યાં હું આવ્યો અને તે કોઠીને ઉઘાડી તો તે લોઢાની કોઠીને કૃમિથી ઉભરાયેલી જોઈ. પરંતુ તે લોઢાની કુંભીમાં ન તો કોઈ છિદ્ર હતું યાવત્ નિરાડ હતી, કે જેમાંથી તે જીવો બહારથી તેમાં પ્રવેશી શકે. જો તે લોઢાની કોઠીમાં કોઈ છેદ હોત યાવત્ નિરાડ હોત તો માની શકાય કે તેમાંથી થઈને જીવ કોઠીમાં પ્રવેશ્યા હશે અને તો હું માની લેત કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, પરંતુ તે લોઢાની કોઠીમાં કોઈ કાણું ન હતું યાવત્ આથી તે જ સુયોગ્ય છે કે જીવ અને શરીર એક જ છે – જીવ શરીરરૂપ છે અને શરીર જીવરૂપ છે.'

તત્પશ્ચાત કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે પૂછ્યું –

'હે પ્રદેશી! શું તે પહેલાં ક્યારેય આગથી તપાવેલું લોઢું જોયું છે અને જાતે પણ લોઢાને તપાવરાવ્યું છે?'

પ્રદેશી – 'હા ભદન્ત! જોયું છે.'

કેશી કુમારશ્રમણ – 'તો હે પ્રદેશી! તપાવ્યા પછી તે લોઢું પૂરેપૂરું અગ્નિમય બની જાય છે કે નહિ?

પ્રદેશી – 'હા ભદન્ત! બની જાય છે.'

કેશી કુમારશ્રમણ – 'હે પ્રદેશી! તે લોઢામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્યાંય છિદ્ર યાવત્ તિરાડ હતી જેમાંથી અગ્નિ અંદર પ્રવેશી શક્યો ?'

પ્રદેશી – 'હે ભદન્ત ! તે વાત શક્ય નથી, અર્થાત્ તે લોઢામાં કોઈ છિદ્ર આદિ ન હતું.'

કેશી કુમારશ્રમણ – 'તો એ જ પ્રમાણે હે પ્રદેશી ! જીવની પણ અપ્રતિહત ગતિ છે, જેથી તે પૃથ્વીને ભેદીને, શિલાને ભેદીને, બહારથી અંદર પ્રવેશી શકે છે.

તો હે પ્રદેશી ! તું શ્રદ્ધા રાખ કે જીવ ભિન્ન છે અને શરીર ભિન્ન છે, જીવ-શરીર એક જ નથી."

**૫-૬. કેશી કુમારશ્રમણના વક્તવ્યમાં જીવ-શરીરના અન્યત્વના સમર્થનમાં અપર્યાપ્તોપકરણ હેતુ નિરૂપણ—**

૪૯. કેશી કુમારશ્રમણની ઉપર મુજબની વાત સાંભળીને પ્રદેશી રાજાએ કેશી કુમારશ્રમણને આ પ્રમાણે કહ્યું –

'હે ભદન્ત ! બુદ્ધિવિશેષજન્ય હોવાથી તમારી ઉપમા વાસ્તવિક નથી. તેથી જીવ અને શરીર ભિન્ન છે તેમ માની શકાય નહીં. વળી જે દાખલો હું આપું છું એનાથી જીવ અને શરીરની એકતા-અભિન્નતા સિદ્ધ નથી થતી. જેમકે,

હે ભદન્ત જેવી રીતે કોઈ યુવાન યાવત્ પોતાનું કાંર્ય કરવામાં નિપુણ પુરુષ શું એકી સાથે પાંચ બાણ ચલાવવામાં સમર્થ હોઈ શકે ?

કેશી કુમારશ્રમણ—'હા, તે સમર્થ હોઈ શકે.'

પ્રદેશી—'પરંતુ તે જ પુરુષ જ્યારે બાળક યાવત્ મંદ બુદ્ધિવાળો હોય ત્યારે પણ જો તે એકી સાથે પાંચ બાણ ચલાવવામાં કુશળ હોય, તો હે ભદન્ત ! હું શ્રદ્ધા રાખી શકું કે જીવ અને શરીર બંને ભિન્ન ભિન્ન છે, શરીર અને જીવ એક નથી. પરંતુ હે ભદન્ત -યાવત્ મંદ બુદ્ધિવાળો તે બાળક એકી સાથે પાંચ બાણ ચલાવી શકતો નથી. તેથી મારી ધારણા યોગ્ય જ છે કે જીવ અને શરીર એક છે, જે જીવ છે તે જ શરીર છે અને જે શરીર છે તે જ જીવ છે."

આ કુતર્કના પ્રત્યુત્તરમાં કેશી કુમારશ્રમણે પ્રદેશીરાજાને આ પ્રમાણે કહ્યું –

"જેવી રીતે કોઈ એક યુવાન યાવત્ કાર્ય કરવામાં નિપુણ પુરુષ નવું ધનુષ, નવી દોરી અને નવા બાણ વડે એકી સાથે પાંચ બાણ છોડવામાં સમર્થ હોઈ શકે કે નહિ ?'

પ્રદેશી-'હા, સમર્થ હોઈ શકે.'

કેશી કુમારશ્રમણ – 'પરંતુ તે જ યુવાન યાવત્ કાર્ય કરવામાં કુશળ પુરુષ જૂનું ખવાઈ ગયેલું ધનુષ, તેવી જ પ્રત્યંચા અને તેવા જ બાણ વડે શું એકી સાથે પાંચ બાણ છોડી શકે ?'

પ્રદેશી – 'હે ભદન્ત ! તે શક્ય નથી, અર્થાત્ જૂના ધનુષ આદિ વડે એકી સાથે પાંચ બાણ તે છોડી શકે નહીં.'

કેશી કુમારશ્રમણ – 'કયા કારણથી તે એમ કરી શકે નહીં ?'

પ્રદેશી –'કેમ કે, હે ભદન્ત ! તે પુરુષ પાસે પૂરાં સાધનો નથી.'

કેશી કુમારશ્રમણ – 'તો તેવી જ રીતે હે પ્રદેશી ! તે બાળક યાવત્ મંદ જ્ઞાનવાળો પુરુષ યોગ્યતારૂપી ઉપકરણના અભાવને કારણે એકી સાથે પાંચ બાણ ચલાવી શકે નહીં. માટે હે પ્રદેશી ! તું શ્રદ્ધા રાખ કે જીવ અને શરીર પૃથક્ છે, જીવ શરીરરૂપ નથી અને શરીર જીવરૂપ નથી.'

૫૦. આ તર્ક સાંભળીને પ્રદેશી રાજાએ ફરીથી કેશી કુમારશ્રમણને આ પ્રમાણે કહ્યું –

'હે ભદન્ત ! આ તો બૌદ્ધિક ઉપમા છે, વાસ્તવિકતા નથી. તેથી એમ ન માની શકાય કે જીવ અને શરીર ભિન્ન ભિન્ન છે. પરંતુ મારા દ્વારા રજૂ થયેલા ઉદાહરણ પરથી તો તે જ સિદ્ધ થાય છે કે જીવ અને શરીર જુદાં નથી. તે ઉદાહરણ આ પ્રમાણે છે –

'હે ભદન્ત ! શું કોઈ તરુણ યાવત્ કાર્ય-દક્ષ પુરુષ લોઢાના ભારને, સીસાના ભારને, જસતના ભારને, લવણાદિકના ભારને ઉપાડવા સમર્થ બને કે નહીં ?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેશી કુમારશ્રમણ – ' હા સમર્થ બને. '

પ્રદેશી – ' પરંતુ ભદન્ત ! જ્યારે તે જ પુરુષ વૃદ્ધ થઈ જાય અને વૃદ્ધાવસ્થાને કારણે શરીર જર્જરિત, શિથિલ, કરચલીઓવાળું તેમ જ અશક્ત થઈ જાય, ચાલતી વખતે ટેકા માટે તે હાથમાં દંડો લેતો હોય, મોટા ભાગના દાંત પડી ગયા હોય, ઉધરસ, દમ આદિ રોગોથી પીડિત રહેવાથી કમજોર બની ગયો હોય, ભૂખ તરસને કારણે વ્યાકુળ બની ગયો હોય, દુર્બળ અને કલાન્ત–થાકેલો રહેતો હોય તો તે વજનદાર લોઢાનો ભાર યાવત્ લવણાદિકનો ભાર ઉપાડવા સમર્થ થતો નથી. તો હે ભદન્ત ! જો તે વૃદ્ધ પુરુષ જર્જરિત શરીર યાવત્ પરિકલાન્ત હોવા છતાં પણ વિશાળ લોઢાના ભારને યાવત્ ઉપાડી શકે તો હું માની શકું–શ્રદ્ધા રાખી શકું કે જીવ અને શરીર ભિન્ન છે, જીવ અને શરીર એક નથી. પરંતુ હે ભદન્ત ! તે વૃદ્ધ પુરુષ યાવત્ કલાંત હોવાથી વિશાળ લોઢાના ભારને ઉપાડવા સમર્થ નથી, તેથી મારી ધારણા સુસંગત છે કે જીવ અને શરીર બંને એક જ છે, પરંતુ જીવ અને શરીર પૃથક્–પૃથક્ નથી. "

પ્રદેશી રાજાના આ તર્કના પ્રત્યુત્તરમાં કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું–

" જેવી રીતે, કોઈ એક તરુણ યાવત્ કાર્યદક્ષ પુરુષ નવી કાવડથી, રસ્સીથી બનેલા સીંકાથી, નવી ટોપલીથી એક વજનદાર લોઢાને યાવત્ વહન કરવા સમર્થ છે અથવા નથી ?

પ્રદેશી –' હા, સમર્થ છે. '

કેશી કુમારશ્રમણ – ' હવે હું તને ફરીથી પૂછું છું કે હે પ્રદેશી ! તે જ તરુણ યાવત્ કાર્યકુશળ પુરુષ સડેલી, ખવાઈ ગમેલી, કમજોર, ઊધઈથી ખાધેલી કાવડથી, જીર્ણ–શીર્ણ દુર્બળ ઊધઈ વડે ખવાઈ ગમેલાં અને નબળા શીકાથી અને જૂના-પુરાણા ઊધઈ લાગેલા ટોપલાથી વજનદાર લોઢાને ઊંચકી શકે ? '

પ્રદેશી – " હે ભદન્ત ! તે શકય નથી, અર્થાત્ જીર્ણ–શીર્ણ કાવડ આદિથી તે તરુણ ભાર ઊંચકી શકે નહીં. '

કેશી કુમારશ્રમણ – " તો આ જ પ્રમાણે હે પ્રદેશી ! તે પુરુષ જીર્ણ–શીર્ણ યાવત્ કલાંત શરીર આદિ ઉપકરણોવાળો હોવાથી વજનદાર લોઢાને યાવત્ પરિવહન કરવામાં સમર્થ નથી. તો હે પ્રદેશી ! તું શ્રદ્ધા રાખ કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, પરંતુ જીવ અને શરીર બંને એક નથી—જીવ એ શરીર નથી, શરીર એ જીવ નથી. "

૭. કેશી કુમારશ્રમણના વક્તવ્યમાં જીવનું અગુરુ-લઘુત્વ –

૫૧. ' હે ભદન્ત ! આ તમારી બુદ્ધિ–કલ્પિત ઉપમા છે—યાવત્ તેથી જીવ–શરીરની ભિન્નતા સાબિત થઈ શકે નહીં. પરંતુ જે કારણ હું બતાવું છું તેનાથી તો સાબિત થાય છે કે જીવ અને શરીર એક છે. તે કારણ આ પ્રમાણે છે–

હે ભદન્ત ! હું ગણનાયક આદિ સાથે બાહ્ય ઉપસ્થાનશાળામાં બેઠો હતો. તે સમયે મારા નગરરક્ષકો એક ચોરને પકડી લાવ્યા. ત્યારે મેં તે પુરુષને જીવતો જ તોળ્યો, તોળીને પછી તેનાં અંગો સલામત રહે તેમ તેને જીવનરહિત કરી નાખ્યો–મારી નાખ્યો, અને મારીને ફરીથી તેને તોળ્યો. પરંતુ જીવતે જીવ તેનું જે વજન હતું, તેટલું જ વજન મર્યા પછી પણ રહ્યું. જીવતા અને મર્યા પછીના વજનમાં મને કોઈ ફેર જણાયો નહીં, ન તો તેનું વજન વધ્યું અને ન તો ઘટયું, ન તે વજનદાર થયો અને ન તો હલકો બન્યો. તો હે ભદન્ત ! જો તે પુરુષની જીવિતાવસ્થામાં કરેલા વજન અને મૃતાવસ્થામાં કરેલા વજનમાં કોઈ પણ પ્રકારનો ફેર હોય યાવત્ ઓછું હોય તો હું શ્રદ્ધા રાખી શકું કે જીવ અન્ય છે. અને શરીર અન્ય છે, પરંતુ જીવ અને શરીર એક નથી. પરંતુ હે ભદન્ત ! મેં તે પુરુષની જીવંત અને મૃતાવસ્થાના વજનમાં કોઈ પ્રકારનું અંતર અથવા ઘટાડો ન જોયો, તેથી મારી આ ધારણા યોગ્ય જ છે કે જે જીવ છે, તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ શરીર છે અને જે શરીર છે, તે જ જીવ છે, પરંતુ જીવ અને શરીર ભિન્ન-ભિન્ન નથી."

આ યુક્તિ સાંભળ્યા પછી કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું –

"હે પ્રદેશી! તેં ક્યારેય મશકમાં હવા ભરી છે? અથવા કોઈ પાસે ભરાવી છે?'

પ્રદેશી — 'હા ભદન્ત! ભરી છે, અને ભરાવી પણ છે.'

કેશી કુમારશ્રમણ— 'હે પ્રદેશી! જ્યારે હવા ભરીને તે મશકનું વજન કર્યું ત્યારે અને હવા કાઢીને વજન કર્યું ત્યારે તને તેના વજનમાં કાંઈ ફેર યાવત્ હલકાપણું જોવા મળ્યું-જાણવા મળ્યું?'

પ્રદેશી – 'તે શક્ય નથી, અર્થાત્ મશકના વજનમાં કોઈ ફેર આદિ જોવા મળ્યો નહીં.'

કેશી કુમારશ્રમણ –' તો આ પ્રમાણે હે પ્રદેશી! જીવનો અગુરુલઘુત્વ સ્વભાવ સમજીએ તો સમજાશે કે તે ચોરના જીવિતાવસ્થાના વજનમાં અને મૃતાવસ્થાના વજનમાં કંઈ પણ અંતર યાવત્ હલકાપણું નથી. માટે તું શ્રદ્ધા રાખ કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, પરંતુ જીવ અને શરીર એક નથી."

૮. કેશી કુમારશ્રમણના વક્તવ્યમાં કાષ્ઠગત અગ્નિના દૃષ્ટાન્ત દ્વારા જીવના અદર્શનીયત્વનું સમર્થન–

૫૨. તત્પશ્ચાત્ પ્રદેશી રાજાએ કેશી કુમારશ્રમણને આ પ્રમાણે કહ્યું—

'હે ભદન્ત! આ તો કાલ્પનિક ઉપમા છે, આથી યાવત્ એમ માની ન શકાય, કે જીવ અને શરીર ભિન્ન-ભિન્ન છે. કેમકે વાત એમ છે કે હે ભદન્ત! હું કોઈ એક દિવસ પોતાના ગણનાયક આદિની સાથે બેઠો હતો યાવત્ ચોરને પકડીને લઈ આવ્યા. ત્યારે મેં તે ચોર પુરુષને પગથી માથા સુધી, બધી ચારેય બાજુએથી જોયો, પરંતુ મને તેમાં ક્યાંય જીવ દેખાયો નહીં. ત્યારે મેં તે પુરુષના બે ટુકડા કરી નાખ્યા, કરીને મેં ફરીથી બધી બાજુથી જોયું. પરંતુ તો પણ મને તેમાં ક્યાંય જીવ દેખાયો નહીં.

ત્યાર પછી તો આ પ્રમાણે ત્રણ-ચાર આદિ અસંખ્ય ટુકડા કર્યા, પરંતુ તેમાં પણ મને ક્યાંય જીવ દેખાયો નહીં. જો ભદન્ત! પુરુષના બે, ત્રણ, ચાર અથવા અસંખ્ય ટુકડા કરવા છતાં ક્યાંય જીવ દેખાત તો હું શ્રદ્ધા રાખત કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે. જીવ-શરીર એક નથી. પરંતુ ભદન્ત! જ્યારે મેં તેના બે, ત્રણ, ચાર અથવા અસંખ્ય ટુકડાઓ કરવા છતાં જીવ જોયો નહીં. તો મારી આ માન્યતા કાયમ છે કે જે જીવ છે તે જ શરીર છે, જીવ-શરીર એક છે, ભિન્ન-ભિન્ન નથી."

પ્રદેશી રાજાનું આ કથન સાંભળીને પછી કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું–

'હે પ્રદેશી! તું તો મને દીન-હીન કઠિયારા કરતાં પણ વધારે મૂઢ લાગે છે.'

પ્રદેશી –' હે ભદન્ત! કોણ દીન-હીન કઠિયારો?'

કેશી કુમારશ્રમણ – 'હે પ્રદેશી! કેટલાંક વનમાં રહેવાવાળા અને વનમાંથી આજીવિકા કમાનારા, પુરુષો, વનોત્પન્ન વસ્તુઓની શોધમાં આગ અને આગ રાખવાનું વાસણ લઈને વનમાં પ્રવેશ્યા. તત્પશ્ચાત્ તે પુરુષોએ ગામથી દૂર યાવત્ વનના કોઈ પ્રદેશમાં પહોંચીને પોતાની સાથેના એક પુરુષને આ પ્રમાણે કહ્યું –

'દેવાનુપ્રિય! અમે લોકો લાકડાંથી ભરેલા વનમાં જઈએ છીએ, અને તું અહીંયાં સગડી માંથી આગ લઈને અમારા માટે ભોજન તૈયાર કરી રાખજે. અને જો સગડીમાંથી આગ ઓલવાઈ ગઈ હોય તો તું આ લાકડીથી અગ્નિ પેટાવી ભોજન બનાવજે.' એમ કહીને તેઓ લાકડાં ભરેલા જંગલમાં પ્રવેશ્યા.

તે લોકોના ગયા પછી થોડી વાર રહી તે પુરુષે વિચાર કર્યો કે હવે હું પેલા લોકો માટે ભોજન બનાવી લઉં." અને આમ વિચારીને જ્યાં સગડી હતી ત્યાં આવ્યો અને આવીને સગડીમાં જોયું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો આગ ઓલવાઈ ગયેલી જોઈ. ત્યાર પછી તે પુરુષ જ્યાં લાકડું પડ્યું હતું ત્યાં આવ્યો, ત્યાં આવીને તે લાકડાને બધી બાજુથી જોયું, પરંતુ તેમાં તેને ક્યાંય આગ ન દેખાઈ.

તત્પશ્ચાત્ તે પુરુષે કમરે બાંધેલી કુહાડી લીધી અને તે લાકડાના બે ટુકડા કરી નાખ્યા, પછી તેને ચારે બાજુથી જોયું, પરંતુ તેમાં આગ ન દેખાઈ. જ્યારે તે પુરુષે લાકડાના બે ટુકડામાં યાવત્ અસંખ્ય ટુકડાઓમાં પણ આગ ન જોઈ ત્યારે તે થાકી, કંટાળીને ખિન્ન અને દુઃખી થઈ ગયો તથા કુહાડીને એક બાજુ પર મૂકી કમર-બંધ છોડીને આ પ્રમાણે બોલ્યો —

'અરે, હું તે લોકો માટે ભોજન તૈયાર ન કરી શક્યો. અને આમ વિચારીને અત્યંત, નિરાશ, ચિંતિત, શોકાતુર બની, લમણે હાથ દઈ આર્તધ્યાનપૂર્વક જમીન તરફ જોતો ચિંતામાં ડૂબી ગયો.

લાકડાં કાપીને પેલા લોકો જ્યાં પોતાનો સાથી હતો ત્યાં આવ્યા, આવીને તેને નિરાશ યાવત્ ચિન્તાગ્રસ્ત જોયો તો તેને પૂછ્યું —

'હે દેવાનુપ્રિય ! તું કેમ નિરાશ, દુઃખી યાવત્ ચિંતામાં ડૂબેલો છે ?'

ત્યારે તે પુરુષે આ પ્રમાણે કહ્યું —

'હે દેવાનુપ્રિયો ! તમે લોકોએ લાકડાં લેવા વનમાં જતાં પહેલાં મને આમ કહ્યું હતું કે દેવાનુપ્રિય ! અમે લોકો લાકડાં લેવા વનમાં જઈએ છીએ યાવત્ આ પ્રમાણે કહી જંગલમાં ચાલ્યા ગયા, ત્યારે થોડી વાર પછી મેં વિચાર કર્યો કે તમારા માટે ભોજન બનાવી લઉં, અને આમ વિચારીને જ્યાં સગડી હતી ત્યાં આવ્યો યાવત્ આ વિચારે હું ચિંતામાં ડૂબી ગયો છું.'

આ વાત સાંભળીને તે પુરુષોમાંથી એક જે છેક (અવસરને ઓળખનારો), દક્ષ (કુશળતાપૂર્વક પોતાને જરૂરી વસ્તુઓ પ્રાપ્ત કરનાર) યાવત્ ઉપદેશલબ્ધ (ગુરુ પાસેથી શિક્ષા પામેલો) પુરુષ હતો તે પુરુષે પોતાના બીજા સાથીઓને આ પ્રમાણે કહ્યું —

'હે દેવાનુપ્રિયો ! તમે લોકો જાવ અને નાહી ધોઈને તરત પાછા આવો, ત્યાં સુધીમાં હું ભોજન તૈયાર કરું છું'

એમ કહીને તેણે પોતાનો કમરબંધ બાંધ્યો, બાંધીને કુહાડો લઈ (લાકડાંમાંથી) ઘસણિયું શર બનાવ્યું, તે શરને અરણી સાથે ઘસી, આગ પ્રગટાવી, તેને સંધૂકી અને સાથીઓ માટે વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્યરૂપ ભોજન બનાવ્યું. ત્યાં સુધી પેલા પુરુષોએ સ્નાન કર્યું અને પછી જ્યાં તે ભોજન બનાવનાર પોતાનો સાથી હતો, ત્યાં આવ્યા. ત્યાર પછી તે પુરુષે શાંતિપૂર્વક પોતાની જગ્યાએ બેઠા બેઠા, તે લોકોને વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્યરૂપ ચારે પ્રકારનું ભોજન પીરસ્યું. ત્યારે તે લોકો વિપુલ અશન યાવત્ સ્વાદ્ય ભોજનનો સ્વાદ લેતા, ખાતાં-ખાતાં યાવત્ વિચરવા લાગ્યા. ભોજન કરીને આચમન મુખશુદ્ધિ આદિ કરીને સ્વચ્છ, શુદ્ધ બનીને તેણે પોતાના પહેલા સાથીને આ પ્રમાણે કહ્યું —

'હે દેવાનુપ્રિય ! તું જડ (અનભિજ્ઞ), મૂઢ (મૂર્ખ), અપંડિત (પ્રતિભારહિત), નિર્વિજ્ઞાન (નિપુણતારહિત) અને અનુપદેશલબ્ધ (અશિક્ષિત) છે, જેથી તેં લાકડાને ફાડીને તેમાં આગ જોવાનો પ્રયત્ન કર્યો.'

તારી પણ આ પ્રમાણેની જ પ્રવૃત્તિ જોઈને હે પ્રદેશી ! મેં એમ કહ્યું કે તું તો પેલા તુચ્છ કઠિયારા કરતા પણ વધારે મૂઢ છે કે શરીરના ટુકડા–ટુકડા કરીને જીવ જોવાની ઇચ્છા કરી."

**કેશીકુમારશ્રમણ દ્વારા નિર્દિષ્ટ પ્રદેશી રાજાનું વ્યવહારિત્વ —**

૫૩. તત્પશ્ચાત્ પ્રદેશી રાજાએ કેશી કુમારશ્રમણને આ પ્રમાણે કહ્યું —

" તમારા જેવા છેક (ચતુર), દક્ષ, વ્યવહાર-કુશળ, બુદ્ધ (તત્વજ્ઞ), કુશળ (કર્તવ્યાકર્તવ્યના નિર્ણાયક), બુદ્ધિમાન, વિનીત, વિશિષ્ટજ્ઞાની, ઉપદેશલબ્ધ (ગુરુ પાસેથી શિક્ષા પામેલા) પુરુષ માટે આ પ્રમાણે અતિ વિશાળ પરિષદ વચ્ચે મારા માટે આ પ્રકારના અશિષ્ટજનોચિત,

નિષ્ઠુર, આક્રોશપૂર્ણ શબ્દોનો પ્રયોગ કરવો, અનાદર-સૂચક શબ્દોથી મારું અપમાન કરવું, અનેક પ્રકારના અવહેલના-સૂચક શબ્દોથી મને પ્રતાડિત કરવો શું ઉચિત છે?"

પ્રદેશી રાજાનો આ ઉપાલંભ સાંભળ્યા પછી કેશી કુમારશ્રમણે રાજાને આ પ્રમાણે કહ્યું –

"હે પ્રદેશી! તને ખબર છે કે પરિષદો કેટલી છે?"

પ્રદેશી – 'હા ભદન્ત! હું જાણું છું કે પરિષદ ચાર હોય છે. તે આ પ્રમાણે – ૧. ક્ષત્રિય પરિષદ ૨. ગૃહપતિ-પરિષદ ૩. માહણ (બ્રાહ્મણ) પરિષદ અને ૪. ઋષિ પરિષદ.'

કેશી કુમારશ્રમણ – 'હે પ્રદેશી! તો તું એ પણ જાણતો જ હોઈશ કે આ ચાર પરિષદોમાં તેમનો અપરાધ કરનાર માટે શું સજાની જોગવાઈ છે?'

પ્રદેશી – હા, મને ખબર છે, કે જે ક્ષત્રિય પરિષદનું અપમાન – અપરાધ કરે છે, તેના કાં તો હાથ કાપી નાખવામાં આવે છે, કાં તો પગ કાપી નાખવામાં આવે છે, કાં તો શિરચ્છેદ કરવામાં આવે છે અથવા તેને શૂળીએ ચડાવી દેવાય છે, અથવા પછી એક જ ઝાટકે મારીને જીવનરહિત (નિષ્પ્રાણ) કરી નાખવામાં આવે છે – મારી નાખવામાં આવે છે.

જે ગૃહપતિ–પરિષદનો અપરાધ કરે છે, તેને ઘાસથી અથવા ઝાડનાં પાંદડાંથી અથવા પરાળથી લપેટીને આગમાં ફેંકી દેવામાં આવે છે – નાખી દેવામાં આવે છે.

જે બ્રાહ્મણ-પરિષદનો અપરાધ કરે છે, તેને અનિષ્ટ, રોષપૂર્ણ, અપ્રિય યાવત્ અમણામ (કઠોર) શબ્દોથી ઠપકો આપીને આગમાં તપાવેલા લોઢાથી કુંડીના અથવા કુતરાના ચિહ્નથી લાંછિત કરી દેવામાં આવે છે અથવા દેશ છોડી દેવાનો આદેશ આપવામાં આવે છે.

જે ઋષિ–પરિષદનું અપમાન–અપરાધ કરે છે તેને ન અતિ અનિષ્ટ એવા યાવત્ ન અતિ અમનોજ્ઞ શબ્દો દ્વારા ઉપાલંભ આપવામાં આવે છે.'

કેશી કુમારશ્રમણ – 'આ પ્રકારની દંડનીતિ જાણવા છતાં પણ હે પ્રદેશી! તું મારા તરફ વિપરીત, પરિતાપજનક, પ્રતિકુળ, વિરુદ્ધ અને સર્વથા વિપરીત વ્યવહાર કરી રહ્યો છે?'

ત્યારે પ્રદેશી રાજાએ પોતાના મનોભાવો વ્યક્ત કરતાં કેશી કુમારશ્રમણ પાસે આ પ્રકારનું નિવેદન કર્યું –

"હે ભદન્ત! વાત એમ છે કે મારો આપ દેવાનુપ્રિય સાથે પહેલી વાર જ વાર્તાલાપ થઈ રહ્યો છે અર્થાત્ હું તમને પહેલી વાર જ મળું છું. તો મને આ પ્રકારનો આંતરિક યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે જેટલો અને જેવો હું આ પુરુષથી વિપરીત યાવત્ સર્વથા વિપરીત વ્યવહાર કરીશ તો એટલો જ હું વધારે ને વધારે તત્ત્વને જાણીશ, ચરિત્રને, ચરિત્રલાભને, તત્ત્વાર્થ શ્રદ્ધારૂપ દર્શન–સમ્યક્ત્વને, સમ્યક્ત્વલાભને, જીવને અને જીવના સ્વરૂપને સમજી લઈશ. આ કારણથી દેવાનુપ્રિય તરફ વિપરીત યાવત્ અત્યંત વિરુદ્ધ વ્યવહાર કર્યો છે."

પ્રદેશી રાજાની ઉપર મુજબની ભાવનાને સાંભળીને પછી કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે પૂછ્યું –

'હે પ્રદેશી! તું જાણે છે કે કેટલા પ્રકારના વ્યવહાર બનાવ્યા છે?'

'પ્રદેશી—'હા ભદન્ત! જાણું છું કે વ્યવહારના ચાર પ્રકાર છે—

૧. કોઈ માણસ કોઈને દાન તો કરે છે પરંતુ તેની સાથે પ્રેમપૂર્વક વાત કરતો નથી.

૨. કોઈ માણસ સંતોષપ્રદ વાત તો કરે છે પરંતુ કશું આપતો નથી.

૩. કોઈ માણસ આપે છે અને લેનાર સાથે વાર્તાલાપ પણ કરે છે.

૪. કોઈ એવો પણ હોય છે, જે કંઈ આપતો પણ નથી અને નથી વાત પણ કરતો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેશી કુમારશ્રમણ– 'તું જાણે છે કે હે પ્રદેશી ! આ ચાર પ્રકારની વ્યક્તિઓમાં કોણ વ્યવહારી અને કોણ અવ્યવહારી (વ્યવહારશૂન્ય) છે ?'

પ્રદેશી– 'હા ભદન્ત ! જાણું છું કે તેમાં જે પુરુષ દાન આપે છે, પરંતુ વાત નથી કરતો, તે વ્યવહારી છે. જે પુરુષ કશું આપતો તો નથી પરંતુ સંભાષણ કરી સંતોષ ઉત્પન્ન કરે છે તે વ્યવહારી છે, જે પુરુષ આપે પણ છે અને શિષ્ટ વચન પણ કહે છે, તે પણ વ્યવહારી છે, પરંતુ જે આપતો પણ નથી અને ન તો મીઠી વાત કરે છે, તે અવ્યવહારી છે.'

કેશી કુમારશ્રમણ– 'તો આ પ્રમાણે હે પ્રદેશી ! તું પણ વ્યવહારી છે, અવ્યવહારી નથી. અર્થાત તેં મારી સાથે જોકે શિષ્ટજનોચિત વાગ્વ્યવહાર તો નથી કર્યો, તો પણ મારા પ્રત્યે ભક્તિ અને સન્માન પ્રદર્શિત કર્યાં છે, તેથી તું વ્યવહારી છે."

**કેશી કુમારશ્રમણ નિર્દિષ્ટ જીવનું અદર્શનીયત્વ–**

૫૪. તત્પશ્ચાત પ્રદેશી રાજાએ કેશી કુમારશ્રમણને આ પ્રમાણે કહ્યું—

'હે ભદન્ત ! તમે છેક, દક્ષ યાવત્ ઉપદેશલબ્ધ છો, તો હે ભદન્ત ! શું તમે મને હાથમાં કોઈ આંબળાને બનાવે તેવી રીતે શરીરમાંથી જીવ કાઢીને બતાવી શકો ?'

પ્રદેશી રાજાએ આમ કહ્યું ત્યારે જ પ્રદેશી રાજાથી થોડેક જ દૂર અર્થાત્ નજીકમાં જ પવન વાવાથી તૃણ, ઘાસ, વૃક્ષ આદિ વનસ્પતિઓ હાલવા લાગી, કાંપવા લાગી, ફરકવા લાગી, અંદર અંદર ભટકાવા લાગી આદિ રૂપો દર્શાવવા લાગી.

ત્યારે કેશી કુમારશ્રમણે પ્રદેશીને પૂછયું– 'હે પ્રદેશી ! તું આ ઘાસ વગેરે વનસ્પતિઓને હાલતી ચાલતી યાવત્ વિવિધ રૂપોમાં પરિણત થતી જોઈ રહ્યો છે કે નહીં ?'

પ્રદેશી – 'હા, જોઈ રહ્યો છું.'

કેશી કુમારશ્રમણ – 'તો હે પ્રદેશી ! શું તું એ પણ જાણે છે કે આ વનસ્પતિઓને કોઈ દેવો હલાવી રહ્યા છે – અથવા અસુરો હલાવી રહ્યા છે, અથવા નાગ, કિન્નર હલાવી રહ્યા છે અથવા કોઈ કિંપુરુષો હલાવી રહ્યા છે, અથવા મહોરગો હલાવી રહ્યા છે કે ગંધર્વો હલાવી રહ્યા છે ?'

પ્રદેશી – 'હા ભદન્ત ! મને ખબર છે કે આને ન તો કોઈ દેવ હલાવી-ડોલાવી રહ્યો છે યાવત્ ન તો કોઈ ગંધર્વ હલાવી રહ્યો છે, પરંતુ તે પવનથી હલી રહી છે.'

કેશી કુમારશ્રમણ – 'હે પ્રદેશી ! શું તું આ મૂર્ત કામ, રાગ, મોહ, વેદ, લેશ્યા અને શરીરને ધારણ કરનારા વાયુકાયના રૂપને જોઈ શકે છે ?'

પ્રદેશી – 'ભદન્ત ! તે શક્ય નથી, અર્થાત્ હે ભદન્ત હું નથી જોઈ શકતો.'

કેશી કુમારશ્રમણ – 'હે પ્રદેશી રાજા ! જો તું આ રૂપધારી (મૂર્ત) યાવત્ સશરીરી વાયુને પણ ન જોઈ શકે, તો હે પ્રદેશી ! હું ઇંદ્રિયાતીત જીવને હાથમાં રાખેલા આંબળાની જેમ કેવી રીતે બતાવી શકું ?

ખરી વાત એમ છે કે છદ્મસ્થ (સકર્મા, સરાગી) મનુષ્ય (જીવ) આ દશ વાતને તેમના સર્વભાવો – પર્યાયો સાથે સર્વાત્મના જાણતો – જોતો નથી.– ૧. ધર્માસ્તિકાય ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય ૪. અશરીરી (નિષ્કર્મા) જીવ, ૫. પરમાણુ-પુદ્ગલ, ૬. શબ્દ ૭. ગંધ, ૮. વાયુ, ૯. આ જિન (કર્મનો ક્ષય કરનાર) થશે કે કેમ ? તથા ૧૦. આ બધા દુઃખોનો નાશ કરશે કે નહિ ?

પરંતુ જ્ઞાન-દર્શનના ધારક (કેવળજ્ઞાની, કેવળદર્શી – સર્વજ્ઞ, સર્વદર્શી) અરિહંત, જિન કેવળી આ દશ બાબતોને તેમના સમસ્ત પર્યાયો સાથે જાણે – જુએ છે, જેમ કે– ધર્માસ્તિકાય યાવત્ બધાં દુઃખોનો નાશ કરશે કે નહીં કરે. તો હે પ્રદેશી ! તું એ વાતમાં શ્રદ્ધા રાખ કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, જીવ શરીર એક નથી.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કેશી કુમારશ્રમણ દ્વારા નિર્દિષ્ટ જીવપ્રદેશોનું શરીરપ્રમાણાવગાહિત્વ—**

૫૫. તત્પશ્ચાત્ પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે પૂછ્યું—

'હે ભન્તે! શું હાથી અને કંથવો (સૌથી નાનો શરીરધારી જીવ) એક સમાન (સમાન આત્મપ્રદેશી પરિણામવાળો) છે?'

કેશી કુમારશ્રમણ — 'હા પ્રદેશી! હાથી અને કંથવાનો જીવ એક સરખો જ છે, ઓછા-વત્તા આત્મપ્રદેશ પરિમાણવાળો નથી.'

પ્રદેશી — 'હે ભદન્ત! હાથી કરતાં તો કંથવો અલ્પ કર્મવાળો, અલ્પ ક્રિયાવાળો, અલ્પ આસ્રવવાળો અને આ જ પ્રમાણે તે કંથવાનો આહાર-વિહાર, શ્વાસોચ્છ્વાસ ઋદ્ધિ—શારીરિકબળ આદિ પણ અલ્પ જ છે પરંતુ કંથવાની તુલનામાં હાથી વધારે કર્મવાળો વધારે ક્રિયાવાળો છે.'

કેશી કુમારશ્રમણ — 'હા પ્રદેશી! હાથી કરતાં કંથવો અલ્પ કર્મવાળો અને કંથવા કરતાં તો હાથી મહાકર્મવાળો છે.'

પ્રદેશી — 'તો પછી હે ભદન્ત! હાથી અને કંથવાનો જીવ સમાન પરિમાણવાળો કેવી રીતે હોઈ શકે?'

કેશી કુમારશ્રમણ — 'હાથી અને કંથવાના જીવને સમાન પરિમાણવાળો આવી રીતે સમજી શકાય કે હે પ્રદેશી જેવી રીતે કોઈ એક કૂટાકાર (પર્વતના શિખર જેવા આકારની) યાવત ઊંડી પહોળી શાળા (ઘર) હોય અને કોઈ એક માણસને તે કૂટાકાર શાળામાં અગ્નિ અને દીવાની સાથે મોકલીને બરાબર વચ્ચે ઊભો રાખી દેવામાં આવે. તત્પશ્ચાત તે કૂટાકાર ઓરડીનાં બારણાં એવી રીતે બંધ કરવામાં આવે કે જેથી તેમાં જરા પણ તિરાડ ના રહે. પછી તે કૂટાકાર-શાળાની મધ્યમાં દીવો પેટાવવામાં આવે તો પેટાવ્યા પછી તે દીપક કૂટાકારશાળાના અંતર્વર્તી ભાગને જ પ્રકાશમય, ઉદ્યોતમય, તેજમય અને પ્રભાસિત કરે છે, પરંતુ તે શાળાના બહારના ભાગને પ્રકાશિત વ. કરતો નથી.

જો તે પુરુષ તે દીવાને એક મોટી થાળી વડે ઢાંકી દે તો દીવો તે થાળીની અંદરના ભાગને જ પ્રકાશિત યાવત્ પ્રભાસિત કરશે, પરંતુ ન તો થાળીના બહારના ભાગને કે ન તો કૂટાકારશાળાના બહારના ભાગને પ્રકાશિત કરશે. આ જ પ્રમાણે ગોકલિંજ (ગાયને ઘાસ નીરવા માટે વાંસનું બનેલું પાત્ર – ટોપલો), ગંડમાણિકા (અનાજ માપવાનું વાસણ–માણું), પક્ષીપિટક (પીંજરું), આઢક (ચાર શેર અનાજ માપવાનું વાસણ), અર્ધ–આઢક, પ્રસ્થક, અર્ધપ્રસ્થક, કુલબ, અર્ધ–કુલબ, ચાતુર્ભાગિકા, અષ્ટભાગિકા, ષોડશિકા, દ્વાત્રિંશત્કા, ચતુષ્ષષ્ટિકા અથવા દીપચંપક(દીવાનું ઢાંકણ)થી ઢાંકે તો તે દીપક તે તે ઢાંકવાના પાત્રના અંદરના ભાગને પ્રકાશિત–યાવત પ્રભાસિત કરશે. જો તે દીવાને દીપચંપકથી ઢાંકશું તો તે દીપચંપકના અંદરના ભાગને આભાસિત–યાવત—પ્રભાસિત કરતો રહેશે, પરંતુ ન તો ચતુષ્ષષ્ટિકાના બહારના ભાગને, ન તો કૂટાકારશાળાને અને ન તો કૂટાકારશાળાના બહારના ભાગને પ્રકાશિત કરશે.

તો આ પ્રમાણે હે પ્રદેશી! પૂર્વભવમાં ઉપાર્જન કરેલા કર્મના નિમિત્તરૂપે જીવને ક્ષુદ્ર—નાના અથવા મહાન—મોટા જે શરીરની પ્રાપ્તિ થાય (આત્મપ્રદેશોને સંકુચિત અને વિસ્તૃત કરવાના સ્વભાવને કારણે) તે શરીરને પોતાના અસંખ્ય આત્મપ્રદેશો દ્વારા સંચિત કરે છે. તો હે પ્રદેશી! તું શ્રદ્ધા રાખ કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે. જીવ–શરીર એક નથી."

**કેશી કુમારશ્રમણના વક્તવ્યમાં લોહભાર-વાહકના દૃષ્ટાન્ત દ્વારા પશ્ચાત્તાપ નિષેધ પ્રરૂપણ—**

૫૬. તત્પશ્ચાત્ પ્રદેશી રાજાએ કેશી કુમારશ્રમણ સમક્ષ પોતાની પરંપરાગત ધારણા વ્યક્ત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં આ પ્રમાણે કહ્યું—

'હે ભદન્ત! તમારું કથન સત્ય છે અને હું સ્વીકારી પણ લઉં, પરંતુ મારા પિતામહની આવી માન્યતા યાવત્ સમવસરણ (સર્વમાન્ય સિદ્ધાન્ત) હતો કે જે જીવ છે, તે જ શરીર છે અને જે શરીર છે તે જ જીવ છે, પરંતુ જીવ શરીરથી ભિન્ન નથી અને શરીર જીવથી ભિન્ન નથી. તેમના પછી મારા પિતાની પણ તે જ માન્યતા હતી યાવત્ સમવસરણ હતું. તો પછી અનેક પુરુષો—પેઢીઓથી ચાલી આવતી કુળ માન્યતા-પરંપરાને હું કેવી રીતે છોડી દઉં? કેવી રીતે છોડી શકું?'

પ્રદેશી રાજાની વાત સાંભળીને પછી કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું —

'હે પ્રદેશી! તારે પેલા અયોહારક(લોઢાનો ભાર ઉપાડીને ફરનાર લોહવણિક)ની જેમ પસ્તાવું પડશે.

પ્રદેશી – 'હે ભદન્ત! તે અયોહારક કોણ?'

કેશી કુમારશ્રમણ – 'હે પ્રદેશી! કેટલાક અર્થના અભિલાષી, અર્થની ગવેષણા કરનાર, અર્થના લોભી, અર્થની આકાંક્ષાવાળા, અર્થની અભિપ્સાવાળા પુરુષો અર્થોપાર્જન માટે વિપુલ પરિમાણમાં વેચવા યોગ્ય વસ્તુઓ અને સાથે ખાવા-પીવા માટે પર્યાપ્ત પાથેય લઈને નિર્જન, હિંસક પ્રાણીઓથી ભરેલી અને વિકટ-બહાર નીકળવા માટે રસ્તો પણ ન મળે તેવી એક બહુ મોટી અટવીમાં જઈ પહોંચ્યા.

ત્યાર પછી જ્યારે તે લોકો પેલી નિર્જન અટવીમાં થોડે આગળ સુધી ચાલ્યા કે કોઈ એક જગ્યાએ શ્રેષ્ઠ, સારયુક્ત, ચમકદાર લોઢાથી ભરેલી, લાંબી-પહોળી અને ઊંડી એક વિશાળ લોઢાની ખાણ જોઈ, તે ખાણને જોઈને હર્ષિત, સંતુષ્ટ-યાવત્ આનંદિતહૃદય બનીને એકબીજાને બોલાવીને આ પ્રમાણે કહેવા લાગ્યા—

'દેવાનુપ્રિયો! આ લોઢાનો સંગ્રહ કરવો આપણા માટે ઇષ્ટ, પ્રિય યાવત્ મનોજ્ઞ છે. તો હે દેવાનુપ્રિયો! આપણે આ લોઢાને સાથે બાંધી લેવું જોઈએ.'

આમ કહીને એકબીજાએ તે વિચારને સ્વીકાર કર્યો અને સ્વીકાર કરીને લોઢાને બાંધી લીધું, પછી બાંધીને આગળ ચાલવા લાગ્યા.

તત્પશ્ચાત્ તે લોકો નિર્જર યાવત્ અટવીમાં ચાલતા ચાલતા જ્યારે કોઈ બીજા એક સ્થળે પહોંચ્યા ત્યારે તેમણે સીસાથી ભરેલી એક વિશાળ સીસાની ખાણ જોઈ, યાવત્ એકબીજાને બોલાવીને કહ્યું–

'હે દેવાનુપ્રિયો! આ સીસાનો સંગ્રહ યાવત્ મણામ લાભદાયક છે કેમ કે થોડાક એવા સીસાને બદલે આપણે ઘણું લોઢું લઈ શકીએ છીએ. હે દેવાનપ્રિયો! તો આપણે આ લોઢાને છોડીને સીસાની પોટલી બાંધવી યોગ્ય છે.'

એમ કહીને એકબીજાના વિચારનો સ્વીકાર કર્યો અને લોઢાને છોડી દીધું તથા સીસાની પોટલી બાંધી લીધી.

પરંતુ તેમની સાથેની એક વ્યક્તિ લોઢાના ભારને છોડીને સીસાની પોટલી બાંધવા તૈયાર ન થયો. ત્યારે તે પુરુષોએ તે વ્યક્તિને આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિય! આ સીસાનો સંગ્રહ શ્રેયસ્કર છે યાવત્ ઘણું બધું લોઢું ખરીદી શકાય છે. તો હે દેવાનુપ્રિય! આ લોઢાના ભારને મૂકી દે અને સીસાને સાથે લઈ લે.'

ત્યારે તે પુરુષે આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિયો! આ લોઢાને હું ઘણે દૂર સુધી ઊચકી લાવ્યો છું, હે દેવાનુપ્રિયો! આ લોઢાના ભારને ઘણા સમયથી ઉપાડી રાખ્યો છે, હે દેવાનુપ્રિયો! મેં આ લોઢાને ઘણું કસીને બાંધ્યું છે, હે દેવાનુપ્રિયો! મેં આ લોઢાને અશિથિલ બંધનથી બાંધ્યું છે, હે દેવાનુપ્રિયો! મેં આ લોઢાને અત્યાધિક પ્રગાઢ બંધનથી કસીને બાંધ્યું છે, તો હું આ લોઢાના ભારને છોડીને સીસાના ભારને નહીં બાંધી શકું.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી તે પુરુષો જ્યારે પેલી વ્યક્તિને અનુકૂળ–પ્રતિકૂળ એવી બધી રીતની આખ્યાપનાઓ (સામાન્ય રીતે પ્રતિપાદન કરનારી વાણી) અને પ્રજ્ઞાપનાઓ (વિશેષ રીતે પ્રતિપાદન કરનારી વાણી) વડે સમજાવવામાં સફળ ન બન્યા ત્યારે તેઓ ક્રમપૂર્વક આગળ–આગળ ચાલવા લાગ્યા.

આમ આગળ ને આગળ જતાં ક્રમશઃ તાંબાની ખાણ, ચાંદીની ખાણ, રત્નોની ખાણ અને વજ્ર – હીરાની ખાણ જોઈ અને ત્યાં પહેલાં લીધેલી ઓછા મૂલ્યની વસ્તુઓ છોડીને બહુમૂલ્યવાન વસ્તુઓની પોટલી બાંધતા ગયા. પરંતુ પોતાના પેલા દુરાગ્રહી સાથીનો દુરાગ્રહ દૂર કરવામાં સફળ ન થઈ શકયા.

તત્પશ્ચાત્ તે પુરુષો જ્યાં પોત-પોતાનું જનપદ – દેશ હતો ત્યાં આવ્યા આવીને હીરા વેચ્યા, વેચીને મળેલા ધનથી ઘણાં બધાં દાસ-દાસીઓ, ગાય, ભેંસ અને ઘેટાં ખરીદ્યાં, ખરીદીને આઠ-આઠ માળ ઊંચાં ભવનો બંધાવ્યાં અને તેમાં સ્નાન, બલિકર્મ આદિ કરીને તે શ્રેષ્ઠ એવા પ્રાસાદોના ઉપરના મજલે બેસીને જોર-શોરથી વગાડાતાં મૃદંગ વગેરે વાદ્યનિનાદો; અને શ્રેષ્ઠ તરુણીઓ દ્વારા થતાં નૃત્ય-ગાયન યુક્ત બત્રીસ પ્રકારનાં નાટકો જોવાની સાથે ઇષ્ટ શબ્દ, સ્પર્શ આદિ મનુષ્ય સમ્બન્ધી કામભોગો ભોગવતા વિચરવા લાગ્યા.

ત્યારે લોઢાના ભાર સહિત પેલો પુરુષ જ્યાં પોતાનું નગર હતું, ત્યાં આવ્યો. આવીને લોઢાને વેચ્યું, પરંતુ તે અલ્પ મૂલ્યનું હોવાથી તેને લાભ પણ અલ્પ જ થયો, ત્યારે પોતાના સાથી પુરુષો ને શ્રેષ્ઠ પ્રાસાદોમાં યાવત્ વિચરતા જોયા, જોઈને સ્વગત આ પ્રમાણે બોલ્યો—

'અરે હું અધન્ય, પુણ્યહીન, શુભ લક્ષણોથી રહિત શ્રી-હ્રી થી ત્યજાયેલો, હીનપુણ્યચતુર્દશી (કૃષ્ણપક્ષની ચતુર્દશીએ ઉત્પન્ન થયેલો), દુરન્તપ્રાન્ત લક્ષણવાળો છું, જો હું મારા મિત્રો જ્ઞાતિબંધુઓ અને હિતેચ્છુઓની વાત માની લેતો તો હું પણ તે લોકોની જેમ જ શ્રેષ્ઠ પ્રાસાદોમાં રહેતા રહેતા યાવત્ વિચરણ કરતાં સમય પસાર કરત.'

આ માટે હે પ્રદેશી! મેં એમ કહ્યું કે 'જો તુ પણ તારો દુરાગ્રહ નહીં છોડે તો તારે પણ પેલા લોઢાને ઊંચકીને ફરનાર દુરાગ્રહીની જેમ પસ્તાવું પડશે.'

**૫૭. પ્રદેશી રાજાનો ગૃહસ્થધર્મ સ્વીકાર અને રમણીય–અરમણીય વિષયમાં વનખંડનું દૃષ્ટાંત–**

આ પ્રમાણે સમજાવ્યા પછી યથાર્થ બોધ ગ્રહણ કરીને પ્રદેશી રાજાએ કેશી કુમારશ્રમણને વંદન કર્યાં અને આ પ્રમાણે કહ્યું–

'હે ભદન્ત! હું તે લોઢાને ઊંચકીને ફરનારની જેમ પશ્ચાત્તાપ કરવા ઇચ્છતો નથી. એટલે કે હું આપ દેવાનુપ્રિય પાસેથી કેવલિધર્મ શ્રવણ કરવા વાંચ્છુ છું.'

'હે દેવાનુપ્રિય! જેમાં તને ખુશી મળે તેમ કર, પરંતુ પ્રતિબંધ–વિલંબ ન કર.' (કેશી કુમાર શ્રમણે ઉત્તર આપ્યો.)

તતપશ્ચાત્ પ્રદેશીની ભાવનાને જાણીને કેશીકુમાર શ્રમણે જેવી રીતે ચિત્ત સારથીને ધર્મોપદેશ આપીને ધર્મ સમજાવ્યો હતો, તેવી જ રીતે પ્રદેશી રાજાને પણ ધર્મકથા કહીને શ્રાવક ધર્મનું વિવેચન કર્યું, તેથી ચિત્તસારથીની જેમ જ પ્રદેશીએ પણ ગૃહસ્થ ધર્મ અંગીકાર કર્યો, સ્વીકારીને જ્યાં શ્વેતામ્બી નગરી હતી, તે તરફ જવા તૈયાર થયો.

ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું –

'હે પ્રદેશી! શું તને ખબર છે કે કેટલા પ્રકારના આચાર્યો જણાવવામાં આવ્યા છે?'

પ્રદેશી – 'હા ભદન્ત! મને ખબર છે કે આચાર્યોના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે– આ પ્રમાણે– ૧. કલાચાર્ય ૨. શિલ્પાચાર્ય અને ૩. ધર્માચાર્ય.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેશી કુમાર શ્રમણ– 'હે પ્રદેશી ! તને ખબર છે કે ઉપરના ત્રણે આચાર્યોમાંથી કોની સાથે કેવી રીતે વિનયપૂર્વક વ્યવહાર કરવો જોઈએ ?'

પ્રદેશી – 'હા ભદન્ત ! જાણું છું કે કલાચાર્ય અને શિલ્પાચાર્યના શરીરે ચંદન આદિનો લેપ કરીને અને તેલ આદિથી માલિશ કરવી જોઈએ, તેમને ફૂલો વગેરે ભેટ ધરવા જોઈએ અને આભૂષણોથી અલંકૃત કરીને તેમને સન્માનપૂર્વક ભોજન કરાવવું જોઈએ અને આજીવિકા માટે યોગ્ય ભેટ આપવી જોઈએ. તેમ જ એવી ગોઠવણ કરવી જોઈએ કે જેથી તેમના પુત્ર–પૌત્રાદિને પણ તેનો લાભ મળતો રહે.

જ્યાં પણ ધર્માચાર્યના દર્શન થાય, ત્યાં તેમને વંદન-નમસ્કાર કરવા જોઈએ, સત્કાર-સન્માન કરવું જોઈએ તેમ જ તેમને કલ્યાણરૂપ, મંગળરૂપ, દેવરૂપ તેમ જ ચૈત્યરૂપ માનીને તેમની પર્યુપાસના કરવી જોઈએ, પ્રાશુક–એષણીય અશન-પાન તેમ જ ખાદ્ય-સ્વાદ્યથી પ્રતિલાભિત કરવા જોઈએ, પ્રાતિહારિક પીઠ, ફલક, શૈયા, સંસ્તારક આદિ ગ્રહણ કરવા માટે તેમને પ્રાર્થના કરવી જોઈએ.'

કેશી કુમાર શ્રમણ – આ પ્રમાણે વિનયની રીતો જાણવા છતાં પણ હે પ્રદેશી ! મારી સાથે પ્રતિકૂળ યાવત્ વર્તીને અને તે માટે મારી ક્ષમા માગ્યા વગર શ્વેતામ્બી નગરીમાં જવા માટે ઉતાવળો બની રહ્યો છે ?'

ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણ પાસે આ પ્રમાણે નિવેદન કર્યું—

'હે ભદન્ત ! મને આ પ્રમાણે આધ્યાત્મિક યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે—

'હું આપ દેવાનુપ્રિય તરફ પ્રતિકુળ વ્યવહાર –યાવત્–પ્રવૃત્તિ કરી રહ્યો છું, તો તે યોગ્ય રહેશે કે કાલે રાત્રિ સવાર રૂપે પરિવર્તિત થયા પછી યાવત્–જાજ્વલ્યમાન તેજ સહિત સૂર્યના ઊગવા પછી અંતઃપુર પરિવારને સાથે લઈને હું આપ દેવાનુપ્રિયને વંદન–નમસ્કાર કરવા આવું અને અવિનયપૂર્વક કહેલા અપરાધની વારંવાર વિનયપૂર્વક ક્ષમા માગું.' –

આ પ્રમાણે નિવેદન કરીને તે જે દિશામાંથી આવ્યો હતો તે જ દિશામાં પાછો ફરી ગયો.

૫૮. તત્પશ્ચાત્ પ્રદેશી રાજા (આગલા દિવસે) રાત્રિનું પ્રભાતમાં પરિવર્તન થયા પછી યાવત્ જાજ્વલ્યમાન તેજ સાથે સૂર્યના ઊગવા પછી હૃષ્ટ-તુષ્ટ-યાવત્ ઉલ્લાસિત બનીને કોણિક રાજાની જેમ પોતાના નગર વચ્ચેથી પસાર થઈ અને અંતઃપુર પરિવાર સાથે આવી, પાંચ પ્રકારના અભિગમપૂર્વક વંદન-નમસ્કાર કર્યાં અને વિનયપૂર્વક પોતાના ઉપેક્ષાપૂર્ણ વ્યવહાર માટે વારંવાર ક્ષમા-યાચના કરી.

ત્યાર પછી કેશી કુમાર શ્રમણે પ્રદેશી રાજાને, સૂર્યકાન્તા આદિ રાણીઓને અને તે વિશાળ પરિષદને ધર્મકથા કહી સંભળાવી.

ત્યારે પ્રદેશી રાજા ધર્મકથા સાંભળીને અને તેને મનમાં ઉતારીને પોતાના આસન પરથી ઊઠ્યો, ઊઠીને તેણે કેશીકુમાર શ્રમણને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમસ્કાર કરીને જ્યાં શ્વેતામ્બી નગરી હતી, તે તરફ જવા માટે તત્પર બન્યો.

ત્યારે કેશી કુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું—

'હે પ્રદેશી ! પહેલાં રમણીય બનીને પછી અરમણીય ન થતો, જેવી રીતે વનખંડ અથવા નૃત્યશાળા, શેરડીનો વાઢ (શેરડીનું ખેતર) અથવા ખળાવાડ પહેલાં રમણીય હોય છે અને પછી અરમણીય બની જાય છે.'

પ્રદેશી—'હે ભદન્ત ! વનખંડ આદિ પહેલાં રમણીય હોવા છતા પછીથી કેવી રીતે અરમણીય બની જાય છે?'

કેશીકુમાર શ્રમણ–'પ્રદેશી ! જો સાંભળ કે વનખંડ આદિ પહેલાં રમણીય હોવા છતાં પછી કેવી રીતે અરમણીય બની જાય છે – જ્યાં સુધી વનખંડ હર્યો ભર્યો હોય છે, ફળો ફૂલોથી ભરેલો હોય છે, લીલોતરીથી શોભિત હોય છે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમૃદ્ધ હોય છે ત્યાં સુધી ખૂબ આનંદ આપનાર હોય છે. ત્યાં સુધી તે ખૂબ રમણીય લાગે છે. પરંતુ જ્યારે પાંદડાં ખરી પડે છે, ફૂલો ખરી પડે છે, ફળ વગરનો બની જાય છે, હરિયાળીથી શોભિત નથી રહેતો અને તેની સમૃદ્ધિથી મનને આનંદ નથી આપતો ત્યારે છાલના જીર્ણ-શીર્ણ બની જવાથી, સડી જવાથી અને પાંદડાં પીળાં પડી જવાથી અને મ્લાન બની જવાથી, ચીમળાઈ જવાથી સૂકામેલા વૃક્ષની જેમ જ રમણીય રહેતો નથી.

આ પ્રમાણે જ જ્યાં સુધી નૃત્યશાળામાં ગીત ગવાઈ રહ્યાં હોય, નૃત્ય થઈ રહ્યું હોય, જ્યાં સુધી હસવાના અવાજથી અને વિવિધ પ્રકારની રમતો-ક્રીડાઓ થતી રહે છે, ત્યાં સુધી નૃત્યશાળા રમણીય લાગે છે, સોહામણી લાગે છે. પરંતુ તે જ નૃત્યશાળામાં ગીત-સંગીત યાવત્ ક્રીડાઓ ન થતી હોય ત્યારે તે જ નૃત્યશાળા અરમણીય-અપ્રિય બની જાય છે, સોહામણી નથી દેખાતી.

તેવી જ રીતે શેરડીના વાઢમાં જ્યારે શેરડી કપાઈ રહી હોય, પીલાઈ રહી હોય અને લોકો રસ પી રહ્યા હોય, પીવડાવી રહ્યા હોય, ત્યાં સુધી તે વાઢ રમણીય દેખાય છે. પરંતુ જ્યારે વાઢમાં શેરડી કપાતી ન હોય ત્યારે તે શેરડીનો વાઢ મનને અરમણીય-અનિષ્ટ જણાય છે.

આ પ્રમાણે જ્યારે ખળાવાડમાં ધાન્યના ઢગ ખડકાયા હોય, ઉપણવાનું કામ ચાલુ હોય, દાણા છૂટા પાડવાનું કામ ચાલુ હોય, લોકો સાથે મળીને ખાતા-ખવડાવતા હોય, આપી રહ્યા હોય-લઈ રહ્યા હોય, ત્યારે તે વાડો રમણીય લાગે છે.

પરંતુ જ્યારે ધાન્ય વગેરે રહેતું નથી, ત્યારે તે વાડો અરમણીય-અશોભનીય-કુરૂપ દેખાવા લાગે છે.

તો હે પ્રદેશી! તેથી મેં તને કહ્યું કે પહેલાં રમણીય બનીને પછી તું અરમણીય ન બની જતો, જેવી રીતે વનખંડ આદિ થઈ જાય છે.'

ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણની પાસે આ પ્રમાણે નિવેદન કર્યું—

'હે ભદન્ત! હું વનખંડ યાવત્ ખળાવાડની જેમ પહેલાં રમણીય થઈ પછી અરમણીય નહીં થઉં. મેં તો એવો વિચાર કર્યો છે કે શ્વેતામ્બી નગરી વગેરે સાત હજાર ગામો છે તેને ચાર વિભાગમાં વહેંચી નાખીશ. તેમાંથી એક ભાગ રાજ્યના રક્ષણ માટે બલવાહન(સેના)ને આપીશ, એક ભાગ અન્ન ભંડારો માટે સુરક્ષિત રાખીશ અર્થાત્ એક ભાગની નીપજથી કોઠારો અન્નથી ભરેલા રાખીશ, એક ભાગ અંતઃપુરના નિર્વાહ અને રક્ષા માટે આપીશ અને શેષ ભાગથી એક વિશાળ કૂટાકાર શાળાનું નિર્માણ કરીને ઘણા લોકોને ભોજન અને માસિક વેતન તથા દૈનિક મજૂરી આપીને રોજ મોટા પ્રમાણમાં અશન, ખાદ્ય, સ્વાદ્યરૂપ ચારે પ્રકારનું ભોજન તૈયાર કરાવીશ અને અનેક શ્રમણો, બ્રાહ્મણો, ભિક્ષુકો, પથિકો, યાત્રિઓને આપતાં તથા વિવિધ પ્રકારનાં શીલવ્રતો, ગુણવ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો, પોષધોપવાસનું પાલન કરતાં કરતાં મારું જીવન વ્યતીત કરીશ.'

આ પ્રમાણે કહીને તે જે દિશામાંથી આવ્યો હતો તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.

ત્યાર પછી પ્રદેશી રાજાએ રાત્રિનું પ્રભાતરૂપે પરિવર્તન થયા પછી યાવત્ સૂર્ય ઊગ્યા પછી શ્વેતામ્બી નગરી આદિ સાત હજાર ગામોને ચાર ભાગમાં વિભાજિત કર્યાં. એક ભાગ બલવાહન-સેનાને સોંપ્યો-યાવત્-કૂટાકારશાળાનું નિર્માણ કરાવ્યું અને તેમાં ઘણા પુરુષોને આશ્રય આપીને યાવત્ ભોજન-પકવાન બનાવડાવી અનેક શ્રમણોને યાવત્ યાત્રિકોને આપતાં આપતાં સમય વ્યતીત કરવા લાગ્યો.

**સૂર્યકાન્તાએ કરેલો વિષપ્રયોગ, પ્રદેશી રાજાનું સમાધિપૂર્વક મૃત્યુ અને સૂર્યાભદેવના રૂપમાં ઉપપાદ—**

૫૯. તત્પશ્ચાત પ્રદેશી રાજા શ્રમણોપાસક બની ગયો અને જીવ-અજીવ આદિ તત્ત્વોનો જ્ઞાતા બની યાવત્ જીવન વ્યતીત કરવા લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારથી પ્રદેશી રાજા શ્રમણોપાસક બન્યો, તે દિવસથી રાજ્ય, રાષ્ટ્ર, બલ, વાહન, કોષ, ભંડાર, પુર, અંતઃપુર અને જનપદ પ્રતિ ઉદાસીન થઈને વિચરવા લાગ્યો.

ત્યારે સૂર્યકાન્તા દેવીને આ પ્રમાણે આંતરિક યાવત્ વિચાર આવ્યો—

'જ્યારથી પ્રદેશી રાજા શ્રમણોપાસક બની ગયો છે ત્યારથી રાજ્ય, રાષ્ટ્ર યાવત્ અંતઃપુર જનપદ અને મારાથી ઉદાસીન થઈને વિચરણ કરે છે. તેથી મારા માટે તે યોગ્ય છે કે શસ્ત્રપ્રયોગ અગ્નિપ્રયોગ, મંત્રપ્રયોગ અથવા વિષપ્રયોગ દ્વારા પ્રદેશીરાજાને મારીને અને સૂર્યકાન્ત કુમારને રાજગાદી પર સ્થાપિત કરીને—રાજા બનાવીને સ્વયં રાજ્યશ્રીને ભોગવતી અને પ્રજાનું પાલન-રક્ષણ કરતી આનંદપૂર્વક વિચરણ કરું.'

આ પ્રમાણે તેણે વિચાર કર્યો અને વિચાર કરીને સૂર્યકાન્તકુમારને બોલાવ્યો અને બોલાવીને આ પ્રમાણે કહ્યું —

'જ્યારથી પ્રદેશીરાજાએ શ્રમણોપાસક ધર્મ સ્વીકાર કર્યો છે, તે દિવસથી તે રાજ્ય યાવત્ અંતઃપુર, મારા સંબંધી, જનપદ અને મનુષ્ય સંબંધી કામભોગોથી ઉદાસીન થઈને પોતાનો સમય વ્યતીત કરે છે. તો હે પુત્ર! તારા માટે તે યોગ્ય છે કે પ્રદેશી રાજાને શસ્ત્રપ્રયોગ આદિ કોઈને કોઈ યુક્તિથી મારીને સ્વયં રાજ શાસન કરતો અને પ્રજાનું પાલન કરતો વિચરણ કર.'

ત્યારે સૂર્યકાન્તકુમારે સૂર્યકાન્તા દેવીના આ વિચારનો આદર ન કર્યો-તેના પર ધ્યાન ન આપ્યું, પરંતુ મૌન ધારણ કરીને શાંતિથી ઊભો રહ્યો. ત્યારે સૂર્યકાન્તા દેવીને આ પ્રમાણે આંતરિક યાવત્ વિચાર ઉત્પન્ન થયો—

'કયાંક એવું ન બને કે સૂર્યકાન્ત પ્રદેશી રાજા આગળ મારી આ વાત કહી દે.'

આ પ્રમાણે વિચારીને તે પ્રદેશી રાજાના દોષરૂપી છિદ્રોની, કુકૃત્યરૂપી આંતરિક ગુપ્ત રહસ્યોની, એકાંત નિર્જન સ્થાનરૂપી વિવરોની અને અવસર રૂપ અંતરોની શોધ કરવામાં સમય પસાર કરવા લાગી અર્થાત્ તેને મારી નાખવા માટેના ઉપાયો અને તકની શોધમાં રહેવા લાગી.

તત્પશ્ચાત્ કોઈ એક દિવસે યોગ્ય અવસરે સૂર્યકાન્તા દેવીએ પ્રદેશીરાજાને મારવા માટે, તેના અશન યાવત્ સ્વાદ્ય રૂપ ભોજનમાં, પહેરવા આદિનાં બધાં વસ્ત્રો, ગંધો, માળા-અલંકારો ઉપર વિષ-પ્રયોગ કરીને તે બધું વિષાક્ત વિષયુક્ત બનાવી દીધું.

તત્પશ્ચાત્ સ્નાન કરીને ભોજન માટે સુખપૂર્વક શ્રેષ્ઠ આસન પર આસનસ્થ પ્રદેશીરાજાને મારી નાખવા માટે તે વિષ મેળવેલું અશન યાવત્ સ્વાદ્ય ભોજન પીરસ્યું, વિષમય વસ્ત્ર પહેરાવ્યાં યાવત્ વિષમય અલંકારોથી તેને વિભૂષિત કર્યો. ત્યારે વિષ મેળવેલા તે અશન યાવત્ સ્વાદ્ય ભોજન લઈને પ્રદેશી રાજાના શરીરમાં ઉત્કટ, પ્રચુર, પ્રગાઢ, કર્કશ, કટુક, પરુષ, નિષ્ઠુર, પ્રચંડ, તીવ્ર, દુઃખદ, વિકટ, દુસ્સહ વેદના ઉત્પન્ન થઈ અને પિત્તના વ્યાધિને લીધે શરીરમાં બળતરા થવા લાગી.

૬૦. તત્પશ્ચાત્ પ્રદેશી રાજાએ સૂર્યકાન્તાદેવી દ્વારા કરવામાં આવેલું આ કપટ (ષડ્યંત્ર) જાણી લઈને સૂર્યકાન્તા દેવી પ્રત્યે મનમાં જરા પણ દ્વેષ-રોષ ન આણતાં જ્યાં પોષધશાળા હતી, ત્યાં આવ્યો, આવીને પોષધશાળાની પ્રમાર્જના કરી, પ્રમાર્જના કરીને ઉચ્ચાર-પ્રસ્રવણ ભૂમિ (સ્થંડિલ ભૂમિ)ની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને દર્ભસંસ્તારક-દર્ભનું આસન પાથર્યું, પાથરીને દર્ભના આસન પર બેઠો, બેસીને પૂર્વ દિશા તરફ મોઢું રાખીને પદ્માસન વાળીને બંને હાથ જોડીને આવર્ત્તપૂર્વક મસ્તક પર અંજલિ રચીને આ પ્રમાણે કહ્યું—

'અરિહંત ભગવંતોને યાવત્ સિદ્ધ ગતિ પામેલા ભગવંતોને નમસ્કાર હજો. મારા ધર્મોપદેશક, ધર્માચાર્ય કુમારશ્રમણ કેશીસ્વામીને નમસ્કાર હજો. અહીં રહેલો હું ત્યાં વિરાજ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માન ભગવંતને વંદન કરું છું. ત્યાં વિરાજમાન ભગવાન મને જુએ.' આ પ્રમાણે કહીને વંદન નમસ્કાર કર્યા.

'પહેલાં પણ મેં કેશીકુમાર શ્રમણની પાસે સ્થૂળ–પ્રાણાતિપાત (હિંસા) યાવત્ સ્થૂળ પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરી લીધું છે. આ સમયે પુનઃ તે ભગવંત સમક્ષ સર્વ પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરું છું, સમસ્ત ક્રોધ યાવત્ મિથ્યાદર્શનશલ્યનું પ્રત્યાખ્યાન કરું છું, અકરણીય (કરવા લાયક નહીં તેવાં) કર્મો તેમ જ યોગપ્રવૃત્તિનું પ્રત્યાખ્યાન કરું છું, જીવન પર્યંત ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરું છું. જોકે મને આ શરીર પ્રિય રહ્યું છે યાવત્ મેં તે ધ્યાન રાખ્યું છે કે તેને કોઈ રોગ ન લાગે, પરંતુ હવે આ શરીરનો પણ અંતિમ શ્વાસોચ્છ્વાસ સુધી પરિત્યાગ કરું છું.'

આ પ્રમાણે નિશ્ચયપૂર્વક પુનઃ આલોચના અને પ્રતિક્રમણ કરીને સમાધિપૂર્વક મરણ સમયે મરણ પામીને સૌધર્મકલ્પના સૂર્યાભ વિમાનની ઉપપાત સભામાં યાવત્ દેવરૂપે ઉત્પન્ન થયો.

તત્પશ્ચાત તત્કાળ ઉત્પન્ન થયેલો તે સૂર્યાભદેવ પાંચ પ્રકારની પર્યાપ્તિઓથી પર્યાપ્ત ભાવને પ્રાપ્ત થયો. તે પર્યાપ્તિઓનાં નામ આ પ્રમાણે છે,—૧. આહાર પર્યાપ્તિ ૨. શરીર પર્યાપ્તિ ૩. ઇન્દ્રિય પર્યાપ્તિ ૪. શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ અને ૫. ભાષા–મનઃ પર્યાપ્તિ.

આ પ્રમાણે હે ગૌતમ! સૂર્યાભદેવે તે દિવ્ય દેવર્દ્ધિ દેવદ્યુતિ અને દિવ્ય દેવાનુભાવ-દેવભાવ ઉપાર્જિત કર્યાં છે, પ્રાપ્ત કર્યાં છે અને અધિગત–આધીન કર્યાં છે."

**સૂર્યાભદેવ ભવ પછી પ્રદેશી રાજાના જીવનું દૃઢપ્રતિજ્ઞ–ભવમાં મોક્ષગમન—**

૬૧. ગૌતમ – 'હે ભદન્ત! સૂર્યાભદેવની કયાં સુધીની આયુષ્યસ્થિતિ–મર્યાદા કહેવાઈ છે?'

ભગવાન–'હે ગૌતમ! તેની આયુષ્ય મર્યાદા ચાર પલ્યોપમ કહેવાઈ છે.'

ગૌતમ – 'હે ભગવન્! તે સૂર્યાભદેવ આયુક્ષય ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી દેવલોકમાંથી ચ્યુત થઈને કયાં જશે? કયાં જન્મ લેશે?'

ભગવાન–'હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં જે કુળો અઢળક ધન-ધાન્યથી સમૃદ્ધ–પ્રભાવક વિપુલ–મોટા કુટુંબ પરિવારવાળાં, વિશાળ એવા અગણિત ભવનો, શય્યાઓ, આસનો અને યાનવાહનોના સ્વામી, સોના-ચાંદીના અધિપતિ, આર્થિક ઉપાર્જન માટે વ્યાપાર-વ્યવસાયમાં પ્રવૃત્ત, ગરીબોને જેમના દ્વારા વિપુલ પ્રમાણમાં ભોજન–પાન મળતા હોય, જેમની સેવામાં ઘણાં બધા દાસ–દાસીઓ હાજર રહેતાં હોય, જેમને ત્યાં પુષ્કળ ગાય, ભેંસ, ઘેટાં આદિ પશુ-ધન હોય અને લોકો દ્વારા જેમની અવગણના ન થઈ શકે તેવાં પ્રસિદ્ધ કુળોમાંથી કોઈ એક કુળમાં તે પુત્ર રૂપે ઉત્પન્ન થશે.

ત્યારે તે બાળકનું ગર્ભમાં સ્થાપન થયા પછી તેના માતા-પિતાની ધર્મમાં દૃઢ પ્રતિજ્ઞા-શ્રદ્ધા ઉત્પન્ન થશે.

તત્પશ્ચાત્ નવ માસ અને સાડા-સાત રાત-દિવસ પૂરાં થયા પછી તે બાળકની માતા સુકુમાર હાથ–પગવાળા, શુભ લક્ષણો તેમ જ પરિપૂર્ણ પાંચે ઇન્દ્રિયો અને શરીરવાળા, શુભ લક્ષણ, વ્યંજન અને ગુણોથી યુક્ત, યોગ્ય માપ વજન યુક્ત શરીરવાળા, સર્વાંગ સુંદર, ચન્દ્રમાની જેવો સૌમ્ય આકારવાળા, કમનીય, પ્રિયદર્શન તેમ જ સુરૂપવાન પુત્રને જન્મ આપશે.

તત્પશ્ચાત્ તે બાળકના માતા–પિતા પ્રથમ દિવસે કુળ સ્થિતિ પ્રમાણે–કુલપરંપરાગત વિધિ પ્રમાણે પુત્રના જન્મનો ઉત્સવ મનાવશે, ત્રીજા દિવસે ચંદ્ર–સૂર્યનાં દર્શન કરાવશે, છઠ્ઠા દિવસે રાત્રિજાગરણ કરશે, અગિયાર દિવસ વીતી ગયા પછી બારમા દિવસે જાતકર્મ સંબંધી અશુચિની નિવૃત્તિ માટે ઘરને વાળી–ઝૂડીને અને લીંપી-ગુંપીને શુદ્ધ કરશે, પછી અશન–પાન–ખાદ્ય-સ્વાદ્યરૂપ વિપુલ ભોજન-સામગ્રી બનાવશે અને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન–સંબંધીઓ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક દાસ-દાસી આદિ પરિજનો, પરિચિતોને આમંત્રિત કરશે અને પછી સ્નાન, બલિકર્મ, તિલક આદિથી કૌતુક-મંગળ-પ્રાયશ્ચિત્ત કરશે યાવત્ આભૂષણોથી શરીરને અલંકૃત કરશે, ભોજન મંડપમાં શ્રેષ્ઠ આસનો પર સુખપૂર્વક બેસીને તે મિત્રો, જ્ઞાતિજનો યાવત્ પરિજનોની સાથે વિપુલ અશન યાવત્ સ્વાદ્ય ભોજનનો આસ્વાદ લેતાં, વિશેષરૂપે આસ્વાદ લેતા, ખાતા, એકબીજાને ખવડાવતા વિચરણ કરશે. જમ્યા પછી આચમન મુખશુદ્ધિ આદિ કરીને સ્વચ્છ, પરમ-શુચિભૂત થઈને તે મિત્રો, જાતિ-બંધુઓ યાવત્ પરિજનોનો વિપુલ વસ્ત્ર, ગંધ, માલા, અલંકારો આદિથી સત્કાર-સન્માન કરશે અને પછી તે મિત્રો યાવત્ પરિજનોને આ પ્રમાણે કહેશે-

'દેવાનુપ્રિયો ! જ્યારથી આ બાળક માતાના ગર્ભાશયમાં ગર્ભરૂપે સ્થાપિત થયો ત્યારથી અમારી ધર્મમાં દૃઢ પ્રતિજ્ઞા-શ્રદ્ધા થઈ છે, તેથી અમારા આ બાળકનું દૃઢપ્રતિજ્ઞ નામ રાખવામાં આવે.' તત્પશ્ચાત્ તે દૃઢપ્રતિજ્ઞ બાળકના માતા-પિતા તેનું 'દૃઢપ્રતિજ્ઞ' એમ નામ કરણ કરશે.

તદનન્તર તે માતા-પિતા અનુક્રમે સ્થિતિ-પતિતા, ચન્દ્ર, સૂર્યદર્શન, ધર્મજાગરણ, નામકરણ, અન્નપ્રાશન, પ્રજલ્પન (બાળક બોલવા લાગે તે સંબંધી), પ્રતિવર્ધાપન (આશીર્વાદ-અભિનંદન સમારોહ), ચંક્રમણ (પગે ભાખોડિયાભર ચાલવું), કર્ણવેધન (કાન વીંધાવવા), સંવત્સર પ્રતિલેખ (પ્રથમ વર્ષનો જન્મોત્સવ), ચૂલા-પનયન (મુંડનોત્સવ) આદિ તથા બીજા કેટલાય ગર્ભાધાન, જન્માદિ સંબંધી ઉત્સવો ભવ્ય સમારોહ કરીને મનાવશે.

તદનન્તર તે દૃઢપ્રતિજ્ઞ બાળક ૧. ક્ષીરધાત્રી—દૂધ પિવડાવનારી ધાવ, ૨. મંડનધાત્રી—વસ્ત્રા-ભૂષણ પહેરાવનારી ધાવ, ૩. મંજનધાત્રી-સ્નાન, તેલ માલિશ આદિ કરનારી ધાવ, ૪. અંકધાત્રી—ખોળામાં રમાડનારી ધાવ અને ૫. ક્રીડાપનધાત્રી—રમત-ગમ્મત કરાવનારી ધાવ—આ પાંચે ધાવ-માતાઓની દેખભાળમાં, તદુ ઉપરાંત ઈંગિત (મુખ આદિની ચેષ્ટા), ચિંતન (માનસિક વિચાર), પ્રાર્થિત (અભિલષિત)ને સમજનારી, પોતપોતાના દેશનો પોશાક પહેરનારી, નિપુણ, કુશળ-પ્રવીણ તેમ જ વિનયી તેવી કુબ્જા (કુબડી) ચિલાતિકા (ચિલાત-કિરાત નામના દેશમાં જન્મેલી), વામની (ઠીંગણી), વડભી (મોટા પેટવાળી), બર્બરી (બર્બર દેશની), બકુશ દેશની, યોનક દેશની, પલ્હવિકા (પલ્હવ દેશની), ઈસિનિકા, વારુણિકા (વરુણ દેશની), લાસિકા (તિબ્બત દેશની), લકુશિકા (લકુશ દેશની), દ્રાવિડી (દ્રાવિડ દેશની), સિંહલી (સિંહલ) લંકા દેશની), આરબી (અરબ દેશની), પુલિંદી (પુલિંદ દેશની), પક્કણી, બહલી (બહલ દેશની), મુરંડી (મુરંડ દેશની), શબરી (શબર દેશની), પારસી (પારસ દેશની-ઇરાની) આદિ અનેક દેશદેશાવરની તરુણ દાસીઓ અને વર્ષધરો, કંચુકિઓ અને મહત્તરો દ્વારા લાલિત-પાલિત થતો, હાથોહાથ ફેરવાતો, લાડ લડાવાતો, એક ખોળેથી બીજા ખોળે ફરતો, હાલરડાં સંભળાવીને આનંદિત કરાતો, ક્રીડાપૂર્વક લાલન-પાલન કરાતો, પ્યાર કરાતો, ચુંબન કરાતો અને રમણીય મણિજડિત આંગણામાં ચલાવાતો, વ્યાઘાત (બાધા-વિઘ્ન) રહિત ગિરિ-ગુફામાં રહેલ શ્રેષ્ઠ ચંદન વૃક્ષની જેમ સુખપૂર્વક દિવસે દિવસે પરિવર્ધિત થશે—વૃદ્ધિ પામશે.

તત્પશ્ચાત્ માતા-પિતા દૃઢપ્રતિજ્ઞને આઠ વર્ષથી થોડો મોટો થયેલો જાણીને કલા શિક્ષણ માટે શુભ તિથિ કરણ, નક્ષત્ર અને મુહૂર્તમાં સ્નાન, બલિકર્મ કરીને તથા સમસ્ત અલંકારોથી વિભૂષિત કરીને, ખૂબ ઋદ્ધિ-વૈભવપૂર્વક, સત્કાર-સમારોહ પૂર્વક કલાચાર્ય પાસે લઈ જશે.

ત્યારે કલાચાર્ય દૃઢપ્રતિજ્ઞને ગણિત જેમાં પ્રધાન છે, તેવી લેખન આદિથી શકુનિરુત (પક્ષી-ઓની બોલી) સુધીની બોંતેર કલાઓ સૂત્રથી, અર્થથી (વિસ્તારપૂર્વક વ્યાખ્યા સમજાવીને), ગ્રંથમાંથી (સૂત્ર અને અર્થથી) તથા કરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રયોગથી શીખવાડશે.—સિદ્ધ કરાવશે. તે બોંતેર કલાઓનાં નામ આ પ્રમાણે છે—

૧. લેખન, ૨. ગણિત ( અંકવિદ્યા ), ૩. રૂપ સજાવટની કળા, ૪. નાટ્ય (અભિનય અને નૃત્ય કરવાની કળા) ૫. સંગીત, ૬. વાજિંત્ર વગાડવું, ૭. સ્વર જાણવાની કળા, ૮. વાદ્ય-ઢોલક આદિ વાદ્ય સમારવાની તેમજ વગાડવાની કળા, ૯. સંગીતમાં ગીત અને વાદ્યોનાં સુર-તાલ મેળવવાની કળા, ૧૦. દ્યૂત-જુગાર રમવો, ૧૧. લોકોની સાથે વાતચીત અને વાદ-વિવાદ કરવો, ૧૨. પાસા રમવા, ૧૩. ચોપાટ રમવી, ૧૪. શીઘ્ર-કાવ્યસર્જનકળા (તરત જ કાવ્ય-કવિતાનું સર્જન કરવું ) ૧૫. જમીન અને પાણીના ગુણધર્મોની જાણકારી મેળવવી, ૧૬. અન્નના ઉત્પાદનની અને રસોઈ બનાવવાની કળા, ૧૭. પાન-પીણાઓનું ઉત્પાદન કરવું, ૧૮. કપડાં બનાવવાની, રંગવાની અને સીવવાની કળા, ૧૯. વિલેપન વિધિ-શરીર પર લેપ કરવા યોગ્ય ચંદન આદિ સુગંધિત વસ્તુનું જ્ઞાન, લેપ બનાવવાની અને કરવાની વિધિ, ૨૦. પથારી કરવાની અને સૂવાની વિધિ, ૨૧. આર્યા-માત્રિક છંદને બનાવવાની અને ઓળખવાની વિધિ, ૧૨. પ્રહેલિકા ઉખાણાં બનાવવાં,૨૩. માગધિકા-માગધી ભાષામાં છંદની રચના કરવાનું જ્ઞાન, ૨૪. નિદ્રાયિકા-ઉંઘાડવાની વિદ્યા, ૨૫. પ્રાકૃત ભાષામાં ગાથાની રચના કરવી, ૨૬. છંદોબદ્ધ ગીતની રચના કરવી, ૨૭. શ્લોક (અનુષ્ટુપ્ છંદ આદિ )ની રચના કરવી, ૨૮. હિરણ્યયુક્તિ-ચાંદી બનાવવાની અને તેની શુદ્ધિ કરવાની કળા, ૨૯. સુવર્ણ-યુક્તિ, ૩૦. ચૂર્ણયુક્તિ, ૩૧. આભૂષણ બનાવવાં ૩૨. તરુણી પ્રતિકર્મ-સ્ત્રીઓના શૃંગાર કરવો, ૩૩. સ્ત્રીઓનાં સારાં-નરસાં લક્ષણો જાણવાં, ૩૪. પુરુષોનાં સારાં-નરસાં લક્ષણો જાણવાં, ૩૫. અશ્વનાં લક્ષણ જાણવાં. ૩૬. હાથીનાં લક્ષણ જાણવાં, ૩૭. બળદનાં લક્ષણ જાણવાં. ૩૮. કુકડાનાં લક્ષણ જાણવાં, ૩૯. ચક્રનાં લક્ષણો, ૪૦. છત્રનાં લક્ષણો ૪૧. દંડનાં લક્ષણો, ૪૨. તલવારનાં લક્ષણો. ૪૩. મણિ ઓળખતાં શીખવું, ૪૪. કાકિણી રત્નનાં લક્ષણો, ૪૫. વાસ્તુવિદ્યા, ૪૬. નગરનિર્માણની કળા, ૪૭. સ્કન્ધાવાર (સેનાના પડાવ)ની રચના કરવાની કળા, ૪૮. યુદ્ધ કરવા માટે મોરચાબંધી કરવાની કળા, ૪૯. પ્રતિચાર-શત્રુસેનાની સામે પોતાની સેનાનું સંચાલન કરવું, ૫૦. વ્યૂહરચના કરવી, ૫૧. પ્રતિવ્યૂહની રચના કરવી, ૫૨. ગરુડ વ્યૂહની રચના કરવી. ૫૩. શકટ વ્યૂહની રચના કરવી, ૫૪. સામાન્ય યુદ્ધ કરવું, ૫૫. નિયુદ્ધ-મલ્લયુદ્ધ કરવું, ૫૬. યુદ્ધ યુદ્ધ-ઉપરા છાપરી યુદ્ધ કરવાની કળા જાણવી, ૫૭. લાઠીયુદ્ધ કરવું, ૫૮. મુષ્ટિ યુદ્ધ કરવું, ૫૯. બાહુયુદ્ધ કરવું, ૬૦. લતા યુદ્ધ, ૬૧. ઇષ્વસ્ત્ર-શાસ્ત્ર-બાણ બનાવવાની કળા અથવા નાગબાણ આદિ વિશિષ્ટ બાણો ચલાવવાની કળા, ૬૨, તલવાર ચલાવવાની કળા, ૬૩. ધનુર્વેદ-ધનુષ-બાણ સંબંધી કૌશલ્ય, ૬૪. ચાંદી (ભસ્મ કે પાક) બનાવવાની કળા. ૬૫. સ્વર્ણપાક બનાવવાની કળા, ૬૬. સૂત્ર ક્રીડા-દોરડાના ખેલ ૬૭. વૃત્ત-ખેલ-ક્રીડાવિશેષ, ૬૮. નાલિકા ખેલ-જુગાર વિશેષ, ૬૯. પત્રછેદન કળા, ૭૦. પર્વતીય પ્રદેશ પાર કરવાની કળા, ૭૧. બેભાનને ભાનમાં લાવવાની અને જીવતાને મૃત:પ્રાય કરવાની કળા, ૭૨. શકુનરુત-કાગડો, ઘુવડ આદિ પક્ષીઓની બોલી અને તેનાથી શુકન-અપશુકનનું જ્ઞાન કરવું.

તત્પશ્ચાત્ કલાચાર્ય તે દૃઢપ્રતિજ્ઞ બાળકને ગણિત પ્રધાન લેખન આદિ શકુનરુત સુધીની બોંતેર કલાઓને સૂત્રથી (મૂળપાઠથી) અર્થ (વ્યાખ્યા)થી, મૂળ અને અર્થથી તથા પ્રયોગથી શિખવાડીને સિદ્ધ કરાવીને માતા-પિતા પાસે લઈ જશે.

ત્યારે દૃઢપ્રતિજ્ઞનાં માતા-પિતા કલાચાર્યને વિપુલ પ્રમાણમાં અશન-પાન-ખાદ્ય-સ્વાદ્યરૂપ ભોજન, વસ્ત્ર, ગંધ-માળા અને અલંકારોથી સત્કારિત સન્માનિત કરીને આજીવિકા માટે યોગ્ય ઘણી ભેટ આપશે અને પછી વિદાય કરશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્પશ્ચાત્ તે દઢપ્રતિજ્ઞ બાળક, બાળપણાથી મુક્ત, પરિપકવ વિચારવાળો બનશે અને યુવાવસ્થામાં પ્રવેશશે અને બોંતેર કળાઓમાં નિષ્ણાત, અઢાર જેટલી દેશી ભાષામાં વિશારદ બની જશે, બાળપણને લીધે સુષુપ્ત-અવ્યક્ત ચેતનાવાળા તેનાં બંને કાન, બે આંખ, બે જીભ, ત્વચા અને મન—એમ નવેય અંગ જાગૃત બનશે. તે ગીતનો અનુરાગી, સંગીત અને નૃત્યમાં કુશળ બનશે. તેની સુંદર વેષભૂષાથી જાણે શૃંગારગૃહ જેવો જ પ્રતીત થશે. તેની ચાલવાની, હસવાની, બોલવાની, શરીરના હલનચલનની અને નેત્રોની બધી જ ચેષ્ટાઓ સુંદર હશે. તે પારસ્પરિક આલાપ, સંલાપ તેમ જ વ્યવહારમાં નિપુણ–કુશળ હશે. અશ્વયુદ્ધ, ગજયુદ્ધ, બાહુયુદ્ધ કરવામાં તેમ જ ભુજાઓ વડે દુશ્મનોનું મર્દન કરવા શક્તિમાન તથા ભોગ ભોગવવામાં તે સમર્થ બનશે અને એવો સાહસી થઈ જશે કે વિકાલચારી–અડધી રાત્રે ગમે ત્યાં જતાં ડરશે નહીં.

પછી દઢપ્રતિજ્ઞને બાલ્યાવસ્થાથી મુક્ત યાવત્ વિકાલચારી સમજીને તેનાં માતા-પિતા વિપુલ અન્નભોગ, પાનભોગ, પ્રાસાદભોગ, વસ્ત્રભોગ અને શયનભોગ ભોગવવા માટે આમંત્રિત –સંકેત કરશે.

પરંતુ દઢપ્રતિજ્ઞ તે વિપુલ અન્નરૂપ ભોગ્ય પદાર્થો યાવત્ શયનભોગોમાં આસક્ત નહીં થાય, પ્રવૃત્ત નહીં થાય, મૂર્છિત નહીં થાય અને રક્ત નહીં થાય.

જેવી રીતે પદ્મોત્પલ–નીલ કમલ, પદ્મકમલ (સૂર્યવિકાસી કમલ) યાવત્ શતપત્ર સહસ્રપત્ર કમળો કાદવમાં જન્મે છે, પાણીમાં વૃદ્ધિ પામે છે, છતાં પણ પંકરજથી, જલરજથી ખરડાતાં નથી, તે પ્રમાણે દઢપ્રતિજ્ઞ કામભોગો વચ્ચે ઉત્પન્ન થશે, ભોગોની વચ્ચે લાલિત-પાલિત થશે, મોટો થશે છતાં પણ કામભોગ રૂપી રજ–મલિનતામાં તેમ જ મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન સંબંધીઓ અને પરિવારજનોમાં લિપ્ત-આસક્ત નહીં બને.

તે તથારૂપ સ્થવિરો પાસેથી કેવળબોધિ–સમ્યક્ત્વ અને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરશે, પ્રાપ્ત કરીને તેમ જ મુંડિત થઈને, ગૃહત્યાગ કરીને અનગાર પ્રવજ્યા ગ્રહણ કરશે.

તે ઈર્યાસમિતિ આદિ સમિતિઓથી સમિત યાવત્ સુહુત (વિધિપૂર્વક હોમ કરેલો) હુતાશન (અગ્નિ)ની જેમ પોતાના તપસ્તેજથી દેદીપ્યમાન અનગાર બનશે.

ત્યારથી તે દઢપ્રતિજ્ઞ ભગવાન અનુત્તર (સર્વોત્તમ) જ્ઞાન, દર્શન, ચારિત્ર, અપ્રતિબદ્ધ વિહાર, આર્જવ, માર્દવ, લાઘવ, ક્ષમા, ગુપ્તિ, મુક્તિ (સંતોષ), અનુત્તર સર્વસંયમ તેમ જ નિર્વાણની પ્રાપ્તિ જેનું ફળ છે એવા તપથી આત્માને ભાવિત કરતા અનંત, અનુત્તર, સફલ, પરિપૂર્ણ, નિરાવરણ, નિર્વ્યાઘાત, સર્વોત્કૃષ્ટ કેવલજ્ઞાન અને કેવલ-દર્શન પ્રાપ્ત કરશે.

ત્યારે દઢપ્રતિજ્ઞ ભગવાન અર્હત્, જિન, કેવલી બનશે, અને જેમાં દેવ, મનુષ્ય તથા અસુર આદિ રહે છે તેવા લોકને અને તેના સમસ્ત પર્યાયોને જાણી લેશે. યથા, પ્રાણીમાત્રની આગતિ–પહેલાંની એક ગતિને છોડીને અન્ય ગતિમાં ગમન કરવાની શક્તિને, સ્થિતિ, ચ્યવન, ઉપપાત–દેવ તેમ જ નારક જીવોની ઉત્પત્તિ-જન્મ, તર્ક (વિચાર ક્રિયા), મનોભાવો, ક્ષયપ્રાપ્ત-ભોગવાયેલા, પ્રતિસેવિત (ભોગવાઈ રહેલાં ભોગોપભોગ) આવિષ્કર્મ (પ્રકટ કાર્યો), રહઃકર્મ (એકાંતમાં કરાયેલાં કાર્યો) આદિ પ્રગટ અને ગુપ્ત રીતે થનારા તે તે મન, વચન અને કાયાયોગમાં વિદ્યમાન લોકવર્તી બધા જ જીવોના સર્વ ભાવોને જાણીને–જોઈને વિચરણ કરશે.

તત્પશ્ચાત્ દઢપ્રતિજ્ઞ કેવલી આ પ્રકારના વિહારથી વિચરણ કરતાં અનેક વર્ષો સુધી કેવલિધર્મનું પાલન કરતા અને પોતાના આયુષ્યનો ક્ષય થયેલો જાણીને અનેક ભક્તો-ભોજનટંકનું પ્રત્યાખ્યાન-ત્યાગ કરશે અને ઘણાં બધાં ભોજનોનું અનશન દ્વારા છેદન–ત્યાગ કરશે, તેમ જ જે સાધ્યની સિદ્ધિ માટે જિનકલ્પભાવ, સ્થવિરકલ્પભાવ; મુંડભાવ, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, સ્નાનનો ત્યાગ, દંતમંજનનો ત્યાગ, પગરખાંનો ત્યાગ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂમિશયન, કાષ્ઠાસન પર સૂવું-બેસવું, ભિક્ષા માટે ઘેર ઘેર ફરવું, લાભ-અલાભમાં સમભાવ રાખવો, માન-અપમાન સહન કરવું, બીજાઓ દ્વારા કરાતાં તિરસ્કાર, નિંદા, અપમાન, તર્જના (ધમકી), તાડન કરવું, ગર્હા (ઘૃણા) તથા અનુકૂળ-પ્રતિકૂળ અનેક પ્રકારના બાવીસ પરિષહો, ઉપસર્ગો અને ગ્રામકંટક ( લોકાપવાદ, ગાળો ) સહન કરવામાં આવે છે તે મોક્ષરૂપી સાધ્યની સાધના કરશે અને સાધના કરીને સિદ્ધ બની જશે, બોધિ પ્રાપ્ત કરશે, મુક્ત બની જશે, પરિનિવૃત્ત બની જશે, બધા કર્મોનો ક્ષય કરી અને દુઃખોનો અંત કરશે."

( આ પ્રમાણે સૂર્યાભદેવના ભૂતકાળના અને ભવિષ્યના જીવન વિશે સાંભળીને ગૌતમ સ્વામીએ અંતે કહ્યું– )

'હે ભગવન્ ! તમે જે કહો છો તે સાચું જ છે, હે ભદન્ત ! તે તે જ પ્રમાણે છે, જેવું તમે પ્રતિપાદિત કર્યું."—આ પ્રમાણે કહીને ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યાં અને વંદન–નમસ્કાર કરીને સંયમ તેમ જ તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

॥ પાર્શ્વતીર્થમાં પ્રદેશી કથાનક સમાપ્ત ॥

☆

## ૩. મહાવીર તીર્થમાં તુંગિકાનગરી-નિવાસી શ્રમણોપાસક

**શ્રમણોપાસકનું વર્ણન—**

૬૨. તે કાળે, તે સમયે તુંગિકા ( તુંગિયા ) નામની નગરી હતી, નગરીનું વર્ણન.

તે તુંગિકા નગરીમાં બહાર ઉત્તરપૂર્વ દિગ્ભાગ-( ઇશાન કોણ )માં પુષ્પવતી નામનું ચૈત્ય હતું. ચૈત્યનું વર્ણન.

તે તુંગિકા નગરીમાં ઘણા શ્રમણોપાસકો રહેતા હતા, જે આઢ્ય-અઢળક ધનવાળા અને દેદીપ્યમાન હતા. તેમનાં રહેવાના ઘરો વિશાળ અને ઘણાં ઊંચાં હતાં, તથા તેઓની પાસે શયનો–પથારીઓ, આસનો, ગાડાં વગેરે યાનો અને વાહનો પુષ્કળ હતાં. તેમની પાસે ધન, સોનું અને ચાંદી પણ ઘણી હતી, તે વ્યાજ વગેરેનો વ્યાપાર-વ્યવસાય કરીને ધનને બેગણું અને ત્રણગણું કરવામાં કુશળ હતાં, તેમને ત્યાં વિવિધ પ્રકારના ખાદ્ય-સ્વાદ્ય આદિ ભોજન પદાર્થો પુષ્કળ પ્રમાણમાં હતા. તેઓને ત્યાં અનેક નોકરો અને નોકરાણીઓ, ગાયો, ભેંસો અને ઘેટાં તથા બકરી વગેરે હતાં, ઘણાં માણસોથી પણ તેઓ પરાભવ પામે તેવા ન હતા–ગાંજ્યા જાય તેવા ન હતા.

તેઓ જીવ ( ચેતન ) અને અજીવ ( જડ ) તત્ત્વોને સારી રીતે જાણતા હતા. તેઓ પુણ્ય અને પાપકર્મોનો સારી રીતે ખ્યાલ રાખતા હતા. તેઓ આસ્રવ, સંવર, નિર્જરા, ક્રિયા, અધિકરણ, બંધ અને મોક્ષ આમાં કયું ગ્રાહ્ય છે અને કયું અગ્રાહ્ય છે, તે સારી રીતે જાણતા હતા. તેઓ નિર્ગ્રંથ પ્રવચનમાં એટલી શ્રદ્ધા રાખતા હતા કે કોઈ પણ સમર્થ દેવ, અસુર, નાગ, સુવર્ણ, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, ગરુડ–સુવર્ણકુમાર, ગંધર્વ,મહોરગ વગેરે દેવગણ પણ તેઓને નિર્ગ્રંથના પ્રવચનથી કોઈ રીતે વિચલિત કરી શકે તેમ ન હતાં. તેઓએ શાસ્ત્રના અર્થોને મેળવ્યા હતા, શાસ્ત્રના અર્થને ગ્રહણ કર્યાં હતા, શાસ્ત્રના અર્થોમાં સંદેહવાળાં ઠેકાણાં પૂછીને નિર્ણિત કર્યાં હતાં, શાસ્ત્રના અર્થોને અધિગત કર્યાં હતા અને શાસ્ત્રોના અર્થોનું રહસ્ય તેઓએ નિર્ણયપૂર્વક જાણ્યું હતું. નિર્ગ્રન્થ પ્રવચન તરફનો તેમનો અનુરાગ, તેમનો વિશ્વાસ તેમના અણુએ અણુમાં વ્યાપી ગયો હતો. જેથી તેઓ આ પ્રમાણે – એમ કહેતા હતા કે "હે ચિરંજીવ ! આ નિર્ગ્રંથનું પ્રવચન એ જ અર્થ અને પરમાર્થરૂપ છે અને બાકી બીજું અનર્થરૂપ છે." વળી તેઓની ઉદારતાને લીધે તેઓના દરવાજાઓની પાછળ રહેલ આગળિયો હંમેશાં ઊંચો જ—ખુલ્લો જ રહેતો હતો. અને તેઓનાં દ્વાર હંમેશાં બધાંને માટે ઉઘાડાં–ખુલ્લાં જ રહેતાં હતાં. વળી તે શ્રાવકો જેને ઘરે કે જેનાં અંતઃપુરમાં જતા તેઓને પ્રીતિ ઉપજા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વતા, તથા શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધ અને ઉપવાસો વડે ચૌદશ, આઠમ, અમાસ તથા પૂનમને દિવસે પરિપૂર્ણ પૌષધને સારી રીતે આચરતા તથા શ્રમણ નિર્ગ્રંથોને નિર્દોષ અને ગ્રાહ્ય ખાન, પાન, સ્વાદિમ, ખાદિમ, વસ્ત્ર, પાત્ર, કામળા, રજોહરણ, પીઠ-પાટિયું, શય્યા, સંથારો અને ઓસડ-વેસડ એ બધું આપી યથાપ્રતિગૃહીત તપકર્મ વડે આત્માને ભાવિત કરતા વિહરતા હતા.

**તુંગિકામાં પાર્શ્વાપત્યીય સ્થવિરોનું આગમન—**

૬૩. તે કાળે તે સમયે જાતિસંપન્ન, કુલસંપન્ન, બલસંપન્ન, વિનયસંપન્ન, જ્ઞાનસંપન્ન, દર્શન-સંપન્ન, ચારિત્રસંપન્ન, લજ્જાસંપન્ન, નમ્રતા-વાળા, ઓજસ્વી, તેજસ્વી, પ્રતાપી અને કીર્તિ-વાળા, વળી જેઓએ ક્રોધને, માનને, માયાને, લોભને, નિદ્રાને, ઇંદ્રિયોને અને પરિષહોને જીતી લીધા છે તેવા તથા જેઓ જીવનની આશા અને મરણભયથી મુક્ત હતા. તપ:પ્રધાન, ગુણ-પ્રધાન, કરણપ્રધાન, ચરણપ્રધાન, નિગ્રહપ્રધાન, નિશ્ચયપ્રધાન, આર્જવપ્રધાન, લાઘવપ્રધાન, ક્ષમાપ્રધાન, મુક્તિપ્રધાન, વિદ્યાપ્રધાન, મન્ત્ર-પ્રધાન, વેદપ્રધાન, બ્રહ્મપ્રધાન, નયપ્રધાન, નિયમપ્રધાન, સત્યપ્રધાન, શૌચપ્રધાન, ઉત્તમ-પ્રજ્ઞા સંપન્ન, શોધી-અન્વેષણ કરવા વાળા અથવા શોભાયુક્ત, સાવદ્ય વ્યાપારથી વિરત-અથવા વ્રતાનુષ્ઠાનથી ફળ-પ્રાપ્તિની આશાથી વિરક્ત, સ્તુતિ-પ્રશંસાથી ઉદાસ, બહિર્મુખી ચિત્તવૃત્તિથી વિરક્ત અર્થાત્ અંતરમુખી ચિત્ત-વાળા, સુશ્રામણ્યમાં રત, અપ્રતિહત રૂપથી પ્રશ્નોનું સમાધાન કરવાવાળા, પ્રતિપાદન કરવા વાળા, કુત્રિકાપણરૂપ અર્થાત્ દરેક પ્રકારનો બોધ આપનાર, બહુશ્રુત, મોટા પરિવારવાળા પાર્શ્વ-નાથના શિષ્ય સ્થવિર ભગવંતો પોતાના પાંચસો અનગારો સાથે અનુક્રમે વિચરતા, ગામો ગામ સુખપૂર્વક વિહાર કરતા, જ્યાં તુંગિકાનગરી હતી, જ્યાં પુષ્પવતી ચૈત્ય હતું ત્યાં આવ્યા, ત્યાં આવીને યથાપ્રતિરૂપ અવગ્રહને ધારણ કરીને સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિહરવા લાગ્યા.

**શ્રમણોપાસકો દ્વારા સ્થવિરોની પર્યુપાસના —**

૬૪. ત્યાર બાદ 'શ્રમણ નિર્ગ્રન્થો તુંગિકાનગરીમાં આવીને-યાવત્ એક દિશા તરફ રહીને ધ્યાન કરે છે' એવી વાત તુંગિકા નગરીમાં શ્રૃંગાટક (સિંગોડાની જેવા આકારવાળા) રસ્તામાં, ત્રિકો-ત્રણ શેરી મળે એવા રસ્તામાં, ચતુષ્કો—ચાર શેરી મળે એવા રસ્તામાં, ચત્વરો - અનેક શેરી મળે તેવા રસ્તામાં, રાજમાર્ગમાં તથા જનપથમાં તથા શેરીઓમાં સર્વત્ર આ વાત વિસ્તરી ગઈ.

ત્યારે તે નગરમાં રહેનાર શ્રમણોપાસકોએ પણ તે વાતને જાણી હૃષ્ટ, તુષ્ટ, આનંદિત ચિત્તવાળા, પ્રસન્ન, સ્નેહ-અનુરાગી મનવાળા પરમ સૌમ્ય ભાવવાળા, હર્ષાતિરેકથી વિકસિત હૃદયવાળા બની પરસ્પર એકબીજાને બોલાવી આ પ્રમાણે કહ્યું— હે દેવાનુપ્રિયો! પાર્શ્વનાથના શિષ્ય-સ્થવિર ભગવંતો જેઓ જાતિસમ્પન્ન-વગેરે પૂર્વોક્ત વિશેષણવાળા છે-યાવત્-યથા પ્રતિ-રૂપ અવગ્રહને ધારણ કરી સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિહરે છે.

તો હે દેવાનુપ્રિયો! તથારૂપ સ્થવિર ભગવંતોનાં નામ અને ગોત્રના શ્રવણ માત્રથી જો મહાન ફળ મળતું હોય, તો પછી તેઓની સામે જવાથી, તેમને વંદન-નમસ્કાર કરવાથી, કુશળ સમાચાર પૂછવાથી અને તેઓની સેવા કરવાથી કલ્યાણ થાય તેમાં તો કોઈ નવાઈ જ નથી. અથવા વંદન-નમસ્કાર અને સેવા કરવાથી જે ફળ મળે તેની તો વાત જ શું કરવી? જો આર્યધર્મનું એક જ સુવચન સાંભળવું મંગલરૂપ છે, તો વિપુલ અર્થને ગ્રહણ કરવાથી કલ્યાણ જ થશે. માટે હે દેવાનુપ્રિયો! આપણે બધા તે સ્થવિર ભગવન્તો પાસે જઈએ અને તેમને વંદન નમસ્કાર કરીને તેમનો સત્કાર-સન્માન કરીએ અને કલ્યાણ રૂપ, મંગલરૂપ, દેવરૂપ અને ચૈત્ય-રૂપ એવા તેમની સેવા કરીએ. તેઓ આપણને આ ભવમાં અને પરભવમાં હિતરૂપ, સુખરૂપ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાંતિરૂપ અને પરંપરાએ કલ્યાણરૂપ થશે"—એ પ્રમાણે કહીને એ વાતનો એકબીજા પાસે સ્વીકાર કરાવે છે અને પછી તેઓ પોતપોતાને ઘરે જાય છે, ઘરે જઈ સ્નાન, બલિકર્મ અને કૌતુક, મંગલરૂપ પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ, શ્રેષ્ઠ અને મંગલરૂપ વસ્ત્રો પહેર્યાં તથા અલ્પ પરંતુ મહા-મૂલ્યવાન અલંકારોથી શરીરને અલંકૃત કરી પોતપોતાના ઘરેથી નીકળ્યા, નીકળીને બધા એક સ્થાન પર ભેગા થયા અને પછી પગે ચાલીને તુંગિકાનગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યા, નીકળીને પુષ્પવતી ચૈત્યમાં આવ્યા, આવીને તે સ્થવિર ભગવંતોને પાંચ પ્રકારના અભિગમ વડે અભિગમે છે. તે આ પ્રમાણે—૧. સચિત્ત દ્રવ્યોને એક બાજુ મૂકે છે, ૨. અચિત્ત દ્રવ્યોને પોતાની પાસે રાખે છે. ૩. એક શાટિક ઉત્તરાસંગ કરે છે. (ખેસને જનોઈની જેમ ધારણ કરે છે.) ૪. તેમને જોઈને તરત જ હાથ જોડે છે, ૫. મનને એકાગ્ર કરે છે. આવા પ્રકારના પાંચ અભિગમોપૂર્વક સ્થવિર ભગવંતોની પાસે જઈ ત્રણ પ્રદક્ષિણા કરે છે. પ્રદક્ષિણા કરી વંદન નમસ્કાર કર્યા અને ફરી વખત ત્રણ પ્રકારની પર્યુપાસના દ્વારા તેઓની પર્યુપાસના કરવા લાગ્યા –

જેમકે કાયિક (શરીરનું સંકોચન કરી), વાણીથી (વિનયપૂર્વક મધુર વાણીથી) અને માનસિક (મનમાં વૈરાગ્ય ભક્તિપૂર્વક).

ત્યાર બાદ તે સ્થવિર ભગવંતોએ તે શ્રમણો-પાસકોને તથા તે મોટી સભાને કેશીકુમાર શ્રમણની પેઠે ચાર મહાવ્રતવાળા ધર્મનો ઉપદેશ કર્યો. ઉપદેશ સાંભળી-યાવત્-તે શ્રમણોપાસકોએ પોતાની શ્રમણોપાસકતાદ્વારા તે સ્થવિર ભગ-વંતોની આજ્ઞાનું આરાધન કર્યું. યાવત્—ધર્મકથા પૂર્ણ થઈ.

આ બધું વર્ણન રાજપ્રશ્નીય સૂત્રની જેમ જાણવું.

॥ મહાવીર તીર્થમાં તુંગિકા નગરી-નિવાસી શ્રમણોપાસક કથા સમાપ્ત ॥

## ૪. મહાવીર-તીર્થમાં નંદ મણિયાર કથાનક દર્દુર દેવ દ્વારા મહાવીર-સમવસરણમાં નાટ્યવિધિ—

૬૫. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. તેની બહાર (ઈશાન કોણમાં) ગુણશીલક નામે ચૈત્ય હતું. ત્યાં શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. [ભગવાનની વંદના કરવા માટે] પરિષદ નીકળી.

તે કાળે તે સમયે સૌધર્મ કલ્પના દર્દુરાવતં-સક વિમાનમાં સુધર્મસભામાં દર્દુર નામે સિંહાસન પર બેસી દર્દુર દેવ ચાર હજાર સામાનિક દેવો, ચાર મુખ્ય રાણીઓ અને ત્રણ પરિષદો સાથે, સૂર્યાભદેવની જેમ યાવત્ દિવ્ય ભોગોપભોગો ભોગવતો વિચરી રહ્યો હતો. તે સમયે તેણે પોતાના વિપુલ અવધિજ્ઞાન વડે કેવલ કલ્પ (સંપૂર્ણ) જંબૂદ્વીપ નામક દ્વીપને જોતાં ગુણશીલક ચૈત્યમાં પધારેલા શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને જોયા—યાવત્—સૂર્યાભદેવની જેમ નાટ્ય વિધિઓ દર્શાવીને પાછો ફર્યો.

**ગૌતમની પૃચ્છાના ઉત્તરમાં ભગવાન મહાવીર દ્વારા દર્દુરદેવના પૂર્વભવનિબદ્ધ નન્દ મણિયારની કથાનું પ્રરૂપણ—**

૬૬. 'હે ભદંત!' એમ સંબોધન કરી ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું—'હે ભગવંત! આ દર્દુર દેવ મહા ઋદ્ધિવાળો, મહા દ્યુતિવાળો, મહાબળવાન, મહાયશસ્વી, મહા સુખવાળો અને મહા પ્રભાવશાળી છે.

તો હે ભદંત! તે દર્દુર દેવની તેવી દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ ક્યાં ચાલ્યો ગયો? ક્યાં સમાઈ ગયો?'

(પ્રત્યુત્તરમાં ભગવાન મહાવીરે કહ્યું—) 'હે ગૌતમ! તે દિવ્ય દેવઋદ્ધિ વગેરે તેના શરીરમાં ચાલી ગઈ, શરીરમાં સમાઈ ગઈ, એ માટે કૂટાગાર શાળાનું દૃષ્ટાંત સમજવું જોઈએ.'

૬૭. 'હે ભંતે! દર્દુરદેવને તેવી દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ કઈ રીતે મળ્યાં?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્ત થયાં ? સંપ્રાપ્ત થયાં ?' [ ગૌતમ સ્વામીએ પૂછયું. ]

[ ભગવાને ઉત્તર આપ્યો— ] 'હે ગૌતમ ! આ જ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં રાજગૃહ નામે નગર છે. ગુણશીલક ચૈત્ય છે. ત્યાં શ્રેણિક રાજા છે.

તે રાજગૃહ નગરમાં નંદ નામે એક મણિયાર શેઠ રહેતો હતો–જે ધનાઢય, તેજસ્વી યાવત્ કોઈથી ગાંજયો ન જાય તેવો હતો.

નંદને ધર્મપ્રાપ્તિ થવી—

૬૮. હે ગૌતમ ! તે કાળે તે સમયે હું ગુણશીલક ચૈત્યમાં આવ્યો હતો. પરિષદ નીકળી હતી. રાજા શ્રેણિક પણ વંદનાર્થે આવ્યો.

ત્યારે તે નંદ મણિયાર શેઠ મારા આગમનની વાત જાણીને પગે ચાલતો ત્યાં આવ્યો યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો.

પછી ધર્મશ્રવણ કરીને નંદ મણિયાર શેઠ શ્રમણોપાસક–શ્રાવક બન્યો.

ત્યાર બાદ હું રાજગૃહ નગરમાંથી નીકળી બહારના જનપદોમાં વિહરવા લાગ્યો.

નંદને મિથ્યાત્વ થવું—

૬૯. ત્યાર પછી તે નંદ મણિયાર શેઠ કોઈ એક વખત કુસાધુઓના દર્શન કરવાથી અને સુસાધુઓની ઉપાસના ન કરવાથી, તેમનો ઉપદેશ ન સાંભળવાથી અને વીતરાગ ધર્મનું શ્રવણ કરવાની ઇચ્છા ન રહેવાથી ધીરે ધીરે સમ્યક્ત્વના પર્યાયો ક્ષીણ થતાં થતાં તથા મિથ્યાત્વના પર્યાયો ક્રમશઃ વધતાં વધતાં મિથ્યાત્વી બની ગયો. ત્યાર પછી તે નંદ મણિયાર શેઠે કોઈ એક વખત ગ્રીષ્મ ઋતુમાં, જેઠ મહિનામાં અષ્ટમ ભક્ત (અઠ્ઠમ) અંગીકાર કરી, પૌષધશાળામાં જઈ, બ્રહ્મચર્ય ધારણ કરી, મણિસુવર્ણના અલંકારો ત્યજી, માળા-વર્ણક-વિલેપનનો ત્યાગ કરી, મુશલ આદિ આયુધો છોડી, એકાકી બની દર્ભના સંથારા પર આસન ગ્રહણ કર્યું.

નંદ દ્વારા પુષ્કરિણીનું નિર્માણ—

૭૦. ત્યાર બાદ તે નંદ મણિયાર શ્રેષ્ઠી અષ્ટમ ભક્ત વ્રત પૂરું થવાની તૈયારી હતી ત્યારે ભૂખ-તરસથી વ્યાકુળ થઈ ગયો અને તેના મનમાં આવા પ્રકારનો અધ્યવસાય યાવત્ મનોવિકાર ઉત્પન્ન થયો–' તે સામંત-સાર્થવાહો આદિ ધન્ય છે, પુણ્યશાળી છે, કૃતાર્થ છે, કૃતપુણ્ય છે, તેમનો વૈભવ સાર્થક છે કે જેમની આ રાજગૃહ નગર બહાર ઘણી વાવો છે, પુષ્કરિણીઓ છે, દીર્ઘિકાઓ છે, ગુંજાલિકાઓ છે, સરોવરો છે, સરોવરપંક્તિઓ છે જ્યાં અનેક લોકો સ્નાન કરે છે, પાણી પીવે છે, જેમાંથી પાણી ભરી લાવે છે. આથી મારે માટે પણ એ ઉચિત છે કે કાલે સવાર થતાં યાવત્ સૂર્યોદય થતાં અને સહસ્રરશ્મિ સૂર્યનો જાજવલ્યમાન પ્રકાશ ફેલાતાં શ્રેણિક રાજાની અનુમતિ લઈને રાજગૃહ નગરની બહાર ઉત્તર-પૂર્વ દિશા (ઈશાન કોણ)માં, વૈભાર પર્વતની સમીપે વાસ્તુશાસ્ત્રના પંડિતો વડે પસંદ કરાયેલ ભૂમિભાગમાં નંદા પુષ્કરિણી ખોદાવું.'

આવો વિચાર કરીને બીજા દિવસે સવાર થતાં યાવત્ સૂર્યોદય થતાં અને જાજ્જવલ્યમાન તેજથી સહસ્રરશ્મિ દિનકર પ્રકાશવા લાગતાં તેણે પૌષધ પાર્યો, પૌષધ પારીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું અને પછી મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન-સંબંધીઓ અને પરિજનોને સાથે લઈ મહાર્થ, મહામૂલ્યવાન, મહાપુરુષોને આપવા લાયક, રાજાને આપવા લાયક ભેટ લઈ તે જ્યાં રાજા શ્રેણિક હતો ત્યાં આવ્યો, આવીને યાવત્ રાજાને ભેટ ધરીને આપ્રમાણે કહ્યું– 'હે સ્વામિ ! આપ અનુમતિ આપો તો હું રાજગૃહ નગરની બહાર ઉત્તર પૂર્વ દિશામાં, વૈભાર પર્વતની નજીક વાસ્તુનિષ્ણાતો દ્વારા પસંદ કરાયેલ ભૂમિ પર નંદા પુષ્કરિણી ખોદાવવા ઇચ્છું છું."

'હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કર.' [એમ રાજા શ્રેણિકે અનુજ્ઞા આપી. ]

ત્યાર પછી નંદ મણિઆર શેઠ શ્રેણિક રાજાની આજ્ઞા મળતાં જ હૃષ્ટ-તુષ્ટ થઈને રાજગૃહ નગરની વચ્ચે થઈને નીકળ્યો, નીકળીને વાસ્તુશાસ્ત્રનિષ્ણાતો દ્વારા પસંદ કરાયેલ ભૂમિ પર નંદા પુષ્કરિણી ખોદાવવાના કાર્યમાં લાગી ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી ખોદાતાં ખોદાતાં તે નંદા પુષ્કરિણી ચતુષ્કોણ અને સમાન કિનારાવાળી, આજુબાજુ ફરતા કોટ વાળી, શીતળ જળથી ભરપૂર, પત્રો અને કમળતંતુઓથી સભર, અનેક ઉત્પલ, પદ્મ, કુમુદ, નલિન, સુંદર સુગંધી પુંડરીક, મહા-પુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર આદિ અનેકવિધ પ્રકારના કેશર સહિતનાં પ્રફુલ્લ કમળોથી સભર, ચારે બાજુ ભમતા મત્ત ભ્રમરોવાળી, અનેક પક્ષીઓના યુગલોના કલરવ અને ઊંચે ઊઠતા મધુર સ્વરોના નાદવાળી, પ્રાસાદિક યાવત્ પ્રતિરૂપ બની ગઈ.

નંદ દ્વારા વનખંડ–નિર્માણ

૭૧. તે પછી તે નંદ મણિયાર શેઠે નંદા પુષ્કરિણીની ચારે દિશાઓમાં ચાર વનખંડ (બગીચા) રોપાવ્યા.

સારી રીતે સાર–સંભાળ લેવાતાં તે વનખંડો વધતાં વધતાં શ્યામ કાન્તિવાળા યાવત્ મહામેઘના સમૂહ જેવા પત્ર, પુષ્પ, ફળોથી હર્યાભર્યા બન્યા અને પોતાની સુંદરતાથી અતીવ અતીવ શોભવા લાગ્યા.

નંદ દ્વારા ચિત્રશાળાનું નિર્માણ—

૭૨. ત્યાર પછી તે મણિયાર શ્રેષ્ઠીએ પૂર્વ દિશાના વનખંડમાં એક વિશાળ ચિત્રશાળાનું નિર્માણ કરાવ્યું, જે અનેક સેંકડો સ્તંભોની બનેલી અને મનોહર હતી–યાવત્ પ્રતિરૂપ હતી. તે ચિત્રશાળામાં અનેક કૃષ્ણવર્ણનાં યાવત્ શુકલ વર્ણનાં કાષ્ઠશિલ્પો, પુસ્તકર્મો (કપડાના બનેલા નમૂનાઓ), ચિત્રો, લેપ્યો, ગૂંથણકામના નમૂનાઓ, વેષ્ટિમ, પૂરિમ અને સંઘાતિમ કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી.

ત્યાં અનેક બેસવા યોગ્ય આસનો અને સૂવા માટે યોગ્ય શયનો પણ હતાં. ત્યાં અનેક પ્રકારના નટો, નર્તકો, જલ્લો (દોરડાં પર ખેલ કરનાર), મલ્લો, મુષ્ટિકો (મુક્કાબાજો), વિડંબકો (મશ્કરાઓ), કથાકારો, લાસકો (રાસ રમનારા) લંખો (વાંસના ખેલ કરનાર), મંખો (ચિત્રપટ દર્શકો), તૂણિકો (શરણાઈ વાદકો), તુંબવીણકો (તંબૂરા વગાડનારાઓ), વેતન અને ભોજન આપીને રાખેલા તે મનોરંજનકાર્ય કરી રહ્યા હતા.

રાજગૃહમાંથી ફરવા નીકળેલા અનેક લોકો ત્યાં આવી પહેલેથી રાખેલાં શયનાસનો પર સૂતાં સૂતાં કે બેઠાં બેઠાં કથાવાર્તા સાંભળતા કે નાટકાદિ જોતાં જોતાં સંતુષ્ટ થઈને સુખપૂર્વક વિચરતા હતા.

નંદ દ્વારા ભોજન શાળાનું નિર્માણ—

૭૩. ત્યાર પછી નંદ મણિયાર શેઠે દક્ષિણ તરફના વનખંડમાં અનેક સેંકડો સ્તંભોવાળી યાવત્ અતીવ સુંદર એક વિશાળ ભોજનશાળા બનાવરાવી. ત્યાં પગાર અને ભથ્થાં આપીને રાખેલા અનેક માણસો વિપુલ માત્રામાં અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય આહાર તૈયાર કરતા હતા અને સાધુઓ, બ્રાહ્મણો, અતિથિઓ, દરિદ્રો અને ભિખારીઓને તે ભોજન આપતા.

નંદ દ્વારા ચિકિત્સાલયનું નિર્માણ—

૭૪. ત્યાર પછી નંદ મણિયાર શેઠે પશ્ચિમ દિશાના વનખંડમાં એક વિશાળ ચિકિત્સાલય (ઔષધ-શાળા)નું નિર્માણ કરાવ્યું—જે અનેક સ્તંભોવાળી યાવત્ પ્રતિરૂપ હતી. તેમાં અનેક વૈદ્યો, વૈદ્યપુત્રો, જાણકારો અને જાણકારપુત્રો, નિપુણ ચિકિત્સકો અને ચિકિત્સક પુત્રો આજીવિકા અને ભથ્થાં આપીને રાખ્યા જે અનેક વ્યાધિગ્રસ્તો, ગ્લાનો, રોગીઓ અને દુર્બળોની ચિકિત્સા કરતા રહેતા હતા. એમાં બીજા પણ અનેક પુરુષોને પગાર અને ભથ્થાં આપી રાખ્યાં, જે અનેક વ્યાધિ-ગ્રસ્તો, ગ્લાનો, રોગીઓ અને દુર્બળોની સેવા-ચાકરી કરતા હતા.

નંદ દ્વારા અલંકાર સભાનું નિર્માણ—

૭૫. ત્યાર બાદ નંદ મણિયાર શેઠે ઉત્તર દિશાના વનખંડમાં એક વિશાળ અલંકારસભાનું નિર્માણ કરાવ્યું–જે અનેક સેંકડો સ્તંભોથી યુક્ત યાવત્ પ્રતિરૂપ હતી. તેમાં તેણે અનેક આલંકારિક પુરુષો (શરીરની સજાવટ કરનારા)ને આજીવિકા અને ભથ્થાં આપી રોકયા, જે અનેક શ્રમણો, અનાથો, ગ્લાનો અને રોગીઓ તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુર્બળોના શરીરની માવજત (હજામત કરવી, તેલમાલિશ કરવી વ. કાર્યો) કરતા રહેતા હતા.

**અનેક માણસો દ્વારા નંદની પ્રશંસા અને નંદનો આનંદ –**

૭૬. આ નંદા-પુષ્કરણીમાં ઘણા સનાથ, અનાથ, યાત્રાળુઓ, મુસાફરો, કરોટિકો (કાવડ ઉપાડનારાઓ), ઘાસ ઉપાડનારાઓ, પાંદડાના ભારા ઉપાડનારાઓ, કઠિયારા વગેરે આવતા હતા. તેમાંના કોઈ સ્નાન કરતા, કોઈ પાણી પીતા, કોઈ પાણી ભરીને લઈ જતા, કોઈ પ્રસ્વેદ-જલ્લ-મળ-પરિશ્રમ-થાક-નિદ્રા-ભૂખ-તરસ દૂર કરતા અને સુખપૂર્વક પસાર થતા.

રાજગૃહ નગરમાંથી પણ ઘણા લોકો આવીને તે નંદા પુષ્કરિણીમાં જળક્રીડા કરતા, વિવિધ પ્રકારે સ્નાન કરતા, કદલીગૃહો-લતાગૃહો અને પુષ્પવાટિકાઓમાં તથા અનેકવિધ પક્ષીઓના સમૂહના કલરવથી ગુંજતી નંદા-પુષ્કરિણીમાં સુખપૂર્વક ક્રીડા કરતા કરતા વિહરતા.

ત્યાર બાદ તે નંદા-પુષ્કરિણીમાં સ્નાન કરતા, પાણી પીતા, પાણી ભરીને લઈ જતા. અનેક લોકો અન્યોન્ય આ પ્રમાણે કહેતા— 'હે દેવાનુપ્રિય ! નંદ મણિયાર શેઠ ધન્ય છે, નંદ મણિયાર શેઠ કૃતાર્થ છે, નંદ મણિયાર શેઠ કૃતલક્ષણ છે, નંદ મણિયાર શેઠે આ મનુષ્યજન્મ અને જીવનનું ફળ સારી રીતે મેળવી લીધું છે– જેણે આવા પ્રકારની ચોરસ યાવત્ સુંદર નંદા-પુષ્કરિણીનું નિર્માણ કરાવ્યું છે–યાવત્ જ્યાં રાજગૃહમાંથી આવીને અનેક લોકો આસનો-શયનોમાં બેસીને કે સૂઈને નાટકાદિ જોતાં જોતાં અને કથા આદિ સાંભળતાં સાંભળતાં સુખપૂર્વક વિહરે છે. તો હે દેવાનુપ્રિય ! નંદ મણિયાર શેઠ ધન્ય છે, કૃતાર્થ છે, નંદ મણિયાર શેઠ કૃતલક્ષણ છે, નંદ મણિયાર શેઠ પુણ્યશાળી છે, નંદ મણિકાર શેઠે પોતાના આ લોકને સફળ કર્યો છે, તેનો મનુષ્યજન્મ અને જીવન સફળ છે.'

ત્યારે રાજગૃહમાં પણ શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચોતરાઓ, રાજમાર્ગો અને સામાન્ય માર્ગોમાં અનેક લોકો પરસ્પર એકબીજાને આ પ્રમાણે કહેતા હતા, બોલતા હતા, પ્રરૂપણા કરતા હતા કે— 'હે દેવાનુપ્રિય ! નંદ મણિયાર શેઠ ધન્ય છે'—પૂર્વવત્ વર્ણન–યાવત્– '... સુખપૂર્વક વિહાર કરે છે.'

ત્યારે તે નંદ મણિયાર શેઠ અનેક લોકો દ્વારા થતી પોતાની પ્રશંસા સાંભળીને સમજીને હૃષ્ટ-તુષ્ટ થતો, મેઘધારાથી આહત કદંબફૂલની જેમ વિકસિત રોમરાજિવાળો થતો, પરમ સંતોષ-સુખનો અનુભવ કરતો વિહરવા લાગ્યો.

**નંદને રોગોત્પત્તિ –**

૭૭. ત્યાર પછી કોઈ એક વાર તે નંદ મણિયાર શેઠના શરીરમાં સોળ પ્રકારના રોગાતંક (ઉગ્ર રોગો) ઉત્પન્ન થયા, તે આ પ્રકારે– ૧. શ્વાસ (દમ), ૨. કાસ (ખાંસી), ૩. જ્વર, ૪. દાહ-બળતરા, ૫. કુક્ષિશૂળ, ૬. ભગંદર, ૭. અર્શ (હરસ) ૮. અજીર્ણ, ૯. નેત્રશૂળ, ૧૦. મસ્તક-વેદના, ૧૧. અરુચિ, ૧૨. નેત્રવેદના, ૧૩. કર્ણ-વેદના, ૧૪. ખુજલી, ૧૫. જળોદર અને ૧૬. કુષ્ટરોગ (કોઢ).

**નંદના રોગોની વૈદ્યોએ કરેલ ચિકિત્સાની નિષ્ફળતા—**

૭૮. ત્યાર પછી આ સોળ રોગોથી પીડાતા તે નંદ મણિયાર શેઠે કૌટુંબિક સેવકોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું– 'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ જાઓ અને જઈને રાજગૃહ નગરના શૃંગાટક–ત્રિક-ચતુષ્ક-ચત્વર-ચતુર્મુખ-રાજમાર્ગ-સામાન્ય માર્ગોમાં મોટા મોટા અવાજે ઘોષણા કરાવીને જાહેર કરો કે – "હે દેવાનુપ્રિયો ! નંદ મણિયારના શરીરમાં સોળ મહારોગો પેદા થયા છે, તે આ પ્રકારે–શ્વાસ, યાવત્ કુષ્ટ. તો જે કોઈ પણ વૈદ્ય કે વૈદ્યપુત્ર, જાણકાર કે જાણકારનો પુત્ર, કુશળ કે કુશળપુત્ર નંદ મણિયારના તે સોળ મહારોગોમાંથી એક પણ રોગને ઉપશાન્ત કરશે – મટાડશે તેને નંદ મણિયાર શેઠ વિપુલ ધનસંપત્તિ આપશે.' આવી રીતે બીજી વાર અને ત્રીજી વાર પણ ઘોષણા કરાવો, ઘોષણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવીને મારી આ આજ્ઞા પાછી વાળો (આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો.).'

તે લોકોએ પણ તે પ્રમાણે કરી આજ્ઞા પાછી વાળી.

ત્યાર પછી રાજગૃહ નગરમાં આવા પ્રકારની ઘોષણા સાંભળીને અને સમજીને અનેક વૈદ્યો અને વૈદ્યપુત્રો, જાણકારો અને જાણકારપુત્રો, કુશળો અને કુશળપુત્રો હાથમાં શસ્ત્રકોશ (વાઢકાપ માટેનાં ઓજારાની પેટી), શિલિકા (ઓજારોને ધાર કાઢવા માટેના પથ્થર), ગોળીઓ, ઔષધો અને ભેષજો લઈને પોતપોતાના ઘરેથી નીકળ્યા, નીકળીને રાજગૃહ નગરની વચ્ચો-વચ્ચ થઈને જ્યાં નંદ મણિયાર શેઠનું ઘર હતું ત્યાં આવ્યા, ત્યાં આવીને તેમણે નંદ મણિયાર શેઠનું શરીર તપાસ્યું, તપાસીને નંદ મણિયારને તે મહા રોગો થવાનું કારણ પૂછયું, પૂછીને પછી અનેક પ્રકારના ઉદ્વલન (વિશેષ પ્રકારના લેપ) વડે, ઉદ્વર્તન (ઉબટન) વડે, સ્નેહપાન વડે, વમન વડે, વિરેચન વડે, સ્વેદન (પરસેવો કાઢીને) વડે, અવદહન (ડામ) વડે, અપસ્નાન વડે, અનુવાસના વડે, બસ્તિકર્મ વડે, નિરુહ બસ્તિ વડે, શિરોવેધ વડે, તક્ષણ (અંગોમાં શસ્ત્ર ઘોંચવા) વડે, પ્રક્ષણ (વાઢકાપ) વડે, શિરાબસ્તિ (શિરાઓમાંથી મળ કાઢવાની પ્રક્રિયા) વડે, તર્પણ (તેલમાલિશ) વડે, પુટપાક (ભસ્મો) વડે, છાલો વડે, વેલો વડે, મૂળિયાં વડે, કંદો વડે, પાંદડાં વડે, પુષ્પો વડે, ફળો વડે, બીજ વડે, શિલિકા (તૃણવિશેષ) વડે, ગોળીઓ વડે, ઔષધીઓ વડે કે ભેષજો વડે તે સોળ મહા રોગોનું ઉપશમન કરવા યત્ન કર્યો પણ તે સોળ મહારોગોમાંથી એક પણ રોગ શાંત કરવા કોઈ શક્તિમાન ન થયું.

ત્યારે તે બધા વૈદ્યો અને વૈદ્યપુત્રો, જાણકારો અને જાણકાર-પુત્રો, કુશળ ચિકિત્સકો અને ચિકિત્સકપુત્રો, જ્યારે તે સોળ મહારોગોમાંથી એક પણ રોગ મટાડવા માટે શક્તિમાન ન થયા એટલે થાકી-હારી, ખિન્ન અને હતાશ બની જે દિશામાંથી આવ્યા હતા તે જ દિશામાં અર્થાત્ પોત પોતાના ઘરે પાછા ફર્યા.

### નંદ મણિયારનો દર્દુરભવ—

૭૯. ત્યાર બાદ તે સોળ મહારોગોથી પીડિત તે નંદ મણિયાર શેઠે નંદા-પુષ્કરિણીમાં આસક્ત, મોહિત, ગૃદ્ધ બની તિર્યંચયોનિ સંબંધી આયુષ્યકર્મનો બંધ કર્યો અને આર્તધ્યાનને વશ થઈ મરણ સમયે મરણ પામી નંદા પુષ્કરણીમાંની એક દર્દુરી (દેડકી)ના પેટે તે દર્દુર-દેડકા રૂપે ઉત્પન્ન થયો.

ત્યાર પછી તે નંદ દર્દુર ગર્ભમાંથી નીકળી અનુક્રમે બાલ્યાવસ્થાને પાર કરી પરિણત વિજ્ઞાનવાળો-સમજદાર યુવક દર્દુર બની નંદા-પુષ્કરિણીમાં રમણ કરતો કરતો વિહરવા લાગ્યો.

ત્યારે નંદા પુષ્કરિણીમાં અનેક લોકો સ્નાન કરતા, પાણી પીતા અને પાણી લઈ જતા અન્યોન્ય આ પ્રમાણે કહેતા હતા, પ્રરૂપણ કરતા હતા, બોલતા હતા કે 'હે દેવાનુપ્રિયો! નંદ મણિયાર ધન્ય છે કે જેણે આવા પ્રકારની ચતુષ્કોણ યાવત્ મનોહર પુષ્કરિણી બનાવી છે—કે જેના પૂર્વ ભાગમાં વનખંડમાં અનેક સેંકડો સ્તંભો સાથેની ચિત્રસભા છે—તે જ પ્રમાણે ચારે સભાઓ યાવત્ તેનો જન્મ અને જીવન સફળ છે.'

### દર્દુરને જાતિસ્મરણ જ્ઞાન અને શ્રાવકવ્રતપાલન—

૮૦. ત્યાર બાદ તે દર્દુરને વારંવાર અનેક લોકો વડે આ પ્રમાણે બોલાતું સાંભળીને, સમજીને આવા પ્રકારનો મનોવિચાર યાવત્ મનોવિકલ્પ થયો કે, 'લાગે છે કે આવા પ્રકારના વચનો મેં પહેલાં ક્યાંક સાંભળ્યાં છે.' આ રીતે વિચાર કરતાં કરતાં શુભ પરિણામોથી, પ્રશસ્ત અધ્યવસાય-ભાવોથી, વિશુદ્ધ બનતી જતી લેશ્યાઓથી તથા તદાવરણીય કર્મોના ક્ષયોપશમથી ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરતાં તે દર્દુરને સંજ્ઞી પર્યાયના ભવોને જાણનારું જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, તેને પોતાના પૂર્વજન્મનું બરાબર સ્મરણ થઈ આવ્યું.

ત્યારે તે દર્દુરને આવા પ્રકારનો વિચાર યાવત્ મનોવિકલ્પ થયો કે, 'હું આ જ રાજગૃહ નગરમાં ધનાઢ્ય યાવત્ કોઈથી ય ગાંજ્યો ન જાઉં તેવો નંદ નામે મણિયાર હતો. તે કાળે તે સમયે રાજગૃહ નગરમાં શ્રમણ ભગવાન મહાવીર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામી પધાર્યા હતા. ત્યારે મેં શ્રમણ ભગવાન મહાવીર પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતવાળો–બારવ્રતનો ગૃહસ્થધર્મ — શ્રાવકધર્મ સ્વીકાર્યો હતો. પણ ત્યારબાદ કોઇ વેળા કુ-સાધુઓના દર્શનથી યાવત્ મિથ્યાત્વના ઉદયથી હું મિથ્યાત્વી બની ગયો.

ત્યારે કોઈ એક વાર ગ્રીષ્મ ઋતુમાં યાવત્ પૌષધ વ્રત અંગીકાર કરીને હું રહ્યો હતો ત્યારે મને પુષ્કરિણી બનાવવાનો વિચાર આવ્યો, શ્રેણિક રાજાની અનુજ્ઞા લીધી, નંદા પુષ્કરિણી બનાવરાવી. ચોપાસ વનખંડો કરાવ્યા. ચાર સભાઓ બનાવરાવી બધું જ પૂર્વવર્ણન મુજબ યાવત્ આસક્તિના કારણે મરીને નંદા પુષ્કરિણીમાં દેડકા રૂપે ઉત્પન્ન થયો. અહો ! હું આવો અધન્ય છું, પુણ્યહીન છું, અકૃતપુણ્ય છું, કે જે હું નિર્ગ્રંથ પ્રવચન-જિન ઉપદેશ-માંથી ચલિત થયો, ભ્રષ્ટ થયો, પરિભ્રષ્ટ થયો. તો મારે માટે એ શ્રેયસ્કર છે કે પહેલાં ગ્રહણ કરેલાં પાંચે અણુવ્રતો ગ્રહણ કરીને વિહરું.'

તેણે આવા પ્રકારનો વિચાર કર્યો, વિચાર કરીને પહેલાં ગ્રહણ કરેલાં પાંચ અણુવ્રતો ફરી ગ્રહણ કર્યાં, પાંચે અણુવ્રતો ગ્રહણ કરીને આ જાતનો અભિગ્રહ ધારણ કર્યો–'આજથી મારે આજીવન છઠ્ઠ છઠ્ઠની તપસ્યા વડે આત્માને ભાવિત કરતાં કરતાં વિહરવાનો નિર્ણય છે. અને છઠ્ઠના પારણામાં પણ નંદા પુષ્કરિણીના છેડાના ભાગો સુધીમાં પ્રાશુક–અચિત્ત બનેલ સ્નાનના પાણીથી અને ઉન્મર્દન વ. દ્વારા નીકળેલા મનુષ્યોના મેલથી જ મારો જીવનનિર્વાહ કલ્પે છે.' આવા પ્રકારનો અભિગ્રહ તેણે ધારણ કર્યો અને અભિગ્રહ ધારણ કરી જીવન–પર્યંત છઠ્ઠ–છઠ્ઠની તપશ્ચર્યા વડે આત્માને ભાવિત કરતો તે વિહરવા લાગ્યો.

**ભગવાન મહાવીરનું રાજગૃહમાં સમવસરણ–**

૮૧. હે ગૌતમ ! હું તે કાળે તે સમયે ગુણશીલક ચૈત્યમાં આવી ઊતર્યો વંદન કરવા પરિષદ નીકળી. ત્યારે નંદા પુષ્કરિણીએ આવેલા અનેક લોકો સ્નાન કરતાં, પાણી પીતાં અને પાણી ભરી જતાં અન્યોન્ય આ પ્રમાણે કહેવા લાગ્યા કે, 'શ્રમણ ભગવાન મહાવીરસ્વામી અહીં ગુણશીલક ચૈત્યમાં સમોસર્યા છે. એટલે હે દેવાનુપ્રિય ! આપણે જઇએ અને શ્રમણ ભગવાન મહાવીરની વંદના કરીએ, નમસ્કાર કરીએ, સત્કાર–સન્માન કરીએ, કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ અને ચૈત્યરૂપ ભગવાનની પર્યુપાસના કરીએ. તે આપણા માટે આ ભવમાં અને પરભવમાં હિતકારી થશે યાવત્ અનુગામી થશે અર્થાત્ પરભવમાં સાથે આવનાર પુણ્યરૂપ થશે.'

**દર્દુરનું સમવસરણ પ્રતિ ગમન–**

૮૨ ત્યાર પછી અનેક લોકો પાસેથી આવી વાત સાંભળીને અને સમજીને તે દર્દુરને આવા પ્રકારનો મનોવિચાર યાવત્ સંકલ્પ થયો 'અહીં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. એટલા માટે હું તે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની વંદના કરવા જાઉં.' તેણે આમ વિચાર કર્યો, વિચાર કરીને ધીરે ધીરે તે નંદા પુષ્કરિણીમાંથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં રાજમાર્ગ હતો ત્યાં આવ્યો, આવીને દર્દુરની ઉત્કૃષ્ટ ગતિથી અર્થાત્ દેડકાથી વધુમાં વધુ જે ગતિએ ચાલી શકાય તે ગતિથી ચાલતો ચાલતો મારી પાસે આવવા તત્પર બન્યો.

આ તરફ રાજા શ્રેણિક ભંભાસારે (બિંબિસારે) સ્નાન કર્યું–યાવત્ સર્વ અલંકારોથી વિભૂષિત થઈ, શ્રેષ્ઠ હાથી પર સવારી કરી, કોરંટ પુષ્પોની માળાઓવાળા છત્ર મસ્તક પર ધરવામાં આવ્યા હતા તેવી રીતે, શ્વેત ચામરો દ્વારા વિંજાતા અને ઉત્તમ હાથી, ઘોડા, રથ અને પદાતિઓની બનેલી ચતુરંગિણી સેનાથી ઘેરાઈને મારા ચરણોની વંદના કરવા માટે શીઘ્ર પ્રયાણ કર્યું.

**દર્દુરનો મહાવ્રત–ગ્રહણનો સંકલ્પ –**

૮૩. ત્યારે તે દર્દુર શ્રેણિક રાજાના એક વછેરાના ડાબા પગ નીચે કચરાયો, જેથી તેનાં આંતરડાં બહાર નીકળી ગયાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી-ઘોડાના પગમાં કચરાયા પછી-તે દર્દુર શક્તિહીન, બળહીન, વીર્યહીન, પુરુષાર્થહીન, એવો બનીને, જીવન ધારણ કરવું હવે શક્ય નથી એમ વિચારી એક બાજુ એકાંતમાં ગયો અને બે હાથ જોડી શિરસાવર્ત પૂર્વક અંજલિ રચી આ પ્રમાણે બોલ્યો –

'અરિહંતો યાવત્ સિદ્ધિગતિ નામે સ્થાને પહોંચેલા અર્થાત્ સિદ્ધોને નમસ્કાર હો. શ્રમણ ભગવાન મહાવીરને યાવત્ સિદ્ધિગતિ નામે સ્થાને પહોંચવાની ઈચ્છાવાળાઓને નમસ્કાર હો. પહેલાં પણ મેં શ્રમણ ભગવાન મહાવીર પાસે સ્થૂળ પ્રાણાતિપાત યાવત્ સ્થૂળ પરિગ્રહનું પ્રત્યાખ્યાન કર્યું હતું, તો આ વેળાએ પણ હું તેમની જ સમીપે સર્વ પ્રકારે જીવનપર્યંત સમસ્ત પ્રાણાતિપાત યાવત્ સમસ્ત પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરું છું, જીવનપર્યંત સર્વ પ્રકારના અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય આહારનું પ્રત્યાખ્યાન કરું છું. આ જે મારું ઇષ્ટ અને કાંત શરીર છે-યાવત્-જેના વિષયમાં મેં ઈચ્છયું હતું કે તેને કોઇ પણ પ્રકારનો રોગ, આતંક, પરિગ્રહ કે ઉપસર્ગ ન સ્પર્શે તેવા શરીરને પણ અંતિમ શ્વાસોચ્છ્વાસ સુધી ત્યજું છું.' આ રીતે તેણે પૂર્ણ પ્રત્યાખ્યાન કર્યું.

દર્દુરની દેવતારૂપે ઉત્પત્તિ –

ત્યાર પછી તે દર્દુર મરણકાળે મરીને યાવત્ સૌધર્મકલ્પમાં દર્દુરાવતંસક વિમાનની ઉપપાત સભામાં દર્દુર દેવરૂપે ઉત્પન્ન થયો છે.

હે ગૌતમ ! આ રીતે તે દર્દુર દેવે આવી દેવ-ઋદ્ધિ મેળવી છે, પ્રાપ્ત કરી છે, અધિગત કરી છે.'

'હે ભગવંત! દર્દુરદેવની તે દેવલોકમાં કેટલા કાળની સ્થિતિ છે ?' [ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછયું.]

[પ્રત્યુત્તર રૂપે ભગવાને કહ્યું–] 'હે ગૌતમ! ચાર પલ્યોપમની સ્થિતિ કહેવામાં આવે છે.'

'તે દર્દુર દેવ તે દેવલોકમાંથી ચ્યવન કરી કયાં જશે ? કયાં ઉત્પન્ન થશે ?'

'હે ગૌતમ ! તે દર્દુર દેવ આયુક્ષય, ભવક્ષય, સ્થિતિક્ષય થતાં તરત જ ત્યાંથી ચ્યવિત થઇને મહાવિદેહ ક્ષેત્રમાં જઇ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે, પરિનિર્વાણ પામશે અને સર્વ દુઃખોનો અંત કરશે.'

॥મહાવીર-તીર્થમાં નંદમણિયાર-કથાનક સમાપ્ત॥

☆

## ૫. મહાવીર–તીર્થમાં આનંદ ગાથાપતિ કથાનક.

વાણિજ્યગ્રામમાં આનંદ ગાથાપતિ –

૮૪. તે કાળે અને તે સમયે વાણિજ્યગ્રામ નામનું નગર હતું-અન્ય નગરોની જેમ આનું પણ વર્ણન સમજવું.

તે વાણિજ્યગ્રામ નગરની બહાર ઉત્તરપૂર્વ દિશામાં (ઈશાન કોણમાં) દૂતિપલાશ નામનું ચૈત્ય હતું.

તે વાણિજ્યગ્રામ નગરમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો, રાજાનું વર્ણન કોણિકની જેમ સમજવું.

તે વાણિજ્યગ્રામ નગરમાં આનંદ નામક ગાથાપતિ રહેતો હતો, જે ધનાઢ્ય-યાવત્-કોઇથી પરાભવ ન પામનાર હતો.

તે આનંદ ગૃહપતિએ ચાર સુવર્ણકોટિ (ચાર કરોડ સુવર્ણ મુદ્રાઓ) નિધાનમાં-કોષમાં રાખેલી હતી, ચાર સુવર્ણકોટિ વૃદ્ધિ માટે વ્યાજમાં રોકેલી હતી અને ચાર સુવર્ણકોટિ વ્યાપાર-વ્યવહારમાં રોકેલી હતી, અને વળી તેની પાસે દશ દશ હજાર ગાયોના એક એવા ચાર વ્રજ-ગોકુળો હતાં.

તે આનંદ ગૃહપતિ ઘણા રાજા માંડલિક, તલવર, માડંબિક કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ યાવત્ સાર્થવાહોના ઘણા કાર્યોમાં, બાબતોમાં, મંત્રણામાં તથા કુટુંબોનાં ગુહ્ય રહસ્યો, નિશ્ચયો અને વ્યવહારોમાં પૂછવા યોગ્ય, સલાહ લેવા યોગ્ય હતો. પોતાના કુટુંબનો પણ આધારસ્થંભ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પથદર્શક, પ્રમાણભૂત યાવત્ બધા કાર્યોને વધારનાર હતો.

તે આનંદ ગૃહપતિને શિવાનંદા નામે ભાર્યા હતી. તે સર્વાંગસુંદરી યાવત્ સુંદર રૂપવાળી હતી. તે આનંદ ગૃહપતિમાં અનુરક્ત હતી અને તેની સાથે ઈષ્ટ શબ્દાદિ મનુષ્ય–સંબંધી કામ ભોગોનો અનુભવ કરતી વિચરતી હતી.

તે વાણિજ્યગ્રામ નગરની બહાર ઉત્તરપૂર્વ દિશા અર્થાત્ ઈશાનકોણમાં કોલ્લાક નામે સંનિવેશ–ઉપનગર હતુ. તે સમૃદ્ધિવાળું, નિરુપદ્રવ, દર્શનીય, સુંદર યાવત્ મનને પ્રસન્ન કરનાર હતું.

તે કોલ્લાક સંનિવેશમાં આનંદ ગૃહપતિના ઘણા મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજનો હતા, તે બધા ધાર્મિક યાવત્ કોઈથી પરાભવ ન પામે તેવા હતા.

**મહાવીર–સમવસરણ –**

૮૫. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર વાણિજ્યગ્રામ નગરમાં દૂતિપલાશ ચૈત્યમાંપધાર્યા અને યથાયોગ્ય અવગ્રહ ધારણ કરી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિહરવા લાગ્યા.

પરિષદ નીકળી અને વાંદીને પાછી ગઈ. કોણિક રાજાની પેઠે જિતશત્રુ રાજા પણ વંદન કરવાને નીકળ્યો–યાવત્-પર્યુપાસના કરવા લાગ્યો.

**આનંદનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રવણ-**

૮૬. ત્યાર પછી આનંદ ગૃહપતિ મહાવીર સ્વામી આવ્યાની વાત સાંભળી 'શ્રમણ ભગવાન મહાવીર ક્રમાનુક્રમે ફરતા ફરતા ગામોગામ વિહાર કરતા કરતા અહીં આવ્યા છે, અહીં જ વાણિજ્ય ગ્રામ નગરની બહાર દૂતિપલાશ ચૈત્યમાં સમોસર્યા છે અને યથાયોગ્ય અભિગ્રહ ધારણ કરતા, તપ અને સંયમથી આત્માને ભાવિત કરતા વિહરે છે. તે અરહિંત ભગવંતોનું નામ-ગોત્ર શ્રવણ પણ મહાફળવાળું છે તો વંદન–નમસ્કાર વગેરેનું કરવું મહાફળવાળું હોય તેમાં શું કહેવું ? માટે હું જાઉં અને યાવત્ તેમની પર્યુપાસના કરું.' –એવો વિચાર તેણે કર્યો, વિચાર કરી શુદ્ધ અને સભામાં પ્રવેશ કરવા લાયક વસ્ત્રો ધારણ કરી અલ્પ અને મહામૂલ્ય અલંકારો વડે અલંકૃત શરીરવાળો થઈ પોતાના ઘરથી બહાર નીકળ્યો, નીકળીને કોરંટ પુષ્પોની માળાથી યુક્ત છત્ર ધારણ કરી મનુષ્યોના સમૂહથી વીંટાયેલો, પગે ચાલીને વાણિજ્યગ્રામ નગરના મધ્યભાગમાં થઈને નીકળ્યો અને જ્યાં દૂતિપલાશ ચૈત્ય હતું ત્યાં આવ્યો, આવીને ત્રણ વાર આદક્ષિણા–પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન–નમસ્કાર યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો.

ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે આનંદ ગૃહપતિને તથા તે અત્યંત મોટી પરિષદને ધર્મોપદેશ કર્યો.

પરિષદ પાછી ગઈ અને રાજા પણ પાછો ગયો.

**આનંદે ગૃહસ્થધર્મ સ્વીકાર્યો –**

૮૭. ત્યારબાદ આનંદ ગૃહપતિ શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળી, હૃદયમાં અવધારી, પ્રસન્ન અને સંતુષ્ટ થઈ આ પ્રમાણે બોલ્યો–'હે ભગવન ! હું નિર્ગ્રન્થ પ્રવચન ઉપર વિશ્વાસ કરું છું. હે ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચન ઉપર રુચિ કરું છું–યાવત્–આપ કહો છો તે એમ જ છે. હે ભગવન્ ! તેમ જ છે. દેવાનુપ્રિય ! આપની પાસે જેમ ઘણા રાજા, યુવરાજો, રાજ-સ્થાનીય પુરુષો, માડંબિકો, કૌટુમ્બકો, શ્રેષ્ઠી, સેનાપતિ અને સાર્થવાહો વગેર મુંડિત થઈને ગૃહવાસ છોડી અનગાર થયા તેવી રીતે હુ મુંડિત બની પ્રવ્રજ્યા ગ્રહણ કરવા સમર્થ નથી. પરંતુ હું આપ દેવાનુપ્રિયની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપી બાર પ્રકારના ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કરીશ'.

ભગવાને કહ્યું–'દેવાનુપ્રિય ! જેમ સુખ ઊપજે તેમ કર-ઈચ્છા પ્રમાણે કર, પણ પ્રતિબન્ધ–વિલંબ ન કર.'

**આનંદ ગૃહપતિના ગૃહસ્થધર્મ–શ્રાવક ધર્મનું વિવરણ –**

૮૮. ત્યારબાદ તે આનંદ ગૃહપતિએ શ્રમણ ભગવંત મહાવીર પાસે સર્વપ્રથમ સ્થૂલ પ્રાણાતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાતનું પ્રત્યાખ્યાન કર્યું કે હું યાવત્ જીવન મન વચન અને કાયા વડે સ્થૂલ પ્રાણાતિપાતનું આચરણ નહિ કરું અને નહિ કરાવું.

ત્યાર પછી તેણે સ્થૂલ મૃષાવાદનું પ્રત્યાખ્યાન કર્યું કે હું યાવત્ જીવન મન, વચન, બે કરણ અને મન, વચન, કાયા ત્રણ યોગથી મૃષાવાદ કરું નહિ, કરાવું નહિ.

ત્યાર પછી સ્થૂલ અદત્તાદાનનું પ્રત્યાખ્યાન કર્યું કે જીવનપર્યંત ત્રિવિધ ત્રિવિધે–મન વચન અને કાયા વડે અદત્તાદાન નહિ કરું અને નહિ કરાવું.

ત્યાર પછી સ્વદાર સંતોષ સંબંધી વ્રતના સંબંધમાં પ્રત્યાખ્યાન કર્યું કે એક શિવાનન્દા પત્ની સિવાય બાકીની સ્ત્રીઓ સાથે મૈથુન સેવનનું પ્રત્યાખ્યાન કરું છું.

ત્યાર બાદ ઇચ્છાનું પરિમાણ કરતાં –

૧. હિરણ્ય અને સુવર્ણનું પરિમાણ કર્યું કે ચાર હિરણ્ય કોટી (સોનાની ચાર કરોડ મુદ્રાઓ) નિધાનમાં, ચાર હિરણ્યકોટિ વ્યાજમાં અને ચાર હિરણ્યકોટિ ગૃહ અને ગૃહોપકરણ સંબંધી વ્યવહારમાં રોકેલી છે તે સિવાય બાકીના હિરણ્ય-સુવર્ણ સંગ્રહનો હું ત્યાગ કરું છું.

૨. તે પછી ચતુષ્પદ વિધિનું પરિમાણ કર્યું કે–દશ હજાર ગાયના એક વ્રજ સિવાય બાકીના ચતુષ્પદો–પ્રાણીઓના સંગ્રહનું પ્રત્યાખ્યાન કરુ છું.

૨. ત્યાર બાદ ક્ષેત્ર–વાસ્તુનું પરિમાણ કર્યું કે, જેનાથી સો વીઘા ખેડી શકાય એવું એક હળ, એવાં પાંચસો હળો સિવાય અન્ય બધાં ક્ષેત્ર–વાસ્તુનું પ્રત્યાખ્યાન કરું છું.

૪. ત્યાર પછી ગાડી–ગાડાંનું પરિમાણ કર્યું કે–બહાર દેશાન્તરમાં ગમન કરવા યોગ્ય પાંચસો ગાડાં અને માલને વહન કરનારા પાંચસો ગાડાં ઉપરાંત બધાં વાહનોનું પ્રત્યાખ્યાન કરું છું.

૫. ત્યાર બાદ વહાણનું પ્રત્યાખ્યાન કર્યું કે દેશાન્તરમાં મોકલવા યોગ્ય ચાર વહાણો સિવાય બાકીનાં વહાણોનું પ્રત્યાખ્યાન કરું છું.

ત્યાર બાદ ઉપભોગ–પરિભોગ વિધિનું પ્રત્યાખ્યાન કરતાં—

૧. અંગલુષણ–શરીર લુંછવાના ટુવાલ આદિનું પરિમાણ કર્યું કે–એક સુગંધી રાતા ટુવાલ સિવાય બીજા બધા શરીર લુંછવાના ટુવાલ આદિનું પ્રત્યાખ્યાન કરું છું.

૨. ત્યાર પછી દાતણની વિધિનું પરિમાણ કર્યું – એક લીલા જેઠીમધના દાતણ સિવાય બાકીના દાતણનો ત્યાગ કરું છું.

૩. ત્યાર પછી ફળવિધિનું પરિમાણ કર્યું કે એક મધુર આમળાના ફળ સિવાય બાકીનાં ફળોનો ત્યાગ કરું છું.

૪. ત્યાર પછી અભ્યંગન વિધિ–માલિશ કરવાના તેલ આદિ વસ્તુઓનું પરિમાણ કર્યું કે શતપાક–સો ઔષધી એકઠી કરી અને સો વાર ઉકાળીને તૈયાર કરેલ અને સહસ્રપાક તેલ સિવાય બીજાં માલિશ કરવાના તેલોનું પ્રત્યાખ્યાન કરું છું.

૫. ત્યાર બાદ ઉદ્વર્તન એટલે ઉબટન-સુગંધિત ચૂર્ણ આદિ વિધિનું પરિમાણ કર્યું કે એક સુગંધી–ગન્ધ ચૂર્ણ સિવાય બાકીના ઉદ્વર્તન વિધિનો ત્યાગ કરું છું,

૬. ત્યાર પછી સ્નાન–વિધિનું પરિમાણ કર્યું કે આઠ ઔષ્ટ્રિક ઘડા (ઊંટના મોં જેવા મોઢાવાળા ઘડા) પાણી સિવાય વધારે પાણી વડે સ્નાન કરવાનો ત્યાગ કરું છું.

૭. ત્યાર બાદ વસ્ત્ર–વિધિનું પરિમાણ કર્યું કે–એક ક્ષૌમયુગલ (બે સૂતરનાં વસ્ત્રો) સિવાય બાકીનાં વસ્ત્રોનો ત્યાગ કરું છું.

૮. ત્યાર પછી વિલેપન વિધિનું પરિમાણ કર્યું કે–અગર, કુંકુમ, કેસર, ચંદન સિવાય બાકીના વિલેપનનો ત્યાગ કરું છું.

૯. ત્યાર પછી પુષ્પવિધિનું પરિમાણ કર્યું કે એક શુદ્ધ કમળ અને માલતીના પુષ્પોની માળા સિવાય પુષ્પવિધિનો ત્યાગ કરું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦. ત્યાર બાદ આભરણ વિધિનું પરિમાણ કર્યું કે-કાનમાં કુંડલો અને નામવાળી મુદ્રિકા સિવાય બાકીના અલંકારોનો ત્યાગ કરું છું.

૧૧. ત્યાર પછી ધૂપ વિધિનું પરિમાણ કર્યું કે અગર અને તુરુષ્ક લોબાનના ધૂપ સિવાય બાકીની ધૂપવિધિનો ત્યાગ કરું છું.

૧૨. ત્યાર બાદ ભોજન વિધિનું પરિમાણ કરતાં—

(ક) પેયવિધિનું પરિમાણ કર્યું કે-એક કાષ્ટ પેય (મગ અથવા ચોખાથી બનેલ પેય) સિવાય બાકીની પેયવિધિનો ત્યાગ કરું છું

(ખ) ત્યાર પછી ભક્ષ્યવિધિ-પકવાનોનું પરિમાણ કર્યું કે-એક ઘેબર અને ખાંડનાં ખાજાં સિવાય બીજા પકવાનનો ત્યાગ કરું છુ.

(ગ) ત્યાર પછી ચોખાની વિધિનું પરિમાણ કર્યું કે—એક કલમી ચોખા સિવાય બાકીના ચોખાનો ત્યાગ કરું છું.

(ઘ) ત્યાર પછી સૂપવિધિ-દાળનું પરિમાણ કર્યું કે-વટાણાના સૂપ સિવાય બાકીનાં બધી દાળનો ત્યાગ કરું છું.

(ડ) ત્યાર બાદ ઘીનું પરિમાણ કર્યું કે-એક શરદઋતુના, ગાયના સારભૂત ઘી સિવાય બાકીના ઘીનો ત્યાગ કરુ છું.

(ચ) ત્યાર પછી શાકવિધિનું પરિમાણ કર્યું કે-વાસ્તુ (બથવો), ભીંડા અને દૂધીના શાક સિવાય શેષનો ત્યાગ કરું છું.

(છ) ત્યાર પછી મધુર પીણાની વિધિનું પરિમાણ કર્યું કે—પાલંકામાધુર (શલ્લકી વનસ્પતિના ગુંદરથી બનેલ મધુર પેય) સિવાય બાકીના બધા મધુર રસોનો ત્યાગ કરું છું.

(જ) ત્યાર પછી જેમન વિધિ-ફરસાણનું પરિમાણ કર્યું-સેંધામ્લ-કાંજીવડા અને દાલિકામ્લ-દાળવડા સિવાય શેષ જેમન વિધિનો ત્યાગ કરું છું.

(ઝ) ત્યાર બાદ પાણીની વિધિનું પરિમાણ કર્યું કે — એક વરસાદનાં પાણી સિવાય બાકીનાં બધાં પાણીનો ત્યાગ કરું છું.

(ગ-1) ત્યાર પછી મુખવાસ-વિધિનું પરિમાણ કર્યું કે-પાંચ સુગંધી પદાર્થ (ઈલાયચી, લવીંગ, કપૂર, દાળચીની તથા જાયફળ) વાળા તાંબુલ સિવાય બાકીની બધી મુખવાસ-વિધિનો ત્યાગ કરું છું.

ત્યાર પછી ચાર પ્રકારના અનર્થદંડનો ત્યાગ કર્યો, તે આ પ્રમાણે—

(૧) અપધ્યાનાચરિત—દુર્ધ્યાન કરવું (૨) પ્રમાદાચરિત-પ્રમાદ સેવવો (૩) હિંસાપ્રદાન-હિંસા-કરનાર શસ્ત્રાદિ આપવાં અને (૫) પાપ કર્મનો ઉપદેશ કરવો.

સમ્યક્ત્વ આદિના અતિચારો—

૮૯. 'હે આનંદ' એમ સંબોધીને શ્રમણ ભગવાન મહાવીરે આનંદ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—

'હે આનંદ! જેણે જીવાજીવ તત્ત્વને જાણેલા છે એવા, પુણ્ય-પાપના સમજણ ધરાવનાર, આસ્રવ, સંવર, નિર્જરા, ક્રિયા, અધિકરણ તથા બંધ અને મોક્ષનું સ્વરૂપ સમજવામાં કુશળ, આરંભ-સમારંભમાં ખિન્ન થનાર, દેવ, અસુર, નાગ, સુવર્ણ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગંધર્વ, મહોરગ આદિ દેવો વડે અનતિક્રમણીય-દેવાદિ વડે પણ ચલાયમાન ન થઈ શકનાર એવા—શ્રમણોપાસકે સમ્યક્ત્વના પ્રધાન મુખ્ય પાંચ અતિચારો જાણવા જોઈએ પણ આચરવા જોઈએ નહિ. તે આ પ્રમાણે (૧) શંકા (વીતરાગના વચનમાં સંદેહ) (૨) કાંક્ષા (અન્ય દર્શનની ઇચ્છા (૩) વિચિકિત્સા (ધર્મનાં ફળોમાં સંદેહ) (૪-૫) પરપાખંડ પ્રશંસા અને સંસ્તવ-પરદર્શનીની પ્રશંસા અને પરિચય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર બાદ શ્રમણોપાસકે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ-વ્રતના પાંચ પ્રધાન અતિચારો જાણવા, પરંતુ તેનું આચરણ ન કરવું. તે આ પ્રમાણે (૧) બન્ધ (૨) વધ–તાડન (૩) છવિચ્છેદ-અવયવોનું છેદન કરવું (૪) અતિભાર–ઘોડા બળદ આદિ ઉપર વધારે ભાર ભરવો અને (૫) ભક્ત-પાન-વ્યવચ્છેદ–પાણી અને ખોરાક બંધ કરવો.

ત્યાર પછી સ્થૂલમૃષાવાદ વિરમણવ્રતના પાંચ અતિચારો જાણવા પણ તેનું આચરણ ન કરવું જોઈએ. તે અતિચારો આ પ્રમાણે છે—

(૧) સહસા અભ્યાખ્યાન-વિચાર કર્યા સિવાય કોઈની ઉપર ખોટા દોષનો આરોપ કરવો (૨) રહસિ અભ્યાખ્યાન–એકાન્તને કારણે અસદ્ દોષનો આરોપ કરવો (૩) સ્વદારમંત્ર-ભેદ–પોતાની સ્ત્રીની ગુપ્ત વાત પ્રગટ કરવી (૪) મૃષોપદેશ કરવો –અસત્ય ઉપદેશ કરવો (૫) કૂટલેખકરણ – ખોટા લેખ (દસ્તાવેજ વગેરે) લખવા.

ત્યાર પછી સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રતના પાંચ અતિચારો જાણવા પણ આચરણ ન કરવું તે આ પ્રમાણે :

(૧) સ્તેનાહૃત–ચોર દ્વારા લાવેલી વસ્તુ ખરીદવી (૨) તસ્કર પ્રયોગ–ચોરને ચોરી કરવા માટે પ્રેરણા કરવી (૩) વિરુદ્ધ રાજ્યમાં ગમન કરવું (૪) કૂટતોલ-માપ–ખોટાં તોલ તોલવાં અને ખોટાં માપ માપવાં (૫) તત્ પ્રતિરૂપક વ્યવહાર–મૂળ વસ્તુના જેવી બીજી વસ્તુઓનો પ્રક્ષેપ કરવો (ભેળસેળ કરવી).

ત્યાર બાદ સ્વદારસંતોષવ્રતને વિશે પાંચ અતિચારો જાણવા, પણ આચરવા નહિ તે આ પ્રમાણે :

(૧) ઈત્વર પરિગૃહીતાગમન–થોડા કાળ સુધી ગ્રહણ કરેલી સ્ત્રી સાથે ગમન કરવું (૨) અપરિગૃહીતાગમન-કોઈએ નહિ ગ્રહણ કરેલી વેશ્યા વગેરે સાથે ગમન કરવું (૩) અનંગ-ક્રીડા–આલિંગનાદિ ક્રીડા કરવી (૪) પરવિવાહ-કરણ–પોતાની સંતતિ સિવાય બીજાના વિવાહ કરવા (૫) કામભોગ તીવ્રાભિલાષ-કામભોગોમાં તીવ્ર ઇચ્છા કરવી.

ત્યાર પછી શ્રમણોપાસકે ઇચ્છા પરિમાણ વ્રતના પાંચ અતિચારો જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણે :

(૧) ક્ષેત્ર વાસ્તુ પ્રમાણાતિક્રમ–ક્ષેત્ર-ખુલ્લી જગ્યા અને વાસ્તુ ઘરના પ્રમાણનું ઉલ્લંઘન કરવું. (૨) હિરણ્ય–સુવર્ણ પ્રમાણાતિક્રમ-રૂપા અને સોનાના પ્રમાણનું ઉલ્લંઘન કરવું. (૩) ધન–ધાન્ય પ્રમાણાતિક્રમ. (૪) દ્વિપદ ચતુષ્પદ પ્રમાણાતિક્રમ–દાસ દાસી વગેરે દ્વિપદ તથા ગાય પ્રમુખ ચતુષ્પદ પશુઓના પ્રમાણનું ઉલ્લંઘન કરવું. (૫) કુપ્ય પ્રમાણાતિક્રમ—ગૃહોપકરણના પ્રમાણનું ઉલ્લંઘન.

ત્યાર પછી દિશાવ્રતના પાંચ અતિચાર જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણે છે–

(૧–૩) ઉર્ધ્વદિશા, અધોદિશા અને તિરછીદિશાના પ્રમાણનું ઉલ્લંઘન કરવું (૪) ક્ષેત્રવૃદ્ધિ–મર્યાદિત ક્ષેત્રમાં એક તરફ વૃદ્ધિ કરવી (૫) સ્મૃત્યન્તર્ધાન–મર્યાદાનું સ્મરણ ન રાખવું.

ત્યાર પછી ઉપભોગ–પરિભોગ વ્રત બે પ્રકારનું કહેલું છે. તે આ પ્રમાણે–ભોજનને આશ્રયી અને કર્મને આશ્રયી.

તેમાં ભોજનને આશ્રયી શ્રમણોપાસકે પાંચ અતિચાર જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણે :

(૧) સચિત્તાહાર–સચિત્ત વનસ્પતિ વગેરેનો આહાર કરવો (૨) સચિત્ત પ્રતિબદ્ધ આહાર–સચિત્ત વસ્તુની સાથે લાગેલી અચિત્ત વસ્તુનો આહાર કરવો (૩) અપક્વ ઔષધિ ભક્ષણ–અગ્નિથી નહિ પાકેલી વનસ્પતિનું ભક્ષણ કરવું (૪) દુષ્પક્વ ઔષધિ ભક્ષણ–અર્ધ પાકેલી વનસ્પતિનું ભક્ષણ કરવું (૫) તુચ્છ ઔષધિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્ષણ—અસાર એવી મગફળી વગેરે વનસ્પતિનું ભક્ષણ કરવું.

કર્મને આશ્રયી શ્રાવકે પંદર કર્માદાનો જાણવા પણ આચરવાં નહિ. તે આ છે—

(૧) અંગારકર્મ-કોલસા, ઈંટો વગેરે પકાવવાનો ધંધો કરવો (૨) વનકર્મ–વૃક્ષો વગેરે કાપીને તેનો ધંધો કરવો (૩) શકટકર્મ–ગાડા રથ આદિ બનાવવા વેચવા આપવાનો ધંધો (૪) ભાડીકર્મ–ગાડા–ગાડીઓ ભાડે ફેરવવાનો ધંધો કરવો (૫) સ્ફોટકર્મ–ખાણ ખોદવી વગેરે દ્વારા આજીવિકા કરવી (૬) દન્તવાણિજ્ય–હાથીદાંત વગેરેનો વ્યાપાર કરવો (૭) લાક્ષાવાણિજ્ય–લાખ વગેરેનો વ્યાપાર કરવો (૮) રસવાણિજ્ય–મદિરા વગેરે રસનો વ્યાપાર કરવો (૯) વિષ–વાણિજ્ય –ઝેર અને શસ્ત્રાદિનો વ્યાપાર કરવો (૧૦) કેશવાણિજ્ય–દાસવાણિજ્ય–દાસ, ગાય, ઊંટ, હાથી વગેરે કેશવાળા પ્રાણીઓનો વ્યાપાર કરવો (૧૧) યંત્ર પીડન કર્મ–તેલ, શેરડી વગેરે પીલવાનો ધંધો કરવો (૧૨) નીર્લાંછન કર્મ–પ્રાણીઓના કાન વગેરે અવયવોને છેદવાનો ધંધો કરવો (૧૩) દાવાગ્નિ દાપન–વન વગેરે અગ્નિથી સળગાવવા (૧૪) સરોહૃદતડાગ શોષણ–સરોવર તળાવ વગેરેને સૂકવી નાખવા (૧૫) અસતીજન પોષણ–કુલટા, દાસી વગેરે તથા હિંસક પ્રાણીઓનું ધંધા માટે પોષણ કરવું.

ત્યાર બાદ શ્રમણોપાસકે અનર્થ દંડ વિરમણવ્રતના પાંચ અતિચાર જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણે :

(૧) કંદર્પ–કામોત્તેજક વચનો બોલવાં (૨) કૌત્કુચ્ય–કાયાથી કુચેષ્ટાઓ કરવી (૩) મૌખર્ય –અસંબદ્ધ બોલવું (૪) સંયુકતાધિકરણ-હિંસાનાં સાધનો તૈયાર કરવાં (૫) ઉપભોગ–પરિભોગ –ઉપભોગ–પરિભોગની વસ્તુઓ અધિક રાખવી.

શ્રમણોપાસકે સામયિક વ્રતના પાંચ અતિચારો જાણવા પણ તેમનું આચરણ ન કરવું. તે આ પ્રમાણે :

(૧) મનોદુષ્પ્રણિધાન–મનમાં દુષ્ટ ચિંતન કરવું. (૨) વચનદુષ્પ્રણિધાન–દુષ્ટ વચનની પ્રવૃત્તિ કરવી (૩) કાય–દુષ્પ્રણિધાન–કાયાથી દુષ્ટ પ્રવૃત્તિ કરવી (૪) સામાયિક કરવાનું સ્મરણ ન રાખવું અને (૫) અનવસ્થિત–અનિયમિત સામાયિક કરવું.

ત્યાર બાદ શ્રમણોપાસકે દેશાવકાશિત વ્રતના પાંચ અતિચારો જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણે—

(૧) આનયન પ્રયોગ–મર્યાદિત ભૂમિની બહારથી કોઈની પાસેથી કોઈ વસ્તુ મંગાવવી (૩) પ્રેષ્યપ્રયોગ–નોકર વગેરેને મર્યાદિત ક્ષેત્રથી બહાર મોકલવા (૩) શબ્દાનુપાત–બીજાને જણાવવા માટે ખાંસી વગેરે શબ્દ સંભળાવવા (૪) રૂપાનુપાત–બીજાને જણાવવા પોતાના શરીરને દેખાડવું, બીજાની દૃષ્ટિએ પડવું (૫) બહિઃપુદ્ગલપ્રક્ષેપ–અન્યને જણાવવા બહારના ભાગમાં ઢેફું, કાંકરો વગેરે પુદ્‌ગલોનો પ્રક્ષેપ કરવો –ફેંકવું.

ત્યાર પછી શ્રમણોપાસકે પૌષધોપવાસના પાંચ અતિચારો જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણે–

(૧) અપ્રતિલેખિત–દુષ્પ્રતિલેખિત શય્યા–સંસ્તારક–જોયા વગર અથવા સારી રીતે પૂંજ્યા વગર શય્યાદિનો ઉપયોગ કરવો (૨) અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત શય્યા–સંસ્તારક આદિનો ઉપયોગ કરવો. (૩) અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર-પ્રસ્રવણ ભૂમિ–મલ-મૂત્ર પરઠવવાની જગ્યા જોયા વગર અથવા સારી રીતે જોયા વગર પરઠવવું (૪) અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રસવણ ભૂમિ પ્રમાર્જન કર્યા વગર અથવા સારી રીતે પ્રમાર્જન કર્યા વગર મલ –મૂત્ર પરઠવવાની ભૂમિના ઉપયોગ કરવો (૫) પૌષધોપવાસનું બરાબર પાલન ન કરવું.

ત્યાર પછી શ્રમણોપાસકે યથાસંવિભાગ–અતિથિસંવિભાગ વ્રતના પાંચ અતિચારો જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) સચિત્તનિક્ષેપણ (૨) સચિત્તપિધાન (૩) કાલાતિક્રમ–સમય વીતી ગયા પછી ભિક્ષાદિના માટે આમંત્રિન કરવું (૪) પરવ્યપદેશ–પોતાની વસ્તુને બીજાની છે એમ કરીને બતાવવો (૫) મત્સરિતા–ઈર્ષાપૂર્વક દાનાદિ દેવું.

ત્યાર પછી અપશ્ચિમ મરણાન્તિક સંલેખના ઝૂષણા આરાધનાના પાંચ અતિચાર જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણે—

(૧) ઈહલોકાશંસા પ્રયોગ–આ લોકના સુખોની અભિલાષા કરવી (૨) પરલોકાશંસા પ્રયોગ–પરલોકના સુખોની અભિલાષા કરવી (૩) જીવિતાશંસાપ્રયોગ–જીવવાની આશંસા કરવી (૪) મરણાશંસાપ્રયોગ–મરણની આશંસા કરવી (૫) કામભોગાશંસા પ્રયોગ–ઈન્દ્રિયના વિષયોની ઇચ્છા કરવી.

**આનંદનો અભિગ્રહ અને શિવાનંદાને શ્રાવિકા-ધર્મના પાલન વિષયે પ્રેરણા—**

૯૦. ત્યાર પછી આનંદ ગાથાપતિએ શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારના શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો, અને નમસ્કાર કરી તેણે આ પ્રમાણે કહ્યું—

'ભગવન્ ! આજથી આરંભી મારે નિર્ગ્રંથ સિવાયના અન્ય તીર્થિકોને, અન્ય તીર્થિકોના દેવોને, અન્ય તીર્થિકોએ ગ્રહણ કરેલા દેવોનાં ચૈત્યોને વંદન–નમસ્કાર કરવા પૂર્વે તેઓ ન બોલ્યા હોય તો તેની સાથે આલાપ–એક વાર બોલવું, સંલાપ–વાતચીત કરવી તથા તેઓને ગુરુબુદ્ધિથી અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ ભોજન આપવું, વારંવાર આપવું ન કલ્પે. પણ એમાં આ પ્રમાણે આગારો છે—રાજાભિયોગ–રાજાના આદેશથી બલ (સેના) અથવા સેનાપતિના આદેશથી, દેવતાભિયોગ – દેવતાની પરતંત્રતાથી ગુરુનિગ્રહ –માતાપિતા વગેરેની પરાધીનતાથી. અને વૃત્તિકાંતાર–આજીવિકાના અભાવના કારણે એ છ આગાર સિવાય ધર્મબુદ્ધિથી ઉપયુક્તનો ત્યાગ છે.

મારે શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાસુક, અચિત્ત અને એષણીય અશન, પાન, ખાદિમ, અને સ્વાદિમ, આહાર, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક (પગ સાફ કરવાનું વસ્ત્ર), પીઠ, આસન, ફલક–પાટિયું, શય્યા, સંસ્તારક તથા ઔષધ અને ભૈષજ્ય વડે સત્કાર કરવો યોગ્ય છે. એમ કહીને આવા પ્રકારનો અભિગ્રહ–નિયમ ગ્રહણ કર્યો, ગ્રહણ કરીને તે સંબંધમા પ્રશ્નો પૂછ્યા, પ્રશ્નો પૂછી તેનો અર્થ ગ્રહણ કર્યો, અર્થ ગ્રહણ કરી શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર વંદન કર્યાં, વંદન કરી શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી અને દૂતિપલાશ ચૈત્યથી નીકળ્યો, નીકળીને જ્યાં વાણિજ્યગ્રામ નગર હતું અને જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવ્યો, ત્યાં આવીને શિવાનંદા ભાર્યાને આ પ્રમાણે કહ્યું—

'દેવાનુપ્રિયે ! મેં શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળ્યો અને તે ધર્મ મને ઇષ્ટ છે, પુન: પુન: ઇષ્ટ છે અને તેની મને રુચિ થઈ છે. માટે દેવાનુપ્રિયે ! તું પણ જા અને કલ્યાણરૂપ, મંગળરૂપ, દેવરૂપ, ચૈત્યરૂપ, શ્રમણ ભગવંત મહાવીરને વંદન કર યાવત્ તેમની પર્યુપાસના કર અને શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારના ગૃહસ્થધર્મનો–શ્રાવકધર્મનો સ્વીકાર કર.'

**શિવાનંદાનું ભગવંત વંદનાર્થગમન અને ધર્મશ્રવણ—**

૯૧. ત્યાર બાદ તે શિવાનન્દા ભાર્યા આનંદ શ્રાવક દ્વારા એમ કહેવાથી હૃષ્ટ–તુષ્ટ યાવત્ પ્રસન્ન થઈ બે હાથ જોડી શિરસાવર્તપૂર્વક અંજલિ રચી બોલી —'હે સ્વામિ ! આપની વાત યોગ્ય છે.'

ત્યાર પછી તે આનંદ શ્રમણોપાસકે પોતાના કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિયો ! જલદી લઘુકરણ-શીઘ્રગમન કરનાર, સમાન ખરીઓ અને પૂંછડાંવાળાં, એક સરખા ચિત્રિત અણીયાળા સીંગડાંવાળા, સુવર્ણમય આભૂષણોવાળા, ચાંદીની ઘંટડીઓવાળા, સોનાની જરી ભરેલી દોરીની નાથવાળા, નીલકમળની કલગીવાળા, શ્રેષ્ઠ બે બળદો જોડેલા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય તેવો, અનેક પ્રકારના મણિ–રત્ન–કનક જડેલ ઘંટડીઓથી યુક્ત, ઉત્તમ કાષ્ઠમાંથી નિર્મિત ધૂંસરીવાળો, પ્રશસ્ત લક્ષણોવાળો, સારી રીતે રચવામાં આવેલો અને ચાલવામાં હળવો એવો શ્રેષ્ઠ ધાર્મિક રથ હાજર કરો અને પછી મારી આજ્ઞા પૂરી થયાની જાણ કરો'.

ત્યારે તે કૌટુંબિક પુરુષોએ હૃષ્ટ તુષ્ટ બની, પ્રસન્ન ચિત્તે બે હાથ જોડી શિરસાવર્ત અંજલિ રચી 'જેવી આજ્ઞા' કહી તે આજ્ઞા સ્વીકારી, સ્વીકારીને તરત જ–યાવત્–ધાર્મિક રથ હાજર કર્યો.

ત્યાર પછી તે શિવાનંદા ભાર્યા સ્નાન-બલિકર્મ અને કૌતુક મંગળ પ્રાયશ્ચિત કરીને શુદ્ધ બની શ્રેષ્ઠ મંગળ વસ્ત્રો અને અલ્પ પરંતુ મૂલ્યવાન આભૂષણોથી શરીરને સજ્જ કરી, દાસીઓને સાથે લઈ, ધાર્મિક રથ પર બેસી વાણિજ્ય ગ્રામ નગરની વચ્ચોવચ્ચ થઈ જ્યાં દૂતિપલાશ ચૈત્ય હતું ત્યાં પહોંચી, ત્યાં આવી રથમાંથી નીચે ઊતરી દાસીઓને સાથે લઈ જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજતા હતા તે સ્થળે આવી, આવીને આદક્ષિણા–પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરી ન અતિ દૂર કે ન અતિ સમીપ એવા સ્થાને બેસી ભગવાનની સેવા શુશ્રૂષા કરતી–શ્રવણ માટે ઉત્સુક બની, નમનપૂર્વક અંજલિ રચી પર્યુપાસના કરવા લાગી.

ત્યાર બાદ શ્રમણ ભગવં મહાવીરે શિવાનન્દાને અને તે મોટી પર્ષદાને ધર્મોપદેશ કર્યો.

શિવાનંદાએ ગ્રહણ કરેલ શ્રાવક ધર્મ—

૯૨. ત્યાર પછી તે શિવાનંદા ભાર્યાએ શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત યુક્ત બાર પ્રકારના ગૃહસ્થધર્મને સ્વીકાર કર્યો, ગૃહસ્થધર્મનો સ્વીકાર કરીને શ્રમણ ભગવાન મહાવીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમન કરી તે ધાર્મિક શ્રેષ્ઠ વાહન ઉપર ચડી, ચડીને જે દિશાથી આવી હતી તે જ દિશા તરફ પાછી ગઈ.

આનંદના પ્રવ્રજ્યાગ્રહણ વિશે ગૌતમની પૃચ્છા અને ભગવાનનું સમાધાન–

'ભગવન્!' એમ કહી ભગવાન ગૌતમે, શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને તેમણે આ પ્રમાણે પૂછ્યું-'ભગવન્! આનંદ શ્રાવક આપની પાસે મુંડિત થઈને પ્રવ્રજ્યા ગ્રહણ કરવા સમર્થ છે?'

ભગવાને કહ્યું-'હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી અર્થાત્ એમ થવાનું નથી.

પરંતુ ગૌતમ! આનંદ શ્રાવક ઘણા વરસ સુધી શ્રાવક અવસ્થાનું પાલન કરશે, પાલન કરીને યાવત્ સૌધર્મ દેવલોકને વિશે અરુણાભ-નામક વિમાનમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાં કેટલાક દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. આનંદ શ્રાવક પણ ચાર પલ્યોપમની સ્થિતિ પામશે.

ભગવાનનો જનપદવિહાર—

૯૪. ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે વાણિજ્યગ્રામ નગરમાંથી અને દૂતિપલાશ ચૈત્યમાંથી નીકળ્યા, નીકળીને બહારના જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

આનંદની શ્રમણોપાસક ચર્યા—

૯૫. ત્યાર પછી આનંદ શ્રાવક થઈ ગયો, જીવ-અજીવનો જ્ઞાતા થયો યાવત્ શ્રમણ નિર્ગ્રંથોને પ્રાસુક, એષણીય અશન–પાન–ખાદ્ય–સ્વાદ્ય આહાર તથા વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, ઔષધ, ભૈષજ્ય, પાડિહાર અર્થાત્ પાછા લઈ શકાય તેવા પીઠ, ફલક, શૈયા, સંસ્તારક આદિ વડે સત્કાર કરતો વિચરવા લાગ્યો.

શિવાનંદાની શ્રમણોપાસિકા-ચર્યા—

૯૬. તે શિવાનંદા ભાર્યા પણ શ્રાવિકા થઈ–યાવત્–શ્રમણ નિર્ગ્રંથોને પ્રાસુક, એષણીય, અશન પાન યાવત્ શૈયા–સંસ્તારક વડે સત્કાર કરતી વિહરવા લાગી.

આનંદની ધર્મજાગરિકા અને ગૃહસ્થવ્યવહાર ત્યાગ—

૯૭. ત્યાર પછી તે આનંદ શ્રાવકના અનેક પ્રકારના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ વડે આત્માને ભાવિત કરતા ચૌદ વર્ષ વ્યતીત થયા, પંદરમા વર્ષના મધ્ય ભાગમાં કોઈ દિવસે મધ્યરાત્રિના સમયે ધર્મજાગરિકા કરતાં તેને આ આવા પ્રકારનો અધ્યવસાય-વિચાર યાવત્—મનોગત સંકલ્પ થયો—

હું ખરેખર વાણિજ્યગ્રામ નગરમાં ઘણા રાજા, ધનાઢ્ય વગેરેને બહુ માન્ય છું—યાવત્—મારા પોતાના કુટુંબનો આધારભૂત છું, અવલંબન રૂપ છું, સર્વકાર્યોમાં માર્ગદર્શક છું. તેથી એ વિક્ષેપ વડે હું શ્રમણભગવંત મહાવીરની પાસે સ્વીકારેલી ધર્મ પ્રજ્ઞપ્તિને સારી રીતે સ્વીકાર કરી પાલન કરવા સમર્થ નથી. તે માટે મારે કાલે સૂર્યોદય થાય ત્યારે પૂરણશેઠની જેમ વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમ આહાર તૈયાર કરાવી, યાવત્ કુટુંબને આમંત્રી યાવત્ જયેષ્ઠ પુત્રને કુટુંબમાં સ્થાપિત કરીને, તે મિત્રો વગેરેની યાવત્ જયેષ્ઠ પુત્રની રજા માગીને કોલ્લાક સંનિવેશમાં જ્ઞાતકુલમાં પોષધશાલાનું પ્રતિલેખન કરી શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી પ્રાપ્ત કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિચરવું એ જ શ્રેય છે. તેણે એવો વિચાર કર્યો, વિચાર કરીને બીજા દિવસે સવારે યાવત્ સૂર્ય પ્રકાશિત થતાં વિપુલ અશન—પાન-ખાદ્ય-સ્વાદ્ય આહાર તૈયાર કરાવ્યો અને મિત્રો જ્ઞાતિ-જનો, સ્વજન—સંબંધીઓને આમંત્રણ આપ્યું, આમંત્રીને સ્નાન કર્યું—યાવત્—અલ્પ છતાં બહુ-મૂલ્ય આભૂષણોથી શરીર શણગાર્યું, પછી ભોજન મંડપમાં ઉત્તમ આસન પર બેસી તે મિત્રો જ્ઞાતિજનો, સ્વજનો સંબંધીઓ સાથે ભોજન કર્યું, ભોજન કરીને પછી મુખાદિક સ્વચ્છ કર્યા પછી મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓનું વિપુલ પુષ્પ વગેરે વડે સત્કાર અને સન્માન કર્યું, સત્કાર અને સન્માન કરીને યાવત્ તે મિત્ર વગેરેની સમક્ષ જયેષ્ઠ પુત્રને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું-હે પુત્ર ! એ પ્રમાણે ખરેખર હું વાણિજ્યગ્રામમાં ઘણા રાજા, ધનિક વગેરેને બહુ માન્ય છું, આધાર રૂપ છું, યાવત્ સર્વ કાર્યોમાં સલાહકાર છું પરંતુ આ વિક્ષેપના કારણે હું ધર્મ પ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી વિચ-રવાને સમર્થ નથી. તો અત્યારે મારા કુટુંબમાં તને વડીલ રૂપે સ્થાપિત કરી યાવત્ ધર્મપ્રજ્ઞ-પ્તિના સ્વીકાર કરી વિહરવું મારા માટેશ્રેય છે.'

ત્યાર બાદ જયેષ્ઠ પુત્રે આનંદ શ્રાવકના આ કથનનો 'તહ ત્તિ' (જેવી આપની આજ્ઞા) કહીને વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

૯૮. ત્યાર પછી તે આનંદ શ્રાવકે તે મિત્રો વગેરેની સમક્ષ જયેષ્ઠ પુત્રને કુટુંબમાં વડીલપદે સ્થાપિત કરીને તેને આ પ્રમાણે કહ્યું—' હે દેવાનુ-પ્રિય ! તમે કોઈ આજથી આરંભીને મને પૂછશો નહિ, વારંવાર કુટુંબ—પરિવાર વિશે, ગુપ્ત મંત્રણા વિશે, કોઈ પણ કાર્યના નિર્ણય વિશે, વ્યવહાર વિશે કે અન્ય કોઈ પણ કામ અંગે પૂછશો નહિ અને મારે માટે અશન પાન ખાદિમ સ્વાદિમ તૈયાર કરશો નહિ કે મારી પાસે લાવશો નહિ.'

૯૯. ત્યાર બાદ આનંદ શ્રાવકે જયેષ્ઠ પુત્ર અને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો સંબંધીઓ અને પરિજનો વગેરેની રજા લીધી, રજા લઈને પોતાના ઘરથી નીકળ્યો, નીકળીને વાણિજ્ય-ગ્રામની મધ્યમાં થઈ જ્યાં કોલ્લાક નામે સંનિ-વેશ અને જ્યાં જ્ઞાત કુલ હતું, જ્યાં પોષધશાલા હતી ત્યાં ગયો, જઈને પોષધશાલાનું પ્રમાર્જન કર્યું, પ્રમાર્જન કરીને ઉચ્ચાર—દિશાએ જવાની અને પેશાબ કરવાની જગ્યાને તપાસી જોઈ, જોઈને ડાભનો સંથારો પાથર્યો. અને તેના ઉપર બેઠો, બેસીને પોષધશાલામાં પોષધ ગ્રહણ કરી મણિ—સુવર્ણ આદિનાં આભૂષણો ત્યજી, પુષ્પ-માળા—વિલેપનો આદિ તથા મૂસળ વગેરે શસ્ત્રોનો ત્યાગ કરી, એકાકી, બ્રહ્મચર્યપૂર્વક, દર્ભસંસ્તારક પર સ્થિર થઈ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી મેળવેલ ધર્મ પ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી વિચરવા લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનંદ દ્વારા ઉપાસક પ્રતિમા ગ્રહણ—

૧૦૦. તદનન્તર તે આનંદ શ્રમણોપાસક શ્રાવકની પ્રથમ પ્રતિમા સ્વીકાર કરીને વિચરવા લાગ્યો, તેમાં પ્રથમ ઉપાસક પ્રતિમા (વ્રતવિશેષ)ને સૂત્ર પ્રમાણે, કલ્પ પ્રમાણે, માર્ગ પ્રમાણે યથાતથ્ય યથાર્થપણે, સમ્યક્રૂપે કાયા વડે સ્પર્શી, પાળી, શોભાવી, સંપૂર્ણ કરી, તેનું કીર્તન અને આરાધન કર્યું.

ત્યારબાદ આનંદ શ્રાવકે બીજી ઉપાસક પ્રતિમાને, એમ ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી આઠમી, નવમી, દશમી અને અગિયારમી પ્રતિમાનો યથાસૂત્ર, યથાકલ્પ, સમ્યક્રૂપે કાયા વડે સ્વીકાર કર્યો, પાલન કર્યું, શોધન કર્યું, સંપૂર્ણ કરી, કીર્તન કર્યું અને આરાધના કરી.

ત્યાર પછી તે આનંદ શ્રાવક આવા પ્રકારના ઉદાર વિપુલ પ્રયત્નસાધ્ય તપ:કર્મ વડે શુષ્ક રૂક્ષ, માંસ રહિત અસ્થિપંજર સમાન કૃશ થઈ ગયો, તેના શરીરની નાડીઓ દેખાવા લાગી.

આનંદનું અનશન—

૧૦૧. ત્યાર પછી તે આનંદ શ્રાવકને અન્ય કોઈ દિવસે મધ્યરાત્રીએ ધર્મજાગરિકા કરતાં મનમાં આવો સંકલ્પ થયો– 'હું આ પ્રકારના તપ વડે કૃશ યાવત્ ધમનીથી વ્યાપ્ત શરીરવાળો થઈ ગયો છું, પણ હજી મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય પુરુષાર્થ તથા શ્રદ્ધા, ધૈર્ય અને સંવેગ છે. જ્યાં સુધી મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર જિન સુહસ્તી વિચરે છે ત્યાં સુધી મારે આવતી કાલે સૂર્યોદય થયે સૌથી છેલ્લી મારણાન્તિક સંલેખનાની આરાધનાથી યુક્ત થઈને, આહારપાણીનું પ્રત્યાખ્યાન કરી અને મૃત્યુની આકાંક્ષા નહિ કરતાં રહેવું શ્રેયસ્કર છે.' એમ તેણે વિચાર કર્યો, વિચાર કરીને બીજે દિવસે પ્રાત:કાળે યાવત્ અપશ્ચિમ મારણાન્તિક સંલેખનાની આરાધના સ્વીકારી યાવત્ મૃત્યુની આકાંક્ષા નહિ કરતાં તે વિહરવા લાગ્યો અર્થાત્ સંલેખનાવ્રત સ્વીકારી કરી વિચરવા લાગ્યો.

આનંદને અવધિજ્ઞાનની ઉત્પત્તિ—

૧૦૨. ત્યારબાદ તે આનંદ શ્રાવકને અન્ય કોઈ દિવસે શુભ અધ્યવસાય વડે, શુભ પરિણામ વડે, વિશુદ્ધ લેશ્યાઓ વડે અને અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તે પૂર્વ દિશામાં લવણ સમુદ્રને વિશે પાંચસો યોજન પ્રમાણ ક્ષેત્રને જાણવા લાગ્યો; એ જ પ્રમાણે દક્ષિણ અને પશ્ચિમ દિશામાં પણ જાણવા લાગ્યો. ઉત્તર દિશામાં ક્ષુદ્રહિમવંત નામક વર્ષધરપર્વત સુધી જાણવા અને દેખવા લાગ્યો. તે ઉપર સૌધર્મ દેવલોક સુધી જાણવા અને જોવા લાગ્યો, નીચે રત્નપ્રભા પૃથ્વીના ચોરાશી હજાર વર્ષની સ્થિતિવાળા રોરુય નરકાવાસ સુધી જાણવા અને જોવા લાગ્યો.

ગોચરચર્યા હેતુ નીકળેલા ગૌતમનું આનંદ સમક્ષ ગમન—

૧૦૩. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા.

પર્ષદા વાંદવાને નીકળી અને વાંદી તથા ધર્મોપદેશ સાંભળી પાછી ગઈ.

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના જ્યેષ્ઠ અન્તેવાસી સાત હાથ શરીરવાળા– ઊંચા, સમચતુરસ્ર સંસ્થાનવાળા, વજ્રઋષભનારાચ સંઘયણથી યુક્ત, સુવર્ણની કસોટી ઉપર ઘસેલા સુવર્ણની રેખા જેવા ગૌરવર્ણ, કઠોર તપવાળા, તેજસ્વી તપવાળા, મહા તપસ્વી, ઉદાર ઘોર ગુણવાળા, ઘોર તપસ્વી, ઘોર બ્રહ્મચર્યના ધારક, શરીરના મમત્વનો ત્યાગ કરી દેનાર, સંક્ષિપ્ત અને વિપુલ તેજોલેશ્યાને ધારણ કરનાર, ગૌતમ ગોત્રીય ઇન્દ્રભૂતિ નામક અણગાર નિરન્તર છઠ્ઠછઠ્ઠના તપથી તથા સંયમ અને તપશ્ચર્યા દ્વારા આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

ત્યાર પછી તે ભગવાન ગૌતમે છઠના પારણાના દિવસે પ્રથમ પોરસીમાં સ્વાધ્યાય કર્યો. બીજી પોરસીએ ધ્યાન કર્યું, ત્રીજી પોરસીએ ત્વરા અને ચપલતારહિત સંભ્રમરહિત થઈ મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કર્યું, પ્રતિલેખન કરી પાત્ર અને વસ્ત્રનું પ્રતિલેખન કર્યું પ્રતિલેખન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી પાત્ર અને વસ્ત્રને પ્રમાર્જ્યાં, પ્રમાર્જી પાત્રો ગ્રહણ કર્યાં, ગ્રહણ કરી શ્રમણ ભગવાન મહાવીરની પાસે જઈ વંદન અને નમસ્કાર કર્યા, વંદન અને નમસ્કાર કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા – 'હે ભગવન ! આપની અનુજ્ઞાથી, છઠ્ઠના ઉપવાસના પારણે વાણિજ્યગ્રામ નગરને વિશે ગૃહસામુદાનિક ભિક્ષાચર્યા (એક બાજુના કોઈ પણ ઘરને છોડયા વગર અટન કરવા) માટે ઉચ્ચ નીચ અને મધ્યમ કુલોમાં હું ભિક્ષાચર્યાએ જવા ઈચ્છું છું.'

ભગવાને ઉત્તરમાં કહ્યું–'હે દેવાનુપ્રિય ! સુખ થાય તેમ કરો, વિલંબ ન કરો.'

ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીરે અનુજ્ઞા આપી એટલે ભગવાન ગૌતમ શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી દૂતિપલાશ ચૈત્યથી નીકળ્યા, નીકળીને ત્વરા, ચપલતા અને સંભ્રમ સિવાય યુગ પ્રમાણ (ચાર હાથ સુધી) ભૂમિને જોનારી દૃષ્ટિ વડે ઈર્યામાર્ગને શોધતાં જ્યાં વાણિજ્યગ્રામ નગર છે ત્યાં આવ્યા, આવીને વાણિજ્યગ્રામ નગરમાં ગૃહસામુદાનિક ભિક્ષાચર્યા માટે ઉચ્ચ નીચ અને મધ્યમ કુલોમાં અટન કરવા લાગ્યા.

ત્યાર પછી તે ભગવાન ગૌતમે વાણિજ્યગ્રામ નગરમાં ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં ગૃહ સામુદાનિક ભિક્ષાચર્યાએ ફરીને યથાયોગ્ય ભાત–પાણીને સમ્યક્ પ્રકારે ગ્રહણ કર્યાં, ગ્રહણ કરીને વાણિજ્યગ્રામથી બહાર નીકળ્યા, નીકળીને કોલ્લાક સંનિવેશની પાસેથી જઈ રહ્યા હતા ત્યારે અનેક લોકોની વાતચીતનો અવાજ સાંભળ્યો, ઘણા માણસો પરસ્પર એમ કહેતા હતા કે–'હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવંત મહાવીરના અંતેવાસી આનંદ નામક શ્રાવક પોષધશાલામાં અપશ્ચિમ મારણાન્તિક સંલેખનાનું આરાધન કરી રહ્યા છે, ભક્ત પાનનો ત્યાગ કરી અને મૃત્યુની દરકાર નહિ કરતા વિહરે છે.'

ત્યારે તે ભગવાન ગૌતમને ઘણા જણની પાસેથી એ વાત સાંભળી, વિચારી આવા પ્રકારનો આ વિચાર થયો–'હું જાઉં અને આનંદ શ્રાવકને જોઉં.' એમ વિચાર તેમણે કર્યો, વિચારીને જ્યાં કોલ્લાક સંનિવેશ હતું, જ્યાં પોષધશાલા હતી અને જ્યાં આનંદ શ્રમણોપાસક હતા ત્યાં તેઓ જઈ પહોંચ્યા.

ત્યાર બાદ તે આનંદ શ્રાવકે ભગવાન ગૌતમને આવતા જોયા, જોઈને તેણે પ્રસન્ન અને સંતુષ્ટ હૃદયવાળા થઈ ભગવાન ગૌતમને વંદન–નમસ્કાર કર્યાં, વાંદી અને નમીને આ પ્રમાણે બોલ્યો–'હે ભગવાન ! હું આ વિપુલ શુષ્ક, રૂક્ષ, માંસહીન, અસ્થિપંજર સમાન અને ઉગ્રતપના કારણે ધમની-નાડીઓ વડે વ્યાપ્ત શરીરવાળો થયો છું. તેથી આપ દેવાનુપ્રિયની પાસે આવીને ત્રણ વાર મસ્તક વડે આપના પગે વંદન કરવાને સમર્થ નથી, તો ભગવન્ ! આપ જ સ્વેચ્છાથી અનભિયોગ–દબાણ વગર અહીં આવો તો આપ દેવાનુપ્રિયના પગે મસ્તક વડે ત્રણ વાર વંદન નમસ્કાર કરું.'

ત્યારે ભગવાન ગૌતમ જ્યાં આનંદ શ્રમણોપાસક હતા ત્યાં આવ્યા.

અવધિજ્ઞાનવિષયક આનંદ–ગૌતમ સંવાદ –

૧૦૪. ત્યાર પછી તે આનંદ શ્રાવકે ભગવાન ગૌતમને ત્રણ વાર મસ્તક નમાવી પાય વંદન નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને તેણે આ પ્રમાણે કહ્યું–'ભગવન્ ! ગૃહસ્થને ગૃહવાસમાં રહેતા અવધિજ્ઞાન થઈ શકે છે ?

[ગૌતમ]–'હા, થઈ શકે છે.'

'ભગવન્ ! ગૃહસ્થને જો અવધિજ્ઞાન થઈ શકે તો હે ભગવન્ ! ગૃહવાસમાં રહેતા ગૃહસ્થ એવા મને પણ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે. જેથી હું પૂર્વ દિશામાં લવણ સમુદ્રમાં પાંચસો યોજન સુધી યાવત્ નીચે રોરુયનામક નરકાવાસ સુધી જાણું છું અને જોઉં છું.'

ત્યારે ભગવાન ગૌતમે આનંદ શ્રમણોપાસકને કહ્યું–'આનંદ ! ગૃહસ્થને અવધિજ્ઞાન થાય છે, પરંતુ એટલું મોટું હોતું નથી. માટે આનંદ ! તું મૃષાવાદરૂપ એ સ્થાનકની–વિષયની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આલોચના કર, નિંદા, ગર્હા કર. આવી અયોગ્ય ધારણાની શુદ્ધિ કર, શુદ્ધિને માટે તપઃકર્મ (પ્રાયશ્ચિત્ત) સ્વીકાર કર.'

ત્યારે તે આનંદ શ્રમણોપાસકે ભગવાન ગૌતમને કહ્યું –'હે ભગવન્ ! જિન પ્રવચનમાં સત્ય, તથ્ય તથા યથાર્થ ભાવોની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, નિવૃત્તિ, અયોગ્યકરણની શુદ્ધિ કરાય છે? યાવત્ પ્રાયશ્ચિત્તરૂપે તપનો સ્વીકાર કરાય છે ?'

**ભગવાન દ્વારા ગૌતમની શંકાનું નિવારણ—**

૧૦૫. ત્યાર બાદ આનંદ શ્રાવક દ્વારા આ પ્રમાણે કહેવાતાં શંકિત-શંકાવાળા, કાંક્ષિત-જિજ્ઞાસાવાળા અને વિચિકિત્સા-સંશયને પ્રાપ્ત થયેલા ભગવાન ગૌતમ આનંદ શ્રાવક પાસેથી બહાર નીકળ્યા, નીકળીને જ્યાં દૂતિપલાશ ચૈત્ય અને શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા, ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરથી થોડે દૂર રહી ગમનાગમન સંબંધી પ્રતિક્રમણ કર્યું, પ્રતિક્રમણ કરી, એષણા-અનેષણાની આલોચના કરી, આલોચના કરીને ભગવાનને આહાર-પાણી દેખાડયા, આહારપાણી દેખાડી શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા—'હે ભગવંત ! આપની અનુજ્ઞા મેળવી હું વાણિજ્યગ્રામ નગરમાં ગોચરી માટે ગયો હતો. યથાયોગ્ય આહારપાણી મેળવી હું વાણિજ્યગ્રામ નગરમાંથી નીકળ્યો, નીકળીને કોલ્લાગ સંનિવેશ પાસેથી પસાર થતો હતો ત્યારે અનેક માણસોનો કોલાહલ સાંભળ્યો, તે બધા માણસો અન્યોન્ય આ પ્રમાણે કહી રહ્યા હતા બોલી રહ્યા હતા યાવત્ પ્રતિપાદન કરતા હતા કે હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી અનુયાયી આનંદ શ્રમણોપાસક પૌષધશાળામાં અંતિમ મરણાંતિક સંલેખના અંગીકાર કરીને, ભક્તપાનનો પરિત્યાગ કરીને, મૃત્યુની આકાંક્ષા રાખતા વિચરી રહ્યા છે.'

ત્યારે તે અનેક માણસોની આવી વાત સાંભળીને અને સમજીને મને આવો આંતરિક વિચાર યાવત્ મનોગત સંકલ્પ પેદા થયો કે હું જાઉં અને આનંદ શ્રમણોપાસકને જોઉં ! મેં આવો વિચાર કર્યો, વિચાર કરીને જ્યાં કોલ્લાગ સંનિવેશ હતો, જ્યાં પૌષધશાળા હતી અને તેમાં જ્યાં આનંદ શ્રમણોપાસક હતો ત્યાં પહોંચ્યો.

ત્યારે તે આનંદ શ્રમણોપાસકે મને પોતાની તરફ આવતા જોયો, જોઈને તે હૃષ્ટ-તુષ્ટ અને આનંદિત મનવાળો બન્યો, તેના મનમાં મારા માટે પ્રીતિ થઈ, પરમ સૌમનસ્યભાવ થયો અને હર્ષના અતિરેકથી વિકસતા હૃદયવાળા તેણે મને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું- 'હે ભદન્ત ! હું આ મહાન, પ્રધાન, વિપુલ, પ્રયત્નસાધ્ય તપોકર્મ ગ્રહણ કરીને શુષ્ક, રુક્ષ, માંસ રહિત હાડકાના માળા જેવો, કડાકડાટી કરતા શરીરવાળો, કૃશ અને શરીર પર માત્ર નસો ઊભરાઈ રહી હોય તેવો બની ગયો છું. જેથી આપ દેવાનુપ્રિયની નજીક આવી ત્રણ વાર મસ્તક નમાવી ચરણવંદના કરવા સમર્થ નથી. આથી હે ભગવન્ત ! આપ સ્વયં કૃપા કરી આપની ઇચ્છાર્થી જ મારી સમીપ પધારો તો હું ત્રણ વાર મસ્તક નમાવી ચરણ વંદના કરું.'

ત્યારે હું સ્વયં આનંદ શ્રમણોપાસક પાસે ગયો અને તેણે ત્રણ વાર મસ્તક નમાવી મારા ચરણોમાં વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી પછી તેણે આ પ્રમાણે કહ્યું –'હે ભગવન્ ! શું ઘરમાં રહેતા ગૃહસ્થને અવધિજ્ઞાન ઉત્પન્ન થઈ શકે ખરું ?' જવાબમાં મેં કહ્યું- 'હા થઈ શકે.'

આ પછી ફરી તેણે કહ્યું-'હે ભદંત ! જો ઘરમાં રહેનાર ગૃહસ્થને અવધિજ્ઞાન થઈ શકે તો ઘરમાં રહેનાર એવા મને પણ અવધિજ્ઞાન થયું છે જેથી હું પૂર્વ દિશામાં લવણ સમુદ્ર સુધીના પાંચસો યોજન વિશાળ ક્ષેત્રને જોઈ શકું છું-જાણી શકું છું. દક્ષિણ દિશામાં પણ લવણ સમુદ્ર સુધીના પાંચસો યોજન પ્રમાણ ક્ષેત્રને હું જોઈ શકું છું. પશ્ચિમમાં લવણસમુદ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધીના પાંચસો યોજન ક્ષેત્રને હું જોઈ જાણી શકું છું અને ઉત્તરમાં ચુલ્લ હેમવંત વર્ષધર પર્વત સુધીના ક્ષેત્રને જોઈ જાણી શકું છું. ઊર્ધ્વ દિશામાં સૌધર્મકલ્પ દેવલોક સુધી જોઈ જાણી શકું છું અને અધો દિશામાં રત્નપ્રભા નામે પ્રથમ નારકભૂમિના ચોરાસી હજાર વર્ષની સ્થિતિવાળા લોલુપાચ્યુત નામના નરક સુધીના ક્ષેત્રને જાણી–જોઈ શકું છું.'

ત્યારે મેં આનંદ શ્રમણોપાસકને કહ્યું કે 'હે આનંદ ! ઘરમાં રહેનાર ગૃહસ્થને અવધિજ્ઞાન જરૂર થઈ શકે છે પરંતુ આટલા વિશાળ ક્ષેત્રને જોવા–જાણવાની શક્તિવાળું અવધિજ્ઞાન નથી થઈ શકતું. આથી હે આનંદ ! તું આ મૃષાવાદ રૂપ સ્થાન ( અસત્ય કથન)ની આલોચના કર યાવત્ યથા યોગ્ય પ્રાયશ્ચિત માટે કોઈ તપ ગ્રહણ કર.'

ત્યારે આનંદ શ્રમણોપાસકે મને આ પ્રમાણે કહ્યું–'હે ભદંત ! શું જિનપ્રવચનમાં સત્ય, તાત્ત્વિક, તથ્ય અને યથાયોગ્ય ભાવોને માટે પણ આલોચના યાવત્ યથોચિત પ્રાયશ્ચિત્ત અને તદનુરૂપ તપ ગ્રહણ કરવું પડે છે ?' મેં જવાબમાં કહ્યું કે–ના, એવું નથી હોતું.'

આ વાત સાંભળી આનંદ શ્રમણોપાસકે કહ્યું–' હે ભગવન્ ! જો જિન પ્રવચનમાં સત્ય, તાત્ત્વિક, તથ્ય અને સદ્ભૂત ભાવો માટે આલોચના–યાવત્–યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત અને તપોકર્મ ગ્રહણ કરવું ન પડતું હોય તો હે ભગવન્ ! આપ પોતે જ આ સ્થાનની આલોચના કરો યાવત્–યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત અને તદનુરૂપ તપશ્ચરણનો સ્વીકાર કરો.'

ત્યાર બાદ આનંદ શ્રમણોપાસકની આવી વાત સાંભળીને હું શંકા, કાંક્ષા અને વિચિકિત્સા-સંશયયુક્ત થતો થતો હું આનંદ શ્રમણોપાસકની પાસેથી નીકળીને શીઘ્ર અહીં આવ્યો છું તો હે ભગવન્ ! આનંદ શ્રમણોપાસકે તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, નિવૃત્તિ, અકાર્યની વિશુદ્ધિ કરવી જોઈએ, યાવત્ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ અથવા મારે કરવું જોઈએ ?'

'ગૌતમ !' એમ સંબોધન કરી શ્રમણ ભગવંત મહાવીરે ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું–' હે ગૌતમ તું જ તે સ્થાનની આલોચના કર, યાવત્ તપઃકર્મ પ્રાયશ્ચિતનો સ્વીકાર કર અને આનંદ શ્રમણોપાસકની આ સંબંધે ક્ષમા માગ.'

**ગૌતમ દ્વારા ક્ષમાયાચના–**

૧૦૬. ત્યાર બાદ ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને 'તહત્તિ' (જેવી આજ્ઞા) કહી આ કથનનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો. સ્વીકાર કરીને તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, નિવૃત્તિ, અકાર્યની વિશુદ્ધિ કરી અને યથાયોગ્ય પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કર્યો અને આનંદ શ્રમણોપાસકની ક્ષમા યાચી.

**ભગવાનનો જનપદ વિહાર—**

૧૦૭ ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીર અન્ય કોઈ દિવસે ત્યાંથી વિહાર કરી બહાર જનપદોમાં વિચરણ કરવા લાગ્યા.

**આનંદનું સમાધિમરણ, દેવલોકમાં ઉત્પત્તિ અને ત્યાર બાદ સિદ્ધગમન નિરૂપણ—**

૧૦૮. ત્યાર પછી તે આનંદ શ્રમણોપાસક ઘણાં શીલવ્રતો, ગુણવ્રતો, વિરતિ, પ્રત્યાખ્યાન અને પોષધોપવાસ વડે આત્માને ભાવિત કરતા વીસ વરસ સુધી શ્રમણોપાસક પર્યાય પાળીને, શ્રાવકની અગિયાર પ્રતિમાઓને સમ્યક્ ? આરાધના વડે સ્પર્શીને, માસિક સંલેખના વડે આત્માને શુદ્ધ કરી, સાઠ ભક્તના ત્યાગપૂર્વક અનશન કરી, આલોચના અને પ્રતિક્રમણ કરી, સમાધિને પ્રાપ્ત થઇ યથાસમય કાળ કરીને સૌધર્મ દેવલોકમાં સૌધર્માવતંસક મહાવિમાનની ઉત્તર પૂર્વ દિશાએ ( ઇશાન કોણમાં ) રહેલા અરુણ વિમાન વિશે દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં કેટલાક દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. આનંદ દેવની પણ ચાર પલ્યોપમની સ્થિતિ થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે ભગવન્! આનંદ દેવ તે દેવલોકથી આયુષ્યના ક્ષય, ભવના ક્ષય અને સ્થિતિના ક્ષય પછી ચ્યવી કયાં જશે? કયાં ઉત્પન્ન થશે? [ભગવાન ગૌતમે પ્રશ્ન કર્યો].

'હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે અને સર્વ દુઃખનો અંત કરશે.' [ભગવાન મહાવીર સ્વામીએ ઉત્તરમાં કહ્યું.]

॥ મહાવીર તીર્થમાં આનંદ ગૃહપતિ કથાનક ॥

## ૬. કામદેવ ગાથાપતિ કથાનક

**ચંપામાં કામદેવ ગાથાપતિ—**

૧૦૯. તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી. ત્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું. જિતશત્રુ રાજા હતો.

તે ચંપા નગરીમાં ધનાઢ્ય યાવત્ કોઈથી ગાંજ્યો ન જાય તેવો કામદેવ ગૃહપતિ હતો.

તે કામદેવ ગૃહપતિની છ કરોડ સુવર્ણ મુદ્રાઓ નિધાનમાં મૂકેલી હતી, છ કરોડ વ્યાજે ફરતી હતી અને છ કરોડ વ્યાપાર-વિસ્તારમાં રોકેલી હતી. તેની પાસે દશ હજાર ગાયોનો એક એવા છ વ્રજો-ગોકુળો હતાં.

તે કામદેવ ગાથાપતિ અનેક રાજાઓ-યાવત્ વ્યાપારીઓનું પૂછવાનું સ્થાન હતો, સલાહનું સ્થાન હતો તથા કુટુંબના મોભ સમાન યાવત્-બધા કામોમાં અગ્રણી હતો.

તે કામદેવ ગાથા પતિની-ભદ્રા નામે ભાર્યા હતી જે શુભ લક્ષણો યુક્ત, પરિપૂર્ણ પંચેન્દ્રિયવાળી યાવત્-માનુષી કામભોગો ભોગવતી રહેતી હતી.

**મહાવીર સમવસરણ—**

૧૧૦. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર યાવત્-જ્યાં ચંપા નગરી હતી, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં પધાર્યા, ત્યાં પધારીને યથાયોગ્ય અવગ્રહ ધારણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ભગવાનની ધર્મ પરિષદ ભરાઈ.

કોણિક રાજાની જેમ જ જિતશત્રુ રાજા પણ દર્શન માટે નીકળ્યો-યાવત્-પર્યુપાસના કરવા લાગ્યો.

**કામદેવનું સમવસરણમાં જવું અને ધર્મ શ્રવણ—**

૧૧૧. ત્યાર પછી કામદેવ ગૃહપતિ મહાવીર સ્વામી આવ્યાની આ વાત સાંભળી 'શ્રમણ ભગવાન મહાવીર ક્રમાનુક્રમે ફરતા ફરતા ગામોગામ વિહાર કરતા કરતા અહીં આવ્યા છે, અહીં જ ચંપા-નગરની બહાર પૂર્ણભદ્ર ચૈત્યમાં સમોસર્યા છે અને યથાયોગ્ય અભિગ્રહ ધારણ કરતા તપ અને સંયમથી આત્માને ભાવિત કરતા વિહરે છે, તો અરિહંત ભગવંતોનું નામ શ્રવણ પણ મહાફળવાળું છે તો વંદન-નમસ્કાર વગેરેનું કરવું મહા ફળવાળું હોય તેમાં શું કહેવું? માટે હે દેવાનુપ્રિયો! હું જાઉં અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરું. તેમનું સન્માન કરું અને તેમના કલ્યાણ રૂપ, મંગલરૂપ, દેવ-રૂપ અને ચૈત્ય-જ્ઞાન સ્વરૂપની પર્યુપાસના કરું.' એવો તેણે વિચાર કર્યો, વિચાર કરી શુદ્ધ અને સભામાં પ્રવેશ કરવા લાયક વસ્ત્રો ધારણ કરી અલ્પ અને મહામૂલ્ય અલંકારો વડે અલંકૃત શરીરવાળો થઈ પોતાના ઘરથી બહાર નીકળ્યો, નીકળીને કોરંટ પુષ્પોની માળાથી યુક્ત છત્ર ધારણ કરી મનુષ્યોના સમૂહથી વીંટાયેલો, પગે ચાલીને ચંપાનગરીની મધ્યભાગમાં થઈને નીકળ્યો અને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું અને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યો ત્યાં આવીને ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કરી યથા-યોગ્ય સ્થાનને ધારણ કરી પર્યુપાસના કરવા લાગ્યો.

ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે તે કામ-દેવ ગૃહપતિ અને તે મોટી સભાને-યાવત્ ધર્મોપદેશ કર્યો.

પરિષદ પાછી ફરી અને રાજા પણ ચાલ્યા ગયા.

**કામદેવનો ગૃહસ્થ ધર્મ સ્વીકાર—**

૧૧૨. ત્યારબાદ તે કામદેવ ગૃહપતિ ભગવાન શ્રી મહાવીર પાસેથી ધર્મ શ્રવણ કરી અને હૃદયમાં ધરીને હૃષ્ટ-તુષ્ટ થયો, આનંદિત ચિત્તવાળો, પ્રીતિ ભર્યા મનવાળો, પરમ સૌમ્ય ભાવવાળો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને હર્ષવશાત્ વિકસિત હૃદયવાળો બની પોતાના આસન પરથી ઊઠયો, ઊઠીને ત્રણવાર શ્રમણ ભગવાન મહાવીરની આદક્ષિણા પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા અને આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્! હું નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું, હે ભગવન! હું નિર્ગ્રન્થ પ્રવચનમાં વિશ્વાસ ધરાવું છું, હે ભગવાન્! નિર્ગ્રન્થ પ્રવચન મને રુચિકર છે, હે ભગવન્! તે પ્રવચનનો હું આદર કરું છું. હે ભગવન્! આ આ પ્રમાણે જ છે, હે ભગવન્! આ તથ્યરૂપ છે, હે ભગવન! આ યથાર્થ છે. હે ભગવન્! આ સંદેહ રહિત છે. હે ભગવન્! આ અભિલાષા કરવા યોગ્ય છે. હે ભગવન્! આ ગ્રહણ કરવા યોગ્ય છે. હે ભગવન્! ઇચ્છનીય અને ગ્રહણ કરવા યોગ્ય છે. જે રીતે આપે પ્રતિપાદિત કર્યું તે પ્રમાણે જ છે. પરંતુ હે દેવાનુપ્રિય! જે રીતે અનેક રાજાઓ, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ પ્રભૃતિ મુંડિત થઈને ગૃહત્યાગ કરી આનગારિક પ્રવ્રજ્યાથી પ્રવ્રજિત થાય છે તે પ્રમાણે મુંડિત થઈ ગૃહત્યાગ કરી અનગાર દીક્ષા અંગીકાર કરવા તો હું સમર્થ નથી; પરંતુ આપ દેવાનુપ્રિય પાસેથી પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત રૂપી બાર પ્રકારના શ્રાવક ધર્મને ગ્રહણ કરવા ઇચ્છું છું.'

ભગવાને કહ્યું—'હે દેવાનુપ્રિય! જે રીતે ઉચિત હોય, ઇચ્છનીય હોય તે રીતે કરો, પરંતુ વિલંબ-પ્રમાદ ન કરો.'

ત્યાર બાદ તે કામદેવ ગૃહપતિએ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મ અંગીકાર કર્યો.

### ભગવાનનો જનપદ વિહાર—

૧૧૩. ત્યાર બાદ કોઈ એક દિવસે શ્રમણ ભગવાન મહાવીર ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યથી નીકળી બાહ્ય જનપદોમાં વિહરવા લાગ્યા.



### કામદેવની શ્રમણોપાસક ચર્યા—

૧૧૪. આ પ્રસંગ પછી કામદેવ જીવ અને અજીવ તત્ત્વોનો જ્ઞાતા શ્રમણોપાસક બની ગયો યાવત્ શ્રમણ નિર્ગ્રંથોને પ્રાશુક એષણીય, અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, વસ્ત્ર, પ્રતિગ્રહ-પાત્ર આદિ, કામળી, પાદપ્રોંછન-રજોહરણ, ઔષધિ, ભૈષજ અને પડિહારી પીઠ, ફલક, શૈયા, સંસ્તારકથી પ્રતિલાભિત કરતો વિચરવા લાગ્યો.

### ભદ્રાની શ્રમણોપાસક ચર્યા—

૧૧૫. તદન્તર તે ભદ્રા ગૃહિણી જીવાજીવાદિ તત્ત્વોની જ્ઞાતા શ્રમણોપાસિકા બની ગઈ યાવત્ શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાશુક એષણીય અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય આહાર, વસ્ત્ર, પાત્રાદિ, કામળી, પાદપ્રોંછન-રજોહરણ ઔષધિ, ભૈષજ અને પડિહારી પીઠ, ફલક, શૈયા, સંસ્તારકથી પ્રતિલાભિત કરતી પોતાનો સમય વ્યતીત કરવા લાગી.

### કામદેવની ધર્મજાગરણા અને ગૃહવ્યવહાર ત્યાગ—

૧૧૬. તદન્તર કામદેવ શ્રમણોપાસકનાં આ પ્રમાણે શીલવ્રતો, ગુણવ્રતો, વિરમણો, પૌષધોપવાસ દ્વારા આત્માને સંસ્કારિત કરતાં ચૌદ વર્ષ વીતી ગયા. પંદરમા વર્ષના અંતરાલમાં કોઈ એક રાત્રે ધર્મજાગરણ માટે રાત્રિ જાગરણ કરતાં તેમને આ પ્રમાણે આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે—ચંપાનગરીના બધા લોકો પોત-પોતાના કામ માટે મારી સલાહ લે છે, મારી સાથે વિચાર-વિમર્શ કરે છે અને મારા પોતાના કુટુંબ માટે પણ હું આધાર-સ્તંભ સમાન યાવત્ બધાં કાર્યો માટે પ્રેરકરૂપ છું. તેથી આ વિક્ષેપને કારણે ભગવાન મહાવીર પાસેથી પ્રાપ્ત કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિચરણ કરવામાં સમર્થ નથી થતો.'

ત્યાર પછી શ્રમણોપાસક કામદેવે પોતાના જયેષ્ઠપુત્ર, મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન સંબંધીઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પરિચિતોને પૂછયું, પૂછીને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને ચંપાનગરીની વચ્ચેથી પસાર થતાં જ્યાં પૌષધશાળા હતી, ત્યાં આવ્યો, આવીને પૌષધશાળાનું પ્રમાર્જન કર્યું, પ્રમાર્જન કરીને ઉચ્ચારપ્રસ્રવણ ભૂમિની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને દર્ભનું આસન પાથર્યું, પાથરીને તેના પર બેઠો, બેસીને પૌષધશાળામાં પૌષધવ્રતી બનીને બ્રહ્મચર્યપૂર્વક, સોનાના ને મણિના બનેલાં આભૂષણો, પુષ્પમાળાઓ, વર્ણકો, વિલેપનોને ત્યજીને અને મૂસલાદિ શસ્ત્રોનો ત્યાગ કરીને, એકાકી, અદ્વિતીય બનીને દર્ભના બનાવેલા આસન ઉપર બેસીને, શ્રમણ ભગવાન મહાવીર પાસેથી અંગીકાર કરેલી ધર્મપ્રજ્ઞપ્તિ–ધર્મશિક્ષાનો સ્વીકાર કરીને ઉપાસનામાં મગ્ન બની ગયો.

**પિશાચરૂપે ઉદ્ભવેલ મારણાંતિક ઉપસર્ગનો કામદેવ દ્વારા સમ્યક્ પણે પ્રતિકાર–**

૧૧૭. તદન્તર કામદેવ શ્રમણોપાસક આગળ મધ્યરાત્રીના સમયે એક માયાવી અને મિથ્યાદૃષ્ટિ દેવ પ્રગટ થયો.

તે દેવે એક વિશાળકાય પિશાચનું રૂપ બનાવ્યું હતું–ધારણ કર્યું હતું. તે દેવના પિશાચરૂપનું વર્ણન આ પ્રમાણે વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે—

તે પિશાચનું માથું ગોકિલંજ અર્થાત્ ગાયને ચારો નાખવા માટે ઉપયોગમાં લેવાતી વાંસની ટોપલી જેવું હતું. તેના વાળ-ધાનની મંજરીના તંતુઓ જેવા રુક્ષ લાંબા હતા. તે ભૂખરા અને ચમકતા હતા.

લલાટ મોટા માટલાના આકાર જેવું હતું. તેની ભ્રમરો ગરોળીની પૂંછડી જેવી હતી, જે દેખાવમાં ખૂબ વિકૃત તેમજ બીભત્સ લાગતી હતી. આંખો માથારૂપી ઘડામાંથી બહાર નીકળેલી વિકૃત અને બીભત્સ દેખાવવાળી હતી.

કાન તૂટેલા સૂપડાં જેવા મોટા અને કુરૂપ દેખાતા હતા.

નાક દેડકાના નાક જેવું ચપટું હતું. તેના નાકનાં બંને નસકોરાં બાંકોરા જેવા અને જોડાયેલા બે ચૂલા જેવા દેખાતા હતા.

ઘોડાની પૂંછડી જેવી તેની મૂછો હતી, જેનો રંગ ભૂખરો હતો અને ખૂબ વિકૃત અને બીભત્સ હતી.

હોઠ ઊંટના હોઠ જેવા લાંબા હતા.

દાંત હળની અણી જેવા તીક્ષ્ણ અને અણીદાર હતા.

જીભ સૂપડાના ટુકડા જેવી વિકૃત અને જોનારને બીક લાગે તેવી હતી.

તેની દાઢી હળના આગળના ભાગની જેમ બહારની તરફ ઉપસેલી હતી.

કડાઈ જેવા અંદર તરફ બેઠેલા તેના ગાલ હતા, તે ચીરાયેલા હતા, અર્થાત્ તેના પર ઘા વાગ્યાના નિશાન હતા. તે ભૂખરા રંગના, કઠોર અને વિકરાળ હતા.

તેના ખભા મૃદંગ જેવા હતા. તેનું વક્ષસ્થળ (છાતી) નગરના દરવાજા જેવું પહોળું હતું. તેની બંને ભુજાઓ ધમણની નાળ જેવી હતી.

તેની બંને હથેળીઓ ઘંટીના થાળા જેવી મોટી હતી.

હાથની આંગળીઓ મસાલો વગેરે વાટવાના પથરા જેવી હતી.

તેના નખ ચિપીયા જેવા હતા.

તેના બંને સ્તન હજામના થેલા (અસ્તરો આદિ મૂકવા માટેની ચામડાની થેલી) જેવા છાતી પર લટકી રહ્યા હતા.

તેનું પેટ લોઢાના બનેલા ઢોલ (કોઠી) જેવું ગોળ હતું.

તેની દુંટી વણકરોના કપડા બોળવાના વાસણ જેવી ઊંડી હતી.

તેની આંખો શીકાની જેમ લટકતી હતી.

તેના બન્ને અંડકોષ મહુડાના સંપુટ જેવા હતા.

તેની બન્ને જાંઘો સરખા આકારવાળી બે જોડેલી કોઠીઓ જેવી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના ઘૂંટણ અર્જુન ઘાસના ગઠ્ઠા જેવા કુટિલ-ગુંચળાવાળા અને વિકૃત તથા ભયાનક દેખાવના હતાં.

તેની પીંડલીઓ કઠોર અને વાળથી ભરેલી હતી.

તેનાં બન્ને પગ દાળ પીસવાની કુંડીના પથરા જેવા અને તેની પગની આંગળીઓ દાળ પીસવાના પથરા જેવી હતી. તે આંગળીઓના નખ સીપલીઓ જેવા હતા.

તેની ઘૂંટીઓ મોટી, લાંબી અને લટક-મટક થતી હતી.

તેની ભ્રમરો વિકૃત, ભગ્ન અને વક્ર હતી.

તેનું મોઢું ફાટેલું અને જીભ બહાર લટકતી હતી.

તેના મસ્તક પર કાચંડા અને ગરોળીઓની માળા વીંટેલી હતી અને ગળામાં તેણે પોતાની નીશાનીરૂપ ઊંદરોની માળા પહેરી હતી.

તેના કાનમાં કુંડળોની જગ્યાએ નોળિયા લટકાવેલા હતા અને તેણે સાપોનો બનાવેલ દુપટ્ટો પહેર્યો હતો.

તે પોતાની ભુજાઓ પર હાથ અફાળતો હતો, ગર્જના કરતો હતો, અને ભયંકર અટ્ટહાસ્ય કરતો હતો. વિવિધ પ્રકારના પચરંગી વાળથી તેનું શરીર ભરાયેલું હતું. એક નીલકમળ, પાડાના સીંગ અને અળસીના ફૂલ જેવી કાળી તીક્ષ્ણ તલવાર લઈને જ્યાં પૌષધશાળા હતી, જ્યાં શ્રમણોપાસક કામદેવ રહેલો હતો ત્યાં તે પિશાચ આવી પહોંચ્યો ત્યાં આવીને અત્યંત ક્રોધાયમાન, કોપાયમાન, રુષ્ટ થઈને ક્રોધથી ધગધગતા તેણે કામદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—

'અરે ઓ કામદેવ શ્રમણોપાસક! અપ્રાર્થિતની પ્રાર્થના કરનાર-અર્થાત્ જેને કોઈ નથી ઈચ્છતું તે મૃત્યુની ઈચ્છા કરનાર! દુઃખદ અંત અને અશુભ લક્ષણોવાળા! દુર્ભાગ્યપૂર્ણ ચતુર્દશીના દિવસે જન્મ લેનાર! શ્રી, હ્રી-લજ્જા, ધી-બુદ્ધિ, કીર્તિ વગરના! ધર્મની ઈચ્છા રાખનારા! પુણ્યની કામના કરનાર, સ્વર્ગની કામના કરનાર, મોક્ષની કામના કરનાર, ધર્માકાંક્ષી! પુણ્યાકાંક્ષી! મોક્ષાકાંક્ષી! ધર્મપિપાસુ, પુણ્ય પિપાસુ! સ્વર્ગ-પિપાસુ! મોક્ષ-પિપાસુ! દેવાનુપ્રિય! શીલ, વ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન તથા પૌષધોપવાસથી વિચલિત થવું, ક્ષુબ્ધ થવું, તેનો ભંગ કરવો, તોડવાં, ત્યાગ કરવો, પરિત્યાગ કરવો તને નથી કલ્પતો. પરંતુ જો આજે તું શીલ, વ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ નીલકમલ જેવી, ભેંસના શીંગડા જેવી અને અળસીના ફૂલ જેવી ઘેરી નીલી તીક્ષ્ણ ધારવાળી તલવારથી તારા ટુકડે ટુકડા કરી નાખીશ. જેથી હે દેવાનુપ્રિય! તું આર્તધ્યાનમાં વશીભૂત થઈને, અતિવિકટ દુઃખ ભોગવીને અકાળ મરણ પામીને પ્રાણથી હાથ ધોઈ નાખીશ".

આ પ્રમાણે તે પિશાચરૂપધારી દેવ દ્વારા બીજી વાર અને ત્રીજી વાર કહેવાયાં છતાં પણ શ્રમણોપાસક કામદેવ નિર્ભય યાવત્ શાન્તભાવથી ધર્મધ્યાનમાં જ રત રહ્યો.

તદનન્તર તે પિશાચદેવે શ્રમણોપાસક કામદેવને નિર્ભય યાવત્ ઉપાસનામાં લીન જોયો, જોઈને ખૂબ જ ક્રોધિત, રુષ્ટ, કોપાયમાન, ચંડિકા જેવા વિકરાળ બનીને અને દાંત ભીંસીને, ભ્રમરો ચઢાવીને, નીલકમલ, ભેંસના શીંગડા અને અળસીના ફૂલ જેવી ગાઢ નીલ રંગની તીક્ષ્ણ ધારવાળી તલવારથી શ્રમણોપાસક કામદેવના શરીરના ટુકડે ટુકડા કરી નાખ્યા.

ત્યારે કામદેવ શ્રમણોપાસકે તે તીવ્ર, વિપુલ-અત્યધિક કર્કશ-કઠોર, પ્રગાઢ રૌદ્ર-કષ્ટપ્રદ અને દુસ્સહ વેદનાને સમભાવ પૂર્વક સહન કરી, ક્ષમા અને તિતિક્ષાપૂર્વક ઝીલી.

**કામદેવ દ્વારા હસ્તીરૂપકૃત ઉપસર્ગને સમભાવ પૂર્વક સહન કરવો—**

૧૧૮. તત્પશ્ચાત્ તે પિશાચરૂપધારી દેવે શ્રમણોપાસક કામદેવને ભય, ત્રાસ, ઉદ્વેગ, ક્ષોભરહિત,

અવિચલ, અનાકુળ, શાન્તભાવે ધર્મધ્યાનમાં સ્થિર જોયો. પોતે કામદેવ શ્રમણોપાસકને નિર્ગ્રંન્થ પ્રવચનમાંથી વિચલિત, ક્ષુભિત વિપરિણામિત-વિપરીત પરિણામ યુક્ત નથી કરી શકયો એ જોયું ત્યારે તે શ્રાંત, કલાન્ત અને ખિન્ન થઈને ધીમે ધીમે પાછો ફર્યો, ઉલટા પગલે પૌષધશાળાની બહાર નીકળ્યો, નીકળીને દેવ-માયા-જનિત પિશાચરૂપનો ત્યાગ કર્યો, ત્યાગ કરીને એક વિશાળકાય દેવમાયા જન્ય હસ્તીરૂપ ધારણ કર્યું. તે હાથીના રૂપનું વર્ણન આ પ્રમાણે છે—

તે હાથી સુપુષ્ટ સાત અંગો (ચાર પગ, સૂંઢ, જનનેન્દ્રિય અને પૂંછડી) થી યુક્ત હતો. તેનું શરીર સમ્યક્ રીતે સુગઠિત અને સુંદર હતું.

તેનો અગ્રભાગ ઊંચો-ઉપસેલો હતો અને પૃષ્ઠભાગ સુવ્વરની જેમ ઝૂકેલો હતો.

તેની કુક્ષિ બકરીની કુક્ષિ-પેટની જેમ સપાટ, લાંબી અને નીચે તરફ લટકતી હતી.

તેના મોઢાની બહાર નીકળેલા દાંત મુકુલિત, મલ્લિકાના પુષ્પ જેવા નિર્મળ અને સફેદ હતા અને જાણે સોનાના મ્યાનમાં રાખ્યા હોય તેવા દેખાતા હતા.

તેની સૂંઢનો અગ્રભાગ ખેંચાયેલા ધનુષની જેમ સુંદર રીતે વળેલો હતો.

તેના પગના તળિયા કાચબાના જેવા સ્થૂળ અને ચપટા હતા જેમાં વીસ નખ હતા.

તેની પૂંછડી શરીર સાથે દબાયેલી અને માપસર-સમુચિત લંબાઈ આદિ આકારવાળી હતી. તે હાથી મદોન્મત્ત હતો અને મેઘની જેમ ગર્જના કરી રહ્યો હતો. તેની ઝડપ મન અને પવનના વેગ કરતા પણ તીવ્ર હતી. આવા દેવ-માયા-જન્ય હાથીનું રૂપ લઈને પેલો દેવ જ્યાં પૌષધશાળા હતી, જ્યાં શ્રામણોપાસક કામદેવ હતો, ત્યાં આવ્યો અને આવીને કામદેવ શ્રમણોપાસકને તેણે આ પ્રમાણે કહ્યું—

'અરે ઓ શ્રમણોપાસક કામદેવ!—યાવત્‌તું તારા વ્રતને નહીં તોડે-ભંગ નહીં કરે તો હું તને સૂંઢથી ઊચકીને પૌષધશાળાની બહાર લઈ જઈશ, લઈ જઈને ઊંચે આકાશમાં ઉછાળીશ, ઉછાળીને મારા તીક્ષ્ણ દાંતો પર ઝીલી લઈશ, ઝીલીને જમીન પર રાખીને પગથી છૂંદી નાખીશ. જેથી હે દેવાનુપ્રિય! તું આર્તધ્યાન તેમ જ વિકટ દુઃખની પીડા પામીને અકાળે જીવન રહિત થઈ જઈશ-મરી જઈશ."

હાથીનું રૂપ ધારણ કરેલા તે દેવ દ્વારા આ પ્રમાણે કહેવાયાં છતાં પણ શ્રમણોપાસક કામદેવ ભયભીત, ત્રસ્ત, ઉદ્‌વિગ્ન, ક્ષુભિત તેમ જ વિચલિત ન બન્યો, ગભરાયો નહીં, પરંતુ શાન્તિપૂર્વક ધર્મધ્યાનમાં જ સ્થિર રહ્યો.

ત્યારે તે હાથીનું રૂપ ધારણ કરેલા દેવે કામદેવ શ્રમણોપાસકને પૂર્વવત્ અભીત, અત્રસ્ત, અક્ષુભિત, અચલિત, અનાકુળ તેમ જ શાન્તભાવે ધર્મધ્યાનમાં સ્થિર જોયો, જોઈને બીજી વાર અને પછી ત્રીજી વાર પણ ફરી ફરીને કામદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—

'અરે ઓ કામદેવ શ્રમણોપાસક! યાવત્ જો હજી પણ તું શીલ, વ્રત, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસ નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તને સૂંઢથી પકડીને પૌષધશાળાની બહાર ખેંચી જઈશ, બહાર લઈ જઈને આકાશમાં ઉછાળીશ, ઉછાળીને તીક્ષ્ણ મૂસલ (સાંબેલાં) જેવા દાંત પર ઝીલી લઈશ, ઝીલીને જમીન પર પછાડીને ત્રણ વાર પગથી છૂંદી નાખીશ. જેથી હે દેવાનુપ્રિય! આર્તધ્યાનથી વશ થઈને વિકટ દુઃખો ભોગવીને દુઃખી થઈને અકાળે તું જીવનરહિત થઈ જઈશ-મરણને શરણ થઈશ.'

ત્યારે કામદેવ શ્રમણોપાસક તે હાથી રૂપે રહેલા દેવ દ્વારા બીજી, ત્રીજી વાર કહેવાયેલી વાત સાંભળીને પણ નિર્ભય યાવત્ ધર્મ ધ્યાનમાં સ્થિર રહ્યો.

તદનન્તર તે હાથીરૂપધારી દેવે શ્રમણોપાસક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામદેવને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં સ્થિર જોયો, જોઈને અત્યંત ક્રોધિત, રુષ્ટ, કોપાયમાન ચંડિકાવત્ વિકરાળ બનીને દાંત કકડાવતાં કામદેવ શ્રમણોપાસકને સૂંઢથી પકડયો, પકડીને ઊંચે આકાશમાં ઉછાળ્યો, ઉછાળીને મૂસલ જેવા તિક્ષ્ણ દાંત પર ઝીલ્યો અને ઝીલીને નીચે જમીન પર પટકીને પગથી ત્રણ વાર કચડી નાખ્યો.

ત્યારે શ્રમણોપાસક કામદેવે તે તીવ્ર, અત્યધિક કર્કશ–દારુણ, પ્રગાઢ, રૌદ્ર, કષ્ટદાયક અને દુસ્સહ વેદના સમભાવપૂર્વક સહન કરી અને ક્ષમા, તિતિક્ષા પૂર્વક ઝીલી.

કામદેવ દ્વારા સર્પરૂપે કરેલા ઉપસર્ગનું સમભાવપૂર્વક સહન કરવું–

૧૧૯. તદન્તર જ્યારે હાથીરૂપ દેવે કામદેવ શ્રમણોપાસકને પહેલાંની જેમ જ નિર્ભય, અત્રસ્ત અનુદ્‌વિગ્ન, અક્ષુભિત, અચલિત, અનાકુળ અને શાન્તભાવે ધર્મધ્યાનમાં સ્થિર જોયો પરંતુ તેને વિચલિત ન કરી શકયો ત્યારે તે ધીરે–ધીરે પાછો ફર્યો, ઉલટા પગલે પૌષધશાળાની બહાર નીકળ્યો, નીકળીને દેવમાયા જન્ય હાથીના રૂપનો ત્યાગ કરીને એક વિકરાળ સર્પરૂપની વિકૂર્વણા કરી–સર્પનું રૂપ ધારણ કર્યું. તે સાપ આવો હતો—

તે સાપ તીવ્ર વિષયુક્ત હતો, પ્રચંડ વિષયુક્ત હતો, કાનિલ વિષયુક્ત હતો અને વિશાળ કાય હતો. તે કાળી શાહી અને મૂસ (સોનું આદિ ધાતુઓ ગાળવાના પાત્ર) જેવો કાળો હતો. તેના નેત્ર વિષ અને રોષથી વ્યાપેલા હતા. અર્થાત્ તેની આંખોમાં વિષ અને ક્રોધ ભરેલો હતો. તેના શરીરનો રંગ કાજળથી પણ કાળો હતો.

તેની આંખો લાલ-લાલ હતી. તેની બેવડી જીભ બહાર લપ–લપતી હતી, અત્યંત કાળો હોવાથી તે પૃથ્વીની વેણી જેવો લાગતો હતો. તેણે પોતાની ઉત્કૃષ્ટ–ઉગ્ર, સ્ફુટ–પ્રગટ અથવા દેદીપ્યમાન, કુટિલ, જટિલ, કર્કશ, વિકટ, ભયંકર, ફેણ ફેલાવેલી હતી, લુહારની ધમણની જેમ તે ફૂંફાડા મારી રહ્યો હતો અને દુર્દાન્ત, ખૂબ ગુસ્સે થયેલો હતો.

એવા દેવમાયા–જન્ય સર્પરૂપને ધારણ કરીને તે દેવ જ્યાં પૌષધશાળા હતી, તેમાં જ્યાં શ્રમણોપાસક કામદેવ ધર્મસાધનામાં લીન હતો ત્યાં આવ્યો અને આવીને કામદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું–

'અરે ઓ કામદેવ શ્રમણોપાસક! યાવત્ પૌષધોપવાસોનો ભંગ નહીં કરે તો હું આ જ ક્ષણે તારા ઉપર સર-સર કરતો ચઢી જઈશ, ચઢીને પાછળથી–પૂંછડી તારા ગળાની ફરતે ત્રણ વાર વીંટાળી દઈશ, લપેટીને તિક્ષ્ણ વિષમય દાઢથી તારી છાતી પર ડંખ મારીશ-ડસી લઈશ. જેથી હે દેવાનુપ્રિય! તું આર્તધ્યાન અને વિકટ દુઃખ ભોગવતો અકાળે જીવનરહિત થઈ જઈશ."

સર્પરૂપધારી તે દેવ દ્વારા આ પ્રમાણે કહેવાયા છતાં પણ કામદેવ શ્રમણોપાસક નિર્ભય યાવત્ સમભાવપૂર્વક ધ્યાનમાં સ્થિર રહ્યો.

ત્યારે તે સર્પરૂપધારી દેવે કામદેવ શ્રમણોપાસકને પૂર્વવત્ નિર્ભય, ત્રાસ, ઉદ્‌વેગ અને ક્ષોભરહિત, અવિચલ, અનાકુળ અને શાન્તભાવે ધર્મધ્યાનમાં સ્થિર જોયો તો બીજી વાર, ત્રીજી વાર પણ આ જ પ્રમાણે કહ્યું–

'અરે ઓ શ્રમણોપાસક કામદેવ! હજી પણ તું શીલ, વ્રત, વિરમણો, પ્રત્યાખ્યાનો, પૌષધોપવાસ નહીં છોડે, નહીં તોડે તો આ જ ક્ષણે હું સર–સર કરતો તારા શરીર પર ચઢી જઈશ, ચઢીને મારી પૂંછડી તારા ગળાને વિંટાળી દઈશ અને પછી વિષયુક્ત મારા દાંતથી તારી છાતી પર ડંખ મારીશ, જેથી હે દેવાનુપ્રિય! તું આર્તધ્યાનપૂર્વક અતિ વિકટ દુઃખો ભોગવતો અકાળ મરણ પામીને પ્રાણથી હાથ ધોઈ નાખીશ.'

તદન્તર શ્રમણોપાસક કામદેવ તે સર્પરૂપધારી દેવ દ્વારા બીજી, ત્રીજી વાર કહેવા છતાં પણ નિર્ભય યાવત્ ધ્યાનમાં સ્થિર રહ્યો.

ત્યાર પછી તે સર્પરૂપધારી દેવે શ્રમણોપાસક કામદેવને નિર્ભય યાવત્ ધ્યાનમાં મગ્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોયો, જોઈને અત્યંત ક્રોધિત, રુષ્ટ, કુપિત, ચંડિકાવત્ વિકરાળ બનીને અને દાંત કચ-કચાવતો સર-સર કરતો કામદેવના શરીર ઉપર ચઢી ગયો, ચઢીને પાછળના ભાગથી-પૂંછડી તેના ગળામાં ત્રણ આંટા મારીને વીંટાળીને તેના તિક્ષ્ણ, ઝેરી દાંત વડે તેની છાતી પર ડંખ માર્યો–ડસ્યો.

ત્યારે કામદેવ શ્રમણોપાસકે તે તીવ્ર, વિપુલ, અત્યધિક કર્કશ-કઠોર, પ્રગાઢ, અતિવ તીવ્ર, પ્રચંડ, દુ:ખદાયક અને દુસ્સહ વેદનાને શાન્તિથી સહન કરી, ક્ષમા અને તિતિક્ષાપૂર્વક ઝીલી.

**સ્વાભાવિક રૂપમાં આવીને દેવ દ્વારા કામદેવની પ્રશંસા અને ક્ષમા યાચના –**

૧૨૦ તદનન્તર તે સર્પ રૂપધારી દેવે શ્રમણોપાસક કામદેવને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં સ્થિર જોયો કે તે કામદેવ શ્રમણોપાસકને નિર્ગ્રન્થ પ્રવચનથી વિચલિત, ક્ષુભિત અને મનોભાવને પરિવર્તિત કરવામાં સમર્થ ન થયો, ત્યાર પછી શ્રાંત, કલાન્ત તેમ જ ખિન્ન બનીને ધીમે-ધીમે પાછો ગયો, પાછો જઈને પૌષધશાળાની બહાર નીકળ્યો, નીકળીને તેણે દેવમાયાજન્ય સર્પરૂપનો ત્યાગ કર્યો અને ત્યાગ કરીને ઉત્તમ દિવ્ય દેવરૂપની વિકુર્વણા કરી.

તે દેવનું વક્ષ:સ્થળ હારથી સુશોભિત હતું. તેની ભુજાઓ કટક-કંકણ અને બાજુબંધથી શોભાયમાન હતી.

તેનાં કેસર, કસ્તુરી આદિ લેપ લગાડેલાં ગાલ કર્ણભૂષણ-કુંડળથી શોભાયમાન હતા.

તેના હાથ વિશિષ્ટ પ્રકારના હસ્તાભરણો-હાથમાં પહેરવાના આભૂષણોથી સુશોભિત હતા. તેના મસ્તક પર જાત-જાતની માળાઓથી શણગારેલો મુગટ હતો.

તેણે માંગલિક, ઉત્તમ વસ્ત્રો પહેર્યાં હતાં.

માંગલિક, ઉત્તમ માળાઓ અને ચંદન-કેશર આદિના લેપનથી તેનું શરીર દેદીપ્યમાન હતું, બધી ઋતુઓના ફૂલોથી બનેલી માળા તેના ગળાથી ઘુંટણ સુધી લટકી રહી હતી.

તે દિવ્ય વર્ણ, દિવ્ય ગંધ, દિવ્ય રૂપ, દિવ્ય સ્પર્શ, દિવ્ય સંઘાન, દિવ્ય સંસ્થાન, દિવ્ય દ્યુતિ, દિવ્ય પ્રભા, દિવ્ય ક્રાંતિ, દિવ્ય દીપ્તિ, દિવ્ય તેજ, દિવ્ય લેશ્યાથી દશેય દિશાઓમાંથી ઉદ્યોતિત, પ્રભાસિત શોભાયુક્ત, પ્રાસાદિક-આહલાદક, દર્શનીય, અભિરૂપ-મનોજ્ઞ અને પ્રતિરૂપ મનને આનંદિત કરનારા દિવ્ય દેવ-રૂપની વિકુર્વણા-રચના કરીને શ્રમણોપાસક કામદેવની પૌષધશાળામાં પ્રવેશ્યો, પ્રવેશીને આકાશમાં રહીને ઘુઘરીઓ યુક્ત પાંચ રંગના ઉત્તમ વસ્ત્રો ધારણ કરેલા તેણે શ્રમણોપાસક કામદેવને આ પ્રમાણે કહ્યું-

'હે શ્રમણોપાસક કામદેવ ! આપ દેવાનુપ્રિય ધન્ય છો, હે દેવાનુપ્રિય ! તમે પુણ્યશાળી છો, હે દેવાનુપ્રિય ! તમે કૃત કૃત્ય છો. હે દેવાનુપ્રિય ! તમે કૃતલક્ષણ-શુભ લક્ષણોવાળા છો. હે દેવાનુપ્રિય ! તમારો મનુષ્ય જન્મ સારી રીતે સફળ બન્યો છે કે જેથી કરીને તમને નિર્ગ્રન્થ પ્રવચનમાં આ પ્રકારે વિશ્વાસ સુલબ્ધ,સુપ્રાપ્ત અને અધિગત થયો છે.

હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે શક્ર, દેવેન્દ્ર, દેવરાજ, વજ્રપાણિ, પુરન્દર, શતક્રતુ, સહસ્રાક્ષ, મઘવા, પાકશાસન, દક્ષિણાર્ધ લોકાધિપતિ, બત્રીસ લાખ વિમાનોના સ્વામી, ઐરાવત નામે હાથી પર સવારી કરનાર, સુરેન્દ્ર, આકાશ જેવા નિર્મળ વસ્ત્રો પહેરનાર, માળાઓથી યુક્ત મુગટ ધારણ કરનાર, તપાવેલા સુવર્ણથી પણ સુંદર, ચિત્રિત અને કુંડળોથી સુશોભિત ગાલ-વાળા, દેદીપ્યમાન શરીરધારી, પ્રલંબમાન પુષ્પ-માળા પહેરનાર ઈન્દ્રે સૌધર્મકલ્પના સૌધર્મા-વતંસક વિમાનમાં સુધર્મા સભામાં ઈન્દ્રાસન પર બેસીને ચોર્યાસી હજાર સામાનિક દેવો, તેત્રીસ ત્રાયસ્ત્રિંક દેવો, ચાર લોકપાલો, પરિવાર સહિત આઠ અગ્રમહિષિયો, ત્રણ લાખ છત્રીસ હજાર આત્મરક્ષક દેવો તથા બીજા ઘણા બધા દેવ દેવીઓની સામે આ પ્રમાણે કહ્યું હતું, તે બોલ્યા હતા, તેમણે પ્રતિપાદિત કર્યું હતું, પ્રરૂપિત કર્યું હતું કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે દેવો ! જમ્બુદ્વીપના ભારત વર્ષમાં આવેલી ચંપાનગરીમાં શ્રમણોપાસક કામદેવ પૌષધશાળામાં પૌષધવ્રતી બનીને, બ્રહ્મચર્યનું પાલન કરતાં કરતાં, મણિ – સ્વર્ણમાળા, વર્ણક, પુષ્પમાળા, વિલેપનનો ત્યાગ કરીને, મૂસલાદિ શસ્ત્રોને ત્યાગીને, એકાકી, અદ્વિતીય બનીને કુશના આસન પર બેસીને શ્રમણ ભગવાન મહાવીર પાસેથી અંગીકાર કરેલા ધર્મ પ્રમાણે ઉપાસનામાં મગ્ન છે. તેને કોઈ દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ અથવા ગંધર્વ નિર્ગ્રન્થ પ્રવચનથી વિચલિત, ક્ષુભિત અથવા વિપરિણમિત કરવા શક્તિમાન નથી,'

ત્યારે હું દેવેન્દ્ર દેવરાજ શક્રની આ વાત પર અવિશ્વાસ અપ્રતીતિ અને અરુચિ બતાવીને તરત જ અહીં આવ્યો.

'અહો દેવાનુપ્રિય ! તમે જે ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય, પુરુષકાર, પરાક્રમ લબ્ધ, પ્રાપ્ત અને અધિસમન્વિત કર્યાં છે, દેવાનુપ્રિયની તે સર્વ લબ્ધ, પ્રાપ્ત, અભિસમન્વિત ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય, પુરુષાર્થ અને પરાક્રમ મેં જોયું.

હે દેવાનુપ્રિય ! હું તમારી પાસે ક્ષમાની યાચના કરું છું. હે દેવાનુપ્રિય ! મને ક્ષમા કરો, હે દેવાનુપ્રિય ! તમે ક્ષમા કરવા સમર્થ છે. હવે પછી હું ક્યારેય આવું નહીં કરું.' એમ કહીને પગે પડ્યો અને હાથ જોડીને વારંવાર ક્ષમા યાચના કરવા લાગ્યો. ક્ષમા માગીને જે દિશામાંથી આવ્યો હતો, તે જ દિશામાં તે પાછો ફર્યો.

**કામદેવે કરેલું પ્રતિમાનું પારણ—**

**૧૨૧.** તત્પશ્ચાત્ શ્રમણોપાસક કામદેવે હવે કોઈ વાંધો નથી એમ જાણીને પ્રતિમાનું પારણ કર્યું.

**કામદેવે કરેલી ભગવાનની પર્યુપાસના—**

**૧૨૨.** તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર યાવત્ જ્યાં ચંપાનગરી હતી, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં પધાર્યા, ત્યાં પધારીને યથા પ્રતિરૂપ અવગ્રહ ધારણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા.

તત્પશ્ચાત્ કામદેવ શ્રમણોપાસક આ વાત સાંભળીને કે શ્રમણ ભગવાન મહાવીર પૂર્વાનુપૂર્વી ક્રમથી ચાલતા ચાલતા, એક ગામથી બીજે ગામ ફરતા ફરતા અહીં આવ્યા છે, આવી પહોંચ્યા છે, પધાર્યા છે અને આ જ ચંપાનગરીની બહાર પૂર્ણભદ્ર ચૈત્યમાં યથોચિત અવગ્રહ ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા છે.

તો મારા માટે તે ઉચિત છે કે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરીને ત્યાંથી પાછો ફરીને પૌષધનાં પારણાં કરું.' આ પ્રમાણે તેણે વિચાર કર્યો, વિચાર કરીને શુદ્ધ, સભામાં પહેરવા યોગ્ય, માંગલિક ઉત્તમ વસ્ત્રો પહેર્યાં અને જનસમુદાયને સાથે લઈને ઘરેથી નીકળી તે ચંપાનગરી વચ્ચેથી પસાર થયો, પસાર થઈને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું અને તેમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા ત્યાં આવ્યો, આવીને ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને ત્રિવિધ પર્યુપાસનાપૂર્વક પર્યુપાસના કરવા લાગ્યો.

તદનન્તર શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણોપાસક કામદેવ અને તે વિશાળ પરિષદને યાવત્ ધર્મોપદેશ આપ્યો.

**ભગવાન દ્વારા કામદેવના ઉપસર્ગનું વિવેચન—**

**૧૨૩.** 'હે કામદેવ !' આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે કામદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—

'હે કામદેવ ! મધ્યરાત્રિએ એક દેવ તારી પાસે આવ્યો હતો.

તદનન્તર તે દેવે એક વિશાળકાય દેવમાયાજન્ય પિશાચરૂપની વિકુર્વણા-રચના કરી હતી, વિકુર્વણા કરીને અત્યંત ક્રુદ્ધ, રુષ્ટ, કુપિત, ચંડિકાવત્ વિકરાળરૂપ બનાવીને દાંત કચકચાવતા તેણે એક નીલકમલ, ભેંસના શીંગડા અને અળસીના ફૂલ જેવી ઘેરી નીલી તીક્ષ્ણ ધારવાળી તલવાર લઈને તને આ પ્રમાણે કહ્યું હતું :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'અરે આ શ્રમણોપાસક કામદેવ ! જો તું આ વખતે શીલ, વ્રત, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે આ નીલકમલ, ભેંસના શીંગડા અને આળસીના ફૂલ જેવી નીલી અને તીક્ષ્ણ ધારવાળી તલવારથી તારા શરીરના ટુકડે-ટુકડા કરી નાખીશ, જેથી હે દેવાનુપ્રિય ! તું આર્તધ્યાનથી વશ થઈને અકાળે જીવન રહિત બની જઈશ, મરી જઈશ.'

ત્યારે તે પિશાચરૂપધારી દેવનું આ કથન સાંભળીને પણ તું નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં મગ્ન રહ્યો. તદનન્તર તે પિશાચરૂપ ધારી દેવે તને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં સ્થિર જોયો, તો બીજી વાર, ત્રીજી વાર પણ તને આ પ્રમાણે કહ્યું– ' અરે ઓ કામદેવ શ્રમણોપાસક. યાવત્ જો હવે પણ તું શીલ, વ્રત, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ સમયે આ નીલકમલ, ભેંસના શીંગડા અને અળસીના ફૂલ જેવી નીલી અને તીક્ષ્ણ ધારવાળી તલવારથી તારા શરીરના ટુકડે-ટુકડા કરી નાખીશ જેથી હે દેવાનુપ્રિય ! તું આર્તધ્યાનથી વશ થઈને અકાળે જ જીવન રહિત થઈ જઈશ.'

ત્યારે પણ તું તે પિશાચરૂપધારી દેવે બીજી વાર, ત્રીજી વાર કહેવામેલી આ વાત સાંભળીને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં સ્થિર રહ્યો.

તદનન્તર તે પિશાચરૂપધારી દેવે તને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં સ્થિર જોયો, જોઈને અત્યંત ક્રોધિત, રુષ્ટ, કુપિત, વિકરાળ બનીને દાંત કચકચાવતા કપાળ પર ત્રણ વળ પડી જાય એમ ભ્રમરો ચઢાવીને નીલકમલ, ભેંસના શીંગડા અને અળસીના ફૂલ જેવી નીલી અને તીક્ષ્ણ ધારવાળી તલવારથી તારા ટુકડે-ટુકડા કરી નાખ્યા.

ત્યારે પણ તેં એ તીવ્ર યાવત્ વેદનાને સમભાવપૂર્વક સહન કરી, ક્ષમા અને તિતિક્ષાપૂર્વક ઝીલી.

ત્યાર પછી પણ તે પિશાચરૂપધારી દેવે તને નિર્ભય યાવત્ પૌષધોપવાસોમાં સ્થિર જોયો, ત્યારે પણ તને નિર્ગ્રન્થ પ્રવચનમાંથી ચલિત, ક્ષુભિત અને વિપરિણમિત કરવામાં સમર્થ ન થયો, તો શ્રાંત, કલાન્ત અને ખિન્ન થઈને ધીમે-ધીમે પાછો ગયો. પૌષધશાળાની બહાર જઈને દેવમાયાજન્ય પિશાચરૂપનો ત્યાગ કર્યો, ત્યાગ કરીને એક વિશાળકાય દેવમાયા જન્ય હાથીના રૂપની રચના કરી અને રચના કરીને જ્યાં પૌષધશાળા હતી, તેમાં જ્યાં તું બેઠો હતો, ત્યાં આવ્યો, આવીને તને આ પ્રમાણે કહ્યું–

' અરે ઓ કામદેવ શ્રમણોપાસક ! જો તું આજે શીલ, વ્રત, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધવાસો નહીં છોડે નહીં તોડે તો હું આ જ ક્ષણે તને સૂંઢથી પકડીશ, પકડીને પૌષધશાળાની બહાર લઈ જઈશ, બહાર લઈ જઈને ઉપર આકાશમાં ઉછાળીશ, ઉછાળીને પછી મારા તીક્ષ્ણ અને મૂસલ જેવા દાંત પર ઝીલી લઈશ, ઝીલીને નીચે જમીન પર પટકીને ત્રણ વાર પગથી રગદોળી નાખીશ, જેથી હે દેવાનુપ્રિય ! તું આર્તધ્યાન અને વિકટ દુઃખ ભોગવતો અકાળે જીવન રહિત બની જઈશ–મરી જઈશ.'

તદનન્તર તે હાથી રૂપધારી દેવ દ્વારા આ પ્રમાણે કહેવાયા છતાં પણ તું નિર્ભય યાવત્ ઉપાસનારત રહ્યો.

ત્યારે તે હસ્તીરૂપધારી દેવે તને નિર્ભયતાપૂર્વક યાવત્ ધર્મધ્યાનમાં રત જોયો, જોઈને બીજી, ત્રીજી વાર પ ' તને આ પ્રમાણે કહ્યું.

' અરે ઓ શ્રમણોપાસક કામદેવ ! યાવત્ જો તું આ જ ક્ષણે શીલ, વ્રત, વિરમણો પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું હમણાં જ તને સૂંઢથી ઊંચકી લઈશ, ઊંચકીને પૌષધશાળાની બહાર લઈ જઈશ. બહાર લઈ જઈને ઊંચે આકાશમાં ઉછાળીશ, ઉછાળીને તીક્ષ્ણ અને મૂસલ જેવા દાંત પર ઝીલી લઈશ, ઝીલીને જમીન પર ત્રણ વાર પગથી રગદોળી નાખીશ, જેથી હે દેવાનુપ્રિય ! તું આર્તધ્યાનથી વશ થઈને વિકટ દુઃખ ભોગવતો અકાળે મરીને જીવન રહિત થઈ જઈશ.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદનન્તર તે હસ્તીરૂપધારી દેવ દ્વારા બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહેવાયાં છતાં તું નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત રહ્યો.

ત્યારે હસ્તીરૂપધારી દેવે તને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત જોયો, જોઈને અત્યંત ક્રોધિત, રુષ્ટ, કુપિત તથા વિકરાળ બનીને, દાંત કચકચાવતા તને સૂંઢથી પકડયો, પકડીને ઉપર આકાશમાં ઉછાળ્યો, ઉછાળીને તીક્ષ્ણ અને મૂસલ જેવા દાંત પર ઝીલ્યો, ઝીલીને નીચે જમીન પર ત્રણ વાર પગથી રગદોળી નાખ્યો.

તેં એ તીવ્ર યાવત્ અસીમ વેદનાને સમભાવ પૂર્વક ક્ષમા અને સહનશીલતાપૂર્વક સહન કરી.

તદનન્તર તે હસ્તીરૂપ દેવે તને નિર્ભય યાવત્ ધ્યાનમગ્ન જોયો, તે તને જિન પ્રવચનમાંથી જરા પણ વિચલિત, ક્ષુભિત અને વિપરિણમિત-વિપરીત પરિણામ યુક્ત ન કરી શકયો તેથી શ્રાંત કલાન્ત અને ખિન્ન બનીને ધીમે ધીમે પાછો હટયો, પાછો હટીને પૌષધશાળાની બહાર નીકળ્યો. બહાર નીકળીને દેવમાયા જન્ય હસ્તીરૂપનું વિસર્જન કર્યું, વિસર્જિત કરીને એક વિકરાળ સર્પરૂપની વિકુર્વણા કરી, વિકુર્વણા કરીને જ્યાં પૌષધશાળા હતી, જ્યાં તું હતો, ત્યાં આવ્યો અને આવીને તને આમ કહ્યું – 'અરે શ્રમણોપાસક કામદેવ ! યાવત્ જો તું આજે આ ક્ષણે શીલ, વ્રત, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે સર-સર કરતો તારા ઉપર ચઢી જઈશ, ચઢીને પૂંછડીથી તારા ગળાને લપેટીશ, લપેટીને તીક્ષ્ણ, ઝેરી દાંત વડે તારી છાતી પર ડંખ મારીશ, જેથી હે દેવાનુપ્રિય ! તું આર્તધ્યાન અને વિકટ દુઃખ ભોગવતો અકાળે જીવન રહિત બની જઈશ.

ત્યારે પણ તું સર્પ રૂપધારી દેવની આ વાત સાંભળીને ભયરહિત યાવત્ ધર્મધ્યાનમાં રત રહ્યો.

તદનન્તર તે સર્પરૂપધારી દેવે તને પૂર્વવત્ નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં લીન જોયો, જોઈને બીજી, ત્રીજી વાર પણ તને આ પ્રમાણે કહ્યું– 'અરે ઓ શ્રમણોપાસક કામદેવ ! યાવત્ જો તું આજે શીલ, વ્રત, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો આ જ ક્ષણે સરસર કરતો તારા શરીર પર ચઢી જઈશ, ચઢીને મારી પૂંછડી વડે તારા ગળાને લપેટી લઈશ, લપેટીને તીક્ષ્ણ, ઝેરી દાંતથી તારી છાતી પર ડંખ મારીશ, જેથી તું અનિવાર્ય આર્તધ્યાન અને પીડા ભોગવતો અકાળે પ્રાણથી હાથ ધોઈ નાખીશ.

ત્યારે સર્પરૂપધારી દેવ દ્વારા બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહેવાયાં છતાં તું નિર્ભય યાવત્ સાધનામાં મગ્ન રહ્યો.

ત્યારે તે સર્પરૂપધારી દેવે તને અભય યાવત્ ધર્મ-સાધનામાં રત જોયો, જોઈને અત્યંત ક્રોધિત, રુષ્ટ, કુપિત, વિકરાળ બનીને દાંત કચકચાવતો, સરરર કરતો તારા શરીર પર ચઢી ગયો, ચઢીને પૂંછડી વડે તારી ગર્દન ફરતે ત્રણ આંટા માર્યા, પછી તેના તીક્ષ્ણ અને ઝેરી દાંત વડે છાતી પર ડંખ માર્યો.

ત્યારે તેં એ તીવ્ર યાવત્ વેદનાને સહનશીલતા, ક્ષમા તેમ જ તિતિક્ષાપૂર્વક સહન કરી.

ત્યાર પછી તે સર્પરૂપધારી દેવે પહેલાની જેમ જ તને અભય યાવત્ સાધનામગ્ન જોયો અને તે તને નિર્ગ્રંથ પ્રવચનમાંથી વિચલિત, ક્ષુભિત અને વિપરીત પરિણામયુક્ત નથી કરી શકયો એ જોઈને તે શ્રાન્ત, કલાન્ત અને નિરાશ થઈને ધીમે ધીમે નીચે ઉતર્યો, પાછો ગયો, નીચે ઉતરીને પૌષધશાળાની બહાર નીકળ્યો, નીકળીને દૈવી સર્પરૂપનો ત્યાગ કર્યો અને ત્યાગ કરીને એક શ્રેષ્ઠ દિવ્ય દેવરૂપ બનાવ્યું, બનાવીને પૌષધશાળામાં પ્રવેશ્યો, પ્રવેશીને આકાશમાં સ્થિર થઈને, ઘુઘરીઓ યુક્ત પંચરંગી ઉત્તમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્ત્રો ધારણ કરીને તને આ પ્રમાણે કહ્યું– 'હે શ્રમણોપાસક કામદેવ ! દેવાનુપ્રિય ! તું ધન્ય છે, હે દેવાનુપ્રિય ! તું પુણ્યશાળી છે, હે દેવાનુપ્રિય ! તું કૃતકૃત્ય છે. હે દેવાનુપ્રિય ! તારો મનુષ્ય-જન્મ અને જીવન સફળ થયું છે જેથી તને નિર્ગ્રંથ પ્રવચનમાં આ પ્રમાણે પ્રતિપત્તિ (વિશ્વાસ) સુલબ્ધ, સુપ્રાપ્ત અને સમધિગત થયો છે.

હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે દેવેન્દ્ર, દેવરાજ શક્ર યાવત્ ઈન્દ્રે આ પ્રમાણે કહ્યું હતું, પ્રતિપાદિત કર્યું હતું કે હે દેવો ! જમ્બુદ્વીપની ભારતક્ષેત્રવર્તી ચંપાનગરીમાં કામદેવ શ્રમણોપાસક પૌષધવ્રત સ્વીકારીને બ્રહ્મચર્યપૂર્વક સ્વર્ણ-મણિઓના આભૂષણો, પુષ્પમાળાઓ, વર્ણક અને વિલેપનનો ત્યાગ કરીને, મૂસલાદિ શસ્ત્રોથી રહિત થઈને એકાકી, અદ્વિતીય બનીને દર્ભના આસન પર બેસીને શ્રમણ ભગવાન મહાવીર પાસેથી અંગીકાર કરેલ ધર્મ પ્રજ્ઞપ્તિને અનુરૂપ સાધનામાં મગ્ન છે. તેને કોઈ દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ નિર્ગ્રંન્થ પ્રવચનમાંથી વિચાલિત, ક્ષુભિત અને વિપરિણમિત કરવામાં સમર્થ નથી.'

ત્યારે દેવેન્દ્ર, દેવરાજ શક્રના કથન પર શ્રદ્ધા ન રાખીને, તેની પ્રતીતિ નહીં કરીને અને પસંદ નહીં કરીને હું તરત જ અહીં આવ્યો. હે દેવાનુપ્રિય ! તમને જે ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય, પુરુષાર્થ, પરાક્રમ ઉપલબ્ધ, પ્રાપ્ત અને અભિસમન્વાગત-અધિગત થયા છે, તે ઉપલબ્ધ, પ્રાપ્ત અને અધિગત ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય, પુરુષકાર, પરાક્રમ મેં જોયાં. હે દેવાનુપ્રિય ! હું ક્ષમાયાચના કરું છું હે દેવાનુપ્રિય ! તમે મને ક્ષમા કરો. હે દેવાનુપ્રિય ! તમે ક્ષમા કરવા સમર્થ છો. હે દેવાનુપ્રિય ! હું ફરી કદાપિ એમ નહીં કરું.' એમ કહીને પગે પડીને અને હાથ જોડીને તે કાર્ય માટે વારંવાર ક્ષમા માગી, ક્ષમા માગીને જે દિશામાંથી આવ્યો હતો, તે જ દિશામાં તે પાછો ચાલ્યો ગયો.'

'તો હે કામદેવ ! શું આ વાત સાચી છે?' ભગવાન મહાવીરે શ્રમણોપાસક કામદેવને પૂછ્યું.

પ્રત્યુત્તરમાં કામદેવે કહ્યું. 'હા ભગવન્ ! આમ જ બન્યું છે.'

### ભગવાન દ્વારા કામદેવની પ્રશંસા–

૧૨૪. ' હે આર્યો ! ' આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે ત્યાં આવેલા ઘણા બધા શ્રમણો અને શ્રમણીઓને આ પ્રમાણે કહ્યું– ' હે આર્યો ! જો શ્રમણોપાસક ગૃહસ્થ પણ ગૃહસ્થ ધર્મનું પાલન કરતાં દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી ઉપસર્ગોને સમભાવપૂર્વક સહન કરે છે, ક્ષમા અને તિતિક્ષા સહિત દૃઢતાપૂર્વક સહન કરે છે–ઝીલે છે, તો હે આર્યો ! દ્વાદશાંગરૂપ ગણિપિટકનું અધ્યયન કરનારા શ્રમણ નિર્ગ્રંન્થો દ્વારા દેવકૃત, મનુષ્યકૃત અને તિર્યંચકૃત ઉપસર્ગોને સમ્યક્ પ્રકારે સહન કરવાં, ક્ષમા અને તિતિક્ષાપૂર્વક ઝીલવાં શક્ય જ છે.'

તે બધા શ્રમણ નિર્ગ્રંન્થો અને નિર્ગ્રંન્થિણીઓએ ' એમ જ છે ' કહીને શ્રમણ ભગવાન મહાવીરના કથનનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

### કામદેવનું પ્રતિગમન–

૧૨૫. તદનન્તર કામદેવ શ્રમણોપાસકે હર્ષિત, સંતુષ્ટ, આનંદિત, અનુરાગી મનવાળા, પરમ-સૌમનસ્ય અને હર્ષાતિરેકને લીધે વિકસિત હૃદયવાળા થઈને શ્રમણ ભગવાન મહાવીરને પ્રશ્નો પૂછ્યા, અર્થ–આશય ગ્રહણ કર્યો–સ્વીકાર કર્યો અને પછી શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા–પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને જે દિશામાંથી આવ્યો હતો, તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.

### ભગવાનનો જનપદમાં વિહાર–

૧૨૬. તદનન્તર કોઈ એક દિવસે શ્રમણ ભગવાન મહાવીરે ચંપાનગરી છોડી અને છોડીને બીજા જનપદોમાં વિહરવા લાગ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કામદેવ દ્વારા ઉપાસક પ્રતિમા–ગ્રહણ–**

**૧૨૭. ત્યાર બાદ કામદેવ શ્રમણોપાસક પહેલી ઉપાસક પ્રતિમાનો સ્વીકાર કરીને વિચરવા લાગ્યો.**

કામદેવ શ્રમણોપાસકે પહેલી ઉપાસક પ્રતિમા સૂત્ર અનુસાર, કલ્પ અનુસાર, માર્ગ અનુસાર યથાર્થ તત્ત્વ અનુસાર સમ્યક્ પ્રકારે શરીરથી ગ્રહણ કરી, પાલન કર્યું, નિરતિચાર શોધન કર્યું, પૂર્ણ કરી, કીર્તન કર્યું અને આરાધના કરી.

તદન્તર શ્રમણોપાસક કામદેવે બીજી ઉપાસક પ્રતિમાને તથા તે જ પ્રમાણે ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી અને અગિયારમી ઉપાસક પ્રતિમાનું યથાસૂત્ર, યથાકલ્પ, યથામાર્ગ સમ્યક્ પ્રકારે શરીરથી ગ્રહણ, પાલન, શોધન, પરિપાલન, કીર્તન અને આરાધના કરી.

ત્યાર બાદ કામદેવ શ્રમણોપાસક આ અને આવા પ્રકારના ઉદાર–પ્રધાન, વિપુલ પ્રયત્ન-સાધ્ય તપોકર્મનો સ્વીકાર કરીને શુષ્ક, રુક્ષ, નિર્માંસ, હાડમાસનો માળો, કિટિકિટિકાભૂત, કૃશ અને દેખી શકાય એવી નસોવાળો થઈ ગયો.

**કામદેવનું અનશન –**

**૧૨૮.** તદન્તર કોઈ એક દિવસ મધરાત્રે ધર્મારાધના માટે જાગરણ કરતાં કરતાં શ્રમણોપાસક કામદેવને આ પ્રમાણે આધ્યાત્મિક ચિંતન, પ્રાર્થિત, મનોગત સંકલ્પ થયો કે–હું આ અને આવા પ્રકારના ઉદાર, વિપુલ, પ્રયત્નસાધ્ય તપોકર્મનો સ્વીકાર કરીને શુષ્ક, રુક્ષ, માંસરહિત હાડચામનો માળો, કિટકિટિકાભૂત, કૃશ અને ઉપસી આવેલી નસોવાળા શરીરવાળો બની ગયો છું, તો પણ હજી મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાર્થ, પરાક્રમ, શ્રદ્ધા, ધૃતિ, સંવેગ છે યાવત્ મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક જિન સુહસ્તી શ્રમણ ભગવાન મહાવીર જ્યાં સુધી વિદ્યમાન છે, ત્યાં સુધી મારા માટે એ શ્રેયસ્કર છે કે કાલે રાત્રિનું પ્રભાતરૂપે પરિવર્તન થયા પછી યાવત્ સૂર્યોદય થયા પછી તેમજ સહસ્રરશ્મિ દિનકર જાજ્વલ્યમાન તેજ સહિત પ્રકાશિત થયા પછી મારે અપશ્ચિમ–અંતિમ મરણાંતિક સંલેખના અંગીકાર કરીને, ભોજન-પાણીનો ત્યાગ કરીને જીવન–મરણની આકાંક્ષા નહીં રાખીને વિચરવું જોઈએ." આ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરીને બીજા દિવસે રાત્રિનું પ્રભાતરૂપે પરિવર્તન થયા પછી યાવત્ સૂર્યનો ઉદય થયા પછી તેમજ સહસ્રરશ્મિ દિનકરના જાજ્વલ્યમાન તેજથી પ્રકાશિત થયા પછી અપશ્ચિમ–અંતિમ સંલેખના અંગીકાર કરીને, ભોજન–પાણીનો ત્યાગ કરીને જીવન-મરણની વાંચ્છા ન રાખીને તે પોતાનું જીવન વ્યતીત કરવા લાગ્યો.

**કામદેવનું સમાધિમરણ, દેવલોકમાં ઉત્પત્તિ ને તદન્તર સિદ્ધગતિનું નિરૂપણ–**

**૧૨૯.** તદન્તર શ્રમણોપાસક કામદેવ અનેક શીલ-વ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધ-ઉપવાસો દ્વારા આત્માને ભાવિત કરીને વીસ વર્ષ સુધી શ્રમણોપાસક પર્યાયનું પાલન કરીને, અગિયાર ઉપાસક પ્રતિમાઓનું સમ્યક્ પ્રકારે પાલન કરીને, માસિક સંલેખના દ્વારા આત્માને પરિમાર્જિત–શુદ્ધ કરીને, સાઠ ટંકના ભોજનોનો અનશન દ્વારા ત્યાગ કરીને, આલોચના-પ્રતિક્રમણ કરીને, મરણ વખતે સમાધિપૂર્વક મરણ પામીને સૌધર્મકલ્પમાં સૌધર્માવતંસક મહા-વિમાનમાં ઉત્તર-પૂર્વ વિભાગ ( ઈશાન દિશા )માં સ્થિત અરુણાભવિમાનમાં દેવરૂપમાં ઉત્પન્ન થયો. ત્યાં કોઈ–કોઈ દેવની સ્થિતિ ચાર પલ્યોપમની હોય છે. કામદેવની પણ ચાર પલ્યોપમની સ્થિતિ થઈ.

ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને પૂછ્યું–'હે ભદન્ત! આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી તે કામદેવ દેવલોકથી ચ્યુત થઈને ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?'

શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું– 'હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે અને દુઃખનો સંપૂર્ણ અન્ત કરશે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ७. ચુલનીપિતા ગાથાપતિ કથાનક

**વારાણસીમાં ચુલનીપિતા ગાથાપતિ–**

૧૩૦. તે કાળે તે સમયે વારાણસી નામે નગરી હતી. કોષ્ઠક નામનું ચૈત્ય હતું. જ્યાં જિતશત્રુ નામના રાજા રાજ્ય કરતા હતા.

ત્યાં વારાણસી નગરીમાં ચુલનીપિતા નામનો ગાથાપતિ રહેતો હતો, જે ધનવાન હતો યાવત્ કોઈથી પણ ગાંજ્યો ન જાય એવો હતો, અર્થાત્ પ્રભાવશાળી હતો.

તે ચુલનીપિતા ગાથાપતિના કોષમાં આઠ કરોડ સુવર્ણ મુદ્રાઓ રોકડ જમા હતી, તેની આઠ કરોડ સુવર્ણ મુદ્રાઓ વ્યાપાર–વ્યવસાયમાં રોકાયેલી હતી અને આઠ કરોડ સુવર્ણ મુદ્રાઓ ઘરની સાધન સામગ્રીમાં (સ્થાવર મિલકત રૂપે) રોકાયેલી હતી. તેની પાસે દસ-દસ સહસ્ર ગાયો વાળા આઠ વ્રજ–ગોકુળ હતા.

તે ગાથાપતિ ચુલનીપિતાને ઘણા બધા રાજા આદિ પોત-પોતાના કાર્યો માટે પૂછતા હતા, સલાહ લેતા હતા અને પોતાના કુટુંબ પરિવારનો પણ તે આધાર–સ્તંભ–મુખ્ય યાવત્ સર્વ કાર્યોનો નિર્દેશક પ્રેરક હતો.

ચુલનીપિતા ગાથાપતિની પત્નીનું નામ શ્યામા હતું, જે શુભ લક્ષણોવાળી પરિપૂર્ણ પંચેન્દ્રિયો તેમ જ શરીરવાળી હતી યાવત્ મનુષ્ય સંબંધી કામભોગો ભોગવતી સમય વ્યતીત કરતી હતી.

**ભગવાન મહાવીરનું સમવસરણ –**

૧૩૧. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર યાવત્ જ્યાં વારાણસી નગરી હતી, જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું ત્યાં પધાર્યા, પધારીને યથા પ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

દર્શન માટે પરિષદ આવી.

કોણિક રાજાની જેમ જિતશત્રુ રાજા પણ દર્શન કરવા આવ્યો યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો.

**ચુલનીપિતા ગાથાપતિનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રવણ –**

૧૩૨. તત્પશ્ચાત્ ચુલનીપિતા ગાથાપતિ તે સમાચાર સાંભળીને કે– 'પૂર્વાનુપૂર્વી' ક્રમથી ચાલતા ચાલતા, એક ગામથી બીજે ગામ ફરતા ફરતા, શ્રમણ ભગવાન મહાવીર અહીં આવ્યા છે, પધાર્યા છે, સમવસૃત થયા છે અને વારાણસી નગરીની બહાર કોષ્ઠક ચૈત્યમાં યથોચિત અવગ્રહ ગ્રહણ કરીને સંયમ તેમજ તપથી આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા છે. હે દેવાનુપ્રિયો ! તથારૂપ અરિહંત ભગવંતોના નામ અને ગોત્ર સાંભળવા મળે તે પણ લહાવો છે તો હે આયુષ્યમન્ ! તેમની પાસે જઈને, તેમને વંદન–નમસ્કાર કરીને તેમને પ્રશ્ન પૂછવાનો અને પર્યુપાસના કરવાનો અવસર પ્રાપ્ત થાય તો તો પૂછવું જ શું ? ધર્માચાર્યનું એક સુવચન સાંભળવું કલ્યાણપ્રદ છે ત્યારે વિપુલ અર્થને ગ્રહણ કરવા મળે તેવા અવસરની તો વાત જ શી ?

તો હું જાઉં અને દેવાનુપ્રિય શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કરું, તેમનો સત્કાર-સન્માન કરું તેમ જ તે કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ, ચૈતન્યરૂપની પર્યુપાસના કરું. આ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું અને કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ, અવસરને અનુરૂપ માંગલિક ઉત્તમ વસ્ત્રો પહેર્યા અને અલ્પ પરંતુ મૂલ્યવાન આભૂષણોથી શરીરને અલંકૃત કરીને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું અને તેમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામી બિરાજમાન હતા ત્યાં આવ્યો, ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને યથા યોગ્ય સ્થાન ગ્રહણ કરીને શુશ્રૂષા કરતો, નમસ્કાર કરતો પોતાના હાથ જોડીને પર્યુપાસના કરવા લાગ્યો,

તદનન્તર શ્રમણ ભગવાન મહાવીરે ગાથાપતિ ચુલનીપિતા અને તે વિશાળ જન-પરિષદને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાવત્ ધર્મકથા કહી; પરિષદ વિખેરાઈ ગઈ અને રાજા પણ ચાલ્યો ગયો.

ચુલનીપિતાનો ગૃહસ્થધર્મ સ્વીકાર—

૧૩૩. ત્યારબાદ ચુલનીપિતા ગાથાપતિ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મકથા સાંભળીને અને હૃદયમાં ઉતારીને હર્ષિત, સંતુષ્ટ, આનંદિત, પ્રીતિમના, પરમ સૌમનસ્ક-પ્રસન્ન અને હર્ષાતિરેકથી આનંદિત-હૃદય થઈને પોતાની જગ્યા પરથી ઊઠયો, ઊઠીને શ્રમણ ભગવાન મહાવીરની આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યો-'હે ભદન્ત! હું નિર્ગ્રન્થ પ્રવચન પર શ્રદ્ધા રાખું છું, હે ભદન્ત! પ્રતીતિ રાખું છું, હે ભદન્ત! નિર્ગ્રન્થ પ્રવચનમાં મને રુચિ છે- તે મને પસંદ છે. હે ભગવન્! નિર્ગ્રન્થ પ્રવચનનો હું આદર કરું છું. હે ભદન્ત! તે આદર કરવા યોગ્ય જ છે. હે ભગવન્! તે તથ્યરૂપ છે. હે ભગવન્! તે યથાર્થ છે. હે ભગવન્! તે અસંદિગ્ધ છે-તેમાં શંકા ન કરી શકાય તેવું છે. હે ભગવન્! તે અભિલષણીય છે. હે ભગવન્! તે અભિપ્સનીય છે. હે ભગવન્! તે અભિલષણીય અને અભિપ્સનીય છે. તમે જેમ કહો છો તેવું જ તે છે. જેવી રીતે ઘણા બધા રાજા, ઈશ્વર, તલવર માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠિ, સેનાપતિ, સાર્થવાહ આદિ આપ દેવાનુપ્રિય પાસે મુંડિત થઈને, ગૃહત્યાગ કરીને અનગારિક પ્રવ્રજ્યાથી પ્રવ્રજિત થયા છે, તેમ હું મુંડિત થઈને ગૃહત્યાગ કરીને અનગારિક દીક્ષા ગ્રહણ કરવા સમર્થ નથી, પરંતુ આપ દેવાનુપ્રિય પાસેથી પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રતરૂપી બાર પ્રકારનો શ્રાવક ધર્મ સ્વીકાર કરવા હું ઇચ્છું છું.'

શ્રમણ ભગવાન મહાવીરે ઉત્તર આપ્યો-'હે દેવાનુપ્રિય! જેમાં તને સુખ મળે તે કર પરંતુ વિલંબ-પ્રમાદ ન કરીશ.'

તત્પશ્ચાત્ ચુલનીપિતા ગાથાપતિએ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી શ્રાવક ધર્મ અંગીકાર કર્યો.

ભગવાન મહાવીરનો જનપદ વિહાર-

૧૩૪. તત્પશ્ચાત્ એક દિવસે શ્રમણ ભગવાન મહાવીરે વારાણસી નગરી અને કોષ્ઠક ચૈત્ય છોડયું, છોડીને બીજા જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

ચુલનીપિતાની શ્રમણોપાસક ચર્યા-

૧૩૫. તદનન્તર ચુલનીપિતા જીવાજીવ આદિ તત્ત્વોનો જાણકાર શ્રમણોપાસક બની ગયો-યાવત્ શ્રમણ નિર્ગ્રન્થો ને પ્રાશુક એષણીય અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, આહાર, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછણ, ઔષધિ, ભેષજ અને પ્રતિહારી પીઠ, ફલક, શૈયા, આસન આદિથી પ્રતિલાભિત કરતો વિચરવા લાગ્યો.

શ્યામાની શ્રમણોપાસિકા ચર્યા-

૧૩૬. તદનન્તર તેની પત્ની શ્યામા જીવાજીવ આદિ તત્ત્વોને જાણીને શ્રમણોપાસિકા બની ગઈ યાવત્ શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાશુક, એષણીય, અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, આહાર તથા વસ્ત્ર, પ્રતિગ્રહ પાત્ર આદિ, કંબલ, પાદપ્રોંછન, ઔષધિ, ભેષજ તેમ જ પ્રતિહારી, પીઠ, ફલક, શૈયા, સંસ્તારકથી પ્રતિલાભિત કરતી વિચરવા લાગી.

ચુલનીપિતાએ કરેલ ધર્મ જાગરણ અને ગૃહ વ્યવહાર ત્યાગ-

૧૩૭ તત્પશ્ચાત અનેક પ્રકારે શીલવ્રતો, ગુણવ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસોની અનુલાપના દ્વારા આત્માને ભાવિત કરતા ચુલનીપિતાએ ચૌદ વર્ષ વીતાવ્યા અને પંદરમું વર્ષ ચાલી રહ્યું હતું ત્યારે કોઈ એક દિવસ મધ્યરાત્રિમાં ધર્મ જાગરણ કરતા તેને આ પ્રમાણેનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત. મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે વારાણસી નગરીમાં ઘણા બધા રાજાઓ આદિ પોત પોતાના કાર્યો માટે મને પૂછે છે, મંત્રણા કરે છે યાવત્ સ્વયં મારા કુટુંબ પરિવારનો હું આધાર-સ્તંભ યાવત્ બધા કાર્યોનો નિર્દેશક છું, તેથી આ વિક્ષેપને કારણે શ્રમણ ભગવાન મહાવીર પાસેથી અંગીકૃત કરેલી ધર્મ પ્રજ્ઞપ્તિને અનુરૂપ પ્રવૃત્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં સમર્થ નથી થતો.' તદનન્તર શ્રમણોપાસક ચુલનીપિતાએ પોતાના જ્યેષ્ઠ પુત્રને, મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન સંબંધીઓ અને પરિચિતજનોને પૂછ્યું, પૂછીને પોતાના ઘરેથી નીકળ્યો. નીકળીને વારાણસીનગરીની વચ્ચેથી પસાર થઈને જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો, આવીને પૌષધશાળાને વાળી ઝુડી સાફ કરી, વાળીને સાફ કર્યા પછી ઉચ્ચારણ પ્રસ્રવણભૂમિની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને દર્ભ-ઘાસનું આસન બિછાવ્યું, બિછાવીને તેના પર બેઠો, બેસીને પૌષધશાળામાં પૌષધવ્રત સ્વીકારીને બ્રહ્મચર્યપૂર્વક મણિ-સુવર્ણના આભૂષણો, પુષ્પમાળાઓ, વર્ણક, વિલેપનનો ત્યાગ કરીને, મૂસલ આદિ શસ્ત્રોનો ત્યાગ કરીને, એકાકી અદ્વિતીય બનીને દર્ભસંસ્તારક પર બેસીને શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ગ્રહણ કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિચરવા લાગ્યો.

**ચુલનીપિતા દ્વારા દેવકૃત પોતાના જયેષ્ઠપુત્રના મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો—**

૧૩૮. તદનન્તર મધ્યરાત્રિએ ચુલનીપિતા શ્રમણોપાસક પાસે એક દેવ પ્રગટ થયો.

તત્પશ્ચાત્ તે દેવ એક મોટી નીલકમલ, ભેંસના શીંગડા અને અળસીના ફૂલ જેવી નીલ પ્રભાવાળી તીક્ષ્ણ તલવાર હાથમાં લઈને ચુલનીપિતા શ્રમણોપાસકને આ પ્રમાણે કહેવા લાગ્યો—

'અરે ઓ શ્રમણોપાસક ચુલનીપિતા! અરે ઓ અપ્રાર્થિતની પ્રાર્થના કરનારા! યાવત્ પૌષધોપવાસ નહીં તોડે, નહીં છોડે તો હું હમણાં જ તારા જયેષ્ઠ પુત્રને ઘરેથી પકડી લાવીશ, પકડીને તારી સામે જ તેને મારી નાખીશ, મારીને તેના ટુકડે-ટુકડા કરી નાખીશ, ટુકડા કરીને તેલમાં તળીશ, પકાવીશ, પકાવીને તે માંસ અને રક્તને તારા શરીર પર ચોપડીશ, જેથી તું આર્તધ્યાનથી વશ થઈને, દુઃખથી પીડિત થઈને અકાળે જીવનથી પૃથક્ બની જઈશ-જાનથી હાથ ધોઈ નાખીશ.'

ત્યારે તે દેવ દ્વારા આ પ્રમાણે કહેવાયાં છતાં પણ ચુલનીપિતા નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત રહ્યો. ત્યારે દેવે ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ઉપાસનારત જોયો. જોઈને બીજી, ત્રીજી વાર પણ શ્રમણોપાસક ચુલનીપિતાને આ પ્રમાણે કહ્યું-' અરે ચુલનીપિતા શ્રમણોપાસક! જો તું હવે શીલ-યાવત્-પૌષધોપવાસ નહીં છોડે તો પ્રાણ ગુમાવીશ.'

દેવ વડે બીજી અને ત્રીજી વાર કહેવાયેલા આવા શબ્દો સાંભળીને પણ તે નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત રહ્યો.

તદનન્તર તે દેવે ચુલનીપિતા શ્રમણોપાસકને અભય યાવત્ ઉપાસનારત જોયો, જોઈને અત્યંત ક્રોધિત, રુષ્ટ, કોપિત, વિકરાળ બનીને દાંતને કચકચાવતાં ચુલનીપિતાના જયેષ્ઠ પુત્રને ઘરની બહાર કાઢ્યો, કાઢીને મારી નાખ્યો, મારીને તેના શરીરના ટુકડે-ટુકડા કરી નાખ્યા, ટુકડા કરીને તેલમાં તળ્યા, તળીને ચુલનીપિતા શ્રમણોપાસકના શરીર પર તે માંસ અને લોહી ચોપડ્યું.

તે શ્રમણોપાસક ચુલનીપિતાએ તે તીવ્ર, વિપુલ, કર્કશ, કઠોર, પ્રગાઢ, પ્રચંડ, દુસ્સહ વેદનાને ક્ષમા, તિતિક્ષા અને સહિષ્ણુતાપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી.

**ચુલનીપિતા દ્વારા દેવકૃત પોતાના મધ્યમ પુત્રના મારણરૂપ ઉપસર્ગનું સમભાવપૂર્વક સહન કરવું—**

૧૩૯. તદનન્તર તે દેવે ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધ્યાનમગ્ન જોયો, જોઈને શ્રમણોપાસક ચુલનીપિતાને આ પ્રમાણે કહ્યું 'અરે ઓ ચુલનીપિતા શ્રમણોપાસક! જો હજી પણ તું શીલ, વ્રત, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા ઘરેથી તારા વચલા પુત્રને પકડી લાવીશ, લાવીને તારી સામે જ મારી નાખીશ, મારીને યાવત્ (સૂ. ૧૩૮ અનુસાર) જીવનરહિત થઈ જઈશ.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવના આ કથનને સાંભળીને પણ ચુલનીપિતા શ્રમણોપાસક નિર્ભય યાવત્ પોતાની સાધનામાં મગ્ન રહ્યો.

તદન્તર દેવે ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત જોયો, જોઈને બીજી અને ત્રીજી વાર પણ ચુલનીપિતા શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું–' અરે ઓ ચુલનીપિતા શ્રમણોપાસક ! યાવત્ (સૂ. ૧૩૯ અનુસાર) જીવન રહિત બની જઈશ.'

તે દેવ દ્વારા બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહેવાયાં છતાં ચુલનીપિતા શ્રમણોપાસક નિર્ભય યાવત્ ધર્મસાધનામાં લીન રહ્યો. તદન્તર દેવે ચુલનીપિતા શ્રમણોપાસકને અભય યાવત્ ધર્મધ્યાનમાં મગ્ન જોયો, જોઈને અત્યંત ક્રોધિત, રુષ્ટ, કુપિત, વિકરાળ બનીને દાંત કચકચાવતા ચુલનીપિતાના વચલા પુત્રને ઘરેથી પકડી લાવ્યો, લાવીને તેની સામે મારી નાખ્યો, મારી નાખીને તેના શરીરના ટુકડે-ટુકડા કરી નાખ્યા, ટુકડા કરીને તેલથી ભરેલી કડાઈમાં તળ્યા, તળીને માંસ અને લોહીથી ચુલનીપિતા શ્રમણોપાસકના શરીરને સીંચ્યું.

ત્યારે ચુલનીપિતા શ્રમણોપાસકે તે તીવ્ર યાવત્ વેદનાને સમતા, ક્ષમા, તિતિક્ષા અને સહિષ્ણુતાપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી.

ચુલનીપિતા દ્વારા દેવકૃત પોતાના કનિષ્ઠપુત્ર મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો.—

૧૪૦. તદન્તર તે દેવે ચુલનીપિતા શ્રમણોપાસકને અભય યાવત્ ધર્મધ્યાનમાં મગ્ન જોયો, જોઈને ચુલનીપિતા શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું- ' અરે ચુલનીપિતા શ્રમણોપાસક ! યાવત્ જો આજે તુ શીલ, વ્રત, વિરમણો, પ્રત્યાખ્યાનો, પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા કનિષ્ઠ પુત્રને ઘરથી પકડી લાવીશ, લાવીને તારી સામે જ તેને મારી નાખીશ, મારીને તેના શરીરના ટુકડે ટુકડા કરી નાખીશ. ટુકડા કરીને તેલથી ભરેલી કડાઇમાં તળીશ, તળીને તેના લોહી અને માંસથી તારા શરીરને સીંચીશ, જેથી તું આર્તધ્યાનથી વશ થઈને અકાળે જ દુઃખ ભોગવતો જીવનરહિત થઈ જઈશ.'

દેવ દ્વારા બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહેવા છતાં ચુલનીપિતા શ્રમણોપાસક નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં મગ્ન રહ્યો.

તદનન્તર તે દેવ ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત જોયો, જોઈને અત્યંત ક્રોધિત, રુષ્ટ, કુપિત, વિકરાળ બનીને દાંત કચકચાવતા ચુલનીપિતા શ્રમણોપાસકના કનિષ્ઠ પુત્રને ઘરેથી પકડી લાવ્યો, લાવીને તેની સામે મારી નાખ્યો, મારીને શરીરના ટુકડે-ટુકડા કરી નાખ્યા, ટુકડા કરીને તેલથી ભરેલી કડાઈમાં તળ્યા, તળીને ચુલનીપિતા શ્રમણોપાસકના શરીર પર તે માંસ અને લોહી છાંટયું.

ત્યારે પણ ચુલનીપિતા શ્રમણોપાસકે તીવ્ર યાવત્ દુસ્સહ વેદનાને ક્ષમા, તિતિક્ષા અને સમભાવપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી.

ચુલનીપિતા દ્વારા દેવ કથિત પોતાની માતા ભદ્રાને મારવાની વાત સાંભળી તે સહન ન થવાથી કોલાહલ કરવો અને માયાવિકુર્વિત દેવનું આકાશમાં ઊડવું—

૧૪૧ તદનન્તર તે દેવે ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત જોયો, જોઈને ચોથીવાર તેણે ચુલનીપિતા શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું–

' અરે શ્રમણોપાસક ચુલનીપિતા ! જો તું યાવત્ પૌષધોપવાસો નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા માટે દેવરૂપ અને ગુરુસદૃશ પૂજનીય, તારું લાલન-પાલન આદિ દુષ્કર કાર્ય કરનાર માતા ભદ્રા સાર્થવાહીને ઘરેથી પકડી લાવીશ, લાવીને તારી સામે જ મારી નાખીશ, મારીને તેના માંસના ગોળા કરીને તેને તેલ ભરેલી કડાઈમાં તળીશ, તળીને તારા શરીર પર તેનું લોહી અને માંસ ચોપડીશ, જેથી તું આર્તધ્યાનથી વશ થઈને દુસ્સહ વેદના ભોગવતો અકાળ મરણને શરણ થઈશ.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવ દ્વારા આ પ્રમાણે કહેવાયાં છતાં શ્રમણોપાસક ચુલનીપિતા નિર્ભય યાવત્ પૂર્વવત ધર્મ-ધ્યાનમાં સ્થિર રહ્યો.

તત્પશ્ચાત્ દેવે ચુલનીપિતા શ્રમણોપાસકને પૂર્વવત્ નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં સ્થિર જોયા, જોઈને ફરીથી બીજી, ત્રીજી વાર પણ ચુલનીપિતા શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું–'અરે ચુલનીપિતા શ્રમણોપાસક! યાવત્ જીવનરહિત બની જઈશ.'

તદન્તર તે દેવ દ્વારા બીજી અને ત્રીજી વાર આ પ્રમાણે કહેવાયાં પછી ચુલનીપિતા શ્રમણોપાસકને આ અને આ પ્રમાણેનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે અરે! આ પુરુષ ખૂબ અનાર્ય-અધમ અને અનાર્ય બુદ્ધિવાળો છે, નિકૃષ્ટ પાપકર્મોનો કરનાર છે, જે પહેલાં મારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી પકડી લાવ્યો, લાવીને મારી સામે જ તેને મારી નાખ્યો, મારીને તેના શરીરના ટુકડે–ટુકડા કરી નાખ્યા, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા અને પછી તેનું રક્ત અને માંસ મારા શરીર પર છાંટ્યું. તત્પશ્ચાત્ મારા વચલા પુત્રને ઘરેથી લઈ આવ્યો, લાવીને મારી સામે મારી નાખ્યો, મારીને તેના શરીરના ટુકડા કરી નાખ્યા, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને માંસ અને લોહીને મારા શરીર પર છાંટ્યું, ને પછી મારા કનિષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો. લાવીને મારી સામે તેની હત્યા કરી, હત્યા કરીને તેના શરીરના ટુકડે ટુકડા કરી નાખ્યા, પછી તેને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને મારા શરીર પર લોહી અને માંસ છાંટ્યું અને હવે દેવ અને ગુરુ સમાન પૂજનીય મારી માતા ભદ્રા સાર્થવાહીને પણ ઘરેથી લાવીને મારી સામે મારી નાખવા માગે છે–તો તે યોગ્ય છે કે આ પુરુષને પકડી લઉં.' એમ વિચાર કરીને પછી તેને પકડવા દોડ્યો, પરંતુ દેવ આકાશમાં ઊડી ગયો અને ચુલનીપિતાના હાથમાં થાંભલો આવી ગયો ત્યારે તે ઊંચા અવાજે કોલાહલ કરવા લાગ્યો–મોટે મોટેથી બૂમો પાડવા લાગ્યો–શોર મચાવવા મંડ્યો.

ભદ્રાનો પ્રશ્ન–

૧૪૨. તદન્તર તે ભદ્રા સાર્થવાહી અવાજ સાંભળીને અને પરિસ્થિતિ સમજીને ચુલનીપિતા શ્રમણોપાસક હતો ત્યાં આવી, ત્યાં આવીને ચુલનીપિતા શ્રમણોપાસકને પૂછ્યું–'પુત્ર! તેં મોટેથી બૂમો કેમ પાડી?'

ચુલનીપિતાનો ઉત્તર —

૧૪૩. ત્યારે ચુલનીપિતા શ્રમણોપાસકે માતા ભદ્રા સાર્થવાહીને આ પ્રમાણે કહ્યું– હે માતાજી! વાત આ પ્રમાણે છે, મને ખબર નથી કે તે પુરુષ કોણ છે જે અત્યંત ક્રોધિત, રુષ્ટ, કુપિત, વિકરાળ બનીને દાંત કચકચાવતા એક મોટી, નીલકમલ, ભેંસના શીંગડા અને અળસીના ફૂલ જેવી નીલપ્રભાવાળી તીક્ષ્ણ તલવાર લઈને મને કહેવા લાગ્યો–

'અરે શ્રમણોપાસક ચુલનીપિતા! યાવત્ જો તું યાવત્ જીવનરહિત બની જઈશ.'

તે પુરુષ દ્વારા આ પ્રમાણે કહેવા છતાં હું નિર્ભય યાવત્ મારી ઉપાસનામાં રત રહ્યો.

તદન્તર તે પુરુષે મને નિર્ભય યાવત્ ધર્મ-ધ્યાનમાં રત જોયો, જોઈને બીજી અને ત્રીજી વાર પણ મને કહ્યું–'અરે ચુલનીપિતા શ્રમણોપાસક! યાવત્ મારી નાખીશ.'

તદન્તર તે પુરુષ દ્વારા બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહેવાયાં છતાં હું નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત રહ્યો.

તદન્તર તે પુરુષે મને અભય યાવત્ ધર્મ-ધ્યાનમાં રત જોયો, જોઈને અત્યંત ક્રોધિત, રુષ્ટ, કોપિત અને વિકરાળ બનીને દાંત કચકચાવતા મારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવ્યો, લાવીને મારી સામે જ તેને મારી નાખ્યો, મારીને તેના શરીરના ટુકડે ટુકડા કરી નાખ્યા, ટુકડા કરીને તેલથી ભરેલી કડાઈમાં તળ્યા, તળીને મારા શરીર પર લોહી અને માંસ છાંટ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે મેં તે અત્યંત તીવ્ર યાવત્ વેદનાને સમભાવપૂર્વક સહન કરી અને ક્ષમા, તિતિક્ષા-પૂર્વક મારી સાધનામાં મગ્ન રહ્યો.

આ પ્રમાણે મારા વચલા પુત્રને પણ કર્યું યાવત્ તે વેદનાને મેં ક્ષમા અને તિતિક્ષાપૂર્વક સહન કરી.

આમ કર્યા પછી પણ તે પુરુષે મને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત જોયો તો ચોથી વાર મને આ પ્રમાણે કહ્યું- 'ઓ રે ચુલનીપિતા શ્રમણોપાસક! યાવત્ જો તું તારું શીલ આદિ તોડીશ નહીં તો હું આ જ ક્ષણે દેવ અને ગુરુ જેવી પૂજનીય તારી માતાને લઈ આવીશ યાવત્ તું મરી જઈશ.'

તદનન્તર તે પુરુષનું આ કથન સાંભળીને પણ હું નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત રહ્યો.

ત્યારે તે પુરુષે મને નિર્ભય યાવત્ સાધનામાં મગ્ન જોયો, જોઈને બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું 'ઓ રે શ્રમણોપાસક ચુલનીપિતા! યાવત્ પ્રાણથી હાથ ધોઈ નાખીશ.'

ત્યાર બાદ તે પુરુષ દ્વારા બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહેવાયાં પછી મને આ પ્રમાણે આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો–અરે આ અધમ પુરુષે યાવત્ પાપકર્મો કર્યા છે કે પહેલા મારા જયેષ્ઠપુત્રને ઘરેથી પકડી લાવ્યો યાવત્ માંસ શોણિત છાંટયું. હવે તમને પણ ઘરેથી લઈ આવી મારી સામે મારી નાખવા ઈચ્છે છે. તેથી તે પુરુષને પકડી લાવવાનું મને યોગ્ય લાગ્યું–આમ વિચાર કરીને હું તેને પકડવા દોડયો. પરંતુ તે તો આકાશમાં ઊડી ગયો અને પકડવા માટે પહોળા કરેલા હાથમાં આ થાંભલો આવી ગયો, તેથી મેં મોટેથી બૂમો પાડી.

ચુલનીપિતાએ કરેલું પ્રાયશ્ચિત—

૧૪૪. તદનન્તર ભદ્રા સાર્થવાહીએ શ્રમણોપાસક ચુલનીપિતાને આ પ્રમાણે કહ્યું–"ન તો કોઈ પુરુષ તારા જયેષ્ઠ પુત્રને ઘરેથી ઉઠાવી લાવ્યો છે અને ન ઉઠાવીને તારી સામે માર્યો છે. ન તો તારા વચલા પુત્રને કોઈ ઘરેથી ઉઠાવી લાવ્યું છે અને ન તો તારી સામે માર્યો છે અને ન તો કોઈ પુરુષ તારા કનિષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો છે અને ન તારી સામે મારી નાખ્યો છે. આ તો કોઈ પુરુષે તારી પર ઉપસર્ગ કર્યો છે. આ તો તેં મિથ્યા કલ્પિત ઘટના (દૃશ્ય) જોઈ છે. જેથી તારું વ્રત, નિયમ અને પૌષધ ખંડિત થઈ ગયા. તો હે પુત્ર! તું હવે વ્રત-ભંગ કર્યાની આલોચના કર, પ્રતિક્રમણ કર, નિન્દા કર, ગર્હા કર, તેનાથી નિવૃત્ત થઈ જા, આ કાર્યની શુદ્ધિ કર, યથોચિત પ્રાયશ્ચિત્ત કરવાની તૈયારી કર અને તદર્થ તપઃક્રિયા સ્વીકાર કર.'

તદનન્તર ચુલનીપિતા શ્રમણોપાસકે 'તમે યોગ્ય જ કહો છો' એમ કહીને માતા ભદ્રા સાર્થવાહીની આજ્ઞાનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને તે સ્થાન–વ્રતભંગરૂપ કાર્યની આલોચના કરી, પ્રતિક્રમણ કર્યું, નિન્દા કરી, ગર્હા કરી, તેને વિપ્રોટિત કર્યું અને તે ન કરવા લાયક કાર્યની વિશુદ્ધિ માટે યથોચિત પ્રાયશ્ચિત્ત કરીને હેતુ માટે તત્પર થઈને તપ કર્મનો સ્વીકાર કર્યો.

ચુલનીપિતા દ્વારા ઉપાસક-પ્રતિમાઓ ગ્રહણ કરવી-

૧૪૫. તદનન્તર ચુલનીપિતા શ્રમણોપાસકે પહેલી ઉપાસક પ્રતિમા અંગીકાર કરી.

પહેલી ઉપાસક પ્રતિમાને ચુલનીપિતા શ્રમણો-પાસકે યથાસૂત્ર, યથાકલ્પ, યથામાર્ગ, યથાતત્ત્વ અર્થાત્ શાસ્ત્ર, આચાર મર્યાદા, વિધિ અને સિદ્ધાંત અનુસાર સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી, પાલન કરી, શોધિત કરી અથવા શોભિત કરી, ઉત્તીર્ણ–પૂર્ણ કરી, કીર્તિત કરી, આરાધિત કરી.

તદનન્તર ચુલનીપિતા શ્રમણોપાસકે બીજી ઉપાસક પ્રતિમાને આરાધિત કરી અને આ પ્રમાણે ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી અને અગીયારમી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાસક પ્રતિમાને યથાસૂત્ર, યથાકલ્પ, યથામાર્ગ, યથાતત્ત્વ સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી, પાલન કરી, શોભિત કરી, પૂર્ણ કરી, કીર્તિત–અભિનન્દિત કરી અને આરાધિત કરી.

ત્યારે તેવા તપકર્મથી તે ચુલનીપિતા શ્રમણોપાસક ઉદાર, વિપુલ, પ્રયત્ન સાધ્ય તપોકર્મ ગ્રહણ કરીને શુષ્ક, રુક્ષ, માંસરહિત અવશિષ્ટ અસ્થિ અને ચામડાના કિટિકિટિકાભૂત, કૃશ અને ઉપસી આવેલી નસો ભરેલા શરીરવાળો થઈ ગયો.

ચુલનીપિતાએ કરેલ અનશન—

૧૪૬. તદન્તર કોઈ એક દિવસ મધ્યરાત્રિએ ધર્મ-જાગરણ કરતાં ચુલનીપિતા શ્રમણોપાસકને આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત. મનોગત વિચાર આવ્યો કે હું આમ અને આ પ્રમાણે ઉદાર, વિપુલ, પ્રયત્ન–સાધ્ય, તપોકર્મને ગ્રહણ કરીને શુષ્ક, રુક્ષ, નિર્માંસ, માત્ર હાડ ચામડાનો માળો, કિટિકિટિકાભૂત, કૃશ અને લુહારની ધમણ જેવા શરીરવાળો થઈ ગયો છું, પરંતુ હજી પણ મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાર્થ, પરાક્રમ, શ્રદ્ધા, ધૃતિ અને સંવેગ વિદ્યમાન છે. તો જ્યાં સુધી મારામાં ઉત્થાન–ઉત્સાહ, કર્મ-પ્રવૃત્તિ, બળ, વીર્ય, પુરુષાર્થ, પરાક્રમ-સામર્થ્ય, શ્રદ્ધા, ધૃતિ, સંવેગ–મુમુક્ષુભાવ છે યાવત્ ધર્માચાર્ય, ધર્મોપદેશક જિન સુહસ્તી શ્રમણ ભગવાન મહાવીર વિચરી રહ્યા છે, ત્યાં સુધી મારા માટે શ્રેયસ્કર છે કે કાલે રાત્રિનું પ્રભાતમાં પરિવર્તન થયા પછી યાવત્ સૂર્યોદય તેમ જ સહસ્રરશ્મિ દિનકર જાજ્વલ્યમાન તેજ સહિત પ્રકાશિત થયા પછી અંતિમ મારણાન્તિક સંલેખના અંગીકાર કરીને આહાર–પાણીનો ત્યાગ કરીને, જીવન-મરણની આકાંક્ષા છોડીને મારું જીવન વ્યતીત કરું.'

આમ વિચાર કર્યો. વિચાર કરીને રાત્રિનું પ્રભાતમાં પરિવર્તન થયા પછી યાવત્ સૂર્યોદય થયા પછી અને જાજ્વલ્યમાન તેજ સહિત સહસ્રરશ્મિ દિનકરના પ્રકાશિત થયા પછી અપશ્ચિમ મારણાંતિક સંલેખના ઝૂસણા અંગીકાર કરીને વિચરણ કરવા લાગ્યો.

ચુલનીપિતાનું સમાધિમરણ, દેવલોકમાં ઉત્પત્તિ અને તદન્તર સિદ્ધિગમન નિરૂપણ—

૧૪૭. તદન્તર ચુલનીપિતા શ્રમણોપાસક અનેકવિધ શીલવ્રતો, ગુણવ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસોથી આત્માને સંસ્કારિત કરતો, વીસ વર્ષ સુધી શ્રમણોપાસક પર્યાયનું પાલન કરીને, અગિયાર ઉપાસક પ્રતિમા ગ્રહણ કરીને, એક મહિનાની સંલેખના દ્વારા આત્માને શુદ્ધ કરીને, સાઠ ટંકના ભોજનોનો અનશન દ્વારા ત્યાગ કરીને, આલોચના કરીને, પ્રતિક્રમણ અને સમાધિપૂર્વક અંત સમયે મરણ પામીને સૌધર્મ કલ્પમાં સૌધર્માવતંસક મહાવિમાનના ઉત્તર પૂર્વ દિક્ભાગ (ઈશાન કોણમાં) સ્થિત અરુણપ્રભ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયો. ત્યાં તેનું આયુષ્ય ચાર પલ્યોપમનું થયું. તદન્તર ત્યાંથી ચ્યુત થઈને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે અને બધા દુઃખોનો અંત કરશે.

॥ ચુલનીપિતા ગાથાપતિ કથાનક સમાપ્ત ॥

## ૮. સુરાદેવ ગાથાપતિ કથાનક

વારાણસીમાં સુરાદેવ ગાથાપતિ—

૧૪૮ તે કાળે, તે સમયે વારાણસી નામે નગરી હતી. કોષ્ઠક ચૈત્ય હતું. જિતશત્રુ રાજા હતો.

તે વારાણસી નગરીમાં સુરાદેવ નામનો ગાથાપતિ રહેતો હતો જે ધન-ધાન્યથી સમૃદ્ધ હતો યાવત્ કોઈથી પણ હાર માને તેવો ન હતો.

તે સુરાદેવ ગાથાપતિના કોષમાં છ કરોડ રોકડ સુવર્ણ મુદ્રાઓ હતી, છ કરોડ સુવર્ણ મુદ્રાઓ તેની વ્યાપારમાં રોકાયેલી હતી અને છ કરોડ સ્વર્ણ મુદ્રાઓ ભવનો અને અન્ય મિલકતમાં રોકાયેલી હતી. દરેક દશ–દશ હજાર ગાયો વાળા છ ગોકુળો તેના ગૌશાળામાં હતા.

ઘણા રાજાઓ વ. પોતાના કાર્યો માટે સુરાદેવ ગાથાપતિની સલાહ લેતા હતા. અને તે પોતાના કુટુંબનો પણ આધારસ્તંભ યાવત્ બધા કાર્યોનો નિર્દેશક–પ્રેરક હતો.

સુરાદેવ ગાથાપતિની ભાર્યાનું નામ ધન્ના હતું. જે શુભલક્ષણ તેમ જ પરિપૂર્ણ પંચેન્દ્રિય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુક્ત શરીરવાળી હતી યાવત્ મનુષ્ય સંબંધી કામભોગો ભોગવતી વિચરતી હતી.

ભગવાન મહાવીરનું આગમન—

૧૪૯. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર યાવત્ જ્યાં વારાણસી નગરી હતી, જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું ત્યાં આવ્યા, આવીને યથોચિત અવગ્રહ ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. પરિષદા ધર્મકથા સાંભળવા આવી.

શ્રેણિક રાજાની જેમ જિતશત્રુ રાજા પણ વંદના આદિ માટે આવ્યો યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો.

સુરાદેવ ગાથાપતિનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રવણ—

૧૫૦. તદનન્તર સુરાદેવ ગાથાપતિએ એ વાત સાંભળી કે પૂર્વાનુપૂર્વી ક્રમથી ચાલતા ચાલતા, એક ગામથી બીજે ગામ ફરતા ફરતા શ્રમણ ભગવાન મહાવીર અહીં આવ્યા છે, પધાર્યા છે, સમવસર્યા છે અને અહીં વારાણસી નગરીની બહાર કોષ્ઠક ચૈત્યમાં યથોચિત અવગ્રહ ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા છે. ત્યારે–

હે દેવાનુપ્રિયો ! જો તથારૂપ અરિહંત ભગવંતોનાં નામ અને ગોત્ર વિશે સાંભળવું પણ મહાફળ દાયક છે તો પછી તેમની પાસે જઈને, તેમને વંદન–નમસ્કાર કરીને પ્રશ્નો પૂછવા અને તેમની પર્યુપાસના કરવાના અવસરનું તો પૂછવું જ શું ? જ્યારે આર્ય–ધર્મનું એક વાક્ય પણ સાંભળવું દુર્લભ હોય તો પછી વિપુલ અર્થ ગ્રહણ કરવાની સુદુર્લભતા માટે પૂછવું જ શું ? તો હે દેવાનુપ્રિય ! હું જઉં અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરું, તેમનો સત્કાર સન્માન કરું, અને કલ્યાણ મંગળ, દેવ તેમજ ચૈત્ય રૂપ એવા તેમની પર્યુપાસના કરું.' આ પ્રમાણે તેણે વિચાર કર્યો, વિચાર કરીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, અને કૌતુક–મંગળ–પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ સભોચિત માંગલિક શ્રેષ્ઠ વસ્ત્રો પહેર્યાં તેમ જ અલ્પ પરંતુ મૂલ્યવાન આભૂષણોથી શરીરને અલંકૃત કરીને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને કોરંટ પુષ્પોથી યુક્ત છત્રને ધારણ કરીને જનસમૂહની સાથે પગપાળા વારાણસી નગરીની વચ્ચેથી પસાર થયો, પસાર થઈને જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું, તેમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા, ત્યાં ગયો, ત્યાં જઈને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર દક્ષિણ દિશાથી શરૂ કરીને પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા તથા વંદન–નમસ્કાર કરીને પછી બહુ દૂર નહીં અને બહુ નજીક નહીં તેવા યોગ્ય સ્થાન પર સ્થિર થઈને શુશ્રૂષા કરતો, નમસ્કાર કરતો વિનયપૂર્વક અંજલિ રચીને પર્યુપાસના કરવા લાગ્યો.

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરે સુરાદેવ ગાથાપતિ અને તે વિશાળ પરિષદને યાવત્–ધર્મ કથા કહી.

પરિષદ પાછી ફરી, રાજા પણ પાછો ફર્યો.

સુરાદેવનો શ્રાવક ધર્મ સ્વીકાર—

૧૫૧. તદનન્તર તે સુરાદેવ ગાથાપતિ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મ સાંભળીને અને હૃદયમાં ધારણ કરી-સમજીને હૃષ્ટ, તુષ્ટ આનંદિત ચિત્ત, પ્રીતિ ભરેલા મનવાળો, પરમ પ્રસન્ન અને હર્ષને કારણે વિકસિત હૃદય થઈને પોતાના આસન પરથી ઊઠ્યો–ઊભો થયો. ઊભો થઈને શ્રમણ ભગવાનની ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન–નમસ્કાર કર્યાં, વંદન નમસ્કાર કરીને તેણે આ પ્રમાણે કહ્યું–હે ભગવન્ ! હું નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા રાખું છું. હે ભદન્ત ! નિર્ગ્રન્થ પ્રવચનની પ્રતીતિ કરું છું. હે ભગવાન ! મને નિર્ગ્રન્થ પ્રવચન ગમે છે. હે ભગવન ! હું નિર્ગ્રન્થ પ્રવચનની આરાધના કરવા માટે તત્પર છું. હે ભદન્ત ! આ વાત સાચી છે. હે ભન્તે ! આ વાતમાં તથ્ય છે, હે ભદન્ત ! આ યથાર્થ સત્ય છે. હે ભગવન્ત ! હું તેના માટે અભિલાષી છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે ભદન્ત ! આ પ્રતિઇચ્છિત-અભિપ્સનીય છે અને હે ભગવન્ ! ઇચ્છિત પ્રતિઇચ્છિત અભિલાષા-અભિપ્સા કરવા યોગ્ય છે. તે તમે કહો છો તે પ્રમાણે જ છે. પણ જેવી રીતે આપ દેવાનુપ્રિય પાસે ઘણા બધા રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શેઠ, સેનાપતિ, સાર્થવાહ વગેરે મુંડિત બનીને, ગૃહત્યાગ કરીને અનગારત્વ પ્રાપ્ત કરીને પ્રવ્રજિત થયા છે, તે પ્રમાણે મુંડિત થઈ ગૃહ-ત્યાગ કરીને અનગાર-પ્રવ્રજ્યા અંગીકાર કરવા માટે હું સમર્થ નથી. પરંતુ આપ દેવાનુપ્રિયની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારનો શ્રાવક ધર્મ સ્વીકાર કરવા ઇચ્છું છું.'

ભગવાને કહ્યું-'તને સુખ મળે તેમ કર, પરંતુ તેમાં વિલંબ ન કર.'

તદન્તર તે સુરાદેવ ગાથાપતિએ શ્રમણ ભગવાન મહાવીર પાસે શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો.

ભગવાનનો જનપદવિહાર—

૧૫૨. ત્યાર પછી તે સુરાદેવ જીવાજીવતત્ત્વોનો જાણકાર એવો શ્રમણોપાસક બની ગયો, યાવત્-શ્રમણનિર્ગ્રન્થોને પ્રાસુક, એષણીય, અશન પાન ખાદ્ય સ્વાદ્ય આહાર, વસ્ત્ર, પાત્રાદિ પ્રતિગ્રહણ કંબલ પાદપ્રોંચ્છન, રજોહરણ, ઔષધિ, ભૈષજ તથા પડિહારીય પીઠ ફલક, શૈયા, સંસ્તારક આસન વગેરેથી પ્રતિલાભિત કરતો પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યો.

ધન્ના ભાર્યાની શ્રમણોપાસિકા ચર્યા-

૧૫૪. ત્યાર પછી તે ધન્ના ભાર્યા જીવાજીવ આદિ તત્ત્વોની જાણકાર શ્રમણોપાસિકા બની ગઈ-યાવત્-નિર્ગ્રંથ શ્રમણોને પ્રાસુક, એષણીય, અશન પાન ખાદ્ય સ્વાદ્ય આહાર વસ્ત્ર પ્રતિગ્રહ, પાત્ર વગેરે કંબલ, પાદ-પ્રોંછન-રજોહરણ ઔષધિ, ભૈષજ તેમ જ પડિહારીયપીઠ, ફલક, શૈયા સંસ્તારક વગેરેથી પ્રતિલાભિત કરતી વિચરવા લાગી.

સુરાદેવનું ધર્મજાગરણ અને ગૃહવ્યવહારનો ત્યાગ-

૧૫૫. તદન્તર તે સુરાદેવ શ્રમણોપાસકના અનેક પ્રકારના શીલવ્રતો ગુણવ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો દ્વારા આત્માને ભાવિત કરતાં ચૌદ વર્ષ વીતી ગયાં અને પંદરમું વર્ષ વીતી રહ્યું હતું ત્યારે કોઈ એક સમયે મધ્યરાત્રિએ ધર્મજાગરણ વખતે જાગરણ કરતી વખતે તેને આ પ્રમાણેનો આધ્યાત્મિક ચિન્તિત પ્રાર્થિત મનોગત વિચાર આવ્યો કે વારાણસી નગરીના ઘણા બધાં રાજાઓ યાવત્ મને પૂછે છે, પરામર્શ કરે છે તથા મારા કુટુંબનો હું આધારસ્તંભ છું. યાવત્-બધા કાર્યો વ્યવહારોનો પ્રેરક-નિર્દેશક છું, તેથી આ વિક્ષેપને કારણે શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ગ્રહણ કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિચરણ કરવા માટે સમર્થ થઈ શકતો નથી.

આ પછી સુરાદેવ શ્રમણોપાસકે પોતાના જ્યેષ્ઠ પુત્ર, મિત્રો, જાતિબંધુઓ, સ્વજન-સંબંધીઓને પૂછયું, પૂછીને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને, વારાણસી નગરીની વચ્ચેથી નીકળ્યો, નીકળીને જ્યાં પોષધશાળા હતી ત્યાં આવ્યો, ત્યાં જઈને પૌષધશાળા વાળઝૂડીને સાફ કરી, પછી ઉચ્ચાર અને પ્રસ્રવણ ભૂમિની પ્રતિલેખના કરી, તત્પશ્ચાત્ દર્ભ-ઘાસનું આસન પાથર્યું, પાથરીને તેના ઉપર બેઠો, બેસીને પૌષધશાળામાં પૌષધવ્રત લઈને બ્રહ્મચર્યપૂર્વક, મણિ-સુવર્ણ આદિનાં આભૂષણો, પુષ્પમાળાઓ, વર્ણકો-શ્રૃંગાર-વસ્તુઓ અને વિલેપનોને છોડીને, મૂસલ આદિ શસ્ત્રો ત્યાગીને, એક અદ્વિતીય એવા થઈને, દર્ભ-સંસ્તારક પર બેસીને શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ગ્રહણ કરેલી ધર્મ પ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને સમય વ્યતીત કરવા લાગ્યો.

સુરાદેવ દ્વારા દેવકૃત પોતાના જ્યેષ્ઠ પુત્રના મરણ-રૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો—

૧૫૬. તદનન્તર મધ્યરાત્રિએ તે શ્રમણોપાસક સુરાદેવની સામે એક દેવ પ્રગટ થયો. ઉપસ્થિત થયો.

તે દેવ નીલકમલ જેવી, ભેંસના શીંગડા જેવી અને અળસીના ફૂલ જેવી પ્રભાવાળી તેમ જ તીક્ષ્ણ ધારવાળી એક મોટી તલવાર હાથમાં લઈને સુરાદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું :

'ઓ રે શ્રમણોપાસક સુરાદેવ! અપ્રાર્થિતની પ્રાર્થના કરનાર (અકાળ મોત માંગનાર)! દુરંત અને અશુભ લક્ષણોવાળા! દુર્ભાગ્યપૂર્ણ! ચતુર્દશી (કૃષ્ણપક્ષ ચતુર્દશી) એ જનમનારા! શ્રી હ્રી, ધૃતિ, કીર્તિવિહીન! ધર્મની ઇચ્છા કરનારા! પુણ્યની કામના કરનાર! સ્વર્ગની કામના કરનાર! મોક્ષની કામના કરનાર! ધર્માકાંક્ષી! પુણ્યાકાંક્ષી! સ્વર્ગાકાંક્ષી! મોક્ષાકાંક્ષી! ધર્મપિપાસુ! પુણ્યપિપાસુ! સ્વર્ગપિપાસુ! મોક્ષપિપાસુ! હે દેવાનુપ્રિય! જો કે તારા માટે શીલો, વ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો, પૌષધોપવાસોથી વિચલિત, ક્ષુભિત થવું, તેને ખંડિત કરવા, તેનો ભંગ કરવો, તેને ત્યાગવા, પરિત્યાગ કરવો—યોગ્ય નથી, પરંતુ જો તું આજે શીલો-યાવત્ પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવીશ. લાવીને તારી સામે જ તેનો વધ કરીશ. વધ કરીને તેના શરીરના પાંચ કટકા કરી નાખીશ અને પછી તેલ ભરેલી કડાઈમાં તળીશ, તળીને તારા શરીર પર તે લોહી અને માંસથી સિંચન કરીશ—છાંટીશ. જેથી તું પારાવાર દુ:ખથી પીડિત થઈને અકાળે જીવન રહિત થઈ જઈશ—પ્રાણ ત્યાગી દઈશ.'

તદનન્તર તે સુરાદેવ શ્રમણોપાસક તે દેવની આ વાત સાંભળીને ભયભ્રાંત, ત્રસ્ત, ઉદ્વિગ્ન, ક્ષુભિત, વિચલિત ન થયો, ગભરાયો નહીં અને શાન્તભાવે ધર્મધ્યાનમાં સ્થિર રહ્યો.

તદનન્તર તે દેવે શ્રમણોપાસક સુરાદેવને અભય, અત્રસ્ત, અનુદ્વિગ્ન, અક્ષુભિત અસંભ્રાંત રહીને શાંતિપૂર્વક ધર્મધ્યાનમાં રત જોયો તો બીજી વાર અને ત્રીજી વાર પણ સુરાદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—ઓ રે સુરાદેવ શ્રમણોપાસક! યાવત્ જો તું આજે શીલો, વ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસોને છોડીશ નહીં, તોડીશ નહીં તો હું આ જ ક્ષણે તારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવીશ, લાવીને તારી સામે જ તેની હત્યા કરીશ, તેના શરીરના પાંચ કટકા કરીશ, કટકા કરીને તેલ ભરેલી કડાઈમાં તળીશ, તળીને તારા શરીર પર માંસ અને લોહી છાંટીશ. જેનાથી તું પારાવાર આર્તધ્યાન તેમ જ અનિવાર્ય દુ:ખથી પીડિત થઈને અકાળે મરણ પામી પોતાનું જીવન ખોઈ બેસીશ.'

ત્યારે તે દેવ દ્વારા બીજી વાર, ત્રીજી વાર કહેવાયેલી આવી વાત સાંભળીને પણ તે સુરાદેવ શ્રમણોપાસક નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં મગ્ન રહ્યો.

તત્પશ્ચાત્ તે દેવે સુરાદેવ શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત જોયો, જોઈને અત્યંત ક્રોધિત, રુષ્ટ, કુપિત અને ચંડિકાવત્ વિકરાળ સ્વરૂપ ધારણ કરીને દાંત કચકચાવતો સુરાદેવ શ્રમણોપાસકના જ્યેષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવ્યો, લાવીને તેની સામે મારી નાખ્યો, મારીને તેના શરીરના પાંચ ટુકડા કર્યા, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને સુરાદેવ શ્રમણોપાસકના શરીર પર લોહી અને માંસ છાંટયું.

ત્યારે તે સુરાદેવ શ્રમણોપાસકે તે અતિ દુર્ઘર્ષ વિપુલ, કઠોર, પ્રગાઢ, પ્રચંડ દુસ્સહ વેદનાને ક્ષમા, તિતિક્ષા અને સમભાવપૂર્વક સહન કરી.

**સુરાદેવ દ્વારા દેવકૃત પોતાના વચલા પુત્રના મરણરૂપ ઉપસર્ગને સમ્યક્ પ્રકારે સહન કરવો—**

૧૫૭ ત્યાર પછી તે દેવે સુરાદેવ શ્રમણોપાસકને નિર્ભય સાધનારત જોયો, જોઈને સુરાદેવ શ્રમણોપાસકને કહ્યું—ઓ રે સુરાદેવ શ્રમણોપાસક! યાવત્ જો આજે તું શીલો, વ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે ખંડિત નહીં કરે તો હું આ જ ક્ષણે તારા ઘરેથી તારા વચલા પુત્રને લઈ આવીશ, લાવીને તારી સામે મારીશ, મારીને તેના શરીરના પાંચ ટુકડા કરીશ, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળીશ, તળીને તારા શરીર પર માંસ અને રુધિર છાંટીશ, જેથી તું આર્તધ્યાન તેમ જ દુસ્સહ વેદનાથી પીડિત થઈને અકાળે જીવન રહિત થઈ જઈશ.'

તદનન્તર તે દેવની આ વાત સાંભળીને પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુરાદેવ શ્રમણોપાસક અભય યાવત્ ધર્મધ્યાનમાં સ્થિર રહ્યો.

ત્યાર પછી જ્યારે તે દેવે સુરાદેવ શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત જોયો ત્યારે બીજી વાર, ત્રીજી વાર પણ સુરાદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું–ઓ રે સુરાદેવ શ્રમણોપાસક યાવત્ જો તું આજે શીલ, વ્રતો, વિરમણો પ્રત્યાખ્યાનો, પૌષધોપવાસ નહીં છાડે ખંડિત નહીં કરે તો હું આ જ ક્ષણે તારા વચલાપુત્રને ઘરેથી ઉપાડી લાવીશ, લાવીને સામે જ મારી નાખીશ, મારીને તેના શરીરના પાંચ ટુકડા કરીશ, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળીશ, તળીને તારા શરીરને માંસ અને લોહીથી સિંચીશ, જેથી તું આર્તધ્યાન અને દુર્નિવાર દુઃખથી પીડિત થઈને અકાળે પોતાના પ્રાણ ખોઈ બેસીશ.'

તે દેવ દ્વારા બીજી અને ત્રીજી વાર પણ આ પમાણે કહેવાયાં છતાં તે સુરાદેવ શ્રમણોપાસક નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત રહ્યો.

આ પ્રમાણે કહેવાયાં છતાં પણ જ્યારે તે દેવે સુરાદેવ શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં મગ્ન જોયો ત્યારે તે જોઈને ક્રોધિત, રુષ્ટ, કુપિત અને ચંડિકાવત્ વિકરાળ સ્વરૂપ ધારણ કરીને દાંત કચકચાવતો તે સુરાદેવ શ્રમણોપાસકના વચલા પુત્રને ઘરેથી લઈ આવ્યો, લાવીને તેની સામે તેને માર્યો, મારીને તેના શરીરના પાંચ ટુકડા કર્યા, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમા તળ્યા, તળીને સુરાદેવ શ્રમણોપાસકના શરીર પર માંસ અને લોહી છાંટ્યું.

ત્યારે તે સુરાદેવ શ્રમણોપાસકે તે તીવ્ર યાવત્ વેદનાને સમતા, ક્ષમા, તિતિક્ષાપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી.

**સુરાદેવ દ્વારા દેવકૃત પોતાના કનિષ્ઠ પુત્રના મારણ-રૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો—**

૧૫૮. વચલા પુત્રને મારી નાખવા છતાં તે દેવે સુરાદેવ શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ઉપાસનારત જોયો, તે જોઈને તે દેવે સુરાદેવ શ્રમણોપાસકને કહ્યું--ઓ રે શ્રમણોપાસક સુરાદેવ ! યાવત્ જો તું આજે શીલો, વ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો પૌષધોપવાસો નહીં છોડે, ખંડિત નહીં કરે તો હું આ જ ક્ષણે તારા કનિષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવીશ, લાવીને તારી સામે જ મારી નાખીશ, મારીને તેના માંસના પાંચ ટુકડા કરીશ, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળીશ, તળીને તારા શરીર પર માંસ અને રક્ત છાંટીશ, જેથી તું દુર્નિવાર આર્તધ્યાન અને દુઃખથી પીડિત થઈને અકાળે મરણ પામી પ્રાણ ખોઈ દઈશ.'

ત્યારે તે દેવની આ વાત સાંભળીને સુરાદેવ શ્રમણોપાસક નિર્ભય યાવત્ ઉપાસનારત રહ્યો.

આવી ધમકી આપવા છતાં જ્યારે તે દેવે સુરાદેવ શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત જોયો, જોઈને બીજી વાર ત્રીજી વાર, પણ સુરાદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું–ઓ રે સુરાદેવ શ્રમણોપાસક ! યાવત જો તું આજે શીલો, વ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો, પૌષધોપવાસો નહીં છોડે, ભંગ નહીં કરે તો હું આ જ ક્ષણે તારા કનિષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવીશ, લાવીને તારી સામે તેને મારી નાખીશ, મારીને તેના શરીરના પાંચ ટુકડા કરીશ, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળીશ, તળીને તારા શરીરને માંસ અને લોહીથી સિંચીશ, જેનાથી તું આર્ત-ધ્યાન તેમ જ દુસ્સહ દુઃખથી દુઃખિત, પીડિત થઈને અકાળે જીવનરહિત થઈ જઈશ.'

તે દેવ દ્વારા બીજી, ત્રીજી વાર અપાયેલી ધમકી સાંભળીને પણ તે નિર્ભય યાવત્ પોતાની સાધનામાં રત રહ્યો.

તદનન્તર પણ તે દેવે જ્યારે શ્રમણોપાસક સુરાદેવને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં નિરત જોયો તો, તે જોઇને ક્રોધિત, રુષ્ટ, કુપિત, વિકરાળ બનીને દાંત કચકચાવતા શ્રમણોપાસક સુરાદેવના કનિષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવ્યો, લાવીને તેની સામે મારી નાખ્યો, મારીને તેના શરીરના પાંચ ટુકડા કર્યા, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને સુરાદેવના શરીર પર માંસ અને લોહી છાંટ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે સુરાદેવ શ્રમણોપાસકે તે વિકટ યાવત્ વેદનાને સમભાવ, ક્ષમા અને તિતિક્ષાપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી.

**સુરાદેવ દ્વારા દેવ કથિત રોગાંતક ઉપસર્ગને સહન ન કરી શકવાથી કોલાહલ કરવો અને માયા-વિકુર્વિત દેવનું આકાશમાં ઊડવું—**

**૧૫૯.** તદનન્તર પણ તે દેવે જ્યારે સુરાદેવ શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનરત જોયો તો ચોથી વાર સુરાદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું —ઓ રે સુરાદેવ શ્રમણોપાસક ! યાવત્ જો તું આજે શીલો, વ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો નહીં છોડે, ખંડિત નહીં કરે તો હું આ જ ક્ષણે તારા શરીરમાં એકી સાથે જ (૧) શ્વાસ–દમ, (૨) કાસ–ખાંસી, (૩) જ્વર, (૪) દાહ, (૫) ઉદર–પેટ–શૂળ, (૬) ભગંદર, (૭) અર્શ–હરસ, (૮) અજીર્ણ–અપચો, (૯) દૃષ્ટિ શૂળ, (૧૦) મસ્તક શૂળ, (૧૧) ભોજનમાં અરુચિ–ભૂખ ન લાગવી, (૧૨) નેત્ર વેદના, (૧૩) કર્ણ વેદના, (૧૪) ખુજલી, (૧૫) ઉદરરોગ જલોદર અને, (૧૬) કોઢ—એ સોળ ભયાનક રોગો ઉત્પન્ન કરી દઇશ. જેનાથી તું આર્તધ્યાન તેમ જ દુસ્સહ વેદનાથી પીડિત થઈને અસમય જીવનથી હાથ ધોઈ નાખીશ.

તે દેવની આ ધમકી સાંભળીને પણ સુરાદેવ શ્રમણોપાસક પૂર્વવત્ નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં સ્થિર રહ્યો તે જોઈને બીજી અને ત્રીજી વાર પણ સુરાદેવ શ્રમણોપાસકને ધમકી આપી કે ઓ રે સુરાદેવ શ્રમણોપાસક ! યાવત્ જો તું આજે શીલો, વ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા શરીરમાં એકી સાથે સોળ ભયંકર રોગો ઉત્પન્ન કરી દઈશ યાવત્ જેથી તું આર્તધ્યાનપૂર્વક દુસ્સહ દુઃખથી પીડિત થઈને અસમયે પોતાના જીવનથી હાથ ધોઈ નાખીશ.'

તદનન્તર તે દેવ દ્વારા બીજી વાર, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહેવાયાથી સુરાદેવ શ્રમણોપાસકને આ અને આ પ્રમાણેનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત માનસિક વિચાર ઉત્પન્ન થયો કે 'અહો ! આ પુરુષ અધમ છે, નીચ બુદ્ધિવાળો છે અને નિકૃષ્ટ પાપકર્મો કરનારો છે જે પહેલાં તો મારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો, લાવીને મારી સામે મારી નાખ્યો, મારીને તેના શરીરના પાંચ ટુકડા કર્યા, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને મારા શરીર પર માંસ અને રુધિર છાંટયું. પછી મારા વચલા પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો, તેને મારી સામે મારી નાખ્યો, મારીને તેના શરીરના પાંચ ટુકડા કર્યા, પછી તેલ ભરેલી કડાઈમાં તળ્યા તળીને મારા શરીર પર માંસ અને લોહી છાંટયું. તત્પશ્ચાત્ મારા કનિષ્ઠ પુત્રને પણ ઘરેથી ઉપાડી લાવ્યો, લાવીને મારી સામે તેને મારી નાખ્યો, મારીને તેના શરીરના પાંચ ટુકડા કર્યા, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને મારા શરીર પર માંસ અને લોહી છાંટયું અને હવે આ સોળ ભયંકર રોગ, જે મારાં શરીરને લાગુ પાડવા ઇચ્છે છે, તો મારે આ પુરુષને પકડી લેવો જોઈએ. એમ વિચાર કરીને પકડવા માટે ઊઠયો, પરંતુ તે દેવ આકાશમાં ઊડી ગયો, અને સુરાદેવના હાથમાં ખાલી થાંભલો આવી ગયો ત્યારે તે જોર જોરથી અવાજ કરવા લાગ્યો–બૂમો પાડવા માંડયો.

**ધન્નાનો પ્રશ્ન—**

**૧૬૦.** તદનન્તર ધન્ના ભાર્યા કોલાહલ સાંભળીને અને સમજીને જ્યાં શ્રમણોપાસક સુરાદેવ હતો, ત્યાં આવી અને આવીને પૂછ્યું—'હે દેવાનુપ્રિય ! તમે જોર જોરથી બૂમો કેમ પાડો ?'

**સુરાદેવનો ઉત્તર—**

**૧૬૧.** ત્યારે સુરાદેવ શ્રમણોપાસકે ધન્ના ભાર્યાને કહ્યું — હે દેવાનુપ્રિયે ! હું નથી જાણતો કે તે પુરુષ કોણ હતો, જેણે ક્રોધિત, રુષ્ટ, કુપિત, વિકરાળ સ્વરૂપ ધારણ કરીને દાંત કચકચાવતાં નીલકમલ, ભેંસના શીંગડા અને અળસીના ફૂલ જેવી નીલી તીક્ષ્ણ ધારવાળી એક મોટી તલવાર લઈને

મને કહ્યું—એ રે સુરાદેવ શ્રમણોપાસક! યાવત્ જો આજે તું શીલો, વ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો નહીં છોડે, નહીં ત્યાગે—ખંડિત નહીં કરે તો હું આ જ ક્ષણે તારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવીશ, લાવીને તારી સામે મારી નાખીશ, મારીને તેના શરીરના પાંચ ટુકડા કરી નાખીશ, ટુકડા કરીને તેલ ભરેલા કડાઈમાં તળીશ, તળીને તારા શરીર પર માંસ અને લોહી છાંટીશ જેનાથી તું આર્તધ્યાન તેમ જ દુસ્સહ દુઃખ, વેદનાથી પીડિત થઈને જીવનરહિત થઈ જઈશ.

પરંતુ હું તે પુરુષની આ વાત સાંભળીને પણ નિર્ભય યાવત્ મારી ધર્મસાધનામાં રત રહ્યો.

ત્યારે તે પુરુષે મને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત જોયો, જોઈને બીજી વાર અને ત્રીજી વાર પણ ધમકી આપી કે એ રે સુરાદેવ શ્રમણોપાસક! યાવત્ નહીં છોડે, નહીં તોડે તો યાવત્ તું આર્તધ્યાન અને દુસ્સહ દુઃખથી પીડિત થઈને અકાળે જ જીવન રહિત થઈ જઈશ.

ત્યારે તે પુરુષની બીજી, ત્રીજી વાર આપવામાં આવેલી ધમકી સાંભળીને પણ હું નિર્ભય યાવત્ મારી ધર્મસાધનામાં રત રહ્યો.

તદનન્તર પણ જ્યારે તે પુરુષે મને નિર્ભય યાવત્ ઉપાસનારત જોયો તો જોઈને ક્રોધિત, રુષ્ટ, કુપિત, વિકરાળ અને દાંત કચકચાવતો તે મારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો, લાવીને મારી સામે તેનો વધ કર્યો, વધ કરીને શરીરના પાંચ ટુકડા કર્યા, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને મારાં શરીરને માંસ અને લોહીથી સિંચ્યું. ત્યારે મેં તે તીવ્ર યાવત્ વેદનાને સમભાવ, ક્ષમા, તિતિક્ષાપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી.

આ જ પ્રમાણે વચલા પુત્રને પણ ઘરેથી લાવ્યો, યાવત્ સમભાવ, ક્ષમા તિતિક્ષાપૂર્વક સહન કરી. આ પ્રમાણે કનિષ્ઠ પુત્રને લાવ્યો યાવત્ વેદનાને સમભાવપૂર્વક ક્ષમા અને સહનશીલના સાથે સહન કરી.

ત્યારે પણ તે પુરુષે મને નિર્ભય યાવત્ સાધનારત જોયો, જોઈને મને ચોથી વાર કહ્યું—'એ રે સુરાદેવ શ્રમણોપાસક! યાવત્ જો તું આજે શીલો યાવત્ પૌષધોપવાસો નહીં છોડે, ખંડિત નહીં કરે તો હું આ જ ક્ષણે તારા શરીરમાં એકી સાથે સોળ ભયંકર રોગ ઉત્પન્ન કરી દઈશ યાવત્ જેથી તું આર્તધ્યાન અને દુસ્સહ દુઃખથી પીડિત થઈને અકાળે તારા જીવનથી હાથ ધોઈ નાખીશ.'

તે પુરુષની આ વાત સાંભળીને પણ હું નિર્ભય યાવત્ મારી ધર્મસાધનામાં સ્થિર રહ્યો.

તદનન્તર તે પુરુષે મને નિર્ભય યાવત્ સ્થિર જોયો, જોઈને બીજી અને ત્રીજી વાર પણ મને ધમકી આપી કે 'એ રે સુરાદેવ શ્રમણોપાસક! યાવત્ તું આજે શીલો યાવત્ પૌષધોપવાસો નહીં છોડે, ખંડિત નહીં કરે તો હું આજ ક્ષણે તારા શરીરમાં એક સાથે કાસ આદિ ભયંકર સોળ રોગ ઉત્પન્ન કરી દઈશ યાવત્ તેથી તું આર્તધ્યાન અને દુસ્સહ દુઃખને વશ થઈ અકાળે પ્રાણથી હાથ ધોઈ નાખીશ.

તે પુરુષ દ્વારા બીજી વાર અને ત્રીજી વાર પણ આ પ્રમાણે કહેવાયાથી મને આ પ્રમાણેનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, માનસિક વિચાર ઉત્પન્ન થયો કે 'અહો! આ પુરુષ અનાર્ય—અધમ છે. યાવત્ આ પુરુષને પકડી લેવો એ મારા માટે યોગ્ય છે. આમ વિચાર કરીને હું આસન પરથી ઊઠયો અને તેને પકડવા દોડયો પરંતુ મારા હાથમાં થાંભલો આવી ગયો અને તે પુરુષ ઉપર આકાશમાં ઊડી ગયો. એટલે મેં જોરજોરથી અવાજ કર્યો—હું બૂમો પાડવા મંડયો.

સુરાદેવ દ્વારા પ્રાયશ્ચિત કરવું—

૧૬૨. તદનન્તર ધન્ના ભાર્યાએ સુરાદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—'કોઈ પુરુષ નથી તો તમારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો, કે નથી તમારી સામે મારી નાખ્યો, ન કોઈ પુરુષ તમારા મધ્યમ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો અને નથી તમારી સામે મારી નાખ્યો અને કોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષ ન તો તમારા કનિષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો છે અને ન તો લાવીને તમારી સામે મારી નાખ્યો છે. હે દેવાનુપ્રિય! કોઈ પુરુષે તમારા શરીરમાં કાસ આદિ સોળ ભયંકર રોગ ઉત્પન્ન કર્યા નથી, પરંતુ કોઈ પુરુષે ઉપસર્ગ કર્યો છે. આ તમે ભયંકર દશ્ય જોયું છે જેનાથી તમે આ સમયે ખંડિત-વ્રત, ખંડિત-નિયમ અને ખંડિત પૌષધવાળા બની ગયા છો. તેથી કરીને હે દેવાનુપ્રિય! તમે આ સ્થાન–વ્રતભંગરૂપ સ્થાનની આલોચના કરો, પ્રતિક્રમણ કરો, નિંદા કરો, ગર્હા કરો, નિવૃત્તિ કરો, અકાર્યની વિશુદ્ધિ કરો અને અકાર્યની વિશુદ્ધિ માટે તેને અનુરૂપ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરી તપસ્યા કરો.'

તદનન્તર 'તમે સાચું જ કહો છો' કહીને સુરાદેવ શ્રમણોપાસકે વિનયપૂર્વક ધન્ના ભાર્યાના કથનનો સ્વીકાર કર્યો અને સ્વીકાર કરીને તે સ્થાનની આલોચના કરી, પ્રતિક્રમણા કરી, નિંદા, ગર્હા, નિવૃત્તિ અને વિશુદ્ધિ કરી તેમ જ અકાર્ય માટે પ્રાયશ્ચિત્ત કરવા તત્પર બની તદનુરૂપ તપ–ક્રિયા સ્વીકાર કરી.

**સુરાદેવ દ્વારા ઉપાસક પ્રતિમા સ્વીકાર—**

૧૬૩ તદનન્તર તે સુરાદેવ શ્રમણોપાસકે પહેલી ઉપાસક પ્રતિમા અંગીકાર કરી અને તે પહેલી પ્રતિમાને સુરાદેવ શ્રમણોપાસકે યથાસૂત્ર યથામાર્ગ, યથાતત્ત્વ સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી, પાલન કર્યું, શોધિત કરી, પૂર્ણ કરી, કીર્તિત કરી, આરાધિત કરી.

તદનન્તર તે સુરાદેવ શ્રમણોપાસકે બીજી ઉપાસક પ્રતિમા ગ્રહણ કરી અને પછી ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી અને અગિયારમી ઉપાસક પ્રતિમાને સૂત્ર, કલ્પ, વિધિ અને સિદ્ધાંત પ્રમાણે ગ્રહણ, પાલન, શોભિત, પૂર્ણ, કીર્તિત અને આરાધિત કરી.

તદનન્તર તે શ્રમણોપાસક તે ઉદાર, વિપુલ, પ્રયત્નસાધ્ય તપોકર્મને સ્વીકાર કરીને શુષ્ક, રુક્ષ, નિર્માંસ, અસ્થિ ચર્માવૃત્ત, માત્ર હાડપિંજર, કૃશ, ઉપસી આવેલી નસોવાળા શરીરવાળો બની ગયો.

**સુરાદેવે કરેલ અનશન—**

૧૬૪. તદનન્તર કોઈ એક સમયે મધ્યરાત્રિએ ધર્મ જાગરણ વખતે જાગરણ કરતા–ધર્મ સાધના કરતા તે સુરાદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત, માનસિક વિચાર ઉત્પન્ન થયો કે 'હું આમ અને આ પ્રમાણે ઉદાર–પ્રધાન, વિપુલ, પ્રયત્નસાધ્ય તપોકર્મનો સ્વીકાર કરીને શુષ્ક, રુક્ષ, માંસરહિત, અસ્થિ-પિંજર માત્ર, હાડચર્મયુક્ત, કૃશ અને ઊપસી આવેલી નસોવાળા શરીરનો બની ગયો છું, તો પણ હજી સુધી મારામમાં ઉત્થાન કર્મ—ઊઠવા-બેસવાની ક્રિયા કરવાની શક્તિ, બળ, વીર્ય, પુરુષકાર-પરાક્રમ, શ્રદ્ધા, ધૈર્ય, સંવેગભાવ, મુમુક્ષુભાવ વિદ્યમાન છે, તો જ્યાં સુધી મારામાં ઉત્થાન-કર્મ-બળ, વીર્ય, પુરુષાર્થ, પરાક્રમ, શ્રદ્ધા, ધૃતિ, સંવેગ છે યાવત્ મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક જિન સુહસ્તિ શ્રમણ ભગવાન મહાવીર વર્તમાન છે, ત્યાં સુધી મારા માટે એ શ્રેયસ્કર છે કે કાલે રાત્રિ પ્રભાત રૂપમાં ફેરવાય, સૂર્યનો ઉદય થાય અને જ્વલંત તેજ સહિત સહસ્રરશ્મિ દિનકર પ્રકાશિત થાય ત્યારે અંતિમ-મારણાન્તિક સંલેખના સ્વીકારીને, આહાર પાણીનો ત્યાગ કરીને, જીવન-મરણની આકાંક્ષા ન રાખીને મારો સમય પસાર કરું.'

આ પ્રમાણેનો તેણે વિચાર કર્યો, વિચાર કરીને બીજા દિવસે રાત્રિના પ્રભાતરૂપમાં પરિવર્તન થયા પછી, સૂર્યનો ઉદય થયા પછી અને સહસ્રરશ્મિ દિનકરના જાજવલ્યમાન તેજ સહિત પ્રકાશિત થયા પછી, અપશ્ચિમ—મારણાંતિક સંલેખનાનો સ્વીકાર કરીને, આહાર-પાણીનો ત્યાગ કરીને જીવનની ઈચ્છા ન રાખતો તે વિચરવા લાગ્યો.

**સુરાદેવનું સમ ધિમરણ, દેવલોકમાં ઉત્પત્તિ અને તદનન્તર સિદ્ધગતિ નિરૂપણ—**

૧૬૫. તદનન્તર તે સુરાદેવ શ્રમણોપાસક ઘણાં શીલવ્રતો, ગુણવ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પૌષધોપવાસો દ્વારા આત્માને ભાવિત સંસ્કારિત કરી, વીસ વર્ષના શ્રમણોપાસક પર્યાયનું પાલન કરી, અગિયાર ઉપાસક પ્રતિમાઓને સમ્યક્ પ્રકારે આરાધિત કરી, એક માસની સંલેખના દ્વારા આત્માને શુદ્ધ કરી, સાઠ ટંકના ભોજનનો અનશન દ્વારા ત્યાગ કરીને, આલોચના, પ્રતિક્રમણ અને સમાધિપૂર્વક મરણ સમયે પ્રાણત્યાગ કરીને સૌધર્મ કલ્પના અરુણકાંત વિમાનમાં ઉત્પન્ન થયો. ત્યાં તેની આયુસ્થિતિ ચાર પલ્યોપમની બની. તદનન્તર તે ત્યાંથી ચ્યુત થઈને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈને સર્વ દુઃખોનો અંત લાવશે.

॥ સુરાદેવ ગાથાપતિ કથાનક સમાપ્ત ॥

## ૯. ચુલ્લશતક ગાથાપતિ કથાનક

### આલભિકામાં ચુલ્લશતક ગાથાપતિ—

૧૬૬. તે કાળે, તે સમયે આલભિકા નામે નગરી હતી. શંખવન નામનું ઉદ્યાન હતું. જ્યાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો.

તે આલભિકા નગરીમાં ધન-ધાન્યથી સંપન્ન યાવત્ ઘણા બધા લોકો વડે પરાભવ ન પામનાર ચુલ્લશતક ગાથાપતિ રહેતો હતો.

તે ચુલ્લશતક ગાથાપતિના કોષમાં છ કરોડ સુવર્ણ મુદ્રાઓ સુરક્ષિત સંચિત હતી, છ કરોડ સુવર્ણ મુદ્રાઓ વેપારમાં રોકેલી હતી, અને છ કરોડ સુવર્ણ મુદ્રાઓ ઘર-ગૃહસ્થીના સાધન—ઉપકરણોમાં રોકાયેલી હતી. દસ-દસ હજાર ગાયોના બનેલા છ વ્રજ તેની ગૌશાળામાં હતા.

તે ચુલ્લશતક ગાથાપતિની ઘણા બધા રાજાઓ યાવત્ સાર્થવાહો પોત-પોતાનાં કાર્યો માટે સલાહ લેતા હતા, તેની સાથે પરામર્શ કરતા હતા અને તે પોતાના કુટુંબના આધારસ્તંભ યાવત્ સમસ્ત કાર્યોનો પ્રેરક હતો.

તે ચુલ્લશતક ગાથાપતિની શુભ લક્ષણો અને પરિપૂર્ણ પાંચ ઈન્દ્રિયોયુક્ત શરીરવાળી બહુલા નામની ભાર્યા-પત્ની હતી યાવત્ મનુષ્યોચિત કામ-ભોગ ભોગવતી વિચરણ કરતી હતી.

### ભગવાન મહાવીરનું સમવસરણ—

૧૬૭. તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર યાવત્ જ્યાં આલભિકા નગરી હતી, જ્યાં શંખવન ઉદ્યાન હતું, ત્યાં આવ્યા, આવીને યથાયોગ્ય અવગ્રહ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

વંદન કરવા પરિષદા નીકળી.

કોણિક રાજાની જેમ રાજ્ય-વૈભવ સાથે જિતશત્રુ રાજા પણ વંદના કરવા નીકળ્યો યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો.

### ચુલ્લશતકનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રવણ

૧૬૮. ત્યાર બાદ તે ચુલ્લશતક ગાથાપતિ આ સમાચાર સાંભળીને કે પૂર્વાનુપૂર્વી ક્રમથી ચાલતા, ગ્રામાનુગ્રામ ફરતા શ્રમણ ભગવાન મહાવીર અહીં આવ્યા છે, પધાર્યા છે, સમવસર્યા છે અને આલભિકા નગરીની બહાર શંખવન નામના ઉદ્યાનમાં યથોચિત અવગ્રહ લઈને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરણ કરી રહ્યા છે. ત્યારે

'હે દેવાનુપ્રિયો ! જો તથારૂપ અરિહંત ભગવંતોનાં નામ અને ગોત્ર સાંભળવા મળે એ પણ મહાફળદાયી છે તો હે આયુષ્માનો ! તેમની પાસે જઈ, તેમને વંદન-નમસ્કાર કરીને, તેમને પ્રશ્ન પૂછીને તેમની પર્યુપાસના કરવાના સુફળનું તો પૂછવું જ શું ? ધર્માચાર્યના એક સુવચનને સાંભળવું પણ મંગલરૂપ છે તો પછી તેના વિપુલ અર્થને ગ્રહણ કરવાના ફળનું તો પૂછવું જ શુ ? તો હે દેવાનુપ્રિયો ! હું જઉં અને તે શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કરું, તેમનાં સત્કાર-સમ્માન કરું, તેમ જ કલ્યાણ, મંગલ, દેવ તથા ચૈત્ય રૂપ તેમની પર્યુપાસના કરું' આ પ્રમાણેનો વિચાર કરીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક મંગલ પ્રાયશ્ચિત કરીને શુદ્ધ, ધર્મસભામાં જવા યોગ્ય માંગલિક વસ્ત્રો પહેર્યાં તથા અલ્પભારવાળાં બહુમૂલ્ય આભૂષણોથી શરીરને અલંકૃત કરીને પોતાના ઘરેથી નીકળ્યો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીકળીને કોરંટ પુષ્પોની માળાયુક્ત છત્રને માથા પર ધારણ કરીને જન-સમૂહને સાથે લઈને પગે ચાલતો આલભિકા નગરીની વચ્ચેથી નીકળ્યો, નીકળીને જ્યાં શંખવન ઉદ્યાન હતું, તેમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા, ત્યાં આવ્યો. આવીને ત્રણવાર શ્રમણ ભગવાન મહાવીરની આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને ન અતિ દૂર અને ન અતિ પાસે એવા યોગ્ય સ્થાન પર બેસીને શુશ્રૂષા કરતો, નમસ્કાર કરતો અભિમુખ વિનયપૂર્વક અંજલિ રચીને પર્યુપાસના કરવા લાગ્યો.

તદનન્તર શ્રમણ ભગવાન મહાવીરે ચુલ્લશતક ગાથાપતિ અને તે મોટી પરિષદને ધર્મોપદેશ આપ્યો.

**ચુલ્લશતકનો શ્રાવક ધર્મ સ્વીકાર—**

૧૬૯. તે પછી ચુલ્લશતક ગાથાપતિ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મશ્રાવણ કરી અને વિચારીને હર્ષિત, સંતુષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિમના, પરમ પ્રસન્ન તેમ જ હર્ષાતિરેકથી વિકસિત-હૃદય થતો પોતાના આસનેથી ઊઠ્યો, ઊઠીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યો—હે ભગવન્! હું નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા રાખું છું, હે ભગવન્! હું નિર્ગ્રન્થ પ્રવચનની પ્રતીતિ કરું છું, તેમાં વિશ્વાસ રાખું છું. હે ભગવન્! નિર્ગ્રન્થ પ્રવચન મને ગમે છે, હે ભગવન્! હું નિર્ગ્રન્થ પ્રવચનનો આદર કરું છું, હે ભગવન્! આ આ પ્રમાણે જ છે, હે ભગવન્! આ તથ્ય-સત્ય છે, હે ભગવન્! આ યથાર્થ છે, હે ભગવન્! આ અસંદિગ્ધ છે, હે ભગવન્! આ મારું ઈચ્છિત, અભિલષણીય છે, હે ભગવન્! આ મને ઈચ્છિત-પ્રતિઈચ્છિત, અભિલષણીય-અભિપ્સનીય છે, હે ભગવન્! તમે જેમ કહો છો તે પ્રમાણે જ છે. આપ દેવાનુપ્રિય પાસે જેવી રીતે અનેક રાજા, ઈશ્વર-તલવર, માડંબિક, કૌટુમ્બિક, ઇભ્ય, શેઠ, સેનાપતિ, સાર્થવાહ આદિ મુંડિત થઈ ગૃહત્યાગ કરી અનગાર દીક્ષાથી દીક્ષિત થયા છે, તેવી રીતે તો હું મુંડિત થઈ ગૃહત્યાગ કરી અનગારિત્વ અંગીકાર કરવામાં સમર્થ નથી. તેથી હું આપ દેવાનુપ્રિય પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારના શ્રાવકધર્મનો સ્વીકાર કરવા ઇચ્છું છું.'

ભગવાને કહ્યું—'હે દેવાનુપ્રિય! જેમાં તને સુખ મળે તેમ કર, પરંતુ તેમાં વિલંબ ન કર.'

તદનન્તર તે ચુલ્લશતક ગાથાપતિએ શ્રમણ ભગવાન મહાવીર પાસે શ્રાવકધર્મ અંગીકાર કર્યો.

**ભગવાનનો જનપદ વિહાર—**

૧૭૦. તદનન્તર કોઈ એક દિવસે શ્રમણ ભગવાન મહાવીરે શંખવન ઉદ્યાન છોડયું, છોડીને બહારના જનપદ-દેશોમાં વિચરણ કરવા લાગ્યા.

**ચુલ્લશતકની શ્રમણોપાસક ચર્યા—**

૧૭૧. તદનન્તર તે ચુલ્લશતક શ્રમણોપાસક બની ગયો, જે જીવાજીવ તત્ત્વોનો જાણકાર યાવત્ પ્રાશુક, એષણીય અશન, પાન, ખાદ્ય-સ્વાદ્ય, આહાર, વસ્ત્ર, પ્રતિગ્રહ-પાત્રાદિ, કંબલ, પાદપ્રોંછન-રજોહરણ, ઔષધિ, ભૈષજ તેમ જ પડિહારીય પીઠ, ફલક, શૈયા સંસ્તારકથી શ્રમણ નિર્ગ્રન્થોને પ્રતિલાભિત કરતો વિચરવા લાગ્યો.

**બહુલાની શ્રમણોપાસિકા ચર્યા—**

૧૭૨. તદનન્તર તે બહુલા ભાર્યા જીવાજીવ તત્ત્વોની જાણકાર શ્રમણોપાસિકા બની ગઈ યાવત્ શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાશુક, એષણીય અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, વસ્ત્ર, પ્રતિગ્રહ, કંબલ, પાદપ્રોંછન, ઔષધ, ભૈષજ અને પડિહારી પીઠ, ફલક, શૈયા, સંસ્તારકથી પ્રતિલાભિત કરતી વિચરવા લાગી.

**ચુલ્લશતકે કરેલી ધર્મજાગરિકા—**

૧૭૩. તદનન્તર અનેક પ્રકારનાં શીલવ્રતો, ગુણવ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો, પૌષધોપવાસોથી આત્માને ભાવિત કરતા તે ચુલ્લશતક ગાથાપતિનાં ચૌદ વર્ષ વહી ગયાં અને જ્યારે પંદરમું વર્ષ ચાલી રહ્યું હતું ત્યારે કોઈ એક સમયે મધ્યરાત્રિએ ધર્મજાગરણ વખતે જાગરણ કરતાં તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણેનો આધ્યાત્મિક-ચિંતિત, પ્રાર્થિત, માનસિક વિચાર આવ્યો કે મને આલભિકા નગરીના ઘણા રાજાઓ આદિ પોત-પોતાના કામ માટે પૂછે છે, પરામર્શ કરે છે તેમ જ મારા કુટુંબ પરિવારમાં હું મુખ્ય યાવત્ સર્વ કાર્યોનો નિર્દેશક છું તેથી આ વિક્ષેપને કારણે હું શ્રમણ ભગવાન મહાવીર પાસેથી પ્રાપ્ત કરેલી ધર્મ-પ્રજ્ઞપ્તિ અનુસાર આચરણ કરી શકતો નથી.

૧૭૪. તદનન્તર તે ચુલ્લશતક શ્રમણોપાસકે પોતાના જ્યેષ્ઠ પુત્ર, મિત્રો, જાતિ-બંધુઓ, સ્વજન-સંબંધીઓ અને પરિચિતજનોની અનુમતિ લીધી, અનુમતિ લઈને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને આલભિકા નગરીની વચ્ચેથી નીકળ્યો, નીકળીને જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો, ત્યાં જઈને પૌષધશાળાનું પ્રમાર્જન કર્યું; ઉચ્ચાર-પ્રસ્રવણ ભૂમિની પ્રતિલેખના કરી, દર્ભનું સંસ્તારક પાથર્યું, તેના પર બેઠો અને પૌષધશાળામાં પૌષધવ્રત લઈને બ્રહ્મચર્યપૂર્વક મણિ-સુવર્ણાદિનાં આભૂષણો, પુષ્પમાળાઓ, વર્ણ તથા વિલેપનો છોડીને મૂસલ આદિ શસ્ત્રોને ત્યાગીને, એકાકી, અદ્વિતીય થઈને દર્ભ સંસ્તારક પર બેસીને શ્રમણ ભગવાન મહાવીર પાસેથી લીધેલી ધર્મ-પ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી વિચરવા લાગ્યો.

**ચુલ્લશતક દ્વારા દેવકૃત પોતાના જ્યેષ્ઠ પુત્રના મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો—**

૧૭૫. ત્યાર પછી મધ્યરાત્રિએ તે ચુલ્લશતક શ્રમણોપાસક સમક્ષ એક દેવ પ્રગટ થયો.

તે દેવ નીલકમલ, ભેંસના શીંગડા અને અળસીના ફૂલ જેવી નીલ પ્રભા તેમ જ તીક્ષ્ણ ધારવાળી મોટી તલવાર હાથમાં રાખીને બોલ્યો– 'ઓ રે ચુલ્લશતક શ્રમણોપાસક! જો કે તને શીલ યાવત્ પૌષધોપવાસોથી ચલિત થવું યાવત્ પરિત્યાગ કરવો કલ્પે નહીં, પરંતુ જો તું આજ શીલો યાવત્ પૌષધોપવાસો ખંડિત નહીં કરે તો હું આ જ ક્ષણે તારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવીશ, લાવીને તારી સામે જ તેને હણી નાખીશ, હણીને તેના શરીરના સાત ટુકડા કરીશ, કટકા કરીને તેને તેલ ભરેલી કડાઈમાં તળીશ, તળીને તારા શરીર પર માંસ અને લોહી ચોપડીશ. જેથી તું આર્તધ્યાનપૂર્વક દુઃખથી પીડિત થઈને અકાળે તારું જીવન ખોઈ દઈશ.'

તે ચુલ્લશતક શ્રમણોપાસક દેવની તે વાત સાંભળીને પણ નિર્ભય યાવત્ ધર્મધ્યાન રત રહ્યો.

તત્પશ્ચાત્ તે દેવે ચુલ્લશતક શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં સ્થિર જોયો, તો તે જોઈને ફરીથી બીજી વાર, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું : ઓરે શ્રમણોપાસક ચુલ્લશતક! યાવત્ જો તું આજે શીલો યાવત્ પૌષધોપવાસો-ને ખંડિત નહીં કરે તો હું આ જ ક્ષણે તારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવીશ યાવત્ પ્રાણ ખોઈ બેસીશ.

તદનન્તર તે ચુલ્લશતક શ્રમણોપાસક તે દેવ દ્વારા બીજી વાર, ત્રીજી વાર પણ અપાયેલી ધમકીને સાંભળીને પણ નિર્ભય યાવત્ ધર્મ-ધ્યાનમાં રત રહ્યો.

તત્પશ્ચાત્ તે દેવે ચુલ્લશતક શ્રમણોપાસકને નિર્ભય યાવત્ સાધનારત જોયો, જોઈને ક્રુદ્ધ, રુષ્ટ, કોપાયમાન અને વિકરાળ સ્વરૂપ ધારણ કરીને દાંત કચકચાવતો ચુલ્લશતક શ્રમણોપાસક-ના જ્યેષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો, લાવીને તેની સામે તેનો વધ કર્યો, વધ કરીને શરીરના સાત કટકા કર્યા, કટકા કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, અને તળીને માંસ તેમ જ લોહીથી શ્રમણોપાસક ચુલ્લશતકના શરીરને ખરડી નાખ્યું.

ત્યારે તે ચુલ્લશતક શ્રમણોપાસકે તે તીવ્ર, વિકટ, કર્કશ, પ્રગાઢ, પ્રચંડ, દુઃખદ, દુસ્સહ વેદનાને ક્ષમા તિતિક્ષા અને સહિષ્ણુતાપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી.

**મધ્યમ પુત્ર મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો—**

૧૭૬. તદનન્તર તે દેવે ચુલ્લશતક શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં મગ્ન જોયો, જોઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચુલ્લશતક શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—એ રે ચુલ્લશતક શ્રમણોપાસક! યાવત્ આજે શીલો યાવત્ પૌષધવ્રતો નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા વચલા પુત્રને ઘરેથી ઉપાડી લાવીશ, લાવીને તારી સામે જ તેને મારી નાખીશ યાવત્ તું જીવનથી હાથ ધોઈ નાખીશ.

તે દેવની ધમકી સાંભળીને પણ તે ચુલ્લશતક શ્રમણોપાસક નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં જ મગ્ન રહ્યો.

તદનન્તર તે દેવે ચુલ્લશતક શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ઉપાસનારત જોયો, જોઈને બીજી વાર, ત્રીજી વાર પણ ચુલ્લશતક શ્રમણોપાસકને આ ધમકી આપી—એ રે શ્રમણોપાસક ચુલ્લશતક! યાવત્ જો તું આ જ ક્ષણે શીલો નહીં તોડે યાવત્ વચેટ પુત્રને ઘરેથી ઉપાડી લાવીશ, લાવીને તારી સામે મારી નાખીશ યાવત્ જીવનરહિત થઈ જઈશ.

તે દેવ દ્વારા બીજી અને ત્રીજીવાર આપવામાં આવેલી ધમકી સાંભળીને તે ચુલ્લશતક શ્રમણોપાસક નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં મગ્ન રહ્યો.

ત્યાર પછી તે દેવે ચુલ્લશતક શ્રમણોસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત જોયો તો ક્રોધિત, રુષ્ટ, કોપિત, વિકરાળ સ્વરૂપ ધારણ કરીને દાંત કચકચાવતો તે ચુલ્લશતક શ્રમણોપાસકના વચેટ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો, લાવીને તેની સામે માર્યો, મારીને તેના શરીરના સાત કટકા કર્યા, કટકા કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને ચુલ્લશતક શ્રમણોપાસકના શરીરને લોહી અને માંસથી ખરડ્યું. ત્યારે તે ચુલ્લશતક શ્રમણોપાસકે તે તીવ્ર યાવત્ વેદનાને સહનશીલતા, ક્ષમા, તિતિક્ષાપૂર્વક સહન કરી.

**કનિષ્ઠ પુત્ર મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો—**

૧૭૭. ત્યાર પછી પણ તે દેવે ચુલ્લશતક શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રચ્યોપચ્યો જોયો, તે જોઈને ફરીથી ચુલ્લશતક શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—'એ રે ચુલ્લશતક શ્રમણોપાસક! યાવત્ જો આજે તું શીલો યાવત્ પૌષધવ્રતો નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા કનિષ્ઠ પુત્રને ઉઠાવી લાવીશ, લાવીને તારી સામે મારી નાખીશ યાવત્ જીવનરહિત થઈ જઈશ.

તદનન્તર તે દેવનું આ કથન સાંભળીને શ્રમણોપાસક ચુલ્લશતક નિર્ભય યાવત્ ધર્મ-ધ્યાનમાં રત રહ્યો.

ધમકી સાંભળીને પણ જ્યારે તે દેવે શ્રમણોપાસક ચુલ્લશતકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત જોયો, જોઈને ફરીથી બીજી અને ત્રીજી વાર પણ ચુલ્લશતક શ્રમણોપાસકને ધમકી આપી કે 'એ રે ચુલ્લશતક શ્રમણોપાસક! યાવત્ જો તું આજે શીલો યાવત્ ખંડિત નહીં કરે તો હું આ જ ક્ષણે તારા કનિષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવીશ, લાવીને તારી સામે મારી નાખીશ યાવત્ તારું જીવન ખોઈ નાખીશ.'

તદનન્તર તે દેવ દ્વારા બીજી વાર અને ત્રીજી વાર પણ આપવામાં આવેલી ધમકી સાંભળીને પણ ચુલ્લશતક શ્રમણોપાસક નિર્ભય યાવત્ પોતાની ધર્મસાધનામાં રત રહ્યો.

ત્યાર પછી પણ જ્યારે તે દેવે ચુલ્લશતક શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત જોયો, જોઈને ક્રુદ્ધ, રુષ્ટ, કોપિત, વિકરાળ સ્વરૂપ ધારણ કરીને દાંત કચકચાવતો તે ચુલ્લશતક શ્રમણોપાસકના કનિષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવ્યો, લાવીને તેની સામે મારી નાખ્યો, મારીને શરીરના સાત કટકા કર્યા, કટકા કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને ચુલ્લશતક શ્રમણોપાસકના શરીરને માંસ અને લોહીથી ખરડ્યું.

આ પછી પણ ચુલ્લશતક શ્રમણોપાસકે તે તીવ્ર યાવત્ વેદનાને સમભાવ, ક્ષમા, તિતિક્ષાપૂર્વક સહન કરી.

**દેવકથિત નિજ સર્વ હિરણ્ય-કોટિઓના વિકીર્ણ કરવારૂપ ઉપસર્ગને સહન ન કરી શકવાથી કોલાહલ કરવો ને માયાવિકુર્વિત દેવનું આકાશમાં ઊડવું—**

૧૭૮. તદનન્તર તે દેવે ચુલ્લશતક શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનરત જોયો. તે જોઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોથીવાર પણ ચુલ્લશતકને આ પ્રમાણે કહ્યું– 'ઓ રે ચુલ્લશતક શ્રમણોપાસક ! યાવત્ જો તું આજે શીલો યાવત્ નહીં તોડે તો હું આ જ ક્ષણે જે છ કરોડ સુવર્ણ મુદ્રાઓ કોષમાં રાખેલી છે, છ કરોડ સુવર્ણ મુદ્રાઓ જે વેપારમાં યોજેલી છે અને છ કરોડ સુવર્ણ મુદ્રાઓ ઘર-ગૃહસ્થીના સાધનોમાં રોકેલી છે, તેને તારા ઘરેથી લઈ આવીશ, લાવીને આલભિકા નગરીના શૃંગાટકો, ત્રિભેટા, ચૌટા, ચોક, રાજમાર્ગો અને ગલીઓમાં આદિ ચારેતરફ વેરી દઈશ, જેથી તું આર્તધ્યાન અને દુસ્સહ દુ:ખથી પીડિત થઈને જીવનરહિત થઈ જઈશ.'

તદનન્તર તે ચુલ્લશતક શ્રમણોપાસકને તે દેવ દ્વારા બીજી અને ત્રીજીવાર પણ આ પ્રમાણે કહેવામાં આવતાં આ અને આ પ્રમાણેનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે 'અહો ! આ પુરુષ અધમ છે, નિકૃષ્ટ બુદ્ધિવાળો છે અને નીચ પાપકર્મો કરનાર છે, જે પહેલાં તો મારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો, અને મારી સામે મારી નાખ્યો, મારીને તેના શરીરના સાત ટુકડા કર્યા, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને માંસ અને લોહી મારા શરીર પર છાંટ્યું. તદનન્તર મારા મધ્યમ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો યાવત્ લોહી અને માંસ મારા શરીરે ચોપડ્યું, તે પછી મારા કનિષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો યાવત્ મારા શરીરને લોહી અને માંસથી ખરડ્યું. અને હવે આ કોષમાં રાખેલી છ કરોડ સુવર્ણ મુદ્રાઓ, વ્યાપારમાં પ્રયોજિત છ કરોડ સુવર્ણ મુદ્રાઓ અને મિલકત મકાનમાં રોકેલી છ કરોડ સુવર્ણ મુદ્રાઓ ઘરેથી લઈ આવી આલભિકા નગરીના શૃંગાટકો, ત્રિભેટા, ચૌટા, ચોક, રાજમાર્ગો અને ગલીઓ આદિમાં ચારે તરફ વેરી નાખવા ઈચ્છે છે. તો આ પુરુષને પકડી લેવો મારા માટે યોગ્ય છે'. તેમ વિચારીને તેને પકડવા દોડ્યો, પરંતુ તે દેવ આકાશમાં ઊડી ગયો અને તેના હાથમાં થાંભલો પકડાઈ ગયો. ત્યારે તે જોર-જોરથી બૂમો પાડવા લાગ્યો.

**બહુલાનો પ્રશ્ન—**

૧૭૯. તદનન્તર બહુલા ભાર્યા તે બૂમો સાંભળીને અને ધ્યાનમાં રાખીને જ્યાં ચુલ્લશતક શ્રમણોપાસક હતો, ત્યાં આવી અને આવીને ચુલ્લશતક શ્રમણોપાસકને પૂછ્યું 'હે દેવાનુપ્રિય ! તમે કેમ જોર-જોરથી બૂમો પાડી ?'

**ચુલ્લશતકનો ઉત્તર—**

૧૮૦. બહુલા ભાર્યાનો પ્રશ્ન સાંભળીને ચુલ્લશતક શ્રમણોપાસકે ઉત્તર આપ્યો 'બહુલા ! હું નથી જાણતો કે તે પુરુષ કોણ હતો, જેણે અત્યન્ત ક્રોધિત, રુષ્ટ, કોપિત, વિકરાળ સ્વરૂપ ધારણ કરીને દાંત કચકચાવતા નીલકમલ, ભેંસના શીંગડા, અળસીના ફૂલ જેવી નીલ પ્રભા અને તીક્ષ્ણ ધારવાળી એક મોટી તલવાર હાથમાં લઈને મને કહ્યું: ઓ રે ચુલ્લશતક શ્રમણોપાસક ! યાવત્ જો તું આજે શીલો યાવત્ તોડીશ નહિ તો હું આજ ક્ષણે તારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવીશ, લાવીને યાવત્ જીવનરહિત થઈ જઈશ.'

ત્યારે હું તે પુરુષની આ ધમકી સાંભળીને પણ નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત રહ્યો.

તદનન્તર જ્યારે તે પુરુષે મને નિર્ભય યાવત્ સાધનારત જોયો, તો જોઈને બીજી અને ત્રીજી વાર પણ મને આ પ્રમાણે કહ્યું–ઓ રે શ્રમણોપાસક ચુલ્લશતક ! યાવત્ જો તું આજે શીલો યાવત્ ખંડિત નહીં કરે તો યાવત્ આર્તધ્યાનથી વશ થઈને દુસ્સહ દુ:ખથી પીડિત થઈને અકાળે તારો જીવ ખોઈશ.'

ત્યારે તે પુરુષ દ્વારા બીજી અને ત્રીજીવાર પણ આ પ્રમાણે કહેવા છતાં પણ હું નિર્ભય યાવત્ મારી સાધનામાં રત રહ્યો.

તદનન્તર તે પુરુષે મને નિર્ભય યાવત્ સાધનારત જોયો તો જોઈને ક્રોધિત, રુષ્ટ, કોપિત વિકરાળ સ્વરૂપ ધારણ કરીને, દાંત કચકચાવતો મારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવ્યો, લાવીને મારી સામે મારી નાખ્યો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારીને શરીરના સાત ભાગ કર્યા, ભાગ કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને મારા શરીરને ખૂન અને માંસથી ખરડી દીધું.

ત્યારે મેં તે તીવ્ર યાવત્ વેદનાને ક્ષમા, તિતિક્ષા અને સહિષ્ણુતાપૂર્વક ભલી ભાંતિ સહન કરી.

આ જ પ્રમાણે મારા વચેટ પુત્રને પણ કર્યું યાવત્ તે વેદનાને સહનશીલતા, ક્ષમા, તિતિક્ષાપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી. કનિષ્ઠ પુત્રની પણ આ જ હાલત કરી યાવત્ વેદનાને સમભાવ, ક્ષમા અને તિતિક્ષાપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી. તદનન્તર પણ તે પુરુષે જ્યારે મને નિર્ભય યાવત્ ઉપાસનારત જોયો તો જોઈને ચોથીવાર પણ આ ધમકી આપી કે—ઓ રે ચુલ્લશતક શ્રમણોપાસક! યાવત્ જો તું આજે શીલો યાવત્ નહીં તોડે તો હું આ જ ક્ષણે કોષમાં રહેલી છ કરોડ સુવર્ણ મુદ્રાઓ, વ્યાપારમાં પ્રયોજેલી છ કરોડ સુવર્ણ મુદ્રાઓ અને મિલકત મકાનાદિ સાધનોમાં રોકાયેલી છ કરોડ સુવર્ણ મુદ્રાઓ તારા ઘરેથી ઉઠાવી લાવીશ, અને લાવીને આલભિકા નગરીના શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, રાજમાર્ગો અને ગલીઓ આદિમાં ચારે તરફ વેરી નાખીશ, જેથી તું આર્તધ્યાન અને દુસ્સહ દુઃખની પીડાથી પીડિત થઈને અકાળે તારું જીવન ખોઈ બેસીશ.'

તે દેવની આ ધમકી સાંભળીને પણ હું નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં રત રહ્યો.

તદનન્તર પણ જ્યારે તે પુરુષે મને નિર્ભય યાવત્ ઉપાસનારત જોયો તો જોઈને બીજી અને ત્રીજીવાર પણ આજ ધમકી આપી કે ઓ રે ચુલ્લશતક શ્રમણોપાસક! યાવત્ જો તું આજે શીલો યાવત્ નહીં તોડે તો યાવત્ તું આર્તધ્યાન અને દુસ્સહ દુઃખને વશ થઈને અકાળે તારો પ્રાણ ખોઈશ.

તે પુરુષ દ્વારા બીજી અને ત્રીજીવાર પણ આપવામાં આવેલી આ ધમકીને સાંભળીને મને આવો અને આ પ્રમાણેનો આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત માનસિક વિચાર આવ્યો કે અરે! આ પુરુષ અધમ છે. યાવત્ આ પુરુષને પકડી લઉં, એમ વિચારીને હું પકડવા માટે દોડ્યો તો તે પુરુષ ઉપર આકાશમાં ઊડી ગયો અને મારા હાથમાં થાંભલો માત્ર પકડાઈ ગયો એટલે મેં જોર-જોરથી બૂમો પાડી.

**ચુલ્લશતકે કરેલું પ્રાયશ્ચિત્ત—**

૧૮૧. તે પછી બહુલા ભાર્યાએ ચુલ્લશતક શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—કોઈ પુરુષ નથી તો તમારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી ગયો અને તમારી સામે માર્યો પણ નથી. કોઈ પુરુષ નથી તો તમારા વચેટ પુત્રને ઘરેથી ઉપાડી ગયો અને તમારી સામે માર્યો પણ નથી. કે કોઈ પુરુષ નથી તો તમારા કનિષ્ટ પુત્રને ઘરેથી ઉપાડી ગયો અને તમારી સામે માર્યો પણ નથી. અને હે દેવાનુપ્રિય! કોઈ પુરુષે કોષમાં રહેલી છ કરોડ સુવર્ણ મુદ્રાઓ, વ્યાપારમાં નિયોજિત છ કરોડ સુવર્ણ મુદ્રાઓ અને ઘર ગૃહસ્થીનાં સાધનોમાં રોકાયેલી છ કરોડ સુવર્ણ મુદ્રાઓ લઈને શૃંગાટકો, ત્રિભેટા, ચૌટા, ચોક, રાજમાર્ગો અને ગલીઓ આદિમાં ચારે તરફ વિખેરી પણ નથી. આ તો કોઈ પુરુષે તમારા પર ઉપસર્ગ કર્યો છે, આ તો તમે ભયંકર દૃશ્ય જોયું છે. હવે તમારું વ્રત, નિયમ અને પૌષધ ખંડિત થઈ ગયું છે. તેથી હે દેવાનુપ્રિય! આ સ્થાન—વ્રતભંગ રૂપ આચરણની આલોચના કરો, પ્રતિક્રમણ કરો, નિંદા કરો, ગર્હા કરો, તેને વિત્રોટિક-વિચ્છિન્ન કરો, નાશ કરો, અને આ અકાર્યની વિશુદ્ધિ માટે યથોચિત પ્રાયશ્ચિત કરવા તત્પર થઈ તપક્રિયા સ્વીકાર કરો.

તદનન્તર ચુલ્લશતક શ્રમણોપાસકે બહુલા ભાર્યાના કથનનો 'તમે બરાબર કહો છો' કહીને વિનયપૂર્વક સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, નિવૃત્તિ, અકરણતા વિશુદ્ધિ માટે યથોચિત પ્રાયશ્ચિત કરીને તપક્રિયાનો સ્વીકાર કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચુલ્લશતકની ઉપાસક પ્રતિમા પ્રતિપત્તિ—**

૧૮૨. તદનન્તર તે ચુલ્લશતકે પહેલી ઉપાસક પ્રતિમાનો સ્વીકાર કર્યો અને તે પહેલી ઉપાસક પ્રતિમાને યથાસૂત્ર, યથાકલ્પ, યથાવિધિ, યથાતત્ત્વ સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી, પાલન કર્યું, શોધિત કરી, પૂર્ણ કરી, કીર્તિત કરી અને આરાધિત કરી.

તદનન્તર તે ચુલ્લશતક શ્રમણોપાસકે બીજી ઉપાસક પ્રતિમા ગ્રહણ કરી આ જ પ્રમાણે ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી અને અગિયારમી ઉપાસક પ્રતિમાનું સૂત્ર, કલ્પ, વિધિ, તત્ત્વ અનુસાર સમ્યક્ પ્રકારે ગ્રહણ, પાલન, શોધન, તરણ, કીર્તન અને આરાધન કર્યું.

તદનન્તર તે ચુલ્લશતક શ્રમણોપાસક તે ઉદાર, વિપુલ, પ્રયત્નસાધ્ય તપોકર્મને ગ્રહણ કરીને શુષ્ક, રુક્ષ, માંસરહિત, અસ્થિચર્માવશેષ, કિટિકિટિકાભૂત, કૃશ, ઊપસી આવેલી નસોવાળા શરીરવાળો થઈ ગયો.

**ચુલ્લશતકનું અનશન—**

૧૮૩. તદનન્તર કોઈ એક સમયે મધ્યરાત્રિએ ધર્મજાગરણ કરતા તે ચુલ્લશતકને આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત, માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે, હું આમ અને આ પ્રમાણે ઉદાર, વિપુલ, પ્રયત્નસાધ્ય તપસ્યા ગ્રહણ કરીને શુષ્ક, રુક્ષ, નિર્માંસ, અસ્થિચર્માવશેષ, કિટિકિટિકાભૂત, કૃશ અને ઊપસી આવેલી નસો જેવા શરીરવાળો થઈ ગયો છું, પરંતુ હજી પણ મારામાં ઉત્થાન કર્મ–ઊઠવા બેસવાની શક્તિ, બળ, વીર્ય, પુરુષોચિત પરાક્રમ, શ્રદ્ધા, ધૈર્ય, સંવેગ, મુમુક્ષુભાવ વિદ્યમાન છે, તેથી જ્યાં સુધી મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષકાર, પરાક્રમ, શ્રદ્ધા, દ્યુતિ, સંવેગભાવ છે અને મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક જિન સુહસ્તી શ્રમણ ભગવાન મહાવીર વિચરણ કરી રહ્યા છે, ત્યાં સુધી મારા માટે એ શ્રેયસ્કર છે કે કાલે રાત્રિ પ્રભાતમાં ફેરવાય, સૂર્યનો ઉદય થાય અને સહસ્રરશ્મિ દિનકર જાજ્વલ્યમાન તેજ સાથે પ્રકાશિત થાય ત્યારે અંતિમ મારણાન્તિકી સંલેખના ઝૂસણાને સ્વીકારીને, આહાર પાણીનો ત્યાગ કરીને, જીવન-મરણની આકાંક્ષા ન કરતાં મારું જીવન વ્યતીત કરું.

આ પ્રમાણેનો વિચાર કર્યો, વિચાર કરીને બીજે દિવસે રાત્રિના પ્રભાતરૂપમાં ફેરવાયા પછી યાવત્ સૂર્યનો ઉદય થયા પછી અને સહસ્રરશ્મિ દિનકરના પ્રકાશ્યા પછી અંતિમ મારણાન્તિક સંલેખના ઝૂસણાનો સ્વીકાર કરીને, અન્ન-જળનો ત્યાગ કરીને મરણની આકાંક્ષા ન કરતો જીવન વ્યતીત કરવા લાગ્યો.

**ચુલ્લશતકનું સમાધિમરણ, દેવલોકમાં ઉત્પત્તિ અને તદનન્તર સિદ્ધગમનનું નિરૂપણ—**

૧૮૪. તદનન્તર તે ચુલ્લશતક શ્રમણોપાસક ઘણાં બધાં શીલવ્રતો, ગુણવ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો દ્વારા આત્માને ભાવિત કરતો વીસ વર્ષ સુધી શ્રાવક ધર્મનું પાલન કરી, અગિયાર ઉપાસક પ્રતિમાઓ ગ્રહણ કરી, એક માસની સંલેખના દ્વારા આત્માને શુદ્ધ કરી, સાઠ ભોજનોનો અનશન દ્વારા ત્યાગ કરી સૌધર્મકલ્પના અરુણસિદ્ધ વિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થયો. ત્યાં કોઈ કોઈ દેવની આયુષ્યસ્થિતિ ચાર પલ્યોપમની હોય છે. તે ચુલ્લશતક દેવની આયુસ્થિતિ પણ ચાર પલ્યોપમ થઈ.

'હે ભગવન્! તે ચુલ્લશતક, આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી ત્યાંથી ચ્યુત થઈ ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?' ભગવાન ગૌતમે ભગવાન મહાવીરને પૂછ્યું.

[ શ્રમણ ભગવાન મહાવીરે ઉત્તર આપ્યો— ]

હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્તિ પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

॥ ચુલ્લશતક ગાથાપતિ કથાનક સમાપ્ત ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૦. કુંડકૌલિક ગાથાપતિ કથાનક

**કાંપિલ્યપુરમાં કુન્ડકૌલિક ગાથાપતિ—**

૧૮૫. તે કાળે, તે સમયે કાંપિલ્યપુર નગર હતું. સહસ્રામ્રવન નામનું ઉદ્યાન હતું. જિતશત્રુ રાજા હતો.

તે કાંપિલ્ય નગરમાં ધન-ધાન્યથી સમૃદ્ધ યાવત્ ઘણા બધા લોકો વડે પણ પરાજિત ન થાય એવો કુન્ડકૌલિક નામનો ગાથાપતિ નિવાસ કરતો હતો.

તે કુન્ડકૌલિક ગાથાપતિની છ કરોડ સુવર્ણ મુદ્રાઓ કોષમાં સુરક્ષિત હતી, છ કરોડ સુવર્ણ મુદ્રાઓ વેપારમાં રોકાયેલી હતી, અને છ કરોડ મુદ્રાએ ઘર-ગૃહસ્થીનાં સાધનોમાં રોકાયેલી હતી. તેની ગૌશાળામાં છ ગોકુળ હતાં અને પ્રત્યેક ગોકુળમાં દસ-દસ હજાર ગાયો હતી.

તે કુન્ડકૌલિક ગાથાપતિની ઘણા રાજાઓ સલાહ લેતા હતા, તેની સાથે પરામર્શ કરતા હતા, અને તે સ્વયં પોતાના કુટુંબ પરિવારનો આધારસ્તંભ યાવત્ સમસ્ત કાર્યોનો પ્રેરક-નિર્દેશક હતો.

તે કુન્ડકૌલિક ગાથાપતિને શુભ લક્ષણો અને પરિપૂર્ણ ઇન્દ્રિય અંગોપાંગ યુક્ત પૂષા નામની ભાર્યા—પત્ની હતી યાવત્ મનુષ્ય સંબંધી કામભોગો ભોગવતી જીવન વ્યતીત કરતી હતી.

**ભગવાન મહાવીરનું સમવસરણ—**

૧૮૬. તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર યાવત્ જ્યાં કાંપિલ્યપુર નગર હતું, જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું, ત્યાં પધાર્યા અને પધારીને યથાપ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. પરિષદ વંદન કરવા ચાલી.

કોણિકરાજાની જેમ જિતશત્રુ રાજા પણ વંદન કરવા નીકળ્યો. યાવત્ પર્યુપાસના કરી.

**કુન્ડકૌલિક ગાથાપતિનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રવણ—**

૧૮૭. તદનન્તર કુન્ડકૌલિક ગાથાપતિએ આ સમાચાર સાંભળીને કે પૂર્વાનુપૂર્વી ક્રમથી ચાલતા, ગ્રામાનુગ્રામ ગમન કરતા શ્રમણ ભગવાન મહાવીર અહીં આવ્યા છે, અહીં પધાર્યા છે, અહીં સમવસૃત થયા છે અને આ કાંપિલ્યપુર નગરીની બહાર સહસ્રામ્રવન ઉદ્યાનમાં યથોચિત અવગ્રહ ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરણ કરી રહ્યા છે. ત્યારે, 'હે દેવાનુપ્રિયો! તથારૂપ અરિહંત ભગવન્તોના નામ અને ગોત્ર સાંભળવા મળે તો તે પણ મહાફળદાયક છે ત્યારે પછી તેમની પાસે જવાના, તેમને વંદન-નમસ્કાર કરવાના, તેમને પ્રશ્નો પૂછવાના અને તેમની પર્યુપાસના કરવાના ફળનું તો પૂછવું જ શું? ધર્માચાર્યના એક સુવચનને સાંભળવું પણ જ્યારે મંગળરૂપ છે તો પછી વિપુલ અર્થ ગ્રહણ કરવાના વિષયનું તો પૂછવું જ શું? હે દેવાનુપ્રિયો! તો હું જઉં અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કરું, તેમને સત્કારું—તેમનું સન્માન કરું અને કલ્યાણરૂપ, મંગળરૂપ, દેવરૂપ, જ્ઞાનરૂપ તેમની પર્યુપાસના કરું.—આ પ્રમાણેનો વિચાર કર્યો, વિચાર કરીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક-મંગલ પ્રાયશ્ચિત્ત કર્યું અને પછી શુદ્ધ, ધર્મસભામાં જવા યોગ્ય માંગલિક વસ્ત્રો પહેર્યાં તેમ જ બહુમૂલ્ય પરંતુ અલ્પ આભૂષણોથી શરીરને અલંકૃત કરીને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને કોરંટ પુષ્પની માળાઓ યુક્ત છત્રને માથા પર ધારણ કરીને જનસમૂહને સાથે લઈને પગે ચાલતો કાંપિલ્યપુર નગરની વચમાંથી પસાર થતો જ્યાં સહસ્રામ્રવન હતું અને તેમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા, ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણવાર આદક્ષિણા—પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને બહુ દૂર નહિ કે બહુ નજીક નહીં એવા યથોચિત સ્થાન પર બેસીને શુશ્રૂષા કરતો, નમસ્કાર કરતો વિનયપૂર્વક બંને હાથ જોડીને પર્યુપાસના કરવા લાગ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે કુન્ડકૌલિક ગાથાપતિ અને તે વિશાળ પરિષદને યાવત્ ધર્મકથા સંભળાવી.

પરિષદ પાછી ફરી, રાજા પણ પાછો ફર્યો.

**કુન્ડકૌલિકનો શ્રાવક ધર્મ સ્વીકાર—**

૧૮૮. તદનન્તર કુન્ડકૌલિક ગાથાપતિ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મોપદેશ સાંભળીને હૃદયમાં ધારણ કરી હૃષ્ટ-તુષ્ટ, આનંદિત ચિત્ત પ્રીતિમના, પરમ પ્રસન્ન અને હર્ષાતિરેકથી વિકસિત-હૃદય થઈને પોતાની જગ્યાએ ઊભો થયો, ઊભો થઈને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે પોતાની ભાવના પ્રદર્શિત કરી કે 'હે ભગવન્! હું નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા રાખું છું, હે ભગવન્! હું નિર્ગ્રન્થ પ્રવચનની પ્રતીતિ-વિશ્વાસ કરું છું, હે ભદન્ત! નિર્ગ્રન્થ પ્રવચન મને ગમે છે, હે ભગવન્! હું નિર્ગ્રન્થ પ્રવચનનો આદર કરું છું. હે ભદન્ત! આ આમ જ છે, હે ભગવન્! આ તેમ જ છે. હે ભગવન્! આ એમ જ છે, હે ભગવન્! આ સત્ય છે, હે ભગવન્! આ અસંદિગ્ધ છે, હે ભદન્ત! આ ઈચ્છિત, પ્રાપ્ત કરવા યોગ્ય છે, હે ભગવન્! આ અભિપ્સનીય છે, જેમ તમે કહો છો તે પ્રમાણે જ છે. પણ આપ દેવાનુપ્રિયની પાસે જેમ ઘણા બધા રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શેઠ, સેનાપતિ, સાર્થવાહ આદિ મુંડિત થઈને ગૃહ ત્યાગીને અનગાર પ્રવ્રજ્યાથી પ્રવ્રજિત થઈને દીક્ષા અંગીકાર કરે છે. તદનુરૂપ મુંડિત થઈને ગૃહત્યાગ કરીને અનગાર પ્રવ્રજ્યા અંગીકાર કરવા માટે હું સમર્થ નથી. તો હું આપ દેવાનુપ્રિયની પાસે પંચાણુવ્રત, સપ્ત શિક્ષા-વ્રતરૂપ બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકાર કરીશ.

'હે દેવાનુપ્રિય! જેમ સુખ ઊપજે તેમ કરો, પરંતુ પ્રતિબંધ-પ્રમાદ ન કરો.' શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું.

તદનન્તર તે કુન્ડકૌલિક ગાથાપતિએ શ્રમણ ભગવાન મહાવીર પાસે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.

**ભગવાનનો જનપદવિહાર—**

૧૮૯. તદનન્તર કોઈ એક સમયે શ્રમણ ભગવાન મહાવીર કાંપિલ્યપુર નગર અને સહસ્રામ્રવન ઉદ્યાનમાંથી નીકળ્યા અને નીકળીને બહારના જનપદોમાં વિહર કરવા લાગ્યા.

**કુન્ડકૌલિકની શ્રમણોપાસક ચર્યા—**

૧૯૦. ત્યાર પછી તે કુન્ડકૌલિક જીવાજીવતત્ત્વોનો જાણકાર શ્રમણોપાસક થઈ ગયો-યાવત્ પ્રાશુક એષણીય, અશન-પાન, ખાદ્ય-સ્વાદ્ય ભોજન, વસ્ત્ર, પ્રતિગ્રહ-સંયમોપકરણ-પાત્ર આદિ, કંબલ, પાદપ્રોંછન, રજોહરણ, ઔષધિ, ભૈષજ તેમ જ પાડિહારિક પીઠ, ફલક શૈયા સંસ્તારક આસન આદિથી શ્રમણ નિર્ગ્રન્થોને પ્રતિલાભિત કરતો જીવન વ્યતીત કરવા લાગ્યો.

**પૂષાની શ્રમણોપાસિકા ચર્યા—**

૧૯૧. તદનન્તર તે પૂષા ભાર્યા શ્રમણોપાસિકા બની ગઈ. જે જીવાજીવતત્ત્વોની જ્ઞાતા યાવત્ શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાશુક, એષણીય, અશન-પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, ઔષધિ, ભૈષજ અને પડિહારી પીઠ ફલક, શૈયા, સંસ્તારક આદિથી પ્રતિલાભિત કરતી વિચરવા લાગી.

**દેવ દ્વારા નિયતિવાદનું સમર્થન—**

૧૯૨. તદનન્તર તે કુન્ડકૌલિક શ્રમણોપાસક કોઈ એક દિવસ બપોરે જ્યાં અશોકવાટિકા હતી, જ્યાં પૃથ્વી-શિલાપટ્ટક હતો, ત્યાં આવ્યો. ત્યાં જઈને પોતાના નામની મુદ્રિકા-અંગૂઠી અને ઉત્તરીય દુપટ્ટાને પૃથ્વી શિલાપટ્ટક ઉપર મૂકયા, મૂકીને શ્રમણ ભગવાન મહાવીર પાસેથી પ્રાપ્ત કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી વિચરવા લાગ્યો.

ત્યારે તે કુન્ડકૌલિક શ્રમણોપાસક પાસે એક દેવ પ્રગટ થયો.

તદનન્તર તે દેવે કુન્ડકૌલિકની નામાંકિત મુદ્રિકા અને દુપટ્ટાને પૃથ્વી શિલાપટ્ટક પરથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાડયા અને ઉપાડીને ઘુંઘરુઓ સહિત પચરંગી શ્રેષ્ઠ એવાં વસ્ત્રો પહેરીને ઝણકાર કરતો આકાશમાં સ્થિર રહીને કુન્ડકૌલિક શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું – ‘ અરે કુન્ડકૌલિક શ્રમણોપાસક ! દેવાનુપ્રિય ! મંખલિપુત્ર ગોશાલકની ધર્મ પ્રજ્ઞપ્તિ સુંદર છે કે તેમાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાર્થ, પરાક્રમને કોઈ સ્થાન નથી. પરંતુ બધા ભાવો – વિશ્વના સમસ્ત પરિવર્તનો–નિશ્ચિત છે, નિયત છે. અને શ્રમણ ભગવાન મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ અસુન્દર છે, અશોભનીય છે કે જેમાં ઉત્થાન પ્રયત્ન, કર્મ, બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમ વગેરેનું અસ્તિત્વ છે, બધા ભાવો અનિયત-અનિશ્ચિત છે.’

**કુન્ડકૌલિક દ્વારા નિયતિવાદનું નિરસન—**

૧૯૩. તે દેવનું કથન સાંભળ્યા પછી કુન્ડકૌલિક શ્રમણોપાસકે તે દેવને કહ્યું – ‘ હે દેવાનુપ્રિય ! જો મંખલિપુત્ર ગોશાલકની ધર્મપ્રજ્ઞપ્તિ સિદ્ધાંત નિરૂપણ સુંદર છે કે ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાર્થ, પરાક્રમનું અસ્તિત્વ નથી પરંતુ બધા ભાવો નિયત છે, તો હે દેવાનુપ્રિય ! તને આ પ્રકારનું દિવ્ય, દૈવી ઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ -કાંતિ, દિવ્ય દૈવિક પ્રભાવ કેવી રીતે મળ્યો, કેવી રીતે પ્રાપ્ત થયો ? કેવી રીતે અધિગત થયો ? તો આ બધું ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પૌરુષ અને પરાક્રમથી પ્રાપ્ત થયું ? અથવા અનુત્થાન, અકર્મ, અબળ, અવીર્ય અપૌરુષ અને અપરાક્રમથી પ્રાપ્ત થયું ?’

**દેવ દ્વારા નિયતિવાદ સમર્થન—**

૧૯૪. તદનન્તર તે દેવે કુન્ડકૌલિક શ્રમણોપાસકને કહ્યું – ‘ હે દેવાનુપ્રિય ! મને તો આ પ્રકારની દિવ્ય ઋદ્ધિ દ્યુતિ, તેમ જ પ્રભાવ ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પૌરુષ અને પરાક્રમ દાખવ્યા વગર જ મળ્યાં છે, પ્રાપ્ત થયાં છે, અભિસમન્વિત થયાં છે.’

**કુન્ડકૌલિક દ્વારા નિયતિવાદ નિરસન—**

૧૯૫. દેવની તે વાત સાંભળ્યા પછી કુન્ડકૌલિક શ્રમણોપાસકે તે દેવને કહ્યું – ‘ હે દેવાનુપ્રિય ! જો તમને આ પ્રકારની દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવકાંતિ, દિવ્ય દેવાનુભવ–પ્રભાવ, અનુત્થાન, અબળ, અવીર્ય, અપુરુષાર્થ, અપરાક્રમથી મળ્યાં છે, પ્રાપ્ત થયાં છે, અધિગત થયાં છે, તો જે જીવોમાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પૌરુષ અને પરાક્રમ નથી, તે દેવો કેમ ન બન્યા ?’

અને જો તમે આ પ્રકારની દિવ્ય, દૈવિક, ઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ, દિવ્ય દેવાનુભાવ, ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પૌરુષ અને પરાક્રમથી પ્રાપ્ત કર્યું છે, અધિગત કર્યું છે તો જે તમે કહો છો કે ગોશાલક મંખલિપુત્રની ધર્મપ્રજ્ઞપ્તિ સુંદર છે, કેમકે તેમાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પૌરુષ અને પરાક્રમને સ્થાન નથી, બધા ભાવો નિયત છે અને શ્રમણ ભગવાન મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ અસુંદર છે કેમ કે તેમાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પૌરુષ અને પરાક્રમને સ્થાન છે અને બધા ભાવ નિયત નથી તે તમારું કથન મિથ્યા છે.

**દેવનું પ્રતિગમન—**

૧૯૬. તદનન્તર તે દેવ કુન્ડકૌલિકની આ વાત સાંભળીને શંકિત, કાંક્ષિત, સંશયયુક્ત અને હતપ્રભ બનીને, કુન્ડકૌલિક શ્રમણોપાસકને કંઈ પણ જવાબ ન આપી શક્યો અને નામ-મુદ્રિકા ઉત્તરીય-દુપટ્ટો પાછો પૃથ્વી શિલાપટ્ટક પર મૂક્યો, મૂકીને જે દિશામાંથી આવ્યો હતો તે જ દિશામાં પાછો ફર્યો.

**મહાવીર સમવસરણમાં કુન્ડકૌલિકનું ગમન અને ધર્મશ્રવણ—**

૧૯૭. તે કાળે, તે સમયે સ્વામી સમવસર્યા, અર્થાત્ શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા.

ત્યારે તે કુન્ડકૌલિક શ્રમણોપાસક આ વૃત્તાંત સાંભળીને કે ‘ શ્રમણ ભગવાન મહાવીર ક્રમપૂર્વક ચાલતા ચાલતા, ગ્રામાનુગ્રામ ફરતા ફરતા અહીં આવ્યા છે, અહીં પધાર્યા છે, અહીં સમવસૃત થયા છે અને આ જ કાંપિલ્યપુર નગરની બહાર સહસ્રામ્રવન ઉદ્યાનમાં પોતાની મર્યાદા અનુસાર અવગ્રહ ધારણ કરીને સંયમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તપથી આત્માને ભાવિત-શુદ્ધ કરતાં વિચરણ કરી રહ્યા છે.'

'તો પહેલાં શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કરું, તે પછી ત્યાંથી પાછા ફરીને પૌષધનું પારણું કરવું મારા માટે ઉચિત છે.' તે પ્રમાણેનો તેણે વિચાર કર્યો, વિચાર કરીને (પૌષધશાળાની બહાર નીકળ્યો, નીકળીને), શુદ્ધ સમયોચિત માંગલિક ઉત્તમ વસ્ત્રો પહેરીને જન-સમૂહને સાથે લઈને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને કાંપિલ્યપુર નગરના મધ્યભાગમાંથી થતો જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા, ત્યાં ગયો, ત્યાં જઈને ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને ત્રિવિધ પર્યુપાસના દ્વારા પર્યુપાસના કરવા લાગ્યો.

તદનન્તર શ્રમણ ભગવાન મહાવીરે કુન્ડકૌલિક શ્રમણોપાસક અને તે મોટી પરિષદને યાવત્ ધર્મોપદેશ આપ્યો.

**મહાવીર દ્વારા પૂર્વવૃત્તાન્તનું નિરૂપણ—**

૧૯૮. 'હે કુન્ડકૌલિક!' આ પ્રમાણે સંબોધિત કરી શ્રમણ ભગવાન મહાવીરે કુન્ડકૌલિક શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું — 'હે કુન્ડકૌલિક! કાલે બપોરના સમયે અશોક વાટિકામાં એક દેવ તારી સામે પ્રગટ થયો હતો.

તે દેવે તારા નામની મુદ્રિકા અને ઉત્તરીયને પૃથ્વી શિલાપટ્ટક પરથી ઉપાડયાં, ઉપાડીને ઘુંઘરુઓ યુક્ત પંચરંગી શ્રેષ્ઠ વસ્ત્રો પહેરીને ઝમકાર કરતો આકાશમાં સ્થિર થઈ તેણે તને આ પ્રમાણે કહ્યું— 'અરે શ્રમણોપાસક કુન્ડકૌલિક! દેવાનુપ્રિય! ગોશાલક મંખલિપુત્રની ધર્મપ્રજ્ઞપ્તિમાં ઉત્થાન,, કર્મ, બળ, વીર્ય, પૌરુષ, પરાક્રમને સ્થાન નથી, બધા ભાવો નિયત છે—સુંદર છે અને ભગવાન મહાવીરની ધર્મપ્રરૂપણામાં ઉત્થાન, બળ, કર્મ, વીર્ય, પુરુષકાર, પરાક્રમ છે અને બધા ભાવો અનિયત છે—અસુંદર છે.

ત્યારે તેં એ દેવને જવાબ આપ્યો— હે દેવાનુપ્રિય! જો ગોશાલક મંખલિપુત્રની ધર્મ-પ્રજ્ઞપ્તિ સુંદર છે કે જેમાં ઉત્થાન, કર્મ યાવત્ પૌરુષકાર પરાક્રમ નથી અને બધા ભાવો નિયત છે તથા શ્રમણ ભગવાન મહાવીરની ધર્મ-પ્રજ્ઞપ્તિમાં કર્મ યાવત્ પૌરુષાકાર પરાક્રમ છે અને બધા ભાવો અનિયત-પરિવર્તનશીલ છે—અસુંદર છે. તો હે દેવાનુપ્રિય! તને આ પ્રમાણેની દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દૈવી પ્રભાવ કેવી રીતે મળ્યો? કેવી રીતે પ્રાપ્ત થયો? કેવી રીતે અધિગત થયો? શું ઉત્થાન યાવત્ પુરુષકાર પરાક્રમથી પ્રાપ્ત થયો છે? અથવા અનુત્થાન યાવત્ અપૌરુષ-અપરાક્રમથી અધિગત થયો છે?'

ત્યારે તે દેવે તને આમ કહ્યું 'હે દેવાનુપ્રિય! મને આવી અને આ પ્રમાણેની દિવ્ય દેવ-ઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભવ અનુત્થાન યાવત્ અપુરુષકાર-અપરાક્રમથી મળ્યાં છે, પ્રાપ્ત અને અભિસમન્વિત થયાં છે.'

દેવનું આ કથન સાંભળીને તેં એ દેવને કહ્યું, 'હે દેવાનુપ્રિય! જો તને આ અને આ પ્રમાણેની દિવ્ય દેવઋદ્ધિ-દેવદ્યુતિ અને દેવ-અનુભાવ, અનુત્થાન યાવત્ અપૌરુષ-અપરાક્રમથી લબ્ધ, પ્રાપ્ત અને અધિગત થયાં છે તો જે જીવોમાં ઉત્થાન નથી યાવત્ પરાક્રમ નથી તેઓ દેવ કેમ ન થયા? અથવા તને આ અને આ પ્રમાણેની દિવ્ય દેવ-ઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ ઉત્થાન યાવત્ પરાક્રમથી લબ્ધ, પ્રાપ્ત અને અભિસમન્વિત થયાં છે તો તું જે કહે છે કે ગોશાલક મંખલિપુત્રની ધર્મ-પ્રજ્ઞપ્તિમાં ઉત્થાન નથી યાવત્ બધા ભાવો નિયત છે, તે સુંદર છે અને શ્રમણ ભગવાન મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિમાં ઉત્થાન છે યાવત્ બધા ભાવો અનિયત છે, તે અસુંદર છે. તો તારું એ કથન મિથ્યા છે.'

તદનન્તર તે દેવ તારા આ કથનને સાંભળીને શંકા, કાંક્ષા અને સંશયયુક્ત થઈને હતપ્રભ બનીને તને કંઈ ઉત્તર ન આપી શક્યો અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથ્વી શિલ્લાપટ્ટક પર તારા નામની મુદ્રિકા તેમ જ ઉત્તરીય પાછા મૂકયા, મૂકીને જે દિશામાંથી આવ્યો હતો, તે જ દિશામાં પાછો ગયો. હે દેવાનુપ્રિય કુન્ડકૌલિક! શું મારું કથન સત્ય છે?'

"હા ભગવન! આ સત્ય છે. આમ જ બન્યુ હતું." કુન્ડકૌલિકે ઉત્તર આપ્યો.

**મહાવીર દ્વારા કુન્ડકોલિકની પ્રશંસા—**

૧૯૯. 'હે આર્યો!' આ પ્રમાણે ઉપસ્થિત શ્રમણ નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થિનીઓને સંબોધિત કરીને શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું–હે આર્યો! જો ઘરમાં રહેનાર ગૃહસ્થ પણ બીજા તીર્થિકોને અર્થ, હેતુ, પ્રશ્ન, કારણ, યુક્તિ અને વ્યાખ્યા દ્વારા નિરુત્તર કરી દે છે તો હે આર્યો! દ્વાદશાંગ રૂપ ગણિપિટકનું અધ્યયન કરનાર શ્રમણ નિર્ગ્રન્થ તો અન્યમતાવલમ્બીઓને અર્થ, હેતુ, પ્રશ્ન, યુક્તિ અને વિશ્લેષણ દ્વારા નિરુત્તર કરવામાં સમર્થ જ છે.'

'હે ભગવન્! એમ જ છે.' કહીને તે સાધુ-સાધ્વીઓએ શ્રમણ ભગવાન મહાવીરના આ કથનનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

તદનન્તર કે કુન્ડકૌલિક શ્રમણોપાસકે શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન -નમસ્કાર કરીને પ્રશ્ન પૂછયા, પૂછીને સમાધાન મેળવીને અને તત્પશ્ચાત્ જ્યાંથી આવ્યો હતો, તે તરફ પાછો ફર્યો.

**ભગવાનનો જનપદવિહાર—**

૨૦૦. પછી સ્વામી (ભગવાન મહાવીર) અન્ય જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

**કુન્ડકૌલિકે કરેલી ધર્મજાગરિકા—**

૨૦૧. તદનન્તર તે કુન્ડકૌલિક શ્રમણોપાસકના અનેક પ્રકારનાં શીલવ્રતો, ગુણવ્રતો, વિરમણો પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો દ્વારા આત્માને ભાવિત કરતો વિચર્યો અને ચૌદ વર્ષ વીતી ગયાં અને જ્યારે પંદરમું વર્ષ ચાલી રહ્યું હતું ત્યારે કોઈ એક સમયે મધ્યરાત્રિએ ધર્મજાગરિકામાં જાગરણ કરતાં આ પ્રમાણેનો આંતરિક, ચિંતિત, પ્રાર્થિત અને માનસિક વિચાર ઉત્પન્ન થયો કે, 'કાંપિલ્યપુરમાં ઘણા બધા રાજાઓ યાવત્ મારી સલાહ લે છે, પરામર્શ કરે છે તથા સ્વયં મારા કુટુંબનો હું આધાર-સ્તંભ છું—યાવત્ બધાં કાર્યોનો પ્રેરક છું, તેથી આ વ્યવધાન–બાધાને કારણે શ્રમણ ભગવાન મહાવીર પાસેથી પ્રાપ્ત કરેલી ધર્મ-પ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને મારો સમય વ્યતીત કરી શકતો નથી.

તદનન્તર તે કુન્ડકૌલિક શ્રમણોપાસકે પોતાના જ્યેષ્ઠ પુત્ર, મિત્રો, જાતિબંધુઓ, સ્વજન-સંબંધીઓ અને પરિચિતજનોની અનુમતિ માગી, અનુમતિ લઈને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને કાંપિલ્યપુર નગરના મધ્યભાગમાંથી નીકળીને જ્યાં પૌષધશાળા હતી, ત્યાં આવ્યો, આવીને પૌષધશાળાને સાફ કરી, સાફ કરી ઉચ્ચાર-પ્રસ્રવણ ભૂમિની પ્રતિલેખના કરી, પ્રતિ-લેખના કરી દર્ભ-ઘાસનું આસન બિછાવ્યું, બિછાવીને તે દર્ભ-સંસ્તારક–ઘાસના આસન ઉપર બેઠો અને પૌષધશાળામાં પૌષધવ્રત ધારણ કરીને બ્રહ્મચર્યપૂર્વક મણિ-સુવર્ણાદિનાં આભૂષણો, પુષ્પમાળાઓ, વર્ણક, વિલેપનો તેમ જ મૂસલ આદિ શસ્ત્રોનો ત્યાગ કરીને એકાકી અદ્વિતીય થઈને, દર્ભ-સંસ્તારોપગત થઈને, શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ગ્રહણ કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિચરવા લાગ્યો.

**કુન્ડકૌલિકની ઉપાસક પ્રતિમા પ્રતિપત્તિ—**

૨૦૨. તદનન્તર કુન્ડકૌલિક શ્રમણોપાસકે પહેલી ઉપાસક પ્રતિમાની આરાધના શરૂ કરી અને તે પહેલી ઉપાસક પ્રતિમાને સૂત્ર, કલ્પ, વિધિ અને અર્થને અનુરૂપ સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી, તેનું પાલન–શોધન કર્યું, તેને પૂર્ણ કરી, તેનું કીર્તન અભિનંદન અને આરાધન કર્યું.

તદનન્તર તે કુન્ડકૌલિક શ્રમણોપાસકે બીજી ઉપાસક પ્રતિમાની આરાધના કરી અને તત્-પશ્ચાત્ ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી આઠમી, નવમી, દસમી, અગિયારની ઉપાસક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિમાને સૂત્ર, કલ્પ, વિધિ અને અર્થને અનુરૂપ સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી, તેનું પાલન કર્યું, શોધન કર્યું, તેને પૂર્ણ કરી, તેનું કીર્તન-અભિનંદન અને આરાધન કર્યું.

તદનન્તર તે કુન્ડકૌલિક શ્રમણોપાસક આવા અને આ પ્રમાણેના ઉદાર વિપુલ, પ્રયત્નસાધ્ય તપોકર્મને ગ્રહણ કરી શુષ્ક, રુક્ષ, નિર્માંસ, અસ્થિચર્માવિશેષ, કિટિકિટિકાભૂત, કૃશ, લુહારની ધમણ જેવા શરીરવાળો બની ગયો.

**કુન્ડકૌલિકનું અનશન—**

૨૦૩. તે પછી તે કુન્ડકૌલિક શ્રમણોપાસકને કોઈ એક સમયે મધ્યરાત્રિએ ધર્મ જાગરણ કરતાં આવો આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત, માનસિક વિચાર ઉત્પન્ન થયો કે હું આમ અને આ પ્રમાણે પ્રધાન, વિપુલ, પ્રયત્નસાધ્ય તપોકર્મ ગ્રહણ કરીને શુષ્ક, રુક્ષ, માંસરહિત અસ્થિ-ચર્માવિશેષ હાડકાનો કડ કડ અવાજ આવે તેવો અને ધમણ જેવા શરીરવાળો બની ગયો છું, તો પણ હજી મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પૌરુષ, પરાક્રમ, શ્રદ્ધા, ધૃતિ, સંવેગભાવ વિદ્યમાન છે. તો જ્યાં સુધી મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષકાર-પરાક્રમ, શ્રદ્ધા, ધૈર્ય, સંવેગભાવ છે અને યાવત્ મારા ધર્માચાર્ય ધર્મોપદેશક જિન-સુહસ્તી શ્રમણ ભગવાન મહાવીર વિચરણ કરી રહ્યા છે ત્યાં સુધી મારા માટે ઉચિત છે કે કાલે રાત્રિ પ્રભાતમાં ફેરવાય, સૂર્યનો ઉદય થાય અને જાજવલ્યમાન તેજ સહિત સહસ્રરશ્મિ દિનકર પ્રકાશિત થાય ત્યારે અપશ્ચિમ મારણાન્તિકસંલેખના ઝૂસણાનો સ્વીકાર કરીને, આહાર પાણી ત્યાગીને, જીવન-મરણની આકાંક્ષા ન કરતાં મારો સમય વ્યતીત કરું' – આમ વિચાર કર્યો અને વિચાર કરીને રાત્રિ પ્રભાતમાં ફેરવાયા પછી, યાવત્ સૂર્યોદય તથા સહસ્રરશ્મિ દિનકર જાજવલ્યમાન તેજ સહિત પ્રકાશિત થયા પછી અંતિમ મરણાન્તિક સંલેખના ઝૂસણાનો સ્વીકાર કરીને અન્ન-જળ છોડીને મરણની આકાંક્ષા ન કરતાં વિચરણ કરવા લાગ્યો.

**કુન્ડકૌલિકનું સમાધિમરણ, દેવ-લોકોત્પત્તિ અને તદનન્તર સિદ્ધિગમન નિરૂપણ—**

૨૦૪. ત્યાર પછી તે કુન્ડકૌલિક શ્રમણોપાસક અનેક પ્રકારનાં શીલવ્રતો, ગુણવ્રતો, વિરમણો પ્રત્યાખ્યાનો પૌષધોપવાસોથી આત્માને શુદ્ધ કરી વીસ વર્ષના શ્રમણોપાસક પર્યાયનું પાલન કરી એક માસની સંલેખના દ્વારા આત્માને શુદ્ધ કરી સાઠ ટંકના ભોજનનો અનશન દ્વારા ત્યાગ કરી, આલોચના, પ્રતિક્રમણપૂર્વક, સમાધિ સહિત મરણ સમયે મરણ પામીને સૌધર્મકલ્પના સૌધર્માવતંસક મહાવિમાનથી ઉત્તર પૂર્વ દિગ્ભાગ-ઈશાનકોણમાં સ્થિત અરુણધ્વજ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયો. ત્યાં કોઈ કોઈ દેવની સ્થિતિ ચાર પલ્યોપમ માનવામાં આવે છે. કુંડકૌલિક દેવની સ્થિતિ પણ ચાર પલ્યોમાની થઈ.

'હે ભદન્ત! તે કુન્ડકૌલિક આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી તે દેવલોકથી ચ્યુત થઈને ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?' ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને પૂછ્યું.

ભગવાને ઉત્તર આપ્યો— 'હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને સિદ્ધિ પ્રાપ્ત કરશે, બોધિ-કેવળ જ્ઞાન પ્રાપ્ત કરશે, કર્મ મુક્ત થશે અને બધાં દુઃખોનો અંત કરશે.'

॥ કુન્ડકૌલિક ગાથાપતિ કથાનક સમાપ્ત ॥

## ૧૧. સદ્દાલપુત્ર કુંભકાર કથાનક

**પોલાસપુરમાં સદ્દાલપુત્ર—**

૨૦૫. તે કાળે, તે સમયે પોલાસપુર નામનું નગર હતું. સહસ્રામ્રવન નામનું ઉદ્યાન હતું. જિતશત્રુ ત્યાંનો રાજા હતો.

તે પોલાસપુર નગરમાં આજીવિક ગોશાલકનો અનુયાયી સદ્દાલપુત્ર નામે કુંભકાર-કુંભાર રહેતો હતો. તે આજીવિક મતમાં માનતો હતો, અર્થાત્ તે સિદ્ધાંતને તેણે સારી રીતે જાણ્યો હતો, ગ્રહણ કર્યો હતો-તેનો સ્વીકાર કર્યો હતો, પૃષ્ઠાર્થ-પ્રશ્નોત્તર દ્વારા સ્પષ્ટ કર્યો હતો, વિનિશ્ચિતાર્થ-નિશ્ચિત અર્થને આત્મસાત્ કર્યો હતો, અભિગતાર્થ કર્યો હતો-સમગ્ર રીતે જાણ્યો હતો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજીવિક સિદ્ધાંતો પ્રતિ તેનો પ્રેમ, અનુરાગ હતો, તે સિદ્ધાંત તેનામાં અસ્થિ અને મજ્જા-પર્યન્ત સમાયો હતો અને તેની એ નિશ્ચિત ધારણા હતી કે ' હે આયુષ્મન્ ! આ આજીવિક મત-સિદ્ધાંત અર્થ-પ્રયોજનભૂત છે, પરમાર્થ છે, અને તેના સિવાય શેષ બીજા સિદ્ધાંતો અનર્થ-અપ્રયોજનભૂત છે.' આવા વિશ્વાસપૂર્વક તે આજીવિક મતાનુસાર આત્માને ભાવિત કરતો વિચરતો હતો.

તે આજીવિકોપાસક સદ્દાલપુત્રના કોષમાં એક કરોડ સુવર્ણ મુદ્રાઓ સંચિત હતી, એક કરોડ સુવર્ણ મુદ્રાઓ વ્યાપારમાં પ્રયોજિત હતી અને એક કરોડ સુવર્ણ મુદ્રાઓ ઘર ગૃહસ્થીના સાધન-ઉપકરણોમાં રોકાયેલી હતી. તથા દસ હજાર ગાયો યુક્ત એક વ્રજ-ગોકુળ તેની ગોશાળામાં હતું.

તે આજીવિકોપાસક સદ્દાલપુત્રની પત્નીનું નામ અગ્નિમિત્રા હતું.

તે સદ્દાલપુત્ર આજીવિકોપાસકની પોલાસપુર નગરની બહાર પાંચસો વાસણની આપણો-વ્યવસાયસ્થાન, દુકાનો અથવા કારખાનાં હતાં.

તે દુકાનોમાં અનેક પુરુષો દૈનિક વેતન-ભોજનથી પ્રતિદિન સવાર થતાં જ અનેક જાતના કરક-જળપાત્ર, વારક-કુંડીઓ, ઘટ-ઘડા, અર્ધઘટક-નાના ઘડા, કળશ, અલિંજર-પાણીની કોઠીઓ, જંબૂલક-ચંબુઓ, ઉષ્ટ્રિકા-ઘી તેલની કુંપીઓ વ. પાત્રો બનાવતા હતા. બીજા અનેક પુરુષો રોજના વેતન-ભોજનથી સવારથી જ તે અનેક કરક, વારક, પીઠર, ઘટ, અર્ધઘટ, કળશ, અલિંજર, જંબૂલક, ઉષ્ટ્રિકા, વ. લઈને રાજ-માર્ગો પર તે વેચવાનું કાર્ય કરતા હતા.

**સદ્દાલપુત્રની સામે દેવે કરેલી મહાવીરની પ્રશંસા**

૨૦૬. તદનન્તર તે શ્રમણોપાસક સદ્દાલપુત્ર કોઈ એક સમયે બપોરના સમયે જ્યાં અશોકવાટિકા હતી, ત્યાં આવ્યો અને ત્યાં આવીને ગોશાલક મંખલિપુત્ર પાસેથી ગ્રહણ કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી વિચરવા લાગ્યો.

તદનન્તર તે આજીવિકોપાસક સદ્દાલપુત્ર પાસે એક દેવ પ્રગટ થયો.

પછી ઘુંઘરીઓ યુક્ત પંચરંગી ઉત્તમ વસ્ત્રો પહેરી આકાશમાં રહેલા તે દેવે સદ્દાલપુત્ર આજીવિકોપાસકને આ પ્રમાણે કહ્યું- ' હે દેવાનુપ્રિય ! કાલે (આગલા દિવસે) પ્રાતઃકાળે અહીંયા મહામાહણ-મહાન અહિંસક, અપ્રતિહત જ્ઞાન-દર્શનના ધારક, અતીત-વર્તમાન-ભવિષ્ય ત્રણે કાળના જ્ઞાતા, અર્હંત જિન, કેવલી, સર્વજ્ઞ સર્વદર્શી, ત્રૈલોક્યવહિત-ત્રણે લોક જેના દર્શન માટે ઉત્સુક રહે છે તેવા, મહિત-જેની ઉપાસના કરવા આકાંક્ષી છે તેવા, પૂજિત-દેવો, મનુષ્યો અને અસુરોના અર્ચનીય, પૂજનીય, વંદનીય, નમસ્કરણીય, સત્કારણીય, સમ્માનનીય કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ, ચૈત્યરૂપ, જ્ઞાન-સ્વરૂપ, પર્યુપાસના કરવા યોગ્ય તથા કર્મસંપદા સંપ્રયુક્ત-સત્કર્મરૂપ સંપત્તિથી યુક્ત ભગવાન (મહાવીર) પધારશે. તો તું તેમને વંદન-નમસ્કાર કરજે, તેમનો સત્કાર કરજે-સન્માન કરજે, તેમ જ કલ્યાણ, મંગલ, દેવ, ચૈત્યરૂપ તેવા તેમની પર્યુ-પાસના કરજે તથા પાડિહારિય, પીઠ, ફલક, શૈયા, સંસ્તારક આદિ હેતુઓ માટે આમંત્રિત કરજે.' બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું અને કહીને જે દિશામાંથી આવ્યો હતો તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.

**સદ્દાલપુત્રે કરેલ ગોશાલકને વંદન કરવાનો સંકલ્પ-**

૨૦૭. ત્યાર બાદ દેવની તે વાત સાંભળીને આજીવિકો-પાસક સદ્દાલપુત્રને આ પ્રમાણેનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક મહામાહણ, અપ્રતિહત જ્ઞાન-દર્શનના ધારક અતીત વર્તમાન, અનાગત કાળના જ્ઞાતા, અર્હંત, જિન કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રણે લોક હર્ષપૂર્વક જેના દર્શન માટે ઉત્સુક રહે છે, જેની સેવા-ઉપાસનાની વાંચ્છના કરે છે, પૂજા કરે છે, દેવ, મનુષ્ય તથા અસુર બધા વડે અર્ચનીય, પૂજનીય-વંદનીય, નમસ્કરણીય-સત્કારણીય, સંમાનનીય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્યાણ, મંગલ, દેવ, ચૈત્યસ્વરૂપ, પર્યુપાસનીય, સત્કર્મ-સંપત્તિયુક્ત ગોશાલક મંખલિપુત્ર કાલે અહીં પધારશે. ત્યારે હું તેમને વંદન નમસ્કાર કરીશ, તેમને સત્કારીશ, સન્માનીશ, કલ્યાણ, મંગલ, દેવ, ચૈત્યરૂપ તેમની પર્યુપાસના કરીશ અને પડિહારીક પીઠ, ફલક, શૈયા સંસ્તારક વગેરે હેતુઓ માટે આમંત્રણ આપીશ.

**ભગવાન મહાવીરનું સમવસરણ અને સદ્દાલપુત્રનું ધર્મશ્રવણ—**

૨૦૮. તદનન્તર કાલે (બીજા દિવસે) રાત્રિ વીત્યા પછી સવાર પડયા પછી અને અનેક પ્રકારનાં કમળો ખીલ્યા પછી ઉજ્જવલ પ્રભા તેમ જ લાલ અશોક, કિંશુક, અને પોપટની ચાંચ તથા ચણોઠીના અર્ધભાગ જેવાં લાલ, લાલિમાયુક્ત, કમલ-વન સમૂહને વિકસિત કરનાર, દિવસ કરનાર સહસ્રરશ્મિ સૂર્યનો ઉદય થયા પછી, પોતાના તેજ સાથે પ્રકાશ્યા પછી, શ્રમણ ભગવાન મહાવીર યાવત્ જ્યાં પોલાસપુર નગર હતું, જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું, ત્યાં આવ્યા, આવીને યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

પરિષદ વંદન કરવા નીકળી. કોણિક રાજાની જેમ જિતશત્રુ રાજા પણ વંદન કરવા નીકળ્યો યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો.

તે પછી શ્રમણોપાસક સદ્દાલપુત્રે આ વૃત્તાન્ત સાંભળ્યો કે ' શ્રમણ ભગવાન મહાવીર પૂર્વાનુપૂર્વી ક્રમથી ચાલતા, ગ્રામાનુગ્રામ વિહાર કરતાં અહીં આવ્યા છે, અહીં પધાર્યા છે અને અહીં સમવસૃત થયા છે, તેમ જ આ જ પોલાસપુર નગરની બહાર સહસ્રામ્રવન ઉદ્યાનમાં યથાપ્રતિરૂપ અવગ્રહ લઈને તપ અને સંયમથી આત્માને ભાવિત કરતા વિરાજમાન છે. તો હું જાઉં અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કરું, તેમનાં સત્કાર–સન્માન કરું, કલ્યાણ, મંગલ, દેવ, ચૈત્ય સ્વરૂપ તેમની પર્યુપાસના કરું.' આમ વિચાર કર્યો, વિચાર કરીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત કર્યું અને સભામાં જવા યોગ્ય શુદ્ધ માંગલિક ઉત્તમ વસ્ત્રો પહેર્યાં તથા બહુમૂલ્ય પરંતુ અલ્પ આભૂષણોથી શરીરને અલંકૃત કરી મનુષ્ય સમૂહને સાથે લઈને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું, તેમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા, ત્યાં ગયો, ત્યાં જઈને ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન નમસ્કાર કર્યા અને વંદન નમસ્કાર કરીને બહુ દૂર નહીં કે બહુ નજીક નહીં તેવા યથોચિત સ્થાન પર બેસી શુશ્રૂષા કરતો, નમસ્કાર કરતો વિનયપૂર્વક સન્મુખ હાથ જોડી પર્યુપાસના કરવા લાગ્યો.

તદનન્તર શ્રમણ ભગવાન મહાવીરે સદ્દાલપુત્ર આજીવિકોપાસક અને તે વિશાળ પરિષદને યાવત્ ધર્મોપદેશ આપ્યો.

**મહાવીર દ્વારા દેવે કરેલી પ્રશંસાનું નિરૂપણ—**

૨૦૯. ' સદ્દાલપુત્ર ! ' આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરે સદ્દાલપુત્ર આજીવિકોપાસકને સંબોધન કરીને કહ્યું– ' હે સદ્દાલપુત્ર ! કાલે બપોરના સમયે જ્યારે તું અશોકવાટિકામાં જઈને ગોસાલક મંખલિપુત્ર પાસેથી ગ્રહણ કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિચરણ કરી રહ્યો હતો ત્યારે એક દેવ તારી પાસે પ્રગટ થયો હતો.

તદનન્તર ઘુંઘરીઓ યુક્ત પંચરંગી ઉત્તમ વસ્ત્રો પહેરીને આકાશમાં રહીને તે દેવે તને આ પ્રમાણે કહ્યું કે હે સદ્દાલપુત્ર ! દેવાનુપ્રિય ! સાંભળ કે કાલે અહીંયાં મહામાહણ યાવત્ તથ્યકર્મ-સત્કર્મ–સંપત્તિયુક્ત પધારશે ત્યારે તું તેમને વંદન-નમસ્કાર કરજે, સત્કાર-સન્માન કરજે અને કલ્યાણ, મંગલ, દેવ-ચૈત્ય સ્વરૂપ એવા તેમની પર્યુપાસના કરજે તથા પ્રાતિહારિક પીઠ, ફલક, શૈયા, સંસ્તારક વગેરે હેતુઓ માટે તેમને આમંત્રિત કરજે. બીજીવાર, ત્રીજીવાર પણ આ પ્રમાણે કહ્યું, કહીને જે દિશામાંથી આવ્યો હતો તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે દેવના આ પ્રમાણે કહેવાથી તારા મનમાં આવો આધ્યાત્મિક વિચાર, ચિંતન, પ્રાર્થના અને મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે, નિશ્ચિતપણે મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક મંખલિપુત્ર ગોશાલક છે, તે જ મહામાહણ યાવત્ સત્કર્મસંપત્તિથી યુક્ત છે, તે જ કાલે અહીંયાં પધારશે. તો હું તેમને વંદન-નમસ્કાર કરીશ, તેમનો સત્કાર કરીશ. તેમનું સન્માન કરીશ, કલ્યાણ-મંગલ-દેવ-ચૈત્ય-સ્વરૂપ તેમની પર્યુપાસના કરીશ. પ્રતિહારિક-પીઠ-ફલક-શૈયા-સંસ્તારક માટે નિમંત્રિત કરીશ.'

"તો હે સદ્દાલપુત્ર! મારું આ કથન સત્ય છે?" 'હા ભગવાન! આ કથન યથાર્થ છે.' સદ્દાલપુત્રે ઉત્તર આપ્યો.

'હે સદ્દાલપુત્ર! તે દેવે આ વાત ગોશાલક મંખલિપુત્રને લક્ષ્યમાં રાખીને નહોતી કહી'– ભગવાને પછી કહ્યું.

**સદ્દાપુત્રનું નિવેદન—**

૨૧૦. તદનન્તર શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યા પછી તે સદ્દાલપુત્ર આજીવિકોપાસકને આ પ્રમાણેનો આધ્યાત્મિક, ચિંતિત પ્રાર્થિત, માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે શ્રમણ ભગવાન મહાવીર મહામાહણ, અપ્રતિહત જ્ઞાન-દર્શનના ધારક, અતીત, વર્તમાન અને અનાગત સમયના જ્ઞાતા, અરહત્, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રૈલોક્યવહિત, મહિત, પૂજિત, દેવ, મનુષ્ય અને અસુર તથા સંપૂર્ણ લોકના અર્ચનીય, પૂજનીય, વંદનીય, નમસ્કરણીય, સત્કારણીય, સમ્માનનીય, કલ્યાણ-મંગલ-દેવ-ચૈત્યરૂપ, પર્યુપાસનીય યાવત્ સત્કર્મ-સંપત્તિયુક્ત છે. તો મારા માટે ઉચિત છે કે શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કરી પ્રાતિહારિક પીઠ, ફલક, શૈયા, સંસ્તારક વગેરે હેતુ માટે આમંત્રિત કરું. આમ વિચાર કર્યો અને વિચાર કરીને પોતે બેઠો હતો ત્યાંથી ઊભો થયો, ઊભા થઈને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું – 'હે ભદન્ત! પોલાસપુર નગર બહાર મારી પાંચસો કુંભારકામની કર્મશાળાઓ–દુકાનો છે. આપ ત્યાં પ્રતિહારિક, પીઠ, ફલક, શૈયા, સંસ્તારક ગ્રહણ કરવા પધારજો."

**મહાવીર દ્વારા સદ્દાલપુત્રને સંબોધન—**

૨૧૧. તદનન્તર શ્રમણ ભગવાન મહાવીરે આજીવિકોપાસક સદ્દાલપુત્રનું આ નિવેદન સ્વીકાર્યું અને સ્વીકાર કરીને સદ્દાલપુત્ર આજીવિકોપાસકની પાંચસો કુંભારકામની કર્મશાળાઓ પર પ્રાતિહારિક, પીઠ, ફલક, શૈયા, સંસ્તારક ગ્રહણ કરવા ત્યાં પધાર્યા.

તદનન્તર કોઈ એક દિવસ સદ્દાલપુત્ર આજીવિકોપાસકે હવાને કારણે થોડા સૂકાયેલા માટીના વાસણોને અંદરના કોઠામાંથી બહાર લાવીને સૂકાવા માટે તાપમાં મૂકયા.

ત્યારે તે જોઈને શ્રમણ ભગવાન મહાવીરે સદ્દાલપુત્ર આજીવિકોપાસકને પૂછ્યું– "હે સદ્દાલપુત્ર! આ માટીનાં વાસણો કેવી રીતે બન્યાં?"

ત્યારે આજીવિકોપાસક સદ્દાલપુત્રે શ્રમણ ભગવાન મહાવીરને બતાવ્યું કે, 'હે ભદન્ત! સૌથી પહેલાં માટી લાવ્યા, ત્યાર પછી તેને પાણીમાં પલાળી, પછી રાખ અને છાણ સાથે તેને ભેળવી, ભેળવીને ચાકડે ચઢાવી, તે રીતે આ ઘણાં બધાં જળપાત્રો, કુંડીઓ, ગાડવા, ઘડા, અર્ધઘડા, કળશ, કોઠીઓ કૂપીઓ વ. બનાવીએ છીએ.'

ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે આજીવિકોપાસક સદ્દાલપુત્રને પૂછ્યું– 'હે સદ્દાલપુત્ર! આ બધાં માટીનાં વાસણો શું પ્રયત્ન, કર્મ, બળ, વીર્ય, પુરુષકાર-પરાક્રમથી બનાવો છો કે ઉત્થાન કર્મ, બળ, વીર્ય, પુરુષાર્થ પરાક્રમ વગર બન્યાં છે?"

ઉત્તરમાં તે સદ્દાલપુત્ર આજીવિકોપાસકે શ્રમણ ભગવાન મહાવીરને કહ્યું, 'હે ભદન્ત! આ બધાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાસણો ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પૌરુષ, પરાક્રમ વગર બન્યાં છે. ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પૌરુષ, પરાક્રમનો કોઈ અર્થ-અસ્તિત્વ-સ્થાન નથી. બધા ભાવ-થનારાં કાર્યો-નિયત નિશ્ચિત છે.''

તે ઉત્તર સાંભળીને શ્રમણ ભગવાન મહાવીરે આજીવિકોપાસક સદ્દાલપુત્રને કહ્યું, 'હે સદ્દાલ-પુત્ર! જો કોઈ પુરુષ હવાથી સુકાયેલા અથવા તાપમાં સૂકાવા મૂકેલા અથવા પાકા થયેલા આ માટીના વાસણોને ચોરી લે, છિન્ન-ભિન્ન કરી નાખે, ફોડી નાખે, છીનવી લે, કે ફેંકી દે અથવા તારી ભાર્યા અગ્નિમિત્રા સાથે વિપુલ ભોગોપભોગો ભોગવે તો તું એ પુરુષને શું દંડ આપે?''

'હે ભગવન્! હું તે પુરુષને ઉપાલંભ આપીશ, તેને ફટકારીશ, મારીશ, બાંધી દઈશ, કચડી નાખીશ, તર્જના કરીશ, ચેતવણી આપીશ, તાડન કરીશ, નિર્ભર્ત્સના કરીશ, અથવા અકાળે જ મારી નાખીશ.'' સદ્દાલપુત્રે ઉત્તર આપ્યો.

ત્યારે ભગવાન મહાવીરે કહ્યું, 'હે સદ્દાલ-પુત્ર! ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પૌરુષ, પરાક્રમ નું અસ્તિત્વ નથી, બધા ભાવો નિયત છે એ તારી માન્યતા અનુસાર તો ન કોઈ પુરુષ તારાં હવામાં સૂકવેલાં, પાકાં થયેલાં માટીનાં વાસણો ચોરે છે, છિન્ન-ભિન્ન કરે છે, ફોડે છે, ખૂંચવી લે છે, ફેંકે છે અને ન તો અગ્નિમિત્રા ભાર્યા સાથે વિપુલ કામભોગ ભોગવે છે અને નથી તો તું કોઈ પુરુષને ફટકારી શકતો, મારી શકતો, બાંધી શકતો, કચડી શકતો, તર્જના કરી શકતો કે ધોલ-ધપાટ કરી શકતો. નથી તો ઝપાઝપી કરી શકતો, ન તો તેની ભર્ત્સના કરી શકે છે અને અસમયે તેના પ્રાણ પણ નથી લેતો.

પરંતુ તેનાથી વિપરીત જો કોઈ પુરુષ તારાં હવામાં સૂકવેલાં, પકાવેલાં માટીનાં વાસણો ચોરે છે, છિન્ન-ભિન્ન કરે છે, ફોડે છે, છીનવી લે છે, ફેંકે છે અથવા અગ્નિમિત્રા ભાર્યા સાથે કામભોગો ભોગવે છે અને તું તે પુરુષને ફટકારે છે, મારે છે, બાંધે છે, કચડે છે, ઝપાઝપી કરે છે, સારું-ખરાબ કહે છે અને અકાળે તેના પ્રાણ હરી લે છે-તો પછી તું જે કહે છે કે ઉત્થાન, બળ, વીર્ય પૌરુષ, પરાક્રમનું અસ્તિત્વ નથી, બધા ભાવો નિયત છે-આ કથન મિથ્યા છે.'

આ સાંભળીને સદ્દાલપુત્ર આજીવિકોપાસક સંબુદ્ધ થયો અર્થાત્ સત્ય હકીકત સમજી ગયો.

**સદ્દાલપુત્રની ગૃહિધર્મ-પ્રતિપત્તિ (ગૃહસ્થધર્મ સ્વીકાર)—**

૨૧૨. તદનન્તર સદ્દાલપુત્ર આજીવિકોપાસકે શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને પ્રાર્થના કરી- 'હે ભદન્ત! હું તમારા પાસેથી ધર્મ જાણવા ઈચ્છુ છું.'

ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે સદ્દાલપુત્ર આજીવિકોપાસક અને તે મોટી પરિષદને યાવત્ ધર્મોપદેશ આપ્યો.

ત્યારે શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મ-શ્રવણ કરીને અને ચિંતન કરીને તે આજીવિકો-પાસક સદ્દાલપુત્ર હૃષ્ટ, તુષ્ટ, આનંદિતચિત્ત, પ્રીતિમના, પરમ પ્રસન્ન, હર્ષાતિરેકથી વિકસિત-હૃદય થતો પોતાના સ્થાનેથી ઊભો થઈ શ્રમણ ભગવાન મહાવીરની ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા અને વંદન-નમસ્કાર કર્યા પછી આ નિવેદન કર્યું : 'હે ભદન્ત! હું નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા રાખું છું. હે ભદન્ત! હું નિર્ગ્રન્થ પ્રવચનમાં પ્રતીતિ-વિશ્વાસ રાખું છું. હે ભગવન્! મને નિર્ગ્રન્થ પ્રવચન ગમે છે. હે ભગવન્! હું નિર્ગ્રન્થ પ્રવચનનો આદર કરું છું. હે ભદન્ત! આ આમ જ છે. હે ભગવન્! આ યથાર્થ છે. હે ભગવન્! આ શંકારહિત છે. હે ભદન્ત! આ અસંદિગ્ધ છે. હે ભગવન્! આ અભિપ્સિત છે. હે ભગવન્! આ મને અભિપ્રેત છે-આ ઈષ્ટ છે. હે ભગવન્! આ મને ઈચ્છિત-પ્રતિ-ઈચ્છિત છે. આ તમે પ્રતિપાદિત કરો છો તે પ્રમાણે જ છે. આપ દેવાનુપ્રિય પાસે જે પ્રમાણે ઘણા બધા રાજા, ઈશ્વર, તલવર, માડંબિક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૌટુમ્બિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ આદિ મુંડિત થઈને ગૃહત્યાગ કરીને અનગાર-પ્રવજ્યાથી પ્રવ્રજિત થયા છે, તે પ્રમાણે તો મુંડિત થઈ, ગૃહત્યાગ કરી અનગાર દીક્ષા ગ્રહણ કરવા હું સમર્થ નથી, પરંતુ હું આપ દેવાનુપ્રિય પાસે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકાર કરવા ઈચ્છુ છું.'

'હે દેવાનુપ્રિય! જેમાં તને સુખ મળે તેમ કર, પરંતુ વિલંબ-પ્રમાદ ન કર.' ભગવાને ઉત્તર આપ્યો.

તદનન્તર તે સદ્દાલપુત્ર આજીવિકોપાસકે શ્રમણ ભગવાન મહાવીર પાસેથી પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારના શ્રાવક-ધર્મનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને, જ્યાં પોલાસપુર નગર હતું અને તેમાં જ્યાં તેનું ઘર હતું અને ઘરમાં જ્યાં અગ્નિમિત્રા ભાર્યા હતી ત્યાં ગયો, જઈને અગ્નિમિત્રા ભાર્યાને આ પ્રમાણે કહ્યું. 'હે દેવાનુપ્રિયે! મેં શ્રમણ ભગવાન મહાવીર પાસે ધર્મ સાંભળ્યો. તે ધર્મ મને ઈષ્ટ, અતીવ ઈષ્ટ અને સાચો લાગ્યો. તો તું પણ જા અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર, તેમનો સત્કાર કર, તેમનું સન્માન કર તેમ જ કલ્યાણ-મંગલ-દેવ-જ્ઞાન સ્વરૂપ તેમની પર્યુ-પાસના કર તથા શ્રમણ ભગવાન મહાવીરની પાસે પાંચ અણુવ્રત, સાત શિક્ષા વ્રત રૂપ બાર પ્રકારના શ્રાવક ધર્મનો સ્વીકાર કર.'

ત્યારે તે અગ્નિમિત્રા ભાર્યાએ 'તમે યોગ્ય કહો છો.' કહીને સદ્દાલપુત્ર શ્રમણોપાસકના કથનનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

**અગ્નિમિત્રાનું મહાવીર-વંદનાર્થ ગમન અને ધર્મશ્રવણ—**

૨૧૩. તદનન્તર સદ્દાલપુત્ર શ્રમણોપાસકે કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને કહ્યું, 'હે દેવાનુપ્રિયો! તેજ ચાલવાળા, સમવયસ્ક, એક સરખી ખરી અને પૂંછડીવાળા અને અનેક રંગે રંગેલા સીંગવાળા, ગળામાં સોનાનાં ઘરેણાં અને ધૂંસરી ધારણ કરેલા, ગળામાં લટકતી ચાંદીની ઘંટડીઓવાળા, નાકમાં સોનાના તારથી બનેલી સૂતરની દોરીની નથ સાથે જોડેલી રાસવાળા, નીલકમળના પુષ્પગુચ્છોથી સુશો-ભિત મસ્તકવાળા, યુવાન બળદો દ્વારા ખેંચાતા અનેક પ્રકારના મણિ અને સોનાની ઘંટડીઓથી યુક્ત, ઉત્તમ પ્રકારના કાષ્ઠમાંથી બનેલ સીધા ધૂંસરાવાળા, શ્રેષ્ઠ લક્ષણો અને ગુણોવાળા, ધાર્મિક-અર્થાત્ ધર્મકાર્યોમાં ઉપયોગમાં લેવાતા યાનને સજ્જ કરો, સજ્જ કરીને કાર્ય પૂરું કર્યાની મને સૂચના કરો.' ત્યારે કૌટુમ્બિક પુરુષો સદ્દાલપુત્ર શ્રમણોપાસકની આ આજ્ઞા સાંભળીને હૃષ્ટ, તુષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિમના, પરમ પ્રસન્ન અને હર્ષાતિરેકથી વિકસિત-હૃદય થઈને, બંને હાથ જોડીને માથા ઉપર રાખીને અંજલિ રચીને 'હે સ્વામી! જેવી આજ્ઞા,' એમ વિનયપૂર્વક કહીને આજ્ઞા વચનો સાંભળ્યાં, સાંભળીને તેજ ચાલવાળા સમવયસ્ક બળદોને જોડ્યા યાવત્ શ્રેષ્ઠ ધાર્મિકયાનને ઉપસ્થિત કરી આજ્ઞા પાલનની સૂચના આપી.

તત્પશ્ચાત્ અગ્નિમિત્રા ભાર્યા સ્નાન, બલિકર્મ, કૌતુક મંગલ પ્રાયશ્ચિત કરી સભામાં જવા યોગ્ય, શુદ્ધ માંગલિક, ઉત્તમ વસ્ત્રો પહેરીને મૂલ્યવાન પરંતુ અલ્પ આભૂષણોથી શરીરને અલંકૃત કરીને ચેટીઓ-દાસીઓના સમૂહથી ઘેરાઈને પ્રવર ધાર્મિક યાનમાં બેઠી, બેસીને પોલાસપુર નગરના મધ્યભાગમાંથી નીકળી, નીકળીને સહસ્રામ્રવન ઉદ્યાનમાં આવી, ઉદ્યાનમાં આવીને ધાર્મિક યાનમાંથી નીચે ઊતરી, ઊતરીને દાસીઓની સાથે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા ત્યાં આવી, આવીને ત્રણવાર અદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને અતિ દૂર કે અતિ નજીક નહિ તેવા યોગ્ય સ્થાન પર રહીને ધર્મોપદેશ સાંભળવા માટે ઉત્કંઠિત થઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમન કરતી સન્મુખ વિનયપૂર્વક અંજલિ રચીને ઊભી રહીને પર્યુપાસના કરવા લાગી.

તદનન્તર શ્રમણ ભગવાન મહાવીરે અગ્નિમિત્રા અને તેની મોટી પરિષદને યાવત્ ધર્મોપદેશ આપ્યો.

**અગ્નિમિત્રાની ગૃહીધર્મ-પ્રતિપત્તિ—**

૨૧૪. તદનન્તર અગ્નિમિત્રા ભાર્યા શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ, તુષ્ટ, આનંદિત-ચિત્ત, પ્રીતિમના, પરમ પ્રસન્ન, હર્ષવશ વિકાસમાન-હૃદય થઈને પોતાના સ્થાનેથી ઊઠી, ઊઠીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા અને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે બોલી, 'હે ભદન્ત ! હું નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા રાખું છું યાવત્ એ આ પ્રમાણે જ છે, આપ કહો છો એ પ્રમાણે જ છે. આપ દેવાનુપ્રિય પાસે જેવી રીતે ઘણા બધા ઉગ્ર, ભોગ, રાજન્ય, ક્ષત્રિય, બ્રાહ્મણ, ભટ, યોદ્ધા, પ્રશાસ્તા-શાસન કરનારા અધિકારીઓ, મલ્લકિ-મલ્લગણ રાજ્યના નિવાસી, લિચ્છવિ-લિચ્છવિ રાજ્યના નાગરિક તથા અન્ય ઘણા બધા રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુમ્બિક, ઈભ્ય, શેઠ, સેનાપતિ, સાર્થવાહ આદિ મુંડિત થઈને ગૃહ-ત્યાગ કરીને અનગાર ધર્મમાં પ્રવ્રજિત થયા છે, તે પ્રમાણે તો મુંડિત થઈને ગૃહત્યાગ કરીને હું આપ દેવાનુપ્રિય પાસેથી અનગાર ધર્મમાં દીક્ષિત થવા સમર્થ નથી, પરંતુ હું આપ દેવાનુપ્રિય પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષા વ્રતરૂપી બાર પ્રકારના ગૃહીધર્મનો સ્વીકાર કરવા ઈચ્છું છું.'

અગ્નિમિત્રાના નિવેદન પછી ભગવાને કહ્યું-'દેવાનુપ્રિયે ! જેમાં તને સુખ ઊપજે તે કર, પરંતુ વિલંબ ન કર.'

તત્પશ્ચાત્ અગ્નિમિત્રા ભાર્યાએ શ્રમણ ભગવાન મહાવીર પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારનો ગૃહીધર્મ અંગીકાર કર્યો, કરીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને ઉત્તમ ધાર્મિક રથ પર સવાર થઈ અને સવાર થઈને જે દિશામાંથી આવી હતી તે જ દિશામાં પાછી ફરી.

**ભગવાનનો જનપદ વિહાર—**

૨૧૫. તત્પશ્ચાત્ કોઈ એક દિવસ શ્રમણ ભગવાન મહાવીરે પોલાસપુર નગર અને સહસ્રામ્રવન ઉદ્યાનમાંથી પ્રસ્થાન કર્યું અને પ્રસ્થાન કરી બહારનાં જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

**સદ્દાલપુત્રની શ્રમણોપાસક ચર્યા—**

૨૧૬. તદનન્તર તે સદ્દાલપુત્ર જીવ અજીવ આદિ તત્ત્વોનો જ્ઞાતા શ્રમણોપાસક બની ગયો યાવત્ શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાશુક, એષણીય, અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય આહાર, વસ્ત્ર, પ્રતિગ્રહ, કંબલ, રજોહરણ, ઔષધિ, ભૈષજ તેમ જ પ્રાતિહારિક, પીઠ, ફલક, શૈયા, સંસ્તારકથી પ્રતિલાભિત કરતો પોતાનું જીવન વ્યતીત કરવા લાગ્યો.

**અગ્નિમિત્રાની શ્રમણોપાસિકા ચર્યા—**

૨૧૭. ત્યાર પછી તે અગ્નિમિત્રા ભાર્યા શ્રમણોપાસિકા બની ગઈ જે જીવ-અજીવ આદિ તત્ત્વોની જ્ઞાતા બનીને યાવત્ શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાશુક, એષણીય, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન, વસ્ત્ર, પ્રતિગ્રહ, પાત્ર, કંબલ, પાદપ્રોંચ્છન, ઔષધિ, ભૈષજ, પ્રાતિહારિક પીઠ, ફલક, શૈયા, સંસ્તારકથી પ્રતિલાભિત કરતી વિચરવા લાગી.

**ગોશાલકનું આગમન—**

૨૧૮. તદનન્તર ગોશાલ મંખલિપુત્રે આ સમાચાર સાંભળ્યા કે 'સદ્દાલપુત્ર આજીવિક સિદ્ધાંતો છોડીને શ્રમણ નિર્ગ્રન્થોના સિદ્ધાંતનો અનુયાયી બની ગયો છે' ત્યારે તેણે વિચાર કર્યો કે-હું જાઉં અને સદ્દાલપુત્ર આજીવિકોપાસકની શ્રમણ નિર્ગ્રન્થોની માન્યતા છોડાવીને ફરીથી આજીવિક સિદ્ધાંતમાં સ્થાપિત કરું.' આવો વિચાર કરીને આજીવિક સંઘને સાથે લઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં પોલાસપુર નગર હતું, તેમાં જ્યાં આજીવિક સભા હતી, ત્યાં તે આવ્યો, આવીને પાત્ર-ઉપકરણ આદિ રાખ્યા અને પછી કેટલાક આજીવિકોને સાથે લઈને જ્યાં સદ્દાલપુત્ર શ્રમણોપાસક હતો, ત્યાં આવ્યો.

ત્યારે સદ્દાલપુત્ર શ્રમણોપાસકે ગોશાલ મંખલિપુત્રને આવતો જોયો, જોઈને ન તેનો આદર કર્યો અને ન તો તેને ઓળખ્યો અર્થાત્ તેને જોવા નજર પણ ન ફેરવી, પરંતુ આદર ન કરતાં અપરિચિતની જેમ ઉપેક્ષાપૂર્વક ચૂપચાપ બેસી રહ્યો.

**ગોશાલ દ્વારા મહાવીરનાં ગુણગાન—**

૨૧૯. તદનન્તર ગોશાલ મંખલિપુત્રે સદ્દાલપુત્ર શ્રમણોપાસક દ્વારા આ પ્રમાણે અનાદર અને ઉપેક્ષા કરાતી જોઈને પીઠ, ફલક, શૈયા, સંસ્તારક આદિ પ્રાપ્ત કરવાના હેતુથી શ્રમણ ભગવાન મહાવીરના ગુણ-કીર્તન કરતાં કહ્યું, 'હે દેવાનુપ્રિય! શું મહામાહણ અહીં પધાર્યા છે?'

તે પછી સદ્દાલપુત્ર શ્રમણોપાસકે ગોશાલ મંખલિપુત્રને પૂછ્યું, 'હે દેવાનુપ્રિય! મહામાહણ કોણ છે?'

ત્યારે ગોશાલ મંખલિપુત્રે સદ્દાલપુત્ર શ્રમણોપાસકને જવાબ આપ્યો – 'શ્રમણ ભગવાન મહાવીર મહામાહણ છે.'

'હે દેવાનુપ્રિય! તમે કયા આધારે કહો છો કે શ્રમણ ભગવાન મહાવીર મહામાહણ છે?' –સદ્દાલપુત્રે પૂછ્યું.

ગોશાલ મંખલિપુત્રે કહ્યું – 'હે સદ્દાલપુત્ર! શ્રમણ ભગાન મહાવીર મહામાહણ છે, કેમ કે તેઓ અપ્રતિહત જ્ઞાન-દર્શન ધારણ કરનાર, અર્હંત, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રણે લોકો દ્વારા સેવિત, પ્રતિષ્ઠિત, પૂજિત તેમ જ દેવ, મનુષ્ય, અસુરલોક (ઊર્ધ્વ, મધ્ય અને અધોલોક) દ્વારા અર્ચનીય, પૂજનીય, વંદનીય, નમસ્કરણીય, સત્કારણીય, સંમાનનીય છે તથા કલ્યાણ, મંગલ, દેવ, જ્ઞાનરૂપ હોવાથી પર્યુપાસના કરવા યોગ્ય છે, સત્કર્મ સંપત્તિથી યુક્ત છે. તેથી હે દેવાનુપ્રિય! હું કહું છું કે શ્રમણ ભગવાન મહાવીર મહામાહણ છે.'

ગોશાલ મંખલિપુત્રે ફરીથી કહ્યું – 'હે દેવાનુપ્રિય! શું અહીંયાં મહાગોપ આવ્યા છે?'

સદ્દાલપુત્ર – 'હે દેવાનુપ્રિય! મહાગોપ કોણ છે?'

ગોશાલ મંખલિપુત્ર – 'શ્રમણ ભગવાન મહાવીર મહાગોપ છે.'

સદ્દાલપુત્ર–'હે દેવાનુપ્રિય! તમે કયા કારણથી કહો છો કે શ્રમણ ભગવાન મહાવીર મહાગોપ છે?'

ગોશાલ મંખલિપુત્ર–'હે દેવાનુપ્રિય! શ્રમણ ભગવાન મહાવીર મહાગોપ છે, કારણ કે આ સંસારરૂપી ભયાનક વનમાં અનેક જીવોનો નાશ થાય છે, અનેક જીવો સન્માર્ગથી ચ્યુત થાય છે, નષ્ટ થાય છે, પ્રતિક્ષણે મરણ પામી રહ્યા છે, બીજા દ્વારા તેમનું ભક્ષણ થઈ રહ્યું છે, મરી રહ્યા છે–મનુષ્ય આદિ દ્વારા તલવાર આદિથી કપાઈ રહ્યા છે, તેમનું ભેદન થઈ રહ્યું છે–ભાલા આદિથી વીંધાઈ રહ્યા છે, તેમને વિકલાંગ બનાવવામાં આવે છે, ઘાયલ કરવામાં આવી રહ્યા છે. તેમનું ધર્મરૂપી દંડ દ્વારા ભગવાન રક્ષણ કરે છે, સંગોપન કરે છે, તેમને મોક્ષરૂપી મહાસુખકારી ક્ષેત્રમાં પહોંચાડે છે. તેથી હે સદ્દાલપુત્ર! હું શ્રમણ ભગવાનને મહાગોપ કહું છું.'

ગોશાલ મંખલિપુત્ર– 'હે દેવાનુપ્રિય! શું અહીં મહાસાર્થવાહ પધાર્યા છે?'

સદ્દાલપુત્ર– 'હે દેવાનુપ્રિય! તમે મહાસાર્થવાહ કોને કહો છો?'

ગોશાલ મંખલિપુત્ર – 'હે સદ્દાલપુત્ર! શ્રમણ ભગવાન મહાવીર મહાસાર્થવાહ છે.'

સદ્દાલપુત્ર–'હે દેવાનુપ્રિય! તમે કયા કારણે કહો છો કે શ્રમણ ભગવાન મહાવીર મહાસાર્થવાહ છે?'

ગોશાલ મંખલિપુત્ર–'હે દેવાનુપ્રિય! વાત એમ છે કે શ્રમણ ભગવાન મહાવીર, સંસારરૂપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અટવીમાં જે ઘણા જીવો નાશ પામી રહ્યા છે, વિનષ્ટ થઈ રહ્યા છે, તેમનું ભક્ષણ થઈ રહ્યું છે, ભેદાઈ રહ્યા છે, લોપાઈ રહ્યા છે, વિલુપ્ત થઈ રહ્યા છે અને ઉન્મર્ગગામી છે; તેમની ધર્મરૂપી માર્ગ દ્વારા રક્ષા કરે છે અને મોક્ષરૂપી મહાનગર તરફ ઉન્મુખ કરી સહારો આપી ત્યાં પહોંચાડે છે. તેથી હે સદ્દાલપુત્ર ! હું કહું છું કે શ્રમણ ભગવાન મહાવીર મહાસાર્થવાહ છે.'

ગોશાલ મંખલિપુત્ર-' હે દેવાનુપ્રિય ! શું અહીં મહાધર્મકથી આવ્યા છે?

સદ્દાલપુત્ર- ' હે દેવાનુપ્રિય ! તમે મહાધર્મકથી કોને કહો છો?'

ગોશાલ મંખલિપુત્ર-' શ્રમણ ભગવાન મહાવીર મહાધર્મકથી છે.'

સદ્દાલપુત્ર - ' હે દેવાનુપ્રિય ! તમે કયા કારણથી કહો છો કે શ્રમણ ભગવાન મહાવીર મહાધર્મકથી છે.'

ગોશાલ મંખલિપુત્ર-' હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવાન મહાવીર આ વિશાળ સંસારમાં નાશવંત, વિનાશવંત, ખાદ્યમાન, છિદ્યમાન, ભિદ્યમાન, લુપ્યમાન, વિલુપ્યમાન, ઉન્માર્ગગામી, સત્પથથી ભ્રષ્ટ, મિથ્યાત્વથી ગ્રસ્ત, આઠ પ્રકારના કર્મરૂપી અંધકારના પડદાથી ઢંકાયેલા અનેક પ્રાણીઓને, અનેક પ્રકારની યુક્તિ, પ્રશ્નો, કારણો, વ્યાખ્યાઓ દ્વારા નિરુત્તર કરી દે છે અને ચતુર્ગતિવાળી સંસારરૂપી અટવીમાંથી સહારો આપી બહાર કાઢે છે. આ અભિપ્રાયથી હે દેવાનુપ્રિય ! હું કહું છું કે શ્રમણ ભગવાન મહાવીર મહાધર્મકથી છે.'

ગોશાલ મંખલિપુત્ર- ' હે દેવાનુપ્રિય ! શું અહીં મહાનિર્યામક આવ્યા છે?'

સદ્દાલપુત્ર-' હે દેવાનુપ્રિય ! મહાનિર્યામક કોણ છે ?'

ગોશાલ મંખલિપુત્ર - ' શ્રમણ ભગવાન મહાવીર મહાનિર્યામક છે. '

સદ્દાલપુત્ર-' હે દેવાનુપ્રિય ! તમે ક્યાં કારણોસર કહો છો કે શ્રમણ ભગવાન મહાવીર મહાનિર્યામક છે ? '

ગોશાલ મંખલિપુત્ર- ' હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે શ્રમણ ભગવાન મહાવીર સંસારરૂપી સમુદ્રમાં નાશ પામી રહેલા, વિનાશ પામી રહેલા, ડૂબી રહેલા, ગોથાં ખાઈ રહેલા, વહી જતા, લુપ્ત થઈ રહેલા, વિલુપ્ત થઈ રહેલા, છિન્ન થઈ રહેલા, ભિન્ન થઈ રહેલા, ઘણા બધા પ્રાણીઓને ધર્મરૂપી નૌકામાં સહારો આપી મોક્ષરૂપી કિનારા પર લાવે છે. તેથી હે દેવાનુપ્રિય ! હું કહું છું કે શ્રમણ ભગવાન મહાવીર મહાનિર્યામક-કર્ણધાર-સુકાની છે.'

**મહાવીર સાથે વિવાદ કરવામાં ગોશાલનું અસામર્થ્ય તેમ જ પ્રતિગમન—**

૨૨૦. તદનન્તર સદ્દાલપુત્ર શ્રમણોપાસકે ગોશાલ મંખલિપુત્રને કહ્યું-' હે દેવાનુપ્રિય ! તમે તો છેક-ચતુર, અવસરને ઓળખનાર, દક્ષ, પ્રષ્ઠ, વાક્ચતુર-બોલવામાં હોશિયાર, નિપુણ, નયવાદી-નીતિજ્ઞ, ઉપદેશલબ્ધ-આપ્તજનો પાસેથી શિક્ષા પામેલા, વિજ્ઞાન-પ્રાપ્ત, વિશેષ બોધયુક્ત છો. તો શું તમે મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર સાથે વિવાદ-તત્ત્વચર્ચા કરવામાં સમર્થ છો ? '

ગોશાલ મંખલિપુત્ર-' ના, એ સંભવ નથી.'

સદ્દાલપુત્ર-' હે દેવાનુપ્રિય ! તમે કયા કારણસર કહો છો કે તમે મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર સાથે વિવાદ કરવામાં સમર્થ નથી ? '

મંખલિપુત્ર ગોશાલ-' હે સદ્દાલપુત્ર ! જેવી રીતે કોઈ તરુણ, આત્મિક અને શારીરિક શક્તિ સંપન્ન, બળવાન, નિરોગી, પરિપુષ્ટ હાથ-પગવાળો, પીઠ, પાંસળીઓ, જંઘા વગેરે સુગઠિત અંગોવાળો, અત્યન્ત સઘન, ગોળાકાર ખભાવાળો, લંઘન-લાંબું કૂદવામાં, પ્લવન-ઊંચું કૂદવામાં, ગમન, ગોળ ગોળ ફરવામાં સમર્થ અથવા વેગપૂર્વક શીઘ્રતાથી કરવામાં આવતા વ્યાયામો કરવામાં સક્ષમ, ચર્મેષ્ટક-ઈંટ પથ્થરના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટુકડાઓથી ભરેલી. ચામડાની થેલી, મુદ્‌ગર, મુઠ્ઠી આદિના પ્રહારોથી સશક્ત બનાવેલા શરીરવાળો, આંતરિક ઉત્સાહ અને શક્તિ યુક્ત, સહોત્પન્ન તાડનાં બે વૃક્ષો જેવી સુદૃઢ તેમ જ દીર્ઘ ભુજાઓવાળો, છેક, દક્ષ, નિષ્ણાત, નિપુણ, શિલ્પોપગત-પોતાના કાર્યમાં પ્રવીણ-એવો કોઈ પુરુષ, મોટા બકરાને, દેડકાને, સુવરને, મુર્ગીને, તેતરને, લક્કડખોદને, કબૂતરને, બપૈયાને, કાગડાને, ચીલને કે બાજને હાથ-પંજા, પગ, ખરી, પૂંછડી, પીઠ, સીંગ-શીંગડા, વાળ આદિ જ્યાં ક્યાંયથી પણ પકડી લે છે તો તેને તરત જ નિશ્ચલ, નિષ્પંદ–હલનચલન રહિત કરી દે છે. આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર મને ઘણા બધા અર્થો, હેતુઓ, પ્રશ્નો, કારણો અને વ્યાખ્યા–વિશ્લેષણો દ્વારા જ્યાં ક્યાંયથી પણ પકડી લેશે તો મને નિરુત્તર કરી દેશે. તેથી હે સદ્દાલપુત્ર! હું એમ કહું છું કે તારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર સાથે વિવાદ–તત્ત્વચર્ચા કરવામાં હું સમર્થ નથી.'

ત્યારે તે સદ્દાલપુત્ર શ્રમણોપાસકે ગોશાલ મંખલિપુત્રને કહ્યું–' હે દેવાનુપ્રિય ! તમે મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીરનું સત્ય, યથાર્થ, સદ્‌ભૂત ભાવો દ્વારા ગુણ–કીર્તન કરી રહ્યા છો, તેથી હું આપને પ્રાતિહારિક, પીઠ, ફલક, શૈયા, સંસ્તારક માટે આમંત્રિત કરું છું, પરંતુ તમારા ધર્મ અને તપને માનીને નહીં. તો તમે મારા કુંભાકારાપણ–વાસણોની કર્મશાળામાંથી પ્રાતિહારિક, પીઠ, ફલક, શૈયા, સંસ્તારક ગ્રહણ કરીને વિચરણ કરો-નિવાસ કરો.'

તદનન્તર ગોશાલ મંખલિપુત્રે સદ્દાલપુત્ર શ્રમણોપાસકના આ કથનને સાંભળ્યું, અને સાંભળીને પ્રાતિહારિક પીઠ, ફલક, શૈયા, સંસ્તારક લઈને વિચરવા લાગ્યો.

તદનન્તર ગોશાલ મંખલિપુત્ર સદ્દાલપુત્ર શ્રમણોપાસકને અનેક પ્રકારના આખ્યાપનો–સામાન્ય કથનો, પ્રજ્ઞાપનાઓ–વિવિધ પ્રરૂપણાઓ, સંજ્ઞાપનાઓ–પ્રતિબોધો અને વિજ્ઞાપનાઓ–અનુનય-વિનયયુક્ત વચનો દ્વારા નિર્ગ્રન્થ પ્રવચનમાંથી વિચલિત, ક્ષુભિત અને વિપરિણમિત–વિરુદ્ધ ન કરી શક્યો ત્યારે શ્રાંત, કલાન્ત, ખિન્ન અને અત્યંત દુ:ખી થઈને પોલાસપુર નગરની બહાર નીકળ્યો અને બહાર નીકળીને બાહ્ય જનપદોમાં વિહાર કરવા લાગ્યો.

**સદ્દાલપુત્રની ધર્મજાગરિકા—**

૨૨૧. તદનન્તર ઘણાં બધાં શીલવ્રતો, ગુણવ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસો દ્વારા આત્માને ભાવિત કરતા તે સદ્દાલપુત્ર શ્રમણોપાસકનાં ચૌદ વર્ષ પસાર થઈ ગયાં, અને પંદરમું વર્ષ ચાલી રહ્યું હતું ત્યારે કોઈ એક સમયે મધ્યરાત્રિના સમયે ધર્મજાગરણા–તત્વચિંતન કરતાં આ પ્રમાણેનો આંતરિક, ચિંતિત, પ્રાર્થિત, માનસિક વિચાર ઉત્પન્ન થયો કે, પોલાસપુર નગરમાં ઘણા બધા લોકો યાવત્ પોતાનાં કાર્યો માટે મારી સલાહ લે છે, મારી સાથે પરામર્શ કરે છે તથા મારા કુટુંબમાં પણ હું આધારસ્તંભ જેવો છું અને બધાં કાર્યોનો પ્રેરક છું. તેથી આ વિક્ષેપ-અડચણને કારણે શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ગ્રહણ કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને સમય વ્યતીત કરવા સક્ષમ-ઉન્મુખ–અગ્રેસર નથી થઈ શકતો.'

તદનન્તર તે સદ્દાલપુત્ર શ્રમણોપાસકે પોતાના જ્યેષ્ઠપુત્ર, મિત્રો, જ્ઞાતિ-બંધુઓ, સ્વજનો, સંબંધીઓ અને પરિચિત જનોને કહ્યું–અનુમતિ માગી, અનુમતિ લઈને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને પોલાસપુરનગરના મધ્યભાગમાંથી ચાલતો ચાલતો જ્યાં પૌષધશાળા હતી ત્યાં ગયો, ત્યાં જઈને પૌષધશાળાનું પ્રમાર્જન કર્યું, ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને દર્ભનું આસન પાથર્યું, પાથરીને તે ઘાસના આસન પર બેઠો અને પૌષધશાળામાં પૌષધિક બનીને-પૌષધવ્રત ગ્રહણ કરી બ્રહ્મચર્યપૂર્વક મણિ-સુવર્ણ આદિનાં આસન છોડીને, પુષ્પમાળાઓ, વર્ણકશૃંગારનાં સાધનો અને વિલેપનો–કેશર આદિનો ત્યાગ કરી અને મૂસલ આદિ શસ્ત્રો એક બાજુ મૂકીને, એકાકી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અદ્વિતીય થઈને, દર્ભસંસ્તારક ઉપર બેસીને શ્રમણ ભગવાન મહાવીર પાસેથી પ્રાપ્ત કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિચરવા લાગ્યો.

**સદ્દાલપુત્ર દ્વારા દેવરૂપ કૃત નિજ જ્યેષ્ઠ પુત્ર મારણરૂપ ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરવો—**

૨૨૨. તદનન્તર મધ્યરાત્રિના સમયે તે સદ્દાલપુત્ર શ્રમણોપાસક સન્મુખ એક દેવ પ્રગટ થયો.

તે દેવે નીલકમલ, ભેંસના શીંગડા, અળસીના પુષ્પ જેવી નીલ પ્રભા અને તીક્ષ્ણ ધારવાળી એક મોટી તલવાર હાથમાં રાખીને સદ્દાલપુત્ર શ્રમણોપાસકને કહ્યું–'ઓ રે સદ્દાલપુત્ર શ્રમણોપાસક! અપ્રાર્થિત–મરણની પ્રાર્થના કરનાર! દુઃખદ અંત અને અશુભ લક્ષણોવાળા! હીનપુણ્ય ચતુર્દશીએ જન્મનારા! શ્રી–હ્રી (લજ્જા) – ધૃતિ (ધૈર્ય) – કીર્તિરહિત! ધર્મની કામના કરનાર! પુણ્યની કામના કરનાર! સ્વર્ગની કામના કરનાર! મોક્ષની કામના કરનાર! ધર્માકાંક્ષી, પુણ્યાકાંક્ષી, મોક્ષાકાંક્ષી! ધર્મપિપાસુ! પુણ્યપિપાસુ! સ્વર્ગપિપાસુ! મોક્ષપિપાસુ! દેવાનુપ્રિય! જોકે તને શીલ, વ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસથી વિચલિત, ક્ષુભિત થવું, તેને ખંડિત કરવા, ભગ્ન કરવા, તેનો ત્યાગ કરવો, પરિત્યાગ કરવો તે કલ્પતું નથી, પરંતુ આજે તું જો શીલ યાવત્ પૌષધોપવાસ નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવીશ, લાવીને તારી સામે મારી નાખીશ, મારીને તેના શરીરના નવ ટુકડા કરીશ, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળીશ, તળીને માંસ અને લોહીથી તારા શરીરને ખરડી નાખીશ, જેથી તું વિકટ આર્તધ્યાન અને દુઃખથી પીડિત થઈને અકાળે જ જીવન-રહિત થઈ જઈશ–પ્રાણ ખોઈ નાખીશ.'

દેવની આ વાત સાંભળીને સદ્દાલપુત્ર શ્રમણોપાસક ભયભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન, ક્ષુભિત કે વિચલિત થયો નહીં, ગભરાયો નહીં, પરંતુ શાંતભાવે ધર્મધ્યાનમાં સ્થિર રહ્યો.

તદનન્તર તે દેવે સદ્દાલપુત્ર શ્રમણોપાસકને ભયભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન, ક્ષુભિત, ચલિત અને વ્યાકુળ ન જોયો પરંતુ શાંતભાવે ધર્મધ્યાનમાં રત જોયો. તે જોઈને બીજીવાર અને ત્રીજીવાર પણ સદ્દાલપુત્ર શ્રમણોપાસકને આ ધમકી આપી કે 'ઓ રે સદ્દાલપુત્ર શ્રમણોપાસક! યાવત્ જો તું આજે શીલવ્રત યાવત્ પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવીશ યાવત્ અકાળે તું તારો જીવ ખોઈશ.'

ત્યાર પછી પણ તે સદ્દાલપુત્ર શ્રમણોપાસક દેવ દ્વારા બીજી અને ત્રીજીવાર આપવામાં આવેલી ધમકી સાંભળીને નિર્ભય યાવત્ ધર્મ-સાધનામાં રત રહ્યો.

તદનન્તર તે દેવે સદ્દાલપુત્ર શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મસાધનામાં રત જોયો, જોઈને ક્રોધિત, રુષ્ટ, કોપિત, ચંડિકાવત્ વિકરાળ સ્વરૂપ ધારણ કરીને અને દાંત કચકચાવતો સદ્દાલપુત્ર શ્રમણોપાસકના જ્યેષ્ઠ પુત્રને તેના ઘરેથી લઈ આવ્યો, લાવીને તેની સામે મારી નાખ્યો, મારીને તેના શરીરના નવ ટુકડા કર્યા, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, અને તળીને સદ્દાલપુત્ર શ્રમણોપાસકના શરીરને માંસ અને લોહીથી ખરડ્યું.

ત્યારે પણ તે સદ્દાલપુત્ર શ્રમણોપાસકે તે તીવ્ર, વિકટ, કઠોર, પ્રગાઢ, પ્રચંડ, દુઃખદ, અસહનીય વેદનાને ક્ષમા, તિતિક્ષા અને સહિષ્ણુતાપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી.

**સદ્દાલપુત્ર દ્વારા દેવકૃત નિજ મધ્યમપુત્રના મારણ-રૂપ ઉપસર્ગ સમભાવપૂર્વક સહન કરવો—**

૨૨૩. ત્યાર બાદ તે દેવે સદ્દાલપુત્ર શ્રમણોપાસકને અભય યાવત્ સાધનારત જોયો, સદ્દાલપુત્ર શ્રમણોપાસકને અભય યાવત્ સાધનારત જોઈને સદ્દાલપુત્ર શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું–' ઓ રે શ્રમણોપાસક સદ્દાલપુત્ર! યાવત્ જો તું આજે શીલ યાવત્ પૌષધોપવાસો નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા મધ્યમપુત્રને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘરેથી લઈ આવીશ, લાવીને તારી સામે જ તેનો વધ કરીશ યાવત્ જીવનરહિત થઈ જઈશ.'

તે દેવ દ્વારા આ પ્રમાણે કહેવાયા છતાં પણ સદ્દાલપુત્ર શ્રમણોપાસક અભય યાવત્ ધર્મ-ધ્યાનમાં રત રહ્યો.

તદનન્તર તે દેવે સદ્દાલપુત્ર શ્રમણોપાસકને નિર્ભય યાવત્ સાધનારત જોયો, જોઈને બીજી અને ત્રીજીવાર પણ સદ્દાલપુત્ર શ્રમણોપાસકને ધમકી આપી, 'ઓ રે શ્રમણોપાસક સદ્દાલપુત્ર! યાવત્ જો તું આજે શીલાદિ યાવત્ પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા વચેટ પુત્રને ઘરેથી લઈ આવીશ, લાવીને તારી સામે મારી નાખીશ યાવત્ જીવન ખોઈ બેસીશ.'

તે દેવ દ્વારા બીજી અને ત્રીજી વાર પણ આ પ્રમાણે કહેવાયાં છતાં પણ તે સદ્દાલપુત્ર શ્રમણોપાસક અભય યાવત્ ધર્મધ્યાનમાં રત રહ્યો.

તદનન્તર તે દેવે સદ્દાલપુત્ર શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મ ધ્યાનમાં મગ્ન જોયો, જોઈને ક્રોધિત, રુષ્ટ, કોપિત, વિકરાળ સ્વરૂપ ધારણ કરીને દાંત કચકચાવતો તે સદ્દાલપુત્ર શ્રમણોપાસકના વચેટ પુત્રને ઘરેથી લઈ આવ્યો, લાવીને તેની સામે માર્યો, મારીને તેના શરીરના નવ કટકા કર્યા, કટકા કરીને પછી તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને સદ્દાલપુત્ર શ્રમણો-પાસકના શરીરને લોહી અને માંસથી ખરડ્યું.

તદનન્તર તે સદ્દાલપુત્ર શ્રમણોપાસકે તે તીવ્ર યાવત્ અસીમ વેદના સમભાવપૂર્વક ક્ષમા, તિતિક્ષાપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી.

**સદ્દાલપુત્ર દ્વારા દેવકૃત નિજ કનિષ્ઠપુત્રના મારણ-રૂપ ઉપસર્ગ સમભાવપૂર્વક સહન કરવો—**

૨૨૪. તે પછી પણ તે દેવે સદ્દાલપુત્ર શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મસાધનામાં રત જોયો, જોઈને બીજી અને ત્રીજી વાર પણ ચેતવણી આપી કે 'ઓ રે સદ્દાલપુત્ર શ્રમણોપાસક! યાવત્ જો તું આજે શીલાદિ યાવત્ પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા કનિષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવીશ, લાવીને તારી સામે મારી નાખીશ યાવત્ જીવનરહિત થઈ જઈશ.'

તે દેવની એ ચેતવણી સાંભળીને પણ સદ્દાલ-પુત્ર શ્રમણોપાસક અભય યાવત્ ધર્મધ્યાનમાં રત રહ્યો.

તદનન્તર તે દેવે શ્રમણોપાસક સદ્દાલપુત્રને અભય યાવત્ ધર્મસાધનામાં રત જોયો, જોઈને બીજી, ત્રીજીવાર પણ ચેતવણી આપી કે 'ઓ રે સદ્દાલપુત્ર શ્રમણોપાસક! યાવત્ જો તું આજે શીલાદિ યાવત્ પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા કનિષ્ઠપુત્રને ઘરેથી લઈ આવીશ, લાવી તારીને સામે મારી નાખીશ યાવત્ જીવનરહિત થઈ જઈશ.'

બીજી, ત્રીજી વાર પણ દેવ દ્વારા આપવામાં આવેલી આ ધમકીને સાંભળીને તે સદ્દાલપુત્ર શ્રમણોપાસક નિર્ભય યાવત્ ઉપાસનામાં મગ્ન રહ્યો.

તદનન્તર તે દેવે સદ્દાલપુત્ર શ્રમણોપાસકને અભય યાવત્ સાધનારત જોયો, જોઈને ક્રોધિત, રુષ્ટ, કોપિત, વિકરાળ સ્વરૂપ ધારણ કરીને દાંત કચકચાવતા સદ્દાલપુત્ર શ્રમણોપાસકના કનિષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવ્યો, લાવીને તેની સામે મારી નાખ્યો, મારીને તેના શરીરના નવ કટકા કર્યા, પછી તેલ ભરેલી કડાઈમાં તળ્યા અને તળીને માંસ અને લોહીથી તેના શરીરને ખરડ્યું.

ત્યારે તે સદ્દાલપુત્ર શ્રમણોપાસકે તે તીવ્ર યાવત્ વેદનાને સહિષ્ણુતા, ક્ષમા, તિતિક્ષાપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી.

**સદ્દાલપુત્ર દ્વારા દેવ કથિત નિજ ભાર્યા મારણરૂપ ઉપસર્ગ સહન ન થતાં કોલાહલ કરવો અને માયા વિકુર્વિત દેવનું આકાશમાં ઊડવું—**

૨૨૫. ત્યાર પછી તે દેવે સદ્દાલપુત્ર શ્રમણોપાસકને અભય યાવત્ સાધનારત જોયો, જોઈને ચોથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાર સદ્દાલપુત્ર શ્રમણોપાસકને કહ્યું—ઓ રે સદ્દાલપુત્ર શ્રમણોપાસક ! યાવત્ જો તું આજે શીલાદિ યાવત્ પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારી ધર્મસહાયિકા-ધર્મવૈદ્યા (ધર્મમાં આવેલી શિથિલતા આદિ જેવા રોગો દૂર કરી ધાર્મિક સ્વાસ્થ્ય પ્રદાન કરવામાં વૈદ જેવી), ધર્માનુરક્તા—ધર્મ પ્રત્યેના અનુરાગમાં રંગાયેલી, સમ-સુખ-દુ:ખ-સહાયિકા—સમાન રીતે તારા સુખ-દુ:ખમાં સહાય થનારી અગ્નિમિત્રા ભાર્યાને ઘરેથી લઈ આવીશ, લાવીને તારી સામે તેનો વધ કરીશ યાવત્ તારો જીવ ખોઈ નાખીશ.

દેવની આ ધમકી સાંભળીને પણ સદ્દાલપુત્ર શ્રમણોપાસક અભય યાવત્ ધર્મ-સાધનામાં રત રહ્યો.

ત્યાર પછી પણ તે દેવે જ્યારે સદ્દાલપુત્ર શ્રમણોપાસકને અભય યાવત્ સાધના રત જોયો, તો તે જોઈને બીજી અને ત્રીજી વાર ફરીથી સદ્દાલપુત્ર શ્રમણોપાસકને એવી ચેતવણી આપી કે 'હે સદ્દાલપુત્ર શ્રમણોપાસક ! યાવત્ જો તું આજે શીલાદિ યાવત્ પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારી ધર્મ-સહાયિકા, ધર્મવૈદ્યા, ધર્માનુરાગરક્તા, સમ-સુખ-દુ:ખ-સહાયિકા, અગ્નિમિત્રા ભાર્યાને ઘરેથી ઉપાડી લાવીશ, લાવીને તારી સામે મારી નાખીશ યાવત્ તું જીવન રહિત થઈ જઈશ.'

તદનન્તર બીજી, ત્રીજી વાર પણ દેવ દ્વારા આપવામાં આવેલી આ ચેતવણી સાંભળીને તે સદ્દાલપુત્ર શ્રમણોપાસકને આવો આંતરિક, ચિંતિત, પ્રાર્થિત, માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે 'અહો આ પુરુષ અધમ, નીચ વિચાર-વાળો અને અધમ પાપકર્મો કરનાર છે જે પહેલાં તો મારા જ્યેષ્ઠ પુત્રને, ત્યાર બાદ મધ્યમ પુત્રને અને તદનન્તર કનિષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવ્યો, લાવીને મારી સામે તેમનો વધ કર્યો, વધ કરીને તેમના શરીરના નવ કટકા કર્યા અને પછી તેને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને મારા શરીરને તેમના લોહી અને માંસથી ખરડયું અને હવે આ મારી ધર્મસહાયક, ધર્મ-વૈદ્ય, ધર્માનુરાગરક્તા, સમ-સુખ-દુ:ખ-સહાયક એવી અગ્નિમિત્રા ભાર્યાને પણ ઘરેથી ઉપાડી લાવી મારી સામે મારી નાખવા ઈચ્છે છે. તો મારા માટે યોગ્ય છે કે હું આ પુરુષને પકડી લઉં.' એમ વિચાર કરીને પકડવા માટે પોતાના આસન પરથી ઊઠયો, પરંતુ તે દેવ તો આકાશમાં ઊડી ગયો અને સદ્દાલપુત્ર શ્રમણો-પાસકના હાથમાં થાંભલો પકડાઈ ગયો તેથી તે જોર જોરથી કોલાહલ કરવા—બૂમો પાડવા લાગ્યો.

### અગ્નિમિત્રાનો પ્રશ્ન—

૨૨૬. તદનન્તર અગ્નિમિત્રા ભાર્યા તે કોલાહલ સાંભળીને અને વિચાર કરીને સદ્દાલપુત્ર શ્રમણો-પાસક પાસે આવી અને આવીને સદ્દાલપુત્ર શ્રમણોપાસકને પૂછયું, 'હે દેવાનુપ્રિય ! તમે મોટે–મોટેથી બૂમો કેમ પાડી ?'

### સદ્દાલપુત્રનો ઉત્તર—

૨૨૭. ત્યારે સદ્દાલપુત્ર શ્રમણોપાસકે અગ્નિમિત્રા ભાર્યાને ઉત્તર આપ્યો—'હે દેવાનુપ્રિયે ! વાત એમ છે કે હું જાણતો નથી એવા કોઈ એક પુરુષે ક્રોધિત, રુષ્ટ, કોપિત અને ચંડિકાવત્ સ્વરૂપ ધારણ કરી દાંત કચકચાવતા, નીલકમલ, ભેંસના શીંગડા અને અળસીના ફૂલ જેવી, નીલ પ્રભા તથા તીક્ષ્ણ ધારવાળી એક મોટી તલવાર હાથમાં રાખીને મને કહ્યું કે, 'ઓ રે સદ્દાલપુત્ર શ્રમણોપાસક ! યાવત્ જો તું આજે શીલાદિ યાવત્ પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવીશ, લાવીને તારી સામે તેને મારીશ, મારીને તેના શરીરના નવ કટકા કરીશ, કટકા કરીને તેલ ભરેલી કડાઈમાં તળીશ, તળીને તારા શરીરને લોહી અને માંસથી ખરડીશ. જેથી તું આર્તધ્યાન તેમ જ દુસ્સહ દુ:ખથી પીડિત થઈને તારો જીવ ખોઈશ.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે પુરુષની આ ધમકીને સાંભળીને હું અભય યાવત્ ધર્મધ્યાનમાં રત રહ્યો.

તદનન્તર તે પુરુષે મને નિર્ભય યાવત્ ધર્મ-સાધનામાં રત જોયો, જોઈને બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું : હે સદ્દાલપુત્ર શ્રમણોપાસક ! યાવત્ જો તું આજે શીલાદિ યાવત્ પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવીશ. લાવીને તારી સામે મારીશ, મારીને નવ નવ કટકા કરીશ અને પછી તેલ ભરેલી કડાઈમાં તળીશ, તળીને માંસ અને લોહીથી તારા શરીરને લપેટીશ. જેથી તું આર્તધ્યાન તેમ જ દુસ્સહ દુ:ખથી પીડિત થઈને તારો જીવ ખોઈ દઈશ.'

તે દેવ દ્વારા બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહેવાયાં છતાં હું નિર્ભય યાવત્ ધર્મ-ધ્યાનમાં રત રહ્યો.

તે પછી જ્યારે તે પુરુષે મને નિર્ભય યાવત્ ઉપાસનારત જોયો તો તે જોઈને ક્રોધિત, રુષ્ટ, કોપિત વિકરાળ અને દાંત કચકચાવતો એવો તે મારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો, લાવીને મારી સામે તેની હત્યા કરી, હત્યા કરીને શરીરના નવ ટુકડા કર્યા, ટુકડા કરીને તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને મારા શરીરને લોહી અને માંસથી ખરડ્યું.

ત્યારે મેં તે ઉત્કટ યાવત્ વેદનાને સહિષ્ણુતા, ક્ષમા, તિતિક્ષાપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી.

આ પ્રમાણે જ મધ્યમપુત્રને મારી નાખ્યો આદિ યાવત્ તે વેદનાને સહનશીલતા, ક્ષમા, તિતિક્ષાપૂર્વક સમ્યક્ પ્રકારે સહન કરી. આ પ્રમાણે મારા કનિષ્ઠ પુત્રને મારી નાખ્યો, મારીને મારા શરીરને માંસ, લોહી આદિથી ખરડ્યું, તો પણ મેં તે વેદનાને સહનશીલતા, ક્ષમા, તિતિક્ષાપૂર્વક શાંતિથી સહન કરી. ત્યાર પછી પણ જ્યારે તે પુરુષે મને પૂર્વવત્ નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં મગ્ન જોયો તો જોઈને ચોથી વાર પણ આ પ્રમાણે કહ્યું કે 'હે સદ્દાલપુત્ર શ્રમણોપાસક ! યાવત્ જો તું આજે શીલાદિ યાવત્ પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો હું આ જ ક્ષણે તારી ધર્મ-સહાયિકા ધર્મ-વૈદ્યા ધર્માનુરાગરક્તા અને સમસુખ-દુ:ખ-સહાયિકા અગ્નિમિત્રા ભાર્યાને તારા ઘરેથી પકડી લાવીશ, લાવીને તારી સામે તેનો વધ કરીશ, વધ કરીને તેલ ભરેલી કડાઈમાં તળીશ અને તળીને તારા શરીરને તેના માંસ અને લોહીથી સીંચીશ. જેથી તું દુસ્સહ આર્તધ્યાન અને દુ:ખથી પીડિત થઈને અકાળે જીવનરહિત થઈ જઈશ.'

તે પુરુષની આ ધમકીને સાંભળીને હું પૂર્વવત્ નિર્ભય યાવત્ ધર્મસાધનામાં રત રહ્યો.

તદનન્તર તે પુરુષે મને નિર્ભય યાવત્ સાધનારત જોયો તો બીજી અને ત્રીજી વાર પણ મને કહ્યું, 'હે સદ્દાલપુત્ર શ્રમણોપાસક ! યાવત્ જો તું આજે શીલાદિ યાવત્ પૌષધોપવાસો નહીં છોડે, નહીં તોડે તો યાવત્ આર્તધ્યાન અને દુસ્સહ વેદનાથી વશીભૂત થઈને અકાળે તારો જીવ ખોઈ બેસીશ.'

તદનન્તર તે પુરુષ દ્વારા બીજી અને ત્રીજી વાર પણ આપવામાં આવેલી આ ધમકીને સાંભળીને મને આ પ્રમાણેનો આંતરિક, ચિંતિત, પ્રાર્થિત, માનસિક વિચાર ઉત્પન્ન થયો કે અરે ! આ પુરુષ અધમ, નીચબુદ્ધિ અને ક્રૂર પાપકર્મ કરનાર છે જે મારા જ્યેષ્ઠ પુત્રને, તે પછી મારા મધ્યમ પુત્રને અને તે પછી મારા કનિષ્ઠ પુત્રને ઘરેથી લઈ આવ્યો, લાવીને મારી સામે મારી નાખ્યા, મારીને શરીરના નવ કટકા કર્યા, પછી તેલ ભરેલી કડાઈમાં તળ્યા, તળીને મારા શરીરને માંસ અને લોહીથી ખરડ્યું અને હવે તને પણ ઘરેથી લઈ આવી મારી સામે મારી નાખવા ઈચ્છતો હતો. તેથી આવા પુરુષને પકડી લેવો ઉચિત છે, એમ વિચારીને હું પકડવા માટે દોડયો. પરંતુ તે આકાશમાં ઊડી ગયો અને મારા હાથમાં થાંભલો પકડાઈ ગયો, તેથી મેં મોટે-મોટેથી બૂમો પાડી.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સદ્દાલપુત્રકૃત પ્રાયશ્ચિત્ત—**

૨૨૮. ત્યારે અગ્નિમિત્રાભાર્યાએ સદ્દાલપુત્ર શ્રમણોપાસકને કહ્યું-, 'ન તો કોઈ પુરુષ તમારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો છે કે ન તો તમારી સામે માર્યો છે. ન તો કોઈ પુરુષ તમારા મધ્યમ પુત્રને ઘરેથી લઈ આવ્યો છે અને ન તો તમારી સામે માર્યો છે. ન તો કોઈ પુરુષ તમારા કનિષ્ઠ પુત્રને ઘરેથી ઉપાડી લાવ્યો છે, અને ન તો તમારી સામે તેને માર્યો છે. આ તો કોઈ પુરુષે ઉપસર્ગ કર્યો છે, યા તો તમે કોઈ ભયંકર દૃશ્ય જોયું છે જેથી તમે અત્યારે ખંડિત વ્રત–નિયમ–પૌષધવાળા થઈ ગયા છો. તેથી હે દેવાનુપ્રિય !તમે આ સ્થળે પાપ કાર્યની આલોચના કરો, પ્રતિક્રમણ કરો. નિંદા, ગર્હા કરો, તેનાથી નિવૃત્ત થાઓ, તેની શુદ્ધિ કરો અને આ અયોગ્ય કાર્યનું યથોચિત પ્રાયશ્ચિત્ત કરવા તપોકર્મનો સ્વીકાર કરો.'

ત્યાર બાદ સદ્દાલપુત્ર શ્રમણોપાસકે અગ્નિમિત્રાના કથનને 'તમે યોગ્ય કહો છો' આ પ્રમાણે કહીને વિનયપૂર્વક સ્વીકાર કર્યો અને સ્વીકાર કરીને તે પ્રમાદ સ્થાનની આલોચના, પ્રતિક્રમણા, નિંદા, ગર્હા કરી, તેનાથી નિવૃત્ત થઈ, શુદ્ધિ કરી તથા તે અનુચિત કાર્યનું પરિમાર્જન કરવા માટે તત્પર થઈ યથોચિત પ્રાયશ્ચિત્ત અને તપોકર્મ ગ્રહણ કર્યું.

**સદ્દાલપુત્ર શ્રમણોપાસકની ઉપાસક પ્રતિમા પ્રતિપત્તિ—**

૨૨૯. તદનન્તર તે સદ્દાલપુત્ર શ્રમણોપાસકે પહેલી ઉપાસક પ્રતિમા અંગીકાર કરી અને તે પહેલી ઉપાસક પ્રતિમાને સૂત્ર, કલ્પ, વિધિ, યથાર્થ-તત્ત્વ અનુસાર ગ્રહણ કરી, પાલન કર્યું. નિરતિચાર શોધન કર્યું, પૂર્ણ કરી, કીર્તન કર્યું અને આરાધના કરી.

પહેલી ઉપાસક પ્રતિમાની આરાધના કરીને પછી બીજી ઉપાસક પ્રતિમા પણ તથા આ પ્રમાણે જ ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી, અને અગિયારમી ઉપાસક પ્રતિમાને યથાસૂત્ર, સિદ્ધાંત મુજબ યથાકલ્પ, યથાવિધિ, યથાતત્ત્વ સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી, તેનું પાલન કર્યું, શોધિત કરી પૂર્ણ કરી, તેનું કીર્તન કર્યું, આરાધના કરી.

તેથી તે સદ્દાલપુત્ર શ્રમણોપાસક તે ઉદાર-ઉત્કૃષ્ટ, વિપુલ અને પ્રયત્નસાધ્ય તપોકર્મનો સ્વીકાર કરીને શુષ્ક, રુક્ષ, માંસવિહીન, અસ્થિ-ચર્માવૃત્ત, કડડ-કડડ અવાજ આવે એવા કૃશ અને લુહારની ધમણ જેવા શરીરવાળો થઈ ગયો.

**સદ્દાલપુત્રે કરેલું અનશન—**

૨૩૦. તદનન્તર તે સદ્દાલપુત્ર શ્રમણોપાસકને કોઈ એક સમયે મધ્યરાત્રિના સમયે ધર્મ-જાગરિકા વખતે જાગરણ કરતાં આ પ્રમાણેનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે-' હું આમ અને આ પ્રમાણે ઉત્કૃષ્ટ વિપુલ, પ્રયત્ન–સાધ્ય તપોકર્મ અંગીકાર કરીને શુષ્ક, રુક્ષ, નિર્માંસ, અસ્થિપિંજર, કડ-કડ અવાજ આવે તેવા હાડકાવાળો, કૃશ, ધમણ જેવા શરીરવાળો થઈ ગયો છું પરંતુ હજી પણ મારામાં ઉત્થાન કર્મ ( ઊઠવા–બેસવાની આદિ ક્રિયાઓ) કરવાનું બળ, વીર્ય, પૌરુષ, પરાક્રમ શ્રદ્ધા, ધૃતિ, સંવેગભાવ વિદ્યમાન છે. તેથી જ્યાં સુધી મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષકાર, પરાક્રમ, શ્રદ્ધા, ધૈર્ય, સંવેગ છે યાવત્ મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક જિન સુહસ્તી શ્રમણ ભગવાન મહાવીર વિચરણ કરી રહ્યા છે ત્યાં સુધી મારા માટે શ્રેયસ્કર છે કે કાલે રાત્રિ પ્રભાતમાં પરિવર્તન પામે યાવત્ સૂર્યનો ઉદય થાય અને જાજ્વલ્યમાન પ્રકાશ સહિત સહસ્રરશ્મિ દિનકર પ્રકાશિત થાય તે પછી અપશ્ચિમ અંતિમ મરણાન્તિક સંલેખના ઝૂસણાનો સ્વીકાર કરીને,આહાર-પાણી ત્યાગીને, જીવન-મરણની આકાંક્ષા ન રાખતાં મારું જીવન વીતાવું.'

ઉપર મુજબનો વિચાર કર્યો, વિચાર કરીને રાત્રિ પ્રભાતમાં ફેરવાયા પછી યાવત્ સૂર્યોદય થયા પછી અને જાજ્વલ્યમાન તેજ સહિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહસ્રરશ્મિ દિનકરના પ્રકાશિત થયા પછી અંતિમ મરણાન્તિક સંલેખના અંગીકાર કરીને અન્ન-જળનો ત્યાગ કરીને જીવન-મરણની ઈચ્છા ન રાખતાં વિચરવા લાગ્યો.

**સદ્દાલપુત્રનું સમાધિમરણ, દેવલોકોત્પત્તિ અને તદનન્તર સિદ્ધગમન નિરૂપણ—**

૨૩૧. તદનન્તર તે સદ્દાલપુત્ર શ્રમણોપાસક અનેક પ્રકારના શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન અને પોષધોપવાસો દ્વારા આત્માને સંસ્કારિત કરી, વીસ વર્ષ સુધી શ્રાવકપર્યાયનું પાલન કરી સમ્યક્ પ્રકારે અગિયાર ઉપાસક પ્રતિમાઓ ગ્રહણ કરી, એક માસની સંલેખના દ્વારા આત્માને શુદ્ધ કરી, સાઠ ટંકના ભોજનોનો અનશન દ્વારા ત્યાગ કરીને, આલોચના, પ્રતિક્રમણ કરી, સમાધિમાં લીન રહી મરણ સમયે મરણ પામીને સૌધર્મ કલ્પના અરુણાભ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયો. ત્યાં તેની સ્થિતિ ચાર પલ્યોપમની બની.

પશ્ચાત્ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે, સમસ્ત દુઃખોનો અંત કરશે.

॥ સદ્દાલપુત્ર કુંભકાર કથાનક સમાપ્ત ॥

## ૧૨. મહાશતક ગાથાપતિ કથાનક

**રાજગૃહમાં મહાશતક ગાથાપતિ—**

૨૩૨. તે કાળે, તે સમયે રાજગૃહ નગર હતું. ત્યાં ગુણશિલક નામનું ચૈત્ય હતું. શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો.

તે રાજગૃહ નગરમાં મહાશતક નામનો ગૃહસ્થ રહેતો હતો, જે ધન-ધાન્યથી સંપન્ન હતો યાવત્ અનેક માણસો વડે પણ પરાભવ પામે તેવો ન હતો.

તે મહાશતક ગાથાપતિના કોષમાં આઠ કરોડ કાંસ્ય પરિમિત સુવર્ણ મુદ્રાઓ સંચિત ધન સ્વરૂપે રાખેલી હતી, આઠ કરોડ કાંસ્ય પરિમિત સુવર્ણ મુદ્રાઓ વ્યાપારમાં પ્રયોજિત હતી અને આઠ કરોડ કાંસ્ય પરિમિત સુવર્ણ મુદ્રાઓ ઘર-ભવન આદિના વૈભવ પાછળ ખર્ચવામાં આવી હતી. તેના આઠ વ્રજ-ગોકુળ હતા અને પ્રત્યેક વ્રજમાં દસ-દસ હજાર ગાયો હતી.

તે મહાશતક ગાથાપતિ ઘણા રાજા યાવત્ કુટુંબીજનો વડે સલાહ લેવા યોગ્ય, વિચાર-વિમર્શ કરવામાં સમર્થ હતો યાવત્ પોતાના કુટુંબમાં મુખ્ય યાવત્ સર્વ કાર્યોમાં નિર્દેશક હતો.

તે મહાશતક ગાથાપતિને તેર પત્નીઓ હતી, જેમાં રેવતી મુખ્ય હતી. તે બધી શુભ લક્ષણોયુક્ત, પરિપૂર્ણ પાંચ ઈન્દ્રિયો અને શરીરવાળી હતી યાવત્ મનુષ્ય સંબંધી કામ-ભોગો ભોગવતી સમય વ્યતીત કરતી હતી.

તે મહાશતક ગાથાપતિની પત્ની રેવતી પાસે પિયરથી મળેલી આઠ કરોડ સુવર્ણ મુદ્રાઓ તથા દસ-દસ હજાર ગાયોવાળા આઠ વ્રજ-ગોકુળ વ્યક્તિગત સંપત્તિ રૂપે હતા અને શેષ બાર પત્નીઓ પાસે પોત-પોતાના પિયરથી મળેલી એક-એક કરોડ સુવર્ણ મુદ્રાઓ અને દસ-દસ હજાર ગાયોવાળા એક-એક ગોકુળ વ્યક્તિગત સંપત્તિ રૂપે હતા.

**ભગવાન મહાવીરનું સમવસરણ—**

૨૩૩. તે કાળે, તે સમયે સ્વામી-શ્રમણ ભગવાન મહાવીર રાજગૃહ નગરમાં પધાર્યા.

દર્શનાર્થે માનવમેદની ઉમટી. કોણિક રાજા વિશે કરેલા વર્ણન પ્રમાણે પોતાના રાજ-વૈભવનું પ્રદર્શન કરતો શ્રેણિક રાજા પણ દર્શન કરવા ગયો યાવત્ પર્યુપાસના કરી.

**મહાશતકનું સમવસરણમાં ગમન અને ધર્મશ્રવણ—**

૨૩૪. તદનન્તર મહાશતક ગાથાપતિ આ સમાચાર સાંભળીને કે 'શ્રમણ ભગવાન મહાવીર પૂર્વાનુપૂર્વી ક્રમથી ચાલતા ચાલતા, ગામે-ગામ ફરતા ફરતા અહીંયાં આવ્યા છે, પધાર્યા છે અને આ જ રાજગૃહ નગરની બહાર ગુણશિલક ચૈત્યમાં યથોચિત સાધ્વાચારને અનુરૂપ અવગ્રહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લઈને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિરાજમાન છે.

'તો હે દેવાનુપ્રિયો! જ્યારે તથારૂપ અરિહંત ભગવંતોનાં નામ અને ગોત્ર સાંભળવાં પણ મહા ફળદાયી છે તો પછી તેમની સન્મુખ જઈ, તેમને વંદન-નમસ્કાર કરી, તેમને પ્રશ્નો પૂછવાના અને તેમની પર્યુપાસના કરવાના અવસર વિશે તો શું કહેવું? જો આર્યધર્મ વિશે એક સુવચન સાંભળવા મળે તો પણ પર્યાપ્ત છે તો વિપુલ અર્થ ગ્રહણ કરવાના અવસરનું તો કહેવું જ શું? તો હે દેવાનુપ્રિયો! હું જઉં અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કરું, તેમને સત્કારું-સન્માનું, તેમ જ તે કલ્યાણ મંગલ-દેવ-ચૈત્ય સ્વરૂપની પર્યુપાસના કરું.' આ પ્રમાણે તેણે વિચાર કર્યો, વિચાર કરીને બલિકર્મ કર્યું અને કૌતુક-મંગલ પ્રાયશ્ચિત્ત કરીને સભામાં જવા યોગ્ય શુદ્ધ માંગલિક શ્રેષ્ઠ વસ્ત્રો પહેરીને, મૂલ્યવાન પરંતુ અલ્પભારવાળા અલંકારોથી શરીરને અલંકૃત કરીને, પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને કોરંટ પુષ્પમાળાઓ યુક્ત છત્ર માથા પર ધારણ કરીને, મનુષ્ય સમૂહને સાથે લઈને, પગપાળા રાજગૃહનગર વચ્ચેથી પસાર થયો, પસાર થઈને જ્યાં ગુણશિલક ચૈત્ય હતું, તેમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા ત્યાં આવ્યો, ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરની દક્ષિણ દિશામાંથી આરંભ કરી પ્રદક્ષિણા કરી, પછી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને અતિ નિકટ કે અતિ દૂર નહીં તેવા યથોચિત સ્થાન પર સ્થિર થઈ સાંભળવા માટે ઉત્સુક બની, નમસ્કાર કરતો સન્મુખ વિનયપૂર્વક અંજલિ રચી પર્યુપાસના કરવા લાગ્યો.

તદનન્તર શ્રમણ ભગવન મહાવીરે મહાશતક ગાથાપતિ અને વિશાળ ધર્મપરિષદને યાવત્ ઉપદેશ આપ્યો.

**મહાશતકની ગૃહીધર્મપ્રતિપત્તિ—**

૨૩૫. તદનન્તર મહાશતક ગાથાપતિ શ્રમણ ભગવન મહાવીર પાસેથી ધર્મોપદેશ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ તુષ્ટ, આનંદિત ચિત્ત, અનુરાગમના, પરમ પ્રસન્ન અને હર્ષવશ વિકાસમાન હૃદયવાળો થતો પોતાના આસનેથી ઊઠયો, ઊઠીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી પછી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને બોલ્યો — 'હે ભદન્ત! હું નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા રાખું છું. હે ભગવન્! મને નિર્ગ્રન્થ પ્રવચનમાં વિશ્વાસ છે. હે ભગવન્! મને નિર્ગ્રન્થ પ્રવચન ગમે છે. હે ભદન્ત! હું નિર્ગ્રન્થ પ્રવચનનો સ્વીકાર કરવા ઉત્સુક છું. હે ભગવન્! મને તે ઈચ્છનીય છે. હે ભગવન્! તે આ પ્રમાણે જ છે. હે ભગવન્! તેમાં તથ્ય છે. હે ભગવન્! આ વાત સત્ય છે. હે ભગવન્! આ સંશયરહિત છે. હે ભગવન્! મારા માટે તે ઈચ્છનીય છે. હે ભગવન્! મને તે પ્રતિઈચ્છિત છે. હે ભગવન્! તે ઈચ્છિત-પ્રતિઈચ્છિત છે. આ તે પ્રમાણે જ છે જે પ્રમાણે આપ કહો છો. આપ દેવાનુપ્રિય પાસે જેવી રીતે ઘણા બધા રાજા, ઈશ્વર-ઐશ્વર્યશાળીઓ, તલવર, માડંબિક, કુટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ પ્રભૃતિ મુંડિત થઈને ગૃહત્યાગ કરીને અનગાર રૂપે પ્રવ્રજિત થયા છે, તે પ્રમાણે હું ગૃહત્યાગ કરીને અનગાર દીક્ષા અંગીકાર કરવા સમર્થ નથી. તેથી હું આપ દેવાનુપ્રિય પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષા વ્રત રૂપી બાર પ્રકારનો શ્રાવકધર્મ ગ્રહણ કરવા ઈચ્છું છું.'

ભગવાને કહ્યું—'દેવાનુપ્રિય! જેમાં તને સુખ મળે તે કર, પરંતુ પ્રતિબંધ-વિલંબ ન કર.'

ત્યાર પછી મહાશતક ગાથાપતિએ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી શ્રાવક ધર્મ ગ્રહણ કર્યો, પરંતુ એટલો તફાવત રાખ્યો કે આઠ કરોડ કાંસ્ય પરિમિત મુદ્રાઓ આદિ કોષમાં રાખવાની અને આઠ ગોકુળ ગૌશાળામાં રાખવાની મર્યાદા સ્વીકારી.

રેવતી આદિ તેર પત્નીઓ સિવાય શેષ મૈથુન-સેવનનો પરિત્યાગ કર્યો. તેના સિવાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આ અને આ પ્રમાણેનો વિશેષ અભિગ્રહ રાખ્યો કે પ્રતિદિન લેવડ-દેવડમાં બે દ્રોણ પરિમાણ કાંસ્ય પરિમિત સુવર્ણ મુદ્રાની સીમા રાખીશ.

**મહાશતકની શ્રમણોપાસક ચર્યા—**

૨૩૬. તદનન્તર તે મહાશતક જીવ-અજીવ આદિ તત્ત્વોનો જ્ઞાતા શ્રમણોપાસક બની ગયો, યાવત્ -પ્રાશુક, એષણીય, અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય, આહાર, વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ, ઔષધિ, ભેષજ તેમ જ પ્રાતિહારિક પીઠ, ફલક, શૈયા, આસન આદિથી શ્રવણ નિર્ગ્રન્થોને પ્રતિલાભિત કરતો જીવન વ્યતીત કરવા લાગ્યો.

**ભગવાનનો જનપદવિહાર—**

તદનન્તર શ્રમણ ભગવાન મહાવીર અન્ય બાહ્ય જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

**ભોગાભિલાષિણી રેવતીની ચિંતા—**

૨૩૭. ત્યાર પછી તે રેવતી ગાથાપત્નીને કોઈ એક દિવસ મધ્યરાત્રિએ કુટુંબિક કાર્યો વિશે વિચાર કરતાં આ અને આ પ્રમાણેનો આંતરિક, ચિંતિત, પ્રાર્થિત, માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે, 'હું મારી બાર શોક્યના વિઘ્નને કારણે મહાશતક શ્રમણોપાસક સાથે વિશિષ્ટ પ્રકારના મનુષ્યજીવન સંબંધી કામભોગો નથી ભોગવી શકતી. તો મારા માટે યોગ્ય છે કે હું આ બારેય શોક્યને અગ્નિપ્રયોગ, શસ્ત્રપ્રયોગ અથવા વિષપ્રયોગ દ્વારા મારી નાખીને તેમની એક એક કરોડ સુવર્ણ મુદ્રાઓ અને એક-એક ગોકુલ પર અધિકાર મેળવી મહાશતક શ્રમણોપાસક સાથે મનુષ્ય-જીવન સંબંધી અલૌકિક કામભોગો ભોગવું.' તેણે આમ વિચાર કર્યો અને વિચાર કરીને તે બારેય શોક્યના ગુપ્ત છિદ્રો અને દોષો, ગુપ્ત ભેદો અને નબળાઈઓ શોધવા લાગી.

**રેવતી દ્વારા સપત્ની (શોક્ય) વિનાશ—**

૨૩૮. તદનન્તર તે રેવતી ગાથાપત્નીએ કોઈ એક દિવસ તે બારેય સપત્નીઓના ગુપ્ત ભેદો જાણીને છ સપત્નીઓને શસ્ત્ર પ્રયોગ વડે અને છ સપત્નીઓને વિષ પ્રયોગથી મારી નાખી, મારીને તે બારેય શોક્યના પિયરથી મળેલી એક-એક સુવર્ણ કોટિઓ અને દસ-દસ હજાર ગાયોવાળા એક-એક વ્રજ પર પોતાનો અધિકાર જમાવી મહાશતક શ્રમણોપાસક સાથે મનમાન્યા મનુષ્ય સંબંધી કામ-ભોગો ભોગવવા લાગી.

**રેવતી દ્વારા માંસ-મદ્ય આદિ સેવન—**

૨૩૯. તદનન્તર તે રેવતી ગાથાપત્ની માંસલોલુપ, માંસમૂર્ચ્છિત, માંસાનુરાગી, માંસમાં આસક્ત બની અનેક પ્રકારના માંસાહારમાં, માંસના સૂપમાં, તળેલા માંસમાં, શેકેલા માંસમાં અને સુરા, મધુક (મહુડામાંથી બનતી શરાબ), મેરક, મદ્ય, સીધુ (વિશિષ્ટ શરાબ), સુગંધિત શરાબ આદિનો આસ્વાદ લેતી, ખાતી-પીતી, પીતી-પીવડાવતી, ભોગ ભોગવતી સમય વ્યતીત કરવા લાગી.

**અમારી ઘોષણા થયા પછી પણ રેવતી દ્વારા માંસ-મદ્ય સેવન—**

૨૪૦. ત્યાર પછી કોઈ એક દિવસ રાજગૃહ નગરમાં અમારી-ઘોષણા (કોઈ પણ જીવનો વધ ન કરવાની ઘોષણા) થઈ.

ત્યારે તે માંસલોલુપ, માંસમૂર્ચ્છિત, માંસાનુરાગી, માંસગૃદ્ધ, માંસઆસક્ત રેવતી ગાથાપત્નીએ પોતાના પિયરથી સાથે આવેલા સેવક-નોકરને બોલાવ્યો, બોલાવીને તેને આવી આજ્ઞા આપી કે—'હે દેવાનુપ્રિય! મારા પિયરથી મળેલા વ્રજમાંથી રોજ બે-બે વાછરડાને મારી નાખવા અને મારીને મારી પાસે લઈ આવવા-મને પહોંચાડવા.'

તત્પશ્ચાત્ તે પિતૃગૃહના સેવકે રેવતી ગાથાપત્નીની આજ્ઞાનો 'જેવી આપની આજ્ઞા' કહીને વિનયપૂર્વક સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને રેવતી ગાથાપત્નીને પિયરથી મળેલાં વ્રજોમાંથી રોજ બે-બે વાછરડાને તે મારી નાખતો અને મારીને રેવતી ગાથાપત્નીને પહોંચાડવા લાગ્યો.

ત્યારે તે રેવતી ગાથાપત્ની તે વાછરડાના માંસને લોઢાની શલાકાઓ પર શેકીને, ઘી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિમાં તળીને અને અગ્નિમાં પકાવી તેમ જ સુરા, મધુ, મેરક, મદ્ય, સીધુ અને પ્રસન્ન નામની મદિરાઓનો આસ્વાદ લેતી, ચાખતી, આપતી તેમ જ લોલુપતાપૂર્વક સેવન કરતી રહેવા લાગી.

**મહાશતકની ધર્મજાગરિકા—**

૨૪૧. તદનન્તર તે મહાશતક શ્રમણોપાસકના વિવિધ પ્રકારના શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસો દ્વારા આત્માને ભાવિત કરતાં ચૌદ વર્ષ વ્યતીત થઈ ગયાં અને પંદરમું વર્ષ ચાલી રહ્યું હતું ત્યારે કોઈ એક દિવસ

મધ્યરાત્રિના સમયે ધર્મજાગરણ કરતા આ પ્રમાણેનો ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે-'મને રાજગૃહ નગરના ઘણા બધા રાજાઓ યાવત્ સાર્થવાહ પ્રભૃતિ પૂછે છે, મારી સલાહ લે છે, તથા સ્વયં મારા કુટુંબમાં પણ હું મોભની જેમ આધારભૂત છું અને સમસ્ત કાર્યોનો નિર્દેશક છું, પરંતુ આ વિક્ષેપ-અડચણને કારણે હું શ્રમણ ભગવાન મહાવીર પાસે અંગીકૃત ધર્મપ્રજ્ઞપ્તિનું અનુરૂપ પરિપાલન કરવામાં સમર્થ નથી થઈ શકતો, પરિપાલન નથી કરી શકતો.'

તત્પશ્ચાત્ તે શ્રમણોપાસકે જ્યેષ્ઠ પુત્ર, મિત્રો જ્ઞાતિ-બંધુઓ, સ્વજન સંબંધીઓ અને પરિચિતજનોની અનુમતિ માગી, અનુમતિ માગીને તે પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને રાજગૃહ નગરના મધ્યભાગમાંથી પસાર થઈ જ્યાં પૌષધશાળા હતી ત્યાં ગયો, ત્યાં જઈને પૌષધશાળાનું પ્રમાર્જન કર્યું—સાફ કરી, પ્રમાર્જન કરીને શૌચ તેમ જ લઘુશંકાના સ્થાન ની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને દર્ભનું બનેલું આસન પાથર્યું, પાથરીને તે કુશ-સંસ્તારક પર બેઠો અને પૌષધશાળામાં પૌષધવ્રત ધારણ કરીને મણિ, સુવર્ણ, માળા, વિલેપન, વર્ણક આદિનો ત્યાગ કરી, મૂસલ આદિ શસ્ત્રો એક બાજુ પર મૂકીને, એકાકી બનીને બ્રહ્મચર્યપૂર્વક દર્ભસંસ્તારક પર સ્થિર થઈ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી અંગીકૃત કરેલી ધર્મપ્રજ્ઞપ્તિ, ધર્મશિક્ષાને અનુરૂપ વિચરણ કરવા લાગ્યો.

**મહાશતક પર રેવતીએ કરેલો અનુકૂળ ઉપસર્ગ—**

૨૪૨. તત્પશ્ચાત્ કોઈ એક દિવસ તે રેવતી ગાથા-પત્ની શરાબના નશામાં ઉન્મત્ત, લડખડાતી, વિખરાયેલા વાળવાળી, વારંવાર પોતાના ઉત્તરીય-ઉપર ઓઢવાના વસ્ત્રને પાડતી જ્યાં પૌષધશાળા હતી, જ્યાં મહાશતક શ્રમણોપાસક હતો ત્યાં આવી, ત્યાં આવીને મોહ તેમ જ ઉન્માદજનક કામોદ્દીપક કટાક્ષ આદિ સ્ત્રી-ભાવોનું વારંવાર પ્રદર્શન કરતી-બતાવતી મહા-શતક શ્રમણોપાસકને કહેવા લાગી-'ઓ ધર્મ, પુણ્ય, સ્વર્ગ, મોક્ષની કામના ઇચ્છા આકાંક્ષા તેમ જ અભિલાષા રાખનારા મહાશતક શ્રમણો-પાસક! તમે તે ધર્મ, પુણ્ય, સ્વર્ગ અથવા મોક્ષથી શું પ્રાપ્ત કરશો? જેના કારણે હે દેવાનુપ્રિય! તમે મારી સાથે મન માન્યા મનુષ્ય જીવન સબંધી વિષય ભોગો ભોગવતા નથી? અર્થાત્ મારી સાથે ભોગ ભોગવવામાં જે સુખ મળશે તે ધર્મ આદિથી પ્રાપ્ત થઈ શકશે નહિ.'

તે મહાશતક શ્રમણોપાસકે રેવતી ગાથા-પત્નીની આ વાતનો આદર ન કર્યો, તેના પર ધ્યાન ન આપ્યું પરંતુ ઉપેક્ષા અને ઉદાસીન ભાવે મૌનપૂર્વક ધર્મારાધનામાં રત રહ્યો.

તે જોઈને તે ગાથાપત્ની રેવતીએ મહાશતક શ્રમણોપાસકને બીજી અને ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું-'ઓ મહાશતક શ્રમણોપાસક! તમને તે ધર્મ, પુણ્ય, સ્વર્ગ અથવા મોક્ષથી શું પ્રાપ્ત થશે? કે જેના કારણે તમે મારી સાથે મન-માન્યા મનુષ્ય સંબંધી ભોગો ભોગવતા વિચરણ નથી કરતા?'

મહાશતક શ્રમણોપાસકે રેવતી ગાથા-પત્ની દ્વારા બીજી વાર, ત્રીજી વાર કહેવાયેલી આ વાત સાંભળીને પણ તેનો આદર ન કર્યો, તેના પર ધ્યાન ન આપ્યું પરંતુ ઉપેક્ષા અને ઉદાસીનતા દાખવી તે ધર્મસાધનામાં રત રહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્પશ્ચાત્ તે રેવતી ગાથા-પત્ની મહાશતક શ્રમણોપાસક દ્વારા તિરસ્કૃત અને ઉપેક્ષિત થઈ જે દિશામાંથી આવી હતી તે દિશામાં પાછી ફરી.

**મહાશતકે કરેલી ઉપાસક પ્રતિમાની પ્રતિપત્તિ—**

૨૪૩. તત્પશ્ચાત્ તે મહાશતક શ્રમણોપાસક પ્રથમ ઉપાસક પ્રતિમાને સ્વીકારીને વિચરવા લાગ્યો.

તે મહાશતક શ્રમણોપાસકે પહેલી ઉપાસક પ્રતિમા યથાશ્રુત–શાસ્ત્ર અનુસાર, યથાકલ્પ–આચાર મર્યાદાનુસાર, યથામાર્ગ–વિધિ અનુસાર અને યથાતત્ત્વ—સિદ્ધાંત અનુસાર સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી, તેનું પાલન કર્યું, તેને શોધિત-શુદ્ધ કરી, ઉત્તીર્ણ- પૂર્ણ કરી, કીર્તિત–અભિનંદિત કરી, આરાધિત કરી.

તત્પશ્ચાત્ મહાશતક શ્રમણોપાસકે આ પ્રમાણે બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દશમી અને અગિયારમી ઉપાસક પ્રતિમા યથાશ્રુત, યથાકલ્પ, યથામાર્ગ, યથાતત્ત્વ સમ્યક્ પ્રકારે અંગીકાર કરી, તેનું પાલન કર્યું, તેને શોધિત કરી, ઉત્તીર્ણ કરી, કીર્તિત કરી, આરાધિત કરી.

તદનન્તર તે મહાશતક શ્રમણોપાસક તે ઉત્કૃષ્ટ, વિપુલ, પ્રયત્નસાધ્ય, ગ્રહણ કરેલી તપશ્ચર્યાને કારણે શુષ્ક, રુક્ષ થઈ ગયો, તેના શરીર પર માંસ ન રહ્યું, હાડકાં અને ચામડી બચી ગયાં, હાડકામાંથી કડ-કડ અવાજ આવવા લાગ્યો, શરીર કૃશ–ક્ષીણ બની ગયું. ઉપસેલી નસો દેખાવા લાગી.

**મહાશતકનું અનશન–**

૨૪૪. તત્પશ્ચાત્ કોઈ એક દિવસ મધ્યરાત્રિએ ધર્મજાગરણ કરતાં તે મહાશતક શ્રમણોપાસકને આવો અને આ પ્રમાણેનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે "હું આ ઉત્કૃષ્ટ વિપુલ પ્રયત્નપૂર્વક ગ્રહણ કરેલી તપશ્ચર્યાને કારણે સુકાઈ ગયો છું, મારું શરીર રુક્ષ બની ગયું છે, માંસ-વિહીન બની ગયું છે, માત્ર હાડકાં અને ચામડી જ શેષ રહી ગયાં છે, હાડકાં કડ-કડ અવાજ કરવા લાગ્યા છે, કૃશતાને કારણે ઊપસી આવેલી નસો દેખાવા લાગી છે, તો પણ મારામાં હજી ઉત્થાન, ધર્મ પ્રતિ ઉત્સાહ, કર્મ, પ્રવૃત્તિ, બળ, વીર્ય, પુરુષોચિત પરાક્રમ, શ્રદ્ધા, ધૃતિ-ધૈર્ય, સંવેગ–મુમુક્ષુ ભાવ છે. તો જ્યાં સુધી મારામાં ઉત્થાન, ક્રિયા-શક્તિ, બળ, વીર્ય, પુરુષોચિત પરાક્રમ, શ્રદ્ધા, ધૃતિ, સંવેગ છે તથા યાવત્ જ્યાં સુધી મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, જિન, સુહસ્તી શ્રમણ ભગવાન મહાવીર વિચરણ કરી રહ્યા છે, ત્યાં સુધી મારા માટે શ્રેયસ્કર છે કે કાલે રાત્રિનું પ્રભાતરૂપમાં પરિવર્તન થાય યાવત્ સૂર્યોદય થયા પછી તથા જાજ્વલ્યમાન તેજ સહિત સહસ્રરશ્મિ દિનકર પ્રકાશિત થયા પછી અંતિમ મરણાન્તિક સંલેખનાનો સ્વીકાર કરી લઉં, ભોજન–પાણીનો પરિત્યાગ કરું અને મરણની કામના ન કરતાં જીવન વ્યતીત કરું." આમ વિચાર કરીને કાલે રાત્રિ પ્રભાત-રૂપે પરિવર્તન પામ્યા પછી–સૂર્યનો ઉદય થયા પછી અને સહસ્રરશ્મિ દિનકર તેજ સહિત પ્રકાશ્યા પછી અપશ્ચિમ મરણાન્તિક સંલેખના ઝૂસણાનો સ્વીકાર કરી, ભોજન-પાણીનો ત્યાગ કરી મૃત્યુની કામના ન કરતો તે આરાધનામાં લીન બની ગયો.

**મહાશતકને થયેલી અવધિજ્ઞાનોત્પત્તિ—**

૨૪૫. તત્પશ્ચાત્ તે મહાશતક શ્રમણોપાસકને શુભ અધ્યવસાય અને શુભ પરિણામયુક્ત વિશુદ્ધ થતી લેશ્યાઓથી તદાવરણીય કર્મના ક્ષયોપશમ-થી અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. જેથી તે પશ્ચિમ દિશામાં લવણસમુદ્રથી એક હજાર યોજન સુધીના ક્ષેત્રમાં બનતી ઘટનાઓ જોવા–જાણવા લાગ્યો યાવત્ ઉત્તરમાં હિમવન્ત વર્ષધર પર્વત સુધી જોઈ શકતો અને અધોદિશામાં પ્રથમ નારકભૂમિ-રત્નપ્રભામાં ચોર્યાસી હજારની આયુ-સ્થિતિવાળા લોલુપાચ્યુત નામના નરક સુધી જાણવા–જોવા લાગ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાશતક પર રેવતી દ્વારા પુનઃ અનુકૂળ ઉપસર્ગ—**

૨૪૬. તત્પશ્ચાત્ કોઈ એક દિવસ તે રેવતી ગાથાપત્ની શરાબના નશામાં ઉન્મત્ત લડખડાતી, વિખરાયેલા વાળે, વારંવાર ઓઢણીને ઉડાડતી જ્યાં પૌષધશાળામાં મહાશતક શ્રમણોપાસક હતો, ત્યાં આવી. ત્યાં જઈને શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું. 'ઓ મહાશતક શ્રમણોપાસક! તું આ ધર્મ, પુણ્ય, સ્વર્ગ અથવા મોક્ષથી શું પ્રાપ્ત કરીશ? જેના કારણે તું મારી સાથે મન માન્યા મનુષ્ય સંબંધી ભોગોપભોગો ભોગવતો વિચરણ કરતો નથી?."

ત્યારે તે શ્રમણોપાસક મહાશતકે તે રેવતી ગાથાપત્નીની આ વાતનો આદર ન કર્યો, અને તેના પર ધ્યાન ન આપ્યું, પરંતુ ઉપેક્ષા અને ઉદાસીનતા પૂર્વક મૌન રહી પોતાની ધર્મ-સાધનામાં રત રહ્યો.

તત્પશ્ચાત્ તે રેવતી ગાથાપત્નીએ બીજી અને ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું, 'ઓ મહાશતક શ્રમણોપાસક! દેવાનુપ્રિય! ધર્મ, પુણ્ય, સ્વર્ગ અથવા મોક્ષથી તું શું મેળવીશ? જેથી તું મારી સાથે મનુષ્ય સંબંધી શ્રેષ્ઠ ભોગોપભોગો ભોગવતો નથી?"

**મહાશતકને થયેલો વિક્ષેપ અને તેથી રેવતીનું મરણાન્તર નરકમાં ગમન કથન—**

૨૪૭. ત્યાર બાદ મહાશતકને શ્રમણોપાસક રેવતી ગાથાપત્ની દ્વારા બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહેવાયાથી તેણે ક્રોધિત, રુષ્ટ, કોપિત અને ચંડિકાવત્ રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને દાંત કચકચાવતા અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો, પ્રયોગ કરીને અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો અને ઉપયોગ કરીને રેવતી ગાથાપત્નીને આ પ્રમાણે કહ્યું— "ઓ અપ્રાર્થિતની પ્રાર્થના કરનારી (મોતને ઇચ્છનારી), દુરન્ત-હીન લક્ષણવાળી (ભાગ્યહીન), હીનપુણ્ય ચાતુર્દશિક (કૃષ્ણ પક્ષની ચતુર્દશીએ જન્મનારી), શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિવિહીન રેવતી! તું સાત રાત સુધીમાં અલસક નામના રોગથી પીડિત થઈને આર્ત, દુઃખિત, વ્યથિત અને વિવશ થતી અશાંતિપૂર્વક મરણ સમયે મરણ પામીને અધોલોકમાં આ રત્નપ્રભા પૃથ્વીના લોલુપાચ્યુત નામના નરકમાં ચોર્યાસી હજાર વર્ષની આયુષ્યવાળા નારકોમાં નારક રૂપે ઉત્પન્ન થઈશ."

ત્યારે તે રેવતી ગાથાપત્ની શ્રમણોપાસક મહાશતકની આ વાત સાંભળીને પોતાની જાતને કહેવા લાગી—'મહાશતક શ્રમણોપાસક મારાથી નારાજ થઈ ગયો. મહાશતક શ્રમણોપાસકને મારા પ્રતિ દુર્ભાવના પેદા થઈ ગઈ. ન જાણે હું કેવા કમોતે મરીશ?'—આમ વિચારીને ભયભીત, ત્રસ્ત, ત્રાહિત-વ્યથિત, ઉદ્વિગ્ન અને ભયગ્રસ્ત થઈને ધીમે-ધીમે ત્યાંથી પાછી ફરી—પાછી ફરીને પોતાના ઘરે આવી, આવીને ઉદાસીન તેમ જ ભગ્ન મનોરથવાળી થઈને ચિંતા અને શોકના સાગરમાં ડૂબી જઈ લમણે હાથ દઈ આર્ત-ધ્યાનથી ખોવાયેલી જમીન પર નજર સ્થિર કરી વિચારમાં પડી ગઈ.

તત્પશ્ચાત્ તે રેવતી ગાથાપત્ની સાત રાત્રિની અંદર અલસક રોગથી પીડિત થઈને વ્યથિત, દુઃખી તેમ જ વિવશ બનીને મરણ સમયે મરણ પામીને આ રત્નપ્રભા પૃથ્વીના લોલુપાચ્યુત નામના નરકમાં ચોર્યાસી હજાર વર્ષના આયુષ્યવાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થઈ.

**ભગવાન મહાવીરનું સમવસરણ—**

૨૪૮. તે કાળે અને સમયે ભગવાન મહાવીર પધાર્યા. પરિષદા ભરાઈ યાવત્ પાછી ફરી.

**મહાશતક પાસે ગૌતમને મોકલવા—**

૨૪૯. 'ગૌતમ!' આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમને કહ્યું—"હે ગૌતમ! આ રાજગૃહ નગરમાં મારો અંતેવાસી—અનુયાયી મહાશતક નામે શ્રમણોપાસક પૌષધશાળામાં અંતિમ મરણાન્તિક સંલેખનાની આરાધનામાં તત્પર બનીને, આહાર-પાણીનો પરિત્યાગ કરીને, મરણની કામના ન કરતો વિચરી રહ્યો છે.

તે મહાશતક શ્રમણોપાસકની પત્ની રેવતી શરાબના નશામાં ઉન્મત્ત, લડખડાતી ચાલે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિખરેલા વાળવાળી અને ઓઢણીને વારંવાર ઉડાડતી પૌષધશાળામાં મહાશતક શ્રમણોપાસક પાસે આવી, આવીને મોહ તેમ જ ઉન્માદ-જનક, શૃંગાર આદિ દ્વારા સ્ત્રીભાવો પ્રદર્શિત કરતી મહાશતક શ્રમણોપાસકને કહેવા લાગી—'ઓ મહાશતક શ્રમણોપાસક ! તમે દેવાનુપ્રિય ! આ ધર્મ, પુણ્ય, સ્વર્ગ અથવા મોક્ષ મેળવીને શું પામશો ? જેના કારણે મારી સાથે મનુષ્ય જીવનના ઉત્તમ ભોગોપભોગો ભોગવતા નથી ?'

ત્યારે મહાશતક શ્રમણોપાસકે રેવતી ગાથા-પત્નીની આ વાતનો આદર ન કર્યો, તેને સમર્થન ન આપ્યું, પરંતુ ઉપેક્ષા તેમ જ ઉદાસીનતા પૂર્વક મૌન રહીને ધર્મસાધનામાં રત રહ્યો.

તત્પશ્ચાત્ રેવતી ગાથાપત્નીએ બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું.

ત્યારે તે મહાશતક શ્રમણોપાસકે રેવતી ગાથાપત્ની દ્વારા બીજી, ત્રીજી વાર પણ કહેવાયેલી આ વાત સાંભળીને ક્રોધિત, રુષ્ટ, કોપિત અને રૌદ્ર રૂપ ધારણ કરીને દાંત કચકચાવતા અવધિ-જ્ઞાનનો પ્રયોગ કર્યો, પ્રયોગ કરીને ઉપયોગ કર્યો અને ઉપયોગ કરીને રેવતી ગાથાપત્નીને આ પ્રમાણે કહ્યું—'ઓ અપ્રાર્થિતની પ્રાર્થના કરનારી, દુરંત-પ્રાંત લક્ષણવાળી, હીનપુણ્ય ચાતુ-ર્દશિક, શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિવિહીન રેવતી ! તું સાત રાત સુધીમાં અલસકરોગથી પીડિત થઈને વ્યથિત, દુઃખિત તથા વિવશ થઈને અશાંતિપૂર્વક મરણ સમયમાં મરીને આ અધો-લોકમાં રત્નપ્રભા પૃથ્વીના લોલુપાચ્યુત નરકમાં ચોર્યાશી હજાર વર્ષના આયુષ્યવાળા નારકોમાં નારક રૂપે ઉત્પન્ન થઈશ.'

પરંતુ હે ગૌતમ ! અંતિમ મરણાન્તિક સંલેખનાની આરાધનામાં તત્પર આહાર-પાણીનો ત્યાગ કરેલા—અનશનનો સ્વીકાર કરેલા શ્રમણોપાસકને બીજા માટે સત્ય, સત્યસ્વરૂપ, તથ્યાત્મક, સદ્ભૂત પરંતુ આવા અનિષ્ટ, અકાન્ત-અનુચિત, અસુંદર, અપ્રિય, અમનોજ્ઞ અને અમણામ (અણગમતા જેનો મન સ્વીકાર કરવા ન ઇચ્છે એવાં) વચનો બોલવા યોગ્ય નથી. તેથી હે દેવાનુપ્રિય ! તું જા અને મહાશતક શ્રમણોપાસકને આ પ્રમાણે કહે – 'અપશ્ચિમ મરણાન્તિક સંલેખનાની આરાધનામાં તત્પર, આહારપાણીનો ત્યાગ કરેલા શ્રમણોપાસકને બીજા માટે સત્ય, તત્ત્વરૂપ, તથાભૂત તેમજ સદ્રૂપ હોવા છતાં અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અમનોજ્ઞ અને અણગમતાં વચન બોલવાં યોગ્ય નથી. પરંતુ તમે દેવાનુપ્રિયે તો રેવતી ગાથાપત્નીને સત્ય, સત્ત્વરૂપ, તથ્યપૂર્ણ, સદ્ભૂત હોવા છતાં પણ અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અમનોજ્ઞ અને અણગમતાં વચનો કહ્યાં છે. તેથી તમે આ સ્થાનની—ધર્મ-પ્રતિકૂળ આચરણની આલો-ચના કરો, પ્રતિક્રમણ કરો, નિંદા કરો, ગર્હા કરો, ત્યાગ કરો, વિશુદ્ધિ કરો તથા આ અકરણીય કાર્યનું પ્રાયશ્ચિત્ત કરવા તત્પર થઈ તપઃકર્મ સ્વીકાર કરો.'

**ગૌતમનું મહાશતક સમક્ષ આગમન—**

૨૫૦. તત્પશ્ચાત્ ભગવાન ગૌતમે વિનયપૂર્વક શ્રમણ ભગવાન મહાવીરના આ કથનનો 'જેવી આપની આજ્ઞા' કહીને સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને તે ત્યાંથી નીકળ્યા અને નીકળીને રાજગૃહ નગરના મધ્યભાગમાંથી પસાર થતા જ્યાં મહાશતક શ્રમણોપાસકનું ઘર હતું, તેમાં જ્યાં શ્રમણો-પાસક હતો, ત્યાં પહોંચ્યા—તેની પાસે ગયા.

**મહાશતક કૃત ગૌતમ વંદન—**

૨૫૧. ત્યારે મહાશતક શ્રમણોપાસકે ભગવાન ગૌતમને પોતાની પાસે આવતા જોયા, જોઈને હર્ષિત, સંતુષ્ટ, આનંદિતચિત્ત, પ્રીતિમના, પરમ પ્રસન્ન તેમ જ હર્ષાતિરેકથી વિકસિત હૃદય થઈ ભગવાન ગૌતમને વંદન કર્યાં.

**મહાશતક સમક્ષ ગૌતમે કરેલું ભગવાનના પ્રાયશ્ચિત્ત કરવા રૂપ કથનનું નિરૂપણ—**

૨૫૨. તત્પશ્ચાત્ ભગવાન ગૌતમે મહાશતક શ્રમણો-પાસકને કહ્યું—'હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે આખ્યાત, ભાષિત, પ્રજ્ઞપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પ્રરૂપિત કર્યું છે કે અપશ્ચિમ મરણાન્તિક સંલેખનાની આરાધનામાં રત, આહાર-પાણીનો ત્યાગ કરેલા શ્રમણોપાસક માટે બીજા વિશે સત્ય, તત્ત્વ, તથ્ય તેમ જ સદ્‌રૂપ હોવા છતાં પણ અનિષ્ટ, અકાન્ત અપ્રિય, અમનોજ્ઞ, અમણામ વચન બોલવાં યોગ્ય નથી. પરંતુ હે દેવાનુપ્રિય! તેં રેવતી ગાથાપત્નીની માટે સત્ય, તત્ત્વ, તથ્ય અને સદ્‌રૂપ હોવા છતાં પણ અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને અમણામ વચનો કહ્યાં છે. તેથી હે દેવાનુપ્રિય! તું આ સ્થાન-પ્રતિકૂળ પ્રવૃત્તિની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા કર. તેનાથી નિવૃત્ત થા, તેનું શોધન પરિમાર્જન કર તથા આ અકરણીય કાર્ય માટે યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત કરવા ઉદ્યત થઈ, તપઃકર્મનો સ્વીકાર કર.'

**મહાશતક દ્વારા પ્રાયશ્ચિત્ત કરવું—**

૨૫૩. તત્પશ્ચાત્ તે મહાશતક શ્રમણોપાસકે ભગવાન ગૌતમના આ કથનનો 'આ પ્રમાણે જ થશે.' કહીને વિનયપૂર્વક સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને તે સ્થાનની આલોચના કરી, પ્રતિક્રમણા કરી, નિંદા કરી, ગર્હા કરી, તેનાથી નિવૃત્તિ લીધી, તેનું શુદ્ધિકરણ કર્યું, તથા અકરણીય કાર્ય માટે યથોચિત પ્રાયશ્ચિત્ત કરવા તત્પર થઈને તપઃકર્મનો સ્વીકાર કર્યો.

**ગૌતમનું પ્રતિનિષ્ક્રમણ—**

૨૫૪. તત્પશ્ચાત્ ભગવાન ગૌતમ મહાશતક શ્રમણોપાસક પાસેથી પાછા ફર્યા—રવાના થયા અને રાજગૃહનગરના મધ્ય ભાગમાંથી પસાર થઈને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા ત્યાં ગયા અને જઈને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમસ્કાર કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

**ભગવાને કરેલો જનપદવિહાર—**

૨૫૫. તત્પશ્ચાત્ કોઈ એક દિવસ શ્રમણ ભગવાન મહાવીરે રાજગૃહ નગરમાંથી પ્રસ્થાન કર્યું અને અન્ય બહારનાં જનપદોમાં વિચરવા લાગ્યા.

**મહાશતકની દેવલોકોત્પત્તિ અને તદનન્તર સિદ્ધિ-ગમન નિરૂપણ—**

૨૫૬. તત્પશ્ચાત્ તે મહાશતક શ્રમણોપાસક અનેક પ્રકારનાં શીલવ્રતો, ગુણવ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો અને પૌષધોપવાસોથી આત્માને ભાવિત કરી, વીસ વર્ષ સુધી શ્રમણોપાસક પર્યાયનું પાલન કરી, અગિયાર ઉપાસક પ્રતિમાઓની સમ્યક્ પ્રકારે આરાધના કરી, માસિક સંલેખના દ્વારા આત્માને શોધિત કરી, સાઠ ટંક ભોજનનો અનશન દ્વારા ત્યાગ કરી, આલોચના-પ્રતિક્રમણ કરી, મરણ સમયે સમાધિપૂર્વક મરણ પામી, સૌધર્મકલ્પના અરુણાવતંસક વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયો. ત્યાં તેનું આયુષ્ય ચાર પલ્યોપમ છે.

મહાવિદેહક્ષેત્રમાં તે સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

॥ મહાશતક ગાથાપતિ કથાનક સમાપ્ત ॥

## ૧૩ નંદિનીપિતા ગાથાપતિ કથાનક

**શ્રાવસ્તીમાં નંદિનીપિતા ગાથાપતિ—**

૨૫૭. તે કાળે, તે સમયે શ્રાવસ્તી નામની નગરી હતી. કોષ્ઠક નામનું ચૈત્ય હતું. ત્યાંના રાજાનું નામ જિતશત્રુ હતું.

તે શ્રાવસ્તી નગરીમાં ધનાઢ્ય યાવત્ અનેક લોકો વડે પણ પરાજિત ન થાય તેવો નંદિનીપિતા નામનો ગાથાપતિ રહેતો હતો.

તે નંદિનીપિતા ગાથાપતિની ચાર કરોડ સુવર્ણ મુદ્રાઓ કોષમાં સુરક્ષિત હતી, ચાર કરોડ સુવર્ણ મુદ્રાઓ વ્યાપાર-વ્યવસાયમાં પ્રયોજિત હતી અને ચાર કોટિ સુવર્ણ મુદ્રાઓ આભૂષણ આદિ ગૃહવ્યવહાર સંબંધી સાધન-સામગ્રીમાં રોકાયેલી હતી. તેની પાસે ચાર ગોકુલ હતાં અને એક-એક ગોકુલમાં દસ-દસ હજાર ગાયો હતી.

તે નંદિનીપિતા ગાથાપતિની પત્નીનું નામ અશ્વિની હતું, જે અખંડિત અને સંપૂર્ણ શરીર તેમ જ પાંચ ઇન્દ્રિયોવાળી યાવત્ મનુષ્ય સંબંધી કામ-ભોગો ભોગવતી વિચરતી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભગવાન મહાવીરનું સમવસરણ—**

૨૫૮. તે કાળે, તે સમયે સ્વામી શ્રમણ ભગવાન મહાવીર શ્રાવસ્તીમાં પધાર્યા.

પરિષદ દર્શનાર્થે ગઈ.

કોણિક રાજાની જેમ જિતશત્રુ રાજા પણ દર્શનાર્થે નીકળ્યો યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો.

**નંદિનીપિતાનું સમવસરણમાં ગમન અને ધર્મ-શ્રવણ—**

૨૫૯. તદનન્તર તે નંદિનીપિતા ગાથાપતિએ આ સમાચાર સાંભળીને કે 'શ્રમણ ભગવાન મહાવીર અનુક્રમે વિહાર કરતા કરતા ગામેગામ ફરતા, અહીં આવ્યા છે, પહોંચ્યા છે, સમવસૃત થયા છે, પધાર્યા છે અને શ્રાવસ્તી નગરીની બહાર કોષ્ઠક ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરીને સંયમ તેમ જ તપથી આત્માને ભાવિત કરતા વિરાજમાન છે.' ત્યારે તેણે 'હે દેવાનુપ્રિય! જ્યારે તથારૂપ અરિહંત ભગવંતોનાં નામ અને ગોત્ર વિશે સાંભળવું પણ મહા ફળદાયી છે તો તેમની સન્મુખ જઈ તેમને વંદન કરવાના, તેમને પ્રશ્નો પૂછવાના અને તેમની પર્યુપાસના કરવાના અવસરની તો શી વાત કરવી? જ્યારે આર્યધર્મ વિશે એક સુવચન સાંભળવું પણ આનંદની વાત છે, તો પછી વિપુલ અર્થ ગ્રહણ કરવાના અવસરની તો શી વાત કરવી? તેથી હું જાઉં અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરું, નમન કરું, તેમનો સત્કાર કરું, તેમને સન્માનું તેમ જ તે કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ તથા ચૈત્યરૂપની પર્યુપાસના કરું.' આમ વિચાર કર્યો, વિચાર કરીને સ્નાન કર્યું, બલિકર્મ, કૌતુક, મંગલ અને પ્રાયશ્ચિત્ત કર્યું અને પછી શુદ્ધ તથા સભાયોગ્ય માંગલિક વસ્ત્રો પહેરીને અને અલ્પભારવાળા, પરંતુ બહુમૂલ્ય આભૂષણોથી શરીરને અલંકૃત કરીને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને કોરંટ પુષ્પમાળાઓથી યુક્ત છત્રને ધારણ કરી જનસમૂહને સાથે લઈ પગપાળા શ્રાવસ્તી નગરીના મધ્યભાગમાંથી પસાર થઈ અને જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું, તેમાં પણ જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા, ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવાન મહાવીરની દક્ષિણ દિશાથી આરંભ કરી ત્રણ વાર પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને ન અતિ દૂર અને ન અતિ નિકટ પરંતુ યથોચિત સ્થાન પર ઊભો રહી ભગવાનની શુશ્રૂષા કરતો, નમસ્કાર કરતો સન્મુખ વિનયપૂર્વક અંજલિ રચીને પર્યુપાસના કરવા લાગ્યો.

તત્પશ્ચાત્ શ્રમણ ભગવાન મહાવીરે નંદિનીપિતા ગાથાપતિ અને તે વિશાળ પરિષદને યાવત્ ધર્મોપદેશ આપ્યો.

પરિષદ પાછી ફરી, રાજા પણ પાછો ફર્યો.

**નંદિનીપિતાની ગૃહીધર્મ પ્રતિપત્તિ—**

૨૬૦. તત્પશ્ચાત્ નંદિનીપિતા ગાથાપતિ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મોપદેશ સાંભળીને અને અવધારિત કરીને હર્ષિત, સંતુષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિ મનવાળો, પરમ સૌમ્ય માનસિક ભાવો સાથે અને હર્ષાતિરેકથી વિકસિત હૃદયવાળો થતો પોતાના સ્થાનેથી ઊભો થયો, ઊભા થઈને તેણે શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કરીને તે બોલ્યો 'હે ભદન્ત! હું નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા રાખું છું, હે ભગવન્! નિર્ગ્રન્થ પ્રવચન મને રુચિકર છે, હે ભગવન્! હું નિર્ગ્રન્થ પ્રવચન સાંભળવા ઉન્મુખ છું-તત્પર છું, હે ભગવન્! આ આ પ્રમાણે જ છે, હે ભદન્ત! આ વાત તથ્ય છે, આ વાત સત્ય છે, હે ભદન્ત! તે અસંદિગ્ધ-શંકારહિત છે, હે ભદન્ત! તે મને ઇચ્છનીય છે, હે ભદન્ત! પ્રતીચ્છિત (સ્વીકૃત) છે-જેમ તમે કહો છો. આપ દેવાનુપ્રિય પાસે જેવી રીતે અનેક રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુમ્બિક, ઇભ્ય, શેઠ, સેનાપતિ, સાર્થવાહ આદિ મુંડિત થઈ, ગૃહત્યાગ કરી અનગાર-ધર્મમાં પ્રવ્રજિત થયા છે, તે પ્રમાણે તો હું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुंडित थईने गृहस्थावस्थानो परित्याग करीने अनगारधर्ममां प्रव्रजित थवा समर्थ नथी, परंतु आप देवानुप्रिय पासे हुं पांच अणुव्रत, सात शिक्षाव्रतरूप बार प्रकारनो श्रावकधर्म ग्रहण करवा ईच्छुं छुं.'

नंदिनीपितानुं निवेदन सांभळीने भगवाने कह्युं—'हे देवानुप्रिय! जेमां तने सुख मळे, ते कर, परंतु विलंब न कर.'

तत्पश्चात् ते नंदिनीपिता गाथापतिए श्रमण भगवान महावीर पासे श्रावक धर्म अंगीकार कर्यो.

**भगवानने। जनपदविहार –**

२६१. तदनन्तर कोई एक दिवस श्रमण भगवान महावीर श्रावस्ती नगरी अने कोष्ठक चैत्यमांथी बहार नीकळ्या अने नीकळीने बहारना जनपदोमां विहार करवा लाग्या.

**नंदिनीपितानी श्रमणोपासकचर्या—**

२६२. तत्पश्चात् ते नंदिनीपिता श्रमणोपासक बनी गयो—जीवाजीव तत्त्वोनो ज्ञाता यावत् निर्ग्रन्थोने प्राशुक, एषणीय, अशन, पान, खाद्य, स्वाद्य, आहार, वस्त्र, पात्र, कंबल, पादप्रोंछन, औषधि, भैषज अने प्रातिहारिक पीठ, फलक, शैया, संस्तारकथी प्रतिलाभित करतो समय व्यतीत करवा लाग्यो.

**अश्विनीना श्रमणोपासिकाचर्या—**

२६३. तदनन्तर ते अश्विनी भार्या पण जीवाजीव आदि तत्त्वोनी जाणकार श्रमणोपासिका बनी गई यावत् श्रमण निर्ग्रन्थोने प्राशुक, एषणीय, अशन, पान, खाद्य, स्वाद्य आहार, वस्त्र, पात्र, कंबल, प्रादप्रोंछन, औषधि, भैषज अने प्रातिहारिक पीठ, फलक, शैया, संस्तारकथी प्रतिलाभित करती समय व्यतीत करवा लागी.

**नंदिनीपितानी धर्म-जागरिका—**

२६४. त्यार बाद ते नंदिनीपिता श्रमणोपासकनां अनेक शीलव्रतो, गुणव्रतो, विरमणो, प्रत्याख्यानो, पौषधोपवासो द्वारा आत्माने भावित करतां चौद वर्ष वीती गयां अने पंदरमुं वर्ष पण अडधुं पसार थई गयुं हतुं त्यारे कोई एक दिवस मध्यरात्रिना समये धर्माराधनमां जागरण करतां तेना मनमां आ प्रमाणेनो आध्यात्मिक, चिंतित, प्रार्थित मानसिक संकल्प उत्पन्न थयो के 'हुं श्रावस्ती नगरीमां घणा बधा राजाओ द्वारा यावत् सार्थवाह द्वारा पूछवा योग्य, सलाह लेवा योग्य छुं तथा स्वयं मारा कुटुंबमां पण मोभनी जेम (आधारभूत) यावत् कर्ता हतो छुं, परंतु आ विक्षेप—अडचणने कारणे श्रमण भगवान महावीर पासेथी अंगीकार करेली धर्मप्रज्ञप्ति-धर्मशिक्षाने अनुरूप आचरण करवामां समर्थ थतो नथी.'

२६५. तत्पश्चात् ते नंदिनीपिता श्रमणोपासके पोताना ज्येष्ठ पुत्र, मित्रो, ज्ञाति-बंधुओ, स्वजन-संबंधीओ अने परिचितजनो पासे अनुमति मागी, अनुमति लईने पोताना घरेथी नीकळ्यो, नीकळीने श्रावस्ती नगरीना मध्यभागमां पसार थई ज्यां पौषधशाळा हती, त्यां आव्यो, आवीने पौषधशाळानुं प्रमार्जन कर्युं, साफ करी, शौच तेम ज लघुशंकाना स्थाननी प्रतिलेखना करी, प्रतिलेखना करीने दर्भ-संस्तारक पाथर्युं, दर्भ-संस्तारक पाथरीने तेना उपर बेठो अने मणि-सुवर्ण आदिनां आभूषणो उतारीने, माळा, विलेपन आदि त्यागीने, मूसल आदि शस्त्रो दूर मूकीने पौषधशाळामां एकाकी बनी, ब्रह्मचर्यपूर्वक पौषधव्रत धारण करीने श्रमण भगवान महावीर पासेथी स्वीकार करेला धर्मप्रज्ञप्तिने अनुरूप साधनामां रत थई गयो.

**नंदिनीपितानी उपासक प्रतिमा प्रतिपत्ति—**

२६६. तत्पश्चात् नंदिनीपिता श्रमणोपासके पहेली उपासक प्रतिमानो स्वीकार कर्यो.

ते नंदनीपिता श्रमणोपासके ते पहेली उपासक प्रतिमाने यथाश्रुत, यथाकल्प, यथामार्ग-विधि प्रमाणे, यथातत्त्व-सिद्धांत प्रमाणे सम्यक् प्रकारे ग्रहण करी, तेनुं पालन कर्युं, तेनुं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શોધન કર્યું, ઉત્તીર્ણ-પૂર્ણ કરી તેને અભિનંદિત તેમજ આરાધિત કરી,

તત્પશ્ચાત્ તે નંદિનીપિતા શ્રમણોપાસક તે પ્રધાન, વિપુલ, પ્રયત્નસાધ્ય અને ગ્રહણ કરેલા તપઃકર્મને કારણે દુબળો થઈ ગયો, તેનું શરીર રૂક્ષ બની ગયું, માંસરહિત થઈ ગયું, માત્ર હાડકા અને ચામડી શેષ રહી ગઈ, હાડકા કડ-કડ અવાજ કરવા લાગ્યા, શરીર એટલું કૃશ-ક્ષીણ બની ગયું કે ઉપસી આવેલી નસો દેખાવા લાગી,

**નંદિનીપિતાએ કરેલું અનશન—**

૨૬૭. તત્પશ્ચાત્ કોઈ એક દિવસે મધ્યરાત્રિએ ધર્મજાગરણ કરતાં તે નંદિનીપિતા શ્રમણોપાસક-ને આ પ્રમાણેનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે 'હું આ અને આ પ્રમાણેના પ્રધાન-શ્રેષ્ઠ, વિસ્તૃત પ્રયત્ન-સાધ્ય અને ગ્રહણ કરેલા તપઃકર્મને કારણે શુષ્ક, રુક્ષ, નિર્માંસ બની ગયો છું, હાડકા તેમ જ ચામડી જ બચ્યાં છે, હાડકાં કડ-કડ અવાજ કરવા લાગ્યાં છે તથા ક્ષીણતાને કારણે શરીર પર નસો ઊપસી આવી છે, પરંતુ હજી પણ મારામાં ઉત્થાન-ઉત્સાહ કર્મ-તદનુરૂપ પ્રવૃત્તિ, બળ, વીર્ય, પુરુષકાર, પરાક્રમ, શ્રદ્ધા, ધૈર્ય, સંવેગ-મુમુક્ષુભાવ છે અને જ્યાં સુધી મારામાં ઉત્થાન-ધર્મોત્સાહ, કર્મ, બળ, વીર્ય, પુરુષાર્થ, શ્રદ્ધા, ધૃતિ, સંવેગ છે યાવત્ મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર જિનસુહસ્તી વિચરણ કરી રહ્યા છે, ત્યાં સુધી મારા માટે શ્રેયરૂપ છે કે કાલે રાત્રિ પ્રભાતરૂપે ફેરવાય યાવત્ સૂર્યનો ઉદય થયા પછી અને સહસ્રરશ્મિ દિનકર જાજવલ્યમાન તેજ સહિત પ્રકાશે પછી અપશ્ચિમ મરણાન્તિક સંલેખન-ઝૂસણાનો સ્વીકાર કરી, આહાર પાણી-નો ત્યાગ કરી, કાલથી જીવવાની ઈચ્છા ન રાખતા સમય વ્યતીત કરું.'

આ પ્રમાણેનો વિચાર કર્યો, વિચાર કરીને બીજા દિવસે રાત્રિ પ્રભાતરૂપે ફેરવાયા પછી યાવત્ સૂર્યોદય અને સહસ્રરશ્મિ દિનકર જાજવલ્યમાન તેજ સહિત પ્રકાશિત થયા પછી અંતિમ મરણાત્તિક સંલેખનાનો સ્વીકાર કરી, ભોજન-પાણીનો ત્યાગ કરી મરણની કામના ન કરતો ધર્મ-આરાધનામાં લીન બની ગયો.

**નંદિનીપિતાનું સમાધિમરણ, દેવલોકોત્પત્તિ અને તદનન્તર સિદ્ધિગમન નિરૂપણ—**

૨૬૮. તત્પશ્ચાત્ નંદિનીપિતા શ્રમણોપાસક અનેક-વિધ શીલવ્રત, ગુણવ્રત, વિરતિ, પૌષધોપવાસો દ્વારા આત્માને ભાવિત કરી, શુદ્ધ કરી વીસ વર્ષ સુધી શ્રમણોપાસક ધર્મનું પાલન કરી, માસિક સંલેખના દ્વારા આત્માને શુદ્ધ કરી, સાઠ ભોજનોનો અનશન દ્વારા ત્યાગ કરી, આલોચના પ્રતિક્રમણપૂર્વક મરણ સમયે મરણ પામી સૌધર્મકલ્પના અરુણ ગવ નામના વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયો. ત્યાં કોઈ-કોઈ દેવનું આયુષ્ય ચાર પલ્યોપમ કહેવાયું છે. નંદિનીપિતા દેવનું આયુષ્ય પણ ચાર પલ્યોપમ કહેવાયું છે.

'હે ભદન્ત! તે નંદિનીપિતા તે દેવલોકથી આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી ત્યાંથી ચ્યુત થઈ ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?' ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીર પાસે પોતાની જિજ્ઞાસા બતાવી.

ભગવાને કહ્યું—'હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે અને બધા દુઃખોનો અંત કરશે.'

॥ નંદિનીપિતા ગાથાપતિ કથાનક સમાપ્ત ॥

## ૧૪. લેતિકાપિતા ગાથાપતિ કથાનક

**શ્રાવસ્તીમાં લેતિકાપિતા ગાથાપતિ—**

૨૬૯. તે કાળે, તે સમયે શ્રાવસ્તી નામની નગરી હતી, ત્યાં કોષ્ઠક નામનું ચૈત્ય હતું અને ત્યાંના રાજાનું નામ જિતશત્રુ હતું.

તે શ્રાવસ્તી નગરીમાં લેતિકાપિતા નામે એક ગૃહસ્થ રહેતો હતો, જે ધનાઢ્ય યાવત્ અનેક લોકો વડે પણ પરાજય ન પામે તેવો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે લેતિકાપિતા ગાથાપતિના કોષમાં ચાર કરોડ સુવર્ણ મુદ્રાઓ સુરક્ષિત હતી, ચાર કરોડ સુવર્ણ મુદ્રાઓ વ્યાપારમાં પ્રયોજિત હતી અને ચાર કરોડ સુવર્ણ મુદ્રાઓ આભૂષણ આદિ રૂપે ગૃહસ્થીનાં સાધનોમાં રોકાયેલી હતી. તેની પાસે ચાર ગોકુળ હતા અને પ્રત્યેક ગોકુળમાં દસ-દસ હજાર ગાય હતી.

તે લેતિકાપિતા ગાથાપતિને ઘણા બધા રાજા યાવત્ સાર્થવાહ પોત-પોતાનાં કાર્યો માટે પૂછતા હતા, પરામર્શ કરતા હતા તથા પોતાનો કુટુંબ-નો પણ તે આધારભૂત યાવત્ બધાં કાર્યોમાં દેખરેખ રાખતો હતો.

તે લેતિકાપિતા ગાથાપતિની પત્નીનું નામ ફાલ્ગુની હતું, જે અખંડિત, શુભ લક્ષણો યુક્ત, પરિપૂર્ણ પાંચે ઇન્દ્રિયયુક્ત શરીરવાળી હતી યાવત્ મનુષ્ય સંબંધી વિષય ભોગો ભોગવતી સમય વ્યતીત કરતી હતી.

**ભગવાન મહાવીરનું સમવસરણ—**

૨૭૦. તે કાળે, તે સમયે ભગવાન મહાવીર સ્વામી (શ્રાવસ્તી નગરીમાં) પધાર્યા.

પરિષદા વંદનાર્થે ગઈ.

કોણિક રાજાની જેમ જિતશત્રુ રાજા પણ દર્શનાર્થે નીકળ્યો યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો.

**લેતિકાપિતાનું સમવસરણમાં ગમન અને ધર્મ-શ્રવણ—**

૨૭૧. તત્પશ્ચાત્ લેતિકાપિતા ગાથાપતિ એ આ વાત સાંભળી કે 'શ્રમણ ભગવાન મહાવીર પૂર્વાનુપૂર્વી ક્રમથી ગમન કરતા, ગામે-ગામ ફરતા અહીં આવ્યા છે, અહીં સમવસૃત થાય છે, પધાર્યા છે અને આ શ્રાવસ્તી નગરીની બહાર કોષ્ઠક ચૈત્યમાં યથા-પ્રતિરૂપ-સાધ્વોચિત અવગ્રહ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિરાજમાન છે.' ત્યારે તેણે 'હે દેવાનુપ્રિય! તથારૂપ અરિહંત ભગવંતોનાં નામ અને ગોત્ર સાંભળવા મળે તે પણ મહાફળદાયી છે, તો તેમની પાસે જઈને, તેમને વંદન-નમસ્કાર કરીને, તેમને પ્રશ્નો પૂછવા અને તેમની પર્યુપાસના કરવાના અવસરનું તો કહેવું જ શું? જો આર્ય ધર્મ વિષે એક સુવચન સાંભળવું પણ દુર્લભ છે, તો વિપુલ અર્થ ગ્રહણ કરવાના અવસર વિષે તો કહેવું જ શું? તો હે દેવાનુપ્રિય! હું જાઉં અને શ્રમણ ભગવાન મહાવીરની વંદના કરું, તેમને નમન કરું, તેમનો સત્કાર કરું, તેમને સન્માનું અને કલ્યાણરૂપ, મંગલરૂપ દેવરૂપ અને ચૈત્યરૂપ તેમની પર્યુપાસના કરું.'—એમ વિચાર કર્યો, વિચાર કરીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું તેમ જ કૌતુક, મંગલ અને પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ, સભાયોગ્ય, માંગલિક વસ્ત્રો પહેર્યાં તથા અલ્પ ભારવાળાં પરંતુ બહુમૂલ્ય આભૂષણોથી શરીરને અલંકૃત કરીને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને કોરંટ પુષ્પોની માળાયુક્ત છત્રને માથા પર ધારણ કરીને જનસમૂહને સાથે લઈને પગપાળા શ્રાવસ્તી નગરીની વચ્ચેથી પસાર થયો, પસાર થઈને જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું અને તેમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમસ્કાર કરીને અતિ દૂર કે અતિ નિકટ નહીં એવા યથાયોગ્ય સ્થાન પર સ્થિર થઈ શુશ્રૂષા કરતો, નમસ્કાર કરતો, વિનય-પૂર્વક સન્મુખ અંજલિ રચીને ભગવાનની પર્યુપાસના કરવા લાગ્યો.

તત્પશ્ચાત્ શ્રમણ ભગવાન મહાવીરે લેતિકા-પિતા ગાથાપતિ અને તે વિશાળ પરિષદને યાવત્ ધર્મોપદેશ આપ્યો.

પરિષદ વંદન કરી પાછી ફરી, રાજા પણ પાછો ફર્યો.

**લેતિકાપિતાની ગૃહીધર્મ-પ્રતિપત્તિ—**

૨૭૨. તદનન્તર શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મોપદેશ સાંભળીને અને હૃદયમાં ધારણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને હર્ષિત, સંતુષ્ટ, આનંદિતચિત્ત, પ્રીતિમના, પરમ પ્રસન્ન તેમ જ હર્ષવશાત્ વિકસમાન હૃદયવાળો થઈને તે લેતિકાપિતા ગાથાપતિ પોતાની જગ્યાએથી ઊભો થયો, ઊભો થઈને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે નિવેદન કર્યું-'હે ભદન્ત! હું નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા રાખું છું, હે ભદન્ત! હું નિર્ગ્રન્થ પ્રવચનમાં વિશ્વાસ કરું છું, હે ભદન્ત! નિર્ગ્રન્થ પ્રવચન મને ગમે છે, હે ભદન્ત! હું નિર્ગ્રન્થ પ્રવચન અંગીકાર કરવા માટે ઉદ્યત છું, હે ભદન્ત! એ એ પ્રમાણે જ છે, હે ભદન્ત! તે તથ્ય છે, હે ભદન્ત! તે સત્ય છે, હે ભદન્ત! તે અસંદિગ્ધ છે, હે ભદન્ત! તે મને ઈચ્છિત છે, હે ભદન્ત! મને પ્રતીચ્છિત છે, તે એ પ્રમાણે જ છે જેમ તમે પ્રરૂપિત કર્યું છે. પરંતુ આપ દેવાનુપ્રિય પાસે જેવી રીતે અનેક રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ સાર્થવાહ પ્રભૃતિ મુંડિત થઈ ગૃહસ્થાવસ્થાનો ત્યાગ કરીને અનગારિક પ્રવ્રજ્યા લઈ પ્રવ્રજિત થયા છે, તે પ્રમાણે મુંડિત થઈ ગૃહત્યાગ કરીને અનગાર દીક્ષા અંગીકાર કરવા હું સમર્થ નથી. તેથી આપ દેવાનુપ્રિય પાસે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારના શ્રાવકધર્મને અંગીકાર કરવા ઇચ્છું છું.'

ભગવાને કહ્યું, 'હે દેવાનુપ્રિય! જેમાં તને સુખ ઊપજે તેમ કર, પરંતુ પ્રતિબંધ-વિલંબ-પ્રમાદ ન કર.'

તત્પશ્ચાત્ તે લેતિકાપિતા ગાથાપતિએ શ્રમણ ભગવાન મહાવીર પાસે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો.

**ભગવાનનો જનપદ વિહાર—**

૨૭૩. તત્પશ્ચાત્ કોઈ એક દિવસ શ્રમણ ભગવાન મહાવીર શ્રાવસ્તી નગરી અને કોષ્ઠક ચૈત્યમાંથી બહાર નીકળ્યા અને નીકળીને બહારનાં જનપદોમાં વિચરણ કરવા લાગ્યા.

**લેતિકાપિતાની શ્રમણોપાસકચર્યા—**

૨૭૪. તદનન્તર તે લેતિકાપિતા શ્રમણોપાસક બની ગયો યાવત્ શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાશુક, એષણીય, અશન-પાન, ખાદ્ય-સ્વાદ્ય આહાર, વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ, ઔષધિ, ભૈષજ અને પડિહારી પીઠ, ફલક, શૈયા, સંસ્તારકથી પ્રતિલાભિત કરતો પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યો.

**ફાલ્ગુનીની શ્રમણોપાસિકાચર્યા—**

૨૭૫. તત્પશ્ચાત્ તે ફાલ્ગુની ભાર્યા જીવાજીવાદિ તત્ત્વોની જાણકાર શ્રમણોપાસિકા બની ગઈ યાવત્ શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાશુક, એષણીય, અશન પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન, વસ્ત્ર, ઉપધિ, કંબલ, પાદપ્રોંચ્છન, ઔષધિ, ભૈષજ તેમ જ પડિહારી પીઠ, ફલક, શૈયા, સંસ્તારકથી પ્રતિલાભિત કરતી વિચરવા લાગી.

**લેતિકાપિતાની ધર્મજાગરિકા—**

૨૭૬. તદનન્તર તે લેતિકાપિતા શ્રમણોપાસકે અનેક શીલવ્રત, ગુણવ્રત, વિરતિ, પ્રત્યાખ્યાન અને ઔષધોપવાસો આદિ દ્વારા આત્માનું પરિમાર્જન કરતાં ચૌદ વર્ષ વીતી ગયા અને પંદરમું વર્ષ ચાલી રહ્યું હતું ત્યારે કોઈ એક દિવસ મધ્યરાત્રિએ ધર્મજાગરણ કરતાં તેને આ પ્રમાણેનો આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત અને માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે 'શ્રાવસ્તી નગરીમાં ઘણા બધા રાજા યાવત્ સાર્થવાહ પોત-પોતાનાં કાર્યો માટે મને પૂછે છે, પરામર્શ કરે છે તથા સ્વયં મારા કુટુંબમાં હું મોભ જેવો—આધારભૂત કર્તાહર્તા છું, આ વિક્ષેપ-અડચણને કારણે શ્રમણ ભગવાન મહાવીર પાસેથી સ્વીકાર કરેલી ધર્મ-પ્રજ્ઞપ્તિ-ધર્મશિક્ષાને અનુકૂળ પ્રવૃત્તિ કરવામાં સમર્થ નથી થઈ શકતો.'

તત્પશ્ચાત્ તે લેતિકાપિતા શ્રમણોપાસકે જ્યેષ્ઠ પુત્ર, મિત્રો, જ્ઞાતિ બંધુઓ પોતાનાં સ્વજન સંબંધીઓ અને પરિચિતો પાસેથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુમતિ લીધી, અનુમતિ લઈને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને શ્રાવસ્તી નગરીના મધ્યભાગમાંથી પસાર થઈને પૌષધશાળામાં આવ્યો, આવીને પૌષધશાળાને સાફ કરી, સાફ કરીને ઉચ્ચાર-પ્રસ્રવણ (શૌચ-લઘુશંકા) ભૂમિની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને દર્ભ-શૈયા પાથરી, પાથરીને તેના પર બેઠો, બેસીને પૌષધશાળામાં બ્રહ્મચર્યપૂર્વક પૌષધિક થઈને તથા મણિ-સુવર્ણ આદિનાં આભૂષણોનો ત્યાગ કરીને, માળા, વિલેપન આદિ છોડીને, મૂશલ આદિ શસ્ત્રોનો ત્યાગ કરી, એકાકી થઈ દર્ભ-સંસ્તારક પર સ્થિર થઈ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી અંગીકાર કરેલી ધર્મશિક્ષાની સાધનામાં રત બની રહ્યો.

**લેતિકાપિતાની ઉપાસક પ્રતિમા-પ્રતિપત્તિ—**

૨૭૭. તત્પશ્ચાત્ તે લેતિકાપિતા શ્રમણોપાસક પહેલી ઉપાસક પ્રતિમાનો સ્વીકાર કરીને વિચરવા લાગ્યો.

તે લેતિકાપિતા શ્રમણોપાસકે તે પહેલી ઉપાસક પ્રતિમાને યથાશ્રુત, યથાકલ્પ, યથામાર્ગ સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી, તેનું પાલન કર્યું, શોધન કર્યું, તેને ઉત્તીર્ણ-પૂર્ણ કરી, તેનું અભિનંદન કર્યું અને આરાધના કરી.

તત્પશ્ચાત્ તે લેતિકાપિતા શ્રમણોપાસકે બીજી ઉપાસક પ્રતિમાને પણ ગ્રહણ કરી અને આ પ્રમાણે ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી અને અગિયારમી ઉપાસક પ્રતિમાને યથાશ્રુત, યથાકલ્પ-મર્યાદા અનુસાર, યથામાર્ગ-વિધિને અનુરૂપ, યથાતત્ત્વ-સિદ્ધાંત અનુસાર સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી, તેનું કિર્તન કર્યું અને આરાધન કર્યું.

જેના કારણે તે લેતિકાપિતા શ્રમણોપાસક તે ઉદાર-પ્રધાન વિપુલ પ્રયત્નપૂર્વક ગ્રહણ કરેલા તપઃકર્મને કારણે દૂબળો થઈ ગયો, તેના શરીર પર માંસ ન રહ્યું, અસ્થિપિંજર જેવો થઈ ગયો, તેનાં હાડકાં કડ-કડ અવાજ કરવા લાગ્યાં, શરીર ક્ષીણ થઈ ગયું, ઊપસી આવેલી નસો દેખાવા લાગી.

**લેતિકાપિતાનું અનશન—**

૨૭૮. તત્પશ્ચાત્ કોઈ એક દિવસ મધ્યરાત્રિએ ધર્મ-જાગરણ કરતાં તે લેતિકાપિતા શ્રમણોપાસકને આ પ્રમાણેનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે 'હું આ પ્રમાણે શ્રેષ્ઠ, વિપુલ, પ્રયત્નસાધ્ય અને ગ્રહણ કરેલા તપઃકર્મને કારણે શુષ્ક, રુક્ષ થઈ ગયો છું, શરીરમાં માંસ નથી રહ્યું, હાડકાં અને ચામડી શેષ બચ્યાં છે, હાડકાં કડ-કડ અવાજ કરવા લાગ્યાં છે અને એટલી કૃશતા આવી ગઈ કે ઊપસી આવેલી નસો દેખાવા લાગી છે, તો પણ મારામાં હજી ઉત્થાન-ધર્મોત્સાહ, કર્મ-પ્રવૃત્તિ, બળ-શારીરિક બળ, આત્મશક્તિ અને પુરુષકાર પરાક્રમ તથા શ્રદ્ધા, ધૃતિ, સંવેગભાવ વિદ્યમાન છે. તો જ્યાં સુધી મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાર્થ, શ્રદ્ધા, ધૈર્ય, સંવેગભાવ છે યાવત્ મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર જિન સુહસ્તી વિચરણ કરી રહ્યા છે ત્યાં સુધી મારા માટે શ્રેયસ્કર છે કે કાલે રાત પ્રભાત રૂપે ફેરવાયા પછી, સૂર્યનો ઉદય થયા પછી અને સહસ્રરશ્મિ દિનકર જાજ્વલ્યમાન તેજસહિત પ્રકાશિત થયા પછી અંતિમ મરણાન્તિક સંલેખના ઝૂસણાનો સ્વીકાર કરી, ભોજન-પાણીનો ત્યાગ કરીને મરણની આકાંક્ષા ન કરતાં સમય વ્યતીત કરું.' આમ વિચાર કર્યો અને વિચાર કરીને બીજા દિવસે રાત્રિ પ્રભાતરૂપે પરિવર્તિત થયા પછી, સૂર્યનો ઉદય અને જાજ્વલ્યમાન તેજસહિત સહસ્રરશ્મિ દિનકરના પ્રકાશિત થયા પછી અપશ્ચિમ મરણાન્તિક સંલેખના ઝૂસણાનો સ્વીકાર કરીને ભોજન-પાણીનો ત્યાગ કરીને મરણની આકાંક્ષા ન કરતો તે વિચરવા લાગ્યો.

**લેતિકાપિતાનું સમાધિમરણ, દેવલોકોત્પત્તિ અને તદન્તર સિદ્ધિગમન નિરૂપણ—**

૨૭૯. તત્પશ્ચાત્ તે લેતિકાપિતા શ્રમણોપાસકે અનેક શીલવ્રતો, ગુણવ્રતો, વિરમણો, પ્રત્યાખ્યાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પૌષધોપવાસો વડે આત્માને પરિમાર્જિત-શુદ્ધ કરી, વીસ વર્ષ સુધી શ્રમણોપાસક પર્યાયનું પાલન કરી, એક માસની સંલેખના દ્વારા આત્માને શુદ્ધ કરી, સાઠ ટંકનાં ભોજનનો અનશન દ્વારા ત્યાગ કરી, આલોચના, પ્રતિક્રમણ કરી સમાધિપૂર્વક મરણ સમયે મરણ પામીને સૌધર્મ કલ્પના અરુણકીલ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયો. ત્યાં કોઈ કોઈ દેવની ચાર પલ્યોપમ સ્થિતિ હોય છે. લેતિકાપિતા દેવની પણ ચાર પલ્યોપમની સ્થિતિ નિરૂપવામાં આવી છે.

ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછયું-"હે ભદન્ત! તે લેતિકાપિતા દેવ આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી તે દેવલોકથી ચ્યુત થઈને કયાં જશે? કયાં ઉત્પન્ન થશે?"

ભગવાને ઉત્તર આપ્યો-'હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે, બધાં દુઃખોનો અંત કરશે.'

॥ લેનિકાપિતા ગાથાપતિ કથાનક સમાપ્ત ॥

## ૧૫. ઋષિભદ્રપુત્રાદિ શ્રમણોપાસક

### આલભિકાના ઋષિભદ્રપુત્રાદિ શ્રમણોપાસકો—

૨૮૦. તે કાળે, તે સમયે આલભિકા નામે નગરી હતી—વર્ણન. શંખવન નામે ચૈત્ય હતું—વર્ણન. તે આલભિકા નગરીમાં ઋષિભદ્રપુત્ર પ્રમુખ ઘણા શ્રમણોપાસકો રહેતા હતા. તેઓ ધનિક—યાવત્—કોઈથી પરાભવ ન પામે તેવા અને જીવાજીવ તત્ત્વને જાણનારા હતા—યાવત્—યથાવિધિ તપકર્મને ગ્રહણ કરી આત્માને ભાવિત કરતા વિહરી રહ્યા હતા.

### દેવ-સ્થિતિ વિષયક વિવાદ—

૨૮૧. ત્યારબાદ કોઈ એક દિવસે એકત્ર મળેલા, એકઠા થયેલા અને બેઠેલા તે શ્રમણોપાસકોનો આ આવા પ્રકારનો વાર્તાલાપ થયો—'હે આર્ય! દેવલોકમાં દેવોની કેટલા કાળ સુધી સ્થિતિ કહી છે?'

ત્યારબાદ દેવસ્થિતિ સંબંધે સત્ય હકીકત જાણનાર ઋષિભદ્રપુત્રે તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું-'હે આર્ય! દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની કહી છે, ત્યાર પછી એક સમય અધિક, બે સમય અધિક, ત્રણ સમય અધિક—યાવત્—દશ સમય અધિક, સંખ્યાત સમય અધિક, અસંખ્ય સમયાધિક કરતાં કરતાં ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહી છે. ત્યાર પછી દેવો અને દેવલોક વ્યુચ્છિન્ન થાય છે. અર્થાત્ તેનાથી ઉપરની સ્થિતિના દેવો અને દેવલોક નથી.'

ત્યાર પછી એ પ્રમાણે કહેતા યાવત્-પ્રરૂપણા કરતાં, તે શ્રમણોપાસકો ઋષિભદ્રપુત્ર શ્રમણોપાસકના આ કથનની શ્રદ્ધા કરતા નથી, પ્રતીતિ કરતા નથી અને રુચિ કરતા નથી પરંતુ અશ્રદ્ધા, અપ્રતીતિ અને અરુચિ બતાવી તેઓ જે દિશાથી આવ્યા હતા તે જ દિશા તરફ પાછા ગયા.

### ભગવાન મહાવીરનું પદાર્પણ—

૨૮૨ તે કાળે અને તે સમયે શ્રમણ ભગવંત મહાવીર સ્વામી-યાવત્-સમવસર્યા, યાવત્ પરિષદ પર્યુપાસના-સેવા કરવા લાગી. ત્યારબાદ તે શ્રમણોપાસકોએ આ વૃત્તાન્ત સાંભળી, હર્ષિત અને સંતુષ્ટ થઈને એક બીજાને બોલાવ્યા અને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! વાત એમ છે કે શ્રમણ ભગવાન મહાવીરસ્વામી - યાવત્ - આલભિકા નગરીમાં યથાપ્રતિરૂપ અવગ્રહને ગ્રહણ કરી સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિહરી રહ્યા છે.

હે દેવાનુપ્રિય! તથારૂપ અરિહંત ભગવંતોના નામ અને ગોત્રને સાંભળવાથી જો મહાફળ પ્રાપ્ત થાય છે, ત્યારે હે આયુષ્મન્! તેમની પાસે જવાથી, તેમને વંદન નમન કરવાથી, તેમને પ્રશ્ન પૂછવાથી અને તેમની પર્યુપાસના કરવાના ફળની તો વાત જ શું કરવી? જ્યારે ધર્માચાર્ય ભગવંતોનું એક સુવચન સાંભળવાથી મંગલ રૂપ ફળની પ્રાપ્તિ સંભવિત છે તો તેમના દ્વારા કહેવાયેલા વિપુલ અર્થને ગ્રહણ કરવાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયમાં તો કહેવું જ શું પડે? એટલા માટે હે દેવાનુપ્રિયો! આપણે બધા જઈએ અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કરીએ, તેમનો સત્કાર-સન્માન કરીએ અને કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ અને ચૈત્યરૂપ એવા તેમની પર્યુપાસના કરીએ-સેવા કરીએ.'

'આ બધું-વંદન-નમસ્કાર કરવાં તે પરભવ અને આ ભવમાં પણ હિતને માટે છે, સુખને માટે છે, ક્ષાન્તિ-શાન્તિને માટે છે અને જન્મ-જન્માન્તરમાં નિશ્રેયસ-પરમ કલ્યાણ પ્રાપ્તિ માટે કારણરૂપ થશે'-આ પ્રમાણે વિચાર કરી આપસમાં એક બીજાએ આ વાતનો સ્વીકાર કરી, પોતપોતાના ઘરની તરફ ચાલવા લાગ્યા. ઘરે આવી સ્નાન કરી, બલિકર્મ કરી અને મંગલરૂપ કૌતુક કરી, પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ સભા-પ્રવેશોચિત, મંગલરૂપ ઉત્તમ વસ્ત્રો પહેર્યાં અને અલ્પ છતાં મહામૂલ્યવાન આભૂષણોથી શરીરને અલંકૃત કરી પોતપોતાને ઘરેથી નીકળ્યા, નીકળીને એક સ્થાન પર એકઠા થયા, એકઠા મળીને ચાલતા જ આલભિકા નગરીની વચ્ચોવચથી પસાર થઈ જ્યાં શંખવન ચૈત્યમાં શ્રમણ ભગવંત મહાવીર બિરાજી રહ્યા હતા ત્યાં આવ્યા અને શ્રમણ ભગવંત મહાવીરની યાવત્-ત્રણ વાર પ્રદક્ષિણા કરી યાવત્ તુંગિયા નગરીના શ્રાવકોના ઉદ્દેશ અનુસાર - યાવત્ - પર્યુપાસના - સેવા કરવા લાગ્યા. ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીરે તે શ્રમણોપાસકોને તથા અત્યન્ત મોટી તે પર્ષદાને ધર્મકથા કહી-યાવત્-તેઓ આજ્ઞાના આરાધક થયા.

**મહાવીર દ્વારા સમાધાન—**

૨૮૩. ત્યાર પછી તે શ્રમણોપાસકો શ્રમણ ભગવંત મહાવીર પાસેથી ધર્મને સાંભળી, અવધારી, હર્ષિત અને સંતુષ્ટ થયા, અને પોત-પોતાના સ્થાનેથી ઊભા થઈ શ્રમણ ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું—

'હે ભદન્ત! ઋષિભદ્રપુત્ર શ્રમણોપાસક અમને આ પ્રમાણે કહે છે-યાવત્-પ્રરૂપે છે કે, 'હે આર્ય! દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની કહી છે, અને તે પછી એક સમય અધિક-યાવત્-ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની કહી છે, અને ત્યાર બાદ દેવો અને દેવલોક વ્યુચ્છિન્ન થાય છે.'

'તો હે ભગવન્! તે એ પ્રમાણે કેવી રીતે હોય?'

'હે આર્યો!' એ પ્રમાણે સંબોધિત કરી શ્રમણ ભગવંત મહાવીરે તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું—

'હે આર્યો! ઋષિભદ્રપુત્ર શ્રમણોપાસક જે તમને આ પ્રમાણે કહે છે-યાવત્-પ્રરૂપે છે કે -'દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે, અને તે પછી એક સમય અધિક યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની કહી છે અને પછી દેવો અને દેવલોક વ્યુચ્છિન્ન થાય છે.' એ વાત સાચી છે-યથાર્થ છે.

હે આર્યો! હું પણ એ જ પ્રમાણે કહું છું-યાવત્-પ્રરૂપું છું, કે આર્યો! દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે અને ત્યાર બાદ એક સમય અધિક, બે સમય અધિક, ત્રણ સમય અધિક, યાવત્-સંખ્યાત સમયાધિક, અસંખ્યાત સમયાધિક કરતાં કરતાં, વધતાં-વધતાં ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહી છે-હોય છે. ત્યાર બાદ દેવ અને દેવલોક વ્યુચ્છિન્ન થઈ જાય છે-આ કથન સત્ય છે."

ત્યારબાદ તે શ્રમણોપાસકો શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી એ વાત સાંભળી અને અવધારી શ્રમણ ભગવંત મહાવીરને વંદી, નમી, જ્યાં ઋષિભદ્રપુત્ર શ્રમણોપાસક હતા ત્યાં આવ્યા. આવીને ઋષિભદ્રપુત્ર શ્રમણોપાસકને વંદન, નમસ્કાર કરીને તે અર્થને માટે (સત્ય વાતને ન માનવારૂપ અપરાધને માટે) સમ્યક્ પ્રકારથી સારી રીતે વિનયપૂર્વક વારંવાર ક્ષમા માંગી. ત્યાર બાદ તે શ્રમણોપાસકોએ તેમને પ્રશ્નો પૂછ્યા, અને પૂછી અર્થને ગ્રહણ કર્યો, ગ્રહણ કરી શ્રમણ ભગવંત મહાવીરને વાંદી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમી જે દિશામાંથી આવ્યા હતા પાછા તે જ દિશા તરફ ગયા.

**ઋષિભદ્રપુત્ર વિષયક ગૌતમના પ્રશ્ન અને મહાવીરનો ઉત્તર—**

૨૮૪. 'હે ભગવન્!' એ પ્રમાણે કહી ભગવાન ગૌતમે શ્રમણ ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કર્યા અને આ પ્રમાણે કહ્યું—

'હે ભદન્ત! શ્રમણોપાસક ઋષિભદ્રપુત્ર શું આપ દેવાનુપ્રિય પાસે મુંડિત થઈ ગૃહ-ત્યાગ કરી અનગાર પ્રવ્રજ્યા ધારણ કરવાને સમર્થ છે?'

ભગવાને ઉત્તર આપ્યો—'હે ગૌતમ! આ વાત યથાર્થ નથી; પરંતુ તે શ્રમણોપાસક ઋષિભદ્રપુત્ર ઘણાં શીલવ્રત, ગુણવ્રત, વિરમણ-વ્રત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસો વડે તથા યથાયોગ્ય સ્વીકારેલ તપકર્મ વડે આત્માને ભાવિત કરતાં ઘણાં વરસો સુધી શ્રમણો-પાસક પર્યાયને પાળી માસિક સંલેખના વડે આત્માને શુદ્ધ કરી સાઠ ભક્ત—ભોજનનો ત્યાગ કરી, આલોચના અને પ્રતિક્રમણ કરી, સમાધિને પ્રાપ્ત કરી મરણ સમયે કાળ કરી સૌધર્મકલ્પમાં અરુણાભ નામે વિમાનમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાં કેટલાક દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે; તેમાં ઋષિભદ્રપુત્ર દેવની પણ ચાર પલ્યોપમની સ્થિતિ થશે.'

ગૌતમ સ્વામીએ પુનઃ પ્રશ્ન પૂછ્યો—'હે ભગવન્! આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા બાદ તે ઋષિભદ્ર પુત્ર દેવ તે દેવલોકથી ચ્યુત થઈ ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે?'

'હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધપદ પામશે—યાવત્ સર્વ દુઃખોનો અન્ત કરશે.'

'હે ભગવન્! તે એમ જ છે, હે ભદન્ત! તે એમ જ છે. એમ કહી ભગવાન ગૌતમ-યાવત્—આત્માને ભાવિત કરતા વિહરવા લાગ્યા.

ત્યારબાદ શ્રમણ ભગવંત મહાવીર અન્ય કોઈ એક દિવસે આલભિકા નગરીથી અને શંખવન નામે ચૈત્યથી નીકળી બહારના દેશોમાં વિહરવા લાગ્યા.

**ઋષિભદ્રપુત્રાદિ શ્રમણોપાસક કથાનક સમાપ્ત.**

## ૧૬. શંખ અને પુષ્કલી શ્રમણોપાસક

**શ્રાવસ્તીમાં શંખ અને પુષ્કલી—**

૨૮૫. તે કાળે, તે સમયે શ્રાવસ્તી નામની નગરી હતી. વર્ણન. કોષ્ઠક નામે ચૈત્ય હતું. વર્ણન. તે શ્રાવસ્તી નગરીમાં શંખપ્રમુખ ઘણા શ્રમણો-પાસકો રહેતા હતા. તેઓ ધનિક—યાવત્ અપ-રિભૂત—કોઈથી પરાભવ ન પામે તેવા, જીવાજીવ તત્ત્વને જાણનારા—યાવત્—યથાવિધિ તપકર્મને ગ્રહણ કરી આત્માને ભાવિત કરતા વિહરતા હતા.

તે શંખ શ્રમણોપાસકને ઉત્પલા નામે પત્ની હતી, તે સુકુમાર હાથપગવાળી—યાવત્—સુરૂપ અને જીવાજીવ તત્ત્વને જાણનારી શ્રમણો-પાસિકા હતી—યાવત્—

તે શ્રાવસ્તી નગરીમાં પુષ્કલી નામે શ્રમણો-પાસક રહેતો હતો જે ધનાઢ્ય—યાવત્—અપ-રિભૂત હતો તથા જીવાજીવ તત્ત્વનો જ્ઞાતા—યાવત્—યથારૂપ અંગીકૃત તપોકર્મથી આત્માને ભાવિત કરતો વિચરતો હતો.

**ભગવાન મહાવીરનું પદાર્પણ—**

૨૮૬. તે કાળે, તે સમયે ત્યાં મહાવીર સ્વામી સમવસર્યા. પરિષદ નીકળી—યાવત્—પર્યુપાસના કરવા લાગી. ત્યારબાદ તે શ્રમણોપાસકો ભગવંત આવ્યાની આ વાત સાંભળી આલભિકા નગરીના શ્રાવકોની પેઠે—યાવત્—પર્યુપાસના કરવા લાગ્યા, ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીરે તે શ્રમણોપાસકોને તથા તે અત્યંત મોટી સભાને ધર્મોપદેશ સંભળાવ્યો—યાવત્—પરિષદ પાછી ફરી.

ત્યારબાદ તે શ્રમણોપાસકોએ શ્રમણ ભગવંત મહાવીર પાસેથી ધર્મ સાંભળી, અવધારી અને હૃષ્ટ-તુષ્ટ થઈ શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને પ્રશ્નો પૂછ્યા, પ્રશ્નો પૂછીને તેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થોને ગ્રહણ કર્યા, અર્થને ગ્રહણ કરી પોત-પોતાના સ્થાન પરથી ઊભા થયા અને ઊઠીને શ્રમણ ભગવંત મહાવીર પાસેથી અને કોષ્ઠક નામે ચૈત્યથી નીકળ્યા, નીકળીને જે બાજુ શ્રાવસ્તી નગરી હતી તે તરફ ચાલવા લાગ્યા.

**શંખનો પૌષધ—**

૨૮૭. ત્યાર પછી તે શંખ નામે શ્રમણોપાસકે એ બધા શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે પુષ્કળ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહાર તૈયાર કરાવો, પછી આપણે પુષ્કળ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહારનો આસ્વાદ લેતાં, વિશેષ સ્વાદ લેતાં, પરસ્પર દેતાં અને ખાતાં પાક્ષિક પૌષધનું અનુપાલન કરતાં વિહરીશું.' ત્યાર પછી તે શ્રમણોપાસકોએ શંખ શ્રમણોપાસકનું વચન વિનયપૂર્વક સ્વીકાર્યું.

ત્યારબાદ તે શંખ શ્રમણોપાસકને આવા પ્રકારનો આ માનસિક વિચાર–યાવત્–સંકલ્પ ઉત્પન્ન થયો, 'મારા માટે આ વિપુલ અશન–યાવત્–સ્વાદિમ આહારનો આસ્વાદ લેતાં, વિસ્વાદ લેતાં પરસ્પર આપતાં અને ખાતાં પાક્ષિક પૌષધને ગ્રહણ કરીને રહેવું શ્રેયસ્કર નથી, પણ મારી પૌષધશાલામાં બ્રહ્મચર્યપૂર્વક, મણિ અને સુવર્ણનો ત્યાગ કરી માળા, ઉદ્વર્તન અને વિલેપનને છોડી, શસ્ત્ર અને મૂસલ વગેરેને મૂકીને તથા ડાભના સંથારા સહિત મારે એકલાને – બીજાની સહાય વગર –પૌષધનો સ્વીકાર કરી વિહરવું શ્રેયસ્કર છે.' એમ વિચારી, શ્રાવસ્તી નગરીમાં જ્યાં પોતાનું ઘર હતું અને જ્યાં ઉત્પલા શ્રમણોપાસિકા રહેતી હતી, ત્યાં આવ્યો અને ઉત્પલા શ્રમણોપાસિકાને પૂછી, જ્યાં પૌષધશાળા હતી ત્યાં જઈ પૌષધશાળામાં પ્રવેશ કરી, પૌષધશાળાને પ્રમાર્જી, શૌચ અને લઘુશંકા કરવાની જગ્યાને પ્રતિલેખી–તપાસીને, ડાભનો સંથારો પાથરી તેના ઉપર બેઠો, બેસીને પૌષધશાળામાં પૌષધ-ગ્રહણ કરી બ્રહ્મચર્યપૂર્વક–યાવત્–પાક્ષિક પૌષધનું પાલન કરતો વિહરવા લાગ્યો.

**શંખના કથનાનુસાર શ્રાવસ્તીના શ્રમણોપાસકો દ્વારા પૌષધહેતુ વિપુલ અશનાદિકરણ—**

૨૮૮. ત્યાર બાદ તે શ્રમણોપાસકો શ્રાવસ્તી નગરીમાં પોતપોતાને ઘેર આવ્યા, આવીને તેઓએ પુષ્કળ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહારને તૈયાર કરાવી પરસ્પર એકબીજાને બોલાવી આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! વાત એમ છે કે આપણે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહાર તૈયાર કરાવ્યો છે પરંતુ હજુ સુધી શંખ શ્રમણોપાસક આવ્યા નથી એટલા માટે હે દેવાનુપ્રિયો ! આપણા માટે શંખ શ્રમણોપાસકને બોલાવવા શ્રેયસ્કર થશે.'

**અશનાદિ ભોગાર્થે પુષ્કલીનું શંખને નિમંત્રણ—**

૨૮૯. ત્યાર બાદ પુષ્કલી શ્રમણોપાસકે તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! આપ શાંતિપૂર્વક વિશ્રામ કરો, અને હું શંખ શ્રમણોપાસકને બોલાવું છું.' એમ કહી તે શ્રમણોપાસકોની પાસેથી નીકળી શ્રાવસ્તી નગરીના મધ્ય ભાગમાંથી ચાલતો જ્યાં શંખ શ્રમણોપાસકનું ઘર હતું ત્યાં આવ્યો અને શંખ શ્રમણોપાસકના ઘરમાં પ્રવેશ કર્યો.

પછી તે ઉત્પલા શ્રમણોપાસિકા તે પુષ્કલી શ્રમણોપાસકને આવતો જોઈ હર્ષિત અને સંતુષ્ટ થઈ પોતાના આસન પરથી ઊઠી, સાત–આઠ પગલાં તેની સામે જઈ પુષ્કલી શ્રમણોપાસકને વાંદી અને નમી આસન વડે ઉપનિમંત્રણ કર્યા બાદ આ પ્રમાણે બોલી—

'હે દેવાનુપ્રિય ! આપના આગમનનું પ્રયોજન કહેશો ?'

ત્યારે તે પુષ્કલી શ્રમણોપાસકે તે ઉત્પલા શ્રમણોપાસિકાને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયે ! શંખ શ્રમણોપાસક ક્યાં છે ?'

ત્યારે તે ઉત્પલા શ્રમણોપાસિકાએ તે પુષ્કલી શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે દેવાનુપ્રિય ! શંખ શ્રમણોપાસક પૌષધ-શાલામાં પોષધ ગ્રહણ કરી બ્રહ્મચારી થઈને—યાવત્—વિહરે છે.'

ત્યારબાદ પુષ્કલી શ્રમણોપાસક પૌષધશાળામાં શંખ શ્રમણોપાસક પાસે આવ્યો, આવીને ગમનાગમન સંબંધી પ્રતિક્રમણ કરી શંખ શ્રમણોપાસકને વંદન–નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યો—

'હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે અમે પુષ્કળ પરિમાણમાં અશન—યાવત્—સ્વાદિમ ભોજન બનાવડાવ્યાં છે એટલા માટે હે દેવાનુપ્રિય ! આપ પણ આવો અને વિપુલ અશન—યાવત્-સ્વાદિમ ભોજનનો આસ્વાદ લેતાં—યાવત્—પૌષધવ્રતનું પાલન કરતાં આપણે વિહરીએ.'

**શંખ દ્વારા નિષેધ—**

૨૯૦. ત્યારે શંખ શ્રમણોપાસકે તે પુષ્કલી શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! પુષ્કળ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહારનો આસ્વાદ લેતાં યાવત્-પૌષધવ્રતનું પાલન કરી વિહરવું મને યોગ્ય નથી, મને તો પૌષધશાલામાં પૌષધયુક્ત થઈને-યાવત્—પાક્ષિક પૌષધનું અનુપાલન કરતાં વિહરવું યોગ્ય છે. તેટલા માટે હે દેવાનુપ્રિય ! તમે લોકો ઈચ્છા અનુસાર તે વિપુલ અશન—યાવત્-સ્વાદિમ ભોજનનો આસ્વાદ લેતા—યાવત્—પાક્ષિક પૌષધનું પાલન કરતા વિહરો.'

**અન્ય શ્રમણોપાસકો દ્વારા પૌષધ નિમિત્ત અશનાદિનો ભોગ—**

૨૯૧. ત્યારબાદ તે પુષ્કલી શ્રમણોપાસક શંખ શ્રમણોપાસક પાસેથી, પૌષધશાળામાંથી બહાર નીકળી શ્રાવસ્તી નગરીના મધ્યભાગમાં થઈ જ્યાં તે અન્ય શ્રમણોપાસકો હતા ત્યાં આવ્યો. અને આવીને તે શ્રમણોપાસકોને આ પ્રમાણે બોલ્યો—

'હે દેવાનુપ્રિયો ! પૌષધશાળામાં તે શંખ શ્રમણોપાસક પૌષધ વ્રત ગ્રહણ કરી—યાવત્ વિહરી રહ્યા છે. એટલા માટે હે દેવાનુપ્રિયો ! તમે ઈચ્છા મુજબ વિપુલ અશન—યાવત્—સ્વાદિમ ભોજનનો આસ્વાદ લેતાં—યાવત્ પાક્ષિક પૌષધ સંબંધી પ્રતિ જાગરણ કરતાં વિહરો, શંખ શ્રમણોપાસક તો શીઘ્ર નહીં આવી શકે.'

ત્યાર બાદ તે શ્રમણોપાસકો તે વિપુલ અશન, પાન, સ્વાદિમ અને ખાદિમ આહારનો આસ્વાદ લેતાં—યાવત્—વિહરવા લાગ્યા.

**શંખ દ્વારા પારણાર્થ ભગવાન મહાવીરની પર્યુપાસના—**

૨૯૨. ત્યારબાદ મધ્યરાત્રિના સમયે ધર્મજાગરણ કરતાં તે શંખ શ્રમણોપાસકને આવા પ્રકારનો વિચાર—યાવત્—આધ્યાત્મિક સંકલ્પ ઉત્પન્ન થયો, 'આવતી કાલે રાત્રિનું પ્રભાત રૂપમાં પરિવર્તન થતાં—યાવત્—સૂર્યોદય પછી, સહસ્રરશ્મિ દિનકર જાજ્વલ્યમાન તેજ સહિત પ્રકાશિત થયા પછી, શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને વંદન, નમસ્કાર કરી—યાવત્—પર્યુપાસના કરી ત્યાંથી પાછા આવ્યા પછી પાક્ષિક પૌષધનું પારણું કરવું મારે માટે શ્રેયસ્કર છે.'—એ પ્રમાણે વિચાર્યું, વિચાર કરી કાલે (બીજા દિવસે) રાત્રિનુ પ્રભાત રૂપ થવાથી—યાવત્—સૂર્યોદય પછી, જાજ્વલ્યમાન તેજથી સહસ્રરશ્મિ દિનકર પ્રકાશિત થયા પછી પૌષધશાળાથી નીકળ્યો, નીકળીને શુદ્ધ, બહાર જવા યોગ્ય, મંગલ રૂપ ઉત્તમ વસ્ત્રો પહેરીને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને પગે ચાલી શ્રાવસ્તી નગરીના મધ્યભાગમાં થઈ કોષ્ઠક ચૈત્યમાં વિરાજમાન શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની પાસે આવ્યો, આવીને ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વંદન, નમસ્કાર કરી ત્રિવિધ પર્યુપાસનાઓ દ્વારા પર્યુપાસના—સેવા કરવા લાગ્યો.

ત્યારબાદ તે શ્રમણોપાસકોએ કાલે (બીજા દિવસે) રાત્રીનું પ્રભાતમાં પરિવર્તન થયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી-યાવત્-સૂર્યોદય થયા પછી જાજ્વલ્યમાન તેજ સહિત સહસ્રરશ્મિ દિનકર પ્રકાશિત થયા પછી સ્નાન કરી, બલિકર્મ કરી-યાવત્-મૂલ્યવાન છતાં અલ્પભારવાળા અલંકારોથી શરીરને અલંકૃત કરી પોત પોતાના ઘરેથી નીકળી એક સ્થાને એકત્રિત થઈ અને મળીને શ્રાવસ્તી નગરીના મધ્યભાગમાં થઈ કોષ્ઠક ચૈત્યમાં શ્રમણ ભગવાન મહાવીર જ્યાં બિરાજમાન હતા તે સ્થાન પર આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરની-યાવત્-ત્રિવિધરૂપ પર્યુપાસના કરવા લાગ્યા.

ત્યારબાદ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ તે શ્રમણોપાસકોને તથા તે મોટી પરિષદને ધર્મકથા સંભળાવી-યાવત્-તેમણે આત્માની આરાધના કરી અર્થાત્ તે આજ્ઞા-આરાધક બન્યા.

**શ્રમણોપાસકો દ્વારા શંખનો તિરસ્કાર—**

૨૯૩. ત્યારબાદ તે શ્રમણોપાસકો શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મ સાંભળી અને અવધારી હૃષ્ટ-તુષ્ટ થઈ આસન પરથી ઊઠયા, ઊભા થઈ તેઓ શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કરી, જ્યાં શંખ શ્રમણોપાસક હતો ત્યાં આવ્યા અને આવીને શંખ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તમે પોતે જ કાલે અમને આ પ્રમાણે કહ્યું હતું કે 'હે દેવાનુપ્રિયો ! તમે વિપુલ અશન-યાવત્-સ્વાદિમ ભોજન તૈયાર કરાવો-યાવત્-ખાતાં ખાતાં પાક્ષિક પૌષધનું અનુપાલન કરતાં વિહરીશું.' પરંતુ ત્યારબાદ તમે પૌષધશાળામાં-યાવત્-પાક્ષિક પૌષધનું પ્રતિજાગરણ કરતાં વિહર્યા. હે દેવાનુપ્રિય ! તમે અમારી ખૂબ હીલના-હાંસી ઉડાવી.'

**મહાવીર દ્વારા શંખ-હીલના-નિવારણ—**

૨૯૪. 'હે આર્ય પુરુષો !' આ પ્રમાણે સંબોધન કરી શ્રમણ ભગવાન મહાવીરે તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું—

'હે આર્યો ! તમે શંખ શ્રમણોપાસકની હીલના, નિંદા, ખિંસના, ગર્હા અને અવમાનના ન કરો. શંખ શ્રમણોપાસક ધર્મને વિશે પ્રીતિવાળો અને દૃઢતાવાળો છે, તથા તેણે (પ્રમાદ અને નિદ્રાના ત્યાગથી) સુદૃષ્ટિ-જ્ઞાનીનું જાગરણ કરેલ છે.'

**મહાવીર-કૃત જાગરિકા વિવરણ—**

૨૯૫. 'હે ભદન્ત !' એ પ્રમાણે કહી ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી આ પ્રમાણે પૂછયું—'હે ભગવન્ ! જાગરિકા કેટલા પ્રકારની કહી છે ?'

'હે ગૌતમ ! જાગરિકા ત્રણ પ્રકારની કહી છે તે આ પ્રમાણે છે—(૧) બુદ્ધ જાગરિકા (૨) અબુદ્ધ જાગરિકા અને (૩) સુદૃષ્ટિ જાગરિકા.' ભગવાને ઉત્તર આપ્યો.

ગૌતમ સ્વામીએ ફરી પ્રશ્ન પૂછયો—'હે ભગવન્ ! કયા હેતુથી તમે એ પ્રમાણે કહો છો કે જાગરિકા ત્રણ પ્રકારની છે, તે આ પ્રમાણે—બુદ્ધજાગરિકા, અબુદ્ધજાગરિકા અને સુદૃષ્ટિ જાગરિકા ?'

'હે ગૌતમ ! જે ઉત્પન્ન થયેલ (કેવળ જ્ઞાન વડે) જ્ઞાન અને દર્શનના ધારણ કરનારા આ અરિહંત-પૂજ્ય, જિન, કેવળી, અતીત અનાગત અને વર્તમાનને જાણનારા, સર્વજ્ઞ-સર્વદર્શી અરિહંત ભગવંત છે તે બુદ્ધ છે, (કેવળ જ્ઞાન દ્વારા) તે બુદ્ધ જાગરિકા જાગે છે-અનુભવ કરે છે.'

'હે ગૌતમ ! ઈર્યા આદિ સમિતિઓથી સમિત-યાવત્-ગુપ્ત બ્રહ્મચારી વગેરે અનગાર ભગવંત છે, તે અબુદ્ધ છે-તે અબુદ્ધ જાગરિકાનો અનુભવ કરે છે.'

'જીવાજીવ વગેરે તત્ત્વોના જાણકાર-યાવત્-યથાવિધિ ગ્રહણ કરેલા તપકર્મથી આત્માને ભાવિત કરતા જે આ શ્રમણોપાસકો છે, તે સુદૃષ્ટિ જાગરિકા જાગે છે. એટલા માટે હે ગૌતમ ! આ પ્રમાણે જાગરિકા ત્રણ પ્રકારની છે, તે આ પ્રમાણે છે—બુદ્ધજાગરિકા, અબુદ્ધજાગરિકા અને સુદૃષ્ટિ જાગરિકા.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કષાયનું ફળ કર્મબંધન જાણી શ્રમણોપાસકો દ્વારા શંખ પાસે ક્ષમાયાચના—**

૨૯૬. ત્યાર બાદ શંખ શ્રમણોપાસકે શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું-

'હે ભગવન્! ક્રોધાભિભૂત-ક્રોધને વશ હોવાથી પીડિત થયેલો જીવ શું બાંધે, શું કરે, શેનો ચય કરે અને શેનો ઉપચય કરે?'

'હે શંખ! ક્રોધને વશ થવાથી પીડિત થયેલો જીવ આયુષ સિવાયની સાત કર્મપ્રકૃતિઓ શિથિલ બંધનથી બાંધેલી હોય તો કઠિન બંધનવાળી કરે, જઘન્યસ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થિતિવાળી, મંદ અનુભાગથી તીવ્ર અનુભાગવાળી અને અલ્પ પ્રદેશથી બહુપ્રદેશવાળી કરે છે. આયુ-કર્મનું કોઈ વખત બંધન કરે છે, કોઈ સમયે બંધન નથી પણ કરતો. અસાતાવેદનીય કર્મનો વારંવાર ઉપચય-સંગ્રહ કરે છે અને દીર્ઘકાળ સુધી અનાદિ અનંત ચાતુરંગ-ચતુર્ગતિ રૂપ સંસાર કાંતારમાં પરિભ્રમણ કરે છે—ભટકે છે.'

'હે ભગવંત! માનવશવર્તી-માનને વશ થવાથી પીડિત થયેલો જીવ શું બાંધે છે, શું કરે છે, શેનો ચય કરે અને શેનો ઉપચય કરે?'

'એ જ પ્રમાણે-યાવત્-પરિભ્રમણ કરે છે.'

'હે ભદન્ત! માયાની પરાધીનતાથી પીડિત જીવ શું બાંધે છે, શું કરે છે, શું મેળવે છે અને શું પુષ્ટ બનાવે છે?'

'એ જ પ્રમાણે-યાવત્-પરિભ્રમણ કરે છે.'

'હે ભદન્ત! લોભાભિભૂત-લોભને વશ હોવાથી પીડિત થયેલો જીવ શું બાંધે, શું કરે, શું મેળવે છે અને શું પુષ્ટ કરે છે?'

'એ જ પ્રમાણે (પૂર્વવત્)-યાવત્-પરિભ્રમણ કરે છે.'

ત્યાર બાદ તે શ્રમણોપાસકો શ્રમણ ભગવંત મહાવીર પાસેથી આ પ્રમાણે વાત સાંભળી, અવધારી (સંસારથી) ભય પામ્યા, ત્રાસ પામ્યા, ત્રસિત થયા અને સંસારના ભયથી ઉદ્વિગ્ન થયા. તથા તેઓ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી, શંખ શ્રમણોપાસકની પાસે આવ્યા, આવીને વંદન નમસ્કાર કરી (અવિનયરૂપ) અર્થને સારી રીતે જાણી સમ્યક્ પ્રકારથી વિનય-પૂર્વક વારંવાર ક્ષમા માંગી.

ત્યાર બાદ તે શ્રમણોપાસકો શ્રમણ ભગવંત મહાવીર સ્વામીને પ્રશ્ન પૂછી, અર્થને ગ્રહણ કરી, શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમન કરી જે દિશામાંથી આવ્યા હતા તે જ દિશામાં પાછા ફર્યા.

**શંખની દેવગતિ અને સિદ્ધિ—**

૨૯૭. 'હે ભદન્ત!' એ પ્રમાણે કહી ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે પૂછયું-

'હે ભગવન્! શું શંખ શ્રમણોપાસક આપ દેવાનુપ્રિય! પાસે મુંડિત થઈ, ગૃહ ત્યાગ કરી અનગાર પ્રવ્રજ્યા ગ્રહણ કરવા સમર્થ છે'-શેષ બધું વર્ણન ઋષિભદ્રપુત્રની જેમ જાણવું-યાવત્-સર્વ દુઃખોનો અંત કરશે.

'હે ભગવન્! તે એ જ પ્રમાણે છે, હે ભગવન્! તે એ જ પ્રમાણે છે.' એમ કહી ગૌતમસ્વામી-યાવત્-વિહરવા લાગ્યા.

॥ શંખ અને પુષ્કલી શ્રમણોપાસક કથાનક સમાપ્ત ॥

## ૧૭. નાગ પૌત્ર વરુણ શ્રમણોપાસક

**સંગ્રામમાં મરણ થયા પછી દેવત્વ વિષયક ગૌતમનો પ્રશ્ન—**

૨૯૮. "હે ભદન્ત! ઘણા માણસો પરસ્પર એ પ્રમાણે કહે છે,—યાવત-પ્રરૂપણા કરે છે કે 'અનેક પ્રકારના સંગ્રામોમાંના કોઈ પણ સંગ્રામમાં (યુદ્ધ કરતા) હણાયેલા ઘાયલ થયેલા ઘણા મનુષ્યો મરણસમયે કાળ કરીને કોઈ પણ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.' તો હે ભગવાન! શું એ પ્રમાણે હોય છે?" ગૌતમસ્વામીએ ભગવાન મહાવીર સ્વામીને પ્રશ્ન પૂછ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાવીર દ્વારા ઉત્તરમાં વરુણ કથાનક—**

ભગવાન મહાવીરે ઉત્તર આપ્યો—' હે ગૌતમ ! તે ઘણા મનુષ્યો પરસ્પર જે એ પ્રમાણે કહે છે કે—યાવત્—પ્રરૂપણ કરે છે કે ઘણા મનુષ્યો—યાવત્—દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. પરંતુ જેઓએ એ પ્રમાણે કહ્યું છે તેઓએ એ મિથ્યા કહ્યું છે, હે ગૌતમ ! હું તો આ પ્રમાણે કહું છું-યાવત્-પ્રરૂપણા કરું છું—

હે ગૌતમ ! તે આ પ્રમાણે છે કે તે કાળે અને તે સમયે વૈશાલી નામની નગરી હતી. નગરીનું વર્ણન. તે વૈશાલી નગરીમાં વરુણ નામે નાગનો પૌત્ર રહેતો હતો—જે ધનવાન—યાવત્-અપરાભૂત હતો—જેનો પરાભવ ન થઈ શકે તેવો સમર્થ હતો. તે શ્રમણોનો ઉપાસક, જીવાજીવ તત્ત્વને જાણનાર-યાવત્ શ્રમણ નિર્ગ્રંથોને પ્રાશુક એષણીય, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ પાદ-પ્રોંચ્છન, રજોહરણ, પીઠ ફલક, શૈયા, સંસ્તારક, ઔષધિ, ભેષજ દ્વારા પ્રતિલાભિત કરતો નિરંતર છઠ્ઠભક્ત તપ દ્વારા આત્માને ભાવિત કરતો વિહરી રહ્યો હતો.

**વરુણનું રથમુસલ સંગ્રામમાં ગમન—**

ત્યાર બાદ કોઈ એક સમયે જ્યારે તે નાગના પૌત્ર વરુણને રાજાના અભિયોગથી (આદેશથી), ગણના અભિયોગથી, બલ (સેના)ના અભિયોગથી રથમુસલ સંગ્રામમાં જવા માટે આજ્ઞા થઈ ત્યારે તેણે ષષ્ઠભક્તને બદલે વધારીને અષ્ટમભક્તનું વ્રત કર્યું અને અષ્ટમભક્તને અંગીકાર કરીને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—' હે દેવાનુપ્રિયો ! ચારઘંટાવાળા અશ્વરથને જોડીને તુરત જ લાવો, તથા ઘોડા, હાથી, રથ અને શ્રેષ્ઠ યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેનાને તૈયાર કરો—સુશોભિત કરો, સુશોભિત કરીને મારી આજ્ઞા પાછી આપો—આદેશ અનુસાર કાર્ય થઈ ગયાની મને જાણ કરો. '

ત્યાર બાદ તે કૌટુંબિક પુરુષોએ-યાવત્-સ્વીકાર કર્યો અને તુરત જ છત્રસહિત, ધ્વજા-સહિત - યાવત્ - ચારઘંટાવાળા અશ્વરથને સુશોભિત કરી લાવ્યા, લાવીને ઘોડા, હાથી, રથ અને પ્રવર યોદ્ધાઓ સહિત ચતુરંગિણી સેના તૈયાર કરી, તૈયાર કરીને નાગપૌત્ર વરુણની પાસે આવ્યા-યાવત્-આજ્ઞા પાછી આપી અને આદેશ અનુસાર કાર્ય થઈ ગયાની જાણ કરી.

ત્યાર પછી તે નાગપૌત્ર વરુણ જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવ્યો, આવીને સ્નાનગૃહમાં પ્રવેશ કરી સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક અને મંગલરૂપ પ્રાયશ્ચિત્ત કરીને સર્વઅલંકારોથી વિભૂષિત થઈ કવચ બાંધી, સુસજ્જ યોદ્ધો બનીને, કોરંટ પુષ્પની માળાયુક્ત ધારણ કરાતા છત્ર વડે અનેક ગણનાયકો, દંડ નાયકો, રાજેશ્વરો, તલવરો, માડંબિકો, ઇભ્યો, શેઠો, સેનાપતિઓ, સાર્થવાહો, દૂતો અને સંધિ-પાલોથી પરિવેષ્ટિત થયેલો સ્નાનગૃહથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં બહારની ઉપસ્થાનશાલા હતી, જ્યાં ચાર ઘંટાવાળો અશ્વરથ હતો ત્યાં આવ્યો, આવીને ચારઘંટાવાળા અશ્વરથ ઉપર ચડચો, ચડીને ઘોડા, હાથી, રથ અને પ્રવર યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેનાથી વીંટળાએલો અને મહાન સુભટોના સમૂહથી વીંટળાએલો તે રથ-મુસલ સંગ્રામ ભૂમિમાં આવ્યો અને ત્યાં આવીને તે રથ મુસલ સંગ્રામ કરવામાં પ્રવૃત્ત થયો.

**સંગ્રામમાં વરુણનો અભિગ્રહ—**

ત્યાર બાદ તે નાગનો પૌત્ર વરુણ રથ-મુસલ સંગ્રામમાં પ્રવૃત્ત થયો ત્યારે તેણે આવા પ્રકારનો આવો અભિગ્રહ ધારણ કર્યો—' રથ-મુસલ સંગ્રામમાં યુદ્ધ કરતાં મને જે પહેલાં મારે તેને મારવો કલ્પે, બીજાને મારવા કલ્પે નહિ. ' આવા પ્રકારના આ અભિગ્રહને ધારણ કરી તે રથ મુસલ સંગ્રામ કરવા લાગ્યો.

ત્યાર બાદ રથ મુસલ સંગ્રામ કરતા નાગના પૌત્ર વરુણના રથની સામે તેના જેવો સમાન-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વયવાળો, સમાનત્વચાવાળો અને સમાન અસ્ત્રશસ્ત્રાદિ ઉપકરણવાળો એક પુરુષ રથમાં બેસી શીઘ્ર આવ્યો.

ત્યાર બાદ તે પુરુષે નાગના પૌત્ર વરુણને આ પ્રમાણે કહ્યું–' હે નાગના પૌત્ર વરુણ! પ્રહાર કર, પ્રહાર કર.'

ત્યારે તે નાગના પૌત્ર વરુણે તે પુરુષને આ પ્રમાણે કહ્યું–' હે દેવાનુપ્રિય ! જ્યાં સુધી હું પ્રથમ ન ઘવાઉં ત્યાં સુધી મારે પ્રહાર કરવા ન કલ્પે, માટે પહેલાં તું જ પ્રહાર કર.'

જ્યારે નાગના પૌત્ર વરુણની આ વાત સાંભળી ત્યારે તે પુરુષ ખૂબ જ ક્રોધિત થયો, રુષ્ટ થયો, કુપિત થયો અને ચંડિકા જેવું વિકરાળ રૂપ ધારણ કરી દાંતને કચકચાવીને હાથમાં ધનુષ લીધું, લઈને તેના પર બાણ ચડાવ્યું અને કાન સુધી ખેંચીને નાગના પૌત્ર વરુણ પર સખત પ્રહાર કર્યો.

ત્યાર બાદ તે પુરુષના પ્રહારથી ઘાયલ થયેલ નાગનો પૌત્ર વરુણ ક્રોધિત થયો, રુષ્ટ થયો, કુપિત થયો અને ચંડિકા જેવું વિકરાળ રૂપ ધારણ કરી દાંતને કચકચાવતાં ધનુષ ઉઠાવ્યું, ઉઠાવીને તેના પર બાણ ચડાવ્યું અને કાન સુધી ધનુષ્યને ખેંચીને તે પુરુષને એક ઘાએ પથ્થરના ટુકડા થાય તેમ છિન્ન-ભિન્ન કરી જીવનરહિત કરી દીધો.

**વરુણકૃત સંલેખના—**

ત્યારબાદ તે પુરુષથી સખ્ત ઘવાયેલ તે નાગનો પૌત્ર વરુણ શક્તિરહિત, નિર્બલ, વીર્યરહિત, પુરુષાર્થ અને પરાક્રમરહિત થયેલો પોતે ' ટકી નહિ શકે ' એમ સમજી ઘોડાઓને થોભાવ્યા, થોભાવીને રથને પાછો ફેરવ્યો, રથને પાછો ફેરવીને રથમુસલ સંગ્રામથી બહાર નીકળ્યો, બહાર નીકળીને એકાંત સ્થાનમાં આવ્યો, એકાંત સ્થાનમાં આવી ઘોડાઓને થોભાવ્યા, થોભાવીને રથને ઊભો રાખ્યો, ઊભો રાખી રથથી ઊતર્યો, ઊતરીને રથથી ઘોડાઓને છુટા કર્યા, છુટા કરી ઘોડાઓને વિસર્જિત કર્યા, વિસર્જિત કરી ડાભનો સંથારો પાથર્યો, ડાભનો સંથારો પાથરી પૂર્વદિશા સન્મુખ તે ડાભના સંથારા ઉપર બેઠો. પૂર્વાભિમુખ પર્યંકાસને બેસી બંને હાથ જોડી આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચી આ પ્રમાણે બોલ્યો—

'અરિહંત ભગવાનને–યાવત્–જેઓએ સિદ્ધગતિ નામના સ્થાનને પ્રાપ્ત કર્યું છે તે ભગવંતોને નમસ્કાર થાઓ. જે તીર્થની આદિ કરનારા–યાવત્–સિદ્ધગતિ નામના સ્થાનને પ્રાપ્ત કરવામાં અગ્રેસર છે; જે મારા ધર્માચાર્ય અને ધર્મના ઉપદેશક છે તે શ્રમણ ભગવાન મહાવીરને મારા નમસ્કાર હોજો. ત્યાં રહેલા ભગવાનને અહીં રહેલો હું વંદન કરું છું. ત્યાં રહેલા ભગવાન અહીં રહેલ મને જુઓ.' એ પ્રમાણે કહીને વંદન, નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યો— ' પહેલાં પણ મેં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે જીવનપર્યંત સ્થૂલપ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કર્યું હતું, એ જ પ્રમાણે યાવત્–સ્થૂલ પરિગ્રહનું પ્રત્યાખ્યાન જીવનપર્યંત કર્યું હતું, અત્યારે પણ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે સર્વ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન યાવજ્જીવ કરું છું–યાવત્–મિથ્યાદર્શન શલ્યનું જીવનપર્યંત પ્રત્યાખ્યાન કરું છું. બધા અશન, પાન, ખાદિમ સ્વાદિમ રૂપ ચાર પ્રકારના આહારનું આ જીવન પર્યંત પ્રત્યાખ્યાન કરું છું. જો કે આ શરીર મને ઈષ્ટ, કાન્ત અને પ્રિય છે–યાવત્–જો આ શરીરને વાત, પિત્ત, કફ અને સન્નિપાત જેવા વિવિધ પ્રકારના રોગો તથા પરિષહો ઉપસર્ગો તેને સ્પર્શ ન કરે તેની મેં સાવધાની રાખી છે, તો પણ આ શરીરનો છેલ્લા શ્વાસોચ્છ્વાસ સાથે ત્યાગ કરીશ.' એ પ્રમાણે કહી સન્નાહ–બખ્તરને છોડ્યું, બખ્તરને છોડી શલ્યને બહાર કાઢ્યું અને આલોચના પ્રતિક્રમણપૂર્વક સમાધિને પ્રાપ્ત કરી અનુક્રમથી કાળધર્મ પામ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નાગના પૌત્ર વરુણના મિત્રનું પણ વરુણને અનુસરવું—**

ત્યાર બાદ તે નાગના પૌત્ર વરુણનો એક પ્રિય બાલમિત્ર રથમુસલ સંગ્રામમાં યુદ્ધ કરતો હતો ત્યારે એક પુરુષના સખ્ત પ્રહારથી ઘાયલ થઈ શક્તિરહિત, વીર્યરહિત, પુરુષાર્થ અને પરાક્રમ-રહિત થયેલો પોતે 'ટકી નહિ શકે' એમ સમજી નાગના પૌત્ર વરુણને રથમુસલ સંગ્રામથી બહાર નીકળતો જોયો, જોઈને ઘોડાઓને થોભાવ્યા, થોભાવીને વરુણની જેમ–યાવત્–પાછા મોકલી દીધા અને પટના (વસ્ત્રના) સંથારા પર પૂર્વાભિમુખ પર્યંકાસને બેસી બંને હાથ જોડી માથે હાથ લગાડી અંજલિ રચી આ પ્રમાણે કહ્યું–'હે ભગવન્! મારા પ્રિય બાલમિત્ર નાગના પૌત્ર વરુણનાં જે શીલવ્રતો, ગુણવ્રતો, પ્રત્યાખ્યાન અને પૌષધો-પવાસ હોય તે મને પણ હો.' એ પ્રમાણે કહી સન્નાહપટ્ટ–બખ્તરને ઉતાર્યું અને શલ્યનો ત્યાગ કરી અનુક્રમથી કાળધર્મ પામ્યો.

**વરુણના મૃત્યુ પર દેવકૃત વૃષ્ટિ—**

ત્યાર બાદ તે નાગના પૌત્ર વરુણને મરણ પામેલો જાણીને આસપાસમાં રહેલા વાનવ્યંતર દેવોએ તેના પર દિવ્ય અને સુગંધી ગંધોદકની વૃષ્ટિ કરી, રંગબેરંગી પાંચ વર્ણનાં પુષ્પો તેના પર વરસાવ્યાં અને દિવ્ય ગીત સંગીતનો નિનાદ પણ કર્યો.

ત્યાર બાદ તે નાગના પૌત્ર વરુણની દિવ્ય દેવઋદ્ધિ, દિવ્યદ્યુતિ અને દિવ્ય દેવપ્રભાવ સાંભળીને અને જોઈને ઘણા માણસો પરસ્પર એકબીજાને કહેવા લાગ્યા – યાવત્ – પ્રરૂપણા કરવા લાગ્યા કે–'હે દેવાનુપ્રિયો! અનેક પ્રકારના નાના-મોટા સંગ્રામમાંથી કોઈ પણ એક સામસામી રહી યુદ્ધ કરતા સખત રીતે ઘાયલ થતાં મરણ કાળે કાળ કરી કોઈ પણ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.'

**વરુણની દેવલોકમાં ઉત્પત્તિ અને ત્યાર બાદ સિદ્ધગતિ નિરૂપણ—**

૨૯૯. 'હે ભગવન્! નાગનો પૌત્ર વરુણ મરણ સમયે કાળ કરી ક્યાં ગયો, ક્યાં ઉત્પન્ન થયો?' ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછ્યું.

ભગવાને ઉત્તર આપ્યો—'હે ગૌતમ! સૌધર્મ દેવલોકને વિષે અરુણાભનામે વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો છે. ત્યાં કેટલાક દેવોની આયુષ્યની સ્થિતિ ચાર પલ્યોપમની કહી છે–હોય છે. ત્યાં વરુણદેવની પણ ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે.'

'હે ભદન્ત! તે વરુણદેવ દેવલોકથી આયુષ્યનો ક્ષય, ભવનો ક્ષય, સ્થિતિનો ક્ષય થયા પછી ચ્યુત થઈને ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?' ગૌતમસ્વામીએ શ્રમણ ભગવાન મહાવીરને પૂછ્યું.

ભગવાને ઉત્તર આપ્યો—"હે ગૌતમ! મહા-વિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિવૃત્ત થઈ સર્વ દુઃખોનો અંત કરશે.'

**વરુણના મિત્રની પણ સુકુલ-ઉત્પત્તિ વગેરે—**

૩૦૦ 'હે ભગવન્! નાગના પૌત્ર વરુણનો પ્રિય બાલમિત્ર મરણસમયે મરણ પામીને ક્યાં ગયો? ક્યાં ઉત્પન્ન થયો?' ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું.

ભગવાને ઉત્તર આપ્યો—

'હે ગૌતમ! તે કોઈ સુકુલમાં ઉત્પન્ન થયો છે.'

'હે ભગવન્! ત્યાંથી મૃત્યુ પામીને તુરત જ તે ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?' ગૌતમ સ્વામીએ ફરી પ્રશ્ન પૂછ્યો.

ભગવાને ઉત્તરમાં બતાવ્યું કે 'હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિને પ્રાપ્ત કરશે–યાવત્ સર્વદુઃખોનો અંત કરશે.'

'હે ભગવાન! તે એ જ પ્રમાણે છે, હે ભગવન્! તે એ જ પ્રમાણે છે.' એ પ્રમાણે કહી ગૌતમસ્વામી પૂર્વવત્ વિચરવા લાગ્યા.

॥ નાગપૌત્ર વરુણ શ્રમણોપાસક કથાનક સમાપ્ત ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૮. સોમિલ બ્રાહ્મણ શ્રમણોપાસક

**વાણિજ્યગ્રામમાં સોમિલ બ્રાહ્મણ અને ભગવાન મહાવીરનું સમવસરણ—**

૩૦૧. તે કાળે તે સમયે વાણિજ્યગ્રામ નામે નગર હતું. વર્ણન. દૂતિપલાશ ચૈત્ય હતું. વર્ણન.

તે વાણિજ્યગ્રામ નામે નગરમાં સોમિલ નામે બ્રાહ્મણ રહેતો હતો, જે આઢ્ય-ધનિક-યાવત્-અપરાભૂત-સમર્થ હતો, તથા ઋગ્વેદ-યાવત્-બીજા બ્રાહ્મણનાં શાસ્ત્રોમાં કુશળ હતો. તે પાંચસો શિષ્યો તથા કુટુંબનું અધિપતિપણું, પુરોહિતપણું, સ્વામિત્વ, ભર્તૃત્વ, આજ્ઞૈશ્વર્યત્વ અને સેનાપતિત્વ કરતો, પાલન કરતો વિહરી રહ્યો હતો.

શ્રમણ ભગવંત મહાવીર-યાવત્-ત્યાં સમોસર્યા-યાવત્-પરિષદા પર્યુપાસના કરવા લાગી.

**સોમિલ બ્રાહ્મણનું સમવસરણમાં ગમન—**

૩૦૨. ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીર આવ્યાની આ વાત સાંભળી તે સોમિલ બ્રાહ્મણને આવા પ્રકારનો આધ્યાત્મિક ચિન્તિત પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે, "એ પ્રમાણે ખરેખર વિહરતા અને એક ગામથી બીજે ગામ જતા શ્રમણ જ્ઞાતપુત્ર સુખપૂર્વક અહીં પધાર્યા છે, અહીં સમવસૃત થયા છે અને અહીં વાણિજ્યગ્રામ નગરના દૂતિપલાશ ચૈત્યમાં યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિહરી રહ્યા છે.

એટલા માટે હું તે શ્રમણ જ્ઞાતપુત્રની પાસે જાઉં, અને તેમની પાસે પ્રગટ થાઉં તથા તેમને આ આવા પ્રકારના અર્થો, પ્રશ્નો, કારણો અને વ્યાકરણ (વ્યાખ્યા) પૂછું. જો તે મને આવા પ્રકારના આ અર્થો-યાવત્-પ્રશ્નોના ઉત્તરો કહેશે તો ત્યારબાદ તેમને વંદન, નમસ્કાર કરીશ-યાવત્-તેમની પર્યુપાસના કરીશ, અને જો તે મારા આ અર્થો-યાવત્-વ્યાખ્યાઓનું વિવેચન નહીં કરી શકે તો હું તેમને આ અર્થો-યાવત્-વ્યાખ્યાઓ વડે નિરુત્તર કરીશ.' આવા પ્રકારનો વિચાર કર્યો, વિચાર કરીને સ્નાન ક્રિયા-યાવત્-અલ્પ છતાં મૂલ્યવાન આભૂષણોથી શરીરને અલંકૃત કરી પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને એકસો શિષ્યોના પરિવાર સાથે પગે ચાલી વાણિજ્ય ગ્રામની વચ્ચોવચ્ચથી નીકળી જ્યાં દૂતિપલાશ ચૈત્ય હતું અને જ્યાં ભગવંત મહાવીર બિરાજ્યા હતા ત્યાં તે આવ્યો અને આવીને શ્રમણ ભગવંત મહાવીરથી થોડે દૂર બેસી તેણે તેમને આ પ્રમાણે કહ્યું—

**સોમિલના યાત્રાદિ પ્રશ્નોનું ભગવાન દ્વારા સમાધાન—**

૩૦૩. હે ભગવંત્! તમને યાત્રા, યાપનીય, અવ્યાબાધ અને પ્રાસુક વિહાર છે?

ઉત્તર—હે સોમિલ! મને યાત્રા પણ છે, યાપનીય પણ છે, અવ્યાબાધ પણ છે અને પ્રાસુક વિહાર પણ છે.

પ્રશ્ન—હે ભગવંત! આપને યાત્રા કઈ રીતે છે?

ઉત્તર—હે સોમિલ! તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાન અને આવશ્યકાદિક યોગોમાં જે મારી યતના-પ્રવૃત્તિ છે તે મારી યાત્રા છે.

પ્રશ્ન—હે ભગવંત! તમને યાપનીય કઈ રીતે છે?

ઉત્તર—હે સોમિલ! યાપનીય બે પ્રકારનું છે, તે આ પ્રમાણે-ઈન્દ્રિયયાપનીય અને નોઈન્દ્રિયયાપનીય.

પ્રશ્ન—હે ભગવંત્! ઈન્દ્રિયયાપનીય એટલે શું?

ઉત્તર—હે સોમિલ! શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય—એ પાંચે ઉપઘાત રહિત મારે અધીન વર્તે છે તે મારે ઈન્દ્રિયયાપનીય છે.

પ્રશ્ન—હે ભગવંત્! નોઈન્દ્રિયાપનીય એ શું?

ઉત્તર—હે સોમિલ! જે મારા ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયો વ્યુચ્છિન્ન થયેલા છે અને ઉદયમાં આવતા નથી તે નોઈન્દ્રિયયાપનીય છે.

એ પ્રમાણે યાપનીય કહ્યું.

પ્રશ્ન—હે ભગવંત! તમને અવ્યાબાધ કઈ રીતે છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર—હે સોમિલ! જે મારા વાત, પિત્ત, કફ અને સંનિપાતજન્ય અનેક પ્રકારના શરીરસંબંધી દોષો-રોગાતંકો ઉપશાંત થયા છે અને ઉદયમાં આવતા નથી તે અવ્યાબાધ છે.

પ્રશ્ન—હે ભગવાન! તમારે પ્રાસુકવિહાર કઈ રીતે છે?

ઉત્તર—હે સોમિલ! આરામો, ઉદ્યાનો, દેવકુલો, સભાઓ પરબો તથા સ્ત્રી, પશુ અને નપુંસકરહિત વસતિઓમાં નિર્દોષ અને એષણીય પીઠ, ફલક, શય્યા અને સંથારાને પ્રાપ્ત કરીને હું વિહરું છું તે પ્રાસુક વિહાર છે.

પ્રશ્ન—હે ભગવન્! સરિસવો આપને ભક્ષ્ય છે કે અભક્ષ્ય?

ઉત્તર—હે સોમિલ! સરિસવ મારે ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

પ્રશ્ન—હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'સરિસવ ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે?'

ઉત્તર—હે સોમિલ! બ્રાહ્મણ-નયોમાં–શાસ્ત્રોમાં બે પ્રકારના સરિસવ કહ્યા છે, તે આ પ્રમાણે—મિત્ર સરિસવ=સમાનવયસ્ક અને ધાન્યસરિસવ. તેમાં જે મિત્ર સરિસવ છે તે ત્રણ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે—૧. સહજાત–સાથે જન્મેલા, ૨. સહવર્ધિત, સાથે ઉછરેલાં અને ૩. સહ-પાંશુક્રીડિત–એક સાથે ધૂળમાં રમેલા. તે ત્રણે પ્રકારના સરિસવા = સમાનવયસ્ક-મિત્રો શ્રમણ નિર્ગ્રન્થને અભક્ષ્ય છે. અને જે ધાન્યસરિસવ છે તે બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે—શસ્ત્રપરિણત અને અશસ્ત્રપરિણત. તેમાં જે અશસ્ત્ર પરિણત–અગ્ન્યાદિ શસ્ત્રથી નિર્જીવ થયેલા નથી તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે અને શસ્ત્રપરિણત (= અગ્નિ આદિથી નિર્જીવ થયેલા) તે બે પ્રકારના કહ્યાં છે, જે આ પ્રમાણે—૧. એષણીય–ઈચ્છવા લાયક, નિર્દોષ અને ૨. અનેષણીય–નહિ ઈચ્છવા લાયક, સદોષ.

તેમાં જે અનેષણીય છે તે શ્રમણ નિર્ગ્રંથોને અભક્ષ્ય છે, અને જે એષણીય છે તે બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે–યાચિત–માગેલા અને અયાચિત–નહિ માગેલા. તેમાં જે અયાચિત સરિસવ છે તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે, અને જે યાચિત સરિસવ છે તે બે પ્રકારના છે, જે આ પ્રમાણે–મળેલાં અને નહિ મળેલાં. તેમાં જે નહિ મળેલાં છે તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે, અને જે મળેલા છે તે શ્રમણ નિર્ગ્રન્થોને ભક્ષ્ય છે. માટે હે સોમિલ! તે કારણથી મેં કહ્યું છે કે સરિસવ મારે ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

પ્રશ્ન—હે ભગવન્! માસ તમારે ભક્ષ્ય છે કે અભક્ષ્ય છે?

ઉત્તર—હે સોમિલ! માસ મારે ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

પ્રશ્ન—હે ભગવન્! એમ શા કારણથી કહો છો કે 'માસ મારે ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે?'

ઉત્તર—હે સોમિલ! બ્રાહ્મણ-નયો–શાસ્ત્રોમાં માસ બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—દ્રવ્યમાસ અને કાલમાસ. તેમાં જે કાલમાસ છે તે શ્રાવણથી માંડી અષાઢ માસ સુધી બાર પ્રકારના છે, તે આ પ્રમાણે—૧. શ્રાવણ, ૨. ભાદ્રપદ, ૩. આસો, ૪. કાર્તિક, ૫. માર્ગશીર્ષ, ૬. પોષ, ૭. માઘ, ૮. ફાલ્ગુન, ૯. ચૈત્ર, ૧૦. વૈશાખ, ૧૧. જેઠ અને ૧૨. આષાઢ. (તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે.)

જો દ્રવ્યમાસ છે તે બે પ્રકારે છે. તે આ પ્રમાણે–અર્થમાસ અને ધાન્યમાસ.

જે અર્થમાસ છે તે બે પ્રકારે છે તે આ પ્રમાણે–સુવર્ણમાષ અને રૌપ્યમાષ. તે શ્રમણ નિર્ગ્રન્થને અભક્ષ્ય છે.

વળી જે ધાન્યમાસ છે તે બે પ્રકારના છે–શસ્ત્રપરિણત (અગ્ન્યાદિથી અચિત્ત થયેલા) અને અશસ્ત્રપરિણત (અગ્ન્યાદિથી અચિત્ત નહિ થયેલા, સજીવ) છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈત્યાદિ જેમ ધાન્યસરસવ સંબંધે કહ્યું તેમ ધાન્યમાસ સંબંધે પણ જાણવું-યાવત્-તે હેતુથી માસ ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

પ્રશ્ન—હે ભગવન્ ! આપને કુલત્થા ભક્ષ્ય છે કે અભક્ષ્ય છે?

ઉત્તર—હે સોમિલ ! અમારે માટે કુલત્થા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

પ્રશ્ન—હે ભગવન્ ! શા હેતુથી આપને કુલત્થા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે?

ઉત્તર—હે સોમિલ ! બ્રાહ્મણનયોમાં કુલત્થા બે પ્રકારે કહેલ છે-સ્ત્રીકુલત્થા (કુલીન સ્ત્રી) અને ધાન્યકુલત્થા (કળથી).

તેમાં જે સ્ત્રી કુલત્થા છે તે ત્રણ પ્રકારે છે, તે આ પ્રમાણે ૧. કુલકન્યકા, ૨. કુલવધૂ, ૩. કુલમાતા. તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે.

તેમાં જે ધાન્ય કુલત્થા છે તેમાં ધાન્ય સરિસવ પ્રમાણે જાણવું. તે માટે કુલત્થા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

પ્રશ્ન—હે ભગવન્ ! આપ એક છો? આપ બે છો? આપ અક્ષય છો? અવસ્થિત છો? કે અનેક ભૂત, વર્તમાન અને ભાવી પરિણામને યોગ્ય છો?

ઉત્તર—હે સોમિલ ! હું એક પણ છું—યાવત્—અનેક ભૂત, વર્તમાન અને ભાવિ પરિણામોને યોગ્ય છું.

પ્રશ્ન—હે ભગવન્ ! શા કારણથી આપ કહો છો કે હું એક પણ છું—યાવત્—અનેક ભૂત, વર્તમાન અને ભાવિ પરિણામોને યોગ્ય છું?

ઉત્તર—હે સોમિલ ! હું દ્રવ્યરૂપે એક છું અને જ્ઞાનરૂપે અને દર્શનરૂપે બે પ્રકારે પણ છું. પ્રદેશ (આત્મપ્રદેશ) રૂપે હું અક્ષય છું, અવ્યય છું અને અવસ્થિત પણ છું, ઉપયોગ-ની દૃષ્ટિએ હું અનેક ભૂત વર્તમાન અને ભાવિ પરિણામને યોગ્ય છું. તે કારણથી હે સોમિલ !—યાવત્—મેં કહ્યું છે કે હું અનેક ભૂત, વર્તમાન અને ભાવિ પરિણામને યોગ્ય પણ છું.

**સોમિલની શ્રાવક ધર્મ પ્રતિપત્તિ—**

ભગવાને આ પ્રમાણે કહ્યું તેથી સોમિલ બ્રાહ્મણ પ્રતિબોધ પામ્યો, અને તેણે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું—'જેમ આપ કહો છો તેમ જ છે,' ઈત્યાદિ સ્કન્દકના વર્ણન-ની જેમ જાણવું યાવત્ 'હે દેવાનુપ્રિય ! આપની પાસે જેમ ઘણા રાજેશ્વર, તલવર, માડંબિક, કૌટુમ્બિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ વગેરે મુંડિત થઈ ગૃહવાસ છોડી અનગાર-પ્રવ્રજ્યાથી પ્રવ્રજિત થયા છે તે પ્રમાણે કરવા તો હું સમર્થ નથી તેથી આપ દેવાનુપ્રિયની પાસે બાર પ્રકારના શ્રાવક ધર્મને અંગીકાર કરીશ.'—યાવત્—તેણે બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. અંગીકાર કરીને તેણે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરીને જે દિશામાંથી આવ્યો હતો તે જ દિશામાં પાછો ફર્યો.

ત્યાર પછી તે સોમિલ બ્રાહ્મણ શ્રમણોપાસક થઈ ગયો, જીવ અજીવ વગેરે તત્ત્વોનો જાણકાર થયો—યાવત્—વિધિપૂર્વક ગ્રહણ કરેલ તપ-કર્મથી આત્માને ભાવિત કરતો વિહરવા લાગ્યો.

**સોમિલની દેવગતિ-સિદ્ધિગમન નિર્દેશ—**

૩૦૪. 'હે ભગવન્ !' તે પ્રમાણે કહી ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું.

પ્રશ્ન—હે ભગવન્ ! શું સોમિલ બ્રાહ્મણ આપ દેવાનુપ્રિયની પાસે મુંડિત થઈ અનગાર-પણું લેવા સમર્થ છે?

ઉત્તર—'આ અર્થ સમર્થ નથી.' ઈત્યાદિ જેમ શંખ શ્રાવકની વક્તવ્યતા કહી છે તે પ્રમાણે—યાવત્—'સર્વ દુઃખોનો અંત કરશે' ત્યાં સુધી બધી વક્તવ્યતા સમજવી.

'હે ભગવન્ ! તે એમ જ છે, હે ભગવન્ ! તે એમ જ છે.' એ પ્રમાણે કહી ગૌતમ ગણધર વિહરવા લાગ્યા.

॥ સોમિલ બ્રાહ્મણ શ્રમણોપાસક કથાનક સમાપ્ત ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૯. ભગવાન મહાવીરના શ્રમણોપાસકોની દેવલોકસ્થિતિનું પ્રરૂપણ

### શ્રમણોપાસકોની સૌધર્મકલ્પમાં સ્થિતિ—

૩૦૫. શ્રમણ ભગવાન મહાવીરના શ્રમણોપાસકોની સૌધર્મકલ્પના અરુણાભ વિમાનમાં ચાર પલ્યોપમથી સ્થિતિ પ્રતિપાદિત કરી છે.

## ૨૦. કોણિકનું મહાવીર-સમવસરણમાં જવું અને ધર્મશ્રવણ

### ચંપા નગરી વર્ણન—

૩૦૬. તે કાળે તે સમયે અત્યંત સમૃદ્ધિવાળી ચંપા નામે નગરી હતી. તે નગરી મનુષ્યોથી સભર અને સુખી લોકોથી ભરેલા જનપદોવાળી હતી. લાખો હળોથી ખેડાતી તેની ભૂમિ સુંદર હતી. તેની નજીકમાં કુકડાઓ અને સાંઢોના સમૂહથી ભરેલા ગામો હતા. તેનાં ખેતરોમાં શેરડી, જવ અને ચોખા પાકતા હતા. ત્યાં પ્રચુર પ્રમાણમાં ગાયો ભેંસો અને ઘેટાંના સમૂહો હતાં.

ત્યાં મનોહર શિલ્પકળાયુક્ત મંદિરો અને યુવતી-સમૂહોથી સભર મહોલ્લાઓ હતા. ત્યાં લાંચીયાઓ, ખીસાકાતરુઓ, ચોર–લુંટારાઓ અને કર વસૂલ કરનારાઓનો અભાવ હતો. તે નગરી ક્ષેમકુશળ આપનારી, નિરુપદ્રવ, સુભિક્ષ–સુકાળવાળી, વિશ્વાસપૂર્વક રહી શકાય તેવા સુખદ આવાસોવાળી, અનેક શ્રેણીના પરિવારજનોના શાન્તિમય આવાસવાળી હતી. તે નગરીમાં નટો, નર્તકો, જલ્લો (નટવિશેષો), મલ્લો, મુષ્ટિકો (મુષ્ટિયુદ્ધ કરનારાઓ), વિડંબકો (વિદૂષકો), કથાકારો, પ્લવકો (કૂદનારાઓ), લાસકો (રાસનૃત્ય કરનારાઓ), આખ્યાયકો (શુભ–અશુભ દર્શાવનારાઓ), મંખો (ચિત્રપટ પ્રદર્શકો), લંખો (વાંસ પર ખેલ કરનાર નટો), વાજાં વગાડનારાઓ, તુંબવીણાવાદકો અને અનેક તાલી પાડી મનોરંજન કરનારાઓ હતા.

તે નગરી ઉપવનો, ઉદ્યાનો, કૂવા, તળાવો, વાવો અને નાના નાના બંધોથી યુક્ત હતી, નંદનવન જેવી શોભા સંપન્ન હતી. ઊંડી પહોળી અને ફરતી ખાઈથી ઘેરાયેલી હતી. ચક્ર–ગદા–મુસુંઢિ–અવરોધ–શતઘ્નીથી રક્ષિત બેવડા દરવાજાઓને કારણે શત્રુઓને માટે દુષ્પ્રવેશ હતી, ધનુષ્યાકારે વક્ર પ્રાકાર–કિલ્લાથી ઘેરાયેલી હતી, પ્રાકાર પર ગોળ કપિશીર્ષકો (કોશીસાં)થી શોભતી હતી, અટ્ટાલકો, ચરિકા દ્વારો (નાની નાની બારીઓ), ગોપુરો અને તોરણોથી સુયોગ્ય રીતે વિભાજિત રાજમાર્ગોવાળી, નિપુણ શિલ્પાચાર્યોએ બનાવેલાં મજબૂત આગળા અને ઈન્દ્રકીલોથી જડેલ દ્વારોવાળી, વિવિધ પ્રકારની હારોની શ્રેણિયો અને વિવિધ પ્રકારના શિલ્પીઓ–કારીગરોના કારણે સુખપૂર્વક નિવાસ કરી શકાય તેવી હતી. તે નગરી શૃંગાટકો, ત્રિભેટાઓ, ચોકો, ચોતરાઓ, બજારોમાં ગોઠવાયેલી વિવિધ પ્રકારની વસ્તુઓથી રમ્ય અને રાજા–મહારાજાઓના આવાગમનથી વ્યાપ્ત માર્ગોવાળી હતી. ત્યાં અનેક ઉત્તમ અશ્વો, મદમસ્ત હાથીઓ, રથો અને પદાતિઓ, શિબિકાઓ અને પાલખીઓ તથા યાન–વાહનોનો ઠાઠ રહેતો હતો. ત્યાંના જળાશયોમાં વિકસિત નવનલિનીઓથી શોભિત જળ ભર્યું રહેતું હતું. શ્વેત ધોળાયેલાં ઉત્તમ ભવનોની હારમાળાઓના કારણે તે નગરી અનિમિષ નેત્રોથી જોવાલાયક, પ્રાસાદિક, ભવ્ય, દર્શનીય, સુંદરાતિસુંદર લાગતી હતી.

### પૂર્ણભદ્ર ચૈત્ય—

૩૦૭. તે ચંપા નગરીની બહાર ઉત્તર પૂર્વ દિશા (ઈશાન કોણ)માં પૂર્ણભદ્ર નામે ચૈત્ય હતું. તે પૂર્વપુરુષો દ્વારા ખૂબ પુરાણા સમયમાં રચાયેલું અને સુખ્યાત હતું. અનેક લોકો માટે તે આજીવિકા આપનાર [પાઠાન્તરે–અનેક લોકો દ્વારા પ્રશંસિત] હતું. તેનું નામ દૂર દૂર સુધી જાણીતું થયેલ હતું. તે છત્રો, ધ્વજો, ઘંટાઓ અને પતાકાઓથી સુશોભિત કરાયેલ હતું. રોમમય પીંછીઓ વડે તેની પ્રમાર્જના થતી હતી. તેમાં વેદિકાઓ હતી જે છાણ વગેરેથી લિંપેલી હતી. તેની દિવાલો પર ગોશીર્ષ અને સરસ રક્ત ચંદનના થાપા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારવામાં આવ્યા હતા. ત્યાં ચંદન-ચર્ચિત મંગળકળશો મૂકવામાં આવ્યા હતા. તેનું પ્રત્યેક દ્વાર ચંદન-કળશ અને તોરણથી સુશોભિત કરવામાં આવેલ હતું.

છતથી માંડી ભોંયતળિયા સુધી મોટી મોટી ગોળાકાર લાંબી લાંબી પુષ્પમાળાઓ ત્યાં લટકતી રહેતી હતી. ત્યાં પંચરંગી પુષ્પોના ઢગલા કરવામાં આવ્યા હતા. કૃષ્ણાગરુ, ઉત્તમ કુન્દુરુક્ક અને તુરુષ્ક અગર (લોબાન)ની ધૂપની મઘમઘતી સુગંધથી ત્યાંનું વાતાવરણ અત્યંત મનોહારી બન્યું હતું. ઉત્તમોત્તમ સુગંધી દ્રવ્યોની સુવાસથી ધૂપસળી જેવું તે ચૈત્ય બન્યું હતું. તે ચૈત્ય નટો, નર્તકો, મલ્લો, મુષ્ટિકો, વિદૂષકો, પ્લવકો, કથાકારો, રાસકારો, ભવિષ્યકથન કરનારાઓ, લંખો, મંખો, વાજિંત્રવાદકો, વીણાવાદકો, ભોજકો અને માગધોથી ભરાયેલ હતું.

અનેક જનો અને જનપદોમાં તે ચૈત્યની કીર્તિ પ્રસરી હતી, અનેક લોકો માટે તે દાન-કરવાનું સ્થાન, અર્ચનીય, વંદનીય, નમસ્કરણીય, પૂજનીય, સત્કારણીય, સન્માનીય, કલ્યાણ અને મંગળરૂપ, દેવરૂપ અને ચૈત્યરૂપ હતું, વિનયપૂર્વક પર્યુપાસના કરવા યોગ્ય હતું, દિવ્ય, સત્ય, સત્યોપાય-આરાધના કરનારની કામનાને સફળ કરનાર, તત્કાલ સહાય કરનાર હતું. હજારો યાગ-પૂજાવિધિઓનું તે સ્થાન હતું. ત્યાં આવી આવીને અનેક લોકો 'પૂર્ણભદ્ર ચૈત્ય,' 'પૂર્ણભદ્ર ચૈત્ય' એમ તેની અર્ચના કરતા હતા.

વનખંડ

૩૦૮. તે પૂર્ણભદ્ર ચૈત્યની ચોપાસ એક વિશાળ વનખંડ-ઉપવન હતું. તે ઉપવન શ્યામ, શ્યામ કાંતિવાળું, નીલરંગી, નીલ કાંતિવાળું, હરિતવર્ણનું, હરિત આભાવાળું, શીતળ, શીતળ આભાવાળું, સ્નિગ્ધ, સ્નિગ્ધ આભાવાળું, ગાઢ, ગાઢ આભાવાળું, કૃષ્ણ, કૃષ્ણ છાયાવાળું, નીલ, નીલ છાયાવાળું, હરિત, હરિત છાયાવાળું, શીતળ, શીતળ છાયાવાળું, સ્નિગ્ધ, સ્નિગ્ધ છાયાવાળું, ગાઢ, ગાઢ છાયાવાળું, સઘન શાખાઓની છાયાવાળું અને મહા મેઘસમૂહ જેવું રમ્ય હતું.

તે ઉપવનનાં વૃક્ષો ઉત્તમ મૂળ, કંદ, થડ, છાલ, શાખા, પાંદડાં, ફૂલો, ફળો અને બીજોથી સંપન્ન હતાં. તે આનુપાતિક રૂપમાં સુંદર અને ગોળાકાર રૂપે વિકસિત હતાં. તેમને એક એક થડ અને અનેક અનેક શાખાઓ હતી. તેમનો મધ્ય ભાગ અનેક શાખાઓ, પ્રશાખાઓના વિસ્તારથી વિશાળ બનેલ હતો. તેમનાં સઘન, વિશાળ અને સુઘડ થડ અનેક મનુષ્યો દ્વારા ફેલાવાયેલી ભુજાઓમાં પણ ન સમાય તેવાં હતાં.

[અન્ય વાચના મુજબ આટલો પાઠ વધુ છે–

તેમની શાખાઓ પૂર્વ-પશ્ચિમ લાંબી અને ઉત્તર-દક્ષિણમાં પહોળી હતી, તથા તે સારી રીતે વહેંચાયેલ લાંબી લાંબી શાખા-પ્રશાખાઓ વાયુ દ્વારા રુંધી ન શકાય તેવી રીતે અધોમુખ પત્રોથી વ્યાપ્ત અને નમેલી હતી.]

તેમનાં પાંદડાં છિદ્ર વિનાનાં અવિરલ, એકબીજાને અડેલાં, નીચે તરફ લટકતાં અને ઉપદ્રવ રહિત અર્થાત્ નીરોગી હતાં. તેમાંથી જૂનાં પીળાં પાન ખરી ગયાં હતાં અને નવીન લીલાં ચમકતાં પાંદડાંની સઘનતાથી ત્યાં અંધારું અને ગંભીરતા નજરે પડતાં હતાં. નવાં પરિપુષ્ટ પાંદડાં અને કોમળ, ઉજ્જવળ હલતી કુંપળો અને પ્રવાળો-અંકુરોથી તેમનાં અગ્રભાગ શોભતાં હતાં.

તે વૃક્ષો સદૈવ પુષ્પો, મંજરીઓ, પત્રો, ફૂલોનાં ગુચ્છો, ગુલ્મો અને પત્રગુચ્છોથી યુક્ત રહેતાં હતાં. તેમાંનાં કેટલાંક વૃક્ષો એવાં પણ હતાં જે સદાય સમશ્રેણી રૂપે સ્થિર હતાં, કેટલાંક એવાં હતાં જે સદા યુગલ રૂપે જ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્યમાન હતાં, કેટલાંક એવાં હતાં જે પુષ્પો અને ફળો વગેરેના ભારથી સદાય નમેલાં જ રહેતાં હતાં. આ રીતે તે વૃક્ષો પોતાનાં સુંદર પુષ્પો, મંજરીઓ, પત્રો, ફળોનાં ઝુમખાં, ગુલ્મો, પત્રગુચ્છો, યુગલોમાં અને સંયુક્ત પણે, ભારથી નમેલાં-વધુ નમેલાં એવાં અને પોતાનાં પુષ્પગુચ્છો–મંજરીઓ આદિના શિરોભૂષણથી શોભતાં એવાં જણાતાં હતાં.

તે વૃક્ષો પોપટ, મોર, મેના, કોયલ, કોભગક, ભિંગારક, કોંડલક, ચકોર, નંદિમુખ, તેતર, બટેર, બતક, ચક્રવાક, કલહંસ, સારસ આદિ અનેક પક્ષીઓ દ્વારા કરાતાં કલરવથી ગુંજતા મધુર સ્વરોથી ભરેલાં અને સુરમ્ય જણાતાં હતાં.

ત્યાં રહેલાં મદમસ્ત ભ્રમરો અને ભ્રમરીઓના સંપુટો અને પુષ્પપરાગના લોભથી બીજા બીજા સ્થાનોમાંથી આવેલા વિવિધ જાતિના ભ્રમરો મસ્તીમાં ગુંજારવ કરી રહ્યા હતા જેથી તે સ્થાન ગુંજાયમાન થઈ રહ્યું હતું. તે વૃક્ષો અંદરથી પુષ્પો અને ફળોથી લદાયેલાં અને બહારથી પત્રોથી ઢંકાયેલાં હતાં. તે પત્રો અને પુષ્પો તથા ફળોથી સદા લચી રહેલાં હતાં. તેમનાં ફળો સ્વાદિષ્ટ હતાં, નીરોગી અને કંટક રહિત હતાં. તે વૃક્ષો વિવિધ પ્રકારના પુષ્પગુચ્છો, ગુલ્મો અને મંડપોથી રમણીય દેખાતાં હતાં, શોભતાં હતાં. તેમની ટોચે અનેક પ્રકારની ચિત્રવિચિત્ર ધ્વજા–પતાકાઓ ફરકી રહી હતી.

ત્યાં તે વનખંડમાં વાવો, પુષ્કરણીઓ અને દીર્ઘિકાઓમાં જાળી અને ઝરુખાવાળાં સુંદર ભવનો બનેલાં હતાં. દૂર દૂર સુધી ફેલાની સુગંધના સંચિત પરમાણુઓના કારણે તે વૃક્ષો પોતાની મનહર મહેકથી મનને હરી લેનાં હતાં, અત્યંત તૃપ્તિદાયક વિપુલ સુગંધ ફેલાવતાં હતાં. તે વન ખંડમાં અનેક પ્રકારનાં પુષ્પગુચ્છો, લતા કુંજ મંડપો, વિશ્રામસ્થાનો અને સુંદર માર્ગો હતાં, અનેક રથો, વાહનો, પાલખીઓ, ડોળીઓ વગેરેને ઊભા રહેવા માટેની જગ્યાઓ હતી. આ રીતે તે વનખંડ રમણીય, મનોરમ, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ અર્થાત્ અતિસુંદર હતો.

**ઉત્તમ અશોક વૃક્ષ—**

૩૦૯. તે વનખંડની બરાબર વચ્ચોવચ્ચ એક વિશાળ અને શ્રેષ્ઠ અશોક વૃક્ષ હતું. (વાચનાન્તરે આટલો પાઠ અધિક છે–તેનું કંદ અને મૂળ જમીનની અંદર ખૂબ ઊંડે સુધી ગયેલ હતું. તેનું થડ ગોળાકાર, સુગંધિત, સુંદર, મનોહર, નક્કર, સ્નિગ્ધ, તેજસ્વી, સુવિકસિત, અક્ષત અને પુષ્ટ હતું. અનેક મનુષ્યો બન્ને હાથ ફેલાવીને ઘેરે તો પણ તે ન ઘેરી શકાય તેવું વિશાળ હતું. તેની શાખાઓ પુષ્પો અને પત્રોના ભારથી કંઈક નમી ગયેલી એવી હતી. તે વૃક્ષ મકરંદના લોભી ભમરાઓના સમૂહોનાં ગુંજારવ, સંસ્પર્શ અને ઉડા-ઉડના લીધે સુશોભિત હતું અને અનેક જાતના પક્ષીઓના મધુર કલરવથી કર્ણપ્રિય સ્વરાલાપથી યુક્ત હતું.) તેનાં મૂળ દાભ તથા ઘાસ રહિત હતાં, તે વૃક્ષ ઉત્તમ મૂળ અને થડ યુક્ત યાવત્ પાલખી વગેરેને ઊભા રહેવાની જગ્યા સાથેનું રમણીય, મનને પ્રસન્ન કરનાર, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતું.

તે ઉત્તમ અશોક વૃક્ષ અન્ય અનેક તિલક, લકુચ, છત્રોપ, શિરીષ, સપ્તપર્ણ, દધિપર્ણ, લોધ્ર, ધવ, ચંદન, અર્જુન, લીંબડો, કુરજ, કદંબ, સવ્ય, પણસ, દાડમી, શાલ, તાલ, તમાલ, પ્રિયક, પ્રિયંગુ, પુરોપક, રાજવૃક્ષ અને નંદિવૃક્ષ આદિ વૃક્ષોથી ચારે બાજુથી ઘેરાયેલ હતું.

તે તિલક, લકુચ યાવત્ નંદિવૃક્ષ આદિ વૃક્ષોનાં મૂળ પણ દાભ–તૃણ રહિત હતાં તે બધાં વૃક્ષો પણ ઉત્તમ કોટિના મૂળ–કંદ આદિવાળાં ઈત્યાદિ પૂર્વ વર્ણનાનુસાર યાવત્ પાલખી વ.ને ઊભા રહેવાનાં સ્થાનયુક્ત, રમણીય, મનપ્રસન્નકર દર્શનીય, સુંદર અતિસુંદર હતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિલક યાવત્ નંદિવૃક્ષ આદિ અનેક પ્રકારની પદ્મલતાઓ, નાગલતાઓ, અશોકલતાઓ ચંપકલતાઓ, સહકારલતાઓ, વનલતાઓ, વાસંતી લતાઓ, અતિમુક્તલતાઓ, કુંદલતાઓ અને શ્યામલતાઓથી ચોતરફ ઘેરાયેલાં હતાં.

તે પદ્મલતાઓ આદિ સદૈવ પુષ્પોથી વ્યાપ્ત યાવત્ મંજરીઓ રૂપી શિરોભૂષણ-કલગીઓ ધારણ કરતી તથા મનને પ્રસન્ન કરનાર, દર્શનીય, અભિરૂપ–પ્રતિરૂપ હતી.

[ પુસ્તકાન્તરગત અધિક પાઠ આ પ્રમાણે છે–

તે ઉત્તમ અશોક વૃક્ષના ઉપરિ ભાગમાં આઠ મંગળ દ્રવ્યો હતાં, જેવાં કે–૧. સ્વસ્તિક, ૨. શ્રીવત્સ ૩. નન્દ્યાવર્ત ૪. વર્ધમાનક ૫. ભદ્રાસન ૬. કળશ ૭. મત્સ્યયુગલ અને ૮. દર્પણ. તે બધાં રત્નોમાંથી બનાવેલાં, સ્વચ્છ, સ્નિગ્ધ, ધૃષ્ટ–મૃષ્ટ (ઘસેલાં અને સાફ કરેલાં), નીરજ (રજરહિત), નિર્મળ, નિષ્પંક (ધૂળ રહિત), દીપ્ત–પ્રકાશિત, ચમકતાં, પ્રભાયુક્ત, તેજ યુક્ત, મનોરમ્ય, દર્શનીય, અભિરૂપ–પ્રતિરૂપ હતાં. તે ઉત્તમ અશોક વૃક્ષ ઉપર અનેક સ્વચ્છ, નિર્મળ, રજતમય પટ્ટાથી શોભતી, વજ્રના દાંડાવાળી, કમળના ફૂલ જેવી સુરભિગંધથી સુગંધિત, રમણીય, આહ્લાદકારી, દર્શનીય, અભિરૂપ-પ્રતિરૂપ અર્થાત્ સુંદરાતિસુંદર કૃષ્ણરંગી ચામર ધ્વજાઓ, નીલરંગી ચામર ધ્વજાઓ, રક્તરંગી ચામર ધ્વજાઓ, શ્વેતરંગી ચામર ધ્વજાઓ અને પીતરંગી ચામર ધ્વજાઓ ફરકી રહી હતી.

તે ઉત્તમ અશોક વૃક્ષ ઉપર–તેની ટોચે–અનેક છત્રાતિછત્રો, પતાકાતિપતાકાઓ, ઘંટાયુગલ, ચામર યુગલ, ઉત્પલ, પદ્મ, કુમુદ, કુસુમ, નલિન, સુભગ, સૌગન્ધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર કમળોનાં ઝુમખાં લટકી રહ્યાં હતાં–જે અનેક રત્નોના બનેલાં, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ હતાં. ]

**પૃથ્વી-શિલાપટ્ટક—**

૩૧૦. તે અશોક વૃક્ષની નીચે તેના થડને અડીને એક વિશાળ પૃથ્વી શિલા પાટ આવેલી હતી –જેની લંબાઈ–પહોળાઈ–ઉંચાઈ માફકસરની હતી. તે કાળા રંગની હતી, તેની વર્ણકાન્તિ અંજન, મેઘ, કુવલય, નીલકમલ, બળરામનાં વસ્ત્રો, આકાશ, કેશ, કાજળની દાબડી, ખંજન પક્ષી, પાડાનાં સીંગડાં, રિષ્ટ રત્ન, જાંબુ, અસનક (એક પ્રકારની વનસ્પતિ), શણના ફૂલની ડીંટડી, નીલકમલનો પત્રસમૂહ, અળસીના ફૂલની કાન્તિ જેવી હતી. મરકત મણિ, મસારગલ્લ મણિ, આંખની કીકી જેવો તેનો વર્ણ હતો. તે અતીવ સ્નિગ્ધ–સુંવાળી હતી. તેના આઠ ખૂણા હતા. તે દર્પણના તળ જેવા તળભાગવાળી હતી. તેના પર ઈહામૃગ, વૃષભ, અશ્વ, મનુષ્ય, મગર, પક્ષી, સાપ, કિન્નર, રુરુમૃગ, સરભ–અષ્ટાપદ, ચમરીગાય, હાથી તથા વનલતા–પદ્મલતા આદિનાં ચિત્રો ચીતરેલાં હતાં. તેનો સ્પર્શ મૃગચર્મ, રૂ, બૂર નામક વનસ્પતિ, નવનીત અને આકડાના રૂની જેવો કોમળ હતો. તેનો આકાર સિંહાસન જેવો હતો. તે મનોરમ, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ એવી હતી.

**ચંપામાં કોણિક રાજા—**

૩૧૧. તે ચંપા નગરીમાં કોણિક નામે રાજા રાજ્ય કરતો હતો. તે મહા હિમવાન પર્વત સમાન મહાન અને મલય, મંદર તથા મહેન્દ્ર પર્વત સમાન સત્ત્વશાળી હતો. તે અત્યંત વિશુદ્ધ, દીર્ઘ પરંપરાવાળા–પ્રાચીન રાજવંશમાં જન્મ્યો હતો.

તેનાં અંગો સંપૂર્ણ રાજ્યોચિત લક્ષણોથી શોભતાં હતાં, તે બહુજનો દ્વારા સંમાનિત અને પૂજિત હતો, સર્વ ગુણોથી સમૃદ્ધ હતો, ક્ષત્રિય હતો, પ્રસન્નચિત્ત હતો. તે મૂર્ધાભિષિક્ત હતો–અન્ય રાજાઓ દ્વારા તેનો અભિષેક કરવામાં આવ્યો હતો. તે ઉત્તમ માતા–પિતાથી ઉત્પન્ન થયો હતો, કરુણાળુ હતો, મર્યાદાપાલક હતો, નીતિનો પાલનહાર હતો, ક્ષેમંકર–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધાનું કુશળ કરનાર હતો, ક્ષેમધર-કુશળનું ધારણ કરનાર હતો, ઐશ્વર્યશાળી હોવાથી મનુષ્યોમાં ઇન્દ્ર સમાન હતો. જનપદ માટે તે પિતાતુલ્ય, પ્રતિપાલક, હિતકારક, કલ્યાણ-કારક પથદર્શક હતો. તે મનુષ્યોમાં શ્રેષ્ઠ, પુરુષાર્થશીલ પુરુષોમાં શ્રેષ્ઠ, પરાક્રમશીલોમાં સિંહ સમાન શ્રેષ્ઠ, શૂરવીરોમાં વાઘ જેવો ઉત્તમ, પ્રચંડતામાં આશીવિષ સર્પ સમાન ઉત્તમ, પુરુષોમાં ઉત્તમ પુંડરીક અને ગંધહસ્તી સમાન હતો.

તે સમૃદ્ધ, દીપ્ત, વૃત્ત-વિશાળ ભવન, શૈયા, આસન, રથ, વાહનોનો સ્વામી હતો. તેની પાસે વિપુલ સંપત્તિ, સોના-ચાંદી હતાં. તેણે વિપુલ અર્થલાભના ઉપાયો કર્યા હતા. તેને ત્યાં ભોજન પછી પણ વિપુલ ખાદ્યસામગ્રી વધતી હતી. તે અનેક દાસ-દાસી, ગાયો, ભેંસો અને બકરીઓનો માલિક હતો. તેનાં યંત્રાગાર, કોષ અને કોષ્ઠાગાર—અન્નભંડાર તથા શસ્ત્રાગાર પરિપૂર્ણ-અતિ ભરપૂર હતાં.

તે મોટી સેનાનો સ્વામી હતો, તેણે પોતાના સીમાવર્તી રાજાઓને પોતાને વશવર્તી અને શક્તિહીન બનાવી દીધા હતા, સગોત્ર પ્રતિ-સ્પર્ધીઓને વિનષ્ટ કર્યા હતા કે તેમનું માન-મર્દન કર્યું હતું, તેમનું ધન છીનવી લઈને તેમને દેશનિકાલ કર્યા હતા. એ જ રીતે તેણે બીજા શત્રુ રાજાઓનો વિનાશ કર્યો હતો કે તેમનું ધન છીનવી લીધું હતું, માનભંગ કર્યા હતા અને દેશનિકાલ કર્યા હતા, પરાજિત કર્યા હતા-જીતી લીધા હતા. આ રીતે તે દુષ્કાળ તથા મહામારીના ભય રહિત, ક્ષેમમય, કલ્યાણ-મય, સુકાળયુક્ત તથા શત્રુવિઘ્ન રહિત બની રાજ્યશાસન કરતો હતો.

**કોણિકની રાણી ધારિણી દેવી—**

૩૧૨. તે કોણિક રાજાની ધારિણી નામે રાણી હતી. તેનાં હાથ-પગ આદિ સુકોમળ હતા. તેની પાંચે ઇન્દ્રિયો અહીન-પરિપૂર્ણ, અખંડ અને સંપૂર્ણ હતી. તે ઉત્તમ લક્ષણો, વ્યંજનો અને ગુણોથી યુક્ત હતી, શરીરના માપ, ઊંચાઈ, વજન આદિમાં પરિપૂર્ણ, શ્રેષ્ઠ અને સર્વાંગ સુંદરી હતી, ચન્દ્ર સમાન સૌમ્ય આકૃતિવાળી, દર્શનીય અને કમનીય હતી, પરમ રૂપવતી હતી. તેના દેહનો મધ્યભાગ-કટિપ્રદેશ હથેળીમાં સમાય તેટલો હતો, અને ઉદર પર ત્રિવલી-ત્રણ રેખાઓ પડતી હતી.

જેના કપોલ-ગાલો પર કુંડળો શોભતાં હતા, તેવું તેનું મુખ શરદ પૂર્ણિમાના ચન્દ્ર સમાન નિર્મળ, પરિપૂર્ણ અને સૌમ્ય હતું. તેની સુંદર વેશભૂષા શૃંગારરસના આવાસ-સ્થાન જેવી હતી, તેની ચાલ, હાસ્ય, વાણી, કાર્ય અને ચેષ્ટાઓ યથાયોગ્ય હતાં. લાલિત્ય-પૂર્ણ વાર્તાલાપ કરવામાં તે દક્ષ હતી, લોક-વ્યવહારમાં નિપુણ હતી.

[ પ્રત્યન્તરમાં આ પ્રમાણે પાઠ છે—તે સુંદર સ્તન, જઘન, મુખ, હાથ, પગ, નેત્ર, લાવણ્ય અને વિલાસ યુક્ત હતી. ]

તે મનોરમ, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતી તથા રાજા બિંબિસારના પુત્ર કોણિક રાજામાં તે અનુરક્ત-વફાદાર, સમર્પિત થઈને ઇષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધમૂલક પાંચ પ્રકારના મનુષ્ય સંબંધી કામભોગો ભોગવતી સમય વીતાવતી હતી.

**કોણિકને સતત ભગવાનની પ્રવૃત્તિનું નિવેદન કરનાર પુરુષ—**

૩૧૩. તે કોણિક રાજાએ પર્યાપ્ત વેતન આપીને ભગવાન મહાવીરની દૈનિક વિહાર આદિ દૈનંદિન પ્રવૃત્તિની જાણ કરનાર એક પ્રવૃત્તિ-નિવેદન પુરુષની નિયુક્તિ કરી હતી જે ભગવાન મહાવીર-ના વિહાર ક્રમ આદિની માહિતી રાજાને નિવેદિત કરતો હતો.

તે પ્રવૃત્તિ-નિવેદક પુરુષની સાથે જ અન્ય અનેક માણસોને પણ ભોજન અને વેતન આપીને નિયુક્ત કરવામાં આવ્યા હતા, જે તે મુખ્ય પુરુષને ભગવાનની પ્રવૃત્તિ સંબંધી જાણકારી આપતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કોણિકનું સુખપૂર્વક વિચરણ—**

૩૧૪. તે કાળે તે સમયે બિંબિસાર-પુત્ર રાજા કોણિક અનેક ગણનાયકો, દંડનાયકો, રાજાઓ, ઈશ્વરો (જાગીરદારો), તલવરો, માડંબિકો, કૌટુંબિકો, મંત્રીઓ, મહામંત્રીઓ, નૈમિત્તિકો, જ્યોતિષીઓ, દ્વારપાળો, અમાત્યો, સેવકો, પીઠમર્દકો, નાગરિકો, વ્યાપારીઓ, શ્રેષ્ઠીઓ, સેનાપતિઓ સાર્થવાહો, દૂતો અને સંધિપાલો વડે ઘેરાઈને રાજ્યસભામાં બેઠો હતો.

**ભગવંત-પ્રવૃત્તિ-નિવેદક પુરુષ દ્વારા કોણિક સમક્ષ ભગવાન મહાવીરના ચંપાનગરીમાં આગમનનું નિવેદન—**

૩૧૫. તે કાળે તે સમયે ધર્મની આદિ કરનાર, તીર્થંકર યાવત્ આગળ ધર્મધ્વજ ફરકાવતા શ્રમણ ભગવાન મહાવીર ચૌદ હજાર શ્રમણો અને છત્રીસ હજાર શ્રમણીઓથી ઘેરાઈને પૂર્વાનુપૂર્વી વિહાર કરતા કરતા, એક ગામથી બીજે ગામ જતા, ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધારવા માટે ઉન્મુખ થઈને ચંપાનગરીના બાહ્ય ઉપનગરમાં આવી પહોંચ્યા.

ત્યાર પછી જ્યારે તે પ્રવૃત્તિનિવેદકે આ સમાચાર જાણ્યા કે તે હર્ષિત થયો, આનંદિત બન્યો, સંતુષ્ટ થયો, પ્રસન્ન થયો, સૌમ્ય ભાવ અને હર્ષથી તેનું હૃદય ખીલી ઊઠ્યું અને તેણે સ્નાન, બલિકર્મ, કૌતુક મંગળ, પ્રાયશ્ચિત આદિ વિધિ કરી પછી રાજસભામાં જવા માટે યોગ્ય શુદ્ધ માંગલિક વસ્ત્રો પહેર્યાં તથા અલ્પ છતાં બહુમૂલ્ય એવાં આભૂષણો પહેર્યાં અને પોતાના ઘરેથી બહાર નીકળ્યો, નીકળીને ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઈને જ્યાં કોણિક રાજાનો પ્રાસાદ હતો, જ્યાં બાહ્ય રાજસભા હતી અને તેમાં જ્યાં બિંબિસારપુત્ર કોણિક રાજા બિરાજમાન હતો ત્યાં આવ્યો, આવીને બન્ને હાથ જોડીને શિરસાવર્ત પૂર્વક અંજલિ રચીને રાજાને જય-વિજય શબ્દો વડે વધાવ્યો અને વધાવીને પછી આ પ્રમાણે કહેવા લાગ્યો-' હે દેવાનુપ્રિય! આપ જેમનાં દર્શનની કાંક્ષા કરો છો, જેમનાં દર્શનની અભિલાષા કરો છો, જેમનાં દર્શનની પ્રાર્થના કરો છો, જેમનાં દર્શનની ઈચ્છા કરો છો, જેમનાં નામ અને ગોત્રના શ્રવણ માત્રથી આપ હૃષ્ટ અને સંતુષ્ટ બનો છો યાવત્ આપનું હૃદય હર્ષાતિરેકથી ખીલે છે તે શ્રમણ ભગવાન મહાવીર ક્રમાનુક્રમથી ગમન કરતાં કરતાં, એક ગામથી બીજે ગામ વિહાર કરતાં, હાલ ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા છે. હે દેવાનુપ્રિય ! હું આપની પ્રસન્નતા માટે આ પ્રિય સમાચાર આપને નિવેદિત કરું છું, તે આપને પ્રિય થાઓ.'

**ભગવાન પ્રતિ કોણિકના નમસ્કાર—**

૩૧૬. તે વૃત્તાંત-નિવેદક પાસેથી બિંબિસારપુત્ર કોણિક રાજાએ આ સમાચાર સાંભળ્યા-જાણ્યા એટલે તે હૃષ્ટ-તુષ્ટ થયો યાવત્ તેનું હૃદય હર્ષથી ખીલી ઊઠ્યું, મેઘની વર્ષાના સ્પર્શથી જેમ કદંબનું પુષ્પ ખીલી ઊઠે તેમ તેનાં રોમરોમ ઊભાં થઈ ગયાં, ઉત્તમ કમળ ખીલે તેમ તેનાં મુખ તથા નેત્ર વિકસિત થઈ ગયાં. હર્ષાતિરેકથી તેનાં હાથનાં ઉત્તમ કડાં, ત્રુટિત, બાજુબંધ, મુકુટ, કુંડળ અને વક્ષ:સ્થળ પર શોભિત હાર સહસા કંપાયમાન બન્યાં, ગળામાં લટકતી લાંબી લાંબી માળાઓ અને આભૂષણો હલી ઊઠ્યાં. આદરપૂર્વક સિંહાસનથી તરત જ તે ઊઠ્યો, ઊઠીને પાદપીઠ પર પગ મૂકી નીચે ઉતર્યો, ઉતરીને ઉત્તમ વૈડૂર્યમણિ, રિષ્ટ, અંજનરત્ન આદિ જડેલ, ચમકતા મણિરત્નોથી મંડિત પાદુકાઓ ઉતારી, ઉતારીને ૧. ખડ્ગ ૨. છત્ર ૩. મુકુટ ૪. વાહન અને ૫. ચામર— આ પાંચ રાજચિહ્નોને અળગા કર્યાં, એકશાટિક ઉત્તરાસંગ કર્યું, આચમન કર્યું અને સ્વચ્છ, પવિત્ર બન્યો. પછી મુકુલિત કમળ સમાન હાથ જોડીને જે દિશામાં તીર્થંકર ભગવાન બિરાજમાન હતા તે દિશામાં સાત-આઠ ડગલાં ચાલ્યો, સાત-આઠ ડગલાં ચાલીને ડાબો ઘૂંટણ વાળ્યો, જમણો ઘૂંટણ જમીન પર ટેકવ્યો, પછી ત્રણ વાર પોતાનું મસ્તક ભૂમિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર નમાવ્યું અને પછી સહેજ મસ્તક ઊંચું કર્યું, ઊંચું મસ્તક કરી કંકણ અને કડાંથી સ્થંભિત બાહુઓ ઊંચા કર્યા અને હાથ જોડી આ પ્રમાણે બોલ્યો—

'નમસ્કાર હો તે અરિહંત ભગવંતોને, જે ધર્મની આદિ કરનાર છે, તીર્થસ્થાપક છે, સ્વયંબુદ્ધ છે, પુરુષોમાં ઉત્તમ છે, પુરુષોમાં સિંહ સમાન છે, પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીક સમાન છે, પુરુષોમાં ઉત્તમ ગંધહસ્તી સમાન છે, લોકોત્તમ છે, લોકનાથ છે, લોકહિતકર્તા છે, લોકમાં પ્રદીપ સમાન છે, લોકમાં ઉદ્યોતકર્તા છે, અભયદાતા છે, (જ્ઞાનરૂપી) ચક્ષુદાતા છે, ધર્મમાર્ગદર્શક છે, શરણદાતા છે, જીવદયાના ઉપદેશક છે, બોધિદાતા છે, ધર્મદાયક છે, ધર્મોપદેશક છે, ધર્મનાયક છે, ધર્મરથના સારથી છે, ચતુર્ગતિરૂપી સંસારનો નાશ કરનાર છે, ધર્મચક્રવતી છે, દીપકની જેમ સર્વ વસ્તુઓના પ્રકાશક છે અથવા સંસાર સાગરમાં અથડાતા જીવોને માટે દ્વીપ સમાન છે, આશ્રયસ્થાન છે, શરણ–ગતિ અને આશ્રયભૂત છે, નિરાવરણ ઉત્તમ જ્ઞાનના ધારક છે, અજ્ઞાન આદિ આવરણ રૂપ છદ્મથી રહિત છે, જિન છે, જ્ઞાયક કે જ્ઞાપક છે, તીર્ણ–સંસારને પાર કરી જનાર છે, અને તારક–બીજાને પાર કરાવનાર છે, પોતે બુદ્ધ છે અને બીજાને બોધ આપનાર છે, મુક્ત અને મુક્તિદાતા છે, સર્વજ્ઞ, સર્વદર્શી છે, જે શિવ–કલ્યાણમય, અચલ, સ્થિર, અરુજ (રોગ-રહિત), અંતરહિત, ક્ષયરહિત, બાધારહિત, પુનરાવર્તન રહિત એવા સિદ્ધગતિ નામક સ્થાને પહોંચેલા આત્માઓને નમસ્કાર હો.

ધર્મની આદિ કરનાર, તીર્થંકર યાવત્ સિદ્ધગતિ નામક સ્થાને પહોંચવા ઉદ્યત એવા મારા ધર્માચાર્ય–ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર હો. ત્યાં બિરાજતા તેઓ ભગવાન અહીં રહેલા મને જુઓ.' આ પ્રમાણે કહીને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને પૂર્વતરફ મુખ કરીને તે સિંહાસન પર બેઠો અને બેસીને તે પ્રવૃત્તિ–નિવેદકને તેણે એક લાખ આઠ હજાર સુવર્ણ મુદ્રાઓ પ્રીતિદાનમાં આપી, તેનું સન્માન–સત્કાર કરી તેને કહ્યું–'હે દેવાનુપ્રિય ! જ્યારે શ્રમણ ભગવાન અહીં પધારે, અહીં સમવસરણ થાય અને અહીં ચંપાનગરીની બહાર પૂર્ણભદ્ર ચૈત્યમાં યથા-યોગ્ય અવગ્રહ ગ્રહણ કરીને તે અર્હન્, જિન, કેવલી શ્રમણગણથી ઘેરાઈને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં બિરાજમાન થાય ત્યારે તે સમાચાર તારે મને આપવા.' આ પ્રમાણે કહી તે સમાચાર નિવેદકને વિદાય આપી.

**ચંપામાં ભગવાન મહાવીરનું સમવસરણ—**

૩૧૭. ત્યાર પછી બીજા દિવસે રાત્રિ વીતી જઈને પ્રભાત થતાં, ઉત્પલાદિ કમળો ખીલતાં ઉજવળ પ્રભાયુક્ત અને રક્તવર્ણ અશોક, કિંશુક (કેશુડો), પોપટની ચાંચ, ચણોઠીનો અર્ધોભાગ–એ બધાની જેવી લાલિમા સાથે, કમળવનને ખીલવનાર સહસ્રરશ્મિ સૂર્યનો ઉદય થયો અને આકાશમાં તેનું તેજચક્ર ઝળહળવા લાગ્યું ત્યારે યાવત્ સુખપૂર્વક વિહાર કરતાં કરતાં જ્યાં ચંપાનગરી હતી, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું, જ્યાં વનખંડ હતો, જ્યાં ઉત્તમ અશોક વૃક્ષ હતું અને તેની નીચે પૃથ્વી શિલાપાટ હતી ત્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી આવ્યા અને આવીને યથાયોગ્ય અવગ્રહ ધારણ કરીને ઉત્તમ અશોક વૃક્ષ નીચે રહેલી પૃથ્વી શિલાપાટ ઉપર પૂર્વદિશા તરફ મુખ કરીને પદ્માસન પૂર્વક બેઠા અને અર્હત્ જિન કેવલી અને શ્રમણગણ વડે ઘેરાઈને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિરાજમાન થયા.

**ચંપાનગરી–નિવાસીજનોનું સમવસરણ–ગમન અને પર્યુપાસના—**

૩૧૮. તે વખતે ચંપાનગરીના શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચોતરાઓ, ચારરસ્તાઓ, રાજમાર્ગો અને ગલીઓમાં અનેક લોકો આ પ્રમાણે બોલવા લાગ્યા, [વાચનાન્તરે–બહુ લોક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવો શબ્દ કરવા લાગ્યા, અન્યોન્ય વાત કરવા લાગ્યા, અન્યોન્ય ધીમા સ્વરે કહેવા લાગ્યા] જનસમૂહો એકત્રિત થયા, જનકોલાહલ થઈ રહ્યો, લોકોમાં કલબલાટ થવા લાગ્યો, લોકોનાં મોજાં ફરી વળ્યાં, લોકોમાં જાણે કે આંધી આવી, જાણે લોકસમૂહ ખળભળી ઊઠયો, લોકો એક બીજાને આ પ્રમાણે કહેવા લાગ્યા. બોલવા લાગ્યા, વાત કરવા લાગ્યા, જણાવવા લાગ્યા, ભારપૂર્વક પ્રરૂપણ કરવા લાગ્યા—

'અરે દેવાનુપ્રિયો! ધર્મની આદિ કરનાર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ યાવત્ સિદ્ધિ ગતિ નામ સ્થાનની આકાંક્ષાવાળા શ્રમણ ભગવાન મહાવીર પૂર્વાનુપૂર્વી ક્રમથી ચાલતા ચાલતા, ગામોગામ વિહાર કરતા કરતા અહીં પધાર્યા છે, અહીં પહોંચ્યા છે, અહીં સમવસૃત થયા છે તથા અહીં ચંપાનગરીની બહાર પૂર્ણભદ્ર ચૈત્યમાં યથાયોગ્ય અવગ્રહ ધારણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા બિરાજમાન થયા છે.

હે દેવાનુપ્રિયો! આવા અરિહંત ભગવંતોનાં નામ-ગોત્રનું શ્રવણ કરવું એ પણ જ્યારે ઘણી મોટી વાત છે તો પછી તેમની પાસે જઈને તેમને વંદન—નમસ્કાર કરવા અને જિજ્ઞાસાનું સમાધાન કરવું તથા તેમની પર્યુપાસના કરવી એની તો વાત જ શું કરવી! આર્ય પુરુષો પાસે એકાદ સદ્ધર્મમય વચન સાંભળવું એ પણ ઘણી મોટી વાત છે તો પછી તેમની પાસેથી વિપુલ-વિસ્તૃત સદુપદેશ ગ્રહણ કરવાની તો વાત જ શું કરવી?! આથી હે દેવાનુપ્રિયો! આપણે જઈએ અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન—નમસ્કાર કરીએ, તેમનો સત્કાર કરીએ, સન્માન કરીએ. તેઓ ભગવાન કલ્યાણ, મંગળ, દેવ અને ચૈત્ય સ્વરૂપ છે, આથી વિનયપૂર્વક તેમની પર્યુપાસના કરીએ, આ બધું આપણા આ ભવ અને પરભવ માટે આપણને હિતકર, સુખપ્રદ, શાન્તિદાયક, નિશ્રેયપ્રદ સિદ્ધ થશે.'

આ પ્રમાણે વાત કરીને અનેક ઉગ્રવંશીઓ, ઉગ્રપુત્રો, ભોગવંશીઓ, ભોગપુત્રો એ જ રીતે દ્વિપદાવતાર (બે સ્થાનમાં જેમનો સમાવેશ થઈ શકે તે), રાજન્ય [વાચનભેદે-ઈક્ષ્વાકુ, જ્ઞાત, કૌરવ,] ક્ષત્રિય, બ્રાહ્મણ, સુભટ, યોદ્ધા, રાજકર્મચારીઓ, મલ્લકીઓ, લિચ્છવીઓ, લિચ્છવીપુત્રો તથા બીજા પણ અનેક રાજા, રઈસો, તલવરો, માડંબિકો, કૌટુંબિકો, ઈભ્યો, શેઠો, સેનાપતિઓ, સાર્થવાહો વગેરે વંદના કરવાની ભાવનાથી, તો કેટલાક પૂજા કરવાની ઈચ્છાથી, તે જ રીતે ઘણા સત્કાર, સન્માન, દર્શન, કુતુહલના હેતુથી, કેટલાક તત્ત્વનિર્ણય જાણવા માટે, અશ્રુતપૂર્વ સાંભળવા માટે, પૂર્વે સાંભળેલમાં ઉત્પન્ન થયેલ શંકાના સમાધાન માટે, કેટલાક હેતુ, અર્થ, તર્ક તથા વિશ્લેષણ પૂર્વક તત્ત્વ જિજ્ઞાસા પૂર્ણ કરવા માટે, કેટલાક સઘળા સાંસારિક સંબંધો છોડીને મુંડિત થઈને ગૃહસ્થાવાસ છોડી અનગાર—મુનિ રૂપે દીક્ષિત થવા માટે, કેટલાક પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારના શ્રાવક ધર્મને સ્વીકારવા માટે, કેટલાક જિનભક્તિના અનુરાગથી, કેટલાક પોતાના વંશ-પરંપરાગત ચાલ્યા આવતા વ્યવહારથી ભગવાન પાસે જવા માટે ઉદ્યત થયા.

એ બધાએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું. કૌતુક—મંગળ—પ્રાયશ્ચિતવિધિ કરી [ક્યાંક 'પ્રક્ષાલન કર્યું' એવો પાઠ છે], મસ્તક પર અને ગળામાં માળાઓ ધારણ કરી, રત્નજડિત સુવર્ણ આભૂષણો, હાર, અર્ધહાર, ત્રણસેરવાળો હાર, લાંબા હાર, લટકના કટિસૂત્રો વગેરે અલંકારોથી પોતાની જાતને શણગારી, ઉત્તમ માંગલિક વસ્ત્રો પહેર્યાં, [વાચનાન્તરે-યાનમાં બેઠા, યુગ્મમાં બેઠા, ડોળીમાં બેઠા, બગીમાં બેઠા, ગાડીમાં બેઠા] અને પછી અંગ—પ્રત્યંગમાં ચન્દનનો લેપ કર્યો, પછી કેટલાક અશ્વસવાર બન્યા, કેટલાક હાથી પર સવાર થયા, કોઈ પાલખી પર, કોઈ સ્યંદમાનિકા પર, કોઈ પગે ચાલીને—આમ અનેક વ્યક્તિઓના સમૂહ સાથે, [ક્યાંક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવો પાઠ છે—પોતપોતાની ટોળી બનાવીને] ઉત્કૃષ્ટ હર્ષોન્નત સુંદર મધુર ઘોષ દ્વારા નગરીને ગજવતાં, ગરજતા વિશાળ સમુદ્રની જેવી બનાવતાં [ક્યાંક પાઠ છે–પગના પ્રહારથી ભૂમિને કંપાવતા, આકાશતળને વિદારતા, એક જ દિશામાં એક બાજુ મુખ કરીને] ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યા, નીકળીને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં આવ્યા, આવીને ન અધિક દૂર કે ન અતિ નજીક એવા ઉચિત સ્થાને રહીને શ્રમણ ભગવાન મહાવીરના તીર્થંકર સ્વરૂપના પ્રકાશક એવા છત્રાદિ અતિશયો નીરખ્યા, નીરખીને યાન-વાહનાદિ રોક્યા, [કવચિત્ આવો પાઠ છે–રોકીને ઊભા રાખ્યા], રોકીને યાન-વાહનોમાંથી નીચે ઉતર્યા, ઉતરીને [વાચનાન્તર-યાનો છોડ્યા, વાહનો પાછા મોકલ્યા, પુષ્પ-તાંબુલ વગેરે સચિત્ત પદાર્થો તથા શસ્ત્રો અને પાદુકાઓ છોડ્યા–ઉતાર્યા, એકશાટિક ઉત્તરાસંગ કરીને, આચમન કરી મુખશુદ્ધિ કરીને, અભિગમપૂર્વક નેત્રોને કેન્દ્રિત કરીને સામા ચાલ્યા].

જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને ઉચિત સ્થાને બેસી ઉપદેશ-વાણી સાંભળવા ઉત્સુક બની, નમસ્કાર કરતાં કરતાં, સંમુખ રહી વિનયપૂર્વક અંજલિ રચી પર્યુપાસના કરવા લાગ્યા, કાયિક પર્યુપાસના રૂપે સમાધિસ્થ થઇ નિશ્ચળ, હાથ-પગને સંકોરીને, હાથ જોડી અંજલિ રચી રહ્યા.

વાચિક પર્યુપાસનારૂપે 'હે ભદન્ત! આપે જે કહ્યું તે તે પ્રમાણે જ છે. હે ભંતે! તે જ સત્ય છે. હે પ્રભો! તે જ સંદેહરહિત છે. હે સ્વામી! તે જ ઈચ્છિત છે, ભન્તે! તે જ અત્યંત ઈચ્છવા યોગ્ય છે. ભગવન્! તે જ ઈચ્છિત-પ્રતીચ્છિત છે. એ જ અર્થ સત્ય છે એ જ પરમાર્થ છે.' આ રીતે અનુકૂળ વચનો બોલતા રહ્યા. માનસિક પર્યુપાસનરૂપે ચિત્તને સ્થિર કરીને મનને કેન્દ્રિત કરીને, લીન બનીને, અધ્યવસિત થઈને આત્મપરિણામોને તદ્રૂપ પરિણત કરીને, એકાગ્રપણે શ્રવણ કરીને, તદનુરૂપ ઉપયોગ યુક્ત બનીને તદ્રૂપ ભાવનામાં રમમાણ બનીને, એકાગ્ર-મના થઈને મનનો અવછાદિત કરી અનન્યમન બનીને, જિન-વચન અને ધર્માનુરાગથી મનને અનુરંજિત કરીને તથા ઉત્તમ કમળ સમાન વિકસિત નયન અને મુખવાળા બનીને અર્થાત્ પ્રસન્નપણે પર્યુપાસના કરવા લાગ્યા. ધર્મ-શાળાઓમાં, ઉદ્યાનોમાં, શિલ્પશાળાઓમાં, મઠોમાં, દુકાનોમાં, બજારોમાં, રથગૃહોમાં, વાહનશાળાઓમાં, કોઠારોમાં, શ્મશાનોમાં, શૂન્યાગારોમાં, ઘૂમના ફરતા ભગવાનના સમવસરણ સ્થાનની શોધ કરવા લાગ્યા.

**ભગવંત-પ્રવૃત્તિ-નિવેદક દ્વારા કોણિક સમક્ષ ભગવાનના આગમનનું નિવેદન—**

૩૧૯. ત્યાર બાદ તે પ્રવૃત્તિ-નિવેદકે આ વાત જાણી ત્યારે તે અતિ આનંદિત અને સંતુષ્ટ યાવત્ હૃદયથી પ્રસન્ન થયો અને સ્નાન યાવત્ અલ્પ પરંતુ મૂલ્યવાન આભૂષણોથી શરીરને અલંકૃત કરી પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઈ જ્યાં કોણિક રાજાની બાહ્ય ઉપસ્થાન શાળા હતી ત્યાં આવ્યો, યાવત્ કોણિક રાજા સિંહાસન પર બિરાજ્યો અને તે વૃત્તાંતનિવેદકને પ્રીતિદાનરૂપે સાડા-બાર લાખ સુવર્ણ મુદ્રાઓ આપી, તેનું સન્માન—બહુમાન કર્યું અને પછી તેને વિદાય કર્યો.

**કોણિકનો ભગવાન મહાવીરના દર્શનાર્થે જવા સંકલ્પ અને સર્વ ઋદ્ધિ સહિત સમવસરણ તરફ પ્રસ્થાન—**

૩૨૦. ત્યાર પછી બિંબિસારપુત્ર કોણિક રાજાએ સેનાનાયકને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું– 'હે દેવાનુપ્રિય! તરત જ અભિષેક-હસ્તીરત્નને સજ્જ કરો અને અશ્વદળ–ગજદળ–રથદળ તથા પાયદળની બનેલી ચતુરંગિણી સેના તૈયાર કરો. સુભદ્રા વગેરે રાણીઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે અલગ-અલગ યાત્રા માટેનાં યોગ્ય યાનો જોડીને બાહ્ય ઉપસ્થાન શાળા માટે ઉપસ્થિત કરો. ચંપાનગરીની અંદર અને બહાર [ ક્યાંક આવો પાઠ છે—શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચોતરાઓ, ચારરસ્તાઓ, રાજમાર્ગો અને ગલીઓ વગેરેમાં ] પાણી છંટાવો, સાફ-સૂફી કરો, લીંપો ગુંપો અને શેરીઓ તથા બજારો સાફ કરો, તેમાં પાણી છંટાવો, મંચા-તિમંચોની રચના કરાવો, વિવિધ પ્રકારની નાની મોટી રંગબેરંગી, સિંહ, ચક્ર આદિ આકૃતિ-ઓથી મંડિત ધ્વજાપતાકાઓ લગાવો, દીવાલો ધોળાવો, તે પર ગોરોચન અને રક્તચંદનના થાપા મરાવો, યાવત્ ધૂપસળી જેમ મહેકતી કરો. આ બધું કરી કરાવી પછી મને જાણ કરો. હું શ્રમણ ભગવાન મહાવીરના અભિનંદન માટે જવા માગું છું.'

ત્યારે કોણિક રાજાએ આ પ્રમાણે કહ્યું એટલે તે સેનાનાયક હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયમાં પ્રસન્ન થઈ, બન્ને હાથ જોડી આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચી આ પ્રમાણે બોલ્યો : 'હે સ્વામિ ! આપની આજ્ઞાનુસાર થશે.' એમ કહી વિનયપૂર્વક આજ્ઞા ગ્રહણ કરી તેણે હસ્તી-શાળાના નિયામકને બોલાવી આ પ્રમાણે કહ્યું : 'હે દેવાનુપ્રિય ! તરત જ બિંબિસારપુત્ર કોણિક રાજાના અભિષેક માટેના હાથીને સજાવો, સજાવીને અશ્વ–હસ્તી રથદળ તથા પાયદળ રૂપ ચતુરંગિણી સેના તૈયાર કરો અને તૈયાર કરી મને જાણ કરો.'

ત્યાર બાદ તે હસ્તિનિયામકે સેનાનાયકની આજ્ઞા સાંભળી વિનયપૂર્વક સ્વીકારી અને સ્વીકાર્યા પછી તે મહાવતે કલાચાર્ય પાસેથી શીખેલ તથા પોતાની બુદ્ધિ કલ્પનાથી યોજેલ રચના મુજબ નિપુણતાપૂર્વક તે ઉત્તમ હાથીને ઉજ્જવળ, ભભકાદાર વસ્ત્રાભૂષણો વડે સજ્જ કર્યો તે સુસજ્જ હાથીને ધાર્મિક ઉત્સવને અનુરૂપ શૃંગાર કર્યો, કવચ પહેરાવ્યું, રસ્સીથી તેના વક્ષ:સ્થળને કસીને બાંધ્યું, ગળામાં હાર વગેરે આભૂષણો પહેરાવ્યાં, આથી તે ખૂબ દેદીપ્યમાન દેખાવા લાગ્યો. તેના કાનમાં કલામય કર્ણફૂલોથી શણગાર કર્યો, લટકતી લાંબી ઝૂલ તથા મદની ગંધથી એકત્ર થયેલ ભ્રમરસમૂહથી જાણે ત્યાં અંધકાર જણાવા લાગ્યો. ઝૂલ પર વેલબુટા ભરેલી નાની ઝૂલ નાખી. શસ્ત્ર અને કવચયુક્ત તે હાથી જાણે યુદ્ધ માટે સજ્જ થયો હોય તેવો દેખાતો હતો. છત્ર, ધ્વજા, ઘંટડીઓ, પતાકાઓ અને મસ્તક પરની પાંચ કલગીઓથી તેને વિભૂષિત કર્યો. તેની બન્ને બાજુઓ પર બે ઘંટડીઓ લટકાવી, તે હાથી જાણે વીજળી સાથેનો મેઘ હોય તેવો દેખાતો હતો, પોતાના ભારે શરીરના કારણે જાણે હાલતો ચાલતો પર્વત હોય તેવો જણાતો હતો. તે મદોન્મત્ત બની મેઘની ગર્જના જેવી ગુલગુલાહટ કરવા લાગ્યો. તેની ગતિ મન અને વાયુના વેગને પણ હરાવી દે તેવી હતી. વિશાળ દેહ અને પ્રચંડ શક્તિના કારણે તે ભયંકર દેખાતો હતો. એવા સંગ્રામ–યોગ્ય હાથીને મહાવતે સજ્જ કર્યો. સજ્જ કરીને પછી અશ્વ–હસ્તી–રથ–પાયદળ યુક્ત ચતુરંગિણી સેના સજ્જ કરી અને પછી જ્યાં સેનાનાયક હતો ત્યાં આવ્યો, આવીને આજ્ઞા પૂર્ણ કર્યાની જાણ કરી.

ત્યાર પછી સેનાનાયકે યાનશાળાના ઉપરિને બોલાવ્યો અને બોલાવીને આજ્ઞા કરી કે 'હે દેવાનુપ્રિય ! તરત સુભદ્રા પ્રમુખ રાણીઓ માટે અલગ યાત્રા–યોગ્ય યાનો તૈયાર કરી બાહ્ય ઉપસ્થાનશાળા પાસે ઉપસ્થિત કરો અને તેમ કરીને મને જાણ કરો.'

ત્યારે યાનશાળાના અધિકારીએ સેનાનાયક-ની આજ્ઞા સાંભળી અને સ્વીકારી જ્યાં યાન-શાળા હતી ત્યાં આવી યાનોનું નિરીક્ષણ કર્યું, નિરીક્ષણ કરીને તેમની સફાઈ કરી, સફાઈ કરી ત્યાંથી યાનોને ખસેડીને બહાર કાઢ્યા, બહાર લાવીને તે પર પડદા નાખ્યા, પડદા નાખીને યાનોને શણગાર્યા, શણગારીને અલંકારો વડે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સજાવ્યાં, સજાવીને જ્યાં વાહનશાળા (અશ્વો વ. ને રાખવાનું સ્થળ) હતી ત્યાં આવ્યો, આવીને વાહનશાળામાં પ્રવેશ્યો, પ્રવેશીને યોગ્ય વાહનોનું નિરીક્ષણ કર્યું, નિરીક્ષણ કરીને વાહનોને નવડાવ્યાં, નવડાવીને વાહનશાળામાંથી બહાર લાવ્યો, બહાર લાવીને તેમને થપથપાવ્યા, થપથપાવીને તેમના પર ઝૂલ નાખી, ઝૂલ નાખી તેમને શણગાર્યા, શણગારી આભૂષણોથી અલંકૃત કર્યા, અલંકૃત કરી તેમને યાનોમાં જોડયા, જોડીને ચાબુકો અને લગામો ધારણ કરનાર હાંકનારાઓને ગોઠવ્યા, ગોઠવીને યાનોને જવાના રસ્તા પર લઈ આવ્યો, લાવીને જ્યાં સેનાનાયક હતો ત્યાં આવી તેની આજ્ઞા પૂર્ણ કર્યાની તેને જાણ કરી.

ત્યાર પછી સેનાનાયકે નગરરક્ષકને બોલાવ્યો, બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિય ! તરત જ ચંપાનગરીને અંદર–બહાર સાફ કરાવો. યાવત્ આજ્ઞા પૂરી કર્યાની જાણ કરો.'

ત્યારે નગરપાલે સેનાનાયકની તે આજ્ઞાનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને ચંપાનગરીની અંદર અને બહાર સાફસૂફી કરાવી જ્યાં સેનાનાયક હતો ત્યાં આવી તેની આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

ત્યાર પછી તે સેનાનાયકે બિંબિસારપુત્ર રાજા કોણિકના અભિષેક–હસ્તીને સજ્જ થયેલો જોયો, અશ્વ–હાથી–રથ અને પાયદળની બનેલી ચતુરંગિણી સેનાને તૈયાર જોઈ, સુભદ્રા વ. રાણીઓ માટે અલગ-અલગ યથાયોગ્ય યાનોને જોતરેલાં જોયાં, ચંપાનગરીને બહાર અને અંદર વાળીચોળી લીંપીગુંપી યાવત્ ધૂપસળી જેવી મહેંકતી જોઈ–જોઈને તે હૃષ્ટતુષ્ટ અને પ્રસન્નહૃદય બન્યો અને જ્યાં બિંબિસારપુત્ર કોણિક રાજા બિરાજમાન હતો ત્યાં આવ્યો, આવીને બે હાથ જોડી યાવત્ આ પ્રમાણે નિવેદન કર્યું–

"આપ દેવાનુપ્રિય માટે આભિષેક્ય હસ્તીરત્ન સજ્જ છે, અશ્વાદિ ચતુરંગિણી સેના તૈયાર છે, સુભદ્રા વ. રાણીઓ માટે પ્રસ્થાન માટે અલગ યાન જોડીને તૈયાર કરાયાં છે, ચંપાનગરીની અંદર બહાર સાફસૂફી કરી, પાણી છાંટી યાવત્ સુગંધથી મહેકતી બનાવી છે. હે દેવાનુપ્રિય ! આપ શ્રમણ ભગવાન મહાવીરના અભિનંદન માટે પધારો.'

ત્યારે બિંબિસારપુત્ર રાજા કોણિક સેનાનાયકની આ વાત સાંભળીને પ્રસન્ન અને સંતુષ્ટ થયો યાવત્ તેનું હૃદય ખીલી ઊઠ્યું, તે જ્યાં વ્યાયામશાળા હતી ત્યાં આવ્યો, આવીને વ્યાયામશાળામાં પ્રવેશ્યો, પ્રવેશીને અનેક પ્રકારના વ્યાયામ કર્યા જેમકે શરીર વાળવું, ઊછળવું, કૂદવું, કુસ્તી કરવી વ. અને વ્યાયામ કરી શરીરને શ્રમ, પરિશ્રમ આપ્યો. પછી પ્રીણનીય (પ્રીતિજનક), દર્પણીય, બલવર્ધક, મદવર્ધક, કામોદ્દીપક, બૃંહણીય, શરીરને તથા સર્વ ઈન્દ્રિયોને આહ્‌લાદક એવા શતપાક, સહસ્રપાક સુગંધી તેલો વડે શરીરનો ઉબટન કરાવ્યું–અભ્યંગ કરાવ્યું.

પછી તૈલચર્મ (આસન વિશેષ) પર બેસી જેમના હાથપગનાં તળિયાં અત્યંત સુકોમળ અને સુંવાળા હતા, જે છેક–અવસરજ્ઞ, કલાવિદ્ કાર્યકુશળ, મેધાવી, પોતાના વ્યવસાયમાં પ્રવીણ, અભ્યંગ, પરિમર્દન, ઉબટન દ્વારા ગુણકારી લાભ આપવા સમર્થ હતા એવા સંવાહકો–માલીશ કરનાર પુરુષો પાસે હાડકાં માટે સુખપ્રદ, માંસ માટે સુખપ્રદ, ત્વચા માટે સુખપ્રદ, રોમરાજિ માટે સુખપ્રદ એમ ચાર પ્રકારના સંવાહન–માલીશ દ્વારા શરીરને ચંપી કરાવી.

આ રીતે વ્યાયામજનિત શ્રમને દૂર કરી તે વ્યાયામશાળામાંથી બહાર નીકળ્યો, બહાર નીકળીને જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવ્યો, આવીને સ્નાનગૃહમાં પ્રવેશ્યો. તે સ્નાનગૃહ મોતીઓની જાળીઓથી મનોરમ્ય, વિવિધ પ્રકારના મણિઓ અને રત્નો જડેલ ભૂમિતળવાળું અને વિવિધ પ્રકારના મણિમય-રત્નમય ચિત્રોથી ચિત્રિત દીવાલોવાળું હતું. એવા સ્નાન મંડપમાં પ્રવેશી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્નાન માટેની ચોકી પર સુખપૂર્વક બેસી સુગંધી શુદ્ધ પુષ્પરસ મિશ્રિત જળથી પુન: પુન: સુખદાયક સ્નાન વિધિપૂર્વક કર્યું.

સ્નાન કરીને ત્યાર પછી અનેક સેંકડો કલ્યાણકારી કૌતુક મંગળ વિધિ વિધાન કર્યાં, ત્યાર પછી રુંછાવાળા સુકોમળ કાષાય સુગંધીદાર વસ્ત્રથી શરીર લૂછયું, સરસ સુગંધી ગોરોચન અને ચંદનનો લેપ કર્યો, અખંડ નિર્મળ મહામૂલ્યવાન વસ્ત્રરત્ન પહેર્યું, પવિત્ર માળા ધારણ કરી, કેશર આદિ વિલેપન લગાડયાં, મણિજડિત સુવર્ણનાં આભૂષણો, હાર, અર્ધહાર, ત્રણ સેરનો હાર, લાંબાં લટકતાં કટિસૂત્ર આદિથી શરીરને અલંકૃત કર્યું, ગળામાં ગ્રૈવેયક, આંગળીઓમાં વીંટીઓ પહેરી, ઉત્તમ કંકણો અને બાજુબંધો દ્વારા ભુજાઓ શણગારી. મુદ્રિકાઓના પ્રકાશથી તેની આંગળીઓ સોનેરી ચમકી રહી હતી, કુંડળોથી મુખ પ્રકાશી રહ્યું હતું, મુકુટથી તેનું મસ્તક ઝગારા મારતું હતું, હારોથી લદાયેલ તેનું વક્ષ:સ્થળ સુંદર રમણીય પ્રતીત થતું હતું. એક લાંબું લટકતું વસ્ત્ર તેણે ઉત્તરીય રૂપે પહેર્યું હતું, સુયોગ્ય શિલ્પીઓ દ્વારા મણિસુવર્ણરત્નના સુયોગથી નિર્મિત વિમળ અને મહાર્હ, સુશ્લિષ્ટ, વિશિષ્ટ, પ્રશસ્ત, ચમકતાં વીરવલય-કંકણવિશેષ તેણે ધારણ કર્યાં હતાં.

વધુ શું કહેવું ? તે રાજા આવા પ્રકારની વેશભૂષા અને શૃંગારથી જાણે કે મૂર્તિમંત્ર કલ્પવૃક્ષ હોય તેવો જણાતો હતો. કોરંટ પુષ્પોથી માળાઓથી યુક્ત—

[વાચનાન્તરે આવો પાઠ છે-પિંગળવર્ણ અભ્રપટલ સમાન પ્રકાશમાન, અત્યંત શાંતિદાયક ચન્દ્ર મંડળ સમાન પ્રભાવાળું, સેંકડો માંગલિક આકૃતિઓ ચીતરેલ, મણિસુવર્ણમય ઘુઘરીઓની માળાઓથી સજાવેલ, ચારે બાજુ લટકતી સુવર્ણ ઘંટાઓ દ્વારા નીકળતા કર્ણપ્રિય મધુર મંદ-મંદ સુરવાળું, પ્રતરયુક્ત લટકતી શ્રેષ્ઠ મોતીની માળાઓથી વિભૂષિત, નરેન્દ્રની ભુજા યુગલના પ્રમાણ જેટલા વિસ્તાર જેટલું ગોળાકાર, ઠંડી, ગરમી, વાયુ અને વર્ષાથી જન્મના વિષદોષનો નાશ કરનાર, સઘન તમરજ, મલપટલનો નાશ કરવા સમર્થ પ્રભાયુક્ત, ચન્દ્ર જેવું સુખદ અને કલ્યાણકારી, માંગલિક છાયા યુક્ત, વૈડૂર્યમણિના દંડવાળું, વજ્રરત્નની બસ્તિ અને જ્યોતિષરત્ન ખચિત એક હજાર આઠ આરાઓ યુક્ત, અતીવ નિર્મળ રજતમય આચ્છાદન વસ્ત્રવાળું, નિપુણ શિલ્પીઓ દ્વારા રચેલું, શણગારેલું, સંસ્કારાયેલું, દેદીપ્યમાન મણિરત્નો દ્વારા અંધકારનો નાશ કરનાર, સૂર્યકિરણોનો તિરસ્કાર કરનાર અને સૂર્યકિરણના પ્રત્યાવર્તનથી ધવલ કિરણ સમૂહ છોડતું, ત્રિદંડયુક્ત સુશોભિત આતપત્ર.]

છત્ર ધારણ કરીને, અને ચાર પ્રકારના ડોલતા ચામર સાથે—

[પાઠાન્તરે—શ્રેષ્ઠ ગિરિનિકુંજોમાં વિચરણ કરવાથી અત્યંત પ્રસન્ન અને અનુપહત ચમરી ગાયોના પૃષ્ઠભાગમાંથી—પૂંછડામાંથી બનાવેલ, નિર્દોષ, અમ્લાન, શ્વેતકમળ સમાન નિર્મળ, ઉદ્દીપ્ત ચમકતા, રજતગિરિ—વૈતાઢ્ય પર્વતના શિખર, વિમલ ચન્દ્રકિરણો કે ચાંદી સમાન નિર્મળ, વાયુની પ્રેરણાથી ચપળ બનેલ, મનોહર હલકી હલકી લહરીઓ—તરંગો સમાન નૃત્ય કરતા અને મહાકલ્લોલના કારણે વિસ્તૃત દેખાતા ક્ષીરસાગરના ઉત્તમ પ્રકૃષ્ટ પ્રવાહ જેવા ચંચળ, માનસ સરોવરના પરિસરમાં નિવાસ કરનાર તથા નિર્મળ વેશવાળી, સુમેરુ પર્વતના શિખર પર આશ્રય લેનારી, ઉત્પતન-નિપતનમાં અતીવ ચપળ, દ્રુતગતિએ ઊડનારી હંસિનીઓ જેવા શોભતા, વિવિધ પ્રકારનાં મણિ-રત્નો અને સુવર્ણથી રચિત મહામૂલ્યવાન, તપનીય સુવર્ણ સમાન રાતી આભાવાળા, દેદીપ્યમાન ચિત્રાંકનોથી યુક્ત, દીપ્તમાન દાંડીઓવાળા, નરપતિની શ્રી અને અભ્યુદયને પ્રકાશિત કરનાર શ્રેષ્ઠ પાટણો-નગરોના શિલ્પીઓ દ્વારા નિર્મિત,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમૃદ્ધ રાજવંશીઓ દ્વારા સેવાતા, કૃષ્ણ અગર, શ્રેષ્ઠ કુંદુરુક અને ઉત્તમ સુગંધી ચૂર્ણોની ફેલાતી સુગંધથી અતિ મનોહર, લાલિત્યપૂર્વક બન્ને બાજુએ ચાલતા ચાર ચામરો દ્વારા સુખદ વાયુથી વિંજાતા અંગોવાળો ]

લોકો દ્વારા કરાતા મંગળમય જય જય શબ્દો સાથે તે સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યો, નીકળીને અનેક ગણનાયકો, દંડનાયકો, રાજાઓ, ઈશ્વરો, તલવરો, માડંબિકો, કૌટુંબિકો, ઈભ્યો, શ્રેષ્ઠીઓ, સેનાપતિઓ, સાર્થવાહો, દૂતો, સંધિપાલો આદિથી ઘેરાઈને ધવલ મહામેઘ વચ્ચેથી નીકળતાં નક્ષત્રો અને દીપતા તારકોની મધ્યે રહેલા ચન્દ્ર જેવો, પ્રિયદર્શી તે રાજા જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી, જ્યાં અભિષેક માટેનો ઉત્તમ હાથી હતો, ત્યાં આવ્યો અને આવીને અંજનગિરિના શિખર સમાન તે ગજપતિની ઉપર તે નરપતિ સવાર થયો.

**કોણિકનું સમવસરણ પ્રતિ ગમન—**

૩૨૧. ત્યાર પછી તે બિંબિસારપુત્ર કોણિક રાજા અભિષેક હસ્તી પર બિરાજમાન થયો એટલે તેની આગળ આઠ મંગળો ક્રમસર ચાલવા લાગ્યા, તે આ પ્રમાણે હતા – ૧. સ્વસ્તિક, ૨. શ્રીવત્સ, ૩. નન્દ્યાવર્ત, ૪. વર્ધમાનક, ૫. ભદ્રાસન, ૬. કળશ, ૭. મત્સ્ય અને ૮. દર્પણ.

ત્યાર પછી જળ ભરેલા કળશો, ઝારીઓ, દિવ્ય છત્રો, પતાકાઓ, ચામરો સાથે જોતાં જ પ્રસન્ન કરે તેવી દર્શનીય, સુંદર, વાયુમાં લહેરાતી, ઊંચે આકાશને આંબતી વિજય વૈજયન્તી ધ્વજા ક્રમે ચાલી.

ત્યાર બાદ વૈડૂર્યમણિની પ્રભાથી દેદીપ્યમાન, નિર્મળ દંડયુક્ત, કોરંટ પુષ્પોની માળાઓથી સુશોભિત, ચન્દ્રમંડળ સમાન આભામય, ઊંચે ફેલાવેલું નિર્મળ આતપત્ર તથા ઉત્તમ સિંહાસન, શ્રેષ્ઠ મણિરત્નથી વિભૂષિત, પાદુકાઓ યુક્ત પાદપીઠ અનેક નોકર-ચાકરો તથા પગે ચાલનારાઓથી ઘેરાઈને ક્રમશઃ આગળ ચાલવા લાગ્યા.

ત્યાર બાદ અનેક લાઠીધારીઓ, ધનુર્ધારીઓ, ચામરધારીઓ, પાશધારીઓ, પુસ્તકધારીઓ, ફલકધારીઓ પીઠધારીઓ, વીણાધારકો, કૂપીધારકો, હડપ્પ (પાનપાત્રો) ધારકો ક્રમશઃ આગળ ચાલ્યા.

ત્યાર પછી ઘણા દંડી, મુંડી (મુંડાવેલા મસ્તકવાળા), શિખંડી ( ચોટીવાળા ), જટાધારીઓ, પિચ્છધારીઓ, હાસ્ય પેદા કરનારાઓ વિદૂષકો, ડમરકરો ( હલ્લો મચાવનારા ), ચાટુકારો ( ખુશામતિયા ) વાદકરો ( વાદવિવાદ કરનારા ), કંદર્પકરો ( શૃંગાર ચેષ્ટા કરનારા ), દવકરો ( ? ), કોત્કુચિતો ( ભાંડો ) અને ખેલ કરનારાઓ વગેરે વાદ્યો વગાડતા, ગાતા, હસાવતા, નાચતા, બોલતા, સંભળાવતા, અને રક્ષણ કરતા, [ક્યાંક પાઠ છે—જોર જોરથી અવાજ કરતા, નિરીક્ષણ કરતા તથા જય-જયકાર કરતાં ક્રમે આગળ ચાલ્યા ] ક્યાંક પાઠાન્તરે આવી સંગ્રહણી ગાથાઓ મળે છે–

[ અસિ ( તરવાર ) ધારી, લાઠીધારી, ભાલાધારી, ચામરધારી, પાશધારી, ફલકધારી, પુસ્તકધારી, વીણાધારી, કુપ્પધારી, હડપ્પધારી, દંડી, મુંડી, શિખંડી, પિચ્છધારી, જટાધારી, હાસ અને ક્રીડા કરનારા, દવકર, ચાટુકર, કંદર્પી, કોત્કુચિતો ગાતા, વગાડતા, નાચતા, હસતા, સંભળાવતા, હોહલ્લો મચાવતા ચારે બાજુ જોતા જોતા જય જયકાર કરી રહ્યા. ]

ત્યાર પછી ઊંચી ઓલાદના, વેગવાન, શક્તિ અને સ્ફૂર્તિવાળા, યુવાન એક સો આઠ અશ્વો અનુક્રમે રવાના થયા. હરિમેલા પુષ્પની કળી અને ચમેલીના ફૂલ જેવી તેમની આંખો હતી, પોપટની ચાંચ જેવી વાંકી, લલિત, ચપળ, ચંચળ, ગતિ હતી, ઓળંગવું, કૂદવું, દોડવું, ચતુરાઈથી આગળ નીકળવું, ભૂમિ પર ત્રણ પગ મૂકી ચાલવું, તીવ્ર ગતિથી દોડવું, ચાલવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ વિવિધ વિશિષ્ટ ચાલનું શિક્ષણ મેળવેલા એવા તે અશ્વો હતા. તેમના ગળામાં શ્રેષ્ઠ આભૂષણો લટકી રહ્યાં હતાં, મુખનાં આભૂષણો અવચૂલ-કલગી, દર્પણની આકૃતિ જેવા અલંકારવિશેષ-મુખબંધથી તે શોભતા હતા. તેમનાં ગંડસ્થળો ચામર અને કટિભાગ દંડથી શોભતા હતા. તેમની લગામ તરુણ સેવકોએ પકડી હતી.

ત્યાર પછી યથાક્રમે જેમના દાંત હજુ સહેજ સહેજ જ બહાર નીકળ્યા છે તેવા, સહેજ સહેજ મત્ત બનેલા, પૃષ્ઠ ભાગ કંઈક વિશાળ અને ધવલ હતો તેવા, સોનાના પતરાંથી મઢેલા દંતૂશળવાળા, સુવર્ણ-મણિ-રત્નોથી બનાવેલાં આભૂષણોથી શણગારેલા અને શ્રેષ્ઠ મહાવતો વડે હંકારાતા એક સો આઠ હાથીઓ ક્રમશઃ આગળ આગળ ચાલ્યા.

ત્યાર બાદ ક્રમાનુસાર છત્ર, ધ્વજા, ઘંટા, પતાકા, તોરણ, નંદિઘોષ આદિ ઘૂઘરીઓની જાળથી સજ્જ, હિમાચલ પ્રદેશમાં ઉત્પન્ન થયેલ તિનિશ કાષ્ઠમાંથી બનાવેલ અને સોનાથી રસેલા લોઢાના પાટા ચઢાવેલ તથા સોનાના આરાઓ યુક્ત પૈડાંવાળા, સુંદર, સુદૃઢ, ગોળ-વર્તુળાકાર ધરીઓવાળા, ઊંચી જાતના ઉત્તમ અશ્વો જોતરેલા, સુયોગ્ય સુરક્ષિત સારથીઓ વડે ચલાવાતા [ક્યાંક આવો પાઠ છે—સોનાની જાળીવાળા ઝરૂખાવાળા ઘૂઘરીઓ અને ઘંટડીઓની જાળવાળા] બત્રીશ ભાથાઓથી શોભતા, કવચ, શિરસ્ત્રાણ ધનુષ, બાણ અને બીજાં શસ્ત્રોથી યુક્ત, યુદ્ધ માટે સજ્જ એવા એક સો આઠ રથ આગળ ચાલ્યા.

ત્યાર પછી હાથોમાં તલવાર, ત્રિશૂળ, ભાલા, તોમર, શૂળ, લાઠીઓ, ભિંડિમાલ-નાના ભાલા અને ધનુષ ધારણ કરેલ પાયદળ સૈનિકો [યુદ્ધને માટે સજ્જ થયા હોય તેમ સારી રીતે કવચથી શરીરને મઢીને, ધનુષો પર ચાપ ચડાવીને, ગળામાં ગ્રૈવેયક-ગલપટ્ટા અને પોતાનાં સંકેત ચિહ્નોના પટ્ટા ધારણ કરીને, આયુધો-પ્રહરણો ગ્રહણ કરીને] ક્રમસર આગળ ચાલ્યા.

ત્યાર બાદ જેનું હારોથી ખચિત વક્ષઃસ્થળ શોભી રહ્યું છે તેવો, કુંડળોની દીપ્તિથી પ્રકાશિત મુખવાળો, મુકુટથી દેદીપ્યમાન જણાતા મસ્તક-વાળો, મનુષ્યોમાં સિંહ સમાન, મનુષ્યોનો પાલક, રાજાઓમાં ઈન્દ્ર સમાન, નરવૃષભ, મનુષ્ય રાજાઓમાં વૃષભ સમાન, અભ્યધિક રાજલક્ષ્મીના તેજથી દીપતો, ઉત્તમ હાથીની ખાંધે બિરાજમાન, કોરંટ પુષ્પોની માળાયુક્ત છત્ર ધારણ કરતો, ઉત્તમ શ્વેત ચામરો દ્વારા જેને વીંઝણો ઢોળવામાં આવી રહ્યો છે તેવો, વૈશ્રમણ-કુબેર જેવો નરપતિ, ઈન્દ્રરાજ જેવી સમૃદ્ધિ અને કીર્તિવાળો તે રાજા કોણિક ઉત્તમ હાથી-ઘોડા-રથદળ-પાયદળથી બનેલી ચાતુરંગિણી સેનાથી અનુસરાતો જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં જવા નીકળ્યો.

ત્યારે તે બિંબિસારપુત્ર કોણિક રાજાની આગળ મહાન અશ્વસવારો અને આજુબાજુ શ્રેષ્ઠ હાથીઓ પર સવાર સુભટો અને પાછળ રથ સવારોનો સમૂહ હતો.

ત્યાર પછી તે બિંબિસારપુત્ર કોણિક રાજાની આગળ આગળ જળથી ભરેલ ઝારીઓ લઈને સેવકો ચાલી રહ્યા હતા, બન્ને બાજુ પંખા વીંઝાતા હતા, તેના મસ્તકપર છત્ર ધરવામાં આવેલ હતું, બાલવીંજણીઓ-વીંજાતી હતી, સકળ સમૃદ્ધિ, સકળ દ્યુતિ, સકળ સૈન્ય, સર્વ સમુદય, સર્વ વિભૂતિ, સર્વ વિભૂષણો, સઘળો ઠાઠમાઠ ] કવચિત—સાધારણ પ્રજા, નાયકો, તલવરો અને સર્વ અંતઃપુર સાથે] સર્વ પ્રકારના પુષ્પ, ગંધ, માળા, અલંકારો, સર્વ પ્રકારનાં વાદ્યોના ધ્વનિ પ્રતિધ્વનિ, મહાઋદ્ધિ, મહા દ્યુતિ, મહાબળ, મહા સમુદય-પ્રભાવ અથવા સમુદાયથી શોભિત એવો, એક સાથે વગાડ-વામાં આવતા ઉત્તમ શંખ, પણવ, પટહ, ભેરી, ઝાલર, ખરમુખી, હુડુક્કી, મુરજ, મૃદંગ અને દુંદુભિના નાદ સાથે ચંપા નગરીની વચ્ચો-વચ્ચ થઈને નીકળ્યો.

ત્યારે તે કોણિક રાજા ચંપાનગરીની વચ્ચો-વચ્ચ થઈને નીકળ્યો. એટલે અનેક માગણો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામાર્થી, ભોગાર્થી, લાભાર્થી, કિલ્વિષક (ગુનેગાર), કરોટિક (કાપાલિક), કારવાહક (હાથના બળે ચાલનારા), શાંખિક, ચાક્રિક લાંગલિક (હળધર), મુખમંગલિક, વર્ધમાન, પૂષ્યમાનક (ચારણ), બિરુદપાઠકો વગેરે ઈષ્ટ, કમનીય, પ્રિય, મનોજ્ઞ, મનામ, મનોભિરામ [વાચનાન્તરે આવો પાઠ છે–શ્રેષ્ઠ, મંગલકારક, સુખદ, પ્રશંસનીય, માંગલિક, સશ્રીક, હૃદયગમ્ય, હૃદયપ્રસાદક, મૃદુ, મધુર, એકસો આઠ અકથિત ગાથાઓ વડે] હૃદયને પ્રસન્ન કરનારી વાણી અને જય હો વિજય હો એવા સેંકડો માંગલિક શબ્દોથી સતત અભિનંદન, સ્તુતિ, પ્રશસ્તિ ગાન કરતાં કરતાં આ પ્રમાણે કહેવા લાગ્યા—

'હે નન્દ (લોકોને આનંદ આપનાર)! આપનો જય થાઓ. હે ભદ્ર! (લોકોનું કલ્યાણ કરનાર)! આપનો જય થાઓ. આપનું કલ્યાણ થાઓ. ન જીતેલાને આપ જીતી લો, જીતેલાનું આપ પાલન કરો, જીતેલાઓની વચ્ચે આપનો વાસ હો. દેવોમાં ઈન્દ્ર તુલ્ય, અસુરોમાં ચમરેન્દ્ર સમાન, નાગોમાં ધરણેન્દ્ર સમાન, તારામંડળમાં ચન્દ્ર સમાન, મનુષ્યોમાં ભરત ચક્રવર્તી જેવા આપ અનેક વર્ષો સુધી, અનેક સેંકડો વર્ષ સુધી, અનેક સહસ્ર વર્ષ સુધી, અનેક લાખ વર્ષ સુધી, નિર્વિઘ્ને, નિર્દોષપણે, હૃષ્ટતુષ્ટ રહીને, ચિરંજીવી હો–ઉત્કૃષ્ટ આયુષ્ય પ્રાપ્ત કરો. આપ ઈષ્ટ જનો સહિત ચંપાનગરી અને અન્ય અનેક ગ્રામ, આકર, નગર, ખેટ, કર્બટ, દ્રોણમુખ, મડંબ, પટ્ટન, આશ્રમ, નિગમ, સંવાહ, સંનિવેશ આદિનું આધિપત્ય, પૌરપતિત્વ, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તરત્વ, આજ્ઞા-ઈશ્વરત્વ, સેનાપતિત્વ કરતાં કરતાં, પાલન કરતાં કરતાં, નિરંતર નૃત્ય, ગીત, વાદ્ય, વીણા, કરતાલ, તૂર્ય અને ઘનમૃદંગના કુશળ વાદનથી થતાં રવ પૂર્વક વિપુલ ભોગોપભોગોનો ઉપભોગ કરતાં કરતાં સુખપૂર્વક સમય વ્યતીત કરો.' આમ કહી જયઘોષ કર્યો.

**કોણિકનું સમવસરણમાં આગમન અને ભગવાનની પર્યુપાસના—**

૩૨૨. ત્યાર પછી તે બિંબિસારપુત્ર, રાજા કોણિક હજારો મનુષ્યોનાં નયનો વડે નિહાળાતો, હજારો મનુષ્યો દ્વારા અભિનંદન પામતો [ક્યાંક પાઠ છે–આહ્‌વાન કરાતો], મનોરથરૂપી હજારો માળાઓ વડે સ્પર્શ કરાતો, હજારો સ્વસ્તિવચનો દ્વારા સ્તુતિ કરાતો, શારીરિક કાંતિ અને સૌભાગ્યના ગુણોથી અનેક હજારો નરનારીઓ દ્વારા પ્રાર્થિત કરાતો, જમણા હાથેથી હજારો અંજલિ રૂપી માળાઓ ગ્રહણ કરતો, મધુર મંજુલ ઘોષથી સંબોધાતો, હજારો ભવનપંક્તિઓ વટાવતો વટાવતો.........

[વાચનાન્તરે આવો પાઠ છે–વીણા, કરતાલ, તુરી આદિ વાદ્યોના શબ્દઘોષ અને જય–જયકારના મહાન મધુર મંજુલ ધ્વનિથી સંબોધાતો, ગિરિકંદરાઓ, ગુફાઓ, પર્વત સમાન ઊંચા પ્રાસાદો, આકાશમંડળ, દેવકુલો, શ્રૃંગાટકો, ત્રિભેટા, ચોતરા, ચોક, આરામ, ઉદ્યાનો, કાનનો અને સમતલ પર્વતોની તળેટીઓને હજારો પ્રતિઘોષ (પડઘા)ના ધ્વનિઓથી ભરી દેતો, ઘોડાઓના હણહણાટ, હાથીઓના ગુલગુલાહટ અને રથોની ઘનઘનાહટથી મિશ્રિત જનસમૂહના મધુર કલરવથી બધી દિશાઓને પૂરી દેતો, સુરભિગંધથી સુગંધિત શ્રેષ્ઠ પુષ્પોના પરાગથી આકાશને પિંગળવર્ણ જેવું કરી દેતો, કૃષ્ણાગરુ, કુન્દુરુક્ક–તુરુષ્ક અને ધૂપની સુવાસથી લોકોને સુવાસિત કરતો, ચારે બાજુથી ઉભરાતા પ્રમુદિત બાલ–યુવા– વૃદ્ધજનોના સમૂહના કોલાહલથી નભોમંડળને વ્યાપ્ત કરતો...]

ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યો, નીકળીને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવાન મહાવીરથી ન અતિ દૂર કે ન અતિ નિકટ એવા સ્થાને રહી તીર્થંકરના છત્ર આદિ અતિશયો જોયા, જોઈને અભિષેક હસ્તીરત્નને અટકાવ્યો, અટકાવીને તેના પરથી નીચે ઊતર્યો, નીચે ઊતરીને ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખડ્ગ, ૨. છત્ર, ૩. મુકુટ, ૪. વાહન અને ૫. ચામર-આ પાંચ રાજચિહ્નોને દૂર કર્યા અને પછી જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજ્યા હતા ત્યાં આવ્યો, આવીને આ પાંચ અભિગમપૂર્વક સંમુખ ગયો–

૧. પુષ્પમાળા આદિ સચિત્ત દ્રવ્યોનો ત્યાગ.
૨. વસ્ત્ર આદિ અચિત્ત દ્રવ્યોનું અવ્યુત્સર્જન –અલગ ન કરવું.
૩. અખંડ વસ્ત્રોનો ઉત્તરાસંગ કરવો.
૪. ભગવાન પર દૃષ્ટિ પડતાં જ હાથ જોડવા– અંજલિ રચવી.
૫. મનને એકાગ્ર કરવું.

પછી શ્રમણ ભગવાન મહાવીરની ત્રણવાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને કાયિક, વાચિક અને માનસિક એમ ત્રિવિધ પર્યુપાસનાપૂર્વક પર્યુપાસના કરવા લાગ્યો. ત્રિવિધ પર્યુપાસનાઓમાં કાયિક પર્યુપાસનારૂપે તે હાથ-પગ સંકોચીને શ્રવણની ઈચ્છાપૂર્વક નમન કરતાં કરતાં ભગવાન સમક્ષ વિનયપૂર્વક અંજલિ રચી સ્થિર થયો. વાચિક ઉપાસનામાં તે ભગવાન જે જે ઉપદેશવચન બોલતા તે પ્રતિ 'એ એ પ્રમાણે જ છે. હે ભદન્ત ! એ તથ્ય રૂપ છે. હે ભગવન્ ! એ સત્ય રૂપ છે. હે ભગવન્ ! એ યથાર્થ જ છે. હે પ્રભો ! એ જ સંદેહરહિત છે. હે ભગવન્ ! એ જ ઈચ્છવા યોગ્ય છે. ભન્તે ! એ જ પ્રતીચ્છિત છે–પુન: પુન: ઈચ્છવા યોગ્ય છે. હે ભન્તે ! એ જ ઈચ્છિત-પ્રતિચ્છિત છે. હે ભન્તે ! તે પ્રમાણે જ છે જે પ્રમાણે આપ કહો છો.' આવાં અનુકૂળ વચનો તે બોલવા લાગ્યો. માનસિક પર્યુપાસના રૂપે તે પોતાના મનમાં પરમ સંવેગભાવ ઉત્પન્ન કરતો તીવ્ર ધર્માનુરાગથી અનુપ્રાણિત થઈ પર્યુપાસના કરવા લાગ્યો.

**સુભદ્રા આદિ કોણિકની રાણીઓનું સમવસરણમાં આગમન અને પર્યુપાસના—**

૩૨૩. ત્યાર પછી સુભદ્રા આદિ રાણીઓએ અંત:પુરમાં સ્નાન કર્યું-યાવત્-પ્રાયશ્ચિત આદિ વિધિ કરી, સર્વ અલંકારોથી વિભૂષિત થઈ [અન્ય પાઠ આવો મળે છે-વર્ધમાનક-વધાઈ ગાનારા અને પૂષમાણવ-મંગળપાઠકો દ્વારા સૌભાગ્યયુક્ત સ્વસ્તિવચનો દ્વારા પ્રશંસા કરાતી હતી અને જયવિજય આદિ સેંકડો મંગળ શબ્દો દ્વારા પ્રશસ્તિ-સ્તુતિ કરાતી હતી, કુશળ શૃંગાર કરવાની કળામાં નિપુણ દ્વારા રચિત કેશરચના વડે ઉત્તમ સુગંધ ફેલાતી હતી એવી રીતે ] અનેક દેશ-વિદેશી અને વિભિન્ન પ્રકારના શરીરસંસ્થાન (શરીરાકૃતિ) વાળી કુબ્જા, ચિલાતી, વામની, વડભી, બર્બરિકા, બકુશી, યુનાની, પહ્લવી, ઈરાની, ચારુકિની, લાશિકા, લકુશીકા, સિંહલી, દ્રાવિડી, આરબી, પુલિંદી, પક્કણી, બહલી, મરુંડી, શબરી, પારસી વગેરે અનેકદેશીય, પોતપોતાની વેશભૂષામાં સજ્જ તથા સંકેતો અને મનોભાવોને સમજવામાં કુશળ એવી દાસીઓના સમૂહથી ઘેરાઈને, વર્ષધરો (હિજડાઓ), કંચુકિયો અને મહત્તરોના વૃન્દથી વીંટળાયેલી તેઓ નીકળી.

નીકળીને દરેક રાણી પોતાને માટે તૈયાર કરાયેલા રથ પાસે આવી, આવીને તે પર સવાર થઈ, સવાર થઈને પોતાની પરિચારિકાઓ સાથે ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળી, નીકળીને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં આવી, ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરથી ન અતિ દૂર કે ન અતિ નિકટ રહીને છત્ર વગેરે તીર્થંકરના અતિશયો નીરખ્યાં, નીરખીને પ્રત્યેક પોતપોતાનો રથ ઊભો રાખ્યો, રથ ઊભો રાખીને અનેક કુબ્જા યાવત્ દાસીઓથી ઘેરાઈને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા ત્યાં આવી, આવીને પાંચ પ્રકારના અભિગમપૂર્વક શ્રમણ ભગવાન મહાવીરની સામે ગઈ. તે પાંચ અભિગમ આ રીતના હતા–

૧. સચિત્ત દ્રવ્યોનો વ્યુત્સર્ગ અર્થાત્ ત્યાગ,
૨. અચિત્ત દ્રવ્યોનો ત્યાગ ન કરવો.
૩. વિનયપૂર્વક શરીર નમાવવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. દૃષ્ટિ પડતાં જ અંજલિ રચવી.
અને ૫. મનને એકાગ્ર કરવું.

પછી શ્રમણ ભગવાન મહાવીરની ત્રણવાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને કોણિક રાજાની પાછળ રહીને પોતાના પરિજન પરિવાર સાથે ભગવાનની સંમુખ રહી વિનયપૂર્વક હાથ જોડી અંજલિ રચી પર્યુપાસના કરવા લાગી.

**ભગવાન મહાવીરની ધર્મ–દેશના—**

૩૨૪. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરે બિંબિસાર પુત્ર કોણિક રાજા, સુભદ્રા પ્રમુખ તેની રાણીઓ અને સેંકડો જનોના સમૂહવાળી તે અતિ વિશાળ પરિષદા તથા ઋષિપરિષદા, મુનિપરિષદા, યતિપરિષદા, દેવપરિષદાને ઉદ્દેશીને ઓઘબળયુક્ત, અતિબલયુક્ત, મહાબળવાન, અપરિમિતબળ, વીર્ય, તેજ, મહત્તા તેમ જ કાન્તિયુક્ત, શરદકાળના નૂતન મેઘના ગર્જન જેવા ક્રૌંચ પક્ષીના નિર્ઘોષ જેવા કે દુંદુભિના ધ્વનિ જેવાં મધુર ગંભીર સ્વરયુક્ત વાણીથી, એક યોજન પર્યંત ક્ષેત્રમાં પહોંચતા સ્વરે હૃદયમાં વિસ્તૃત થતા, કંઠમાં અવસ્થિત થતા અને મૂર્ધામાં પરિવ્યાપ્ત થતા ધ્વનિથી, સુવિભક્ત પદન્યાસ યુક્ત, અસ્પષ્ટ ઉચ્ચારણ રહિત અને સુવ્યક્ત અક્ષર સન્નિપાત યુક્ત, માધુર્ય ગુણ યુક્ત, શ્રોતાઓની ભાષામાં પરિણત થઈ જતી એવી અર્ધમાગધી ભાષામાં ધર્મોપદેશ કર્યો.

ત્યાં ઉપસ્થિત સઘળા આર્ય–અનાર્ય જનોને તેમણે અમ્લાનભાવે ધર્મકથન કર્યું.

તે અર્ધમાગધી ભાષા તે તે ઉપસ્થિત આર્યો અને અનાર્યોની પોતપોતાની ભાષામાં પરિણત થઈ ગઈ. ભગવાને જે ધર્મદેશના આપી તે આ પ્રમાણે હતી—

લોક છે, અલોક છે, એ જ પ્રમાણે જીવ-અજીવ, બંધ, મોક્ષ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, વેદના, નિર્જરા, અરિહંત ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, નરક, નૈરયિક, તિર્યંચ યોનિ, તિર્યંચ યોનિક, માતા, પિતા, ઋષિ, દેવ, દેવલોક, સિદ્ધિ, સિદ્ધ, પરિનિર્વાણ, પરિનિવૃત્તિ –કર્માવરણ રહિત અવસ્થા પ્રાપ્ત જીવ–આ બધાનું અસ્તિત્વ છે. પ્રાણાતિપાત–[વિરમણ] યાવત્ આજ્ઞાપાલનથી આરાધક બને છે.

**પરિષદાની ધર્મપ્રતિપત્તિ અને સ્વગૃહ–ગમન—**

૩૨૫. ત્યાર પછી તે વિશાળ જનપરિષદા શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મોપદેશ શ્રવણ કરીને હૃષ્ટ-તુષ્ટ થઈ યાવત્ પ્રસન્ન–હૃદય બની પોતાના સ્થાનેથી ઊઠી, ઊઠીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરી તેમાંના કેટલાકે મુંડિત બની, ગૃહવાસ ત્યજી, અનગાર–પ્રવજ્યા અંગીકાર કરી, કેટલાકે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતના બનેલા બાર વ્રતવાળા શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.

બાકીની પરિષદાએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું–હે ભદન્ત ! આપ દ્વારા સુ-આખ્યાત, સુપ્રજ્ઞાત, સુભાષિત, સુવિનીત, નિર્ગ્રન્થ પ્રવચન અનુત્તર અર્થાત્ સર્વશ્રેષ્ઠ છે. હે ભગવાન ! આપે ધર્મનું આખ્યાન કરતી વેળાએ ઉપશમનું સ્વરૂપ સમજાવ્યું, ઉપશમનું સ્વરૂપ સમજાવતાં વિવેકની સમજૂતી આપી, વિવેકની વ્યાખ્યા કરતાં પાપકર્મોથી વિરમણનું નિરૂપણ કર્યું, વિરમણનું નિરૂપણ કરતાં પાપકર્મ ન કરવાની વિવેચના કરી. બીજો કોઈ એવો શ્રમણ કે બ્રાહ્મણ નથી જે આ પ્રકારે ધર્મનું પ્રતિપાદન કરી શકે. તો આથી શ્રેષ્ઠ ધર્મના ઉપદેશની વાત જ ક્યાં રહી ?' આ રીતે કહીને તે પરિષદા જે દિશામાંથી આવી હતી તે દિશામાં પાછી ફરી,

**કોણિક કૃત ધર્મદેશના–પ્રશંસા અને સ્વગૃહ-ગમન**

૩૨૬. ત્યાર પછી બિંબિસારપુત્ર કોણિક રાજા શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મ શ્રવણ કરીને અને હૃદયમાં અવધારણ કરીને આનંદિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા સંતુષ્ટ થયો-યાવત્ તેનું હૃદય પ્રસન્નતાથી ખીલી ઊઠયું. તેણે ઊભા થઈને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમન કર્યાં, વંદન નમન કરી તે બોલ્યો 'હે ભદન્ત! આપે નિર્ગ્રન્થ-પ્રવચનનું સુંદર આખ્યાન-નિરૂપણ કર્યું યાવત્ એનાથી શ્રેષ્ઠ ધર્મ-ઉપદેશની તો વાત જ કયાં રહી?' આ પ્રમાણે કહી તે જે દિશાએથી આવ્યો હતો ત્યાં જવા પાછો ફર્યો.

**સુભદ્રા આદિ કોણિકની રાણીઓ દ્વારા ધર્મ-દેશનાની પ્રશંસા અને સ્વગૃહ-ગમન—**

૩૨૭. ત્યાર બાદ સુભદ્રા આદિ રાણીઓ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મોપદેશ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયથી પ્રસન્ન થઈને પોતાના આસનેથી ઊઠી, ઊઠીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ-વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમસ્કાર કરીને બોલી—'હે ભગવંન! આપે જે નિર્ગ્રન્થ પ્રવચનનું આખ્યાન કર્યું તે અનુત્તર છે યાવત્ તેનાથી શ્રેષ્ઠ બીજા ધર્મની તો વાત જ શું કરવી?' આ રીતે કહી તેઓ જે દિશામાંથી આવી હતી તે દિશામાં પાછી ગઈ.

॥ કોણિકનું મહાવીર-સમવસરણ-ગમન અને ધર્મ-શ્રાવણ સમાપ્ત ॥

## ૨૧. અંબડ પરિવ્રાજક કથાનક

**સાતસો અંબડ-શિષ્યોએ અટવીમાં સંગ્રહેલ પાણીનો નાશ—**

૩૨૮. તે કાળે તે સમયે ગ્રીષ્મ ઋતુમાં જેઠ મહિનામાં અંબડ પરિવ્રાજકના સાતસો અંતેવાસીઓ ગંગા મહાનદીના બન્ને કિનારેથી કાંપિલ્યપુર નામક નગરેથી પુરિમતાલ નગર તરફ જવા તૈયાર થયા.

ત્યારે તે પરિવ્રાજકો એવા જંગલમાં જઈ પહોંચ્યા કે જ્યાં કોઈ ગામ ન હતું, જ્યાં કોઈનું આવાગમન ન હતું અને માર્ગ લાંબો અને વિકટ હતો. એવા જંગલનો કેટલોક ભાગ તેઓએ પાર કર્યો તેવામાં ચાલતા ચાલતા પોતાની સાથે લીધેલું પાણી ધીરે ધીરે સમાપ્ત થઈ ગયું.

**અદત્ત-અગ્રહણનું વ્રત પાળનાર સાતસો પરિવ્રાજકોનું સંલેખનાપૂર્વક સમાધિ મરણ અને દેવલોકમાં ઉત્પત્તિ—**

૩૨૯. ત્યારે તે પરિવ્રાજકો પાણી ખલાસ થઈ જતાં તરસથી વ્યાકુળ બની ગયા અને કોઈ પાણી આપનાર નજરે ન પડતાં તેઓ એકબીજાને બોલાવીને આ પ્રમાણે કહેવા લાગ્યા—

'હે દેવાનુપ્રિયો! આપણે આ ગામ વગરની અટવીમાં યાવત્ કેટલોક ભાગ પાર કર્યો ત્યાં પાણી ખૂટી ગયું છે. તો હે દેવાનુપ્રિયો! આપણા માટે એ શ્રેયસ્કર છે કે આપણે આ ગામ વિનાની યાવત્ અટવીમાં પાણીનું દાન કરનારની ચારે બાજુ તપાસ કરવી જોઈએ.' આમ કહી એકબીજાની એ વાત માની અને તે ગામ વિનાની યાવત્ અટવીમાં ચારે બાજુ પાણીની તપાસ કરવા લાગ્યા, તપાસ કરવા છતાં પાણી દેનાર કોઈ ન મળતાં ફરી એક-બીજાને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! પાણી દેનાર કોઈ નથી, અને આપણા માટે અદત્ત-કોઈએ આપ્યા વિનાનું લેવું-તો ખપતું નથી [કવચિત પાઠ છે-અદત્ત સેવન કરવું ખપતું નથી.] એટલે આપણે આ આપત્તિકાળમાં પણ અદત્ત ગ્રહણ ન કરવું જોઈએ, સેવન ન કરવું જોઈએ, જેથી આપણા તપનો લોપ-ભંગ ન થાય. આથી આપણા માટે એ જ શ્રેયસ્કર છે કે હે દેવાનુપ્રિયો! આપણે ત્રિદંડ, કુંડિકાઓ, કાંચનિકાઓ, કરોટિકાઓ, વૃષિકાઓ, છન્નાલકો, અંકુશો, કેશરિકાઓ, પવિત્રિકાઓ, ગણેત્રિકાઓ, છત્રો, જોડાં, પાદુકાઓ અને ગેરુઆ વસ્ત્રો બધું એકાંતમાં ત્યજીને ગંગા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાનદીમાં ઊતરીને, રેતીનો સંથારો કરીને, સંલેખના—અંતિમ આરાધના સ્વીકારી, ભોજન-પાનનો ત્યાગ કરી, પાદોપગમનરૂપ સ્થિતિમાં શરીરને સ્થિર-નિશ્ચેષ્ટ કરીને, મરણની આકાંક્ષા કર્યા વિના વિચરવું જોઈએ.' આ પ્રમાણે કહીને, પરસ્પરની સંમતિ લઈને આવા વિચારનો અમલ કરવા સ્વીકાર્યું, સ્વીકારીને ત્રિદંડ આદિ ઉપકરણો એકાંતમાં છોડ્યાં, છોડીને ગંગા મહાનદીમાં ઊતર્યા, ઊતરીને રેતીનો સંથારો કર્યો, સંથારો કરીને તે સંથારા પર બેઠા અને પદ્માસન વાળી બેસી બે હાથ જોડી—યાવત્—આ પ્રમાણે બોલવા લાગ્યા—

'અર્હંત્—યાવત્—સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરેલા સિદ્ધોને નમસ્કાર હો. સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરવા સમુદ્યત શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર હો. અમારા ધર્માચાર્ય ધર્મોપદેશક અંબડ પરિવ્રાજકને નમસ્કાર હો. પહેલાં પણ અમે અંબડ પરિવ્રાજક પાસે સ્થૂળ પ્રાણાતિપાતનું, મૃષાવાદનું, અદત્તાદાનનું, સર્વપ્રકારના મૈથુનનું, અને સ્થૂળ પરિગ્રહનું યાવજ્જીવન—આજીવન પ્રત્યાખ્યાન કર્યું હતું. આ સમયે પણ અમે શ્રમણ ભગવાન મહાવીરની સાક્ષીએ બધા પ્રકારની હિંસા—યાવત્—બધા પ્રકારના પરિગ્રહનું જીવન પર્યન્ત માટે પ્રત્યાખ્યાન કરીએ છીએ, સર્વ પ્રકારના ક્રોધ, માન, માયા, લોભ, પ્રેમ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પિશુનતા, પરનિન્દા, અરતિ, રતિ, માયામૃષા, મિથ્યાદર્શન શલ્ય, અકરણીય યોગનું આજીવન પ્રત્યાખ્યાન કરીએ છીએ, તથા આજીવન બધા પ્રકારના અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય રૂપ આહારનું પણ પ્રત્યાખ્યાન કરીએ છીએ.

જો કે અમને આ શરીર ઈષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મનામ, પ્રેય, સ્થૈર્યમય, વૈશ્વાસિક, સંમત, બહુમત, અનુમત અને આભૂષણોની પેટી જેવું પ્રીતિકર છે. તેને ગરમી ન લાગે, તે ભૂખ્યું ન રહે, તે તરસ્યું ન રહે, તેને સાપ ન કરડે, તેને ચોરોનો ઉપદ્રવ ન થાય, તેને ડાંસ-મચ્છર ન કરડે, વાત-પિત્ત-કફ સન્નિપાત વગેરેથી પેદા થતા વિવિધ પ્રકારના રોગો, આતંકો, ઉપસર્ગો અને પરિષહો તેને ન થાય તેનું અમે ધ્યાન રાખ્યું છે;—છતાં અમે આ શરીરનો પણ છેલ્લા શ્વાસોચ્છ્‌વાસ સુધીને માટે ત્યાગ કરીએ છીએ, તેની મમતા છોડી દઈએ છીએ.' આ પ્રકારનો વિચાર-નિશ્ચય કરીને સંલેખના દ્વારા આત્માને ભાવિત કરતા, આહાર-પાણીનો ત્યાગ કરીને, શરીરને પાદપ-વૃક્ષવત્ સ્થિતિમાં સ્થિર કરીને, મરણની આકાંક્ષા ન કરતા, પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા.

આ રીતે તે પરિવ્રાજકોએ અનેક ટંકના ભોજનનો અનશન પૂર્વક ત્યાગ કર્યો, અનશન કરી આલોચના-પ્રતિક્રમણ કરી, સમાધિદશા પ્રાપ્ત કરી મૃત્યુ સમય આવી પહોંચતાં દેહ ત્યાગ કરી બ્રહ્મલોક કલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાં તેમની સ્થિતિ દસ સાગરોપમની દર્શાવાઈ છે. તેઓ પરલોકના આરાધક છે. બાકીનું વર્ણન પૂર્વવત્ સમજવું.

**અંબડનો શતગૃહ-વાસ અને આહાર-નિરૂપણ—**

૩૩૦. પ્રશ્ન—'હે ભદંત ! ઘણા લોકો અન્યોન્ય આ પ્રકારે કહે છે, વાત કરે છે, પ્રરૂપિત કરે છે કે—

"અંબડ પરિવ્રાજક કાંપિલ્યપુર નગરમાં સો ઘરમાં આહાર કરે છે, સો ઘરોમાં એક સાથે નિવાસ કરે છે."

તો હે ભગવંત ! એ કેવી રીતે ?'

ઉત્તર—ગૌતમ ! બધા લોકો અન્યોન્ય આ પ્રમાણે કહે છે કે યાવત્ આ પ્રમાણે પ્રરૂપણ કરે છે કે, અંબડ પરિવ્રાજક કાંપિલ્યપુર નગરના સો ઘરમાં (એકી વખતે) આહાર કરે છે યાવત્ સો ઘરમાં નિવાસ કરે છે—તે વાત સાચી છે. હે ગૌતમ ! હું પણ એમ જ કહું છું યાવત્ પ્રરૂપણ કરું છું કે અંબડ પરિવ્રાજક યાવત્ એક સાથે સો ઘરમાં નિવાસ કરે છે.

પ્રશ્ન—હે ભગવન્ ! અંબડ પરિવ્રાજક કાંપિલ્યપુર નગરમાં સો ઘરોમાં એકી વેળા આહાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે છે, સો ઘરમાં એકી વેળા નિવાસ કરે છે–એ વાત કઈ રીતે બને ?

ઉત્તર—હે ગૌતમ ! અંબડ પરિવ્રાજક પ્રકૃતિથી ભદ્ર યાવત્ વિનયશીલ છે. તે નિરંતર છટ્ઠ-છટ્ઠની તપસ્યા સાથે પોતાના હાથ ઊંચા રાખી, સૂર્યની સામે મુખ રાખી, આતાપના ભૂમિ પર આતાપના લેતો લેતો શુભ પરિણામો, પ્રશસ્ત અધ્યવસાયો, વિશુદ્ધતર થતી જતી લેશ્યાઓથી તદાવરણીય કર્મોનો ક્ષયોપશમ થવાથી ઈહા, ઊહા, માર્ગણા અને ગવેષણા કરતાં વીર્યલબ્ધિ, વૈક્રિય લબ્ધિ, અવધિજ્ઞાન-લબ્ધિને પામ્યો છે. જેથી કરીને લોકોને વિસ્મિત કરવાના હેતુથી તે લબ્ધિયો દ્વારા કાંપિલ્યપુર નગરમાં એક જ સમયે એક સાથે સો ઘરોમાં આહાર કરે છે, સો ઘરોમાં નિવાસ કરે છે. આ રીતે હે ગૌતમ ! એમ કહી શકાય કે અંબડ પરિવ્રાજક કાંપિલ્યપુર નગરના સો ઘરોમાં યાવત્ નિવાસ કરે છે.

**અંબડનું શ્રમણોપાસકત્વ—**

૩૩૧. પ્રશ્ન—હે ભગવન્ ! આપ દેવાનુપ્રિય પાસે મુંડિત થઈને ગૃહવાસ છોડીને અંબડ પરિવ્રાજક અનગાર અવસ્થા સ્વીકારવા સમર્થ છે ?

ઉત્તર—હે ગૌતમ ! એ સંભવિત નથી, પરંતુ અંબડ પરિવ્રાજક જીવાજીવ આદિ તત્ત્વોનો જ્ઞાતા શ્રમણોપાસક બનીને–યાવત્–આત્માને ભાવિત કરતો સમય પસાર કરશે. પરંતુ જેના ઘરને કમાડના આગળા ભીડયા ન હોય, જેનાં દ્વારા ક્યારેય બંધ ન હોય કે જેનો ઘર કે અંતઃપુરનો પ્રવેશ અપ્રિય ન લાગે (ક્વચિત્ પાઠ છે–જેનું ઘરમાં કે અંતઃપુરમાં પ્રવેશવાનું અપ્રિય ન લાગતું હોય) તેવો–એવા શ્રાવકનાં ત્રણ વિશેષણો અહીં લગાડવાનાં નથી.

અંબડ પરિવ્રાજકને જીવન પર્યંત સ્થૂળ પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહનું પ્રત્યાખ્યાન છે; વિશેષ એ છે કે યાવજ્જીવન સર્વ પ્રકારના મૈથુનનું પ્રત્યાખ્યાન છે–તેમ જાણવું.

અંબડ પરિવ્રાજકને માર્ગગમન સિવાય ગાડાની ધરી ડૂબે એટલા પાણીમાં પણ ઊતરવું કલ્પતું નથી. અંબડ પરિવ્રાજકને ગાડા આદિ પર સવાર થવું પણ કલ્પતું નથી યાવત્–ગંગા નદીની માટીના લેપ સુધીનું વર્ણન પૂર્વવત્ જાણવું. અંબડ પરિવ્રાજકને આધાકર્મી, ઔદ્દેશિક, મિશ્રજાત, અધ્યવપૂર, સાધુ નિમિત્ત અધિક બનાવેલ, પૂતિકર્મ, ક્રીતકૃત, પ્રામિત્ય-ઉધાર લીધેલ, અવિસૃષ્ટ, અભ્યાહૃત, સ્થાપિત, રચિત, કાંતારભક્ત, દુર્ભિક્ષભક્ત, ગ્લાનભક્ત, વાર્દલિક ભક્ત, અતિથિભક્ત એવા ભોજન-પાનનો નિષેધ છે. આ રીતે અંબડ પરિવ્રાજકને મૂળ ભોજન યાવત્ બીજ ભોજન પણ કલ્પતાં નથી.

અંબડ પરિવ્રાજકને આજીવન ચાર પ્રકારના અનર્થ દંડનું પ્રત્યાખ્યાન છે, તે અનર્થદંડ આવા પ્રકારના છે–અપધ્યાનાચાર, પ્રમાદાચાર, હિંસ્રપ્રદાન અને પાપકર્મોપદેશ.

અંબડ પરિવ્રાજકને માગધ માપ (મગધ દેશમાં પ્રચલિત માપ) મુજબ અર્ધો આઢક પાણી લેવું કલ્પે છે, તે પણ પ્રવહમાન પરંતુ અપ્રવહમાન નહીં–યાવત્ તે પણ પરિપૂત વસ્ત્રથી ગાળેલું પરંતુ અનગળ નહીં. તે પણ સાવદ્ય સમજીને, નિરવદ્ય સમજીને નહીં. સાવદ્ય પણ સજીવ સમજીને લે છે, અજીવ સમજીને નહીં. તે પણ કોઈનું દીધેલું, પણ અદત્ત ન કલ્પે. તે પણ હાથ-પગ-ચરુ-ચમસના પ્રક્ષાલન માટે નહીં કે પીવા માટે કે સ્નાન કરવા માટે નહીં. અંબડને માગધિક માપ અનુસાર આઢક પ્રમાણ જળ લેવું કલ્પે છે, તે પણ પ્રવહમાન યાવત્ અદત્ત નહીં: તે પણ સ્નાન કરવા માટે પરંતુ હાથ-પગ-ચરુ-ચમસ ધોવા કે પીવાના કામમાં કલ્પતું નથી.

અંબડને અન્યતીર્થિક, અન્યતીર્થિક દેવ અને અન્યતીર્થિકો દ્વારા પરિગૃહીત ચૈત્યને વંદન-નમસ્કાર યાવત્ પર્યુપાસના કરવાનું કલ્પતું નથી, પરંતુ અરિહંત કે અરિહંત-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૈત્યને વંદન-નમસ્કાર આદિ કરવા, તેમની પર્યુપાસના કરવી કલ્પે છે.

**અંબડનો દેવભવ—**

૩૩૨. પ્રશ્ન—હે ભગવન્ ! અંબડ પરિવ્રાજક કાળ-સમયે કાળ કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

ઉત્તર—ગૌતમ ! અંબડ પરિવ્રાજક અનેક પ્રકારના સામાન્ય અને વિશેષ શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ આદિ વડે આત્માને ભાવિત કરતો અનેક વર્ષ સુધી શ્રમણોપાસક વ્રતનું પાલન કરશે. પછી માસિક સંલેખના દ્વારા આત્માની શુદ્ધિ કરીને, સાઠ ભક્ત અર્થાત્ એક માસનું અનશન કરીને, આલોચના-પ્રતિક્રમણપૂર્વક સમાધિ પ્રાપ્ત કરીને મરણકાળે મરણ પામીને બ્રહ્મલોકકલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થશે. ત્યાં કોઈ કોઈ દેવની સ્થિતિ દસ સાગરોપમની બતાવવામાં આવે છે. ત્યાં અંબડ દેવની આયુસ્થિતિ પણ દસ સાગરોપમ પ્રમાણ થશે.

**અંબડના દૃઢપ્રતિજ્ઞભવ-નિરૂપણમાં દૃઢપ્રતિજ્ઞનો જન્મ—**

૩૩૩. પ્રશ્ન—હે ભદંત ! તે અંબડ દેવ પોતાનું આયુ, ભવ કે સ્થિતિ ક્ષીણ થતાં ત્યાર બાદ તે દેવલોકમાંથી ચ્યવિત થઈને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

**અંબડનો દૃઢપ્રતિજ્ઞ ભવ—**

હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં એવા કુળો છે જે ધનાઢ્ય, દીપ્ત, સંપન્ન છે, ભવન, શયન, યાન, વાહન આદિ વિપુલ સાધન-સામગ્રી તથા સોનું, ચાંદી આદિ ધનના સ્વામી છે, આયોગ-પ્રયોગ સંપ્રવૃત્ત-વ્યવસાયમાં સંલગ્ન છે, જેમને ત્યાં ભોજન થઈ રહ્યા પછી પણ ખાવા-પીવાના ઘણા પદાર્થો વધી પડે છે અને અનેક નોકરો, નોકરાણીઓ, ગાય, ભેંસ, બળદ, બકરાં, ઘેટાં વગેરે જેમની માલિકીમાં છે, જે કોઈનાથીય ગાંજ્યાં જાય તેવાં નથી—આવા પ્રકારનાં કુળોમાં તે અંબડ દેવ (મનુષ્ય રૂપે) જન્મ લેશે.

જ્યારે તે અંબડ બાળક રૂપે ગર્ભમાં આવશે ત્યારે તેના માતા-પિતાની ધર્મમાં દૃઢ પ્રતિજ્ઞા-દૃઢ આસ્થા પેદા થશે.

ત્યાર પછી પૂરા નવ માસ અને સાડા સાત દિવસ વ્યતીત થશે ત્યારે તે બાળકનો જન્મ થશે. તેના હાથ પગ સુકોમળ થશે યાવત્ ચન્દ્ર સમાન સૌમ્ય, કાન્તિમાન, સુદર્શન અને સુંદર થશે.

ત્યાર બાદ તે બાળકનાં માતા-પિતા પ્રથમ દિવસે સ્થિતિપતિતા-જન્મોત્સવ કરશે, બીજા દિવસે સૂર્ય-ચન્દ્ર દર્શન કરાવશે, છટ્ઠે દિવસે રાત્રિજાગરણ કરશે, અગિયાર દિવસ પૂરા થતાં જાતકર્મ-જન્મ સંબંધી સૂતક વિધિ કરશે અને બારમા દિવસે આવું-આ પ્રકારનું ગુણનિષ્પન્ન સાર્થક નામકરણ કરશે—'જ્યારથી આ બાળક માતાના પેટમાં ગર્ભરૂપે આવ્યો છે ત્યારથી અમારી ધર્મમાં દૃઢ પ્રતિજ્ઞા-શ્રદ્ધા થઈ છે, આથી અમારા આ બાળકનું 'દૃઢપ્રતિજ્ઞ' એવું નામ હો.' આમ તે બાળકનાં માતા-પિતા તે બાળકનું દૃઢપ્રતિજ્ઞ નામ પાડશે.

[ ગ્રંથાન્તરે આવો પાઠ છે-ત્યાર પછી તે દૃઢપ્રતિજ્ઞ બાળકનાં માતા-પિતા અનુક્રમે સ્થિતિપતિતા, ચન્દ્રસૂર્યદર્શન, જાગરણ, નામ-કરણ, પરંગમન, પ્રચંક્રમણ-ઇન્દ્રિયોની અનુભવશક્તિમાં વૃદ્ધિ, ભોજનનું પ્રતિ-વર્ધાપન, પ્રજલ્પન-બોલવાનું શરૂ કરવું, કર્ણવેધન, સંવત્સર પ્રતિલેખન-પ્રથમ વર્ષ-ગાંઠની ઉજવણી, ચૂલોપનયન, ઉપનયન વગેરે તથા બીજા પણ ગર્ભાધાન અને જન્મને લગતાં કૌતુક-ઉત્સવો ધામધૂમપૂર્વક ઊજવશે.]

ત્યાર પછી તે દૃઢપ્રતિજ્ઞ બાળક પાંચ ધાત્રિઓ-ધાવ માતાઓ ને સોંપાશે-ક્ષીરધાત્રી, મજ્જનધાત્રી, મંડનધાત્રી, અંકધાત્રી, અને ક્રીડા ધાત્રી. અને વળી બીજી પણ અનેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇંગિત-ઈશારા, ચિંતિત અને પ્રાર્થિતને જાણી શકનારી, નિપુણ, કુશળ, પ્રશિક્ષિત, પોત-પોતાના દેશનો વેશ પહેરનારી એવી કુબ્જા, ચિલાતી આદિ દેશ-વિદેશની તરુણ દાસીઓના સમૂહથી ઘેરાયેલો તથા વર્ષધરો (ખોજાઓ), કંચુકીઓ, મહત્તરકોના સમુદાયથી રક્ષાયેલો, એક હાથમાંથી બીજા હાથમાં ઉચકાતો, એક ખોળામાં બીજા ખોળામાં લેવાતો, લાલન-પાલન કરાતો, લાડ લડાવાતો, હાલરડા સંભળાવાતો, ચુંબન કરાતો અને મણિજડિત રમણીય ભૂમિતળ પર ચલાવાતો તે બાધારહિત-પણે જેમ ગિરિગુફામાં શ્રેષ્ઠ ચંપક વૃક્ષ ઊછરે તેમ સુખપૂર્વક દિનપ્રતિદિન વધવા લાગશે.

**દૃઢપ્રતિજ્ઞનું કલાગ્રહણ—**

૩૩૪. તે દૃઢ પ્રતિજ્ઞ બાળક આઠ વર્ષ કરતાં સહેજ વધુ મોટો થશે એટલે તેનાં માતા-પિતા શુભ-કરણ, તિથિ, દિવસ, નક્ષત્ર અને મુહૂર્ત જોઈને શિક્ષણ માટે તેને કલાચાર્ય પાસે લઈ જશે.

ત્યારે તે કલાચાર્ય તે દૃઢપ્રતિજ્ઞ બાળકને લેખ-ગણિત આદિથી લઈને શકુનિરુત સુધીની બોંતેર કળાઓ સૂત્ર, અર્થ અને કરણ-પ્રયોગ પૂર્વક શીખવશે. ભણાવશે, આ બોંતેર કળાઓ નીચે પ્રમાણે છે—

૧. લેખન ૨. ગણિત ૩. રૂપ ૪. નાટ્ય ૫. ગીત ૬. વાદ્ય ૭. સ્વરગત ૮. પુષ્કરગત ૯. સમતાલ ૧૦. દ્યૂત ૧૧. જનવાદ ૧૨. પાશક ૧૩. અષ્ટાપદ ૧૪. પૌરસ્કૃત્ય ૧૫. ઉદક પ્રત્તિકા (જળ તથા માટીના વિશેષ ઉપયોગની કુશળતા) ૧૬. અન્નવિધિ ૧૭. પાનવિધિ ૧૮. વસ્ત્રવિધિ ૧૯. વિલેપનવિધિ ૨૦. શયનવિધિ ૨૧. આર્યા (છંદનું જ્ઞાન) ૨૨. પ્રહેલિકા (ઉખાણા) ૨૩. માગધિકા ૨૪. ગાથા ૨૫. ગીતિકા ૨૬. શ્લોક ૨૭. હિરણ્યયુક્તિ-ચાંદી બનાવવાની કળા ૨૮. સ્વર્ણયુક્તિ ૨૯. ગંધયુક્તિ-અત્તર બનાવવાની કળા ૩૦. ચૂર્ણયુક્તિ ૩૧. આભરણ-વિધિ ૩૨. તરુણી પ્રતિકર્મ ૩૩. સ્ત્રી-લક્ષણ ૩૪. પુરુષ લક્ષણ ૩૫. હયલક્ષણ ૩૬. ગજ-લક્ષણ ૩૭. ગોલક્ષણ ૩૮. કુક્કુટ લક્ષણ ૩૯. ચક્ર લક્ષણ ૪૦. છત્ર લક્ષણ ૪૧. ચર્મ-લક્ષણ ૪૨. દંડ લક્ષણ ૪૩. અસિ લક્ષણ ૪૪. મણિ લક્ષણ ૪૫. કાકણી (કોડી) લક્ષણ ૪૬. વાસ્તુવિદ્યા ૪૭. સ્કન્ધાવારમાન (યુદ્ધ-છાવણી રચના) ૪૮. નગરનિર્માણ ૪૯. વાસ્તુ-નિવેદન ૫૦. વ્યૂહ-પ્રતિવ્યૂહ ૫૧. ચાર-પ્રતિચાર (જાસુસી અને પ્રતિજાસુસી) ૫૨. ચક્રવ્યૂહ ૫૩. ગરુડવ્યૂહ ૫૪. શકટવ્યૂહ ૫૫. યુદ્ધ ૫૬. નિયુદ્ધ ૫૭. યુદ્ધાતિયુદ્ધ ૫૮. મુષ્ટિયુદ્ધ ૫૯. વાયુયુદ્ધ ૬૦. લતા યુદ્ધ ૬૧. ઈષુ શાસ્ત્ર ૬૨. ક્ષુરપ્રવાહ ૬૩. ધનુર્વેદ ૬૪. હિરણ્યપાક ૬૫. સ્વર્ણપાક ૬૬. વૃક્ષખેલ ૬૭. સૂત્રખેલ ૬૮. નાલિકાખેલ ૬૯. પત્રચ્છેદ્ય ૭૦. કટચ્છેદ્ય ૭૧. સજીવ-નિર્જીવ ૭૨. શકુનરુત (પક્ષીઓની બોલી).

આ જાતની બોંતેર કલાઓ શીખવીને, ભણાવીને તે કલાચાર્ય બાળક દૃઢપ્રતિજ્ઞને માતા-પિતાને પાછો સોંપશે.

**યુવાન દૃઢપ્રતિજ્ઞનો વૈરાગ્ય—**

૩૩૫. ત્યારે તે દૃઢપ્રતિજ્ઞ બાળક બોંતેર કળાઓનો જાણકાર, મર્મજ્ઞ, જાગી ઊઠેલા નવે અંગો-વાળો, અઢાર દેશી ભાષાઓમાં વિશારદ, ગીતરસિક, વાદન અને નાટ્યમાં કુશળ, અશ્વયુદ્ધ, ગજયુદ્ધ, રથયુદ્ધ અને બાહુયુદ્ધમાં નિપુણ, બાહુબલી અને વિકાલચારી, સાહસિક બની ભોગ ભોગવવા સમર્થ થઈ જશે.

ત્યારે તેના માતા-પિતા તે દૃઢપ્રતિજ્ઞ બાળકને બોંતેર કલાઓનો જાણકાર યાવત્ ભોગ ભોગવવા સમર્થ બનેલો જોઈને વિપુલ અન્ન ભોગ, પાન ભોગ, લયન ભોગ, વસ્ત્ર-ભોગ, શયન ભોગ અને કામભોગ ભોગવવા માટે આમંત્રિત કરશે-તેને પ્રેરશે.

પરંતુ તે દૃઢપ્રતિજ્ઞ બાળક તે વિપુલ અન્ન-ભોગો યાવત્ શયનભોગો પ્રતિ આકર્ષાશે નહીં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં અનુરક્ત, ગૃદ્ધ, મૂર્ચ્છિત બનશે નહીં તથા તેમાં ધ્યાન દેશે નહીં.

જેવી રીતે ઉત્પલ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર સહસ્રપત્ર અને શતસહસ્રપત્ર આદિ વિવિધ પ્રકારનાં કમળો કાદવમાં ઉત્પન્ન થાય છે, પાણીમાં સંવર્ધિત થાય છે પરંતુ પંકરજ કે જળરજથી ખરડાતાં નથી; તેવી જ રીતે દૃઢપ્રતિજ્ઞ બાળક પણ કામમય જગતમાં ઉત્પન્ન થવા છતાં, ભોગોની વચ્ચે ઉછરવા છતાં કામરજથી ખરડાશે નહીં, ભોગરજથી લેપાશે નહીં, અને મિત્ર, જ્ઞાતિ, સ્વજન, સંબંધી, પરિજનોમાં આસક્ત થશે નહીં.

**દૃઢપ્રતિજ્ઞની પ્રવ્રજ્યા અને સિદ્ધિગમન નિરૂપણ—**

૩૩૬. ત્યાર પછી તે તથારૂપ સ્થવિરો પાસેથી કેવળ-બોધિ પ્રાપ્ત કરશે, સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે, બાદ ગૃહવાસનો ત્યાગ કરી અનગારપ્રવ્રજ્યા ધારણ કરશે.

તે અનગાર ભગવંત ઈર્યાસમિતિ આદિ પાંચે સમિતિઓથી સમિત યાવત્ ત્રિગુપ્તિ ગુપ્ત બ્રહ્મચારી બનશે.

આ રીતે વિહારચર્યામાં વર્તતા તે ભગવાન દૃઢપ્રતિજ્ઞ અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, સંપૂર્ણ, પરિપૂર્ણ, ઉત્તમ કેવળજ્ઞાન અને કેવળ દર્શન પ્રાપ્ત કરશે.

ત્યારે તે ભગવંત અર્હત્, જિન, કેવલિ થશે અને દેવ, મનુષ્ય, અસુરયુક્ત લોકના પર્યાયોને જાણશે, જોશે યથા—તેમની આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, તર્ક, પશ્ચાત્-કૃતક્રિયા, પૂર્વકૃતક્રિયા, મનોભાવ, માનસિક વૃત્તિ, ક્ષમિત, ભુક્ત, પ્રતિસેવિત, પ્રગટ કર્મ, ગુપ્ત કર્મ આદિને જાણી શકશે. આ રીતે તે અર્હત્ સર્વજ્ઞ દૃઢપ્રતિજ્ઞ તે કાળે મન, વચન અને કાયયોગમાં પ્રવર્તમાન સમસ્ત લોક અને સમસ્ત જીવોના સર્વ ભાવોને જોતા જાણતા વિચરણ કરશે.

ત્યાર બાદ તે દૃઢપ્રતિજ્ઞ કેવલી અનેક વર્ષો સુધી કેવળ પર્યાયનું પાલન કરી એક માસની સંલેખના દ્વારા આત્માને શોધિત કરી, સાઠ ભોજનોનો અનશન દ્વારા છેદ કરી, જે લક્ષ્ય માટે પોતે નગ્નભાવ, મુંડભાવ, અસ્નાન, અદંતધાવન, કેશલોચ, ફલક શૈયા, કાષ્ઠ શૈયા, પરઘર પ્રવેશ, પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં સમાન ભાવ, બ્રહ્મચર્યવાસ, અચ્છત્રક, અપાદુકા ધારણ, ભૂશૈયા, | વૃત્તિ-માનાપમાન સહન કરવું |, બીજાઓ દ્વારા થતી ભર્ત્સના, અવહેલના, નિંદા, તિરસ્કાર, ગર્હા, તાડન, તર્જના, પરિભવ, પરિવ્યથા, વિવિધ પ્રકારનાં ઈન્દ્રિયકષ્ટ, બાવીસ પરિષહો અને ઉપસર્ગો સ્વીકાર્યા કે સહન કર્યા તે લક્ષ્યની આરાધના કરી, અંતિમ ઉચ્છ્વાસ-નિશ્વાસમાં સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિવૃત્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

॥ અંબડ પરિવ્રાજક સ્થાનક સમાપ્ત ॥

## ૨૨. હસ્તીરાજ ઉદાયી અને ભૂતાનન્દ

**રાજગૃહમાં હસ્તીરાજ ઉદાયી અને ભૂતાનન્દ—**

૩૩૭. રાજગૃહ નગરમાં શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા—યાવત્—ગૌતમ સ્વામીએ ભગવાનને આ પ્રમાણે પૂછ્યું—

પ્રશ્ન—હે ભગવન્ ! ઉદાયી નામે પ્રધાન હસ્તી કઈ ગતિમાંથી મરણ પામી તુરત અહીં ઉદાયી નામે પ્રધાન હસ્તીપણે ઉત્પન્ન થયો છે ?

ઉત્તર—હે ગૌતમ ! તે અસુરકુમાર દેવ થકી મરણ પામી તુરત અહીં ઉદાયી નામે પ્રધાન હસ્તીપણે ઉત્પન્ન થયો છે.

પ્રશ્ન—હે ભગવન્ ! આ ઉદાયી નામે હસ્તી મરણ સમયે મરી ક્યાં જશે , ક્યાં ઉત્પન્ન થશે ?

ઉત્તર—હે ગૌતમ ! એ રત્નપ્રભા પૃથ્વીને વિષે એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નરકાવાસમાં નૈરયિકપણે ઉત્પન્ન થશે.

પ્રશ્ન—હે ભગવન્ ! તે (ઉદાયી હસ્તી) ત્યાંથી મરણ પામી તુરત ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર—હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધ થશે, સર્વ દુઃખોનો અન્ત કરશે.

**હસ્તીરાજ ભૂતાનન્દ—**

૩૩૮. ગૌતમસ્વામીએ ભગવાનને પૂછયું— હે ભગવન્ ! ભૂતાનંદ નામે પ્રધાન હસ્તી કઈ ગતિમાંથી મરણ પામી તુરત અહીં ભૂતાનંદ નામે હસ્તીપણે ઉત્પન્ન થયો છે ?

ઉત્તર—ઉપર પ્રમાણે જેમ ઉદાયી નામે હસ્તીની વક્તવ્યતા કહી તેમ ભૂતાનંદ હસ્તીરાજ માટે પણ અહિં જાણવી—યાવત્—સર્વ દુઃખોનો અંત કરશે.

॥ હસ્તીરાજ ઉદાયી અને ભૂતાનંદ કથાનક સમાપ્ત ॥

## ૨૩. મદ્દુક શ્રમણોપાસક કથા

રાજગૃહમાં અન્યતીર્થિક અને મદ્દુક શ્રમણોપાસક—

૩૩૯. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું, વર્ણન. ગુણશિલક નામે ચૈત્ય હતું—યાવત્—પૃથ્વી-શિલાપટ્ટ સુધીનું વર્ણન કરવું. તે ગુણશિલક ચૈત્યની આસપાસ ઘણા અન્યતીર્થિકો રહેતા હતા. તે આ પ્રમાણે—કાલોદાયી, શૈલોદાયી ઈત્યાદિ સપ્તમ શતકના અન્યતીર્થિક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે—યાવત્—'એ વાત એમ કેમ માની શકાય ?' ત્યાં સુધીનું વર્ણન કહેવું.

**ભગવાન મહાવીરનું રાજગૃહ નગરમાં સમવ-સરણ—**

૩૪૦. તે રાજગૃહનગરમાં આઢચ-ધનિક—યાવત્ કોઈથી પરાભવ ન પામે તેવો અને જીવાદિ તત્ત્વોનો જાણકાર, મદ્દુક નામે શ્રમણોપાસક રહેતો હતો.

ત્યાર પછી અહીં અન્ય કોઈ એક દિવસે અનુક્રમે વિહાર કરતા—યાવત્—શ્રમણ ભગવંત મહાવીર સમોસર્યા. પરિષદા નીકળી—યાવત્ પર્યુપાસના કરવા લાગી.

**સમવસરણમાં જઈ રહેલા મદ્દુકનો અન્યતીર્થિકોની સાથે અસ્તિકાય વિષયમાં વાર્તાલાપ—**

૩૪૧. ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીર આવ્યાની આ વાત સાંભળી, હૃષ્ટ અને સંતુષ્ટ હૃદયવાળો થયેલો મદ્દુક શ્રમણોપાસક સ્નાન કરી—યાવત્ શરીરને અલંકૃત કરી પોતાના ઘરથી બહાર નીકળી પગે ચાલી રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને તે અન્યતીર્થિકોની બહુ દૂર નહિ તેમ જ બહુ પાસે નહિ એવી રીતે પસાર થયો.

ત્યારે તે અન્યતીર્થિકોએ તે મદ્દુક શ્રમણોપાસકને પોતાની પાસેથી જતો જોઈ, પરસ્પર એક બીજાને બોલાવી આ પ્રમાણે કહ્યું—હે દેવાનુપ્રિયો ! એ પ્રમાણે ખરેખર આપણને આ વાત અત્યંત વિદિત છે, અને આ મદ્દુક શ્રમણોપાસક આપણી પાસે થઈને જાય છે, તો હે દેવાનુપ્રિયો ! આપણે તે વાત મદ્દુક શ્રમણોપાસકને પૂછવી યોગ્ય થશે.' એમ વિચારી પરસ્પર એકબીજાએ તે વાતનો સ્વીકાર કરી જ્યાં મદ્દુક શ્રમણોપાસક હતો, ત્યાં જઈને તે અન્યતીર્થિકોએ તે મદ્દુક શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—

'હે મદ્દુક ! તમારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્ર પાંચ અસ્તિકાયની પ્રરૂપણા કરે છે—ઈત્યાદિ સાતમા શતકના ઉદ્દેશક પ્રમાણે—યાવત્—હે મદ્દુક ! એ કેવી રીતે માની શકાય ?

ત્યારે તે મદ્દુક શ્રમણોપાસકે તે અન્ય-તીર્થિકોને આ પ્રમાણે કહ્યું—'જો કોઈ (વસ્તુ) કાર્ય કરે તો આપણે તેને કાર્ય દ્વારા જાણી કે જોઈ શકીએ, પણ જો તે પોતાનું કાર્ય ન કરે તો આપણે તેને જાણી શકતા નથી, તેમ જોઈ શકતા પણ નથી.'

ત્યારે તે અન્યતીર્થિકોએ તે મદ્દુક શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—'હે મદ્દુક ! તું આ કેવો શ્રમણોપાસક છો કે જે તું આ (પંચાસ્તિકાયની) વાત જાણતો નથી. અને જોતો નથી (તો પણ તેમાં માને છે) ?'

ત્યાર પછી તે મદ્દુક શ્રમણોપાસકે તે અન્ય-તીર્થિકોને આ પ્રમાણે કહ્યું—'હે આયુષ્મન્ ! પવન વાય છે એ બરોબર છે ?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હા, મદ્દુક બરોબર છે કે વાયુ વાય છે.

મદ્દુક—હે આયુષ્મન્! વાતા પવનને શું તમે જોઈ શકો છો ?

અન્યતીર્થિક—એ વાત યથાર્થ નથી, અર્થાત્ અમે પવનનું રૂપ જોઈ શકતા નથી.

મદ્દુક—હે આયુષ્મન્ ! ગંધગુણવાળા પુદ્ગલો છે ?

અન્યતીર્થિક—હા છે.

મદ્દુક—આયુષ્મન્! તે ગંધગુણવાળા પુદ્ગલોનું રૂપ તમે જોઈ શકો છો ?

અન્યતીર્થિક—એ અર્થ સમર્થ નથી. અમે તેનું રૂપ જોઈ શકતા નથી.

મદ્દુક—હે આયુષ્મન્! તે અરણિના કાષ્ઠમાં રહેલા અગ્નિનું રૂપ તમે જોઈ શકો છો ?

અન્યતીર્થિક—ના, એ વાત યથાર્થ નથી.

મદ્દુક—હે આયુષ્મન્! સમુદ્રના પેલે પાર રહેલા રૂપો (પદાર્થો) છે ?

અન્યતીર્થિકો—હા, છે.

મદ્દુક—હે આયુષ્મન્! સમુદ્રને પેલે પાર રહેલાં રૂપોને તમે જોઈ શકો છો ?

અન્યતીર્થિકો—ના, એ વાત યથાર્થ નથી.

મદ્દુક—હે આયુષ્મન્! દેવલોકમાં રહેલા રૂપો (પદાર્થો) છે ?

અન્યતીર્થિકો—હા, છે.

મદ્દુક—હે આયુષ્મન્ ! દેવલોકમાં રહેલા પદાર્થોને તમે જોઈ શકો છો ?

અન્યતીર્થિકો—ના, એ વાત સમર્થ નથી ?

મદ્દુક—હે આયુષ્મન્! એ પ્રમાણે હું, તમે કે બીજો કોઈ, છદ્મસ્થ, જેને ન જાણે કે ન દેખે તે બધું ન હોય તો (તમારા માનવા પ્રમાણે) ઘણા લોકોને–ઘણી વસ્તુઓનો અભાવ થશે' એમ કહીને તે મદ્રકે તે અન્યતીર્થિકોનો પરાભવ કર્યો–તેઓને નિરુત્તર કર્યા. એમ નિરુત્તર કરીને તે મર્દુક શ્રમણોપાસક જ્યાં ગુણશિલક ચૈત્ય છે અને જ્યાં શ્રમણ મહાવીર છે ત્યાં આવ્યા અને પાંચ પ્રકારના અભિગમ વડે શ્રમણ ભગવંત મહાવીરની પાસે જઈને યાવત્–પર્યુપાસના કરી.

**ભગવાન મહાવીર વડે મદ્દુકની પ્રશંસા–**

૩૪૨. હે મદ્દક ! એમ સંબોધીને શ્રમણ ભગવંત મહાવીરે મદ્દુક શ્રમણોપાસકને એમ કહ્યું કે, હે મદ્દક! તેં તે અન્યતીર્થિકોને બરોબર કહ્યું. હે મદ્દુક! તેં તે અન્યતિર્થિકોને એ પ્રમાણે ઠીક ઉત્તર આપ્યો. હે મદ્દુક! જે કોઈ જાણ્યા, દેખ્યા કે સાંભળ્યા સિવાય, જે કોઈ અદૃષ્ટ, અશ્રુત, અસંમત, કે અવિજ્ઞાત અર્થને, હેતુને, પશ્ન કે ઉત્તરને ઘણા માણસોની વચ્ચે કહે છે, જણાવે છે, યાવત્–દર્શાવે છે, તે અર્હંતોની, અર્હંતે કહેલા ધર્મની, કેવલજ્ઞાનીની અને કેવલીએ કહેલા ધર્મની અશાતના કરે છે, માટે હે મદ્દક! તેં તે અન્યતીર્થિકોને એ પ્રમાણે ઠીક કહ્યું છે, તેં યાવત્–તે અન્યતીર્થિકોને એ પ્રમાણે સારું કહ્યું છે.'

જ્યારે શ્રમણ ભગવંત મહાવીરે તે મર્દુક શ્રમણોપાસકને એમ કહ્યું ત્યારે તે હૃષ્ટ અને સંતુષ્ટ થઈ શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરીને બહુ દૂર નહિ તેમ બહુ નજીક નહિ એવી રીતે ઊભો રહીને યાવત્–તેઓની પર્યુપાસના કરવા લાગ્યો.

૩૪૩. ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીરે તે મદ્દક અને તે પર્ષદાને ધર્મકથા કહી, યાવત્ તે પર્ષદા પાછી ગઈ.

૩૪૪. પછી તે મર્દુક શ્રમણોપાસકે શ્રમણ ભગવંત મહાવીર પાસેથી યાવત્–ધર્મોપદેશ સાંભળી હૃષ્ટ અને સંતુષ્ટ થઈ પ્રશ્નો પૂછ્યા, અર્થો જાણ્યા, અને ત્યારે બાદ ઊભા થઈ શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કર્યા. પછી વંદન–નમસ્કાર કરીને–યાવત્–પાછો ચાલ્યો ગયો.

૩૪૫. 'હે ભગવન્'! એમ કહીને ભગવાન ગૌતમે ભગવંત મહાવીરને વાંદી નમી આ પ્રમાણે પૂછ્યું—'હે ભગવન્! મર્દુક શ્રમણોપાસક આપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવાનુપ્રિયની પાસે—યાવત્—પ્રવજ્યા લેવા સમર્થ છે?

ભગવાને ઉત્તર આપ્યો,-' એ અર્થ સમર્થ નથી–ઈત્યાદિ જેમ શંખ શ્રમણોપાસક સંબંધે કહ્યું તેમ યાવત્–અરુણાભ વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થઈ યાવત્–સર્વ દુઃખોનો અંત કરશે.

॥ મર્દુક શ્રમણોપાસક કથા સમાપ્ત ॥

## પરિશિષ્ટ

[ આનંદ વગેરે શ્રમણોપાસકો દ્વારા આરાધિત શ્રાવક પ્રતિમાઓ અને સંલેખના (સમાધિ-મરણ)ના ઉલ્લેખો તેમના વર્ણનોમાં આવ્યા છે, આથી વાચકોની જિજ્ઞાસાપૂર્તિ માટે તેમની આરાધના વિધિ અને સ્વરૂપ અહીં સંક્ષેપમાં આપવામાં આવેલ છે. ]

### પ્રતિમા તથા સંલેખના વિધિ

પ્રતિમાનો અર્થ છે–પ્રતિજ્ઞાવિશેષ, વ્રત-વિશેષ, તપ-વિશેષ, વિશેષ સાધના પદ્ધતિ, એક પ્રકારનો દઢ કઠોર સંકલ્પ.

પ્રતિમાઓની વિશેષતા એ છે કે તેમની આરાધના કરતી વેળાએ સાધકનો સંકલ્પ વજ્ર જેવો કઠોર અને પર્વત સમાન અવિચળ હોય છે, કોઈ પણ પ્રકારના વિઘ્ન–બાધાથી તે ગભરાતો નથી કે ન તો પોતાના સ્વીકૃત નિયમથી તે ડગે છે. તે દઢતાપૂર્વક નિયમનું પાલન કરે છે.

આ પ્રતિમાઓ ૧૧ છે. તેમની વિશિષ્ટ સાધના ભૂમિકાઓની આરાધના કરીને શ્રાવક પોતાની આત્મિક ઉન્નતિના શિખરે પહોંચી શકે છે.

**(૧) દર્શન પ્રતિમા**— આ પ્રતિમાનો આરાધક નિર્દોષ, શુદ્ધ અને નિર્મળ સમ્યક્-દર્શનનું પાલન કરે છે, તેની શ્રદ્ધા મેરુ સમાન અચળ હોય છે, દેવ–ગુરુ–ધર્મ પર તેને દઢ આસ્થા હોય છે. તે માત્ર પંચ પરમેષ્ઠીને જ શરણ માને છે, શરીર-સંસ્કાર અને સાંસારિક ભોગો પ્રતિ ઉદાસીન રહે છે, સત્ય માર્ગની શોધમાં સતત લાગ્યો રહે છે.

તેની દેવ–ગુરુ–ધર્મ પ્રત્યેની શ્રદ્ધા એટલી પ્રગાઢ હોય છે કે દેવ, દાનવ, મનુષ્ય કે પ્રાણી કોઈ પણ તેને એ શ્રદ્ધામાંથી ડગાવી શકતું નથી. ન ભય તેને ડગાવી શકે છે, ન કોઈ પ્રલોભન તેને લોભાવી શકે છે.

**(૨) વ્રત પ્રતિમા**—આ પ્રતિમાનો આરાધક શ્રમણોપાસક પોતાનાં મૂળ વ્રતો (અણુવ્રતો–અહિંસા, સત્ય, અસ્તેય, સ્વદારસંતોષ, ઈચ્છા–પરિમાણ) નું પાલન દઢતાપૂર્વક સમ્યક્ રીતે કરે છે; સાથે જ ઉત્તરવ્રતો (૩ ગુણ-વ્રતો અને ૪ શિક્ષાવ્રતો)ની પણ સાધના કરે છે.

**(૩) સામાયક પ્રતિમા**—આ પ્રતિમાનો આરાધક શ્રમણોપાસક પોતાના સંપૂર્ણ બળ-વીર્ય–પરાક્રમ અને ઉત્સાહ તેમ જ ઉલ્લાસ સાથે પ્રતિદિન ઓછામાં ઓછું ૨ ઘડી (૪૮ મિનિટ) સુધી ગૃહસ્થ–જીવનના વ્યવહાર સંબંધી કાર્યોને છોડીને સમતા ભાવની આરાધના –સમત્વ-સાધના –સામાયિક કરે છે.

સામાયિકમાં તે (૧) સમતા ભાવ, (૨) ચતુર્વિંશતિ સ્તવ, (૩) ગુરુ-વંદન (૪) પ્રત્યાખ્યાન, (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રતિક્રમણ–સામાયિકના આ છ અંગોની સાધના કરે છે. આ રીતે તે રાગદ્વેષ પર વિજય પ્રાપ્ત કરે છે, ભોગેચ્છાઓને સીમિત કરે છે અને શરીરનું મમત્વ છોડવાની સાધના કરે છે.

**(૪) પૌષધ પ્રતિમા**—આ પ્રતિમાની સાધના એક દિવસ-રાત (૨૪ કલાક)ની હોય છે. આમાં સાધક સમસ્ત સાંસારિક કાર્યોને છોડીને, શરીર-સંસ્કારનો ત્યાગ કરીને, ધર્મસ્થાનક અથવા પૌષધશાળામાં જઈને ધર્મ-જાગરણ કરે છે. આ ૨૪ કલાકનો સમય તે ગુરુના સાન્નિધ્યમાં અથવા ગુરુ ન હોય તો પોતાની મેળે અથવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનીના સાન્નિધ્યમાં આત્મ-ચિંતન, મનન, સ્વાધ્યાય, ધર્મ-ધ્યાન આદિમાં વ્યતીત કરે છે.

સાધક એક મહિનામાં બે ચૌદશ, બે આઠમ, પૂર્ણિમા તથા અમાસ—એ છ પર્વ-દિનોમાં પૌષધ પ્રતિમાનું પરિપાલન કરે છે.

**(૫) નિયમ-પ્રતિમા**—આ પાંચમી પ્રતિમામાં સાધક નીચેના પાંચ નિયમોનું પાલન કરે છે :

(ક) તે સ્નાન કરતો નથી.

(ખ) રાત્રિમાં ચારે પ્રકારના (અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય) આહારનો ત્યાગ કરે છે.

(ગ) મુકુલીકૃત રહે છે અર્થાત્ ધોતીનો કચ્છ ભીડતો નથી, માત્ર સાધુની સમાન વીંટે છે.

(ઘ) દિવસે પૂર્ણ બ્રહ્મચર્ય અને રાત્રિએ પણ અબ્રહ્મ સેવનની મર્યાદા.

(ચ) એક રાત્રિની પ્રતિમાનું સારી રીતે પાલન કરવું.

આ પ્રતિમાનો આરાધક સચિત્ત જળનો ઉપયોગ કરતો નથી.

**(૬) બ્રહ્મચર્ય પ્રતિમા**—આ પ્રતિમાની આરાધના કરતાં શ્રમણોપાસક બ્રહ્મચર્યનું પાલન કરે છે, બ્રહ્મચર્યમાં દોષ લાગવાની સંભાવના હોય તેવા પ્રકારનો હાસ્ય-વિનોદ પણ કરતો નથી.

**(૭) સચિત્ત ત્યાગ પ્રતિમા**—આ પ્રતિમામાં બધા પ્રકારના સચિત્ત આહાર વગેરેનો ત્યાગ કરવામાં આવે છે.

**(૮) આરંભ-ત્યાગ પ્રતિમા**—આ પ્રતિમાનો આરાધક ઘર અને વ્યાપાર સંબંધી કાર્ય કરતો નથી.

**(૯) પ્રેષ્ય પરિત્યાગ પ્રતિમા**—આ પ્રતિમાનું આરાધન કરનાર પુત્ર, નોકર વગેરે પાસે પણ ઘર કે વ્યાપાર સંબંધી કાર્ય કરાવતો નથી. તે ઘર કે વ્યાપાર સંબંધી કાર્યો માટે અનુમતિ નથી આપતો. તે વાહનોનો ત્યાગ કરે છે—જળયાન, વાયુયાન, સ્કુટર, રીક્ષા, બળદગાડી, ઘોડાગાડી, ઊંટ, હાથી વ. કોઈ પણ સવારીનો ન પોતે ઉપયોગ કરે છે, ન કોઈની પાસે કરાવે છે.

**(૧૦) ઉદ્દિષ્ટ-ભક્ત-ત્યાગ પ્રતિમા** — આ પ્રતિમાનો આરાધક પોતાને માટે બનેલ ભોજન પણ ખાતો નથી. તે પોતાના મસ્તકના વાળ અસ્ત્રાથી કાપે છે, પરંતુ ગૃહસ્થના ચિહ્નરૂપ ચોટલી રાખે છે. તે વચનયોગનો સંવર પણ કરે છે. કોઈ પ્રશ્ન પૂછવામાં આવે તો જો તે જાણતો હોય તો કહે છે 'હું જાણું છું.' અને જો ન જાણતો હોય તો કહે છે 'હું નથી જાણતો.'

તે પોતાનો અધિકાંશ સમય સ્વાધ્યાય, ધ્યાન આદિ ધર્મક્રિયાઓમાં ગાળે છે અને મન-વચન-કાયા—ત્રણે યોગોનો સંવર કરે છે.

**(૧૧) શ્રમણભૂત પ્રતિમા**—આ પ્રતિમાનો આરાધક ગૃહત્યાગ કરે છે, તે શ્રમણો સાથે અથવા ધર્મસ્થાનકમાં જઈને રહે છે. તેની વેશભૂષા શ્રમણ જેવી હોય છે, ભિક્ષા દ્વારા તે ભોજન પ્રાપ્ત કરે છે, કેશલોચ કરે છે—અશક્તાવસ્થામાં અસ્ત્રાથી પણ મુંડન કરાવી શકે છે.

આ પ્રતિમાઓની સાધના ક્રમશઃ થાય છે, અર્થાત્ પહેલી પ્રતિમા પછી બીજી પ્રતિમા, બાદ ત્રીજી, એ રીતે અંતમાં અગિયારમી પ્રતિમાની આરાધના કરવાની હોય છે.

પ્રથમ પ્રતિમાનો આરાધના-કાળ ૧ માસ, બીજીનો ૨ માસ, ત્રીજીનો ૩ માસ, ચોથીનો ૪ માસ, પાંચમીનો ૫ માસ, છઠ્ઠીનો ૬ માસ, સાતમીનો ૭ માસ, આઠમીનો ૮ માસ, નવમીનો ૯ માસ, દસમીનો ૧૦ માસ અને અગિયારમીનો ૧૧ માસ હોય છે.

આ પ્રતિમાઓની આરાધના પછી સામાન્યતયા શ્રમણોપાસક શ્રમણ બની જાય છે. જો તે અશક્ત હોય તો શ્રમણોપાસક જ રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સંલેખના વિધિ

સંલેખનાનું પૂરું નામ 'अपच्छिम मारणंतिय संलेहणा झूसणा आराहणा' છે. તેનો અર્થ છે—અંતિમ સમય અર્થાત્ મૃત્યુ અતિનિકટ હોય તે સમયે કરવામાં આવતી વિશેષ સાધના—તપવિશેષ—જેમાં શરીર, કષાય અને મમત્વ (રાગ) આદિ ભાવોને ક્ષીણ કરવામાં આવે છે. તેનું જ બીજું નામ સમાધિ-મરણ છે. એને જનભાષામાં સંથારો પણ કહેવામાં આવે છે.

સંલેખના સ્વીકારીને સાધક ધીરે ધીરે આહાર ઓછો કરતો જાય છે. પહેલાં તે અશન-આહારનો ત્યાગ કરે છે. પછી ધીરે ધીરે પાન—પ્રવાહીનો પણ ત્યાગ કરે છે અને માત્ર અચિત્ત પ્રાસુક પાણી પીવે છે અને અંતે તેનો પણ ત્યાગ કરીને સમાધિપૂર્વક મરણનો સ્વીકાર કરે છે.

આ સંપૂર્ણ સાધના ખૂબ જ વિવેકપૂર્વક કરવામાં આવે છે. સાધક ન જીવંત રહેવાની ઈચ્છા કરે છે કે ન તરત જ મૃત્યુ આવે એવી ઈચ્છા રાખે છે, ન આ લોકની આકાંક્ષા રાખે છે કે ન પરલોકની, તેના મનમાં કોઈ ખૂણામાં પણ કામ-ભોગોની ઈચ્છા હોતી નથી.

તેની આગમ-વિહિત વિધિ આ પ્રમાણે છે—

મૃત્યુનો સમય નજીક આવે એટલે સંલેખના તપનો સાધક પૌષધશાળાનું પ્રમાર્જન કરે છે, મળ-મૂત્ર પરઠવવાના સ્થાનનું પ્રમાર્જન કરે છે, ચાલવા-ફરવાની ક્રિયાનું પ્રતિક્રમણ કરે છે. ત્યાર બાદ તે પૂર્વ કે ઉત્તર દિશા તરફ પલાંઠી વ. આસનમાં દર્ભના પાથરણા પર બેસીને, હાથ જોડી મસ્તક પાસે અંજલિ રચી 'नमोत्थु णं अरिहंताणं... जाव संपत्ताणं' પાઠ બોલીને સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરે છે; સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા-ચતુર્વિધ સંઘને ખમત-ખામણા કરે છે; પહેલાં ધારણ કરેલ વ્રતોમાં કોઈ અતિચાર લાગ્યા હોય તો તેમની આલોચના-નિંદા-ગર્હણા કરે છે; હિંસાથી લઈને મિથ્યા દર્શન શલ્ય સુધીના અઢાર પાપ-સ્થાનકોનો ત્રણ કરણ (કરવું, કરાવવું અને અનુમોદન કરવું) તથા ત્રણ યોગ (મન-વચન-કાયા) વડે ત્યાગ કરે છે; જીવન-પર્યંત ચાર પ્રકારના આહાર (અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય)નો ત્યાગ કરે છે; પોતાના શરીર અંગેના મમત્વને દૂર કરે છે અને અતિચાર રહિત સંલેખના તપની આરાધના કરતાં કરતાં સમાધિ મરણ પ્રાપ્ત કરે છે.

આ સંલેખના તપ અથવા સમાધિ-મરણની વિધિ છે, જે શ્રમણોપાસકની અંતિમ સમયની સાધના-આરાધના છે.

**॥ ચતુર્થ સ્કંધ સમાપ્ત ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધર્મકથાનુયોગ

(ભાષાન્તર)

પંચમ સ્કન્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધર્મકથાનુયોગ

પંચમ સ્કંધ

(નિહ્નવ-કથાનકો)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાથમિક

- ધર્મકથાનુયોગના પંચમ સ્કંધમાં ભગવાન મહાવીરના શાસનમાં થઈ ગયેલા સાત પ્રવચન-નિહ્નવોનાં કથાનકોનું સંકલન છે.

- 'નિહ્નવ' જૈન પરંપરાનો એક પારિભાષિક શબ્દ છે. 'નિ' ઉપસર્ગપૂર્વક 'હ્નુ' ધાતુનો અર્થ છે–અપલાપ કરવો.

  જે વ્યક્તિ કોઈ આપ્ત પુરુષના સિદ્ધાન્તને માનવા છતાં, કોઈ વિશેષ બાબતમાં આગ્રહ કે અભિનિવેશપૂર્વક વિરોધ કરે છે અને પછી પોતાના દૂરાગ્રહને કારણે પોતે એક અલગ મતનો પ્રવર્તક બની બેસે છે–તેને નિહ્નવ કહેવામાં આવે છે.

- ભગવાન મહાવીરના શાસનમાં આવી જાતના સાત પ્રવચન–નિહ્નવો નીચેના ક્રમે થઈ ગયા—

  ૧. જમાલિ–ભગવાન મહાવીરના સર્વજ્ઞકાળમાં ૧૬ મા વર્ષે.
  ૨. તિષ્યગુપ્ત–ભગવાન મહાવીરના સર્વજ્ઞકાળમાં ૧૬ વર્ષ પછી.
  ૩. આષાઢ–ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૨૧૪ વર્ષ પછી.
  ૪. અશ્વમિત્ર–ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૨૨૦ વર્ષ પછી.
  ૫. ગંગ આચાર્ય–ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૨૨૮ વર્ષ પછી.
  ૬. ષડુલુક (રોહગુપ્ત)–ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૫૪૪ વર્ષ પછી.
  ૭. ગોષ્ઠામાહિલ–ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૫૮૪ વર્ષ પછી.

- સાત નિહ્નવોમાં ગોશાલકની ગણના નથી કરાતી, પરંતુ તેને પણ નિહ્નવવત્ માનવામાં આવે છે. આથી આ સ્કંધમાં ગોશાલકનું કથાનક પણ મૂકવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચમ સ્કંધ

# નિહ્નવ-કથાનકો

અધ્યયનો

૧. સાત પ્રવચન-નિહ્નવોનાં નામ-ધર્માચાર્ય-નગર નિર્દેશ

૨. જમાલી નિહ્નવ કથાનક

૩, આજીવિક તીર્થંકર-ગોશાલક નિહ્નવ કથાનક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧. સાત પ્રવચન-નિહ્નવોનાં નામ-ધર્માચાર્ય-નગર-નિર્દેશ

૧. શ્રમણ ભગવાન મહાવીરના તીર્થમાં સાત પ્રવચન-નિહ્નવો થઈ ગયા, તે આ પ્રમાણે—
૧. બહુરતો ૨. જીવપ્રદેશિકો ૩. અવ્યક્તિકો ૪. સામુચ્છેદિકો ૫. દ્વિક્રિયાવાદીઓ ૬. ત્રૈરાશિકો અને ૭. અબદ્ધિકો.

આ સાત પ્રવચન-નિહ્નવોના સાત ધર્માચાર્યો થઈ ગયા, તે જેવા કે—

૧. જમાલી ૨. તિષ્યગુપ્ત ૩. આષાઢ ૪. અશ્વમિત્ર. ૫. ગંગ. ૬. ષડુલુક અને ૭. ગોષ્ઠામાહિલ.

આ સાત પ્રવચન-નિહ્નવોની ઉત્પત્તિ નીચેના સાત નગરોમાં થઈ હતી—

૧. શ્રાવસ્તી ૨. ઋષભપુર ૩. શ્વેતામ્બી ૪. મિથિલા ૫. ઉલ્લુકાતીર ૬. અંતરંજિકા અને ૭. દશપુર.

## ૨. જમાલિ નિહ્નવ કથાનક

**ક્ષત્રિય કુંડમાં જમાલિકુમાર—**

૨. તે બ્રાહ્મણકુંડગ્રામ નગરની પશ્ચિમ દિશામાં ક્ષત્રિયકુંડગ્રામ નામે નગર હતું - વર્ણન. તે ક્ષત્રિયકુંડગ્રામ નામે નગરમાં જમાલિ નામનો ક્ષત્રિયકુમાર રહેતો હતો, જે આઢ્ય-ધનિક, તેજસ્વી યાવત્-અપરિભૂત-જેનો કોઈથી પરાભવ ન થઈ શકે તેવો (સમર્થ) હતો. જેમાં મૃદંગો વાગતા હતા એવા, પોતાના ઉત્તમ પ્રાસાદ ઉપર અનેક શ્રેષ્ઠ સુંદર યુવતીઓ વડે ભજવાના બત્રીસ પ્રકારના નાટ્ય-અભિનયને નીરખતો, વારંવાર સ્તુતિ કરાતો, વિલાસ કરતો, પ્રાવૃષ, વર્ષા, શરદ, હેમંત, વસંત અને ગ્રીષ્મ એ છએ ઋતુઓમાં પોતાના વૈભવ પ્રમાણે સુખનો અનુભવ કરતો, સમય ગાળતો, મનુષ્ય સંબંધી પાંચ પ્રકારના ઈષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગન્ધરૂપ કામભોગોને અનુભવતો તે સમય પસાર કરતો હતો.

**બ્રાહ્મણ કુંડગ્રામમાં મહાવીરનો વિહાર—**

૩. ત્યારબાદ ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્કો, ચત્વરો, ચતુર્મુખો, રાજમાર્ગો અને સામાન્ય માર્ગોમાં (લોકો પરસ્પર ચર્ચા કરવા લાગ્યા, લોકોનાં ટોળાં એકઠાં થવા લાગ્યાં, લોકોનો બોલવાનો ઘોંઘાટ સંભળાવા લાગ્યો, માણસોનો કોલાહલ થવા લાગ્યો, ભીડને કારણે લોકો પરસ્પર ભટકાવા લાગ્યા, એક પછી એક લોકોનાં ટોળાં આવતાં દેખાવા લાગ્યાં, અહીં તહીંથી લોકો આવી એક સ્થાને ભેગા થવા લાગ્યા) ઘણા માણસો પરસ્પર એક બીજાને કહેવા લાગ્યા, બોલવા લાગ્યા, પ્રરૂપણા કરવા લાગ્યા—'હે દેવાનુપ્રિયો! ધર્મતીર્થની આદિ કરનારા-યાવત્-સર્વજ્ઞ, સર્વદર્શી શ્રમણ ભગવાન મહાવીર આ બ્રાહ્મણકુંડગ્રામ નામે નગરની બહાર બહુશાલ નામના ચૈત્યમાં યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિહરી રહ્યા છે.

તેટલા માટે 'હે દેવાનુપ્રિયો! તેવા પ્રકારના અર્હત્ ભગવંતના નામગોત્રના શ્રવણમાત્રથી પણ મોટું ફળ થાય છે' ઈત્યાદિ ઔપપાતિક સૂત્રને અનુસાર વર્ણન યાવત્-તે જનસમૂહ એક દિશા તરફ જવા લાગ્યો, અને ક્ષત્રિયકુંડગ્રામ નામે નગરના મધ્યભાગમાંથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં બ્રાહ્મણકુંડગ્રામ નામે નગર હતું, અને જ્યાં બહુશાલક ચૈત્ય હતું ત્યાં આવ્યો, એ પ્રમાણે બધું વર્ણન ઔપપાતિક સૂત્ર અનુસાર કહેવું-યાવત્-ત્રણ પ્રકારની પર્યુપાસના કરવા લાગ્યો.

૪. ત્યારબાદ તે ઘણા મનુષ્યના શબ્દને-યાવત્ જનસમૂહના કોલાહલને સાંભળીને અને અવધારીને ક્ષત્રિયકુમાર જમાલિના મનમાં આવા પ્રકારનો આવો આધ્યાત્મિક-યાવત્-સંકલ્પ ઉત્પન્ન થયો 'શું આજે ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં ઇન્દ્રનો ઉત્સવ છે? સ્કન્ધનો ઉત્સવ છે? વાસુદેવનો ઉત્સવ છે? નાગનો ઉત્સવ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યક્ષનો ઉત્સવ છે ? ભૂતનો ઉત્સવ છે ? કૂપનો ઉત્સવ છે ? તળાવનો ઉત્સવ છે ? નદીનો ઉત્સવ છે ? દ્રહનો ઉત્સવ છે ? પર્વતનો ઉત્સવ છે ? વૃક્ષનો ઉત્સવ છે ? ચૈત્યનો ઉત્સવ છે ? યા સ્તૂપનો ઉત્સવ છે ? કે જેથી આ બધા અગ્રકુળના, ભોગકુળના, રાજન્ય કુળના, ઈક્ષ્વાકુ કુળના, જ્ઞાતકુળના. અને કુરુકુળના ક્ષત્રિયો, ક્ષત્રિયપુત્રો, ભટો, અને ભટપુત્રો, સુભટો, પ્રશસ્ત મલ્લકીઓ, લેચ્છકિપુત્રો તથા અન્ય બીજા ઘણા રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સેનાપતિપુત્રો, સાર્થવાહો આદિ સ્નાન કરી, બલિકર્મ કરી ઈત્યાદિ ઔપપાતિકમાં વર્ણન કર્યા પ્રમાણે-યાવત્-ક્ષત્રિય કુંડગ્રામ નગરની વચ્ચોવચ્ચ થઈ બહાર જઈ રહ્યા છે ?'

એ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરીને જમાલિએ કંચુકિને બોલાવ્યો, બોલાવીને તેને આ પ્રમાણે પૂછયું—' હે દેવાનુપ્રિય ! શું આજે ક્ષત્રિયકુંડગ્રામ નામના નગરમાં ઈન્દ્રનો ઉત્સવ છે-યાવત્-લોકો નીકળી રહ્યા છે ?'

જ્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારે કંચુકિ પુરુષને એ પ્રમાણે પૂછયું ત્યારે તે હર્ષિત અને સંતુષ્ટ થયો, અને તેણે શ્રમણ ભગવાન મહાવીરના આગમન વૃત્તાંતનો નિશ્ચય કરીને નખ સહિત બંને હાથ જોડી મસ્તક તરફ નમાવી અંજલિ રચી ક્ષત્રિયકુમાર જમાલિને જય અને વિજય શબ્દોથી વધાવ્યો, વધાવીને તેણે આ પ્રમાણે ઉત્તર આપ્યો—' હે દેવાનુપ્રિય ! આજે ક્ષત્રિયકુંડગ્રામ નામે નગરમાં ઈન્દ્રનો ઉત્સવ છે-યાવત્—લોકો નિકળી રહ્યા છે, એમ નથી, પરંતુ હે દેવાનુપ્રિય ! આજે ધર્મના આદિકર યાવત્—સર્વજ્ઞ, સર્વદર્શી શ્રમણ ભગવાન મહાવીર બ્રાહ્મણકુંડગ્રામ નામે નગરની બહાર બહુશાલ નામે ચૈત્યમાં યથા યોગ્ય અવગ્રહ ગ્રહણ કરી, સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા છે. તેથી આ અગ્રકુલના, ભોગકુળના ક્ષત્રિયો—યાવત્—નગરની મધ્યમાંથી નીકળી રહ્યા છે.'

**જમાલિકુમાર દ્વારા મહાવીર પર્યુપાસના—**

૫. ત્યારબાદ તે જમાલિ ક્ષત્રિયકુમારે કંચુકિ પુરુષ પાસેથી એ વાતને સાંભળી, હૃદયમાં અવધારી હર્ષિત અને સંતુષ્ટ થઈ, કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે—" હે દેવાનુપ્રિયો ! તમે શીઘ્ર ચારઘંટાવાળા અશ્વરથને જોડીને હાજર કરો અને હાજર કરીને આ મારી આજ્ઞા પાછી આપો—અર્થાત્ આજ્ઞા અનુસાર કાર્ય પૂર્ણ થયાની મને ખબર આપો."

ત્યારબાદ તે કૌટુંબિક પુરુષોએ જમાલિ ક્ષત્રિયપુત્રની આ આજ્ઞા અનુસાર ચારઘંટવાળો અશ્વરથ જોડીને હાજર કર્યો અને હાજર કરીને તેમની આજ્ઞા પાછી આપી.

ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમાર જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવ્યો, આવીને સ્નાન કરીને બલિકર્મ કર્યું—યાવત્ ચંદનથી શરીરને સુગંધિત કરી અને સર્વ અલંકારથી વિભૂષિત થઈ સ્નાનગૃહથી બહાર નીકળ્યો, બહાર નીકળી જ્યાં બહારની ઉપસ્થાનશાળા હતી અને જ્યાં ચારઘંટાવાળો અશ્વરથ ઊભો હતો ત્યાં આવ્યો, ત્યાં આવીને તે ચારઘંટાવાળા અશ્વરથ ઉપર આરૂઢ થયો, આરૂઢ થઈ માથા ઉપર ધારણ કરાતાં કોરંટપુષ્પની માળાવાળા છત્રસહિત, મહાન યોદ્ધાઓના સમૂહથી વીંટળાયેલો તે ક્ષત્રિયકુંડગ્રામ નામે નગરની વચ્ચો વચ્ચ થઈ બહાર નીકળ્યો, નીકળીને જ્યાં બ્રાહ્મણકુંડગ્રામ નગર આવેલ હતું અને જ્યાં બહુશાલ નામે ચૈત્ય હતું ત્યાં આવ્યો, ત્યાં આવીને ઘોડાઓને રોકયા, અને રથને ઊભો રાખ્યો, રથને ઊભો રાખી રથ પરથી નીચે ઊતર્યો, ઊતરીને પુષ્પ, તાંબુલ, આયુધાદિ તથા પગરખાનો ત્યાગ કરીને એક સળંગ વસ્ત્રનું ઉત્તરાસંગ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને કોગળો કરીને ચોખ્ખા અને પરમ પવિત્ર થઈને, અંજલિ વડે બે હાથ જોડીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યો, ત્યાં આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને ત્રિવિધ પર્યુપાસનાથી ઉપાસના કરવા લાગ્યો.

**મહાવીરની ધર્મકથા**

૬. ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરે જમાલિ ક્ષત્રિયકુમારને અને તે અત્યંત મોટી ઋષિ પર્ષદાને (મુનિપર્ષદા, યતિપર્ષદા, દેવપર્ષદાને, અનેક સેંકડોના સમૂહને, સેંકડોજનોના વૃંદોને, અનેક સેંકડો પરિવારના સમૂહને, ઓઘબલી, મહાબલી, અપરિમિતબલ-વીર્ય–તેજ–માહાત્મ્ય અને કાંતિથી યુક્ત એવા તેમણે, શરદ ઋતુના નૂતન મેઘના ગર્જન જેવા મધુર ગંભીર સ્વરે, ક્રૌંચ પક્ષીના નિર્ઘોષ અને દુંદુભિના ઘોષ જેવા સ્વરે, હૃદયમાં વિસ્તરતી, કંઠમાં અવસ્થિત અને મૂર્ધામાં પરિવ્યાપ્ત થતી, સુવિભક્ત અક્ષરોવાળી, અસ્પષ્ટ ઉચ્ચારણ-રહિત, સુવ્યક્ત અક્ષરોની ક્રમસર અભિવ્યક્તિ કરતી, પૂર્ણ અને રક્તિસભર, સર્વ ભાષામાં (સાંભળનાર દરેકને પોતાની ભાષામાં) પરિણત થતી, એક યોજન સુધી સંભળાતી અર્ધમાગધી વાણીમાં ધર્મોપદેશ આપ્યો–યાવત્–પર્ષદા પાછી ફરી.

**જમાલીકુમારનો પ્રવ્રજ્યા સંકલ્પ—**

૭. ત્યારબાદ તે જમાલિ ક્ષત્રિયકુમારે શ્રમણ ભગવાન મહાવીરની પાસેથી ધર્મને સાંભળી, હૃદયમાં અવધારીને, હર્ષિત અને સંતુષ્ટ આનંદિત (પ્રસન્ન, પ્રીતિમના, પરમ સૌમનસ ભાવયુક્ત અને હર્ષાતિરેકથી વિકસિત હૃદયવાળા) થઈને, પોતાના આસન પરથી ઊઠીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણવાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને તેણે આ પ્રમાણે કહ્યું—"હે ભગવાન! હું નિર્ગ્રંથ–પ્રવચનમાં શ્રદ્ધા કરું છું (હે ભગવન! હું નિર્ગ્રંથ–પ્રવચન ઉપર વિશ્વાસ કરું છું, હે ભગવન્! હું નિર્ગ્રંથ–પ્રવચન ઉપર રુચિ કરું છું. હે ભગવન્! હું નિર્ગ્રંથ–પ્રવચનમાં ઉદ્યત થવા ઈચ્છું છું, હે ભગવન્! નિર્ગ્રંથ–પ્રવચન જે તમે ઉપદેશો છો તે જ પ્રમાણે છે. હે ભગવન્! નિર્ગ્રન્થ પ્રવચન તથ્ય રૂપ છે, હે ભગવન્! નિર્ગ્રંથ પ્રવચન સત્ય છે, હે ભદન્ત! તે નિશ્ચિત છે, હે ભગવન્! હું તેની ઈચ્છા કરું છું, હે ભદન્ત! એ મને પ્રતિ ઈચ્છિત છે, હે ભદન્ત! એ મને ઈચ્છિત--પ્રતિ-ઈચ્છિત છે), જે પ્રમાણે તમે કથન કરો છો તે જ પ્રમાણે તે છે." અહીં એટલું વિશેષ છે કે "હે દેવાનુપ્રિય! માતા-પિતાની રજા માગીને હું આપ દેવાનુપ્રિય પાસે મુંડિત થઈ ગૃહવાસનો ત્યાગ કરી અનગારિકપણાને સ્વીકારવા ઈચ્છું છું."

ભગવાને ઉત્તર આપ્યો—"હે દેવાનુપ્રિય! જેમ તને સુખ થાય તેમ કર, પરંતુ વિલંબ ન કર."

જ્યારે શ્રમણ ભગવંત મહાવીરે જમાલિને એ પ્રમાણે કહ્યું ત્યારે તે પ્રસન્ન અને સંતુષ્ટ થયો, તેણે શ્રમણ ભગવાન્ મહાવીરની ત્રણવાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરી ચાર ઘંટાવાળા અશ્વરથ ઉપર ચઢ્યો, ચઢીને શ્રમણ ભગવાન મહાવીરની પાસેથી અને બહુશાલક ચૈત્યમાંથી બહાર નીકળ્યો, નીકળીને માથે ધરાતા કોરંટપુષ્પની માળાવાળા છત્રસહિત, મોટા સુભટોના સમૂહથી વીંટાયેલો તે જમાલિ જ્યાં ક્ષત્રિયકુંડગ્રામ નામે નગર હતું ત્યાં આવ્યો, આવીને ક્ષત્રિય-કુંડ ગ્રામ નામે નગરની વચ્ચોવચ્ચ થઈને જે સ્થળે પોતાનું ઘર હતું અને જ્યાં બહારની ઉપસ્થાનશાળા હતી ત્યાં આવ્યો, ત્યાં આવીને ઘોડાઓને રોકીને રથને ઊભો રાખ્યો, ઊભો રાખીને નીચે ઊતર્યો, ઊતરીને જ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંદરની ઉપસ્થાનશાળા હતી, જ્યાં માતા-પિતા હતા, ત્યાં આવ્યો, આવીને માતા-પિતાને જય અને વિજય શબ્દોથી વધાવ્યા, વધાવીને તેણે આ પ્રમાણે કહ્યું—હે માતા-પિતા! આ પ્રમાણે મેં શ્રમણ ભગવંત મહાવીર પાસેથી ધર્મ સાંભળ્યો છે, તે ધર્મ મને ઇષ્ટ છે, અત્યન્ત ઇષ્ટ છે અને તેમાં મારી અભિરુચિ થઇ છે.'

ત્યાર પછી તે જમાલિકુમારને તેના માતા-પિતાએ આ પ્રમાણે કહ્યું—'હે પુત્ર! તુ ધન્ય છે. તું કૃતાર્થ છે, હે પુત્ર! તું કૃતપુણ્ય છે અને હે પુત્ર! તું કૃતલક્ષણ છે કે જે તેં શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી ધર્મને સાંભળ્યો છે, અને તે ધર્મ તને પ્રિય છે, અત્યંત પ્રિય છે અને તેમાં તારી અભિરુચિ થઈ છે.'

પછી તે જમાલિ ક્ષત્રિયકુમારે બીજીવાર પણ પોતાના માતા-પિતાને આ પ્રપાણે કહ્યું—'હે માતા-પિતા! મેં શ્રમણ ભગવાન મહાવીરની પાસેથી ધર્મ સાંભળ્યો છે, તે ધર્મ મને ઇષ્ટ છે, અત્યંત ઇષ્ટ છે અને તેમાં મારી અભિરુચિ થઈ છે. હે માતા-પિતા! હું સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છું, જન્મ જરા અને મરણથી ભય પામ્યો છું, તેથી હે માતા-પિતા! તમારી આજ્ઞા મેળવી હું શ્રમણ ભગવંત મહાવીરની પાસે દીક્ષા લઈને ગૃહવાસનો ત્યાગ કરીને, અનગારિકપણાને ગ્રહણ કરવા ઈચ્છું છું.''

**માતા-પિતા દ્વારા પ્રવ્રજ્યા-ગ્રહણ-નિવારણ અને જમાલિ દ્વારા સમર્થન—**

૮. ત્યાર બાદ જમાલિ ક્ષત્રિયકુમારની માતા આવી અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, મનને ન ગમે તેવી અને પૂર્વે નહીં સાંભળેલી એવી વાણીને સાંભળી અને અવધારીને રોમ-કૂપથી ઝરતા પરસેવાથી ભીના શરીરવાળી થઈ, શોકના ભારથી તેનાં અંગોપાંગ કંપવા લાગ્યાં, તે નિસ્તેજ થઇ, તેનું મુખ દીન અને શોકાતુર થયું, કરતલ વડે ચોળાયેલી કમળમાળાની પેઠે તેનું શરીર તત્કાળ ગ્લાન અને દુર્બલ થયું, તે લાવણ્યશૂન્ય, પ્રભારહિત અને શોભા વિનાની થઈ ગઇ. તેનાં આભૂષણો ઢીલાં થઈ ગયાં, અને તેથી તેના નિર્મલ વલયો પડી ગયાં અને ભાંગીને ચૂર્ણ થઈ ગયાં. તેનું ઉત્તરીય વસ્ત્ર શરીર ઉપરથી સરી ગયું અને મૂર્છા વડે તેનું ચૈતન્ય નષ્ટ થયું હોવાથી તે ભારે શરીરવાળી થઇ ગઈ. તેનો સુકુમાલ કેશપાશ વિખરાઈ ગયો. કુહાડીના ઘાથી છેદાયેલી ચંપકલતાની પેઠે અને ઉત્સવ પૂરો થતાં ઇન્દ્રધ્વજદંડની જેમ તેનાં સંધિ-બંધનો શિથિલ થઈ ગયાં, અને તે સર્વ અંગો વડે ''ધસ' દઈને નીચે ધરતી પર પડી ગઈ.

ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારની શોકાતુર માતા શીઘ્ર દાસીઓ દ્વારા ઘરાતા સોનાના કળશના મુખથી નીકળેલી શીતલ અને નિર્મળ જલધારાના સિંચન વડે સ્વસ્થ થઈ અને તે ઉત્ક્ષેપક (વાંસના બનેલા) તાલવૃંત (તાડના પાંદડાના બનેલા) પંખા અને વીંજણાના જલબિંદુ સહિત પવન વડે અંતઃપુરના માણસોથી આશ્વાસનને પ્રાપ્ત કર્યા પછી રોતી, આક્રંદન કરતી, શોક કરતી અને વિલાપ કરતી જમાલિ ક્ષત્રિયકુમારને આ પ્રમાણે કહેવા લાગી—'હે પુત્ર! તું અમારો એકમાત્ર પુત્ર છે, તું અમારા માટે ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનગમતો, આધારભૂત, વિશ્વાસપાત્ર, સંમત, બહુમત, અનુમત, આભરણની પેટી જેવો, રત્નસ્વરૂપ, રત્ન જેવો, જીવિતના ઉત્સવ સમાન, હૃદયને આનંદ ઉત્પન્ન કરનાર છે. વળી ઉંબરાના પુષ્પની પેઠે તારા નામનું શ્રવણ પણ દુર્લભ છે, તો તારું દર્શન (અન્યને) દુર્લભ હોય એમાં શું કહેવું? માટે હે પુત્ર! ખરેખર અમે તારો એક ક્ષણ પણ વિયોગ ઇચ્છતા નથી. તેથી હે પુત્ર! જ્યાં સુધી અમે જીવીએ છીએ ત્યાં સુધી તું રોકાઈ જા. ત્યાર બાદ જ્યારે અમે કાળધર્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામીએ અને તારી વૃદ્ધાવસ્થા આવી જાય ત્યારે કુલવંશતન્તુની વૃદ્ધિ કરીને નિરપેક્ષ એવો તું શ્રમણ ભગવંત મહાવીરની પાસે દીક્ષા ગ્રહણ કરી ગૃહવાસનો ત્યાગ કરીને અનગારિકપણાને સ્વીકારજે.'

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારે પોતાના માતા-પિતાને આ પ્રમાણે કહ્યું કે "હે માતા-પિતા ! હમણાં મને જે તમે એ પ્રમાણે કહ્યું કે—'હે પુત્ર ! તું અમારે ઈષ્ટ તથા કાંત, એક જ પુત્ર છે—ઈત્યાદિ—યાવત્—અમારા કાલગત થયા પછી તું પ્રવ્રજ્યા લેજે." પરંતુ હે માતા-પિતા ! આ મનુષ્યભવ અનેક જન્મ, જરા, મરણ અને માનસિક દુઃખોની અત્યન્ત વેદનાથી અને સેંકડો વ્યસનોથી પીડિત છે, અધ્રુવ, અનિત્ય અને અશાશ્વત છે, સંધ્યાના રંગ જેવો, પાણીના પરપોટા જેવો, ડાભની અણી ઉપર રહેલા જલબિન્દુ જેવો, સ્વપ્ન-દર્શન સમાન, વીજળીની પેઠે ચંચળ અને અનિત્ય છે. સડવું, પડવું અને નાશ પામવું એ તેનો ધર્મ-સ્વભાવ છે. પહેલાં કે પછી તેનો અવશ્ય ત્યાગ કરવાનો છે; તો હે માતા-પિતા ! તે કોણ જાણે છે કે—કોણ પૂર્વે જશે, અને કોણ પછી જશે ? માટે હે માતા-પિતા ! હું તમારી અનુમતિથી શ્રમણ ભગવંત મહાવીરની પાસે મુંડિત થઈ ગૃહવાસનો ત્યાગ કરી અનગાર દીક્ષા અંગીકાર કરવા ઇચ્છું છું.'

૯. ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારને તેના માતા-પિતાએ આ પ્રમાણે કહ્યું કે—'હે પુત્ર ! આ તારું શરીર ઉત્તમ રૂપ, લક્ષણ—વ્યંજન (મસ, તલ વગેરે) અને ગુણોથી યુક્ત છે. ઉત્તમ બલ, વીર્ય અને સત્ત્વસહિત છે, વિજ્ઞાનમાં વિચક્ષણ છે, સૌભાગ્ય—ગુણથી ઉન્નત છે, કુલીન છે, અત્યન્ત સમર્થ છે, અનેક પ્રકારના વ્યાધિ અને રોગથી રહિત છે, નિરુપહત, ઉદાત્ત અને મનોહર છે, ચતુર એવી પાંચ ઈન્દ્રિયોથી યુક્ત અને ઉગતી યુવાવસ્થાને પ્રાપ્ત થયેલું છે અને બીજા અનેક ઉત્તમ ગુણોથી ભરપૂર છે. માટે હે પુત્ર ! જ્યાં સુધી તારા પોતાના શરીરમાં રૂપ, સૌભાગ્ય તથા યૌવનાદિ ગુણો છે ત્યાં સુધી તેનો અનુભવ કર અને અનુભવ કરી અમે કાલગત થયા પછી વૃદ્ધાવસ્થામાં કુલવંશરૂપ તન્તુની વૃદ્ધિ કરીને નિરપેક્ષ એવો તું શ્રમણ ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈને ગૃહવાસનો ત્યાગ કરીને અનગારીકપણાને સ્વીકારજે.'

માતા—પિતાની આ વાત સાંભળ્યા પછી તે જમાલિ ક્ષત્રિયકુમારે માતા—પિતાને આ પ્રમાણે કહ્યું—'હે માતા—પિતા ! તમે જે કહ્યું કે—'હે પુત્ર ! તારું આ શરીર ઉત્તમ રૂપ વગેરે ગુણોથી યુક્ત છે ઈત્યાદિ—યાવત્—અમારા કાલગત થયા પછી તું દીક્ષા લેજે.' તે બરાબર છે, પરંતુ હે માતા—પિતા ! ખરેખર આ મનુષ્યનું શરીર દુઃખનું ઘર છે, અનેક પ્રકારનાં સેંકડો વ્યાધિઓનું સ્થાન છે, અસ્થિરૂપ લાકડાનું બનેલું છે. નાડીઓ અને સ્નાયુના સમૂહથી વિંટાએલ છે. માટીના વાસણની પેઠે દુર્બલ છે, અશુચિથી ભરપૂર છે, તેનું શુશ્રૂષા કાર્ય હંમેશા ચાલું છે. જીર્ણ ઘરની પેઠે સડવું, પડવું અને નાશ પામવું એ તેનો સહજ ધર્મ છે. વળી એ શરીર પહેલાં કે પછી અવશ્ય છોડવું જ પડે તેમ છે, અને વળી કોણ જાણે છે કે કોણ પહેલાં જશે અને કોણ પછી જશે ? માટે હે માતા—પિતા ! આપની અનુમતિ મેળવી હું શ્રમણ ભગવાન મહાવીરની પાસે મુંડિત થઈ ગૃહવાસનો ત્યાગ કરી અનગાર દીક્ષા અંગીકાર કરવા ઇચ્છું છું."

૧૦. ત્યારપછી તેના માતા—પિતાએ તે જમાલિ ક્ષત્રિયકુમારને આ પ્રમાણે કહ્યું કે—હે પુત્ર ! તારે આઠ સ્ત્રીઓ છે. તે વિશાળ કુળમાં ઉત્પન્ન થયેલી અને બાળાઓ છે, તે સમાન ઉંમરવાળી, સમાન લાવણ્ય, રૂપ અને યૌવનગુણથી યુક્ત છે; વળી તે સમાન કુળમાંથી લવાએલી, કળામાં કુશલ, સર્વકાલ લાલિત અને સુખને યોગ્ય છે; માર્દવગુણથી યુક્ત, નિપુણ, વિનયોપચારમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંડિત અને વિચક્ષણ છે; સુંદર, મિત, અને મધુર બોલવામાં, તેમજ હાસ્ય, વિપ્રેક્ષિત (કટાક્ષ દૃષ્ટિ), ગતિ, વિલાસ અને સ્થિતિમાં વિશારદ છે; ઉત્તમ કુલ અને શીલથી સુશોભિત છે; વિશુદ્ધ કુલરૂપ વંશતંતુની વૃદ્ધિ કરવામાં સમર્થ યૌવનવાળી છે; મનને અનુકૂલ અને હૃદયને ઈષ્ટ છે, વળી ગુણો વડે પ્રિય અને ઉત્તમ છે, તેમ જ હંમેશાં ભાવમાં અનુરક્ત અને સર્વ અંગમાં સુંદર છે. માટે હે પુત્ર! તું એ સ્ત્રીઓ સાથે મનુષ્ય સંબંધી વિશાલ કામભોગોને ભોગવ અને ત્યાર પછી ભુક્તભોગી થઈ વિષયની ઉત્સુકતા દૂર થાય ત્યારે અને અમારા કાલગત થયા પછી વૃદ્ધાવસ્થામાં કુલવંશરૂપ તન્તુની વૃદ્ધિ કરીને નિરપેક્ષ એવો તું શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત થઈ ગૃહવાસનો ત્યાગ કરી અનગાર પ્રવજ્યાથી પ્રવ્રજિત થજે.'

ત્યાર પછી તે જમાલિ નામે ક્ષત્રિયકુમારે પોતાના માતા-પિતાને આ પ્રમાણે કહ્યું કે–'હે માતા-પિતા! તમે જે આ પ્રમાણે કહ્યું કે– હે પુત્ર! તારે આ વિશાળ કુળવંશની બાલિકાઓ ઈત્યાદિ—યાવત્—પ્રવ્રજિત થજે. પરંતુ હે માતા-પિતા! ખરેખર મનુષ્યસંબંધી કામભોગો અશુચિ અને અશાશ્વત છે; વાત, પિત્ત, શ્લેષ્મ, વીર્ય અને લોહીને ઝરવાવાળા છે; વિષ્ઠા, મૂત્ર, શ્લેષ્મ, નાસિકાનો મેલ, વમન, પિત્ત, પરુ, શુક્ર અને શોણિતથી ઉત્પન્ન થયેલાં છે; વળી તે અમનોજ્ઞ, ખરાબ મૂત્ર અને દુર્ગન્ધી વિષ્ઠાથી ભરપુર છે; મૃતકના જેવી ગંધવાળા ઉચ્છ્વાસથી અને અશુભ નિઃશ્વાસથી ઉદ્વેગને ઉત્પન્ન કરનાર, બીભત્સ, અલ્પકાળસ્થાયી, હલકા અને કલમલ-(શરીરમાં રહેલા એક પ્રકારના અશુભ દ્રવ્ય) ના સ્થાનરૂપ હોવાથી દુઃખરૂપ અને સર્વ મનુષ્યોને સાધારણ છે; કામભોગો શારીરિક અને માનસિક અત્યંત દુઃખવડે સાધ્ય છે; અજ્ઞાન જનથી સેવાએલા અને સાધુ પુરુષોથી હંમેશા નિંદનીય છે; અનંત સંસારની વૃદ્ધિ કરનારા પરિણામે કટુફળવાળા છે; બળતા ઘાસના પૂળાની પેઠે ન મૂકી શકાય તેવા દુઃખાનુબંધી અને મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે. વળી હે માતા-પિતા! તે કોણ જાણે છે કે કોણ પહેલાં જશે અને કોણ પછી જશે? એટલા માટે હે માતા-પિતા! હું આપની આજ્ઞા મેળવી શ્રમણ ભગવાન મહાવીરની પાસે મુંડિત થઈ ગૃહ ત્યાગ કરી અનગાર પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઈચ્છું છું.'

૧૧. જમાલિની આ ભાવનાને સાંભળી માતા-પિતાએ જમાલિ ક્ષત્રિયકુમારને આ પ્રમાણે કહ્યું—'હે પુત્ર! આ પિતામહ, પ્રપિતામહ અને પિતાના પ્રપિતામહ થકી પ્રાપ્ત થયેલું ઘણું હિરણ્ય, સુવર્ણ, કાંસ્ય, વસ્ત્ર, વિપુલ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, શિલાપ્રવાલ, રક્તરત્ન (માણેક) વગેરે સારભૂત દ્રવ્ય વિદ્યમાન છે–યાવત્–તે એટલું છે કે જેને સાત પેઢી સુધી ઈચ્છાનુસાર દાન દેવામાં આવે, ભોગવવામાં આવે, વહેંચવામાં આવે તો પણ તે પૂરું થાય તેમ નથી. માટે હે પુત્ર! મનુષ્ય સંબંધી વિપુલ ઋદ્ધિ અને સન્માનને ભોગવ અને સુખનો અનુભવ કરી, અને કુલવંશને વધારીને પછી નિરપેક્ષ થઈને શ્રમણ ભગવાન મહાવીરની પાસે મુંડિત થઈ ગૃહવાસનો ત્યાગ કરી અનગાર પ્રવ્રજ્યા અંગીકાર કરજે.'

ત્યારબાદ તે જમાલિ ક્ષત્રિયકુમારે માતા-પિતાને આ પ્રમાણે કહ્યું કે–'હે માતા-પિતા! તમે જે આ પ્રમાણે કહ્યું કે, હે પુત્ર! આ જે પિતામહ, પ્રપિતામહ અને પિતાના પ્રપિતામહથી મળેલ ધનનો ભોગ ભોગવી—યાવત્–પ્રવ્રજિત થજે. પરંતુ હે માતા-પિતા! તે હિરણ્ય, સુવર્ણ—યાવત્–સર્વ સારભૂત દ્રવ્ય અગ્નિને સાધારણ છે, ચોરને સાધારણ છે, રાજાને સાધારણ છે, મૃત્યુને સાધારણ છે, દાયાદ (ભાયાત)ને સાધારણ છે તથા અગ્નિ, ચોર, રાજ્ય, મૃત્યુ, દાયાદને સામાન્ય છે. વળી તે અધ્રુવ, અનિત્ય અને અશાશ્વત છે. પહેલાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે પછી તે અવશ્ય છોડવાનું છે. તો કોણ જાણે છે કે પહેલાં કોણ જશે અને પછી કોણ જશે? એટલા માટે હે માતા પિતા! હું તમારી આજ્ઞા મેળવીને શ્રમણ ભગવાન મહાવીરની પાસે મુંડિત થઈ ગૃહવાસનો ત્યાગ કરી અનગારીક પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઈચ્છું છું.'

૧૨. જ્યારે જમાલિ ક્ષત્રિયકુમારને તેના માતા-પિતા વિષયને અનુકૂળ એવી ઘણી ઉક્તિઓ, પ્રજ્ઞપ્તિઓ, સંજ્ઞપ્તિઓ, અને વિજ્ઞપ્તિઓથી કહેવાને, જણાવવાને, સમજાવવાને, વિનવવાને સમર્થ ન થયા ત્યારે તેઓએ વિષયને પ્રતિકૂલ તથા સંયમને વિષે ભય અને ઉદ્વેગ કરનારી એવી ઉક્તિઓથી સમજાવવા આ પ્રમાણે કહ્યું—

'હે પુત્ર! આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય, અનુત્તર, અદ્વિતીય, પરિપૂર્ણ ન્યાયયુક્ત, શુદ્ધ, શલ્યને ટાળનાર, સિદ્ધિ માર્ગ, મુક્તિ-માર્ગ, નિર્માણ માર્ગ અને નિર્વાણ માર્ગરૂપ છે, તે અવિતથ (અસત્ય રહિત) અવિસંધિ (નિરંતર) છે અને સર્વ દુ:ખનો નાશ કરનારું છે, તેમાં રહેલા—તત્પર જીવ સિદ્ધ, બુદ્ધ મુક્ત થાય છે, નિર્વાણ પ્રાપ્ત કરે છે અને સર્વદુ:ખોનો અંત કરે છે.

પરંતુ હે પુત્ર! આ ધર્મ—માર્ગ સર્પની પેઠે એકાંત—નિશ્ચિત દૃષ્ટિવાળો, અસ્રાની પેઠે એકાંત ધારવાળો, લોઢાના જવને ચાવવાની પેઠે દુષ્કર અને વેળુના કોળીયાની પેઠે નિ:સ્વાદ છે. વળી, તે ગંગા નદીમાં સામે પ્રવાહે તરવાની પેઠે, અને બે હાથથી સમુદ્ર તરવાની જેવો મુશ્કેલ, તીક્ષ્ણ ખડ્ગાદિ ઉપર ચાલવાના જેવો, મોટી શિલાને ઉચકવા બરોબર અને તલવારની ધારા પર ચાલવા સમાન વ્રત જેવો છે.

હે પુત્ર! શ્રમણ નિર્ગ્રન્થોને આધાકર્મિક, ઔદ્દેશિક, મિશ્રજાત, અધ્યવપૂરક, પૂતિકૃત, ક્રીત, પ્રામિત્ય, અચ્છેદ્ય, અનિસૃષ્ટ, અભ્યાહૃત, કાંતારભક્ત, દુર્ભિક્ષભક્ત, ગ્લાનભક્ત, બાર્દલિકા ભક્ત, પ્રાઘૂર્ણક ભક્ત, શય્યાતરપિંડ અને રાજપિંડ લેવાનું કલ્પતું નથી. તે જ પ્રમાણે મૂળનું ભોજન, કંદનું ભોજન, ફળનું ભોજન, બીજનું ભોજન અને હરિત—(લીલી વનસ્પતિ)નું ભોજન ખાવું કે પીવું કલ્પતું નથી.

હે પુત્ર! તું સુખભોગ કરવાને યોગ્ય છે, દુ:ખ ભોગવવાને યોગ્ય નથી. તેમ જ ટાઢ, તડકો, ભુખ, તરસ, ચોર, શ્વાપદ, ડાંસ અને મચ્છરના ઉપદ્રવોને તથા વાતિક, પૈત્તિક, શ્લેષ્મિક અને સંન્નિપાતજન્ય વિવિધ પ્રકારના રોગો અને તેના દુ:ખોને તેમ જ પરિષહ અને ઉપસર્ગોને સહવાને તું સમર્થ નથી. હે પુત્ર! અમે તારો વિયોગ એક ક્ષણ પણ સહન કરી શકતા નથી. માટે હે પુત્ર! જ્યાં સુધી અમે જીવિત છીએ ત્યાં સુધી તું રોકાઈ જા, ત્યારબાદ અમારા કાલગત થયા પછી અને તારી વૃદ્ધાવસ્થા આવી જાય ત્યારે કુલવંશતન્તુની વૃદ્ધિ કરીને નિરપેક્ષ એવો તું શ્રમણ ભગવાન મહાવીરની પાસે મુંડિત થઈ ગૃહવાસનો ત્યાગ કરી અનગારત્વમાં પ્રવ્રજિત થજે.'

ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમારે માતા-પિતાને આ પ્રમાણે કહ્યું કે—'હે માતા-પિતા! તમે મને જે આ પ્રમાણે કહ્યું કે—હે પુત્ર! નિર્ગ્રન્થ પ્રવચન સત્ય, અનુત્તર અને અદ્વિતીય છે—ઈત્યાદિ—યાવત્—પ્રવ્રજિત થજે. પરંતુ હે માતા-પિતા! નિર્ગ્રન્થ પ્રવચન ક્લીબ—(મન્દશક્તિવાળા), કાયર અને હલકા પુરુષોને, તથા આ લોકમાં આસક્ત, પરલોકથી પરાઙ્-મુખ એવા વિષયની તૃષ્ણાવાળા સામાન્ય પુરુષોને (તેનું અનુપાલન) દુષ્કર છે; પણ ધીર, દૃઢનિશ્ચયી અને પ્રયત્નવાન પુરુષને તેનું અનુપાલન જરા પણ દુષ્કર નથી. માટે હે માતા-પિતા! હું આપની અનુમતિ મેળવી શ્રમણ ભગવાન મહાવીરની પાસે મુંડિત થઈ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૃહવાસનો ત્યાગ કરી અનગારિક પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઇચ્છું છુ.'

**માતા–પિતા દ્વારા પ્રવ્રજ્યા–અનુમોદન—**

૧૩. જ્યારે જમાલિ ક્ષત્રિયકુમારને તેના માતા-પિતા વિષયનો અનુકૂલ તથા વિષયને પ્રતિકૂલ એવી ઘણી ઉક્તિઓ, પ્રજ્ઞપ્તિઓ, સંજ્ઞપ્તિઓ અને વિનંતિઓથી કહેવાને, સમજાવવાને શક્તિમાન ન થયા ત્યારે અનિચ્છાપૂર્વક તેઓએ જમાલિ ક્ષત્રિયકુમારને દીક્ષા લેવાની અનુમતિ આપી.

**પ્રવ્રજ્યાની પૂર્વનાં કાર્યો—**

૧૪. ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—' હે દેવાનુપ્રિયો ! શીઘ્ર આ ક્ષત્રિયકુંડગ્રામ નગરની બહાર અને અંદર પાણીથી છંટકાવ કરાવો, વાળીને સાફ કરાવો, અને લીંપાવો' ઈત્યાદિ ઔપપાતિક સૂત્રમાં કહ્યા પ્રમાણે–યાવત્ ' શ્રેષ્ઠ સુગંધનો છંટકાવ કરી ગંધવર્તિકાની સમાન બનાવો અને બનાવરાવો. તેમ કરીને અને કરાવરાવીને મારી આજ્ઞા પાછી આપો.' આજ્ઞાઅનુસાર કાર્ય કરીને તે કૌટુંબિક પુરુષોએ આજ્ઞા પાછી આપી.

ત્યારબાદ ફરી વાર તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—' હે દેવાનુપ્રિયો ! શીઘ્ર જ જમાલિ ક્ષત્રિયકુમારને માટે મહાર્થ, મહામૂલ્યવાન, મહાન પુરુષોને યોગ્ય, વિપુલ નિષ્ક્રમણાભિષેકની સામગ્રી ઉપસ્થિત કરો.' ત્યારે તે કૌટુંબિક પુરુષોએ આજ્ઞા અનુસાર કાર્ય કરીને યાવત્–આજ્ઞાનુસાર અભિષેક–સામગ્રી ઉપસ્થિત કરી.

ત્યારબાદ તે જમાલિ ક્ષત્રિય કુમારને તેના માતા–પિતાએ ઉત્તમ સિંહાસન પર પૂર્વ દિશા અભિમુખ બેસાડયો, અને બેસાડીને એકસો આઠ સોનાના કળશોથી, એકસો આઠ ચાંદીના કળશોથી, એકસો આઠ મણિમય કલશોથી, એકસો આઠ સોના–ચાંદીના કલશોથી, એકસો આઠ સુવર્ણ–મણિમય કલશોથી, એકસો આઠ રજત–મણિમય કલશોથી, એકસો આઠ સુવર્ણ-રજત–મણિમય કલશોથી અને એકસો આઠ માટીના કલશોથી, સર્વ ઋદ્ધિ, સમસ્ત દ્યુતિ, સમસ્ત બળ, સમસ્ત સમૃદ્ધિ, સમસ્ત આદર, સમસ્ત વિભૂતિ, સમસ્ત વિભૂષણ, સમસ્ત સન્માન, સમસ્ત પુષ્પ–ગંધ-માલા અને અલંકારોથી, સમસ્ત વાદ્ય–સમૂહના શબ્દ-નિનાદથી, મહાન ઋદ્ધિ, મહાન દ્યુતિ, મહાન બલ, મહાન સમૃદ્ધિ અને એક સાથે વાગી રહેલા શંખ, પણવ, પટહ, ભેરી, ઝાલર, ખરમુખી, હુડુક્કી, મુરજ, મૃદંગ, દુંદુભી વગેરે વાદ્ય-વૃન્દોના નિર્ઘોષના પ્રતિધ્વનિ–શબ્દોની સાથે, મહાન નિષ્ક્રમણાભિષેકથી અભિષિક્ત કર્યો, અભિષેક કરીને દસ નખ સહિત બંને હાથો જોડી આવર્ત પૂર્વક મસ્તક પર અંજલિ રચી જય–વિજય શબ્દો વડે વધાવ્યો, વધાવીને આ પ્રમાણે કહ્યું—' હે પુત્ર ! તારા પ્રિય જનોને અમે શું આપીએ ? તારે માટે અમે શું કાર્ય કરીએ ? તારી શું ઈચ્છા છે ' ?

૧૫. ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારે માતા-પિતાને આ પ્રમાણે કહ્યું–' હે માતા–પિતા ! હું ઈચ્છું છું કે કુત્રિકાપણથી એક રજોહરણ અને એક પાત્ર મંગાવી આપો અને હજામને બોલાવી લો.'

ત્યારબાદ તે જમાલિ ક્ષત્રિયકુમારના માતા-પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું કે—' હે દેવાનુપ્રિયો ! શીઘ્ર જ આપણા ખજાનામાંથી ત્રણ લાખ સોનામહોર લઈને તેમાંથી કુત્રિકાપણમાંથી બે લાખ સોનામહોરનું એક રજોહરણ અને એક પાત્ર લાવો, તથા એક લાખ સોનામહોર આપીને એક હજામને બોલાવો. '

ત્યારબાદ તે કૌટુંબિક પુરુષોએ જમાલિ ક્ષત્રિયકુમારના પિતાના આ આદેશને સાંભળી હૃષ્ટ-તુષ્ટ થઈ દસ નખ સહિત બંને હાથ જોડી આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'સ્વામિન્ ! જેવી આજ્ઞા,' એ પ્રમાણે કહી વિનયપૂર્વક આજ્ઞા વચનનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરી શીઘ્ર જ ખજાનામાંથી ત્રણ લાખ સુવર્ણ મુદ્રાઓ લીધી, લઈને કુત્રિકાપણમાંથી બે લાખ સોનામહોર વડે એક રજોહરણ અને એક પાત્ર લાવ્યા તથા એક લાખ સુવર્ણમુદ્રા આપીને હજામને બોલાવ્યો.

૧૬. ત્યારબાદ જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરુષો દ્વારા બોલાવેલ તે હજામ ખુશ થયો, તુષ્ટ થયો, તેણે સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક મંગલ પ્રાયશ્ચિત્ત કરી અને અવસરને અનુરૂપ શુદ્ધ માંગલિક વસ્ત્રો પહેરીને તથા મૂલ્યવાન અલ્પ આભૂષણોથી શરીરને અલંકૃત કરી તે જ્યાં જમાલિ ક્ષત્રિય-કુમારના પિતા હતા ત્યાં આવ્યો, આવીને બંને હાથ જોડી આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચી જમાલિ ક્ષત્રિયકુમારના પિતાને જય-વિજય શબ્દોથી વધાવ્યા, વધાવીને તે હજામે આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! મારે કરવા યોગ્ય કાર્ય ફરમાવો.'

ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ તે હજામને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! જમાલિ ક્ષત્રિયકુમારના અત્યન્ત યત્નપૂર્વક ચાર અંગુલ મૂકીને આગળના વાળ નિષ્ક્ર-મણને (દીક્ષાને યોગ્ય) કાપી નાખો.'

ત્યારબાદ જમાલિ ક્ષત્રિયકુમારના પિતાની આ વાત સાંભળી તે હજામ હૃષ્ટ થયો, તુષ્ટ થયો અને દસ આંગળીઓ સહિત બંને હાથ જોડી શિરસાવર્ત અંજલિ રચી આ પમાણે બોલ્યો—'હે સ્વામિન્ ! આજ્ઞા અનુસાર કરીશ.' એમ કહીને વિનયપૂર્વક તે વચનનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને સુગંધી ગંધો-દકથી હાથ–પગ ધોયાં, ધોઈને શુદ્ધ આઠ પડવાળા વસ્ત્રથી મોઢાને બાંધી અત્યંત સાવધાનીપૂર્વક જમાલિ ક્ષત્રિયકુમારના નિષ્ક્ર-મણ-યોગ્ય અગ્રકેશો ચાર આંગળ છોડીને કાપ્યા.

૧૭. ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારની માતાએ હંસ જેવા શ્વેત પટશાટકથી તે અગ્રકેશોને ગ્રહણ કર્યા, ગ્રહણ કરીને તે કેશોને તેણે સુગંધી ગંધો-દકથી ધોયા, ધોઈને ઉત્તમ અને પ્રધાન ગંધ તથા માલાવડે પૂજ્યા, પૂજીને શુદ્ધ વસ્ત્રમાં તેને બાંધ્યા, બાંધીને રત્નકરંડિયામાં મૂક્યા, મૂકીને તે જમાલિ ક્ષત્રિયકુમારની માતા પુત્ર-વિયોગના દુ:ખથી હાર, પાણીની ધારા, સિંદુવારના પુષ્પો અને તૂટી ગયેલી મોતીની માળા જેવાં દુ:સહ આંસુ પાડતી આ પ્રમાણે કહેવા લાગી : 'જમાલિ ક્ષત્રિયકુમારના આ કેશોનું દર્શન ઘણી તિથિઓ, પર્વો, ઉત્સવો, નાગપૂજા વગેરે યજ્ઞો અને મહોત્સવોમાં અમને વારંવાર દર્શનરૂપ થશે.' એ પ્રમાણે બોલીને તે રત્ન-કરંડિયાને પોતાના ઓશીકાની નીચે મૂક્યો.

૧૮. ત્યારબાદ તે જમાલિ ક્ષત્રિયકુમારનાં માતા-પિતાએ પુન: ઉત્તર દિશા સન્મુખ બીજું સિંહાસન મુકાવ્યું, મુકાવીને ફરીવાર જમાલિ ક્ષત્રિયકુમારને સોના અને રૂપાના કળશો વડે સ્નાન કરાવ્યું, સ્નાન કરાવીને રૂંવાવાળા અને સુકોમળ સુગંધી ગંધકાષાય વસ્ત્ર વડે તેનાં અંગો લૂછ્યાં, લૂછીને સરસ ગોશીર્ષ ચંદન વડે ગાત્રોનું વિલેપન કર્યું, વિલેપન કરીને નાસિકાના નિ:શ્વાસના વાયુથી ઊડી જાય એવું હલકું, આંખને ગમે તેવું સુંદર, વર્ણ અને સ્પર્શથી યુક્ત, ઘોડાની લાળ કરતાં પણ વધારે સૂક્ષ્મ, શ્વેત સોનાના કસબી છેડાવાળું, મહામૂલ્યવાન અને હંસના ચિહ્ન-યુક્ત એવું પટશાટક (રેશમી વસ્ત્ર) પહેરાવ્યું, પહેરાવીને હાર અને અર્ધહાર પહેરાવ્યાં, પછી એક હારની મોતીની માળા અને રત્નની માળા પહેરાવી, તે જ પ્રમાણે અંગદ, કેયૂર, કંઠક, ત્રુટિત, કટિસૂત્ર, દશે આંગળીઓમાં મુદ્રિકા, કંદોરો, મુરવિ, કંઠમુરવિ, પ્રાલંબ, કુંડળ, ચૂડામણિ, અને વિવિધ રત્નખચિત મુકુટ પહેરાવ્યાં. વધુ શું કહેવું ? ગ્રંથિત, વેષ્ટિત પૂરિત અને સંઘાતિમ અર્થાત્ ગૂંથેલી, વીંટેલી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂરેલી અને પરસ્પર સંઘાત વડે તૈયાર થયેલી એવી ચારે પ્રકારની પુષ્પ માળાઓ વડે કલ્પ-વૃક્ષની સમાન તે જમાલિ ક્ષત્રિયકુમારને વિભૂષિત કર્યો.

૧૯. ત્યારબાદ જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું— હે દેવાનુપ્રિયો ! શીઘ્ર સેંકડો સ્તંભોથી યુક્ત લીલા કરતી પુતળીઓથી યુક્ત–ઇત્યાદિ રાજપ્રશ્નીયસૂત્રમાં વિમાનનું વર્ણન કર્યું છે તેવી–યાવત્–મણિ-રત્નની ઘંટિકાઓના સમૂહ યુક્ત, હજાર પુરુષોથી ઉંચકી શકાય તેવી શિબિકા–પાલખીને તૈયાર કરો, તૈયાર કરીને મારી આજ્ઞા પાછી આપો.' ત્યારે તે કૌટુંબિક પુરુષોએ તે પ્રમાણે કરીને—યાવત્—આજ્ઞા પાછી આપી.

૨૦. ત્યારબાદ તે જમાલિ ક્ષત્રિયકુમાર કેશાલંકાર વસ્ત્રાલંકાર, માલાલંકાર અને આભરણાલંકાર એ ચાર પ્રકારના અલંકારથી અલંકૃત થઈ, પરિપૂર્ણ અલંકારોથી વિભૂષિત થઈ સિંહા-સનથી ઊઠયો, ઊઠીને તે શિબિકાને પ્રદક્ષિણા દઈને તેના ઉપર ચડયો, ચડીને ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વ દિશા સન્મુખ બેઠો.

૨૧. ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારની માતા સ્નાન કરી બલિકર્મ કરી—યાવત્—મૂલ્યવાન અલ્પ આભૂષણોથી શરીરને અલંકૃત કરીને, હંસના ચિહ્નવાળું શ્વેત પટશાટક (વસ્ત્ર) લઈને શિબિકાને પ્રદક્ષિણા કરી તેના ઉપર ચડી અને ચડીને જમાલિ ક્ષત્રિયકુમારને જમણે પડખે ઉત્તમ ભદ્રાસન ઉપર બેઠી.

ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારની ધાવ-માતા સ્નાન કરી બલિકર્મ કરી–યાવત્–મૂલ્ય-વાન અલ્પ આભૂષણોથી શરીરને અલંકૃત કરી રજોહરણ અને પાત્રને લઈને તે શિબિકાને પ્રદક્ષિણા કરી તેના ઉપર ચડી, અને ચડીને જમાલિ ક્ષત્રિયકુમારને ડાબે પડખે ઉત્તમ ભદ્રાસન ઉપર બેઠી.

૨૨. ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારની પાછળ સૌંદર્યની ખાણરૂપ અને મનોહર પહેરવેશ-વાળી, સુંદર ગતિ, હાસ્ય, વચન, ચેષ્ટા અને વિલાસવાળી, સુમધુર વાર્તાલાપ કરવામાં નિપુણ, યોગ્ય ઉપચાર કરવામાં કુશળ, સુંદર સ્તનવાળી, સુંદર જાંઘ, મુખ, કર, ચરણ, નયન અને લાવણ્યવાળી, રૂપ–યૌવન અને વિલાસયુક્ત એક તરુણી શરદ ઋતુના વાદળ, હિમ, રજત, કુમુદ, મોગરાનાં ફૂલ અને ચંદ્રસમાન પ્રકાશિત, કોરંટ પુષ્પની માળાયુક્ત, ધોળું છત્ર હાથમાં લઈ તેને લીલાપૂર્વક ધારણ કરતી ઊભી રહી.

ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિય કુમારની બંને બાજુ સુંદરતાની ખાણરૂપ અને મનોહર પહેરવેશવાળી સુંદર ગતિ, હાસ્ય, વચન, ચેષ્ટા અને વિલાસવાળી, સુમધુર વાર્તાલાપ કરવામાં નિપુણ, યોગ્ય ઉપચાર કરવામાં કુશળ, સુંદર સ્તન, જાંઘ, મુખ, હાથ, પગ, નયન અને લાવણ્યવાળી, રૂપ યૌવન અને વિલાસ-યુક્ત બે ઉત્તમ તરુણીઓ અનેક પ્રકારના મણિ, સુવર્ણ, રત્ન, વિમલ, મહામૂલ્ય તપનીય (રક્ત સુવર્ણ)થી બનેલા, ઉજ્જવલ વિચિત્ર દંડવાળા, દીપતાં, શંખ, અંક રત્ન, મોગરાના ફૂલ, ચંદ્ર, પાણીના બિન્દુ અને મથેલ અમૃતના ફીણ સમાન શ્વેત ચામરોને ગ્રહણ કરી લીલાપૂર્વક વીંજતી ઊભી રહી હતી.

ત્યારબાદ તે જમાલિ ક્ષત્રિયકુમારની ઉત્તર-પૂર્વ દિશાએ (ઈશાનકોણમાં) શૃંગારના ગૃહ જેવી ઉત્તમ વેશવાળી, સુન્દર ગતિ હાસ્ય, વાણી, ચેષ્ટા અને વિલાસવાળી, સુમધુર વાર્તા-લાપ કરવામાં નિપુણ, યોગ્ય ઉપચાર કરવામાં કુશળ, સુંદર સ્તન, જાંઘ, મુખ, હાથ, પગ, નયન અને લાવણ્યવાળી, રૂપ–યૌવન અને વિલાસ યુક્ત એક તરુણી શ્વેત રજતમય, પવિત્ર પાણીથી ભરેલા ઉન્મત્ત હસ્તીના મોટા મુખના આકારવાળા કલશને ગ્રહણ કરીને ઊભી હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારની દક્ષિણ પૂર્વ દિશાએ શૃંગારના ગૃહરૂપ, ઉત્તમ વેશવાળી સુંદર ગતિ, હાસ્ય, વાણી, ચેષ્ટા અને વિલાસ-વાળી, સુમધુર વાર્તાલાપ કરવામાં નિપુણ, યોગ્ય ઉપચાર કરવામાં કુશળ, સુંદર સ્તન, જાંઘ, મુખ, હાથ, પગ, નયન અને લાવણ્ય-વાળી, રૂપ યૌવન અને વિલાસ યુક્ત એક ઉત્તમ સ્ત્રી વિચિત્ર સોનાના દંડવાળા વીંજણાને લઈને ઊભી રહી.

૨૩. ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! શીઘ્ર એક સરખા, સમાન ત્વચાવાળા, સમાન-ઉમરવાળા, સમાન લાવણ્ય, રૂપ અને યૌવન ગુણથી યુક્ત તથા એક સરખા આભરણ અને વસ્ત્રરૂપ પરિકર્મવાળા એક હજાર ઉત્તમ યુવાન કૌટુંબિક પુરુષોને બોલાવો.' ત્યારે તે કૌટુંબિક પુરુષોએ–યાવત્–પોતાના સ્વામીનું વચન સ્વીકારી તુરત જ એક સરખા અને સરખી ત્વચાવાળા, સમાન ઉમરવાળા, એક સમાન લાવણ્ય, રૂપ, યૌવન ગુણથી યુક્ત તથા એક સરખાં આભૂષણો અને એક સરખાં વસ્ત્રોને ધારણ કરેલ એક હજાર ઉત્તમ યુવાન કૌટુંબિક પુરુષોને બોલાવ્યા.

ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરુષો દ્વારા બોલાવેલા તે યુવાન ઉત્તમ કૌટુંબિક પુરુષો હૃષ્ટ–તુષ્ટ થયા, સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક અને મંગલ-રૂપ પ્રાયશ્ચિત કરી, એક સરખાં આભૂષણ અને વસ્ત્રરૂપ પરિકર્મવાળા થઈને જ્યાં જમાલિ ક્ષત્રિય-કુમારના પિતા હતા ત્યાં આવ્યા, આવીને નખ સહિત દશે આંગળીઓ જોડી આવર્ત-પૂર્વક મસ્તક પર અંજલિ રચી જય–વિજય શબ્દોથી વધાવી આ પ્રમાણે નિવેદન કર્યું–'હે દેવાનુપ્રિય ! જે કાર્ય અમારે કરવાનું છે તે માટે આજ્ઞા આપો.'

ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ તે એક હજાર ઉત્તમ તરુણ કૌટુંબિક પુરુષોને કહ્યું—'હે દેવાનુપ્રિયો ! તમે સ્નાન કરી, બલિકર્મ કરી કૌતુક અને મંગળ રૂપ પ્રાયશ્ચિત કરી અને એક સરખાં આભૂષણો અને એક સરખાં વસ્ત્રોને ધારણ કરી જમાલિ ક્ષત્રિયકુમારની શિબિકાને ઉપાડો.'

પછી તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતાનું આ વચન સાંભળી–યાવત્–સ્વીકારી સ્નાન ક્રિયા યાવત્ એક સરખાં આભૂષણો અને એક સરખો સમાન વેશ ધારણ કરેલા તે કૌટુંબિક પુરુષો જમાલિ ક્ષત્રિયકુમારની શિબિકા ઉપાડવા લાગ્યા.

૨૫. ત્યાર પછી જ્યારે તે જમાલિ ક્ષત્રિયકુમાર હજાર પુરુષોથી ઉપાડેલી શિબિકામાં બેઠો ત્યારે સૌ પહેલાં આ આઠ આઠ મંગલો આગળ અનુક્રમે ચાલ્યા, તે આ પ્રમાણે—૧. સ્વસ્તિક, ૨. શ્રીવત્સ, ૩. નન્દ્યાવર્ત, ૪. વર્ધમાન, ૫. ભદ્રાસન, ૬. કલશ, ૭. મત્સ્ય અને ૮. દર્પણ.

ત્યારબાદ પૂર્ણ કલશ, ભૃંગાર, ચામર સહિત દિવ્ય છત્ર, પતાકા તથા તેની સાથે અતિશય સુંદર આલોક–દર્શનીય, વાયુથી ફરફરતી, ગગન-તલને સ્પર્શ કરતી એવી વિજય વૈજયંની ધ્વજા અનુક્રમે આગળ ચાલી.

ત્યાર પછી વૈડૂર્ય-રત્ન-નિર્મિત અને ચમકતા દંડવાળું, લટકતી કોરંટ પુષ્પની માળા-ઓથી શોભિત, ચંદ્રબિંબ સમાન, નિર્મળ, શ્વેત, ઊંચું કરાયેલ છત્ર તથા અનેક નોકર-ચાકરો વડે વહન કરાતું, ઉત્તમ મણિ-રત્ન-જડિત અને પાદુકાયુગલયુક્ત પાદપીઠ સાથેનું ઉત્તમ સિંહાસન ક્રમથી આગળ ચાલ્યું.

ત્યાર બાદ અનેક લાઠીધારી, ભાલાધારી, ચામરધારી, પાશધારી, બાણધારી, વસ્ત્રધારી, ફલકધારી, પીઠધારી, વીણાધારી, કૂપીધારી, તાંબૂલપાત્રધારી પુરુષો ક્રમથી ચાલ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી અનેક દંડી, મુંડી, શિખંડી, જટાધારી, વિદુષકો, કલહકારી, ચાટુકારી, ભાંડ, ચેનચાળા કરતા અને ખેલ કરનારા, વગાડતાં, ગાતાં, નાચતાં, બોલતાં, કથા કરતા, શાપ દેતાં, રક્ષા કરતાં, પ્રદર્શન કરતાં અને જય જય શબ્દ બોલતાં ક્રમથી આગળ ચાલવા લાગ્યા.

ત્યાર બાદ અનેક ઉગ્રવંશી, ભોગવંશી, ક્ષત્રિયવંશી, ઈક્ષ્વાકુવંશી, જ્ઞાતવંશી, કુરુવંશી આદિ ઓપપાતિક સૂત્રમાં વર્ણવ્યા મુજબ-યાવત્-અનેક મહાપુરુષોના સમૂહોથી ઘેરાઈને જમાલિ ક્ષત્રિયકુમારની આગળ-પાછળ અને આજુબાજુ અનુક્રમે સાથે સાથે ચાલવા લાગ્યા.

૨૫. ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિય કુમારના પિતા સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ પ્રાયશ્ચિત્ત કરી, અને ફરી સર્વ અલંકારોથી વિભૂષિત થઈ, ઉત્તમ હાથીના સ્કંધ ઉપર ચડી, કોરંટ પુષ્પની માળા યુક્ત છત્રને ધારણ કરી, શ્વેત ચામરોથી વીંજાતા, અશ્વ, ગજ, રથ, અને પ્રવર યોદ્ધાઓ સહિતની ચતુરંગિણી સેના વડે પરિવૃત થઈ, મોટા સુભટના વૃન્દથી વીંટળાયેલ જમાલિ ક્ષત્રિયકુમારની પાછળ ચાલવા લાગ્યા.

ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારની આગળ મોટા અને ઉત્તમ ઘોડાઓ, તથા ઘોડેસવારો અને બંને બાજુએ ઉત્તમ હાથી અને હાથીસવારો, પાછળ રથો અને રથોનો સમૂહ ચાલ્યો.

ત્યાર પછી જેની આગળ કલશ અને તાલવૃન્ત લઈને પુરુષો આગળ ચાલતા હતા તેવો તે જમાલિ ક્ષત્રિયકુમાર મસ્તક પર શ્વેત છત્રને ધારણ કરી, બંને બાજુએ શ્વેત ચામરોથી વીંજાતો સમસ્ત ઋદ્ધિ-યાવત્-વાજિંત્રના નિનાદ પૂર્વક ક્ષત્રિય કુંડગ્રામ નગરની વચ્ચે થઈને જ્યાં બ્રાહ્મણ કુંડગ્રામ નામે નગર હતું, જ્યાં બહુશાલક ચૈત્ય હતું અને તેમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજી રહેલા હતા તે તરફ જવાને તત્પર થયો.

ત્યાર પછી ક્ષત્રિયકુંડગ્રામ નગરની વચ્ચોવચ નીકળતા તે જમાલિ ક્ષત્રિયકુમારને શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, ચતુર્મુખો, રાજમાર્ગો અને સામાન્ય માર્ગોમાં ઘણા ધનાર્થી, કામાર્થીઓ, ભોગાર્થીઓ, લાભાર્થીઓ, દીન-કૃપણો, ભિક્ષુકો, કાપાલિકો, કરપીડિતો, શંખવાદકો, ચાક્રિક ભિક્ષુકો, ખેતમજૂરો, મંગળ શબ્દો ઉચ્ચારનારાઓ, વધામણી આપનારાઓ, માગધો આદિ માણસો ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનહર, મનોભિરામ, હૃદયંગમ વચનોથી જય-વિજયના સેંકડો મંગળ શબ્દો સાથે સતત અભિનંદન કરતાં આ પ્રમાણે બોલવા લાગ્યા—

'હે નન્દ! ધર્મ દ્વારા તારો જય થાઓ. હે નન્દ! તપ વડે તારો જય થાઓ. હે નન્દ! તારો જય જયકાર થાઓ. હે નન્દ! તારું કલ્યાણ થાઓ. અખંડિત અને ઉત્તમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર વડે અજિત એવી ઈન્દ્રિયોને તું જિત, અને જીતીને શ્રમણ ધર્મનું પાલન કર. હે દેવ! વિઘ્નોને જિતી તું સિદ્ધિગતિમાં નિવાસ કર. ધૈર્યરૂપ કચ્છને મજબૂત બાંધીને તપ વડે રાગદ્વેષરૂપ મલ્લોનો ઘાત કર. ઉત્તમ શુક્લ ધ્યાન વડે અષ્ટકર્મરૂપ શત્રુનું મર્દન કર. વળી હે ધીર! તું અપ્રમત્ત થઈ ત્રણ-લોકરૂપ રંગમંડપ મધ્યે આરાધનાપતાકાને ગ્રહણ કરી નિર્મળ અને અનુત્તર એવા કેવલ જ્ઞાનને પ્રાપ્ત કર. અને જિનવરે ઉપદેશેલ સરલ સિદ્ધિમાર્ગ વડે પરમપદરૂપ મોક્ષને પ્રાપ્ત કર. પરીષહરૂપ સેનાને હણીને ઈન્દ્રિયોને પ્રતિકૂલ ઉપસર્ગોનો પરાજય કર. તારા ધર્મ માર્ગમાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન ન થાઓ.' એ પ્રમાણે કહીને અભિનંદન આપ્યા અને સ્તુતિ કરવા લાગ્યા.

ત્યાર બાદ તે જમાલિ ક્ષત્રિયકુમાર હજારો દર્શકોના સહસ્ર નયનોની માળાઓથી વારંવાર જોવાતો, હજારો માનવીની હૃદય-માળાઓ દ્વારા વારંવાર અભિનંદિત કરાતો, હજારો જનોની મનોરથ રૂપી સહસ્ર માલા દ્વારા સ્પષ્ટ કરાતો, ઉદાર સહસ્ર વચનોની માળાઓ દ્વારા વારંવાર સ્તુતિ ગાન કરાતો, શારીરિક કાંતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને મોહક ગુણોને કારણે વારંવાર પ્રસંશિત કરાતો, હજારો નર-નારીઓની અંજલિરૂપી માળાઓ જમણા હાથ વડે સ્વીકારતો, મંજુલ મધુર સ્વર દ્વારા જય-વિજય શબ્દોથી સંબોધિત કરાતો તે જમાલિ ક્ષત્રિયકુમાર કુંડગ્રામ નગરની મધ્યમાંથી નીકળ્યો, નીકળીને જ્યાં બ્રાહ્મણકુંડગ્રામ નામે નગર હતું, જ્યાં બહુશાલક નામે ચૈત્ય હતું, ત્યાં આવ્યો; ત્યાં આવીને તીર્થંકરના છત્રાદિક અતિશયોને તેણે જોયાં, જોઈને હજાર પુરુષોથી વહન કરાતી તે શિબિકાને ઊભી રાખી, ઊભી રાખીને તે શિબિકામાંથી નીચે ઊતર્યો.

**માતા-પિતા દ્વારા ભગવાન મહાવીરને શિષ્ય-ભિક્ષાદાન—**

૨૬. ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારને આગળ કરી તેના માતા-પિતા જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા, ત્યાં આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કર્યાં, વંદન નમસ્કાર કરી આ પ્રમાણે નિવેદન કર્યું—'હે ભગવન્! આ જમાલિ ક્ષત્રિયકુમાર અમારો એક માત્ર ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, સ્થૈર્ય અને વિશ્વાસનું પાત્ર, સમ્મત, બહુમત, અનુમત, આભૂષણોની પેટી સમાન, રત્નોમાં ઉત્તમ રત્નની સમાન, જીવન અને ઉચ્છ્વાસ સમાન, હૃદયને આનંદ આપનાર, ઉમરાના પુષ્પ સમાન જેનું નામ શ્રવણ પણ દુર્લભ છે, તો દર્શન દુર્લભ હોય તેમાં શું કહેવું ?—એવો એક માત્ર પુત્ર છે. જેમ કોઈ એક કમળ, પદ્મ-યાવત્-સહસ્રપત્ર કાદવમાં ઉત્પન્ન થાય, અને પાણીમાં વધે, તો પણ તે કાદવની રજથી તેમ જલકણથી લેપાતું નથી; એ પ્રમાણે આ જમાલિ ક્ષત્રિયકુમાર પણ કામ થકી ઉત્પન્ન થયો છે અને ભોગોથી વૃદ્ધિ પામ્યો છે, તો પણ તે કામરજથી અને ભોગરજથી લેપાતો નથી, તેમ જ મિત્ર, જ્ઞાતિ, સ્વજન સંબંધી અને પરિજનમાં પણ આસક્ત નથી. હે દેવાનુપ્રિય! તે સંસાર ભયથી ઉદ્વિગ્ન થયો છે, જન્મ-મરણથી ભયભીત થયો છે. અને તેથી દેવાનુપ્રિય એવા આપની પાસે મુંડિત થઈ ગૃહવાસનો ત્યાગ કરી અનગાર-પ્રવ્રજ્યા સ્વીકારવાને ઇચ્છે છે. તો દેવાનુપ્રિયને અમે આ શિષ્યરૂપી ભિક્ષા આપીએ છીએ. તો હે દેવાનુપ્રિય! આપ આ શિષ્યરૂપ ભિક્ષાનો સ્વીકાર કરો.'

**જમાલિની પ્રવ્રજ્યા—**

૨૭. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે તે જમાલિ ક્ષત્રિયકુમારને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! જેમ તને સુખ થાય તેમ કર, પરંતુ પ્રતિબન્ધ-વિલંબ ન કરીશ.'

જ્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારે શ્રમણ ભગવાન્ મહાવીરનું આ કથન સાંભળ્યું ત્યારે તેણે હૃષ્ટ-તુષ્ટ થઈ શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણ-પ્રદક્ષિણા કરી; પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કર્યાં, વંદન નમસ્કાર કરીને તે ઉત્તર પૂર્વ દિશા-ઈશાનકોણ તરફ ગયો, ત્યાં જઈને પોતાની મેળે જ આભરણ, માલા અને અલંકાર ઉતાર્યાં.

ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારની માતાએ હંસના ચિહ્નવાળાં પટશાટકમાં તે આભરણ, માલા અને અલંકારોને ગ્રહણ કર્યા, ગ્રહણ કરીને હાર અને પાણીની ધારા, નિર્ગુંડીના પુષ્પ અને તૂટેલી મોતીની માળા જેવા આંસુ પાડતી તે જમાલિ ક્ષત્રિયકુમારને આ પ્રમાણે કહેવા લાગી—'હે લાલ! પ્રાપ્ત કરેલ સંયમની જાળવણી કરજે. હે પુત્ર! અપ્રાપ્ય ચારિત્રયોગને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેજે. હે પુત્ર! પરાક્રમ કરજે—સંયમ પાળવામાં પ્રમાદ ન કરીશ.' એ પ્રમાણે કહીને જમાલિ ક્ષત્રિયકુમારના માતા-પિતાએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યાં, વંદન-નમસ્કાર કરીને જે દિશામાંથી તેઓ આવ્યા હતા તે દિશાએ પાછા ફર્યા અર્થાત્ ઘરે પાછા ફર્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમારે પોતાની મેળે જ પંચમુષ્ટિ લોચ કર્યો, લોચ કરીને તે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યો, ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે પ્રાર્થના કરી—'હે ભદન્ત! આ સંસાર જરા અને મરણથી દીપ્ત છે, આ સંસાર પ્રદીપ્ત છે. હે ભગવન્! આ સંસાર દીપ્ત-પ્રદીપ્ત છે.

જે પ્રમાણે કોઈ ગાથાપતિ પોતાના ઘરમાં આગ લાગવાથી ઘરમાંથી જે અલ્પ ભારવાળી છતાં બહુ મૂલ્યવાન વસ્તુ હોય છે તેને લઈને પોતે એકાંતમાં ચાલ્યો જાય છે, તે વિચારે છે કે અગ્નિમાંથી બળતો બચાવેલ આ પદાર્થ મારે માટે જીવનમાં આગળ પાછળ હિત માટે છે, સુખ માટે છે, કુશળતા માટે અથવા સામર્થ્ય માટે, કલ્યાણ માટે અને ભવિષ્યમાં ઉપભોગ માટે ઉપયોગી થશે—

તે જ પ્રમાણે હે દેવાનુપ્રિય! મારું પણ આ એક આત્મા રૂપી પાત્ર છે, જે મને ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનામ, સ્થિરતા અને વિશ્રામ-સ્થાન સમાન, સમ્મત, બહુમત, અનુમત અને રત્નના ડબ્બા સમાન છે. એટલા માટે જ્યાં સુધી તેના (આધારરૂપ) શરીરને શીત, ઉષ્ણ, ભુખ, તરસ, ચોર, વ્યાલ, દંશ, મસક વાત-પિત-કફ-સન્નિપાત આદિ વિવિધ રોગો, પરીષહ, ઉપસર્ગ સ્પર્શ કરે નહીં ત્યાં સુધીમાં જો હું આ આત્માને બહાર કાઢી લઉં તો પરલોકને માટે હિતકારી, સુખકારી, સામર્થ્યકારી અને પછીથી નિઃશેષરૂપે કલ્યાણકારી થશે.

એટલા માટે હે દેવાનુપ્રિય! હું ઇચ્છું છું કે આપ પોતે જ મને પ્રવ્રજિત કરો, આપ પોતે જ મને મુંડિત કરો, મારો લોચ કરો, આપ પોતે જ મને શિક્ષા દો, અને આપ પોતે જ મને આચાર, ગોચરી, વિનય, વૈનયિક, ચરણ-સત્તરી, કરણ-સત્તરી, સંયમ-માત્રા, માત્રા (ભોજનનું પરિમાણ) વગેરે સ્વરૂપવાળા ધર્મનું પ્રરૂપણ કરો.'

૨૮. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે પાંચસો પુરુષોની સાથે તે જમાલિ ક્ષત્રિયકુમારને પોતે જ પ્રવ્રજિત કર્યો-યાવત્-સામાયિક વગેરેથી લઈને અગિયાર અંગોનું તેણે અધ્યયન કર્યું, અધ્યયન કરીને ઘણા ચતુર્થ ભક્ત, છટ્ઠ, અટ્ઠમ, પાંચ, બાર, અર્ધમાસ અને માસક્ષમણ વગેરે વિચિત્ર તપકર્મ વડે આત્માને ભાવિત કરતો વિહરવા લાગ્યો.

**જમાલિ દ્વારા જનપદ વિહારની પ્રાર્થના : ભગવાન મહાવીરનું મૌન—**

૨૯. ત્યારબાદ અન્ય કોઈ દિવસે તે જમાલિ અનગાર જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા. આવીને શ્રમણ ભગવંત મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે પ્રાર્થના કરી—'હે ભદન્ત! આપની અનુમતિથી હું પાંચસો અનગારની સાથે જનપદમાં-બહારના દેશોમાં વિહાર કરવાનો ઈચ્છું છું.'

ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે જમાલિ અનગારની આ વાતનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો, પરંતુ મૌન રહ્યા. ત્યાર પછી તે જમાલિ અનગારે શ્રમણ ભગવંત મહાવીરને બીજી વાર, ત્રીજી વાર પણ એ પ્રમાણે કહ્યું કે—'હે ભગવન્! આપની અનુમતિથી હું પાંચસો સાધુ સાથે બહારના દેશોમાં વિહાર કરવાનો ઈચ્છું છું.'

પછી શ્રમણ ભગવાન મહાવીરે જમાલિ અનગારની આ વાતનો બીજી વાર, ત્રીજી વાર પણ આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો, પરંતુ શાંત રહી મૌન રહ્યા.

**જમાલિનો જનપદ વિહાર અને શ્રાવસ્તી આગમન—**

૩૦. ત્યારબાદ જમાલિ અનગારે શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને શ્રમણ ભગવંત મહાવીર પાસેથી અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુશાલ નામે ચૈત્યથી તે નીકળ્યા, નીકળીને પાંચસો સાધુઓની સાથે બહારના દેશોમાં વિહરવા લાગ્યા.

તે કાળે અને તે સમયે શ્રાવસ્તી નામે નગરી હતી-વર્ણન. ત્યાં કોષ્ઠક નામે ચૈત્ય હતું-વર્ણન-યાવત્-વનખંડ-વર્ણન. તે કાળે અને તે સમયે ચંપા નામે નગરી હતી-વર્ણન. પૂર્ણભદ્ર ચૈત્ય હતું, તેનું પૃથ્વીશિલાપટ્ટ સુધીનું વર્ણન. ત્યાર બાદ અન્ય કોઈ દિવસે તે જમાલિ અનગાર પાંચસો સાધુઓના પરિવારની સાથે અનુક્રમે વિહાર કરતા, એક ગામથી બીજે ગામ જતા જ્યાં શ્રાવસ્તી નામે નગરી હતી અને જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું ત્યાં આવ્યા, ત્યાં આવીને યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરીને સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિહરવા લાગ્યા.

**ભગવાન મહાવીરનું ચંપામાં આગમન—**

૩૧. ત્યાર બાદ અન્ય કોઈ દિવસે શ્રમણ ભગવાન મહાવીર અનુક્રમે વિચરતા, એક ગામથી બીજે ગામ સુખપૂર્વક વિહરતા જ્યાં ચંપાનગરી હતી અને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં આવ્યા, આવીને યથાયોગ્ય અવગ્રહને ધારણ કરી સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિહરવા લાગ્યા.

**જમાલિને રોગાતંક-પીડા અને શૈયા-સંસ્તરણની આજ્ઞા—**

૩૨. ત્યાર બાદ અન્ય કોઈ દિવસે તે જમાલિ અનગારને રસરહિત, વિરસ, અન્ત, પ્રાન્ત, રુક્ષ (લુખા), તુચ્છ, કાલાતિક્રાંત, (ભુખ તરસનો કાળ વીતી ગયા પછી), પ્રમાણાતિક્રાંત (પ્રમાણથી વધારે કે ઓછા), શીત પાન-ભોજનથી મોટો વ્યાધિ પેદા થયો. તે વ્યાધિ અત્યંત દાહ કરનાર, વિપુલ, સખ્ત, કર્કશ, કટુક, ચંડ (ભયંકર) દુઃખરૂપ, કષ્ટસાધ્ય, તીવ્ર અને અસહ્ય હતો. તેમનું શરીર પિત્તજ્વરથી વ્યાપ્ત હોવાથી તેઓ દાહની પીડા સહન કરતા રહેવા લાગ્યા.

ત્યારે વેદનાથી પીડિત થયેલા તે જમાલિ અનગારે પોતાના શ્રમણ નિર્ગ્રંથોને બોલાવ્યા, બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! તમે મારે સુવા માટે સંસ્તારક (શય્યા) પાથરો.'

ત્યાર બાદ તે શ્રમણ નિર્ગ્રન્થોએ જમાલિ અનગારની આ આજ્ઞાનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો, સ્વીકાર કરી જમાલિ અનગારને સુવા માટે સંસ્તારક પાથરવા લાગ્યા.

**જમાલિ અને તેમના શિષ્યો વચ્ચે શૈયા કરવામાં 'કૃત-ક્રિયમાણ'ના વિષયમાં પ્રશ્નોત્તર—**

૩૩. ત્યારે તે જમાલિ અનગારે અત્યંત વેદનાથી વ્યાકુળ થઈને ફરીથી શ્રમણ નિર્ગ્રંથોને બોલાવ્યા અને બોલાવીને ફરીથી તેમણે આ પ્રમાણે કહ્યું કે-'હે દેવાનુપ્રિયો ! મારે માટે સંસ્તારક કર્યો કે કરાય છે ?'

ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થોએ જમાલિ અનગારને આ પ્રમાણે કહ્યું—'આપ દેવાનુપ્રિયને માટે શય્યાસંસ્તારક તૈયાર કર્યો નથી પણ કરાય છે.'

**'ચલમાન ચલિત' ઇત્યાદિ ભગવાનની પ્રરૂપણાથી જમાલિનો વિપરીત મત—**

૩૪. ત્યાર પછી તે જમાલિ અનગારનો આ અને આવા પ્રકારનો આધ્યાત્મિક, ચિન્તિત, પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે-"શ્રમણ ભગવંત મહાવીર જે પ્રમાણે કહે છે-યાવત્-પ્રરૂપણા કરે છે કે ચલમાન તે ચલિત છે (ચાલતું હોય તે ચાલ્યું ગણાય), ઉદીર્યમાણ તે ઉદીરિત છે (પ્રેરાતું કે કહેવાતું તે પ્રેરિત કે કથિત છે), વેદ્યમાન વેદિત છે, પ્રક્ષીણમાન પ્રક્ષીણ છે, છિદ્યમાન છિન્ન છે, ભિદ્યમાન ભિન્ન છે, દગ્ધમાન દગ્ધ છે, મ્રિયમાણ મૃત છે, નિર્જીર્યમાણ નિર્જીર્ણ છે-તે વાત મિથ્યા છે, જૂઠી છે. કેમકે એ તો પ્રત્યક્ષ જોઈ શકાય છે કે જ્યાં સુધી શૈયા-સંસ્તારક તૈયાર કરવામાં આવે છે ત્યાં સુધી કરવામાં આવ્યો નથી (પથારી પથરાઈ રહી છે ત્યાં સુધી પથારી કરવામાં આવી નથી) જ્યાં સુધી શૈયા સંસ્તારક તૈયાર કરાય રહી છે ત્યાં સુધી તે કાર્ય થયું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી, પથારી તૈયાર કરાઈ રહી છે ત્યાં સુધી તે તૈયાર થઈ નથી, ત્યારે ચાલતું પણ અચલિત છે–યાવત્–નિર્જરાતું પણ અનિર્જરિત છે.' આ પ્રમાણે તેમણે વિચાર કર્યો, વિચારીને શ્રમણ નિર્ગ્રન્થોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું–' હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવાન મહાવીર આ પ્રમાણે કહે છે–યાવત્ પ્રરૂપણા કરે છે કે ચાલતું તે ચલિત કહેવાય યાવત્–નિર્જરાતું હોય તે નિર્જરાયું કહેવાય, તે મિથ્યા છે. કારણ કે, આ પ્રત્યક્ષ દેખાય છે કે, શય્યા–સંસ્તારક કરાતો હોય ત્યાં સુધી તે કરાયો નથી, પથરાતો હોય ત્યાં સુધી તે પથરાયો નથી; જે કારણથી આ શય્યા સંસ્તારક કરાતો હોય ત્યાં સુધી તે કરાયો નથી, પથરાતો હોય ત્યાં સુધી તે પથરાયો નથી એમ કહેવું પડે; તે જ કારણથી ચાલતું હોય ત્યાં સુધી તે ચલિત નથી, પણ અચલિત છે–યાવત્–નિર્જરાતું હોય ત્યાં સુધી તે નિર્જરાયું નથી પણ અનિર્જરિત છે.'

**જમાલિની પ્રરૂપણામાં શ્રદ્ધા નહીં કરવાવાળા કેટલાક શ્રમણોનું ભગવાન સમીપે આગમન—**

૩૫. જ્યારે જમાલિ અનગાર એ પ્રમાણે કહેતા હતા—યાવત્—પ્રરૂપણા કરતા હતા, ત્યારે કેટલાએક શ્રમણ નિર્ગ્રન્થો એ વાતને શ્રદ્ધાપૂર્વક માનતા હતા, તેની પ્રતીતિ કરતા હતા, રુચિ કરતા હતા અને કેટલાક શ્રમણ નિર્ગ્રન્થો એ વાત માનતા નહોતા, તથા તેની પ્રતીતિ અને રુચિ કરતા નહોતા. તેમાં જે શ્રમણ નિર્ગ્રંથો તે જમાલિ અનગારના આ મંતવ્યમાં શ્રદ્ધા કરતા હતા, પ્રતીતિ કરતા હતા અને રુચિ કરતા હતા તેઓ તે જમાલિ અનગારની સાથે વિહરવા લાગ્યા અને જે શ્રમણ નિર્ગ્રંથો જમાલિ અનગારના એ મંતવ્યમાં શ્રદ્ધા કરતા ન હતા, પ્રતીતિ કરતા ન હતા અને રુચિ કરતા ન હતા, તેઓ જમાલિ અનગારની પાસેથી કોષ્ઠક ચૈત્યથી બહાર નીકળી ગયા, અને બહાર નીકળીને અનુક્રમે વિહરતા એક ગામથી બીજે ગામે વિહાર કરતા જ્યાં ચંપા નગરી હતી, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું, અને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર બિરાજમાન હતા, ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવંત મહાવીરની ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન–નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને શ્રમણ ભગવંત મહાવીરની નિશ્રાએ વિહરવા લાગ્યા.

**જમાલિ દ્વારા ચંપામાં ભ. મહાવીર સમક્ષ પોતાના કેવલીપણાની ઘોષણા—**

૩૬. ત્યાર બાદ તે જમાલિ અનગાર પૂર્વોક્ત રોગના દુઃખથી વિમુક્ત થયા, હૃષ્ટ, રોગરહિત અને બલવાન શરીર વાળા થયા. અને શ્રાવસ્તી નગરીથી અને કોષ્ઠક ચૈત્યથી બહાર નીકળી અનુક્રમે વિચરતા ગ્રામાનુગ્રામ વિહાર કરતા જ્યાં ચંપાનગરી હતી, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું અને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવંત મહાવીરની અત્યંત પાસે નહિ, તેમ જ અત્યંત દૂર નહીં તેમ ઊભા રહીને શ્રમણ ભગવંત મહાવીરને આ પ્રમાણે કહ્યું–' જેમ આપ દેવાનુપ્રિયના ઘણા શિષ્યો, શ્રમણ નિર્ગ્રન્થો છદ્મસ્થ રહીને છદ્મસ્થ વિહારથી વિહરી રહ્યા છે; તે પ્રમાણે હું છદ્મસ્થ વિહારથી વિહરી રહ્યો નથી, પરંતુ હું તો ઉત્પન્ન થયેલા જ્ઞાન અને દર્શન ધારણ કરનારો અર્હત્, જિન અને કેવલી થઈને કેવળ વિહારથી વિહરી રહ્યો છું.'

**ગૌતમકૃત લોક–જીવવિષયક પ્રશ્ન પર જમાલીનું મૌન—**

૩૭. ત્યાર પછી ભગવંત ગૌતમે તે જમાલિ અનગારને આ પ્રમાણે કહ્યું કે–' હે જમાલિ ! ખરેખર એ પ્રમાણે કેવલીનું જ્ઞાન કે દર્શન પર્વતથી, સ્તંભથી કે સ્તૂપથી આવૃત્ત થતું નથી, તેમ નિવારિત થતું નથી. હે જમાલિ ! જો તું ઉત્પન્ન થયેલા જ્ઞાન–દર્શનને ધારણ કરનાર અર્હત્, જિન અને કેવળી થઈને કેવલિવિહારથી વિચરે છે તો આ બે પ્રશ્નોનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર આપ. હે જમાલિ! લોક શાશ્વત છે કે અશાશ્વત છે? હે જમાલિ! જીવ શાશ્વત છે કે અશાશ્વત છે?'

ત્યારે તે જમાલિ અનગાર ભગવાન ગૌતમના પ્રશ્નો સાંભળીને શંકિત, કાંક્ષિત, ભ્રમિત, સંકલ્પ-વિકલ્પ યુક્ત અને કલુષિત પરિણામ-વાળા થયા અને ભગવાન ગૌતમના પ્રશ્નોના ઉત્તર આપવા શક્તિમાન ન થતાં મૌન ધારણ કરી ચૂપચાપ ઊભા રહ્યા.

**ભગવન્ત પ્રરૂપિત લોક-જીવનું શાશ્વતત્વ—અશાશ્વતત્વ—**

૩૮. પછી શ્રમણ ભગવાન મહાવીરે ' હે જમાલિ !' એ પ્રમાણે સંબોધન કરીને તે જમાલિ અન-ગારને આ પ્રમાણે કહ્યું-" હે જમાલિ! મારે ઘણા શ્રમણ નિર્ગ્રંથ શિષ્યો છદ્મસ્થ છે, તેઓ મારી પેઠે આ પ્રશ્નોનો ઉત્તર આપવા સમર્થ છે. પરંતુ જેમ તું કહે છે તેમ ' હું સર્વજ્ઞ અને જિન છું ' એવી ભાષા તેઓ બોલતા નથી.

હે જમાલિ! લોક શાશ્વત છે, કારણ કે " લોક કદાપિ ન હતો એમ નથી, ' કદાપિ લોક નથી ' એમ પણ નથી અને ' કદાપિ લોક નહિ હશે ' એમ પણ નથી. પરંતુ લોક હતો, છે અને હશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષત, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે.

હે જમાલિ! લોક અશાશ્વત પણ છે કારણ કે અવસર્પિણી થઈને ઉત્સર્પિણી થાય છે, ઉત્સર્પિણી થઈને અવસર્પિણી થાય છે.

' હે જમાલિ! જીવ શાશ્વત છે, કારણ કે તે ' કદાપિ ન હતો ' એમ નથી અને, ' કદાપિ નહિ હશે ' એમ પણ નથી, પરંતુ જીવ હતો, છે અને હશે. જીવ ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષત, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે.

હે જમાલિ! જીવ અશાશ્વત પણ છે, કારણ કે તે નૈરયિક થઈને તિર્યંચયોનિક થાય છે, તિર્યંચયોનિક થઈને મનુષ્ય થાય છે, અને મનુષ્ય થઈને દેવ થાય છે."

**જમાલિની અશ્રદ્ધા અને મરણાંતે લાન્તકકલ્પમાં કિલ્વિષિક દેવપણું—**

૩૯. ત્યાર પછી તે જમાલિ અનગાર આ પ્રમાણે કહેતા—યાવત્-એ પ્રકારે પ્રરૂપણા કરતા શ્રમણ ભગવાન મહાવીરની આ કહેલી વાત પર શ્રદ્ધા ન કરતા, પ્રતીતિ ન કરતા, રુચિ ન કરતા પરંતુ આ બાબતની અશ્રદ્ધા કરતા, અપ્રતીતિ કરતા અને અરુચિ કરતા બીજી વાર પણ શ્રમણ ભગવંત મહાવીરની આજ્ઞાનું ઉલ્લંઘન કરી બહાર નીકળી ગયા, અને નીકળીને ઘણા અસદ્-અસત્ય ભાવને પ્રકટ કરવા વડે અને મિથ્યાત્વના અભિનિવેશ વડે પોતાને, પરને તથા બન્નેને ભ્રાન્ત કરતા અને મિથ્યા જ્ઞાનવાળા કરતા ઘણા વરસ સુધી શ્રમણ પર્યાયનું પાલન કરતા રહ્યા, પછી અર્ધમાસિક સંલેખના વડે આત્માને સ્વચ્છ-શુદ્ધ કરીને, અનશન વડે ત્રીશ ભક્તોને પૂરા કરી તેઓ પાપસ્થાનકને આલોચ્યા કે પ્રતિક્રમ્યા સિવાય મરણ સમયે કાળ કરીને લાન્તક દેવલોકને વિષે તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિક દેવોમાં કિલ્વિષિક દેવ પણે ઉત્પન્ન થયા.

૪૦. ત્યાર પછી તે જમાલિ અનગારને કાલગત થયેલા જાણીને ભગવાન ગૌતમ જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતાં ત્યાં આવ્યા, આવીને તેમણે શ્રમણ ભગવાન મહાવીરને વંદન—નમસ્કાર કર્યાં, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું- ' હે ભગવંત! દેવાનુપ્રિય એવા આપનો અંતેવાસી કુશિષ્ય જમાલિ નામે અનગાર હતો, તે કાળ સમયે કાળ કરીને ક્યાં ગયો? ક્યાં ઉત્પન્ન થયો?'

' હે ગૌતમ!' એ પ્રમાણે સંબોધન કરી શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમ અનગારને આ પ્રમાણે કહ્યું—' હે ગૌતમ! મારો અંતેવાસી કુશિષ્ય જમાલિ નામે અનગાર હતો તે જ્યારે હું એ પ્રમાણે કહેતો હતો-યાવત્—પ્રરૂપણા કરતો હતો, ત્યારે તે આ બાબતની શ્રદ્ધા કરતો ન હતો, પ્રતીતિ કે રુચિ કરતો ન હતો પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશ્રદ્ધા, અપ્રતીતિ અને અરુચિ કરી બીજી વાર પણ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી, બહાર નીકળી ગયો અને નીકળીને ઘણા અસદ્ અસત્ય ભાવને પ્રકટ કરવા વડે અને મિથ્યાત્વના અભિનિવેશ વડે પોતાને, પરને તથા બંન્નેને ભ્રાન્ત કરતો અને મિથ્યાજ્ઞાનવાળા કરતો ઘણાં વરસ સુધી શ્રામણ પર્યાયનું પાલન કરી, અર્ધમાસિક સંલેખના વડે આત્માને સ્વચ્છ-શુદ્ધ કરીને અનશન વડે ત્રીસ ભક્તોને પૂરા કરી તે પાપસ્થાનકને આલોચ્યા કે પ્રતિક્રમ્યા સિવાય કાળ સમયે કાળ કરીને લાન્તક દેવલોકને વિષે તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિક દેવોમાં કિલ્વિષિક દેવ પણે ઉત્પન્ન થયો છે.'

**કિલ્વિષિક દેવોના ભેદ વગેરેનું નિરૂપણ—**

૪૧. પ્ર.—'હે ભગવન્! કિલ્વિષિક દેવો કેટલા પ્રકારના કહ્યા છે?'

ઉ.—'હે ગૌતમ! કિલ્વિષિક દેવો ત્રણ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે—ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા, ત્રણ સાગરોપમની સ્થિતિવાળા અને તેર સાગરોપમની સ્થિતિવાળા.'

પ્ર.—'હે ભગવન્! ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા કિલ્વિષિક દેવો ક્યાં રહે છે?'

ઉ.—'હે ગૌતમ! જ્યોતિષ્કદેવોની ઉપર અને સૌધર્મ અને ઈશાન દેવલોકની નીચે ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા કિલ્વિષિક દેવો રહે છે.'

પ્ર.—'હે ભગવન્! ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિક દેવો ક્યાં રહે છે?'

ઉ.—'હે ગૌતમ! સૌધર્મ અને ઈશાનદેવલોકની ઉપર તથા સનત્કુમાર અને મહેન્દ્ર દેવલોકની નીચે ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિક દેવો રહે છે.'

પ્ર.—'હે ભગવન્! તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિક દેવો ક્યાં નિવાસ કરે છે?'

ઉ.—'હે ગૌતમ! બ્રહ્મલોકની ઉપર અને લાંતક કલ્પની નીચે તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિક દેવો રહે છે.'

પ્ર.—હે ભગવન્! કિલ્વિષક દેવો કયા કર્મના નિમિત્તે કિલ્વિષક દેવપણે ઉત્પન્ન થાય છે?'

ઉ.—'હે ગૌતમ! જે જીવો આચાર્યના પ્રત્યનીક (દ્વેષી), ઉપાધ્યાયના પ્રત્યનીક, કુલપ્રત્યનીક, ગણપ્રત્યનીક અને સંઘના પ્રત્યનીક હોય, તથા આચાર્ય અને ઉપાધ્યાયના અયશ કરનારા, અવર્ણવાદ (નિંદા) કરનારા અને અકીર્તિ કરનારા હોય, તથા ઘણા અસત્ય અર્થને પ્રગટ કરવાથી અને મિથ્યા કદાગ્રહથી પોતાને, પરને અને બંનેને ભ્રાન્ત કરતા, દુર્બોધ કરતા, ઘણા વરસ સુધી સાધુપણાને પાળે, અને પાળીને તે અકાર્ય-સ્થાનનું આલોચન કે પ્રતિક્રમણ કર્યા સિવાય મરણસમયે કાળ કરીને ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા, ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કે તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિક દેવોમાં કિલ્વિષિક દેવ રૂપે ઉત્પન્ન થાય છે.'

પ્ર.—'હે ભગવન્! તે કિલ્વિષિક દેવો આયુષ્યનો ક્ષય થવાથી, ભવનો ક્ષય થવાથી, સ્થિતિનો ક્ષય થવાથી, તરત તે દેવલોકથી ચ્યવીને ક્યાં જાય-ક્યાં ઉત્પન્ન થાય?'

ઉ.—'હે ગૌતમ! કેટલાક કિલ્વિષિક દેવો નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવના ચાર કે પાંચ ભવો કરી, એટલો સમય સંસાર-ભ્રમણ કરીને ત્યાર પછી સિદ્ધ થાય, બુદ્ધ થાય, મુક્ત થાય છે, પરિનિર્વાણ પ્રાપ્ત કરે છે અને સર્વ દુઃખોનો નાશ કરે છે. અને કેટલાક કિલ્વિષિક દેવો તો અનાદિ, અનંત અને દીર્ઘમાર્ગવાળી ચારગતિવાળી સંસાર અટવીમાં ભમ્યા કરે છે.'

પ્ર.—'હે ભગવન્! શું જમાલિ નામે અનગાર રસ રહિત આહાર કરતો, વિરસાહાર કરતો, અંતાહાર કરતો, પ્રાંતાહાર કરતો, રુક્ષા-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાર કરતો, તુચ્છાહાર કરતો, અરસજીવી, વિરસજીવી, પ્રાંતજીવી, રુક્ષજીવી, તુચ્છજીવી, ઉપશાંતજીવનવાળો, પ્રશાંત જીવનવાળો, પવિત્ર અને એકાન્ત જીવનવાળો હતો ?'

ઉ.-'હા ગૌતમ ! જમાલિ નામે અનગાર અરસાહારી, વિરસાહારી-યાવત્-પવિત્ર જીવનવાળો હતો.'

પ્ર.-'હે ભગવન્ ! જો જમાલિ નામે અનગાર અરસાહારી, વિરસાહારી-યાવત્-પવિત્ર જીવનવાળો હતો તો હે ભગવન્ ! તે જમાલિ અનગાર મરણ સમયે કાળ કરીને લાંતક દેવલોકમાં તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિક દેવોમાં કિલ્વિષિક દેવપણે કેમ ઉત્પન્ન થયો ?'

ઉ. -હે ગૌતમ ! તે જમાલિ નામે અનગાર આચાર્યનો અને ઉપાધ્યાયનો પ્રત્યનીક હતો, તથા આચાર્ય અને ઉપાધ્યાયનો અયશ કરનાર અવર્ણવાદ કરનાર તથા મિથ્યા અભિનિવેશ વડે પોતાને, પરને અને ઉભયને ભ્રાન્ત કરતો અને દુર્બોધ કરતો હતો તથા ઘણા વરસ સુધી શ્રામણ પર્યાય પાળીને અર્ધમાસિક સંલેખના વડે શરીરને કૃશ કરીને ત્રીશ ભક્તોને અનશન વડે પૂરા કરીને પણ તે સ્થાનકનો આલોચ્યા કે પ્રતિક્રમ્યા વિના જ કાળ સમયે કાળ કરવાથી લાંતક કલ્પમાં તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્વિષિક દેવોમાં દેવ રૂપે ઉત્પન્ન થયો.'

**જમાલિના અન્ય ભવ અને સિદ્ધિ—**

૪૩. પ્ર. -'હે ભગવન્ ! તે જમાલિ નામે દેવ આયુક્ષય કરી, ભવક્ષય કરી, અને સ્થિતિ ક્ષય થયા બાદ દેવલોકથી ચ્યવિત થઈને ક્યાં ઉત્પન્ન થશે ?'

ઉ. -હે ગૌતમ ! તિર્યંચ, મનુષ્ય અને દેવના ચાર પાંચ ભવો કરીને-એટલો સંસાર ભમી-ત્યાર પછી તે સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વદુ:ખોનો અંત કરશે.'

'હે ભગવન્ ! તે એમ જ છે, હે ભગવન્ ! તે એમ જ છે.' એમ કહી ભગવંત ગૌતમ વિહરવા લાગ્યા.

## આજીવક તીર્થંકર ગોશાલક કથાનક

### શ્રાવસ્તી નગરીમાં હાલાહલાની કુંભકારાપણમાં ગોશાલ

૪૪. તે કાળે તે સમયમાં શ્રાવસ્તી નામની નગરી હતી-વર્ણન.

તે શ્રાવસ્તી નગરીની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં (ઈશાન ખૂણામાં), કોષ્ઠક નામનું ચૈત્ય હતું-વર્ણન.

તે શ્રાવસ્તી નગરીમાં હાલાહલા નામની આજીવિક-ઉપાસિકા કુંભારણ રહેતી હતી, તે સમૃદ્ધ યાવત્ કોઈથી ય ગાંજી ન જાય તેવી હતી. તે આજીવિક સિદ્ધાંતનો અર્થ સમજતી હતી, અર્થ પામી હતી, અર્થ પૂછીનો ધારણ કરનારી હતી. અને તેણે તે અર્થ દૃઢપણે ધારણ કર્યો હતો. તેનાં અસ્થિમજ્જા સુધ્ધાં આજીવિક શાસ્ત્રના પ્રેમાનુરાગથી અનુપ્રાણિત હતાં. હે આયુષ્યમાન ! આજીવિક મત જ અર્થ (સત્ય) છે, પરમાર્થ છે, તેના સિવાય બીજા અનર્થ છે-તેમ આજીવિક મત અનુસાર આત્માને ભાવિત કરતી તે વિહરતી હતી.

તે કાળે તે સમયે ચોવીસ વર્ષના (દીક્ષા)-પર્યાયવાળો ગોશાલ મંખલિપુત્ર હાલાહલા કુંભારણની હાટમાં આજીવિક સંઘથી ઘેરાયેલો, આજીવિક સિદ્ધાંત અનુસાર પોતાના આત્માને ભાવિત કરતો, વિહરી રહ્યો હતો.

**દિશાચરોનું પૂર્વગત નિર્યૂહણ—**

૪૫. ત્યારે તે ગોશાલ મંખલિપુત્રની પાસે અન્ય કોઈ સમયે આ છ દિશાચરો આવી ચડ્યા, તે આ પ્રમાણે (૧) શાન, (૨) કલંદ, (૩) કર્ણિકાર, (૪) અછિદ્ર, (૫) અગ્નિવૈશ્યાયન અને (૬) અર્જુન ગોમાયુપુત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર બાદ આ છ દિશાચરોએ આઠ પ્રકારના પૂર્વગત [ નિમિત્તો ] અને [ નવમ- ] દશમ માર્ગ [ ગીત નૃત્ય ]ની પોત-પોતાના મતિજ્ઞાન મુજબ નિરૂપણા કરી, પ્રરૂપણા કરીને ગોશાલ મંખલિપુત્રને આપ્યા (શીખવ્યા).

**ગોશાલકૃત છ અનતિક્રમણીયની પ્રરૂપણા—**

૪૬. ત્યારે તે ગોશાલ મંખલિપુત્ર તેમની પાસેથી પ્રાપ્ત કરેલા તે અષ્ટાંગ મહાનિમિત્તોના સહેજ જ્ઞાન માત્રથી જ સર્વ પ્રાણીઓને, સર્વ-ભૂતોને, સર્વ જીવોને, સર્વ સત્ત્વોને આ છ અનતિક્રમણીય તેવા પ્રશ્નોના ઉત્તર આપવા લાગ્યો, તે આ પ્રમાણે :

૧. લાભ, ૨. અલાભ, ૩. સુખ, ૪. દુઃખ, ૫. જીવન અને ૬. મરણ.

**ગોશાલનું જિનત્વ.**

૪૭. ત્યારે તે ગોશાલ મંખલિપુત્ર તે અષ્ટાંગ મહાનિમિત્તિના સહજ જ્ઞાન માત્રથી શ્રાવસ્તી નગરીમાં અજિન હોવા છતાં ' હું જિન છું ' એવો પ્રલાપ કરતો, અર્હત્ ન હોવા છતાં અર્હત્-પ્રલાપી, કેવલી ન હોવા છતાં કેવલી પ્રલાપી, સર્વજ્ઞ ન હોવા છતાં ' હું સર્વજ્ઞ છું ' એવો પ્રલાપ કરતો, અજિન હોવા છતાં ' જિન ' શબ્દનો પ્રકાશ કરતો ફરવા લાગ્યો.

ત્યારે તે શ્રાવસ્તી નગરીના ત્રિભેટે યાવત્ માર્ગોમાં ઘણા લોકો એક બીજાને કહેવા લાગ્યા યાવત્ નિરૂપણ કરવા લાગ્યા—' હે દેવાનુપ્રિયો ! ગોશાલ મંખલિપુત્ર જિન બનીને જિન પ્રલાપી યાવત્ પ્રકાશ કરતો ફરી રહ્યો છે, તે શું એ પ્રમાણે માની શકાય ?'

**ભગવાન મહાવીરનું સમવસરણ અને ગૌતમનું ગોચરી માટે નિર્ગમન—**

૪૮. તે કાળે તે સમયે ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા યાવત્ પરિષદ ભરાઈ. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી ઈન્દ્રભૂતિ નામના અનગાર જે ગૌતમ ગોત્રના હતા યાવત્ છઠ્ઠ છઠ્ઠના ઉપવાસ કરતા જેમ દ્વિતીય શતકના નિર્ગ્રંથ ઉદ્દેશકમાં કહેવાયું છે તેમ—યાવત્ ભિક્ષાચર્યા માટે ફરતા હતા ત્યારે ઘણા લોકોને વાત કરતા સાંભળ્યા, એકબીજાને આમ કહેતા ( સાંભળ્યા ) - ' હે દેવાનુપ્રિય ! ગોશાલ મંખલિપુત્ર જિન બનીને જિનપ્રલાપી યાવત્ પ્રકાશ કરતો ફરી રહ્યો છે તે શું એ પ્રમાણે હશે ? '

**ગૌતમનો ગોશાલચરિત્ર જાણવા માટે પ્રશ્ન—**

૪૯. ત્યારે ભગવાન ગૌતમે ઘણાં લોકો પાસેથી આવી વાત સાંભળી, જાણી પછી યાવત્ શ્રદ્ધા-પૂર્વક યાવત્ ગોચરી ભગવાનને બતાવીને યાવત્ તેમની પર્યુપાસના કરતાં આ પ્રમાણે કહેવા લાગ્યા, ' હે ભગવન્ ! હું આજે છઠ્ઠના પારણા માટે ભિક્ષાચર્યા માટે નીકળ્યો—યાવત્—ગોશાલક જિન શબ્દનો પ્રકાશ કરતો ફરે છે. હે ભંતે ! આ શું વાત છે ? હે ભંતે ! હું ગોશાલ મંખલિપુત્રનો જન્મથી અત્યાર સુધીનો વૃત્તાંત સાંભળવા ઇચ્છું છું. '

**મહાવીર દ્વારા ગોશાલચરિત્ર વર્ણનનો પૂર્વભાગ—**

૫૦. ' હે ગૌતમ ! એમ શ્રમણ ભગવાન મહાવીરે ભગવાન ગૌતમને સંબોધીને આ પ્રમાણે કહ્યું—' હે ગૌતમ ! જે ઘણા મનુષ્યો એકબીજાને આ પ્રમાણે કહે છે ' ગોશાલ મંખલિપુત્ર જિન બનીને જિન શબ્દનો પ્રકાશ કરતો ફરે છે ' તે અસત્ય છે. હે ગૌતમ ! હું આ રીતે સાચી વાત તને કહું છું યાવત્ પ્રરૂપિત કરું છું—આ ગોશાલ મંખલિપુત્રનો મંખલિ નામે મંખ જાતિનો પિતા હતો. તે મંખલિ મંખની ભદ્રા નામની પત્ની હતી. તે સુકોમળ યાવત્ સુંદર હતી. તે ભદ્રા ભાર્યા કોઈ એક સમયે ગર્ભવતી બની.

**મંખલિ-ભદ્રાનો ગોશાળામા નિવાસ—**

૫૧. તે કાળે તે સમયે શરવણ નામનું નાનું ગામ હતું. તે ગામ સમૃદ્ધિવાળું યાવત્ [મેઘ-સમૂહો સમાન ] શ્યામ પ્રભાવાળું હતું અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનોહર હતું. તે શરવણ ગામમાં ગૌબહુલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે સમૃદ્ધ યાવત્ કોઈથી ગાંજ્યો ન જાય તેવો હતો. ઋગ્વેદાદિ યાવત્ સર્વ શાસ્ત્રમાં નિપુણ હતો. તે ગૌબહુલ બ્રાહ્મણની એક ગૌશાળા હતી. મંખલિ મંખ અન્ય કોઈ દિવસે ગર્ભવતી ભદ્રાભાર્યાની સાથે, ચિત્રફલક હાથમાં લઈ લોકોને તે દેખાડી આજીવિકા મેળવતો એક ગામથી બીજા ગામ ફરતો, જ્યાં શરવણ ગામ હતું, જ્યાં ગૌબહુલ બ્રાહ્મણની ગૌશાળા હતી ત્યાં આવ્યો, આવીને ગૌબહુલ બ્રાહ્મણની ગૌશાળામાં એક બાજુ તેણે પાત્ર-ઉપકરણ રાખ્યા, રાખીને શરવણ ગામમાં ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળના ઘર સમુદાયમાં ભિક્ષાચર્યા માટે ફરવા લાગ્યો અને નિવાસ માટે સર્વત્ર શોધખોળ કરવા લાગ્યો. શોધખોળ કરતાં કરતાં બીજે ક્યાંય સ્થાન ન મળતાં તે જ ગૌબહુલ બ્રાહ્મણની ગૌશાળામાં એક ભાગમાં વર્ષાવાસ ગાળવા માટે રહ્યો.

**મંખલિ-ભદ્રા દ્વારા પુત્રનું ગોશાલક નામકરણ–**

૫૨. પછી તે ભદ્રા ભાર્યાએ નવ માસ અને સાડાસાત રાત્રી દિવસ વીત્યા પછી સુકુમાર યાવત્ સુંદર બાળકને જન્મ આપ્યો. ત્યારે તે બાળકના માતા–પિતાએ અગિયારમો દિવસ વીતી જતાં યાવત્ બારમા દિવસે આ પ્રકારે તેનું ગુણયુક્ત, ગુણ નિષ્પન્ન નામ રાખ્યું— ‘અમારો આ પુત્ર ગૌબહુલ બ્રાહ્મણની ગૌશાળામાં જન્મ્યો છે, તેથી અમારા આ બાળકનું નામ ગોશાલક ગોશાલક હો.’ એવી રીતે તે બાળકના માતા-પિતાએ તેનું ગોશાલક નામકરણ કર્યું.

**ગોશાલકની મંખચર્યા–**

૫૩. પછી બાળપણ વટાવી સમજણવાળો થતાં જેણે યુવાની પ્રાપ્ત કરી છે તેવા ગોશાલકે પોતાનું સ્વતંત્ર ચિત્રફલક તૈયાર કર્યું અને ચિત્રફલક હાથમાં રાખી મંખ રૂપે પોતાને ઓળખાવતો તે ફરવા લાગ્યો.

**ભગવાનનું નાલંદાની વણકર શાળામાં વિહરણ–**

૫૪. તે કાળે તે સમયે હે ગૌતમ ! હું ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થ રૂપે રહ્યો. અને માતા-પિતાના મૃત્યુ બાદ–આચારાંગના ભાવના અધ્યયનમાં જે વર્ણન છે તે પ્રમાણે એક દેવ–દૂષ્ય (ઈન્દ્ર દ્વારા પ્રદત્ત દિવ્ય વસ્ત્ર) લઈ, મુંડિત બની, ગૃહસ્થાવસ્થાનો ત્યાગ કરી મેં પ્રવજ્યા ગ્રહણ કરી. ત્યારે હે ગૌતમ ! દીક્ષાના પહેલા વર્ષમાં અર્ધ–અર્ધ માસના ઉપવાસ કરતો હું અસ્થિક ગામની નિશ્રામાં પ્રથમ વર્ષાવાસ ગાળવા માટે રહ્યો. બીજા વર્ષે એક એક માસનો ઉપવાસ કરતો, અનુક્રમે વિચરણ કરતો, એક ગામથી બીજે ગામ જતો, જ્યાં રાજગૃહ નગરી હતી, જ્યાં નાલંદાનો બહારનો ભાગ હતો, જ્યાં વણકર શાળા હતી ત્યાં આવ્યો. ત્યાં આવી મેં યોગ્ય સ્થાન ગ્રહણ કર્યું, પછી વણકરશાળાના એક ભાગમાં વર્ષાઋતુ પસાર કરવા લાગ્યો.

ત્યારે હે ગૌતમ ! હું પહેલું માસ ક્ષમણ કરતો વિહરી રહ્યો હતો.

**ગોશાલકનું પણ વણકર શાળામાં આગમન–**

૫૫. ત્યારે તે ગોશાલ મંખલિપુત્ર ચિત્રફલક હાથમાં લઈને મંખપણે આત્માને ભાવિત કરતો અનુક્રમથી ફરતો ફરતો યાવત્ ગામોગામ ઘૂમતો, જ્યાં રાજગૃહ નગરી હતી, જ્યાં નાલંદાનો બહારનો ભાગ હતો, જ્યાં વણકરશાળા હતી ત્યાં આવ્યો, આવીને તેણે વણકરશાળાના એક ખૂણામાં પાત્રો મૂકયાં, મૂકીને રાજગૃહ નગરીના ઉચ્ચ, નીચ યાવત્ અન્યત્ર ક્યાંય પણ નિવાસસ્થાન ન મળતાં તે જ વણકર શાળાના એક ભાગમાં તે વર્ષાવાસ ગાળવા માટે રહેવા લાગ્યો.

**ભગવાનના પ્રથમ માસક્ષમણના પારણામાં પાંચ દિવ્યો પ્રગટવા–**

૫૬. હે ગૌતમ ! જ્યાં હું રહેતો હતો. હે ગૌતમ ! ત્યારે હું પ્રથમ માસક્ષમણના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પારણાના દિવસે વણકર શાળામાંથી નીકળ્યો, નીકળીને નાલંદાના બહારના ભાગથી વચ્ચોવચ્ચ થઈને જ્યાં રાજગૃહનગરી હતી ત્યાં આવ્યો, આવીને રાજગૃહ નગરીના ઊંચ-નીચ યાવત્ ભિક્ષાચર્યા માટે ફરતો ફરતો વિજય ગૃહપતિના ઘરમાં પ્રવેશ્યો.

ત્યારે તે ગૃહપતિએ મને આવતો જોયો, જોઈને પ્રસન્ન અને સંતુષ્ટ બની તે આસન પરથી શીઘ્ર ઊઠ્યો, ઊઠીને પાદપીઠ પરથી નીચે ઊતર્યો, ઊતરીને, પાદુકાઓનો ત્યાગ કરીને, ઉપવસ્ત્ર (ખેસ) ખભે નાખીને અંજલિબદ્ધ હાથે સાત આઠ પગલાં સામે આવ્યો, મારી ત્રણ વખત પ્રદક્ષિણા કરી, મને વંદન નમસ્કાર કર્યા, 'હું વિપુલ અશન,પાન, ખાદ્ય, સ્વાદ્ય આહારથી ભગવાનને પ્રતિલાભિત કરીશ ' આવા વિચારથી સંતુષ્ટ થયો, મને આહારદાન કરતી વખતે પણ સંતુષ્ટ થયો, આહારદાન કર્યા પછી પણ સંતુષ્ટ થયો.

ત્યારે તે વિજય ગૃહપતિએ દ્રવ્યશુદ્ધિથી, દાયકશુદ્ધિથી અને પ્રતિગ્રાહક શુદ્ધિથી એમ ત્રિવિધ શુદ્ધિથી અને ત્રિકરણ શુદ્ધિપૂર્વક આપેલા દાનથી મને પ્રતિલાભિત કરતાં વેંત દેવનું આયુષ્ય બાંધ્યું, પોતાનો સંસાર ઓછો કર્યો અને તેના ઘરમાં પાંચ દિવ્યો પ્રગટ થયાં, તે આ પ્રકારે (૧) ધનની વૃષ્ટિ થઈ, (૨) પંચ વર્ણના પુષ્પોની વૃષ્ટિ થઈ, (૩) વસ્ત્રોની વૃષ્ટિ થઈ, (૪) દેવ દુંદુભિઓ વાગવા લાગ્યાં, અને (૫) આકાશમાં 'અહો દાન! અહો દાન!' એવી ઘોષણા થઈ.

ત્યારે રાજગૃહનગરમાં ત્રિભેટે યાવત્ માર્ગોમાં ઘણા લોકો એકબીજાને આમ કહેવા લાગ્યા—"હે દેવાનુપ્રિયો ! વિજય ગૃહપતિ ધન્ય છે. હે દેવાનુપ્રિયો ! વિજય ગૃહપતિ કૃતાર્થ છે. હે દેવાનુપ્રિયો ! વિજય ગૃહપતિ કૃતપુણ્ય છે. હે દેવાનુપ્રિયો ! વિજય ગૃહપતિ કૃત-લક્ષણ છે. હે દેવાનુપ્રિયો ! વિજય ગૃહપતિએ બંને લોકને સાર્થક કર્યા. હે દેવાનુપ્રિયો ! વિજય ગૃહપતિએ મનુષ્યજન્મ અને જીવનને સફળ કર્યું કે જેના ઘરમાં આવા સાધુ અને સાધુરૂપ મહાપુરુષને સન્માનવાથી તરત જ આ પાંચ દિવ્યો પ્રગટ થયાં, જેવાં કે ધનની વૃષ્ટિ થઈ યાવત્—'અહો દાન! અહો દાન!' એવી ઘોષણા થઈ. વિજય ગૃહપતિ ધન્ય છે, કૃતાર્થ છે, કૃતપુણ્ય છે, કૃતલક્ષણ છે, તેણે મનુષ્ય-જન્મ તથા જીવન સફળ કર્યું છે."

**ગોશાલકકૃત શિષ્યત્વ પ્રાર્થના પ્રતિ ભગવાનની ઉદાસીનતા–**

૫૭. ત્યારે તે ગોશાલ મંખલિપુત્રે ઘણા લોકો પાસેથી આ જાતની વાત સાંભળી, મનમાં વિચારી અને સંશય તથા આશ્ચર્ય ઉત્પન્ન થવાથી તે જ્યાં વિજય ગૃહપતિનું ઘર હતું ત્યાં આવ્યો. ત્યાં આવીને તેણે જોયું કે વિજય ગૃહપતિના ઘરમાં ધનની વૃષ્ટિ થયેલી અને પાંચ વર્ણનાં પુષ્પો પડેલાં. વળી મને વિજય ગૃહપતિના ઘરમાંથી બહાર નીકળતો તેણે જોયો, જોઈને હૃષ્ટ-તુષ્ટ બનીને જ્યાં હું હતો ત્યાં તે આવ્યો, આવીને મારી ત્રણ વાર પ્રદક્ષિણા કરીને તથા વંદન-નમસ્કાર કરીને મને કહ્યું–'હે ભંતે ! તમે મારા ધર્માચાર્ય, હું તમારો ધર્મ-અંતેવાસી.' ત્યારે હે ગૌતમ ! મેં ગોશાલ મંખલિપુત્રના આ કથનનો ન આદર કર્યો, ન સ્વીકાર. હું મૌન રહ્યો.

**ભગવાનના દ્વિતીય માસભક્ષણના પારણા વેળાએ પાંચ દિવ્ય–**

૫૮. ત્યાર પછી હે ગૌતમ ! હું રાજગૃહનગરમાંથી નીકળ્યો, નીકળીને નાલંદાના ઉપનગરની વચ્ચો વચ્ચ થઈને જ્યાં વણકરશાળા હતી ત્યાં આવ્યો, આવીને બીજી વાર પણ માસક્ષમણ કરતો રહેવા લાગ્યો. ત્યાર પછી હે ગૌતમ ! બીજા માસ ક્ષમણના પારણાના દિવસે વણકરશાળામાંથી નીકળ્યો, નીકળીને નાલંદા ઉપનગરની વચ્ચોવચ્ચ થઈને જ્યાં રાજગૃહ નગર હતું–યાવત્ ભિક્ષાચર્યા માટે ફરતો ફરતો આનંદ ગૃહપતિના ઘરમા પ્રવેશ્યો. ત્યારે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનંદ ગૃહપતિએ મને આવતો જોયો.-જેવી રીતે વિજય તેવી જ રીતે તે પણ 'હું વિપુલ ભોજનથી ભગવાનને પ્રતિલાભિત કરીશ.' એમ સંતુષ્ટ થયો—શેષ પૂર્વોક્ત રૂપે-યાવત્-ત્રીજું માસ ક્ષમણ કરતો વિહરવા લાગ્યો.

**ભગવાનના તૃતીય માસભક્ષણના પારણા વેળાએ પાંચ દિવ્ય-**

૫૯. ત્યાર પછી હે ગૌતમ! ત્રીજા માસ ક્ષમણના પારણાના દિવસે હું વણકરશાળામાંથી નીકળ્યો. નીકળીને પૂર્વવત્ યાવત્ ભિક્ષાચર્યા માટે ફરતો ફરતો સુનંદ ગૃહપતિના ઘરમાં પ્રવેશ્યો. ત્યારે તે સુનંદ ગૃહપતિએ પણ વિજય ગૃહપતિની જેમ જ સઘળું કર્યું. તેણે 'બધા રસોથી યુક્ત ભોજનથી ભગવાનને પ્રતિલાભિત કરીશ' એમ વિચાર્યું. શેષ પૂર્વ પ્રમાણે.

**ભગવાનના ચતુર્થ માસક્ષમણના પારણા પ્રસંગે પાંચ દિવ્ય-**

૬૨. ત્યાર પછી હે ગૌતમ! હું રાજગૃહથી બહાર નીકળ્યો યાવત્ ચોથું માસક્ષમણ કરતો વિહરવા લાગ્યો.

તે નાલંદાના ઉપનગરથી ખૂબ દૂર નહિ કે નજીક નહિ એવું કોલ્લાક નામનું સ્થળ હતું-વર્ણન. તે કોલ્લાક ગામે બહુલ નામનો બ્રાહ્મણ રહેતો હતો, તે સમૃદ્ધ યાવત્ કોઈથી ગાંજ્યો ન જાય તેવો હતો, તે ઋગ્વેદાદિ શાસ્ત્રોમાં સારી રીતે નિપુણ હતો. તે બહુલ બ્રાહ્મણે કાર્તિક ચોમાસી એકમના દિવસે મધ અને ઘી યુક્ત ખીરનું બ્રાહ્મણોને દાન આપ્યું.

ત્યારે હે ગૌતમ! ચોથા માસક્ષમણના પારણાના દિવસે હું વણકર શાળામાંથી નીકળ્યો, નીકળીને નાલંદાના પરાની વચ્ચો વચ્ચ થઈને જ્યાં કોલ્લાક ગામ હતું ત્યાં આવ્યો, કોલ્લાક ગામમાં ઉચ્ચ-નીચ-યાવત્ ભિક્ષાચર્યા અર્થે ફરતો ફરતો હું બહુલ બ્રાહ્મણના ઘરમાં પ્રવેશ્યો.

ત્યારે તે બહુલ બ્રાહ્મણે મને આવતો જોયો, પૂર્વે વિજયના પ્રસંગની જેમ જ યાવત્ હું વિપુલ મધ, ઘીયુક્ત ખીરથી પ્રતિલાભિત કરીશ' એમ તે સંતુષ્ટ થયો. બાકીનું વર્ણન વિજયની જેમ જ.

**પુનઃ ગોશાલકકૃત શિષ્યત્વ પ્રાર્થનાની ભગવાન દ્વારા અનુમતિ અને ગોશાલ સાથે વિહરણ-**

૬૩. ત્યાર પછી તે ગોશાલ મંખલિપુત્રે મને વણકર શાળામાં ન જોતાં, રાજગૃહ નગરમાં અંદર બહાર સર્વ જગ્યાએ મારી શોધ કરી, પરંતુ ક્યાંય પણ તેને મારો અવાજ ન સંભળાયો કે મારી છીંકે ન સંભળાઈ કે મારી અવર-જવરના સમાચાર પણ ન મળ્યા. આથી તે જ્યાં વણકરશાળા હતી ત્યાં પાછો આવ્યો, આવીને શાટિક (અંદરનાં વસ્ત્રો), પાટિક (ઉપરનાં વસ્ત્રો), કુંડી વગેરે વાસણો, પાદુકાઓ અને ચિત્રફલક તેણે બ્રાહ્મણોને આપી દીધાં, આપીને દાઢી અને મૂછ સાથે બધા વાળનું મૂંડન કરાવ્યું, મૂંડન કરાવીને તે વણકરશાળા-માંથી નીકળ્યો, ત્યાંથી નીકળી નાલંદાની બહારના ભાગમાંથી (પરામાંથી) વચ્ચોવચ્ચ થઈને જ્યાં કોલ્લાક સંનિવેશ હતો ત્યાં આવ્યો.

તે કોલ્લાક ગામની બહાર ઘણા લોકો એક-બીજાને આ પ્રમાણે કહેતા હતા-'હે દેવાનુપ્રિયો! બહુલ બ્રાહ્મણ ધન્ય થઈ ગયો. પૂર્વવત્ વર્ણન-યાવત્-બહુલ બ્રાહ્મણે જીવનનું ફળ મેળવ્યું છે.'

ત્યારે ગોશાલક મંખલિપુત્રે ઘણા લોકો પાસેથી આ વાત સાંભળીને, મનમાં વિચારી તો તેને આવા પ્રકારનો વિચાર યાવત્ વિકલ્પ ઉત્પન્ન થયો—'મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીરને જેવી ઋદ્ધિ, ધૃતિ, તેજ, યશ, બલ, વીર્ય, પૌરુષ પરાક્રમ મળ્યાં છે, પ્રાપ્ત થયાં છે, સન્મુખ થયાં છે, તેવાં ઋદ્ધિ ધૃતિ યાવત્ પરાક્રમ અન્ય કોઈ પણ શ્રમણ-બ્રાહ્મણને મળ્યાં નથી; પ્રાપ્ત નથી થયાં, સન્મુખ નથી થયાં. તેથી નિઃશંકપણે મારા ધર્મા-ચાર્ય ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર જ અહીં હશે.' એમ વિચારી કોલ્લાક સંનિવેશની બહાર, અંદર બહાર સર્વ જગ્યાએ તેણે મારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શોધ કરી. મારી સર્વત્ર શોધ કરતાં યાવત્ કોલ્લાક સ્થળની બહાર મનોજ્ઞભૂમિમાં મારી પાસે તે આવી પહોંચ્યો.

ત્યારે તે ગોશાલ મંખલિપુત્રે પ્રસન્ન અને સંતુષ્ટ બની મારી ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી-યાવત્-નમસ્કાર કરીને મને આ પ્રમાણે કહ્યું—'હે ભંતે ! આપ મારા ધર્માચાર્ય છો. હું આપનો અંતેવાસી છું.'

ત્યારે હે ગૌતમ ! મેં ગોશાલક મંખલિપુત્રની આ વાતનો સ્વીકાર કર્યો.

ત્યાર પછી હે ગૌતમ ! ગોશાલ મંખલિપુત્ર સાથે મનોજ્ઞભૂમિમાં (ઉત્તમ દેશોમાં) છ વર્ષ સુધી લાભ-અલાભ, સુખ-દુઃખ, સત્કાર-અસત્કારનો અનુભવ કરતો અને તેમની અનિત્યતાનો વિચાર કરતો હું વિહરવા લાગ્યો.

**તલછોડ ફળવા વિશે ભગવાનના વચનમાં ગોશાલકની અશ્રદ્ધા-**

૬૪. ત્યાર પછી હે ગૌતમ ! કોઈ એક વાર શરદ-કાળની શરૂઆતના સમયમાં જ્યારે વર્ષા અલ્પ હતી ત્યારે મેં ગોશાલ મંખલિપુત્ર સાથે સિદ્ધાર્થ-ગ્રામ નગરથી કૂર્મગ્રામ નગર તરફ જવા પ્રયાણ કર્યું. તે સિદ્ધાર્થગ્રામ નગર અને કૂર્મગ્રામ નગરની વચમાં (રસ્તામાં) એક પત્રપુષ્પ-વાળો, હરિત વર્ણથી શોભતો અતીવ સુંદર એવો તલનો છોડ હતો.

ત્યારે તે ગોશાલ મંખલિપુત્રે એ તલના છોડને જોયો, જોઈને મને વંદન નમન કરીને (વિનયપૂર્વક) આ પ્રમાણે પૂછ્યું—'હે ભગવન્ ! આ તલનો છોડ ફળ આપશે કે નહિ આપે ? આ સાત તલ પુષ્પોના જીવ મરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?'

ત્યારે હે ગૌતમ ! મંખલિપુત્ર ગોશાલકને મેં આ પ્રમાણે કહ્યું—'હે ગોશાલ ! આ તલનો છોડ ફળ આપશે, નિષ્ફળ નહીં જાય. અને આ સાતે તલ પુષ્પો મરીને આ જ તલના છોડની એક સીંગમાં ઉત્પન્ન થશે.'

ત્યારે તે ગોશાલક મંખલિપુત્રે મને આ પ્રમાણે કહેતો સાંભળ્યો, પણ તેને મારી આ વાતમાં શ્રદ્ધા ન થઈ, પ્રતીતિ ન થઈ, રુચિ ન થઈ, મારી વાત પર અશ્રદ્ધા, અપ્રતીતિ અને અરુચિવાળો થઈ, મને લક્ષમાં રાખીને 'આ મિથ્યાવાદી બનો' (આમની વાત ખોટી પડો.) એમ (વિચારી) મારી પાસેથી ધીમે ધીમે ખસી ગયો. ખસીને જ્યાં તલનો છોડ હતો ત્યાં ગયો, જઈને તલના છોડને મૂળ સાથે ઉખાડયો, ઉખાડીને એક બાજુ ફેંકી દીધો.

તે જ ક્ષણે હે ગૌતમ ! આકાશમાં દિવ્ય વાદળ ઉદ્ભવ્યું. તે દિવ્ય વાદળ તરત જ ગડગડાટ કરવા લાગ્યું, તેમાંથી શીઘ્ર વીજળી થઈ, અને તરત અતિ પાણી નહિ તેમ જ અતિ માટી નહિ તેવી ધીમી ધારા સાથેની, રજ અને ધૂળને દબાવનાર એવી દિવ્ય વૃષ્ટિ થઈ. જેનાથી તે તલનો છોડ સ્વસ્થ બની ત્યાં જ ફરી બેસી ગયો, ત્યાં જ તેનાં મૂળ જામી ગયાં, ત્યાં જ તે સ્થિર બની ગયો. અને તે સાત તલપુષ્પોના જીવો મરી મરીને તે જ તલના છોડમાં એક સીંગમાં સાત તલ રૂપે ઉત્પન્ન થયાં.

**ગોશાલકના વચનથી ગુસ્સે થયેલા તપસ્વી વૈશ્યાયન વડે ગોશાલક પર તેજોલેશ્યા મૂકવી-**

૬૫. ત્યાર પછી હે ગૌતમ ! હું ગોશાલ મંખલિપુત્ર સાથે જ્યાં કૂર્મગ્રામ નગર હતું ત્યાં આવ્યો. તે કૂર્મગ્રામ નગરની બહાર વૈશ્યાયન નામનો બાલ તપસ્વી છઠ્ઠ છઠ્ઠના સતત તપકર્મ સાથે, ઉર્ધ્વબાહુ રાખીને, સૂર્ય તરફ મુખ રાખીને, આતાપના ભૂમિ પર આતાપના લેતો વિહરી રહ્યો હતો. સૂર્યના તેજથી તપેલી તેના શરીર પરની જૂઓ ચારે બાજુથી ખરી રહી હતી. પણ પ્રાણીદયા, ભૂતદયા, જીવદયા અને સત્ત્વ-દયાના કારણે તે પડી રહેલી જૂઓને ફરી ફરી ત્યાં જ પાછી મૂકતો હતો.

ત્યારે તે ગોશાલ મંખલિપુત્રે વૈશ્યાયન બાલ તપસ્વીને જોયો, જોઈને મારી પાસેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધીમે ધીમે ખસ્યો, ખસીને જ્યાં વૈશ્યાયન બાલ તપસ્વી હતો ત્યાં આવ્યો, આવીને વૈશ્યાયન બાલ તપસ્વીને આ પ્રમાણે કહેવા લાગ્યો— 'શું તમે મુનિ છો ? પાગલ છો કે જૂઓના શય્યાતર (આશ્રયદાતા) છો ?'

તે વૈશ્યાયન બાલ તપસ્વીએ ગોશાલ મંખલિપુત્રના આ કથનનો ન આદર કર્યો, ન સ્વીકાર. તે મૌન રહ્યો.

ત્યારે તે ગોશાલ મંખલિપુત્રે વૈશ્યાયન બાલ તપસ્વીને બીજી વાર અને ત્રીજી વાર પણ આ પ્રકારે કહ્યું—'શું તમે મુનિ છો ? કે જૂઓના શય્યાતર છો ?'

તે વૈશ્યાયન બાલ તપસ્વી ગોશાલ મંખલિપુત્ર દ્વારા બીજી વાર અને ત્રીજી વાર પણ કહેવાતાં તરત જ ગુસ્સે થયો યાવત્ ક્રોધથી ધગધગી ઊઠેલો તે આતાપન ભૂમિ પરથી નીચે ઊતર્યો. ઊતરીને તેણે તેજસ્સમુદ્ઘાત કર્યો, તેજસ્સમુદ્ઘાત કરીને સાત આઠ પગલાં પાછળ ગયો, પાછળ જઈને ગોશાલ મંખલિપુત્રના વધ માટે શરીરમાંથી તેજ બહાર કાઢ્યું.

**મહાવીર દ્વારા ગોશાલના રક્ષણ માટે શીતલેશ્યા પ્રયોગ—**

૬૬. ત્યારે હે ગૌતમ ! ગોશાલ મંખલિપુત્ર પ્રત્યેની અનુકંપાના કારણે વૈશ્યાયન બાલ તપસ્વીના તેજનો પ્રતિસંહાર કરવા (પાછું વાળવા) માટે તે સમયે મેં શીત તેજોલેશ્યા બહાર કાઢી. મારી શીત તેજોલેશ્યાએ વૈશ્યાયન બાલ તપસ્વીની ઉષ્ણ તેજલેશ્યાને પ્રતિહત કરી (પાછી પાડી)

ત્યારે તે વૈશ્યાયન બાલ તપસ્વીએ મારી શીતલ તેજોલેશ્યાથી પોતાની ઉષ્ણ તેજોલેશ્યાને પ્રતિહત થયેલી જાણી, તથા ગોશાલ મંખલિપુત્રના શરીરમાં કોઈ પણ બાધા, વ્યાબાધા કે અંગછેદન ન થયેલું જોઈને પોતાની ઉષ્ણ તેજોલેશ્યા પાછી ખેંચી અને મને સંબોધી પ્રમાણે કહ્યું—'હે ભગવન્ ! હું જાણી ગયો.'

ત્યારે તે ગોશાલ મંખલિપુત્રે મને પૂછ્યું— 'હે ભંતે ! આ જૂઓના શય્યાતરે તમને આમ શા માટે કહ્યું કે હે ભગવન્ ! હું જાણી ગયો. હે ભગવન્ ! હું જાણી ગયો ?'

ત્યારે હે ગૌતમ ! મેં ગોશાલ મંખલિપુત્રને કહ્યું—'ગોશાલ ! તેં વૈશ્યાયન બાલ તપસ્વીને જોયો, જોઈને મારી પાસેથી તું ધીમે ધીમે ખસ્યો, ખસીને જ્યાં વૈશ્યાયન બાલ તપસ્વી હતો ત્યાં આવ્યો અને વૈશ્યાયન બાલ તપસ્વીને તેં આમ કહ્યું કે તમે મુનિ છો ? પાગલ છો ? કે જૂઓના શય્યાતર છો ? ત્યારે તે વૈશ્યાયન બાલતપસ્વીએ આ કથનનો ન આદર કર્યો કે ન સ્વીકાર. તે મૌન જ રહ્યો. ત્યારે હે ગોશાલ ! તેં બીજીવાર અને ત્રીજીવાર પણ વૈશ્યાયન બાલ તપસ્વીને આમ કહ્યું કે શું તમે મુનિ છો ? પાગલ છો કે જૂઓના શય્યાતર છો ? ત્યારે તે વૈશ્યાયન બાલ તપસ્વી બીજીવાર અને ત્રીજીવાર પણ આ સાંભળી અત્યંત કોપાયમાન થયો—યાવત્—તારા વધ માટે શરીરમાંથી તેજો લેશ્યા બહાર કાઢી. ત્યારે હે ગોશાલ ! તારા પ્રત્યેની અનુકંપાથી મેં વૈશ્યાયન બાલ તપસ્વીની તેજોલેશ્યાના પ્રતિસંહરણ માટે શીત તેજોલેશ્યા બહાર કાઢી—યાવત્—પોતાની તેજ લેશ્યાને પ્રતિહત થયેલી જાણી અને તારા શરીરમાં કોઈપણ બાધા વ્યાબાધા કે અંગછેદન ન થયેલું જોઈને તેણે પોતાની ઉષ્ણ તેજ લેશ્યાને પાછી ખેંચી મને આમ કહ્યું—'હે ભગવન્ ! હું જાણી ગયો છું, હે ભગવન્ ! હું જાણી ગયો છું.''

**તેજોલેશ્યા મેળવવાનો ઉપાય—**

૬૭. ત્યારે તે ગોશાલ મંખલિપુત્રે મારી પાસેથી આ વાત સાંભળીને હૃદયમાં ધારણ કરી, યાવત્ ભયભીત થયેલા તેવા તેણે મને વંદન નમન કર્યાં, વંદન નમન કરીને આમ કહ્યું—'હે ભંતે ! સંક્ષિપ્ત અને વિપુલ તેજોલેશ્યા કેવી રીતે ઉત્પન્ન થાય છે ?' ત્યારે હે ગૌતમ ! મેં ગોશાલ મંખલિપુત્રને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ કહ્યું—'હે ગોશાલ! જે એક મુઠ્ઠીભર પકાવેલા અડદ અને ખોબા પાણી સાથે છઠ્ઠ છઠ્ઠના નિરંતર તપ સાથે બાહુઓ ઊંચા કરીને વિહરે તે છ માસની અંદર સંક્ષિપ્ત અને વિપુલ તેજોલેશ્યાવાળો બને.'

ત્યારે તે ગોશાલ મંખલિપુત્રે મારી આ વાત પૂરેપૂરા વિનય સાથે સાંભળી.

**મહાવીર દ્વારા કથિત તલછોડના ફળવાની વાત જાણીને ગોશાલનું છૂટા પડવું–**

૬૮. ત્યાર પછી હે ગૌતમ! હું અન્યદા કોઈ એક દિવસે ગોશાલ મંખલિપુત્ર સાથે કૂર્મગ્રામ નગરથી સિદ્ધાર્થગ્રામ નગર તરફ પ્રસ્થાન કરતો જઈ રહ્યો હતો, ત્યારે તે તલનો છોડ જ્યાં હતો તે સ્થળે અમે અચાનક આવી પહોંચ્યા. ત્યારે તે ગોશાલ મંખલિપુત્ર મને આમ કહેવા લાગ્યો—હે ભંતે! આપે તે સમયે મને આમ કહ્યું હતું–યાવત્–પ્રરૂપણા કરી હતી, 'ગોશાલક! આ તલનો છોડ ફળ આપશે, નહિ ફળ આપે તેમ નથી. પૂર્વ વર્ણન મુજબ યાવત્ પુનઃ ઉત્પન્ન થશે.' તે ખોટી વાત છે. આ અહીં પ્રત્યક્ષ જ દેખાય છે કે તે તલનો છોડ ફળ્યો નથી અને નિષ્ફળ જ રહ્યો છે. અને પેલા સાત પુષ્પોના જીવો મરી મરીને આ જ તલના છોડની એક સીંગમાં સાત તલ રૂપે ઉત્પન્ન થયાં નથી.'

ત્યારે હે ગૌતમ! મેં ગોશાલક મંખલિપુત્રને આમ કહ્યું, "ત્યારે હે ગોશાલ! મને આમ કહેતો યાવત્ પ્રરૂપણા કરતો જાણી મારી તે વાતની તેં શ્રદ્ધા ન કરી, વિશ્વાસ ન કર્યો. તે વાત તને ગમી ન હતી. તે વાતમાં અશ્રદ્ધા કરતાં, અવિશ્વાસ કરતાં અને અરુચિ દાખવતાં તેં મને લક્ષમાં રાખીને 'આ મિથ્યાવાદી બનો' એમ વિચારીને મારી પાસેથી તું ધીરે ધીરે ખસી ગયો, પાછા જઈને જ્યાં પેલો તલનો છોડ હતો ત્યાં ગયો. યાવત્ તેને એકાંતમાં ફેંકી દીધો.

હે ગોશાલ! આકાશમાં તે જ ક્ષણે એક દિવ્ય વાદળ ઉત્પન્ન થયું હતું. તે દિવ્ય વાદળ તરત જ વરસ્યું. પૂર્વવર્ણન યાવત્ સાત તલો રૂપે ઉત્પન્ન થયાં. તો હે ગોશાલ! આ તે જ તલનો છોડ ફલિત થયો છે, નહિ કે નિષ્ફળ ગયો છે. તે સાત તલ પુષ્પોના જીવો મરીને આ જ તલના છોડની એક સીંગમાં સાત તલ રૂપે ઉત્પન થયા છે.

હે ગોશાલ! વનસ્પતિકાયિક જીવો આ પ્રમાણે પ્રવૃત્ત પરિહાર (એક શરીરમાંથી બીજા શરીરમાં જવાની પ્રક્રિયા) કરે છે.'

ત્યારે તે ગોશાલ મંખલિપુત્રે મને આમ કહેતો સાંભળીને યાવત્ પ્રરૂપણા કરતો સાંભળીને પણ મારી વાતમાં શ્રદ્ધા ન કરી, વિશ્વાસ ન કર્યો, રુચિ ન બતાવી. આ વાતમાં અશ્રદ્ધા કરતાં યાવત્ અરુચિ દર્શાવતાં જ્યાં પેલો તલનો છોડ હતો ત્યાં જઈને તલના છોડમાંથી તેણે તલની સીંગ તોડી, તોડીને હથેળીમાં લઈ મસળીને સાત તલ બહાર કાઢ્યા. ત્યારે તે મંખલિપુત્રને સાત તલ ગણતાં ગણતાં આ—આવા પ્રકારનો વિચાર યાવત્ વિકલ્પ થયો "ખરેખર આ પ્રમાણે બધા જ જીવો પ્રવૃત્ત-પરિહાર કરે છે" હે ગૌતમ! આ જ ગોશાલ મંખલિપુત્રનો પ્રવૃત્તવાદ છે. અને હે ગૌતમ! આ જ ગોશાલ મંખલિપુત્રનું મારી સાથેથી જુદા પડવાનું અને અલગ સિદ્ધાંત પ્રવર્તાવવાનું કારણ બન્યું.

**ગોશાલકની તેજોલેશ્યા પ્રાપ્તિ–**

૬૯. ત્યાર પછી તે ગોશાલ મંખલિપુત્રે એક મુઠ્ઠીભર પકાવેલા અડદ અને એક ખોબાભર પાણીથી, છઠ્ઠ છઠ્ઠના નિરંતર તપકર્મ સાથે, ઊંચા હાથ રાખીને તપશ્ચર્યા કરી ત્યારે તે ગોશાલ મંખલિપુત્ર છ માસની અંદર સંક્ષિપ્ત અને વિપુલ તેજોલેશ્યા ધારણ કરનારો બન્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### મહાવીર કથિત ગોશાલકનું અજિનત્વ—

૭૦. ત્યાર પછી તે ગોશાલક મંખલિપુત્રને કોઈક વાર આ છ દિશાચરો આવી મળ્યા—તે આ પ્રમાણે (૧) શાન—પૂર્વવત્ કથન યાવત્ અજિન હોવા છતાં જિન શબ્દનો પ્રકાશ કરતો વિહરવા લાગ્યો. આમ હે ગૌતમ! ખરેખર ગોશાલક મંખલિપુત્ર જિન નથી, જિનનો પ્રલાપ કરતો યાવત્ જિન શબ્દનો પ્રકાશ કરતો વિહરે છે. ગોશાલ મંખલિપુત્ર અજિન છે અને જિન-શબ્દનો યાવત્ પ્રકાશ કરતો વિહરે છે. ત્યાર-બાદ એક મોટી, અતિ મહા પરિષદ ભરાઈ જેવી શિવ રાજર્ષિના પ્રકરણમાં આવે છે તેવી યાવત્ વિસર્જિત થઈ. ત્યારે શ્રાવસ્તી નગરીમાં ત્રિભેટે યાવત્ માર્ગો પર ઘણા લોકો અન્યો-ન્યને યાવત્ કહેવા લાગ્યા—'હે દેવાનુપ્રિયો! જે ગોશાલક મંખલિપુત્ર જિન અને જિનનો પ્રલાપ કરતો યાવત્ વિહરે છે તે મિથ્યા છે શ્રમણ ભગવાન મહાવીર આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપણ કરે છે કે ખરેખર તે ગોશાલક મંખલિપુત્રનો મંખલિ નામે મંખ પિતા હતો. તે મંખલિનો...તે સઘળું અહીં કહેવું યાવત્ 'અજિન હોવા છતાં જિન શબ્દનો પ્રકાશ કરતો વિહરે છે. તો ખરેખર ગોશાલક મંખલિ-પુત્ર જિન નથી, જિનનો પ્રલાપ કરતો યાવત્ વિહરે છે. શ્રમણ ભગવાન મહાવીર જિન છે, જિન શબ્દના અધિકારી છે, યાવત્ જિન શબ્દનો પ્રકાશ કરતા વિહરે છે.'

### ગોશાલકનો અમર્ષ—

૭૧. ત્યારે તે ગોશાલક મંખલિપુત્ર અનેક લોકો પાસેથી આ વાત સાંભળીને, જાણીને ક્રોધાય-માન યાવત્ કોપાયમાન થઈને આતાપના—ભૂમિ પરથી નીચે ઊતર્યો, નીચે ઊતરીને શ્રાવસ્તી નગરીની વચ્ચો-વચ્ચ થઈને જ્યાં હાલાહલા કુંભારણની હાટ હતી ત્યાં ગયો, ત્યાં જઈને હાલાહલા કુંભારણની હાટમાં આજીવિકસંઘથી ઘેરાઈને અત્યંત ક્રોધનું વહન કરતો રહેવા લાગ્યો.

### ગોશાલકનું આનંદ સ્થવિર સમક્ષ અર્થલુબ્ધ વણિકોના દૃષ્ટાન્ત દ્વારા આક્રોશ પ્રદર્શન—

૭૩. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી સરળ પ્રકૃતિના અને વિનીત એવા આનંદ નામના એક અણગાર હતા, તે છઠ્ઠ છઠ્ઠના નિરંતર તપકર્મથી અને તપસંયમથી આત્માને ભાવિત કરતા વિહરતા હતા. ત્યારે તે આનંદ સ્થવિર છઠ્ઠના પારણાની પ્રથમ પોરીષીમાં (પ્રહરે) જે રીતે ગૌતમ સ્વામી તે રીતે પૂછીને, તે જ પ્રમાણે યાવત્ ઉચ્ચ-નીચ-મધ્યમ ગૃહોમાં ભિક્ષાચર્યા માટે ફરતા ફરતા હાલાહલા કુંભારણની હાટની નજીકથી પસાર થયા. ત્યારે તે ગોશાલ મંખલિપુત્રે આનંદ સ્થવિરને હાલા-હલા કુંભારણની હાટની બાજુમાંથી પસાર થતા જોયા, જોઈને આ પ્રમાણે કહ્યું,—'અરે આનંદ! આવ, અહીં આવ. એક મોટું દૃષ્ટાંત સાંભળ.' ત્યારે તે આનંદ સ્થવિર ગોશાલ મંખલિપુત્ર દ્વારા આમ કહેવાતાં તરત જ્યાં હાલાહલ કુંભારણની હાટ હતી, જ્યાં ગોશાલક મંખલિપુત્ર હતો ત્યાં ગયા. ત્યારે તે ગોશાલક મંખલિપુત્ર આનંદ સ્થવિરને આ પ્રમાણે કહેવા લાગ્યો—

"અરે આનંદ! આજથી લાંબા સમય પૂર્વે કેટલાક ધનલોભી, ધનના શોધક, ધનના ઈચ્છુક, ધનના ભૂખ્યા, નાના—મોટા વેપારીઓ ધનની શોધ માટે વિવિધ પ્રકારની વિપુલ વિક્રય સામગ્રીનાં પાત્રો લઈને ગાડા—ગાડી દ્વારા ખૂબ ભાથું અને પાણી સાથે લઈને, એક મોટી, વસ્તીરહિત, સીમારહિત, જેનો વહેવાર બીજા જગતથી કપાઈ ગયો છે તેવી, લાંબા માર્ગ-વાળી અટવીમાં પ્રવેશ્યા.

ત્યાર પછી તે વેપારીઓ તે વસતી વિનાની યાવત્ દીર્ઘમાર્ગવાળી અટવીના કોઈક પ્રદેશમાં આવી પહોંચ્યા ત્યારે પહેલાં લીધેલું પાણી ક્રમથી વાપરતાં વાપરતાં પૂરું થઈ ગયું. ત્યારે તે વેપારીઓ પાણી પૂરું થઈ જતાં તરસથી વ્યાકુળ થતાં એક-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજાને બોલાવવા લાગ્યા. અને બોલાવીને આ પ્રમાણે કહેવા લાગ્યા, 'હે દેવાનુપ્રિયો! આપણે આ વસતી રહિત યાવત્ અટવીમાં કોઈ ભાગમાં પહોંચ્યાં ત્યાં તો પહેલાનું લીધેલું પાણી વપરાઈને પૂરું થઈ ગયું. તો હે દેવાનુપ્રિયો! આપણું શ્રેય એમાં છે કે આ વસતીહિન યાવત્ અટવીમાં પાણીની ચારેબાજુ શોધખોળ કરીએ.' એમ વિચારીને એકબીજાની આવી વાત સ્વીકારી, સ્વીકારીને વસતીહિન યાવત્ અટવીમાં ચારે બાજુ પાણીની શોધખોળ કરવા લાગ્યા. ચારે બાજુ પાણીની શોધખોળ કરતાં તેમને એક મોટો વનખંડ મળી આવ્યો જે શ્યામ, શ્યામ આભાવાળો યાવત્ મેઘ સમૂહના જેવો પ્રસન્નકર યાવત્ સુંદર હતો.

તે વનખંડની બરાબર વચ્ચે એક મોટો રાફડો મળી આવ્યો. તે રાફડાના ચારે કાંગરા ઊંચા અને સમાન આકારના, તીરછા બહાર નીકળેલા, નીચેના ભાગમાં અર્ધ સર્પની શરીરાકૃતિ જેવા આકારના, પ્રાસાદિક યાવત્ સુંદર હતા.

ત્યારે તે વેપારીઓ હૃષ્ટ-તુષ્ટ થઈ યાવત્ અન્યોન્યને બોલાવવા લાગ્યા. બોલાવીને આ પ્રમાણે કહેવા લાગ્યા, 'હે દેવાનુપ્રિયો! આપણે આ વસતીહિન યાવત્ ચારે બાજુ શોધખોળ કરતાં આ શ્યામ અને શ્યામ આભાવાળા વનખંડમાં આવી પહોંચ્યા અને આ વનખંડની બરાબર વચ્ચે આ રાફડો મળ્યો છે. આ રાફડાના ચારે કાંગરા ઊંચા યાવત્ સુંદર છે. તો હે દેવાનુપ્રિયો! આ પહેલા કાંગરાને તોડવાનું આપણા માટે શ્રેયસ્કર છે. કદાચિત્ વિશાળ ઉદક રત્ન આપણે તેમાંથી પ્રાપ્ત કરીશું.'

ત્યારે તે વેપારીઓએ એકબીજાની આવી વાત સાંભળી, સ્વીકારીને તે રાફડાનો પહેલો કાંગરો તોડ્યો. તેમાંથી તેમણે સ્વચ્છ, પથ્ય, જાત્ય, ઊંચી જાતનું, હલકું, સ્ફટિક જેવા વર્ણવાળું, વિશાળ ઉદક રૂપી રત્ન મેળવ્યું.

ત્યારે હૃષ્ટ-તુષ્ટ થઈને તે વેપારીઓએ પાણી પીધું, વાહનો (બળદ-ઘોડા વ.)ને પીવડાવ્યું, પાત્રો ભર્યાં, અને પછી બીજી વાર પણ એકબીજાને આ પ્રમાણે કહ્યું : 'દેવાનુપ્રિયો! આપણે આ રાફડાનો પ્રથમ કાંગરો તોડતાં વિશાળ ઉદકરત્ન મેળવ્યું. તો ખરેખર હે દેવાનુપ્રિયો! આપણે આ રાફડાનો બીજો કાંગરો પણ તોડવો જોઈએ, કદાચ તેમાંથી વિશાળ સુવર્ણ રત્ન મેળવીશું.'

ત્યારે તે વેપારીઓએ એકબીજાની આ વાત સ્વીકારી, સ્વીકારીને તે રાફડાનો બીજો કાંગરો તોડ્યો. તેઓએ ત્યાં સ્વચ્છ, ઉચ્ચ, તપનીય, મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિશાળ સુવર્ણરત્ન પ્રાપ્ત કર્યું. ત્યારે તે વેપારીઓ 'હૃષ્ટ-તુષ્ટ...પાત્રો ભર્યાં, વાહનો ગાડાં ભરી લીધાં, ભરીને ત્રીજીવાર પણ એકબીજાને આ પ્રમાણે કહેવા લાગ્યા, 'હે દેવાનુપ્રિયો! આપણે આ રાફડાના પહેલા કાંગરાને તોડીને વિશાળ ઉદકરત્ન મેળવ્યું. બીજો કાંગરો તોડીને વિશાળ સુવર્ણરત્ન પ્રાપ્ત કર્યું. તો હે દેવાનુપ્રિયો! આપણે આ રાફડાના ત્રીજા કાંગરાને પણ તોડીએ, તે ખરેખર શ્રેયસ્કર છે. કદાચ તેમાં આપણે ઉદાર મણિ-રત્ન પ્રાપ્ત કરીશું.'

ત્યારે તે વેપારીઓએ એકબીજાની આવી વાત સાંભળી, સ્વીકારીને તે રાફડાના ત્રીજા કાંગરાને પણ તોડ્યો. તેમાંથી તેમણે વિમલ, નિર્મળ, ગોળ, નક્કર, મહાર્થ, મહાર્ઘ, મહાર્હ વિશાળ મણિરત્ન પ્રાપ્ત કર્યાં. ત્યારે તે વેપારીઓ હૃષ્ટ-તુષ્ટ થઈ...પાત્રો ભરી લીધાં, ભરીને ચોથી વાર પણ એકબીજાને આ પ્રમાણે કહેવા લાગ્યા, 'હે દેવાનુપ્રિયો! આપણે આ રાફડાના પહેલા કાંગરાને તોડીને વિશાળ ઉદકરત્ન પ્રાપ્ત કર્યું. બીજા કાંગરાને તોડીને વિશાળ સુવર્ણરત્ન મેળવ્યું. ત્રીજા કાંગરાને તોડીને વિશાળ મણિરત્ન મેળવ્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો હે દેવાનુપ્રિયો ! ખરેખર આપણે આ રાફડાના ચોથા કાંગરાને તોડીએ તે શ્રેયસ્કર થશે. કદાચ ઉત્તમ, મહાર્ઘ, મહાર્હ, વિશાળ વજ્રરત્ન પ્રાપ્ત કરીશું.'

ત્યારે તે વેપારીઓમાં એક વેપારી બધાનો હિતેચ્છુ, શુભેચ્છક, હિતકાંક્ષી, અનુકંપાવાળો, નિઃશ્રેયસ્ ઈચ્છતો, હિત સુખ અને નિઃશ્રેયસ્ ઈચ્છનારો હતો, તે વેપારીઓને આ પ્રમાણે કહેવા લાગ્યો—હે દેવાનુપ્રિયો ! આપણે આ રાફડાના પ્રથમ કાંગરાને યાવત્ ત્રીજા કાંગરાને તોડીને વિશાળ મણિરત્ન પ્રાપ્ત કરેલ છે. તો આટલું પર્યાપ્ત છે, આટલેથી જ અટકવું જોઈએ. આ ચોથો કાંગરો ન તોડો. કદાચ ચોથો કાંગરો વિઘ્નવાળો હોઈ શકે.'

ત્યારે વેપારીઓએ તે હિતેચ્છુ યાવત્ હિત સુખ અને નિઃશ્રેયસ્ ઈચ્છુક વણિકને આમ કહેતો યાવત્ પ્રરૂપણા કરતો સાંભળીને તેની વાતમાં શ્રદ્ધા ન કરી યાવત્ તેની વાત તેમને ગમી નહીં. આ વાતમાં વિશ્વાસ ન કરતાં યાવત્ રુચિ ન બતાવતાં તેઓએ તે રાફડાના ચોથા કાંગરાને પણ તોડ્યો. તેઓ તેમાં ઉગ્ર વિષવાળા યાવત્ જેના તીવ્ર રોષની કલ્પના ન થઈ શકે તેવા ધમધમતા કૂતરાની જીભ જેવા લપલપતા, ચપળ ધમધમતા દૃષ્ટિવિષસર્પની સામે ટકરાયા.

ત્યારે તે દૃષ્ટિવિષ સર્પ તે વેપારીઓને જોતાં જ કોપાયમાન યાવત્ ક્રોધાયમાન થઈને ધીરે ધીરે ઊંચો થયો, ઊંચો થઈને સર સર સર કરતો રાફડાના શિર ઉપર ચઢ્યો, ચઢીને સૂર્ય તરફ નજર કરીને તે વેપારીઓની સામે અનિમિષ દૃષ્ટિથી નજર કરી.

ત્યારે તે વેપારીઓ તે દૃષ્ટિવિષ સર્પ દ્વારા અનિમિષ દૃષ્ટિએ જોવાતાં વેંત તરત જ એક જ વજ્રાઘાત જેવા આઘાતથી પોતાના પાત્ર વાહન વગેરે સાથે ભસ્મરાશિરૂપ બની ગયા. તેમાં પેલો જે વેપારી તે વેપારીઓનો હિતેચ્છુ યાવત્ હિતસુખ-નિશ્રેયસ્ ઈચ્છુક હતો તેને દેવતાએ અનુકંપાપૂર્વક પોતાના પાત્ર વગેરેની સાથે તેના નગરમાં પહોંચાડી દીધો."

૭૪. 'હે આનંદ ! આ રીતે જ તારા ધર્માચાર્ય ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્રે વિશાળ પર્યાય ભોગવ્યો છે, વિશાળ કીર્તિ–પ્રશંસા–સ્તુતિ પ્રાપ્ત કર્યાં છે. અને દેવો, મનુષ્યો અને અસુરો લોકમાં 'શ્રમણ ભગવાન મહાવીર' એમ તેમને પૂજે છે, તેમના ગુણ ગાય છે, તેમની સ્તુતિ કરે છે. તો જો તે મારુ કંઈ પણ [વાંકુ] બોલશે તો તપથી અને તેજથી એક જ કૂટાઘાતથી હું તેને ભસ્મરાશિ કરી દઈશ, જેવી રીતે સર્પે વેપારીઓને કરી દીધા હતાં. પણ તને હે આનંદ ! હું બચાવીશ, તારુ રક્ષણ કરીશ–જેવી રીતે પેલા તે વેપારીઓના હિતેચ્છુ યાવત્ નિઃશ્રેયસકામી વેપારીને દેવતાએ અનુકંપાપૂર્વક પાત્ર આદિ સાથે સ્વસ્થાને પહોંચાડ્યો હતો. તો હે આનંદ ! તું જા તારા ધર્માચાર્ય ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્રને આ વાત કહે."

**આનંદ સ્થવિર દ્વારા ભગવાન સમક્ષ ગોશાલ-કથન નિવેદન અને ભગવાન દ્વારા સમાધાન—**

૭૫. ત્યારે તે આનંદ સ્થવિર મંખલિપુત્ર ગોશાલ દ્વારા આમ કહેવાયું એટલે ડરીને યાવત્ ભયભીત બનીને ગોશાલ મંખલિપુત્ર પાસેથી, હાલાહલા કુંભારણની હાટમાંથી નીકળ્યો, નીકળીને તરત જ શ્રાવસ્તી નગરીની વચ્ચોવચ્ચ થઈને પસાર થયો અને જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં પહોંચ્યો, પહોંચીને શ્રમણ ભગાન મહાવીર-ની ત્રણવાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વંદન નમન કર્યાં, વંદન નમન કરીને આ પ્રમાણે કહ્યું—"હે ભંતે ! છઠ્ઠના તપના પારણા માટે તમારી રજા લઈને શ્રાવસ્તી નગરીના ઉચ્ચ-નીચ યાવત્ ભિક્ષાચર્યા માટે ફરતાં ફરતાં હું હાલાહલા કુંભારણની હાટ પાસેથી યાવત્ પસાર થતો હતો. ત્યારે ગોશાલ મંખલિપુત્રે મને હાલાહલાની યાવત્ જોઈને આ પ્રમાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું—'આવ આનંદ ! અહીં એક મોટું દૃષ્ટાંત સાંભળ.'

ત્યારે ગોશાલ મંખલિપુત્ર દ્વારા આવું કહેવાતાં હું જ્યાં હાલાહલા કુંભારણની હાટ હતી, જ્યાં ગોશાલ મંખલિપુત્ર હતો ત્યાં ગયો.

ત્યારે તે ગોશાલક મંખલિપુત્રે મને આમ કહ્યું—"હે આનંદ ! આજથી લાંબા સમય પહેલાં કેટલાક નાનામોટા વેપારીઓ......" આ પ્રમાણે તે સઘળુ કહેવું યાવત્ "પોતાને નગરે પહોંચાડયો. તો હે આનંદ ! તું જા, તારા ધર્માચાર્યને ધર્મોપદેશકને યાવત્ કહે."

"તો હે ભગવાન ! શું ગોશાલક મંખલિપુત્ર તપ અને તેજ દ્વારા એક જ ઘાથી કૂટાઘાતની જેમ (કોઈને) ભસ્મરાશી કરી શકે ? ગોશાલ મંખલિપુત્રની એ પ્રકારની શક્તિ છે ? હે ભગવન્ ! શું ગોશાલ આમ કરવા યાવત્ સમર્થ છે ?"

"હે આનંદ ! ગોશાલ મંખલિપુત્ર તપથી યાવત્ કરવા માટે સમર્થ છે. ગોશાલની એવી શક્તિ છે-યાવત્ કરી શકે. હે આનંદ ! ગોશાલ એમ કરવામાં સમર્થ છે, પરંતુ અરિહંત ભગવંતને આમ કરી શકવા સમર્થ નથી, માત્ર પરિતાપ કરી શકે.

હે આનંદ ! ગોશાલક મંખલિપુત્રનું જેટલું તપનું તેજ છે એનાથી અનગાર ભગવંતોનું અનંતગણું વિશિષ્ટતર તપ-તેજ હોય છે, પણ અનગાર ભગવંતો ક્ષમા કરનારા હોય છે. અને હે આનંદ ! અનગાર ભગવંતોનું જેટલું તપ તેજ હોય છે એથી અનંતગણુ વિશિષ્ટ તપ તેજ સ્થવિર ભગવંતોનું હોય છે પણ સ્થવિર ભગવંતો ક્ષમા આપનારા હોય છે.

અને હે આનંદ ! સ્થવિર ભગવંતોનું જે તપ તેજ હોય છે તેનાથી અનંતગણુ વિશિષ્ટતર તપ તેજ અરિહંત ભગવંતોનું હોય છે, પણ અરહંત ભગવંતો ક્ષમા આપનારા હોય છે તો હે આનંદ ! ગોશાલ મંખલિપુત્ર તપ અને તેજથી યાવત્ કરવા સમર્થ છે, એમ કરવાની એની શક્તિ છે યાવત્ સમર્થ પણ છે. પણ અરહંત ભગવંતોને તે તેમ કરી શકે નહિ, માત્ર પરિતાપના કરી શકે.

તો હે આનંદ ! તું જા, અને ગૌતમ આદિ શ્રમણ નિર્ગ્રંથોને આ વાત કહે "હે આર્યો ! તમે કોઈ ગોશાલ મંખલિપુત્રને [તેના માનેલા ધર્મથી] વિપરીત ઉપદેશ ન આપશો. ધાર્મિક [સિદ્ધાંતોનું] સ્મરણ ન કરાવશો, ધર્મની બાબતમાં તેનો તીરસ્કાર ન કરશો. ગોશાલ મંખલિપુત્ર મિથ્યા (શ્રમણ નિર્ગ્રંથોથી વિરુદ્ધ) સિદ્ધાંતોને માનવા લાગ્યો છે."

**ભ. મહાવીર સૂચિત ગોશાલ પ્રતિકાર નિષેધ—**

૭૬. ત્યારે તે આનંદ સ્થવિરે શ્રમણ ભગવાન મહાવીર દ્વારા આમ કહેવાતાંની સાથે ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને જ્યાં ગૌતમ આદિ શ્રમણ નિર્ગ્રંથો હતાં ત્યાં ગયા, જઈને ગૌતમ આદિ શ્રમણ નિર્ગ્રંથોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે આર્યો ! એમ બન્યું કે છઠ્ઠ-ક્ષમણના પારણા નિમિત્તે શ્રમણ ભગવાન મહાવીરની અનુજ્ઞા લઈને હું શ્રાવસ્તી નગરીના ઉચ્ચનીચ તે બધું જ પૂર્વવત્ કહેવું યાવત્-જ્ઞાતપુત્ર (મહાવીર)ને આ વાત કહે છે ત્યાં સુધી... તો હે આર્યો ! તમે કોઈ ગોશાલક મંખલિપુત્રને તેના ધર્મ વિરુદ્ધ કંઈ કહેશો નહિ યાવત્ તે મિથ્યા સિદ્ધાંતોને માનવા લાગ્યો છે.

**ગોશાલ દ્વારા ભગવાન પ્રતિ આક્રોશપૂર્વક સ્વસિદ્ધાન્ત નિરૂપણ—**

૭૭. જેટલામાં આનંદ સ્થવિર ગૌતમ આદિ શ્રમણ નિર્ગ્રંથોને આ વાત કહી રહ્યા હતા તેટલામાં જ તે ગોશાલ મંખલિપુત્ર હાલાહલા કુંભારણની હાટમાંથી નીકળ્યો, નીકળીને આજીવિક સંઘથી વીંટળાઈને ખૂબ ક્રોધને વહન કરતો, તરત જ વેગપૂર્વક યાવત્ શ્રાવસ્તી નગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યો', નીકળીને જ્યાં કોષ્ઠક ચૈત્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા, ત્યાં આવી પહોંચ્યો, આવીને શ્રમણ ભગવાન મહાવીરથી થોડે દૂર ઊભો રહીને શ્રમણ ભગવાન મહાવીરને આમ કહેવા લાગ્યો—"હે આયુષ્યમાન કાશ્યપ! તમે ખરું બોલી રહ્યા છો, તમે ભલું બોલી રહ્યા છો કે "ગોશાલક મંખલિપુત્ર મારો ધર્મઅંતેવાસી (ધર્માનુયાયી) છે, ગોશાલક મંખલિપુત્ર મારો ધર્મઅંતેવાસી છે!"

જે તમારો ધર્મઅંતવાસી તે મંખલિપુત્ર તો પવિત્ર અને શુકલ લેશ્યાવાળો થઈ મૃત્યુ સમયે મૃત્યુ પામી બીજા કોઈ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયો છે. હું તો ઉદાયી કૌંડચાયન છું. અર્જુન ગૌતમપુત્રનું શરીર છોડીને હું ગોશાલ મંખલિપુત્રના શરીરમાં પ્રવેશ્યો છું. આ રીતે આ તો મારો સાતમો પ્રવૃત્ત-પરિહાર (શરીરાન્તર) છે.

હે આયુષ્યમાન કાશ્યપ! અમારા સિદ્ધાંતમાં જે કોઈ સિદ્ધ થાય છે કે સિદ્ધ થશે તે સર્વે ચોરાશી લાખ મહાકલ્પ, સાત દિવ્ય (ભવ), સાત મનુષ્યાદિ (ભવ), સાત પ્રવૃત્ત-પરિહાર (શરીરાંતર-પ્રવેશ) કરીને પાંચ લાખ સાઠ હજાર છસો ત્રણ કર્માંશોને અનુક્રમથી ખપાવીને ત્યાર પછી સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણ પામે છે અથવા એ રીતે એણે સર્વ દુઃખોનો અંત કર્યો છે, કરી રહેલ છે, અથવા કરશે.

જેવી રીતે ગંગા મહાનદી જ્યાંથી નીકળીને જ્યાં સમાપ્ત થઈ તે (વચ્ચેનો) માર્ગ પાંચસો યોજન લાંબો, અર્ધયોજન પહોળો અને પાંચસો ધનુષ ઊંડો (એ પ્રમાણનો છે), એવા એક ગંગા પ્રમાણવાળી સાત ગંગાઓ એકઠી થાય ત્યારે એક મહાગંગા બને, સાત મહાગંગા બરાબર એક સાદીન- ગંગા બને, સાત સાદીનગંગા બરાબર એક લોહિત ગંગા, સાત લોહિત ગંગા બરાબર એક આવંતી ગંગા, સાત આવંતી ગંગા બરાબર એક પરમાવંતી ગંગા–એવી રીતે પૂર્વાપર થઈને એક લાખ સત્તર હજાર છસો અને ઓગણ-પચાસ ગંગાઓ એકઠી થાય તેમ કહેવાય છે.

તેના બે પ્રકારના કાળ–પ્રમાણ કહેવાય છે. તે આ પ્રમાણે : સૂક્ષ્મ આકૃતિવાળું શરીર જેનું બન્યું છે તે અને સ્થૂળ આકૃતિ વાળું.

ત્યાં જે સૂક્ષ્મ આકૃતિવાળું છે તેને રહેવા દો. પછી જે સ્થૂળ આકૃતિવાળું છે તેમાંથી સો સો વર્ષ જતાં એક એક ગંગાનો કણ (કંકર) લઈ લેતાં જેટલા કાળમાં તે કોઠો (ખાડો) ક્ષીણ થાય, રજ વગરનો, નિર્લેપ થાય, સમાપ્ત થાય તે સર પ્રમાણ છે.

આવા સરપ્રમાણના ત્રણ લાખ સર બરાબર એક મહાકલ્પ, ચોરાશી લાખ મહાકલ્પ બરાબર એક મહામાનસ.

અનંત જીવનિકાયમાંથી જીવ ચ્યવિત થઈને ઉપરના માનસ સંયૂથમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. તે ત્યાં દિવ્ય ભોગો–ઉપભોગો ભોગવતો વિહરે છે.

તે દેવલોકમાંથી આયુષ્યનો ક્ષય, સ્થિતિ-ક્ષય અને કર્મ-ક્ષય થવાથી પછી ચ્યવિત થઈને પ્રથમ સંજ્ઞિગર્ભ પંચેન્દ્રિય તરીકે ઉત્પન્ન થાય છે. પછી તે ત્યાંથી ગત્યંતર કરીને મધ્યમ માનસ-સંયૂથના દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

તે ત્યાં દિવ્ય ભોગો–ઉપભોગો યાવત્ વિહરીને તે દેવલોકમાંથી આયુષ્ય આદિ ક્ષય થતાં યાવત્ ચ્યવિત થઈને દ્વિતીય સંજ્ઞિગર્ભ (પંચેન્દ્રિય મનુષ્ય) તરીકે ઉત્પન્ન થાય છે. પછી તે ત્યાંથી મૃત્યુ પામીને નીચેના માનસ સંયૂથ દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

તે ત્યાં દિવ્ય યાવત્ ચ્યવિત થઈને ત્રીજા સંજ્ઞિગર્ભ જીવરૂપે ઉત્પન્ન થાય છે. તે ત્યાંથી યાવત્ મરીને ઉપરના મનુષ્યોત્તર સંયૂથદેવ રૂપે ઉત્પન્ન થાય છે.

તે ત્યાં દિવ્ય ભોગો યાવત્ ચ્યવિત થઈને ચોથા સંજ્ઞિગર્ભ જીવ રૂપે ઉત્પન્ન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી તે ત્યાંથી મરીને મધ્યમ માનુષોત્તર સંયૂથ દેવ રૂપે ઉત્પન્ન થાય છે. તે ત્યાં દિવ્ય ભોગ યાવત્ ચ્યવિત થઈને પાંચમાં સંજ્ઞિગર્ભ જીવ રૂપે ઉત્પન્ન થાય છે.

પછી તે ત્યાંથી મરીને નીચેના માનુષોત્તર સંયૂથ દેવ તરીકે ઉત્પન્ન થાય છે. તે ત્યાં દિવ્ય ભોગો યાવત્ ચ્યવિત થઈને છઠ્ઠા સંજ્ઞિગર્ભ જીવ રૂપે ઉત્પન્નં થાય છે.

પછી તે ત્યાંથી મરીને બ્રહ્મલોક નામે જે કલ્પ કહેવાય છે, જેની પૂર્વ અને પશ્ચિમ લંબાઈ છે, ઉત્તર અને દક્ષિણ પહોળાઈ છે, જે રીતે સ્થાન-પદ (પ્રજ્ઞાપના સૂત્રના સ્થાનપદ નામનું દ્વિતીય પ્રકરણ)માં યાવત્ પાંચ વિમાનો કહ્યાં છે તે આ પ્રમાણે : અશોકાવતંસક યાવત્ પ્રતિરૂપ. તે ત્યાં દેવ રૂપે ઉત્પન્ન થાય છે. તે ત્યાં દશ સાગરોપમ દિવ્ય ભોગ યાવત્ ચ્યવિત થઈને સાતમા સંજ્ઞિગર્ભ જીવ રૂપે ઉત્પન્ન થાય છે.

તે ત્યાં નવ માસ પૂરા કરીને સાડા આઠ દિવસ યાવત્ વીત્યા પછી સુકોમળ, ભદ્ર (સૌમ્ય), મૃદુ અને કુંડળ જેવા વાંકડીયાવાળ વાળો, જેના કાનનું આભૂષણ ગાલને સ્પર્શ કરતું હતું તેવો અને દેવકુમાર જેવી કાંતિવાળો બાળક જન્મે છે.

હે કાશ્યપ ! તે હું છું—હે આયુષ્યમાન કશ્યપ ! ત્યારે મેં કૌમાર્ય– પ્રવ્રજ્યાથી અને કૌમાર્યથી જ બ્રહ્મચર્ય વાસમાં જ બુદ્ધિ અવિકૃત હતી ત્યારે જ પ્રવ્રજ્યા ગ્રહણ કરીને સાત પ્રવૃત પરિહાર કર્યા હતા– તે આ પ્રમાણે–૧. એણેયક, ૨. મલ્લરામ, ૩. મંડિક, ૪. રોહ, ૫. ભારદ્વાજ, ૬. ગૌતમ પુત્ર અર્જુન અને ૭. મંખલિપુત્ર ગોશાલક.

તેમાં પહેલા પ્રવૃત્ત-પરિહારમાં રાજગૃહ નગરની બહાર મંડિકુક્ષિ નામે ચૈત્યમાં કૌંડયાયન ઉદાયીનું શરીર મેં છોડયું, છોડીને એણેયકના શરીરમાં પ્રવેશ કર્યો, પ્રવેશીને બાવીસ વર્ષ સુધી પ્રવૃત્ત પરિહારમાં રહ્યો.

જે બીજો પ્રવૃત્ત પરિહાર તે ઉદ્દંડપુરનગરની બહાર ચંદ્રાવતરણ ચૈત્યમાં એણેયકનું શરીર મેં છોડયું, છોડીને મલ્લરામના શરીરમાં હું પ્રવેશ્યો, પ્રવેશીને એકવીસ વર્ષ સુધી બીજા પ્રવૃત્ત પરિહારમાં રહ્યો.

ત્રીજા પ્રવૃત્ત-પરિહારમાં ચંપા નગરીની બહાર અંગમંદિર ચૈત્યમાં મલ્લરામનું શરીર મેં છોડયું, છોડીને મંડિકના શરીરમાં હું પ્રવેશ્યો પ્રવેશીને વીસ વર્ષ ત્રીજા પ્રવૃત્ત પરિહારમાં રહ્યો.

ચોથા પ્રવૃત્તપરિહારમાં વારાણસી નગરીની બહાર કામમહાવન ચૈત્યમાં મંડિકના શરીરને મેં છોડયું, છોડીને રોહના શરીરમાં પ્રવેશ્યો, પ્રવેશીને ઓગણીસ વર્ષ ચોથા પ્રવૃત્તપરિહારમાં રહ્યો.

પાંચમા પ્રવૃત્તપરિહારમાં આલભિકા નગરીની બહાર પ્રાપ્તકાલ નામના ચૈત્યમાં રોહકના શરીરને છોડયું, છોડીને ભારદ્વાજના શરીરમાં હું પ્રવેશ્યો, પ્રવેશીને અઢાર વર્ષ સુધી પાંચમા પ્રવૃત્તપરિહારમાંરહ્યો.

છઠ્ઠા પ્રવૃત્તપરિહારમાં વૈશાલીનગરીની બહાર કૌંડયાયન નામના ચૈત્યમાં ભારદ્વાજના શરીરને મેં છોડયું, છોડીને ગૌતમપુત્ર અર્જુનના શરીરમાં હું પ્રવેશ્યો, પ્રવેશીને સત્તર વર્ષ સુધી છઠ્ઠા પ્રવૃત્ત પરિહારમાં રહ્યો.

સાતમા પ્રવૃત્તપરિહારમાં આ શ્રાવસ્તી નગરીમાં હાલાહલા કુંભારણની હાટમાં ગૌતમપુત્ર અર્જુનના શરીર ને મેં છોડયું, છોડીને મંખલિપુત્ર ગોશાલકનું શરીર સ્થિર, ધ્રુવ, ધારણ કરવા યોગ્ય, શીત સહન કરનાર, ઉષ્ણતા સહન કરનાર, ક્ષુધા સહન કરનાર, ડાંસ-મચ્છર આદિ વિવિધ પરિષહ અને ઉપસર્ગોને સહન કરનાર છે, તેમ સમજી તેનામાં હું પ્રવેશ્યો, પ્રવેશીને સોળ વર્ષ સુધી સાતમા પ્રવૃત્ત-પરિહારમાં રહ્યો.

આ રીતે હે આયુષ્યમાન કાશ્યપ ! મેં એકસો તેત્રીસ વર્ષમાં સાત પ્રવૃત્ત-પરિહાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યા. તો ઠીક છે આયુષ્યમાન કાશ્યપ ! તમે મને આમ કહો છો. ખરું છે આયુષ્યમાન કાશ્યપ ! કે તમે મારા માટે આમ બોલો છો કે "ગોશાલક મંખલિપુત્ર મારો ધર્માનુયાયી છે!"

**ભગવાન દ્વારા ગોશાલકના વચનનો પ્રતિવાદ—**

૭૮. ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે ગોશાલક મંખલિપુત્રને આ પ્રમાણે કહ્યું—'હે ગોશાલક ! કોઈ એક ચોર હોય અને તે ગ્રામીણ લોકો દ્વારા પરાભવ પામતો પામતો [પકડાઈ જવાની બીકે] ક્યાંક (કોઈક સ્થળે) ખાડો અથવા ગુફા અથવા દુર્ગ (ઊંચી જગ્યા), નીચી જગ્યા વા પર્વત અથવા વિષમ (જગ્યા) ન મળતાં એક મોટા ઊનના પુમડાથી, શણના પુમડાથી અથવા કપાસના પુમડાથી અથવા ઘાસથી પોતાની જાતને સંતાડીને રહે, તે ત્યારે ન ઢંકાયેલો હોય છતાં પોતાની જાતને સંતાયેલી માને છે, ન છુપાયેલો હોવા છતાં છુપાયેલો માને છે, ન નાસી ગયેલો હોવા છતાં નાસી ગયેલો માને છે. એ જ રીતે તું પણ ગોશાલા ! તું બીજો ન હોવા છતાં તારી જાતને બીજો દર્શાવે છે. તો એમ ન કર ગોશાલા ! તને એ યોગ્ય નથી. ગોશાલા ! તારી આ તે જ છાયા છે બીજી નહિ (તું તે જ છે બીજો નહીં).

**ભગવાન પ્રતિ ગોશાલકનો પુનઃ આક્રોશ—**

૭૯. ત્યારે તે ગોશાલ મંખલિપુત્ર શ્રમણ ભગવાન મહાવીર દ્વારા આવું કહેવાતાંની સાથે જ ગુસ્સે થઈને યાવત્ શ્રમણ ભગવાન મહાવીરને ઊંચે ઊંચેથી અને હલકી આક્રોશણાથી કોસવા લાગ્યો, ભારે નિંદક શબ્દોથી નિંદવા લાગ્યો, હળવા-ભારે શબ્દોથી તેમની નિર્ભર્ત્સના કરવા લાગ્યો, હલકટ શબ્દોથી નવાજવા લાગ્યો, આ પ્રમાણે કહેવા લાગ્યો, "તું કદાચિત નષ્ટ થયો છે, કદાચિત વિનષ્ટ થયો છે, કદાચિત ભ્રષ્ટ થયો છે. આજે તું નહિ હોય (હતો ન હતો થઈ જઈશ). મારાથી તને (આજ) સુખ નથી."

**ગોશાલક દ્વારા સર્વાનુભૂત મુનિનું ભસ્મ-રાશિ કરણ—**

૮૦. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી, પૂર્વજનપદના રહેવાસી સર્વાનુભૂતિ નામના અનગાર (મુનિ) હતા. તે પ્રકૃતિથી ભદ્ર યાવત્ વિનીત હતા. ધર્માચાર્ય પ્રતિના અનુરાગથી ગોશાલકની આવી વાતમાં વિશ્વાસ ન કરતાં ઊઠીને ઊભા થયા, ઊભા થઈને જ્યાં ગોશાલક મંખલિપુત્ર હતો ત્યાં આવ્યા, આવીને ગોશાલ મંખલિપુત્રને આ પ્રમાણે કહેવા લાગ્યા; "જે કોઈ પણ, હે ગોશાલ ! તથારૂપ (આર્ય પુરુષ) શ્રમણ કે બ્રાહ્મણ પાસેથી એક પણ ધાર્મિક સુવચન સાંભળે છે, તે પણ તેમને વંદન કરે છે, નમન કરે છે યાવત્ કલ્યાણરૂપ મંગલરૂપ દેવતારૂપ ચૈત્યરૂપ (એવા ગુરુ)ની પર્યુપાસના કરે છે (સેવા કરે છે). તો પછી હે ગોશાલ ! તને તો ભગવાને જ દિક્ષા આપી છે, ભગવાને જ મુંડિત બનાવ્યો, ભગવાને જ વ્રતાદિ આપ્યાં, ભગવાને જ શિક્ષણ આપ્યું, ભગવાને જ બહુશ્રુત કર્યો, અને છતાં ભગવાન-ની જ વિરુદ્ધ જાય છે ? તો હે ગોશાલ ! એમ ન કર. હે ગોશાલ ! તને એ ઘટતું નથી. તારી આ તે જ છાયા છે, બીજી નહિ."

૮૧. ત્યારે સર્વાનુભૂતિ અનગાર દ્વારા આમ જ તે કહેવાતાં ગોશાલક મંખલિપુત્ર ગુસ્સે થયો યાવત્ સર્વાનુભૂતિ અનગારને તપના તેજથી કૂટાઘાતની જેમ એક જ ઘાતથી તેણે ભસ્મરાશિ કરી દીધા.

ત્યારે તે ગોશાલ મંખલિપુત્ર સર્વાનુભૂતિ અનગારને તપના તેજથી કૂટાઘાતની જેમ એક આઘાતથી ભસ્મરાશિ કરીને ફરીથી શ્રમણ ભગવાન મહાવીરને હલકા ભારે શબ્દો દ્વારા નિંદવા લાગ્યો યાવત્..."સુખ નથી."

**ગોશાલક દ્વારા સુનક્ષત્ર મુનિનું પરિતાપન—**

૮૨. તે કાળે તે સમયે ભગવાન મહાવીરના અંતે-વાસી કોશલ જનપદના નિવાસી સુનક્ષત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામે અનગાર, પ્રકૃતિથી ભદ્ર યાવત્ વિનીત એવા હતા. ધર્માચાર્યના અનુરાગથી જેવી રીતે સર્વાનુભૂતિ તેવી જ રીતે તેઓ (ગોશાલકને કહેવા લાગ્યા)–યાવત્... "તે જ તારી છાયા છે, બીજી નહિ."

ત્યારે તે ગોશાલ મંખલિપુત્રે સુનક્ષત્ર અનગાર દ્વારા આ પ્રમાણે કહેવાતાંની સાથે જ ગુસ્સે થઈને યાવત્ સુનક્ષત્ર અનગારને તપના તેજથી પીડા પહોંચાડી.

ત્યારે ગોશાલ મંખલિપુત્ર દ્વારા તપના તેજથી પીડાતા તે સુનક્ષત્ર તરત જ જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ વાર વંદન નમન કર્યું, વંદન- નમન કરીને પોતાની જાતે જ પાંચ મહાવ્રતનો ઉચ્ચાર કર્યો, ઉચ્ચાર કરીને શ્રમણ અને શ્રમણીઓની ક્ષમાયાચના કરી, આલોચના અને પ્રતિક્રમણ કરીને, સમાધિ પામીને ક્રમે કાળધર્મ પામ્યા.

**ગોશાલકને ભગવાન દ્વારા શીખામણ અને પ્રતિકુદ્ધ ગોશાલક દ્વારા મુક્ત તેજોલેશ્યા વડે પોતાનું જ અનુદહન—**

૮૩. ત્યારે તે ગોશાલ મંખલિપુત્રે સુનક્ષત્ર અનગારને તપના તેજથી પરિતાપ આપીને ત્રીજીવાર ફરીથી ભગવાન મહાવીરની હલકા ભારે શબ્દોથી નિંદા કરી–બધું પૂર્વવત્ કહેવું–યાવત્..."સુખ નથી."

તે સમયે શ્રમણ ભગવાન મહાવીર ગોશાલ મંખલિપુત્રને આમ કહેવા લાગ્યા– 'હે ગોશાલ! જે કોઈ તેવા પ્રકારના શ્રમણ કે બ્રાહ્મણની યાવત્ પર્યુપાસના કરે છે ત્યારે તું હે ગોશાલ! મારા દ્વારા જ દીક્ષિત થયેલો યાવત્ મારા દ્વારા જ બહુશ્રુત બનાવાયો હોવા છતાં મારી વિરુદ્ધ જાય છે. તો હે ગોશાલ! એમ ના કર. યાવત્–તારી એ જ છાયા છે બીજી નહી"

ત્યારે ભગવાન મહાવીર દ્વારા આ પ્રમાણે કહેવાતાંની સાથે જ ગોશાલ મંખલિપુત્રે ગુસ્સે થઈને–યાવત્ તેજસ્ સમુદ્ઘાત કર્યો, સાત-આઠ ડગલાં તે પાછો હઠચો, પાછો હઠીને તેણે શ્રમણ ભગવાન મહાવીરના વધને માટે શરીરમાંથી તેજ બહાર કાઢયું. જેવી રીતે કોઈ આંધી, ચક્રવાત હોય અને તે પર્વત દ્વારા અથવા ભીંત દ્વારા કે સ્તંભ દ્વારા કે સ્તૂપ દ્વારા અટકાવાય કે નિવારણ કરાય અને તે આંધી તેવી રીતે ત્યાંથી આગળ ચાલતી નથી કે ખસતી નથી એમ જ ગોશાલ મંખલિપુત્રનું તપ અને તેજ ભગવાન મહાવીરના વધને માટે પોતાના શરીરમાંથી નીકળતાંની સાથે જ આગળ ન વધ્યું, ન ખસ્યું પણ ગમનાગમન કરવા લાગ્યું, આદક્ષિણા–પ્રદક્ષિણા કરવા લાગ્યું, તેમ કરીને ઊર્ધ્વ આકાશમાં ઊડયું, ત્યાંથી તે પાછું પડીને, પાછું વળીને તરત જ તે ગોશાલક મંખલિપુત્રના શરીરને દઝાડતું અંદર પ્રવેશી ગયું.

**ગોશાલક અને મહાવીર દ્વારા પરસ્પરની મરણ-કાળ મર્યાદાનું નિરૂપણ—**

૮૪. ત્યારે તે ગોશાલ મંખલિપુત્ર પોતાના તેજથી આક્રાંત થઈને શ્રમણ ભગવાન મહાવીરને આ પ્રમાણે કહેવા લાગ્યો: "આયુષ્માન કાશ્યપ! તું મારા તપના તેજથી આક્રાંત થઈને છ માસના અંતે પિત્તજ્વરથી વ્યાપ્ત શરીરવાળો થઈને, દાહની પીડાથી છદ્મસ્થાવસ્થામાં જ કાળ કરીશ."

ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે ગોશાલ મંખલિપુત્રને આ પ્રમાણે કહ્યું–"હે ગોશાલ! તારા તપના તેજથી આક્રાંત થઈને હું છ મહિનાની અંદર યાવત્ ખરેખર કાળ નહિ કરું, હું તો બીજાં સોળ વર્ષ સુધી જિન રૂપે સુખપૂર્વક વિહાર કરીશ. પણ તું ગોશાલ! પોતાના તેજથી આક્રાંત થઈને સાત રાતની અંદર જ શરીરમાં પિત્તજ્વર પેદા થતાં યાવત્ છદ્મસ્થાવસ્થામાં જ કાળ કરીશ."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રાવસ્તીમાં જનપ્રવાદ—**

૮૫. ત્યારે શ્રાવસ્તી નગરીમાં ત્રિભેટે યાવત્ માર્ગોમાં ઘણા લોકો અન્યોન્ય આ પ્રમાણે બોલવા લાગ્યા–યાવત્ આમ કહેવા લાગ્યા–"અરે દેવાનુપ્રિય! શ્રાવસ્તી નગરીની બહાર કોષ્ઠક ચૈત્યની અંદર બંને જિનો વાદવિવાદ કરી રહ્યા છે, એક કહે છે પહેલાં તું કાળ કરીશ, એક કહે છે તું પહેલાં કાળ કરીશ. તો તેમાં કોણ સત્યવાદી અને વળી કોણ મિથ્યાવાદી હશે?"

ત્યારે તેમાં જે અગ્રણી માણસ હતો તે આમ કહેતો હતો–"શ્રમણ ભગવાન મહાવીર સત્યવાદી છે, ગોશાલ મંખલિપુત્ર મિથ્યાવાદી છે."

**ભગવાન દ્વારા આદેશ થતાં નિર્ગ્રન્થો દ્વારા ગોશાલકની પ્રતિચોદના—**

૮૬. 'આર્યો!' એ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને બોલાવીને આમ કહ્યું–"આર્યો! જેમ કોઈ તૃણનો ઢગલો હોય અથવા કાષ્ઠનો ઢગલો હોય અથવા પાંદડાનો ઢગલો હોય અથવા ..લનો ઢગલો હોય અથવા ફોતરાંનો ઢગલો હોય અથવા ભુંસાનો ઢગલો હોય અથવા છાણાનો ઢગલો હોય અથવા કચરાનો ઢગલો હોય તે (જેમ) અગ્નિથી સળગીને, અગ્નિથી બળીને, અગ્નિથી પરિણામિત થઈને હતતેજ, ગતતેજ, નષ્ટતેજ, ભ્રષ્ટતેજ, લુપ્તતેજ, વિનિષ્ટતેજ (બને) યાવત્ એ જ પ્રમાણે ગોશાલક મંખલિપુત્ર મારા વધને માટે શરીરમાંથી તેજ કાઢીને હતતેજ, ગતતેજ યાવત્ વિનષ્ટતેજ બની ગયો છે. તો હે આર્યો! તમે ખુશીથી, ઈચ્છાપૂર્વક ગોશાલક મંખલિપુત્રને એના ધર્મથી વિરુદ્ધ ધર્મની પ્રેરણા આપો, એના ધર્મથી વિરુદ્ધ ધર્મનું સ્મરણ કરાવો, એના ધર્મનો પ્રતિકાર કરો. એમ કરીને અર્થથી, હેતુથી, પ્રશ્નોથી, વ્યાકરણથી, દલીલોથી તેને નિરુત્તર બનાવી દો."

ત્યારે શ્રમણ ભગવાન મહાવીર દ્વારા આ પ્રમાણે કહેવાતાંની સાથે તે શ્રમણ નિર્ગ્રંથોએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન કર્યું, નમન કર્યું, જ્યાં ગોશાલક મંખલિપુત્ર હતો ત્યાં પહોંચ્યા, જઈને ગોશાલક મંખલિપુત્રને તેના ધર્મ વિરુદ્ધ ઉપદેશ આપવા લાગ્યા, તેના ધર્મ વિરુદ્ધ સ્મરણ કરાવવા લાગ્યા, ધર્મ વિરુદ્ધ પ્રતિકાર કરવા લાગ્યા, એમ કરીને અર્થથી, હેતુથી અને કારણોથી યાવત્ નિરુત્તર કર્યો.

ત્યારે તે ગોશાલ મંખલિપુત્ર શ્રમણ નિર્ગ્રંથો દ્વારા વિરુદ્ધ ધાર્મિક ઉપદેશથી નિરુત્તર કરાતાં ગુસ્સે થયો યાવત્ ક્રોધાયમાન થયો, પરંતુ શ્રમણ નિર્ગ્રંથોના શરીરને બાધા કે પીડા પહોંચાડવામાં, અંગછેદ કરવામાં સમર્થ ન બન્યો.

**ગોશાલકના સંઘમાં ભેદ—**

૮૭. ત્યારે તે આજીવિક સ્થવિરોએ ગોશાલ મંખલિપુત્રને શ્રમણ નિર્ગ્રંથો દ્વારા તેના ધર્મથી વિરુદ્ધ ધર્મમાં પ્રેરાતો, તેના ધર્મથી વિરુદ્ધ ધર્મનું સ્મરણ કરાવાતો, તેના ધર્મનો પ્રતિકાર કરાતો અને અર્થથી, હેતુથી યાવત્ (નિરુત્તર) કરાતો અને તેથી ક્રોધાયમાન યાવત્ ગુસ્સે થતો છતાં શ્રમણ નિર્ગ્રંથોના શરીરને કોઈ બાધા કે પીડા કે અંગચ્છેદ ન કરી શકતો જોયો. તે જોઈને તેઓ ગોશાલ મંખલિપુત્રથી છૂટા પડી ચાલી નીકળ્યા, નીકળીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર પ્રદક્ષિણા કરી, વંદન નમન કરીને શ્રમણ ભગવાન મહાવીરનો આશ્રય લઈને (અંતેવાસી બનીને) રહેવા લાગ્યા.

પણ કેટલાક આજીવિક સ્થવિરો ગોશાલ મંખલિપુત્રના આશ્રયે જ રહેવા લાગ્યા.

**અંગદાહના કારણે ગોશાલકની મદ્યપાન આદિ ચેષ્ટાઓ—**

૮૮. ત્યારે તે ગોશાલ મંખલિપુત્ર જે કામ માટે શીઘ્ર આવ્યો હતો તે કાર્ય ન સધાતાં દિશાઓ જોતો, દીર્ઘ અને ઉષ્ણ નિશ્વાસ નાખતો, દાઢીના વાળ ખેંચતો, ગરદન ખંજવાળતો, સાથળને થાપટ મારતો, હાથ હલાવતો, બંને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પગથી જમીનને ઠોકતો, 'હા હા અરે ! હું મરી ગયો.' એમ કરી શ્રમણ ભગવાન મહાવીર પાસેથી, કોષ્ઠક ચૈત્યમાંથી, પાછો ફર્યો, નીકળીને જ્યાં શ્રાવસ્તી નગરી હતી, જ્યાં હાલાહલા કુંભારણની હાટ હતી ત્યાં આવ્યો, આવીને હાલાહલા કુંભારણની હાટમાં કેરીની ગોટલી હાથમાં લઈને, મદ્યપાન કરતો, વારંવાર ગાતો, વારંવાર નાચતો, ઘડી ઘડી હાલાહલા કુંભારણને પગે લાગતો, કુંભારના પાણીના પાત્રમાંથી માટીથી ભીંજાયેલા શીતળ પાણીનું ગાત્રો ઉપર સિંચન કરતો રહેવા લાગ્યો.

**ભગવાન દ્વારા ગોશાલકની તેજોલેશ્યાના સામર્થ્ય અને તેના સિદ્ધાન્ત વિશે નિરૂપણ—**

૮૯. 'આર્યો' (એમ સંબોધન કરીને) શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને આમંત્રીને આ પ્રમાણે કહ્યું-'હે આર્યો ! ગોશાલ મંખલિપુત્રે મારા વધ માટે શરીરમાંથી જેટલું તેજ કાઢ્યું હતું તે ૧૬ જનપદો—તે આ પ્રમાણે : (૧) અંગ (૨) મગધ (૩) બંગ (૪) મલય (૫) માલવ (૬) અચ્છ (૭) વત્સ (૮) કૌત્સ (૯) પાટ (૧૦) લાટ (૧૧) વજ્જ (૧૨) મૌલી (૧૩) કાશી (૧૪) કોશલ (૧૫) અબાધ અને (૧૬) સંભુત્તર—ના ઘાત માટે, વધ માટે, ઉચ્છેદન માટે, ભસ્મ કરવા માટે પર્યાપ્ત હતું, પૂરતું હતું.

અને હે આર્યો ! ગોશાલ મંખલિપુત્ર હાલાહલા કુંભારણની દુકાનમાં આંબાની ગોટલી હાથમાં લઈને મદ્યપાન કરતો, વારંવાર યાવત્ હાથ જોડતો વિચરી રહ્યો છે, તે પોતાના પાપને ઢાંકવા માટે આ આઠ ચરમ (અંતિમ) ચિહ્નોનું નિરૂપણ કરે છે—(૧) ચરમપાન (૨) ચરમગાન (૩) ચરમ નૃત્ય (૪) ચરમ અંજલિ કર્મ (૫) ચરમ પુષ્કર સંવર્ત મહામેઘ (૬) ચરમ સેચનક ગંધહસ્તી (૭) ચરમ મહાશિલાકંટક સંગ્રામ (૮) 'હું પણ આ અવસર્પિણીના ચોવીસ તીર્થંકરોમાં અંતિમ તિર્થંકર તરીકે સિદ્ધ થઈશ યાવત્ (દુઃખોનો) અંત કરીશ' [એવી પ્રરૂપણા].

અને વળી જે ગોશાલક મંખલિપુત્ર પાત્રમાં માટીથી ભીંજાયેલા ઠંડા પાણીથી ગાત્રોને સિંચે છે તે પાપને છુપાવવા માટે આ ચાર પાનક અને ચાર અપાનકની પ્રરૂપણા કરી રહ્યો છે.

તે પાનક કયાં ?

પાનક ચાર પ્રકારના કહ્યાં છે, તે આ પ્રમાણે (૧) ગોમૂત્ર (૨) હાથથી મસળેલું (૩) તાપથી તપેલું (૪) શિલામાંથી ટપકેલું. આ પાનકો છે.

અપાનક કયાં છે ?

અપાનક ચાર પ્રકારના કહ્યાં છે, તે આ પ્રમાણે : (૧) થાળીનું પાણી (૨) ત્વચાનું પાણી (૩) સીંગનું પાણી, અને (૪) શુદ્ધ પાણી.

તે થાળીનું પાણી કોને કહેવાય ? થાળનું પાણી કે વારક (પાત્ર-વિશેષ)નું પાણી, કુંભનું પાણી અથવા કળશનું પાણી. એવું શીતળ અને આર્દ્ર પાણી હાથ વડે સ્પર્શે પણ પીવે નહિ તે સ્થાલ-પાણી કહેવાય.

તે ત્વચાપાનક કેવું હોય ?

જેમ કે આમ્રફળ અથવા અંબાડક (ફળવિશેષ) અથવા જેમ 'પ્રયોગપદ' પ્રમાણે યાવત્ બોર અથવા ટીમરું-કાચા અને અપકવ હોય અને તે મુખમાં ચગળે અથવા ચૂસે પણ તેનું પાણી ન પીવે તે ત્વચા પાનક કહેવાય.

તે સીંગનું પાનક કેવું હોય છે ?

વટાણાની સીંગ અથવા મગની સીંગ અથવા અડદની સીંગ અથવા સિંબલીની સિંગ કાચી અને તાજી હોય તે મોંમાં ચાવે અથવા વિશેષ ચાવે પણ પાણી ન પીવે તે સીંગનું પાનક.

શુદ્ધ પાનક કેવું હોય ?

છ મહિના સુધી ખાવા યોગ્ય સૂકો મેવો-ફળાદિ ખાય અને બે મહિના સુધી પૃથ્વી પર પથારી કરીને સૂવે, બે મહિના સુધી લાકડાની પથારી પર સૂવે, બે મહિના દર્ભની પથારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર સૂવે. તેને છ માસ પૂરા થતાં અંતિમ રાત્રીએ આ બે દેવો મહાઋદ્ધિવાળા યાવત્ મહા સાક્ષ્યવાળા સમીપે ઉપસ્થિત થાય છે. તે આ પ્રમાણે—પૂર્ણભદ્ર અને મણિભદ્ર. ત્યાર પછી તે દેવો શીતળ આર્દ્ર (ભીના) હાથેથી ગાત્રોને સ્પર્શ કરે છે. જે તે દેવોને અનુમોદન આપે છે તે આશીવિષપણા (અતિશીઘ્રતા)થી કર્મ બાંધે છે. અને જે તે દેવોને અનુમોદન આપતા નથી તેમના પોતાના શરીરમાં અગ્નિકાય ઉત્પન્ન થાય છે, તે પોતાના તેજથી શરીરને બાળે છે. શરીરને બાળીને પછી સિદ્ધ થાય છે યાવત્ અંત કરે છે. આ શુદ્ધ પાનક છે.

**આજીવક સ્થવિરો દ્વારા અયંપુલનું આજીવિક-ઉપાસકપણામાં સ્થિરીકરણ—**

૯૦. ત્યાં શ્રાવસ્તી નગરીમાં અયંપુલ નામે આજીવિક ઉપાસક રહેતો હતો, તે સમૃદ્ધ યાવત્ કોઈથી ગાંજ્યો ન જાય તેવો હતો, જેવી રીતે હાલાહલા યાવત્ આજીવિક સિદ્ધાંતોથી આત્માને ભાવિત કરતો તે વિહરતો હતો.

તે અયંપુલ આજીવિક ઉપાસકને કોઈ એક વાર કુટુંબજાગરણ કરતો હતો. ત્યારે મધ્યરાત્રી સમયે આ પ્રકારનો વિચાર યાવત્ ઉત્પન્ન થયો—"હલ્લા (કીટવિશેષ) કેવા આકારની કહી છે?"

પછી અયંપુલ આજીવિકને વળી બીજી વાર આવા પ્રકારનો વિચાર યાવત્ ઉત્પન્ન થયો. "ખરેખર મારા ધર્માચાર્ય ધર્મોપદેશક, ગોશાલ મંખલિપુત્ર જ્ઞાન અને દર્શન જેને ઉત્પન્ન થયાં છે યાવત્ સર્વજ્ઞ, સર્વદર્શી છે, તે અહીં જ શ્રાવસ્તી નગરીમાં હાલાહલા કુંભારણની હાટમાં આજીવિક સંઘથી ઘેરાઈને આજીવિક સિદ્ધાંતથી આત્માને ભાવિત કરતા વિહરે છે. તો મારા માટે એ યોગ્ય છે કે કાલે યાવત્ પ્રભાતે ગોશાલક મંખલિપુત્રને વંદન કરીને યાવત્ તેમની પર્યુપાસના કરીને... આવા પ્રકારનો પ્રશ્ન પૂછવો જોઈએ." એમ કરીને તેણે એ પ્રમાણે સંકલ્પ કર્યો, સંકલ્પ કરીને બીજે દિવસે યાવત્ પ્રભાતે સ્નાન કરીને યાવત્ થોડાં પણ કિમતી આભૂષણોથી શરીરને શણગારીને પોતાના ઘરેથી બહાર નીકળ્યો, નીકળીને પગે ચાલતાં ચાલતાં શ્રાવસ્તી નગરીની વચ્ચો-વચ્ચ થઈને જ્યાં હાલાહલા કુંભારણની હાટ હતી ત્યાં પહોંચ્યો, આવીને ગોશાલક મંખલિપુત્રને હાલાહલા કુંભારણની દુકાનમાં આંબાની ગોટલી હાથમાં લીધેલો યાવત્ હાથ જોડતો, શીતળ માટીથી યાવત્ ગાત્રોનું સિંચન કરતો જોયો, જોઈને લજ્જિત થઈને, શરમીંદો થઈને વિલખો થઈને, ધીરે ધીરે તે પાછો વળી ગયો. ત્યારે તે આજીવિક સ્થવિરોએ અયંપુલ આજીવિક ઉપાસકને લજ્જિત યાવત્ જતો જોયો, જોઈને તેઓ આ પ્રમાણે બોલ્યા—"અરે અયુપલ !આવ, અહીં આવ," ત્યારે તે અયંપુલ આજીવિક ઉપાસક આજીવિક સ્થવિરો દ્વારા આમ કહેવાતાંની સાથે જ્યાં આજીવિક સ્થવિરો હતા ત્યાં ગયો, જઈને આજીવિક સ્થવિરોને વંદન નમન કર્યાં, વંદન–નમન કરીને અતિ નજીક નહિ તેમ યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો. 'અયંપુલ', એમ કહી આજીવિક સ્થવિરો, અયંપુલ આજીવિક ઉપાસકને આમ કહેવા લાગ્યા–'હે અયંપુલ ! ખરેખર તેં મધ્યરાત્રી સમયે યાવત્...હલ્લા કેવા આકારની કહેવાય છે? ત્યાર પછી હે અયંપુલ ! તને...બીજીવાર પણ પૂર્વવત્ કથન યાવત્ શ્રાવસ્તિ નગરીની વચ્ચો-વચ્ચ થઈને જ્યાં હાલાહલા કુંભારણની હાટ હતી જ્યાં આ સ્થાન હતું ત્યાં તું શીઘ્ર આવ્યો."

"હે અયંપુલ ! તારા અંગેની આ વાત સાચી ?"

(અયંપુલે કહ્યું) "હા જી, સાચી."

"તો હે અયંપુલ ! તારા ધર્માચાર્ય ધર્મોપદેશક ગોશાલક મંખલિપુત્ર હાલાહલા કુંભારણની હાટમાં આંબાની ગોટલી હાથમાં લઈને યાવત્ હાથ જોડતાં વિહરે છે. તેમાં તો તે ભગવાન આ આઠ ચરમ વસ્તુઓનું નિરૂપણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે છે તે આ પ્રમાણે-ચરમપાન...યાવત્...અંત કરશે અને વળી અયંપુલ ! તારા ધર્માચાર્ય ધર્મોપદેશક ગોશાલક મંખલિપુત્ર જે શીતળ માટીથી...યાવત્...વિહરી રહ્યા છે, તેમાં તે ભગવાન આ ચાર પાનક અને ચાર અપાનકનું નિરૂપણ કરી રહ્યા છે. તે પાનક ક્યા પ્રકારનું છે ?...યાવત્...ત્યાર પછી સિદ્ધ થાય છે...યાવત્ અંત કરે છે.

તો હે અયંપુલ ! તું જા. આ જ તારા ધર્માચાર્ય ધર્મોપદેશક ગોશાલ મંખલિપુત્ર પાસે તારા આવો આ પ્રકારનો પ્રશ્ન કરજે."

૯૨. ત્યારે આજીવિક સ્થવિરો દ્વારા આ પ્રમાણે કહેવાતાંની સાથે તે અયંપુલ આજીવિક ઉપાસક હૃષ્ટ-તુષ્ટ થઈને ઊઠીને ઊભો થયો, ઊભો થઈને જ્યાં ગોશાલક મંખલિપુત્ર હતો ત્યાં જવા માટે નિર્ધાર કર્યો, ત્યારે તે આજીવિક સ્થવિરોએ ગોશાલ મંખલિપુત્રને આંબાની ગોટલી દૂર કરવા માટે છૂપી રીતે સંકેત કર્યો. ત્યારે તે ગોશાલક મંખલિપુત્રે આજીવિક સ્થવિરોનો સંકેત સમજી લીધો, સમજીને આંબાની ગોટલી એકબાજુ ફેંકી દીધી. ત્યાર પછી તે અયંપુલ આજીવિક ઉપાસક જ્યાં ગોશાલ મંખલિપુત્ર હતો ત્યાં ગયો, જઈને ગોશાલક મંખલિપુત્રની ત્રણ વાર પ્રદક્ષિણા યાવત્ પર્યુપાસના કરી. "અયંપુલ !" એમ ગોશાલ મંખલિપુત્રે અયંપુલ આજીવિકને આમ કહ્યું—"હે અયંપુલ ! તેં મધ્યરાત્રી કાલે...યાવત્ જ્યાં મારું સ્થાન છે, ત્યાં શીઘ્ર આવી પહોંચ્યો. હે અયંપુલ ! એ વાત સાચી ?" "હાજી, સાચી" "તો આ આંબાની ગોટલી નથી, કેરીની છાલ છે. હલ્લા કેવા આકારની છે ? હલ્લા વાંસના મૂળ જેવા આકારની કહેવાય છે. વીણા વગાડો હે વીરો ! વીણા વગાડો."

ત્યારે તે અયંપુલ આજીવિક ઉપાસકે ગોશાલક દ્વારા આ આવા પ્રકારના પ્રશ્નની વ્યાખ્યા થતાં હૃષ્ટ-તુષ્ટ થઈને યાવત્...આનંદિત હૃદયે ગોશાલ મંખલિપુત્રને વંદન નમન કર્યું, કરીને પ્રશ્નો પૂછ્યા, પૂછીને અર્થો જાણ્યા, અર્થો જાણીને ઊઠીને ઊભો થયો, ઊભો થઈને ગોશાલ મંખલિપુત્રને વંદનનમન કર્યાં, કરીને યાવત્ પાછો ફર્યો.

**ગોશાલક દ્વારા પોતાના મરણાન્તર નીહરણ અંગે નિર્દેશ—**

૯૪. ત્યાર પછી તે ગોશાલક મંખલિપુત્રને પોતાનું મૃત્યુ નજીક દેખાયું, તે જોઈને તેણે આજીવિક સ્થવિરોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો ! તમે મને કાળ પામેલો જાણીને સુગંધી ગંધોદકથી સ્નાન કરાવજો, સ્નાન કરાવીને સૂક્ષ્મ રૂંછાવાળા અને સુકોમળ ગંધ કષાય વસ્ત્રથી ગાત્રો લૂંછજો, લૂંછીને સરસ ગોશીર્ષ ચંદનથી ગાત્રોને લેપ કરજો, લેપ કરીને મહામૂલ્ય હંસ લક્ષણવાળા (શ્વેત) ઉપરિ વસ્ત્ર પહેરાવજો, પહેરાવીને સર્વ અલંકારથી વિભૂષિત કરજો, કરીને હજાર પુરુષો વડે વહન કરાતી પાલખીમાં બેસાડજો, બેસાડીને શ્રાવસ્તી નગરીમાં ત્રિભેટે યાવત્ માર્ગોમાં મોટા મોટા અવાજથી ઘોષણા કરતાં આ પ્રમાણે બોલજો-'અરે ઓ દેવાનુપ્રિયો ! ગોશાલ મંખલિપુત્ર, જિન શબ્દનો ઉચ્ચાર કરનારા યાવત્ જિન શબ્દને શોભાવતા વિહરીને આ અવસર્પિણીના ચોવીસ તીર્થંકરોમાં અંતિમ તીર્થંકરરૂપે સિદ્ધ થયા છે...યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થયા છે." આમ બહુવિધ રુદ્ધિ સત્કારથી મારા શરીરને કાઢી જજો.' ત્યારે તે આજીવિક સ્થવિરોએ ગોશાલક મંખલિપુત્રની આ વાત વિનયપૂર્વક સ્વીકારી.

**સમ્યક્ત્વ-પરિણામ પૂર્વક ગોશાલકનો કાળધર્મ-**

૯૫. ત્યારે તે ગોશાલક મંખલિપુત્રને સાત રાત્રી પૂરી થતાં સમ્યક્ત્વ ઉત્પન્ન થતાં આ પ્રકારનો વિચાર યાવત્ વિકલ્પ થયો-"હું ખરેખર જિન ન હોવા છતાં જિન કહેવડાવતો-યાવત્ જિન શબ્દનો પ્રકાશ કરતો ફરતો હતો. હું તો ગોશાલક મંખલિપુત્ર, શ્રમણ-ઘાતક, શ્રમણ-મારક અને શ્રમણ-વિરોધી છું. આચાર્ય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાધ્યાયનો અયશકર્તા, નિંદાકારક, અકીર્તિકારક અનેક અસદ્ભાવ ભર્યા ભાવોથી અને મિથ્યાત્વના અભિનિવેશથી પોતાની જાતને કે બીજાને કે બંનેને છેતરતો, બનાવટ કરતો વિહરીને પોતાના જ તેજથી પરાધીન થઈને સાત રાતની અંદર જ પિત્તજ્વરથી આક્રાન્ત શરીરવાળો અને દાહથી પીડાતો છદ્મસ્થાવસ્થામાં જ કાળ કરીશ. શ્રમણ ભગવાન મહાવીર જિન છે. જિન શબ્દ ઉચ્ચારનારા છે, યાવત્ જિન શબ્દનો પ્રકાશ કરતાં વિહરે છે."

તેણે એમ વિચાર કર્યો, વિચાર કરીને આજીવિક સ્થવિરોને બોલાવ્યા, બોલાવીને નાના-મોટા સોગંદ લેવડાવ્યા, સોગંદ આપીને આ પ્રમાણે કહ્યું 'ખરેખર હું જિન નથી, જિન શબ્દનો ઉચ્ચાર કરતો વિહરતો હતો, પણ હું તો ખરેખર ગોશાલ મંખલિપુત્ર શ્રમણ-ઘાતક યાવત્ છદ્મસ્થાવસ્થામાં જ કાળ કરી જઈશ. શ્રમણ ભગવાન મહાવીર જિન શબ્દનો પ્રકાશ કરતા વિહરે છે. તો હે દેવાનુપ્રિયો! તમે મને કાળ પામેલો જાણીને ડાબા પગે દોરી બાંધજો, દોરી બાંધીને ત્રણ વાર મોંમાં થૂંકજો, થૂંકીને શ્રાવસ્તી નગરીમાં ત્રિભેટે યાવત્ માર્ગમાં આમ તેમ ખેંચજો, ખેંચીને મોટા-મોટા અવાજથી આ પ્રમાણે ઘોષણા કરતાં બોલજો-"હે દેવાનુપ્રિયો! ગોશાલક મંખલિપુત્ર જિન ન હતા. જિનનો ઉચ્ચાર કરતાં યાવત્ વિહાર કરતા હતા. આ તો ગોશાલ મંખલિપુત્ર શ્રમણઘાતક યાવત્ છદ્મસ્થાવસ્થામાં જ કાળ પામ્યા છે. શ્રમણ ભગવાન મહાવીર જિન અને જિન શબ્દનો ઉચ્ચાર કરતા યાવત્ વિહરે છે." આ રીતે મોટા અપમાન અને અસત્કાર પૂર્વક મારા શરીરને કાઢી જજો.' આમ કહીને, તે કાળ પામ્યો.

**ગોશાલકના શરીરનું નિરહણ–**

૯૬. ત્યારે આજીવિક સ્થવિરોએ ગોશાલક મંખલિપુત્રને કાળ પામેલો જાણીને હાલાહલા કુંભારણની હાટના દરવાજા બંધ કર્યા, દરવાજા બંધ કરીને હાલાહલા કુંભારણની હાટમાં બરાબર વચ્ચે શ્રાવસ્તી નગરીની આકૃતિ દોરી ગોશાલક મંખલિપુત્રના ડાબા પગે દોરી બાંધી, દોરી બાંધીને ત્રણ વાર તેના મોં પર થૂંક્યા, થૂંકીને (તે ચિત્રની) શ્રાવસ્તી નગરીના ત્રિભેટે યાવત્ માર્ગોમાં ખેંચતા ખેંચતા ધીમા ધીમા અવાજથી આ પ્રમાણે ઉદ્ઘોષણા કરતા બોલ્યા "હે દેવાનુપ્રિયો! ગોશાલક મંખલિપુત્ર જિન ન હતા, જિન શબ્દનો ઉચ્ચાર કરતા યાવત્ વિહરતા હતા. આ તો ગોશાલ મંખલિપુત્ર જે શ્રમણ ઘાતક યાવત્...છદ્મસ્થાવસ્થામાં જ કાળ પામ્યા છે. શ્રમણ ભગવાન મહાવીર જ સાચા જિન છે અને જિન શબ્દનો ઉચ્ચાર કરતાં યાવત્ વિહરે છે." (આ પ્રમાણે સોગંદથી મુક્ત થયા) અને ફરી (ગોશાલકની) પૂજા અને સત્કાર સ્થિર થાય તે માટે ગોશાલક મંખલિપુત્રના ડાબા પગમાંથી દોરી છોડી, છોડીને હાલાહલા કુંભારણની હાટના બારણા ખોલી નાખ્યા, ખોલી નાંખીને ગોશાલ મંખલિપુત્રના શરીરને સુગંધિત જળ વડે સ્નાન કરાવ્યું. પૂર્વ કથન અનુસાર યાવત્ મહાન ઋદ્ધિ-સન્માન-પૂર્વક ગોશાલક મંખલિપુત્રની સ્મશાનયાત્રા કાઢી.

**ભગવાનના શરીરમાં રોગાતંક-પ્રાદુર્ભાવ–**

૯૭. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર કોઈ એક વાર શ્રાવસ્તી નગરીમાંથી કોષ્ઠક ચૈત્યમાંથી બહાર નીકળ્યાં, નીકળીને બહારના જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

તે કાળે તે સમયે મેંઢિયગામ નામે નગર હતું—વર્ણન. તે મેંઢિય ગામ નગરની બહાર ઉત્તર પૂર્વ દિશામાં (ઈશાન કોણમાં) સાલ કોષ્ઠક નામે ચૈત્ય હતું-વર્ણન-યાવત્ પૃથ્વી-શિલાપટ્ટ.

તે સાલ કોષ્ઠક ચૈત્યથી ખૂબ દૂર કે નજીક નહિ એવા સ્થળે ત્યાં એક મોટું માલુકાવન હતું, શ્યામ શ્યામછાયાવાળું યાવત્ મહામેઘ સમૂહ જેવું તે પત્ર વાળું, પુષ્પો-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાળું, ફળોવાળું અને લીલોતરીથી અતિ અતિ શોભાયમાન હતું.

ત્યાં મેંઢિયગામ નગરની અંદર રેવતી નામે ગૃહિણી રહેતી હતી. તે ધનાઢ્ય યાવત્ કોઈથી પ ગાંજી ન જાય તેવી હતી.

કોઈ એક વખત શ્રમણ ભગવાન મહાવીર ક્રમાનુસાર ફરતા ફરતા યાવત્ જ્યાં મેંઢિયગામ નગર હતું અને જ્યાં સાલ કોષ્ઠક ચૈત્ય હતું (ત્યાં આવ્યા) યાવત્ પરિષદ પાછી ફરી.

ત્યારે શ્રમણ ભગવાન મહાવીરના શરીરમાં અત્યંત રોગ-પીડા પેદા થઈ, પ્રખર યાવત્ અસહ્ય, પિત્તજ્વરની પીડાથી તેમના શરીરમાં દાહ ઉત્પન્ન થયો. અને વળી લોહીના ઝાડા પણ તેમને થયા. ચારે વર્ણના લોકો કહેવા લાગ્યા—

"ખરેખર લાગે છે કે શ્રમણ ભગવાન મહાવીર ગોશાલ મંખલિપુત્રના તપથી અને તેજથી આઘાત પામીને પિત્તજ્વરવાળા શરીરે દાહ પીડા પામીને છ મહીનાની અંદર છદ્મસ્થાવસ્થામાં જ કાળ કરશે."

**સિંહ અનગરને થયેલું માનસિક દુઃખ-**

૯૮. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી સિંહ નામે અનગાર પ્રકૃતિથી ભદ્ર યાવત્ વિનીત, માલુકા વનથી બહુ દૂર નહિ બહુ નજીક નહિ, એમ રહી છઠ્ઠ છઠ્ઠના નિરંતર તપોકર્મથી અને ઉર્ધ્વબાહુ રાખીને યાવત્ વિહાર કરતા હતા.

ત્યારે તે સિંહ અનગારને ધ્યાનની વચ્ચેના સમયમાં આ પ્રકારનો વિચાર યાવત્ મનોવિકલ્પ પેદા થયો "ખરે જ મારા ધર્માચાર્ય ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીરના શરીરમાં વિપુલ રોગપીડા પેદા થઈ છે-પ્રખર યાવત્ છદ્મસ્થાવસ્થામાં જ કાળ કરશે, અને અન્ય સંપ્રદાયના લોકો બોલશે કે 'છદ્મસ્થાવસ્થામાં જ કાળ કરી ગયા.' આવા પ્રકારના મોટા મનોદુઃખથી અભિભૂત થઈને તે આતાપના ભૂમિ પરથી નીચે ઉતર્યા, નીચે ઉતરીને જ્યાં માલુકાવન હતું ત્યાં આવ્યા, આવીને માલુકાવનની અંદર પ્રવેશ્યા, પ્રવેશીને મોટા-મોટા અવાજથી કુહુ કુહુ કરીને રડવા લાગ્યા.

**ભગવાન દ્વારા સિંહ મુનિને આશ્વાસન-**

૯૯. 'આર્યો' એમ શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું - "આર્યો ! મારા અંતેવાસી સિંહ નામના અનગાર પ્રકૃતિથી ભદ્ર યાવત્ પૂર્વવત્ કથન યાવત્ રોવા લાગ્યા. તો હે આર્યો ! તમે જાવ અને સિંહ અનગારને બોલાવી લાવો.

ત્યારે તે શ્રમણ નિર્ગ્રંથો શ્રમણ ભગવાન મહાવીરે આમ કહ્યું કે તરત જ શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમન કરીને, શ્રમણ ભગવાન મહાવીરની સમીપેથી સાલ કોષ્ઠક ચૈત્યમાંથી નીકળ્યા, નીકળીને જ્યાં માલુકાવન હતું, જ્યાં સિંહ અનગાર હતાં ત્યાં આવ્યા, આવીને સિંહ અનગારને આ પ્રમાણે કહ્યું "હે સિંહ ! ધર્માચાર્ય તમને બોલાવે છે.'

ત્યારે તે સિંહ અનગાર શ્રમણ નિર્ગ્રંથોની સાથે માલુકાવનમાંથી નીકળીને જ્યાં સાલ કોષ્ઠક ચૈત્ય હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતાં ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર પ્રદક્ષિણા કરી યાવત્ પર્યુપાસના કરી.

૧૦૦. 'સિંહ' એમ શ્રમણ ભગવાન મહાવીરે સિંહ અનગારને સંબોધી આમ કહ્યું — "સિંહ ! ધ્યાનાંતર દરમ્યાન તને આવા પ્રકારનો વિચાર થયો હતો-યાવત્ રોવા લાગ્યો હતો. તો હે સિંહ ! તે વાત સાચી ?"

"હાજી, સાચી"

"હે સિંહ ! હું ગોશાલક મંખલિપુત્રના તપ અને તેજથી આઘાત પામીને છ મહીનાની અંદર કાળ કરવાનો નથી. હું તો બીજા સોળ વરસ સુધી જિન રૂપે સુખપૂર્વક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિહાર કરીશ. તો હે સિંહ ! તું મેઢિયગ્રામ નગરમાં રેવતી ગૃહિણીને ઘેર જા. ત્યાં રેવતી ગૃહિણીએ મારા માટે બે કોળા રાંધ્યાં છે તેનું કામ નથી, પણ આગળના દિવસે એણે માર્જાર વાયુના ઉપાયરૂપ બીજોરાનો ગર્ભ રાખ્યો છે, તે લઈ આવ. તેનું કામ છે."

**સિંહ મુનિ દ્વારા રેવતી પાસેથી ઔષધ લાવવું-**

૧૦૧. ત્યારે તે સિંહ અનગારે શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું તેથી હૃષ્ટ-તુષ્ટ યાવત્ આનંદિત હૃદયવાળા બની, શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમન કરીને, શાંતિપૂર્વક, અચપળ પણે, ઉતાવળ વિના મુખવસ્ત્રિકાનું પડિલેહણ કર્યું, જેવી રીતે ગૌતમ સ્વામી યાવત્ જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતાં ત્યાં ગયા, જઈને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમન કર્યા, વંદન-નમન કરીને શ્રમણ ભગવાન મહાવીરની સમીપેથી નીકળ્યા, નીકળીને અત્વરિતપણે યાવત્ જ્યાં મેંઢિયગ્રામ નગર હતું ત્યાં આવ્યા, આવીને મેંઢિયગ્રામ નગરની વચ્ચોવચ્ચ થઈને જ્યાં રેવતી ગૃહિણીનું ઘર હતું ત્યાં આવ્યા, આવીને રેવતી ગૃહિણીના ઘરમાં પ્રવેશ્યા.

૧૦૨. ત્યારે તે રેવતી ગૃહિણીએ સિંહ અનગારને આવતા જોયા, હૃષ્ટ-તુષ્ટ...તરત જ આસનથી ઊભી થઈ, ઊભી થઈને સિંહ અનગારની સામે સાત આઠ પગલાં ચાલી, ચાલીને ત્રણ વાર આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને, વંદન-નમન કર્યા, વંદન-નમન કરીને આ પ્રમાણે કહ્યું – "હે દેવાનુપ્રિય ! કહો કે આપના આગમનનું શું પ્રયોજન છે ?" ત્યારે તે સિંહ અનગાર રેવતી ગૃહિણીને આ પ્રમાણે કહેવા લાગ્યા– "દેવાનુપ્રિયે ! શ્રમણ ભગવાન મહાવીરને માટે તેં જે બે કોળાં રાંધ્યા છે તેની જરૂર નથી. પણ ગઈ કાલનો જે બીજો માર્જાર વાયુ માટે બીજોરાનો ગર્ભ રાખેલ છે, તે લાવ, તેની જરૂર છે." ત્યારે તે રેવતી ગૃહિણીએ સિંહ અનગારને આમ કહ્યું-"હે સિંહ ! તે કેવા જ્ઞાની અને તપસ્વી છે કે જેણે મેં કોઈને જણાવેલ નથી એવી છૂપી આ વાતનું રહસ્ય તરત જ તમને કહી દીધું, કે જેથી તમે આ જાણો છો ?" ત્યારે સ્કંધક ઉદ્દેશક અનુસાર અહીં વર્ણન-યાવત્– "કે જેથી હું જાણું છું." ત્યારે તે રેવતી ગૃહિણી સિંહ અનગાર પાસથી આ વાત સાંભળી સમજીને હૃષ્ટ-તુષ્ટ બની જ્યાં રસોઈ ઘર હતું ત્યાં આવી, આવીને પાત્રો ઉઘાડયાં, પાત્રો ખોલીને જ્યાં સિંહ અનગાર હતા ત્યાં આવી, આવીને સિંહ અનગારના પાત્રમાં તે બધું સારી રીતે નાંખ્યું.

૧૦૩. ત્યારે તે રેવતી ગૃહિણીએ તે દ્રવ્યશુદ્ધ યાવત્ શુદ્ધ દાનથી સિંહ અનગારને પ્રતિલાભ્યા કે તરત જ દેવ આયુષ્ય બાંધ્યું-જેવી રીતે વિજયના વૃત્તાંતમાં–યાવત્ રેવતી ગૃહિણીનો જન્મ અને જીવન સફળ થયાં, રેવતી ગૃહિણીના જન્મ અને જીવન સફળ થયા.'

૧૦૪. ત્યાર પછી સિંહ અનગાર રેવતી ગૃહિણીના ઘેરથી પાછા ફર્યા, પાછા ફરીને મેંઢિય ગ્રામ નગરની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યા, નીકળીને– જેવી રીતે ગૌતમ સ્વામી–યાવત્–ભોજન પાન બતાવ્યા, બતાવીને શ્રમણ ભગવાન મહાવીરના હાથમાં તે સર્વ સારી રીતે મૂકયું.

**ભગવાનનું નીરોગી થવું-**

૧૦૫. ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે અમૂર્છિતપણે (તૃષ્ણારહિત પણે) યાવત્ અનાસક્તપણે, સર્પ જેમ દરમાં સરકે તેમ પોતાની જાતે તે આહારને શરીરરૂપી કોઠામાં નાખ્યો.

ત્યારે શ્રમણ ભગવાન મહાવીરને તે આહાર લેતાં જ પેલી વિપુલ રોગપીડા તરત જ શમી ગઈ. તેઓ હૃષ્ટ થયાં, નીરોગી બન્યાં, શરીરથી બળવાન બન્યા, શ્રમણો તુષ્ટ થયા, શ્રમણીઓ તુષ્ટ થઈ, શ્રાવકો તુષ્ટ થયા, શ્રાવિકાઓ તુષ્ટ થઈ, દેવો તુષ્ટ થયા, દેવીઓ તુષ્ટ થઈ, દેવ મનુષ્ય અને અસુર લોકો તુષ્ટ થયા–કે "શ્રમણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીર નીરોગી બન્યા, શ્રમણ ભગવાન મહાવીર નીરોગી બન્યા.''

**સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર મુનિઓની દેવલોકમાં ઉત્પત્તિ, તદનન્તર સિદ્ધિગમન નિરૂપણ—**

૧૦૬. 'હે ભંતે' એમ ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમન કર્યા, વંદન નમન કરીને આમ કહ્યું, "આપ દેવાનુપ્રિયના અંતેવાસી પૂર્વ દેશના રહેવાસી સર્વાનુભૂતિ નામે અનગાર જે પ્રકૃતિભદ્ર યાવત્ વિનિત હતા, હે ભગવંત! ત્યારે ગોશાલક મંખલિપુત્રે તપ અને તેજથી બાળી નાખ્યા પછી તેઓ ક્યાં ગયા? ક્યાં ઉત્પન્ન થયા?''

"હે ગૌતમ! મારા અંતેવાસી પૂર્વદેશના રહેવાસી સર્વાનુભૂતિ નામે અનગાર જે પ્રકૃતિથી ભદ્ર યાવત્ વિનીત હતા, તે ત્યારે ગોશાલક મંખલિપુત્ર દ્વારા ભસ્મીભૂત કરાયા કે તરત જ ઊંચે ચંદ્રલોક, સૂર્યલોક યાવત્ બ્રહ્મ, લાંતક અને મહાશુક્ર કલ્પો વટાવીને સહસ્રાર કલ્પમાં દેવપણામાં ઉત્પન્ન થયા. ત્યાં કેટલાંક દેવોની અઢાર સાગરોપમની સ્થિતિ (આયુષ્યકાળ) કહેવાય છે. ત્યાં સર્વાનુભૂતિ દેવની પણ અઢાર સાગરોપમની સ્થિતિ થઈ છે. તે સર્વાનુભૂતિ દેવ તે દેવલોકમાંથી આયુષ્યક્ષય થતાં, ભવક્ષય થતાં અને સ્થિતિક્ષય થતાં યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ પામશે યાવત્ અંત કરશે.''

૧૦૭. "એ જ રીતે દેવાનુપ્રિયના અંતેવાસી કૌશલ જનપદના નિવાસી સુનક્ષત્ર નામે અનગાર પ્રકૃતિથી ભદ્ર યાવત્ વિનીત હતા. હે ભગવંત! ત્યારે ગોશાલક મંખલિપુત્રના તપ અને તેજથી પરિતાપિત થઈને કાળ સમયે કાળ કરીને ક્યાં ગયા? ક્યાં ઉત્પન્ન થયાં?''

"હે ગૌતમ! મારા અંતેવાસી સુનક્ષત્ર નામે અનગાર પ્રકૃતિથી ભદ્ર યાવત્ વિનીત હતા, તે ત્યારે ગોશાલક મંખલિપુત્ર દ્વારા તપ અને તેજથી પરિતાપિત થતાં વેંત જ્યાં હું હતો ત્યાં આવ્યા, વંદન નમન કર્યા, વંદન નમન કરીને પોતાની જાતે જ પાંચ મહાવ્રતનો ઉચ્ચાર કર્યો, ઉચ્ચાર કરીને શ્રમણો અને શ્રમણીઓને ખમાવ્યાં, ખમાવીને આલોચના અને પ્રતિક્રમણ કરીને સમાધિપૂર્વક કાળ સમયે કાળ કરીને ઊંચે ચંદ્રલોક, સૂર્યલોક યાવત્ આનત, પ્રાણત, આરણ કલ્પોને વટાવીને અચ્યુત કલ્પમાં દેવ પણે ઉત્પન્ન થયા છે. ત્યાં કેટલાક દેવોની બાવીસ સાગરોપમની સ્થિતિ કહેવાય છે. ત્યાં સુનક્ષત્ર દેવની બાવીસ સાગરોપમની સ્થિતિ થઈ છે.'' બાકી બધું સર્વાનુભૂતિ પ્રમાણે યાવત્ "અંત કરશે.''

**ગોશાલક જીવની દેવલોકોત્પત્તિ—**

૧૦૮. "એ જ રીતે દેવાનુપ્રિયનો અંતેવાસી કુશિષ્ય ગોશાલ મંખલિપુત્ર નામે હતો. હે ભગવાન! તે ગોશાલક મંખલિપુત્ર કાળ સમયે કાળ કરીને ક્યાં ગયો? ક્યાં ઉત્પન્ન થયો?''

"હે ગૌતમ! મારો અંતેવાસી કુશિષ્ય ગોશાલક મંખલિપુત્ર નામે શ્રમણઘાતક યાવત્ છદ્મસ્થાવસ્થામાં જ કાળ કરીને ઊંચે ચંદ્રલોક સૂર્યલોક યાવત્ અચ્યુતકલ્પમાં દેવના રૂપે ઉત્પન્ન થયો છે. ત્યાં કેટલાક દેવોની બાવીશ સાગરોપમની સ્થિતિ કહી છે. ત્યાં ગોશાલક દેવની બાવીશ સાગરોપમની સ્થિતિ થઈ છે.''

"હે ભગવંત! તે ગોશાલક દેવ તે દેવલોકમાંથી આયુષ્ય-ક્ષય, ભવ-ક્ષય, સ્થિતિ-ક્ષય થતાં યાવત્ ક્યાં ઉત્પન્ન થશે?'' "હે ગૌતમ! અહીં જ જંબૂદ્વીપમાં, ભારત વર્ષમાં, વિંધ્યગિરિની તળેટીમાં પુંડ્ર જનપદમાં શતદ્વાર નગરમાં સંમુતિ રાજાની ભદ્રા ભાર્યાની કુક્ષિમાં પુત્ર રૂપે પાછો આવશે. ત્યાં બરાબર નવ માસ પૂરા થતાં યાવત્ વીતી જતાં યાવત્ સુંદર બાળક રૂપે જન્મશે.''

"જે રાત્રીએ તે બાળક જન્મશે તે રાત્રીએ શતદ્વાર નગરમાં અંદર અને બહાર ભાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણ અને કુંભ પ્રમાણ પદ્મ અને રત્નની વર્ષા થશે. ત્યારે તે બાળકના માતા-પિતા અગિયાર દિવસ વીતી જતાં બારમો દિવસ આવતાં આ પ્રમાણેનું ગુણવાળુ, ગુણ-નિષ્પન્ન નામ પાડશે. 'જેથી કરીને અમારા આ બાળકનો જન્મ થતાં શતદ્વાર નગરમાં અંદર અને બહાર યાવત્ પદ્મ-રત્નની વર્ષા થઈ, તેથી અમારા આ બાળકનું મહાપદ્મ એવું નામ હો.'

ત્યારે તે બાળકના માતાપિતા મહાપદ્મ એવું નામ પાડશે. ત્યાર પછી આઠ વર્ષથી કંઈક અધિક વયનો થતાં તે મહાપદ્મ બાળકને માતા-પિતા શુભ તિથિ, કરણ, દિવસ, નક્ષત્ર અને મુહૂર્તમાં મહાન રાજ્યાભિષેક ઉત્સવથી અભિષેક કરશે. તે ત્યાં મહાન હિમવંત સમાન રાજા બનશે, યાવત્ વિહરશે.

૧૧૦. ત્યારે તે મહાપદ્મ રાજાનું કોઈ એક વખત બે મહારુદ્ધિવાળા યાવત્ મહાસાક્ષ્યવાળા બે દેવો સેનાકર્મ કરશે, તે આ પ્રમાણે : પુણ્યભદ્ર અને મણિભદ્ર.

ત્યારે શતદ્વાર નગરમાં અનેક સામંતો, કોટવાળો યાવત્ સાર્થવાહ વગેરે અન્યોન્યને બોલાવશે, બોલાવીને આ પ્રમાણે કહેશે.

'જેથી કરીને હે દેવાનુપ્રિય ! આપણા મહાપદ્મ રાજાનું બે મહર્ધિક દેવો યાવત્ સેનાકર્મ કરે છે, જેમકે પૂર્ણભદ્ર અને મણિભદ્ર તેથી હે દેવાનુપ્રિયો ! આપણા મહાપદ્મ રાજાનું બીજું પણ 'દેવસેન' 'દેવસેન' એવું નામ થાઓ.' ત્યાર પછી તે રાજાનું બીજુ પણ 'દેવસેન' એવું નામ થશે.

૧૧૧. ત્યાર પછી દેવસેન રાજાને બીજી કોઈ વેળા શ્વેત શંખના તળ જેવા વિમલ વર્ણનો ચાર દાંત વાળો હસ્તિરત્ન પ્રાપ્ત થશે. ત્યારે તે દેવસેન રાજા તે શ્વેત શંખતળ સમાન વિમલ વર્ણના ચતુર્દંત હસ્તિરત્ન પર સવાર થઈને શતદ્વાર નગરની વચ્ચોવચ્ચ થઈને વારંવાર આવશે અને જશે. ત્યારે શતદ્વાર નગરમાં અનેક સામંતો યાવત્ અન્યોન્યને બોલાવશે, બોલાવીને આ પ્રમાણે કહેશે. "હે દેવાનુપ્રિયો ! જેથી કરીને આપણા દેવસેન રાજાને શ્વેતશંખતલ સમાન વિમલ વર્ણનો ચતુર્દંત હસ્તિરત્ન પ્રાપ્ત થયો છે, તેથી હે દેવાનુપ્રિયો ! આપણા દેવસેન રાજાનું ત્રીજુ વિમલવાહન વિમલવાહન, એવું નામ પણ હો' ત્યારે તે દેવસેન રાજાનું ત્રીજું પણ નામ 'વિમલવાહન' એમ પડશે.

### વિમલવાહનનું નિર્ગ્રન્થો પ્રત્યે પ્રતિકૂળ આચરણ

૧૧૨. ત્યારે તે વિમલવાહન રાજા કોઈ એક વખત શ્રમણ નિર્ગ્રંથોનો વિરોધી બની જશે. કેટલાક શ્રમણો પર તે આક્રોશ કરશે, કેટલાકનો ઉપ-હાસ કરશે, કેટલાકની અવહેલના કરશે, કેટ-લાંકની નિર્ભત્સના કરશે, કેટલાકનો અંગચ્છેદ કરશે, કેટલાકને મારી નાખશે, કેટલાકને ઉપદ્રવ કરશે, કેટલાકના વસ્ત્રો, પાત્ર, કંબલ અને પગલૂછણિયાં પડાવી લેશે, નષ્ટ કરશે, તોડી નાખશે, હરી લેશે, કેટલાકના આહારપાણીનો વ્યવહાર કાપી નાખશે, કેટલાકને નગરમાંથી નિર્વાસિત કરશે. કેટલાકને દેશમાંથી નિર્વાસિત કરશે.

ત્યારે શતદ્વારનગરમાં ઘણા સામંતો યાવત્ પરસ્પર કહેશે – 'હે દેવાનુપ્રિયો ! વિમલવાહન રાજા શ્રમણ નિર્ગ્રંથોનો વિરોધી બનીને કેટલાક પર આક્રોશ કરે છે યાવત્ દેશ-નિર્વાસિત કરે છે. તો હે દેવાનુપ્રિયો ! તે આપણા માટે સારું નથી, વિમલવાહન રાજાને માટે પણ તે સારું નથી, રાજ્યને કે રાષ્ટ્રને માટે, સેના કે દેશના માટે, વાહન માટે કે નગરને માટે કે અંતઃપુરને માટે કે જનપદ માટે આ સારું નથી, જે વિમલવાહન રાજા શ્રમણ નિર્ગ્રંથોનો વિરોધી બન્યો છે. તો હે દેવાનુપ્રિયો ! આપણા માટે શ્રેયસ્કર છે કે વિમલવાહન રાજાને આ વિષયમાં વિનંતી કરીએ.' એમ કરીને અન્યોન્યની પાસેથી આ વાત સાંભળશે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંભળીને જ્યાં વિમલવાહન રાજા હશે ત્યાં જશે, જઈને હાથ જોડીને વિમલવાહન રાજાને જય અને વિજયથી વધાવશે, વધાવીને આ પ્રમાણે કહેશે–' હે દેવાનુપ્રિય ! શ્રમણ નિર્ગ્રંથોના વિરોધી થઈને કેટલાકને આપ આક્રોશ કરો છો યાવત્ કેટલાકને નિર્વાસિત કરો છો. તો આ દેવાનુપ્રિય માટે શ્રેયસ્કર નથી. અમારા માટે પણ શ્રેયસ્કર નથી, કે રાજ્યને માટે યાવત્ જનપદને માટે શ્રેયસ્કર નથી કે દેવાનુપ્રિય શ્રમણનિર્ગ્રંથોના વિરોધી બન્યા છો. તો દેવાનુપ્રિય આ પ્રકારના અપકૃત્યથી અટકે [એવી વિનંતી].'

ત્યારે તે વિમલવાહન રાજાને અનેક સામંતો યાવત્ સાર્થવાહ વગેરે દ્વારા આવી વિનંતી થતાં 'ધર્મ નથી, તપ નથી,' એમ અવિનય પૂર્વક આ વાત સાંભળશે.

**સુમંગલ અનગાર પ્રતિ વિમલવાહન કૃત ઉપસર્ગ**

૧૧૩. તે શતદ્વાર નગરની બહાર ઉત્તર પૂર્વ દિશામાં સુભૂમિભાગ નામે ઉદ્યાન હશે–સર્વ ઋતુના પુષ્પો જેમા છે આદિ વર્ણન.

તે કાળે તે સમયે વિમલનાથ અરહંતની પરંપરાના સુમંગલ નામના અનગાર ઉચ્ચ જાતિના યાવત્ જાતિ સ્મરણજ્ઞાન સંપન્ન–જેવી રીતે ધર્મઘોષનું વર્ણન છે તેવા–યાવત્ સંક્ષિપ્ત અને વિપુલ તેજોલેશ્યાવાળા, ત્રણ જ્ઞાન વાળા, સુભૂમિભાગ ઉદ્યાનથી બહુ દૂર નહિ બહુ નજીક નહિ તેમ રહીને છઠ્ઠ છઠ્ઠના નિરંતર તપથી આતાપના લેતા વિહરશે. ત્યાર પછી કોઈ એક વાર તે વિમલવાહન રાજા રથચર્યા કરવા માટે નીકળશે.

ત્યારે તે વિમલવાહન રાજા સુભૂમિભાગ ઉદ્યાનથી બહુ દૂર કે નજીક નહિ તેવી રીતે નગર ચર્યા કરતાં સુમંગલ અનગારને છઠ્ઠ છઠ્ઠના યાવત્ આતાપના કરતાં જોશે, જોઈને ખૂબ ગુસ્સે થઈને યાવત્ રાતોપીળો થઈને સુમંગલ અનગારને રથનો અગ્રભાગ અથડાવીને પાડી દેશે.

ત્યારે તે સુમંગલ અનગાર વિમલ વાહન રાજા દ્વારા રથના અગ્રભાગથી અથડાવીને પાડી દેવાતાં ધીરે ધીરે ઊભા થશે, ઊભા થઈને ફરીથી હાથ ઊંચા કરી યાવત્ આતાપના કરતાં વિહરશે.

ત્યારે તે વિમલવાહન રાજા સુમંગલ અનગારને બીજીવાર પણ રથનો અગ્રભાગ અથડાવશે અને પાડી દેશે.

ત્યારે તે સુમંગલ અનગાર વિમલવાહન રાજા દ્વારા બીજીવાર પણ રથના અથડાવાથી પડી જશે અને ધીરે ધીરે ઊભા થશે, ઊભા થવાની સાથે અવધિજ્ઞાનનો પ્રયોગ કરશે, પ્રયોગ કરીને વિમલવાહન રાજાના ભૂતકાળનું અવધિજ્ઞાનથી અવલોકન કરશે, અવલોકન કરીને વિમલવાહન રાજાને આમ કહેશે–' તું ખરેખર વિમલવાહન રાજા નથી, તું ખરેખર દેવસેન રાજા નથી, તું ખરેખર મહાપદ્મ રાજા નથી. તું તો આજથી ત્રીજા પૂર્વભવમાં ગોશાલ નામનો મંખલિપુત્ર હતો. શ્રમણ ઘાતક યાવત્ છદ્મસ્થાવસ્થામાં કાળ પામ્યો હતો. ત્યારે તે વખતે સર્વાનુભૂતિ અનગારે સમર્થ હોવા છતાં તને સમ્યક્ રીતે સહન કરી લીધો, ખમી લીધો, તિતિક્ષા કરી અને ચલાવી લીધો. અને તે વખતે સુનક્ષત્ર અનગારે પણ તને યાવત્ ચલાવી લીધો અને તને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરે સમર્થ હોવા છતાં યાવત્ માફ કર્યો. પણ હું ખરેખર તેવી રીતે સમ્યક્ પણે તને સહી નહિ લઉં યાવત્ માફ નહિ કરું. હું તો તને ખરેખર અશ્વો સાથે, રથ સાથે, સારથી સાથે તપના તેજથી એક આઘાતથી, કૂટાઘાતથી ભસ્મરાશિ કરી દઈશ.' ત્યારે તે વિમલવાહન રાજા સુમંગલ અનગાર દ્વારા આમ કહેવાતાંની સાથે જ ક્રોધાયમાન યાવત્ રાતોપીળો થઈને સુમંગલ અનગારને ત્રીજી વાર પણ રથના અગ્રભાગથી અથડાવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### સુમંગલ મુનિના તેજ દ્વારા વિમલવાહનનું મરણ —

૧૧૪. ત્યારે તે સુમંગલ અનગાર વિમલવાહન રાજા દ્વારા ત્રીજી વાર પણ રથના અગ્રભાગથી અથડાવાતાની સાથે જ ક્રોધાયમાન યાવત્ ખૂબ ગુસ્સે થઈને આતાપના ભૂમિથી નીચે ઊતરશે, નીચે ઉતરીને તેજસ્‌સમુદ્‌ઘાત કરશે, તેજસ્-સમુદ્‌ઘાત કરીને સાત-આઠ પગલાં પાછળ જશે, જઈને વિમલવાહન રાજાને અશ્વ, રથ, સારથી સહિત તપના તેજથી યાવત્ ભસ્મ-રાશિ કરશે."

### સુમંગલ મુનિનું દેવલોક—સિદ્ધિગમન નિરૂપણ—

૧૧૫. 'હે ભગવાન ! સુમંગલ અનગાર વિમલ-વાહન રાજાને અશ્વ સાથે યાવત્ ભસ્મરાશિ કરીને ક્યાં ઉત્પન્ન થશે ? કઈ ગતિમાં જશે ?'

'હે ગૌતમ ! સુમંગલ અનગાર વિમલ-વાહન રાજાને અશ્વ સાથે યાવત્ ભસ્મરાશિ કરીને અનેક છટ્ઠ, અટ્ઠમ, દશમ, દ્વાદશમ યાવત્ વિવિધ પ્રકારના તપોકર્મથી આત્માને ભાવિત કરતાં અનેક વરસોનો શ્રામણ પર્યાય પાળશે, પાળીને માસિક સંલેખના દ્વારા અન-શન દ્વારા સાઠ ભક્ત યાવત્ છેદન કરીને આલોચના અને પ્રતિક્રમણ કરીને, સમાધિ પ્રાપ્ત કરીને ઉર્ધ્વચંદ્રમાં યાવત્ વિમાનના સેંકડો આવાસોને વટાવીને, સર્વાર્થસિદ્ધ મહા-વિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થશે. ત્યાં દેવોની અજઘન્યપણે અને અનઉત્કૃષ્ટપણે તેત્રીસ સાગરોપમની સ્થિતિ કહેવાય છે."

'હે ભગવાન ! તે સુમંગલ દેવ તે દેવલોક-માંથી '...યાવત્...' મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ સર્વ દુ:ખોનો અંત કરશે.'

### ગોશાલ-જીવ વિમલવાહનના અનેક દુ:ખપ્રચુર ભવ, તદનન્તર દેવભવ—

૧૧૬. 'હે ભગવાન ! વિમલવાહન રાજા સુમંગલ અનગાર દ્વારા અશ્વો સાથે યાવત્ ભસ્મરાશિ કરાયા પછી કંઈ ગતિમાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?'

'હે ગૌતમ ! તે વિમલવાહન રાજા સુમંગલ અનગાર દ્વારા અશ્વો સાથે યાવત્ ભસ્મરાશિ કરાતાં સાતમી અધો પૃથ્વીમાં (નીચેની સાતમી નારકીમાં) ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા નારકી રૂપે ઉત્પન્ન થશે.

તે ત્યાંથી નીકળીને મત્સ્યોમાં ઉત્પન્ન થશે. ત્યાંથી તે શસ્ત્ર દ્વારા વધ કરાતાં અને દાહની પીડા ભોગવીને મૃત્યુ સમયે મૃત્યુ પામીને ફરીથી સાતમી નરકમાં ઉત્કૃષ્ટકાળની સ્થિતિ-વાળા નારકી રૂપે ઉત્પન્ન થશે.

ત્યાંથી નીકળીને ફરીથી પણ મત્સ્યોમાં ઉત્પન્ન થશે, ત્યાં પણ શસ્ત્ર દ્વારા વધ કરાતાં યાવત્ કાળ કરીને છઠ્ઠી તમા નામની પૃથ્વીમાં ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા નારકીરૂપે ઉત્પન્ન થશે.

તે ત્યાંથી યાવત્ નીકળીને સ્ત્રીઓમાં ઉત્પન્ન થશે, ત્યાંથી પણ શસ્ત્ર દ્વારા વધ કરાતાં દાહ યાવત્ બીજી વાર પણ છઠ્ઠી તમા પૃથ્વીમાં ઉત્કૃષ્ટકાળ યાવત્ નીકળીને બીજી વાર પણ સ્ત્રીઓમાં ઉત્પન્ન થશે.

ત્યાં પણ શસ્ત્ર દ્વારા વધ યાવત્ કાળ કરીને પાંચમી ધૂમપ્રભા નામની પૃથ્વીમાં ઉત્કૃષ્ટ કાળ યાવત્ નીકળીને ઉરગો (પેટે ચાલનાર પ્રાણી) માં ઉત્પન્ન થશે.

ત્યાં પણ શસ્ત્ર દ્વારા વધ યાવત્ કરીને બીજી-વાર પણ પાંચમી નરકમાં યાવત્ નીકળીને બીજી વાર પણ ઉરગોમાં ઉત્પન્ન થશે યાવત્ કાળ કરીને ચોથી પંકપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ કાળની સ્થિતિમાં યાવત્ નીકળીને સિંહોમાં ઉત્પન્ન થશે.

ત્યાં પણ શસ્ત્ર દ્વારા પૂર્વવત્ યાવત્ બીજીવાર પણ ચોથી પંક પૃથ્વીમાં યાવત્ નીકળીને બીજી-વાર પણ સિંહોમાં ઉત્પન્ન થશે. યાવત્ કાળ કરીને ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટકાળ યાવત્ નીકળીને પક્ષીઓમાં ઉત્પન્ન થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં પણ શસ્ત્ર દ્વારા વધ યાવત્ મૃત્યુ પામીને બીજીવાર પણ, ત્રીજીવાર પણ વાલુકા યાવત્ નીકળીને ફરીથી પક્ષીઓમાં ઉત્પન્ન થશે... યાવત્ મૃત્યુ પામીને બીજીવાર પણ શર્કરાપ્રભા યાવત્ નીકળીને સરિસૃપોમાં ઉત્પન્ન થશે.

ત્યાં પણ શસ્ત્ર દ્વારા યાવત્ મરીને બીજીવાર પણ શર્કરાપ્રભામાં યાવત્ નીકળીને બીજી વાર પણ સરિસૃપોમાં ઉત્પન્ન થશે...યાવત્ મરીને રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટકાળ સ્થિતિવાળા નરકમાં નારકીરૂપે ઉત્પન્ન થશે યાવત્ ત્યાંથી નીકળીને સંજ્ઞી પાંચ ઈન્દ્રીયવાળા જીવોમાં ઉત્પન્ન થશે.

ત્યાંથી પણ શસ્ત્ર દ્વારા વધ યાવત્ મરીને યાવત્ અસંજ્ઞી જીવોમાં ઉત્પન્ન થશે, ત્યાં પણ શસ્ત્ર દ્વારા વધ યાવત્ મરીને બીજીવાર પણ આ રત્નપ્રભા પૃથ્વીમાં પલ્યોપમના અસંખ્યાતમાં ભાગની સ્થિતિવાળા નરકમાં નારકી રૂપે ઉત્પન્ન થશે.

તે ત્યાંથી યાવત્ મરીને (પાછા ફરીને) જે આવા આકાશચારીના પ્રકારો છે, જેમકે ચર્મ-પક્ષી, લોમપક્ષી, સમુદ્ગપક્ષી, વિતત પક્ષી,—તેમાં અનેક લાખ વાર મરીને તેમજ ફરી ફરી પાછો જન્મ લેશે.

તે બધા સ્થળોમાં શસ્ત્રથી વધ અને દાહપીડા ભોગવીને મૃત્યુ સમયે મૃત્યુ પામી જે આ પ્રકારના ભૂજ પરિસર્પના પ્રકારો હોય છે, જેમકે ગરોળી, નોળિયો વગેરે જેમ પન્નવણામાં યાવત્ શાહુડી વગેરે ચતુષ્પદી આદિમાં, અનેક લાખ વાર–શેષ યથા આકાશ ચારીઓમાં યાવત્ કાળ કરીને જે આવા પેટે ચાલનારા પ્રાણીઓના પ્રકારો છે, જેમકે–સર્પ, અજગર, આશાલિક, મહોરગ–તેમાં અનેક લાખ યાવત્ કરીને જે આવા ચતુષ્પદના પ્રકારો છે, જેમ કે–એક ખરીવાળા, બે ખરીવાળા, હાથી જેવા પગવાળા, નખવાળા પગવાળા–તેમાં અનેક લાખ વાર યાવત્ જે આવા પ્રકારના જળચરો છે, જેમકે માછલા, કાચબા યાવત્ સુંસુમારો તેમાં અનેક લાખ વાર યાવત્ કરીને જે આવા ચાર ઈન્દ્રિય-વાળા પ્રાણીઓ છે, જેમકે–અંધિકા, પોત્તિકા યથા પન્નવણા પદમાં યાવત્ ગોમય કીટ (છાણના કીડા) તેમાં અનેક લાખ વાર યાવત્ જે આવા ત્રણ ઈન્દ્રિયવાળા પ્રાણી છે, જેમકે–ઉપચિત યાવત્ હસ્તિ સૌંડ–તેમાં અનેક યાવત્ કરીને જે આ બે ઈન્દ્રિયવાળા પ્રકારો છે, જેમકે પુલાકૃમિ યાવત્ સમુદ્રલિખ તેમાં અનેક લાખ-વાર યાવત્ કરીને જે આ વનસ્પતિ પ્રકારો જેમકે વૃક્ષ, ગુચ્છ યાવત્ ઝાડી તેમાં અનેક લાખવાર યાવત્ પાછા જન્મીને બહુલતાથી કડવા વૃક્ષોમાં, કડવી વેલીઓમાં જન્મ લેશે, બધી જ જગ્યાએ શસ્ત્રથી વધ, યાવત્ મરીને જે આ વાયુકાયના જીવો હોય છે, જેમકે–પૂર્વના પવનો યાવત્ શુદ્ધ વાયુઓ, તેમાં અનેક લાખ યાવત્ મરીને જે આવા તેજસ્ કાયના જીવો છે, જેમકે–અંગાર યાવત્ સૂર્યકાંતમણિમાં રહેલાં વગેરે–તેઓમાં અનેક લાખ યાવત્ મરીને જે આવા અપકાયના (પાણીના) જીવો છે, જેમકે ઝાકળ યાવત્ ખાડાનું પાણી–તેમાં અનેક લાખ યાવત્ પાછો જન્મ લેશે.–ખાસ કરીને ખારા-પાણીમાં અને ખાડાના પાણીમાં. સર્વત્ર શસ્ત્રથી વધ થઈને યાવત્ જે આ પૃથ્વીકાય જેમકે પૃથ્વી, માટી, કંકર યાવત્ સૂર્યકાંતમણિ તેમાં અનેક લાખ યાવત્ પાછા જન્મો લેશે–બહુલતાથી કર્કશ અને સ્થૂળ એવા પૃથ્વી-કાયોમાં–સર્વત્ર શસ્ત્રથી વધ્ય યાવત્ કાળ કરીને રાજગૃહ નગર બહાર દાસી રૂપે ઉત્પન્ન થશે.

ત્યાં પણ શસ્ત્રથી વધ કરાતાં યાવત્ બીજીવાર પણ રાજગૃહ નગરમાં દાસી રૂપે ઉત્પન્ન થશે ત્યાં પણ શસ્ત્રથી વધ યાવત્ અહીં જંબૂદ્વીપમાં, ભારત વર્ષમાં વિંધ્યની તળેટીમાં બેભેલક સન્નિવેશમાં બ્રાહ્મણ કુળમાં પુત્રી રૂપે પેદા થશે.

ત્યારે તે બાલિકાને માતા-પિતા બાલભાવ છોડીને યૌવન પ્રાપ્ત થયેલી જાણીને સમાન દ્રવ્ય, સમાન વિનયવાળા, સમાન ભર્તારને ભાર્યા રૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપશે. તે તેની ઇષ્ટ ભાર્યા બનશે યાવત્ અનુકૂળ, પાત્રના કરંડિયાની જેમ અને તેલની કોઠીની જેમ સારી રીતે સંગોપિત, વસ્ત્રની પેટીની જેમ નિરુપદ્રવ સ્થાનમાં રાખેલ, રત્ન-કરંડકની જેમ સુરક્ષિત, સારી રીતે છૂપાવેલ રાખશે, તેને ઠંડી-ગરમી ના લાગે યાવત્ પીડા ન સ્પર્શે તેવી રીતે રાખશે. ત્યાર પછી તે કન્યા ગર્ભવતી બનીને અન્ય કોઈ એકવાર શ્વશુર કૂળથી પિતૃઘરે લઈ જવાતી હશે ત્યારે અંત-રાળમાં દવાગ્નિની જવાળાથી દાઝેલી, મૃત્યુ સમયે મૃત્યુ પામીને દક્ષિણના અગ્નિકુમાર દેવોમાં દેવરૂપે ઉત્પન્ન થશે.

તે ત્યાંથી ફરીને તરત જ મનુષ્ય શરીર પ્રાપ્ત કરશે, મનુષ્ય શરીર પ્રાપ્ત કરીને સમ્યગજ્ઞાન મેળવશે, સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કરીને મુંડિત થઈને ગૃહવાસ છોડીને અનાગારિક પ્રવજ્યા લેશે, ત્યાં પણ શ્રામણ્યની વિરાધના કરીને કાળ સમયે કાળ કરીને દક્ષિણના અસુરકુમારમાં દેવ રૂપે ઉત્પન્ન થશે.

તે ત્યાંથી પણ યાવત્ પાછા ફરીને મનુષ્ય શરીર વગેરે પૂર્વવત્ યાવત્ ત્યાં પણ શ્રામણ્યની વિરાધના કરીને કાળ સમયે યાવત્ કરીને દક્ષિણના સુવર્ણકુમાર દેવોમાં દેવરૂપે ઉત્પન્ન થશે.

ત્યાંથી તરત આવા આવા વક્તવ્ય અનુસાર દક્ષિણના સુવર્ણકુમાર દેવોમાં, તે જ રીતે વિદ્યુત્કુમાર દેવોમાં, તે જ રીતે અગ્નિકુમારને છોડીને યાવત્ દક્ષિણના સ્તનિતકુમાર દેવોમાં.

તે ત્યાંથી પાછો ફરીને મનુષ્ય શરીર પ્રાપ્ત કરશે યાવત્ શ્રામણ્યની વિરાધના કરીને જ્યોતિષ્ક દેવોમાં ઉત્પન્ન થશે.

તે ત્યાંથી તરત જ ચ્યવિત થઈને મનુષ્ય શરીર પ્રાપ્ત કરશે યાવત્ શ્રામણ્યની વિરાધના કર્યા વિના જ કાળ સમયે કાળ કરીને સૌધર્મ કલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થશે.

ત્યાંથી પછી ચ્યવીને મનુષ્ય શરીર પ્રાપ્ત કરશે, સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરશે અને ત્યાં પણ શ્રામણ્યની વિરાધના કર્યા વગર કાળ સમયે કાળ કરીને ઈશાન કલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થશે.

ત્યાંથી ચ્યવન કરીને મનુષ્ય શરીર પ્રાપ્ત કરશે. ત્યાં પણ શ્રામણ્યની વિરાધના કર્યા વગર કાળ સમયે કાળ કરીને સનતકુમાર કલ્પમાં દેવતારૂપે ઉત્પન્ન થશે.

તે ત્યાંથી જેવી રીતે સનતકુમારમાં તેવી જ રીતે બ્રહ્મલોક કલ્પ, મહાશુક્ર કલ્પ, આનત કલ્પ અને આરણ કલ્પમાં (જશે).

તે ત્યાંથી યાવત્ શ્રામણ્યની વિરાધના કર્યા વગર કાળ સમયે કાળ કરીને સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થશે.

તે ત્યાંથી પછી ચ્યવન કરીને મહાવિદેહ (ક્ષેત્ર) વર્ષમાં-જે આવાં કુળો હોય છે સમૃદ્ધ યાવત્ અપરાભૂત તેવા પ્રકારના-કુળોમાં પુત્ર-પણે ઉત્પન્ન થશે.-'ઔપપાતિક સૂત્ર'માં દૃઢ-પ્રતિજ્ઞની જે વક્તવ્યતા છે તે જ સઘળી વક્તવ્યતા અહીં કહેવી-યાવત્ તેને ઉત્તમ કેવળ જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થશે.

**ગોશાલજીવનું દૃઢ પ્રતિજ્ઞ કેવળી રૂપમાં સિદ્ધિગમન નિરૂપણ—**

૧૧૭. પછી તે દૃઢ પ્રતિજ્ઞ કેવળી પોતાના ભૂતકાળને અવલોકશે, તે જોઈને શ્રમણ નિર્ગ્રંથોને બોલાવશે, બોલાવીને આમ કહેશે – " હે આર્યો ! આજથી ચિર અતીતકાળમાં હું ગોશાલક નામે મંખલિપુત્ર હતો, શ્રમણ-ઘાતક યાવત્ છદ્મા-વસ્થામાં જ કાળ પામ્યો હતો. ત્યારથી માંડીને હે આર્યો ! મેં અનાદિ અનંત દીર્ઘમાર્ગવાળા ચતુરંગ સંસારરૂપી અરણ્યમાં પરિભ્રમણ કર્યું. તો હે આર્યો ! તમે કોઈ આચાર્યના નિંદક, ઉપાધ્યાયના નિંદક ન બનશો. આચાર્ય અને ઉપાધ્યાયના અપયશકારક, અવર્ણકારક, અકીર્તિકર ન થશો. અને મારી જેમ અનાદિ અનંત યાવત્ સંસાર રૂપી અટવીનું પરિભ્રમણ ન કરશો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે શ્રમણનિગ્રંથો દૃઢપ્રતિજ્ઞ કેવળીની પાસેથી આવી વાત સાંભળીને, સમજીને, ડરેલા, ત્રાસેલા, બીધેલા અને સંસારના ભયથી વ્યાકુળ થયેલા બની દૃઢપ્રતિજ્ઞ કેવળીને વંદન કરશે, નમન કરશે, વંદન-નમન કરીને તે સ્થાનની આલોચના કરશે, નિંદા કરશે યાવત્ ત્યાગ કરશે.

ત્યાર પછી તે દૃઢપ્રતિજ્ઞ કેવળી અનેક વર્ષો સુધી કેવલી-પર્યાય પાળશે, પાળીને પોતાનું આયુષ્ય પૂરું થયેલું જાણીને ભોજનનો ત્યાગ કરશે. **ઔપપાતિક સૂત્રમાં જેમ** છે તેવી જ રીતે યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.

"હે ભંતે ! તે તેમજ છે, તે તેમ જ છે," તેમ કહી [ગૌતમ સ્વામી] વિહરે છે.

**॥ પંચમ સ્કંધ સમાપ્ત ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધર્મકથાનુયોગ

(ભાષાન્તર)

ષષ્ઠ સ્કંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધર્મકથાનુયોગ

છઠ્ઠો સ્કંધ

## પ્રકીર્ણક કથાનકો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧. શ્રેણિક–ચેલણાના અવલોકનથી સાધુ-સાધ્વીઓ દ્વારા કરાયેલ નિદાનનો પ્રસંગ

**રાજગૃહમાં શ્રેણિક રાજા—**

૧. તે કાળે, તે સમયે રાજગૃહ નામનું નગર હતું. નગરનું વર્ણન. ગુણશિલક ચૈત્ય હતું. ચૈત્યનું વર્ણન. તે રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા હતો. ચેલણાની સાથે (ભોગો ભોગવતો) વિચરતો હતો. (રાજાનું સમગ્ર વર્ણન 'ઔપપાતિક સૂત્ર' અનુસાર સમજવું.)

**ભગવાન મહાવીરનો આગમન-વૃત્તાન્ત જાણવા માટે શ્રેણિકરાજાએ કૌટુમ્બિક પુરુષોને આપેલો આદેશ–**

૨. તત્પશ્ચાત્ કોઈ એક વખતે શ્રેણિકરાજાએ સ્નાન કર્યું, બલિ-કર્મ કર્યું, કૌતુક મંગલ-પ્રાયશ્ચિત્ત કર્યું, આશીર્ષ સ્નાન કર્યું, કંઠમાં પુષ્પમાળાઓ ધારણ કરી, મણિ-જડિત સુવર્ણ-આભૂષણો પહેર્યાં, અર્ધહાર, ત્રણ સેરવાળો હાર ધારણ કર્યો. આમ અત્યન્ત સુશોભિત થઈને, ગળામાં ગ્રૈવેયક (ગળામાં પહેરવાનું આભૂષણ) ધારણ કર્યું, આંગળીઓમાં વીંટીઓ યાવત્ કલ્પવૃક્ષની જેમ તે નરેન્દ્ર અલંકૃત તેમજ વિભૂષિત થયો. કોરંટ પુષ્પોની માળાઓ યુક્ત છત્ર ધારણ કરી યાવત્ ચન્દ્રમાની જેમ જેનું દર્શન પ્રિય છે તેવો તે નરપતિ જ્યાં ઉપસ્થાનશાળાનો બહારનો ભાગ હતો, તેમાં જ્યાં સિંહાસન મૂકયું હતું, ત્યાં ગયો, ત્યાં જઈને તે શ્રેષ્ઠ સિંહાસન પર પૂર્વ દિશામાં મોં રાખીને બેઠો, બેસીને કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે લોકો જાઓ અને રાજગૃહ નગરની બહાર જ્યાં ક્યાંય પણ આરામ, ઉદ્યાન, શિલ્પશાળા, આયતન, દેવકુળ, સભા, પ્રપાઓ (પરબો), પણ્યગૃહો (દુકાનો), પણ્યશાળાઓ (બજારો), સુધાકર્માન્ત (ચૂનાની ભઠ્ઠીઓ), વણિજ શાળાઓ (લાકડાના કારખાનાં, ઈંધણ–કોલસાનાં કારખાનાં), વનકર્માન્ત (વનસ્પતિનાં કારખાનાં), દર્ભકર્માન્ત (ઘાસના સ્થાન, તૃણ–ઘાસ આદિમાંથી ચટાઈ આદિ બનાવવાનાં કારખાનાં) છે અને ત્યાં જે મહેતા યા નોકર છે તેમને કહેજો, 'દેવાનુપ્રિયો ! શ્રેણિક રાજા ભંભસારે આ પ્રમાણે આજ્ઞા આપી છે કે જ્યારે પણ ધર્મ આદિનું પાલન કરનાર, તીર્થંકર યાવત્ સિદ્ધગતિ પ્રાપ્ત કરવામાં અગ્રેસર શ્રમણ ભગવાન મહાવીર પૂર્વાનુપૂર્વી ચાલતા ચાલતા, ગામે-ગામ ફરતા ફરતા સુખપૂર્વક વિહાર કરતા અને સંયમ–તપ દ્વારા આત્માને ભાવિત કરતા જ્યારે જ્યાં પણ આવે ત્યારે તમે ભગવાન મહાવીરને યથાપ્રતિરૂપ અવગ્રહ (આવાસસ્થાન) આપજો, યથાપ્રતિરૂપ અવગ્રહની આજ્ઞા આપીને શ્રેણિક રાજા ભંભસારને આ પ્રિય સમાચાર આપજો અર્થાત્ ભગવાન પધાર્યાની સૂચના આપજો."

૩ તદનન્તર તે કૌટુંબિક પુરુષોએ શ્રેણિક રાજા ભંભસાર દ્વારા અપાયેલી આજ્ઞા સાંભળીને હૃષ્ટ–તુષ્ટ યાવત્ વિકસિત–હૃદયપૂર્વક કહ્યું, 'હે સ્વામિન્ ! જેવી આજ્ઞા' આ પ્રમાણે કહીને વિનયપૂર્વક આજ્ઞાનો સ્વીકાર કર્યો, શ્રેણિક રાજા પાસેથી વિદાય લીધી, વિદાય લઈને રાજગૃહ નગરના મધ્યભાગમાંથી પસાર થયા, પસાર થઈને રાજગૃહ નગરની બહાર જ્યાં ક્યાંય પણ આરામ અથવા યાવત્ ત્યાં જે મહેતા કે નોકર હતા, તેમને આ પ્રમાણે કહ્યું યાવત્ શ્રેણિક રાજાને આ પ્રિય સમાચાર પહોંચાડજો. તમારું પ્રિય થશે. બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું અને કહીને યાવત્ જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ફર્યા.

**ભગવાન મહાવીરનું સમવસરણ—**

૪. તે કાળે, તે સમયે ધર્મની આદિ કરનાર તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર યાવત્ ગામે ગામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરતા ફરતા યાવત્ આત્માને ભાવિત કરતા વિરાજમાન થયા.

તત્પશ્ચાત્ રાજગૃહ નગરના શૃંગાટકો, ત્રિભેટે ચોરે ને ચૌટે આ પ્રમાણે યાવત્ પરિષદા નીકળી યાવત્ પર્યુપાસના કરવા લાગી.

**શ્રેણિક રાજા સમક્ષ ભગવાનના આગમનનું મહત્તરકોએ કરેલું નિવેદન—**

૫. ત્યાર પછી તે મહત્તરક—મહેતા જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા, ત્યાં ગયા, જઈને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ વાર વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને નામ-ગોત્ર પૂછ્યાં, નામ-ગોત્ર પૂછીને વિચાર કરીને, એક જગ્યાએ એકઠા થઈને એકબીજાને આ પ્રમાણે કહેવા લાગ્યા–

"હે દેવાનુપ્રિયો ! શ્રેણિક રાજા ભંભસાર જેના દર્શનની આકાંક્ષા રાખે છે, હે દેવાનુ-પ્રિયો ! શ્રેણિક રાજા જેના દર્શનની સ્પૃહા-ઇચ્છા રાખે છે, હે દેવાનુપ્રિયો ! શ્રેણિક રાજા જેના દર્શનની પ્રાર્થના કરે છે, હે દેવાનુપ્રિયો ! શ્રેણિક રાજા જેમનાં નામ અને ગોત્ર સાંભળીને હર્ષિત, સંતુષ્ટ થાય છે, તે ધર્મની આદિ કરનાર, તીર્થંકર યાવત્ સર્વજ્ઞ–સર્વદર્શી શ્રમણ ભગવાન મહાવીર પૂર્વાનુપૂર્વી ક્રમથી ચાલતા-ચાલતા ગ્રામાનુગ્રામ ગમન કરતા, સુખપૂર્વક વિહાર કરતા અહીં આવ્યા છે, અહીં સમવ-સૃત થયા છે–પધાર્યા છે, અહીં પહોંચ્યા છે યાવત્ આત્માને ભાવિત કરતા સમ્યક્ પ્રકારે અથવા સમભાવપૂર્વક વિચરણ કરી રહ્યા છે. તો હે દેવાનુપ્રિયો ! આપણે જઈએ અને શ્રેણિક રાજા પાસે જઈને આ વાત કહીએ. આપણા માટે તે પ્રિયકારી છે." આમ પર-સ્પર કહીને એકબીજાની વાતનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને રાજગૃહ નગર હતું ત્યાં આવ્યા, આવીને રાજગૃહ નગરના મધ્યભાગમાંથી પસાર થતાં જ્યાં શ્રેણિકરાજાનો આવાસ હતો, તેમાં જ્યાં શ્રેણિકરાજા હતા ત્યાં ગયા, જઈને બંને હાથ જોડીને યાવત્ જયવિજય શબ્દોથી શ્રેણિક રાજાને વધાવ્યા અને વધાવીને આ પ્રમાણે કહ્યું—

"સ્વામિન્ ! જેમનાં દર્શનની તમે આકાંક્ષા કરો છો યાવત્ તે શ્રમણ ભગવાન મહાવીર ગુણશિલક ચૈત્યમાં યાવત્ વિચરણ કરી રહ્યા છે. દેવાનુપ્રિય ! અમે તમને આ પ્રિય વાતનું નિવેદન કરીએ છીએ. તમને આ વાત પ્રિય બનો."

**શ્રેણિકે આપેલો રાજગૃહનગરને શણગારવાનો આદેશ અને યાનાદિ આનયન આદેશ—**

૬. તત્પશ્ચાત્ તે પુરુષોની આ વાત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને શ્રેણિક રાજા હૃષ્ટ-તુષ્ટ યાવત્ વિકસિત-હૃદય થઈને સિંહાસન પરથી ઊઠ્યો, ઊઠીને (તીર્થંકર ભગવાનને) વંદન નમસ્કાર કર્યાં, વંદન નમસ્કાર કરીને તે પુરુષોનું સન્માન કર્યું, સન્માન કરીને આજીવિકા યોગ્ય પુષ્કળ પ્રીતિદાન કર્યું, પ્રીતિદાન કરીને તેમને વિદાય આપી. વિદાય આપીને નગર-ગોપ્તિકો-નગરરક્ષકોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—

"હે દેવાનુપ્રિયો ! તમે લોકો શીઘ્ર રાજગૃહ નગરની અંદર-બહાર ચારેબાજુ પાણીનો છંટકાવ કરો, તેને વાળી-ચોળીને સાફ કરો અને છાણ-ચૂનાથી લેપન કરો" યાવત્ તેમણે એમ કરીને આજ્ઞા પાલન કર્યાની જાણ કરી યાવત્ આજ્ઞાનુસાર છંટકાવ આદિ કરવાની સૂચના આપી.

તત્પશ્ચાત્ શ્રેણિક રાજાએ સેનાપતિને બોલાવ્યો અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તરત જ અશ્વ-ગજ-રથ-યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેના તૈયાર કરો.'

યાવત્ તેણે સેના તૈયાર કરીને આજ્ઞા-પાલનની જાણ કરી.

ત્યાર બાદ શ્રેણિક રાજાએ વાહનશાળાના નિયામકને બોલાવ્યો અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"દેવાનુપ્રિય ! શીઘ્ર શ્રેષ્ઠ ધાર્મિક યાન (ધાર્મિક કાર્યો માટે ઉપયોગમાં લવાતો શ્રેષ્ઠ રથ) જોતરીને હાજર કરો અને હાજર કરીને મારી આજ્ઞાના પાલનની જાણ કરો, રથ આવી ગયાની મને સૂચના આપો."

ત્યારે તે યાનશાળાનો નિયામક શ્રેણિક રાજાની આ આજ્ઞા સાંભળીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ વિકસિત હૃદય થઈને જ્યાં યાનશાળા હતી ત્યાં આવ્યો, આવીને યાનશાળામાં પ્રવેશ્યો, પ્રવેશીને યાન-રથનું નિરીક્ષણ કર્યું, નિરીક્ષણ કરીને યાનરથ નીચે ઉતાર્યો, નીચે ઉતારીને તેને પ્રમાર્જિત કર્યો, સાફ કર્યો, પ્રમાર્જિત કરીને તેને રથશાળાની બહાર લાવ્યો, લાવીને સંવર્તિત કર્યો-(બરાબર ઠીકઠાક કર્યો), સંવર્તિત કરીને ઢાંકવાના કપડાને દૂર કર્યું, દૂર કરીને યાનને અલંકૃત કર્યું. સજાવ્યું, યાનને સમલંકૃત કરીને યાનને સુંદર રીતે સુશોભિત કર્યું, સુશોભિત કરીને જ્યાં વાહનશાળા હતી, ત્યાં તે ગયો, ત્યાં જઈને તેણે વાહનશાળામાં પ્રવેશ કર્યો, પ્રવેશ કરીને રથે જોતરવા યોગ્ય ઘોડા જોયા—તેમનું નિરીક્ષણ કર્યું, નિરીક્ષણ કરી ઘોડાઓને નવડાવ્યા, નવડાવીને થપથપાવીને ઘોડાઓને વાહનશાળાની બહાર કાઢ્યા, બહાર લઈ જઈને ઉપર ઢાંકેલા કપડાને અલગ કર્યું, અલગ કરીને ઘોડાઓને અલંકૃત કર્યા, અલંકૃત કરીને ઉત્તમ આભૂષણોથી શણગાર્યા. શણગારીને રથે જોતર્યા, જોતરીને રસ્તા પર લાવ્યો, રસ્તા પર લાવીને ચાબુક અને ધૂંસરી ગોઠવ્યાં, ગોઠવીને જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં આવ્યો, આવીને બે હાથ જોડયા યાવત્ આ પ્રમાણે કહ્યું—

"હે સ્વામિન્ ! તમે આદેશ આપ્યો હતો તે પ્રમાણે જ ધાર્મિક પ્રવરયાન જોતરીને આવ્યો છું, તમારા માટે તે મંગલ-કલ્યાણરૂપ છે, તમે તેના પર આરૂઢ થાઓ, બેસો."

**ચેલણા સહિત શ્રેણિકનું સમવસરણમાં જવું અને ભગવાનની પર્યુપાસના કરવી—**

૭. તદનન્તર શ્રેણિક રાજા ભંભસાર યાનશાળાના નિયામક પાસેથી આ મતલબના સમાચાર સાંભળીને, હૃદયમાં ધારણ કરીને હર્ષિત-તુષ્ટ થઈને યાવત્ મજ્જનગૃહ-સ્નાનઘરમાં પ્રવેશ્યો, પ્રવેશીને યાવત્ કલ્પવૃક્ષની જેમ અલંકૃત અને વિભૂષિત થઈને તે નરેન્દ્ર યાવત્ સ્નાનગૃહની બહાર નીકળ્યો, નીકળીને જ્યાં ચેલણાદેવી હતી ત્યાં ગયો અને જઈને ચેલણાદેવીને આ પ્રમાણે કહ્યું—

"દેવાનુપ્રિયે ! આદિકર તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર પૂર્વાનુપૂર્વી ક્રમથી ચાલતા ચાલતા યાવત્ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા છે-વિરાજી રહ્યા છે. હે દેવાનુપ્રિયે ! તથારૂપ અરિહંતોને વંદન-નમસ્કાર કરવાં મહાફળદાયી છે યાવત્ દેવાનુપ્રિયે ! આપણે જઈએ અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કરીએ, સત્કાર-સન્માન કરીએ અને કલ્યાણ મંગલ-દેવ-ચૈત્યરૂપ તેમની પર્યુપાસના કરીએ. આપણા માટે તે આ ભવ અને પરભવ માટે હિતકારી, સુખ, ક્ષેમ અને નિ:શ્રેયસરૂપ, કલ્યાણપ્રદ થશે યાવત્ અનુગામીરૂપે પાછળ-પાછળ સાથે રહેનાર હશે."

૮. ત્યારે તે ચેલણાદેવી શ્રેણિક રાજાની આ વાત સાંભળીને હૃષ્ટ-તુષ્ટ થઈ યાવત્ સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને જ્યાં સ્નાનઘર હતું, ત્યાં ગઈ અને જઈને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક, મંગલ અને પ્રાયશ્ચિત કર્યું અને પછી શું કર્યું ? કહે છે કે-પગમાં ઉત્તમ નૂપુર (ઝાંઝર) પહેર્યાં, કમરમાં મણિ જડિત કટિ-મેખલા, વક્ષસ્થલ પર હાર, હાથમાં કડાં, આંગળીઓમાં વીંટીઓ, ગળામાં એકાવલિ, મંગલસૂત્ર અને પન્નાની ત્રણસેરવાળો હાર ધારણ કર્યો, હાથે બાજુબંધ બાંધ્યા અને મુખને સુંદર બનાવનાર સોનાનાં કુંડળ કાનમાં પહેર્યાં, રત્નનાં આભૂષણોથી અંગે-અંગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભૂષિત કર્યું, ઉત્તમ ચીનાંશુક વસ્ત્રો પહેર્યા, સુકુમાર કાંત–સુંદર, રમણીય, રૂ થી બનેલું ઉત્તરીય ઓઢ્યું, સર્વ ઋતુઓમાં થતાં સુગંધિત સુંદર ફૂલોથી બનાવેલી લાંબી સુશોભિત, કાન્ત, વિકસિત, વિવિધ પ્રકારની માળાઓ ધારણ કરી, શરીર પર શ્રેષ્ઠ ચંદનનો લેપ કર્યો, શ્રેષ્ઠ અલંકારોથી શરીરને અલંકૃત કર્યું, કૃષ્ણ અગરુ આદિ ધૂપથી સુવાસિત થઈને, આ પ્રમાણે લક્ષ્મીની જેમ વેશભૂષાથી વિભૂષિત થઈને ઘણી કુબ્જા અને ચિલાતી દાસીઓ યાવત્ મહત્તરક સેવકવૃંદથી ઘેરાઈને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી અને તેમાં જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં આવી.

૯. ત્યાર બાદ ચેલણાદેવીની સાથે શ્રેણિક રાજા ધાર્મિક પ્રવર યાન આરૂઢ થયો, આરૂઢ થઈને માથે કોરંટ પુષ્પો યુક્ત છત્ર ધારણ કરીને (ઔપપાતિક સૂત્ર અનુસાર વર્ણન આદિ જાણવું જોઈએ) યાવત્ ભગવાન પાસે જઈ પર્યુપાસના કરવા લાગ્યો.

**ભગવાનની ધર્મદેશના અને શ્રેણિક આદિ પરિષદાનું પ્રતિગમન–**

૧૦. તદનન્તર શ્રમણ ભગવાન મહાવીરે શ્રેણિક રાજા ભંભસાર, ચેલણાદેવી અને તે અસંખ્ય લોકોવાળી અતિ વિશાળ પરિષદ, યતિ-પરિષદ મુનિ–પરિષદ, મનુષ્ય–પરિષદ, દેવ–પરિષદને યાવત્ ધર્મોપદેશ આપ્યો. પરિષદ પાછી ફરી. શ્રેણિક રાજા પણ પાછો ફર્યો.

**સાધુ–સાધ્વીઓનું નિદાનકરણ–**

૧૧. તેમાંના કોઈ–કોઈ નિર્ગ્રન્થો અને નિર્ગ્રંથિની-ઓને શ્રેણિક રાજા તેમ જ ચેલણાદેવીને જોઈને આવો અને આ પ્રમાણેનો માનસિક વિચાર યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો — "અહો ! શ્રેણિક રાજા મહાન ઋદ્ધિશાળી યાવત્ મહાસુખી છે, જે સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ અને પ્રાયશ્ચિત્ત કરી, સમસ્ત આભરણ, અલંકારોથી વિભૂષિત થઈ ચેલણાદેવીની સાથે ઉત્તમ મનુષ્ય સંબંધી ભોગોપભોગો ભોગવતો વિચરી રહ્યો છે, સમય વ્યતીત કરે છે. અમે દેવ અને દેવલોક તો નથી જોયાં પરંતુ આ તો સાક્ષાત્ દેવ છે. જો [ અમારા ] આ સુ-આચરિત તપ, નિયમ, બ્રહ્મચર્ય, ગુપ્તિવાસનું કલ્યાણરૂપ ફલવિશેષ હોય તો અમે પણ આગામી ભવમાં આ પ્રમાણે જ, ઉદાર, મનુષ્ય સંબંધી ભોગોપભોગો ભોગવતાં વિચરણ કરીશું. ત્યારે જ અમારું સાધુત્વ (સફળ) કહેવાય "

"અહો ચેલણાદેવી મહાન ઋદ્ધિશાળી યાવત્ મહાસુખી છે જે નાહીને, બલિકર્મ યાવત્ કૌતુક, મંગલ પ્રાયશ્ચિત કરી યાવત્ સર્વ અલંકારોથી વિભૂષિત થઇને શ્રેણિક રાજા સાથે યાવત્ મનુષ્ય સમ્બન્ધી ભોગોપભોગો ભોગવતી વિચરણ કરે છે. અમે દેવીઓ કે દેવલોક તો નથી જોયો પરંતુ આ તો સાક્ષાત્ દેવી છે. જો સુચરિત તપ, નિયમ, બ્રહ્મચર્ય-વાસની કલ્યાણરૂપ ફલશ્રુતિ હોય તો અમે પણ આગામી ભવમાં આમ અને આ પ્રમાણે ઉદાર મનુષ્ય સમ્બન્ધી ભોગોપભોગો ભોગવતાં વિચરણ કરીશું. ત્યારે જ અમારું સાધ્વીપણું સફળ થયું કહેવાય."

**ભગવાન દ્વારા નિદાનકરણ-નિષેધરૂપ ઉપદેશ સાંભળીને સાધુ–સાધ્વીઓનું પ્રાયશ્ચિત્તકરણ—**

૧૨. 'આર્યો !' આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરે તે અનેક નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થિનીઓને આમંત્રિત સંબોધિત કરીને આ પ્રમાણે કહ્યું–

"શ્રેણિક રાજા અને ચેલણાદેવીને જોઇને તમને લોકોને આ પ્રમાણેનો માનસિક વિચાર યાવત્ સંકલ્પ થયો કે–'અહો ! શ્રેણિક રાજા મહર્દ્ધિક યાવત્ તો આપણું સાધુપણું સફળ થયું કહેવાય. અહો ! ચેલણાદેવી મહાન ઋદ્ધિ-શાળી ને સુંદર છે યાવત્ આપણું સાધ્વીપણું સફળ કહેવાય. તો હે આર્યો ! શું આ હકીકત સાચી છે? અર્થાત્ મારું આ કથન શું સત્ય છે?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ-સાધ્વીઓએ ઉત્તર આપ્યો-'ભદન્ત ! હા, તમારું કથન સત્ય છે.'

ત્યારે ભગવાન મહાવીરે તેમને સમજાવતાં કહ્યું-'આયુષ્મન્ શ્રમણો ! મારા ધર્મમાં મેં કહ્યું છે અથવા મેં ધર્મોપદેશ આપ્યો છે યથા યાવત્ આ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણો ! આ અનિદાનનો આ પ્રમાણે કલ્યાણપ્રદ ફળ-વિપાક હોય છે કે જે તે જ ભવગ્રહણથી સિદ્ધ થાય છે યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે.'

૧૩. ત્યારે તે બધા નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થિની-ઓએ શ્રમણ ભગવાન મહાવીરની આ વાત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને તે સ્થાન (અયોગ્ય કાર્ય)ની આલોચના-પ્રતિક્રમણ કરી યાવત્ પ્રાયશ્ચિત્ત તેમ જ તપકર્મનો સ્વીકાર કર્યો.

## ૨. રથમુસલ-સંગ્રામ

**રથમુસલમાં વજ્જી (રાજાઓ)ના 'જય'નું નિરૂપણ--**

૧૪. "હે ભગવન્ ! અર્હતે જાણ્યું છે, અર્હતે પ્રત્યક્ષ કર્યું છે, અર્હતે વિશેષ પ્રકારે જાણ્યું છે કે રથમુસલ નામે સંગ્રામ થયો હતો. હે ભગવન્ ! જ્યારે રથમુસલ નામે સંગ્રામ થયો હતો ત્યારે કોનો વિજય થયો, અને કોનો પરાજય થયો ?" ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને પૂછ્યું.

ભગવાને ઉત્તર આપ્યો-"હે ગૌતમ ! વજ્જી વિદેહપુત્ર (કોણિક) અને અસુરેન્દ્ર, અસુર-કુમાર રાજા ચમર જીત્યાં અને નવ મલ્લકિ અને નવ લેચ્છકિ રાજાઓ પરાજય પામ્યા હતા.

**કોણિકનું યુદ્ધસ્થાન—**

૧૫. ત્યારબાદ તે કોણિક રાજા રથમુસલ સંગ્રામ ઉપસ્થિત થયેલો જાણી પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, અને બોલાવીને આ પ્રમાણે કહ્યું-"હે દેવાનુપ્રિયો ! શીઘ્ર ભૂતાનંદ નામના હસ્તીને તૈયાર કરો, અને ઘોડા, હાથી, રથ અને યોદ્ધાઓથી યુક્ત ચતુરંગ સેનાને તૈયાર કરો, તૈયારી કરી મારી આજ્ઞા જલ્દી પાછી આપો-હાથી વગેરેને સુસજ્જિત કર્યાની મને સૂચના આપો."

ત્યારબાદ તે કોણિક રાજાના આ આદેશને સાંભળીને તે કૌટુંબિક પુરુષો હૃષ્ટ-તુષ્ટ, આનંદિત ચિત્તવાળા થઈ-યાવત્-મસ્તક પર અંજલિ કરીને 'હે સ્વામિન્ ! જેવી આજ્ઞા.' એમ કહીને આજ્ઞા અને વિનય વડે વચનનો સ્વીકાર કર્યો. વચનનો સ્વીકાર કરીને કુશળ આચાર્યોના ઉપદેશ વડે તીક્ષ્ણ મતિકલ્પનાના વિકલ્પોથી વિચાર કરીને પોતાની ચતુરાઈથી યુદ્ધમાં કામ આવે તેવા તૈયાર કરેલ-યાવત્-ભયંકર અને જેની સાથે કોઈ યુદ્ધ ન કરી શકે એવા ભૂતાનંદ નામના શ્રેષ્ઠ હાથીને ઉજ્જવળ વસ્ત્રાભૂષણો વગેરેથી સુસજ્જ કર્યો, ઘોડા, હાથી, રથ અને શ્રેષ્ઠ યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેનાને યુદ્ધ માટે તૈયાર કરી, તૈયાર કરીને જ્યાં કોણિક રાજા હતો, ત્યાં આવ્યા, આવીને બંને હાથ જોડી નખ સહિત દસે આંગળીઓ જોડી મસ્તક પર અંજલિ રચી કોણિક રાજાને તેમની આજ્ઞા પાછી આપી અર્થાત્ તૈયારી કર્યાની જાણ કરી.

ત્યારબાદ તે કોણિક રાજા જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવ્યા, આવીને સ્નાનગૃહમાં પ્રવેશ કર્યો, પ્રવેશ કરીને સ્નાન ક્રિયા, બલિકર્મ કરી પ્રાયશ્ચિત્તતપ (વિઘ્નોનો નાશ કરનાર) કૌતુક અને મંગલ કરી, સર્વ અલંકારોથી વિભૂષિત થઈ, સન્નદ્ધ બદ્ધ થઈ-બખતરને ધારણ કરી, વાળેલા ધનુર્દંડને ગ્રહણ કરી, ડોકમાં આભૂષણ પહેરી, ઉત્તમોત્તમ ચિહ્નપટ્ટ બાંધી, આયુધ અને પ્રહરણોને ધારણ કરી, માથે ધારણ કરાતા કોરંટક પુષ્પની માળાવાળા છત્ર સહિત જેનું અંગ ચાર ચામરોના વાયુ વડે વીંજાતું હતું, જેનાં દર્શનથી લોકો દ્વારા મંગલ રૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જય–જયકાર થતો હતો–યાવત્–જ્યાં ભૂતાનંદ નામે શ્રેષ્ઠ હાથી હતો ત્યાં આવ્યા, આવીને ભૂતાનંદ ગજરાજ પર આરૂઢ થયા.

**કોણિકને ઇન્દ્ર–સહાય–**

૧૬. ત્યારબાદ હાર વડે તેનું વક્ષઃસ્થળ ઢંકાયેલું હોવાથી રતિ ઉત્પન્ન કરતો–યાવત્–વીંજાતા શ્વેત ચામરો વડે ઘોડા–હાથી–રથ અને ઉત્તમ યોદ્ધાઓથી યુક્ત ચતુરંગ સેનાની સાથે પરિવારયુક્ત, મહાન સુભટોના વિસ્તીર્ણ સમૂહથી વ્યાપ્ત કોણિક રાજા જ્યાં રથમુસલ સંગ્રામ હતો ત્યાં આવ્યો. ત્યાં આવીને તે રથમુસલ સંગ્રામમાં ઊતર્યો, તેની આગળ દેવનો ઈન્દ્ર–દેવનો રાજા શક્ર એક મોટું વજ્રના સરખું અભેદ્ય કવચ વિકુર્વીને ઊભો હતો. પાછળ અસુરેન્દ્ર–અસુરકુમારનો રાજા ચમર એક મોટું લોઢાનું કઠિન (વાંસનું બનાવેલું તાપસનું પાત્ર) જેવું કવચ વિકુર્વીને રહ્યો હતો. એ પ્રમાણે ખરેખર ત્રણ ઈન્દ્રો યુદ્ધ કરતા હતા, જેમ કે દેવેન્દ્ર, મનુજેન્દ્ર અને અસુરેન્દ્ર. હવે તે કોણિક રાજા એક હાથી વડે પણ શત્રુઓનો પરાજય કરવા સમર્થ હતો.

**કોણિક રાજાનો જય**

૧૭. ત્યારબાદ તે કોણિક રાજાએ રથમુસલ સંગ્રામ કરતાં નવમલ્લિક અને નવ લેચ્છકિ જેઓ કાશી અને કોસલના અઢાર ગણરાજાઓ હતા, તેઓના મહાન્ યોદ્ધાઓને હણ્યા, ઘાયલ કર્યા અને મારી નાંખ્યા, તેઓની ચિહ્નયુક્ત ધ્વજા અને પતાકાઓ પાડી નાંખી, અને જેઓના પ્રાણ મુશ્કેલીમાં છે એવા તેઓને ચારે દિશામાં નસાડી મૂકયા.

**રથમુસલ–સંગ્રામનું સ્વરૂપ—**

૧૮. 'હે ભગવન્ ! શા કારણથી તે રથમુસલ સંગ્રામ 'રથ-મુસલ સંગ્રામ' હતો તેમ કહેવાય છે ?' ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને પૂછયું.

ભગવાને ઉત્તર દેતાં કહ્યું–"હે ગૌતમ ! જ્યારે રથમુસલ સંગ્રામ થતો હતો ત્યારે અશ્વરહિત, સારથિરહિત, યોદ્ધાઓ રહિત મુસલસહિત એક રથ ઘણો જનસંહાર કરતો, જનવધ કરતો, જનપ્રમર્દ કરતો, જનપ્રલય કરતો, તેમજ લોહીના કીચડને પેદા કરતો ચારે તરફ ચારે બાજુએ દોડતો હતો, તે કારણથી એમ કહેવાય છે કે રથ–મુસલ સંગ્રામ રથ–મુસલ સંગ્રામ જ હતો.

**સંગ્રામમાં મનુષ્યોની મરણ સંખ્યા અને ગતિ—**

૧૯. ગૌતમ સ્વામીએ ભગવંત મહાવીરને પૂછયું, 'હે ભગવાન ! જ્યારે રથમુસલ સંગ્રામ થયો હતો ત્યારે કેટલા લાખ માણસો હણાયા ?'

ભગવાને ઉત્તર આપ્યો, 'હે ગૌતમ ! છન્નુ લાખ માણસો હણાયા.'

'હે ભગવન્ ! તે નિઃશીલ, નિર્ગુણ, નિર્લજ્જ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસરહિત, રોષે ભરાયેલા, ગુસ્સે થયેલા, અશાંત, યુદ્ધમાં મરી ગયેલા એવા તે મનુષ્યો કાળસમયે મરણ પામીને કયાં ગયા, કયાં ઉત્પન્ન થયા ?'

'હે ગૌતમ ! તેમાં દશ હજાર મનુષ્યો એક માછલીના ઉદરમાં ઉત્પન્ન થયા, એક દેવલોકમાં ઉત્પન્ન થયો, એક ઉત્તમ કુળને વિષે ઉત્પન્ન થયો, અને બાકીના મનુષ્યો ઘણે ભાગે નારક અને તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયા.'

**કોણિકને ઇન્દ્ર–સહાયનો હેતુ—**

૨૦. ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને પૂછયું, 'હે ભગવંત ! દેવના ઈન્દ્ર, દેવના રાજા શક્રે અને અસુરના ઈન્દ્ર–અસુરકુમારોના રાજા ચમરે કોણિક રાજાને કેમ સહાય આપી ?'

ભગવાને કારણ બતાવી ઉત્તર આપ્યો– 'હે ગૌતમ ! દેવનો ઈન્દ્ર–દેવનો રાજા શક્ર કોણિક રાજાનો પૂર્વસંગતિક–પૂર્વભવસંબંધી મિત્ર હતો. અને અસુરેન્દ્ર—અસુરકુમારોનો રાજા ચમર કોણિક રાજાનો પર્યાયસંગતિક–તાપસી અવસ્થામાં મિત્ર હતો. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે દેવના ઈન્દ્ર–દેવના રાજા શક્રે અને અસુરેન્દ્ર અસુરકુમારોના રાજા ચમરે કોણિક રાજાને સહાયતા આપી.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩. રથમુસલ સંગ્રામમાં કાલાદિની મરણ કથા

**કાલાદિક દસ નામનો નિર્દેશ—**

૨૧. (૧) કાલ (૨) સુકાલ (૩) મહાકાલ (૪) કૃષ્ણ (૫) સુકૃષ્ણ (૬) મહાકૃષ્ણ (૭) વીરકૃષ્ણ (૮) રામકૃષ્ણ (૯) પ્રિયસેન કૃષ્ણ અને (૧૦) મહાસેન કૃષ્ણ. આ દસ નામ જાણવાં જોઈએ.

**ચંપા નગરમાં શ્રેણિક પુત્ર કાલ—**

૨૨. તે કાળે, તે સમયે એ જ જમ્બૂદ્વીપ નામે દ્વીપના ભરતક્ષેત્રમાં વૈભવ આદિથી સંપન્ન ચંપા નામે નગરી હતી. ત્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું.

તે ચંપાનગરીમાં શ્રેણિક રાજાનો પુત્ર, ચેલણાદેવીનો અંગજાત કોણિક નામે રાજા હતો, જે મહાહિમવન્ત આદિ પર્વતોની જેમ જ મનુષ્યોમાં પ્રસિદ્ધ હતો.

તે કોણિક રાજાની પદ્માવતી નામે રાણી હતી. જે સુકુમાર યાવત્ ભોગો ભોગવતી વિચરણ કરતી હતી.

તે ચંપા નગરીમાં શ્રેણિક રાજાની પત્ની, કોણિક રાજાની નાની માતા, કાલી નામે રાણી હતી, જે સુકુમાર હાથ પગ આદિવાળી યાવત્ સુંદર હતી. તે કાલી રાણીને કાલ નામે પુત્ર હતો, જે અતિ સુકોમળ યાવત્ રૂપસંપન્ન હતો.

**કોણિકની સાથે કાલનું રથમુસલ સંગ્રામમાં ગમન—**

૨૩. તદનન્તર કોઈ એક દિવસ તે કાલ કુમાર ત્રણ હજાર હાથીઓ, ત્રણ હજાર રથો, ત્રણ હજાર અશ્વો અને ત્રણ હજાર મનુષ્યો દ્વારા બનેલા ગરુડ વ્યૂહના અગિયારમા ખંડમાં કોણિક રાજાની સાથે રથમુસલ સંગ્રામમાં જોડાયો.

**મહાવીરના સમવસરણમાં કાલીની પૃચ્છા—**

૨૪. ત્યારબાદ તે કાલી દેવીને કોઈ એક વખત કૌટુમ્બિક બાબતો વિશે વિચારતાં રાત્રે જાગતાં આવો અને આ પ્રમાણેનો માનસિક વિચાર યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે, "મારો પુત્ર કાલ ત્રણ હજાર હાથીઓથી યુક્ત યાવત્ સંગ્રામમાં જોડાયો છે. તો શું તે જીતી શકશે કે નહીં? જીવતો રહેશે અથવા જીવતો નહીં બચે? તે શત્રુઓને પરાજિત કરી શકશે યા પરાજિત નહીં કરી શકે? તે કાલ કુમારને હું જીવતો જોઈ શકીશ?" આ પ્રમાણે નિરુત્સાહ, ઉદાસ થઈને તે યાવત્ ચિંતામાં ડૂબી ગઈ.

૨૫. તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. દર્શનાર્થે પરિષદ ગઈ.

તદનન્તર તે કાલી દેવીને આ સમાચાર સાંભળીને આવો અને આ પ્રમાણેનો માનસિક વિચાર યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે "શ્રમણ ભગવાન મહાવીર પૂર્વાનુપૂર્વી ક્રમથી ગમન કરતા કરતા યાવત્ વિચરણ કરી રહ્યા છે. તથારૂપ શ્રમણ ભગવંતોનાં નામ અને ગોત્ર વિશે સાંભળવા મળે તે પણ મહાફળદાયી છે યાવત્ વિપુલ અર્થ ગ્રહણ કરવાના અવસર વિશે તો શું કહેવું? તો હું શ્રમણ ભગવાન મહાવીર પાસે જઉં યાવત્ તેમની પર્યુપાસના કરું, અને આ પ્રમાણેનો પ્રશ્ન પૂછું." આ પ્રમાણે વિચાર કર્યો. આવો વિચાર કરીને કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું, 'હે દેવાનુપ્રિયો! શીઘ્ર ધાર્મિક કાર્યો માટે ઉપયોગમાં લેવામાં આવતો ઉત્તમ-રથ જોતરીને લાવો.' તે કૌટુમ્બિક પુરુષોએ રથ તૈયાર કરી આજ્ઞાપાલનની જાણ કરી.

ત્યાર બાદ તે કાલી દેવીએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું યાવત્ અલ્પ પરંતુ મૂલ્યવાન આભૂષણોથી શરીરને અલંકૃત કરી અનેક કુબ્જા દાસીઓ યાવત્ સેવક-વૃંદથી ઘેરાઈને અંતઃપુરમાંથી નીકળી, નીકળીને ઉપસ્થાન શાળાના બહારના ભાગમાં, જ્યાં ધાર્મિક પ્રવર યાન હતું, ત્યાં આવી, આવીને ધાર્મિક પ્રવર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાન પર આરૂઢ થઈ બેઠી, બેસીને પોતાના પરિવારથી ઘેરાયેલી તે ચંપાનગરીના મધ્યભાગમાંથી નીકળી, નીકળીને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું, ત્યાં આવી, છત્રાદિ જોઈને યાવત્ ધાર્મિક ઉત્તમ રથને ઊભો રાખ્યો. ઊભો રાખીને તે ધાર્મિક શ્રેષ્ઠ રથ પરથી નીચે ઊતરી, ઊતરીને ઘણી બધી દાસીઓ યાવત્ સેવકવૃંદથી ઘેરાયેલી તે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા, ત્યાં આવી, આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર વંદના કરી, પરિવાર સહિત ઊભા ઊભા શુશ્રૂષા અને નમસ્કાર કરતી વિનયપૂર્વક સન્મુખ અંજલિ રચીને પર્યુપાસના કરવા લાગી.

૨૬. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે યાવત્ કાલી રાણી અને વિશાળ પરિષદને ધર્મકથા કહી ...આદિથી શરૂ કરી શ્રમણોપાસક અને શ્રમણોપાસિકા બનીને આજ્ઞાનાં આરાધક બન્યાં તે બધી વાત પૂર્વવત્ સમજવી.

**કાલીના પૂછવાથી ભગવાને કરેલું કાલીપુત્ર-કાલકુમારના મરણનું નિરૂપણ અને કાલીનું સ્વસ્થાને ગમન—**

૨૭. તત્પશ્ચાત્ તે કાલી દેવીએ શ્રમણ ભગવાન મહાવીર પાસે ધર્મોપદેશ સાંભળી, સ્વીકારી યાવત્ હૃદયપૂર્વક ભગવાન મહાવીરની ત્રણવાર વંદના કરી યાવત્ આ પ્રમાણે પૂછ્યું- “હે ભગવન્! મારો પુત્ર કાલકુમાર ત્રણ હજાર હાથીઓ સાથે યાવત્ રથમુસલ સંગ્રામમાં સામેલ થયો છે, તો હે ભદન્ત! શું તે જીતી શકશે કે નહીં? યાવત્ હું કાલકુમારને જીવતો જોઈ શકીશ?”

“હે કાલી!” આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે કાલી રાણીને આ પ્રમાણે કહ્યું, “હે કાલી! વાત એમ છે કે જ્યારે તારો પુત્ર કાલકુમાર ત્રણ હજાર હાથીઓ સાથે યાવત્ કોણિક રાજા સાથે રથ-મુસલ સંગ્રામમાં લડતો લડતો, શ્રેષ્ઠ વીર યોદ્ધાઓના નાશ કરતો તેમનું મર્દન અને ઘાત કરતો, ધ્વજપતાકાઓ ઉખાડતો, દિશાઓને પ્રકાશ-રહિત કરતો ચેટકરાજા પાસે રથ લઈ તેની બરાબર સામે ઊભો રહ્યો ત્યારે ચેટકરાજાએ કાલકુમારને આવતો જોયો, જોઈને ક્રોધિત થઈને યાવત્ દાંત કચકચાવતાં ધનુષ્ય ઉપાડયું, ઉપાડીને બાણ લીધું, લઈને આસન પર વિશેષ રીતે બેઠો, બેસીને બાણ ચઢાવ્યું, અને ચઢાવીને કાલકુમારને એક જ બાણમાં મારી નાખ્યો, જીવનરહિત કરી દીધો. અતઃ હે કાલી! તે કાલકુમાર કાળને પ્રાપ્ત થયો છે. તું તે કાલકુમારને જીવતો નહીં જોઈ શકે.”

૨૮. તત્પશ્ચાત્ કાલી દેવી શ્રમણ ભગવાન મહાવીરની આ વાત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને મહાન પુત્ર-શોકમાં ડૂબી ગઈ, ને કુહાડીથી કાપવામાં આવેલ ચંપાનું વૃક્ષ જેમ નીચે પડે તેમ ધડામ કરતી પછડાટ ખાઈ જમીન પર પડી.

ત્યાર પછી થોડીવાર રહીને કંઈક સ્વસ્થતા ધારણ કરીને તે કાલીદેવી પોતાના આસન પરથી ઊઠી, ઊઠીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે બોલી- ‘હે ભગવન્! તે આ પ્રમાણે જ છે, હે ભદન્ત! આ તથ્યરૂપ છે, હે ભગવન્! આ શંકાથી પર છે, હે ભગવન્! આ અસંદિગ્ધ છે, હે ભગવન્! તમો કહો છો તે વાત સત્ય છે.” આમ કહીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આવી હતી તે જ રીતે ધાર્મિક પ્રવર યાન પર આરૂઢ થઈ અને જ્યાંથી આવી હતી ત્યાં જ પાછી ફરી ગઈ.

**કાલની નરકગતિ—**

૨૯. “હે ભદન્ત! આ પ્રમાણે કાલકુમાર ત્રણ હજાર હાથીઓ સાથે યાવત્ રથમુસલ સંગ્રામમાં લડતાં લડતાં ચેટકરાજાના એક જ પ્રહારથી જીવનરહિત થઈને મરણ સમયે મરણ પામીને ક્યાં ગયો? ક્યાં ઉત્પન્ન થયો?”

“ગૌતમ!” આમ સંબોધિત કરીને શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમ સ્વામીને આ પ્રમાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું, "ગૌતમ ! ત્રણ હજાર હાથીઓની સાથે લડતાં લડતાં કાલકુમાર જીવનરહિત થઈને કાળ સમયે મરણ પામીને ચોથી પંકપ્રભા નામની પૃથ્વીના હેમાભ નામના નરકમાં દસ સાગરોપમના આયુષ્યવાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થયો છે."

ગૌતમ સ્વામીએ ફરીથી પૂછયું–"હે ભદન્ત ! કાલકુમાર કેવા પ્રકારના ભોગો, કેવા પ્રકારના આરંભો, કેવા પ્રકારના સમારંભો, કેવા પ્રકારના આરંભ–સમારંભો, કેવા પ્રકારના સંભોગો, કેવા પ્રકારના ભોગ સંભોગો અને કેવા પ્રકારના અશુભ કાર્યોના ભારને કારણે મરણ સમયે મરણ પામીને ચોથી પંકપ્રભા નામના નરક–પૃથ્વી યાવત્ નારક રૂપે ઉત્પન્ન થયો ?"

"હે ગૌતમ !" [ભગવાને આમ સંબોધન કરી આગળ નીચે પ્રમાણે કહ્યું.]

**કાલકુમારની નરકગતિ–ગમન નિરૂપણ માટે ભગવાને કહેલું કોણિક–ચરિત્રાન્તર્ગત પ્રરૂપણ—**

૩૦. તે કાળે, તે સમયે વૈભવાદિથી સંપન્ન, શત્રુ-ભયથી મુક્ત અને સમૃદ્ધિશાળી રાજગૃહ નામે નગર હતું.

તે રાજગૃહ નગરમાં મહાપ્રભાવશાળી શ્રેણિક નામે રાજા હતો.

તે શ્રેણિક રાજાની નંદા નામે રાણી હતી, જે અતિ સુકુમાર યાવત્ ભોગ ભોગવતી વિચરતી હતી.

તે શ્રેણિક રાજાને નન્દા રાણીનો અંગજાત અભય નામે કુમાર હતો. તે કુમાર સુકોમલ યાવત્ રૂપ–સંપન્ન હતો, ચિત્ત સારથીની જેમ સામ-દામ-ભેદ-દંડનીતિમાં કુશળ યાવત્ રાજ્ય શાસન કરી શકે તેવો હતો.

તે શ્રેણિક રાજાને ચેલણા નામે રાણી હતી, તે રાણી અતિ સુકોમળ યાવત્ ભોગ ભોગવતી વિચરતી હતી.

**ચેલણા રાણીને થયેલો માંસ-ભક્ષણ કરવાનો દોહદ અને શ્રેણિકની ચિંતા—**

૩૧. તત્પશ્ચાત્ તે ચેલણા રાણી કોઈ એક સમયે પોતાના શયનખંડમાં શરીર–પ્રમાણ અને તકિયાવાળી સુખદ શૈયા પર સૂતાં સૂતાં યાવત્ સ્વપ્નમાં સિંહને જોઈને જાગી ગઈ. પ્રભાવતી દેવીની સમાન યાવત્ રાજા પાસે પહોંચી, સ્વપ્નપાઠકોને બોલાવ્યા. તેમણે કહ્યું, 'તું ભાગ્યશાળી પુત્રરત્ન પ્રાપ્ત કરીશ જે રાજ્યનો સ્વામી બનશે.' આમ સાંભળીને સ્વપ્ન પાઠકોને વિદાય કર્યા યાવત્ ચેલણા તે વચનનો સ્વીકાર કરીને જ્યાં પોતાનું ભવન હતું, ત્યાં પ્રવેશી.

ત્યાર બાદ તે ચેલણાને પ્રાયઃ ત્રણ માસ પૂર્ણ થયા ત્યારે કોઈ એક સમયે આ અને આ પ્રમાણેનો દોહદ ઉત્પન્ન થયો—"તે માતાઓ ધન્ય છે જેમને મનુષ્ય–જન્મ અને જીવનનું ફળ મળ્યું છે, જે શ્રેણિક રાજાની ઉદરાવલીના સેકેલા, તળેલા અને અગ્નિમાં ભૂંજેલા માંસ તેમ જ સુરા યાવત્ મન–પ્રસન્ન કરનાર મદિરાનો આસ્વાદ લે છે યાવત્ એક-બીજાને પીવડાવતી પોતાની ઈચ્છા પૂર્ણ કરે છે."

તદન્તર તે ચેલણાદેવી આ દોહદ પૂરાં ન થઈ શકવાથી સૂકાઈ ગઈ, ભૂખથી વ્યાકુળ બની ગઈ, માંસરહિત શરીરવાળી, જીર્ણ તેમ જ નિસ્તેજ, દીન અને ઉદાસ બની ગઈ. તેનું મોં પીળું પડી ગયું, તેનાં કમળ જેવાં નેત્રો અને મુખ કરમાઈ ગયાં, યથોચિત પુષ્પ-વસ્ત્ર-ગંધ-માળા-અલંકારનો ઉપભોગ છોડી દઈને તે હથેળીમાં મસળી નાખવામાં આવેલ કમળની માળા જેવી નિસ્તેજ તેમ જ હતોત્સાહ થઈને યાવત્ દુઃખમાં ડૂબી ગઈ.

તત્પશ્ચાત્ તે ચેલણા દેવીની અંગપરિચારિકાઓએ (સેવા–શુશ્રૂષા કરનાર દાસીઓને) ચેલણાદેવીને ભૂખી યાવત્ આર્તધ્યાનમાં ડૂબેલી જોઈ, જોઈને જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં ગઈ, જઈને બંને હાથ જોડીને આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચીને શ્રેણિક રાજાને આ પ્રમાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું— "હે સ્વામિન્! અમને ખબર નથી કે કયા કારણસર ચેલણાદેવી ભૂખી-તરસી યાવત્ ચિંતામાં ડૂબી ગઈ છે."

તદનન્તર તે અંગપરિચારિકાઓની આ વાત સાંભળીને અને સમજીને શ્રેણિક રાજા વ્યાકુળ થતો જ્યાં ચેલણાદેવી હતી ત્યાં આવ્યો, આવીને ચેલણાદેવીને ભૂખી-તરસી યાવત્ આર્તધ્યાનમાં ડૂબેલી જોઈને આ પ્રમાણે કહ્યું- "દેવાનુપ્રિયે! તું કેમ ભૂખી-તરસી રહીને ચિંતાગ્રસ્ત થઈ ગઈ છો?"

પરંતુ તે ચેલણાદેવીએ શ્રેણિક રાજાની આ વાતનો આદર ન કર્યો, તેના પર ધ્યાન ન આપ્યું પરંતુ મૌન જ બેસી રહી.

તત્પશ્ચાત શ્રેણિક રાજાએ ચેલણાદેવીને બીજી, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું- "દેવાનુપ્રિયે! શું તે વાત મને કહેવા યોગ્ય નથી, જેથી કરીને તું એ વાત છુપાવી રહી છે?"

ત્યાર બાદ તે ચેલણાદેવીએ શ્રેણિક રાજા દ્વારા બીજી, ત્રીજીવાર પણ કહેવાયેલી આ વાત સાંભળીને રાજાને આ પ્રમાણે કહ્યું, "હે સ્વામિન્! એવી કોઈ વાત નથી જે તમને ન કહી શકાય, હે સ્વામિન્! વાત જાણે એમ છે કે તે ઉદાર યાવત્ મહાસ્વપ્ન પછી ત્રણ માસ પૂર્ણ થતાં મને આ પ્રમાણેનો દોહદ પ્રાદુર્ભૂત-ઉત્પન્ન થયો છે કે— 'તે માતાઓ ધન્ય છે જે તમારી ઉદરાવલિના શૂળ પર સેકેલા માંસ યાવત્ મદિરાનો આસ્વાદ લેતી ઇચ્છા પૂર્ણ કરે છે.' મને આ પ્રમાણેની ઈચ્છા ઉત્પન્ન થઈ છે. પરંતુ સ્વામી તે ઇચ્છા પૂર્ણ ન થવાથી હું શુષ્ક, ભૂખી-તરસી ચિંતિત થઈ રહી છું."

તદનન્તર શ્રેણિક રાજાએ ચેલણાદેવીને આ પ્રમાણે કહ્યું—દેવાનુપ્રિયે! તું આહત મન-સંકલ્પવાળી યાવત્ ચિંતિત ન થા. હું પ્રયત્ન કરીશ કે તારી ઇચ્છા પૂર્ણ થાય." એમ કહીને ચેલણાદેવીને ઈષ્ટ, કાન્ત, (ઇચ્છિત) પ્રિય, મનોજ્ઞ, મનભાવન, શ્રેષ્ઠ, કલ્યાણકારી, ધન્ય મંગલરૂપ, મૃદુ, મધુર, શોભનીય વાણીમાં આશ્વાસન આપ્યું. આશ્વાસન આપીને ચેલણાદેવી પાસેથી નીકળ્યો, નીકળીને ઉપસ્થાનશાળાના બહારના ભાગમાં જ્યાં સિંહાસન હતું ત્યાં આવ્યો અને આવીને તે શ્રેષ્ઠ સિંહાસન પર પૂર્વ દિશા તરફ મોં રાખીને આસનસ્થ થયો, તે ચેલણાનો દોહદ પૂર્ણ કરવા માટે જુદી જુદી તરકીબો ઉપાયો વિશે ઔત્પાતિકી બુદ્ધિથી, વૈનયિકી બુદ્ધિથી, કાર્મિકી બુદ્ધિથી અને પારિમાણિકી બુદ્ધિથી વારંવાર વિચારવા છતાં તે દોહદથી થતા લાભ અને તેના ઉપાય જાણી નહીં શકવાથી આહત-મન સંકલ્પ યાવત્ ચિંતાગ્રસ્ત થઈ ગયો.

**અભયકુમારે કરેલી યુક્તિથી ચેલણાની દોહદ પૂર્તિ—**

૩૨. અહીં અભયકુમાર સ્નાન કરી યાવત્ શરીરને અલંકૃત કરી પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને ઉપસ્થાનશાળાના બહારના ભાગમાં જ્યાં શ્રેણિકરાજા હતો, ત્યાં ગયો, જઈને શ્રેણિક રાજાને ભગ્ન-મનોરથ યાવત્ ચિંતા કરતો જોયો, જોઈને આ પ્રમાણે કહ્યું. "હે તાત! તમે હંમેશા મને જોઈને હૃષ્ટ તુષ્ટ યાવત્ પ્રસન્ન થતા હતા, પરંતુ તાત! આજે શું વાત છે કે તમે ઉત્સાહહીન યાવત્ ચિંતિત થઈ રહ્યા છો? તો હે તાત! જો એ વાત મને કહેવા યોગ્ય હોય તો મને આ વાત જે પ્રમાણે છે તે પ્રમાણે જ, અવિતથ અને અસંદિગ્ધ રૂપે કહી સંભળાવો, જેથી હું તે વાતનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરું."

તત્પશ્ચાત્ શ્રેણિક રાજાએ અભયકુમારને આ પ્રમાણે કહ્યું 'હે પુત્ર! તને ન કહેવાય તેવી કોઈ વાત નથી—જે સાંભળવા તું અયોગ્ય હોય. વાત એમ છે કે પુત્ર! તારી નાની માતા ચેલણાદેવીને તેને ઉદાર પ્રધાન યાવત્ મહાસ્વપ્નને લગભગ ત્રણ માસ પૂરા થયા પછી યાવત્ તેને મારી ઉદરાવલિના શેકેલા માંસથી દોહદ પૂર્ણ કરવાની ઈચ્છા થઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ તે ચેલણાદેવી તે દોહદ પૂર્ણ ન કરી શકવાથી શુષ્ક યાવત્ ચિંતામાં ડૂબી ગઈ છે. જેથી હે પુત્ર! હું તે દોહદ પૂર્ણ કરવા માટેની કોઈ તરકીબ યાવત્ ઉપાય સમજી ન શકવાને કારણે ભગ્ન-મનોરથ યાવત્ ચિંતિત થઈ રહ્યો છું."

તદનન્તર અભયકુમારે શ્રેણિક રાજાને આ પ્રમાણે કહ્યું-'હે તાત! તમે ભગ્ન-મનોરથ યાવત્ ચિંતિત ન થાઓ. હું એવો પ્રયત્ન કરીશ કે જેથી મારી નાની માતાની ઈચ્છા-પૂર્તિ થાય." આ પ્રમાણે કહીને શ્રેણિક રાજાને ઈષ્ટ, કાંત યાવત્ મધુર વાણીમાં સાંત્વના આપી, સાંત્વના આપીને જ્યાં પોતાનું આવાસગૃહ હતું ત્યાં ગયો, જઈને આભ્યન્તર-રહસ્ય-સ્થાનીય (પોતાની ગુપ્ત વાત જાણનાર) પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું-"હે દેવાનુપ્રિયો! તમે જાઓ અને વધશાળામાંથી આર્દ્ર (તાજો) રક્ત અને માંસથી યુક્ત વસ્તિપુટક (પેટનો ભીતરનો ભાગ) લઈ આવો."

ત્યારે તે સ્થાનિક પુરુષ અભયકુમારની આ આજ્ઞા સાંભળીને હર્ષિત-સંતુષ્ટ યાવત્ આજ્ઞાનો સ્વીકાર કરીને અભયકુમાર પાસેથી નીકળ્યા, નીકળીને જ્યાં વધશાળા હતી, ત્યાં ગયા, જઈને આર્દ્ર રક્ત-માંસ યુક્ત વસ્તિ-પુટક લીધું, લઈને બે હાથ જોડીને તે આર્દ્ર રક્ત માંસ યુક્ત વસ્તિપુટક અભયકુમાર સમીપ ઉપસ્થિત કર્યું.

તત્પશ્ચાત અભયકુમારે તેમાંથી થોડુંક આર્દ્ર રક્ત-માંસ કાપ્યું, કાપીને જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં ગયો, જઈને શ્રેણિક રાજાને એકાંતમાં શૈયા પર ચત્તો (ઉપરની દિશામાં મોં રાખીને) સુવડાવ્યો, સુવડાવીને શ્રેણિક રાજાની ઉદરાવલિ પર તે આર્દ્ર રક્ત માંસનો ટુકડો મૂક્યો, મૂકીને વસ્તિપુટકને લપેટ્યો, લપેટીને તેમાંથી લોહીની ધાર વહાવી, વહાવીને ચેલનાદેવીને ઉપરના માળે જોઈ શકાય તેવા સ્થાને બેસાડી, ચેલનાદેવીના દેખતાં જ તેની સામે નીચે શ્રેણિક રાજાને ઉર્ધ્વ દિશામાં મોં રખાવી શૈયા પર સુવડાવ્યા, સુવડાવીને શ્રેણિક રાજાની ઉદરાવલિનું માંસ છરી વડે કાપ્યું, કાપીને તેને વાસણમાં મૂક્યું.

ત્યારે શ્રેણિક રાજાએ ખોટે-ખોટો મૂર્છિત થવાનો દેખાવ કર્યો, પછી થોડી વાર રહીને બંને એકબીજા સાથે વાતો કરવા લાગ્યા.

ત્યાર બાદ અભયકુમારે શ્રેણિક રાજાની ઉદરાવલિના માંસને લીધું, લઈને જ્યાં ચેલણાદેવી હતી, ત્યાં આવ્યો, આવીને ચેલણાદેવીને આપ્યું.

ત્યારે તે ચેલણાદેવીએ તે શ્રેણિક રાજાની ઉદરાવલિના શૂળ પર સેકેલા યાવત્ માંસથી દોહદ-ઈચ્છા પૂર્ણ કરી. ત્યારબાદ તે ચેલણાદેવી પૂર્ણ દોહદવાળી, સન્માનિત દોહદવાળી, વિચ્છિન્ન દોહદવાળી થઈને ગર્ભનું સુખપૂર્વક વહન કરવા લાગી.

**ચેલણા દ્વારા ગર્ભપાતનો નિષ્ફળ પ્રયાસ—**

૩૩. તત્પશ્ચાત્ તે ચેલણાદેવીને કોઈ એક સમયે મધ્યરાત્રિએ જાગતાં આ પ્રમાણેનો આવો યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો-"ગર્ભમાં રહેતાં જ આ બાળકે પિતાની ઉદરાવલિનું માંસ ખાધું છે, તો આ ગર્ભને પાડી નાખવો જ મારા માટે ઉચિત છે." આમ વિચાર કર્યો, વિચાર કરીને તેણે ગર્ભને પાડી નાખનાર, ગાળી નાખનાર અને નાશ કરનાર અનેક ઔષધિઓ-યુક્તિઓ વડે ગર્ભને પાડવા, ગાળવા અને નાશ કરવા પ્રયત્ન કર્યો પરંતુ તે ગર્ભ ન પડ્યો, નાશ ન પામ્યો.

ત્યારે તે ચેલણાદેવી તે ગર્ભને અનેક ગર્ભ પાડનારી યાવત્ ગર્ભ નષ્ટ કરનારી ઔષધિ-યુક્તિઓથી તેનો નાશ કરવામાં સફળ ન થઈ ત્યારે શ્રાન્ત, ખિન્ન, પરિકલાન્ત નિર્વિણ્ણ, ઉદાસ, હતાશ થઈને અનિચ્છા અને પરવશતા-પૂર્વક દુર્વિકાર આર્તધ્યાનથી પીડિત થઈને તે ગર્ભનું વહન કરવા લાગી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચેલણાએ બાળકને ઉકરડા પર ફેંકાવ્યું—**

૩૪. તત્પશ્ચાત્ નવ માસ પૂર્ણ થતાં તે ચેલણાદેવીને સુકુમાર સુંદર દારકનો પ્રસવ થયો. ત્યારે તે ચેલણાદેવીને આવો અને આ પ્રમાણેનો યાવત્ મનઃસંકલ્પ ઉત્પન્ન થયો–" જો ગર્ભમાં રહીને જ આ બાળકે પિતાની ઉદરાવલિનું માંસ ખાધું છે તો સંભવ છે કે આ બાળક મોટો થઈને અમારા કુળનો નાશ કરનાર પણ હોઈ શકે. તેથી મારા માટે ઉચિત છે કે આ બાળકને એકાંત ઉકરડા પર ફેંકાવી દઉં." આમ વિચાર કર્યો, વિચાર કરીને દાસને બોલાવ્યો, બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું–'દેવાનુપ્રિય ! તું જા અને આ બાળકને કોઈ એકલા–અટૂલા કૂડા–કચરાના ઢગલા પર ફેંકી આવ."

ત્યારબાદ તે દાસે ચેલણાદેવીની આ વાત સાંભળીને બંને હાથ જોડીને યાવત્ ચેલણાદેવીની આ વાતનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને તે બાળકને હાથમાં ઉપાડયો, ઉપાડીને જ્યાં અશોકવાટિકા હતી, ત્યાં ગયો, જઈને તે બાળકને નિર્જન કૂડા–કચરાના ઢગલા પર ફેંકી દીધો.

તે બાળકને નિર્જન એકાંત સ્થળે આવેલા કૂડા કચરાના ઢગલા પર ફેંકતા જ તે અશોક વાટિકા પ્રકાશથી વ્યાપ્ત થઈ ગઈ.

**શ્રેણિકરાજાએ ઉપાલંભ આપ્યા પછી ચેલણાએ કરેલું પુત્ર સંરક્ષણ–પાલન—**

૩૫. તત્પશ્ચાત્ શ્રેણિક રાજા આ વૃત્તાન્ત જાણીને જ્યાં અશોકવાટિકા હતી ત્યાં આવ્યો, આવીને તે બાળકને એકાંત કૂડા-કચરાના ઢગલા પર પડેલો જોયો, જોઈને ક્રોધિત યાવત્ દાંત કચકચાવતા તેણે બાળકને હાથમાં લીધું, લઈને જ્યાં ચેલણાદેવી હતી ત્યાં આવ્યો, આવીને વિવિધ પ્રકારની આક્રોશ ભરેલી અનુકૂળ-પ્રતિકૂળ વાતોથી ચેલણાદેવીની ભર્ત્સના કરી, અનેક પ્રકારના કઠોર વચનો દ્વારા તેની અવહેલના કરી તેમ જ અપશબ્દો વાપરી તિરસ્કાર કર્યો, તિરસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું–" કયા દુઃખને કારણે તેં મારા બાળકને એકાંત કૂડા-કચરાના ઢગલા પર ફેંકાવી દીધો ?" એમ કહીને અનેક પ્રકારના સોગંદ આપ્યા, સોગંદ આપીને આ પ્રમાણે કહ્યું–'દેવાનુપ્રિયે ! પહેલાંની જેમ જ તું આ બાળકનું સંરક્ષણ અને ધ્યાનપૂર્વક સુરક્ષા કરીને મોટો કર, પાલન પોષણ કરી મોટો કર."

તત્પશ્ચાત્ શ્રેણિક રાજા દ્વારા આ પ્રમાણે આજ્ઞા પામીને તે ચેલણાદેવીએ લજ્જિત થઈને, શરમાઈને બંને હાથ જોડીને વિનયપૂર્વક શ્રેણિક રાજાના આ કથનનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને પહેલાંની જેમજ તે બાળકનું સંરક્ષણ સંગોપન કરતી પાલણ-પોષણ કરવા લાગી.

**શ્રેણિક દ્વારા બાળકની વેદનાનું નિવારણ–**

૩૬. એકાંત નિર્જન જગ્યાએ આવેલા કચરાના ઢગલા પર ફેંકી દેવાને કારણે તે બાળકની જમણા હાથની તર્જની (પહેલી આંગળી) કૂકડાની પાંખ વાગવાથી જખ્મી થઈ હતી, તેમાંથી સતત લોહી–પરું નીકળવા લાગ્યું–વહેવા લાગ્યું.

ત્યારે તે બાળક વેદનાને કારણે મોટે-મોટેથી રોવા લાગ્યો. શ્રેણિક રાજા તે બાળકનું રોવાનું ધ્યાનથી સાંભળીને બાળક જ્યાં હતો ત્યાં ગયો, જઈને તે બાળકને હાથમાં લીધો, લઈને આંગળી પોતાના મોંમાં લીધી, લઈને પરુ અને લોહી પોતાના મોંથી ચૂસી લીધાં.

ત્યારે તે બાળક સ્વસ્થ બન્યો અને વેદનાનું શમન થવાથી શાંત થઈ ગયો.

જ્યારે જ્યારે તે બાળક વેદનાથી પીડિત થઈને જોર–જોરથી રોતો ત્યારે ત્યારે શ્રેણિક રાજા તે બાળક જ્યાં હોય ત્યાં જતો, જઈને તે બાળકને હાથમાં લઈને એ જ પ્રમાણે યાવત્ વેદનાનું શમન કરતો, શમન થતાં તે શાંત થઈ જતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાળકનું 'કોણિક' નામકરણ અને કોણિકને પ્રાપ્ત થયેલું તારુણ્ય આદિ—**

૩૭. તત્પશ્ચાત્ તે બાળકને માતા-પિતા ત્રીજા દિવસે ચંદ્ર અને સૂર્યના દર્શન કરાવે છે, યાવત્ બારમા દિવસે આ અને આ પ્રમાણે નામકરણ કરે છે—"કારણ કે અમારા આ બાળકને એકાંત ઉકરડા પર ફેંકી દેવાને કારણે તેની આંગળી કૂકડાની પાંખ વાગવાથી જખ્મી થઈ છે તેથી અમારા આ બાળકનું નામ કોણિક થાઓ."

ત્યારે માતા-પિતા તે બાળકનું 'કોણિક' નામકરણ કરે છે.

તત્પશ્ચાત્ અનુક્રમે તે બાળકની સ્થિતિપતિકા-જન્મોત્સવ, વિવાહોત્સવ ઉજવે છે, શેષ વર્ણન મેઘકુમારની સમાન જાણવું-યાવત્ શ્રેષ્ઠ પ્રાસાદના ઉપરના ભાગમાં ભોગ ભોગવતો વિચરણ કરે છે. યાવત્ સસરા તરફથી આઠ દહેજ મળ્યા.

**શ્રેણિકને કેદમાં નાંખી કોણિક દ્વારા રાજ્યશ્રીની પ્રાપ્તિ—**

૩૮. ત્યાર બાદ તે કોણિક કુમારને કોઈ એક સમયે મધ્યરાત્રિએ યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો—"આ પ્રમાણે હું શ્રેણિક રાજાના વ્યાઘાતને કારણે સ્વયં રાજ્યશાસન કરીને, પ્રજાનું પાલન કરીને વિચરણ નથી કરી શકતો, તેથી શ્રેણિક રાજાને કેદ કરીને મહાન રાજ્યાભિષેક વિધિથી પોતાનો અભિષેક કરવો મારા માટે ઉચિત અને શ્રેયસ્કર થશે." આ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરીને તે શ્રેણિક રાજાની ગુપ્ત વાતો, છિદ્રો-દોષો, વિવરો, સ્ખલનોની પ્રતીક્ષા કરતો વિચરવા લાગ્યો-સમય વ્યતીત કરવા લાગ્યો.

તત્પશ્ચાત્ તે કોણિક કુમારે શ્રેણિક રાજાની ગુપ્ત વાતો યાવત્ મર્મો પ્રાપ્ત ન કરી શકવાથી કોઈ એક સમયે કાલાદિ દસ કુમારોને પોતાના આવાસગૃહમાં બોલાવ્યા, બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું; 'હે દેવાનુપ્રિયો! વાત એમ છે કે શ્રેણિક રાજાના ડરને કારણે આપણે રાજ્ય-શાસન અને પ્રજા-પાલન કરતાં આપણો સમય વ્યતીત કરવા અસમર્થ છીએ, તો હે દેવાનુપ્રિયો! શ્રેણિક રાજાને કેદમાં નાખીને રાજ્ય, રાષ્ટ્ર, બળ, વાહન, કોષ, કોઠાર, અને જનપદને અગિયાર ભાગમાં વહેંચીને સ્વયમેવ રાજ્ય-શાસન અને પ્રજા-પાલન કરતાં યાવત્ વિચરણ કરવું આપણા માટે યોગ્ય છે."

ત્યારે તે કાલ આદિ દસ કુમારોએ કોણિક કુમારની આ વાતનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

તદનન્તર કોણિક કુમારે કોઈ એક સમયે શ્રેણિક રાજાનો ભેદ જાણી લીધો, જાણીને શ્રેણિક રાજાને કેદ કર્યો, કેદ કરીને મહાન ઉત્સવ ઊજવીને રાજ્યાભિષેકથી પોતાનો અભિષેક કર્યો. ત્યાર બાદ પર્વતોમાં હિમાલય આદિ મહાન પર્વત સમાન મનુષ્યોમાં તે કોણિકકુમાર મહાન રાજા થઈ ગયો.

**કોણિકને ચેલણા દ્વારા શ્રેણિકના પોતાના તરફના સ્નેહનું જ્ઞાન—**

૩૯. ત્યાર બાદ તે કોણિક રાજા એક દિવસ સ્નાન કરીને યાવત્ સર્વ અલંકારોથી શરીરને વિભૂષિત કરીને ચેલણાદેવીને પગે લાગવા ગયો, ત્યારે કોણિક રાજાએ ચેલણાદેવીને ઉદાસીન યાવત્ ચિન્તાગ્રસ્ત જોઈ, જોઈને ચેલણાદેવીના પગ પકડી લીધા અને પકડીને ચેલણાદેવીને આ પ્રમાણે કહ્યું—"હે માતા! શું તને ઉલ્લાસ, હર્ષ અને આનંદ નથી થતો કે હું સ્વયં રાજ્ય-શાસન કરતો યાવત્ વિચરણ કરી રહ્યો છું?"

ત્યારે તે ચેલણાદેવીએ કોણિક રાજાને આ પ્રમાણે કહ્યું—'હે પુત્ર! મને કેવી રીતે ઉલ્લાસ, હર્ષ અને આનંદ થઈ શકે, જ્યારે તેં પ્રિય, દેવરૂપ, ગુરુજન જેવા પૂજ્ય, અત્યન્ત સ્નેહ અને અનુરાગ યુક્ત શ્રેણિક રાજાને કેદમાં નાખીને પોતાનો મહાન રાજ્યાભિષેકથી અભિષેક કર્યો?"

તદનન્તર કોણિક રાજાએ ચેલણાદેવીને આ પ્રમાણે કહ્યું—"હે માતા! શ્રેણિક રાજા મારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હત્યા ઈચ્છતો હતો, હે માતા ! આ પ્રમાણે મને મારી નાખવા ઈચ્છતો હતો, બાંધવા ઈચ્છતો હતો, નિષ્કાસિત કરવા ઈચ્છતો હતો. તો હે માતા, શ્રેણિક રાજા મારા પ્રતિ અત્યંત સ્નેહ અને અનુરાગયુક્ત કેવી રીતે કહેવાય ?"

ત્યારે ચેલણાદેવીએ કોણિક રાજાને આ પ્રમાણે કહ્યું—"હે પુત્ર ! વાત એમ છે કે તું જ્યારે મારા ગર્ભમાં હતો ત્યારે લગભગ ત્રણ માસ પૂર્ણ થયા પછી મને આ અને આ પ્રમાણેનો દોહદ ઉત્પન્ન થયો—[તે માતાઓ ધન્ય છે—આદિથી શરૂ કરીને અંગપરિચારિકાઓ દ્વારા ફેંકાવ્યો આદિ-તેમજ જ્યારે તું વેદનાથી પીડિત થઈને મોટે-મોટેથી રોતો આદિ શાંત થઈ જતો પર્યન્ત સમસ્ત વર્ણન પૂર્વવત્ અહીં જાણવું જોઈએ.] આ પ્રમાણે હે પુત્ર ! શ્રેણિક રાજા અત્યંત સ્નેહ અને અનુરાગયુક્ત હતો."

**કોણિકનું શ્રેણિકના બંધન છોડવા જવું—**

૪૦. તત્પશ્ચાત્ કોણિક રાજાએ ચેલણાદેવીની આ વાત સાંભળીને અને સમજીને ચેલણાદેવીને આ પ્રમાણે કહ્યું—"હે માતા ! મેં દેવરૂપ, ગુરુજન, પૂજ્ય, અત્યંત સ્નેહ અને અનુરાગ યુક્ત શ્રેણિક રાજાને કેદમાં નાખીને બહુ ખરાબ કામ કર્યું છે. તો હું જઉં અને મારા હાથે જ શ્રેણિક રાજાની બેડીઓ તોડું" એમ કહીને હાથમાં તલવાર લઈને જ્યાં કારાગૃહ હતું તે તરફ જવા તે ઉતાવળો થયો.

**શ્રેણિકે કરેલું તાલપુટ વિષભક્ષણ અને તેનું મરણ**

૪૧. ત્યાર બાદ શ્રેણિક રાજાએ હાથમાં તલવાર લઈને આવતા કોણિકકુમારને જોયો અને આ પ્રમાણે વિચાર્યું—"આ અપ્રાર્થિત યાવત્ શ્રી-હ્રી થી રહિત કોણિકકુમાર હાથમાં તલવાર સાથે ઝડપથી ચાલતો આ તરફ આવી રહ્યો છે, કોણ જાણે એ મને કયા કમોતે મારશે !" આમ વિચારીને ભયભીત યાવત્ ભયગ્રસ્ત થઈને તાલપુટ વિષ મોંમાં મૂકી દીધું. ત્યારે તે શ્રેણિક રાજા તાલપુટ વિષ મોંમાં મૂકતાં જ એક ક્ષણ બાદ વિષની અસર થવાથી નિષ્પ્રાણ, નિશ્ચેત, જીવનરહિત થઈને જમીન પર ઢળી પડ્યો.

**કોણિકનો શોક, શોકાપગમ અને નિજભ્રાતાઓમાં રાજ્યવિભાજન—**

૪૨. તત્પશ્ચાત્ તે કોણિકકુમાર જ્યાં કારાગૃહ હતું, ત્યાં ગયો, જઈને પોતાના પિતા શ્રેણિક રાજાને નિષ્પ્રાણ, નિશ્ચેત, જીવનરહિત અને જમીન પર પડેલો જોયો, જોઈને મહાન પિતૃશોકમાં ડૂબીને કુહાડીથી કાપવામાં આવેલ ચંપકવૃક્ષની જેમ પછડાટ ખાઈને જમીન પર પડ્યો.

તદનન્તર થોડી ક્ષણો બાદ કળ વળતાં તે કોણિકકુમારે રુદન, આક્રન્દ, શોક અને વિલાપ કરતાં આ પ્રમાણે કહ્યું—'અહો ! મેં અભાગિયાએ, પાપીએ પ્રિય, દેવરૂપ, અત્યંત સ્નેહ અને અનુરાગ યુક્ત શ્રેણિક રાજાને કેદમાં નાખીને બહુ ખરાબ કર્યું છે. મારે કારણે જ શ્રેણિક રાજા કાળ પામ્યા. આ પ્રમાણે વિચાર કરીને ઈશ્વર તલવર યાવત્ સંધિપાલો સાથે રુદન, આક્રંદ અને વિલાપ કરતા મહાન ઋદ્ધિ સત્કાર અને અભ્યુદય સાથે શ્રેણિકરાજાની અંતિમ ક્રિયા કરી.

તત્પશ્ચાત્ તે કોણિકકુમાર આ મહાન મનોગત માનસિક દુઃખથી પીડિત થઈને કોઈ એક દિવસ અંતઃપુર પરિવારથી ઘેરાઈને ધન, ધાન્યાદિ ઉપકરણો લઈને રાજગૃહમાંથી નીકળ્યો અને જ્યાં ચંપાનગરી હતી, ત્યાં આવ્યો, ત્યાં સમ્યક્ વિપુલ ભોગોથી સમન્વિત થઈને સમય જતાં શોકરહિત થઈ ગયો.

તદનન્તર તે કોણિક રાજાએ કોઈ એક દિવસ કાલ આદિ દસ કુમારોને બોલાવ્યા, બોલાવીને રાજ્ય યાવત્ જનપદને અગિયાર ભાગમાં વિભાજિત કર્યું, વિભાજિત કરીને સ્વયં રાજ્યશાસન અને પ્રજા પાલન કરતો સમય વ્યતીત કરવા લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કોણિકના સહોદર વેહલ્લની સેચનક ગંધહસ્તિ-ક્રીડાનું વર્ણન—**

૪૩. તે ચંપાનગરીમાં શ્રેણિક રાજાનો પુત્ર, ચેલણા-દેવીનો અંગજાત, કોણિક રાજાનો સહોદર એવો વેહલ્લ નામનો નાનો ભાઈ હતો જે અત્યંત સુકુમાર યાવત્ સૌંદર્યશાળી હતો.

શ્રેણિક રાજાએ પહેલાં પોતે જીવતા હતા ત્યારે જ તે વેહલ્લ કુમારને સેચનક ગંધ હસ્તી અને અઢાર સેરનો હાર આપ્યો હતો.

તે વેહલ્લ કુમાર સેચનક ગંધ હસ્તી અને અંતઃપુર પરિવાર સાથે લઈને ચંપા નગરી-માંથી પસાર થતો, નીકળીને સ્નાન કરવા માટે વારં-વારં ગંગા નદીમાં પડતો.

ત્યારે તે સેચનક ગંધહસ્તી સૂંઢથી તેની રાણીઓને પકડતો અને પકડીને કોઈને પીઠ પર બેસાડતો, કોઈને ખભા પર બેસાડતો, આ પ્રમાણે કોઈને ગંડસ્થળ પર તો કોઈને માથા પર, કોઈને હાથીદાંત પર બેસાડતો, કોઈને સૂંઢમાં પકડી હીંચોળતો, કોઈને બે દાંત વચ્ચે પકડતો, તો કોઈને પાણીનો ફુવારો છોડી નવડાવતો અને કોઈને અનેક પ્રકારની વિવિધ ક્રીડાઓ દ્વારા રમાડતો.

તદનન્તર ચંપાનગરીના શ્રૃંગાટકો, ત્રિકો, ચોરે ને ચૌટે, રાજમાર્ગો પર અનેક વ્યક્તિઓ એકબીજાને કહેવા લાગી — 'હે દેવાનુપ્રિયો ! વેહલ્લ કુમાર સેચનક ગંધહસ્તી અને અંતઃપુર સાથે લઈને અનેક પ્રકારે ક્રીડાઓ કરે છે પર્યન્ત પૂર્વવત્ પરસ્પર એકબીજાને કહે છે યાવત્ પ્રરૂપણ કરે છે. તે વેહલ્લકુમાર રાજ્ય-શ્રીના ખરા ફળનો અનુભવ કરતો વિચરે છે, કોણિકરાજા નહીં."

**નિજભાર્યા પદ્માવતીના અનુરોધથી કોણિક દ્વારા ફરી ફરીને વેહલ્લ પાસેથી હાથ અને હાર માગવા—**

૪૪. તત્પશ્ચાત્ તે પદ્માવતી દેવીને આ વાત સાંભળીને આ અને આ પ્રમાણે યાવત્ મન-સંકલ્પ ઉત્પન્ન થયો—'વેહલ્લકુમાર સેચનક ગંધહસ્તી સાથે યાવત્ અનેક પ્રકારની ક્રીડાઓ કરે છે. તે વેહલ્લકુમાર જ હકીકતમાં રાજ્યશ્રીના ફળનો સ્વાદ લેતો વિચરણ કરે છે, ખરેખર કોણિક રાજા નહીં. તો અમારા રાજ્ય યાવત્ જનપદથી શું લાભ, જો અમારી પાસે સેચનક ગંધહસ્તી ન હોય ? તેથી કોણિક રાજાને આ વાત કરવી મારા માટે શ્રેયસ્કર છે." આ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરીને કોણિક રાજા હતો, ત્યાં તે આવી, આવીને બે હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહ્યું-'હે સ્વામિન્ ! વેહલ્લકુમાર ગંધહસ્તી સાથે યાવત્ અનેક પ્રકારની ક્રીડાઓ કરે છે. તો પછી આપણા રાજ્ય યાવત્ જનપદથી શું લાભ, જો આપણી પાસે સેચનક ગંધહસ્તી ના હોય ?"

ત્યારે તે કોણિક રાજાએ પદ્માવતીની આ વાતનો આદર ન કર્યો, તેના પર ધ્યાન ન આપ્યું, પરંતુ મૌન રહ્યો.

તત્પશ્ચાત્ તે પદ્માવતી દેવી વારંવાર કોણિક રાજા પાસે આ વાતનું નિવેદન કરતી.

તદનન્તર પદ્માવતી દેવી દ્વારા વારંવાર આ વાતનું નિવેદન થવાથી કોણિક રાજાએ કોઈ એક દિવસ વેહલ્લકુમારને બોલાવ્યો અને બોલાવીને સેચનક ગંધહસ્તી તેમ જ અઢાર સેરનો હાર માગ્યો.

ત્યારે તે વેહલ્લકુમારે કોણિક રાજાને આ પ્રમાણે કહ્યું-'હે સ્વામિન્ ! વાત એમ છે કે મને રાજ્ય યાવત્ જનપદનો અડધો ભાગ આપો તો હું સેચનક ગંધહસ્તી અને અઢાર સેરનો હાર આપીશ."

ત્યારે તે કોણિક રાજાએ વેહલ્લકુમારની આ વાતનો આદર ન કર્યો, તેના પર ધ્યાન ન આપ્યું, પરંતુ વારંવાર સેચનક ગંધહસ્તી અને અઢાર સેરના હારની માંગણી કરી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કોણિક રાજાથી ડરેલા વેહલ્લનું વૈશાલીમાં ચેટકના આશ્રય નીચે રહેવું—**

૪૫. કોણિક રાજા દ્વારા વારંવાર સેચનક ગંધહસ્તી અને અઢાર સેરના હારની માંગણી થવાથી તે વેહલ્લકુમારને વિચાર આવ્યો કે " કોણિક રાજા મારો સેચનક ગંધહસ્તી અને અઢાર સેરના હાર પર અધિકાર કરવા ઈચ્છે છે, લઈ લેવા ઈચ્છે છે, ઝૂંટવી લેવા ઈચ્છે છે. તેથી જ્યાં સુધી તે મારી પાસે છે ત્યાં સુધી સેચનક ગંધહસ્તી અને અઢાર સેરનો હાર લઈ મારે અંતઃપુર પરિવાર સાથે, આભૂષણ ઉપકરણો સહિત, ચંપાનગરી છોડીને વૈશાલી નગરીમાં આર્યક-માતામહ ચેટક રાજા પાસે જઈને રહેવું જોઈએ."

આમ વિચાર કર્યો, વિચાર કરીને કોણિક રાજાની ગેરહાજરી યાવત્ અનુપસ્થિતિની પ્રતીક્ષા કરતો સમય વ્યતીત કરવા લાગ્યો.

તત્પશ્ચાત્ તે વેહલ્લકુમારને કોઈ એક સમયે કોણિકરાજાની અનુપસ્થિતિની ખબર પડી, ત્યારે સેચનક ગંધહસ્તી, અઢાર સેરનો હાર લઈને અંતઃપુર પરિવાર સાથે આભૂષણ-ઉપકરણ આદિ સહિત ચંપાનગરીમાંથી તે નીકળ્યો, નીકળીને જ્યાં વૈશાલી નગરી હતી, ત્યાં આવ્યો અને ત્યાં જઈને વૈશાલી નગરીમાં આર્યક ચેટક પાસે રહીને વિચરવા લાગ્યો.

**કોણિક દ્વારા ચેટક પાસે સેચનક ગંધહસ્તી આદિ પ્રેષણાર્થ દૂત-પ્રેષણ—**

૪૬. તત્પશ્ચાત્ કોણિક રાજા આ સમાચાર જાણીને વેહલ્લકુમાર મને કહ્યા વગર—જાણકારી કર્યા વગર સેચનક ગંધહસ્તી અને અઢાર સેરનો હાર લઈને અંતઃપુર પરિવાર સાથે ચાલ્યો ગયો છે યાવત્ ચેટકરાજા પાસે વિચરી રહ્યો છે. તો મારા માટે સેચનક ગંધહસ્તી અને અઢાર સેરનો હાર મંગાવવા દૂત મોકલવો ઉચિત છે. આમ વિચાર કર્યો, વિચાર કરીને દૂતને બોલાવ્યો, બોલાવીને તે દૂતને આ પ્રમાણે કહ્યું : " હે દેવાનુપ્રિય ! તું વૈશાલી નગરીમાં જા. જ્યાં તું મારા માતામહ રાજા ચેટકને બંને હાથ જોડીને યાવત્ વિનંતી કરીને આ પ્રમાણે કહેજે : " હે સ્વામિન્ ! કોણિક રાજા નિવેદન કરે છે કે વેહલ્લકુમાર કોણિક રાજાને કહ્યા વગર સેચનક ગંધહસ્તી અને અઢાર સેરનો હાર લઈને અહીં આવ્યો છે. તો હે સ્વામિન્ ! તમે શ્રેણિક રાજા પર કૃપા કરીને સેચનક ગંધહસ્તી અને અઢાર સેરનો હાર કોણિક રાજાને મોકલી દો અને વેહલ્લ-કુમારને પણ મોકલો. "

૪૭. તત્પશ્ચાત્ તે દૂત કોણિક રાજાને બંને હાથ જોડીને યાવત્ આજ્ઞા સ્વીકાર કરીને જ્યાં પોતાનું ઘર હતું ત્યાં ગયો, જઈને ચિત્ત સારથીની જેમ ચેટક રાજા પાસે ગયો યાવત્ તેમને વિનંતી કરીને આ પ્રમાણે નિવેદન કર્યું : 'હે સ્વામિન્ કોણિક રાજા નિવેદન કરે છે કે – આ વેહલ્લ-કુમાર...ત્યાંથી શરૂ કરીને...વેહલ્લકુમારને મોકલો' ત્યાં સુધીની બધી વાત ઉપર મુજબ જાણવી જોઈએ.

**ચેટક દ્વારા વેહલ્લ માટે અર્ધ રાજ્યની માગણી—**

૪૮. તત્પશ્ચાત્ ચેટક રાજાએ તે દૂતને આ પ્રમાણે ઉત્તર આપ્યો-' હે દેવાનુપ્રિય ! જેમ કોણિક રાજા શ્રેણિક રાજાનો પુત્ર ચેલણા દેવીનો અંગ-જાત અને મારો દોહિત્ર છે, તે જ પ્રમાણે વેહલ્લકુમાર પણ શ્રેણિક રાજાનો પુત્ર, ચેલણા દેવીનો અંગજાત અને મારો દોહિત્ર છે. શ્રેણિક રાજાએ પોતાના જીવતાં જ વેહલ્લ કુમારને સેચનક ગંધહસ્તી અને અઢાર સેરનો હાર આપ્યો છે.

તેથી જો શ્રેણિક રાજા વેહલ્લકુમારને રાજ્ય અને જનપદમાં અડધો ભાગ આપે તો હું સેચનક હાથી અને અઢાર સેરનો હાર કોણિક રાજાને પાછો મોકલી આપીશ તથા વેહલ્લ-કુમારને પણ મોકલીશ." આ પ્રમાણે કહીને તે દૂતનો સત્કાર કરીને, તેનું સન્માન કરીને વિદાય આપી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્પશ્ચાત્ ચેટક રાજા દ્વારા વિદાય આપવામાં આવેલો દૂત જ્યાં ચાર ઘંટવાળો અશ્વરથ હતો ત્યાં ગયો, ત્યાં જઈને ચતુર્ઘંટિક અશ્વરથ પર આરૂઢ થયો, આરૂઢ થઈને વૈશાલી નગરીની વચમાંથી પસાર થયો, પસાર થઈને સુખકારી વસતિઓમાં વિશ્રામ કરતો, પ્રભાતે આહાર પાણી કરતો ચંપાનગરીમાં પહોંચ્યો ત્યાં કોણિકને યાવત્ વિનંતી કરીને આ પ્રમાણે નિવેદન કર્યું. 'હે સ્વામિન્! ચેટક રાજાએ આદેશ આપ્યો છે કે "જેમ કોણિક રાજા શ્રેણિક રાજાનો પુત્ર, ચેલણાદેવીનો અંગજાત અને મારો દૌહિત્ર છે... ત્યાંથી શરૂ કરીને...વેહલ્લકુમારને મોકલીશ.' સુધી કથન ઉપર મુજબ જાણવું જોઈએ. "તો હે સ્વામિન્! ચેટકરાજાએ ન તો સેચનક હાથી કે અઢાર સેરનો હાર આપ્યો કે ન તો વેહલ્લકુમારને મોકલ્યો."

**કોણિક દ્વારા પુનઃ દૂત-પ્રેષણ—**

૪૯. તત્પશ્ચાત્ કોણિક રાજાએ બીજી વાર પણ દૂતને બોલાવીને આ પ્રમાણે કહ્યું—' હે દેવાનુપ્રિય! તું વૈશાલી નગરી જા. જ્યાં તું મારા આર્યક (માતામહ-નાના) ચેટકરાજાને યાવત્ આ પ્રમાણે કહે જે-" હે સ્વામિન્! કોણિક રાજાએ નિવેદન કર્યું છે કે-" જે કોઈ પણ રત્ન ઉત્પન્ન થાય છે તે બધા રાજકુલગામી અર્થાત્ રાજકુળના અધિકારના હોય છે. રાજ્યશાસન કરતાં અને પ્રજાપાલન કરતાં શ્રેણિક રાજાને બે રત્નો પ્રાપ્ત થયાં હતાં. યથા, સેચનક ગંધહસ્તી અને અઢાર સેરનો હાર. તેથી હે સ્વામિન્! તમે રાજકુળની પરંપરા, તેની મર્યાદાનો નાશ ન કરો, તેને તોડો નહીં, તથા કોણિક રાજાનો સેચનક ગંધહસ્તી અને અઢાર સેરનો હાર કોણિક રાજાને પાછા આપી દો અને વેહલ્લ-કુમારને મોકલો."

**ચેટક દ્વારા ફરીથી અર્ધરાજ્યની માગણી—**

૫૦. તદનન્તર કોણિક રાજાએ તે દૂતને આ પ્રમાણે યાવત્ વધાવીને આ પ્રમાણેનું નિવેદન કર્યું "સ્વામિન્! કોણિક રાજા પ્રાર્થના કરે છે કે જો કોઈ પણ...યાવત્...વેહલ્લકુમારને મોકલો." ત્યારે ચેટકરાજાએ તે દૂતને આ પ્રમાણે કહ્યું- "દેવાનુપ્રિય! જેમ કોણિક રાજા શ્રેણિક રાજાનો પુત્ર ચેલનાદેવીનો અંગજાત છે" આદિ પહેલાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે યાવત્ "વેહલ્લકુમારને મોકલી દઈશ." તે દૂતનો સત્કાર કરી, તેનું સન્માન કરી વિદાય કર્યો.

તત્પશ્ચાત્ તે દૂતે યાવત્ કોણિકરાજાને વધાવીને આ પ્રમાણે નિવેદન કર્યું-"ચેટક રાજાએ આદેશ આપ્યો છે—" દેવાનુપ્રિય! જેમ કોણિક રાજા શ્રેણિક રાજાનો પુત્ર ચેલણા-દેવીનો અંગજાત છે. યાવત્ વેહલ્લકુમારને મોકલી દઈશ." તેથી હે સ્વામિન્! ચેટકરાજાએ સેચનક ગંધહસ્તી કે અઢાર સેરનો હાર પણ ન આપ્યો કે વેહલ્લકુમારને પણ ન મોકલ્યો."

**સંગ્રામાર્થે કોણિક દ્વારા ફરીથી દૂત મોકલવો—**

૫૧. તદનન્તર કોણિક રાજાએ દૂતનું આ વૃત્તાન્ત સાંભળીને અને અવધારિત કરી ક્રોધાભિભૂત યાવત્ દાંત કચકચાવતાં ત્રીજી વાર દૂતને બોલાવ્યો અને બોલાવીને આ પ્રમાણે કહ્યું-" દેવાનુ-પ્રિય! તું વૈશાલી નગરી જા અને ડાબા પગે ચેટક રાજાના પાદપીઠને દબાવી, ભાલાની અણીએ પત્ર પહોંચાડ, પહોંચાડીને ક્રોધપૂર્વક યાવત્ દાંત કચકચાવી કપાળમાં ત્રણ વળ પાડી ભ્રુકુટિ તાણીને ચેટક રાજાને આ પ્રમાણે કહેજે.

"ઓરે! ચેટક રાજા! અપ્રાર્થિત (અકાળ મૃત્યુ)ની આકાંક્ષા કરનાર! ભાગ્યહીન યાવત્ રાજ્યશ્રી પરિવર્જિત! કોણિક રાજાને સેચનક ગંધહસ્તી અને અઢાર સેરવાળો હાર પાછો આપ તથા વેહલ્લકુમારને મોકલ અથવા યુદ્ધ માટે તૈયાર થઈ જા. કોણિક રાજા બળ-સેના, વાહન, અશ્વ, રથ આદિ સ્કન્ધાવાર-સૈન્ય-શિબિર સાથે યુદ્ધ માટે તૈયાર થઈને શીઘ્ર અહીં આવી રહ્યા છે."

તત્પશ્ચાત્ દૂત બંને હાથ જોડીને તે પ્રમાણે જ યાવત્ જ્યાં ચેટક રાજા હતો, ત્યાં ગયો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને જઈને બંને હાથ જોડીને યાવત્ વધાવીને આ પ્રમાણે કહ્યું—'સ્વામિન્! આ મારી વિનયપ્રતિપત્તિ છે. હવે જે કોણિક રાજાની આજ્ઞા છે તે કહું છું—'ચેટક રાજાની પાદપીઠને ડાબા પગે દબાવી, ક્રોધપૂર્વક ભાલાની અણીએ લગાડીને મારો પત્ર તેને પહોંચાડજે અને કહેજે કે કોણિક રાજા સૈન્યબળ સાથે અહીં તરત આવી રહ્યો છે.''

**ચેટક દ્વારા યુદ્ધ માટેની તૈયારીઓ—**

૫૨. તત્પશ્ચાત્ ચેટક રાજા દૂતની આ વાત સાંભળીને, સમજીને ક્રોધથી તપ્ત થઈ ગયો યાવત્ કપાળે ભ્રમર ચઢાવીને આ પ્રમાણે કહ્યું—'ન તો કોણિક રાજાને સેચનક હાથી અને અઢાર સેરનો હાર આપીશ કે ન તો વેહલ્લકુમારને મોકલીશ. પરંતુ યુદ્ધ માટે તૈયાર છું.'' આ પ્રમાણે કહીને તે દૂતનું અપમાન કરી તેને પાછળના ભાગમાં આવેલી બારીમાંથી બહાર કાઢી મૂકયો.

**કોણિકના અનુચિત સંગ્રામાર્થે કાલ આદિ કુમારોનું મિલન—**

૫૩. તત્પશ્ચાત્ કોણિક રાજાએ તે દૂતનો આ સંદેશ સાંભળીને અને વિચારીને ક્રોધિત થઈને કાલ આદિ કુમારોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—"દેવાનુપ્રિયો! વાત એમ છે કે મને સૂચના આપ્યા વગર જ વેહલ્લકુમાર, સેચનક ગંધહસ્તી અને અઢાર સેરનો હાર, અંતઃપુર અને આભૂષણ આદિ લઈને ચંપાનગરીમાંથી જતો રહ્યો, જઈને વૈશાલીમાં આર્યક ચેટક યાવત્ પાસે રહી વિચરવા લાગ્યો, ત્યારબાદ મેં સેચનક ગંધહસ્તી અને અઢાર સેરવાળો હાર મંગાવવા દૂત મોકલ્યો. ચેટક રાજાએ તેની ઉપેક્ષા કરી અને યથોચિત ઉત્તર ના આપીને મેં ત્રીજી વાર મોકલેલા દૂતને અપમાનિત કરી અપદ્વારથી કાઢી મૂકયો છે. તેથી દેવાનુપ્રિયો! આપણે ચેટક રાજાને યુક્તિપૂર્વક પકડી લેવો જોઈએ.'' ત્યારે કાલ આદિ દસ કુમારોએ કોણિક રાજાની આ વાતનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

૫૪. તદનન્તર કોણિક રાજાએ કાલ આદિ દસ કુમારોને આ પ્રમાણે કહ્યું—"હે દેવાનુપ્રિયો! તમે લોકો પોતપોતાના રાજ્યમાં જાઓ અને સ્નાન કરી યાવત્ પ્રાયશ્ચિત કરીને શ્રેષ્ઠ હાથી પર બેસીને પ્રત્યેક ત્રણ હજાર હાથીઓ ત્રણ હજાર રથ, ત્રણ હજાર અશ્વો અને ત્રણ કોટિ પદાતિ સાથે સર્વ ઋદ્ધિ વૈભવ યાવત્ વાદ્યધ્વનિઓ પૂર્વક પોત-પોતાના નગરમાંથી નીકળો–પ્રસ્થાન કરો અને પ્રસ્થાન કરી મારી પાસે આવો.''

તત્પશ્ચાત્ તે કાલ આદિ દસેય કુમાર કોણિક-રાજાની આ વાત સાંભળીને પોત-પોતાના રાજ્યમાં જઈ પ્રત્યેક સ્નાન કરી યાવત્ ત્રણ કરોડ મનુષ્ય યોદ્ધાઓથી ઘેરાઈને સમસ્ત ઋદ્ધિ-વૈભવ યાવત્ વાદ્ય ધ્વનિઓ સાથે પોત પોતાના નગરમાંથી નીકળ્યા, નીકળીને જ્યાં અંગ જનપદ હતું તેમાં જ્યાં ચંપાનગરી હતી, કોણિક રાજા હતો, ત્યાં આવ્યા અને બંને હાથ જોડીને યાવત્ વધાવ્યો.

**કાલ આદિ કુમાર સહિત કોણિકનું યુદ્ધાર્થે વૈશાલી પ્રતિ પ્રસ્થાન—**

૫૫. તદનન્તર કોણિક રાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—'દેવાનુપ્રિયો! તરત જ આભિષેક્ય હસ્તિરત્નને સજાઓ, અશ્વ–ગજ–રથ યોદ્ધાઓ યુક્ત ચતુરંગિણી સેનાને યુદ્ધ માટે તૈયાર કરો, અને તૈયાર કરીને મારી આજ્ઞાનું પાલન થયાની જાણ કરો.'' યાવત્ જાણ કરે છે.

તત્પશ્ચાત્ કોણિક રાજા જ્યાં મજ્જનગૃહ-સ્નાનગૃહ હતું ત્યાં આવ્યો યાવત્ ત્યાંથી નીકળીને ઉપસ્થાનશાળાના બહારના ભાગમાં ગયો યાવત્ તે નરપતિ અભિષેક્ય હાથી પર આરૂઢ થયો.

તદનન્તર કોણિક રાજા ત્રણ હજાર હાથીઓ યાવત્ વાદ્ય ધ્વનિઓ પૂર્વક ચંપાનગરીની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વચ્ચેથી નીકળ્યો, નીકળીને જ્યાં કાલ આદિ દસ કુમાર હતા ત્યાં આવ્યો, આવીને કાલ આદિ દસ કુમારો સાથે જોડાઈ ગયો.

ત્યાર બાદ કોણિક રાજાએ તેત્રીસ હજાર હાથી, તેત્રીસ હજાર અશ્વ, તેત્રીસ હજાર રથ અને તેત્રીસ કોટિ પદાતિઓથી ઘેરાઈને સર્વ ઋદ્ધિ યાવત્ વાદ્ય ધ્વનિઓ સાથે સુખપૂર્વક રાત્રિ-વિરામ કરતાં કરતાં સવારે પ્રાતરાશ–પ્રભાતનો નાસ્તો કરતાં કરતાં અને બહુ દૂર દૂર અંતરે વાસ ન કરીને, અંગ જનપદ વચ્ચેથી પસાર થતો, જ્યાં વિદેહ જનપદ હતું, તેમાં જ્યાં વૈશાલી નગરી હતી તે તરફ જવા પ્રસ્થાન કર્યું.

**મલ્લકી લેચ્છકિ આદિ સહિત ચેટકનું યુદ્ધાર્થ નિજ દેશ-સીમા પર અવસ્થાન—**

૫૬. તદનન્તર ચેટક રાજાએ આ સમાચાર સાંભળીને નવમલ્લકિ, નવલેચ્છકિ–કાશી કોશલ દેશના અઢાર ગણરાજાઓને બોલાવ્યા અને તેમને આ પ્રમાણે કહ્યું–" દેવાનુપ્રિયો ! વેહલ્લ-કુમાર કોણિક રાજાને જાણ કર્યા વગર સેચનક હાથી અને અઢાર સેરવાળો હાર લઈને અહીં આવતો રહ્યો. ત્યારે કોણિકે સેચનક હાથી અને અઢાર સેરનો હાર લેવા દૂત મોકલ્યો. ત્યારે મેં તેને આ કારણે પાછો મોકલી દીધો. ત્યારે તે કોણિકે મારી વાત કાને ન ધરી, ચતુરંગિણી સેના સાથે લઈને યુદ્ધ માટે તૈયાર થઈ અહીં ચડી આવ્યો છે. તો હે દેવાનુપ્રિયો ! શું સેચનક હાથી અને અઢાર સેરનો હાર કોણિક રાજાને પાછા સોંપી દઉં ? વેહલ્લ-કુમારને મોકલી દઉં કે યુદ્ધ કરું ?"

૫૭. ત્યારે નવ મલ્લકિ, નવ લેચ્છકિ–કાશી કોશલના અઢાર ગણરાજાઓએ ચેટક રાજાને આ પ્રમાણે કહ્યું–"સ્વામિન્ ! આ ઉચિત નથી, યોગ્ય નથી, રાજાને અનુરૂપ નથી કે સેચનક હાથી તેમ જ અઢાર સેરનો હાર કોણિક રાજાને પાછો આપી દેવાય અને શરણાગત વેહલ્લકુમારને મોકલી દેવાય. તેથી જો કોણિક રાજા ચતુરંગિણી સેના લઈને યુદ્ધ માટે તત્પર થઈને અહીં આવ્યો છે, તો અમે કોણિકરાજા સાથે યુદ્ધ કરીશું."

ત્યારે ચેટકરાજાએ તે નવ મલ્લકિ નવ લેચ્છકિ અર્થાત્ કાશી કોશલના અઢાર ગણરાજાઓને આ પ્રમાણે કહ્યું : "હે દેવાનુપ્રિયો ! જો તમે કોણિકરાજા સાથે યુદ્ધ માટે તૈયાર હો તો દેવાનુપ્રિયો ! પોત-પોતાના રાજ્યમાં જાઓ અને સ્નાન કરી યાવત્ સેના લઈને આવો." આદિ કાલ કુમાર આદિની જેમ યાવત્ આવે છે અને ચેટકને જય-વિજય શબ્દોનો ઘોષ કરી વધાવે છે.

તત્પશ્ચાત્ ચેટકરાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું–"આભિષેક્ય હસ્તીરત્ન તૈયાર કરો." આદિ કોણિક રાજાની સમાન શેષ સમસ્ત વર્ણન અહીં જાણવું યાવત્ આરૂઢ થયો.

૫૮. ત્યાર પછી ચેટકરાજા કોણિકરાજાની જેમ ત્રણ હજાર હાથી યાવત્ વૈશાલી નગરીની વચ્ચોવચ પસાર થઈ જ્યાં નવ મલ્લકિ, નવ લેચ્છકીરૂપ કાશી–કોશલના અઢાર ગણ રાજાઓ હતા, ત્યાં આવ્યો.

તત્પશ્ચાત્ ચેટકરાજા સત્તાવન હજાર હાથી, સત્તાવન હજાર ઘોડા, સત્તાવન હજાર રથ અને સત્તાવન હજાર મનુષ્ય કોટિઓથી ઘેરાઈને સર્વ ઋદ્ધિ યાવત્ વાદ્યોના ઘોષપૂર્વક સુખદ વસતિકાઓમાં રાત્રિ–વિશ્રામ, પ્રાત: અલ્પાહાર અને નજીક નજીકના અંતરે વિશ્રામ કરતો કરતો વિદેહ જનપદના મધ્યભાગમાંથી પસાર થઈ જ્યાં દેશનો સીમા–પ્રદેશ હતો ત્યાં આવ્યો. અને આવીને સૈન્ય–શિબિર સ્થાપિત કર્યું, સ્થાપિત કરી કોણિક રાજાની પ્રતીક્ષા કરતો યુદ્ધ માટે તત્પર થઈ રોકાઈ ગયો.

**કોણિક-ચેટકનો સંગ્રામ—**

૫૯. તત્પશ્ચાત્ કોણિકરાજા સર્વ ઋદ્ધિ યાવત્ વાદ્યઘોષો પૂર્વક જ્યાં સીમાન્ત પ્રદેશ હતો ત્યાં ગયો, જઈને ચેટકરાજાના પડાવથી એક યોજન દૂર સ્કન્ધાવાર બનાવ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૦. તદનન્તર તે બંને રાજાઓએ રણભૂમિ સજાવી, સજાવીને રણભૂમિની પૂજા કરી.

ત્યાર બાદ કોણિક રાજાએ તેત્રીસ હજાર હાથી યાવત્ તેત્રીસ મનુષ્ય કોટિઓથી ગરૂડ વ્યૂહની રચના કરી, રચના કરીને ગરૂડ વ્યૂહ દ્વારા રથમૂસલ સંગ્રામનો પ્રારંભ કર્યો.

ચેટકરાજાએ સત્તાવન હજાર હાથી યાવત્ સત્તાવન મનુષ્ય કોટિઓ વડે શકટ વ્યૂહની રચના કરી, રચના કરીને શકટ વ્યૂહથી રથમૂસલ સંગ્રામ શરૂ કર્યો.

તત્પશ્ચાત્ તે બંને રાજાઓના સૈનિકો તૈયાર થઈને યાવત્ આયુધ અને પ્રહરણો સાથે હાથમાં પકડેલી ઢાલને મ્યાનમાંથી બહાર કાઢેલી તલવાર વડે, ખભા પર લટકતા પ્રત્યંચા-યુક્ત ધનુષ્યોથી સમુત્ક્ષિપ્ત (ધનુષ પર ચઢાવી છોડવામાં આવેલ) બાણો વડે ઉછાળવામાં આવેલ ડાબા હાથની ભુજાઓમાં લટકાવેલી ઘંટીઓ–ઘુઘરીઓથી, વાગી રહેલી રણભેરીઓથી, જોર જોરથી કરવામાં આવતા રણઘોષોથી, હોંકારા–પડકારાઓથી થતા મહાન કોલાહલ-પૂર્વક પૃથ્વીમંડળને સમુદ્ર સમાન ગજવતા સમગ્ર રિદ્ધિપૂર્વક યાવત્ અશ્વસવારો અશ્વ-સવારો સાથે, હાથીદળ હાથીદળ સાથે, રથો રથો સાથે અને પાયદળ પાયદળ સાથે ટકરાવા લાગ્યા.

ત્યારે પોત-પોતાના સ્વામીના શાસનમાં અનુરક્ત તે બંને રાજાની સેનાઓ પરસ્પર મહાન જન-હાનિ, જન-વધ, જન-મર્દન, જન-સંત્રાસ કરતી, નાચતા માથા વિનાના ધડોથી ભયાનક જણાતી, ભીષણ રક્તપાત કરતી, એકબીજા સાથે યુદ્ધ કરવા લાગી.

**સંગ્રામમાં કાલનું મરણ—**

૬૧. તે સમયે કાલકુમાર ત્રણ હજાર હાથી યાવત્ મનુષ્ય–કોટિઓ દ્વારા ગરૂડ વ્યૂહના અગિયારમા ખંડમાં કોણિક રાજા સાથે રથ–મૂસલ સંગ્રામ કરતો કરતો પ્રવર વીરોને આહત–મથિત કરતો આદિ...જેમ ભગવાને કાલીદેવીને આ પ્રમાણે કહ્યું યાવત્ "જીવનથી વ્યપરોપિત કરી દીધો–માર્યો ગયો."

**નરકભવાનન્તર કાલનું સિદ્ધિ-ગમન નિરૂપણ—**

૬૨. આ પ્રમાણે 'હે ગૌતમ !' આ રીતે સંબોધી યાવત્ "આ પ્રમાણે કરેલ અશુભ કર્મભારથી કાલકુમાર મરણ સમયે મરણ પામીને ચોથી પંકપ્રભા નરક–પૃથ્વીના હેમાભ નરકમાં નારકિ રૂપે ઉત્પન્ન થયો છે."

ગૌતમ સ્વામીએ પૂછયું–"હે ભદન્ત ! તે કાલકુમાર ચોથી પૃથ્વીથી છૂટીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?"

'હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં જે ધન-ધાન્ય આદિથી સંપન્ન કુળ છે, ત્યાં ઉત્પન્ન થશે અને દઢ પ્રતિજ્ઞની જેમ યાવત્ સમસ્ત દુ:ખોનો અંત કરશે.'

**કાલને અનુરૂપ સુકાલ આદિ નવ કુમારોની કથાનો નિર્દેશ—**

૬૩. તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું, કોણિક રાજા હતો અને પદ્માવતી નામે રાણી હતી.

તે ચંપા નગરીમાં શ્રેણિક રાજાની પત્ની કોણિકરાજાની નાની માતા–સાવકી માતા સુકાલી નામે દેવી હતી, જે અત્યંત સુકુમાર હતી.

તે સુકાલીદેવીનો પુત્ર સુકાલ નામે કુમાર હતો, તે અત્યંત સુકોમળ... આદિ હતો.

તત્પશ્ચાત્ તે સુકાલકુમાર કોઈ એક સમયે ત્રણ હજાર હાથી આદિથી શરૂ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સર્વ દુ:ખોનો અંત કરશે ત્યાં સુધીનું સમસ્ત વર્ણન કાલ કુમારની જેમ જાણવું.

૬૪. આ પ્રમાણે શેષ આઠ અધ્યયન પણ પ્રથમ અધ્યયનની જેમ જાણવા, પરંતુ આટલું વિશેષ કે તેમની માતાઓના નામ કુમારોના નામની સમાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪. મહાશિલા કંટક સંગ્રામ કથાનક

**ભગવાન દ્વારા કોણિકની જય-પ્રરૂપણા :**

૬૫. અર્હંતે જાણ્યું હતું, અર્હંતે પ્રત્યક્ષ કર્યું હતું, અર્હંતે વિશેષત: જાણ્યું હતું કે મહાશિલાકંટક નામે સંગ્રામ હતો. હે ભગવાન્ ! મહાશિલાકંટક સંગ્રામ થયો હતો ત્યારે કોણ જીત્યા અને કોણ હાર્યા હતા ?

હે ગૌતમ ! વજ્જી અને વિદેહપુત્ર (કોણિક) જીત્યા, નવ મલ્લકી અને નવ લેચ્છકી-કાશી અને કોશલદેશના અઢાર ગણરાજાઓ હતા તેઓ પરાજય પામ્યા.

**શક્ર સહિત કોણિકનું સંગ્રામમાં આગમન :**

૬૬. ત્યારપછી તે કોણિક રાજાએ મહાશિલાકંટક નામે સંગ્રામ ઉપસ્થિત થયેલો જાણી પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને તેઓને એ પ્રમાણે કહ્યું કે, 'હે દેવાનુપ્રિયો ! શીઘ્ર ઉદાયિ નામના પટ્ટહસ્તીને તૈયાર કરો અને હાથી, ઘોડા, રથ અને યોદ્ધાઓથી યુક્ત ચતુરંગ સેનાને તૈયાર કરો, તૈયાર કરીને મારી આજ્ઞા જલદી પાછી આપો અર્થાત્ આજ્ઞા-અનુસાર કાર્ય થઈ ગયાની જાણ કરો.'

ત્યારબાદ તે કોણિક રાજાના એમ કહેવાથી તે કૌટુંબિક પુરુષોએ હૃષ્ટ-તુષ્ટ આનંદિત ચિત્તવાળા—યાવત્—મસ્તક પર અંજલિ રચી, 'હે સ્વામિન્ !' એ પ્રમાણે 'જેવી આપની આજ્ઞા' એમ કહીને આજ્ઞા અને વિનય વડે વચનનો સ્વીકાર કર્યો. વચનનો સ્વીકાર કરીને કુશળ આચાર્યોના ઉપદેશ વડે તીક્ષ્ણ મતિકલ્પનાના વિકલ્પોથી એટલે કે પોતાની ચતુરાઈથી યુદ્ધમાં ઉપયોગ કરવા માટે શિક્ષિત કરેલ—યાવત્—ભયંકર સંગ્રામમાં જ જેનો ઉપયોગ કરવામાં આવે છે અને જેની સાથે કોઈ યુદ્ધ ન કરી શકે એવા ઉદાયિ નામના મુખ્ય હાથીને ઉજ્જ્વલ વસ્ત્રાભૂષણો વગેરેથી ભવ્ય રૂપથી આચ્છાદિત કરીને સમજાવ્યો અને ઘોડા, હાથી રથ અને પ્રવર યોદ્ધાઓથી યુક્ત સેનાને તૈયાર કરી, તૈયાર કરીને જ્યાં કોણિકરાજા હતા ત્યાં તેઓ આવ્યા, આવીને નખ સહિત દશે આંગળીઓ જોડીને આવર્તપૂર્વક મસ્તકપર અંજલિ રચીને કોણિકરાજાને તે આજ્ઞા પાછી આપી અર્થાત્ હાથી વગેરે તૈયાર થઈ ગયાની સૂચના આપી.

ત્યારબાદ કોણિકરાજા જ્યાં સ્નાનગૃહ હતું, ત્યાં આવ્યા : ત્યાં આવીને સ્નાનગૃહમાં પ્રવેશ કર્યો, પ્રવેશ કરીને સ્નાનવિધિ કરી, બલિકર્મ પ્રાયશ્ચિતરૂપ (વિઘ્નોનો નાશ કરનાર) કૌતુક અને મંગલો કરી સર્વાલંકારોથી વિભૂષિત થઈ, સંનદ્ધ બદ્ધ થઈ-બખ્તરને ધારણ કરી, વાળેલા ધનુષ્ય દંડને ગ્રહણ કરી, ડોકમાં આભૂષણો પહેરી, ઉત્તમોત્તમ ચિહ્નપટ્ટ બાંધી, આયુધ અને પ્રહરણોને ધારણ કરી, માથે ધારણ કરાતા કોરંટક પુષ્પની માળાવાળા છત્ર સહિત, જેનું અંગ ચાર ચામરોના વાળ વડે વીંજાતું હતું, જેના દર્શનથી મંગલ અને જય શબ્દ થતો હતો એવો—યાવત્—જ્યાં ઉદાયિ પટ્ટહસ્તી હતો ત્યાં આવ્યા, આવીને ઉદાયિ નામે પ્રધાન હસ્તી પર ચઢ્યા.

૬૭. ત્યારબાદ હારવડે તેનું વક્ષ:સ્થળ ઢંકાયેલું હોવાથી રતિ ઉત્પન્ન કરતો—યાવત્—વારંવાર વીંજાતા શ્વેત ચામરો વડે—યાવત્—ઘોડા હાથી, રથ અને ઉત્તમ યોદ્ધાઓથી યુક્ત ચતુરંગસેનાની સાથે, પરિવારયુક્ત, મહાન સુભટોના વિસ્તીર્ણ સમૂહથી ઘેરાયેલ કોણિકરાજા જ્યાં મહાશિલાકંટક સંગ્રામ હતો ત્યાં આવ્યો, આવીને તે મહાશિલાકંટક સંગ્રામમાં ઊતર્યો. તેની આગળ દેવોનો ઈન્દ્ર-દેવોનો રાજા શક્ર એક મોટું વજ્રના સરખુ અભેદ્ય કવચ વિકુર્વીને ઊભો રહ્યો. એ પ્રમાણે બે ઈન્દ્રો સંગ્રામ કરવા લાગ્યા, દેવેન્દ્ર અને બીજો મનુજેન્દ્ર. હવે તે કોણિક રાજા એક હાથી વડે પણ શત્રુસેના પર વિજય મેળવવા સમર્થ હતો, એક હાથી વડે જ તે કોણિક રાજા શત્રુપક્ષનો પરાજય કરવા સમર્થ હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મલ્લકિ-લેચ્છકિનો પરાજય—**

૬૮. ત્યારબાદ તે કોણિક રાજાએ મહાશિલાકંટક સંગ્રામ કરવા નવ મલ્લકિ અને નવ લેચ્છકિ –જેઓ કાશી અને કોસલના અઢાર ગણરાજાઓ હતા, તેઓના મહાન યોદ્ધાઓને હણ્યા, ઘાયલ કર્યા અને મારી નાંખ્યા, તેઓની ચિહ્નયુક્ત ધ્વજાઓ અને પતાકાઓ પાડી નાંખી, અને જેઓના પ્રાણ મુશ્કેલીમાં હતા એવા તેઓને ચારે દિશાએ નસાડી મૂકયા.

**મહાશિલકંટક સંગ્રામનો શબ્દાર્થ અને સંગ્રામમાં થયેલી મનુષ્યોની ઘાત—**

૬૯. ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને પૂછયું— "હે ભગવન ! શા કારણથી એમ કહેવાય છે કે 'મહાશિલાકંટક સંગ્રામ', 'મહાશિલાકંટક સંગ્રામ' જ હતો ?"

ભગવાને ઉત્તર આપ્યો—"હે ગૌતમ ! જ્યારે મહાશિલાકંટક સંગ્રામ થતો હતો ત્યારે તે સંગ્રામમાં જે ઘોડા, હાથી, યોદ્ધા અને સારથિઓ તૃણ, કાષ્ઠ, પાંદડા કે કાંકરા વતી હણાય ત્યારે તેઓ સઘળા એમ જાણે કે હું મહાશિલાથી હણાયો. તે કારણથી હે ગૌતમ ! તે મહાશિલાકંટક સંગ્રામ કહેવાયો."

૭૦. "હે ભગવન્ ! જ્યારે મહાશિલાકંટક સંગ્રામ થતો હતો ત્યારે તેમાં કેટલા લાખ માણસો હણાયા ?"

"હે ગૌતમ ! ચોરાશી લાખ મનુષ્યો માર્યા ગયા."

"હે ભગવન્ ! નિઃશીલ, નિર્ગુણ, નિર્લજ્જ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસરહિત, રોષે ભરાયેલા, ગુસ્સે થયેલા, યુદ્ધમાં ઘાયલ થયેલા, અનુપશાંત એવા તે મનુષ્યો કાળસમયે મરણ પામીને ક્યાં ગયા, ક્યાં ઉત્પન્ન થયા ?" ગૌતમ સ્વામીએ પૂછયું.

"હે ગૌતમ ! ઘણે ભાગે તેઓ નારક અને તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયા."

## ૫. વિજય તસ્કર જ્ઞાત

**રાજગૃહમાં ધન્ય સાર્થવાહ અને ભદ્રાભાર્યા—**

૭૧. તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું— નગરનું વર્ણન. તે રાજગૃહ નગરમાં શ્રેણિક નામે રાજા હતો—રાજાનું વર્ણન.

તે રાજગૃહ નગરની બહાર ઉત્તરપૂર્વ દિશામાં (ઈશાન કોણમાં) ગુણ શિલક નામે ચૈત્ય હતું— ચૈત્યનું વર્ણન. તે ગુણશિલક ચૈત્યથી અતિ દૂર કે અતિ નજીક નહીં તેવી જગ્યાએ એક વિશાળ જીર્ણ ઉદ્યાન હતું-જેમાંનું દેવળ નાશ પામ્યું હતું, તેનાં તોરણ તથા અન્ય ખંડો તૂટી પડયાં હતાં. તથા તે ઉદ્યાન અનેક પ્રકારની ઝાડી, લતાઓ, વેલો અને વૃક્ષોથી વ્યાપ્ત હતું, સેંકડો જંગલી પશુઓના વાસને કારણે તે ભયજનક લાગતું હતું.

તે જીર્ણ ઉદ્યાનની બરાબર મધ્યમાં એક વિશાળ તૂટેલો કૂવો હતો.

તે તૂટેલા કૂવાથી અતિ દૂર કે અતિ નજીક નહીં તેવો એક વિશાળ માલુકાકચ્છ હતો, જે કૃષ્ણવર્ણનો, કૃષ્ણ પ્રભાવાળો યાવત્ રમણીય, મહામેઘોના સમૂહ જેવો અને વિવિધ પ્રકારના વૃક્ષ, ગુચ્છ, વેલ, તૃણ, કુશ અને સ્થાણુ-ઠૂંઠાઓથી વ્યાપ્ત તેમ જ ચારે તરફથી આચ્છાદિત હતો, અંદરથી વિસ્તૃત અને બહારથી ગંભીર હતો. અનેક હિંસક પશુઓ અથવા વ્યાલ-સાપોનું નિવાસસ્થાન હોવાથી શંકાસ્પદ હતો.

૭૨. તે રાજગૃહ નગરમાં ધન્ય નામે સાર્થવાહ હતો, તે સમૃદ્ધિશાળી અને તેજસ્વી હતો, વિસ્તૃત તેમ જ વિપુલ ભવન, શૈયા, આસન યાન, વાહન આદિનો સ્વામી હતો, તેના ઘરમાં ઘણાં બધાં દાસ-દાસી, ગાય-ભેંસ અને બકરીઓ હતી, ઘણાં સાધનો, સોનું અને ચાંદી હતી. લેવડ-દેવડ નો તેનો મોટો વ્યવસાય હતો. તેના રસોઈ-ઘરમાં જાત જાતનાં પકવાન બનતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ધન્ય સાર્થવાહની પત્નીનું નામ ભદ્રા હતું. તેના હાથ-પગ સુકુમાર હતા. તે ખામી રહિત અને પરિપૂર્ણ પાંચેય ઈન્દ્રિયો અને શરીરવાળી હતી. તે સ્વસ્તિક આદિ હસ્તરેખાઓ અને તલ-મસા આદિ શુભચિહ્નોના ગુણોથી યુક્ત હતી. માન, ઉન્માન અને પ્રમાણ (શરીરના કદમાપવજન આદિ)માં પરિપૂર્ણ હતી. તે સુજાત સુંદર અવયવોને કારણે સુંદરાંગી હતી. ચંદ્રની જેમ તેનો દેખાવ સૌમ્ય હતો. તે કાંત-મનોહર, જોનારને પ્રિય લાગે તેવી, સુરૂપવતી હતી, મુઠ્ઠીમાં સમાઈ જાય તેવી તેની કમર ત્રિવલિથી શોભતી હતી. કુંડળોને કારણે તેના ગંડસ્થળની રેખા દબાતી હતી. શરદ ઋતુના પૂર્ણ ચંદ્રની જેવું સૌમ્ય તેનું મુખ હતું.

તેનો વેશ સુંદર હતો. તેની ચાલ, તેનું હસવું બોલવું-ચાલવું સંગત મર્યાદાનુસાર હતું. તેના હાવભાવ અલાપ-સંલાપ, ઉપચાર આદિ બધું જ સંસ્કારિતાને અનુરૂપ હતું. મનને પ્રસન્ન કરનારી, દર્શનીય, મનોહર અને અતિવ રમણીય હોવા છતાં તે વંધ્યા હતી, પ્રસવ થવાના સ્વભાવ રહિત હતી અને ઘૂંટણ અને કોણીની જ માતા હતી, અર્થાત્ ઘૂંટણ અને કોણી જ તેના સ્તનોને સ્પર્શતા, સંતાન નહીં અથવા તેના ખોળામાં ઘૂંટણ અને કોણી જ રહેતાં-પુત્ર નહીં.

તે ધન્ય સાર્થવાહને પંથક નામે એક દાસ-ચેટ (ગુલામ નોકર) હતો, જે સર્વાંગ-સુંદર, માંસથી પરિપુષ્ટ શરીરવાળો અને બાળકો રમાડવામાં કુશળ-ચતુર હતો.

તે ધન્ય સાર્થવાહ રાજગૃહ નગરમાં ઘણા વ્યાપારીઓ, શ્રેષ્ઠીઓ અને સાર્થવાહો, અઢાર શ્રેણીઓ અને પ્રશ્રેણીઓનાં બધાં કામોમાં કુટુંબોમાંના પ્રશ્નોમાં અને મંત્રણાઓમાં ચક્ષુવત્ અર્થાત્ આંખ જેવો હતો યાવત્ સલાહ આપનાર હતો.

**રાજગૃહ નગરમાં વિજય તસ્કર—**

૭૩. તે રાજગૃહ નગરમાં વિજય નામે એક તસ્કર —ચોર હતો. તે ચંડાળ સમાન પાપકર્મો કરનાર, અત્યંત ભયાનક અને ક્રૂર કર્મ કરનાર, ક્રોધિત પુરુષની જેમ દેદીપ્યમાન રાતાચોળ નેત્રવાળો હતો, તેની દાઢી અત્યંત રુક્ષ અને લાંબી, વિકૃત અને બીભત્સ (ભયજનક) હતી, તેના હોઠ પરસ્પર મળતા ન હતા. તેના વાળ હવામાં ઊડતા, લાંબા લાંબા અને વિખાયેલા હતા. તેના શરીરનો રંગ ભમરા અને રાહુ જેવો કાળો હતો. તે નિર્દય અને પશ્ચાત્તાપ રહિત હતો, દારુણ હોવાને કારણે ભય ઉત્પન્ન કરતો હતો. તે નૃશંસ હતો, અનુકંપારહિત હતો.

તે સાપ સમાન એકાન્તદૃષ્ટિવાળો હતો. છરાની જેમ એક ધારવાળો હતો અર્થાત્ જે નિશ્ચય કરી લેતો તે પૂર્ણ કરવા તત્પર થઈ જતો, અગ્નિની જેમ સર્વભક્ષી હતો અર્થાત્ જેના ઘરે ચોરી કરતો તેનું સર્વસ્વ લૂંટી લેતો, જળની જેમ સર્વગ્રાહી હતો અર્થાત્ મનમાં જેનો વિચાર આવે તે સર્વ વસ્તુઓનું અપહરણ કરી લેતો, ઉત્કંચન (હીન ગુણવાળી વસ્તુનું અધિક મૂલ્ય લેવા માટે ઉત્કૃષ્ટ ગુણવાળી બનાવવામાં, બોલવા (ઠગવા) માં, માયા (બીજાને છેતરવા)માં, નિકૃતિ (બગલાની જેમ ઢોંગ કરવા)માં, કૂટમાં (માપ તોલમાં વધારે-ઓછું કરવામાં અને કપટ કરવામાં), સાતિ-સંપ્રયોગમાં (ઉત્કૃષ્ટ વસ્તુમાં મિલાવટ કરવામાં) નિપુણ હતો. તે ઘણા સમયથી નગરમાં ઉપદ્રવ કરતો હતો. તે જુગારમાં આસક્ત, મદિરાપાનનો પ્રેમી, સુસ્વાદુ ભોજન અને માંસનો લોલુપ હતો, તે દારુણ દુ:ખ-પીડા આપનાર, લોકોના હૃદયને દુભાવનાર, સાહસી, ખાતર પાડનાર, ગુપ્ત કાર્ય કરનાર, વિશ્વસઘાતી, આગ લગાડનાર, તીર્થો-દેવસ્થાનોનું ભેદન કરનાર, તેમનું દ્રવ્ય હરનાર, હાથ ચાલાકીમાં ચતુર અને પારકું ધન હરવા હંમેશાં તૈયાર રહેનાર હતો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે રાજગૃહ નગરના બધા પ્રવેશમાર્ગો, નીકળવાના માર્ગો, બારીઓ, છીંડીઓ, મોરિયો, ચાર રસ્તા, જુદા પડતા રસ્તા, જુગારના અડ્ડાઓ મદિરાલયો, વેશ્યાઓનાં ઘરો, ચોરોના અડ્ડાઓ, ચોરોનાં ઘરો, શૃંગાટકો, ત્રિકો, ચોકો, ચત્વરો, નાગગૃહો, ભૂતગૃહો, યક્ષાયતનો, સભાસ્થાનો, દુકાનો પર અને ખાલી પડેલાં ઘરો પર નજર રાખતો, પૂછપરછ કરતો, જાણકારી રાખતો અને ગવેષણા કરતો ફરતો રહેતો હતો. લોકોની નબળાઈઓ, મુશ્કેલીઓ, પ્રિયજનનો વિયોગ, સંકટ, અભ્યુદય, ઉત્સવ, પ્રસવ-પુત્રાદિનો જન્મ, વાર-તહેવાર, સામૂહિક ભોજન આદિ પ્રસંગો, યજ્ઞો–નાગ આદિની પૂજા, પર્વણીઓ–મહિલાઓના ઉત્સવોને કારણે લોકો પ્રમત્ત, વ્યસ્ત, આકુળ–વ્યાકુળ, સુખી અથવા દુ:ખી થઈ રહ્યા હોય, પરદેશ ગયા હોય, પરદેશ જવાની તૈયારીમાં હોય તો આવા પ્રસંગોએ તેમની નબળી કડીઓ, ગેરહાજરી (એકાંતનો) અને અંતર (અવસર)નો વિચાર કરતો ફરતો રહેતો.

રાજગૃહ નગરની બહાર બાગ–બગીચામાં, ઉદ્યાનોમાં, વાડીઓમાં, પુષ્કરિણીઓમાં, દીર્ઘિકાઓ (મોટી વાડીઓ)માં, ગુંજાલિકાઓ (વાંકી વાવડીઓ)માં, સરોવરોમાં, સરોવરની હારમાળાઓમાં, જીર્ણ ઉદ્યાનોમાં, ભગ્ન–કૂપોમાં, માલુકાકચ્છોની ઝાડીઓમાં, સ્મશાનમાં, પર્વતની ગુફાઓમાં, લયનો (પર્વત પર બનેલા ગૃહો) માં, ઉપસ્થાન (પર્વત પર બનેલાં મંડપો)માં ઘણા લોકોની કમજોરી, નબળાઈ યાવત્ અંતરો (અવસરો) જોતો–વિચરતો રહેતો હતો.

**ભદ્રાનો સંતાન–પ્રાપ્તિનો મનોરથ—**

૭૪. **તત્પશ્ચાત્** ધન્ય **સાર્થવાહની ભદ્રાભાર્યાને** કોઈ એક સમયે મધ્યરાત્રિએ કુટુંબ સંબંધી ચિંતા કરતાં કરતાં આ પ્રમાણેનો આવો આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત, માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો—

"ઘણા વર્ષોથી હું ધન્ય સાર્થવાહ સાથે શબ્દ, સ્પર્શ, રસ, ગંધ, રૂપ સંબંધી માનવીય કામભોગો ભોગવતી જીવન વ્યતીત કરી રહી છું પરંતુ મેં હજી સુધી એક પણ પુત્ર કે પુત્રીને જન્મ નથી આપ્યો. તે માતાઓ ધન્ય છે, તે માતાઓ પુણ્યશાળી છે, તે માતાઓ કૃતાર્થ છે, તે માતાઓએ પુણ્ય મેળવ્યું છે, તેમનું જીવન સાર્થક છે, અને તે માતાઓ વૈભવશાળી છે, તે માતાઓને મનુષ્યજન્મ અને જીવનનું સુફળ પ્રાપ્ત થયું છે—જેઓ પોતાની કુખમાંથી ઉત્પન્ન થયેલાં, સ્તનોનું દૂધ પીવાની લાલચવાળાં, મીઠું–મીઠું બોલનારાં, કાલુંઘેલું ગણગણતાં અને સ્તનમૂળ પાસેથી કાંખમાં સરકતા મુગ્ધ બાળકોને સ્તનપાન કરાવે છે અને પછી કમળ સમાન કોમળ હાથ વડે તેમને ઉઠાવીને પોતાની ગોદમાં બેસાડે છે તથા વારંવાર મધુર–મધુર વચનો વડે ઉપાલંભ આપે છે—એમ હું માનું છું. પરંતુ હું અધન્ય છું, પુણ્યહીન છું, અકૃતલક્ષણા છું કે હું આમાંનું એક પણ મેળવી ન શકી. તેથી મારા માટે તે શ્રેયસ્કર છે કે કાલે રાત્રિનું પ્રભાતરૂપે પરિવર્તન થયા પછી યાવત્ સૂર્યનો ઉદય અને સહસ્રરશ્મિ દિનકરના જાજ્વલ્યમાન તેજ સહિત પ્રકાશિત થયા પછી ધન્ય સાર્થવાહની આજ્ઞા અનુમતિ લઈને વિપુલ પ્રમાણમાં અશન-પાન, ખાદિમ અને સ્વાદિમ ભોજન તૈયાર-કરાવીને અને વિપુલ પ્રમાણમાં પુષ્પ, વસ્ત્ર, ગંધ, પુષ્પમાળા તથા અલંકારો લઈને ઘણા બધા મિત્રો, જ્ઞાતિજનો, પોતીકાં સ્વજન સંબંધીઓ અને પરિચિત જનોની મહિલાઓને સાથે લઈને રાજગૃહ નગરની બહાર જે નાગ, ભૂત, યક્ષ, ઈન્દ્ર, સ્કંદ, રુદ્ર, શિવ અને કુબેરનાં મંદિરો છે અને તેમાં જે નાગ પ્રતિમા યાવત્ કુબેર પ્રતિમાઓ છે તેમની બહુ મૂલ્ય ફૂલો વગેરેથી પૂજા કરીને, ઘૂંટણભેર નમીને આ પ્રમાણે કહું કે—'હે દેવાનુપ્રિય ! જો હું એક બાળક કે બાલિકાને જન્મ આપીશ તો હું તમારી યજ્ઞ પૂજા કરીશ, દાન દઈશ અને ભાગ–લાગ કર મૂકાવીશ તથા તમારી અક્ષયનિધિમાં વૃદ્ધિ કરીશ.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે પોતાના મનોરથ પૂરવાનો તેણે વિચાર કર્યો. અને આવો વિચાર કરી બીજા દિવસે રાત્રિ જતાં પ્રભાત થતાં યાવત્ સૂર્યોદય સમયે જાજ્વલ્યમાન તેજથી સહસ્રરશ્મિ સૂર્ય પ્રકાશિત થતાં તે ધન્ય સાર્થવાહ પાસે આવી અને આ પ્રમાણે બોલી—

'હે દેવાનુપ્રિય! વાત એમ છે કે મેં તમારી સાથે અનેક વર્ષ સુધી કામભોગો ભોગવ્યા છે યાવત્ અન્ય સ્ત્રીઓ વારંવાર અતિ મધુર સ્વરે મીઠાં મીઠાં હાલરડાં ગાય છે. પરંતુ હું અધન્ય છું, પુણ્યહીન છું, લક્ષણહીન છું કે એમાંનું એકેય મેળવી ન શકી. આથી હે દેવાનુપ્રિય! આપની આજ્ઞા અનુમતિ લઈને હું વિપુલ અશન-પાન યાવત્ દેવપૂજા કરીને દેવોની અક્ષયનિધિમાં વૃદ્ધિ કરું એવી માનતા માનવા ઇચ્છું છું.'

ત્યારે ધન્ય સાર્થવાહે ભદ્રા ભાર્યાને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયે! મારી પણ એવી જ મનોકામના છે કે તું કોઈ પ્રકારે એક પુત્ર કે પુત્રીને જન્મ આપે.' આમ કહી તેણે ભદ્રા સાર્થવાહીને પોતાના તે કાર્ય માટે—નાગ આદિની પૂજા માટે અનુમતિ આપી.

**ભદ્રાએ કરેલી નાગ આદિ દેવોની પૂજા—**

૭૫. ત્યાર પછી તે ભદ્રા સાર્થવાહીએ ધન્ય સાર્થવાહની અનુમતિ મેળવીને હૃષ્ટ તુષ્ટ આનંદિત થઈને યાવત્ હર્ષપૂર્વક વિપુલ પ્રમાણમાં અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય ભોજન સામગ્રી તૈયાર કરાવીને અનેક પ્રકારનાં પુષ્પો, વસ્ત્રો, સુગંધી અત્તરો, માળાઓ અને અલંકારો લીધાં, લઈને પોતાના ઘરેથી નીકળી, નીકળીને રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને જ્યાં પુષ્કરિણી હતી ત્યાં પહોંચી, ત્યાં જઈને પુષ્કરિણીના તટ પર તે અનેકવિધ પુષ્પો, વસ્ત્રો, સુગંધી પદાર્થો, માળાઓ અને અલંકારો રાખ્યા, રાખીને પુષ્કરિણીમાં ઊતરી, ઊતરીને જળમાં ડૂબકી મારી, જળક્રીડા કરી અને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું અને પછી ભીંજાયેલ સાડી પહેરીને જ ત્યાં જે ઉત્પલ, પદ્મ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર આદિ વિવિધ પ્રકારનાં કમળો હતાં તે લીધાં, લઈને પુષ્કરિણીમાંથી બહાર નીકળી, બહાર નીકળીને તટ પરનાં પુષ્પો, વસ્ત્રો, સુગંધી પદાર્થો, માળાઓ વગેરે લીધાં અને નાગમંદિર યાવત્ વૈશ્રમણ મંદિરમાં ગઈ, જઈને તેમાં રહેલ નાગપ્રતિમા યાવત્ વૈશ્રમણ પ્રતિમા નજરે પડતાં જ પ્રણામ કર્યા, સહેજ નીચે નમી, નમન કરી પછી મોરપીંછની પીંછી લઈ નાગપ્રતિમા યાવત્ વૈશ્રમણ પ્રતિમાને પીંછીથી પ્રમાર્જી, પ્રમાર્જન કરીને જળથી અભિષેક કર્યો, જળાભિષેક કરીને રુંવાદાર, કોમળ, સુગંધી કષાયરંગના ટુવાલ વડે તે પ્રતિમાઓનાં અંગો લૂછ્યાં, લૂછીને તેમને બહુમૂલ્ય વસ્ત્રો પહેરાવ્યાં, પુષ્પમાળાઓ પહેરાવી, સુગંધી લેપ કર્યો, વર્ણ કર્યો, પછી ધૂપ સળગાવી અને ઘૂંટણે પડી બન્ને હાથ જોડી આ પ્રમાણે કહ્યું—"જો હું પુત્ર કે પુત્રીને જન્મ આપીશ તો તમારી પૂજા કરીશ, દાન દઈશ, ભાગ દઈશ અને અક્ષયનિધિમાં વૃદ્ધિ કરીશ." આમ કરી તેણે માનતા માની અને ફરી પુષ્કરિણી તટે આવી પેલા વિપુલ અશન--પાન-ખાદિમ-સ્વાદિમ ભોજનનો આસ્વાદ લેતી, સંબંધીઓને ભોજન કરાવતી, અન્યોન્ય ભોજન આપતી-લેતી વિચરવા લાગી. ભોજન પછી આચમન-મુખ-શુદ્ધિ કરીને સ્વચ્છ અને પરમ શુચિભૂત બનીને પોતાના ઘેર પાછી ફરી.

ત્યાર પછી ભદ્રા સાર્થવાહી ચતુર્દશી, અષ્ટમી, અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરતી અને તૈયાર કરીને ઘણાં નાગાયતનોમાં-યાવત્-વૈશ્રમણ-આયતનોમાં દેવોને ભોગ ચડાવતી અને નમસ્કાર કરતી થકી વિચરતી હતી.

**ભદ્રાના દોહદની પૂર્તિ—**

૭૬. ત્યાર પછી તે ભદ્રા સાર્થવાહી કંઈક સમય વ્યતીત થઈ જવા પર એકદા ગર્ભવતી થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્રા સાર્થવાહીને ગર્ભવતી થયાને બે માસ વ્યતીત થઈ ગયા, ત્રીજો મહિનો ચાલતો હતો ત્યારે તેને આ પ્રમાણે દોહદ ઉત્પન્ન થયો 'તે માતાઓ ધન્ય છે, યાવત્ તે માતાઓ શુભ લક્ષણવાળી છે જે વિપુલ અશન, પાન ખાદિમ અને સ્વાદિમ આહાર તથા ઘણાં પુષ્પ, ગંધ, વસ્ત્ર અને માળા તથા અલંકારો ગ્રહણ કરીને મિત્ર, જ્ઞાતિ, પોતીકા સ્વજન સંબંધી અને પરિજનોની સ્ત્રીઓની સાથે ઘેરાયેલી રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને નીકળે છે, નીકળીને જ્યાં પુષ્કરિણી છે ત્યાં જાય છે અને પુષ્કરિણીમાં અવગાહન કરીને સ્નાન કરે છે, બલિકર્મ કરે છે અને બધા અલંકારોથી વિભૂષિત થાય છે. પછી વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહારનું આસ્વાદન કરતી કરાવતી થકી તથા પરિભોગ કરતી કરાવતી થકી પોતાના દોહદને પૂર્ણ કરે છે." આ પ્રમાણે ભદ્રા સાર્થવાહીએ વિચાર કર્યો, વિચાર કરીને બીજા દિવસે પ્રાતઃકાળે સૂર્યોદય થવા પર ધન્ય સાર્થવાહ પાસે આવી, આવીને ધન્ય સાર્થવાહને આ પ્રમાણે કહ્યું— 'હે દેવાનુપ્રિય ! મને ગર્ભના પ્રભાવથી આવો દોહદ ઉત્પન્ન થયો, છે કે તે માતાઓ ધન્ય છે યાવત્ સુલક્ષણા છે, કે જે પોતાના દોહદને પૂર્ણ કરે છે, ઈત્યાદિ તેથી હે દેવાનુપ્રિય ! આપની આજ્ઞા હોય તો હું પણ આ રીતે દોહદ પૂર્ણ કરતી વિચરું.'

સાર્થવાહે કહ્યું—'દેવાનુપ્રિયે ! જે પ્રમાણે સુખ ઊપજે તેમ કરો. તેમાં ઢીલ ન કરો.'

૭૭. ત્યાર પછી ધન્ય સાર્થવાહની આજ્ઞા મેળવેલ ભદ્રા સાર્થવાહી હૃષ્ટ-તુષ્ટ થઈ યાવત્ વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમ આહાર તૈયાર કરાવીને—યાવત્-સ્નાન કરીને યાવત્ પહેરવા તથા ઓઢવાનાં ભીનાં વસ્ત્ર ધારણ કરીને જ્યાં પુષ્કરિણી હતી ત્યાં આવી. ત્યાં આવી ત્યારે તેના મિત્ર, જ્ઞાતિ યાવત્ નગરની સ્ત્રીઓએ ભદ્રા સાર્થવાહીને સર્વ આભૂષણોથી અલંકૃત કરી.

ત્યાર પછી ભદ્રા સાર્થવાહીએ તે મિત્ર, જ્ઞાતિજનો, પોતાના સ્વજન, સંબંધી પરિજન અને નગરની સ્ત્રીઓની સાથે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમનો યાવત્ ઉપભોગ કરીને પોતાના દોહદને પૂર્ણ કરીને જે દિશાથી આવેલ હતી તે દિશામાં ચાલી ગઈ.

ત્યાર પછી ભદ્રા સાર્થવાહી દોહદ પૂર્ણ કરીને-યાવત્-તે ગર્ભને સુખપૂર્વક વહન કરવા લાગી.

**પુત્રજન્મ અને 'દેવદત્ત' નામકરણ—**

૭૮. ત્યાર પછી તે ભદ્રા સાર્થવાહીએ નવ માસ અને સાડા સાત દિવસ-રાત્રિ પૂર્ણ થવા પર સુકુમાર હાથ પગવાળા બાળકને જન્મ આપ્યો.

ત્યાર પછી તે બાળકના માતા-પિતાએ પ્રથમ દિવસે જાતકર્મ નામક સંસ્કાર કર્યો, કરીને તે જ પ્રકારે યાવત્ અશન, પાન, ખાદિમ સ્વાદિમ આહાર તૈયાર કરાવ્યો, તૈયાર કરાવી મિત્ર, જ્ઞાતિજનો, આદિને ભોજન કરાવીને બાળકનું આ પ્રકારે ગૌણ અર્થાત્ ગુણનિષ્પન્ન નામ રાખ્યું-"કારણ કે અમારો આ પુત્ર ઘણી નાગપ્રતિમાઓ યાવત્ વૈશ્રમણપ્રતિમાઓની માનતા કરવાથી ઉત્પન્ન થયો છે, માટે અમારા પુત્રનું 'દેવદત્ત' નામ થાય અર્થાત્ તેનું નામ દેવદત્ત રાખવામાં આવે છે."

ત્યાર પછી તે બાળકના માતા-પિતાએ તે દેવતાઓની પૂજા કરી તેમને દાન આપ્યું, પ્રાપ્ત ધનનો વિભાગ કર્યો અને અક્ષયનિધિની વૃદ્ધિ કરી.

**દેવદત્તની ક્રીડા—**

૭૯. ત્યાર પછી પંથક નામક દાસચેટક દેવદત્ત બાળકનો બાળગ્રાહી (બાળકને રમાડનાર) નિયુક્ત થયો. તે દેવદત્ત બાળકને કમરમાં લઈ લેતો. અને લઈને ઘણાં બાળકો, બાલિકાઓ, કુમારો અને કુમારીઓની સાથે ઘેરાયેલો થઈને બાળકને રમાડતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી ભદ્રા સાર્થવાહીએ કોઈ સમયે સ્નાન કરેલ, બલિકર્મ, કૌતુક, મંગલ અને પ્રાયશ્ચિત્ત કરેલ તથા સમસ્ત અલંકારોથી વિભૂષિત કરેલ દેવદત્ત બાળકને દાસચેટક પંથકના હાથમાં સોંપ્યો.

ત્યાર પછી પંથક દાસચેટકે ભદ્રાસાર્થવાહીના હાથમાંથી દેવદત્ત બાળકને લઈને પોતાની કમરમાં ગ્રહણ કર્યો, ગ્રહણ કરીને તે પોતાના ઘેરથી બહાર નીકળ્યો, બહાર નીકળીને ઘણાં બાળકો, બાલિકાઓ યાવત્ કુમારિકાઓથી ઘેરાયેલો તે જ્યાં રાજમાર્ગ હતો ત્યાં આવ્યો, આવીને દેવદત્ત બાળકને એકાંતમાં એક તરફ બેસાડી દીધો, બેસાડીને [ દેવદત્ત તરફ ] અસાવધાન થઈને ઘણી સંખ્યામાં બાળકો યાવત્ કુમારિકાઓની સાથે રમવા લાગ્યો— વિચરવા લાગ્યો.

**દેવદત્તનું વિજય ચોર દ્વારા અપહરણ—**

૮૦. આ સમયે વિજય ચોર રાજગૃહ નગરનાં ઘણાં દ્વારો તેમજ અપદ્વારો આદિને યાવત્ દેખતો થકો, તેમની માર્ગણા કરતો, ગવેષણા કરતો થકો જ્યાં દેવદત્ત હતો, ત્યાં આવ્યો. આવીને દેવદત્ત બાળકને બધા આભૂષણોથી વિભૂષિત જોયો, જોઈને દેવદત્ત બાળકનાં આભરણો અને અલંકારોમાં મૂર્છિત (મોહિત) થઈ ગયો, ગ્રથિત ( લોભગ્રસ્ત ) થઈ ગયો, ગૃદ્ધ ( આકાંક્ષાયુક્ત ) થઈ ગયો અને અધ્યુપપન્ન ( તેમાં અત્યંત તન્મય ) થઈ ગયો. તેણે દાસચેટક પંથકને બેખબર જોયો અને ચારે તરફ દિશાઓનું અવલોકન કર્યું, પછી બાળક દેવદત્તને ઉઠાવ્યો, ઉઠાવીને કાંખમાં લઈ લીધો (તેડી લીધો) અને ઓઢવાના કપડાથી તેને ઢાંકી લીધો.

પછી શીઘ્ર, ત્વરિત પણે, ચપળતા અને ઉતાવળ સાથે રાજગૃહ નગરના અપદ્વારોથી (આડા માર્ગોથી) બહાર નીકળી ગયો, નીકળીને જ્યાં જીર્ણ ઉદ્યાન હતું અને જ્યાં ટૂટચો-ફૂટચો કૂવો હતો, ત્યાં પહોંચ્યો. ત્યાં પહોંચીને દેવદત્ત બાળકને જીવનથી રહિત કરી દીધો અર્થાત્ મારી નાખ્યો. તેને નિર્જીવ કરીને તેનાં બધાં આભરણો અને અલંકારો ઉતારી લીધા. પછી બાળક દેવદત્તના પ્રાણહીન, ચેષ્ટાહીન અને નિર્જીવ શરીરને તે ભગ્ન કૂવામાં ફેંકી દીધું. ત્યાર પછી તે ચોર માલુકા કચ્છ( એક પ્રકારની ઝાડી )માં ચાલ્યો ગયો. અને નિશ્ચલ એટલે ગમનાગમન રહિત, નિષ્પન્દ-હાથ-પગને પણ ન હલાવતો, મૌન રહીને દિવસની સમાપ્તિ થવાની રાહ જોવા લાગ્યો.

**દેવદત્તની શોધખોળ—**

૮૧. ત્યાર પછી તે પંથક નામક દાસચેટક થોડા સમય પછી જ્યાં બાળક દેવદત્તને બેસાડેલ હતો, ત્યાં પહોંચ્યો, પહોંચવા પર તેણે દેવદત્ત બાળકને તે સ્થાન પર ન જોયો. તે રોતો, ચિલ્લાતો અને વિલાપ કરતો દરેક જગ્યાએ તેની શોધ કરવા લાગ્યો. પરંતુ ક્યાંય પણ બાળક દેવદત્તની ખબર ન મળી, છીંક વગેરેના શબ્દ પણ ન સંભળાયાં, ન પત્તો લાગ્યો. ત્યારે તે જ્યાં પોતાનું ઘર હતું, જ્યાં ધન્ય સાર્થવાહ હતો, ત્યાં પહોંચ્યો, પહોંચીને ધન્ય સાર્થવાહને આ પ્રમાણે કહેવા લાગ્યો— "સ્વામિન્ ! આ પ્રમાણે ભદ્રા સાર્થવાહીએ સ્નાન કરેલ બાળક દેવદત્તને યાવત્ મારા હાથમાં આપ્યો. ત્યાર પછી મેં બાળક દેવદત્તને મારી કમરમાં લઈ લીધો. લઈને ( બહાર લઈ ગયો, એક જગ્યાએ બેસાડચો પછી થોડા સમય પછી તે દેખાયો નહિ ) યાવત્ દરેક જગ્યાએ તેની શોધ કરી પરંતુ ખબર નથી પડી કે સ્વામિન્ ! બાળક દેવદત્તને કોઈ મિત્રાદિ પોતાના ઘરે લઈ ગયો છે, ચોર અપહરણ કરી ગયો છે અથવા કોઈએ લલચાવેલ છે ?" આ પ્રમાણે ધન્ય સાર્થવાહના પગમાં પડીને તેને આ વાત કહી.

ત્યાર પછી ધન્ય સાર્થવાહ પંથક દાસચેટકની વાત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને મહાન પુત્રશોકથી વ્યાકુળ થઈને કુહાડાથી કાપેલ ચંપક વૃક્ષની જેમ ધડામ કરતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથ્વી ઉપર બધાં અંગોથી પડી ગયો અને મૂર્છિત થઈ ગયો.

૮૨. ત્યાર પછી ધન્ય સાર્થવાહ થોડીવાર પછી હોશમાં આવ્યો, માનો કે તેના પ્રાણ પાછા આવ્યા ત્યારે તેણે ચારે તરફ દેવદત્ત બાળકની તપાસ કરી. પરંતુ ક્યાંયથી દેવદત્ત બાળકને પત્તો ન લાગ્યો, છીંક આદિનો શબ્દ પણ ન સાંભળ્યો કે ન ક્યાંયથી સમાચાર મળ્યા. ત્યારે તે પોતાના ઘરે આવ્યો, આવીને બહુમૂલ્ય ભેટ લીધી અને જ્યાં નગર-રક્ષક કોટવાળ હતો, ત્યાં પહોંચ્યો, પહોંચીને તે બહુમૂલ્ય ભેટ સામે રાખી અને આ પ્રમાણે કહ્યું–હે દેવાનુપ્રિય ! મારો પુત્ર અને ભદ્રા ભાર્યાનો આત્મજ દેવદત્ત નામનો બાળક અમને ઈષ્ટ છે, યાવત્ ઉંબરના ફૂલની જેમ તેનું નામ શ્રવણ કરવું પણ દુર્લભ છે તો પછી દર્શનનું તો કહેવું જ શું ? એવા બાળક દેવદત્તને ભદ્રાએ સ્નાન કરાવીને અને સમસ્ત અલંકારોથી વિભૂષિત કરીને દાસ પંથકના હાથમાં સોંપી દીધો....યાવત્ પંથકે મારા પગમાં પડીને મને નિવેદન કર્યું. (અહીં પહેલાનું સમગ્ર વૃત્તાન્ત સમજી લેવું) તો હે દેવાનુપ્રિય ! હું ઈચ્છું છું કે આપ દેવદત્ત બાળકની બધી જગ્યાએ માર્ગણા–ગવેષણા કરો."

૮૩. ત્યાર પછી તે નગરરક્ષકોએ ધન્ય સાર્થવાહના આ પ્રમાણે કહેવા પર કવચ સજ્જ કર્યું તેને કસોથી બાંધ્યું અને શરીર પર ધારણ કર્યું ધનુષ રૂપી પટ્ટીકા ઉપર પ્રત્યંચા ચઢાવી અથવા ભુજાઓ પર ચામડાનો પટ્ટો બાંધ્યો. આયુધ (શસ્ત્ર) અને પ્રહરણ (તીર આદિ) ગ્રહણ કર્યાં. પછી ધન્ય સાર્થવાહની સાથે રાજગૃહ નગરની બહાર નીકળવાના ઘણાં માર્ગો યાવત્ પરબો આદિમાં શોધ કરીને રાજગૃહ નગરની બહાર નીકળ્યા, નીકળીને જ્યાં જીર્ણ ઉદ્યાન અને ભગ્ન કૂવો છે ત્યાં આવ્યા આવીને તે કૂવામાં નિષ્પ્રાણ, નિશ્ચેષ્ટ, તેમજ નિર્જીવ દેવદત્તના શરીરને જોયું, જોઈને 'હા, હા, અહો અકાર્ય !' આ પ્રમાણે કહીને તેઓએ દેવદત્ત કુમારને તે ભગ્ન કૂવામાંથી બહાર કાઢ્યો અને ધન્ય સાર્થવાહના હાથમાં સોંપી દીધો.

**વિજય ચોરનું પકડાવું—**

૮૪. ત્યાર પછી તે નગરરક્ષક વિજય ચોરના પગના નિશાનોનું અનુસરણ કરતાં માલુકાકચ્છમાં પહોંચ્યો. તેની અંદર પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને વિજય ચોરને પંચની સાક્ષી પૂર્વક, ચોરીના માલની સાથે જીવતો પકડી લીધો અને ગર્દનથી બાંધ્યો પછી હાડકાની લાકડી, મુષ્ટિ, ઘૂંટણો અને કોણીઓના પ્રહાર કરીને તેના શરીરને ભગ્ન અને મથિત કરી દીધું–એવો માર માર્યો કે તેનું શરીર સાવ ઢીલું પડી ગયું. તેની ગર્દન અને બંને હાથ પીઠ તરફ બાંધી દીધા. પછી બાળક દેવદત્તના આભરણ કબ્જામાં કર્યાં. ત્યાર પછી વિજય ચોરને ગર્દનથી બાંધ્યો અને માલુકાકચ્છથી બહાર નીકળ્યા, નીકળીને જ્યાં રાજગૃહ નગર હતું ત્યાં આવ્યા. ત્યાં આવીને રાજગૃહ નગરમાં પ્રવેશ કર્યો, અને નગરના ત્રિક, ચતુષ્ક, ચત્વર તેમજ મહાપથ આદિ માર્ગોમાં કોરડાના પ્રહાર, છડીઓના પ્રહાર, કાંબીથી પ્રહાર કરતા કરતા અને તેના ઉપર રાખ, ધૂળ અને કચરો નાખતા થકા મોટા અવાજથી ઘોષણા કરતા આ પ્રમાણે બોલ્યા—

"હે દેવાનુપ્રિયો ! આ વિજય નામનો ચોર યાવત્–ગીધની સમાન માંસભક્ષી બાળઘાતક તેમ જ બાળકનો હત્યારો છે. હે દેવાનુપ્રિય ! કોઈ રાજા, રાજપુત્ર અથવા રાજાનો અમાત્ય તેના માટે અપરાધી નથી એટલે કોઈ નિષ્કારણ તેનો દંડ નથી આપતું. આ વિષયમાં તેણે પોતે કરેલ કર્મ જ અપરાધી છે." આ પ્રમાણે કહીને જ્યાં ચારક–શાળા (જેલ) હતી, ત્યાં પહોંચ્યા, ત્યાં પહોંચીને તેને બેડીઓથી જકડી લીધો, ભોજન પાણી બંધ કરી દીધાં અને ત્રણે સંધ્યા કાળોમાં–પ્રાતઃ મધ્ય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂર્યાસ્તના સમયે ચાબુક આદિનો પ્રહાર કરતા વિચરવા લાગ્યા.

**દેવદત્તના અંતિમ સંસ્કાર—**

૮૫. ત્યાર પછી ધન્ય સાર્થવાહે મિત્ર, જ્ઞાતિજનો પોતાના, સ્વજન-સંબંધી, પરિજનોની સાથે રોતાં રોતાં-યાવત્-વિલાપ કરતાં કરતાં બાળક દેવદત્તના શરીરનું ઋદ્ધિ-સત્કારના સમૂહની સાથે નીહરણ કર્યું, અર્થાત્ અગ્નિસંસ્કારને માટે શ્મશાનમાં લઈ ગયા. ત્યાર પછી અનેક લૌકિક મૃતક કર્મ (અંતિમ સંસ્કાર) કર્યાં, મૃતકકૃત્ય કરીને કાળાન્તરમાં તે શોકથી રહિત થઈ ગયા.

**ધન્યનું કેદ પકડાવું—**

૮૬. ત્યાર પછી કોઈ સમયે ચાડી કરનારાઓએ ધન્ય સાર્થવાહને માથે નાનો એવો રાજકીય અપરાધ લગાડ્યો. ત્યારે નગરરક્ષકોએ ધન્ય સાર્થવાહને પકડી લીધો, પકડીને જ્યાં કારાગાર હતું ત્યાં લઈ ગયા, લઈ જઈને કારાગારમાં પ્રવેશ કરાવ્યો અને પ્રવેશ કરાવીને ત્યાં વિજય ચોરની સાથે એક જ હેડ (પગની બેડી)માં બાંધી દીધો.

**ધન્યના ઘરેથી ભોજન આવવું—**

૮૭. ત્યાર પછી ભદ્રા ભાર્યાએ બીજે દિવસે યાવત્ સૂર્યના જાજ્વલ્યમાન થવા પર વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તૈયાર કર્યાં. ભોજન તૈયાર કરીને, ભોજન રાખવાનું પિટક (વાંસની છાબડી) બરાબર કર્યું—અને તેમાં ભોજનનું પાત્ર રાખી દીધું. પછી તે પિટકને લાંછિત કર્યું અને તેના ઉપર મહોર લગાવી અને સુગંધી પાણીથી પરિપૂર્ણ નાનો એવો ઘડો તૈયાર કર્યો. પછી પંથક દાસ ચેટકને અવાજ કર્યો, અને કહ્યું—"હે દેવાનુપ્રિય ! તું જા અને આ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ્ આહાર કારાગૃહમાં ધન્ય સાર્થવાહની પાસે લઈ જા."

ત્યારે પંથકે ભદ્રા સાર્થવાહીના આ પ્રમાણે કહેવા પર હૃષ્ટ-તુષ્ટ થઈને તે ભોજન-પિટકને અને ઉત્તમ સુરભિમય પાણીથી પરિપૂર્ણ ઘડાને ગ્રહણ કર્યો, ગ્રહણ કરીને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને રાજગૃહના મધ્યભાગમાં થઈને જ્યાં કારાગૃહ હતું અને જ્યાં ધન્ય સાર્થવાહ હતો ત્યાં પહોંચ્યો. પહોંચીને ભોજનનો પિટક મૂક્યો, તેને ચિહ્ન અને મહોરથી રહિત કર્યો, પછી ભોજનનાં પાત્રો લીધાં, તેને ધોયાં, પછી હાથ ધોવાનું પાણી આપ્યું અને ત્યાર પછી ધન્ય સાર્થવાહને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ ભોજન પીરસ્યું.

**વિજય ચોર દ્વારા ભોજનની માગણી—**

૮૮. તે સમયે વિજય ચોરે ધન્ય સાર્થવાહને આ પ્રમાણે કહ્યું—"દેવાનુપ્રિય ! તમે મને આ વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ-માંથી સંવિભાગ કરો—હિસ્સો આપો."

**ધન્ય દ્વારા ઇન્કાર—**

૮૯. ત્યારે ધન્ય સાર્થવાહે વિજય ચોરને આ પ્રમાણે કહ્યું-'હે વિજય ! ભલે હું આ વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમને કાગડા કૂતરાને આપું અગર ઉકરડામાં ભલે ફેંકી દઉં, પણ તું તો મારા પુત્રનો ઘાતક, પુત્રનો હત્યારો, શત્રુ, વેરી, પ્રતિકૂળ આચરણ કરનાર અને પ્રત્યેક વાતમાં વિરોધી છે. તને આ અશન પાન ખાદિમ અને સ્વાદિમમાંથી સંવિભાગ નહિ કરું."

ત્યાર પછી ધન્ય સાર્થવાહે તે વિપુલ અશન પાન, ખાદિમ, અને સ્વાદિમનો આહાર કર્યો, આહાર કરીને પંથકને પાછો વાળ્યો. પંથક દાસ ચેટકે ભોજનનો તે પિટક લીધો અને લઈને જે તરફથી આવ્યો હતો તે તરફ પાછો ગયો.

**મળ-મૂત્ર બાધા માટે સાથે જવા ધન્યની માગણી**

૯૦. ત્યાર પછી વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ ભોજન કરેલ ધન્ય સાર્થવાહને મળ-મૂત્રની બાધા ઉત્પન્ન થઈ. ત્યારે ધન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાર્થવાહે વિજય ચોરને કહ્યું–" વિજય, ચાલ, એકાંતમાં ચાલ. જેથી હું મળમૂત્રનો ત્યાગ કરી શકું."

**વિજય ચોરનો ઇન્કાર—**

૯૧. ત્યારે વિજય ચોરે ધન્ય સાર્થવાહને કહ્યું–" દેવાનુપ્રિય ! તમે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમનો આહાર કરેલ છે. તેથી તમને મળ અને મૂત્રની બાધા ઉત્પન્ન થયેલ છે. દેવાનુપ્રિય ! હું તો બહુ ચાબુકોના પ્રહારો યાવત્ લાતાલાતના પ્રહારોથી તથા તરસ અને ભૂખથી પીડિત થઈ રહ્યો છું. મને મળમૂત્રની બાધા નથી. દેવાનુપ્રિય ! જવું હોય તો તમે એકાંતમાં જઈને મળમૂત્રનો ત્યાગ કરો."

**ધન્યના ફરી કહેવા પર વિજય દ્વારા ભોજનની ફરી માગણી—**

૯૨. ત્યાર પછી ધન્ય સાર્થવાહ વિજય ચોરના આ પ્રમાણે કહેવાથી મૌન થઈ ગયો. ત્યાર પછી થોડા સમય પછી ધન્ય સાર્થવાહે ફરી મળ-મૂત્રની બાધાથી અત્યંત પીડિત થઈને વિજયને કહ્યું–" વિજય, ચાલ એકાંતમાં ચાલીએ."

ત્યારે વિજય ચોરે ધન્ય સાર્થવાહને કહ્યું, " દેવાનુપ્રિય ! જો તમે તે વિપુલ અશન, પાન, ખાદિમ સ્વાદિમમાંથી સંવિભાગ કરો તો હું તમારી સાથે એકાંતમાં ચાલું."

ત્યાર પછી ધન્ય સાર્થવાહે વિજય ચોરને કહ્યું–" હું તને વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમમાંથી સંવિભાગ કરીશ."

ત્યાર પછી વિજયે ધન્ય સાર્થવાહની આ વાતનો સ્વીકાર કર્યો. પછી વિજય ધન્ય સાર્થ-વાહની સાથે એકાંતમા ગયો. ધન્ય સાર્થવાહે મળમૂત્રનો પરિત્યાગ કર્યો. પછી જળથી ચોખ્ખા અને પવિત્ર થઈને તે સ્થાન પર આવીને રહ્યો.

**ધન્ય દ્વારા વિજયને ભોજનમાં ભાગ આપવો—**

૯૩. ત્યાર પછી બીજા દિવસે ભદ્રા સાર્થવાહીએ પ્રભાતે સૂર્યના દેદીપ્યમાન થવા પર, પૂર્વવત્ વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરીને પંથકની સાથે મોકલ્યાં. યાવત્ પંથકે ધન્યને પીરસ્યું ત્યારે ધન્ય સાર્થવાહે વિજય ચોરને તે વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમમાંથી ભાગ આપ્યો. પછી ધન્ય સાર્થવાહે પંથક દાસચેટકને રવાના કર્યો.

**પંથક વડે ભદ્રાને વાતની જાણ—**

૯૪. તદનન્તર તે પંથક ભોજનપિટક લઈને કારા-ગૃહથી બહાર નીકળ્યો, નીકળીને રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને જ્યાં પોતાનું ઘર અને ભદ્રા શેઠાણી હતી ત્યાં પહોંચ્યો. ત્યાં જઈને તેણે ભદ્રા સાર્થવાહીને કહ્યું–" દેવાનુ-પ્રિયે ! ધન્ય સાર્થવાહે તમારા પુત્રના ઘાતક યાવત્ પ્રત્યમિત્ર (દુશ્મન)ને તે વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમમાંથી હિસ્સો આપ્યો છે."

**ભદ્રાનો રોષ—**

૯૫. ત્યારે ભદ્રા સાર્થવાહી દાસચેટક પંથકની પાસેથી આ વાત સાંભળીને તુરત લાલ પીળી થઈ ગઈ, રુષ્ટ થઈ યાવત્ ખીજાતી થકી ધન્ય સાર્થવાહ પર પ્રદ્વેષ કરવા લાગી.

**ધન્યની કારાગારમાંથી મુક્તિ—**

૯૬. ત્યાર પછી ધન્ય સાર્થવાહને કોઈ સમયે મિત્ર જ્ઞાતિજન સ્વજન સંબંધી અને પરિ-વારના લોકોએ પોતાના ( ધન્ય સાર્થવાહના) સારભૂત અર્થથી, અર્થાત્ પૈસાના જોરથી, રાજદંડથી મુક્ત કરાવ્યો. મુક્ત થઈને તે કારા-ગૃહથી બહાર નીકળ્યો. નીકળીને જ્યા આલં-કારિક–સભા (વાળંદની દુકાન), હતી ત્યાં પહોંચ્યો પહોંચીને આલંકારિક કર્મ કરાવ્યું-હજામત કરાવી. પછી જ્યાં પુષ્કરિણી હતી ત્યાં આવ્યો, આવીને નીચેની ધોવાની માટી લીધી, અને પુષ્કરિણીમાં અવગાહન કર્યું–જળમાં ડૂબકી મારી સ્નાન કર્યું, બલિકર્મ કર્યું યાવત્ રાજ-ગૃહ નગરમાં પ્રવેશ કર્યો. રાજગૃહ નગરની વચમાં થઈને જ્યાં પોતાનું ઘર હતું ત્યાં જવાને માટે રવાના થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધન્યનું સન્માન—**

૯૭. ત્યાર પછી ધન્ય સાર્થવાહને આવતો જોઈને રાજગૃહ નગરના ઘણા આત્મીય શ્રેષ્ઠીઓએ ધન્ય સાર્થવાહનો આદર કર્યો, સન્માનથી બોલાવ્યો, વસ્ત્ર આદિથી સત્કાર કર્યો, નમસ્કાર આદિથી સન્માન કર્યું, ઊભા થઈને બહુમાન કર્યું અને શરીરની કુશળ વાર્તા પૂછી.

ત્યાર પછી ધન્ય સાર્થવાહ પોતાના ઘરે પહોંચ્યો, ત્યાં જે બહારની સભા (ઘરની આગળનો ભાગ) હતી જેમ કે દાસો, પ્રેષ્યો, ભૃતકો અને વ્યાપારના હિસ્સેદારો, તેમણે પણ ધન્ય સાર્થવાહને આવતાં જોયો. જોઈને પગમાં પડીને કુશળ સમાચાર પૂછ્યા.

અને ત્યાં જે આભ્યંતર સભા (ઘરની અંદરનો ભાગ) હતી જેમકે માતા, પિતા, ભાઈ બહેન આદિ, તેમણે પણ ધન્ય સાર્થવાહને આવતાં જોયો જોઈને આસન ઉપરથી તેઓ ઊભા થયા, થઈને એક બીજાએ ગળે વળગીને હર્ષનાં આંસુ વહાવ્યાં.

**ભદ્રાના રોષનું શમન અને પુનઃસન્માન—**

૯૮. ત્યાર પછી ધન્ય સાર્થવાહ ભદ્રા ભાર્યા પાસે પહોંચ્યો. ત્યારે ભદ્રા સાર્થવાહીએ ધન્ય સાર્થવાહને આવતો જોયો, જોઈને તેણે તેનો ન સત્કાર કર્યો, ન માન આપ્યું, ન આદર કરતી કે ન જાણતી હોય તેમ તે મૌન રહીને વિમુખ થઈને બેસી રહી.

૯૯. ત્યારે ધન્ય સાર્થવાહે ભદ્રા ભાર્યાને આ પ્રમાણે કહ્યું—"દેવાનુપ્રિયે ! મારા આવવાથી તમને શું સંતોષ નથી થયો ? હર્ષ અને આનંદ નથી થયો ? મેં પોતાના સારભૂત અર્થથી (પૈસાની મદદથી) રાજકાર્ય (રાજદંડ)-થી પોતાને છોડાવ્યો છે. અર્થાત્ હું હવે જેલ-માંથી છૂટી ગયો છું."

ત્યારે ભદ્રાએ ધન્ય સાર્થવાહને આ પ્રમાણે કહ્યું—"દેવાનુપ્રિય ! મને કેમ સંતોષ અથવા આનંદ થાય ? કે મારા પુત્રના ઘાતક યાવત્ દુશ્મન [ વિજય ચોર ] ને તમે વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમમાંથી સંવિભાગ કર્યો !"

ત્યારે ધન્ય સાર્થવાહે ભદ્રાને કહ્યું—"હે દેવાનુપ્રિયે ! ધર્મ સમજીને, ન્યાય સમજીને, લોકયાત્રા સમજીને, કે તે ચોરને નાયક સમજીને, સહચર સમજીને, સહાયક સમજીને અથવા મિત્ર સમજીને મેં તે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમમાંથી સંવિભાગ નથી કરેલ. સિવાય શરીર-ચિંતા (મળ-મૂત્રની બાધા)ના, અન્ય કોઈ પ્રયોજનથી સંવિભાગ કરે‌ લ નથી."

ધન્ય સાર્થવાહે આ પ્રમાણે કહ્યું. તેથી ભદ્રા હૃષ્ટ-તુષ્ટ થઈ યાવત્ આસન ઉપરથી ઊઠી, ભેટી પડી અને ક્ષેમ કુશળ પૂછયું. પછી સ્નાન કર્યું યાવત્ પ્રાયશ્ચિત્ત (તિલક આદિ) કર્યું અને પછી તેઓ પાંચે ઈન્દ્રિયોથી વિપુલ ભોગ ભોગવતાં રહેવા લાગ્યાં.

**વિજય જ્ઞાતનું નિગમન—**

૧૦૦. ત્યાર પછી વિજય ચોર કારાગારમાં બંધન, માર, ચાબુકોનો પ્રહાર યાવત્ તરસ અને ભૂખથી પીડિત થતો મૃત્યુના સમયે મૃત્યુ પામીને નારકરૂપે નરકમાં ઉત્પન્ન થયો. નરકમાં ઉત્પન્ન થયેલો તે કાળો, વિશેષ કાળો દેખાતો હતો યાવત્ વેદનાનો અનુભવ કરતો હતો.

તે નરકથી નીકળીને અનાદિ, અનંત, દીર્ઘ કાળવાળી ચતુર્ગતિ રૂપ સંસાર-અટવીમાં પર્યટન કરશે.

**ધન્ય જ્ઞાતનું નિગમન—**

૧૦૧. સુધર્મા સ્વામી ઉપસંહાર કરતાં જંબૂસ્વામીને કહે છે—"હે જંબૂ ! આ પ્રમાણે આપણા સાધુ અથવા સાધ્વી, આચાર્ય અથવા ઉપા-ધ્યાયની પાસે મુંડિત થઈ, ગૃહત્યાગ કરીને સાધુત્વની દીક્ષા અંગીકાર કરીને, વિપુલ ધન, મણિ, મૌક્તિક, કનક અને રત્નોના સારમાં લુબ્ધ થાય છે. તો તે પણ તેવા જ થાય છે—તેમની દશા વિજય ચોર જેવી થાય છે."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**રાજગૃહમાં સ્થવિરનું આગમન—**

૧૦૨. તે કાળે અને તે સમયમાં ધર્મઘોષ નામના સ્થવિર ભગવંત જાતિથી સંપન્ન યાવત્ અનુક્રમથી ચાલતા ચાલતા જ્યાં રાજગૃહ નગર હતું અને જ્યાં ગુણશીલ ચૈત્ય હતું ત્યાં આવ્યા—યાવત્–યથાયોગ્ય ઉપાશ્રયની યાચના કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. તેમનું આગમન જાણીને પરિષદ નીકળી, ધર્મઘોષ સ્થવિરે ધર્મદેશના આપી.

**ધન્યની પ્રવ્રજ્યા—**

૧૦૩. ત્યાર પછી ધન્ય સાર્થવાહને ઘણા લોકો પાસેથી આ વૃત્તાન્તને સાંભળીને અને સમજીને આ પ્રમાણેનો અધ્યવસાય ઉત્પન્ન થયો–'ઉત્તમ જાતિથી સંપન્ન સ્થવિર ભગવાન અહીં આવ્યા છે, અહીં પધાર્યા છે. તો હું ઈચ્છું છું કે સ્થવિર ભગવાનને વંદન કરું, નમસ્કાર કરું.' આ પ્રમાણે વિચારીને ધન્ય સાર્થવાહે સ્નાન કર્યું...યાવત્ શુદ્ધ, બહુમૂલ્ય પણ અલ્પ માંગલિક વસ્ત્રો ધારણ કર્યાં, પછી પગે ચાલીને જ્યાં ગુણશીલ ચૈત્ય હતું, જ્યાં સ્થવિર ભગવાન હતા ત્યાં પહોંચ્યો, પહોંચીને તેમને વંદના કરી, નમસ્કાર કર્યા. ત્યાર પછી સ્થવિર ભગવાને ધન્ય સાર્થવાહને ધર્મનો સુંદર ઉપદેશ આપ્યો. અર્થાત્ એવા ધર્મનો ઉપદેશ કે જે જૈન શાસન સિવાય બીજે સુલભ ન હોય.

ત્યાર પછી ધન્ય સાર્થવાહ ધર્મ–ઉપદેશ સાંભળીને યાવત્ બોલ્યો ' ભગવંત ! હું નિર્ગ્રંથ પ્રવચન ઉપર શ્રદ્ધા કરું છું...યાવત્ તે પ્રવ્રજિત થઈ ગયો...યાવત્ ઘણાં વર્ષ સુધી શ્રામણ્યપર્યાય પાળીને ભોજનનું પ્રત્યાખ્યાન કરીને એક માસની સંલેખના કરીને અનશનથી સાઠ ટંકનું ભોજન ત્યજીને, કાળ સમયે કાળ કરીને સૌધર્મ–દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થયો.

સૌધર્મ દેવલોકમાં કોઈ કોઈ દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહેલ છે. ધન્ય નામના દેવની પણ ચાર પલ્યોપમની સ્થિતિ કહેલ છે.

**ધન્યની મહાવિદેહમાં સિદ્ધિ—**

૧૦૪. તે ધન્ય નામનો દેવ આયુના દલિકોનો ક્ષય કરીને, આયુકર્મોની સ્થિતિનો ક્ષય કરીને તથા ભવ (દેવભાવના કારણ ગતિ આદિ કર્મો)નો ક્ષય કરીને તરત જ દેહનો ત્યાગ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં (મનુષ્ય થઈને) સિદ્ધિ પ્રાપ્ત કરશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.

**ધન્ય જ્ઞાતનું પુનઃ નિગમન—**

૧૦૫. શ્રી સુધર્મા સ્વામીએ જંબૂ સ્વામીને કહ્યું—"હે જંબૂ! જેમ ધન્ય સાર્થવાહે 'ધર્મ છે' એવું સમજીને યાવત્ વિજય ચોરને તે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમમાંથી સંવિભાગ કર્યો ન હતો, સિવાય કે શરીરની રક્ષા કરવા માટે. અર્થાત્ ધન્ય સાર્થવાહે કેવળ શરીરરક્ષાને માટે જ વિજયને પોતાના આહારમાંથી હિસ્સો આપ્યો હતો, ધર્મ યા ઉપકાર આદિ સમજીને નહોતો આપ્યો. આ પ્રમાણે હે જમ્બૂ ! આપણા જે સાધુ યા સાધ્વી યાવત્ પ્રવ્રજિત થઈને, સ્નાન, ઉપમર્દન, પુષ્પગંધ, માળા, અલંકાર આદિ શૃંગારનો ત્યાગ કરીને અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહાર કરે છે તેઓ ઔદારિક શરીના વર્ણ માટે, રૂપ માટે, યા વિષય સુખ માટે નથી કરતા. પણ જ્ઞાન–દર્શન–ચરિત્રનો વહન કરવા માટે કરે છે. સિવાય બીજું કોઈ તેનું પ્રયોજન નથી. તે સાધુઓ અને સાધ્વીઓ, શ્રાવકો તથા શ્રાવિકાઓ દ્વારા આ લોકમાં અર્ચનીય યાવત્ ઉપાસનીય હોય છે, પરલોકમાં પણ તેઓ હસ્ત-છેદન, કર્ણ-છેદન અને નાસિકા-છેદન તથા તેવી રીતે હૃદયના ઉત્પાટન તેમજ વૃષણો (અંડકોષ)નાં ઉત્પાટન અને ઉત્બંધન (ઊંચા બાંધીને લટકાવવું) આદિ કષ્ટોને પ્રાપ્ત નહીં કરે. તે અનાદિ અનંત દીર્ઘમાર્ગવાળા સંસારનો યાવત્ પાર કરશે—જેમ ધન્ય સાર્થવાહે કર્યો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૬. મયૂરી-અંડક જ્ઞાત

શ્રી જંબૂ સ્વામી શ્રી સુધર્માસ્વામીને પ્રશ્ન કરે છે કે–' હે ભગવન્ ! શ્રમણ ભગવાન મહાવીરે જ્ઞાતાધર્મકથાના બીજા અધ્યયનનો પૂર્વોક્ત અર્થ કહેલ છે, તો તૃતીય અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?'

**ચંપાનગરીમાં મયૂરી દ્વારા ઈંડાનું સેવન—**

૧૦૬. સુધર્માસ્વામી ઉત્તર આપે છે—' હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં ચંપા નામની નગરી હતી. વર્ણન. તે ચંપા-નગરીની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં (ઈશાનકોણમાં) સુભૂમિભાગ નામનું ઉદ્યાન હતું. તે ઉદ્યાન સર્વ ઋતુનાં ફળો અને ફૂલોથી યુક્ત હતું, રમણીય હતું, નંદનવનની સમાન શુભ યા સુખ આપનાર હતું તથા સુગંધયુક્ત અને શીતલ છાયાથી વ્યાપ્ત હતું.

તે સુભૂમિભાગ ઉદ્યાનની ઉત્તરમાં એક પ્રદેશમાં, એક માલુકાકચ્છ હતો અર્થાત્ માલુકા નામક વૃક્ષોનો વનખંડ હતો-વર્ણન. તે માલુકાકચ્છમાં એક શ્રેષ્ઠ મયૂરીએ પુષ્ટ, પ્રાપ્ત થયેલ પ્રસવકાલના અનુક્રમથી પ્રાપ્ત, ચોખાના પીંડ સમાન શ્વેત વર્ણવાળા, છિદ્ર રહિત, વાયુ આદિના ઉપદ્રવથી રહિત તથા પોલી મુઠ્ઠીની બરાબર માપના બે ઈંડાને જન્મ આપ્યો. જન્મ આપીને તે પોતાની પાંખોના વાયુથી તેમની રક્ષા કરતી, તેમની સાર સંભાળ લેતી અને પોષણ કરતી રહેતી હતી.

**ચંપામાં જિનદત્તપુત્ર અને સાગરદત્તપુત્ર નામે સાર્થવાહ પુત્રો-**

૧૦૭. તે ચંપા નગરીમાં બે સાર્થવાહ પુત્રો નિવાસ કરતા હતા, તેઓ જિનદત્ત અને સાગરદત્તના પુત્રો હતા. તે બંને સાથે જન્મેલા, સાથે મોટા થયેલા, સાથે ધૂળમાં રમેલા, સાથે જ તેમનાં લગ્ન થયેલાં. તે બંનેમાં પરસ્પર અનુરાગ હતો. તે બન્ને એક બીજાનું અનુસરણ કરતા હતા, એક બીજાની ઈચ્છા અનુસાર ચાલતા હતા. બંને એક બીજાના હૃદયને ઈચ્છિત કાર્ય કરતા રહેતા હતા.

ત્યાર પછી તે સાર્થવાહ પુત્રો કોઈ સમયે એકઠા થયા હતા, એક સાથે મળ્યા હતા અને એક સાથે બેઠા હતા તે સમયે તેઓને આપસમાં આ પ્રમાણે વાર્તાલાપ થયો—"હે દેવાનુપ્રિય ! જે કંઈ આપણને સુખદુઃખ, પ્રવ્રજ્યા અથવા વિદેશ-ગમનનો અવસર પ્રાપ્ત થાય તે બધાનો આપણે એક બીજાની સાથે જ નિર્વાહ કરવો જોઈએ. ' આ પ્રમાણે કહીને બંનેએ આપસમાં આ પ્રમાણેની પ્રતિજ્ઞા અંગીકાર કરી, પ્રતિજ્ઞા અંગીકાર કરીને પોત પોતાના કાર્યમાં લાગી ગયા.

**ચંપામાં દેવદત્તા ગણિકા—**

૧૦૮. તે ચંપાનગરીમાં દેવદત્તા નામની ગણિકા રહેતી હતી. તે ધનવાન, તેજસ્વિની અને પ્રખ્યાત હતી, વિપુલ ભવનો, શયનો, આસનો, વાહનો, અત્યંત સોના-ચાંદી આદિની માલિકણ અને મોટો વ્યવહાર ધરાવનાર હતી. તેનું રસોડું મોટું હતું. તે ચોસઠ કળાઓમાં પંડિતા હતી, ગણિકાના ૬૪ ગુણોથી યુક્ત હતી, ઓગણત્રીસ પ્રકારની વિશેષ ક્રીડાઓ કરનારી હતી, કામ-ક્રીડાના એકવીસ ગુણોથી યુક્ત હતી, પુરુષના બત્રીસ પ્રકારના ઉપચાર કરવામાં કુશળ હતી. તેનાં સૂતેલાં નવ અંગો (બે કાન, બે આંખ, બે નાસિકા, જિહ્વા, ત્વચા અને મન) જાગૃત બની ગયેલા હતા એવી અર્થાત્ યુવાવસ્થાને પ્રાપ્ત થયેલી હતી. તે અઢાર પ્રકારની દેશી ભાષાઓમાં નિપુણ હતી. તે એવો સુંદર વેષ ધારણ કરતી હતી જાણે મૂર્તિમંત શૃંગાર-રસ હોય. તે સુંદર ગતિ, ઉપહાસ, વચન, ચેષ્ટા, વિલાસ (આંખોની ચેષ્ટા) તેમજ સુંદર વાર્તાલાપ કરવામાં કુશળ હતી, યોગ્ય વ્યવહાર કરવામાં ચતુર હતી. તેના ઘર પર ધ્વજા ફરકતી હતી. એક હજાર મુદ્રા આપનારને તે પ્રાપ્ત થતી અર્થાત્ તેની સાથે એક દિવસ રહેવાની એક હજાર મુદ્રા આપવી પડતી. રાજા દ્વારા તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છત્ર, ચામર અને બાલવ્યજન (વિશેષ ચામર) આપવામાં આવેલ હતાં. તે કર્ણીરથ નામના વાહન પર આરૂઢ થઈને આવતી જતી હતી યાવત્ હજાર ગણિકાઓ પર આધિપત્ય કરતી થકી રહેતી હતી.

**સાર્થવાહપુત્રોની ગણિકા સાથે ઉદ્યાનક્રીડા—**

૧૦૯. ત્યાર પછી તે સાર્થવાહપુત્રો કોઈ સમયે મધ્યાહ્ન કાળમાં ભોજન કર્યા પછી આચમન કરીને હાથ પગ ધોઈને સ્વચ્છ અને પરમ પવિત્ર થઈને સુખદ આસન ઉપર બેઠા હતા તે સમયે તે બંનેને પરસ્પર આ પ્રમાણે વાત થઈ– હે દેવાનુપ્રિય ! આપણા માટે તે સારું થશે કે કાલે યાવત્ સૂર્યના દેદીપ્યમાન થવા પર વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તથા ધૂપ, પુષ્પ, ગંધ અને વસ્ત્ર સાથે લઈને દેવદત્તા ગણિકાની સાથે સુભૂમિભાગ નામના ઉદ્યાનમાં ઉદ્યાનની શોભાનો અનુભવ કરતા કરતા વિચરીએ.' આ પ્રમાણે કહીને બંનેએ એક બીજાની વાતનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને બીજા દિવસે સૂર્યોદય થવા પર કૌટુમ્બિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ ભોજનાદિ તૈયાર કરો. તૈયાર કરીને તે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ ભોજન તથા ધૂપ, પુષ્પ આદિને લઈને જ્યાં સુભૂમિભાગ નામનું ઉદ્યાન છે અને જ્યાં નંદા પુષ્કરિણી છે ત્યાં જાઓ, જઈને નંદા પુષ્કરિણીની બાજુમાં થૂણા મંડપ (વસ્ત્રથી આચ્છાદિત મંડપ) તૈયાર કરો. પાણી છાંટીને વાળીને લીપીને યાવત્ સુગંધી શ્રેષ્ઠ ધૂપ કરીને તે સ્થાનને સુગંધ-યુક્ત બનાવો. તે બધું કરીને અમારી રાહ જોતા રહો.' તે સાંભળીને કૌટુંબિક પુરુષો આદેશાનુસાર કાર્ય કરીને યાવત્ તેમની રાહ જોવા લાગ્યા.

૧૧૦. ત્યાર પછી તે સાર્થવાહ પુત્રોએ બીજીવાર (બીજા) કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને કહ્યું–'શીઘ્રતાથી સમાન ખરી, સમાન પૂંછડાવાળા એક સરખા ચિત્રિત, તીક્ષ્ણ શીંગડાવાળા, ઝાંઝની ઘંટડીવાળા, સુવર્ણજડિત સૂતરની દોરીની નાથથી બાંધેલા તથા નીલકમલની કલગીથી યુક્ત શ્રેષ્ઠ યુવાન બળદો જેમાં જોડેલા હોય, વિવિધ પ્રકારના મણિઓની રત્નોની અને સુવર્ણની ઘંટડીઓના સમૂહથી યુક્ત તથા શ્રેષ્ઠ લક્ષણોથી યુક્ત એવો રથ લઈ આવો.' તે કૌટુંબિક પુરુષો આદેશાનુસાર ત્યાં રથને ઉપસ્થિત કરે છે.

ત્યાર પછી તે સાર્થવાહપુત્રોએ સ્નાન કર્યું યાવત્ શરીરને વસ્ત્રાભરણોથી અલંકૃત કર્યાં અને તે રથ પર આરૂઢ થયા. રથ પર આરૂઢ થઈને જ્યાં દેવદત્તા ગણિકાનું ઘર છે ત્યાં આવ્યા. આવીને વાહનથી નીચે ઊતર્યા અને ઊતરીને દેવદત્તા ગણિકાના ઘરમાં પ્રવેશ કર્યો.

૧૧૧. તે સમયે દેવદત્તા ગણિકાએ સાર્થવાહપુત્રોને આવતા જોયા, જોઈને હૃષ્ટ-તુષ્ટ થઈને આસન ઉપરથી ઊઠી અને ઊઠીને સાત-આઠ પગલાં સામે ગઈ, સામે જઈને તેણે સાર્થવાહપુત્રોને આ પ્રમાણે કહ્યું–'દેવાનુપ્રિયો ! આજ્ઞા આપો. આપનું અહીં આવવાનું શું પ્રયોજન છે ?'

ત્યાર પછી સાર્થવાહપુત્રોએ દેવદત્તા ગણિકાને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિયે ! અમે તારી સાથે સુભૂમિભાગ નામના ઉદ્યાનની ઉદ્યાનશ્રીનો અનુભવ કરતાં કરતાં વિચરવા ઈચ્છીએ છીએ.'

ત્યાર પછી દેવદત્તાએ તે સાર્થવાહપુત્રોની એ વાતનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને સ્નાન કર્યું, મંગલકૃત્ય કર્યું. વધારે શું કહેવું ? યાવત્ લક્ષ્મી સમાન શ્રેષ્ઠવેશને ધારણ કર્યો અને જ્યાં સાર્થવાહ પુત્રો હતા ત્યાં આવી.

૧૧૨. ત્યાર પછી તે સાર્થવાહ પુત્રો દેવદત્તા ગણિકાની સાથે યાન ઉપર આરૂઢ થયા અને ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઈને જ્યાં સુભૂમિભાગ ઉદ્યાન હતું અને જ્યાં નંદાપુષ્કરિણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી ત્યાં પહોંચ્યા. પહોંચીને યાનમાંથી ઊતર્યા, ઊતરીને નંદાપુષ્કરિણીમાં અવગાહન કર્યું, અવગાહન કરીને જલ મજ્જન કર્યું, જલ-ક્રીડા કરી, સ્નાન કર્યું અને ફરી દેવદત્તાની સાથે બહાર નીકળ્યા. જ્યાં સ્થૂણામંડપ હતો ત્યાં આવ્યા, આવીને સ્થૂણામંડપમાં પ્રવેશ કર્યો, બધા અલંકારોથી વિભૂષિત થયા, સ્વસ્થ થયા, વિશ્વસ્ત (વિશ્રાન્ત) થયા, શ્રેષ્ઠ આસન ઉપર બેઠા. દેવદત્તા ગણિકાની સાથે તે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ પદાર્થોનું આસ્વાદન કરતા તથા ધૂપ, પુષ્પ, ગંધ અને વસ્ત્રોનો ઉપભોગ કરતા કરતા, વિશેષ રૂપથી આસ્વાદન કરતા કરતા, ભોગવતા ભોગવતા વિચરવા લાગ્યા. ભોજન પછી દેવદત્તા સાથે મનુષ્ય સંબંધી વિપુલ કામ ભોગ ભોગવતા વિચરવા લાગ્યા.

ત્યાર પછી તે સાર્થવાહપુત્રો દિવસના પાછળના પ્રહરમાં દેવદત્તા ગણિકાની સાથે સ્થૂણામંડપની બહાર નીકળ્યા. બહાર નીકળીને હાથમાં હાથ મીલાવીને સુભૂમિભાગ ઉદ્યાનમાં બનાવેલા આલિવૃક્ષોનાં ગૃહોમાં, કદલી ગૃહોમાં, લતા ગૃહોમાં, આસન ગૃહોમાં, પ્રેક્ષણ, મંડપ ગૃહોમાં, મૈથુન ગૃહોમાં, શાલ વૃક્ષોનાં ગૃહોમાં જાળીવાલા ગૃહોમાં, પુષ્પગૃહોમાં ઉદ્યાનની શોભાનો અનુભવ કરતા કરતા વિચરવા લાગ્યા.

**સાર્થવાહપુત્રો દ્વારા મયૂરીના ઈંડાં લેવાં—**

૧૧૩. ત્યાર પછી તે સાર્થવાહપુત્રો જ્યાં માલુકાકચ્છ હતો ત્યાં જવાને માટે પ્રવૃત્ત થયા. ત્યારે તે વનમયૂરીએ સાર્થવાહ-પુત્રોને આવતા જોયા. જોઈને તે ડરી ગઈ અને ગભરાઈ ગઈ. તે જોર જોરથી અવાજ કરીને કેકારવ કરતી કરતી માલુકાકચ્છમાંથી બહાર નીકળી, નીકળીને એક વૃક્ષની ડાળી પર સ્થિર થઈને તે સાર્થવાહ-પુત્રોને તથા માલુકાકચ્છને અનિમેષ દૃષ્ટિથી જોવા લાગી.

ત્યાર પછી તે સાર્થવાહ પુત્રોએ આપસમાં એકબીજાને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય! આ વનમયૂરી આપણને આવતા જોઈને ભયભીત થઈ, સ્તબ્ધ થઈ ગઈ, ત્રાસને પ્રાપ્ત થઈ, ઉદ્વિગ્ન થઈ, ભાગી ગઈ અને જોર જોરથી અવાજ કરીને યાવત્ આપણ-ને અને માલુકાકચ્છને વારંવાર જોતી જોતી ઝાડની ડાળી પર બેઠી છે એનું કંઈ કારણ હોવું જોઈએ.' આમ કહીને તે માલુકાકચ્છની અંદર ગયા. જઈને તેઓએ ત્યાં બે પુષ્ટ અને અનુક્રમથી વૃદ્ધિપ્રાપ્ત મયૂરીનાં ઈંડા જોયાં યાવત્ જોઈને એકબીજાને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! આ વનમયૂરીના ઈંડાંને આપણી ઉત્તમ જાતિની મરઘીના ઈંડાંમાં મૂકી દેવા તે આપણા માટે સારું રહેશે. આમ કરવાથી આપની ઉત્તમ મરઘીઓ તે ઈંડાંઓને પોતાનાં ઈંડાંઓની સાથે જ પોતાની પાંખોથી હવાથી રક્ષણ કરતી અને સંભાળતી રહેશે. આમ આપણે માટે રમવાના સાધન જેવા બે મોરના બચ્ચાં તૈયાર થઈ જશે.' આમ વિચારીને તેઓએ એકબીજાની વાત સ્વીકારી, સ્વીકાર કરીને પોતપોતાના દાસ-પુત્રોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! તમે જાઓ, આ ઈંડાઓને લઈને આપણી ઉત્તમ જાતિની મરઘીઓનાં ઈંડામાં રાખી દો...યાવત્ તે દાસપુત્રોએ તે બંને ઈંડાને મરઘીનાં ઈંડાની સાથે રાખી દીધાં.

૧૧૪. ત્યાર પછી તે સાર્થવાહપુત્રો દેવદત્તા ગણિકાની સાથે સુભૂમિભાગ ઉદ્યાનમાં ઉદ્યાનની શોભાનો અનુભવ કરતા કરતા વિચરણ કરીને તે યાનપર આરુઢ થઈને જ્યાં ચંપાનગરી છે અને જ્યાં દેવદત્તા ગણિકાનું ઘર છે ત્યાં આવ્યા, આવીને દેવદત્તા ગણિકાના ઘરમાં પ્રવેશ કર્યો. પ્રવેશીને દેવદત્તા ગણિકાને વિપુલ જીવિકાને યોગ્ય પ્રીતિદાન આપ્યું. પ્રીતિદાન આપીને તેનો સત્કાર કર્યો, સત્કાર કરીને સન્માન કર્યું, સન્માન કરીને બંને દેવદત્તાના ઘરથી બહાર નીકળ્યા. નીકળીને જ્યાં પોતપોતાના ઘર હતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં આવ્યા, આવીને તે પોત પોતાના કાર્યમાં સંલગ્ન થઈ ગયા.

**સંદેહગ્રસ્ત સાગરપુત્ર દ્વારા ઈંડાનો વિનાશ અને ઉપનય—**

૧૧૫. ત્યાર પછી તેમાં જે સાગરદત્તનો પુત્ર સાર્થવાહપુત્ર હતો, તે બીજા દિવસે સૂર્યના દેદીપ્યમાન થવાપર જ્યાં વનમયૂરીના ઈંડા હતાં ત્યાં આવ્યો, આવીને તે મયૂરીના ઈંડામાં શંકિત થયો અર્થાત્ વિચારવા લાગ્યો કે આ ઈંડું નીપજશે કે નહિ? તેનાં ફળની આકાંક્ષા કરવા લાગ્યો કે ક્યારે ઇચ્છિત ફળની પ્રાપ્તિ થશે? વિચિકિત્સાને પ્રાપ્ત થયો અર્થાત્ મયૂરીનું બચ્ચું થવા છતાં પણ રમકડારૂપ બનશે યા નહિ? આ પ્રમાણે સંદેહ કરવા લાગ્યો. ભેદને પ્રાપ્ત થયો અર્થાત્ વિચારવા લાગ્યો કે આ ઈંડામાં બચ્ચું છે કે નહિ? કલુષિતતાને અર્થાત્ બુદ્ધિની મલિનતાને પ્રાપ્ત થયો એટલે કે તે વિચાર કરવા લાગ્યો કે મારા આ ઈંડામાંથી ક્રીડા કરવા માટેનું મયૂરીનું બચ્ચું ઉત્પન્ન થશે કે નહિં થાય?'

આ પ્રમાણે વિચાર કરીને તે વારંવાર તે ઈંડાને ઉદ્વર્તન કરવા લાગ્યો અર્થાત્ નીચેનો ભાગ ઉપર કરીને ફેરવવા લાગ્યો, ઘુમાવવા લાગ્યો, આસારણા કરવા લાગ્યો અર્થાત્ એક જગ્યાથી બીજી જગ્યાએ રાખવા લાગ્યો, સંસારણા કરવા લાગ્યો અર્થાત્ વારંવાર સ્થાનાન્તરિત કરવા લાગ્યો, હલાવવા લાગ્યો, હાથથી સ્પર્શ કરવા લાગ્યો, ભૂમિને કંઈક ખોદીને તેમાં રાખવા લાગ્યો અને વારંવાર તેને કાન પાસે લઈને વગાડવા લાગ્યો. ત્યાર પછી તે મયૂરીનું ઈંડું વારંવાર ઉદ્વર્તન કરવાથી યાવત્ વગાડવાથી પોચું થઈ ગયું.

૧૧૬. ત્યાર પછી સાગરદત્તનો પુત્ર સાર્થવાહ પુત્ર કોઈ એક સમયે જ્યાં મયૂરીનું ઈંડું હતું ત્યાં આવ્યો, આવીને તે મયૂરી ઈંડાને તેણે પોચું જોયું, જોઈને–'ઓહ! આ મયૂરીનું ઈંડું મને ક્રીડા કરવાને માટે યોગ્ય બચ્ચારૂપ ન થયું!' એમ વિચાર કરીને ખિન્ન ચિત્ત થઈને હથેળીમાં મોઢું મૂકીને ચિંતા કરવા લાગ્યો.

૧૧૭. હે આયુષ્યમાન્ શ્રમણો! આ પ્રમાણે આપણા જે સાધુ અથવા સાધ્વી આચાર્ય યા ઉપાધ્યાયની પાસે દીક્ષા ગ્રહણ કરીને પાંચ મહાવ્રતોના વિષયમાં યાવત્ છ જીવનિકાયના વિષયમાં અથવા નિર્ગ્રન્થપ્રવચનના વિષયમાં શંકા કરે છે યાવત્ કલુષિતતાને પ્રાપ્ત થાય છે તે તે જ ભવમાં ઘણાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ દ્વારા નિંદાનું પાત્ર, ગચ્છથી પૃથક કરવા યોગ્ય, મનથી નિંદા કરવા યોગ્ય, લોક–નિન્દનીય, ગર્હા કરવા યોગ્ય અને અનાદરને યોગ્ય થાય છે. પરભવમાં પણ બહુ દંડ મેળવે છે, યાવત્ અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

**શ્રદ્ધાયુક્ત જિનદત્તપુત્રને મયૂરની પ્રાપ્તિ અને ઉપનય—**

૧૧૮. ત્યાર પછી તે જિનદત્તનો પુત્ર જ્યાં મયૂરીનું ઈંડું છે ત્યાં આવ્યો, આવીને તે મયૂરીના ઈંડાના વિષયમાં નિઃશંક રહ્યો—'મારા આ ઈંડામાંથી ક્રીડા કરવાને માટે મોટું ગોળાકાર મયૂરી બાળક થશે.' આ પ્રમાણે નિશ્ચય કરીને તે મયૂરીના ઈંડાને તેણે વારંવાર ઉલટાવ્યું–પલટાવ્યું નહિં યાવત્ વગાડયું નહિં. આ પ્રમાણે ઉલટ–સુલટ ન કરવાથી અને ન વગાડવાથી તે યોગ્ય કાળ અને યોગ્ય સમયમાં અર્થાત્ સમયનો પરિપાક થવાપર તે ઈંડું ફુટયું અને મયૂરીના બચ્ચાનો જન્મ થયો.

ત્યાર પછી તે જિનદત્તના પુત્રે તે મયૂરીના બચ્ચાંને જોયું, જોઈને હૃષ્ટ–તુષ્ટ થઈને મયૂરી પોષકને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું— "દેવાનુપ્રિયો! તમે મયૂરના આ બચ્ચાને મયૂરને પોષણ દેવા યોગ્ય અનેક પદાર્થોથી, અનુક્રમથી સંરક્ષણ કરતા કરતા અને સંગોપન કરતા કરતા મોટું કરો અને નૃત્યકળા શીખવાડો."

ત્યારે તે મયૂરપોષકોએ જિનદત્તપુત્રની તે વાત સ્વીકારી, તે મયૂર–બાળકને ગ્રહણ કર્યું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રહણ કરીને જ્યાં પોતાનું ઘર હતું ત્યાં લઈ આવ્યા, આવીને તે મયૂરના બચ્ચાને યાવત્ નૃત્યકળા શીખવાડવા લાગ્યા.

ત્યાર પછી મયૂરીનું તે બચ્ચું બચપણથી મુક્ત થયું, તેનામાં વિજ્ઞાનનું પરિણમન થયું, તે યુવાવસ્થાને પ્રાપ્ત થયું. પહોળાઈરૂપ માન, સ્થૂલતા રૂપ ઉન્માન અને લંબાઈ રૂપ પ્રમાણથી તેની પાંખ અને પીછાંઓનો સમૂહ પરિપૂર્ણ થયો. તેના પીંછા રંગબેરંગી થયાં. તેમાં સેંકડો ચન્દ્રકો હતાં. તે નીલકંઠવાળું અને નૃત્ય કરવાના સ્વભાવવાળું થયું. એક ચપટી વગાડતાં જ તે અનેક પ્રકારના સેંકડો કેકારવ કરતું કરતું નૃત્ય કરવા લાગતું.

ત્યાર પછી તે મયૂરપાલકોએ તે મયૂરના બચ્ચાને બચપણથી મુક્ત યાવત્ કેકારવ કરતું જોઈને તેને ગ્રહણ કર્યું, ગ્રહણ કરીને જિનદત્તના પુત્રની પાસે લઈ આવ્યા.

૧૧૯. ત્યારે જિનદત્તના પુત્ર સાર્થવાહદારકે મયૂર બાળકને બચપણથી મુક્ત યાવત્ કેકારવ કરતું જોઈને હૃષ્ટ–તુષ્ટ થઈને તેમને જીવિકાને યોગ્ય વિપુલ પ્રીતિદાન આપ્યું યાવત્ વિદાય કર્યા.

તત્પશ્ચાત્ તે મયૂરબાલક જિનદત્તના પુત્ર દ્વારા એક ચપટી વગાડાતાં ગ્રીવાભંગ કરતો અર્થાત્ સિંહ આદિ પોતાની પૂંછને વાંકી કરે છે તેવી જ રીતે પોતાની ગરદન વાંકી કરતો હતો, તેની આંખોના ખૂણા શ્વેત વર્ણના થઈ જતાં, તે ફેલાયેલાં પીંછાવાળી બંને પાંખોને શરીરથી અલગ કરતો હતો અર્થાત્ ફેલાવી દેતો હતો. તે ચંદ્રક આદિથી યુક્ત પીંછાના સમૂહને ઊંચા કરી લેતો હતો અને સેંકડો કેકારવ કરતો કરતો નૃત્ય કરતો હતો.

૧૨૦. ત્યાર પછી તે જિનદત્તનો પુત્ર તે મયૂર બાલક દ્વારા ચંપાનગરીના શૃંગાટક આદિ માર્ગોમાં સેંકડો હજારો અને લાખોની હરીફાઈમાં વિજય પ્રાપ્ત કરતો વિચરવા લાગ્યો.

૧૨૧. હે આયુષ્યમાન્ શ્રમણો! આ પ્રમાણે આપણામાંના જે સાધુ–સાધ્વીઓ દીક્ષિત થઈને પાંચ મહાવ્રતોમાં, છ જીવનિકાયમાં તથા નિર્ગ્રન્થ પ્રવચનમાં શંકાથી રહિત, કાંક્ષાથી રહિત, તથા વિચિકિત્સાથી રહિત થાય છે તે આજ ભવમાં ઘણા શ્રમણો અને શ્રમણીઓમાં માન–સન્માન પ્રાપ્ત કરીને યાવત્ સંસાર રૂપ અટવીને પાર કરે છે.

હે જમ્બૂ! આ પ્રમાણે શ્રમણ ભગવાન્ મહાવીરે જ્ઞાતાના તૃતીય અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

## ૭. કૂર્મ જ્ઞાત

**વારાણસીમાં મૃતગંગા દ્રહ સમીપ માલુકા કચ્છતીરે પાપી શિયાળો—**

૧૨૨. તે કાળ અને તે સમયે વારાણસી નામની નગરી હતી. તે સુંદર અને વર્ણનીય હતી. **વર્ણન.** તે વારાણસી નગરીની બહાર ઉત્તર–પૂર્વ દિશામાં અર્થાત્ ઈશાન ખૂણામાં ગંગા નામની મહા નદીમાં મૃતગંગાતીર હ્રદ નામનો એક હ્રદ (ધરો) હતો. તેનો અનુક્રમથી સુન્દર સુશોભિત તટ હતો. તેનું પાણી ઊંડું અને શીતળ હતું. તે હ્રદ સ્વચ્છ અને નિર્મળ જળથી પરિપૂર્ણ હતો. કમલિનીઓના પાંદડાં અને ફૂલોની પાંખડીઓથી આચ્છાદિત હતો. ઘણાં ઉત્પલો, (નીલ કમલો), પદ્મો (રક્ત કમલો), કુમુદો (ચંદ્ર વિકાસી કમલો) નલિનો તથા સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર આદિ કમલોથી તથા કેશર પ્રધાન અન્ય પુષ્પોથી સમૃદ્ધ હતો. તેથી તે આનંદ જનક, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતો.

તે હ્રદમાં સેંકડો, સહસ્રો અને લાખો મચ્છ, કચ્છ, ગ્રાહ, મગર અને સુંસુમાર જાતિના જલચરજીવોના સમૂહ ભયથી રહિત, ઉદ્વેગથી રહીત સુખ પૂર્વક રમતાં રમતાં વિચરણ કરતા હતા.

૧૨૩. તે મૃતગંગાતીર હ્રદની સમીપે એક મોટો માલુકા કચ્છ હતો. વર્ણન. તે માલુકાકચ્છમાં બે પાપી શિયાળો નિવાસ કરતા હતા. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાપી, ચંડ (ક્રોધી), રૌદ્ર (ભયંકર), ઈષ્ટ વસ્તુને પ્રાપ્ત કરવામાં દત્તચિત્ત અને સાહસિક હતા. તેમના હાથ અર્થાત્ આગળના પગો રક્તરંજિત હતા. તે માંસના અર્થી, માંસાહારી, માંસ-પ્રિય તેમ જ માંસલોલુપ હતા. માંસની શોધ કરતાં રાત્રિ અને સંધ્યા સમયે ફરતા હતા અને દિવસમાં છૂપાઈ રહેતા હતા.

**મૃતગંગાતીરના કૂર્મ—**

૧૨૪. ત્યાર પછી મૃતગંગાતીર નામક હ્રદમાંથી કોઈ વખત સૂર્યના ઘણા સમય પહેલાં અસ્ત થવા પર, સંધ્યાકાળ વ્યતીત થવા પર, જ્યારે કોઈક જ વિરલ મનુષ્ય ચાલતા હતા અને બધા મનુષ્યો પોતપોતાના ઘરમાં વિશ્રામ કરતા હતા, અને બધા લોકોની અવર જવર બંધ થઈ ગઈ હતી ત્યારે આહારના અભિલાષી બે કાચબા નીકળ્યા. તે મૃગગંગાતીર હ્રદની આસ-પાસ ચારે તરફ ફરતા પોતાની આજીવિકાની શોધ કરતા અર્થાત્ ખોરાકની શોધ કરતા વિચરવા લાગ્યા.

**પાપી શિયાળોની આહાર માટે શોધ—**

૧૧૫. ત્યાર પછી આહારના અર્થી યાવત્ આહારની ગવેષણા કરતા પેલા બંને પાપી શૃગાલો પણ માલુકાકચ્છથી બહાર નીકળ્યા, નીકળીને જ્યાં મૃતગંગા નામનો હ્રદ હતો ત્યાં આવ્યા. આવીને તે મૃગગંગાતીર હ્રદની પાસે આમ-તેમ ચારે તરફ ફરવા લાગ્યા અને આજીવિકાની અર્થાત્ ખોરાકની શોધ કરતા વિચરવા લાગ્યા.

ત્યાર પછી તે પાપી શૃગાલોએ તે બંને કાચબાને જોયા, જોઈને જ્યાં બંને કાચબા હતા, ત્યાં આવવા માટે પ્રવૃત્ત થયાં.

**શિયાળોને જોઈને કાચબાઓ દ્વારા કાયાસંહરણ—**

૧૨૬. ત્યાર પછી તે કાચબાઓએ તે બંને પાપી શિયાળોને આવતા જોયા, જોઈને તેઓ ડર્યા, ત્રાસને પ્રાપ્ત થયા, ભાગવા લાગ્યા, ઉદ્વેગને પ્રાપ્ત થયા અને બહુ જ ભયભીત થયા. તેઓએ પોતાના હાથ પગ અને ગ્રીવાને પોતાના શરીરમાં ગોપિત કરી દીધા, છૂપાવી દીધાં. ગોપન કરીને નિશ્ચલ, નિસ્પંદ અને મૌન તથા સ્થિર બની ગયા.

ત્યાર પછી તે બંને પાપી શિયાળો જ્યાં કાચબા હતા ત્યાં આવ્યા, આવીને તે બંને કાચબાઓને ચારે તરફથી હલાવવા લાગ્યા, સ્થાનાન્તરિક કરવા લાગ્યા, સરકાવવા લાગ્યા, હટાવવા લાગ્યા, ચલાવવા લાગ્યા, સ્પર્શ કરવા લાગ્યા, ખસેડવા લાગ્યા, ક્ષુબ્ધ કરવા લાગ્યા, નખોથી ફાડવા લાગ્યા અને દાંતોથી ચીરવા લાગ્યા. પરંતુ તે કાચબાઓના શરીરને થોડી બાધા કે વધારે બાધા ઉત્પન્ન કરવામાં અથવા તેમની ચામડી છેદવામાં સમર્થ ન થયા.

ત્યાર પછી તે પાપી શિયાળોએ તે કાચબા-ઓને બીજીવાર, ત્રીજીવાર પણ ચારે તરફથી ફેરવ્યા, પરંતુ યાવત્ તેઓની ચામડી છેદવા અસમર્થ રહ્યા, ત્યારે તેઓ થાકી ગયા, ખેદને પ્રાપ્ત થયા, ધીમે ધીમે પાછા ફરવા લાગ્યા, એકાંતમાં ચાલ્યા ગયા અને નિશ્ચલ, નિસ્પંદ તથા મૌન થઈને ઊભા રહ્યા.

**શિયાળો દ્વારા અગુપ્ત કૂર્મનો ઘાત—**

તે બંને કાચબામાંથી એક કાચબાએ પેલા પાપી શિયાળોને ઘણા સમય પહેલાં દૂર ગયેલા જાણી પોતાનો એક પગ ધીમે-ધીમે બહાર કાઢ્યો.

ત્યાર પછી પેલા શિયાળોએ જોયું કે કાચબાએ ધીમે ધીમે એક પગ બહાર કાઢેલ છે. તે જોઈને તે બંને ઉત્કૃષ્ટ ગતિથી, શીઘ્ર ચપળ, ત્વરિત, ચંડ ગતિ અને વેગથી જ્યાં તે કાચબા હતા ત્યાં આવ્યા, આવીને તેઓએ કાચબાનો બહાર રાખેલ પગ નખોથી કાપી નાખ્યો અને દાંતોથી તોડ્યો. ત્યાર પછી તેના માંસ અને રક્તનો આહાર કર્યો. આહાર કરીને તેઓ કાચબાને ઉલટ-પલટ કરીને જોવા લાગ્યા, પરંતુ યાવત્ તેની ચામડી ઉતારવામાં સમર્થ ન થયા. ત્યારે તેઓ બીજીવાર દૂર ચાલ્યા ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે ક્રમથી તેઓ તે કાચબાના ચારે પગ ખાઈ ગયા.

૧૨૮. ત્યાર બાદ તે પાપી શિયાળોને ફરી દૂર ગયેલા જાણી તે કાચબાએ ગ્રીવા બહાર કાઢી. તે પાપી શ્રૃગાલોએ જોયું કે કાચબાએ ગ્રીવા બહાર કાઢી છે. તે જોઈને તેઓ શીઘ્રતાથી તેની પાસે આવ્યા. તેઓએ નખોથી તે ગ્રીવા ફાડી નાખી અને દાંતોથી તોડવા લાગ્યા. અને તેના ગાલને અલગ કરી દીધાં. અલગ કરીને કાચબાને જીવનરહિત કરી દીધો, જીવનરહિત કરીને તેના માંસ અને રુધિરનો આહાર કર્યો.

**અગુપ્ત કૂર્મ વિષયક ઉપનય—**

૧૨૯. આ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણો! આપણા જે નિર્ગ્રન્થ અથવા નિર્ગ્રન્થીઓ આચાર્ય યા ઉપાધ્યાયની સમીપે દીક્ષિત થઈને પાંચે ઈન્દ્રિયોનું ગોપન કરતાં નથી, તે તે જ ભવમાં ઘણા સાધુ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ દ્વારા હીલના કરવા યોગ્ય થાય છે અને પરલોકમાં પણ ઘણો દંડ પામે છે. યાવત્ અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે, જેમ પોતાની ઈન્દ્રિયોનું ગોપન ન કરનાર કાચબો મૃત્યુને પ્રાપ્ત થયો.

**ગુપ્ત કૂર્મને સુખ—**

૧૩૦. ત્યાર પછી તે બંને પાપી શિયાળો જ્યાં બીજો કાચબો હતો ત્યાં આવે છે, આવીને તે કાચબાને ચારે તરફથી, બધી દિશાઓથી ઉલટપલટ કરીને જોવા લાગ્યા, યાવત્ દાંતોથી તોડવા લાગ્યાં, પરંતુ યાવત્ તેની ચામડીને છેદવામાં સમર્થ ન થયા.

ત્યાર પછી તે શિયાળો બીજી વાર અને ત્રીજી વાર દૂર ચાલ્યા ગયા પરંતુ કાચબાને જરા પણ આબાધા યા વિબાધા અર્થાત્ થોડી કે ઘણી પીડા કરી ન શક્યા—યાવત્ તેની ચામડી છેદવામાં પણ સમર્થ ન થયાં.

ત્યાર પછી તે શિયાળો બીજી વાર અને ત્રીજી વાર દૂર ચાલ્યા ગયા પરંતુ કાચબાએ પોતાના અંગોને બહાર ન કાઢયાં. તેથી તેઓ તે કાચબાને જરા પણ આબાધા યા વિબાધા અર્થાત્ થોડી યા ઘણી પીડા કરી ન શક્યા—યાવત્ તેની ચામડી છેદવામાં પણ સમર્થ ન થયા ત્યારે શ્રાન્ત, કલાન્ત અને પરિતાન્ત થઈને તથા ખિન્ન થઈને જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં ચાલ્યા ગયા.

ત્યાર પછી તે કાચબાએ તે પાપી શિયાળોને લાંબા સમયથી ગયેલા અને દૂર ગયેલા જાણીને ધીમે ધીમે ગ્રીના બહાર કાઢી, પોતાની ગ્રીવા બહાર કાઢીને ચારે દિશામાં અવલોકન કર્યું. અવલોકન કરીને એક સાથે ચારે પગો બહાર કાઢ્યા અને ઉત્કૃષ્ટ કૂર્મગતિથી અર્થાત્ કાચબાને યોગ્ય વધારેમાં વધારે તેજ ગતિથી દોડતાં જ્યાં મૃતગંગાતીર નામનો હ્રદ છે, ત્યાં આવીને મિત્ર, જ્ઞાતિ, પોતાનાં સ્વજન-સંબંધી અને પરિજનોની સાથે ભળી ગયો.

**ગુપ્ત કૂર્મ સંબંધી ઉપનય—**

૧૩૧. હે આયુષ્મન્ શ્રમણો! આપણાં જે શ્રમણો યા શ્રમણીઓ પાંચે ઈન્દ્રિયોનું ગોપન કરે છે, જેમ કાચબાએ પોતાની ઈન્દ્રિયોને ગુપ્ત રાખી હતી, તે આ સંસારથી તરી જાય છે.

અધ્યયનનો ઉપસંહાર કરતા શ્રી સુધર્મા-સ્વામી કહે છે—હે જમ્બુ! શ્રમણ ભગવાન્ મહાવીરે ચોથા જ્ઞાતા અધ્યયનનો આ અર્થ કહેલ છે. જેમ ભગવાન્ પાસેથી સાંભળેલ છે તેમ હું કહું છું.

## ૮. રોહિણી જ્ઞાત અધ્યયન

**રાજગૃહમાં ધન્ય સાર્થવાહ—**

૧૩૨. તે કાળે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. તે રાજગૃહ નગરમાં શ્રેણિક નામનો રાજા હતો. તે રાજગૃહ નગરની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં (ઈશાન ખૂણામાં) સુભૂમિભાગ નામે ઉદ્યાન હતું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે રાજગૃહ નગરમાં ધન્ય નામનો સાર્થવાહ નિવાસ કરતો હતો. તે સમૃદ્ધિશાળી હતો અને કોઈથી પરાભૂત થનાર ન હતો. તે સાર્થવાહની ભદ્રા નામની ભાર્યા હતી, તેની પાંચે ઇન્દ્રિયો અને અવયવો પરિપૂર્ણ હતા-યાવત્ તે સુંદર રૂપવાળી હતી.

તે ધન્ય સાર્થવાહના પુત્ર અને ભદ્રા ભાર્યાના આત્મજ ચાર સાર્થવાહ પુત્ર હતા. તે આ પ્રમાણે-ધનપાલ, ધનદેવ, ધનગોપ, અને ધનરક્ષિત.

તે ધન્ય સાર્થવાહના ચાર પુત્રોની ચાર ભાર્યાઓ હતી તે આ પ્રમાણે-ઉજ્ઝિકા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી.

**ધન્ય સાર્થવાહ દ્વારા ચારે પુત્રવધૂઓની પરીક્ષા—**

૧૩૩. ત્યાર પછી ધન્ય સાર્થવાહને કોઈ સમયે મધ્યરાત્રિના સમયે આ પ્રમાણે અધ્યવસાય ઉત્પન્ન થયો-'આ પ્રમાણે નિશ્ચયથી હું રાજગૃહ નગરમાં રાજા, ઈશ્વર યાવત્ તલવર આદિના અને મારા કુટુમ્બનાં અનેક કાર્યોમાં, કરણીઓમાં, કુટુંબોમાં, મંત્રણાઓમાં, ગુપ્તવાતોમાં, રહસ્યમય વાતોમાં, નિશ્ચય કરવામાં, વ્યવહારમાં પૂછવા યોગ્ય, વારંવાર પૂછવા યોગ્ય, મોભ સમાન, પ્રમાણભૂત, આધાર, આલમ્બન, ચક્ષુ સમાન પથદર્શક, મોવડી સમાન અને બધાં કાર્યોની પ્રવૃત્તિ કરાવનાર છું. અર્થાત્ રાજા આદિ બધી જ્ઞાતિઓના લોકો દરેક પ્રકારનાં કાર્યોમાં મારી સલાહ લે છે, હું બધાનો વિશ્વાસપાત્ર છું. પરંતુ ન જાણે મારા ક્યાંય બીજે જવા પર, કોઈ અનાચારના કારણે મારા સ્થાનથી ચ્યુત થવા પર, મૃત્યુ થતાં, ભગ્ન થઈ જવા પર અર્થાત્ વાયુ આદિના કારણે લૂલા-લંગડા કુબડા થઈને અસમર્થ થઈ જવા પર, રુગ્ણ થઈ જવા પર-કોઈ રોગ વિશેષથી વિશીર્ણ થઈ જવા પર, પ્રાસાદ આદિ પડી જવા પર તથા બીમારીથી પથારીવશ થવા પર, પરદેશમાં જવા પર તથા ઘરથી નીકળીને વિદેશ જવા માટે પ્રવૃત્ત થવા પર, મારા કુટુંબને માટે પૃથ્વીની જેમ આધારરૂપ રસ્સીના સમાન અવલમ્બનરૂપ તથા બધામાં એકતા રાખનાર કોણ થશે ?

તેથી મારા માટે તે ઉચિત હશે કે કાલે યાવત્ સૂર્યોદય થતાં વેંત વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આ ચારે પ્રકારનો આહાર તૈયાર કરાવીને મિત્રો, જ્ઞાતિજનો સ્વજન સંબંધીઓ આદિને તથા ચાર વધૂઓના કુલગૃહના-પિયરના સમુદાયને આમંત્રિત કરીને અને તે મિત્રો, જ્ઞાતિજનો સ્વજનો આદિ તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહ વર્ગનો અશન, પાન, ખાદિમ અને સ્વાદિમથી તથા ધૂપ, પુષ્પ, વસ્ત્ર તેમ જ ગંધ આદિથી સત્કાર કરીને, સન્માન કરીને તે મિત્રો, જ્ઞાતિજનો આદિની સમક્ષ તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહ વર્ગની સમક્ષ પુત્રવધૂઓની પરીક્ષા કરવાને માટે પાંચ પાંચ શાલિ અક્ષત (ચોખાના આખા દાણા) આપું. તેથી જાણી શકાય કે કઈ પુત્રવધૂ કેવા પ્રકારે તેની રક્ષા કરે છે, સાર સંભાળ રાખે છે અથવા વધારે છે.''

ધન્ય સાર્થવાહે આ પ્રમાણે વિચાર કરીને બીજા દિવસે મિત્ર, જ્ઞાતિજનો આદિને તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહવર્ગને આમંત્રિત કરીને વિપુલ અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય તૈયાર કરાવ્યાં.

ત્યાર પછી ધન્ય સાર્થવાહે સ્નાન કર્યું અને ભોજન મંડપમાં ઉત્તમ સુખાસન ઉપર બેઠો. પછી મિત્ર, જ્ઞાતિજનો આદિની તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહવર્ગની સાથે તે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આદિનું ભોજન કરીને યાવત્ તે દરેકનો સત્કાર કર્યો, સન્માન કર્યું, સત્કાર-સન્માન કરીને મિત્રો, જ્ઞાતિજનો આદિની તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહ વર્ગની સામે પાંચ ચોખાના દાણા લીધા, લઈને મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાને બોલાવી, બોલાવીને આ પ્રમાણે કહ્યું-'હે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુત્રી ! તું મારા હાથથી આ પાંચ ચોખાના દાણા લે. તેને લઈને અનુક્રમથી તેમનું સંરક્ષણ અને સંગોપન કરતી રહે. હે પુત્રી ! જ્યારે હું તારી પાસે તે પાંચ ચોખાના દાણા માંગુ ત્યારે તું આ પાંચ ચોખાના દાણા મને પાછા આપજે.' આ પ્રમાણે કહીને પુત્રવધૂના હાથમાં દાણા આપ્યા. આપીને તેને વિદાય કરી.

**ઉજ્ઝિકા દ્વારા ચોખાનું ઉજ્ઝણ (ફેંકી દેવાનું)—**

૧૩૪. ત્યાર પછી તે ઉજ્ઝિકાએ ધન્ય સાર્થવાહના આ અર્થ-આદેશને 'તહત્તિ-બહુ સારુ". આ પ્રમાણે કહીને અંગીકાર કર્યો. અંગીકાર કરીને ધન્ય સાર્થવાહના હાથથી પાંચ શાલિઅક્ષત (ચોખાના દાણા) ગ્રહણ કર્યા. ગ્રહણ કરીને એકાંતમાં ગઈ. ત્યાં જતાં તેને આ પ્રમાણે વિચાર ઉત્પન્ન થયો—'આ પ્રકારે નિશ્ચયથી પિતાજી (શ્વસુર)ના કોઠારમાં શાલિથી ભરેલાં ઘણાં પલ્ય વિદ્યમાન છે. તેથી જ્યારે પિતાજી મારી પાસેથી પાંચ શાલિઅક્ષત માંગશે ત્યારે હું કોઈ પણ પલ્યમાંથી બીજા શાલિ-અક્ષત લઈને આપી દઈશ.' તેણે એવો વિચાર કર્યો. આ પ્રમાણે વિચાર કરીને તેણે તે પાંચ દાણા એકાંતમાં ફેંકી દીધા અને ફેંકીને પોતાના કામમાં લાગી ગઈ.

**ભોગવતી દ્વારા ચોખાનો ભોગ (ખાઈ જવું)—**

૧૩૫. આ પ્રમાણે બીજી પુત્રવધૂ ભોગવતીને બોલાવી-ને પાંચ દાણા આપ્યા. ઇત્યાદિ-વિશેષ તે છે કે તેણીએ તે દાણા છોલ્યા, છોલીને ગળી ગઈ. ગળીને પોતાના કામમાં લાગી ગઈ.

**રક્ષિકા દ્વારા ચોખાનું રક્ષણ—**

૧૩૬. આ જ પ્રમાણે રક્ષિકાના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેણે તે દાણા લીધા પછી તેને તે વિચાર ઉત્પન્ન થયો કે પિતાજી (સસરા) એ મિત્ર, જ્ઞાતિજનો આદિની તથા ચારે વધૂઓના કુલગૃહવર્ગની સામે મને બોલાવીને આમ કહ્યું છે કે—'હે પુત્રી તું મારા હાથમાંથી આ દાણા લે. યાવત્ જ્યારે હું માગું ત્યારે પાછા આપી દેવા.' આમ કહીને મારા હાથમાં આ દાણા આપેલ છે. તો અહીં જરૂર કાંઈ કારણ હોવું જોઈએ. તેણીએ તે પ્રમાણેનો વિચાર કરીને તે ચોખાના દાણા શુદ્ધ વસ્ત્રમાં બાંધી લીધા. બાંધીને રત્નની ડબીમાં મૂકી દીધા, મૂકીને તે ડબી ઓસીકા નીચે મૂકી દીધી. પછી ત્રણે સંધ્યા-સવાર, બપોર, સાંજ સમયે તેની સારસંભાળ લેતી રહેવા લાગી.

**રોહિણી દ્વારા ચોખાનું રોહણ (વાવવું) અને વર્ધન—**

૧૩૭. ત્યાર પછી તે ધન્ય સાર્થવાહે તે મિત્રો, આદિની સમક્ષ ચોથી પુત્રવધૂ રોહિણીને બોલાવી. બોલાવીને તેને પણ તેમ કહીને પાંચ દાણા આપ્યા. યાવત્ તેણે વિચાર્યું-'આ પ્રમાણે પાંચ દાણા આપવામાં કોઈ કારણ હશે. તેથી મારા માટે ઉચિત છે કે આ પાંચ ચોખાના દાણાનું સંરક્ષણ કરું અને તેની વૃદ્ધિ કરું.' તેણે તેવો વિચાર કર્યો, વિચાર કરીને પોતાના કુલગૃહના પુરુષોને બોલાવ્યા બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'દેવાનુપ્રિયો ! તમે આ પાંચ શાલિ અક્ષતોને ગ્રહણ કરો. ગ્રહણ કરીને પહેલી વર્ષાઋતુમાં અર્થાત્ વર્ષાના આરંભમાં જ્યારે ખૂબ વર્ષા હોય ત્યારે એક નાની એવી ક્યારીને સારી રીતે સાફ કરીને આ પાંચ શાલિ-અક્ષત વાવી દેવા. વાવીને બીજીવાર ત્રીજીવાર ઉત્ક્ષેપ-નિક્ષેપ કરવા, અર્થાત્ એક જગ્યાએથી ઉખેડીને બીજી જગ્યાએ રોપવા. પછી ક્યારીની ચારે તરફ વાડ કરવી, તેની રક્ષા અને સંગોપન કરતાં તેને વધારવાં.'

૧૩૮. ત્યાર પછી કૌટુંબિક પુરુષોએ રોહિણીની વાતનો સ્વીકાર કર્યો. સ્વીકાર કરીને તે ચોખાના પાંચ દાણા ગ્રહણ કર્યા. ગ્રહણ કરીને અનુક્રમથી તેનું સંરક્ષણ, સંગોપન કરવા લાગ્યા.

ત્યાર પછી તે કૌટુંબિક પુરુષોએ વર્ષા ઋતુના પ્રારંભમાં મહાવૃષ્ટિ થવા પર નાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી ક્યારી સાફ કરી, સાફ કરીને તે પાંચ ચોખાના દાણા તેમાં વાવ્યા, વાવીને બીજીવાર ત્રીજીવાર તેનો ઉત્ક્ષેપ-નિક્ષેપ કર્યો, કરીને વાડનો પરિક્ષેપ કર્યો, કરીને અનુક્રમથી સંરક્ષણ સંગોપન અને સંવર્ધન કરતા કરતા વિચરવા લાગ્યા.

૧૩૯. ત્યાર પછી સંરક્ષિત, સંગોપિત અને સંવર્ધિત કરેલા તે શાલિ-અક્ષત અનુક્રમથી શાલિના છોડ થઈ ગયા, તે શ્યામ, શ્યામ કાન્તિવાળા યાવત્ મેઘ નિકુરંબભૂત-વાદળોના સમૂહ રૂપ થઈને પ્રસન્નતા પ્રદાન કરનાર, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ થઈ ગયા.

ત્યાર પછી તે શાલિના છોડમાં પાન આવી ગયા, તે વર્તિત-ગોળ થઈ ગયા, છાલવાળા થઈ ગયા, ગર્ભિત થઈ ગયા.. તેને ડુંડા આવી ગયા, પ્રસૂત થઈ ગયા-પાનની અંદરથી દાણા બહાર આવી ગયા, સુગંધવાળા થયા, દૂધવાળા થયા, બાંધેલા ફળવાળા થયા, પાકી ગયા, તૈયાર થઈ ગયા, શલ્યકિત થયા-પાન સુકાઈ જવાના કારણે સળી જેવા થઈ ગયા, પત્રાંકિત થયા-કોઈક કોઈક પાનવાળા બની ગયા અને હરિત-પર્વકાણ્ડ-નીલી નાળવાળા થઈ ગયા. આ પ્રમાણે તે શાલિ ચોખા ઉત્પન્ન થયા.

ત્યાર પછી કૌટુંબિક પુરુષોએ તે શાલિના છોડને પત્રવાળા યાવત્ શલાકાવાળા તથા વિરલ પત્રવાળા જાણીને તીક્ષ્ણ અને ધારવાળા દાંતરડાથી કાપ્યા, કાપીને તેને હથેલીઓથી મર્દન કર્યા, મર્દન કરીને સાફ કર્યા. તેથી તે નિર્મલ, પવિત્ર, અખંડ અને અસ્ફોટિત-તૂટ્યા વિનાના અને સુપડાથી સાફ કરેલા થઈ ગયા. તે મગધ દેશમાં પ્રસિદ્ધ એક પ્રસ્થક (એક જાતનું માપ) પ્રમાણ થઈ ગયા.

ત્યાર પછી તે કૌટુંબિક પુરુષોએ તે પ્રસ્થ પ્રમાણ શાલિ- અક્ષતોને નવા ઘડામાં ભર્યા. ભરીને તેના પર માટીનો લેપ કરી દીધો. લેપ કરીને તેને લાંછિત-મુદ્રિત કરી દીધો. અર્થાત્ તેના પર સીલ લગાવી દીધું, પછી તેને કોઠારના એક ભાગમાં રાખી દીધા. રાખીને તેનું સંગોપન કરતા કરતા વિચરવા લાગ્યા.

ત્યાર પછી તે કૌટુંબિક પુરુષોએ બીજી વર્ષા ઋતુમાં વર્ષાકાળના પ્રારંભમાં મહાવૃષ્ટિ પડવા સમયે એક નાની ક્યારીને સાફ કરી. સાફ કરીને તે શાલિ વાવી દીધા. બીજીવાર, ત્રીજીવાર તેનો ઉત્ક્ષેપ-નિક્ષેપ કર્યો, યાવત્ તેને કાપ્યા-યાવત્ પગનાં તળીયાથી તેનું મર્દન કર્યું, તેને સાફ કર્યા. હવે શાલિના ઘણાં કુડવ (એક જાતનું પાત્ર) થઈ ગયાં. યાવત્ તેને કોઠારના એક ભાગમાં રાખી દીધા. કોઠારના એક ભાગમાં રાખીને તેનું સંરક્ષણ અને સંગોપન કરતા વિચરવા લાગ્યા.

૧૪૧. ત્યાર પછી તે કૌટુંબિક પુરુષોએ ત્રીજી વર્ષાઋતુમાં મહાવૃષ્ટિ થવા પર ઘણી જ ક્યારીઓ સારી રીતે સાફ કરી-યાવત્ તેને વાવીને કાપી લીધા. કાપીને ભારા બાંધીને વહન કર્યા. વહન કરીને ખળામાં રાખ્યા-તેને મર્દન કર્યા-યાવત્ ઘણા જ કુમ્ભ પ્રમાણ શાલિ થઈ ગયા.

ત્યાર પછી તે કૌટુંબિક પુરુષોએ તે શાલિ-કોઠારમાં રાખી, યાવત્ તેની રક્ષા કરવા લાગ્યા.

ચોથી વર્ષાઋતુમાં એ પ્રમાણે કરવાથી સેંકડો કુંભ પ્રમાણ શાલિ થઈ ગયા.

**પાંચ વર્ષ પછી ધન્ય સાર્થવાહ દ્વારા શાલિની માગણી—**

૧૪૨. ત્યાર પછી જ્યારે પાંચમી વર્ષાઋતુ ચાલી રહી હતી ત્યારે ધન્ય સાર્થવાહને મધ્યરાત્રિનાં સમયે આ પ્રમાણેનો વિચાર ઉત્પન્ન થયો-

'મેં આજથી પાંચ વર્ષ પહેલાં ચારે પુત્ર-વધૂઓની પરીક્ષા કરવા માટે તેમને પાંચ પાંચ ચોખાના દાણા હાથમાં આપ્યા છે. તો કાલે યાવત્ સૂર્યોદય થવા પર પાંચ ચોખાના દાણા માંગવા મારા માટે ઉચિત થશે-યાવત્ જાણું તો ખરો કે કોણે કેવી રીતે તેનું સંરક્ષણ, સંગોપન અને સંવર્ધન કરેલ છે?' ધન્ય સાર્થવાહે આ પ્રમાણે વિચાર કર્યો. વિચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને બીજા દિવસે સૂર્યોદય થવા પર વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ પદાર્થો બનાવ્યા. મિત્રો, જ્ઞાતિજનો આદિને તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહવર્ગને આમંત્રિત યાવત્ સંમાનિત કરીને તે મિત્રો, જ્ઞાતિજનો આદિ તથા ચારે પુત્રવધૂઓના કુલ ગૃહવર્ગની સમક્ષ મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાને બોલાવીને આ પ્રમાણે કહ્યું-

હે પુત્રી ! આજથી પાંચ વર્ષ પહેલાં આ મિત્રો, જ્ઞાતિજનો આદિ તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહવર્ગની સમક્ષ મેં તારા હાથમાં પાંચ શાલિઅક્ષત આપ્યા હતા અને કહ્યું હતું કે હે પુત્રી ! જ્યારે હું આ પાંચ શાલિઅક્ષત માંગું ત્યારે તું મારા આ પાંચ શાલિઅક્ષત મને પાછા આપજે. તો તે વાત સત્ય છે ?'

ઉજ્ઝિકાએ કહ્યું-'હા, સત્ય છે.'

ધન્ય સાર્થવાહ બોલ્યા-'તો હે પુત્રી ! મારા તે શાલી અક્ષત પાછા આપ.'

**ઉજ્ઝિકાને બહારનું સેવા કાર્ય કરવાનો આદેશ**

૧૪૩. ત્યાર પછી ઉજ્ઝિકાએ તે ધન્યસાર્થવાહની વાતને સ્વીકારી, સ્વીકારીને જ્યાં કોઠાર હતો ત્યાં પહોંચી. પહોંચીને પાંચ શાલિ અક્ષત ગ્રહણ કર્યા, ગ્રહણ કરીને ધન્ય સાર્થવાહની સમીપ આવીને બોલી-'આ છે પાંચ શાલિઅક્ષત.' આમ કહીને ધન્ય સાર્થવાહના હાથમાં પાંચ શાલિના દાણા આપ્યા

ત્યારે ધન્ય સાર્થવાહે ઉજ્ઝિકાને સોગંદ અપાવ્યા અને કહ્યું, 'પુત્રી ! આ તે જ ચોખાના દાણા છે અથવા બીજા છે ?'

ત્યારે ઉજ્ઝિકાએ ધન્ય સાર્થવાહને આ પ્રમાણે કહ્યું-'હે તાત ! આજથી પાંચ વર્ષ પહેલાં આ મિત્રો અને જ્ઞાતિજનોના તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહવર્ગની સામે પાંચ દાણા આપીને તમે તેનું સંરક્ષણ અને સંવર્ધન કરો એમ કહેલું હતું તે સમયે મેં આપની વાત સ્વીકારી હતી, સ્વીકારીને તે પાંચ શાલિના દાણા ગ્રહણ કર્યા અને એકાંતમાં ચાલી ગઈ. ત્યારે મને આ પ્રમાણેનો વિચાર ઉત્પન્ન થયો કે પિતાજીના કોઠારમાં ઘણાં જ શાલિ ભરેલ છે. જ્યારે માગશે ત્યારે આપી દઈશ. એમ વિચાર કરીને મેં તે દાણા ફેંકી દીધા અને મારા કામમાં લાગી ગઈ. તેથી હે તાત ! આ તે શાલિના દાણા નથી, બીજા છે.'

ત્યાર પછી ધન્ય સાર્થવાહ ઉજ્ઝિકાની પાસેથી તે વાત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને ક્રુદ્ધ થયા. યાવત્ ક્રોધમાં આવીને લાલચોળ બની તેઓએ ઉજ્ઝિકાને તે મિત્રો, જ્ઞાતિજનો આદિની તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહવર્ગની સામે પોતાના કુલગૃહની રાખ ફેંકનારી, છાણા થાપવાવાળી, કચરો કાઢવાવાળી પગધોવાના પાણી આપનારી, સ્નાનને માટે પાણી દેવાવાળી અને બહારનું દાસીનું કાર્ય કરનારી તરીકે નિયુક્ત કરી.

**ઉજ્ઝિકા સંબંધી કથાનો ઉપનય—**

૧૪૪. આ પ્રમાણે 'હે આયુષ્યમાન શ્રમણો ! આપણા જે સાધુ અને સાધ્વી યાવત્ પ્રવ્રજ્યા લઈને પાંચ (દાણાની સમાન) મહાવ્રતોનો પરિત્યાગ કરી દે છે, તે ઉજ્ઝિકાની જેમ આ જ ભવમાં ઘણાં શ્રમણો અને શ્રમણીઓ, ઘણા શ્રાવકો અને શ્રાવિકાઓનું અવહેલનાનું પાત્ર બને છે-યાવત્ અનંત સંસારમાં પર્યટન કરશે.'

**ભોગવતીને ઘરની અંદરનું સેવા કાર્ય કરવા આદેશ—**

૧૪૬. આ જ પ્રમાણે ભોગવતીના વિષયમાં પણ જાણવું. વિશેષતા તે છે કે (તે પાંચ દાણા ખાઈ ગઈ હતી તેથી તેને) ખાંડવાવાળી, પીસવાવાળી, ઘંટલામાં દળીને ધાન્યના છોતરા ઉતારનારી, રાંધવાવાળી, પીરસવાવાળી, તહેવારના પ્રસંગ પર સ્વજનોના ઘરે જઈને લાણી આપવાવાળી, ઘરમાં અંદરનું દાસીનું કામ કરવા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાળી તેમજ રસોઈનું કાર્ય કરવાવાળીના રૂપમાં નિયુક્ત કરી.

**ભોગવતી સંબંધી દૃષ્ટાંતનો ઉપનય—**

૧૪૭. આ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણો ! આપણા જે સાધુ અથવા સાધ્વી પાંચ મહાવ્રતોને તોડવાવાળા અર્થાત્ રસેન્દ્રિયને વશીભૂત થઈને નષ્ટ કરવાવાળા હોય છે, તે આ જ ભવમાં ઘણા સાધુઓ, સાધ્વીઓ, ઘણા શ્રાવકો અને ઘણી શ્રાવિકાઓની અવહેલનાનું પાત્ર બને છે, જેમ પેલી ભોગવતી.

**રક્ષિકાને ભંડારના રક્ષણનું કાર્ય કરવા આદેશ—**

૧૪૮. આ પ્રમાણે જ રક્ષિકાના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે (પાંચ દાણા માંગવા પર) તે પોતાના નિવાસ ગૃહમાં આવી, આવીને તેણે મંજૂષા ખોલી, ખોલીને રત્નની ડબ્બીમાંથી પાંચ શાલિના દાણા ગ્રહણ કર્યાં, ગ્રહણ કરીને જ્યાં ધન્ય સાર્થવાહ હતા ત્યાં આવી. આવીને ધન્ય સાર્થવાહના હાથમાં તે પાંચ દાણા આપી દીધા.

ત્યાર પછી ધન્ય સાર્થવાહે રક્ષિકાને આ પ્રમાણે કહ્યું કે—'હે પુત્રી ! આ તે જ પાંચ શાલિ અક્ષત છે કે બીજા ?' ત્યારે રક્ષિકાએ ધન્ય સાર્થવાહને કહ્યું 'તાત! આ તે જ શાલિ અક્ષત છે, બીજા નથી.'

ધન્યે પૂછયું—'પુત્રી કેવી રીતે ?'

રક્ષિકા બોલી 'તાત ! આપે આજથીપહેલાં પાંચમાં વર્ષમાં શાલિના પાંચ દાણા આપ્યા હતા. ત્યારે મેં વિચાર કર્યો કે આમાં કોઈ કારણ હોવું જોઈએ. એવો વિચાર કરીને આ પાંચ શાલિના દાણાને શુદ્ધ વસ્ત્રમાં બાંધ્યા-યાવત્ ત્રણે સંધ્યામાં સારસંભાળ કરતી વિચરું છું. તેથી હે તાત ! આ તે જ શાલિના દાણા છે બીજા નથી.'

૧૪૯. ત્યાર પછી ધન્યસાર્થવાહ રક્ષિકાની પાસેથી તે વાત સાંભળીને હર્ષિત અને સંતુષ્ટ થયો. તેને પોતાના ઘરના હિરણ્ય-સોનાની (આભૂષણોની), કાંસા આદિના વાસણોની, દુષ્ય-રેશમી વસ્ત્રની, વિપુલ ધન, ધાન્ય, કનક, મુક્તા આદિ સાર રૂપ સંપત્તિની ભાંડાગારિણી (ભંડારી) ના રૂપમાં નિયુક્ત કરી દીધી.

**રક્ષિકાના દૃષ્ટાંતનો ઉપનય—**

૧૫૦. એ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણો ! આપણા જે સાધુ યા સાધ્વી પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે તે આ જ ભવમાં ઘણાં સાધુ સાધ્વીઓ ઘણા શ્રાવકો અને ઘણી શ્રાવિકાઓના અર્ચનીય (પૂજ્ય) બને છે, જેમ તે રક્ષિકા.'

**રોહિણીને સર્વાધિકાર સંભાળવા આદેશ—**

૧૫૧. રોહિણીના વિષયમાં પણ એમ જ કહેવું જોઈએ વિશેષ તે કે જ્યારે ધન્ય સાર્થવાહે પાંચ દાણા માંગ્યા ત્યારે તેણીએ કહ્યું—'તાત ! આપ મને ઘણા ગાડી-ગાડાં આપો, જેથી કરીને હું આપના પાંચ શાલિ-અક્ષતના દાણા પાછા આપું.'

ત્યારે ધન્ય સાર્થવાહે રોહિણીને કહ્યું 'પુત્રી ! તું મને તે પાંચ શાલિના દાણા ગાડા ગાડીમાં ભરીને કેવી રીતે આપીશ ?'

ત્યારે રોહિણીએ ધન્ય સાર્થવાહને કહ્યું—'તાત ! આજથી પાંચ વર્ષ પહેલાં આ મિત્રો, જ્ઞાતિજનો, આદિની સમક્ષ આપે પાંચ દાણા આપ્યા હતા-યાવત્ તે આજે સેંકડો કુમ્ભ થઈ ગયા છે. (ઈત્યાદિ પૂર્વોક્ત ક્રમાનુસાર કહેવું.) આ પ્રમાણે હે તાત ! હું આપને તે પાંચ શાલિના દાણા ગાડા-ગાડીઓમાં ભરીને આપું છું.'

ત્યાર પછી ધન્ય સાર્થવાહે રોહિણીને ઘણાં ગાડી-ગાડાં આપ્યાં. રોહિણી તે ગાડાં-ગાડીઓ લઈને જ્યાં પોતાનું કુલગૃહ હતું ત્યાં આવી. આવીને કોઠાર ખોલ્યા, કોઠાર ખોલીને કોઠીઓ ખોલી, ખોલીને ગાડાં-ગાડી ભર્યાં, ભરીને રાજગૃહ નગરના મધ્યભાગમાં થઈને જ્યાં પોતાનું (સસરાનું) ઘર હતું, જ્યાં ધન્ય સાર્થવાહ હતા ત્યાં આવી પહોંચી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે રાજગૃહ નગરમાં શ્રૃંગાટક આદિ માર્ગોમાં ઘણા લોકો આપસમાં આ પ્રમાણે કહેવા લાગ્યા—' દેવાનુપ્રિયો ! ધન્ય સાર્થવાહ ધન્ય છે, જેની પુત્રવધૂ રોહિણી છે કે જેણે પાંચ શાલિના દાણા ગાડાં-ગાડીઓ ભરીને પાછા આપ્યા. '

૧૫૨. ત્યાર પછી ધન્યસાર્થવાહ તે પાંચ શાલિના દાણાને ગાડાં ગાડીઓ દ્વારા પાછા આવતાં જુએ છે. જેમને હૃષ્ટ-તુષ્ટ થઈને તેને સ્વીકારે છે, સ્વીકાર કરીને તે મિત્રો તેમજ જ્ઞાતિજનો આદિની તથા ચારે પુત્રવધૂઓના તે કુલગૃહ-વર્ગની સમક્ષ રોહિણી પુત્રવધૂને, તે કુલવર્ગનાં અનેક કાર્યોમાં યાવત્ રહસ્યોમાં પૂછવા યોગ્ય યાવત્ ઘરનું કાર્ય ચલાવનારી અને પ્રમાણભૂત મોવડી તરીકે નિયુક્ત કરી.

**રોહિણીના દૃષ્ટાંતનો ઉપનય—**

૧૫૩. આ પ્રમાણે ' હે આયુષ્મન્ શ્રમણો ! જે સાધુ સાધ્વી આચાર્ય-ઉપાધ્યાય સમક્ષ મુંડિત-પ્રવ્રજિત થઈને પોતાના પાંચ મહાવ્રતોને વધારે છે તે આ જ ભવમાં ઘણા શ્રમણો આદિના પૂજ્ય થઈને યાવત્ સંસારથી મુક્ત થઈ જાય છે. જેમ તે રોહિણી. '

## ૯. અશ્વજ્ઞાત

**હસ્તિશીર્ષ નગરમાં સાંયાત્રિક નૌકાવણિકો—**

તે કાળે તે સમયમાં હસ્તિશીર્ષ નામનું નગર હતું. વર્ણન.

તે નગરમાં કનકકેતુ નામનો રાજા હતો. અહીં રાજાનું વર્ણન પણ સમજી લેવું.

તે હસ્તિશીર્ષ નગરમાં ઘણાં સાંયાત્રિક નૌકાવણિકો (દેશાંતરમાં નૌકાદ્વારા જઈને વ્યાપાર કરનારા) રહેતા હતા. તે ધનાઢ્ય હતા યાવત્ કોઈથી પણ ગાંજ્યા ન જાય તેવા હતા.

**સાંયાત્રિક નૌકાવણિકોને સમુદ્ર વચ્ચે વિઘ્ન—**

૧૫૫. કોઈ સમયે તે સાંયાત્રિક નૌકાવણિકો આપસમાં મળ્યા. તેમણે અન્યોન્ય વાત કરતાં આવો વિચાર કર્યો—'આપણે ગણિમ (ગણતરી કરી શકાય તેવી), ધરિમ (તોળી શકાય તેવી), મેય (માપી શકાય તેવી) અને પરિચ્છેદ્ય (કાપીને વેચી શકાય તેવી) વસ્તુઓ લઈ વહાણ દ્વારા લવણ સમુદ્રમાં જવું જોઈએ. ' આમ વિચારી યાવત્ લવણ સમુદ્રમાં તેઓ સેંકડો યોજન સુધી અવગાહન પણ કરી ગયા.

તે સમયે તે વણિકોને માકંદીપુત્રોની સમાન ઘણા સેંકડો ઉત્પાત થયા-યાવત્ તોફાન પણ ઉત્પન્ન થયું. તે સમયે તેમની નૌકા તોફાની વાયુથી વારંવાર કાંપવા લાગી, વારંવાર ચલાયમાન થવા લાગી, વારંવાર ક્ષુબ્ધ થવા લાગી અને તે સ્થાન પર ચક્કર ખાવા લાગી.

**નૌકા નિર્યામકની મૂઢતા અને પુન: ભાન—**

૧૫૬. તે વેળા નિર્યામકની બુદ્ધિ નષ્ટ થઈ ગઈ, શ્રુતિ (સમુદ્રયાત્રાનું જ્ઞાન) પણ નષ્ટ થઈ ગઈ અને સંજ્ઞા (હોશકોશ) પણ ગાયબ થઈ ગઈ. તે દિશામૂઢ-દિગ્મૂઢ થઈ ગયો. તેને એ જ્ઞાન પણ ન રહ્યું કે વહાણ કયા પ્રદેશમાં અથવા કઈ દિશા-વિદિશામાં ચાલી રહ્યું છે ? તેના મનનો સંકલ્પ ભાંગી ગયો યાવત્ તે ચિંતામાં લીન થઈ ગયો.

તે સમયે કુક્ષિધાર, કર્ણધાર, ગબ્ભિલ્લક તથા સાંયાત્રિક નૌકાવણિકો નિર્યામકની પાસે આવ્યા, આવીને તેને કહ્યું-' દેવાનુપ્રિય ! મનમાં નષ્ટ સંકલ્પવાળા થઈને ચિંતા કેમ કરી રહ્યા છો ? '

ત્યારે તે નિર્યામકે તે ઘણા કુક્ષિધારોને, કર્ણધારોને, ગબ્ભિલ્લકોને તથા સાંયાત્રિક નૌકાવણિકોને કહ્યું-' દેવાનુપ્રિયો ! મારી મતિ નષ્ટ થઈ ગઈ છે. યાવત્ વહાણ કઈ દિશા યા વિદિશામાં જઈ રહ્યું છે તેની પણ ખબર પડતી નથી. તેથી હું ભગ્નમનોરથ થઈને ચિંતા કરી રહ્યો છું. '

ત્યારે તે કર્ણધાર યાવત્ નૌકાવણિકો તે નિર્યામકની વાત સાંભળીને અને સમજીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભયભીત થયા. તેમણે સ્નાન કર્યું, બલિકર્મ કર્યું અને હાથ જોડીને ઘણા ઈન્દ્ર, સ્કંદ (કાર્તિકેય), રુદ્ર, શિવ, વૈશ્રામણ, નાગ, ભૂત, યક્ષો આદિ દેવોને તથા કોટ્ટકિરિયા દેવીને માથું નમાવી સેંકડો માનતા માની મનાવવા લાગ્યા.

ત્યારે થોડી વાર પછી તે નિર્યામકને ફરી બુદ્ધિ, શ્રુતિ, સંજ્ઞા પ્રાપ્ત થઈ અને તે મૂઢતા રહિત બન્યો.

૧૫૭. ત્યારે તે નિર્યામકે તે બહુસંખ્યક કુક્ષિધારો, કર્ણધારો ગબ્ભિજ્જકો અને સાંયાત્રિક નૌકા-વણિકોને કહ્યું—'દેવાનુપ્રિયો ! મને બુદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ છે યાવત્ મારી દિશા-મૂઢતા નષ્ટ થઈ ગઈ છે. દેવાનુપ્રિયો ! આપણે અત્યારે કાલિક દ્વીપની નજીક આવી પહોંચ્યા છીએ. આ કાલિક દ્વીપ દેખાઈ રહ્યો છે.'

**સાંયાત્રિક નૌકાવણિકોનો કાલિક દ્વીપમાં પ્રવેશ—**

૧૫૮. તે સમયે તે કુક્ષિધારો, કર્ણધારો, ગબ્ભિજ્જકો, તથા સાંયાત્રિક નૌકાવણિકો તે નિર્યામકની વાત સાંભળીને અને સમજીને હૃષ્ટ-તુષ્ટ થયા. પછી દક્ષિણ દિશાના અનુકૂલ વાયુથી જ્યાં કાલિક દ્વીપ હતો, ત્યાં પહોંચ્યા. ત્યાં પહોંચીને લંગર નાંખ્યું. લંગર નાખીને નાની નૌકા દ્વારા કાલિક દ્વીપમાં ઊતર્યા.

તે કાલિક દ્વીપમાં તેમણે ઘણી ચાંદીની ખાણો, સોનાની ખાણો, હીરાની ખાણો, રત્નોની ખાણો અને ઘણા અશ્વો જોયાં. તે અશ્વો કેવા હતા ?

તે અશ્વોમાં કેટલાંક નીલવર્ણની રેણુ જેવા, કેટલાક શ્રોણિ સૂત્રક-કમરમાં કાળો દોરો બાંધ્યો હોય તેવા, કોઈ માંજરા વર્ણના, કોઈ પાદ-કુક્કુટ અને કાચા કપાસના કાલા જેવા શ્યામ-વર્ણના હતા. કોઈ ઘઉં અને ગૌરપાટલના પુષ્પ જેવા ગૌરવર્ણના, કોઈ પ્રવાળ-મૂંગા અથવા નવીન કુંપળના જેવા લાલ રંગના, કોઈ ધૂમ્ર વર્ણના-ધૂમાડા જેવા રંગના હતા.

કોઈ તલના પાંદડા જેવા, કોઈ રિષ્ટ રત્ન જેવા વર્ણના, કોઈ શાલિ ચોખા જેવા રંગના, કોઈ રાખોડી રંગના હતા. કોઈ જૂના તલના કીડા જેવા, કોઈ ચમકતા રિષ્ટ રત્ન જેવા, કોઈ ધવલ-સફેદ પગવાળા તો કોઈ સોનેરી પીઠવાળા હતા.

કોઈ ચક્રવાક પક્ષીની પૂંછના રંગ જેવા રંગના, કોઈ સારસ વર્ણના, કોઈ હંસ જેવા શ્વેત, કોઈ વાદળ જેવા વર્ણના તો કોઈ સઘન મેઘઘટાઓ જેવા અને કોઈ બહુરંગી હતા.

કોઈ સંધ્યા સમયની લાલિમા જેવા, કોઈ પોપટની ચાંચ જેવા, ચણોઠીના અર્ધા ભાગ જેવા લાલ હતા તો કોઈ એલાપાટલ પુષ્પ જેવા ગૌર વર્ણના અને કોઈ શ્યામા લતા કે પાડા જેવા શ્યામ વર્ણના હતા.

અનેક અશ્વો એવા હતા કે જેમના રંગનું વર્ણન ન થઈ શકે, કોઈ શ્યામાક ધાન્ય જેવા, કોઈ કાશીષ (લાલ રંગનું એક દ્રવ્ય) જેવા, કોઈ કાબરચીતરા હતા. તે બધા જ અશ્વો વિશુદ્ધ જાતિના, ગુણવાન, ઉત્તમ કુળના, નમ્ર અને નિરભિમાની હતા.

તે અશ્વો શ્રેષ્ઠ હતા, સંકેત અનુસાર કામ કરનારા હતા, શિક્ષિત હતા, વિનયી હતા, કૂદી જવામાં, ઓળંગી જવામાં, દોડવામાં, ત્રણે પગે દોડવામાં, વેગમાં કુશળ હતા.

તે કેવા હતા ? તે બધા મનથી પણ થન-ગનતા હતા. નૌકાવણિકોએ આવા સેંકડો અશ્વોને જોયા.

૧૫૯. તે અશ્વોએ પણ તે વણિકોને જોયા. જોઈને તેમની ગંધ સૂંઘીને તેઓ ભયભીત થયા, ત્રાસને પ્રાપ્ત થયા, ઉદ્વિગ્ન થયા, તેમના મનમાં ઉદ્વેગ ઉત્પન્ન થયો. તેથી તેઓ કેટલાય યોજન દૂર ભાગી ગયા. ત્યાં તેઓને ઘણાં જ ગોચર (ચરવાનાં ખેતર) પ્રાપ્ત થયાં. ખૂબ ઘાસ અને પાણી મળવાથી તેઓ નિર્ભય અને નિરુદ્વેગ થયા અને સુખપૂર્વક ત્યાં ચરવા લાગ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સાંયાત્રિક વણિકોનું પુનરાગમન—**

૧૬૦. ત્યારે તે નૌકાવણિકોએ આપસમાં આ પ્રમાણે કહ્યું—'દેવાનુપ્રિયો ! આપણે ઘોડાનું શું પ્રયોજન છે ? અર્થાત્ કંઈ નહીં. અહીં ઘણી જ ચાંદીની ખાણ, સોનાની ખાણ, રત્નોની ખાણ અને હીરાની ખાણો છે. તેથી આપણે સોના-ચાંદીથી, રત્નોથી અને હીરાથી જહાજ ભરી લેવું તે શ્રેયસ્કર છે.' આ પ્રમાણે કહીને તેઓએ એક બીજાની વાતનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને તેઓએ સુવર્ણથી, ચાંદીથી, હીરાથી, ઘાસથી, અન્નથી, કાષ્ટોથી અને મીઠા પાણીથી પોતાનું જહાજ ભરી લીધું. ભરીને દક્ષિણ દિશાના અનુકૂલ વાયુથી જ્યાં ગંભીર પોતવહનપટ્ટન અર્થાત્ બંદર હતું, ત્યાં આવ્યા.

ત્યાં આવીને જહાજને લંગર નાખ્યું. લંગર નાખીને ગાડી-ગાડાં તૈયાર કર્યાં. તૈયાર કરીને સાથે લાવેલા તે હિરણ્ય, સુવર્ણ યાવત્ હીરાને નાની નૌકાઓ દ્વારા વહાણમાંથી ઉતાર્યા, ઉતારીને ગાડી-ગાડાઓ ભર્યાં. પછી ગાડી-ગાડાં જોડ્યાં. જોડીને જ્યાં હસ્તીશીર્ષ નગર હતું, ત્યાં પહોંચ્યા. હસ્તીશીર્ષ નગરની બહાર અગ્ર ઉદ્યાનમાં સાર્થને રોક્યો, ગાડાં-ગાડી ખોલ્યાં. પછી બહુમૂલ્ય ઉપહાર લઈને હસ્તિશીર્ષ નગરમાં પ્રવેશ કરીને કનકકેતુ રાજાની પાસે આવ્યા. તે ઉપહાર રાજાની સમક્ષ ધર્યો.

**કનકકેતુના આદેશથી અશ્વો આણવા—**

૧૬૧. ત્યારે તે રાજા કનકકેતુએ તે સાંયાત્રિક નૌકાવણિકોના તે બહુમૂલ્ય ઉપહારનો યાવત્ સ્વીકાર કર્યો.

પછી રાજાએ તે સાંયાત્રિક નૌકાવણિકોને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! તમે લોકો ગ્રામોમાં યાવત્ આકરોમાં ફરો છો અને વારંવાર પોતવાહન અર્થાત્ નૌકાની સફર વડે લવણ-સમુદ્રમાં અવગાહન કરો છો. ક્યાંય તમે કોઈ આશ્ચર્યજનક વસ્તુ જોયેલી છે ?'

ત્યારે સાંયાત્રિક નૌકાવણિકોએ રાજાને કહ્યું—'દેવાનુપ્રિય ! અમે લોકો આ હસ્તીશીર્ષ નગરના નિવાસી છીએ. (ઈત્યાદિ પૂર્વવત્ વર્ણન) યાવત્ અમે કાલિક દ્વીપ સુધી ગયા. તે દ્વીપમાં ઘણી જ ચાંદીની ખાણો યાવત્ અનેક પ્રકારના ઘોડા છે, તે ઘોડા કેવા છે ? નીલ વર્ણવાળી રેણુની સમાન અને શ્રોણિસૂત્રકની સમાન અને શ્યામ વર્ણવાળા યાવત્ તે ઘોડાઓ અમારી ગંધથી પણ અનેક સો યોજન દૂર ચાલ્યા ગયા. તેથી દેવાનુપ્રિય ! અમે કાલિક દ્વીપમાં તે ઘોડાઓને આશ્ચર્યભૂત જોયા છે.'

૧૬૨. ત્યારે કનકકેતુ રાજાએ સાંયાત્રિકોની પાસેથી આ વાત સાંભળીને તે સાંયાત્રિકોને કહ્યું—'દેવાનુપ્રિયો ! તમે મારા કૌટુમ્બિક પુરુષોની સાથે જાઓ અને કાલિક દ્વીપના તે ઘોડા અહીં લઈ આવો.'

તે સાંયાત્રિક વણિકોએ કનકકેતુ રાજાને આ પ્રમાણે કહ્યું—'સ્વામિન્ ! ઘણું સારું.' એમ કહીને તેમણે રાજાના વચનનો આજ્ઞાના-રૂપમાં વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

ત્યાર પછી કનકકેતુ રાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને તેને કહ્યું—'તમે સાંયાત્રિક વણિકોની સાથે જાઓ. કાલિક દ્વીપથી મારા માટે ઘોડા લઈ આવો.' તેમણે પણ રાજાનો આદેશ સ્વીકાર કર્યો.

૧૬૩. ત્યાર પછી કૌટુંબિક પુરુષોએ ગાડી-ગાડાં તૈયાર કર્યાં. તૈયાર કરીને તેમણે ઘણી વીણાઓ, વલ્લકી, ભ્રામરી, કચ્છભી, ભંભા, ષટ્ભ્રામરી આદિ વિવિધ પ્રકારની વીણાઓ તથા વિચિત્ર વીણાઓથી તથા શ્રોત્રેન્દ્રિયને યોગ્ય બીજી અનેક વસ્તુઓથી ગાડાં-ગાડી ભર્યાં.

શ્રોત્રેન્દ્રિયને પ્રિય વસ્તુઓ ભરીને ઘણી કૃષ્ણ વર્ણવાળી યાવત્ શુકલ વર્ણવાળી કાષ્ટકર્મ (લાકડાના પાટિયા પર ચિત્રિત ચિત્ર), ગ્રંથિમ (ગૂંથેલી માળા આદિ) યાવત્ સંઘાતિમ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(સમૂહરૂપ કરીને તૈયાર કરેલ પદાર્થ) તથા અન્ય ચક્ષુ-ઈન્દ્રિયને યોગ્ય દ્રવ્યો ગાડી-ગાડામાં ભર્યા.

તે ભરીને ઘણા કોષ્ઠપુટ તથા કેતકીપુટ આદિ યાવત્ અન્ય ઘણાં ઘ્રાણેન્દ્રિયને યોગ્ય સુગંધી પદાર્થોથી ગાડાં-ગાડી ભર્યાં.

તે ભરીને ઘણાં જ ખાંડ, ગોળ, સાકર, મત્સંડિકા (બૂરું), પુષ્પોત્તર (એક જાતની સાકર) તથા પદ્મોત્તર (સાકર-વિશેષ) આદિ અનેક જિહ્વા ઈન્દ્રિયને યોગ્ય દ્રવ્યો ગાડી-ગાડામાં ભર્યા.

તે ભરીને અનેક પ્રકારના કોયવક-રૂ ના બનેલા વસ્ત્ર, કંબલરત્ન-કામળા, પ્રાવરણ-ઓઢવાના વસ્ત્ર, નવત (ઊન), મલય-આસન વિશેષ અથવા મલય દેશમાં બનેલ વસ્ત્ર, મસૂરક-ઓશીકાં, શિલાપટ્ટક, યાવત્ હંસગર્ભ-શ્વેત વસ્ત્ર તથા બીજા સ્પર્શેન્દ્રિયને યોગ્ય દ્રવ્યો યાવત્ ગાડી-ગાડામાં ભર્યાં.

ઉક્ત બધા દ્રવ્યો ભરીને તેમણે ગાડા-ગાડી જોડયાં. જોડીને જ્યાં ગંભીર પોતપટ્ટન બંદર હતું ત્યાં પહોંચ્યા. પહોંચીને તેમણે ગાડી-ગાડાં ખોલ્યાં, ખોલીને વહાણ તૈયાર કર્યાં, તૈયાર કરીને તે ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, ગંધ, રસ અને રૂપનાં દ્રવ્ય તથા કાષ્ટ, તૃણ, ચોખા, લોટ, ગોરસ (દૂધ દહીં) યાવત્ અન્ય ઘણા વહાણને યોગ્ય પદાર્થો વહાણમાં ભર્યા.

ઉપર્યુક્ત બધી વસ્તુઓ વહાણમાં ભરીને દક્ષિણ દિશાના અનુકૂલ પવનથી જ્યાં કાલિક દ્વીપ હતો, ત્યાં આવ્યા, આવીને લંગર નાખ્યું, લંગર નાખીને તે ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધના પદાર્થોને નાની-નાની નૌકાઓ દ્વારા કાલિક દ્વીપમાં ઉતાર્યા, ઉતારીને તે ઘોડા જ્યાં-જ્યાં બેસતા હતા, સૂતા હતા અને આળોટતા હતા, ત્યાં ત્યાં તે કૌટુંબિક પુરુષો તે વીણા, વિચિત્ર વીણા આદિ શ્રોત્રેન્દ્રિયને ગમતાં વાદ્યો વગાડતા રહ્યા અને તેમની ચારે તરફ જાળ બીછાવી દીધી. જાળ બીછાવી કરીને તેઓ નિશ્ચળ, નિષ્પંદ અને મૂક થઈને રહ્યા.

જ્યાં-જ્યાં તે અશ્વો બેસતા હતા, યાવત્ આળોટતા હતા, ત્યાં-ત્યાં તે કૌટુંબિક પુરુષોએ ઘણા પ્રકારના કૃષ્ણવર્ણવાળા યાવત્ શુક્લવર્ણ-વાળા કાષ્ઠ કર્મ યાવત્ સંઘાતિમ તથા અન્ય ઘણા પ્રકારના ચક્ષુઈન્દ્રિયને યોગ્ય પદાર્થો રાખી દીધા. રાખીને તેઓ નિશ્ચલ, નિષ્પંદ અને મૂક થઈને રહ્યા.

તે ઘોડાઓ જ્યાં બેસતા હતા, સૂતા હતા અથવા આળોટતા હતા, ત્યાં ત્યાં તે કૌટુંબિક પુરુષોએ ઘણા પ્રકારના કોષ્ઠપુટ યાવત્ બીજા ઘ્રાણેન્દ્રિયને પ્રિય પદાર્થોનો પુંજ (ઢગલો) અને નિકર અર્થાત્ વિખરાયેલ સમૂહ કરી દીધો, કરીને તેમની પાસે ચારે તરફ યાવત્ તેઓ મૂક થઈને રહ્યા.

જ્યાં જ્યાં તે ઘોડાઓ બેસતા હતા, સૂતા હતા, ઊભા રહેતા હતા અથવા આળોટતા હતા, ત્યાં ત્યાં કૌટુંબિક પુરુષોએ ગોળના યાવત્ અન્ય ઘણા રસનેન્દ્રિયને યોગ્ય પદાર્થોના પુંજ (ઢગલા) અને નિકર (સમૂહ) કરી દીધા. કરીને તે સ્થાન પર ખાડા ખોદ્યા, ખાડા ખોદીને તેમાં ગોળનું પાણી, ખાંડનું પાણી, પોર (શેરડી)નું પાણી તથા અન્ય અનેક પ્રકારનું પાણી ભરી દીધું. ભરીને તેની પાસે ચારે તરફ યાવત્ મૂક બની રહ્યા.

જ્યાં જ્યાં તે ઘોડાઓ બેસતા હતા, સૂતા હતા, ઊભા રહેતા હતા યાવત્ આળોટતા હતા ત્યાં ત્યાં કોયવક (રૂનાં વસ્ત્ર) યાવત્ શિલાપટ્ટક તથા અન્ય સ્પર્શેન્દ્રિયને યોગ્ય આસ્તરણ-પ્રત્યાસ્તરણ (એકબીજા ઉપર બિછાવેલ વસ્ત્રો) રાખી દીધાં, રાખીને, તેની પાસે ચારે તરફ યાવત્ મૂક થઈ રહ્યા.

ત્યાર પછી તે ઘોડાઓ, જ્યાં તે ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધના પદાર્થો રાખ્યા હતા ત્યાં આવી પહોંચ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### અમૂર્છિત અશ્વોનો સ્વાયત્ત વિહાર—

૧૬૪. ત્યાં આવીને તેમાંથી કોઈ કોઈ ઘોડા 'આ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ અપૂર્વ છે અર્થાત્ પહેલાં ક્યારેય તેનો અનુભવ નથી કર્યો' એમ વિચાર કરીને તે ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, રસ રૂપ અને ગંધમાં આસક્ત ન થતાં તે ઉત્કૃષ્ટ શબ્દ યાવત્ ગંધથી દૂર-દૂર ચાલ્યા ગયા. તે ઘોડાઓ ત્યાં જઈને ઘણા જ ગોચર (તૃણ-ઘાસ) પ્રાપ્ત કરીને તથા પ્રચુર ઘાસ-પાણી પ્રાપ્ત કરીને નિર્ભય થયા, ઉદ્વેગ-રહિત થયા અને સુખે સુખે વિચરવા લાગ્યા.

### અમૂર્છિત અશ્વો સબંધી ઉપનય—

૧૬૫. આ પ્રમાણે 'હે આયુષ્મન્ શ્રમણો! આપણા જે સાધુઓ અથવા સાધ્વીઓ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધમાં આસક્ત નથી થતાં, તે આ લોકમાં અનેક સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓના પૂજનીય બને છે, યાવત્ સંસારથી તરી જાય છે.'

### મૂર્છિત અશ્વોના પરાયત્ત—પરાધીન વિહાર

૧૬૬. તે ઘોડાઓમાં કેટલાક ઘોડાઓ જ્યાં તે ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધના પદાર્થો હતા, ત્યાં પહોંચ્યા. ત્યાં પહોંચીને તેઓ તે ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધવાળા પદાર્થોમાં મૂર્છિત, આસક્ત બની તે બધાનું સેવન કરવા લાગ્યા. ત્યારે તે ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનું સેવન કરનાર તે ઘોડાઓ કૌટુંબિક પુરુષો દ્વારા ફેલાવાયેલા ઘણા કૂટ પાશો (કપટથી ફેલાવેલ બંધનો)થી ગળામાં યાવત્ પગોમાં બંધાયા-બંધનોમાં બંધાઈ ગયા.

ત્યારે કૌટુંબિક પુરુષોએ તે અશ્વોને પકડી લીધા. પકડીને તેઓ નૌકાઓ દ્વારા વહાણમાં લઈ ગયા, લઈ જઈને વહાણને તૃણ, કાષ્ઠ, આદિ આવશ્યક પદાર્થથી યાવત્ ભરી લીધું.

૧૬૭. ત્યાર પછી તે સાંયાત્રિક નૌકાવણિકો દક્ષિણ દિશાના અનુકૂલ પવન દ્વારા જ્યાં ગંભીર પોતપટ્ટન હતું, ત્યાં આવ્યા. આવીને પોત-વહનનું લંગર નાખ્યું, લંગર નાખીને તે ઘોડાને ઉતાર્યા. ઉતારીને જ્યાં હસ્તિશીર્ષ નગર હતું, જ્યાં કનકકેતું રાજા હતો, ત્યાં આવ્યા. આવીને બન્ને હાથ જોડીને રાજાનું અભિવાદન કર્યું. અભિવાદન કરીને તે અશ્વો ઉપસ્થિત કર્યા.

૧૬૮. ત્યાર પછી રાજા કનકકેતુએ તે સાંયાત્રિક વણિકોનો શુલ્ક (કરવેરો) માફ કરી દીધો. તેમનો સત્કાર કર્યો, સન્માન કર્યું. અને વિદાય કર્યા.

ત્યાર પછી કનકકેતુ રાજાએ કાલિક દ્વીપ મોકલેલા કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને તેમનો પણ સત્કાર અને સન્માન કર્યું પછી વિદાય કર્યા.

૧૬૯. ત્યાર પછી કનકકેતુ રાજાએ અશ્વમર્દકો (અશ્વપાલકો)ને બોલાવ્યા, તેમને કહ્યું—'દેવાનુ-પ્રિયો! તમે મારા ઘોડાઓને વિનીત-શિક્ષિત કરો.' ત્યારે અશ્વમર્દકોએ 'ઘણું સારું' એમ કહીને તે રાજાના આદેશનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને તેઓએ તે ઘોડાઓના મુખ બાંધીને, કાન બાંધીને, નાક બાંધીને, પૂંછના વાળોનો અગ્રભાગ બાંધીને, ખરીઓ બાંધીને, કટક બાંધીને, ચોકડાં ચઢાવીને, તોબરા ચઢાવીને, પલાણ ગોઠવીને, તેમની ખસ્સી કરીને, નેતરના પ્રહાર કરીને, ચાબુકોનો પ્રહાર કરીને, કોરડાનો પ્રહાર કરીને તેમને વિનીત કર્યા-કેળવ્યા. વિનીત કરીને તેઓ કનકકેતુ પાસે લાવ્યા.

ત્યાર પછી કનકકેતુએ તે અશ્વમર્દકોનો સત્કાર કર્યો, સન્માન કર્યું, સત્કાર-સન્માન કરીને તેમને વિદાય કર્યા.

૧૭૦. ત્યાર પછી તે ઘોડાઓ મુખ બંધનથી યાવત્ ચામડાની ચાબુકોના પ્રહારથી ખૂબ જ શારીરિક અને માનસિક દુઃખોને પ્રાપ્ત થયા.

### મૂર્છિત અશ્વો સંબંધી ઉપનય—

૧૭૧. તેવી જ રીતે 'હે આયુષ્મન્ શ્રમણો! આપણા જે નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓ દીક્ષિત થઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રિય શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, અને ગંધમાં લુબ્ધ થાય છે અને આસક્ત થાય છે, તે ઘણા શ્રમણો યાવત્ શ્રાવિકાઓની અવહેલનાના પાત્ર બને છે, યાવત્ ભવ ભ્રમણ કરે છે.'

**સમ્યગ્ દૃષ્ટાંત ઉપનય-ગાથાઓ—**

૧૭૨. કલ અર્થાત્ શ્રુતિસુખદ અને હૃદયહારી, રિભિત અર્થાત્ સ્વરઘોલનાના પ્રકારવાળા મધુર વીણા, તલતાલ-હાથતાળી અને વાંસળીના શ્રેષ્ઠ અને મનોહર વાદ્યોના શબ્દોમાં અનુરક્ત થનાર અને શ્રોત્રેન્દ્રિયને વશવર્તી બનેલ પ્રાણી આનંદ માને છે. (૧)

પરંતુ શ્રોત્રેન્દ્રિયની દુર્દાન્તતાનો અર્થાત્ શ્રોત્રેન્દ્રિયની ઉચ્છૃંખલતાનો એટલો દોષ હોય છે—જેમ પારધીના પીંજરામાં રહેલ તેતરના શબ્દને સહન ન કરતો તેતર વધ અને બંધનને પ્રાપ્ત થાય છે. તાત્પર્ય કે પારધીના પીંજરામાં ફસાયેલ તેતરના શબ્દને સાંભળી સ્વાધીન તેતર પોતાના સ્થાનેથી બહાર આવે છે અને પારધિ તેને પણ બાંધી લે છે. શ્રોત્રેન્દ્રિયને નહિ જીતવાનું આ દુષ્પરિણામ છે. (૨)

ચક્ષુ-ઈન્દ્રિયને વશીભૂત અને રૂપમાં અનુરક્ત થનાર પુરુષ, સ્ત્રીઓના સ્તન, જઘન, વદન-મુખ, હાથ, પગ અને નેત્રોમાં તથા ગર્વિષ્ઠ બનેલી સ્ત્રીઓની વિલાસયુક્ત ગતિમાં રમણ કરે છે, આનંદ માને છે. (૩)

પરંતુ ચક્ષુ-ઈન્દ્રિયની દુર્દાન્તતાનો એટલો દોષ હોય છે કે જેમ બુદ્ધિહીન પતંગિયા બળની આગમાં જઈ પડે છે, તેવી રીતે મનુષ્ય પણ વધ-બંધનના ઘોર દુઃખને પામે છે. (૪)

સુગંધમાં અનુરક્ત થયેલ અને ઘ્રાણેન્દ્રિયના વશવર્તી બનેલ પ્રાણી શ્રેષ્ઠ ધૂપ, વિવિધ ઋતુઓમાં પ્રાપ્ત પુષ્પમાળા તથા અનુલેપન-ચંદનાદિના લેપની વિધિમાં રમણ કરે છે, અર્થાત્ સુગંધિત પદાર્થમાં આનંદ અનુભવે છે. (૫)

પરંતુ ઘ્રાણેન્દ્રિયની દુર્દાન્તતાથી અર્થાત્ ઘ્રાણ ઈન્દ્રિયનું દમન ન કરવામાં એટલો દોષ હોય છે કે ઔષધિની ગંધથી સર્પ પોતાના બિલ-દરમાંથી બહાર આવે છે અને અનેક કષ્ટ ભોગવે છે. (૬)

રસમાં આસક્ત અને જિહ્વા-ઈન્દ્રિયના વશવર્તી થયેલ પ્રાણી કડવા, તીખા, તૂરા ખાટા તેમજ મધુર રસવાળા ઘણાં ખાદ્ય, પેય લેહ્ય-ચાટવા યોગ્ય પદાર્થોમાં આનંદ માને છે. (૭)

પરંતુ જિહ્વા ઈન્દ્રિયને વશ થયેલને એટલો દોષ ઉત્પન્ન થાય છે કે કાંટામાં ફસાયેલ અને પાણીથી બહાર ખેંચેલ અને જમીન પર ફેંકાતો મત્સ્ય તરફડીયા મારે છે અને મૃત્યુ પામે છે. (૮)

સ્પર્શના સેવનમાં સુખ સમજનાર અને સ્પર્શેન્દ્રિયને વશીભૂત પ્રાણી વિભિન્ન ઋતુઓમાં સેવન કરવાથી સુખ આપનાર તથા વૈભવ સહિત, હિતકારક તથા મનને સુખ દેનાર માળા, સ્ત્રી આદિ પદાર્થોમાં રમણ કરે છે. (૯)

પરંતુ સ્પર્શેન્દ્રિયના વશ થયેલને એટલો દોષ હોય છે કે લોઢાનો તીક્ષ્ણ અંકુશ હાથીના મસ્તકને પીડા પહોંચાડે છે અર્થાત્ સ્પર્શેન્દ્રિયને વશ થયેલ વનહાથી પકડાય છે અને મહાવતનો માર ખાય છે. (૧૦)

કલ, રિભિત તેમજ મધુર તંત્રી, તલતાલ તથા વાંસળી આદિ શ્રેષ્ઠ અને મનોહર વાદ્યોના શબ્દોમાં જે આસક્ત નથી થતાં તે વશાર્તમરણ મરતાં નથી (ઈન્દ્રિયોથી પરાધીન થઈ વિષયો માટે લાલાયિત બની મરવું તે વશાર્ત્તમરણ કહેવાય છે.) (૧૧)

સ્ત્રીઓના સ્તન, જઘન, મુખ, હાથ, પગ, નયન તથા ગર્વયુક્ત વિલાસવાળી ગતિ આદિ સમસ્ત રૂપોમાં જે આસક્ત નથી થતાં, તેઓ વશાર્ત્તમરણ નથી મરતાં. (૧૨)

ઉત્તમ અગર, શ્રેષ્ઠ ધૂપ, વિવિધ ઋતુઓમાં વૃદ્ધિને પ્રાપ્ત થનાર પુષ્પોની માળાઓ તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદન આદિના લેપનની ગંધમાં જે આસક્ત નથી થતાં, તેમને વશાર્ત્તમરણથી મરવું પડતું નથી. (૧૩)

તીખા, કડવા, કસાય–તૂરા, ખાટા અને મીઠા ખાદ્ય, પેય અને લેહ્ય–ચાટવા યોગ્ય, પદાર્થોના આસ્વાદમાં જે ગૃદ્ધ નથી થતા, તેઓ વશાર્ત્તમરણ નથી મરતા. (૧૪)

હેમન્ત આદિ વિભિન્ન ઋતુઓમાં સેવન કરવાથી સુખ દેનાર, વૈભવ સહિત, હિતકર (પ્રકૃતિને અનુકૂળ) અને મનને આનંદ દેનાર સ્પર્શોમાં જે ગૃદ્ધ નથી થતા, તેઓ વશાર્ત્ત-મરણે મરતા નથી. (૧૫)

શ્રોત્રના વિષય બનેલા ભદ્ર (મનોજ્ઞ) શબ્દોથી સાધુએ ક્યારેય તુષ્ટ ન થવું જોઈએ અને પાપક (અશુભ–અમનોજ્ઞ) શબ્દ સાંભળવા પર રુષ્ટ ન થવું જોઈએ. (૧૬)

શુભ અથવા અશુભરૂપ ચક્ષુનો વિષય પ્રાપ્ત થવા પર સાધુએ ક્યારેય તુષ્ટ કે રુષ્ટ ન થવું જોઈએ. (૧૭)

ઘ્રાણેન્દ્રિયને પ્રાપ્ત થયેલ શુભ અથવા અશુભ ગંધમાં સાધુએ તુષ્ટ અથવા રુષ્ટ ન થવું જોઈએ. (૧૮)

જિહ્વા ઈન્દ્રિયને પ્રાપ્ત થયેલ શુભ અથવા અશુભ રસમાં સાધુએ તુષ્ટ અથવા રુષ્ટ ન થવું જોઈએ. (૧૯)

સ્પર્શેન્દ્રિયને પ્રાપ્ત થયેલ શુભ અથવા અશુભ સ્પર્શમાં સાધુએ તુષ્ટ અથવા રુષ્ટ ન થવું જોઈએ. (૨૦)

તાત્પર્ય તે છે કે મનોજ્ઞ અને અમનોજ્ઞ વિષયોમાં સમભાવ રાખવો જોઈએ.

આ પ્રમાણે હે જમ્બૂ! શ્રમણ ભગવાન મહાવીર યાવત્ મુક્તિને પ્રાપ્ત-થયેલા ભગવંતે **અશ્વજ્ઞાત** અધ્યયનનો આ અર્થ કહ્યો છે. જે પ્રમાણે મેં સાંભળ્યું છે તેમ કહું છું.

## ૧૦. મૃગાપુત્ર કથાનક

### મૃગગ્રામમાં વિજયરાજ પુત્ર મૃગાપુત્ર—

૧૭૩. તે કાળે તે સમયે મૃગગ્રામ નામનું નગર હતું. નગરનું વર્ણન.

તે મૃગગ્રામ નગરની બહાર ઉત્તર અને પૂર્વની વચ્ચેની દિશા (ઈશાન ખૂણામાં) ચંદન-પાદપ નામનું ઉદ્યાન હતું. તે સર્વ ઋતુનાં પુષ્પોથી વ્યાપ્ત હતું. ઈત્યાદિ ઉદ્યાનનું વર્ણન.

તે ઉદ્યાનમાં સુધર્મા નામે યક્ષનું યક્ષાયતન હતું, જે પૂર્ણભદ્ર ચૈત્યની જેમ અતિ પુરાણ-પ્રાચીન હતું.

તે મૃગગ્રામ નગરમાં વિજય નામે ક્ષત્રિય રાજા નિવાસ કરતો હતો. તે રાજાનું વર્ણન.

તે વિજય ક્ષત્રિયને મૃગા નામની પટ્ટરાણી હતી. જે પાંચે ઈન્દ્રિયો અને શરીરહીનતા રહિત એટલે કે સર્વાંગસંપૂર્ણ અને શુભ લક્ષણોવાળી હતી. ઈત્યાદિ તેનું વર્ણન.

### મૃગાપુત્રનું જન્માન્ધત્વ વગેરે—

૧૭૪. તે વિજય ક્ષત્રિયનો પુત્ર અને મૃગાદેવીનો આત્મજ મૃગાપુત્ર નામનો બાળક હતો તે જન્મથી જ અંધ હતો, જન્મથી જ મૂંગો હતો, જન્મથી જ બહેરો હતો, જન્મથી જ પાંગળો, હુંડ (કૂબડો), વાયુવાળો–વાત પ્રકૃતિ-વાળો હતો. વળી તે બાળકને હાથ, પગ, કાન, આંખ કે નાસિકા કંઈ પણ ન હતું, કેવળ તેને તે તે અંગોપાંગની આકૃતિ માત્ર જ આકારરૂપે જ હતા.

તે મૃગાદેવી તે મૃગાપુત્ર દારકને (કોઈને બતાવવા યોગ્ય ન હોવાથી) રાહસિક એટલે કોઈ પણ મનુષ્ય ન જાણે તેમ એકાંતવાળા ભૂમિગૃહ (ભોંયરું) માં ગુપ્ત રીતે રાખીને ભાત-પાણી વડે પોષણ કરતી રહેતી હતી.

### મહાવીર-સમવસરણમાં ગૌતમની જન્માન્ધ પુરુષ વિષયક પૃચ્છા—

૧૭૫. તે મૃગગ્રામ નગરમાં એક જન્માંધ પુરુષ રહેતો હતો. તે અંધ પુરુષ આગળ ચાલતા એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચક્ષુવાળા (દેખતા) પુરુષથી લાકડી વડે ખેંચાતો ખેંચાતો ચાલતો હતો. (દેખતો પુરુષ તેને લાકડી વડે દોરતો હતો.) તેના મસ્તકના કેશ ફૂટેલા અને અત્યંત વિખરાયેલા હતા, માખીઓનો વિસ્તારવાળો સમૂહ તેના માર્ગને અનુસરતો હતો. (તેનાં વસ્ત્રો તથા શરીર મલિન હોવાથી તેની પાછળ માખીઓનો સમૂહ ગણગણ કરતો જતો હતો.) આવા પ્રકારનો તે અંધ મૃગગ્રામ નગરમાં ઘેર ઘેર દયાની વૃત્તિથી ભીખ માંગીને પોતાની આજીવિકા ચલાવતો સમય પસાર કરતો હતો.

૧૭૬. તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરસ્વામી યાવત્ વિહારના અનુક્રમે એક ગામથી બીજે ગામ જતા ચંપાનગરીએ સમવસર્યા યાવત્ પર્ષદા (તેમને વાંદવા માટે નગરીમાંથી) નીકળી. ત્યાર પછી તે વિજય ક્ષત્રિયે આ વાત (મહાવીર સ્વામીના આગમનની) જાણી. જાણીને જેમ કોણિક રાજા (પ્રભુને વંદન કરવા માટે નીકળ્યો હતો) તેમ નીકળ્યો, યાવત્ પ્રભુની સેવા કરવા લાગ્યો.

૧૭૭. ત્યાર પછી તે જાતિઅંધ (જન્માંધ) પુરુષે તે મોટા જનશબ્દને (લોકોના શબ્દને) યાવત્ જનનાં સમૂહને અને જનનાં કોલાહલને સાંભળી તે (પોતાની સાથેના) પુરુષને આ પ્રમાણે કહ્યું "હે દેવાનુપ્રિય! શું આજે આ મૃગગ્રામ નગરમાં કોઈ ઈન્દ્રમહોત્સવ કે સ્કંદ (કાર્તિકસ્વામી)નો મહોત્સવ છે? કે રુદ્ર (મહાદેવ)નો મહોત્સવ છે? કે યાવત્ ઉદ્યાનની યાત્રા એટલે કાંઈ ઉજાણી છે? કે જેથી ઘણા ઉગ્રકુળના, ભોગકુળના, યાવત્ સર્વ લોકો એક દિશામાં એક જ તરફ સન્મુખ થયેલા જાય છે?'

ત્યાર પછી તે પુરુષે તે જન્માંધ પુરુષને આ પ્રમાણે કહ્યું—હે દેવાનુપ્રિય! આજે કોઈ ઈંદ્રમહોત્સવ નથી અને યાવત્ ન ગિરિયાત્રા છે કે જેથી ઘણા ઉગ્રકુળના, ભોગકુળના યાવત્ સર્વ લોકો એક દિશામાં એક જ તરફ સન્મુખ થયેલા જાય છે. પરંતુ હે દેવાનુપ્રિય! વાત એમ છે કે ધર્મના આદિ કરનાર તીર્થંકર શ્રમણ ભગવંત શ્રી મહાવીરસ્વામી મૃગવન નગરમાં ચંદનપાદપ ઉદ્યાનમાં યથાપ્રતિરૂપ અભિગ્રહ (આશ્રયસ્થાન) ધારણ કરી સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિહરી રહ્યા છે તેથી આ સર્વ લોકો યાવત્-જઈ રહ્યા છે.

૧૭૮. ત્યાર પછી તે અંધ પુરુષે તે પુરુષને આ પ્રમાણે કહ્યું—"હે દેવાનુપ્રિય! ત્યારે આપણે પણ ત્યાં જઈએ અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરી તેમનો આદર સત્કાર કરીએ અને કલ્યાણ રૂપ, મંગલ રૂપ, દેવરૂપ અને ચૈત્યરૂપ એવા તેમની ઉપાસના (સેવા) કરીએ.

ત્યાર પછી તે જાતિઅંધ પુરુષ આગળ ચાલતા તે પુરુષની પાછળ લાકડી વડે ખેંચાતો (દોરાતો દોરાતો) જ્યાં શ્રમણ ભગવંત મહાવીર સ્વામી હતા ત્યાં આવ્યો, આવીને ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી વંદના કરી, નમસ્કાર કર્યા, વાંદી નમસ્કાર કરી યાવત્ સેવા કરવા લાગ્યો.

૧૭૯. ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીર સ્વામીએ તે વિજય ક્ષત્રિયની પાસે તથા તે મોટી પર્ષદાની પાસે જે પ્રકારે જીવો બંધાય છે—કર્મ બાંધે છે ઇત્યાદિ વિવિધ પ્રકારે ધર્મ ઉપદેશ કર્યો. તે સાંભળી પર્ષદા યાવત્ પાછી ગઈ. વિજય ક્ષત્રિય પણ ગયો.

તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર સ્વામીના મોટા-પહેલા શિષ્ય ઈંદ્રભૂતિ ગૌતમ નામના અનગાર-યાવત્-સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા ત્યાં વિહરી રહ્યા હતા.

ત્યાર પછી તે ભગવાન ગૌતમે તે જન્માંધ પુરુષને જોયો. જોઈને તેનો વૃત્તાંત જાણવાની ઇચ્છા થઈ, સંશય થયો, કુતૂહલ થયું, વિશેષ પ્રકારે ઇચ્છા થઈ, વિશેષ પ્રકારે સંશય થયો, વિશેષ પ્રકારે કૂતૂહલ થયું. આથી ઊઠીને પોતાના સ્થાન પરથી ઊભા થઈ જ્યાં શ્રમણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવંત મહાવીરસ્વામી બિરાજી રહ્યા હતા ત્યાં આવ્યા, આવીને તેમણે શ્રી શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર દક્ષિણ દિશાથી પ્રારંભ કરી દક્ષિણ બાજુએ પાછા આવવા રૂપ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી અતિ દૂર નહીં તેમજ અતિ પાસે નહીં તેવી રીતે ઉચિત સ્થાને બેસીને વિનયપૂર્વક વંદન નમસ્કાર કરી તેમની સામે બંને હાથ જોડી સેવા કરતાં આ પ્રમાણે નિવેદન કર્યું—

હે ભગવંત ! શું કોઈ પુરુષ જન્મથી જ અંધ અને જાત્યંધકરૂપ એટલે કે પ્રથમથી જ જેને કુત્સિત અંગરૂપ નેત્રનું અંધપણું ઉત્પન્ન થયું હોય તેવો હોય ?

ભગવાને કહ્યું—હા એવો પુરુષ પણ હોય છે.

**ભગવાન દ્વારા મૃગાપુત્રના સ્વરૂપનું નિરૂપણ—**

૧૮૦. ગૌતમે પૂછ્યું—"હે ભગવન્ ! કેવી રીતે તે પુરુષ જન્માંધ અને જાત્યંધરૂપ હોય છે ?"

ભગવાને ઉત્તર આપ્યો—'હે ગૌતમ ! આ જ મૃગગ્રામ નામનાં નગરમાં વિજય નામના ક્ષત્રિયનો પુત્ર મૃગાદેવીનો આત્મજ મૃગાપુત્ર નામનો દારક છે તે દારકને હાથ નથી, પગ નથી, કાન નથી, આંખ નથી, નાક નથી—કેવળ તે અંગોપાંગોની આકૃતિ માત્ર જ છે.

તે મૃગાદેવી તેને ભોંયરામાં ગુપ્ત રાખી પાલન–પોષણ કરતી રહે છે.

**ગૌતમની મૃગાપુત્રને જોવાની અભિલાષા—**

૧૮૧. ત્યાર પછી તે ભગવાન ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરસ્વામીને વંદના કરી, નમસ્કાર કર્યા, વાંદી નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું—"હે ભગવાન ! હું આપની આજ્ઞા મેળવી, અનુમતિ મેળવી તે મૃગાપુત્ર દારકને જોવા ઇચ્છું છું."

ભગવાને જવાબ આપ્યો—'હે દેવાનુપ્રિય ! જેમ તને સુખ થાય તેમ કર (તારી ઈચ્છા પ્રમાણે કર).'

૧૮૨. ત્યાર પછી તે ભગવાન ગૌતમસ્વામી શ્રમણ ભગવંત મહાવીરસ્વામીની આજ્ઞા અનુમતિ મેળવી હર્ષિત અને સંતુષ્ટ થઈ ભગવાન મહાવીર પાસેથી નીકળ્યા. નીકળીને અત્વરિત એટલે મનની સ્થિરતાને લીધે શીઘ્રતા રહિત-પણે યાવત્ (કાયાની ચપલતા રહિતપણે, ભ્રાંતિ રહિત યુગપ્રમાણે પૃથ્વીને વિષે જોનારી દૃષ્ટિ વડે) ઈર્યાસમિતિને શોધતા શોધતા જ્યાં મૃગગ્રામ નગર હતું ત્યાં આવ્યા. આવીને મૃગગ્રામ નગરના મધ્ય ભાગે થઈને જ્યાં મૃગાદેવીનું ઘર હતું ત્યાં આવ્યા.

૧૮૩. ત્યારે તે મૃગાદેવીએ ભગવાન ગૌતમસ્વામીને આવતા જોઈને હૃષ્ટ-તુષ્ટ, આનંદિત ચિત્તવાળી પ્રીતિમના, પરમ પ્રસન્ન અને હર્ષથી વિકસિત હૃદયવાળી થઈ પોતાના આસન ઉપરથી ઊભી થઈ સાત–આઠ ડગલા આગળ જઈ ત્રણ વાર આદક્ષિણ–પ્રદક્ષિણા કરી વંદન નમસ્કાર કરી આ પ્રમાણે બોલી—"હે દેવાનુપ્રિય ! આપને અહીં આવવાનું શું પ્રયોજન છે તે કહો."

ત્યારે ભગવાન ગૌતમસ્વામીએ મૃગાદેવીને આ પ્રમાણે કહ્યું—"હે દેવાનુપ્રિયે ! હું તમારા પુત્રને જોવા માટે શીઘ્રપણે આવ્યો છું."

ત્યાર પછી (તે સાંભળીને) તે મૃગાદેવીએ મૃગાપુત્ર દારકની પછી થયેલા ચાર પુત્રોને સર્વ અલંકાર વડે વિભૂષિત કર્યા, કરીને ભગવાન ગૌતમસ્વામીના પગમાં પાડચા (નમાડચા). પગમાં પાડીને આ પ્રમાણે કહ્યું—"હે ભગવન્ ! આ મારા પુત્રોને જુઓ."

૧૮૪. ત્યારે તે ભગવાન ગૌતમસ્વામીએ મૃગાદેવીને આ પ્રમાણે કહ્યું—"હે દેવાનુપ્રિયે ! હું તારા આ પુત્રોને જોવા શીઘ્રપણે આવ્યો નથી, પણ જે તારો મોટો મૃગાપુત્ર દારક જન્માંધ અને જાત્યંધકરૂપ છે, તથા જેને તું ગુપ્ત ભૂમિગૃહને વિષે રાખીને ગુપ્ત રીતે ખાનપાન દ્વારા સાવધાની સાથે જેનું પાલન–પોષણ કરી રહી છે, તેને જોવાને હું શીઘ્રપણે આવ્યો છું."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે મૃગાદેવીએ ભગવાન ગૌતમસ્વામીને આ પ્રમાણે કહ્યું કે—"હે ગૌતમસ્વામી! તે તેવા પ્રકારના જ્ઞાની કે તપસ્વી કોણ છે? કે જેણે તમને પ્રથમ તો આ મારો ગુપ્ત રાખેલો અર્થ (વૃત્તાંત) શીઘ્ર પણે કહ્યો? કે જેથી તમે આ અર્થ જાણો છો?"

૧૮૫. ત્યાર પછી ભગવાન ગૌતમસ્વામીએ મૃગાદેવીને આ પ્રમાણે કહ્યું—'મારા ધર્માચાર્ય શ્રમણ ભગવંત મહાવીર છે કે જેણે આ વૃત્તાંત કે જે તમે ગુપ્ત રાખેલ છે તે મને બતાવ્યો કે જેનાથી આ વૃત્તાંત હું જાણું છું."

મૃગાદેવી ભગવાન ગૌતમસ્વામીની સાથે આ અર્થની વાતચીત કરતાં હતાં ત્યારે જ મૃગાપુત્ર દારકનો ભોજન સમય પણ થયો હતો.

૧૮૬. ત્યાર પછી તે મૃગાદેવીએ ભગવાન ગૌતમસ્વામીને આ પ્રમાણે કહ્યું-"હે ભગવન! આપ અહીં જ રહો જેટલામાં હું તમને મૃગાપુત્ર દારક દેખાડું." એમ કહી જ્યાં ભોજનાલય હતું ત્યાં તે આવી. આવીને વસ્ત્રનું પરિવર્તન કર્યું. વસ્ત્રનું પરિવર્તન કરીને કાષ્ઠની ગાડી ગ્રહણ કરી. કાષ્ઠની ગાડી ગ્રહણ કરીને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ વડે તે ગાડી ભરી. વિપુલ અશન, પાન ખાદિમ અને સ્વાદિમ વડે તે ગાડી ભરીને તે કાષ્ઠની ગાડીને ખેંચતી ખેંચતી જ્યાં ભગવાન ગૌતમ સ્વામી હતા ત્યાં આવી. આવીને તેણીએ ભગવાન ગૌતમસ્વામીને આ પ્રમાણે કહ્યું—"હે ભગવન્! તમે આવો, મારી પાછળ ચાલો. જેટલામાં હું તમને મૃગાપુત્ર દારક દેખાડું." ત્યાર પછી તે ભગવાન ગૌતમસ્વામી મૃગાદેવીની પાછળ ચાલ્યા.

૧૮૭. ત્યાર પછી તે કાષ્ઠની ગાડીને ખેંચતી ખેંચતી જ્યાં ભૂમિગૃહ હતું ત્યાં આવી. આવીને તેણીએ ચારવડા વસ્ત્ર વડે પોતાનું મુખ બાંધ્યું. મુખને બાંધતી તેણીએ ભગવાન ગૌતમસ્વામીને આ પ્રમાણે કહ્યું-"હે ભગવન્! તમે પણ મુખ વસ્ત્રિકા વડે મુખને બાંધો."

ત્યારે તે ભગવાન ગૌતમસ્વામીએ પણ મૃગાદેવીના કહેવાથી મુખવસ્ત્રિકા વડે પોતાનું મુખ બાંધ્યું.

ત્યાર પછી તે મૃગાદેવીએ અવળું મુખ રાખી ભૂમિગૃહનું દ્વાર ઉઘાડયું. ત્યારે તેમાંથી દુર્ગંધ નીકળી જેવી કે મૃત સર્પના કલેવરની હોય અથવા મૃત ગાયના કલેવરની હોય અથવા મૃત કૂતરા, બિલ્લી, મનુષ્ય, ભેંસ, ઉંદર, ઘોડા, હાથી, સિંહ, વાઘ, વરુ કે ચિત્તાના કલેવરની હોય અથવા મરેલા, સડેલા, ગળી ગયેલા જાનવરો દ્વારા ખવાવાથી વિકૃત થયેલા દુર્ગંધી અને કીડાઓથી વિંટળાયેલ, અસ્વચ્છ, વિકૃત અથવા ડરી જવાય તેવા મડદાની હોય. શું ખરેખર તે એવી દુર્ગંધ હતી?

ના, આ અર્થ યોગ્ય નથી, તે દુર્ગંધ તો તેનાથી પણ અત્યંત અનિષ્ટ, અત્યંત અકાંત, અપ્રિય, અમનોજ્ઞ તથા મનને ન સારી લાગે તેવી તે ગંધ હતી. અર્થાત્ તે બધી દુર્ગંધથી પણ અધિક અસહ્ય તેની દુર્ગંધ હતી.

૧૮૮. ત્યાર પછી તે મૃગાપુત્ર દારક તે વિપુલ એવા અશન, પાન, ખાદિમ અને સ્વાદિમને વિષે મૂર્ચ્છા પામ્યો, ગૃદ્ધ (લુબ્ધ) થયો અને અધ્યુપપન્ન એટલે આસક્ત થયો. આસક્ત થયો અને તેમાં તલ્લીન થઈ તે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમનો તેણે આહાર કર્યો. આહાર કરીને (કરવાથી) શીઘ્ર પણે તે આહાર વિધ્વંસપણાને પામ્યો (બગડી ગયો) વિધ્વંસ પામીને ત્યાર પછી પરુપણે તથા રુધિરપણે પરિણમ્યો અને પછી તે પરુ અને રુધિરનો તેણે આહાર કર્યો.

**ગૌતમ દ્વારા મૃગાપુત્રના પૂર્વભવની પૃચ્છા—**

૧૮૯. ત્યાર પછી ભગવાન ગૌતમસ્વામીને તે મૃગાપુત્ર દારકને જોઈ આવા પ્રકારનો ચિંતવેલો, કલ્પના કરેલો, પ્રાર્થના કરેલો, મનમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેલો, સંકલ્પ કરેલો વિચાર ઉત્પન્ન થયો, "અહો ! આ દારક પહેલાના (પૂર્વભવના) પુરાણા (જૂનાં), દુષ્ટ રીતે આચરણ કરેલાં એટલે પ્રાણાતિપાતાદિક દુશ્ચરિત્રના હેતુરૂપ, પ્રાયશ્ચિત્તાદિક વડે નહીં પ્રતિક્રમણ કરેલાં એટલે નિષ્ફળ નહીં કરેલાં અશુભ એટલે દુ:ખના હેતુરૂપ તથા પાપ એટલે પાપી (દુષ્ટ સ્વભાવ-વાળાં) એવાં પોતે કરેલાં જ્ઞાનાવરણાદિક કર્મોના પાપવાળા (દુ:ખદાયક) ફળવૃત્તિ વિશેષને અનુભવતો સમય પસાર કરી રહ્યો છે. જો કે મેં નરક કે નારકી જીવોને નજરે જોયાં નથી, તો પણ આ પુરુષ (મૃગાપુત્ર દારક) પ્રત્યક્ષપણે જ નરકના જેવી જ વેદના અનુભવે છે." આ પ્રમાણે વિચાર કરીને તે ગૌતમસ્વામીએ મૃગાદેવીની રજા માગી. રજા લઈને મૃગાદેવીના ઘરમાંથી નીકળ્યા. તેના ઘરમાંથી નીકળીને મૃગ-ગ્રામ નગરની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યા, નીકળીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામી હતા, ત્યાં આવ્યા. આવીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને ત્રણ વાર આદક્ષિણ (જમણી બાજુથી ફરતાં જમણી બાજુએ આવવારૂપ) પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને તેમને વંદના કરી, નમસ્કાર કર્યા, વાંદી નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યા—

"હે ભગવંત ! આ પ્રમાણે હું આપની અનુમતિ આજ્ઞા મેળવી મૃગગ્રામ નગરના મધ્ય-ભાગમાં પ્રવેશ્યો, અને જ્યાં મૃગાદેવીનું ઘર હતું ત્યાં ગયો. તે સમયે તે મૃગાદેવીએ મને આવતો જોયો. જોઈને તે હર્ષ પામી...[મને મૃગાપુત્ર બતાવ્યો વગેરે તે જ સર્વ જાણવું.] યાવત્ તે મૃગાપુત્રે યજ્ઞ અને રુધિરનો આહાર કર્યો. [ત્યાં સુધીનું સમગ્ર વર્ણન અહીં કરવું.] ત્યારે મને આવા પ્રકારનો ચિંતવેલો, કલ્પના કરેલો પ્રાર્થના કરેલો, મનમાં રહેલો, સંકલ્પ કરેલો વિચાર ઉત્પન્ન થયો કે 'અહો ! આ બાળક પૂર્વનાં પુરાણાં (જૂનાં) દુષ્ટ રીતે આચ-રણ કરેલા પ્રાયશ્ચિત્તાદિક વડે નહીં પ્રતિક્રમણ કરેલા એવા અશુભ પાપવાળાં કર્મોને દુ:ખ-દાયક ફળવૃત્તિવિશેષને અનુભવતો સમય પસાર કરી રહ્યો છે.'

તો હે ભગવંત ! તે પુરુષ પૂર્વભવે કોણ હતો ? તેનું શું નામ હતું ? શું ગોત્ર હતું ? તે કયા ગામમાં અથવા નગરમાં રહેતો હતો ? તે શું દાન આપીને (શું કાર્ય કરીને) અથવા શું ભોગ ભોગવીને અથવા શું આચરણ કરીને (મરણ પામી આ ભવમાં) કયા પૂર્વના (પુરાણાં-જૂનાં) દુષ્ટ રીતે આચરણ કરેલાં, પ્રાયશ્ચિત્તા-દિકવડે નહીં પડિક્કમેલાં, અશુભ અને પાપી એવાં પોતે કરેલાં કર્મોનાં દુ:ખદાયક ફળવૃત્તિ-વિશેષને અનુભવતો જીવન વ્યતીત કરી રહેલો છે?

**મૃગાપુત્રની ઈક્કાઈ નામક રાષ્ટ્રકૂટ કથા—**

૧૯૦. ત્યાર પછી 'હે ગૌતમ ! એ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ ગૌતમ-સ્વામીને આ પ્રમાણે કહ્યું—"હે ગૌતમ ! તે કાળે તે સમયે આ જ જંબૂદ્વીપમાં ભરત-ક્ષેત્રમાં શતદ્વાર નામે નગર હતું. તે સમૃદ્ધિ-વાળું અને સ્તિમિત એટલે ભય રહિત અને ધન-ધાન્યાદિથી સમૃદ્ધ હતું-વગેરે વર્ણન જાણવું.

તે શતદ્વાર નામના નગરમાં ધનપતિ નામે રાજા હતો. રાજાનું વર્ણન કહેવું.

તે શતદ્વાર નગરની અતિ દૂર નહીં તેમજ અતિ નજીક નહીં એવે સ્થાને અર્થાત્ તેની સમીપે ઉત્તર અને પૂર્વની વચ્ચેની દિશામાં એટલે ઈશાન ખૂણામાં વિજયવર્ધમાન નામે ખેડ હતું. તે ઋદ્ધિવાળું, ભય રહિત અને સમૃદ્ધિવાળું હતું.

તે વિજય વર્ધમાન ખેડનો પાંચસો ગ્રામનો વિસ્તાર હતો અર્થાત્ પાંચસો ગ્રામ ખેડને આધીન હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે વિજય વર્ધમાન ખેડમાં ઈક્કાઈ નામે રાષ્ટ્રકૂટરાજા દ્વારા નિયુક્ત કરેલો પ્રતિનિધિ હતો. તે અધાર્મિક-ધર્મવિરોધી, અધર્મને અનુસરનારો, અધર્મ જ જેને પ્રિય છે, અધર્મને કહેનાર અને તેનું પ્રતિપાદન કરનાર, સર્વત્ર અધર્મને જ જોનાર, અધર્મમાં જ અનુરાગ રાખનાર, અધર્મનું જ આચરણ કરવાવાળો, અધર્મથી જ આજીવિકા ચલાવવાવાળો, દુષ્ટ સ્વભાવવાળો, વ્રતાદિથી શૂન્ય રીતે દુષ્કૃત્યોમાં આનંદ પામનાર હતો.

તે ઈક્કાઈ રાષ્ટ્રકૂટ વિજય વર્ધમાન ખેડના પાંચસો ગામોનું આધિપત્ય કરતો, અગ્રેસરપણું કરતો; સ્વામિત્વ કરતો, અગ્રેશ્વર અને સેનાપતિત્વપણું કરતો વિહરી રહ્યો હતો.

**ઈક્કાઈનામક રાષ્ટ્રકૂટ દ્વારા પ્રજાને પીડા—**

૧૯૧. ત્યાર પછી તે ઈક્કાઈ રાષ્ટ્રકૂટ વિજયવર્ધમાન ખેડના પાંચસો ગામોનો ઘણા કર વડે એટલે કે ખેતર વિગેરેની ઊપજમાંથી ભાગ લેવા વડે, તે જ કરને વધારવા વડે, ખેડૂતો પાસેથી બે-ગણું—ત્રણ ગણું ધાન્ય લઈને લાંચ લેવા વડે, દમન કરીને, દેવાદાર માણસ પાસેથી અધિક વ્યાજ લઈને, જૂઠા અપરાધો લગાવીને, અસ્ત્ર-શસ્ત્ર વેચવાના અપરાધ માટે, ચોરોનું પોષણ કરવા વડે, વટેમાર્ગુઓને મારવા વડે, પ્રજાને પીડા કરતો કરતો ધર્મરહિત એટલે આચાર ભ્રષ્ટ કરતો કરતો, તર્જના કરતો કરતો એટલે "મારી અમુક વસ્તુ તું આપતો નથી તેથી તું યાદ રાખજે" એ રીતે કહીને ધૈર્યવાન (નીડર) મનુષ્યને ભય પમાડતો, તાડના કરતો એટલે કે માર મારતો તથા તે લોકોને નિર્ધન કરતો વિચરતો હતો—રહેતો હતો.

ત્યાર પછી તે ઈક્કાઈ રાષ્ટ્રકૂટ વિજય વર્ધમાન ખેડના ઘણા રાજા, યુવરાજ, તલવર, માડંબિક, અધિપતિ, કૌટુંબિક, શ્રેષ્ઠી અને સાર્થવાહો તથા બીજા પણ ગામના ઘણા લોકોનાં ઘણાં કાર્યો સંબંધી અને કારણો સંબંધી વિચારોમાં, ગુપ્ત રહસ્યોમાં, નિશ્ચયોમાં અને વ્યવહારો (વિવાદો)માં પોતે સાંભળ્યા છતાં કહેતો કે-'મેં સાંભળ્યું નથી.' અને નહીં સાંભળ્યા છતાં કહેતો 'મેં સાંભળ્યું છે.' એ જ પ્રમાણે જોવા છતાં, બોલવા છતાં, ગ્રહણ કરવા છતાં અને જાણવા છતાં 'મેં જોયું નથી, કહ્યું નથી, ગ્રહણ કર્યું નથી અને જાણતો નથી' એમ કહેતો હતો. તે જ પ્રમાણે તેનાથી વિપરીત પણ ન જાણેલા, ન કહેલા, ન ગ્રહણ કરેલા અને ન જોયેલા જાણેલાને કહેતો 'હું જાણું છું, મેં કહ્યું છે, મેં ગ્રહણ કર્યું છે, મે જોયેલું જાણેલું છે.' એમ અસત્ય જ કહેતો અર્થાત્ પ્રત્યેક વાત માટે વિપરીત જ કહેતો.

આ પ્રમાણે તે ઈક્કાઈ રાષ્ટ્રકૂટ આવા પ્રકારના કર્મવાળો, આવા જ કાર્યમાં તત્પર, આવી જ વિદ્યા (કળા)વાળો અને આવા જ આચારવાળો થઈને અત્યંત ઘણા અને કલહના હેતુરૂપ મલિન પાપકર્મોનું ઉપાર્જન કરતો વિહરી રહ્યો હતો.

**ઈક્કાઈને અસાધ્ય રોગાતંક—**

૧૯૨. ત્યાર પછી તે ઈક્કાઈ રાષ્ટ્રકૂટના શરીરમાં કોઈ એક સમયે એકી સાથે સોળ રોગાતંક ઉત્પન્ન થયા.

તેનાં નામ આ પ્રમાણે છે—

(૧) શ્વાસ (૨) કાસ (ખાંસી) (૩) જ્વર (૪) દાહ (૫) કુક્ષિશૂલ (૬) ભગંદર (૭) અર્શ ભસા (૮) અજીર્ણ (૯) નેત્રશૂળ (૧૦) મસ્તક શૂળ (૧૧) અરુચિ-ભોજનની ઈચ્છા ન થવી (૧૨) નેત્રપીડા (૧૩) કર્ણપીડા (૧૪) કંડૂ (ખરજવું) (૧૫) જલોદર (૧૬) કોઢ.

ત્યાર પછી તે ઈક્કાઈ રાષ્ટ્રકૂટ સોળ રોગાતંક વડે પરાભવ પામતો કૌટુંબિક પુરુષોને (સેવકોને) બોલાવે છે, બોલાવીને, આ પ્રમાણે કહેતો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને વિજયવર્ધમાન નામના ખેડના શૃંગાટકમાં (શીંગોડાના આકારવાળા માર્ગમાં), ત્રિકમાં (ત્રણ રસ્તા મળતા હોય ત્યાં), ચતુષ્કમાં (ચાર માર્ગ ભેગા થતા હોય ત્યાં), ચત્વર (ચૌટા)માં, મહાપથ (રાજમાર્ગ)માં અને પથ (સામાન્ય માર્ગ)-માં મોટા મોટા શબ્દવડે ઘોષણા કરતા કરતા આ પ્રમાણે કહો કે 'અહીં' (આ ગામમાં) હે દેવાનુપ્રિયો ! ઈક્કાઈ રાઠોડના શરીરમાં સોળ રોગાતંકો પ્રગટ થયા છે, તે આ પ્રમાણે—શ્વાસ, કાસ, જ્વર યાવત્ કોઢ. તેથી કરીને હે દેવાનુપ્રિયો ! જે કોઈ વૈદ્ય એટલે વૈદક શાસ્ત્રમાં (રોગનું નિદાન કરવામાં) અને રોગની ચિકિત્સામાં કુશળ હોય અથવા તેવા વૈદ્યનો પુત્ર હોય, જ્ઞાયક એટલે કેવળ વૈદકશાસ્ત્રમાં જ (નિદાન કરવામાં જ) કુશળ હોય, અથવા તેવા જ્ઞાયકનો પુત્ર હોય, અથવા કેવળ ચિકિત્સામાં કુશળ હોય અથવા તેવા ચિકિત્સકનો પુત્ર હોય અને ઈક્કાઈ રાઠોડના તે સોળ રોગાતંક માંહેના એક પણ રોગાતંકને શાંત કરવા ઈચ્છતો હોય તો તેને (રોગ મટાડનાર વૈદ્યાદિકને) ઈક્કાઈ રાઠોડ મોટું (ઘણું) ધનનું દાન આપશે.' આ પ્રમાણે બે વાર ત્રણવાર ઘોષણા કરો. ઘોષણા કરીને આ મારી આજ્ઞા મને પાછી સોંપો."

ત્યાર પછી તે કૌટુંબિક પુરુષોએ તે પ્રમાણે કરી યાવત્ તેની આજ્ઞા પાછી આપી.

૧૯૩. ત્યાર પછી તે વિજયવર્ધમાન ખેડને વિષે આ આવા પ્રકારની ઘોષણા કાન વડે સાંભળીને તથા હૃદયમાં ધારીને ઘણા વૈદ્યો અને વૈદ્યપુત્રો, જ્ઞાયકો અને જ્ઞાયકોના પુત્રો તથા ચિકિત્સકો અને ચિકિત્સકના પુત્રો શસ્ત્રકોષને એટલે નેરણી વિગેરે હથિયારની કોથળી (પેટી) હાથમાં લઈને પોતપોતાના ઘરમાંથી નીકળ્યા, નીકળીને વિજયવર્ધમાન ખેડની મધ્યે થઈને જ્યાં ઈક્કાઈ રાઠોડનું ઘર હતું, ત્યાં આવ્યા. આવીને ઈક્કાઈ રાઠોડના શરીરનો સ્પર્શ કર્યો (એટલે તેની નાડી વિગેરે જોઈ-તપાસી), સ્પર્શ કરીને એટલે નાડીપરીક્ષા કરીને તે રોગોનું નિદાન એટલે ઉત્પન્ન થવાનું કારણ પૂછયું, પૂછીને તે ઈક્કાઈ રાઠોડને ઘણા ઘણા અભ્યંગવડે એટલે તેલ ચોળવાવડે, ઉદ્વર્તનવડે એટલે તેલને બહાર કાઢવાવડે, ઉકાળા પાવાવડે, વમન કરાવવાવડે, વિરેચન કરાવવાવડે, ઔષધના જળને સિંચવાવડે, અવદ્દહણા એટલે ડામ દેવાવડે, અવણ્હાણ એટલે તથાપ્રકારનાં ઔષધોથી મિશ્રિત કરેલા જળના સ્નાનવડે, અનુવાસનાવડે એટલે ગુદાદ્વારા પેટમાં તેલનો પ્રવેશ કરવાવડે, બસ્તિકર્મ વડે એટલે ચર્મની દોરી વીંટીને તે માર્ગે મસ્તક વિગેરે અવયવોમાં તેલ નાંખવાવડે અથવા ગુદામાં વાટ વિગેરે નાંખવાવડે, નિરુહવડે એટલે ઉપર કહેલ અનુવાસનાવડે, શિરા વેધ વડે એટલે નસોને વીંધવાવડે, તક્ષણવડે એટલે ક્ષુરાદિક શસ્ત્રથી ચામડી કાપવાવડે, પ્રક્ષણવડે એટલે અલ્પ ચામડી કાપવાવડે, શિરોબસ્તિવડે એટલે મસ્તક પર ચર્મની દોરી બાંધીને તેમાં ઔષધમિશ્રિત તેલ પૂરવાવડે કરીને, તર્પણવડે એટલે તૈલાદિકથી શરીરની પુષ્ટિ કરવાવડે, પુષ્ટ પાકવડે એટલે ભઠ્ઠીમાં પકવીને તૈયાર કરેલી તથાપ્રકારની ઔષધિ વડે, રોહિણી વગેરેની છાલવડે, મૂળવડે, કંદવડે, પાંદડાવડે, પુષ્પોવડે, ફળોવડે, બીજવડે, શિલિકાવડે એટલે કિરાત, તિલક વગેરે ઔષધિવડે, ગોળીવડે, એકજ વસ્તુરૂપ ઔષધવડે અને અનેક વસ્તુથી બનેલા ભેષજવડે તે સોળ રોગાતંકો માંહેના એક પણ રોગાતંકને શમાવવા માટે તેમણે ઈચ્છા કરી એટલે પ્રયત્ન કર્યો, પરંતુ તેઓ એક પણ રોગાતંકને શમાવવા સમર્થ થયા નહીં-શક્તિમાન થયા નહીં.

ત્યાર પછી તે ઘણા વૈદ્યો, વૈદ્યના પુત્રો જ્ઞાયક અને જ્ઞાયકપુત્રો, ચિકિત્સક અને ચિકિત્સક પુત્રો વિગેરે સર્વે જ્યારે તે સોળ રોગાતંકો માંહેના એક પણ રોગાતંકને શાંત કરવા માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શક્તિમાન ન થયા, ત્યારે તેઓ શ્રાંત એટલે શરીરથી ખેદ પામ્યા, તાંત એટલે મનથી ખેદ પામ્યા અને પરિતાંત એટલે શરીર અને મન બંનેથી ખેદ પામી જે દિશામાંથી પ્રગટ થયા હતા-આવ્યા હતા તેજ દિશામાં પાછા ગયા.

**ઈક્કાઈનું નરક ગમન—**

૧૯૪. ત્યારપછી તે ઈક્કાઈ રાઠોડના તે વૈદ્યો વગેરે છએ જનોએ નિષેધ કર્યો, એટલે 'અમારાથી આ વ્યાધિ દૂર કરી શકાય તેમ નથી' એવું સ્પષ્ટ કહ્યું, તેના પરિચારકો (સેવકો)એ પણ તેનો ત્યાગ કર્યો, તે ઔષધ અને ભેષજ કરવાથી પણ ખેદ પામ્યો, સોળ રોગાતંકોથી પરાભવ પામતો, રાજ્યને વિષે, રાષ્ટ્ર (દેશ)ને વિષે યાવત્ (કોષને વિષે, કોઠારને વિષે, વાહનને વિષે), અંતઃપુરને વિષે મૂર્છા પામતો (લુબ્ધ, ગૃદ્ધ અને અધ્યુપપન્ન થતો થતો), રાજ્યને અને રાષ્ટ્રને વિષે આસક્ત થતો, પ્રાર્થના કરતો, ઈચ્છા કરતો અને અભિલાષા કરતો, આર્ત એટલે મનમાં પીડા પામ્યો, દુઃખાર્ત એટલે શરીરે પીડા પામ્યો અને વશાર્ત એટલે ઈંદ્રિયોને વશ થવાથી પીડા પામતો, અઢીસો વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય પાળીને-ભોગવીને કાળ સમયે કાળ કરીને એટલે મૃત્યુ સમયે મૃત્યુ પામીને આ રત્નપ્રભા નામની પહેલી નરક પૃથ્વીને વિષે ઉત્કૃષ્ટપણે એક સાગરોપમની સ્થિતિવાળા નારકીઓને વિષે નારકીપણે ઉત્પન્ન થયો.

**મૃગાપુત્રના વર્તમાન ભવનું વર્ણન : મૃગાદેવીની વેદના અને ગર્ભ-શાતન વિચારણા—**

૧૯૫. ત્યાર પછી ત્યાંથી આંતરા રહિત ઉદ્ધરીને-નીકળીને આજ મૃગગ્રામ નગરમાં વિજય ક્ષત્રિયની મૃગાદેવી રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો.

તે વખતે તે મૃગાદેવીના શરીરમાં ઉત્કટ, વિસ્તીર્ણ, કર્કશ, ગાઢ, પ્રચંડ, દુઃખકારક, તીવ્ર અને અસહ્ય વેદના ઉત્પન્ન થઈ તથા જ્યારથી આરંભીને તે મૃગાપુત્ર દારક તે મૃગાદેવીની કુક્ષિને વિષે ગર્ભપણે ઉત્પન્ન થયો, ત્યારથી તે મૃગાદેવી તે વિજય ક્ષત્રિયને અનિષ્ટ થઈ, અમનોહર થઈ, અપ્રિય થઈ, મનમાં પણ અણગમતી થઈ અને મનમાં તેણીનું સ્મરણ પણ ન થાય એવી થઈ.

૧૯૬. ત્યાર પછી તે મૃગાદેવી એકદા કદાચિત્, પૂર્વ રાત્રિ અને પાછલી રાત્રિએ એટલે મધ્યરાત્રિએ કુટુંબની ચિન્તા કરતી જાગતી હતી એટલે કુટુંબ સંબંધી વિચાર કરતી હતી તે વખતે તેને આ આવા પ્રકારનો આત્મા સંબંધી (વિચાર) યાવત્ ચિંતિત એટલે સ્મૃતરૂપ, બુદ્ધિમાં સ્થાપન કરેલો, પ્રાર્થના કરેલો, મનમાં રહેલો અર્થાત્ બહાર પ્રકાશ નહીં કરેલો સંકલ્પ એટલે વિચાર ઉત્પન્ન થયો-'આ પ્રમાણે નિશ્ચે પહેલાં તો હું વિજય ક્ષત્રિયને ઈષ્ટ હતી (એ જ રીતે કાંત, પ્રિય, મનોજ્ઞ અને મનોમ હતી), ધ્યેયા એટલે ધ્યાન કરવા લાયક હતી, વિશ્વસનીયા એટલે વિશ્વાસ કરવા લાયક હતી અને અનુમતા એટલે કદાચ કાંઈક વિપ્રિય દેખ્યું હોય તો પણ પાછળથી હું સન્માનને પામતી હતી (મારું કરેલું માન્ય રહેતું હતું). પરંતુ જ્યારથી આરંભીને મારી કુક્ષિને વિષે આ ગર્ભ ગર્ભપણે ઉત્પન્ન થયો છે, ત્યારથી આરંભીને હું વિજય ક્ષત્રિયને અનિષ્ટ યાવત્ અમનોમા થઈ છું. તેથી વિજય ક્ષત્રિય મારા નામને કે ગોત્રને પણ ગ્રહણ કરવાને ઈચ્છતો નથી, તો પછી મારી સામું જોવું કે ભોગ ભોગવવા તો ક્યાંથી જ ઈચ્છતો હોય? તેથી મારે નિશ્ચે આ ગર્ભ ઘણા ગર્ભશાતનવડે, પાતનવડે, ગાલનવડે અને મારણવડે શાતવાને, પાડવાને, ગાળવાને અને મારવાને યોગ્ય છે." આ પ્રમાણે તેણીએ વિચાર કર્યો, વિચાર કરીને અનેક પ્રકારના ખારા, કડવા અને તૂરા ઈત્યાદિ ગર્ભશાતનના ઔષધોને ખાતી અને પીતી તે ગર્ભનું શાતન, પાતન, ગાળણ અને મારણ કરવાને ઈચ્છવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગી—ઉદ્યમ કરવા લાગી. પરંતુ તે ગર્ભ શાતન પામ્યો નહીં, પડ્યો નહીં, ગળ્યો નહીં અને મર્યો પણ નહીં.

ત્યારપછી તે મૃગાદેવી જ્યારે તે ગર્ભને શાતન કરવા, પાતન કરવા, ગાલન કરવા કે મારણ કરવા શક્તિમાન ન થઈ, ત્યારે તે શ્રાંત એટલે શરીરે ખેદ પામી, તાંત એટલે મનમાં ખેદ પામી અને પરિતાંત એટલે શરીર અને મન બંને વડે ખેદ પામી. તેમ જ અકામિત એટલે ઈચ્છા રહિત અને અસ્વવશ એટલે પરાધીન થઈ તે ગર્ભને મહા દુઃખે વહન કરવા લાગી.

### ગર્ભગત મૃગાપુત્રના રોગાતંક—

૧૯૭. તે દારક ગર્ભમાં હતો ત્યાંથી જ તેને આઠ નાડીઓ શરીરની અંદર વહેતી હતી એટલે રુધિરાદિકને સ્રવતી હતી, આઠ નાડીઓ શરીરની બહાર વહેતી હતી એટલે પરુને ઝરતી હતી. તે સોળ નાડીઓમાં આઠ નાડીઓ પરુને વહન કરતી હતી અને આઠ નાડીઓ રુધિરને વહન કરતી હતી. તે આ પ્રમાણે-બબ્બે એટલે ચાર નાડીઓ કાનના છિદ્રમાં વહેતી હતી (તેમાં બે નાડીઓ પરુને વહેતી હતી અને બે નાડીઓ રુધિરને વહેતી હતી. એ જ પ્રમાણે સર્વત્ર જાણવું.) બબ્બે એટલે ચાર નાડીઓ નેત્રના છિદ્રમાં વહેતી હતી, બબ્બે એટલે ચાર નાડીઓ નાસિકાના રંધ્રમાં વહેતી હતી, તથા બબ્બે એટલે ચાર નાડીઓ કોઠાનાં હાડકાંને વિષે વહેતી હતી. (આ પ્રમાણે સોળ નાડીઓ વહેતી હતી.) તે સોળે નાડીઓ ક્ષણે ક્ષણે એટલે વારંવાર પરુને અને રુધિરને ઝરતી ઝરતી રહેતી હતી.

તે દારક ગર્ભમાં હતો ત્યારથી જ તેને અગ્નિક એટલે ભસ્મક નામનો વ્યાધિ પ્રગટ થયેલો છે. તેથી તે બાળક જે કાંઈ આહાર કરે તે તરત જ વિધ્વંસને પામે છે, અને પરુપણે તથા રુધિરપણે પરિણામ પામે છે. ત્યારપછી તે પરુનો અને રુધિરનો જ આહાર કરે છે.

### મૃગાપુત્રના જાત્યન્ધાદિ રૂપ જોઈને મૃગાવતીનો ઉકરડે ફેંકવાનો સંકલ્પ—

૧૯૮. ત્યારપછી તે મૃગાદેવીએ એકદા કદાચિત્ નવ માસ પરિપૂર્ણ થયા ત્યારે તે દારકને જન્મ આપ્યો. તે દારક જન્માંધ યાવત્ (જન્મથી જ મૂંગો ઈત્યાદિ) માત્ર ઈંદ્રિયોના આકારરૂપ જ હતો.

તે સમયે તે મૃગાદેવીએ તે દારકને હુંડ (અંગોપાંગ રહિત) અને અંધ જોયો. જોઈને તે ભય પામી, ત્રાસ પામી, ઉદ્વેગ પામી, તથા તેણીને ભય ઉત્પન્ન થયો. તેથી તેણીએ ધાત્રી માતાને બોલાવી, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયે ! તું જા, આ દારકનો એકાંત ઉકરડામાં ત્યાગ કર."

૧૯૯. ત્યારે તે ધાય માતાએ 'બહુ સારું" એમ કહી મૃગાદેવીના એ કથનનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરી જ્યાં વિજય ક્ષત્રિય હતો ત્યાં આવી બે હાથ જોડી આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચી આ પ્રમાણે કહ્યું – 'હે સ્વામી ! મૃગાદેવીએ નવ માસ પરિપૂર્ણ થયે દારકને પ્રસવ્યો છે યાવત્ તેની ઈંદ્રિયોનો આકાર માત્ર જ છે. તે વખતે તે મૃગાદેવીએ તે દારકને હુંડ (અંગોપાંગ રહિત) અને અંધ જોયો. જોઈને તે ભય પામી, ત્રાસ પામી, ઉદ્વેગ પામી તથા તેણીને ભય ઉત્પન્ન થયો. તેથી તેણીએ મને બોલાવી. મને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે—હે દેવાનુપ્રિયા ! તું જા. આ દારકને એકાંત ઉકરડામાં ત્યાગ કર. તો હે સ્વામી ! આપ આજ્ઞા આપો-કહો કે તે દારકને શું હું એકાંતે ત્યાગ કરું કે ન કરું ?"

### મૃગાપુત્રનું ભૂમિગૃહમાં સ્થાપન—

૨૦૦. ત્યારપછી તે વિજય ક્ષત્રિય તે ધાત્રી માતાની પાસેથી આ અર્થ (વૃત્તાંત) સાંભળી તે જ પ્રમાણે સંભ્રાંત થઈ ઊઠીને ઊભો થયો, ઊભો

થઈને જ્યાં મૃગાદેવી હતી ત્યાં આવ્યો. આવીને મૃગાદેવીને આ પ્રમાણે તેણે કહ્યું—"હે દેવાનુપ્રિયા! તારો આ પહેલો ગર્ભ છે, તેથી જો તું એને એકાંતે ઉકરડામાં ત્યાગ કરીશ (કરાવીશ) તો તારી પ્રજા (સંતતિ) સ્થિર નહીં થાય, તેથી તું આ દારકને ગુપ્ત રીતે ભોંયરામાં રાખી ગુપ્ત રીતે ભોજન અને પાણીવડે તેનું પોષણ કરતી રહે. તે રીતે કરવાથી તારી પ્રજા સ્થિર થશે."

ત્યારપછી તે મૃગાદેવીએ વિજય ક્ષત્રિયના આ અર્થને (વચનને) 'તહ ત્તિ'—('બહુ સારું')' એમ કહી વિનયવડે અંગીકાર કર્યો, અંગીકાર કરીને તે દારકને ગુપ્ત ભોંયરામાં રાખી ગુપ્ત ભોજનભાન વડે પોષણ કરતી રહેવા લાગી.

૨૦૧. આ પ્રમાણે નિશ્ચે હે ગૌતમ! મૃગાપુત્ર નામનો દારક પૂર્વકાળે કરેલા એ જ કારણ માટે પુરાણ એટલે જૂનાં બાંધેલાં કર્મોના યાવત્ (દુષ્ટ રીતે આચરણ કરેલા, પ્રતિક્રમણ નહીં કરેલા ઇત્યાદિ પાપકર્મના) ફળને ભોગવતો રહેલો છે."

**મૃગાપુત્રના નવા ભવનું વર્ણન—**

૨૦૨. ગૌતમસ્વામી પૂછે છે કે—"હે ભગવન્! મૃગાપુત્ર દારક કાળમાસે કાળ કરીને એટલે મૃત્યુને સમયે મૃત્યુ પામીને ક્યાં જશે? અને ક્યાં ઉત્પન્ન થશે?"

ભગવાન શ્રી મહાવીરસ્વામી ઉત્તર આપે છે કે—"હે ગૌતમ! તે મૃગાપુત્ર દારક છવ્વીસ વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય પાળીને (ભોગવીને) મૃત્યુ સમયે મૃત્યુ પામીને આ જ જંબૂદ્વીપ નામના દ્વીપને વિષે ભરતક્ષેત્રને વિષે વૈતાઢ્ય પર્વતની તળેટીમાં સિંહના કુળમાં સિંહપણે ઉત્પન્ન થશે અર્થાત્ તે ત્યાં સિંહ થશે.

તે સિંહ અધાર્મિક-પાપી યાવત્ (શૂરવીર દૃઢ પ્રહાર કરનાર) સાહસિક થશે, અને ઘણું પાપ યાવત્ ઉપાર્જન કરશે, યાવત્ ઉપાર્જન કરીને મૃત્યુ સમયે મૃત્યુ પામી આ રત્નપ્રભા નામની પહેલી નરકપૃથ્વીને વિષે ઉત્કૃષ્ટ એક સાગરોપમની સ્થિતિવાળા નારકીને રૂપે યાવત્ નારકીપણે ઉત્પન્ન થશે.

ત્યાંથી અનંતર (પછી) તે ઉદ્ધરીને (નીકળીને) સરીસૃપ (સાપ-નોળિયા આદિ)ને વિષે ઉત્પન્ન થશે. ત્યાં મૃત્યુ સમયે મૃત્યુ પામીને બીજી નરકપૃથ્વીમાં ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમની સ્થિતિવાળા નારકીમાં નારકપણે ઉત્પન્ન થશે.

ત્યાંથી અનંતર તે નીકળીને પક્ષીને વિષે ઉત્પન્ન થશે. ત્યાં પણ મૃત્યુ સમયે મૃત્યુ પામીને ત્રીજી પૃથ્વીને વિષે ઉત્કૃષ્ટ સાત સાગરોપમની સ્થિતિવાળો નારકી થશે.

ત્યાંથી નીકળીને તે સિંહને વિષે ઉત્પન્ન થશે. ત્યારપછી ચોથી નરક પૃથ્વીમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ઉરગ (સર્પ) થશે, ત્યાંથી પાંચમી પૃથ્વીમાં જશે. ત્યાંથી નીકળી સ્ત્રી થઈ છઠ્ઠી પૃથ્વીમાં જશે. ત્યાથી મનુષ્ય (પુરુષ) થઈ નીચે સાતમી પૃથ્વીમાં ઉત્પન્ન થશે.

ત્યાંથી અનંતર નીકળીને જે આ જળચર પંચેંદ્રિય, તિર્યંચ યોનિવાળા મત્સ્ય, કાચબા, ગ્રાહ-મગર અને સુંસુમાર વિગેરેની સાડાબાર લાખ જાતિ કુલકોટિ (યોનિપ્રમુખ) કહેલી છે, તેમાં એક એક યોનિના ભેદને (પ્રકારને) વિષે અનેક લાખ વાર જન્મી મરણ પામી પામી વારંવાર ત્યાં જ ઉત્પન્ન થશે.

તે ત્યાંથી નીકળીને આ પ્રમાણે ચતુષ્પદને વિષે, ઉરપરિસર્પને વિષે, ભુજપરિસર્પને વિષે, ખચર (પક્ષી)ને વિષે, ચતુરિંદ્રિયને વિષે, ત્રિન્દ્રિયને વિષે, દ્વીન્દ્રિયને વિષે, વનસ્પતિને વિષે, કડવા વૃક્ષને વિષે, કડવા રસવાળી વનસ્પતિને વિષે, વાયુકાયને વિષે, તેજસ્કાયને વિષે, અપ્કાયને વિષે તથા પૃથ્વીકાયને વિષે અનેક લાખ વાર ઉત્પન્ન થશે અને મરશે.

ત્યાંથી અનંતર તે નીકળીને સુપ્રતિષ્ઠપુર નગરને વિષે વૃષભ (સાંઢ) પણે ઉત્પન્ન થશે. ત્યાં તે બાલ્યાવસ્થાને મૂકી યાવત્ યૌવનપણાને પામશે ત્યારે એકદા કદાચિત્ પહેલી વર્ષાઋતુમાં ગંગા નામની મહાનદીમાં કાંઠાની ભેખડની માટીને ખણતાં તે ભેખડ તેનાપર પડવાથી

મૃત્યુ પામીને તે જ સુપ્રતિષ્ઠપુર નગરમાં શ્રેષ્ઠીના કુળને વિષે પુત્રપણે ઉત્પન્ન થશે.

તે શ્રેષ્ઠીપુત્ર ત્યાં બાલ્યાવસ્થાથી મુક્ત થઈ યાવત્ વિજ્ઞાન એટલે જાણનાર અને પરિણત માત્ર એટલે બુદ્ધયાદિકના પરિણામને પામેલો યુવાવસ્થાને પામશે, અને તથા પ્રકારના સ્થવિર મુનિની પાસે ધર્મ સાંભળી, હૃદયમાં ધારી, મુંડ થઈ અગારથી (ગૃહસ્થવાસથી) નીકળી અનગાર-પણામાં-મુનિપણામાં જશે-દીક્ષા ગ્રહણ કરશે.

ત્યાં તે અનગાર-સાધુ થશે. તે ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાનભાંડ માત્ર નિક્ષેપ સમિતિ, ઉચ્ચાર-પ્રસ્રવણ, ખેલ-સિંઘાણ-જલ્લ-પરિષ્ઠાપનિકા સમિતિથી યુક્ત, મનોગુપ્ત, વચનગુપ્ત અને કાયગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી એવો અનગાર થશે.

ત્યાં તે ઘણાં વર્ષો ચારિત્રપર્યાયને પાળીને આલોચના તથા પ્રતિક્રમણ કરીને સમાધિપૂર્વક કાળમાસે કાળ કરીને એટલે મૃત્યુ સમયે મૃત્યુ પામીને સૌધર્મકલ્પ નામના પહેલા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે.

ત્યારપછી તે સ્વર્ગથી આવીને મહાવિદેહ ક્ષેત્રમાં જે આઢ્ય એટલે સમૃદ્ધિવાળાં છે. અને કોઈથી પરાભવ ન પામે તેવાં કુળો છે તેમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે. ત્યાં તે દૃઢપ્રતિજ્ઞની જેમ કળાઓ વગેરેનો અભ્યાસ કરશે યાવત્ સિદ્ધિ પ્રાપ્ત કરશે, બોધિ પ્રાપ્ત કરશે, કર્મોથી મુક્ત થશે, પરિનિર્વાણ પ્રાપ્ત કરશે અને બધાં દુ:ખોનો અંત કરશે

## ૧૧. ઉજ્ઝતક કથાનક

**વાણિજ્યગ્રામમાં સાર્થવાહપુત્ર ઉજ્ઝિતક—**

૨૦૩. તે કાળે તે સમયે વાણિજ્યગ્રામ નામે નગર હતું. તે ઋદ્ધિવાળું, નિર્ભય અને સમૃદ્ધિવાળું હતું-વર્ણન.

તે વાણિજ્યગ્રામની ઉત્તર અને પૂર્વની વચ્ચે એટલે ઈશાન ખૂણામાં દૂતીપલાશ નામનું ઉદ્યાન હતું.

તે દૂતીપલાશ ઉદ્યાનને વિષે સુધર્મ નામના યક્ષનું યક્ષાયતન (ચૈત્ય) હતું.

તે વાણિજ્યગ્રામ નગરમાં મિત્ર નામે રાજા હતો. રાજાનું વર્ણન.

તે મિત્ર નામના રાજાને શ્રી નામની દેવી રાણી હતી. વર્ણન.

૨૦૪. તે વાણિજ્યગ્રામને વિષે કામધ્વજા નામની ગણિકા હતી. તેનું શરીર અને પાંચે ઇંદ્રિયો હીનતારહિત પરિપૂર્ણ હતાં યાવત્ તે ખૂબ રૂપવાળી હતી. બોંતેર કળામાં પંડિત હતી; ગીત, નૃત્ય વગેરે ચોસઠ અથવા વાત્સ્યાયન શાસ્ત્રમાં કહેલા આલિંગન વગેરે આઠ વસ્તુ-ઓના આઠ આઠ ભેદ હોવાથી કુલ ચોસઠ ગુણો ગણિકાના કહેલા છે તેણે કરીને સહિત હતી, કામશાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા ઓગણત્રીશ વિશેષોમાં ક્રીડા કરનારી (નિપુણ) હતી. રતિના એકવીશ ગુણો વડે પ્રધાન-શ્રેષ્ઠ હતી, પુરુષના ઉપચાર કરવામાં કુશળ હતી, બે કાન, બે નાસિકાના છિદ્ર, એક જિહ્વા, એક સ્પર્શેન્દ્રિય (ચામડી) અને એક મન, આ નવ અંગો બાલ્યાવસ્થામાં સૂતેલાં તેવાં હતાં તેને યુવા-વસ્થાએ જાગૃત કર્યા, એટલે પોતપોતાના વિષય ગ્રહણ કરવામાં નિપુણતાને પામેલાં હતાં. આવા પ્રકારની તે હતી અર્થાત્ યૌવનને પામેલી હતી, અઢાર પ્રકારની દેશી ભાષાઓ જાણવામાં પંડિત હતી, શૃંગારરસનું જાણે ઘર હોય એવો તેણીનો મનોહર વેષ હતો, ગીતને વિષે પ્રીતિવાળી હતી, ગંધર્વ અને નાટ્યમાં કુશળ હતી, તેણીના ગમન, વચન, વિહિત (કાર્ય) અને વિલાસ સંગત એટલે મનોહર હતાં, પ્રસન્નતા સહિત વાતચિત કરવામાં તે નિપુણ હતી, યુક્ત (યોગ્ય) એવા ઉપચાર એટલે વ્યવહારને વિષે તે કુશળ હતી, તે સુંદર એવા સ્તન, જઘન, મુખ, હાથ, પગ, નેત્ર, લાવણ્ય અને વિલાસે કરીને સહિત હતી, તેની જયપતાકા તેના નિવાસસ્થાન પર ફરકતી હતી, એક હજાર મુદ્રા આપવાથી તેણીની પ્રાપ્તિ થતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ તેની એક રાત્રિની કિંમત હજાર મુદ્રાઓની હતી. રાજાએ તેણીને પ્રસન્ન થઈને છત્ર તથા ચામરરૂપી બાલવ્યજનિકા અર્પણ કરી હતી, કર્ણીરથ નામના વાહન વડે તે ગમનાગમન કરતી હતી, આવી તે ગણિકા હતી તથા તે બીજી ઘણી હજાર ગણિકાઓનું અધિપતિપણું કરતી યાવત્ રહેલી હતી.

૨૦૫. તે વાણિજ્યગ્રામમાં વિજયમિત્ર નામે સાર્થવાહ રહેતો હતો જે ધનાઢ્ય–યાવત્–કોઈથી પરાભવ ન પામે તેવો હતો.

તે વિજયમિત્રને સુભદ્રા નામની ભાર્યા હતી.

તે વિજયમિત્રનો પુત્ર અને સુભદ્રાભાર્યાનો આત્મજ ઉજ્ઝિતક નામનો દારક હતો જે પરિપૂર્ણ પાંચે ઇન્દ્રિયોવાળો હતો, શરીરથી સુસમ્પન્ન સુંદર શારીરિક લક્ષણો, વ્યંજનો અને ગુણોથી યુક્ત હતો. આ રીતે માન, ઉન્માન અને પ્રમાણવડે પરિપૂર્ણ તથા સારી રીતે ઉત્પન્ન થયેલાં સર્વ અંગોવડે, અવયવોવડે સુંદર અંગવાળો, ચન્દ્રની સમાન સૌમ્ય આકૃતિવાળો, રમણીય પ્રિયદર્શનીય અને રૂપવાન હતો.

**ભગવાન મહાવીરનું સમવસરણ—**

૨૦૬. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં સમવસર્યા. તેમને વંદવા માટે નગરમાંથી પર્ષદા નીકળી. જેમ કોણિક રાજા નીકળ્યો હતો તેમ મિત્ર રાજા નીકળ્યો. તેની પાસે સ્વામીએ ધર્મ કહ્યો. તે સાંભળી પર્ષદા પાછી ગઈ, રાજા પણ ગયો.

**ગૌતમ દ્વારા ઉજ્ઝિતકના પૂર્વભવની પૃચ્છા—**

૨૦૭. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીના મોટા (પ્રથમ) શિષ્ય ગૌતમ-ગોત્રીય ઇંદ્રભૂતિ નામના અનગાર–યાવત્ તેજોલેશ્યાવાળા, છઠ્ઠ છઠ્ઠની તપસ્યા કરતા અને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા હતા.

ત્યારબાદ ભગવાન ગૌતમે છઠ્ઠની તપસ્યાના પારણાને દિવસે પહેલી પોરસીએ સ્વાધ્યાય કર્યો. બીજી પોરસીમાં ધ્યાન કર્યું અને ત્રીજી પોરસીમાં કોઈ પણ જાતની ઉતાવળ, વ્યાકુળતા કે ગભરાટ વગર મુખપત્રિકાની પ્રતિલેખના કરી. પ્રતિલેખના કરીને પાત્ર અને વસ્ત્રોની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને પાત્રોને લૂછયાં, લૂછીને હાથમાં લીધા, લઈને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજી રહ્યા હતા ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે નિવેદન કર્યું—'હે ભગવાન! હું આપની આજ્ઞા–અનુમતિ લઈને છઠ્ઠની તપસ્યાના પારણા માટે વાણિજ્ય-ગ્રામ નગરના ઉચ્ચ સામાન્ય અને મધ્યમ કૂળોમાં ગૃહ–સામુદાનિક ભિક્ષાચર્યા માટે ફરવા ઇચ્છું છું."

"હે દેવાનુપ્રિય! જેમ સુખ થાય તેમ કરો પરંતુ વિલંબ ન કરો." ભગવાને ઉત્તર આપ્યો.

૨૦૮. તત્પશ્ચાત્ ભગવાન ગૌતમ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી આજ્ઞા મેળવીને ભગવાન મહાવીરથી છૂટા પડીને દૂતિપલાશ ઉદ્યાનમાંથી બહાર નીકળ્યા, નીકળીને ત્વરારહિત, આકુળતા-રહિત અને ચપળતા રહિત ભાવથી યુગ પ્રમાણ જોવાની દૃષ્ટિથી આગળ–આગળ ગમન કરતા જ્યાં વાણિજ્યગ્રામ નગર હતું, ત્યાં ગયા, જઈને વાણિજ્યગ્રામ નગરમાં રહેતા ઉચ્ચ–નીચ અને મધ્યમ કુળમાં ગૃહસામુદાનિક ભિક્ષા-ચર્યા માટે ફરતા જ્યાં રાજમાર્ગ હતો ત્યાં પહોંચ્યા.

ત્યાં રાજમાર્ગ પર તેમણે અનેક હાથી જોયા, જે યુદ્ધ માટે તૈયાર કરાયા હતા. તે હાથીઓને કવચ પહેરાવ્યા હતા, તેના પર ઝૂલ નાખવામાં આવી હતી, તેમની પેટ-પીઠ પર ઉરોબંધ બાંધેલા હતા, ઝૂલની આજુબાજુ ઘંટ લટકાવ્યા હતા અને વિવિધ પ્રકારના મણિ અને રત્નો જડિત ગ્રૈવેયક પહેરાવ્યા હતા, સુરક્ષા માટે તેમના શરીરને ઉત્તરકંચુક નામના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષ કવચથી આચ્છાદિત કરવામાં આવ્યા હતા. જે યુદ્ધના ઉપકરણોની સજ્જ હતા. જે ધ્વજ, પતાકા રૂપ પાંચ શિરોભૂષણથી વિભૂષિત હતા તેમ જ તેમના પર આયુધ અને પ્રહરણથી સજ્જ એવા સૈનિક અને મહાવત સવાર હતા.

આ પ્રમાણે જ ત્યાં અનેક ઘોડા જોયા, જેને યુદ્ધ માટે તૈયાર કરવામાં આવ્યા હતા, શારીરિક સુરક્ષા માટે જેનાં અંગો પર ઝૂલ નાખવામાં આવી હતી, તેમને કવચ પહેરાવવામાં આવ્યાં હતાં. જેમના મોંમાં લગામ હતી અને તે ગુસ્સામાં વારંવાર હોઠ ચાવી રહ્યા હતા. તેમનો કટિપ્રદેશ ચમર અને સ્થાસક જેવા વિશેષ આભરણથી વિભૂષિત હતો અને આયુધ તેમ જ પ્રહરણાદિ લઈને તેના પર ઘોડેસવાર સૈનિકો બેઠા હતા.

આ જ પ્રમાણે ઘણા બધા પદાતિ યોદ્ધાને જોયા, જેમણે કસીને બાંધેલા લોખંડના કવચ પહેર્યા હતા, તેમણે ધનુષરૂપી પટ્ટિકા પર પ્રત્યંચા ચડાવી હતી. તેમણે કંઠમાં ગ્રૈવેયક નામનું આભૂષણ પહેરેલું હતું. તેમણે નિર્મળ અને શ્રેષ્ઠ ચિહ્નપટ્ટ બાંધેલો હતો, તથા તેમણે આયુધ અને પ્રહરણો ગ્રહણ કર્યાં હતાં.

તે પુરુષોની વચમાં તેણે એક પુરુષને જોયો જેના હાથ પીઠ સાથે બાંધેલા હતા, નાક અને કાન કપાયેલા હતા, શરીર ઘીથી લિપ્ત હતું, તેણે વધ્યપુરુષને યોગ્ય વસ્ત્ર યુગલ પહેર્યું હતું, તેના હાથમાં હાથકડી પહેરાવેલી હતી, ગળામાં ફૂલની માળા લટકી રહી હતી, શરીરે ગેરુ ચોપડયો હતો. તે ભયથી કાંપતો હતો, પ્રાણ-રક્ષા ઈચ્છતો હતો, તેના શરીરમાંથી તલ-તલના ટુકડા જેટલું માંસ કાપવામાં આવી રહ્યું હતું અને સ્વયં તેને તેમ જ કાગડા-કૂતરાને ખવડાવવામાં આવી રહ્યું હતું. તે પાપી કોયડા અને પથ્થરોના મારને લીધે લોહી લુહાણ થઈ ગયો હતો. તે સેંકડો સ્ત્રી-પુરુષો વડે ઘેરાયેલો હતો, તથા જેના વિશે ચોરે ને ચૌટે ફૂટેલો ઢોલ પીટીને આ અને આવા પ્રકારની જાહેરાત કરવામાં આવી રહી હતી કે "હે દેવાનુપ્રિયો! કોઈ રાજા કે રાજપુત્રે આ ઉજ્ઝિતક બાળકનો અપરાધ નથી કર્યો. પરંતુ આ તો તેના પોતાના જ કર્મોનું ફળ છે."

૨૦૯. તત્પશ્ચાત્ તે પુરુષને જોઈને ભગવાન ગૌતમને આ અને આ પ્રમાણેનો આધ્યાત્મિક ચિંતિત, કલ્પિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે 'અરે! આ પુરુષ પૂર્વ-જન્મના દુશ્ચીર્ણ, દુષ્પ્રતિક્રાન્ત, અશુભ પાપ-કર્મોનું ફળ ભોગવી રહ્યો છે. મેં નો નરક કે નારકને જોયા નથી. પરંતુ આ પુરુષ સાક્ષાત્ નરક જેવી વેદનાનું વેદન કરે છે." આમ વિચાર કરતા કરતા વાણિજ્યગ્રામ નગરના ઉચ્ચ, નીચ, મધ્યમ કુળોમાં ફરતાં તેમણે પર્યાપ્ત સમુદાન-ભિક્ષા ગ્રહણ કરી અને ગ્રહણ કરીને વાણિજ્યગ્રામ નગરમાંથી પસાર થયા અને અત્વરિત, અનુકૂળ અને અનુદ્વિગ્ન થઈને યુગ પ્રમાણ ભૂમિ જોવાની ઈચ્છાથી આગળ-આગળ ગમન કરતા, અવલોકન કરતાં જ્યાં દૂતિપલાશ ઉદ્યાન હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા, ત્યાં ગયા, જઈને તેમણે શ્રમણ ભગવાન મહાવીરની નિકટ ગમનાગમન સંબંધી દોષો માટે પ્રતિક્રમણ કર્યું, પ્રતિક્રમણ કરીને એષણીય-અનેષણીય આહારવિષયક આલોચના કરી, આલોચના કરીને આહાર પાણી દેખાડયાં, દેખાડીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે નિવેદન કર્યું, 'હે ભદન્ત! હું આપની આજ્ઞા લઈને વાણિજ્યગ્રામ નગરમાં ગયો હતો ત્યારે મેં ત્યાં આ પ્રમાણે જોયું" એમ કહી નારકીય વેદનાના પ્રસંગનું નિવેદન કર્યું.

"હે ભદન્ત! તે પુરુષ પૂર્વભવમાં કોણ હતો? તેનું નામ શું હતું અને તે કયા ગોત્રનો હતો? કયા નગર અથવા ગામમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેતો હતો ? શું કરીને, શું ભોગવીને અને કેવાં પાપકર્મોનું આચરણ કરીને, પૂર્વભવમાં ઉપાર્જિત કેવા દુશ્ચીર્ણ, દુષ્પ્રતિક્રાન્ત અશુભ પાપકર્મોના ફળસ્વરૂપ આવી વેદનાનું વેદન કરી રહ્યો છે ?" .

**ઉજ્ઝિતકનું ગોત્રાસભવ કથાનક—**

૨૧૦. "હે ગૌતમ ! તે કાળે, તે સમયે જમ્બૂદ્વીપ નામક દ્વીપમાં ભારત વર્ષમાં ભવનાદિ વૈભવ સંપન્ન સ્વપરચક્ર ભયથી મુક્ત અને ધન-ધાન્યથી સમૃદ્ધ હસ્તિનાપુર નામે નગર હતું. તે હસ્તિનાપુર નગરમાં સુનન્દ નામે રાજા હતો, જે મહાહિમવાન, મલય, મન્દર પર્વતો જેવો તેમજ મનુષ્યોમાં ઈન્દ્ર જેવો મહાન તેમજ પ્રધાન હતો.

તે હસ્તિનાપુર નગરના મધ્ય ભાગમાં સેંકડો સ્તંભ પર નિર્મિત, મનને પ્રસન્ન કરનાર, દેખવામાં મનોહર અને અસાધારણ સુંદર એક વિશાળ ગૌમંડપ બનાવેલો હતો,

તેમાં ઘણી બધી અનાથ અને સનાથ ગાયો, બળદો આદિ પશુ, નગરની ગાયો, નગરના બળદો (નગરના વાછરડા, વાછરડી, પાડા-પાડી), નગરના સાંઢ, ઘાસ અને પાણી વિપુલ પ્રમાણમાં મળતા હોવાથી કોઈ ભય કે અડચણ વગર સુખપૂર્વક રહેતાં હતાં.

**હસ્તિનાપુરમાં ભીમ કૂટગ્રાહ—**

૨૧૧. તે હસ્તિનાપુર નગરમાં ભીમ નામે એક કૂટગ્રાહ (કપટથી પ્રાણીઓને ફસાવનારો) રહેતો હતો, જે અધર્મી યાવત્ મુશ્કેલીથી પ્રસન્ન થનારો હતો.

૨૧૨. તે ભીમ કૂટગ્રાહની ઉત્પલા નામે પત્ની હતી. જે પાંચે ઈન્દ્રિયોયુક્ત પરિપૂર્ણ શરીર-વાળી હતી.

તે ઉત્પલા કૂટગ્રાહિણી કોઈ એક વખતે ગર્ભવતી થઈ.

**ભીમની પત્ની ઉત્પલાને થયેલો માંસભક્ષણનો દોહદ—**

૨૧૩. ત્યારબાદ તે ઉત્પલા કૂટગ્રાહિણીને ત્રણ માસ પૂર્ણ થતાં આ પ્રમાણેની ઈચ્છા ઉત્પન્ન થઈ કે—'તે માતાઓ ધન્ય છે, તે માતાઓ પુણ્ય-શાળી છે, તે માતાઓ કૃતાર્થ છે, તે માતાઓ પૂર્વોપાર્જિત પુણ્યવાળી છે, તે માતાઓ કૃત-લક્ષણ છે. તેમણે મનુષ્યજન્મ અને જીવનનું સુફળ પ્રાપ્ત કર્યું છે, જે નગરના સનાથ, અનાથ ગાય-બળદ આદિ પશુઓના, નગરની ગાયોના, નગરના બળદોના, નગરના વાછરડા-વાછરડીના અને નગરના સાંઢના ઉધસ્-વક્ષ ભાગ, સ્તન, વૃષણ (અંડકોષ), પૂંછડી, કકુદ, સ્કંધ, કાન, આંખ, નાક, જીભ, હોઠ અને ગલકંબલ-ગળાની ગાદીના પકાવેલા, તળેલા સેકેલા, સૂકવેલા અને લવણ નાખીને સંસ્કૃત બનાવેલા-રાંધેલા માંસ સાથે સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ અને પ્રસન્ન જાતની મદિરાનો સ્વાદ લેતી, વારંવાર પીતી, પીતી-પીવડાવતી, ખાતી-ખવડાવતી પોતાની ઈચ્છા પૂર્ણ કરે છે.

તો હું પણ નગરના ગાય આદિ પશુઓના યાવત્ પ્રસન્ન મદિરાનો સ્વાદ લેતી, વારંવાર પીતી, બીજાને પીવડાવતી અને ખવડાવતી મારી ઈચ્છા પૂર્ણ કરું." આમ વિચાર કર્યો અને તે ઈચ્છા પૂર્ણ ન થવાને કારણે તે શુષ્ક બની ગઈ, ભૂખથી વ્યાકુળ થઈ ગઈ, માંસરહિત રોગી જેવા શરીરવાળી, નિસ્તેજ, દીન અને ઉદાસ મુખવાળી બની ગઈ, તેનું મુખ પીળું પડી ગયું, તેના નેત્ર અને મુખ-કમળ મુરઝાઈ ગયા, યથોચિત પુષ્પ, વસ્ત્ર, ગંધ, પુષ્પમાળા, આભૂષણ, હાર આદિનો ઉપભોગ ન કરતી, હાથમાં મસળી નાખેલી કમળની માળા જેવી નિરુત્સાહ થઈને લમણે હાથ દઈને ચિંતામાં ડૂબી ગઈ.

૨૧૪. આ બાજુ ભીમ કૂટગ્રહ જ્યાં ઉત્પલા કૂટ-ગ્રાહિણી હતી ત્યાં આવ્યો, આવીને (ઉત્પલા કૂટગ્રાહિણીને) ઉત્સાહરહિત, લમણે હાથ દઈને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિંતામાં ડૂબેલી જોઈ, જોઈને આ પ્રમાણે પૂછ્યું-" હે દેવાનુપ્રિયે ! તું કેમ ઉત્સાહરહિત લમણે હાથ દઈને દુ:ખી થઈ રહી છે ?"

ત્યારે તે ઉત્પલા ભાર્યાએ ભીમ કૂટગ્રાહને આ પ્રમાણે જણાવ્યું-' હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે ગર્ભના ત્રણ માસ વીતી ગયા ત્યારે મને આ દોહદ ઉત્પન્ન થયો કે તે માતાઓ ધન્ય છે યાવત્ સૂકાયેલા અને લવણ વડે સંસ્કૃત કરેલા માંસ તેમ જ સૂરા, મધુ, મેરક, જાતિ, સીધુ અને પ્રસન્ના નામક મદિરાનો આસ્વાદ લેતી, વારંવાર પીતી, બીજાને પીવડાવતી અને પરિભોગ કરતી પોતાનો દોહદ પૂર્ણ કરે છે.

પરંતુ હે દેવાનુપ્રિય ! હું તે દોહદ પૂર્ણ ન થવાથી શુષ્ક, બુભુક્ષિત, માંસરહિત, રુગ્ણ અને રુગ્ણ શરીરવાળી, નિસ્તેજ, દીન, અન્યમનસ્ક, પીળા મુખવાળી, મુરઝાયેલા કમળ જેવા નેત્ર અને મુખવાળી, યથોચિત પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર, હારનો પરિભોગ ન કરતી હાથમાં મસળી નાખવામાં આવેલી કમળની માળા જેવી, ભગ્ન મનોરથ અને લમણે હાથ દઈને, નજર જમીનમાં ખોડીને ચિંતામાં ડૂબી ગઈ છું."

**ભીમ દ્વારા દોહદ-પૂર્તિ—**

૨૧૫. તદનન્તર ભીમ કૂટગ્રાહે ઉત્પલા ભાર્યાને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયે ! તું ભગ્ન મનોરથ ન થા. લમણે હાથ દઈને, જમીનને તાકીને ચિંતામાં ન ડૂબી જા. હું તારા દોહદની પૂર્તિ કરીશ. હું તારા દોહદની સંપૂર્તિ કરીશ." આમ તેને ઈષ્ટ, કાન્ત (ઇચ્છિત), પ્રિય, મનોહર અને મણામ (મનને પ્રિય) વાણીમાં આશ્વાસન આપ્યું.

તત્પશ્ચાત્ તે ભીમ કૂટગ્રાહ અર્ધરાત્રિએ એકલો જ કસીને બાંધેલું કવચ ધારણ કરીને ભુજા પર શરાસન-પટ્ટીકા બાંધીને, ગળામાં ગ્રૈવેયક પહેરીને, પોતાના સંકેત પટ્ટકને બાંધીને અને આયુધ પ્રહરણો લઈને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને હસ્તિનાપુર નગરના મધ્યભાગમાં જ્યાં ગૌમંડપ હતો, ત્યાં પહોંચીને નગરના અનાથ-સનાથ ગાય-બળદ આદિ પશુઓ, વાછરડા-વાછરડી અને સાંઢમાંથી કોઈના ઉધસ્નો તો કોઈના થાન, કોઈના વૃષણ, તો કોઈની પૂંછડી, કોઈના કકુદ, તો કોઈના સ્કંધ, કોઈનો કાન તો, કોઈનું નાક, કોઈની જીભ, તો કોઈના હોઠ, કોઈના ગળકંબલને કાપ્યા અને બીજા કેટલાયના અંગોપાંગો કાપ્યા, કાપીને જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવ્યો, આવીને ઉત્પલા કૂટગ્રાહિણીને આપી દીધા.

તત્પશ્ચાત્ તે ઉત્પલા ભાર્યાએ શૂળ પર પકવેલા, તળેલા, બાફેલા, સેકેલા, સૂકવેલા અને નમક મેળવેલા ગોમાંસ સાથે સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ અને પ્રસન્ના મદિરાનો સ્વાદ લેતાં લેતાં વારંવાર પીતા, બીજાને પીવડાવતાં તે દોહદ પૂર્ણ કર્યો.

ત્યાર બાદ તે ઉત્પલા કૂટગ્રાહિણી સંપૂર્ણ-દોહદ, સન્માનિતદોહદ, વિનીતદોહદ, વ્યુચ્છિન્ન-દોહદ, અને સંપન્ન-દોહદવાળી થઈને સુખપૂર્વક ગર્ભનું વહન કરવા લાગી.

**દારકનો જન્મ—**

૨૧૬. તત્પશ્ચાત્ તે ઉત્પલા કૂટગ્રાહિણીએ સમય વીતતાં, નવ માસ પૂર્ણ થતાં બાળકને જન્મ આપ્યો.

ત્યાર બાદ જન્મતાં જ બાળક જોર શોરથી રડવા (ચીસો પાડવા) લાગ્યું, જે અવાજ ભયાનક ચીત્કારપૂર્ણ અને કર્ણકટુ હતો.

ત્યારે તે બાળકના રડવાનો ભયંકર અવાજ સાંભળીને અને જાણીને હસ્તિનાપુર નગરના અનેક સનાથ-અનાથ પશુઓ, ગાય, બળદ, વાછરડા-વાછરડી અને સાંઢ આદિ ભયભીત ત્રસ્ત, વ્યાકુળ, ઉદ્વિગ્ન અને ભયગ્રસ્ત બનીને આમ-તેમ ચારે તરફ ભાગવા લાગ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાળકનું ગોત્રાસ નામકરણ—**

૨૧૭. તત્પશ્ચાત્ તે બાળકના માતા-પિતાએ તેનું આ અને આ પ્રમાણે નામકરણ કર્યું. "કારણ કે અમારા આ બાળકના જન્મતાં જ મોટે મોટેથી રડવાનો અવાજ ભયંકર, ચીત્કારપૂર્ણ અને કર્ણકટુ હતો, આ બાળકનો કર્ણકટુ અવાજ સાંભળીને અને ઓળખીને હસ્તિનાપુર નગરના ઘણા બધા સાંઢ, ભયભીત, ત્રસ્ત, વ્યાકુળ, ઉદ્વિગ્ન અને ભયાક્રાંત થઈને આમ-તેમ ચારે બાજુ ભાગવા માંડ્યા, તેથી અમારા આ બાળકનું નામ 'ગોત્રાસ' એવું રહો."

તત્પશ્ચાત્ તે ગોત્રાસ બાળક બાળ-ભાવને ત્યાગીને યુવાવસ્થાને પામ્યો.

**ભીમના મરણ પછી ગોત્રાસનું કૂટગ્રાહત્વ—**

૨૧૮. તત્પશ્ચાત્ તે ભીમ કૂટગ્રાહ કોઈ સમયે કાળધર્મ પામ્યો.

તત્પશ્ચાત્ ગોત્રાસ બાળકે પોતાના અનેક મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન સંબંધીઓ સાથે આક્રંદ-રુદન, વિલાપ કરતાં કરતાં ભીમ કૂટ-ગ્રાહનો દાહસંસ્કાર કર્યો, ત્યાર બાદ અનેક લૌકિક મૃતક સંબંધી ક્રિયાઓ કરી.

તત્પશ્ચાત્ કોઈ એક સમયે સુનન્દ રાજાએ સ્વયમેવ ગોત્રાસને કૂટગ્રાહ રૂપે સ્થાપિત કર્યો.

ત્યાર પછી તે ગોત્રાસ કૂટગ્રાહ બની ગયો અર્થાત્ કૂટગ્રાહ નામે પ્રસિદ્ધ થઈ ગયો. તે ખૂબ જ અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનન્દ —મુશ્કેલીથી પ્રસન્ન કરી શકાય તેવો હતો.

**ગોત્રાસનું માંસભક્ષણ અને નરકોદ્ભવ—**

૨૧૯. તત્પશ્ચાત્ તે ગોત્રાસ કૂટગ્રાહ દરરોજ અર્ધ-રાત્રિએ એકાકી થઈને સૈનિક સમાન કવચ આદિથી રક્ષિત થઈને યાવત્ આયુધ અને પ્રહરણ લઈને પોતાના ઘરેથી નીકળતો, નીકળીને જ્યાં ગૌમંડપ હતો ત્યાં જતો, જઈને નગરનાં અનેક સનાથ-અનાથ પશુઓ યાવત્ તે પશુ-ઓનાં અંગો કાપી જતો અને લઈને પોતાના ઘરે આવતો રહેતો.

તત્પશ્ચાત્ તે ગોત્રાસ કૂટગ્રાહ શૂળ પર પકાવેલા તળેલા, બાફેલા, સેકેલા અને મીઠાથી સંસ્કૃત કરેલા ગોમાંસ તેમ જ સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ અને પ્રસન્ના મદિરાનો આસ્વાદ લેતો, વાર-વાર પીતો પીવડાવતો અને ખાતો-ખવડાવતો પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યો.

તત્પશ્ચાત્ આ પ્રકારનાં કર્મોથી, આ પ્રકારનાં કાર્યોનું પ્રધાન આચરણ કરવાથી, આ પ્રકારની પાપવિદ્યા અને આચરણ કરીને તે ગોત્રાસ કૂટગ્રાહ પાપકર્મોનું ઉપાર્જન કરીને પાંચસો વર્ષના પૂર્ણ આયુષ્યનો ઉપભોગ કરીને ચિંતા અને દુઃખથી પીડિત થઈને કાળ સમયે મરણ પામીને બીજી નરકપૃથ્વીમાં ઉત્કૃષ્ટ ત્રણ સાગ-રોપમની સ્થિતિવાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થયો.

**ઉજ્ઝિતકના વર્તમાનભવનું વર્ણન—**

૨૨૦. તત્પશ્ચાત્ વિજયમિત્ર સાર્થવાહની સુભદ્રા નામે ભાર્યા જાતનિંદુકા-મૃતવંધ્યા હતી કે જન્મ લેતાં જ તેનાં બાળકો વિનાશ પામતાં, મરી જતાં.

તદનન્તર તે ગોત્રાસ કૂટગ્રાહ બીજી નારક પૃથ્વીમાંથી નીકળીને આ વાણિજ્યગ્રામ-નગરમાં વિજયમિત્ર સાર્થવાહની ભાર્યા સુભદ્રાની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો.

ત્યાર બાદ નવ માસ પૂર્ણ થયા પછી સુભદ્રા સાર્થવાહીને પુત્રનો પ્રસવ થયો.

**બાળકનું ઉજ્ઝિતક નામકરણ—**

૨૨૧. તત્પશ્ચાત્ તે સુભદ્રા સાર્થવાહીએ ઉત્પન્ન થતાં જ બાળકને નિર્જન સ્થાને આવેલા ઉકરડા પર ફેંકાવી દીધો અને પછી ત્યાંથી ઉપડાવી યથારીતિ ક્રમપૂર્વક સંરક્ષણ તેમ જ સંગોપન કરતી તેનું પરિવર્ધન કરવા લાગી.

તદનન્તર તે બાળકના માતા-પિતાએ મહાન ઋદ્ધિ સત્કાર અને સમારોહ સાથે સ્થિતિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પતિતા-પુત્રજન્મોત્સવ, સૂર્ય-ચંદ્ર દર્શન, જાગરણ કર્યું.

ત્યાર બાદ તે બાળકના માતા-પિતાએ અગિયાર દિવસ પૂરા થતાં બારમે દિવસે તેનું આ અને આ પ્રમાણે ગૌણ-ગુણ સંબંધિત, ગુણનિષ્પન્ન નામકરણ કર્યું, "કેમકે ઉત્પન્ન થતાં જ અમે આ બાળકને નિર્જન સ્થાને આવેલા ઉકરડા પર ફેંકાવી દીધો હતો તેથી અમારા આ બાળકનું નામ 'ઉજ્ઝિતક' હો."

તદનન્તર તે ઉજ્ઝિતક બાળક ક્ષીરધાત્રી, મજ્જનધાત્રી, મંડનધાત્રી, ક્રીડાપનધાત્રી અને અંકધાત્રી આમ પાંચ ધાયમાતાઓની દેખ-રેખમાં દઢપ્રતિજ્ઞની જેમ યાવત્ નિર્વાત, નિર્વ્યાઘાત, ગિરિકન્દરા (પર્વતની ગુફા)માં આવેલા ચંપકવૃક્ષની જેમ સુખપૂર્વક મોટો થવા લાગ્યો.

**વિજયમિત્રનું લવણ સમુદ્રમાં મરણ—**

૨૨૨. તદનન્તર કોઈ એક સમયે વિજયમિત્ર સાર્થવાહ ગણિમ-ગણીને વેચવામાં આવતી વસ્તુઓ, ધરિમ-તોળીને વેચવામાં આવતી વસ્તુઓ, મેય-માપીને વેચવામાં આવતી વસ્તુઓ અને પરિચ્છેદ્ય-જેનો ક્રય-વિક્રય ભાગ કરીને કરવામાં આવતો હોય, તેવી ચારેય પ્રકારની વેચવા યોગ્ય વસ્તુઓ લઈને પોતવહન-નૌકા દ્વારા લવણ સમુદ્રમાં ઊપડ્યો.

તત્પશ્ચાત્ લવણ સમુદ્રમાં જહાજ તૂટી જવાથી જેની બધી બહુમૂલ્ય વસ્તુઓ જળમગ્ન થઈ ગઈ તેવો તે વિજયમિત્ર અરક્ષિત અને અશરણ, આશ્રયરહિત થઈને કાળધર્મ પામ્યો, મરણ પામ્યો.

ત્યારબાદ જેવા અનેક ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુમ્બિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સાર્થવાહ આદિએ લવણ સમુદ્રમાં જહાજ તૂટી જવાના અને મૂલ્યવાન વસ્તુઓ પાણીમાં ડૂબી જવાના તેમજ વિજયમિત્ર સાર્થવાહના મરણના સમાચાર સાંભળ્યા અને તે જ સમયે હાથવગાં શેષ મૂલ્યવાન આભૂષણો આદિ લઈને એકાન્ત સ્થાને ચાલ્યા ગયા, છુપાઈ ગયા.

ત્યાર બાદ તે સુભદ્રા સાર્થવાહીએ લવણ-સમુદ્રમાં વહાણ સંકટમાં સપડાયાના, મૂલ્યવાન વિક્રય યોગ્ય વસ્તુઓ ડૂબી જવાના અને વિજયમિત્ર સાર્થવાહ કાળધર્મ પામ્યાના-મૃત્યુ પામ્યાના સમાચાર સાંભળ્યા અને સાંભળતાં જ પતિવિયોગજન્ય મહાન શોકથી દુઃખી થઈને કુહાડી વડે કાપવામાં આવેલા ચંપક વૃક્ષની જેમ ધડામ દઈને જમીન પર ઢળી પડી.

ત્યારે બાદ થોડી ક્ષણો પછી જ્યારે તે સુભદ્રા સાર્થવાહી આશ્વસ્ત થઈ ભાનમાં આવી ત્યારે અનેક મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન સંબંધીઓ અને પરિજનો વડે ઘેરાઈને રુદન કરતી, આક્રન્દ અને વિલાપ કરતી તેણે વિજયમિત્ર સાર્થવાહની મૃત્યુ સંબંધી લૌકિક ક્રિયાઓ કરી.

ત્યારબાદ કોઈ એક સમયે લવણસમુદ્રમાં ગમન, સાર્થવિનાશ, પોતવિનાશ અને પતિના મરણ વિશે વિચારતી તે સુભદ્રા સાર્થવાહી કાલધર્મ પામી, મરી ગઈ.

**સુભદ્રા સાર્થવાહીના મરણ પછી ઉજ્ઝિતકનું ઘરેથી નિષ્કાસન—**

૨૨૩. તત્પશ્ચાત્ તે નગરરક્ષકોએ સુભદ્રા સાર્થ-વાહીના મરણ વિશે જાણીને ઉજ્ઝિતક બાળકને તેના પોતાના ઘરમાંથી ભગાડી મૂક્યો, અને તે ઘર કોઈ બીજાને આપી દીધું.

ત્યારે તે બાળક ઘરમાંથી કાઢી મૂકાયા પછી વાણિજ્યગ્રામ નગરના શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, પાનગૃહો, શરાબના અડ્ડા-ઓમાં ઈચ્છાનુસાર ફરવા લાગ્યો.

તદનન્તર તે અનપઘટ્ટક (જેને કોઈ રોકનાર નથી), નનિવારક (જેને કોઈ કહેનાર નથી તેવો) ઉજ્ઝિતક સ્વચ્છંદમતિ તેમ જ સ્વેચ્છાચારી બનીને મદ્યપાન, ચૌર્યકર્મ, દ્યૂતકર્મ, વેશ્યા-ગમન, પરસ્ત્રીગમનમાં આસક્ત-લિપ્ત થઈ ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉજ્ઝિતકનો ગણિકા સહવાસ—**

૨૨૪. તત્પશ્ચાત્ કોઈ એક સમયે તે ઉજ્ઝિતક કામધ્વજા ગણિકાના સંપર્કમાં આવ્યો, ત્યારે કામધ્વજાગણિકા સાથે મનુષ્ય સંબંધી વિશેષ ભોગોપભોગ ભોગવતો સમય વ્યતીત કરવા લાગ્યો.

ત્યાર બાદ કોઈ એક સમયે તે મિત્રરાજાની રાણી શ્રીદેવીને યોનિશૂળ રોગ ઉત્પન્ન થયો, જેથી મિત્રરાજા શ્રીદેવી સાથે મનુષ્ય સંબંધી ઉદાર ભોગોપભોગો ભોગવવા અસમર્થ, અશક્ત થઈ ગયો.

**ગણિકાસક્ત મિત્ર રાજા કૃત ઉજ્ઝિતક વિડંબના—**

૨૨૫. તત્પશ્ચાત્ મિત્રરાજાએ કોઈ એક સમયે ઉજ્ઝિતકને કામધ્વજા ગણિકાના ઘરેથી કાઢી મૂક્યો, કામધ્વજા ગણિકાને અંતઃપુરમાં રાખી લીધી અને રાખીને કામધ્વજા ગણિકા સાથે મનુષ્ય સંબંધી વિશેષ ભોગોપભોગો ભોગવતો વિચરવા લાગ્યો.

તત્પશ્ચાત્ કામધ્વજા ગણિકાના ઘરેથી કાઢી મૂકાયેલો તે ઉજ્ઝિતક કામધ્વજા ગણિકામાં આસક્ત, ગૃદ્ધ, ગ્રથિત, સ્નેહ જાળમાં ફસાયેલો, અધ્યુપપન્ન, આસક્ત થયેલો અને અન્યત્ર ક્યાંય પણ સ્મૃતિ, સ્મરણ, રતિ-પ્રીતિ તેમજ ધૃતિ-માનસિક શાંતિનો અનુભવ ન કરતો તેનામાં ચિત્ત અને મન લાગેલો, તેનામાં લિપ્ત, તેની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ, તેનામાં જ મગ્ન, તેને જ સમર્પિત અને તેને જ મેળવવાની ભાવનામાં ભાવિત થતો કામધ્વજા ગણિકાની નબળાઈઓનો ખ્યાલ રાખતો વિચરવા લાગ્યો.

ત્યાર બાદ કોઈ એક સમયે કામધ્વજા ગણિકાની નબળાઈ જાણીને તે ઉજ્ઝિતક કુમાર-ગુપ્તરૂપે કામધ્વજા ગણિકાના ઘરમાં પ્રવેશ્યો અને પ્રવેશીને કામધ્વજા ગણિકા સાથે મનુષ્ય સંબંધી વિશિષ્ટ ભોગોપભોગો ભોગવતો વિચરવા લાગ્યો.

ત્યારે કોઈ એક વખતે મિત્રરાજા સ્નાન કરીને, બલિકર્મ, કૌતુક મંગલ અને પ્રાયશ્ચિત કરીને, સર્વ અલંકારોથી વિભૂષિત થઈને, જનસમુદાયથી ઘેરાઈને જ્યાં કામધ્વજા ગણિકાનું ઘર હતું ત્યાં ગયો, જઈને તેણે ત્યાં ઉજ્ઝિતક કુમારને કામધ્વજા ગણિકા સાથે પ્રધાન મનુષ્ય સંબંધી ભોગોપભોગો ભોગવતો જોયો, જોઈને ક્રોધાભિભૂત, રુષ્ટ, કોપિત, ચંડિકાવત્ વિકરાળ બનીને, દાંત કચકચાવતા ભ્રમરો ચઢાવીને પોતાના માણસોને કહીને ઉજ્ઝિતક કુમારને પકડાવી લીધો, પકડાવીને લાઠી–મુઠ્ઠી–ઠોંસા, લાતો અને કોણીઓના પ્રહારથી તેનું અંગે-અંગ ભાંગી નખાવ્યું અને પછી અવકોટક-બંધન (ગળા અને પીઠ પર હાથ બાંધવા)થી બાંધ્યો, બાંધીને આ પ્રમાણે વધ કરવાની આજ્ઞા આપી.

**ઉપસંહાર—**

૨૨૬. આ પ્રમાણે હે ગૌતમ ! તે ઉજ્ઝિતક કુમાર પૂર્વજન્મના અને પહેલાંના દુષ્પ્રતિક્રાન્ત અશુભ પાપકર્મોના પાપમય ફળવિશેષનો અનુભવ કરતો વિચરી રહ્યો છે."—ભગવાને કહ્યું.

**ઉજ્ઝિતકના આગામીભવનું વર્ણન—**

૨૨૭. ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને પૂછ્યું—" હે ભગવન્ ! તે ઉજ્ઝિતક કુમાર મરણ સમયે મરણ પામીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?"

ભગવાને ઉત્તર આપ્યો – " હે ગૌતમ ! તે ઉજ્ઝિતક પચીસ વર્ષનું પરમ આયુ ભોગવીને આજના દિવસના ત્રીજા પ્રહરમાં શૂળી પર ચઢીને મરણ સમયે મરણ પામીને આ રત્ન-પ્રભા પૃથ્વીના નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થશે.

તદનન્તર તે ત્યાંથી નીકળીને જમ્બૂદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં વૈતાઢ્ય પર્વતની તળેટીમાં વાનર કુળમાં વાનરરૂપે ઉત્પન્ન થશે.

૨૨૮. ત્યારે તે ત્યાં બાલ્યકાળ વિતાવ્યા પછી તિર્યંચ સંબંધી ભોગોમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, આબદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને આસક્ત થઈને વાનરોના બચ્ચાને જન્મતાં જ મારી નાખશે. ત્યારે આ કાર્યને કારણે, આ કાર્યની પ્રધાનતાને કારણે, આ વિજ્ઞાન અને આ આચરણને કારણે તે મરણ સમયે મરણ પામીને આ જમ્બુદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં ઈન્દ્રપુર નગરમાં ગણિકા કુળમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે.

ત્યારે માતા-પિતા તે બાળકને જન્મતાં જ હીજડો (નપુંસક) બનાવીને નપુંસક કર્મ શીખવશે.

ત્યાર બાદ બાર દિવસ પૂરા થયા પછી માતા-પિતા તે બાળકનું આ અને આ પ્રમાણે નામકરણ કરશે, કે અમારા આ બાળકનું નામ 'પ્રિયસેન નપુંસક' હો.

તત્પશ્ચાત્ તે પ્રિયસેન નપુંસક બાલ્યાવસ્થા વ્યતીત કરી, જ્ઞાન-વિજ્ઞાનમાં પરિપકવતા પ્રાપ્ત કરી અને યુવાવસ્થા પામશે. રૂપ, યૌવન, લાવણ્ય અને ઉત્કૃષ્ટ સુંદર શરીરવાળો બનશે.

તદનન્તર તે પ્રિયસેન નપુંસક ઈન્દ્રપુર નગરના રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ અને સાર્થવાહ આદિને અનેક વિદ્યા પ્રયોગો વડે, મંત્ર પ્રયોગો વડે, ચૂર્ણ પ્રયોગો વડે, હૃદયને શૂન્યવત્ કરનાર પ્રયોગો વડે, અદશ્ય કરનાર પ્રયોગો વડે, પ્રસન્ન કરનાર પ્રયોગો વડે, વશીકરણ કરનાર પ્રયોગો વડે, અને પરવશ બનાવનાર પ્રયોગો વડે, વશમાં કરનાર અદ્ભુત વિશિષ્ટ પ્રયોગો વડે મનુષ્ય સંબંધી ભોગોપભોગોનો ભોગ કરાવતો સમય વ્યતીત કરશે.

૨૨૯. તત્પશ્ચાત્ તે પ્રિયસેન નપુંસક આવાં કાર્યોને કારણે, આવાં કાર્યોની પ્રધાનતાને કારણે, તેવી વિદ્યા અને તેના આચરણને કારણે ખૂબ પાપ-કર્મો અર્જિત કરીને એકસો એકવીસ વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને મરણ સમયે મરણ પામીને આ રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં નારક રૂપે ઉત્પન્ન થશે. ત્યાં સરિસૃપ આદિ તરીકે જન્મ લેતો આ સંસારમાં પરિભ્રમણ કરશે, જે પ્રમાણે પ્રથમ અધ્યયનમાં વર્ણન કર્યું છે યાવત્ વાયુકાય, તેજસ્કાય, અપકાય અને પૃથ્વીકાયિક જીવોમાં લાખો વાર ઉત્પન્ન થશે.

તદનન્તર ત્યાંથી નીકળીને તે જમ્બૂદ્વીપના ભારતવર્ષમાં ચંપાનગરીમાં મહિષરૂપે-પાડા તરીકે ઉત્પન્ન થશે.

ત્યારે કોઈ એક વખત ગૌષ્ઠિકો-ગુંડાઓ દ્વારા જીવનરહિત કરી દીધા પછી-મારી નાખ્યા પછી તે ચંપાનગરીમાં શ્રેષ્ઠી કુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે.

ત્યારે ત્યાં બાલ્યાવસ્થા પૂરી કરી તથારૂપ સ્થવિરો પાસે કેવલ બોધિ, સમ્યકત્વ પ્રાપ્ત કરશે, અનગાર-દીક્ષા અંગીકાર કરશે. અને સૌધર્મ કલ્પમાં ઉત્પન્ન થશે આદિ યાવત્ અંત કરશે ત્યાં સુધીનું વર્ણન પ્રથમ અધ્ય-યનને અનુરૂપ જ અહીં સમજવું.

## ૧૨. અભગ્નસેન કથાનક

### પુરિમતાલમાં ચોર સેનાપતિ વિજયપુત્ર અભગ્નસેન—

૨૩૦. તે કાળે, તે સમયે, ઋદ્ધિ સંપન્ન, સ્વ-પર ચક્રના ભયથી મુક્ત અને ધન-ધાન્યથી સમૃદ્ધ પુરિમતાલ નામે નગર હતું.

તે પુરિમતાલ નગરના ઉત્તર-પૂર્વ દિગ્ભાગમાં અમોઘદર્શી નામે ઉદ્યાન હતું.

ત્યાં અમોઘદર્શી યક્ષનું આયતન હતું. તે પુરિમતાલ નગરમાં મહાબળ નામે રાજા હતો.

તે પુરિમતાલ નગરનો ઉત્તર-પૂર્વ દિગ્ભાગ (ઈશાનકોણ) સીમાન્ત પ્રદેશ જંગલથી ઘેરાયેલો હતો. ત્યાં શાલાટવી નામે ચોરપલ્લી (ચોરોના વસવાટનું ગુપ્તસ્થળ) આવેલી હતી જે પર્વતની બિહામણી ભયાનક ગુફાના એક ભાગ પાસે આવેલી હતી, વાંસના બીડથી બનેલા પ્રાકાર-કોટ વડે તે ઘેરાયેલી હતી, ત્યાં તૂટેલા ખડકોથી બનેલા પર્વતના વિષમ પ્રાંતો રૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખાઈ આવેલી હતી જ્યાં અનેક ગુપ્ત પાણીના કુંડ હતા અને તેની બહાર પાણી મેળવવું દુર્લભ હતું, ત્યાં ભાગી જવા માટે અનેક ગુપ્ત દ્વાર હતા, જાણકાર માણસ જ તેમાં પ્રવેશી અને નીકળી શકે. ચોરોએ જેમની વસ્તુઓ ચોરી લીધી હતી તેવા લોકો પણ તે સ્થાનનો નાશ કરી શકે તેમ નહોતા.

૨૩૧. તે શાલાટવી ચોરપલ્લીમાં અધર્મી, અધર્મ જ જેને પ્રિય છે, અધર્મનો ઉપદેશ આપનાર, અધાર્મિક કાર્યોનું સમર્થન અને અનુગમન કરનાર, અધર્મને ઉપાદેય માનનાર, અધાર્મિક ધર્મવિરુદ્ધ કાર્યોથી પ્રસન્ન થનાર, અધર્મનું આચરણ કરવું જ જેનો સ્વભાવ અને આચાર-વ્યવહાર હતો એવો વિજય નામે ચોરોનો સેનાપતિ રહેતો હતો, જે અધર્મથી જ પોતાની આજીવિકાનું અર્જન કરતો, તથા મારવા, કાપવા, છેદવા, ભેદવાના આદેશ આપનાર તથા સ્વયં પણ માર-કાપના કાર્યો કરનારો હતો, તેના હાથ લોહીથી રંગાયેલા રહેતા હતા, અનેક નગરોમાં જેની પ્રસિદ્ધિ ફેલાયેલી હતી, જે શૂરવીર હતો, અચૂક નિશાન તાકનાર એટલે કે તેનું નિશાન કોઈ દિવસ ખાલી ન જતું એવો અને સાહસી હતો, તે શબ્દવેધી અર્થાત્ અવાજની દિશામાં બાણ ચલાવનાર તેમ જ તલવાર અને લાઠી વીંઝવામાં કુશળ કુશળ હતો.

એવો તે ચોરપલ્લીના પાંચસો ચોરોનું આધિપત્ય, પુરોવર્તિત્વ, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞેશ્વરત્વ, સેનાપતિત્વ કરતો, પાલન કરતો સમય વ્યતીત કરતો હતો.

તદનન્તર તે વિજયચોર સેનાપતિ અનેક ચોરો, પરસ્ત્રી લંપટો, ખિસ્સા કાતરુઓ, જેમની પાસે પહેરવા લાયક વસ્ત્રો ન હોય તેવા જુગારીઓ, બદમાશો તથા અન્ય કેટલાય જેના હાથ-પગ કાપી નાખવામાં આવ્યા હોય તેવા ધૂર્ત લોકો, જેમનાં નાક કાપી નાખવામાં આવ્યા હોય તેવા લંપટો અને નગર દ્વારા જેમનો બહિષ્કાર કરવામાં આવ્યો છે તેવા પુરુષો માટે કુડંગ અર્થાત્ વાંસના ગાઢ જંગલની જેવું આશ્રયસ્થાન હતો.

તે વિજય ચોર સેનાપતિ પુરિમતાલ નગરની ઉત્તર-પૂર્વ દિશા (ઈશાનકોણમાં) વસેલા અનેક ગામોનો નાશ કરતો, નગરોનો નાશ કરતો, ગાય આદિ પશુઓનું અપહરણ કરતો, બંદી-જનો, કેદીઓનું અપહરણ કરતો. પથિકોને લુંટતો, ધાડ પાડી પીડિત કરતો, ભ્રષ્ટ કરતો, ધમકી આપતો, મારપીટ કરતો, સ્થાનરહિત કરતો, નિર્ધન કરતો વિચરતો તથા મહાબલ રાજાના રાજ્યને વારંવાર લૂંટી લેતો હતો.

૨૩૨. તે વિજય ચોર સેનાપતિની સ્કન્દશ્રી નામે પત્ની હતી જે પાંચે ઈન્દ્રિયો યુક્ત શરીર-વાળી હતી.

તે વિજય ચોર સેનાપતિનો પુત્ર સ્કન્દશ્રી-ભાર્યાનો આત્મજ અભગ્નસેન નામે બાળક હતો જે પંચેન્દ્રિય યુક્ત શરીરવાળો, પરિપકવ બુદ્ધિવાળો અને યૌવનાવસ્થાને પામેલો હતો.

૨૩૩. તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પુરિમતાલ નગરમાં પધાર્યા. વંદના કરવા પરિષદા નીકળી. રાજા પણ દર્શનાર્થે ગયો. શ્રમણ ભગવાન મહાવીરે ધર્મોપદેશ આપ્યો. પરિષદા તથા રાજા પાછા ફર્યા.

**મહાવીરના સમવસરણમાં ગૌતમ દ્વારા અભગ્ન-સેનના પૂર્વભવ વિષે પૃચ્છા—**

૨૩૪. તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી ગૌતમ યાવત્ રાજમાર્ગ પરથી નીકળ્યા, ત્યાં તેમણે અનેક હાથીઓ જોયા, અનેક અશ્વો જોયા, અને યુદ્ધ માટે કવચ આદિ બાંધી તૈયાર થયેલા ઘણા બધા પુરુષોને જોયા. તેમની વચમાં એક પુરુષને જોયો, જેના હાથ પીઠ પર બાંધેલા હતા, જેના નાક-કાન કાપેલા હતા, જેનું આખું શરીર ઘીનો લેપ કરવાથી ચીકણું થયેલું હતું, જેના બંને હાથ હાથકડીમાં જકડાયેલા હતા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગળામાં લાલ માળા લટકી રહી હતી, જેના શરીરે ગેરુ ચોપડવામાં આવ્યો હતો, જે ભય-ગ્રસ્ત હતો અને મરણોન્મુખ હોવા છતાં પ્રાણ-રક્ષા ઈચ્છનો હતો, જેના શરીરમાંથી માંસ કાપવામાં આવી રહ્યું હતું અને તે એને પોતાને તથા કાગડા-કૂતરાને ખવડાવવામાં આવી રહ્યું હતું, ચાબૂક અને પત્થરો વડે તેને મારવામાં આવી રહ્યો હતો, તે અનેક સ્ત્રી-પુરુષોના સમૂહથી ઘેરાયેલો હતો તથા દરેક ચોતરા પર ફૂટેલો ઢોલ વગાડીને આ પ્રમાણે ઘોષણા કરવામાં આવતી હતી, આવી એક ઘોષણા ગૌતમે સાંભળી કે 'હે દેવાનુપ્રિયો ! કોઈ રાજા યા રાજપુત્રે અભગ્ન-સેનને સજા નથી કરી પરંતુ આ તો સ્વયં તેના જ કર્મોનું ફળ છે.'

તત્પશ્ચાત્ રાજપુરુષો પહેલાં તે પુરુષને ચોકમાં બેસાડતા અને બેસાડીને પિતાના આઠ નાના ભાઈઓ-કાકાઓને પહેલા મારતા, મારીને ચાબુક વડે ફટકારતા, અને ફટકારતા ફટકારતા કરુણા યોગ્ય તે પુરુષને માંસના નાના નાના ટુકડા ખવડાવતા અને રક્તપાન કરાવતા જોયા.

તદનન્તર બીજી વાર પહેલા આઠ નાની માતાઓ—કાકીઓને ઘાયલ કરતા, ઘાયલ કરીને ચાબુક વડે ફટકારતા, અને કરુણા યોગ્ય તે પુરુષને માંસના નાના નાના ટુકડા ખવ-ડાવતા અને રક્તપાન કરાવતા જોયા.

આ પ્રમાણે ત્રીજી વારમાં આઠ મહા-પિતાઓ-પિતાના મોટા ભાઈઓ, ચોથા વારામાં મોટી માતાઓ-પિતાના મોટાભાઈની પત્નીઓ, પાંચમી વખતે પુત્રોને, છઠ્ઠા વારામાં પુત્રવધૂઓ-ને, સાતમા વારામાં જમાઈઓને—દીકરીઓના પતિઓને, આઠમા વારામાં પુત્રીઓને, નવમા વારામાં પૌત્રો અને દૌહિત્રોને, દસમા વારામાં પૌત્રીઓને, અગિયારમા વારામાં પૌત્રી-દોહિત્રીઓના પતિઓને, બારમા વારામાં ભાણેજીઓને, તેરમા વારામાં પિતાની બહેનના પતિઓ-ફૂઆઓને, ચૌદમાં વારામાં પિતાની બહેનોને-ફઈઓને, પંદરમા વારામાં માતાની બહેનોના પતિઓ-માસાઓને, સોળમા વારામાં માતાની બહેનોને-માસીઓને, સત્તરમા વારામાં મામીઓને અને અઢારમા વારામાં શેષ બચેલા મિત્ર, જ્ઞાતિજનો, પોતીકાં સ્વજન સંબંધીઓ અને પરિજનો-દાસદાસી આદિને ચાબુકના પ્રહારોથી મારી મારીને ત્રાસ આપી આપીને, દયા યોગ્ય તે પુરુષને માંસના ટૂંકડા ખવડાવ્યા અને રક્તપાન કરાવ્યું.

૨૩૫. ત્યારે તે પુરુષને જોઈને ભગવાન ગૌતમને આ પ્રમાણેનો આ આધ્યાત્મિક ચિંતિત, કલ્પિત, પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે-'અહો ! આ પુરુષ પોતાના પૂર્વ-જન્મમાં કરેલા પુરાતન દુશ્ચીર્ણ, દુષ્પ્રતિક્રાન્ત, અશુભ પાપકર્મોનું આ ફળ ભોગવી રહ્યો છે. મેં નરક અને નારકી નથી જોયાં, પરંતુ આ પુરુષ સાક્ષાત્ નરક જેવી વેદનાનું વેદન કરી રહ્યો છે.' આમ વિચાર કરીને પુરિમતાલ નગરના ઉચ્ચ, નીચ, મધ્યમ આર્થિક સ્થિતિ વાળા કુળોમાં ફરીને, પર્યાપ્ત સમુદાન-ભિક્ષા લીધી, ભિક્ષા લઈને પુરિમતાલ નગર વચ્ચેથી નીકળ્યા યાવત્ શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ નિવેદન કર્યું-'હે ભગવન ! હું તમારી અનુમતિ લઈને પુરિમતાલ નગરમાં ગયો. [આદિ બધું પહેલાની જેમ નિવેદન કર્યું.]

**અભગ્નસેનની નિર્ણયભવ કથા—**

૨૩૬. "હે ભગવાન ! તે પુરુષ પૂર્વભવમાં કોણ હતો ? તેનું નામ અને ગોત્ર શું હતું ? કયા ગ્રામ યા નગરમાં રહેતો હતો ? તે કેવું આચરણ કરીને અને પૂર્વજન્મમાં કરેલા કેવા દુશ્ચીર્ણ દુષ્પ્રતિક્રાન્ત અશુભ પાપકર્મોનું ફળ ભોગવી રહ્યો છે ?"



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૩૭. ભગવાન મહાવીરે ગૌતમ ભગવાનના સમાધાન માટે કહ્યું–"હે ગૌતમ! વાત એમ છે કે તે કાળે, તે સમયે તે જ જમ્બૂદ્વીપ નામક દ્વીપના ભરત ક્ષેત્રમાં પુરિમતાલ નામે નગર હતું, જે ભવનાદિ ઋદ્ધિ-સંપન્ન, સ્વપર–શત્રુ–ભયથી રહિત અને ધન-ધાન્યાદિથી સમૃદ્ધ હતું.

તે પુરિમતાલ નગરમાં ઉદિતોદિત નામે રાજા હતો, જે મહાહિમવાન, મલય, મન્દર આદિ પર્વતો તેમ જ ઈન્દ્રની જેમ મનુષ્યોમાં પ્રધાન હતો.

તે પુરિમતાલ નગરમાં ધનાઢ્ય યાવત્ કોઈ જેનું અપમાન ન કરી શકે તેવો, અધાર્મિક, અધર્મનો અનુયાયી, અધર્મપ્રેમી, અધર્મનું કથન કરનાર–પ્રચાર કરનાર, અધર્મનુ અવલોકન કરનાર, અધાર્મિક કાર્યોમાં આનંદ પામનાર, અધાર્મિક આચરણ કરનાર અને અધર્મથી જ આજીવિકા કમાનાર, દુષ્ટ સ્વભાવનો, દુર્વ્રત–વ્રતાદિ નહીં કરનાર, દુષ્પ્રત્યાનન્દ–કોઈ પણ રીતે પ્રસન્ન ન કરી શકાય તેવો અથવા દુષ્કાર્યોમાં આનંદ મેળવનાર નિર્ણય નામે અંડવણિક–ઈંડાનો વ્યાપાર-વ્યવસાય કરનાર રહેતો હતો.

**નિર્ણયનો ઇંડા વેચવાનો વેપાર, ભક્ષણ અને નરકોપપાદ--**

૨૩૮. તે અંડવણિક નિર્ણયે દૈનિક મજૂરી, ભોજન અને વેતન પર રાખેલા અનેક પુરુષો પ્રતિદિન કોદાળી અને વાંસની ટોપલી લઈને પુરિમતાલ નગરની ચારે તરફ ફરતાં, કાગડીના ઈંડા, ઘૂવડનાં ઈંડા, કબૂતરીના ઈંડા, ટિટોડીના ઈંડા, બગલીના ઈંડા, ઢેલના ઈંડા, મૂર્ગીના ઈંડા તથા બીજા અનેક જળચર, સ્થળચર, અને ખેચર જીવો આદિના ઈંડા એકઠા કરતા, ટોપલીઓ ભરતા, ભરીને નિર્ણય અંડવણિક પાસે જઈને આપી દેતા.

ત્યારબાદ તે અંડવણિક નિર્ણયે મજૂરી, ભોજન અને વેતન આપીને રાખેલા અનેક પુરુષો તે કાગડીના ઈંડા યાવત્ મૂર્ગીના ઈંડા તથા બીજા અનેક જળચર, સ્થળચર અને નભચર જીવોના ઈંડા તવા પર, હાંડામાં અને આગમાં તળતા, સેકતા, પકાવતા તેમજ તળીને સેકીને તે ઈંડા રાજમાર્ગો પર, બજારોમાં અથવા દુકાનોમાં તેને વેચીને પોતાની આજીવિકા રળીને સમય વ્યતીત કરતા.

તે અંડવણિક નિર્ણય પોતે પણ તે શૂળ પર પકવેલા, તળેલા અને સેકેલા કાગડીના ઈંડા યાવત્ મુર્ગીના ઈંડા અને સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ અને પ્રસન્ના જેવી મદિરાનો સ્વાદ લેતો વારંવાર પીતો, બીજાને પીવડાવતો અને ખાતો–પીતો સમય વ્યતીત કરતો.

ત્યારે તે નિર્ણય અંડવણિક આવા કાર્યોના કારણે, આવા કાર્યોની પ્રધાનતા, વિજ્ઞાન અને આચરણને કારણે પ્રભૂત પાપકર્મો ઉપાર્જિત કરીને અને એક હજાર વર્ષનું આયુષ્ય ભોગવીને મરણ સમયે મરણ પામીને ત્રીજી નરક-પૃથ્વીના ઉત્કૃષ્ટ સાત સાગરોપમના આયુષ્ય-વાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થયો.

**અભગ્નસેનના વર્તમાનભવનું વર્ણન--**

૨૩૯. તત્પશ્ચાત્ તે ત્યાંથી નીકળીને શાલાટવી ચોર-પલ્લીમાં વિજય ચોર સેનાપતિની સ્કન્દશ્રી ભાર્યાની કુખે પુત્ર રૂપે ગર્ભમાં ઉત્પન્ન થયો.

**સ્કન્દશ્રીને ઉત્પન્ન થયેલ દોહદ--**

૨૪૦. તત્પશ્ચાત્ ત્રણ માસ વીત્યા પછી કોઈ એક સમયે સ્કન્દશ્રી ભાર્યાને આ પ્રમાણેનો અને આ દોહદ ઉત્પન્ન થયો કે "તે માતાઓ ધન્ય છે જે અનેક મિત્ર, જ્ઞાતિજન, સ્વજન, સંબંધી અને પરિચિત મહિલાઓ તથા બીજી પણ ચોર મહિલાઓ સાથે સ્નાન, બલિકર્મ, કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત કરીને તથા સમસ્ત અલંકારો વડે શરીરને વિભૂષિત કરીને વિપુલ અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય ભોજન, સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ અને પ્રસન્ના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મદિરાનો સ્વાદ લેતી, વારંવાર પીતી, બીજાને પીવડાવતી વિચરણ કરે છે તથા ભોજન કર્યા પશ્ચાત્ પુરુષ વેશ ધારણ કરીને યોદ્ધાની જેમ તૈયાર થઈને અને કવચ પહેરીને શરાસન-પટ્ટીકા બાંધીને, ગળામાં ગ્રૈવેયક પહેરીને પોત-પોતાના શ્રેષ્ઠ સંકેતપટ્ટા બાંધીને આયુધ અને પ્રહરણ સાથે હાથમાં ઢાલ અને મ્યાનમાંથી બહાર કાઢેલી તલવાર લઈને, ખભા પર લટકતા તુણીર અને પ્રત્યંચાયુક્ત ધનુષ પર ચઢાવેલા બાણ સાથે, ઊંચી કરેલ માળાઓ સાથે, જાંઘ પર લટકતી ઘંટડીઓ સાથે, જોર જોરથી વગાડવામાં આવતાં વાજાઓ સાથે, ઉત્કૃષ્ટ સિંહનાદ સાથે, ખળભળી ઊઠેલા સમુદ્ર જેવો અવાજ કરતી કરતી, શાલાટવી ચોર-પલ્લીમાં ચોપાસ અવલોકન કરતી કરતી ઘૂમીને ઘૂમીને પોતાનો દોહદ પૂરો કરે છે.

તો હું પણ એ જ રીતે દોહદ પૂરો કરું તો કેવું ?" આમ વિચારીને અને તે પ્રમાણે દોહદ પૂરો ન થતાં સૂકી પડી ગઈ, ભૂખી યાવત્ આર્તધ્યાનમાં ડૂબીને જમીન પર આંખો ઢાળીને ચિંતા કરવા લાગી.

**વિજય દ્વારા દોહદપૂર્તિ—**

૨૪૧. ત્યાર બાદ વિજય ચોર સેનાપતિએ સ્કન્દશ્રી ભાર્યાને નિરાશ યાવત્ ચિન્તાગ્રસ્ત જોઈ, જોઈને આ પ્રમાણે કહ્યું, 'દેવાનુપ્રિયે ! તું શા માટે નિરાશ થઈ રહી છે યાવત્ જમીનમાં દૃષ્ટિ ખોડીને ચિંતાગ્રસ્ત બની ગઈ છે ?'

ત્યારે સ્કન્દશ્રીએ વિજય ચોર સેનાપતિને આ પ્રમાણે કહ્યું, "હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે ત્રણ માસ પૂર્ણ થયા પછી પૂર્વોક્ત દોહદ ઉત્પન્ન થયો યાવત્ જમીનમાં દૃષ્ટિ ખોડીને ચિંતિત થઈ રહી છું."

તત્પશ્ચાત્ તે વિજય ચોર સેનાપતિએ સ્કન્દશ્રી ભાર્યાની આ વાત સાંભળીને અને વિચારીને સ્કન્દશ્રી ભાર્યાને આ પ્રમાણે કહ્યું. "હે દેવાનુપ્રિયે ! જેમાં તને સુખ ઉપજે તેમ કર." અને આમ કહીને આ વાતનો સ્વીકાર કર્યો.

તત્પશ્ચાત્ વિજય ચોર સેનાપતિની આજ્ઞા-અનુમતિ પામીને તે સ્કન્દશ્રી ભાર્યા હર્ષિત સંતુષ્ટ થઈ અને અનેક મિત્રો, નાનીલા સ્વજન સંબંધી અને પરિચિત કુટુંબની મહિલાઓ તેમ જ બીજી ઘણી બધી ચોર મહિલાઓથી વીંટળાઈને તેણે સ્નાન કર્યું યાવત્ વિભૂષિત થઈ અને પછી તે વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ અને પ્રસન્ના મદિરાનો સ્વાદ લેતી, વારંવાર પીતી, પીવડાવતી, ખાતી-પીતી વિચરવા લાગી. ભોજન કર્યા પછી પુરુષ વેશ ધારણ કરી યોદ્ધાની જેમ તૈયાર થઈને કવચ બાંધીને યાવત્ ફરીને પોતાનો દોહદ પૂર્ણ કર્યો.

તત્પશ્ચાત્ તે સ્કન્દશ્રી ભાર્યા સંપૂર્ણ દોહદ, સંભાવિત-દોહદ, વિનીત-દોહદ વિચ્છિન્ન-દોહદ અને સંપન્ન-દોહદવાળી થઈને સુખ-પૂર્વક ગર્ભનું વહન કરવા લાગી.

૨૪૨. તત્પશ્ચાત્ સ્કન્દશ્રી ચોર સેનાપતિ પત્નીએ નવ માસ પૂર્ણ થયા ત્યારે એક બાળકને જન્મ આપ્યો.

તત્પશ્ચાત્ વિજય ચોર સેનાપતિએ મહાન ઋદ્ધિ સત્કાર અને સમારોહ પૂર્વક તે બાળકનો દસ દિવસ સુધી જન્મોત્સવ ઊજવ્યો.

**બાળકનું અભગ્નસેન નામકરણ અને યૌવન—**

૨૪૩. તત્પશ્ચાત્ તે વિજય ચોર સેનાપતિએ તે બાળકના જન્મના અગિયારમા દિવસે વિપુલ પરિમાણમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ ભોજન તૈયાર કરાવડાવ્યું, તૈયાર કરાવીને મિત્રો, જ્ઞાતિજનો, નિજી-સ્વજન સંબંધીઓ અને પરિજનોને આમંત્રિત કર્યા, આમંત્રિત કરીને યાવત્ તે મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન-સંબંધીઓ અને પરિજનોને આ પ્રમાણે કહ્યું—"જે સમયે અમારો આ બાળક ગર્ભમાં હતો ત્યારે આ અને આ પ્રમાણેનો દોહદ

પ્રાદુર્ભૂત થયો હતો તેથી અમારા આ બાળકનું નામ અભગ્નસેન હો."

ત્યાર બાદ તે અભગ્નસેન કુમાર પાંચ ધાયમાતાઓ દ્વારા પોષિત થતો યાવત્ વૃદ્ધિ પામવા લાગ્યો.

ત્યાર બાદ તે અભગ્નસેન કુમાર બાલપણ વીતાવી યુવાવસ્થાને પામ્યો. ત્યારે આઠ કન્યાઓ સાથે તેના વિવાહ થયા અતઃ તેને આઠ પત્ની હતી યાવત્ આઠ દહેજ મળ્યા હતા. તે મહેલોમાં રહી ભોગ ભોગવવા લાગ્યો.

**વિજયનું મરણ, અભગ્નસેનનું ચોર સેનાપતિત્વ–**

૨૪૪. તત્પશ્ચાત્ કોઈ એક સમયે વિજય સેનાપતિ કાલધર્મ પામ્યો અર્થાત્ મરણ પામ્યો.

ત્યારે અભગ્નસેન કુમારે પાંચસો ચોરો સાથે રુદન, આક્રંદ અને વિલાપ કરતાં મહાન ઋદ્ધિ સત્કાર અને સમારોહ પૂર્વક વિજય સેનાપતિનું નીહરણ–અન્ત્યેષ્ટિ કર્મ કર્યું, કરીને બીજી પણ અનેક લૌકિક મૃતક સંબંધી ક્રિયાઓ કરી, ક્રિયાઓ કરીને સમય જતાં શોકરહિત થઈ ગયો.

ત્યારબાદ તે પાંચસો ચોરોએ કોઈ એક દિવસ શાલાટવી ચોરપલ્લીના ચોર સેનાપતિ તરીકે અભગ્નસેનનો મહાન સમારોહપૂર્વક અભિષેક કર્યો.

તત્પશ્ચાત્ અભગ્નસેન કુમાર અધાર્મિક યાવત્ વારંવાર મહાસેન રાજાના રાજ્યને લૂંટનાર ચોરસેનાપતિ બની ગયો.

ત્યારબાદ અભગ્નસેન ચોર સેનાપતિએ કરેલા અનેક ગામોના ઘાત–વિનાશથી સંતપ્ત-દુઃખી થઈને તે દેશમાં રહેનારા અનેક વ્યક્તિઓએ એક-બીજાને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું–" દેવાનુપ્રિયો ! અભગ્નસેન ચોર સેનાપતિ પુરિમતાલ નગરની ઉત્તર દિશામાં આવેલા જનપદના અનેક ગામોનો વિનાશ યાવત્ નિર્ધન કરતો વિચરી રહ્યો છે. તેથી હે દેવાનુપ્રિયો ! આપણા માટે ઉચિત છે કે પુરિમતાલ નગરના મહાબળ રાજા પાસે આ વિશે નિવેદન કરીએ."

**મહાબળ રાજાની અભગ્નસેનને જીવિત પકડવાની આજ્ઞા—**

૨૪૫. તત્પશ્ચાત્ જનપદવાસી–દેશમાં રહેતા વ્યક્તિઓએ આ વાતનો પરસ્પર સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને મહાન અર્થસૂચક, મુલ્યવાન, મહાન પુરુષોને આપવા યોગ્ય, રાજાને યોગ્ય ઉપહાર–ભેટ લીધી, લઈને તેઓ જ્યાં પુરિમતાલ નગર હતું ત્યાં ગયા અને જઈને મહાબળ રાજાને તે મહાન્ અર્થસૂચક યાવત્ ભેટ આપી, ભેટ આપીને બંને હાથ જોડીને આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચીને મહાબળ રાજાને આ પ્રમાણે કહ્યું –" હે સ્વામિન્ ! શાલાટવી ચોરપલ્લીનો અભગ્નસેન ચોર સેનાપતિ અમારા અનેક ગામોનો વિનાશ કરતો, નિર્ધન કરતો વિચરી રહ્યો છે. તેથી હે સ્વામિન્ ! તમારા બાહુબળની મદદથી અમે નિર્ભય, નિરુદ્વિગ્ન થઈને સુખપૂર્વક નિવાસ કરી શકીએ તેમ કરો." આ પ્રમાણે કહીને પગમાં પડીને તેમણે બંને હાથની અંજલિ રચીને મહાબળ રાજાને પોતાની વાત કરી.

તત્પશ્ચાત્ મહાબળ રાજાએ જનપદવાસીઓની વાત સાંભળીને અને સમજીને ક્રોધાભિભૂત, રુષ્ટ, કોપિત, ચંડિકાવત્ રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને દાંત કચકચાવતા ભ્રમરો ચડાવીને દંડનાયકને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે આજ્ઞા આપી 'હે દેવાનુપ્રિય ! તું જા અને શાલાટવી ચોરપલ્લીનો નાશ કર અને ગમેતેમ કરીને અભગ્નસેન ચોર સેનાપતિને જીવિત પકડી લાવ, પકડીને મારી સામે ઉપસ્થિત કર."

ત્યારે તે દંડનાયકે ' જેવી આજ્ઞા–તમે કહો છો એ પ્રમાણે જ થશે ' એમ કહીને આજ્ઞાનો સ્વીકાર કર્યો.

૨૪૬. ત્યાર બાદ તે દંડનાયક યુદ્ધ માટે તૈયાર થઈ, કવચ પહેરીને યાવત્ આયુધ અને પ્રહરણો

લઈને અનેક પુરુષોથી પરિવેષ્ટિત થઈને, હાથમાં ઢાલ અને મ્યાનમાંથી કાઢેલી તલવાર સાથે ખભા પર લટકતા ધનુષ અને ભાથા, આક્રમણ માટે ધનુષ પર ચઢાવેલ બાણ, શસ્ત્રો, જાંઘ પર બાંધેલા ઘુંઘરુઓ, જોર જોરથી વાગતાં વાદ્યો સાથે, આનંદપૂર્વક કિલ્લોલ કરતો, સિંહ ગર્જના સમાન અવાજો કરતો અને ગગન-મંડળને પ્રક્ષુબ્ધ કરનાર મહા સમુદ્ર જેવો ધ્વનિ ઉત્પન્ન કરતો પુરિમતાલ નગર મધ્યેથી પસાર થયો અને શાલાટવી ચોરપલ્લી તરફ જવા ઉતાવળો બન્યો.

૨૪૭. ત્યારે તે અભગ્નસેન ચોર સેનાપતિનો ગુપ્તચર આ વાત સાંભળીને જ્યાં શાલાટવી ચોરપલ્લી હતી, તેમાં જ્યાં અભગ્નસેન ચોર સેનાપતિ હતો, ત્યાં ગયો. અને બંને હાથ જોડીને માથા પર આવર્તપૂર્વક અંજલિ રચીને અભગ્નસેન ચોર સેનાપતિને આ સમાચાર આપ્યા-' હે દેવાનુપ્રિય ! પુરિમતાલ નગરના મહાબળ રાજાએ સુભટોના સમુદાય સાથે મોકલીને દંડનાયકને આજ્ઞા આપી છે કે-' હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને શાલાટવી ચોરપલ્લીનો નાશ કરી દો, અભગ્નસેન ચોર સેનાપતિને જીવતો પકડી અને મારી સામે ઉપસ્થિત કરો.' તેથી તે દંડનાયક મહાન સુભટોના સમૂહ સાથે શાલાટવી ચોરપલ્લી તરફ આવવા નીકળી ગયો છે.'

ત્યાર બાદ તે અભગ્નસેન ચોર સેનાપતિ એ ગુપ્તચર માણસ પાસેથી આ સમાચાર સાંભળી અને વિચારીને પાંચસો ચોરોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું-' હે દેવાનુપ્રિયો ! પુરિમતાલ નગરના મહાબલ રાજાએ સુભટ સમુદાય સાથે દંડનાયકને આમ આદેશ આપ્યો છે યાવત્ તે શાલાટવી ચોરપલ્લી તરફ આવી રહ્યો છે.

તેથી હે દેવાનુપ્રિયો ! આપણા માટે યોગ્ય થશે કે તે દંડનાયકને શાલાટવી ચોરપલ્લી સુધી પહોંચે તે પહેલાં જ રસ્તામાં રોકી લઈએ."

ત્યારે તે પાંચસો ચોરોએ અભગ્નસેન ચોર સેનાપતિની વાતનો 'યોગ્ય છે' કહીને સ્વીકાર કર્યો.

૨૪૮. તત્પશ્ચાત્ અભગ્નસેન ચોર સેનાપતિએ વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્યરૂપ ચાર પ્રકારનું ભોજન તૈયાર કરાવડાવ્યું, તૈયાર કરાવીને તે પાંચસો ચોરો સાથે સ્નાન, બલિકર્મ, કૌતુક મંગલ અને પ્રાયશ્ચિત્ કરીને ભોજન મંડપમાં બેસીને તે વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય ભોજન અને સુરા, મધુ, મેરક, જાતિ સીધુ અને પ્રસન્ના મદિરાનો આસ્વાદન કરતો, વારંવાર પીતો, એકબીજાને પીવડાવતો અને ખાતો-પીતો વિચરણ કરવા લાગ્યો.

ભોજન કરી લીધા પછી આચમન કરી, મોઢું સાફ કરી સ્વચ્છ થઈને પાંચસો ચોરો સાથે ભીના ચામડાના આસન પર બેઠો, બેસીને કવચ ધારણ કરીને, ભૂજાઓ પર શરાસન પટ્ટિકા બાંધીને, ગળામાં ગ્રૈવેયક પહેરીને પોત-પોતાના શ્રેષ્ઠ સંકેત પટ્ટા બાંધીને, આયુધો અને પ્રહરણો લઈને, હાથમાં ઢાલ રાખીને યાવત્ ઉત્કૃષ્ટ સિંહનાદો અને કોલાહલ દ્વારા પ્રક્ષુબ્ધ સમુદ્ર જેવી ગર્જનાઓ વડે ગગન-મંડળ ગજાવતો મધ્યાહ્ન સમયે શાલાટવી ચોરપલ્લીમાંથી નીકળ્યો અને નીકળીને જેમાં પ્રવેશવું મુશ્કેલ બને તેવા ગાઢ વનમાં દંડનાયકની પ્રતિક્ષા કરતો છુપાઈ ગયો.

### અભગ્નસેન દ્વારા રાજસેનાનું નિવારણ—

૨૪૯. તત્પશ્ચાત્ તે દંડનાયક જ્યાં અભગ્નસેન ચોર-સેનાપતિ હતો, ત્યાં પહોંચ્યો અને પહોંચીને અભગ્નસેન ચોર સેનાપતિ સાથે યુદ્ધમાં પ્રવૃત્ત થઈ ગયો.

ત્યાર બાદ તે અભગ્નસેન ચોર સેનાપતિએ તે દંડનાયકને શીઘ્ર પરાસ્ત કરી દીધો અને શ્રેષ્ઠ વીરોને ઘાયલ કરી તેમ જ ચિહ્નાંકિત ધ્વજા પતાકાઓનો નાશ કરી પાડી દઈ યુદ્ધ-ક્ષેત્રમાંથી ભગાડી મૂકયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર બાદ અભગ્નસેન ચોરસેનાપતિ દ્વારા આહત, પરાસ્ત થયેલો તે દંડનાયક તેજહીન, બળહીન, વીર્યહીન તેમજ પુરુષાર્થ પરાક્રમથી હીન થઈને તેમ જ ચોર સેનાપતિને પકડવો અશક્ય સમજીને જ્યાં પુરિમતાલ નગર હતું, જ્યાં મહાબળ રાજા હતો, ત્યાં ગયો, ત્યાં જઈને બંને હાથ માથા પર રાખી આવર્તપૂર્વક અંજલિ રચીને તેણે મહાબળ રાજાને આ પ્રમાણે નિવેદન કર્યું–'હે સ્વામિન્ ! અભગ્નસેન ચોર સેનાપતિ ભોજન-પાણી લઈને દુષ્પ્રવેશ્ય દુર્ગ-વૃક્ષના વનમાં અવસ્થિત છે, તેથી વિશાળ અશ્વબળ અથવા હસ્તિબળ અથવા સૈન્યબળ અથવા રથબળ, રથસેના અથવા ચતુરંગિણી સેના દ્વારા પણ જીવિત પકડી શકાશે નહીં.'' ત્યારે મહાબળ રાજા તેને સામ, ભેદ, ઉપપ્રદાન અને દાનનીતિ વડે વિશ્વાસમાં લાવવા પ્રયત્ન કરવા લાગ્યો. આ માટે તેની સદૈવ સાથે રહેનારા મંત્રી આદિ અને મુખ્ય માનવામાં આવતા પ્રમુખ રક્ષકો તથા મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન સંબંધીઓ, પરિજનોને પ્રચુર ધન, સોનું, રત્ન આદિ સારભૂત દ્રવ્યો આપીને ભેદન કરવા પ્રયત્નશીલ થયો તથા અભગ્નસેન ચોર સેનાપતિને વારંવાર મહાર્થક મહામૂલ્યવાન મહાપુરુષોને યોગ્ય રાજાને અનુરૂપ ઉપહાર મોકલવા લાગ્યો અને મોકલીને અભગ્નસેન ચોર સેનાપતિને પોતાના વિશ્વાસમાં લીધો.

તત્પશ્ચાત્ મહાબળ રાજાએ કોઈ એક સમયે પુરિમતાલ નગરમાં એક બહુ વિશાળ કુટિરશાળા બનાવડાવી જે અનેક સ્તંભો યુક્ત હતી, મનને પ્રસન્ન કરનારી, દેખવામાં યોગ્ય મનોહર તેમ જ અસાધારણ સુંદર હતી.

**રાજા દ્વારા દસરાત્રિક પ્રમોદ ઘોષણા—**

૨૫૦. તત્પશ્ચાત્ મહાબળ રાજાએ કોઈ સમયે પુરિમતાલ નગરમાં "જે દિવસોમાં રાજ્યમાં શુલ્ક-મહેસૂલ જકાત વગેરે ઉઘરાવવાનું બંધ કરવામાં આવે, રાજ્ય કર માફ કરી દેવામાં આવે, તલાશી લેવાઈ રહી હોય તેવા ઘરમાં રાજપુરુષોનો પ્રવેશ બંધ કરી દેવાય, શારીરિક અને આર્થિક દંડ ન આપવામાં આવે, ઋણ-મુક્તિ આપવામાં આવે, દેણદારને પકડવામાં ન આવે. તથા સદૈવ સર્વત્ર મૃદંગ આદિ વાદ્યો વાગતા રહે, ચારે તરફ અમ્લાન-તાજાં વિકસિત ફૂલોની માળાઓ લટકતી હોય, શ્રેષ્ઠ ગણિકાઓ દ્વારા નૃત્ય-નાટક ચાલતાં હોય, તાલ મેળવીને નૃત્યકારો પોતાનું કૌશલ દાખવતા હોય અને પ્રમુદિત જનો દ્વારા ક્રીડાઓ કરવામાં આવે" એવા દસ દિવસના ઉત્સવની ઘોષણા કરી. ઉદ્ઘોષણા કરાવીને કૌટુંમ્બિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું, "હે દેવાનુપ્રિયો ! તમે લોકો શાલાટવી ચોર-પલ્લીમાં જાઓ ત્યાં અભગ્નસેન ચોર સેનાપતિને બે હાથ જોડીને આવર્તપૂર્વક, મસ્તક પર અંજલિ રચીને આ પ્રમાણે કહો—'હે દેવાનુપ્રિય ! વાત એમ છે કે પુરિમતાલ નગરમાં મહાબળ રાજાએ ઉત્શુલ્ક યાવત્ દસ દિવસના પ્રમોદ ઉત્સવની ઘોષણા કરી છે. તેથી હે દેવાનુપ્રિય ! વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર આદિ અહીં ઉપસ્થિત કરીએ અથવા આપ સ્વયં ત્યાં પધારો.'

ત્યાર બાદ તે કૌટુમ્બિક પુરુષોએ બંને હાથ જોડીને મસ્તક પર અંજલિ રચીને "હે સ્વામિન્ આપ કહો છો તેમ કરીશું.'' કહીને મહાબળ રાજાની આજ્ઞાનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને પુરિમતાલ નગર બહાર નીકળ્યા, નીકળીને લાંબી નહીં પરંતુ નાની-નાની યાત્રાઓ કરતા યથાયોગ્ય વિશ્રામ સ્થાનોએ વિશ્રામ કરતા, પ્રાતઃકાળે ભોજન-નાસ્તો કરતા જ્યાં શાલાટવી ચોર પલ્લી હતી, ત્યાં પહોંચ્યા પહોંચીને બંને હાથ જોડીને, મસ્તક પર આવર્તપૂર્વક અંજલિ રચીને અભગ્નસેન ચોર સેનાપતિ આગળ આ પ્રમાણે નિવેદન કર્યું—'હે દેવાનુપ્રિય ! પુરિમતાલ નગરમાં મહાબળ રાજાએ ઉત્શુલ્ક યાવત્ દસ દિવસના પ્રમોદ ઉત્સવની ઉદ્ઘોષણા કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તેથી હે દેવાનુપ્રિય ! વિપુલ, અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર આદિ અહીં ઉપસ્થિત કરવામાં આવે અથવા આપ સ્વયં ત્યાં પધારો."

તત્પશ્ચાત્ અભગ્નસેન ચોર સેનાપતિએ તે કૌટુમ્બિક પુરુષોને આ પ્રમાણે કહ્યું : 'હે દેવાનુપ્રિયો ! હું જાતે જ પુરિમતાલ નગરમાં આવીશ.' અને તે કૌટુમ્બિક પુરુષોને સત્કાર-સમ્માન આપી વિદાય કર્યા.

**અભગ્નસેનનું પુરિમતાલનગરમાં રાજાના અતિથિરૂપે જવું—**

૨૫૧. ત્યાર બાદ અભગ્નસેન ચોર સેનાપતિએ ઘણા બધા મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજન સમૂહથી વીંટળાઈને, સ્નાન બલિકર્મ, કૌતુક-મંગળ-પ્રાયશ્ચિત્ કરીને શરીરને સર્વ અલંકારોથી વિભૂષિત કરીને અને પછી શાલાટવી ચોરપલ્લીમાંથી જ્યાં પુરિમતાલનગર હતું, જ્યાં મહાબળ રાજા હતો, ત્યાં આવ્યો, આવીને બંને હાથ જોડીને આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચીને મહાબળ રાજાને જય-વિજય શબ્દો વડે વધાવ્યો, વધાવીને મહાર્થ, મહામૂલ્યવાન્, મહાન પુરુષોને યોગ્ય, રાજાને અનુરૂપ ભેટ ઉપસ્થિત કરી.

તત્પશ્ચાત્ તે મહાબળ રાજાએ અભગ્નસેન ચોર સેનાપતિની તે મહાર્થક, મહાર્ઘ, મહાપુરુષોને યોગ્ય અને રાજોચિત પ્રભૂત ભેટનો સ્વીકાર કર્યો. અને અભગ્નસેન ચોર સેનાપતિનું સત્કાર-સન્માન કરી વિદાય આપી તથા વિશ્રામ માટે કૂટાકારશાળામાં આવાસ આપ્યો.

ત્યારબાદ અભગ્નસેન ચોર સેનાપતિ મહાબળ રાજા પાસેથી વિદાય લઈને, જ્યાં કૂટાકારશાળા હતી, ત્યાં ગયો.

તદનન્તર મહાબળરાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું-"હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, ભોજન રાંધો અને પછી તે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન, સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ અને પ્રસન્ના મદિરા તેમ જ ઘણા બધા પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા અલંકાર આદિ કૂટાકારશાળામાં લઈ જઈ અભગ્નસેન ચોર સેનાપતિને પહોંચાડી દો."

ત્યાર બાદ તે કૌટુમ્બિક પુરુષોએ બંને હાથ જોડીને આ વર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચીને યાવત્ પહોંચાડે છે.

તદનન્તર અભગ્નસેન ચોર સેનાપતિ અનેક મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન, સંબંધીઓ અને પરિજનોથી પરિવેષ્ટિત થઈ, સ્નાન કરી યાવત્ સર્વ અલંકારોથી વિભૂષિત થઈને પોતાના ઘણા બધા મિત્રો આદિ સાથે તે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ્, સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ, પસન્ના મદિરાનો આસ્વાદ લેતો વારંવાર આસ્વાદ કરતો, આપતો અને ખાતો-પીતો પ્રમત્ત થઈને વિચરવા લાગ્યો.

**રાજા દ્વારા અભગ્નસેન જીવિત પકડવો—**

૨૫૨. ત્યાર બાદ મહાબળ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે આજ્ઞા આપી કે "હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને પુરિમતાલ નગરના દ્વાર બંધ કરી દો, દ્વાર બંધ કરીને અભગ્નસેન ચોર સેનાપતિને જીવતો પકડી લો, અને પકડીને મારી સામે ઉપસ્થિત કરો."

તત્પશ્ચાત્ તે કૌટુમ્બિક પુરુષોએ બે હાથ જોડી મસ્તક પર આવર્ત પૂર્વક અંજલિ રચીને "હે સ્વામિન્ ! તમે કહો છો તેમ જ થશે." કહીને વિનયપૂર્વક આજ્ઞાનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને પુરિમતાલ નગરનાં દ્વાર બંધ કરી દીધાં, બંધ કરીને અભગ્નસેન ચોર સેનાપતિને જીવતો જ પકડી લીધો, પકડીને મહાબળ રાજા સામે ઉપસ્થિત કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૫૩. તત્પશ્ચાત્ મહાબળ રાજાએ અભગ્નસેન ચોર સેનાપતિને આ પ્રમાણે (પહેલાં વર્ણન કર્યા પ્રમાણે) મારી નાખવાની આજ્ઞા આપી.

**ઉપસંહાર—**

૨૫૪. આ પ્રમાણે હે ગૌતમ ! અભગ્નસેન ચોર-સેનાપતિ પૂર્વજન્મ કૃત પુરાતન દુશ્ચીર્ણ દુષ્પ્રતિક્રાન્ત અશુભ પાપકર્મોના અશુભ પાપમય વિપાકોદય વિશેષનો અનુભવ કરતો સમય વ્યતિત કરી રહ્યો છે.

**અભગ્નસેનની આગામી ભવની કથા—**

૨૫૫. "હે ભદન્ત ! મરણ સમયે મરણ પામીને અભગ્નસેન ચોર સેનાપતિ ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?" ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને પૂછ્યું. ભગવાને ઉત્તર આપતા કહ્યું-"હે ગૌતમ! અભગ્નસેન ચોર સેનાપતિ સાડત્રીસ વર્ષનું આયુષ્ય ભોગવીને આજે દિવસના ત્રીજા પ્રહરના અંત વખતે શૂળી પર છિન્ન-ભિન્ન થઈને મરણ સમયે મરણ પામીને આ રત્નપ્રભા નરક પૃથ્વીમાં ઉત્કૃષ્ટ એક સાગરોપમની આયુષ્યવાળા નરકોમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થશે.

ત્યાર બાદ તે ત્યાંથી નીકળીને સીધો આ પ્રમાણે સંસારમાં પરિભ્રમણ કરતો આદિ પહેલા અધ્યયનમાં કહ્યું છે તે પ્રમાણે યાવત્ વાયુ, તેજ, જળ, પૃથ્વીકાય જીવોમાં લાખો વાર ઉત્પન્ન થતો વારંવાર તેમાં જ ઉત્પન્ન થશે.

ત્યાર બાદ ત્યાંથી છૂટીને વારાણસી નગરીમાં સૂવર રૂપે ઉત્પન્ન થશે. ત્યાં તે સૂવરનો શિકાર કરનાર વડે મરાઈ જઈ તે જ વારાણસી નગરીમાં શ્રેષ્ઠી કુળમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે. ત્યાં તે બાળભવથી મુક્ત થઈ આદિ પ્રથમ અધ્યયનમાં કરેલા વર્ણન પ્રમાણે અંત કરશે એમ અહીં સમજવું.

## ૧૩ શકટ કથાનક

**સાહંજનીમાં સાર્થવાહ પુત્ર શકટ—**

૨૫૬. તે કાળે અને તે સમયે વૈભવ સંપન્ન, સ્વ-પર-ચક્ર ભયથી મુક્ત અને ધન-ધાન્યથી સમૃદ્ધ સાહંજની નામે એક નગરી હતી.

તે સાહંજની નગરીની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં (ઈશાન ખૂણામાં) દેવરમણ નામે ઉદ્યાન હતું.

ત્યાં અમોઘ નામે યક્ષનું એક પુરાણું યક્ષાયતન હતું.

તે સાહંજની નગરીમાં મહાચન્દ્ર નામે રાજા હતો, જે મહાહિમવાન્, મલય, મંદર આદિ પર્વતો સમાન તેમ જ અન્ય રાજાઓની સરખામણીમાં મહા પ્રતાપી હતો.

તે મહાચન્દ્ર રાજાનો સુષેણ નામે એક અમાત્ય-મંત્રી હતો, જે સામ-ભેદ-દંડ-દાન નીતિના પ્રયોગ અને વિધિઓનો જાણકાર, ન્યાયવિજ્ઞ અને નિગ્રહ-શાસન કરવામાં નિપુણ હતો.

તે સાહંજની નગરીમાં સુદર્શના નામની એક ગણિકા રહેતી હતી. તેનું વર્ણન આગળના અધ્યયનમાં આવતી કામધ્વજા ગણિકાની જેમ અહીં જાણવું.

તે સાહંજની નગરીમાં સુભદ્રા નામે એક સાર્થવાહ રહેતો હતો, જે ધનાઢ્ય હતો. આદિ વર્ણન પહેલાંની જેમ અહીં જાણવું.

તે સુભદ્ર સાર્થવાહની નિર્દોષ તેમ જ પંચેન્દ્રિયોથી પરિપૂર્ણ શરીરવાળી ભદ્રા નામે ભાર્યા હતી.

તે સુભદ્ર સાર્થવાહનો પુત્ર, ભદ્રાભાર્યાનો આત્મજ શકટ નામે એક બાળક હતો જે નિર્દોષ તેમ જ પંચેન્દ્રિયો યુક્ત શરીરવાળો હતો.

**મહાવીર સમવસરણમાં શકટની પૂર્વભવ કથા-**

૨૫૭. તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સાહંજની નગરીમાં પધાર્યા. દર્શનાર્થે જન-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિષદ અને રાજા ગયા. ભગવાને ધર્મોપદેશ આપ્યો. પરિષદ પાછી ફરી.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી ગૌતમ સ્વામી યાવત્ રાજમાર્ગ પરથી નીકળ્યા. ત્યાં તેમણે અનેક હાથી, ઘોડા અને બીજા અનેક પુરુષોને જોયા. તે પુરુષો વચ્ચે એક સ્ત્રી સહિત પુરુષને ઘેરાયેલો જોયો, જેના હાથ અને ગરદન પાછળથી બાંધવામાં આવ્યા હતા, કાન અને નાક કપાયેલા હતા યાવત્ ફૂટેલો ઢોલ વગાડીને કરવામાં આવતી અને આ પ્રમાણેની ઘોષણા ગૌતમે સાંભળી—'હે દેવાનુપ્રિયો ! આ શકટ બાળકની સજા માટે કોઈ રાજા કે રાજપુત્ર જવાબદાર નથી પરંતુ આ તો એના પોતાના જ કર્મોની સજા છે.'

**શકટના છણ્ણિક છાગલિક ભવનું વર્ણન—**

૨૫૮. ત્યારે ભગવાન ગૌતમે વિચાર કર્યો ઇત્યાદિ પૂર્વવત્ જાણવું–યાવત્ ભગવાને ઉત્તર આપ્યો—"હે ગૌતમ ! તે કાળે, તે સમયે જમ્બૂદ્વીપના ભારત વર્ષમાં છગલપુર નામે એક નગર હતું.

તેમાં સિંહગિરિ નામે રાજા હતો, જે મહાહિમવાન્, મલય, મંદર પર્વતો સમાન મહાન અને રાજાઓમાં પ્રધાન હતો.

૨૫૯. તે છગલપુર નગરમાં છણ્ણિક નામે એક છાગલિક—બકરાનું માંસ વેચનાર રહેતો હતો, જે ધનાઢ્ય યાવત્ કોઈથીય ગાંજ્યો જાય તેવો ન હતો, અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનન્દ (જેને ખુશ કરવો એ અત્યંત મુશ્કેલ કાર્ય હતું) હતો.

જેમાં સેંકડો, હજારો પશુઓને રાખી શકાય તેવા તે છણ્ણિકના વિશાળ વાડામાં અનેક અજ, બકરાં, ઘેટાં, રોઝ, ગાય, બળદ, સસલા, સૂવર, બાળમૃગ, સિંહ, હરણ, મોર અને ભેંસના સમૂહો પૂરાઈ રહેતા હતા.

જેમને વેતનમાં રૂપિયા અને ભોજન આપવામાં આવતું હતું તેવા અન્ય પુરુષો તે વાડામાં રહેલાં બકરાં યાવત્ ભેંસોનું સંરક્ષણ તથા સંગોપન કરતા, દેખરેખ કરતા હતા.

**છણ્ણિકનું માંસભક્ષણ તેમ જ માંસનો વેપાર—**

૨૬૦. રૂપિયા અને ભોજન રૂપે વેતન પ્રાપ્ત કરતા અન્ય પુરુષો ઘણા બધા બકરા યાવત્ ભેંસોને જીવન રહિત કરતા, મારી નાખતા, મારીને કાતર વડે તેના માંસને કાતરતા અને કાતરીને છણ્ણિક છાગલિકને આપતા.

બીજા અનેક પુરુષો તે બકરાના માંસને યાવત્ ભેંસોના માંસને તવા પર, લોઢી પર, હાંડીમાં અને અંગાર પર તળતા, સેકતા અને શૂળ વડે પકાવતા, તળીને સેકીને અને શૂળ વડે પકાવીને તે માંસને રાજમાર્ગ પર વેચીને પોતાની આજીવિકા કમાતા.

છણ્ણિક છાગલિક પોતે પણ શૂળ પર પકવેલા, તળેલા અને બાફેલા તે બકરાના માંસના ટૂકડાઓ યાવત્ ભેંસના માંસના ટૂકડાઓ અને સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ અને પ્રસન્ના મદિરાનો આસ્વાદ કરતો, વારંવાર આસ્વાદ કરતો, વહેંચતો અને ખાતો–પીતો વિચરણ કરતો.

**છણ્ણિકનું મરણ અને નારકરૂપે ઉત્પન્ન થવું—**

૨૬૧. તત્પશ્ચાત્ તે છણ્ણિક છાગલિક આવા કર્મોથી, આવા કાર્યોની પ્રધાનતાને કારણે, આવા જ્ઞાન-વિજ્ઞાન અને આવા આચરણથી અત્યંત કલુષ ઘણા પાપકર્મોનું ઉપાર્જન કરીને સાતસો વર્ષનું પૂરું આયુષ્ય ભોગવીને મરણ સમયે મરણ પામીને ચોથી નરકપૃથ્વીમાં ઉત્કૃષ્ટ દસ સાગરોપમના આયુષ્યવાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થયો.

**શકટની વર્તમાનભવ કથા—**

૨૬૨. ત્યારબાદ સુભદ્ર સાર્થવાહની ભદ્રાભાર્યા જાતનિંદુકા—મૃતવંધ્યા હતી, જેથી ઉત્પન્ન થતાં સુધીમાં જ તેનું બાળક વિનાશ પામતું, અર્થાત્ મરી જતું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્પશ્ચાત્ તે છણિક છાગલિક ચોથી પૃથ્વીમાંથી નીકળીને સીધો આ સાહંજની નગરીમાં સુભદ્રસાર્થવાહની ભદ્રાભાર્યાની કૂખે પુત્રરૂપે ઉત્પન્ન થયો.

તદનન્તર તે ભદ્રા સાર્થવાહીએ નવ માસ પૂર્ણ થતાં એક બાળકને જન્મ આપ્યો.

**બાળકનું શકટ નામકરણ, ઘરમાંથી ભાગી જવું અને વેશ્યાદિ ગમન—**

૨૬૩. ત્યાર બાદ માતા-પિતાએ તે બાળકને પેદા થતાં જ શકટ-ગાડી નીચે મૂક્યો, મૂકીને પુન: ઉપાડી લીધો અને પછી અનુક્રમે તેનું સંરક્ષણ, સંગોપન અને સંવર્ધન કરવા લાગ્યા અર્થાત્ પાલન-પોષણ કરવા લાગ્યા. શેષ વર્ણન ઉજ્ઝિતકની સમાન જાણવું જોઈએ.

બીજી તરફ તે સુભદ્ર સાર્થવાહ લવણ સમુદ્રમાં કાળને પ્રાપ્ત થયો, માતા પણ કાળ પામી ગઈ, ત્યારે શકટને પણ પોતાના ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યો.

૨૬૪. પોતાના ઘરમાંથી કાઢી મુકાયા પછી તે શકટ બાળક સાહંજની નગરીના શ્રૃંગાટકો, ત્રિકો, ચોરા, ચૌટા, માર્ગો, રાજમાર્ગો પર ધૂર્તગૃહો, વેશ્યાગૃહો, મદિરાલયમાં રહેતો સુખપૂર્વક મોટો થવા લાગ્યો.

તદનન્તર તે શકટ બાળક અનપઘટ્ટક-નિરંકુશ, અનિવારક, સ્વચ્છન્દમતિ અને સ્વેચ્છાચારી થઈને મદ્યપાન, ચૌર્યકર્મ દ્યૂતકર્મ, વેશ્યાગમન, પરસ્ત્રીગમનમાં આસક્ત બની ગયો.

ત્યાર પછી કોઈ એક વખતે તે શકટનો સુદર્શના ગણિકા સાથે સંબંધ સ્થાપિત થયો.

તત્પશ્ચાત્ સુષેણ અમાત્યે કોઈ એક વખતે શકટને સુદર્શના ગણિકાના ઘરેથી કાઢી મૂક્યો, કાઢી મૂકીને સુદર્શના ગણિકાને પોતાના અંત:પુરમાં રાખી લીધી, રાખીને સુદર્શના ગણિકા સાથે મનુષ્ય સંબંધી પ્રધાન ભોગોપભોગો ભોગવતો વિચરવા લાગ્યો.

**ગણિકાના ગૃહથી કાઢી મુકાયેલા શકટની અમાત્યકૃત વિડંબના—**

૨૬૫. તત્પશ્ચાત્ સુદર્શના ગણિકાના ઘરેથી કાઢી મુકાયા પછી પણ તે શકટ સુદર્શના ગણિકામાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, તેમ જ આસક્ત થઈને ક્યાંય સ્મૃતિ, પ્રીતિ અને માનસિક શાંતિ ન મેળવતો, તેનામાં જ ચિત્ત અને મન કેન્દ્રિત કરેલો, તેમાં જ લિપ્ત, તત્સંબંધી કામભોગો માટે પ્રયત્નશીલ, તેની જ પ્રાપ્તિ માટે તત્પર, તેના પ્રતિ અર્પિત અને તેની જ ભાવનાઓ જેને ગમતી એવો તે સુદર્શના ગણિકાને મળવાનો અવસર, છિદ્ર અને વિવરોની ગવેષણા કરતો સમય વ્યતીત કરવા લાગ્યો.

ત્યાર બાદ તે શકટકુમારે એક વખત સુદર્શના ગણિકાને મળવાનો અવસર પ્રાપ્ત કરી લીધો, પ્રાપ્ત કરીને ગુપ્તપણે સુદર્શના ગણિકાના ઘરમાં પ્રવેશ્યો, પ્રવેશીને સુદર્શનાની સાથે મનુષ્ય સંબંધી વિપુલ ભોગોપભોગો ભોગવતો વિચરવા લાગ્યો.

૨૬૬. આ બાજુ સુષેણ અમાત્ય સ્નાન કરીને યાવત્ અલંકારોથી વિભૂષિત થઈને, જનસમૂહથી ઘેરાઈને જ્યાં સુદર્શના ગણિકાનું ઘર હતું ત્યાં આવ્યો, આવીને શકટકુમારને સુદર્શના ગણિકા સાથે મનુષ્ય સંબંધી પ્રધાન ભોગોપભોગો ભોગવતો જોયો, જોઈને ક્રોધાભિભૂત થઈને યાવત્ દાંત કચકચાવીને કપાળમાં ત્રણ રેખા પડે તેમ ભ્રમરો ખેંચીને શકટકુમારને પોતાના નોકરો પાસે પકડાવ્યો, પકડાવીને લાઠી, મુક્કા, લાત, કોણી વડે મારીને અંગે-અંગ તોડીને શરીર શિથિલ કરી દીધું, શિથિલ કરીને અવકોટક બંધન વડે બાંધ્યો, બાંધીને મહાચન્દ્ર રાજા હતો, ત્યાં ગયો અને જઈને બંને હાથ જોડીને આવર્ત પૂર્વક મસ્તક પર અંજલિ રચીને મહાચંદ્ર રાજાને આ પ્રમાણે નિવેદન કર્યું—"હે સ્વામિન્! શકટ કુમારે મારા અંત:પુરમાં પ્રવેશવાનો અપરાધ કર્યો છે."

૨૬૭. ત્યારે મહાચન્દ્ર રાજાએ સુષેણ અમાત્યને કહ્યું–' હે દેવાનુપ્રિય ! તમે જ આ શકટકુમારના દંડનો નિર્ણય કરો–દંડ આપો."

ત્યાર બાદ મહાચન્દ્ર રાજાની આજ્ઞા-અનુમતિ પ્રાપ્ત કરીને સુષેણ અમાત્યે શકટ કુમાર અને સુદર્શના ગણિકાને આ પ્રમાણે મારી નાખવાની આજ્ઞા આપી.

**ઉપસંહાર—**

૨૬૮. આ પ્રમાણે હે ગૌતમ ! શકટ બાળક પૂર્વોપાર્જિત પુરાતન દુશ્ચીર્ણ, દુષ્પ્રતિક્રાન્ત અશુભ પાપકર્મોના ફળવિશેષનો પ્રત્યક્ષ અનુભવ કરતો સમય વ્યતીત કરી રહ્યો છે."

**શકટની આગામી ભવ કથા—**

૨૬૯. "હે ભગવન્ ! શકટ કુમાર કાળ કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?" ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીર ને પૂછ્યું.

પ્રત્યુત્તરમાં ભગવાને કહ્યું–' હે ગૌતમ ! તે શકટ કુમાર સત્તાવન વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને આજે જ દિવસના ત્રીજા ભાગમાં એક વિશાળ તપેલી અને અગ્નિની સમાન દેદીપ્યમાન લોખંડની બનેલી એક સ્ત્રી–પ્રતિમા સાથે આલિંગન કરાવવામાં આવતાં મરણ સમયે મરણ પામીને આ રત્નપ્રભા પૃથ્વીમાં નારકરૂપે ઉત્પન્ન થશે.

ત્યાર બાદ તે ત્યાંથી નીકળીને તે રાજગૃહ નગરમાં ચાંડાલ કુળમાં યુગલિક (બાળક–બાળા ની જોડીમાંના એક) રૂપે ઉત્પન્ન થશે.

તદનન્તર તે બાળકના માતા–પિતા જન્મ પછી બારમાં દિવસે આ પ્રમાણે આ નામકરણ કરશે–' આ બાળક શકટ નામ પામે અને બાળા સુદર્શના નામ પામે.'

તત્પશ્ચાત્ તે શકટ બાળક બાલ્યાવસ્થાથી મુક્ત થઈને વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરતો યુવાવસ્થાને પ્રાપ્ત કરશે.

તદનન્તર તે સુદર્શના બાળા પણ બાલ્યાવસ્થા ત્યાગીને બૌદ્ધિક પરિપક્વતા પામી, યુવાવસ્થા પ્રાપ્ત કરી રૂપ, યૌવન, લાવણ્યથી સમૃદ્ધ થતી ઉત્કૃષ્ટ શરીરવાળી બનશે.

ત્યારે તે શકટ બાળક સુદર્શનાના રૂપ, યૌવન અને લાવણ્યમાં મૂચ્છિંત, ગૃદ્ધ, ગ્રથિત અને આસક્ત થતો સુદર્શના ભગિની સાથે મનુષ્ય સંબંધી વિપુલ ભોગોપભોગો ભોગવતો સમય વ્યતીત કરશે.

તદનન્તર તે શકટ બાળક કોઈ એક સમયે સ્વયં કૂટગ્રાહત્વ (કપટ વડે જીવોને વશમાં કરનાર) પ્રાપ્ત કરી વિચરણ કરશે.

ત્યાર બાદ તે શકટ દારક કૂટગ્રાહ બની જશે, જે અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનન્દ–મુશ્કેલીથી પ્રસન્ન કરી શકાય તેવો બનશે. તેથી તે આ પ્રકારના કર્મોથી, આ પ્રકારના કાર્યોની અધિકતાથી, આ પ્રકારની બુદ્ધિ અને આ પ્રકારના આચરણથી અત્યધિક પાપકર્મો ઉપાર્જિત કરી મરણ સમયે મરણ પામી રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં નારક રૂપે ઉત્પન્ન થશે. આ પ્રમાણે સંસારમાં પરિભ્રમણ કરતો યાવત્ વાયુ, તેજસ્, જળ, પૃથ્વીકાય જીવોમાં અનેક લાખો વાર મરણ પામતો, વારંવાર તેમાં ઉત્પન્ન થશે.

તદનન્તર ત્યાંથી નીકળીને વારાણસી નગરીમાં મત્સ્ય રૂપે ઉત્પન્ન થશે.

ત્યાં માછલી મારનારાઓ વડે મરીને પછી તે જ વારાણસી નગરીમાં શ્રેષ્ઠી કુળમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે. ત્યાં સમ્યક્ બોધિ પ્રાપ્ત કરી અનગાર દીક્ષા અંગીકાર કરશે. મરીને સૌધર્મકલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થશે, ત્યાંથી ચ્યૂત થઈને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને સિદ્ધિ પ્રાપ્ત કરશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૪. બૃહસ્પતિદત્ત કથાનક

**કોશાંબીમાં પુરોહિતપુત્ર બૃહસ્પતિદત્ત—**

૨૭૦. તે કાળે, તે સમયે વૈભવથી સંપન્ન, સ્વપર–શત્રુભયથી મુક્ત, ધન–ધાન્યથી સમૃદ્ધ કૌશાંબી નામે નગરી હતી. તે નગરીની બહાર ચન્દ્રાવતરણ નામે ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં શ્વેતભદ્ર નામે યક્ષનું યક્ષાયતન હતું.

તે કૌશાંબી નગરીમાં શતાનીક નામે રાજા હતો, જે મહાન હિમવન્, મલય, સુમેરુ પર્વતો સમાન મહાન તેમ જ મનુષ્યોમાં ઈન્દ્ર સમાન પ્રધાન હતો.

તેને મૃગાવતી નામે રાણી હતી. તે શતાનીકનો પુત્ર મૃગાવતી દેવીનો આત્મજ ઉદયન નામે કુમાર હતો, જે શુભ લક્ષણો અને નિર્દોષ પરિપૂર્ણ પંચેન્દ્રિયો યુક્ત શરીરવાળો તથા યુવરાજ હતો.

તે ઉદયન કુમારની પદ્માવતી નામે રાણી હતી.

તે શતાનીક રાજાનો સોમદત્ત નામે પુરોહિત હતો જે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદનો જ્ઞાતા હતો.

તે સોમદત્ત પુરોહિતની વસુદત્તા નામે ભાર્યા હતી.

તે સોમદત્તનો પુત્ર વસુદત્તાનો આત્મજ બૃહસ્પતિદત્ત નામે બાળક હતો, તેનું શરીર શુભ લક્ષણો અને પંચેન્દ્રિયો સંપન્ન હતું.

**મહાવીર સમવસરણમાં ગૌતમ દ્વારા બૃહસ્પતિદત્તના પૂર્વભવની પૃચ્છા—**

૨૭૧. તે કાળે, તે સમયે, શ્રમણ ભગવાન મહાવીર કૌશાંબી નગરીમાં પધાર્યા.

તે કાળે, તે સમયે ભગવાન ગૌતમ પૂર્વવત્ ભિક્ષાર્થે નગરમાં ગયા—યાવત્ રાજમાર્ગ પર પહોંચ્યા. પૂર્વવત્ ત્યાં હાથી, ઘોડા, ઘણા બધા પુરુષો અને તે પુરુષો વચ્ચે રહેલા એક વધ્ય પુરુષને જોયો. જોઈને વિચાર કર્યો—પૂર્વવત્ તે પુરુષના પૂર્વભવ વિશે પૂછયું. ભગવાને તેના પૂર્વભવનું વર્ણન કર્યું.

**બૃહસ્પતિદત્તની મહેશ્વરદત્તભવ કથા—**

૨૭૨. હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જમ્બૂદ્વીપ નામે દ્વીપના ભારતવર્ષમાં સર્વતોભદ્ર નામે નગર હતું. તે નગર વૈભવશાળી, શત્રુભયથી મુક્ત અને ધન ધાન્યાદિથી સંપન્ન હતું.

તે સર્વતોભદ્ર નગરમાં જિતશત્રુ નામે રાજા હતો.

તે જિતશત્રુ રાજાનો મહેશ્વરદત્ત નામે પુરોહિત હતો જે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદનો જ્ઞાતા હતો.

**મહેશ્વરદત્તકૃત શાંતિહોમમાં બ્રાહ્મણાદિના બાળકોની હિંસા—**

૨૭૨. ત્યારબાદ તે મહેશ્વરદત્ત પુરોહિત જિતશત્રુ રાજાના રાજ્ય અને બળની વૃદ્ધિ માટે રોજ-રોજ એક–એક બ્રાહ્મણ બાળક, એક–એક ક્ષત્રિય બાળક, એક–એક વૈશ્ય બાળક અને એક–એક શુદ્ર બાળકને પકડાવતો અને પકડાવીને જીવતા હોય ત્યારે જ તેમનું હૃદય, કાળજું કઢાવી લેતો, કઢાવીને જીતશત્રુ રાજા માટે તેના વડે શાંતિ હોમ કરાવતો.

આ ઉપરાંત પણ તે મહેશ્વરદત્ત પુરોહિત અષ્ટમી અને ચતુર્દશીએ બે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર બાળકોને ચાર મહિનામાં ચાર બાળકો, છ મહિનામાં આઠ બાળકો અને સંવત્સરમાં સોળ બાળકોને પકડીને તેમનું કાળજું કઢાવતો અને પછી શાંતિ હોમ કરતો હતો.

જ્યારે જ્યારે પણ જિતશત્રુરાજા શત્રુસેના સાથે યુદ્ધ કરતો હતો, ત્યારે ત્યારે તે મહેશ્વરદત્ત પુરોહિત એકસો આઠ બ્રાહ્મણ બાળકો, એક સો આઠ ક્ષત્રિય બાળકો, એક સો આઠ વૈશ્ય બાળકો અને એક સો આઠ શુદ્ર બાળકોને પોતાના નોકરો દ્વારા પકડાવતો, પકડાવીને જીવિત અવસ્થામાં જ તેમના હૃદયગત માંસપિંડો કાઢી લેવડાવતો, અને કઢાવીને જિતશત્રુ રાજા માટે શાંતિ હોમ કરાવતો હતો. તેથી તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શત્રુસેનાનો શીઘ્ર વિનાશ કરતો અને પાછી ભગાડી મૂકતો.

**મહેશ્વરદત્તનો નરક ઉપપાદ—**

૨૭૪. તદનન્તર તે મહેશ્વરદત્ત પુરોહિત તે પ્રકારના કર્મોથી, તે પ્રકારના કાર્યોની પ્રધાનતાને કારણે, આ પ્રકારની વિદ્યા, મતિ અને આ પ્રકારની આચાર-પ્રવૃત્તિ ને લીધે અત્યધિક પાપકર્મોનું ઉપાર્જન કરીને ત્રણ હજાર વર્ષનું પરમ આયુષ્ય ભોગવીને મરણ સમયે મરણ પામીને સત્તર સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળી પાંચમી નરકપૃથ્વીમાં નારક રૂપે ઉત્પન્ન થયો.

**બૃહસ્પતિદત્તના વર્તમાન ભવનું વર્ણન—**

૨૭૫. તદનન્તર તે મહેશ્વરદત્ત તે પાંચમી નરક-પૃથ્વીમાંથી નીકળીને સીધો આ કૌશામ્બી નગરીમાં સોમદત્ત પુરોહિતની વસુદત્તાભાર્યાની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો.

તત્પશ્ચાત્ તે બાળકને માતા-પિતાએ જન્મ્યા ને બાર દિવસ પૂરા થયા પછી આ અને આ પ્રમાણે નામકરણ કર્યું— સોમદત્ત પુરોહિત અને વસુદત્તાનો આત્મજ એવો અમારો આ બાળક 'બૃહસ્પતિદત્ત' નામવાળો બને અર્થાત્ તેનું નામ બૃહસ્પતિદત્ત રહે.'

તત્પશ્ચાત્ તે બૃહસ્પતિદત્ત બાળક પાંચ ધાયમાતાઓ દ્વારા પરિગૃહીત થતો યાવત્ પરિવર્ધિત થવા લાગ્યો—મોટો થવા લાગ્યો.

ત્યાર બાદ તે બૃહસ્પતિદત્ત બાળક બાળ-પણથી મુક્ત થઈ, જ્ઞાન-વિજ્ઞાનમાં પરિપક્વ બની યુવાવસ્થાને પામ્યો. તે ઉદયનકુમારનો પ્રિય બાળમિત્ર હતો, તે બંનેનો જન્મ એક સાથે થયો હતો, બંને એક સાથે મોટા થયા હતા અને એક સાથે રમ્યા-ઉછર્યા હતા.

તત્પશ્ચાત્ કોઈ એક સમયે શતાનીક રાજા કાળધર્મ પામ્યો.

ત્યારે તે ઉદયન કુમારે ઘણા બધા રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય શ્રેષ્ઠિ, સેનાપતિ, સાર્થવાહ પ્રભૃતિ મળીને રોતા, આક્રન્દ કરતા અને વિલાપ કરતાં મહાન ઋદ્ધિ સત્કાર અને સમારોહ પૂર્વક શતાનીક રાજાની મરણોત્તર કાલીન શબદાહ આદિક્રિયાઓ કરી, ક્રિયા કર્યા પછી અન્ય અનેક લૌકિક મૃતક સંબંધી ક્રિયાઓ કરી.

ત્યારબાદ તે અનેક રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ પ્રભૃતિએ મળીને મહાન્ રાજયા-ભિષેક દ્વારા ઉદયન કુમારનો અભિષેક કર્યો.

ત્યારે તે ઉદયન કુમાર પર્વતોમાં જેમ મહા-હિમવન્ત, મલય અને મન્દર પર્વત હોય તેમ દેવોમાં ઈન્દ્ર સમાન મહાન પ્રતાપી રાજા બની ગયો.

**બૃહસ્પતિદત્ત વડે ઉદયન રાજાની રાજમહિષી સાથે ભોગો ભોગવવા—**

૨૭૬. તત્પશ્ચાત્ તે બૃહસ્પતિદત્ત ઉદયન રાજાના પુરોહિતને લાયક કામકાજ કરતો, સર્વ સ્થાનોમાં, સર્વ ભૂમિકાઓ અને અંતઃપુરમાં બેરોક-ટોક જવા લાગ્યો.

ત્યાર બાદ તે બૃહસ્પતિદત્ત પુરોહિતના રાજાના અંતઃપુરમાં અવસર, અનવસર, કાળે-અકાળે, રાત્રિ અને સંધ્યા સમયે સ્વેચ્છાપૂર્વક જવા-આવવાથી કોઈ સમયે પદ્માવતી રાણી સાથે સંપર્ક થઈ ગયો અને પદ્માવતી દેવી સાથે તે ઉદાર યથેષ્ટ મનુષ્ય સંબંધી કામ-ભોગોનું સેવન કરતો સમય વ્યતીત કરવા લાગ્યો.

**રાજા દ્વારા બૃહસ્પતિદત્તની વિડંબના—**

૨૭૭. અહીં કોઈ એક સમયે ઉદયન રાજા સ્નાન કરી યાવત્ અલંકારોથી વિભૂષિત થઈને જ્યાં પદ્માવતી દેવી હતી, ત્યાં પહોંચ્યો, પહોંચીને જોયું તો બૃહસ્પતિદત્ત પુરોહિતને પદ્માવતી દેવી સાથે મનુષ્ય સંબંધી યથેષ્ટ કામ-ભોગોનું સેવન કરતો જોયો, જોઈને ક્રોધિત થઈને, ભ્રમરો ખેંચીને, નોકરો પાસે બૃહસ્પતિદત્તને પકડાવ્યો, પકડાવીને લાકડી, મુક્કા, લાત અને કોણીઓ મારીને અંગે-અંગ તોડીને શરીરને દહીંની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ મથ્યું, મથીને અવકોટક બંધન વડે બાંધ્યો અને બાંધીને (જે તમે રાજમાર્ગ પર જોયું) તેવી રીતે વધ કરવાની આજ્ઞા આપી.

**ઉપસંહાર—**

૨૭૮. આ પ્રમાણે હે ગૌતમ! બૃહસ્પતિદત્ત પુરોહિત પોતાના પૂર્વજન્મના દુશ્ચીર્ણ, દુષ્પ્રતિક્રાન્ત અશુભ પાપકર્મોનું પાપમય ફળવિશેષ ભોગવી રહ્યો છે.

**બૃહસ્પતિદત્તની આગામી ભવ કથા—**

૨૭૯. ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને પૂછ્યું—"હે ભદન્ત! અહીંથી કાલગત થઈને બૃહસ્પતિદત્ત પુરોહિત ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?"

ભગવાને ઉત્તર આપ્યો—'હે ગૌતમ! બૃહસ્પતિદત્ત પુરોહિત ચોસઠ વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને દિવસના ત્રીજા પ્રહરના અંતે આજે શૂળી દ્વારા ભેદન કરવાથી મરણ સમયે મરણ પામીને આ રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ એક સાગરોપમની સ્થિતિવાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થશે.

તદનન્તર તે ત્યાંથી નીકળીને પ્રથમ અધ્યયનમાં કરવામાં આવેલા વર્ણન અનુસાર સંસારમાં પરિભ્રમણ કરશે યાવત્ વાયુ, તેજ, જળ, પૃથ્વીકાયના જીવોમાં અનેક લાખો વાર મરતો, ફરી ફરી તેમાં જ ઉત્પન્ન થશે.

ત્યાર બાદ હસ્તિનાપુર નગરમાં મૃગરૂપે ઉત્પન્ન થશે. ત્યાં તે પારધી—જાળ નાખીને પશુઓને પકડવાનું કામ કરનાર દ્વારા વધ થયા પછી તે હસ્તિનાપુર નગરમાં શ્રેષ્ઠીકુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે. ત્યાં સમ્યક્‌બોધિ–સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે, તત્પશ્ચાત્ સૌધર્મ કલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થશે, ત્યાંથી ચ્યુત થઈને તે મહાવિદેહવર્ષમાં ઉત્પન્ન થઈ સિદ્ધિ પ્રાપ્ત કરશે.

## ૧૫. નન્દીવર્ધનકુમાર કથાનક

**મથુરામાં નન્દીવર્ધનકુમાર—**

૨૮૦. તે કાળે તે સમયે મથુરા નામે નગરી હતી. ભંડીક નામે ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં સુદર્શન નામે યક્ષનું આયતન–સ્થાન હતું. શ્રીદામ નામે રાજા હતો, તેની બંધુશ્રી નામે ભાર્યા હતી. પુત્રનું નામ નન્દીવર્ધનકુમાર હતું, જે શુભલક્ષણો અને પરિપૂર્ણ પંચેન્દ્રિયો યુક્ત શરીરવાળો તથા યુવરાજ પણ હતો.

તે શ્રીદામ રાજાનો સુબન્ધુ નામે અમાત્ય હતો, જે સામ, દંડ, ભેદ અને દાનનીતિનો પ્રયોગ કરવામાં કુશળ અને રાજનય–રાજનીતિનો વિદ્વાન હતો.

તે સુબંધુ અમાત્યનો અન્યૂન નિર્દોષ પંચેન્દ્રિઓ યુક્ત શરીરવાળો બહુમિત્રપુત્ર નામે દારક હતો.

તે શ્રીદામ રાજાનો ચિત્ત નામે આલંકારિક નાઈ હતો, જે શ્રીદામ રાજાના અનેકવિધ આશ્ચર્યજનક આલંકારિક કર્મ, ક્ષૌર કર્મ કરતો, સર્વ સ્થાનો અને સર્વ ભૂમિકાઓ તેમ જ અંતઃપુર સુધી અપ્રતિહત–કોઈ રોક–ટોક વગર આવતો–જતો હતો.

**ભગવાન મહાવીરના સમવસરણમાં ગૌતમ દ્વારા નન્દીવર્ધનના પૂર્વભવની પૃચ્છા—**

૨૮૧. તે કાળે, તે સમયે સ્વામિ–શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. વંદન કરવા નગરમાંથી પરિષદ નીકળી, રાજા પણ નીકળ્યો યાવત્ પરિષદા પાછી ફરી.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય યાવત્ રાજમાર્ગ પર નીકળ્યા. ત્યાં પૂર્વવત્ હાથી, ઘોડા, અને ઘણા બધા માણસોને જોયા. તે માણસોની વચ્ચે એક વધ્ય પુરુષને જોયો યાવત્ જે નર-નારીઓના સમૂહથી ઘેરાયેલો હતો.

તત્પશ્ચાત્ રાજપુરુષોએ તે પુરુષને ચોકમાં અગ્નિ સમાન દેદીપ્યમાન, તપેલા લોઢાના સિંહાસન પર બેસાડ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદનન્તર તે પુરુષોએ મધ્યમાં રહેલા પુરુષનો કોઈ તપેલા અગ્નિ સમાન દેદીપ્યમાન અનેક લોઢાના કળશોથી, કોઈ તાંબાના ભરેલા કળશોથી, કોઈ સીસાના ભરેલા કળશોથી, કોઈ ચૂનાના ભરેલા કળશોથી અને કોઈ ક્ષાર-તેલથી પરિપૂર્ણ કળશો વડે મહાન રાજ્યાભિષેકની જેમ અભિષેક કરે છે.

ત્યાર બાદ કોઈ લોઢાની સાણસી લઈને અગ્નિ સમાન દેદીપ્યમાન, તપાવેલા લોઢાનો બનાવેલો હાર પહેરાવે છે. તદનન્તર અર્ધહાર પહેરાવે છે, ત્રણ સેરવાળો હાર પહેરાવે છે, ઝુમ્મર પહેરાવે છે, કટિસૂત્ર-કંદોરો પહેરાવે છે, પટ્ટ-માથાનું આભૂષણ પહેરાવે છે, મુગટ પહેરાવે છે. ભગવાન ગૌતમે તે પ્રમાણે ચિંતા-વિચાર કર્યો તથા ભગવાનને પૂર્વભવ પૂછયો યાવત્ શ્રમણ ભગવાન મહાવીરે પ્રતિપાદન કર્યું—

**નન્દીવર્ધનની દુર્યોધનભવકથા—**

૨૮૨. "હે ગૌતમ! તે કાળે, તે સમયે જમ્બૂદ્વીપ નામક દ્વીપમાં ભારતવર્ષમાં સિંહપુર નામે નગર હતું, જે વૈભવ સંપન્ન, શત્રુભયથી મુક્ત અને ધન-ધાન્યાદિથી સમૃદ્ધ હતું.

તે સિંહપુરમાં સિંહરથ નામે રાજા હતો.

તે સિંહરથ રાજાનો દુર્યોધન નામે ચારકપાલ (કારાવાસનો રક્ષક, જેલર) હતો જે અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનન્દ હતો.

**ચારકપાલ દુર્યોધન—**

૨૮૩. તે ચારકપાલ દુર્યોધન પાસે આ અને આ પ્રમાણેના ચારકભાંડ-કારાગાર સંબંધી ઉપકરણો હતા.

તે દુર્યોધન ચારકપાલ પાસે અનેક લોઢાની કુંડીઓ હતી, તેમાંથી કેટલીય તાંબાથી ભરેલી હતી, કેટલીય ત્રપુથી ભરેલી હતી, કેટલીય સીસાથી ભરેલી હતી, કેટલીય કળીચૂનાથી ભરેલી હતી. અને કેટલીય ક્ષાર યુક્ત તેલથી ભરેલી હતી જે અગ્નિ પર રાખવામાં આવતી અર્થાત્ અગ્નિ પર રાખવાને કારણે ઊકળતી રહેતી હતી.

તે દુર્યોધન ચારકપાલ પાસે ઘણાં બધાં ઊંટના ચામડાનાં બનેલાં મોટાં-મોટાં માટલાં હતાં, જે માટલાંઓમાંથી કોઈમાં ઘોડાનું મૂત્ર, કોઈમાં હાથીનું મૂત્ર, કોઈમાં ગાયનું મૂત્ર, કોઈમાં ભેંસનું મૂત્ર, કોઈમાં બકરીનું મૂત્ર અને કોઈમાં ઘેટાનું મૂત્ર ભરેલું હતું.

તે દુર્યોધન ચારકપાલ અનેક હસ્તાન્દુક (હાથ બાંધવા માટેના લાકડાના બનેલ સાધન-વિશેષ), પાદાન્દુક, હેડ—કાષ્ઠની બેડી, નિગડ—લોઢાની બેડી, ને સાંકળના ઢગલા રાખતો હતો.

તે દુર્યોધન ચારકપાલ પાસે અનેક શિલાઓ, લાકડીઓ, મુદ્ગરો, કનંગર—પથ્થરના જમીનને કૂટવાનાં ઉપકરણ) અથવા પથ્થરના મુદ્ગરોના પુંજ અને ઢગલા રહેતા હતા.

તે દુર્યોધન ચારકપાલ પાસે અનેક વેણુ લતાઓ, વાંસની ચાબુકો, નેતરની સોટીઓ, આમલીની ચાબુકો, ચીકણી ચામડાની ચાબુકો, રસ્સીની ચાબુકો, વૃક્ષોની છાલની ચાબુકોના ઢગલાના ઢગલા હતા.

તે દુર્યોધન ચારકપાલ પાસે અનેકપ્રકારની ખીલીઓ, વાંસની ખીંટીઓ, ચામડાના પટ્ટા અને કાંટાળા પટ્ટાના ઢગલા હતા.

તે દુર્યોધન ચારકપાલ પાસે અનેક પ્રકારનાં શસ્ત્રો, કટારીઓ, કુહાડીઓ, નખણીઓ અને દર્ભના ઢગલા હતા.

**દુર્યોધનની ચર્યા—**

૨૮૪. ત્યારે તે દુર્યોધન ચારકપાલ સિંહરથ રાજાના રાજ્યના અનેક ચોરો, પરસ્ત્રીલંપટો, ખિસ્સાકાતરુઓ, રાજાના નુકસાન કરનારાઓ, ઋણ-ધારકો, બાલઘાતકો, વિશ્વાસઘાતકો, જુગારીઓ અને ધૂતારાઓને રાજપુરુષો દ્વારા પકડાવતો, પકડાવીને ચતાપાટ પાડી દેતો, પછી લોઢાના સળિયાથી તેમનાં મોં ફડાવતો, મોં ફડાવીને તેમાં તપેલા તાંબાનો રસ રેડતો, તપેલું સીસું રેડતો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈકને કળીચૂનો પીવડાવતો તો કોઈને ખાર-યુક્ત તેલ પીવડાવતો અને કોઈના પર તેનાથી સિંચન કરતો.

કોઈને તે ચત્તા સુવડાવી અશ્વમૂત્ર પીવ-ડાવતો, કોઈને હસ્તીમૂત્ર પીવડાવતો, કોઈને ઊંટનું મૂત્ર પીવડાવતો, કોઈને ગૌમૂત્ર પીવ-ડાવતો, કોઈને ભેંસનું મૂત્ર પીવડાવતો, કોઈને બકરીનું મૂત્ર પીવડાવતો, અને કોઈને ઘેટાનું મૂત્ર પીવડાવતો.

કોઈ કોઈને તે જબરદસ્તીથી અવળા મોઢે સુવરાવતો અને વમન કરાવતો અને બીજાને એ વમન પીવરાવીને પીડા પહોંચાડતો.

કોઈને હાથની બેડીઓમાં તો કોઈને પગની બેડીઓમાં બાંધતો, કોઈને સાંકળથી બાંધતો તો કોઈના શરીરને મરડતો અને સંકોચતો.

કોઈના હાથ તે કાપતો તો કોઈના પગ કાપી નાખતો, કોઈના નાક-કાન કાપતો, કોઈની જીભ કાપતો, કોઈનું માથું કાપી નાખતો તો કોઈને શસ્ત્રથી રહેંસી નાખતો.

કોઈને તે વાંસની ચાબુકથી ફટકારતો, કોઈને નેતરની સોટીથી મારતો, કોઈને આંબલીના ચાબુકથી તો કોઈને ચીકણા ચામડાની ચાબુકોથી મારતો, કોઈને રસ્સીની ચાબુકથી અને કોઈને ઝાડની છાલની ચાબુકથી મારતો.

કોઈને ચત્તોપાટ પટકતો, પટકીને છાતી પર શિલા રખાવતો, શીલા મુકાવીને તેના પર ફટકા મરાવતો.

કોઈને ચામડાની તાંતથી તો કોઈને રસ્સીથી, કોઈને વૃક્ષની છાલની રસ્સીથી અને કોઈને વાળની રસ્સીથી હાથેપગે બંધાવતો અને બંધાવીને કૂવામાં ઊંધા લટકાવતો.

કોઈને તરવારથી, કોઈને કરવતથી, કોઈને છરીથી તો કોઈને ખડ્ગથી છોલાવતો અને છોલાવીને ખારવાળા તેલથી માલિશ કરાવતો.

કોઈના મસ્તકમાં, કોઈની પીઠમાં કે ગરદનમાં, કોઈને કોણી પર કે ઘૂંટણ પર લોઢાની ખીલીઓ કે વાંસની ખીલીઓ ઠોકાવતો કે કાંટાળા હથિયારથી માર મારતો.

કોઈના હાથની આંગળીઓ કોઈની પગની આંગળીઓમાં મુદ્ગર (મોગરી), સોય કે દાભના કાંટા ભોંકાવતો અને જમીન પર ઘસડતો.

કોઈને શસ્ત્રથી, કોઈને ભાલાથી, કોઈને કુહાડીથી, કોઈને નખછેદણથી અંગો છોલાવતો અને પછી, દર્ભ, કુશથી, ઘાસથી વીંટાવતો અને તડકામાં સૂકવવા નાખતો, સુકાયા પછી ચડચડાટ સાથે તેનો ઉતરડી લેતો.

ત્યાર પછી તે દુર્યોધન ચારકપાલ આવા પ્રકારનાં કાર્યોથી, આવી જાતનાં કામોની અધિક-તાથી, આવા પ્રકારની બુદ્ધિથી અને આવા પ્રકારના આચરણથી અત્યધિક પાપકર્મોનું ઉપાર્જન કરીને એકત્રીસસો વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને મરણ સમયે મરણ પામીને છઠ્ઠી-નરક ભૂમિમાં ઉત્કૃષ્ટ બાવીસ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં નૈરયિક (નારકી) રૂપે ઉત્પન્ન થયો.

**નન્દીવર્ધનની વર્તમાન ભવકથા—**

૨૮૫. તદનન્તર તે દુર્યોધન ચારકપાલ નરકમાંથી નીકળીને આજ મથુરા નગરીમાં શ્રીદામરાજાની બંધુશ્રી રાણીની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો.

તત્પશ્ચાત્ બંધુશ્રી રાણીને લગભગ નવ માસ પૂર્ણ થતાં યાવત્ બાળકને જન્મ આપ્યો.

ત્યારબાદ તે બાળકના માતા-પિતાએ બાર દિવસ વીત્યા પછી આ પ્રમાણે આ નામ-કરણ કર્યું–"અમારા આ બાળકનું નામ 'નંદિવર્ધન' હો."

ત્યાર પછી તે નંદિવર્ધન કુમાર પાંચ ધાય માતાઓથી પરિવેષ્ટિત થઈને યાવત્ પાલન-પોષણ દ્વારા વૃદ્ધિંગત થવા લાગ્યો.

તદનન્તર તે નંદિવર્ધનકુમાર બાલ્યાવસ્થા પાર કરીને પરિપકવ, પરિષ્કૃત બુદ્ધિસંપન્ન થઈને યુવાવસ્થાને પામીને વિચરવા લાગ્યો યાવત્ યુવરાજ બની ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નંદિવર્ધનનો પિતૃમારણ સંકલ્પ—**

૨૮૬. ત્યારબાદ નંદિવર્ધનકુમાર રાજ્યમાં યાવત્ અંતઃપુરમાં મૂચ્છિંત, ગૃદ્ધ, આસક્ત અને અનુરક્ત થઈને શ્રીદામ રાજાને જીવનરહિત કરી-મારીને રાજ્યશ્રીનું સંવર્ધન કરતા તેમ જ પ્રજા પાલન કરતા વિચરવાની ઈચ્છા રાખવા લાગ્યો.

તદનન્તર તે નંદિવર્ધનકુમાર શ્રીદામ રાજાના અનેક અંતરો (ગુપ્ત અવસરો-પ્રસંગો), છિદ્રો (સ્ખલનો) અને વિવરો (દોષો)ની પ્રતીક્ષા, અન્વેષણા કરતો વિચરવા લાગ્યો.

ત્યારબાદ તે નંદિવર્ધન કુમારે શ્રીદામ રાજાની નબળાઈઓ ન જાણી શકવાથી એક દિવસ ચિત્ર આલંકારિકને—હજામને બોલાવ્યો અને બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! તું શ્રીદામ રાજાના બધા સ્થાનોએ, બધી ભૂમિકાઓમાં અને અંતઃપુરમાં સ્વેચ્છાપૂર્વક કોઈ રોક-ટોક વગર જઈ-આવી શકે છે અને શ્રીદામ રાજા માટે વારંવાર આલંકારિક કર્મ કરે છે. તો હે દેવાનુપ્રિય ! તું આલંકારિક કર્મ કરતી વખતે શ્રીદામ રાજાના ગળામાં છરી ઉતારી દે. તો હું તને અડધા રાજ્યનો શાસક બનાવીશ-અથવા હું તને અડધું રાજ્ય આપી દઈશ. જેથી તું અમારી સાથે ઉત્તમોત્તમ કામભોગો ભોગવતો તારો સમય વ્યતીત કરીશ."

તદનન્તર તે ચિત્ર આલંકારિકે કુમાર નંદિવર્ધનના ઉક્ત વિચારવાળાં વચનો સાંભળ્યાં.

તત્ પશ્ચાત્ તે ચિત્ર આલંકારિકને આ પ્રમાણેનો આ આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો-'શ્રીદામ રાજા જો મારા આ વિચારને જાણી જાય તો કોને ખબર કેવા અશુભ કમોતે મારે ?" એમ વિચાર આવતાં તે ત્રસ્ત, વ્યાકુળ, ઉદ્વિગ્ન અને ભયાક્રાન્ત થઈને જ્યાં શ્રીદામ રાજા હતો, ત્યાં ગયો, જઈને તેણે એકાંતમાં શ્રીદામ રાજાને બંને હાથ જોડીને આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચીને આ પ્રમાણે કહ્યું-'હે સ્વામિન્ ! રાજ્ય યાવત્ અંતઃપુરમાં મૂચ્છિંત, ગૃદ્ધ, આસક્ત અને અનુરક્ત થઈને નંદિવર્ધનકુમાર આપને જીવનથી વ્યપરોપિત કરી અર્થાત્ મારીને સ્વયં રાજ્યશ્રીનું સંવર્ધન કરતા અને પ્રજા પાલન કરતા વિચરવાની ઈચ્છા રાખે છે."

**રાજા દ્વારા નંદિવર્ધનને દંડ—**

૨૮૭. ત્યાર બાદ તે શ્રીદામ રાજાએ મિત્ર આલંકારિક પાસેથી આ વાત સાંભળીને અને સમજીને ક્રોધાભિભૂત, રુષ્ટ, કોપિત, ચંડિકાવત્ રૌદ્ર બનીને અને દાંત કચકચાવીને, કપાળમાં બળપૂર્વક ત્રણ રેખાઓ પડે તેમ ભ્રમરો ચઢાવીને નંદિવર્ધનકુમારને રાજપુરુષો દ્વારા પકડાવ્યો અને પકડાવીને આવા વિધાનથી પૂર્વોક્ત વર્ણિત પ્રકારે-મારી નાખવાની આજ્ઞા આપી.

**ઉપસંહાર—**

૨૮૮. આ પ્રમાણે હે ગૌતમ ! નંદિવર્ધનકુમાર પૂર્વમાં કરેલા દુશ્ચીર્ણ, દુષ્ટતાથી ઉપાર્જિત, દુષ્પ્રતિક્રાન્ત-જેનો પ્રતિકાર કરવો શક્ય નથી તેવાં અશુભ પાપમય કર્મોનું પાપમય ફળ ભોગવતો સમય વ્યતીત કરી રહ્યો છે.

**નંદિવર્ધનના આગામી ભવનું નિરૂપણ—**

૨૮૯. "હે ભગવન્ ! ત્યાંથી ચ્યુત થઈને-મરીને, મરણ સમયે મરણ પામીને નંદિવર્ધનકુમાર ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?"

"હે ગૌતમ ! નંદિવર્ધન કુમાર સાઠ વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને મરણ સમયે મરણ પામીને આ રત્નપ્રભા પૃથ્વીમાં એક સાગરોપમના ઉત્કૃષ્ટ આયુવાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થશે. આ પ્રમાણે (પહેલાંના અધ્યયનોની જેમ) સંસારમાં પરિભ્રમણ કરશે. ત્યારબાદ હસ્તિનાપુર નગરમાં માછલીરૂપે ઉત્પન્ન થશે.

ત્યાં તે માછીમારો દ્વારા વધ થઈને આજ હસ્તિનાપુર નગરમાં શ્રેષ્ઠિ કુળમાં ઉત્પન્ન થશે. ત્યાં સમ્યક્ બોધિ પ્રાપ્ત કરશે પછી સૌધર્મ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વર્ગમાં ઉત્પન્ન થશે, તત્પશ્ચાત્ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધ થશે, કેવળજ્ઞાની થઈને સર્વ પદાર્થોને જાણશે, મુક્ત થશે, પરમ નિર્વાણ પદને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

## ૧૬. ઉમ્બરદત્ત કથાનક

**પાટલિખંડમાં ઉંબરદત્ત—**

૨૯૦. તે કાળે, તે સમયે પાટલિખંડ નામે નગર હતું. વનખંડ નામે ઉદ્યાન હતું. ઉંબરદત્ત નામે યક્ષ હતો.

તે પાટલિખંડ નગરમાં સિદ્ધાર્થ નામે રાજા હતો.

તે પાટલિખંડ નગરમાં સાગરદત્ત નામે સાર્થવાહ હતો, જે ધનાઢ્ય અને અપરિભૂત હતો. તેની ભાર્યાનું નામ ગંગદત્તા હતું.

તે સાગરદત્તનો પુત્ર અને ગંગદત્તા ભાર્યાનો અંગજાત ઉંબરદત્ત નામે બાળક હતો, જે શુભ લક્ષણો યુક્ત પરિપૂર્ણ પાંચે ઈન્દ્રિયો તેમજ શરીરવાળો હતો.

**ભગવાન મહાવીરના સમવસરણમાં ગૌતમ દ્વારા ઉંબરદત્તના પૂર્વભવવિષયક પૃચ્છા—**

૨૯૧. તે કાળે, તે સમયે ભગવાન મહાવીરનું પદાર્પણ થયું યાવત્ પરિષદા પાછી ફરી.

તે કાળે, તે સમયે ભગવાન ગૌતમ પહેલાંની જેમ જ જ્યાં પાટલિખંડ નગર હતું ત્યાં આવ્યા, આવીને પૂર્વદ્વારમાંથી પાટલિખંડ નગરમાં પ્રવેશ્યા, પ્રવેશીને ત્યાં એક માણસને જોયો. જે ખુજલીરોગી, કુષ્ઠરોગી હતો, તે જલોદર, ભગંદર, અર્શ, મસા, કાસ, શ્વાસ, સોજો વગેરે અનેક રોગથી પીડિત હતો. તેનું મોં તથા હાથ–પગ ફૂલી ગયા હતા, તેના હાથની આંગળીઓને પગની આંગળીઓ સડી ગઈ હતી, કાન, નાક સડી રહ્યા હતા, રસી અને પરુથી લથપથ થઈ રહ્યા હતા. તેના ઘા પર કીડા બણબણતા હતા, ઘામાંથી લોહી અને પરુ વહી રહ્યું હતું, પરુ વહેવાને કારણે કાન અને નાકની નસો ગળી ગઈ હતી. તે વારંવાર પરુ, લોહી અને કૃમિની ઉલટીઓ કરી રહ્યો હતો. તે કષ્ટોત્પાદક, કરુણાજનક અને દીનતા ભરેલા શબ્દો બોલતો કણસી રહ્યો હતો. તેની આજુ-બાજુ ચોપાસ માખીઓ બણબણતી હતી. તેના માથાના વાળ વિખરાયેલા હતા. તેણે શરીર પર ચીંથરા વીંટાળેલા હતા. હાથમાં તૂટેલો વાટકો અને ફૂટેલા માટલાનો કટકો લઈ તે ઘરે–ઘરે ભીખ માંગીને પોતાનું જીવન વીતાવી રહ્યો હતો.

ત્યારે ભગવાન ગૌતમ ઉચ્ચ–નીચ મધ્યમ-કૂળોમાં ભિક્ષાર્થે ભ્રમણ કરતા કરતા યથેષ્ટ ભિક્ષા લઈને પાટલિખંડ નગરની બહાર નીકળ્યા, બહાર નીકળીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા, ત્યાં ગયા, ત્યાં જઈને ભોજન-પાણી સંબંધી આલોચના કરી, આહાર, પાણી બતાવ્યા અને શ્રમણ ભગવાન મહાવીરની અનુમતિ–આજ્ઞા પ્રાપ્ત કરીને કોઈ મોહ, ગૃદ્ધિ, આસક્તિ અને લાલસા વગર, સાપના દરમાં સાપ જાય તે રીતે આહાર કરી અને સંયમ તેમ જ તપથી આત્માને ભાવિત કરતા સમય વ્યતીત કરવા લાગ્યા.

૨૯૨. તત્પશ્ચાત્ તે ભગવાન ગૌતમે બીજી વાર ષષ્ઠ-ક્ષમણ અર્થાત્ છઠના પારણા નિમિત્તે પ્રથમ પોરસીમાં સ્વાધ્યાય કર્યો યાવત્ પાટલિખંડ નગરમાં દક્ષિણ દિશાના દ્વારમાંથી પ્રવેશ કર્યો, ત્યાં પણ ખંજવાળ આદિ ગ્રસ્ત તે જ પુરુષને જોયો અને પહેલાંની જેમ જ યાવત્ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

૨૯૩. તદનન્તર ભગવાન ગૌતમે ત્રીજી વાર ષષ્ઠ-ક્ષમણના પારણા નિમિત્તે પહેલાંની જેમ જ યાવત્ પાટલિખંડ નગરમાં પશ્ચિમ દિશાના દ્વાર-માંથી પ્રવેશ કર્યો અને પ્રવેશ કરીને ખુજલી આદિ રોગોથી પીડિત તે જ પુરુષને જોયો.

૨૯૪. ત્યારબાદ ભગવાન ગૌતમે ચતુર્થ ષષ્ઠ-ક્ષમણના પારણા નિમિત્તે પહેલાંની જેમ જ યાવત્ ઉત્તર દિશાના દ્વારમાંથી પાટલિખંડ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નગરમાં પ્રવેશ્યા અને ત્યાં પણ તે કુષ્ઠ આદિ રોગોથી ગ્રસ્ત પુરુષને જોયો.

૨૯૫. તદનન્તર તે પુરુષને જોઈને ભગવાન ગૌતમને આ અને આ પ્રમાણેનો આધ્યાત્મિક, ચિંતિત, કલ્પિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો—"અહો આ પુરુષ પૂર્વકૃત દુશ્ચીર્ણ, દુષ્પ્રતિકાન્ત અશુભ પાપકર્મોનું પાપમય ફળ વિશેષ ભોગવતો પોતાનો સમય પસાર કરી રહ્યો છે. મેં નરક અને નૈરયિક તો નથી જોયા પરંતુ આ પુરુષ સાક્ષાત્ નારક જેવી વેદનાનો અનુભવ કરી રહ્યો છે." આમ વિચાર કરીને યાવત્ શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે નિવેદન કર્યું–"હે ભગવન્! ષષ્ઠ-ક્ષમણના પારણા નિમિત્તે યાવત્ ભ્રમણ કરતા કરતા જ્યાં પાટલિખંડ નગરમાં પહોંચ્યો, પહોંચીને પૂર્વ દિશાના દ્વારમાંથી પાટલિખંડ નગરમાં પ્રવેશ કર્યો ત્યાં એક ખંજવાળ આદિ રોગોથી ગ્રસ્ત યાવત્ ભીખ માગીને આજીવિકા કમાતા પુરુષને જોયો.

ત્યારબાદ મેં બીજી વાર ષષ્ઠ ક્ષમણના પારણા નિમિત્તે પાટલિખંડમાં દક્ષિણ દ્વારમાંથી પ્રવેશ કર્યો તો પૂર્વવત્ તે પુરુષને ત્યાં પણ જોયો.

ત્યાર બાદ મેં ત્રીજી વાર ષષ્ઠ-ક્ષમણના પારણા નિમિત્તે પશ્ચિમ દિશાના દ્વારમાંથી પ્રવેશ કર્યો તો પહેલાંની જેમ તે પુરુષને ત્યાં પણ જોયો.

ત્યાર બાદ હું ચોથી વાર ષષ્ઠ-ક્ષમણના પારણા નિમિત્તે ઉત્તર દિશાના દ્વારથી પાટલિખંડનગરમાં પ્રવેશ્યો તો ત્યાં પણ તે ખંજવાળ આદિ રોગોથી ગ્રસ્ત યાવત્ ભિક્ષાવૃત્તિથી આજીવિકા મેળવતા તે પુરુષને જોયો. તેને જોઈને મને વિચાર ઉત્પન્ન થયો.

'હે ભદન્ત! પૂર્વભવમાં તે પુરુષ કોણ હતો? તેનું નામ અને ગોત્ર કયું હતું? કયા ગામ અથવા નગરમાં રહેતો હતો? તેણે શું ભોગવ્યું અને શું ઉપાર્જન કર્યું? પૂર્વમાં કેવા દુશ્ચીર્ણ, દુષ્પ્રતિક્રાન્ત અશુભ પાપકર્મો કર્યા કે તે પાપરૂપ ફળ વૃત્તિ વિશેષનો અનુભવ કરતો સમય વિતાવી રહ્યો છે?'

**ઉમ્બરદત્તની ધન્વન્તરિ વૈદ્ય ભવકથા–**

૨૯૬. 'ગૌતમ!' આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરે સંબોધન કરીને ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું—"હે ગૌતમ! તે કાળે અને તે સમયે આ જ જમ્બૂદ્વીપ નામક દ્વીપના ભરતક્ષેત્રમાં વિજયપુર નામે એક ઋદ્ધિ-સ્તિમિત તેમ જ સમૃદ્ધ નગર હતું.

તે વિજયપુર નગરમાં કનકરથ નામે રાજા હતો.

તે કનકરથ રાજાનો આયુર્વેદના આઠ અંગોનો જ્ઞાતા ધન્વન્તરિ નામે વૈદ્ય હતો, આયુર્વેદ સંબંધી આઠ અંગોનાં નામ આ પ્રમાણે છે :

(૧) કૌમારભૃત્ય, (૨) શાલાકચ, (૩) શલ્યહસ્ત, (૪) કાયચિકિત્સા, (૫) જાંગુલ, (૬) ભૂતવિદ્યા, (૭) રસાયણ અને (૮) વાજીકરણ.

તે પોતાની ચિકિત્સા પદ્ધતિના કારણે પ્રજામાં શિવહસ્ત (કલ્યાણકારી હાથવાળો), શુભહસ્ત (પ્રશસ્ત અને સુખકારી હાથવાળો) અને લઘુ-હસ્ત (ગુમડા આદિ કાપવામાં કષ્ટનો અનુભવ નહીં થવા દેનાર) માનવામાં આવતો હતો.

**ધન્વન્તરિ વૈદ્ય દ્વારા માંસાશન ચિકિત્સા—**

૨૯૭. તે ધન્વન્તરિ વૈદ્ય વિજયપુર નગરમાં કનકરથ રાજાના અંતઃપુરમાં નિવાસ કરનારી રાણીઓ આદિ તથા અન્ય બીજા ઘણા બધા રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુમ્બિક, ઈભ્ય, શેઠ, સેનાપતિ, સાર્થવાહો આદિ તેમ જ બીજા પણ કેટલાક દુર્બળો, ગ્લાનો, વ્યાધિપીડિતો, રોગીઓ, સનાથો, અનાથો, શ્રમણો, બ્રાહ્મણો, ભિક્ષુઓ, કરોટિકો, કાર્પટિકો તથા આતુરોમાંથી કોઈને માછલીનું માંસ, કોઈને મગરનું માંસ, કોઇને સુંસુમારનું માંસ, કોઈને બકરાનું માંસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખાવાનો ઉપદેશ આપતો અને આ પ્રમાણે ઘેટાં, રોઝ, સુવર, મૃગ, શિયાળ, ગાય, ભેંસનું માંસ ભક્ષણ કરવાનો ઉપદેશ આપતો, કોઈને તેતરનું માંસ ખાવાનો આદેશ આપતો, કોઈને બટેર, લાવક, કબૂતર, મરઘી, મોર, પક્ષીનું માંસ ખાવાનો ઉપદેશ આપતો તથા અનેક બીજા પણ જળચર, સ્થળચર, ખેચર જીવોનું માંસ ખાવાનો ઉપદેશ આપતો.

સ્વયં પોતે પણ ધન્વન્તરિ વૈદ્ય તે અનેકવિધ મત્સ્ય માંસ યાવત્ મોરનું માંસ તથા બીજા અનેક જળચર, સ્થળચર, નભચર જીવોનું માંસ તથા મત્સ્ય રસ યાવત્ મયૂર રસમાં પકવેલા, તળેલા, બાફેલા માંસ સાથે સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ અને પ્રસન્ના આદિ મદિરાઓનો આસ્વાદન, વિસ્વાદન, વિતરણ કરતો અને ભોગવતો જીવન વ્યતીત કરતો હતો.

**નરકોપપાત—**

૨૯૮. ત્યાર બાદ તે ધન્વન્તરિ વૈદ્ય આ પ્રમાણે પાપમય કર્મોની પ્રધાનતા, આ પ્રમાણેની વિદ્યા અને આ પ્રમાણેની પ્રવૃત્તિથી અત્યન્ત સઘન પાપકર્મોનું ઉપાર્જન કરીને બત્રીસ સો વર્ષનું ઉત્કટ આયુષ્ય ભોગવીને કાળ સમયે કાળ પામીને છઠ્ઠી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ બાવીસ સાગરોપમની સ્થિતિવાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થયો.

**ઉમ્બરદત્તની વર્તમાનભવ કથા—**

૨૯૯. ત્યાર બાદ તે ગંગદત્તા ભાર્યા જાતવંધ્યા હતી કે જેનાં બાળક ઉત્પન્ન થતાં જ વિનાશ પામતાં મરી જતાં.

ત્યાર બાદ તે ગંગદત્તા સાર્થવાહીને કોઈ એક સમયે મધ્યરાત્રિએ કુટુંબ સંબંધી ચિંતાને કારણે જાગતાં આ પ્રમાણે આધ્યાત્મિક, ચિંતિત, કલ્પિત, પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે "હું ઘણા સમયથી સાગરદત્ત સાર્થવાહ સાથે મનુષ્ય સંબંધી પ્રધાન કામ ભોગો ભોગવતી વિચરણ કરી રહી છું, પરંતુ મેં એક પણ બાળક અથવા બાલિકાને જન્મ નથી આપ્યો.

તે માતાઓ ધન્ય છે, તે માતાઓ પુણ્યશાળી છે, તે માતાઓ કૃતાર્થ છે, કૃતપુણ્ય છે, કૃતલક્ષણા છે, વૈભવશાળી છે, તે માતાઓએ મનુષ્ય જન્મ અને જીવનનું સુફળ પ્રાપ્ત કર્યું છે, હું માનું છું કે જેમને સ્તનપાનમાં લુબ્ધ, મધુર ભાષણથી યુક્ત, મમ-મમ-રૂપ અવ્યક્ત ધ્વનિ કરનાર, સ્તનમૂળથી કક્ષા ભાગ સુધી અભિસરણ કરનાર, સરળ, કમલ સમાન કોમળ, હાથમાં ઉપાડીને ગોદમાં બેસાડી શકાય અને પુનઃપુનઃ સુમધુર કાલી કાલી ભાષામાં માતા સાથે સંભાષણ કરનાર પોતાની કુખમાં ઉત્પન્ન થયેલ સંતાન છે.

હું તો અધન્ય, પુણ્યહીન, અકૃતપુણ્ય છું જે આ પૂર્વોક્ત બાલોચિત ચેષ્ટાઓમાંથી એક પણ પ્રાપ્ત ન કરી શકી.

આથી મારા માટે શ્રેયસ્કર છે કે કાલે રાત્રિનું પ્રભાતમાં પરિવર્તન થયા પછી યાવત્ સૂર્યોદય થયા પછી, જાજ્વલ્યમાન તેજ સહિત સહસ્રરશ્મિ દિનકરના પ્રકાશિત થયા પછી સાગરદત્ત સાર્થવાહને પૂછીને ઘણા બધા પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર લઈને ઘણી બધી સખીઓ, જ્ઞાતિની સ્ત્રીઓ, સ્વજન, સંબંધી સ્ત્રીઓ અને પરિજનોની મહિલાઓ સાથે પાટલિખંડ નગરમાંથી નીકળી, બહાર જ્યાં ઉમ્બરદત્ત યક્ષનું યક્ષાયતન છે, ત્યાં જઈને ઉમ્બરદત્ત યક્ષની મહામૂલ્યવાન પુષ્પાર્ચના કરીને અને તેના ચરણોમાં મસ્તક નમાવીને આ પ્રમાણે માનતા રાખીશ-'હે દેવાનુપ્રિય ! જો હું જીવિત બાળક અથવા બાળાને જન્મ આપું તો હું તમારા યાગ, પૂજા, દાન, ભાગ અને અક્ષયનિધિભંડારમાં વૃદ્ધિ કરીશ." આ પ્રમાણે ઈપ્સિત વસ્તુ પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના કરવાનો તેણે નિશ્ચય કર્યો.

નિશ્ચય કરીને બીજા દિવસે રાત્રિનું પ્રભાતરૂપે પરિવર્તન થયા પછી યાવત્ સહસ્રરશ્મિ દિનકર જાજ્વલ્યમાન તેજ સહિત પ્રકાશિત થયા પછી જ્યાં સાગરદત્ત સાર્થવાહ હતો, ત્યાં તે ગઈ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જઈને સાગરદત્ત સાર્થવાહને આ પ્રમાણે કહ્યું –'હે દેવાનુપ્રિય! આપની સાથે ઘણા વર્ષો સુધી મનુષ્ય સંબંધી ઉત્તમ કામભોગ ભોગવવા છતાં યાવત્ આજ સુધી એક પણ જીવિત સંતાન પ્રાપ્ત નથી થયું. તેથી હે દેવાનુપ્રિય! આપની આજ્ઞા અનુમતિ પ્રાપ્ત કરીને યાવત્ માનતા માનવા ઈચ્છું છું."

ત્યારે તે સાગરદત્ત સાર્થવાહે તે ગંગદત્તાને આ પ્રમાણે કહ્યું-"હે દેવાનુપ્રિયે! મારો પણ મનોરથ છે કે તું કોઈ પણ રીતે એક જીવિત બાળક અથવા બાળાનો પ્રસવ કરે." અને આમ કહીને તે ગંગા દત્તા ભાર્યાને આ અર્થ-પ્રયોજન માટે આજ્ઞા આપી અર્થાત્ તેની વાતનો સ્વીકાર કર્યો.

**ગંગદત્તા દ્વારા ઉમ્બરદત્તયક્ષ-પૂજા—**

૩૦૦. સાગરદત્ત સાર્થવાહ દ્વારા આજ્ઞા પામીને તે ગંગદત્તા ભાર્યા વિવિધ પ્રકારના ઘણા બધી પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર આદિ સામગ્રી લઈને ઘણી બધી સખીઓ તથા જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજનોની સ્ત્રીઓની સાથે પોતાના ઘરેથી નીકળી, નીકળીને પાટલિખંડ નગરની વચ્ચેથી પસાર થઈને જ્યાં પુષ્કરિણી હતી, ત્યાં આવી, આવીને પુષ્કરિણીના તટ પર અનેક પ્રકારના પુષ્પ, વસ્ર, ગંધ, માળા અને અલંકાર મૂકયા, મૂકીને પુષ્પકરિણીમાં પ્રવેશ કર્યો, પ્રવેશ કરીને જળ-મજ્જન અને જળક્રીડા કરી, પછી સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક મંગલ, પ્રાયશ્ચિત કર્યું, ત્યારબાદ ભીની સાડી પહેરીને પુષ્પકરિણીમાંથી બહાર આવી, બહાર આવીને તે પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકારો લીધાં, લઈને જ્યાં ઉંબરદત્ત યક્ષનું યક્ષાયતન હતું, ત્યાં પહોંચી, પહોંચીને ઉમ્બરદત્ત યક્ષને જોતાં જ પ્રણામ કર્યા, પ્રણામ કરીને લોમહસ્તક-મયૂરપીંછ ઉપાડયું, ઉપાડીને ઉંબરદત્ત યક્ષને તે મયૂર-પીંછ વડે પ્રમાર્જિત કર્યો, પ્રમાર્જિત કરીને જલાભિષેકથી અભિસિંચિત કર્યો, અભિસિંચિત કરીને સરોમ, સુકોમળ, ગંધયુક્ત કષાય વસ્ત્ર વડે તેના અંગોને લૂછ્યાં, લૂછીને શ્વેત વસ્ત્ર પહેરાવ્યું, પહેરાવીને મહાર્હ-મહાપુરુષોને યોગ્ય પુષ્પો, માળાઓ, સુગંધી પદાર્થો, ચૂર્ણો વગેરેથી અર્ચન કર્યું, પછી ધૂપ કર્યો, ધૂપ કરીને યક્ષની સામે ઘૂંટણીએ પડી આ રીતે બોલી—

'હે દેવાનુપ્રિય! જો હું જીવનકાળમાં બાળક કે બાલિકાને જન્મ આપીશ તો હું તમારો યાગ કરીશ, ભાગ-કર મૂકાવીશ, દાન આપીશ અને તમારા અક્ષયનિધિમાં વૃદ્ધિ કરીશ,' આવું બોલી માનતા માની, માનતા માનીને પછી જ્યાંથી આવી હતી તે દિશામાં અર્થાત્ ઘરે પાછી ફરી.

ત્યાર પછી તે ધન્વન્તરિ વૈદ્યનો જીવ તે નરકમાંથી નીકળીને આ જ જંબૂદ્વીપના પાટલી-ખંડ નગરમાં ગંગદત્તા ભાર્યાની કુક્ષીમાં પુત્ર રૂપે ગર્ભમાં આવ્યો.

**ગંગદત્તાનો દોહદ—**

૩૦૧. ત્યાર બાદ ત્રણ માસ પૂર્ણ થતાં ગંગદત્તા ભાર્યાને આવા પ્રકારનો દોહદ-ગર્ભવતી સ્ત્રીને થતી ઈચ્છા ઉત્પન્ન થઈ-'તે માતાઓ ધન્ય છે, તે માતાઓ પુણ્યશાળી છે તે માતાઓ સારા પુણ્યવાળી છે, તે માતાઓ સારા લક્ષણો વાળી છે, તે માતાઓ વૈભવશાળી છે, તે માતાઓએ મનુષ્ય જન્મ અને જીવનની સફળતા પ્રાપ્ત કરી છે, જે વિપુલ પ્રમાણમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, સુરા, મધુ, મેરક, જાતિ, પ્રસન્ના, પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકારો વગેરે લઈને પાટલિખંડ નગર વચ્ચેથી નીકળે છે, નીકળીને જ્યાં પુષ્પકરિણી છે ત્યાં પહોંચે છે, પહોંચીને પુષ્પકરિણીમાં પ્રવેશ કરે છે, પ્રવેશ કરીને સ્નાન, બલિકર્મ, કૌતુક મંગલ પ્રાયશ્ચિત કરીને તે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, ભોજનને ઘણા બધા મિત્રો, જ્ઞાતિજનો, પોતીકાં સ્વજનો, સબંધીઓ અને પરિજનોની સ્ત્રીઓ સાથે આસ્વાદન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિસ્વાદન, વિતરણ અને ભોગ કરતી પોતાનો દોહદ પૂર્ણ કરે છે.' આમ વિચાર કર્યો, વિચાર કરીને બીજા દિવસે રાત્રિ જ્યારે પ્રભાતમાં ફેરવાઈ ત્યારે યાવત્ સૂર્યનો ઉદય અને જાજવલ્યમાન તેજ સહિત સહસ્રરશ્મિ દિનકરના પ્રકાશિત થયા પછી જ્યાં સાગરદત્ત સાર્થવાહ હતો, ત્યાં આવી, આવીને સાગરદત્ત સાર્થવાહને આ પ્રમાણે કહ્યું–'તે માતાઓ ધન્ય છે યાવત્ દોહદ પૂર્ણ કરે છે, તેથી હે દેવાનુપ્રિય ! આપની આજ્ઞા, અનુમતિ પ્રાપ્ત કરીને યાવત્ દોહદ પૂર્ણ કરવા ઈચ્છું છું.'

ત્યારે સાગરદત્ત સાર્થવાહે ગંગદત્તા ભાર્યાની આ વાતનો સ્વીકાર કર્યો અર્થાત્ દોહદપૂર્તિ માટે ગંગદત્તા ભાર્યાને આજ્ઞા આપી.

૩૦૨. તદનન્તર તે ગંગદત્તા ભાર્યાએ સાગરદત્ત સાર્થવાહની આજ્ઞા પ્રાપ્ત થયા પછી વિપુલ પરિમાણમાં અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, ભોજન બનાવડાવ્યું, અને ભોજન બનાવડાવીને તે વિપુલ પરિમાણમાં બનાવવામાં આવેલા અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, ભોજન, સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ, પ્રસન્નાદિ મદિરા અને પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર આદિ લીધાં, લઈને ઘણી બધી મિત્ર, જ્ઞાતિજન, સ્વજન, સબંધી, પરિજનોની મહિલાઓ સાથે સ્નાન, બલિકર્મ, કૌતુક, મંગલ પ્રાયશ્ચિત્ત કરીને જ્યાં ઉમ્બરદત્ત યક્ષનું યક્ષાયતન હતું, ત્યાં આવી યાવત્ ધૂપ કર્યો, ધૂપ કરીને જ્યાં પુષ્કરિણી હતી ત્યાં આવી.

તત્પશ્ચાત્ તે મિત્ર, જ્ઞાતિજન, સ્વજન સંબંધી, પરિજનની મહિલાઓએ ગંગદત્તા સાર્થવાહીને સર્વ અલંકારોથી વિભૂષિત કરી.

ત્યારબાદ તે ગંગદત્તા ભાર્યાએ તે મિત્ર, જ્ઞાતિજન, સ્વજન, સંબંધી પરિજન–મહિલાઓ તથા બીજી પણ અનેક મહિલાઓ સાથે તે વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, ભોજન, સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ અને પ્રસન્ના મદિરાનું આસ્વાદન, વિસ્વાદન, વિતરણ અને પરિભોગ કરીને દોહદ પૂર્ણ કર્યો, દોહદપૂર્તિ કરીને તે જે દિશામાંથી આવી હતી તે જ દિશામાં પાછી ફરી.

**દારકનું ઉમ્બરદત્ત નામકરણ અને યૌવન—**

૩૦૩. તદનન્તર તે ગંગદત્તા ભાર્યાએ નવ માસ પૂર્ણ થયા ત્યારે એક બાળકને જન્મ આપ્યો. માતા–પિતાએ સ્થિતિપતિતા નામનો વિશેષ ઉત્સવ મનાવ્યો યાવત્ કારણ કે તે બાળક ઉમ્બરદત્ત યક્ષની માનતા માનવાથી પ્રાપ્ત થયો હતો, તેથી તે બાળકનું નામ ઉમ્બરદત્ત રહે... અર્થાત્ તેનું નામ ઉમ્બરદત્ત પાડયું.

તદનન્તર તે ઉમ્બરદત્ત બાળક પાંચ ધાય માતાઓ દ્વારા રક્ષાયેલો એવો વૃદ્ધિ પામવા લાગ્યો.

**પિતૃ–માતૃ મરણાનન્તર ઉમ્બરદત્તનું ઘરથી નિષ્કાસન—**

૩૦૪. તત્પશ્ચાત સાગરદત્ત સાર્થવાહ એક વખત વેપાર માટે ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય આ ચારે પ્રકારની વસ્તુઓ લઈને નૌકામાં લવણસમુદ્રમાં ઉપડયો.

ત્યારબાદ તે સાગરદત્ત લવણસમુદ્રમાં પોતનો—વહાણનો નાશ થવાથી, બધી વસ્તુઓ જળમગ્ન થઈ જવાથી પોતાને અશરણ માનીને કાલધર્મ–મૃત્યુ પામ્યો.

તત્પશ્ચાત્ તે ગંગદત્તા સાર્થવાહી કોઈ એક સમયે સાર્થવાહનું લવણ સમુદ્રમાં જવું, ધનનો વિનાશ, જહાજનું ડૂબી જવું અને પતિના મરણ વિશે વિચારતી વિચારતી કાળધર્મ પામી–મરી ગઈ.

ત્યારબાદ તે નગર રક્ષકોએ ગંગદત્તા સાર્થવાહીને મરણ પામેલી જાણી ઉમ્બરદત્ત બાળકને ઘરેથી કાઢી મૂકયો અને કાઢી મૂકીને તે ઘર બીજાને આપી દીધું.

તદનન્તર કોઈ એક સમયે તે ઉમ્બરદત્ત દારકના શરીરમાં એકી સાથે સોળ રોગ ઉત્પન્ન થઈ ગયા યથા શ્વાસ, કાસ યાવત્ કુષ્ઠ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ઉમ્બરદત્ત દારક ખંજવાળ આદિ સોળ રોગાતંકોથી અભિભૂત, ગ્રસ્ત થઈને યાવત્ ભીખ માંગીને આજીવિકા ચલાવતો સમય વ્યતીત કરી રહ્યો છે.

**ઉપસંહાર—**

૩૦૫. હે ગૌતમ ! આ પ્રકારે ઉમ્બરદત્ત બાળક પહેલાં કરેલાં દુશ્ચીર્ણ, દુષ્પ્રતિક્રાન્ત, પ્રાચીન અશુભ પાપકર્મોના ફળ વિશેષ ભોગવતો પોતાનો સમય વ્યતીત કરી રહ્યો છે.

**ઉમ્બરદત્તના આગામીભવનું નિરૂપણ—**

૩૦૬. "હે ભદન્ત ! ઉમ્બરદત્ત દારક કાળમાસમાં મરણ પામી ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?"

"હે ગૌતમ ! તે ઉમ્બરદત્ત બાળક બોંતેર વર્ષનું પરમ આયુષ્ય ભોગવીને મરણ સમયે મરણ પામીને આ રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થશે. પહેલાંની જેમ જ સંસારમાં ભ્રમણ કરશે.

ત્યારબાદ હસ્તિનાપુર નગરમાં કૂકડા રૂપે ઉત્પન્ન થશે. ત્યાં ગોષ્ઠિકો દ્વારા વધ થઈને તે જ હસ્તિનાપુર નગરમાં કોઈ એક શ્રેષ્ઠિ કુળમાં ઉત્પન્ન થશે, ત્યાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે. પછી સૌધર્મકલ્પમાં ઉત્પન્ન થશે. સૌધર્મ સ્વર્ગથી ચ્યુત થઈને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધ ગતિને પામશે.

## ૧૭. શૌરિકદત્ત કથાનક

**શૌરિકપુરમાં શૌરિકદત્ત—**

૩૦૭. તે કાળે, તે સમયે શૌરિકપુર નામે નગર હતું. શૌરિકાવતંસક નામે ઉદ્યાન હતું. ત્યાં શૌરિક નામનો યક્ષ હતો. રાજાનું નામ શૌરિકદત્ત હતું.

તે શૌરિકપુર નગરની બહાર ઉત્તર પૂર્વ દિગ્ભાગમાં એક મત્સ્યબંધ પાટક-માછીમારોનો મહોલ્લો હતો.

ત્યાં સમુદ્રદત્ત નામે માછીમાર રહેતો હતો જે અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનન્દ—કઠોરતાથી પ્રસન્ન થાય તેવો હતો.

તે સમુદ્રદત્તની સમુદ્રદત્તા નામે પત્ની હતી જે શુભ લક્ષણોથી યુક્ત પરિપૂર્ણ પાંચે ઈન્દ્રિયો અને શરીરવાળી હતી.

તે સમુદ્રદત્ત માછીમારનો પુત્ર, સમુદ્રદત્તા ભાર્યાનો અંગજાત શૌરિકદત્ત નામે બાળક હતો, જે પરિપૂર્ણ પાંચે ઈન્દ્રિયો તેમ જ શુભ લક્ષણોથી યુક્ત શરીરવાળો હતો.

**ભગવાન મહાવીરના સમસરણમાં ગૌતમ દ્વારા શૌરિકદત્તના પૂર્વભવ વિશે પૃચ્છા—**

૩૦૮. તે કાળે, તે સમયે સ્વામી ભગવાન મહાવીર પધાર્યા યાવત્ પરિષદા પાછી ફરી.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય યાવત્ શૌરિકપુર નગરના ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળોમાં ભ્રમણ કરીને યથેષ્ઠ ગૃહ સમુદાય પાસેથી મેળવેલી ભિક્ષા લઈને શૌરિકપુર નગર વચ્ચેથી પસાર થયા, ત્યારે તે માછીમારોના મહોલ્લા પાસેથી પસાર થતા, મનુષ્યોના એક મોટા સમુદાય વચ્ચે એક શુષ્ક, બુભુક્ષિત, નિર્માંસ, હાડ-ચામડાના માળા જેવા, જેની ચામડી જાણે કે હાડકા પર ચોંટાડેલી હોય, જેના હાડકા ઉઠતાં-બેસતાં કડકડાટ કરતા હતા, જેણે નીલા રંગની ધોતી પહેરી હતી અને ગળામાં મત્સ્ય કંટક વાગવાને કારણે કષ્ટદાયક, કરુણાજનક તેમજ દીન વચનો બોલતા એક પુરુષને જોયો જે વારંવાર ફરી ફરીને પરૂની, લોહીની અને કૃમિની ઉલટી કરી રહ્યો હતો.

તે પુરુષની આ પ્રમાણેની સ્થિતિ જોઈને તેમને આ પ્રકારનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, કલ્પિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે–'અરે ! આ પુરુષ પોતાના પૂર્વકૃત દુશ્ચીર્ણ, દુષ્પ્રતિક્રાન્ત અશુભ પાપ-કર્મોના પાપમય ફળવૃત્તિવિશેષનો અનુભવ કરતો પોતાનું જીવન વ્યતીત કરી રહ્યો છે.' આ પ્રકારનો વિચાર કર્યો, વિચાર કરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા. આવીને પૂર્વભવની પૃચ્છા કરી યાવત્ ભગવાન તેનું પ્રતિપાદન કરવા લાગ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શૌરિકદત્તની શ્રીયક ભવ કથા—**

૩૦૯. હે ગૌતમ ! વાત એમ છે કે તે કાળે, તે સમયે આ જમ્બૂદ્વીપ નામના દ્વીપના ભરત-ક્ષેત્રમાં નંદિપુર નામે નગર હતું. ત્યાં મિત્ર નામે રાજા હતો.

તે મિત્ર રાજાનો શ્રીયક નામે રસોઈઓ હતો જે અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનન્દ-મુશ્કેલીથી પ્રસન્ન કરી શકાય તેવો હતો.

૩૧૦. તે શ્રીયક નામે રસોઈઆના રૂપિયા-પૈસા અને ધાન્યાદિના રૂપમાં વેતન લેનારા અનેક માછીમાર, વ્યાધ અને શાકુનિક-પક્ષી મારનાર પુરુષો નોકર હતા, જે પ્રતિદિન સલક્ષણ માછલીઓ યાવત્ પતાકાતિપતાકા મત્સ્યો, ઘેટાઓ, બકરાઓ યાવત્ ગાયો, ભેંસો, તેતરો યાવત્ મોરો આદિ જીવોને મારીને શ્રીયક રસોઈઆને લાવી આપતા, આ સિવાય બીજા પણ અનેક તેતર યાવત્ મોર આદિ પક્ષીઓ પાંજરામાં બંધ કરી રાખવામાં આવતા અને બીજા પણ અનેક રૂપિયા-પૈસા અને ધાન્યાદિના રૂપમાં વેતન વસૂલ કરી કામ કરનાર પુરુષો જીવિત તેતર યાવત્ મોર આદિ પક્ષીઓને પાંખરહિત કરીને શ્રીયક રસોઈઆને લાવીને આપતા હતા.

૩૧૧. તત્પશ્ચાત્ તે શ્રીયક મહાનસિક-રસોઈઓ અનેક જલચર, સ્થળચર અને નભચર આદિ પ્રાણીઓને છરી વડે કાપતો જેવાં કે સૂક્ષ્મખંડ, વૃત્તખંડ, દીર્ઘખંડ, હ્રસ્વખંડ, અને પછી તે ખંડોમાંથી કેટલાકને બરફથી પકાવતો, કેટલાકને સ્વતઃ પકાવવા માટે રાખતો, કેટલાકને તડકા દ્વારા અને કેટલાકને હવા દ્વારા પકાવતો, કેટલાકને કાળા રંગથી તો કેટલાકને હિંગોળાના જેવા રંગથી રંગતો, કેટલાકને છાશ વડે સંસ્કારિત કરતો, કેટલાકને આંબળાના રસથી સંસ્કારિત કરતો, કેટલાકને દ્રાક્ષના રસથી, કેટલાકને કોઠાના રસથી, દાડમના રસ, મત્સ્યરસથી સંસ્કારિત, ભાવિત કરતો અને ત્યારબાદ તેને તેલમાં તળતો, તવા પર શેકતો, શૂળ પર પકવતો હતો, પકાવીને અને બીજા પણ અનેક મત્સ્યરસો, મૃગરસો, તેતરરસો યાવત્ મયૂરરસો તથા બીજા અનેક લીલા શાક તૈયાર કરાવતો, તૈયાર કરાવીને ભોજન સમયે ભોજન મંડપમાં લઈ જઈને મહારાજા મિત્રની સામે ધરતો.

તે શ્રીયક રસોઈઓ સ્વયં પણ તે ઘણા બધા જળચર, સ્થળચર, અને ખેચર જીવોનું માંસ, રસ, લીલા શાકભાજી કે જે શૂળ પર પકાવેલાં છે, તળેલાં છે, શેકેલાં છે, તથા સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ અને પ્રસન્ના મદિરાનું આસ્વાદન, વિસ્વાદન, વિતરણ અને પરિભોગ કરતો સમય પસાર કરતો હતો.

૩૧૨. ત્યારે આ પ્રકારના કાર્ય, આ પ્રકારના કાર્યની પ્રધાનતા, આ પ્રકારની વિદ્યા અને આ પ્રકારની આચાર પ્રવૃત્તિથી અતિશય મલિન પાપકર્મોનું ઉપાર્જન કરીને તે શ્રીયક રસોઈઓ તેત્રીસ સો વર્ષનું પરમ આયુષ્યક ભોગવીને મરણ સમયે મરણ પામીને છઠ્ઠી નારક-પૃથ્વીમાં ઉત્પન્ન થયો.

**શૌરિકદત્તની વર્તમાનભવ કથા—**

૩૧૩. તત્પશ્ચાત્ તે સમુદ્રદત્તા ભાર્યા કે જે મૃત-વંધ્યા હતી, જેનાં બાળક જન્મતાં જ વિનિઘાત -વિનાશ પામતાં-મરી જતાં હતાં, તેને ગંગદત્તા-ની જેમ જ ચિંતા થઈ, પતિની આજ્ઞા લીધી, માનતા માની, દોહદ પૂર્ણ કર્યો યાવત્ બાળકનો પ્રસવ થયો યાવત્ શૌરિક યક્ષની માનતા માનવાથી અમને આ બાળક પ્રાપ્ત થયું છે તેથી અમારા આ બાળકનું નામ 'શૌરિકદત્ત' રહે એમ નામકરણ કર્યું.

ત્યારબાદ તે શૌરિકદત્ત બાળક પાંચ ધાય માતાઓના સંરક્ષણમાં વૃદ્ધિ પામવા લાગ્યો યાવત્ બાળપણનો ત્યાગ કરીને વિજ્ઞાન-પરિણત થઈને યુવાવસ્થાને પામ્યો.

તદનન્તર કોઈ એક સમયે તે સમુદ્રદત્ત કાળ ધર્મથી યુક્ત થયો-મરી ગયો.

તત્પશ્ચાત્ તે શૌરિકદત્ત બાળકે ઘણા બધા મિત્રો, જાતિબંધુઓ, સ્વજનો, સંબંધીઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પરિજનો સાથે રુદન, આક્રંદ અને વિલાપ કરતાં સમુદ્રદત્તનો અંતિમ સંસ્કાર કર્યો, કરીને ઘણા બધા લૌકિક મૃત્યુ–કૃત્યો કર્યા, ત્યારબાદ કોઈ સમયે સ્વયં માછીમારોનું મહત્તરકત્વ પ્રાપ્ત કરી પ્રધાન (મુખી) બની વિચરણ કરવા લાગ્યો.

ત્યારે તે શૌરિકદત્ત બાળક માછીમાર બની ગયો જે અધાર્મિક યાવત્ દુષ્પ્રત્યાનન્દ હતો.

**શૌરિકદત્તની દુશ્ચર્યા—**

૩૧૪. તદનન્તર તે શૌરિકદત્ત માછીમારના રૂપિયા, પૈસા અને ભોજનાદિ રૂપમાં વેતન લઈને કામ કરનારા અનેક પુરુષ પ્રતિદિન નાની નાની નૌકાઓ, હોડીઓ લઈને યમુના નદીમાં પ્રવેશ કરતા, પ્રવેશ કરીને હ્રદગલન, હ્રદમલન, હ્રદમર્દન, હ્રદમથન, હ્રદવહન, હ્રદપ્રહન, પ્રપંચુલ, પ્રપંપુલ, મત્સ્યપુચ્છ, જમ્ભા, ત્રિસરા, ભિસરા, ધિસરા, વિસરા હિલ્લિરિ, ભિલ્લિરિ, ગિલ્લિરિ, ઝિલ્લિરિ, જાળ, ગલ, કૂટપાશ, વલ્કબંધ, સૂત્રબંધ, બાલબંધ આદિ પ્રાણિવધના સાધનો દ્વારા અનેક પ્રકારની કોમળ, માછલીઓ યાવત્ પતાકાતિપતાકા (મોટી–મોટી) માછલીઓને પકડતા, હોડીઓમાં ભરતા, ભરીને કિનારે લઈ આવતા, લાવીને માછલીઓના ઢગલા બનાવતા અને પછી તડકામાં સૂકવતા.

રૂપિયા અને ધાન્યાદિના રૂપમાં વેતન આપીને રાખવામાં આવેલા અને બીજા પણ ઘણા બધા પુરુષો તડકામાં સૂકવેલ તે માછલીઓના માંસને શૂળ પર પકવતા, તેલમાં તળતા, આગમાં શેકતા અને રાજમાર્ગ પર વેચીને આજીવિકા મેળવતા. તે શૌરિકદત્ત પોતે પણ શૂળ પર પકવેલા, તળેલા, શેકેલા શ્લક્ષ્ણ મત્સ્યો યાવત્ પતાકાતિપતાકા મત્સ્યનું માંસ, સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ, પ્રસન્ના મદિરાનું આસ્વાદન, વિસ્વાદન, વિતરણ અને પરિભોગ કરતો સમય વ્યતીત કરતો હતો.

૩૧૫. તત્પશ્ચાત્ તે શૌરિકદત્ત માછીમારને કોઈ એક સમયે શૂળ પર પકવેલા, તળેલા અને શેકેલા મત્સ્ય માંસનુ ભક્ષણ કરતા ગળામાં મત્સ્યકંટક–માછલીનો કાંટો વાગી ગયો.

ત્યારે તે શૌરિકદત્ત માછીમારે તે મહાન વેદનાથી અભિભૂત થઈને, ગભરાઈને કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું–'દેવાનુપ્રિયો ! તમે લોકો જાઓ અને શૌરિકપુર નગરના શ્રૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, ચતુર્મુખો, રાજમાર્ગો અને માર્ગો પર મોટેથી આ પ્રમાણે ઉદ્ઘોષણા કરો કે–'દેવાનુપ્રિયો ! શૌરિકદત્તના ગળામાં મત્સ્યકંટક ભરાઈ ગયો છે. તેથી જો કોઈ વૈદ્ય, વૈદ્યપુત્ર, જ્ઞાતા, જ્ઞાતાપુત્ર, ચિકિત્સક, ચિકિત્સપુત્ર શૌરિકદત્ત માછીમારનાગળામાંથી માછલીનો કાંટો કાઢી શકશે તેને શૌરિકદત્ત વિપુલ અર્થ સંપત્તિ પારિતોષિકરૂપે આપશે.'

તત્પશ્ચાત તે કૌટુમ્બિક પુરુષ યાવત્ ઉદ્ઘોષણા કરે છે.

ત્યારે તે ઘણા બધા વૈદ્યો, વૈદ્યપુત્રો, જ્ઞાતા, જ્ઞાતાપુત્રો, ચિકિત્સકો અને ચિકિત્સકપુત્રોએ આ પ્રમાણેની તે ઉદ્ઘોષણા સાંભળી, અને સાંભળીને જ્યાં શૌરિકદત્તનું ઘર હતું, તેમાં પણ જ્યાં શૌરિકદત્ત માછીમાર હતો, ત્યાં આવ્યા, આવીને ઘણી બધી ઔત્પાતિકી, વૈનયિકી, કર્મજા અને પારિણામિકી બુદ્ધિથી સમ્યક્તયા નિદાન આદિ કરીને વમન દ્વારા, છોલીને, અવપીડન કરીને–દબાવીને, કવલગ્રાહ વડે, શલ્યોદ્ધરણો વડે અને વિશલ્યકરણો વડે શૌરિકદત્ત માછીમારના ગળામાં ફસાયેલા મત્સ્યકંટકને બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે કાંટો કાઢવામાં કે પરૂ, લોહી વગેરે રોકવામાં સમર્થ થયા નહીં.

ત્યારબાદ જ્યારે તે વૈદ્ય, વૈદ્યપુત્ર, જ્ઞાતા, જ્ઞાતાપુત્ર, ચિકિત્સક અને ચિકિત્સકપુત્ર શૌરિકદત્ત માછીમારના ગળામાં ફસાયેલા માછલીના કાંટાને બહાર કાઢવામાં સમર્થ થયા નહીં ત્યારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રાંત, કલાન્ત અને હતોત્સાહ થઈને જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ફર્યા.

તદનન્તર તે શૌરિકદત્ત માછીમાર વૈદ્યોના ચાલ્યા ગયા પછી પરિવારજનોથી ઘેરાયેલો, ઉપચાર-ઔષધિથી નિરાશ થઈને, મહાન દુઃખથી અભિભૂત થઈને શુષ્ક, બુભુક્ષિત યાવત્ કૃમિ કવલોનું વમન કરતો સમય વ્યતીત કરવા લાગ્યો.

**ઉપસંહાર—**

૩૧૬. હે ગૌતમ ! આ પ્રમાણે તે શૌરિકદત્ત પૂર્વકૃત, દુશ્ચીર્ણ, દુષ્પ્રતિકાન્ત અશુભ પાપકર્મોના પાપરૂપ ફળવિશેષનો અનુભવ કરતો પોતાનો સમય પસાર કરી રહ્યો છે.

**શૌરિકદત્તના આગામી ભવનું નિરૂપણ—**

૩૧૭. "હે ભદન્ત ! તે શૌરિકદત્ત માછીમાર અહીંથી મરણ સમયે મરણ પામીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?"

"હે ગૌતમ ! સિત્તેર વર્ષનું પરમ આયુષ્ય ભોગવીને, મરણ સમયે મરણ પામીને આ જ રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થશે. આ પ્રમાણે સંસારમાં પરિભ્રમણ કરશે. હસ્તિનાપુરમાં મત્સ્યરૂપે ઉત્પન્ન થશે. ત્યારે તે માછીમારો દ્વારા જીવનનો નાશ થવાથી—મારી નાખવામાં આવતાં કોઈ શ્રેષ્ઠિકુળમાં જન્મ લેશે, સમ્યકત્વ પ્રાપ્ત કરશે, પછી સૌધર્મકલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થશે. મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધિ પ્રાપ્ત કરશે."

## ૧૮. દેવદત્તા કથાનક

**રોહીતકમાં દેવદત્તા—**

૩૧૮. તે કાળે અને તે સમયે રોહીતક નામનું નગર હતું. જે ભવનાદિ વૈભવથી સુસંપન્ન, બીજા રાજ્યોના ભયથી મુક્ત અને ધન ધાન્યાદિથી સમૃદ્ધ હતું. ત્યાં પૃથ્વીઅવતંસક નામનું ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં ધરણ નામના યક્ષનું યક્ષાયતન હતું. વૈશ્રામણદત્ત નામનો રાજા હતો. તેને શ્રીદેવી નામની રાણી હતી અને પુષ્પનંદી નામનો યુવરાજ હતો.

તે રોહીતક નગરમાં દત્ત નામનો ધનાઢ્ય એટલે કે ઋદ્ધિવાળો ગાથાપતિ-ગૃહપતિ નિવાસ કરતો હતો.

તેની પત્નીનું નામ કૃષ્ણશ્રી હતું.

તે દત્ત ગાથાપતિની પુત્રી, કૃષ્ણશ્રી ભાર્યાની આત્મજા, દેવદત્તા નામની પુત્રી હતી. તે બાલિકા શુભ લક્ષણોથી યુક્ત એટલે કે પરિપૂર્ણ પાંચે ઈંદ્રિયોવાળી અને સુંદર શરીર વાળી હતી.

**ભગવાન મહાવીરના સમવસરણમાં ગૌતમ દ્વારા દેવદત્તાના પૂર્વભવની પૃચ્છા—**

૩૧૯. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામી સમવસર્યા-પધાર્યા-યાવત્ ધર્મ સાંભળી પરિષદ પાછી ફરી.

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીના મોટા શિષ્ય ગૌતમે છઠ્ઠ તપના પારણાના દિવસે આ પ્રમાણે યાવત્ રાજમાર્ગના મધ્ય ભાગમાં હાથી-ઘોડા અને પુરુષોને જોયા. તે પુરુષોની વચ્ચે અવળા હાથે બાંધેલી, કપાયેલા નાક-કાનવાળી, તેલ લગાડેલ શરીરવાળી, વધ્યને લાયક વસ્ત્રયુગલ પહેરેલી, હાથમાં હાથકડી પહેરાવેલી, ગળામાં રાતા પુષ્પોની માળા પહેરેલી , ગેરુના ચૂર્ણથી રંગેલા શરીરવાળી, ભયભીત, જીવતા રહેવાની ઇચ્છાવાળી એક સ્ત્રીને શૂળી ઉપર ભેદાતી જોઈ, જોઈને ભગવાન ગૌતમને આવા પ્રકારનો આ આધ્યાત્મિક, ચિન્તિત, કલ્પિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો (કે આ નરક સમાન વેદના ભોગવી રહી છે), તે જ પ્રમાણે ત્યાંથી પાછા ફર્યા-યાવત્-આ પ્રમાણે નિવેદન કર્યું-'હે ભદન્ત ! પૂર્વભવમાં આ સ્ત્રી કોણ હતી ?'

**દેવદત્તાની સિંહસેન ભવ કથા—**

૩૨૦. હે ગૌતમ ! તે કાળે તે સમયે આ જ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રમાં સુપ્રતિષ્ઠ નામે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નગર હતું. તે નગર ઋદ્ધિવાળું, નિર્ભય અને સમૃદ્ધિવાળું હતું. તેમાં મહાસેન નામે રાજા હતો.

તે મહાસેન રાજાના અંત:પુરમાં ધારિણી વગેરે એક હજાર રાણીઓ હતી.

તે મહાસેન રાજાનો પુત્ર ધારિણી દેવીનો આત્મજ સિંહસેન નામનો કુમાર હતો, તે કુમાર શુભ લક્ષણોવાળો તથા પરિપૂર્ણ પાંચ ઈન્દ્રિયોથી યુક્ત શરીરવાળો હતો, અને તે યુવરાજ પદથી અલંકૃત હતો.

ત્યારબાદ તે સિંહસેન કુમારના માતા-પિતાએ કોઈ એક સમયે અત્યંત વિશાળ આકાશને સ્પર્શ કરી શકે તેટલી ઉંચાઈવાળા શ્રેષ્ઠ પાંચસો પ્રાસાદ અવતંસક બનાવડાવ્યા.

ત્યારબાદ તે સિંહસેન કુમારને માતા-પિતાએ કોઈ એક સમયે શ્યામા વગેરે પાંચસો શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે એક જ દિવસે પાણિગ્રહણ કરાવ્યું. પાંચસો વસ્તુઓનું પ્રીતિદાન–દહેજ આપ્યો.

ત્યાર પછી તે સિંહસેન કુમાર તે શ્યામા વગેરે પાંચસો રાણીઓની સાથે પ્રાસાદના ઉપરના ભાગમાં રહીને સમય વ્યતીત કરવા લાગ્યો.

ત્યારબાદ કોઈ એક સમયે મહાસેન રાજા કાળધર્મ એટલે કે મરણ પામ્યા ત્યારે તે સિંહસેન કુમારે તેનું નીહરણ એટલે કે અંતિમ ક્રિયા વ. કાર્ય કર્યું. પછી તે રાજા બની ગયો.

**સિંહસેન રાજાની શ્યામામાં મૂર્છા (આસક્તિ)**

૩૨૧. ત્યાર પછી તે સિંહસેન રાજા શ્યામા દેવીમાં મૂઢ, ગૃદ્ધ, આસક્ત અને અનુરાગી થઈ બીજી રાણીઓનું સન્માન નહીં કરતો હતો, તેમની તરફ ધ્યાન પણ આપતો ન હતો, પરંતુ તેમનો અનાદર કરી અને તેમને વિસરી જઈ વિહરી રહ્યો હતો.

ત્યાર પછી તે એક ન્યૂન પાંચસો–ચારસો નવાણું રાણીઓની એક ન્યૂન પાંચસો–ચારસો નવાણું માતાઓએ આ વૃત્તાંતને સાંભળ્યું કે સિંહસેન રાજા શ્યામા રાણીને વિષે મૂર્છિત એટલે કે દોષને વિષે પણ ગુણની બુદ્ધિને ધારણ કરનાર મૂઢ થયો છે, ગૃદ્ધ એટલે કે તેની જ આકાંક્ષાવાળો થયો છે, તેના જ સ્નેહરૂપી તંતુથી બંધાયેલો થયો છે, અને તેનામાં જ તન્મય થયો છે અને અમારી દીકરીઓનો આદર પણ કરતો નથી અને અનુમોદન એટલે કે વાણી વડે પણ તેમની પ્રસન્નતા કરતો નથી પરંતુ તેમનો અનાદર કરી અને તેમને વિસરી જઈ વિહરી રહ્યો છે. તેથી અમારે શ્યામાદેવીને અગ્નિના પ્રયોગ વડે, વિષના પ્રયોગ વડે અથવા શસ્ત્રના પ્રયોગ વડે જીવિત–રહિત કરવી જ શ્રેયકારક (યોગ્ય) છે.' આ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરી શ્યામાદેવીના અંતરની એટલે અવસરની, અલ્પ પરિવારપણારૂપ છિદ્રની તથા નિર્જનતા રૂપ વિવરોની પ્રતીક્ષા કરતી સમય પસાર કરવા લાગી.

**શ્યામાનો કોપગૃહ–પ્રવેશ—**

૩૨૨. ત્યારબાદ તે શ્યામાદેવીએ આ વૃત્તાંત જાણ્યું કે મારી એક ન્યૂન પાંચસો–ચારસો નવાણું સપત્નીઓની એક ન્યૂન પાંચસો–ચારસોનવાણું માતાઓએ આ વાત જાણી પરસ્પર એક બીજાને આ પ્રમાણે કહ્યું છે કે—' સિંહસેન રાજા શ્યામાદેવીમાં મુગ્ધ યાવત્ અવસરાદિકની પ્રતિક્ષા કરતી સમય વિતાવી રહી છે. માટે હું જાણતી નથી કે મને તેઓ કેવા ખરાબ (ભયંકર) મરણવડે મારશે ?' એમ વિચારીને તે ભય પામી, ત્રાસ પામી, વ્યાકુળ બની, ખેદ પામી અને ભયભીત થઈ જ્યાં કોપગૃહ હતું ત્યાં આવી. આવીને હણાયેલા મનના સંકલ્પવાળી, મુખને હસ્તતલપર રાખી, ભૂમિ ઉપર દૃષ્ટિ રાખી, આર્તધ્યાન પામી ચિંતા કરવા લાગી.

ત્યાર પછી તે સિંહસેન રાજાએ આ વૃત્તાંત જાણ્યું તેથી જ્યાં કોપગૃહ હતું, તેમાં જ્યાં શ્યામાદેવી હતી, ત્યાં આવ્યો, આવીને શ્યામાદેવીને હણાયેલા મનના સંકલ્પવાળી, મુખને હસ્તતલપર રાખી, ભૂમિ ઉપર દૃષ્ટિ રાખી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આર્તધ્યાન પામી ચિંતામાં ડૂબેલી જોઈ, જોઈને શ્યામાદેવીને આ પ્રમાણે કહ્યું કે-' હે દેવાનુપ્રિયે ! તું કેમ નિરુત્સાહિત બની મુખને હસ્તતલપર ટેકવી આર્તધ્યાનમાં ડૂબી, દૃષ્ટિને જમીન ઉપર ખૂંપાવી ચિંતામાં ડૂબી ગઈ છે ? '

ત્યારે તે શ્યામાદેવીએ સિંહસેન રાજાની આ વાત સાંભળી ક્રોધથી ઉષ્ણ થયેલા વચન વડે આ પ્રમાણે બોલી—' હે સ્વામિન્ ! વાત એમ છે કે મારી ચારસો નવાણુ સપત્નીની ચારસો નવાણુ માતાઓ આ વૃત્તાન્તને જાણીને એક બીજીને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે, સિંહસેન રાજા શ્યામા રાણીમાં જ મુગ્ધ, તેની જ આકાંક્ષાવાળો, તેના જ સ્નેહરૂપી તંતુથી બંધાયેલો અને તેનામાં જ તન્મય થયો છે, અને આપણી પુત્રીઓનો આદર પણ કરતો નથી, તેમની તરફ ધ્યાન પણ આપતો નથી યાવત્ અવસરાદિકની પ્રતીક્ષા કરતી સમય વિતાવી રહી છે. તેથી હે સ્વામિન્ ! હું જાણતી નથી કે તેઓ કેવા ખરાબ મરણ વડે મને મારશે ! એ વિચારથી હું ભયભીત થઈ યાવત્ ચિંતાગ્રસ્ત બની છું '

**સિંહસેન દ્વારા શ્યામાની સપત્નીઓની માતાઓનો અગ્નિ દ્વારા વધ—**

૩૨૩. ત્યાર પછી તે સિંહસેન રાજાએ શ્યામા દેવીને આ પ્રમાણે કહ્યું કે-" હે દેવાનુપ્રિયા ! તું હણાયેલા મન । સંકલ્પવાળી થઈને-યાવત્ વિચાર ન કર. હું તેવી રીતે યત્ન કરીશ કે જેથી તારા શરીરને કોઈથી ' આબાધા ' એટલે થોડી પીડા અથવા ' પ્રબાધા ' એટલે ઉત્કૃષ્ટ પીડા નહીં થાય." આ પ્રમાણે કહીને તેણે તેવા પ્રકારની ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ અને મનગમતી વાણી વડે તેને આશ્વાસન આપ્યું, આશ્વાસન આપી ત્યાંથી નીકળ્યો, નીકળીને તેણે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું-" હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને સુપ્રતિષ્ઠ નગરની બહાર એક મોટી, સેંકડો સ્તંભ પર આધારિત મનની પ્રસન્નતા કરે તેવી, જોવાથી ચક્ષુ તૃપ્ત ન થાય તેવી, મનોહર અતિમનોહર કૂટાકારશાળા (પર્વતના શિખર જેવા આકારવાળા સભાગૃહ)નું નિર્માણ કરો અને પછી મારી આ આજ્ઞા મને પાછી આપો. અર્થાત્ કૂટાકારશાળાનું નિર્માણ કરી મને જાણ કરો. "

ત્યાર પછી તે કૌટુંબિક પુરુષોએ બે હાથ જોડી આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચી ' સ્વામિન્ ! જેવી આજ્ઞા.' એમ કહી વિનયપૂર્વક આજ્ઞાનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરી સુપ્રતિષ્ઠ નગરની બહાર પશ્ચિમ દિશામાં અનેક સેંકડો સ્તંભો પર આધારિત મનને પ્રસન્ન કરે તેવી, જોવાથી ચક્ષુ તૃપ્ત ન થાય તેવી, ઈચ્છિત રૂપવાળી અને દરેક જોનારને મનોહર લાગે તેવી એક વિશાળ કૂટાકારશાળા બનાવી અને પછી જ્યાં સિંહસેન રાજા હતો ત્યાં આવ્યા અને કૂટાકારશાળા તૈયાર થયાની જાણ કરી, આજ્ઞા પાછી આપી.

ત્યાર બાદ કોઈ એક દિવસે સિંહસેન રાજાએ ચારસો નવાણુ રાણીઓની, (ધાવ) માતાઓને આમંત્રણ આપ્યું.

ત્યાર પછી તે ચારસો નવાણુ રાણીઓની ચારસો નવાણુ માતાઓ સિંહસેન રાજા દ્વારા આમંત્રિત કરાયેલી સર્વ અલંકારો વડે વિભૂષિત થઈ પોતપોતાના વૈભવ પ્રમાણે તૈયાર થઈ જ્યાં સુપ્રતિષ્ઠત નગર હતું અને જ્યાં સિંહસેન રાજા હતો ત્યાં આવી.

ત્યારે તે સિંહસેન રાજાએ ચારસો નવાણુ રાણીઓની ચારસો નવાણુ માતાઓને કૂટાકારશાળામાં નિવાસસ્થાન આપ્યું.

ત્યારબાદ સિંહસેન રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું-" હે દેવાનુપ્રિયો ! તમે લોકો જાઓ અને વિપુલ પ્રમાણમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમને તૈયાર કરો, અને અનેક પ્રકારનાં પુષ્પો, વસ્ત્ર, ગંધ અને માળારૂપી અલંકારને કૂટાકારશાળામાં લઈ આવો. "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે કૌટુંબિક પુરુષો તે જ પ્રમાણે યાવત્ સર્વ લઈને આવ્યા.

ત્યાર પછી તે ચારસો નવાણુ રાણીઓની ચારસો નવાણુ માતાઓ સર્વ અલંકારો વડે વિભૂષિત થઈ, વિભૂષિત થઈને તે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ અને મધુ, મેરક, જાતિ, સીધુ વગેરે પ્રકારના મદિરાનો આસ્વાદ કરતી, વિતરણ કરતી અને પરિભોગ કરતી, સંગીતજ્ઞો-નૃત્યકારો દ્વારા થઈ રહેલ સંગીત અને નૃત્યનો આનંદ માણતી રહેવા લાગી.

ત્યારબાદ અર્ધરાત્રિના સમયે અનેક પુરુષો સાથે વીંટળાયેલો તે સિંહસેન રાજા જ્યાં કૂટાકારશાળા હતી ત્યાં આવ્યો, આવીને કૂટાકારશાળાનાં દ્વાર બંધ કરાવ્યાં, દ્વાર બંધ કરાવીને કૂટાકારશાળાની ચોતરફ સર્વ દિશામાં આગ લગાડાવી.

ત્યાર પછી તે ચારસો નવાણુ રાણીઓની ચારસો નવાણુ માતાઓને સિંહસેન રાજાએ સળગાવી દીધી. ત્યારે તેઓ રુદન, આક્રંદ અને વિલાપ કરતી પોતાને રક્ષણ રહિત અને શરણ રહિત માનીને કાળધર્મ અર્થાત્ મરણ પામી.

**સિંહસેનનો નરકોપપાત—**

૩૨૪. ત્યાર પછી તે સિંહસેન રાજા આવા પ્રકારના પાપકર્મ કરનાર આવાં કર્મમાં જ પ્રધાન, આવી જ વિદ્યાવાળો અને આવા જ આચારવાળો, અત્યંત મલિન પાપકર્મોનું ઉપાર્જન કરીને ચોત્રીશ સો (૩૪૦૦) વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને મરણ સમયે મરણ પામીને છઠ્ઠી નરકપૃથ્વીમાં ઉત્કૃષ્ટ બાવીશ સાગરોપમની સ્થિતિવાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થયો.

**દેવદત્તાના રૂપમાં વર્તમાન ભવ—**

૩૨૫. ત્યારબાદ તે ત્યાંથી નીકળીને આ જ રોહીતક નગરમાં દત્ત સાર્થવાહની કૃષ્ણશ્રી નામની ભાર્યાની કુક્ષિમાં પુત્રીરૂપે ગર્ભમાં ઉત્પન્ન થયો.

ત્યારબાદ નવ માસ પરિપૂર્ણ થયા પછી તે કૃષ્ણશ્રીએ સુકુમાર સુંદર બાલિકાને જન્મ આપ્યો.

ત્યારપછી બાર દિવસ વ્યતીત થયા પછી તે બાલિકાના માતા-પિતાએ વિપુલ પ્રમાણમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપે ચાર પ્રકારની ભોજન સામગ્રી તૈયાર કરાવી, તૈયાર કરાવીને યાવત્ મિત્રો, જ્ઞાતિજનો, પોતીકાં સ્વજનો, સંબંધીઓ અને પરિજનોની સામે તે બાલિકાનું નામકરણ કર્યું—' અમારી આ બાલિકા આજથી ' દેવદત્તા ' નામ ધારણ કરે છે.'

ત્યારપછી તે દેવદત્તા બાલિકા પાંચ ધાય માતાઓ દ્વારા પાલન કરાતી યાવત્ વૃદ્ધિ પામવા લાગી.

ત્યારપછી તે દેવદત્તા બાલિકા બાલ્યપણાથી મુક્ત થઈ, સમજદાર અવસ્થાને પ્રાપ્ત કરી યુવાવસ્થામાં પ્રવેશી, રૂપ, યૌવન અને લાવણ્યમાં અતીવ અતીવ ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટ શરીરવાળી પણ બની.

ત્યારબાદ કોઈ એક દિવસે તે દેવદત્તા બાલિકા સ્નાન કરી—યાવત્ આભૂષણોથી વિભૂષિત થઈ ઘણી કુબ્જા વગેરે દાસીઓથી વીંટળાયેલી પ્રાસાદની ઉપર અગાશીમાં સુવર્ણના ગેડીદડા વડે ક્રીડા કરતી વિહરી રહી હતી.

**વૈશ્રમણદત્ત રાજા દ્વારા યુવરાજાર્થ દેવદત્તાની માંગણી—**

૩૨૬. આ બાજુ આ જ સમયે વૈશ્રામણદત્ત રાજા સ્નાન કરી યાવત્ વિભૂષિત થઈ અશ્વ પર આરૂઢ થઈ ઘણા પુરુષો (સેવકો)થી વીંટળાઈ અશ્વ-ક્રીડા કરવા નીકળ્યો ત્યારે દત્ત ગાથાપતિના ઘરની પાસેથી પસાર થયો.

જ્યારે તે વૈશ્રામણદત્ત રાજા દત્ત ગાથાપતિના ઘર પાસેથી પસાર થયો તે સમયે દેવદત્તા બાલિકાને અગાસીમાં સુવર્ણના ગેડી દડે રમતી જોઈ, જોઈને દેવદત્તા બાલિકાના રૂપ, યૌવન અને લાવણ્યથી વિસ્મિત થઈ તેણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને તેણે આ પ્રમાણે પૂછયું—'હે દેવાનુપ્રિયો! આ બાલિકા કોની છે? તથા તેનું નામ શું છે?'

ત્યારે તે કૌટુંબિક પુરુષોએ બે હાથ જોડી આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચી વૈશ્રમણ રાજાને આ પ્રમાણે નિવેદન કર્યું—'હે સ્વામિન્! રૂપ, યૌવન અને લાવણ્યમાં શ્રેષ્ઠ અને શ્રેષ્ઠ શરીરવાળી તે દત્ત સાર્થવાહની પુત્રી, કૃષ્ણશ્રી ભાર્યાની આત્મજા, દેવદત્તા નામની બાલિકા છે.'

૩૨૭. ત્યાર પછી તે વૈશ્રમણ રાજાએ અશ્વક્રીડા કરી પાછા ફરી આભ્યંતર સભાના પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું કે 'હે દેવાનુપ્રિયો! તમે લોકો જાઓ અને દત્ત સાર્થવાહની પુત્રી, કૃષ્ણશ્રી ભાર્યાની આત્મજા, દેવદત્તા નામની બાલિકાની યુવરાજ પુષ્પનંદીની ભાર્યા રૂપે માંગણી કરો. જો તે રાજ્યના શૂલ્કવાળી હોય તો પણ અર્થાત્ આપણું રાજ્ય આપીને પણ તેને પ્રાપ્ત કરવા યોગ્ય છે.'

ત્યારબાદ તે આભ્યંતર સભાના પુરુષોએ વૈશ્રમણ રાજાની આ આજ્ઞા સાંભળી હૃષ્ટ-તુષ્ટ થઈ બે હાથ જોડી આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ રચી 'સ્વામિ! જેવી આજ્ઞા' આ પ્રમાણે કહી વિનયપૂર્વક આજ્ઞા-વચનોનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરી સ્નાન યાવત્-શુદ્ધ (ઉજ્વલ), પ્રસંગને અનુરૂપ ઉત્તમ વસ્ત્રો પહેરી કૌટુંબિક પુરુષોથી પરિવેષ્ટિત બની જ્યાં દત્ત સાર્થવાહનું ઘર હતું ત્યાં આવ્યા.

ત્યારે તે દત્ત સાર્થવાહે તે આભ્યંતર સભાના પુરુષોને પોતાની તરફ આવતા જોયા, જોઈને તે હૃષ્ટ-તુષ્ટ થઈ આસન પરથી ઊભો થયો. આસન પરથી ઊભા થઈ સાત-આઠ પગલાં સામે ગયો અને તેમને આસન ગ્રહણ કરવાનું નિમંત્રણ કર્યું. નિમંત્રિત કર્યા પછી જ્યારે તે પુરુષો આશ્વસ્ત થયા, વિશ્વસ્ત થયા, અને સુખપૂર્વક આસન પર બેઠા ત્યારે તેણે તેમને આ પ્રમાણે કહ્યું કે-'હે દેવાનુપ્રિયો! મને આજ્ઞા આપો, તમારે આવવાનું શું પ્રયોજન છે?'

ત્યારે તે રાજપુરુષોએ તે દત્ત સાર્થવાહને આ પ્રમાણે કહ્યું કે-'હે દેવાનુપ્રિય! અમે તમારી પુત્રી, કૃષ્ણશ્રી ભાર્યાની આત્મજા, દેવદત્તા નામની બાલિકાને પુષ્પનંદી યુવરાજની ભાર્યારૂપે માગણી કરીએ છીએ. તેથી હે દેવાનુપ્રિય! જો આપ આ પ્રાર્થનાને ઉચિત સમજતા હો, યોગ્ય સમજતા હો, શ્લાઘનીય સમજતા હો, વરવધૂનો એ સંયોગ અનુરૂપ સમજતા હો-તો પુષ્પનંદી યુવરાજ માટે દેવદત્તા બાલિકાને આપો અને હે દેવાનુપ્રિય! આપ બતાવો કે અમે તેને માટે શું શૂલ્ક (મૂલ્ય) ઉપહાર આપીએ?'

ત્યારે તે દત્ત સાર્થવાહે તે આભ્યંતર સભાના પુરુષોને આ પ્રમાણે કહ્યું કે-'હે દેવાનુપ્રિયો! મારા માટે એ જ શૂલ્ક છે કે વૈશ્રમણદત્ત રાજા મારી પુત્રીને ગ્રહણ કરવાનું અંગીકાર કરે છે.' આ પ્રમાણે કહીને તે આભ્યંતર સભાના રાજપુરુષોનો વિપુલ પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકારોથી સત્કાર કર્યો, સન્માન કર્યું, સત્કાર કરી-સન્માન કરી તેમને વિદાય કર્યા.

ત્યાર પછી તે આભ્યંતર સભાના પુરુષો જ્યાં વૈશ્રમણદત્ત રાજા હતો ત્યાં આવ્યા અને વૈશ્રમણદત્ત રાજાને તે સર્વ વૃત્તાંત વિસ્તારપૂર્વક કહી સાંભળાવ્યો.

૩૨૮. ત્યાર પછી તે દત્ત ગાથાપતિએ કોઈ એક ઉત્તમ તિથિ, કરણ, દિવસ અને મુહૂર્ત જોઈને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન તૈયાર કરાવ્યું, તૈયાર કરાવી મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિચિતોને આમંત્રિત કર્યા. સ્નાન બલિકર્મ કૌતુક-મંગલ પ્રાયશ્ચિત કરી સુખપૂર્વક શ્રેષ્ઠ આસન પર બેસી તે મિત્રો, જ્ઞાતિજનો, નજીકના સંબંધીઓ, સ્વજનો અને પરિજનોની સાથે તે વિપુલ અશન, પાન ખાદિમ, સ્વાદિમ રૂપ ચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારની ભોજન સામગ્રીનો આસ્વાદ, વિસ્વાદ, વિતરણ અને પરિભોગ કરતો વિચરવા લાગ્યો. ભોજન કરી લીધા પછી પાણીથી મુખશુદ્ધિ વગેરે કરી અત્યંત સ્વચ્છ અને અત્યંત પવિત્ર થઈ તેણે મિત્રો, જ્ઞાતિજનો, પોતાના સ્વજનો, સંબંધીઓ અને પરિચિતોનું વિપુલ પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલા, અલંકારો વગેરેથી સત્કાર-સન્માન કર્યું, સત્કાર-સન્માન કરી દેવદત્તા બાલિકાને સ્નાન કરાવ્યું—યાવત્ શરીરને સર્વ અલંકારોથી વિભૂષિત કરી હજાર પુરુષોથી વહન કરાતી શિબિકા—પાલખીમાં બેસાડી, બેસાડીને ઘણા મિત્રો, જ્ઞાતિજનો, બંધુઓ સ્વજન-સંબંધીઓ, અને પરિચિતોથી વીંટળાએલી સર્વ ઋદ્ધિ, વૈભવ—યાવત્—દુન્દુભિ વગેરે વાદ્યો-ના અવાજ સાથે રોહીતક નગરની વચ્ચોવચ્ચ થઈને જ્યાં વૈશ્રમણ રાજાનો મહેલ હતો અને જ્યાં વૈશ્રમણ રાજા હતો ત્યાં લાવ્યા, ત્યાં આવીને બે હાથ જોડી મસ્તક પર આવર્ત-પૂર્વક અંજલિ રચી વૈશ્રમણ રાજાને જય-વિજય શબ્દોથી વધાવ્યો, વધાવીને તે વૈશ્રમણ રાજાને દેવદત્તા બાલિકા અર્પણ કરી—સોંપી.

**દેવદત્તા પુષ્પનન્દી યુવરાજનું પાણિગ્રહણ—**

૩૨૯. ત્યાર પછી તે વૈશ્રમણ રાજાએ દેવદત્તા બાલિકાને પ્રાપ્ત થયેલી જોઈ, પ્રાપ્ત થયેલી જોઈને હૃષ્ટ-તુષ્ટ થઈને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એમ ચાર પ્રકારનાં ભોજન તૈયાર કરાવ્યાં, કરાવીને મિત્રો, જ્ઞાતિ-જનો, પોતીકાંજનો, સ્વજનો સંબંધીઓ અને પરિજનોને આમંત્રિત કર્યા—યાવત્—સત્કાર સન્માન કર્યું, સત્કાર સન્માન કરી પુષ્પનન્દી કુમાર અને દેવદત્તા બાલિકાને પટ્ટક (બાજોઠ) પર બેસાડ્યા, બેસાડીને સફેદ અને પીળા (ચાંદી અને સોનાના) કળશોથી સ્નાન કરાવ્યું. સ્નાન કરાવીને વિવાહોચિત સુંદર વસ્ત્રોથી અલંકૃત કર્યા, અલંકૃત કરીને અગ્નિહોમ કરાવ્યા, હોમ કરાવીને પુષ્પનંદીકુમારને દેવ-દત્તા બાલિકાનું પાણિગ્રહણ કરાવ્યું.

ત્યારપછી તે વૈશ્રમણ રાજાએ પુષ્પનંદી કુમારને દેવદત્તા બાલિકા સાથે સર્વ ઋદ્ધિ વડે યાવત્—દુન્દુભિ વગેરે વાદ્યોના ઘોષ સાથે મહાન ઋદ્ધિ અને સત્કાર સમુદાય વડે પાણિગ્રહણ વિવાહ-સંસ્કાર કરાવ્યા, વિવાહ-સંસ્કાર કરીને દેવદત્તા બાલિકાના માતા-પિતા, મિત્રો, જ્ઞાતિ-જનો, પોતીકાં સ્વજનો, સંબંધીઓ અને પરિજનોનું વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ચાર પ્રકારના ભોજનથી, પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલા, અલંકાર વગેરેથી સત્કાર—સન્માન કર્યું, સત્કાર સન્માન કરીને તેમને વિદાય કર્યાં.

ત્યાર બાદ પુષ્પનન્દી કુમાર દેવદત્તા ભાર્યા સાથે, શ્રેષ્ઠ પ્રાસાદના ઉપરિભાગમાં, જેમાં મૃદંગો વાગી રહ્યાં હતાં એવા બત્રીસ પ્રકારના નાટકો દ્વારા ગીત-સંગીતને માણતો, આનંદ-ક્રીડા કરતો, ઈષ્ટ શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધ વિષયક મનુષ્ય સંબંધી વિપુલ કામભોગો ભોગવતો સમય ગુજારવા લાગ્યો.

**પિતાનું મરણ અને પુષ્પનન્દીનું રાજ્યારોહણ—**

૩૩૦. ત્યાર બાદ કોઈ એક સમયે વૈશ્રમણ રાજા કાળધર્મને વશ થયો અર્થાત્ મરણ પામ્યો. પુષ્પનન્દીએ તેની ઉત્તરક્રિયા આદિ કર્યાં યાવત્ પોતે રાજા થયો.

તે પુષ્પનંદી રાજા પોતાની માતા શ્રીદેવીનો ભક્ત હતો. પ્રતિદિન જ્યાં શ્રીદેવી રહેતી હતી ત્યાં આવતો, આવીને શ્રીદેવીને પાયવંદન કરીને શતપાક-સહસ્રપાક તેલો વડે માલિશ કરતો પછી અસ્થિ-માંસ-ત્વચા-રોમરાજી એવી ચારે અંગોને સુખપ્રદ અંગમર્દનવિધિ કરતો. તે પછી સુગંધી ઉબટનથી શરીરને ઉબટન કરતો, પછી ઉષ્ણ-શીત અને સુગંધી એવા ત્રણ પ્રકારના જળથી સ્નાન કરાવતો, ત્યાર પછી વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય આહારનું ભોજન કરાવતો, ભોજન પછી શ્રીદેવી સ્નાન અને બલિકર્મ-કૌતુક-મંગળ-પ્રાયશ્ચિત ભોજનથી પરવારની ત્યારે જ પોતે સ્નાન કરતો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોજન કરતો અને મનુષ્ય સંબંધી શ્રેષ્ઠ કામભોગો ભોગવતો સમય ગુજારતો.

**દેવદત્તા દ્વારા પુષ્પનન્દીની માતાની હત્યા—**

૩૩૧. ત્યારબાદ તે દેવદત્તા રાણીને કોઈ એક વાર મધ્યરાત્રિએ કુટુંબ-ચિંતાના કારણે જાગરણ કરતાં આવો, આ પ્રકારનો વિચાર કે માનસિક વિકલ્પ થયો કે, પુષ્પનંદી રાજા માતા શ્રીદેવીનો ભક્ત છે યાવત્ સમય ગુજારે છે. આથી આ વિઘ્નના કારણે હું પુષ્પનંદી રાજા સાથે મનુષ્ય સંબંધી શ્રેષ્ઠ કામભોગો ભોગવી શકતી નથી. તો મારા માટે એ ઉચિત છે કે હું શ્રીદેવીને અગ્નિ-પ્રયોગ, શસ્ત્ર-પ્રયોગ અથવા વિષ-પ્રયોગ દ્વારા જીવનથી રહિત કરી દઉં અર્થાત્ મારી નાખું અને મારી નાખીને પુષ્પનંદી રાજા સાથે મનુષ્ય સંબંધી શ્રેષ્ઠ વિપુલ કામભોગો ભોગવતી વિચરણ કરું.' તેણે આવો વિચાર કર્યો, વિચાર કરીને શ્રીદેવીની નબળાઈઓ, દોષો અને તેને મારવાની તકોની રાહ જોતી સમય ગુજારવા લાગી.

ત્યારે કોઈ એક દિવસ શ્રીદેવી સ્નાન વ. કરીને એકાંતમાં પોતાની શૈયામાં સુખપૂર્વક સૂતી હતી એ વેળાએ દેવદત્તા રાણી ત્યાં આવી પહોંચી, આવીને સ્નાન આદિ કરી એકાંતમાં સુખશૈયા પર સૂતેલી શ્રીદેવીને તેણે જોઈ, જોઈને ચારે બાજુ અવલોકન કર્યું, અવલોકન કરી જ્યાં ભોજનશાળા હતી ત્યાં આવી, આવીને એક લોઢાનો સળિયો લીધો, લઈને તે સળિયાને તપાવ્યો, તપાવીને અગ્નિ સમાન ધગધગતો અને પલાશપુષ્પ સમાન લાલ થયેલો તે સળિયો સાણસીથી પકડીને જ્યાં શ્રીદેવી હતી ત્યાં આવી, આવીને શ્રીદેવીના અપાન-ભાગ-ગુદાભાગમાં તે સળિયો ખોસી દીધો.

ત્યારે તે શ્રીદેવી જોર જોરથી રાડો પાડતી, આક્રંદ કરતી કાળધર્મ-મરણને શરણ થઈ.

ત્યાર બાદ તે શ્રીદેવીની દાસીઓ આક્રંદ ચિત્કારનો અવાજ સાંભળી અને સમજીને જ્યાં શ્રીદેવી હતી ત્યાં પહોંચી, આવીને જોયું તો દેવદત્તા રાણીને ત્યાં નીકળતી જોઈ, પાછી ફરતી જોઈ અને શ્રીદેવીની પાસે આવીને જોયું તો નિષ્પ્રાણ, નિશ્ચેષ્ટ અને મરણ પામેલી શ્રીદેવીને જોઈ, જોઈને 'હાય! હાય! અરે! આ તો મહા અનર્થ થયો.' એમ કહેતી, રુદન, આક્રંદ, વિલાપ કરતી તેઓ જ્યાં પુષ્પનંદી રાજા હતો ત્યાં પહોંચી, ત્યાં આવી પુષ્પનંદી રાજાને આ પ્રકારનું નિવેદન કર્યું કે 'સ્વામિ! દેવદત્તા દેવીએ શ્રીદેવીની અકાળે જ જીવન સમાપ્તિ કરી દીધી છે અર્થાત્ અકાળ મોતે મારી નાખી છે.'

**પુષ્પનંદી દ્વારા દેવદત્તાને દંડ—**

ત્યારે તે પુષ્પનંદી રાજા તે દાસીઓની આવી વાત સાંભળી અને સમજીને માતાના મરણના મહાન શોકથી આઘાત લાગતા આક્રંદ કરતો, કુહાડીથી કાપેલા ચંદનવૃક્ષની જેમ, ધબ કરતો સર્વાંગ સહ પૃથ્વી પર પડી ગયો.

૩૩૨. ત્યાર બાદ તે પુષ્પનંદી રાજાએ કેટલીક ક્ષણો પછી સ્વસ્થ થઈ અનેક રાજાઓ, ઈશ્વરો, તલવરો, માડંબિકો, કૌટુંબિકો, ઈભ્યો, શ્રેષ્ઠિઓ, સેનાપતિઓ, સાર્થવાહો, મિત્રો, જ્ઞાતિ જનો, સ્વજનો, સંબંધીઓ, પરિજનો આદિની સાથે રુદન, આક્રન્દ, વિલાપ કરતાં કરતાં માતા શ્રીદેવીની ઉત્તર ક્રિયા મહાન ધામધૂમ પૂર્વક કરી, પછી ક્રુદ્ધ, રુષ્ટ, કોપાયમાન બની અને ચંડ, રૌદ્ર રૂપ ધારણ કરી દેવદત્તાને રાજપુરુષો દ્વારા પકડાવી અને 'આ વધ્યા-વધ કરવાને પાત્ર છે' એમ ઠરાવી તેનો વધ કરવાની આજ્ઞા આપી.

**ઉપસંહાર—**

૩૩૩. આ રીતે 'હે ગૌતમ! તે દેવદત્તા રાણી પોતાના પૂર્વકૃત દુશ્ચીર્ણ દુષ્પ્રતિક્રાન્ત અશુભ પાપકર્મોના ફળ વિશેષનો અનુભવ કરતી સમય વ્યતીત કરી રહી છે.'

**દેવદત્તાના આગામી ભવનું નિરૂપણ—**

૩૩૪. 'હે ભદન્ત! તે દેવદત્તા દેવી મરણ સમયે મરણ પામી ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે ગૌતમ ! એંસી વર્ષના પૂરા આયુષ્યનો ભોગ કરી કાળ સમયે કાળ પામી તે આ જ રત્નપ્રભા પૃથ્વીના નારકોમાં નારકી રૂપે ઉત્પન્ન થશે. તે જ પ્રકારે યાવત્ વનસ્પતિકાયિક વગેરે જીવોમાં ફરી ફરી ઉત્પન્ન થઈ સંસાર ભ્રમણ કરશે.

ત્યારબાદ તે તેમાંથી નીકળી ગંગપુર નગરમાં હંસરૂપે ઉત્પન્ન થશે.

ત્યાં તેનો શિકારીઓ દ્વારા વધ કરાયા પછી તે તે જ ગંગપુર નગરના કોઈ એક શ્રેષ્ઠિ-કુળમાં ઉત્પન્ન થશે, ત્યાં સમ્યક્ દર્શન પામશે. પછી સૌધર્મકલ્પમાં ઉત્પન્ન થશે અને સૌ-ધર્મકલ્પમાંથી ચ્યવિત થઈ મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરશે.

## ૧૯. અંજૂ કથાનક

**વર્ધમાનપુરમાં અંજૂ—**

૩૩૫. તે કાળે તે સમયે વર્ધમાનપુર નામનું નગર હતું. વિજયવર્ધમાન નામનું ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં મણિભદ્ર યક્ષનું યક્ષાયતન હતું. વિજય-મિત્ર નામનો રાજા ત્યાં રાજ્ય કરતો હતો.

તે નગરમાં ધનદેવ નામનો સાર્થવાહ હતો, જે ધનાઢ્ય-યાવત્-કોઈથી પણ પરાભવ ન પામે તેવો હતો. તેની પત્નીનું નામ પ્રિયંગૂ હતું. અંજૂ નામની પુત્રી હતી-યાવત્-ઉત્કૃષ્ટ શરીર વાળી હતી. ભગવાન શ્રી મહાવીર પધાર્યા, દર્શનાર્થે પરિષદ નિકળી-યાવત્-પાછી ફરી.

**અંજૂના પૂર્વભવની પૃચ્છા—**

૩૩૬. તે કાળે તે સમયે શ્રી મહાવીર સ્વામીના પ્રથમ શિષ્ય ગૌતમ અનગાર-યાવત્-ભ્રમણ કરતા વિજયમિત્ર રાજાના ઘરની અશોકવાટિકાની અત્યંત દૂર નહીં તેમજ અત્યંત નજીક નહીં તેવી રીત ભ્રમણ કરતા હતા ત્યારે એક શુષ્ક, ભૂખી, માંસ રહિત, ચાલતી વખતે જેના શરીરના હાડકાં ખડખડ થતાં હતાં તેવી, શરીરના હાડકાં ઉપર ચર્મ મઢેલું હોય તેવી, લીલી સાડી પહેરેલી, કષ્ટકારક, કરુણા ઉપજે તેવી અને નીરસ શબ્દ કરતી એવી સ્ત્રીને જોઈ, તેને જોઈને આ પ્રમાણે વિચાર કર્યો-યાવત્-આ પ્રમાણે નિવેદન કર્યું, 'હે ભગવન્ ! તે સ્ત્રી પૂર્વભવમાં કોણ હતી ?' ભગવાને ઉત્તર આપ્યો—

**અંજૂની પૃથ્વીશ્રી-ભવ-કથા—**

૩૩૭. 'હે ગૌતમ ! તે કાળે તે સમયે આ જ જંબૂ-દ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રમાં ઇંદ્રપુર નામનું નગર હતું.

તે નગરમાં ઈંદ્રદત્ત નામે રાજા હતો તથા તે જ નગરમાં પૃથ્વીશ્રી નામની ગણિકા હતી. ગણિકાનું વર્ણન.

તે પૃથ્વીશ્રી ગણિકા ઇન્દ્રપુર નગરના ઘણા રાજા, ઈશ્વર, તલવર, માંડલિક, કૌટુમ્બિક, ઇભ્ય, શ્રેષ્ઠિ, સેનાપતિ, સાર્થવાહ વગેરેને અનેક પ્રકારના વિદ્યાપ્રયોગ, મંત્રપ્રયોગ, ચૂર્ણપ્રયોગ, હૃદયઆકર્ષણ વડે, નિહ્નવણ વડે, પ્રસ્તવન વડે, વશીકરણ અને પરવશતાકરણ વડે વશ કરીને તેમની સાથે ઉદાર મનુષ્ય સંબંધી કામભોગ ભોગવતી વિહરી રહી હતી.

ત્યારે તે પૃથ્વીશ્રી ગણિકા આવાં કર્મ કરી, આવાં કાર્યોની પ્રધાનતાથી, આવાં પ્રકારની વિદ્યા કુશળતાથી અને આવા પ્રકારની આચાર પ્રવૃત્તિથી અત્યંત કલુષિત પાપકર્મોનું ઉપાર્જન કરીને પાંત્રીશ સો વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવી મરણ સમયે મરણ પામી છઠ્ઠી નરક પૃથ્વીમાં બાવીસ સાગરોપમની ઉત્કૃષ્ટ આયુષ્ય-વાળા નારકીને વિશે નારકીરૂપે ઉત્પન્ન થઈ.

**અંજૂની વર્તમાન ભવ કથા—**

૩૩૮. ત્યાર પછી તે ત્યાંથી નીકળીને આ જ વર્ધમાનપુર નગરમાં ધનદેવ સાર્થવાહની પ્રિયંગુ નામની ભાર્યાની કુક્ષિમાં-ગર્ભમાં પુત્રી રૂપે ઉત્પન્ન થઈ.

ત્યાર પછી તે પ્રિયંગુ ભાર્યાએ નવ માસ પૂર્ણ થયા ત્યારે પુત્રીને જન્મ આપ્યો. જેનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામ અંજૂ રાખ્યું. શેષ વર્ણન દેવદત્તાની જેવું જાણવું.

ત્યાર પછી તે વિજય રાજા અશ્વક્રીડા કરવા નિમિત્તે નીકળ્યો તે સમયે વૈશ્રમણદત્ત રાજાની જેમ તેણે અંજૂ દારિકાને પ્રાસાદ ઉપર ક્રીડા કરતી જોઈ. પરંતુ વિશેષતા એ છે કે તેતલિની જેમ આ રાજાએ પોતાના માટે તેણીની માગણી કરી–યાવત્–અંજૂ ભાર્યાની સાથે ઉત્તમ પ્રાસાદના ઉપલા માળમાં–યાવત્–મનુષ્ય સંબંધી કામભોગ ભોગવતો રહેવા લાગ્યો.

૩૩૯. ત્યારપછી તે અંજૂદેવીને કોઈ એક સમયે યોનિશૂલ નામનો રોગ ઉત્પન્ન થયો.

ત્યારે તે વિજય રાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવી આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને વર્ધમાનપુર નગરમાં શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, ચતુર્મુખો (ચૌટા) રાજમાર્ગો અને માર્ગોમાં જઈ જોરશોરથી ઉદ્ઘોષણા કરતાં આ પ્રમાણે કહો—'દેવાનુપ્રિયો ! વિજયરાજાની રાણી અંજૂદેવીને યોનિશૂળ રોગ ઉત્પન્ન થયો છે. તેથી જે કોઈ વૈદ્ય, એટલે વૈદ્યકશાસ્ત્રમાં તથા ચિકિત્સામાં કુશળ હોય, અથવા તેવા વૈદ્યનો પુત્ર હોય, અથવા કોઈ જ્ઞાયક અથવા જ્ઞાયકપુત્ર હોય, અથવા ચિકિત્સક અથવા ચિકિત્સકપુત્ર અંજૂદેવીના યોનિશૂલ રોગને ઉપશાંત કરવામાં સફળ થશે તેને વિજય રાજા વિપુલ ધન-સંપતિ આપશે.'

ત્યારપછી તે કૌટુમ્બિક પુરુષોએ-યાવત્-ઉદ્ઘોષણા કરી.

ત્યારે તે અનેક વૈદ્ય અને વૈદ્યપુત્રો, જ્ઞાયક અને જ્ઞાયકપુત્રો, ચિકિત્સક અને ચિકિત્સક પુત્રો આવા પ્રકારની ઉદ્ઘોષણા સાંભળી અને વિચાર કરી જ્યાં વિજય રાજા હતા ત્યાં આવ્યા અને આવીને ઔત્પાત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી એ ચાર પ્રકારની બુદ્ધિવડે નિદાન અને નિર્ણય કરી અંજૂદેવીના યોનિશૂલ રોગને શાંત કરવા પ્રયત્ન કરવા લાગ્યા, પરંતુ તેઓ શાંત કરી શક્યા નહીં.

ત્યાર પછી તે અનેક વૈદ્ય અને વૈદ્યપુત્રો, જ્ઞાતા અને જ્ઞાતાપુત્રો, ચિકિત્સક અને ચિકિત્સકપુત્રો, અંજૂદેવીના યોનિશૂળને ઉપશમાવવા શક્તિમાન ન થયા, ત્યારે તેઓ શ્રાંત એટલે શરીરે ખેદવાળા થયા, તાંત એટલે મનમાં ખેદવાળા થયા અને પરિતાંત એટલે શરીર અને મન બંનેમાં ખેદવાળા થયા અને જે દિશામાંથી આવ્યા હતા તે જ દિશામાં પાછા ફર્યા.

ત્યારબાદ તે અંજૂદેવી આ વેદનાની પીડાથી શરીરે સુકાઈ ગઈ, ભૂખ વડે દુર્બળ થઈ, માંસ રહિત થઈ અને કષ્ટકારક-દુઃખદાયક, સાંભળનારને પણ કરુણા ઉત્પન્ન થાય એવા ખરાબ સ્વર સાથે વિલાપ કરતી જીવન વ્યતીત કરી રહી છે.

**ઉપસંહાર—**

૩૪૦. હે ગૌતમ ! આ પ્રમાણે તે અંજૂરાણી પૂર્વના આચરેલા-ઉપાર્જન કરેલા દુષિત અશુદ્ધ પાપકર્મને ભોગવતી અનુભવતી વિચરી રહી છે.

**અંજૂના આગળના ભવની કથા—**

૩૪૧. ગૌતમ સ્વામીએ પૂછ્યું-'હે ભગવન્ ! તે અંજૂદેવી અહીંથી મરણ સમયે મૃત્યુ પામી ક્યાં જશે ? અને ક્યાં ઉત્પન્ન થશે ?'

ભગવાને ઉત્તર આપ્યો—'હે ગૌતમ ! તે અંજૂદેવી નેવું વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય પાળીને મરણ સમયે મરણ પામીને આ રત્નપ્રભા નામની પહેલી નરકપૃથ્વીમાં નારકીપણે ઉત્પન્ન થશે. જે પ્રમાણે પ્રથમ અધ્યયનમાં વર્ણન કર્યું છે તે રીતે સંસાર ભ્રમણ જાણવું-યાવત્-વનસ્પતિકાયના જીવોમાં વારંવાર ઉત્પન્ન થશે.

ત્યારપછી ત્યાંથી નીકળીને સર્વતો ભદ્ર નામના નગરમાં મયૂર રૂપે ઉત્પન્ન થશે.

ત્યાં તે શિકારીઓ વડે હણાઈને તે જ સર્વતોભદ્ર નગરમાં કોઈ શ્રેષ્ઠીના કુળમાં પુત્ર રૂપે જન્મ લેશે.

ત્યાં તે બાલ્યાવસ્થાથી મુક્ત થઈ તથા-પ્રકારના સ્થવિર મુનિની પાસે પ્રવ્રજિત થશે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળ બોધિને (સમકત્વને) પામશે પછી દીક્ષા ગ્રહણ કરશે. અંતે કાળધર્મ પામી સૌધર્મકલ્પ નામના પ્રથમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે.'

'આયુષ્યક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી આ દેવલોકથી તે ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?'-ગૌતમસ્વામીએ ફરી પૂછયું.

'હે ગૌતમ ! જે રીતે પ્રથમ અધ્યયનમાં વર્ણન કર્યું છે તે જ પ્રકારે મહાવિદેહ ક્ષેત્રના ઉચ્ચ કુળમાં જન્મ લઈ સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત કરી સર્વ દુ:ખોનો અંત કરશે.'

## ૨૦. પૂરણ બાલ-તપસ્વી કથાનક

**બેભેલ સન્નિવેશમાં પૂરણ ગાથાપતિ—**

૩૪૨. 'હે ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરને તે દિવ્ય દેવ ઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ અને દિવ્ય દેવાનુભાવ, દૈવિક પ્રભાવ કેવી રીતે મળ્યાં, પ્રાપ્ત થયા અને અભિસમન્વિત થયાં ?'-ગૌતમસ્વામીએ શ્રમણ ભગવાન્ મહાવીરને પ્રશ્ન કર્યો.

પ્રત્યુત્તરમાં ભગવાને બતાવ્યું-'હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપ નામના દ્વીપમાં, ભારતવર્ષમાં વિંધ્ય નામે પહાડની તળેટીમાં બેભેલ નામનો સંનિવેશ હતો. સંનિવેશનું વર્ણન.

તે બેભેલ સંનિવેશમાં પૂરણ નામનો ગાથાપતિ (ગૃહપતિ-ગૃહસ્થ) રહેતો હતો, તે ધનાઢ્ય પ્રભાવશાળી-યાવત્-અનેક લોકો દ્વારા પણ તે અપરાભૂત હતો.

**પૂરણની દાનામા પ્રવ્રજ્યા—**

૩૪૩. ત્યારબાદ કોઈ એક સમયે તે પૂરણ ગાથાપતિને મધ્યરાત્રિએ કૌટુંબિક વિચાર ચિન્તામાં જાગરણ કરતા આવા પ્રકારનો આવો આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત, માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો-'મારા પૂર્વકૃત પ્રાચીન સુચીર્ણ સુપરાક્રાન્ત, શુભ, કલ્યાણરૂપ કર્મોનું કલ્યાણરૂપ ફળ વૃત્તિ વિશેષ છે કે જેને કારણે હું હિરણ્ય (ચાંદી)થી વધું છું, સુવર્ણથી વધુ છું, ધન, ધાન્યથી વધી રહ્યો છું. પુત્રોની વૃદ્ધિ મેળવી રહ્યો છું, પશુઓની વૃદ્ધિ મેળવી રહ્યો છું, વિપુલ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, શિલાપ્રવાલ રૂપ સારભૂત અર્થ સંપત્તિથી અતીવ અતીવ વૃદ્ધિ પામી રહ્યો છું. તો શા માટે મારા પૂર્વ કરેલ સુચીર્ણ-યાવત્-કલ્યાણરૂપ કર્મોની એકાન્ત સુખમાં નિમગ્ન રહીને ઉપેક્ષા કરતો રહું ?'

માટે જ્યાં સુધી હું હિરણ્યથી વૃદ્ધિ પામું છું-યાવત્-અતિશય વૃદ્ધિ મેળવી રહ્યો છું અને જ્યાં સુધી મિત્ર, જ્ઞાતિજન, સ્વજન, સબંધી અને પરિજન મારો આદર કરે છે મને માને છે, સત્કાર-સન્માન કરે છે અને કલ્યાણ, મંગલ, દેવ અને ચૈત્યરૂપ માનીને વિનયપૂર્વક પર્યુપાસના-સેવા કરે છે ત્યાં સુધી મારા માટે શ્રેયસ્કર-ઉચિત છે કે કાલ રાત્રિને પ્રભાત રૂપમાં પરિવર્તિત થતાં-યાવત્-સૂર્યનો ઉદય થતાં અને જાજ્વલ્યમાન તેજ સહિત સહસ્રરશ્મિ દિનકર પ્રકાશિત થતાં મારી પોતાની જાતે જ ચાર ખાનાવાળું લાકડાનું પાત્ર બનાવી, ઈચ્છા મુજબની પુષ્કળ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન સામગ્રી બનાવીને મિત્ર-જ્ઞાતિજન, પોતાના સ્વજન, સબંધી, પરિજન વગેરેને આમંત્રિત કરી તે મિત્રો, જાતિજનો, બંધુઓ, સ્વજનો, સંબંધીઓ અને પરિજનો વગેરેનો એ વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર વગેરે વડે સત્કાર-સન્માન કરીને તથા તે જ મિત્ર, જાતિબંધુ, સ્વજન-સબંધી પરિજન અને જયેષ્ઠ પુત્રને પૂછીને આજ્ઞા અનુમતિ લઈને મારી પોતાની મેળે જ ચાર ખાનાવાળું કાષ્ઠપાત્ર લઈને મુંડિત થઈને 'દાનામા' દીક્ષા વડે દીક્ષિત થાઉં.

દીક્ષિત હોવા છતાં પણ આ અને આવા પ્રકારનો અભિગ્રહ હું અંગીકાર કરીશ, "હું જીવું ત્યાં સુધી નિરંતર બેલા બેલાની તપસ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વારા સૂર્યની સામે મુખ રાખી ઊંચા હાથ રાખી તડકો સહન કરતો રહીશ–આતાપના લેતાં હું સમય પસાર કરીશ તથા છઠ્ઠના પારણાને દિવસે પણ આતાપના ભૂમિથી ઊતરીને ચાર ખાનાવાળું કાષ્ઠપાત્ર લઈને બેભેલ નામના સન્નિવેશમાં ઊંચા નીચા અને મધ્યમ કુળોમાં ગૃહસામુદાનિક ભિક્ષાચર્યા માટે પરિભ્રમણ કરતાં જે મારા પ્રથમ ખાનામાં મળશે તે મારે વાટમાં મળતાં વટેમાર્ગુઓને દેવું, જે કાંઈ મારા પાત્રના બીજા ખાનામાં પડે તે મારે કાગડા, પોપટ વગેરે પક્ષીઓને દેવું, જે કાંઈ મારા પાત્રના ત્રીજા ખાનામાં પડે તે મારે માછલી, કાચબા વગેરે જળચર જીવોને આપવું અને જે કંઈ ચોથા ખાનામાંપ્રાપ્ત થશે તે મારે ખાવાને માટે કલ્પ્ય છે." એ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરી કાલ રાત્રિને પ્રભાત રૂપમાં પરિવર્તિત થતાં વગેરે સમસ્ત વર્ણન-યાવત્– જે મારા ચોથા ખાનામાં પ્રાપ્ત થશે–મળશે તેનો પોતે આહાર કરશે [ત્યાં સુધીનું કથન પૂર્વવત્ અહીં કહેવું.]

ત્યારબાદ તે પૂરણ બાલતપસ્વી, તે ઉદાર, વિપુલ, પ્રદત્ત અને પ્રગૃહીત બાલતપકર્મ વડે શુષ્ક, રુક્ષ, માંસરહિત માત્ર ચામડીથી વીંટળાયેલ કડ કડ અવાજ કરતા હાડકાવાળો, કૃશ, શરીર ઉપર દેખાઈ આવતી નસોવાળો થઈ ગયો.

**પૂરણની સંલેખના—**

૩૪૪. તે પછી તે પૂરણ બાલતપસ્વીને કોઈ એક સમયે મધ્યરાત્રિએ અનિત્ય ભાવનાનું ચિંતન કરતાં કરતાં આ આવા પ્રકારનો અધ્યવસાય–વિચાર ઇચ્છા સંકલ્પ ઉત્પન્ન થયો–નિશ્ચય આવા પ્રકારના વિશાળ વિપુલ પ્રયત્નપૂર્વક ગ્રહણ કરેલ કલ્યાણકારી શિવ, ધન્ય, મંગલ, સશ્રીક, ઉદગ્ર, ઉદાત્ત, ઉત્તમ, પ્રભાવક તપોકર્મથી શુષ્ક, ભૂખ્યો યાવત્ ઉપસેલી નસોવાળો થઈ ગયો છું, તોપણ જ્યાં સુધી મારામાં ઉઠવાની શક્તિ, ઉત્સાહ, કર્મ, બળ, વીર્ય, આત્મિક શક્તિ, પુરુષાર્થ—પરાક્રમ શક્તિ છે ત્યાં સુધી મારા માટે તે શ્રેયસ્કર થશે કે કાલે રાત્રિ વીતી પ્રકાશ થતાં યાવત્ સૂર્યનો ઉદય થતાં અને સહસ્ર રશ્મિ દિનકર જાજ્વલ્યમાન તેજ સાથે પ્રકાશિત થતાં બેભેલ સન્નિવેશના દૃષ્ટિભ્રષ્ટ (મિથ્યાદૃષ્ટિ), પાર્શ્વસ્થ, ગૃહસ્થ પૂર્વ-પરિચિત અને પૂર્વના સાથીઓ આદિને પૂછીને બેભેલ સન્નિવેશની વચ્ચોવચ થઈ નીકળીને પાદુકા–કુંડિકા આદિ ઉપકરણો અને ચાર ખાનાવાળા કાષ્ઠપાત્રને એક બાજુ છોડી દઈને બેભેલ સન્નિવેશના દક્ષિણ પૂર્વ દિશા ભાગમાં (અગ્નિકોણમાં) અર્ધનિર્વર્તનિક મંડળનું આલેખન કરી સાફસૂફી કરી સંલેખના ધ્યાન દ્વારા આત્માનું ધ્યાન ધરીને, આહાર પાણીનો ત્યાગ કરીને પાદોપગમન પૂર્વક મરણની આકાંક્ષા રાખ્યા વિના વિચરણ કરું.'

આવા પ્રકારનો સંકલ્પ કર્યો, સંકલ્પ કરીને કાલે રાત્રી વીતી પ્રભાત થતાં–યાવત્–સૂર્યનો ઉદય થતાં અને સહસ્ર રશ્મિ દિનકર જાજ્વલ્યમાન તેજ સાથે પ્રકાશિત થતાં બેભેલ સન્નિવેશના દૃષ્ટિ ભ્રષ્ટ (મિથ્યા દૃષ્ટિ), પાષંડી, ગૃહસ્થ, પૂર્વપરિચિત અને પૂર્વના સાથિયો આદિને પૂછ્યું, પૂછીને બેભેલ સન્નિવેશની વચ્ચોવચ થઈ નીકળ્યો, નીકળીને પાદુકા કુંડિકા આદિ ઉપકરણો અને કાષ્ઠપાત્ર એકબાજુ છોડી દઈને બેભેલ સન્નિવેશના દક્ષિણ પૂર્વ દિશાભાગમાં અર્ધનિર્વર્તનિક મંડલનું આલેખન કરી–પ્રતિલેખ કરી સંલેખના ધ્યાન ધરીને આહાર પાણીનો ત્યાગ કરીને પાદોપગમન પૂર્વક સંથારો સ્વીકાર્યો.

**મહાવીરનો છદ્મસ્થ કાળમાં સુંસુમારપુરમાં વિહાર—**

૩૪૫. હે ગૌતમ ! તે કાળે તે સમયે હું છદ્મસ્થાવસ્થામાં હતો અને મને દીક્ષા લીધે અગીયાર વર્ષ થયા હતા. તથા હું નિરંતર છઠ્ઠ છઠ્ઠના તપપૂર્વક સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતો પૂર્વાનુપૂર્વી ક્રમથી ચાલતો એક ગામથી બીજા ગામમાં ફરતો જે તરફ સુંસુમાર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુર નગર હતું, જ્યાં અશોકવનખંડ નામનું ઉદ્યાન હતું, તેમાં જ્યાં ઉત્તમ અશોક વૃક્ષ હતું, જ્યાં પૃથ્વીશિલાપટ્ટકની ઉપર અટ્ઠમભક્ત–ત્રણ ત્રણ ઉપવાસની–તપસ્યા સ્વીકારી બંને પગોને ભેગા કરી, હાથને નીચે નમતા લાંબા કરી, માત્ર એક પુદ્ગલ ઉપર દૃષ્ટિ રાખી અનિમેષ નેત્રો, શરીરના આગલા ભાગને સહેજ નમતું રાખી, યથાસ્થિત ગાત્રો વડે (સર્વ ઈંદ્રિયોથી) ગુપ્ત થઈને, એક રાત્રિની મોટી પ્રતિમાને સ્વીકાર કરી વિહરતો હતો.

**પૂરણનો ચમરચંચામાં અસુરેન્દ્રના રૂપમાં ઉપપાદ—**

૩૪૬. તે કાળે, તે સમયે ચમરચંચા રાજધાની ઈંદ્ર અને પુરોહિત રહિત હતી.

ત્યારબાદ તે પૂરણ બાલતપસ્વી, પૂરેપૂરા બાર વર્ષ સુધીના દિક્ષા પર્યાયને પાળીને, એક માસની સંલેખના વડે આત્માને સેવીને, સાઠ ટંક સુધી અનશન રાખીને, કાળમાસે કાળ કરી ચમરચંચા રાજધાનીમાં ઉપપાત સભામાં –યાવત્–ઈંદ્રપણે ઉત્પન્ન થયો.

ત્યારપછી તે તાજો જ ઉત્પન્ન થયેલો અસુરેંદ્ર, અસુરરાજ ચમર પાંચ પ્રકારની પર્યાપ્તિ વડે પર્યાપ્તપણાને પામે છે. તે પાંચ પ્રકારની પર્યાપ્તિ આ પ્રમાણે છે—આહાર પર્યાપ્તિ–યાવત્–ભાષા–મનઃપર્યાપ્તિ.

**ચમરેન્દ્રને શક્રેન્દ્રના ભોગદર્શનથી ક્રોધ—**

૩૪૭. ત્યારપછી તે અસુરેન્દ્ર, અસુરરાજ ચમર, પાંચ પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્તપણાને પામ્યા પછી અવધિજ્ઞાન વડે સ્વાભાવિક રીતે ઊંચે યાવત્—સૌધર્મકલ્પમાં દેવેન્દ્ર, દેવરાજ, મઘવા, પાકશાસન, શતક્રતુ, સહસ્રાક્ષ–હજાર આંખવાળા, વજ્રપાણિ–હાથમાં વજ્રને ધારણ કરનાર, પુરંદર શક્રને–યાવત્–દશે દિશાઓને અજવાળતો તથા પ્રકાશિત કરતો અને સૌધર્મકલ્પમાં, સૌધર્માવતંસક નામના વિમાનમાં, શક્ર નામના સિંહાસન ઉપર બેસી યાવત્–દિવ્ય અને ભોગવવા યોગ્ય ભોગોને ભોગવતો જુએ છે. તેને તે પ્રકારે જોઈ તે ચમરના મનમાં આ પ્રકારનો આધ્યાત્મિક–યાવત્–સંકલ્પ ઉત્પન્ન થયો—'અરે એ મરણનો ઈચ્છુક કુલક્ષવાળો–લક્ષ્મીથી તરછોડાયેલ, અપૂર્ણ ચૌદશને દહાડે જન્મેલ (કોણ છે?) જે મારી પાસે આ પ્રકારની દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ અને દિવ્ય દેવાનુભાવ લબ્ધ, પ્રાપ્ત અને અભિસમન્વાગત કરવા છતાં મારાથી ગભરાયા વિના લાપરવાહીથી દિવ્ય ભોગ-ઉપભોગને ભોગવતો વિહરે છે?' એમ વિચારી તે ચમરે સામાનિક સભામાં ઉત્પન્ન થયેલ દેવોને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! આ કોણ અપ્રાર્થિત–પ્રાર્થક (મરણની ઈચ્છાવાળો)–યાવત્–દિવ્ય ભોગોને ભોગવતો વિચારી રહ્યો છે?'

જ્યારે અસુરેન્દ્ર, અસુરરાજ ચમરે, તે દેવોને પૂર્વ પ્રમાણે કહ્યું ત્યારે તે સામાનિક સભામાં ઉત્પન્ન થયેલ દેવોએ તે ચમરનું કથન સાંભળી હર્ષવાળા, તોષવાળા, આનંદિત ચિત્તવાળા, પ્રસન્ન, અનુરાગી, પરમ સૌમ્યભાવવાળા, હર્ષાતિરેકથી વિકસિત હૃદયવાળા થઈ બન્ને હાથને જોડવાપૂર્વક દશે નખને ભેગા કરીને શિરસાવર્ત સહિત મસ્તક પર અંજલી રચી તે ચમરને જય અને વિજય શબ્દોથી વધાવ્યો અને વધાવીને આ પ્રમાણે ઉત્તર આપ્યો—'હે દેવાનુપ્રિય! એ દેવેન્દ્ર, દેવરાજ શક્ર–યાવત્–દિવ્ય ભોગોને ભોગવતો વિહરે છે.'

પછી અસુરેન્દ્ર, અસુરરાજ ચમર, તે સામાનિક સભામાં ઉત્પન્ન થયેલ દેવો પાસેથી આ વૃત્તાન્તને સાંભળી અને અવધારી ક્રુદ્ધ થયો, રોષે ભરાયો, કુપિત થયો, ચંડ–દાંતને કચકચાવતો, ભયંકર આકૃતિવાળો થઈ તેણે સામાનિક સભામાં ઉત્પન્ન થયેલ દેવોને આ પ્રમાણે કહ્યું—

'અરે! દેવેન્દ્ર દેવરાજ શક્ર કોઈ બીજો છે અને અસુરેન્દ્ર અસુરરાજ ચમર કોઈ બીજો છે! અરે તે દેવેન્દ્ર દેવરાજ શક્ર મહાન ઋદ્ધિવાળો છે અને અસુરેન્દ્ર અસુરરાજ ચમર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અલ્પ ઋદ્ધિવાળો છે! એટલા માટે હે દેવાનુપ્રિયો! હું પોતે જ દેવેન્દ્ર દેવરાજ શક્રનું અપમાન-તિરસ્કાર કરીશ.' એમ કહીને અત્યંત ક્રોધિત થઈ ગયો.

**ચમરેન્દ્ર દ્વારા મહાવીરની નિશ્રામાં શક્રેન્દ્રનું અપમાન—**

૩૪૮. ત્યારબાદ તે અસુરેન્દ્ર અસુરરાજ ચમરે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો અને તે અવધિજ્ઞાનના પ્રયોગ દ્વારા તે ચમરે મને (શ્રી મહાવીરને) જોયો. મને જોઈને તેને આ પ્રકારનો આધ્યાત્મિક-યાવત્-સંકલ્પ ઉત્પન્ન થયો કે, 'શ્રમણ ભગવંત મહાવીર, જંબૂદ્વીપ નામે દ્વીપમાં, ભારત વર્ષમાં, સુંસુમારપુર નામના નગરમાં, અશોકવનખંડ નામના ઉદ્યાનમાં ઉ[illegible]મ અશોકવૃક્ષની નીચે પૃથ્વીશિલાપટ્ટક ઉપર અઠ્ઠમના તપને ગ્રહણ કરી, એક રાત્રિની મહાપ્રતિમાને સ્વીકારીને વિહરવા લાગ્યા છે. મારે માટે એજ શ્રેયસ્કર રહેશે કે હું શ્રમણ ભગવાન મહાવીરનો આશ્રય લઈ દેવેન્દ્ર દેવરાજ [illegible]. અપમાનિત કરું.' તેણે એ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરી શયનીયથી ઊઠી, દેવદુષ્ય પહેરી જે તરફ સુધર્મા સભા હતી તે તરફ ચોપ્પાલ (ચતુષ્પાલ-ચારે કોર પાળવાળો, ચોખંડો) નામનો હથિયાર રાખવાનો ભંડાર છે તે તરફ આવ્યો, આવીને પરિઘરત્ન નામનું શસ્ત્ર (ગદા-મુદ્ગર) ઉઠાવ્યું અને પરિઘરત્નને લઈને કોઈને પણ સાથ લીધા વિના એકલો જ અત્યન્ત ક્રોધે ભરાઈને ચમર ચંચા રાજધાનીની વચ્ચોવચથી નીકળ્યો, નીકળીને જ્યાં તિગિચ્છકૂટ નામનો ઉપપાત પર્વત હતો ત્યાં આવ્યો, આવીને વૈક્રિય સમુદ્દ્ઘાત કર્યો, સમુદ્દ્ઘાત કરીને-યાવત્-ઉત્તર વૈક્રિય સમુદ્દ્ઘાતની વિકુર્વણા -રચના કરી, વિકુર્વણા કરીને તે ઉત્કૃષ્ટ-યાવત્-તીવ્ર ગતિ વડે જ્યાં પૃથ્વીશીલાપટ્ટક હતું, જ્યાં હું હતો, ત્યાં આવ્યો, આવીને મારી ત્રણવાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી-યાવત્-નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું—

હે ભદન્ત! તમારો આશ્રય લઈને હું સ્વયમેવ-મારી પોતાની જાતે જ—દેવેન્દ્ર દેવરાજ શક્રને અપમાનિત કરી તેની શોભાથી ભ્રષ્ટ કરવા ઈચ્છું છું" એમ કહી ઈશાન કોણમાં ગયો ત્યાં જઈને વૈક્રિયસમુદ્દ્ઘાત કર્યો, ત્યાર બાદ પુન: બીજીવાર વૈક્રિયસમુદ્દ્ઘાત કર્યો અને એક વિશાળ ઘોર, ઘોર આકારવાળું, ભયંકર, ભયંકર આકારવાળું, ભાસ્વર, ભયઉત્પાદક, ગંભીર, ત્રાસ ઉપજાવે તેવું, કૃષ્ણ પક્ષની અડધીરાત્રિ તથા અડદના ઢગલા જેવું કાળું તથા એક લાખ યોજન ઊંચું શરીર બનાવ્યું; શરીર બનાવી હાથને પછાડવા લાગ્યો, તાલ ઠોકવા લાગ્યો, ઉછળ કૂદ કરવા લાગ્યો, ગર્જના કરવા લાગ્યો, ઘોડાની જેમ હણહણવા લાગ્યો, હાથીની જેમ કિલકિલાટ કરવા લાગ્યો, રથની જેમ ઘણઘણવા લાગ્યો, ભૂમિ પર પગ પછાડવા લાગ્યો, ભૂમિ પર પાટુ લગાવવા લાગ્યો, સિંહનાદ કરવા લાગ્યો, ડાબા હાથને ઊંચો કરવા લાગ્યો, જમણા હાથની તર્જની આંગળી વડે અને અંગુઠાના નખવડે પણ પોતાના મુખને વાંકુંચૂંકું કરવા લાગ્યો અને મોટા મોટા કલકલરવરૂપ શબ્દો વડે કકળાટ કરવા લાગ્યો.

પોતે એકલો જ ઉપર આકાશમાં વારંવાર તે પરિઘરત્ન (મુદ્ગર-ગદા)ને ઊંચું કરીને જાણે અધોલોકને ખળભળાવતો, પૃથ્વીને કંપાવતો તિરછા લોકને ખેંચતો, ગગનતળને ફોડતો હોય તેમ, તો કોઈ વખત વીજળી જેમ ચમકતો, કોઈ વખત વર્ષાની જેમ વરસતો, કોઈ વખત ધૂળની વર્ષા કરતો, કોઈ વખત અંધકાર કરતો, વાણવ્યંતર દેવોને ત્રાસ ઉપજાવતો, જ્યોતિષક દેવોને બે ભાગમાં વિભાજિત કરતો, આત્મરક્ષક દેવોને ભગાડતો, વારંવાર આકાશતળમાં પરિઘરત્નને ઘુમાવતો, ચમકાવતો, તે ઉત્કૃષ્ટ-યાવત્-દિવ્ય દેવગતિવડે તિરછે અસંખ્ય દ્વીપ-સમુદ્રને વચ્ચોવચથી પાર કરતો જ્યાં સૌધર્મકલ્પ હતું, જ્યાં સૌધર્માવતંસક વિમાન હતું, જ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધર્મા સભા હતી, ત્યાં આવ્યો અને પોતાનો એક પગ પદ્મવરવેદિકા ઉપર અને બીજો પગ સુધર્મા-સભામાં રાખ્યો, પછી પરિઘરત્ન દ્વારા મોટા-મોટા અવાજની સાથે ત્રણવાર ઈન્દ્રકીલને ઠોકયો અને બૂમો પાડી કહેવા લાગ્યો—

'તે દેવેન્દ્ર દેવરાજ શક્ર કયાં છે?

તે ચોરાશી હજાર સામાનિક દેવો કયાં છે?

કયાં છે તે તેત્રીસ ત્રાયસ્ત્રિંશ દેવો?

કયાં છે તે ચાર લોકપાલ?

કયાં છે તેમની સપરિવાર આઠ અગ્ર-પટ્ટરાણીઓ?

કયાં છે તેમની ત્રણ પરિષદાઓ (સભાઓ)?

કયાં છે તેમની સાત અનીક સેનાઓ?

કયાં છે તે સાત અનીકાધિપતિ?

કયાં છે તેમના ત્રણ લાખ છત્રીસ હજાર અંગરક્ષક દેવો?

કયાં છે તે કરોડો અપ્સરાઓ?

આજ હું તેમને હણીશ, આજ હું તેમનું મર્દન કરીશ, આજ હું તેમનો વધ કરીશ. આજ સુધી જે અપ્સરાઓ મારા વશમાં ન હતી, તેમને આજ હું મારા વશમાં કરીશ.' આ પ્રમાણે કહીને તે અનિષ્ટ, એકાંત, અપ્રિય, અશુભ, અસુંદર, મનને ન ગમે તેવા અને કાનમાં ખટકે તેવા કટુ વચન બોલ્યો.

**શક્ર દ્વારા વજ્ર-નિસ્સારણ—**

૩૪૯. ત્યારબાદ દેવેન્દ્ર દેવરાજ શક્રે તે અનિષ્ટ-યાવત્-મનને ન ગમતી તથા કોઈ વાર નહીં સાંભળેલી અને કાનમાં ખટકે એવી તે વાણી સાંભળી અને તે ઉપર વિચાર કરી ક્રુદ્ધ થયો, રોષે ભરાયો, ગુસ્સે થયો, ચંડ થઈ દાંતને કચકચાવતો કપાળમાં ત્રણ વળ પડે તેમ ભવાં ચડાવીને અસુરેન્દ્ર અસુરરાજ ચમરને આ પ્રમાણે કહ્યું—'હે અસુરેન્દ્ર, અસુરરાજ ચમર! અપ્રાર્થિત-પ્રાર્થક! યાવત્-હીણા પુણ્યવાળા, ચૌદશને દિવસે જન્મેલ, કુલક્ષણા, હ્રી અને શ્રી થી તરછોડાયેલ! આજે તું ન હઈશ. આજે તું હતો ન હતો થઈ જઈશ. આજ તારું કલ્યાણ નથી.' એમ કહી ત્યાં જ ઉત્તમ સિંહાસન પર બેઠા-બેઠા જ પોતાનું વજ્ર ઉઠાવ્યું અને ઉઠાવીને તે જળહળતું વિસ્ફોટક તડતડાટ કરતું, હજારો ઉલ્કાપાતને મૂકતું હજારો (આગની) જ્વાળાઓને ફેંકે તેવું, હજારો અંગારાને ખેરવતું, હજારો જ્વાળા-ઓથી આંખોને આંજી દેતું, આગથી પણ અધિક તેજસ્વી, અત્યંત વેગવાળું, ફૂલેલા કેસુડા જેવું અત્યંત લાલ, મોટા ભયને ઉત્પન્ન કરનારું અને ભયંકર વજ્ર અસુરેન્દ્ર, અસુરરાજ ચમરના વધ માટે છોડયું.

**અસુરેન્દ્રનું ભગવાન મહાવીરના પગે પડવું—**

૩૫૦. જયારે તે અસુરેન્દ્ર અસુરરાજ ચમરે તે જાજવલ્યમાન-યાવત્-ભયંકર વજ્રને તેની તરફ આવતું જોયું, જોઈને વિચાર કરવા લાગ્યો અને પોતાના પ્રાણની સ્પૃહા કરવા લાગ્યો, વિચાર અને સ્પૃહા કરીને જેના મુકુટની કલગી ખરી ગઈ છે તેવા અને અલંકારોને હાથથી સંભાળતો અસુરેન્દ્ર અસુરરા [illegible]મર, પગને ઊંચા રાખીને, માથાને નીચું [illegible]ને, જાણે કાંખમાંથી પરસેવો ન વળ્યો હોય એમ પરસેવાને ઝરાવતો અર્થાત્ પસીનાથી રેબઝેબ થયેલ તે ઉત્કૃષ્ટ ગતિવડે-યાવત્-તિરછે અસંખ્ય દ્વીપ તથા સમુદ્રોની વચ્ચોવચ્ચથી જતો જે તરફ જંબુદ્વીપ હતો અને યાવત્ જે તરફ ઉત્તમ અશોકનું વૃક્ષ હતું, જ્યાં હું (શ્રી મહાવીર) હતો તે તરફ આવ્યો, આવીને ભયભીત અને ભયથી ગળગળા સ્વરવાળો, 'હે ભગવન્! તમે મારું શરણ છો.' એમ બોલતો તે ચમર મારા બન્ને પગની વચ્ચે શીઘ્રપણે વેગપૂર્વક પડયો-નમી પડયો.

**શક્રેન્દ્રનું પણ ભગવાન મહાવીર સમીપ આગમન અને વજ્ર પ્રતિસંહરણ—**

૩૫૧. ત્યારબાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્રને આવા પ્રકારનો આત્મિક-યાવત્-સંકલ્પ ઉત્પન્ન થયો કે—'અસુરેન્દ્ર અસુરરાજ ચમર આટલો શક્તિ-શાળી નથી, અસુરેન્દ્ર અસુરરાજ ચમર એટલો સમર્થ પણ નથી તેમ અસુરેન્દ્ર અસુરરાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચમરનો વિષય પણ નથી કે તે અરિહંત ભગવાન, અરિહંતના ચૈત્યો કે ભાવિત આત્મા અનગારનો આશ્રય લીધા વિના સ્વયં પોતાની જાતે જ સૌધર્મકલ્પ સુધી ઊંચે આવી શકે, એટલા માટે જો તે તેમનો આશ્રય લઈ અહીં આવ્યો હશે તો મારા દ્વારા છોડાયેલા વજ્રથી તે તથારૂપ અરિહંત ભગવન્તો અથવા અનગારોની આશાતના થવાથી મને ખૂબ દુઃખ થશે.' એમ વિચારી તે દેવેન્દ્ર, દેવરાજ શક્રે પોતાના અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો અને તે દ્વારા તેણે મને (શ્રી મહાવીરને) જોયો. મને જોઈને તુરતજ 'અરે ! રે ! હું મરાઈ ગયો' એમ કહીને તે ઉત્કૃષ્ટ-યાવત્-દિવ્ય દેવગતિવડે વજ્રની પાછળ પાછળ ચાલતો તિરછે અસંખ્ય દ્વીપ અને સમુદ્રોની વચ્ચોવચથી પસાર થતો-યાવત્-જ્યાં ઉત્તમ અશોક વૃક્ષ હતું, જ્યાં હું હતો, ત્યાં આવ્યો અને આવીને મારાથી માત્ર ચાર આંગળ દૂર રહેલ વજ્રને પકડી લીધું અને હે ગૌતમ ! જ્યારે તે શક્રે વજ્રને પકડયું તે સમયે તેણે એવા વેગથી મુઠ્ઠીવાળી હતી કે તે મુઠ્ઠીના વાયુથી મારા કેશાગ્ર હલવા લાગ્યા.'

**શક્રેન્દ્ર દ્વારા ક્ષમાયાચના અને અસુરેન્દ્ર-નિર્ભયકરણ—**

૩૫૨. ત્યારબાદ તે દેવેન્દ્ર દેવરાજે વજ્રનું પ્રતિસંહરણ કરીને મારી ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે નિવેદન કર્યું કે—'હે ભગવન ! આપનો આશ્રય લઈને અસુરેન્દ્ર અસુરરાજ ચમર મારી શોભાથી મને ભ્રષ્ટ કરવા ઈચ્છતો હતો ત્યારે મેં કુપિત થઈ અસુરેન્દ્ર અસુરરાજ ચમરને મારવા માટે વજ્ર છોડયું ત્યાર પછી મને આવા પ્રકારનો આ આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો—

'અસુરેન્દ્ર અસુરરાજ ચમર આટલો શક્તિશાળી નથી—કે અસુરેન્દ્ર અસુરરાજ ચમરનું આટલું સામર્થ્ય પણ નથી અને અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો આ વિષય પણ નથી કે તે અરિહંત ભગવાન, અરિહંત ચૈત્ય અથવા ભાવિતાત્મા અનગારનો આશ્રય લીધા વિના સ્વયં પોતાની મેળે સૌધર્મકલ્પ સુધી ઉપર આવી શકે, એટલા માટે જો તે તેમનો આશ્રય લઈ અહીં આવ્યો હશે તો મારા દ્વારા છોડાયેલા વજ્રથી તે તથારૂપ અરિહંત ભગવંતોની અથવા અનગારોની આશાતના થવાથી મને ખૂબ દુઃખ થશે. એમ વિચારી મેં અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો અને તે અવધિજ્ઞાનથી મેં આપ દેવાનુપ્રિયને જોયા અને મારા મુખથી હા ! હું મરી ગયો ! એવા શબ્દો નીકળી પડયા. એમ કહી હું ઉત્કૃષ્ટ યાવત્-તીવ્ર ગતિવડે જ્યાં આપ દેવાનુપ્રિય વિરાજો છો ત્યાં આવ્યો અને આપ દેવાનુપ્રિયથી ચાર આંગળ છેટે રહેલું વજ્ર મેં લઈ લીધું, હું વજ્રનું પ્રતિસંહરણ કરવા, પકડવા માટે અહીં આવ્યો છું, અહીં ઉપસ્થિત થયો છું, અહીં સંપ્રાપ્ત થયો છું અને અહીં જ ઉપસંપન્ન થઈને વિહરું છું. તો હે દેવાનુપ્રિય ! હું મારા અપરાધ બદલ ક્ષમા માગું છું. હે દેવાનુપ્રિય ! આપ મને ક્ષમા કરો. હે દેવાનુપ્રિય ! આપ ક્ષમા કરવાને યોગ્ય છો, આવો અપરાધ હું ફરી વખત નહીં કરું.'' એમ કહીને મને વંદન-નમસ્કાર કર્યા, વંદન કરીને ઉત્તરપૂર્વના દિગ્ભાગમાં ચાલ્યો ગયો, ત્યાં જઈને તેણે પૃથ્વી ઉપર ત્રણ વાર ડાબો પગ પછાડયો અને અસુરેન્દ્ર અસુરરાજ ચમરને આ પ્રમાણે કહ્યું-

''હે અસુરેન્દ્ર અસુરરાજ ચમર ! આજ તું શ્રમણ ભગવાન મહાવીરના પ્રભાવથી બચી ગયો છે, અત્યારે મારાથી તને જરા પણ ભય નથી.'' એમ કહી તે જે દિશામાંથી આવ્યો હતો તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.

**શક્રાદિ વિષયક ગૌતમના પ્રશ્નોનું ભગવાન દ્વારા સમાધાન—**

૩૫૩. 'હે ભદન્ત !' આ પ્રકારનું સંબોધન કરી ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંદન, નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે પ્રશ્ન કર્યો–'હે ભગવન્! દેવો મહાન ઋદ્ધિ વાળા, મોટી શક્તિવાળા-યાવત્-મોટા પ્રભાવવાળા છે કે, જેથી તે પૂર્વે-પહેલાં પુદ્ગલને ફેંકીને પછી તેની પાછળ જઈને તેને ગ્રહણ કરવા સમર્થ છે?'

ઉત્તર–'હે ગૌતમ! તેમ કરવા સમર્થ છે.'

પ્રશ્ન–'હે ભદન્ત! કયાં કારણથી આપ એમં કહી શકો છો–મહાન ઋદ્ધિવાળા-યાવત્-મહા પ્રભાવવાળા દેવ પહેલાં ફેંકેલ પુદ્ગલને, પાછળ જઈને લઈ શકે છે? તેનું શું કારણ?'

ઉત્તર–'હે ગૌતમ! જ્યારે પુદ્ગલને ફેંકવામાં આવે છે ત્યારે તેનામાં શરૂઆતમાં તેની તીવ્ર ગતિ હોય છે, ત્યાર બાદ તે મંદગતિવાળું થઈ જાય છે. પરંતુ મોટી ઋદ્ધિવાળા-યાવત્-મહાપ્રભાવવાળા દેવ તો પહેલાં અને પછી પણ શીઘ્રવેગી હોય છે, શીઘ્ર ગતિવાળા હોય છે, ત્વરિત હોય છે અને ત્વરિત ગતિવાળા હોય છે, માટે-એ કારણથી જ યાવત્-દેવ, ફેંકેલ પુદ્ગલને પણ તેની પાછળ જઈને લઈ શકે છે.'

પ્રશ્ન–'હે ભદન્ત! જો મહાન ઋદ્ધિવાળા દેવ-યાવત્-પાછળ જઈને તે પુદ્ગલને પકડવામાં સમર્થ છે તો હે ભગવન્! દેવેન્દ્ર દેવરાજ શક્ર અસુરેન્દ્ર અસુરરાજ ચમરને પકડવા કેમ સમર્થ ન નિવડ્યો?

ઉત્તર–'હે ગૌતમ! અસુરકુમાર દેવોને નીચે જવાનો વિષય શીઘ્ર, શીઘ્ર તથા ત્વરિત, ત્વરિત હોય છે અને ઊંચે જવાનો વિષય અલ્પ, અલ્પ અને મંદ, મંદ હોય છે. વૈમાનિક દેવોનો ઊંચે જવાનો વિષય શીઘ્ર, શીઘ્ર તથા ત્વરિત, ત્વરિત, હોય છે અને નીચે જવાનો વિષય અલ્પ, અલ્પ અને મંદ, મંદ હોય છે.

એક સમયમાં દેવેન્દ્ર દેવરાજ શક્ર, જેટલો ઉપર જઈ શકે છે તેટલું જ ઉપર જવાને વજ્રને બે સમય લાગે છે અને તેટલું જ ઉપર જવાને ચમરને ત્રણ સમય લાગે છે, અર્થાત્ દેવેન્દ્ર દેવરાજ શક્રનું ઊર્ધ્વલોકકંડક (ઊંચે જવામાં થતું કાળમાન) સૌથી થોડું છે અને અધોલોકકંડક (નીચે જવાનું સમય પ્રમાણ) તેના કરતાં સંખ્યેયગણું છે.

એક સમયમાં–અસુરેન્દ્ર અસુરરાજ ચમર, જેટલો ભાગ નીચે જઈ શકે છે તેટલું જ નીચે જવાને શક્રને બે સમય લાગે છે અને તેટલું નીચે જવાને વજ્રને ત્રણ સમય લાગે છે અર્થાત્ અસુરેન્દ્ર અસુરરાજ ચમરનું અધોલોકકંડક (નીચે જવાનું સમય પ્રમાણ) સૌથી અલ્પ છે અને ઊર્ધ્વલોકકંડક તેના કરતાં સંખ્યેયગણું છે.

એટલા માટે હે ગૌતમ! દેવેન્દ્ર દેવરાજ શક્ર અસુરેન્દ્ર અસુરરાજ ચમરને પકડવા સમર્થ ન થઈ શક્યો.'

પ્રશ્ન–હે ભગવન! દેવેન્દ્ર, દેવરાજ શક્રનો ઊર્ધ્વગતિવિષય, અધોગતિવિષય અને તિર્યક્-ગતિ સંબંધમાં કયો વિષય કયા કયા વિષયથી અલ્પ છે, બહુ છે, સરખો છે કે વિશેષાધિક છે?'

ઉત્તર–'હે ગૌતમ! દેવેન્દ્ર દેવરાજ શક્રનો એક સમયે નીચે જવાનો વિષય સૌથી અલ્પ છે અર્થાત્ એક જ સમયે દેવેન્દ્ર દેવરાજ શક્ર સૌથી થોડો ભાગ નીચે જાય છે, તીરછું તે કરતાં સંખ્યેય ભાગ જાય છે અને ઉપર પણ સંખ્યેય ભાગ જાય છે.'

પ્રશ્ન–'હે ભગવન્! અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો ઊર્ધ્વગતિ વિષય, અધોગતિ વિષય અને તિર્યક્ગતિ વિષય, એ બધામાં કયો વિષય કયા વિષયથી અલ્પ છે, બહુ છે, સરખો છે કે વિશેષાધિક છે?'

ઉત્તર–'હે ગૌતમ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર, એક સમયે સૌથી થોડો ભાગ ઉપર જાય છે. તીરછુ તે કરતાં સંખ્યેય ભાગ જાય છે અને નીચે પણ સંખ્યેય ભાગ જાય છે.'

પ્રશ્ન–'હે ભગવન્! વજ્રની ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ગતિ સંબંધી વિષયમાં કોણ કોનાથી અલ્પ છે? બહુ છે? સરખો છે? અને વિશેષાધિક છે?'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર—'હે ગૌતમ! એક જ સમયે વજ્ર સૌથી થોડો ભાગ નીચે જાય છે, તેનાથી વિશેષાધિક ભાગ તીરછુ જાય છે અને તેનાથી પણ વિશેષાધિક ઉપર જાય છે.'

પ્રશ્ન—'હે ભદન્ત! દેવેન્દ્ર દેવરાજ શક્રનો નીચે જવાનો અને ઉપર જવાનો કાળ, તે બેમાં કયો કોનાથી અલ્પ છે, વધારે છે સરખો છે કે વિશેષાધિક છે?

ઉત્તર—'હે ગૌતમ! દેવેન્દ્ર દેવરાજ શક્રનો ઉપર જવાનો કાળ સૌથી સ્તોક-થોડો છે અને તેનો નીચે જવાનો કાળ સંખ્યેયગણો છે.'

ચમરનું કથન પણ શક્રની સમાન જાણવું જોઈએ, પરંતુ એટલી વિશેષતા છે કે ચમરનો નીચે જવાનો કાળ સૌથી થોડો છે અને ઊપર જવાનો કાળ સંખ્યેયગણો છે.

એજ પ્રમાણે વજ્રની ગતિ વિષયમાં પૂછયું—

ઉત્તર—હે ગૌતમ! વજ્રનો ઊપર જવાનો કાળ સૌથી થોડો છે, અને નીચે જવાનો કાળ વિશેષાધિક છે.

પ્રશ્ન—હે ભદન્ત! વજ્ર, વજ્રાધિપતિ (શક્રેન્દ્ર) અને અસુરેન્દ્ર અસુરરાજ ચમર, એ બધાના નીચે જવાના કાળ અને ઊંચે જવાના કાળમાંથી કયો કોનાથી અલ્પ છે, વધારે છે, સરખો છે કે વિશેષાધિક છે?

ઉત્તર—હે ગૌતમ! શક્રનો ઉપર જવાનો કાળ અને ચમરનો નીચે જવાનો કાળ એ બન્ને સરખા છે અને સૌથી થોડા છે. શક્રનો નીચે જવાનો કાળ અને વજ્રનો ઉપર જવાનો કાળ એ બન્ને સરખા છે અને સંખ્યેયગણા છે. ચમરનો ઊંચે જવાનો કાળ અને વજ્રનો નીચે જવાનો કાળ એ બન્ને પરસ્પર સરખા છે અને વિશેષાધિક છે.

**ચમરેન્દ્રનું ભગવાન મહાવીર સમીપ પુનરાગમન—**

૩૫૪. ત્યારબાદ વજ્રના ભયથી મુક્ત થએલો, દેવેન્દ્ર, દેવરાજ શક્ર દ્વારા અપમાનથી અપમાનિત થએલો, હણાયેલ માનસિક સંકલ્પવાળો, ચિંતા અને શોકરૂપ સમુદ્રમાં પ્રવેશેલો, મુખને હથેળી ઉપર ટેકવી રાખનાર, આર્તધ્યાનને પામેલો અને નીચે માંડેલ નજરવાળો તે અસુરેન્દ્ર, અસુરરાજ ચમર, ચમરચંચા નામની રાજધાનીમાં સુધર્મા સભામાં, ચમર નામના સિંહાસન પર બેસી વિચાર કરે છે.

ત્યારબાદ હણાએલ માનસિક સંકલ્પવાળા—યાવત્-વિચારમાં પડેલા તે અસુરેન્દ્ર, અસુરરાજ ચમરને જોઈ સામાનિક સભામાં ઉત્પન્ન થએલ દેવોએ બન્ને હાથ જોડી દસે આંગળીઓ વડે મસ્તક પર આવર્ત અંજલિ રચતાં જય-વિજય શબ્દોથી તેને વધાવ્યો અને વધાવીને તેને આ પ્રમાણે કહ્યું - 'હે દેવાનુપ્રિય! તમે આજ હણાએલ માનસિક સંકલ્પવાળા થઈ, ચિંતા અને શોકરૂપ સમુદ્રમાં ડૂબેલા, મુખને હથેળી ઉપર ટેકવી રાખી આર્તધ્યાનને પામીને અને નીચી નજર માંડીને શું વિચાર કરી રહ્યા છો?'

ત્યારે અસુરેન્દ્ર અસુરરાજ ચમરે તે સામાનિક સભામાં ઉત્પન્ન થએલ દેવોને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! વાત એમ છે કે મેં મારી પોતાની મેળે જ શ્રમણ ભગવંત મહાવીરનો આશરો લઈ દેવેન્દ્ર દેવરાજ શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા ધાર્યો હતો. ત્યારે તેણે અત્યંત ક્રોધિત થઈ મને મારવા માટે મારી પાછળ વજ્ર ફેંકયું. પરંતુ હે દેવાનુપ્રિયો! શ્રમણ ભગવંત મહાવીરનું ભલું થાઓ, કે જેના પ્રભાવથી હું અકિલષ્ટ રહ્યો છું, અવ્યથિત-પીડા વિનાનો રહ્યો છું તથા પરિતાપ પામ્યા સિવાય અહીં આવ્યો છું, અહીં સમવસર્યો છું, સંપ્રાપ્ત થયો છું અને અહીં જ ઉપસંપન્ન થઈને વિહરું છું. માટે હે દેવાનુપ્રિયો! આપણે બધા જઈએ અને શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કરીએ-યાવત્-તેઓની પર્યુપાસના કરીએ.'

આ પ્રમાણે કહી ને, ચોસઠ હજાર સામાનિક દેવો સાથે-યાવત્-સર્વ ઋદ્ધિપૂર્વક-યાવત્-જે તરફ અશોકનું ઉત્તમ વૃક્ષ હતું, જ્યાં હું હતો ત્યાં આવ્યો, આવીને ત્રણવાર મારી આદક્ષિણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રદક્ષિણા કરીને, વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું—'હે ભગવન્ ! મેં મારી પોતાની જાતે જ તમારો આશરો લઈને દેવેન્દ્ર, દેવરાજ શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા ધાર્યો હતો, ત્યારે તેણે અત્યંત ક્રોધિત થઈને મારો વધ કરવા માટે વજ્ર ફેંક્યું. પરંતુ આપ દેવાનુપ્રિયનું ભલું થાઓ કે આપના પ્રભાવથી હું અક્લિષ્ટ, અવ્યથિત અને પરિતાપ પામ્યા સિવાય અહીં આવ્યો છું, અહીં સમવસર્યો છું, સંપ્રાપ્ત થયો છું, અહીં જ ઉપસંપન્ન થઈને વિહરું છું. હે દેવાનુપ્રિય ! તમે મારા આ અપરાધને ક્ષમા કરો. એ માટે હું આપની પાસે ક્ષમા માંગુ છું. હે દેવાનુપ્રિય ! આપ ક્ષમા કરવા યોગ્ય છો. ફરીથી આવું કાર્ય હું નહીં કરું." આ પ્રમાણે કહીને મને વંદન-નમસ્કાર કર્યા, વંદન, નમસ્કાર કરીને ઉત્તર પૂર્વ દિગ્ભાગ (ઈશાનકોણ)માં ગયો, જઈને-યાવત્-બત્રીસ પ્રકારની નાટચવિધિ દેખાડી અને પછી તે, જે દિશામાંથી આવ્યો હતો, તે દિશામાં જ પાછો ચાલ્યો ગયો.

૩૫૫. હે ગૌતમ ! આ પ્રમાણે અસુરેન્દ્ર અસુરરાજ ચમરને તે દિવ્ય દેવ ઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ અને દિવ્ય દેવ પ્રભાવ મળ્યો છે, પ્રાપ્ત થયો છે, સન્મુખ આવ્યો છે.

ચમરેન્દ્રની સ્થિતિ એક સાગરોપમની છે, મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ તે સિદ્ધ થશે-યાવત્-સર્વ દુઃખોનો અંત કરશે.

૩૫૬. 'હે ભદન્ત ! અસુરકુમાર દેવો સૌધર્મ કલ્પ સુધી ઊંચે જાય છે તેનું શું કારણ?' ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછયું.

ભગવાને ઉત્તર આપ્યો—'હે ગૌતમ ! તત્કાળ ઉત્પન્ન થયેલ કે મરવાની તૈયારીવાળા દેવોને આ આવા પ્રકારનો આધ્યાત્મિક-યાવત્-સંકલ્પ ઉત્પન્ન થાય છે કે—"અહો ! અમે આ દિવ્ય દેવ ઋદ્ધિ-યાવત્-પ્રાપ્ત કરી છે, લબ્ધ કરી છે, અધિગત કરી છે તેવી જ દિવ્ય દેવઋદ્ધિ-યાવત્-દેવેન્દ્ર, દેવરાજ શક્રને પણ પ્રાપ્ત થઈ છે, લબ્ધ થઈ છે. જેવી દેવેન્દ્ર દેવરાજ શક્રને-યાવત્-પ્રાપ્ત થઈ છે તેવી જ અમને પણ-યાવત્-પ્રાપ્ત થઈ છે.

એટલા માટે આપણે જઈએ અને તે દેવેન્દ્ર દેવરાજ શક્રની પાસે પ્રગટ થઈએ અને તે દેવેન્દ્ર દેવરાજ શક્ર દ્વારા સામે આણેલી દિવ્ય દેવ ઋદ્ધિ વગેરેને આપણે જોઈએ તથા દેવેન્દ્ર દેવરાજ શક્ર પણ આપણે સામે આણેલી -યાવત્-દિવ્ય દેવઋદ્ધિને જુએ. વળી દેવેન્દ્ર દેવરાજ શક્રે સામે આણેલી યાવત્-દિવ્ય દેવઋદ્ધિને આપણે જાણીએ અને દેવેન્દ્ર, દેવરાજ શક્ર પણ આપણે સામે આણેલી યાવત્-દિવ્ય દેવઋદ્ધિને વગેરેને જાણે."

હે ગૌતમ ! એ કારણને લઈને અસુરકુમાર દેવો-યાવત્-સૌધર્મ કલ્પ સુધી ઊંચે જાય છે." "હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે."

## ૨૧. મહાશુક્ર-દેવોનો ભગવાન મહાવીર પાસે આગમન-પ્રસંગ

**દેવોએ મન દ્વારા પ્રશ્ન પૂછવો અને મહાવીરે મનથી જ ઉત્તર આપવો—**

૩૫૭. તે કાળે, તે સમયે મહાશુક્ર નામના દેવલોકથી મહાસર્ગ (સ્વર્ગ) નામના મોટા વિમાનથી મોટી ઋદ્ધિવાળો-યાવત્-મહાપ્રભાવશાળી(ભાગ્યવાળા) બે દેવો શ્રમણ ભગવંત મહાવીરની પાસે પ્રાદુર્ભૂત થયા.

ત્યારબાદ તે દેવોએ શ્રમણ ભગવંત મહાવીરને મનથી જ વંદન, નમસ્કાર કર્યા તથા મનથી જ આ પ્રકારના પ્રશ્નો પૂછયા—'હે ભગવાન ! આપ દેવાનુપ્રિયના કેટલા સો શિષ્યો સિદ્ધ થશે-યાવત્-સર્વ દુઃખનો અંત કરશે ?'

ત્યાર પછી તે દેવોએ મનથી જ પ્રશ્નો પૂછયા પછી-શ્રમણ ભગવંત મહાવીરે પણ તે દેવોને તેઓના સવાલના જવાબો મનથી જ આપ્યા :—'હે દેવાનુપ્રિયો ! મારા સાતસો શિષ્યો સિદ્ધ થશે-યાવત્-સર્વ દુઃખોનો અંત કરશે.'

એ રીતે મનથી પૂછાએલ એવા શ્રમણ ભગવંત મહાવીરે તે દેવોને તેઓના સવાલના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવાબો મનથી જ આપ્યા તેથી તે દેવોએ હર્ષવાળા, તોષવાળા–યાવત્–પ્રસન્ન હૃદયવાળા થઈને શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કર્યા, વંદન, નમન, કરીને મનથી જ તેમની શુશ્રૂષા અને નમન કરતા તેમની સન્મુખ બેઠા –યાવત્–પર્યુપાસના કરવા લાગ્યા.

૩૫૮. તે કાળે, તે સમયે, શ્રમણ ભગવંત મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમગોત્રીય ઇન્દ્રભૂતિ નામના અનગાર–યાવત્–શ્રી મહાવીરની પાસે ઉભડક બેસીને–યાવત્–વિહરી રહ્યા હતા.

પછી ધ્યાંતરિકામાં–ધ્યાનની સમાપ્તિમાં વર્તતા અર્થાત્ પૂરેપૂરું ધ્યાન ધ્યાઈ રહ્યા પછી તે ભગવાન ગૌતમ ઈંદ્રભૂતિને આ પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો :–'મોટી ઋદ્ધિવાળા–યાવત્–મોટા પ્રભાવવાળા બે દેવો શ્રમણ ભગવંત મહાવીરની પાસે પ્રાદુર્ભૂત થયા હતા, આવ્યા હતા, તો હું તે દેવોને જાણતો નથી કે, તેઓ કયા કલ્પથી, કયા સ્વર્ગથી અને કયા વિમાનથી શા કારણે શીઘ્ર અહીં આવ્યા ?

એટલા માટે હું જાઉં અને ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કરું–યાવત્–તેઓની પર્યુપાસના કરું અને ત્યારબાદ આ અને આવા પ્રકારના મારા પ્રશ્ન પૂછીશ.' આવા પ્રકારનો વિચાર કર્યો, વિચાર કરી પોતાના આસન પરથી ઉઠી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર બિરાજતા હતા ત્યાં આવ્યા–યાવત્–પર્યુપાસના કરવા લાગ્યા.

**મહાવીર દ્વારા ગૌતમ-મનોગત કથન—**

શ્રમણ ભગવાન મહાવીરે ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું–'હે ગૌતમ ! જ્યારે તેં ધ્યાનની સમાપ્તિ કરી લીધી ત્યારે તારા મનમાં આ પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો જેને કારણે તું મારી પાસે અહીં શીઘ્ર આવ્યો છે. કેમ હે ગૌતમ ! આ વાત બરાબર છે ને ?'

ગૌતમ સ્વામીએ કહ્યું–'હા ભગવાન ! એ વાત બિલકુલ બરાબર છે.'

ત્યારબાદ શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમ સ્વામીને કહ્યું–'હે ગૌતમ ! તારી શંકાને દૂર કરવા માટે તું એ દેવોની પાસે જા, અને એ દેવો જ તને એ સંબંધે પૂરી માહિતી સંભળાવશે.'

**ગૌતમનું દેવોની સમીપે ગમન—**

૩૫૯. ત્યાર પછી શ્રમણ ભંગવંત મહાવીર પાસેથી આવા પ્રકારની અનુમતિ મળવાને લીધે ભગવાન ગૌતમે શ્રમણ ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કર્યા, વંદન, નમસ્કાર કરી જ્યાં પેલા દેવો હતા તે તરફ ચાલવાને ઉદ્યત થયા.

હવે તે દેવોએ ભગવાન ગૌતમને પોતાની પાસે આવતા જોઈને હર્ષવાળા–યાવત્–પ્રસન્ન હૃદયવાળા થયા અને શીઘ્ર પોતાના સ્થાન ઉપરથી ઉઠી તેઓની સામે ગયા–તે દેવો, જ્યાં ભગવાન ગૌતમ હતા ત્યાં આવ્યા, આવીને–યાવત્–નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું :–'હે ભગવન્ ! મહા શુક્ર નામના કલ્પથી મહાસામાન નામના વિમાનના મોટી ઋદ્ધિવાળા અમે બે દેવો–યાવત્–અહીં પ્રાદુર્ભૂત થયા હતા. ત્યાર બાદ અમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કર્યા, વંદન નમન કરીને મનથી જ આ પ્રકારના પ્રશ્નો પૂછ્યા—

'હે ભગવન્ ! આપ દેવાનુપ્રિયના કેટલા સો શિષ્યો સિદ્ધ થશે–યાવત્–સર્વ દુઃખનો નાશ કરશે ?' આ રીતે અમે શ્રમણ ભગવંત મહાવીરને મન દ્વારા પ્રશ્ન પૂછ્યા પછી અમને પણ તે શ્રમણ ભગવંત મહાવીરે મન દ્વારા જ તેનો જવાબ આપ્યો કે–'હે દેવાનુપ્રિયો ! મારા સાતસો શિષ્યો–યાવત્–સર્વ દુઃખોનો નાશ કરશે.'

એ રીતે મનથી જ પૂછેલ પ્રશ્નોના જવાબ પણ અમે શ્રમણ ભગવંત મહાવીર તરફથી મન દ્વારા જ મેળવી અમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કરી–યાવત્ પર્યુપાસના કરી.' આ પ્રમાણે કહીને તે દેવોએ ભગવાન ગૌતમને વંદન, નમન કરી જે દિશામાંથી આવ્યા હતા તે જ દિશામાં પાછા ચાલ્યા ગયા.

॥ ધર્મકથાનુયોગ સમાપ્ત ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- ધર્મકથાનુયોગ-એવા વિશિષ્ટ પુરુષોની જીવન-કથા, ચરિત્ર અને સાધનાનું વર્ણનાત્મક સંકલન છે, જેમનાં જીવનમાં ધર્મ સાકારરૂપે પ્રતિષ્ઠિત થયો હતો. તપ, ત્યાગ, ધ્યાન, તિતિક્ષા, સેવા, સમતા, કરુણા અને નિઃસ્પૃહતા આદિ ઉત્તમ ગુણો જેમનાં ચરિત્રમાં પ્રતિબિંબિત થયા હતા.
- જૈન આગમોમાં યત્ર-તત્ર વિકીર્ણરૂપમાં આવાં સેંકડો ચરિત્રો અંકિત થયેલાં છે, જેમનું અધ્યયન-અનુશીલન કરવા માટે વાચકને અનેક આગમોનું અનુશીલન કરવું પડે, જે અત્યંત પ્રયત્નસાધ્ય અને અશક્યવત્ કાર્ય છે.
- આગમ-ગત આવાં સમસ્ત ચરિત્રોનું વર્ગીકરણ કરી એકત્ર પુસ્તકાકારે પ્રકાશિત કરવાની આ યોજના-ધર્મકથાનુયોગ નામે વાચકોના હાથમાં પ્રસ્તુત છે.
- આગમ અનુયોગનું આ દુરૂહ, અત્યધિક શ્રમસાધ્ય, માનસિક એકાગ્રતા અને બૌદ્ધિક પરિશ્રમનું કાર્ય કરવા માટે સંકલ્પશીલ છે—જ્ઞાનયોગી મુનિ શ્રી કનૈયાલાલજી મ. સા. 'કમલ'.
- મુનિ શ્રી જૈન આગમ, ટીકા, ચૂર્ણિ, ભાષ્ય આદિના ગહન અભ્યાસી, શોધન અને વિવેચનમાં અત્યંત સુદક્ષ છે. સમ્યગ્ જ્ઞાનારાધના જ તેઓશ્રીના જીવનનું એક વિશિષ્ટ લક્ષ્ય છે. આગમોની પ્રાચીન અનુયોગ શૈલીને વર્તમાનમાં સર્વસુલભ કરવાના હેતુથી તેઓશ્રી ધર્મકથાનુયોગ (પ્રકાશિત), ગણિતાનુયોગ (પ્રકાશિત), દ્રવ્યાનુયોગ (કાર્યાધીન) અને ચરણાનુયોગ (કાર્યાધીન)માં ક્રમશઃ સમસ્ત આગમ સાહિત્ય નવીન શૈલીમાં પ્રસ્તુત કરવા માટે અહર્નિશ કાર્યશીલ છે.
- આ મહાન કાર્યમાં સહયોગી છે—સુપ્રસિદ્ધ મનીષી, ભારતીય તત્ત્વવિદ્યાના ગહન અભ્યાસી શ્રી દલસુખભાઈ માલવણિયા, જેમની વિદ્વતા, તટસ્થ દૃષ્ટિ તથા મૌલિક સૂઝ દેશ-વિદેશમાં સુવિખ્યાત છે.
- આગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદ (રજિ.)—આ મહાન જ્ઞાનરાશિને મુદ્રિત-પ્રકાશિત કરી અલ્પ મૂલ્યમાં જિજ્ઞાસુજનોને સુલભ કરી આપવા પ્રયત્નશીલ છે.
- જો વાચક એક એક સ્વતંત્ર ગ્રંથ ખરીદે તો સંભવતઃ આ પૂરો સેટ ૧૨૦૦, રૂપિયા કે ૧૫૦૦, રૂપિયાથી પણ વધુ કિંમતનો થાય. પરંતુ આગમ અનુયોગ ટ્રસ્ટે તેવા જિજ્ઞાસુઓ માટે પૂર્વપ્રકાશન સભ્ય યોજના બનાવી છે—રૂ. ૫૦૦, આપીને જે વ્યક્તિ સભ્ય બનશે તેને ક્રમશઃ પ્રકાશિત થનાર બધા આગમ ગ્રંથો વિનામૂલ્ય મળશે. હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી—ત્રણે ભાષાઓમાં અલગ અલગ અનુવાદ સાથે પ્રકાશિત થનાર સેટમાંથી કોઈ પણ એક ભાષાનો સેટ, આપ પોતાની રુચિ અનુસાર નોંધાવી શકો છો.

સંપર્ક કરો—**આગમ અનુયોગ ટ્રસ્ટ,**
૧૫, સ્થાનકવાસી સોસાયટી, નારણપુરા ક્રોસિંગ, અમદાવાદ–૩૮૦ ૦૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org